ગુજરાતનું મૂર્તિવિધાન

ગુજરાત વિદ્યાસભા

કનૈયાલાલ ભા. દવે

ગુજરાતનું મૂર્તિવિધાન



કાલિયમર્દન (માધવપુર) પૃ. ૨૧૧

પ્રકાશક

ગુજરાત વિદ્યાસભા-અમદાવાદ

નિવેદન

ગુજરાત વિદ્યાસભા(ગુ. વ. સો.)એ ગુજરાતી ભાષા દ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધન ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી એને અંગે કેટલાક વિદ્વાનોને જુદા જુદા ગ્રંથો લખવાનું કામ સોંપ્યું હતું. એ યોજનામાં ઇતિહાસ-સાધન ગ્રંથો તથા ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનો પણ સમાવેશ થાય છે.

સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રીમાં સાહિત્ય, અભિલેખો અને સિક્કાઓ ઉપરાંત શિલ્પ અને સ્થાપત્ય તથા અન્યવિધ પુરાતન અવશેષો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતીય પ્રાચીન શિલ્પ અને સ્થાપત્ય ધર્મ સાથે, વિશેષતઃ દેવોપાસના સાથે, ગાઢ સંબંધ ધરાવે છે. આથી પ્રાસાદોમાં દેવાલયોનું તથા શિલ્પકૃતિઓમાં મૂર્તિઓનું પ્રાચુર્ય રહેલું છે.

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના અનુશીલનમાં મંદિરો તથા મૂર્તિઓનો અભ્યાસ ઘણો આવશ્યક છે. ભારતના જુદાજુદા ધર્મ-સંપ્રદાયોમાં ઉપાસ્ય સ્વરૂપોની ઉપાસના માટે તે તે સ્વરૂપનાં અંગોપાંગ નિરૂપણ કરેલાં છે ને શિલ્પીઓએ એ નિરૂપણોને પ્રતિમારૂપે મૂર્ત કરવા પ્રયત્ન કરેલો છે. આથી ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ શૈવ, વૈષ્ણવ, જૈન, બૌદ્ધ ઇત્યાદિ ધર્મસંપ્રદાયોનાં ઉપાસ્ય સ્વરૂપોની અનેકાનેક પ્રાચીન મૂર્તિઓ મળી આવે છે, જેમાંની કેટલીક શિલ્પકલાની કે મૂર્તિ-વિધાનની દૃષ્ટિએ દર્શનીય જણાય છે.

ગુજરાતના મૂર્તિવિધાન વિશે ગુજરાતીમાં એક સ્વતંત્ર પુસ્તક તૈયાર કરવાનું આ સંસ્થા તરફથી શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેને સોંપાયેલું. તેમણે એને લગતી વિવિધ માહિતી મેળવી એ પુસ્તક તૈયાર કરી આપેલું.

સંયોગવશાત્ એનું પ્રકાશન [illegible] વિલંબ [illegible]. પરંતુ એનું પ્રકાશન શરૂ કરવાનું નક્કી થયું ત્યારે એમાં જરૂરી સુધારાવધારા કરીને તથા પુસ્તક લખાયા પછી પ્રગટ થયેલી નવી [illegible]ને પુરવણી રૂપે ઉમેરીને પુસ્તકને વધુ ઉપયોગી બનાવવા કોશિશ કરી છે.

શિલ્પકલાને લગતું પ્રકાશન અને તેમાંય સચિત્ર હોય એ લગભગ અનિવાર્ય હોઈ, એમાં શિલ્પોમાં અનેક મૂર્તિવિધાનોને સમજવામાં ઉપયોગી તેવાં ચિત્ર આપવામાં આવ્યાં છે. આ ચિત્રોના પ્રકાશન અંગે અમે તે તે સંસ્થાઓ તથા વ્યક્તિઓના તેમજ વિશેષતઃ કુમાર કાર્યાલયના સૌજન્યનો કૃતજ્ઞતાપૂર્વક ઋણ-સ્વીકાર કરીએ છીએ.

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના અધ્યયન તથા સંશોધનમાં 'ગુજરાતનું મૂર્તિવિધાન' ઉપયોગી નીવડશે એ આશાએ આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે.

રણછોડલાલ છોટાલાલ માર્ગ
અમદાવાદ-૯
તા. ૨૫-૭-૧૯૬૩

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
ઉપાધ્યક્ષ
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન

આમુખ

ગુજરાતી ભાષાના કોઈ ગ્રંથાલયમાં જગતની વિદ્યાકલાઓના વિભાગ રાખવા હોય, તો હજી એમાંના અનેક વિભાગ સમૂળગા ખાલી રાખવા પડે તેમ છે. તેમાં યે ભારતીય વિદ્યાને લગતા વિષયોમાં પણ તે તે વિષયનું પ્રતિનિધિત્વ ધરાવે તેવું એકેક પ્રકાશન પણ ન હોય એવી સ્થિતિ રહેલી છે! ભારતીય પુરાતત્ત્વમાં અભિલેખવિદ્યા, પ્રાચીન-લિપિવિદ્યા, સિક્કાશાસ્ત્ર, મૂર્તિવિધાન, પુરાવશેષવિદ્યા ઇત્યાદિ અનેક વિદ્યાઓ એવી છે કે જેને વિષે ગુજરાતીમાં એક પુસ્તક સરખું ય બહાર પડયું ન હોય!

ભારતીય પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસમાં ધર્મ ઘણું મહત્ત્વ ધરાવે છે ને ભારતીય ધર્મ-સંપ્રદાયોમાં દેવો બુદ્ધો તીર્થંકરો વગેરેનાં સાકાર સ્વરૂપોની ઉપાસના ઘણો મહિમા ધરાવે છે. આથી એ ઉપાસ્યોની મૂર્તિઓ ઘડવામાં આવે છે, એ મૂર્તિઓની મંદિરોમાં પ્રતિષ્ઠા કરવામાં આવે છે ને એનાં દર્શન-અર્ચન મહિમા ધરાવે છે. આ ઉપાસ્ય સ્વ-રૂપોનાં અંગો-ઉપાંગો, વસ્ત્રો-આભૂષણો અને ઉપકરણો સ્તોત્રોમાં વિગતે નિરૂપાય છે ને કલાકાર એ લક્ષણોને ચિત્રોમાં તથા મૂર્તિઓમાં રજૂ કરે છે. ભારતીય શિલ્પગ્રંથોમાં જુદા જુદા ઉપાસ્યોની મૂર્તિઓના વિધાનને લગતાં લક્ષણ દર્શાવવામાં આવ્યાં છે. આ ગ્રંથો મોટે ભાગે સંસ્કૃતમાં હોય છે ને એમાંના કોઈ ગ્રંથોનો જ અર્વાચીન ભારતીય ભાષાઓમાં અનુવાદ થયો હોય છે. પ્રાચીન શિલ્પગ્રંથો પરથી ભારતીય મૂર્તિવિધાન વિષે અંગ્રેજીમાં થોડાંક પુસ્તક લખાયાં છે ને એમાં શાસ્ત્ર-વિહિત લક્ષણો ઉપરાંત ઉપલબ્ધ મૂર્તિશિલ્પોનું પણ નિરૂપણ કરેલું હોય

છે. પરંતુ આવું કોઈ પુસ્તક ગુજરાતીમાં બહાર પડયું નથી. મૂર્તિશિલ્પમાં વ્યક્ત થતાં ઉપાસ્ય સ્વરૂપનાં લક્ષણ સમજવાં એ મૂર્તિદર્શનની તેમજ શિલ્પકલાની દૃષ્ટિએ પણ જરૂરી છે. વળી શિલ્પકલા તો ભારતીય વિદ્યાનું એક મહત્ત્વનું અંગ હોઈ મૂર્તિવિધાન ભારતીય પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સાકાર સ્વરૂપની ઉપાસના અને એ સ્વરૂપનું મૂર્તિવિધાન એ ભારતના ત્રણેય પ્રાચીન ધર્મોમાં વહેલુંમોડું વિકસ્યું છે. હિંદુ ધર્મમાં દેવો દેવીઓ અને અવતારો, બૌદ્ધ ધર્મમાં બુદ્ધો બોધિસત્ત્વો અને તારાઓ ને જૈન ધર્મમાં તીર્થંકરો, યક્ષો અને યક્ષિણીઓની મૂર્તિઓનાં દર્શન–અર્ચન મહત્ત્વ ધરાવે છે. આ ઉપાસ્યોનાં સ્વરૂપ અખિલ ભારતીય હોઈ એનાં મૂર્તિવિધાન પણ લગભગ એકસરખાં હોય છે. અલબત્ત દેશ-કાલના ભેદ અનુસાર એના સ્વરૂપ–નિરૂપણમાં કેટલાક વિગતભેદ રહે છે તેમજ શિલ્પકલાની પ્રાદેશિક પરંપરાઓ અનુસાર એના શિલ્પ-વિધાનમાં શૈલીભેદ પણ નજરે પડે છે. પરંતુ શિલ્પગ્રંથોમાં વિહિત કરેલાં મુખ્ય લક્ષણો ભારતભરની પ્રાચીન મૂર્તિઓમાં દેખા દે છે ને એ સર્વ સામાન્ય લક્ષણોનો પરિચય ભારતીય મૂર્તિવિધાનને સમજવામાં પાયારૂપ નીવડે છે.

ઓજારો, મૃત્પાત્રો, ચિત્રો, શિલ્પો, સિક્કાઓ, અભિલેખો, ઇમારતો ઇત્યાદિ જે વિવિધ સાધનો પ્રાચીન સંસ્કૃતિની સામગ્રી પૂરી પાડે છે, તેમાંનાં અલિખિત સાધનોમાં મૂર્તિશિલ્પો સહુથી વધુ લોકભોગ્ય અને રસપ્રદ સાધન છે. બ્રહ્મા કે સૂર્ય, ઉમા-મહેશ્વર કે લક્ષ્મીનારાયણ, વરાહ કે ત્રિવિક્રમ, દુર્ગા કે ચામુંડા, અમિતાભ કે વૈરોચન, મામકી કે પાંડરા, પદ્મપાણિ કે મંજુશ્રી, આદિનાથ કે પાર્શ્વનાથ, ગોમુખ કે ગોમેધ, અંબિકા કે ચક્રેશ્વરી—એ વિવિધ સ્વરૂપોનાં લક્ષણોનો એક વાર પ્રત્યક્ષ પરિચય થઈ જાય કે તે તે લક્ષણો દ્વારા સર્વ મૂર્તિઓનાં સ્વરૂપ પિછાનવાની રસભરી દૃષ્ટિ ખીલી ઊઠે છે ને પછી સ્થળેસ્થળે અને

મંદિરેમંદિરે એ વિવિધ સ્વરૂપોની મૂર્તિઓનું નિરીક્ષણ તથા નિરૂપણ કરતા રહેવાની મઝા આવે છે. તીર્થધામના યાત્રીને કે પ્રાચીન સંસ્કૃતિ કે કલાના અભ્યાસીને જ નહિ ભારતના હરકોઈ પ્રવાસીને ભારતીય મૂર્તિવિધાનના પરિચય દ્વારા ભારતનાં વિવિધ મૂર્તિસ્વરૂપોનું નિરીક્ષણ કરતા રહેવામાં ભારે રસ પડે છે.

આ પુસ્તકનો વિષય ગુજરાતનું મૂર્તિવિધાન છે. પરંતુ ગુજરાતનું મૂર્તિવિધાન એટલે ગુજરાતમાં રહેલું ભારતીય મૂર્તિવિધાન એમ કહીએ તો ચાલે. આથી ગુજરાતમાં રહેલી પ્રાચીન મૂર્તિઓમાં વ્યક્ત થતાં ભારતીય મૂર્તિવિધાનનાં સામાન્ય લક્ષણોનું નિરૂપણ કરવું એ આ વિષયની ભૂમિકારૂપે અપેક્ષિત રહેલું છે. હિંદુ, બૌદ્ધ અને જૈન મૂર્તિઓના જે જૂના નમૂના હાલ ગુજરાતમાં ઉપલબ્ધ છે તેમાં રહેલાં જુદાંજુદાં ઉપાસ્ય સ્વરૂપોનાં શાસ્ત્રવિહિત લક્ષણો ગણાવીને એને લગતાં ઉપલબ્ધ મૂર્તિશિલ્પોનું નિરૂપણ કરવું એ આ પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ છે.

આ પુસ્તકના લેખક શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે ગુજરાતના પુરાતત્ત્વવિદોમાં વર્ષોથી જાણીતા છે. સરસ્વતી પુરાણને આધારે એમણે આલેખેલો સિદ્ધરાજના સહસ્રલિંગ સરોવરનો ઇતિહાસ ૧૯૩૫માં પ્રગટ થયો ત્યારથી તેઓ ગુજરાતના પ્રાચીન સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ ઇત્યાદિ વિવિધ પુરાતત્ત્વના પરિચય તથા સંશોધન વિશે અનેક ગણનાપાત્ર લેખોનું પ્રદાન કરતા રહ્યા છે. સરસ્વતી પુરાણના સંપાદન તથા અનુવાદ દ્વારા સારસ્વત મંડલના પુરાતત્ત્વને પ્રકાશમાં લાવીને એમણે વડનગર, રુદ્રમહાલય, સરસ્વતી-તીર વગેરે વિશે પણ પુસ્તક લખ્યાં છે. તાજેતરમાં વડોદરાની મ. સ. યુનિવર્સિટી તરફથી શ્રી સયાજી સાહિત્યમાળામાં એમનું 'અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા' નામે પુસ્તક પ્રગટ થયું છે.

પાટણ ગુજરાતનું પ્રાચીન પાટનગર છે. એ નગરે ગુજરાતના પ્રાચીન ઇતિહાસ–સંશોધન ક્ષેત્રે શ્રી રામલાલ ચૂનીલાલ મોદી, ડૉ. ભોગીલાલ જયચંદ સાંડેસરા અને શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે જેવા પુરાતત્ત્વવિદોનું પ્રદાન કર્યું છે એ અહીં નોંધપાત્ર છે.

'ગુજરાતનું મૂર્તિવિધાન' એ શ્રી. કનૈયાલાલ દવેએ વર્ષોના પરિશ્રમ દ્વારા તૈયાર કરેલું પુસ્તક છે. ગુ. વ. સોસાયટી તરફથી એમને આ પુસ્તક તૈયાર કરવાનું સોંપાયું કે તરત જ તેમણે એક બાજુ ભારતીય મૂર્તિવિધાનાં શાસ્ત્રોક્ત લક્ષણોની તથા બીજી બાજુ ગુજરાતમાં મળતાં જૂનાં મૂર્તિશિલ્પોની માહિતી એકત્ર કરવા માંડી ને પછી શિલ્પગ્રંથોમાં નિરૂપેલાં મૂર્તિસ્વરૂપો અને ઉપલબ્ધ મૂર્તિશિલ્પો વચ્ચે જણાતા સંબંધોનું અનુસંધાન કર્યું. આમાં શિલ્પગ્રંથોમાં નિરૂપેલાં મૂર્તિલક્ષણો તારવવાનું કામ પ્રમાણમાં સરળ છે, પરંતુ ગુજરાતમાં ઠેકઠેકાણે મંદિરોમાં તથા મંદિરો બહાર રહેલાં તેમજ મ્યૂઝિયમોમાં સંગૃહીત થયેલાં વિવિધ મૂર્તિ-શિલ્પોની માહિતી મેળવવી અને એનાં અંગો-ઉપાંગોનું અવલોકન કરી એનું વિગતવાર નિરૂપણ કરવું એ કામ એટલું બધું વિપુલ અને અટપટું છે કે એ અથાક શ્રમ અને અખૂટ ધીરજ વિના પાર પાડવું મુશ્કેલ છે. શ્રી. કનૈયાલાલ દવેએ ગુજરાતના મૂર્તિવિધાનનાં શાસ્ત્રલક્ષણો તારવવામાં તથા એ લક્ષણોનાં ઉદાહરણ રૂપે ગુજરાતનાં વિવિધ મૂર્તિશિલ્પોનું અનુસંધાન કરવામાં ઘણી જહેમત લીધી છે.

આ ગ્રંથના ચાર ખંડ છે :—

ખંડ ૧: મૂર્તિશાસ્ત્રમાં ભારતીય મૂર્તિશાસ્ત્રને લગતા કેટલાક સામાન્ય વિષયોનો પરિચય આપવામાં આવ્યો છે, જેમ કે ભારતમાં મૂર્તિપૂજાની પ્રાચીનતા, ભારતીય મૂર્તિવિધાનની કલાશૈલીઓ અને એ મૂર્તિવિધાનના શાસ્ત્રગ્રંથો, મૂર્તિઓ અને સગુણ સ્વરૂપનાં અન્ય પ્રતીકો, પ્રતિમાવિધાન અને એની પરિભાષા. એમાંના છેલ્લા પ્રકરણમાં આપેલી મૂર્તિનાં તાલમાન, અંગ-વિન્યાસ, અલંકારો, આયુધો, ઉપકરણો, મુદ્રાઓ, આસનો ઇત્યાદિને લગતી વિવિધ માહિતી ભારતીય મૂર્તિવિધાનનાં સામાન્ય લક્ષણ સમજવાને ઘણી ઉપયોગી જણાશે. આ ખંડને અંતે ગુજરાતના જુદા જુદા ધર્મસંપ્રદાયો અને એને લગતાં મૂર્તિશિલ્પોનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો છે. એમાં બૌદ્ધ મૂર્તિઓ તથા

લકુલીશની મૂર્તિઓ હાલ પ્રાચીન શિલ્પોમાં જ દેખા દે છે.

ખંડ ૨: હિંદુ મૂર્તિઓ એ આ પુસ્તકનો સહુથી મોટો ખંડ છે. એમાં હિંદુ દેવદેવીઓનાં વિવિધ સ્વરૂપોના મૂર્તિવિધાનનું નિરૂપણ કરેલું છે. ગણપતિનાં વિવિધ સ્વરૂપો પૈકી વિનાયક અને વક્રતુંડ એ બે સ્વરૂપો ગુજરાતમાં સવિશેષ પ્રચલિત છે. બ્રહ્માની પૂજા અગાઉ અહીં ઠીકઠીક પ્રચલિત હતી એવું એનાં પ્રાચીન મંદિરો તથા મૂર્તિશિલ્પો પરથી સ્પષ્ટ થાય છે.

વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાં ત્રિવિક્રમની મૂર્તિઓ સંખ્યાબંધ મળે છે, છતાં કેશવાદિ અન્ય સ્વરૂપોની યે કેટલીક મૂર્તિઓ મળે છે ખરી. વિષ્ણુના દસ અવતારોમાં વરાહ, નૃસિંહ, વામન–ત્રિવિક્રમ, રામ અને કૃષ્ણની મૂર્તિઓ વિશેષ પ્રમાણમાં મળે છે. શ્રીકૃષ્ણના લીલાપ્રસંગોમાં કાલિયમર્દનનો પ્રસંગ ખાસ લોકપ્રિય હતો. અન્ય અવતારોનાં મૂર્તિશિલ્પ ગુજરાતમાં મળે છે કે કેમ તેની યે છણાવટ કરવામાં આવી છે. વિષ્ણુનાં અન્ય સ્વરૂપોમાં વિશ્વરૂપ, શેષશાયી, લક્ષ્મીનારાયણ ઇત્યાદિ નોંધપાત્ર છે.

શિવના પૂજનમાં મુખ્યત: લિંગ જ પૂજાતું હોઈ એના શિલ્પ-વિધાનનાં લક્ષણ જણાવેલાં છે. છતાં પ્રાચીન મૂર્તિશિલ્પોમાં શિવનાં કેટલાંક અખિલ સ્વરૂપો પણ મળી આવે છે. એમાં ઉમામહેશ્વર, ગજા-સુરસંહારમૂર્તિ, અંધકાસુરવધમૂર્તિ, વીરભદ્ર, ભૈરવ, નટરાજ, મહેશ, રુદ્ર અને લકુલીશનાં સ્વરૂપ નોંધપાત્ર છે.

સંયુક્ત સ્વરૂપોની પ્રતિમાઓમાં અર્ધનારીશ્વર, હરિહર, હરિહર-પિતામહ, હરિહરપિતામહાર્ક અને ગોપાલસુંદરીની પ્રતિમાઓ મળે છે.

દેવીઓમાં નવદુર્ગાનો પ્રચાર ગુજરાતમાં વિશેષ નહોતો, પરંતુ એમાં હરસિદ્ધિનાં મંદિરો અને સર્વમંગલાની મૂર્તિઓ મળે છે. મહિષા-સુરમર્દિનીની મૂર્તિઓ તો ઠેકઠેકાણે મળે છે. અંબાજી, બહુચરાજી વગેરે શક્તિપીઠોમાં મૂર્તિને સ્થાને યંત્ર પૂજાય છે. છતાં અંબા, લક્ષ્મી, કાલી, ભદ્રકાલી વગેરે દેવીસ્વરૂપોની મૂર્તિઓ પણ મળે છે. બ્રાહ્મી, માહેશ્વરી

ઇત્યાદિ સપ્ત માતૃકાઓની મૂર્તિઓ પણ કેટલાંક સ્થળોએ મળી છે. સપ્તમાતૃકાના સંખ્યાબંધ શિલાપટ્ટ પણ મળ્યા છે. શીતલા માતાની શાસ્ત્રોક્ત લક્ષણોવાળી મૂર્તિઓ મળે છે. કુલદેવી અને ગોત્રદેવીની પ્રતિમાઓ તો ઠેકઠેકાણે હોય છે.

પ્રકીર્ણ પ્રતિમાઓ અંગેની કેટલીક માહિતી પૂરવણીમાં ઉમેરેલી છે.

સૂર્યની મૂર્તિઓ અને નવગ્રહોના પટ્ટ પ્રાચીન શિલ્પોમાં ઠીકઠીક મળે છે.

દિક્‌પાલોનાં શિલ્પ પ્રાચીન મંદિરોમાં નજરે પડે છે. વાયુદેવ વાયડા જ્ઞાતિના ઇષ્ટદેવ હોઈ એ દેવનાં મંદિરો પણ મળે છે.

ખંડ ૩ : જૈન મૂર્તિઓના પહેલા પ્રકરણમાં તીર્થંકરો, યક્ષો, શાસનદેવીઓ અને લાંછનોની માહિતી આપવામાં આવી છે, જે જૈનમૂર્તિઓના પરિચય માટે પાયારૂપ છે. વળી તીર્થંકરો, યક્ષો, યક્ષિણીઓ, વિદ્યાદેવીઓ ઇત્યાદિની પ્રતિમાઓનો તેમજ આયાગપટ્ટ, સમવસરણ, પરિકર ઇત્યાદિનો પણ પરિચય આપવામાં આવ્યો છે. ગુજરાતમાં અનેકાનેક જૈન મંદિરો આવેલાં હોઈ આ વિવિધ શિલ્પોનો પરિચય ઘણો ઉપયોગી છે.

ખંડ ૪ : બૌદ્ધપ્રતિમાઓના આરંભમાં ગુજરાતમાં અગાઉ નવમા-દસમા સૈકા સુધી બૌદ્ધ સંપ્રદાય પ્રચલિત હતો તેને લગતી સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે ને પછી ધ્યાની બુદ્ધો, બુદ્ધશક્તિઓ, બોધિસત્ત્વો, તારાઓ અને માનુષિ બુદ્ધોની મૂર્તિઓનાં લક્ષણ આપવામાં આવ્યાં છે.

આમ હિંદુ, જૈન તથા બૌદ્ધ મૂર્તિઓનાં ઉપલબ્ધ સ્વરૂપોનાં લક્ષણો તથા ઉદાહરણો નિરૂપીને લેખકે ગુજરાતની સર્વવિધ મૂર્તિઓનાં સ્વરૂપોનો સારો પરિચય કરાવ્યો છે. આ પરિચય દ્વારા કોઈ પણ ભક્તિભાવિક કે કલારસિક વાચક ગુજરાતની સર્વવિધ પ્રાચીન પ્રતિમાઓને પિછાનીને એનાં સર્વાંગી દર્શન–નિરીક્ષણ કરવામાં ઘણી સૂઝ ધરાવતો થઈ શકે તેમ છે.

આ પુસ્તકમાં ભારતના ત્રણેય પ્રાચીન ધર્મોને લગતાં મુખ્ય ઉપાસ્ય

સ્વરૂપોના મૂર્તિવિધાનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમાંનાં જે કેટલાંક સ્વરૂપોના નમૂના ગુજરાતમાં ઉપલબ્ધ નથી તેમાંનાં અનેક સ્વરૂપોના મૂર્તિવિધાનની બાબત આ ગ્રંથની વિષયમર્યાદાની દૃષ્ટિએ અનાવશ્યક જણાતાં ગ્રંથવિસ્તારના ભયે લેખકે છોડી દીધી છે. છતાં એમાંનાં કેટલાંક મહત્ત્વનાં સ્વરૂપોનું નિરૂપણ કર્યું પણ છે. આગળ જતાં એ સ્વરૂપોની મૂર્તિઓ અહીં મળે ત્યારે એ માહિતી ઉપયોગી નીવડે તેવી છે.

ભારતીય મૂર્તિવિધાન વિષે ગુજરાતીમાં અલગ પુસ્તક લખાય અને એમાં વિવિધ મૂર્તિસ્વરૂપોનાં શાસ્ત્રોક્ત લક્ષણ નિરૂપાય તેમજ તે તે સ્વરૂપને લગતાં મુખ્ય મૂર્તિશિલ્પોના નમૂના ભારતભરમાંથી પસંદ કરી ઉદાહરણ રૂપે વર્ણવવામાં આવે, તો એ પુસ્તક સમસ્ત દેશના મૂર્તિવિધાનની બાબતમાં વધુ ઉપયોગી નીવડે. વળી શિલ્પકલાના વિકાસ તથા હ્રાસની દૃષ્ટિએ જુદા જુદા કાલની શિલ્પશૈલીનાં વિશિષ્ટ લક્ષણો ગણાવી પ્રાચીન મૂર્તિશિલ્પોના સમયનિર્ણય માટેના માર્ગદર્શક મુદ્દાઓ રજૂ કરતું પુસ્તક પણ જરૂરી છે. એવી રીતે ભારતના જુદા જુદા પ્રદેશોની મૂર્તિઓનાં શાસ્ત્રવિધાન તથા શિલ્પશૈલીની વિશિષ્ટતાઓ દર્શાવતાં પુસ્તકોની પણ જરૂર રહેલી છે. 'ગુજરાતનું મૂર્તિવિધાન' એ આ છેલ્લા જણાવેલા પ્રકારનાં પુસ્તકોમાં ગુજરાતના મૂર્તિવિધાન વિશેની વિપુલ સામગ્રી પૂરી પાડે છે.

શાસ્ત્રવિધાનની સરખામણીએ મૂર્તિશિલ્પોના નિરૂપણમાં કે એ શિલ્પોના શાસ્ત્રવિધાન સાથેના અનુસંધાનમાં વિષયની રજૂઆત વધુ વ્યવસ્થિત થઈ શકે એવું કેટલીક જગ્યાએ જણાયા કરે છે, છતાં આવા વિસ્તૃત વિષયના નિરૂપણ માટે લેખકે જે વિપુલ શ્રમ લીધો છે તે આ વિષયમાં ઘણે અંશે ઉપયોગી નીવડે તેમ છે. મૂર્તિકલાના આવા વિષયને લગતાં પુસ્તક સચિત્ર હોય એ ઘણું આવશ્યક – લગભગ અનિવાર્ય છે. આ પુસ્તકના પ્રકાશનમાં આ દૃષ્ટિએ કેટલાંક મહત્ત્વનાં શિલ્પ-સ્વરૂપોનાં ચિત્ર આપવામાં આવ્યાં છે. ગુજરાતના મૂર્તિવિધાન વિશે ભવિષ્યમાં

આથી યે સારા ગ્રંથ લખાશે અને એને આથી યે સારી રીતે સચિત્ર કરાશે, પરંતુ હાલ તો આ એ વિષયને લગતું પહેલું પુસ્તક છે, ને એ તૈયાર કરવામાં લેખકે ભારે પરિશ્રમ લીધો છે. ગુજરાતના મૂર્તિવિધાન વિશે શિલ્પગ્રંથો અને મૂર્તિશિલ્પો પરથી આટલી વિપુલ માહિતી આપતું અને એ વિષયમાં ગુજરાતી સાહિત્યમાં નવી ભાત પાડતું આવું એક આદિમ અને ઉપયોગી પુસ્તક તૈયાર કરવા માટે શ્રી કનૈયાલાલ દવેને ઘણાં અભિનંદન ઘટે છે.

મૂર્તિવિધાન વિશે ગુજરાતીમાં આ તો પાશેરામાં પહેલી પૂણી છે. આગળ જતાં ભારતીય મૂર્તિવિધાન વિશે તેમજ ભારતીય પુરાતત્ત્વનાં અન્ય સ્વરૂપો વિશે ગુજરાતીમાં વધુ કૃતિઓ બહાર પડતી રહે અને ભારતીય વિદ્યાના નિરૂપણમાં ગુજરાતી સાહિત્ય વધુ ને વધુ સભર થતું રહે એવી આશા રાખીએ.

ભો. જે. અધ્યયન-
સંશોધન વિદ્યાભવન
અમદાવાદ-૯
૨૭-૪-૧૯૬૩

હરિપ્રસાદ શાસ્ત્રી
ઉપાધ્યક્ષ

પુરોવચન

પ્રાચીન શિલ્પ, સ્થાપત્ય અને શિલ્પકલા માટે નાનપણથી જ પ્રેમ હતો. આવાં કલાકૃતિવાળાં પ્રાચીન મંદિરો જ્યારે જ્યારે જોવા મળતાં ત્યારે ત્યારે તેને જોવામાં ખૂબ મઝા આવતી. પરંતુ સ્થાપત્ય-શાસ્ત્ર અને તેના કલાવિન્યાસનો અભ્યાસ નહિ હોવાથી તેને સમજવામાં મુશ્કેલી આવતી. મનમાં એમ પણ થતું કે આ બધું શાસ્ત્રીય રીતે, કે તેની મરજી મુજબ સ્થપતિઓએ બનાવ્યું હશે? તે જાણવા સદાકાળ જિજ્ઞાસા થતી. તેવા ગ્રંથો મળે તો તે સમજવા પણ વિચારો આવતા. જો કોઈ આ શાસ્ત્રનો વિદ્વાન મળી જાય તો જિજ્ઞાસા ફળે એમ લાગતું. એક વખત શ્રી. ડૉ. મંજુલાલભાઈ મજમુદાર ઉત્તર ગુજરાતની કલાયાત્રાએ આવ્યા. તેમની સાથે પાટણ, સિદ્ધપુર, વડનગર, મહેસાણા વગેરે તાલુકાનાં પ્રાચીન મંદિરો જોવા જવાનો સુયોગ પ્રાપ્ત થયો. તે વખતે તેમણે કેટલીક પ્રતિમાઓનાં શાસ્ત્રીય વર્ણનો સંબંધી ખ્યાલ આપ્યો; ત્યાંથી જ પ્રતિમાવિધાનના અભ્યાસ માટેની દીક્ષા મળી, તેને લગતા ગ્રંથો વાંચવા વિચારવાની તમન્ના જાગી. બરોડા ઓરીએન્ટલ ઇન્સ્ટિ-ટ્યૂટમાંથી શ્રી. ટી. ગોપીનાથરાવના આ શાસ્ત્ર માટેના વિદ્વત્તાપ્રચુર ગ્રંથ, Elements of Hindu-Iconography, Vols. 1 to 4 વાંચવાની સુગમતા તેમણે જ કરી આપી. આથી મૂર્તિકલા, તેનાં વિવિધ અંગો અને શાસ્ત્રીય લક્ષણો જાણવામાં આવતાં, પ્રતિમાવિધાન પ્રત્યે અભિ-રુચિ જાગી અને તેવા બીજા ઘણા ગ્રંથો મેળવી મૂર્તિઓનાં શાસ્ત્રપ્રોક્ત લક્ષણો સમજવા પ્રયત્ન કર્યો. ગુજરાતી ભાષામાં મૂર્તિકલા કે મૂર્તિ-વિધાન માટે તપાસ કરતાં એક પણ ગ્રંથ પ્રાપ્ત થયો નહિ, એટલે

વિચાર્યું કે ગુજરાતના મૂર્તિવિધાનને સ્પર્શ કરતો એકાદ નાનો મોટો ગ્રંથ તયાર કરવામાં આવે, તો આ કલા અને શાસ્ત્ર સંબંધી યોગ્ય માહિતી, તેના મૂર્તિશિલ્પોના પરિચય સાથે આપી શકાય. તેટલું નહિ પણ તેવા ગ્રંથની ખાસ જરૂરત પણ છે જ.

સ્વ. શ્રી. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ જ્યારે જૂની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના આસિ. સેક્રેટરી હતા, ત્યારે તેમને મળવાના કેટલીક વખત પ્રસંગો થતા. તેઓ સંશોધન અને પ્રાચીન સંસ્કૃતિ પ્રત્યે ખૂબ પ્રેમ રાખતા હોવાથી, સૌજન્યશીલ સ્વભાવને કારણે નવોદિત લેખકોને હમેશાં ઉત્સાહ તેમજ પ્રેરણા આપતા. મારી સાથે એક વખત વાતચીતમાં તેમણે ગુજરાતનો વિશ્વકોષ તૈયાર કરવાની વાત જણાવી. આ ભગીરથ કાર્યમાં તમે પણ કંઈક ફાળો આપો અને કોઈ વિષય ઉપર લખવાનો તેમણે મને અનુરોધ કર્યો. આ વખતે મેં તેમને પ્રતિમા-વિધાન ઉપર લખવા માટે અનુમતિ આપી. તેમણે કહ્યું કે અમારી આ યોજના સાકાર થશે તો તેનું ફોર્મ તમારા ઉપર મોકલીશ. તેમના આ પ્રોત્સાહનથી પણ મૂર્તિવિજ્ઞાન ઉપર ગુજરાતી ભાષામાં એકાદ પુસ્તક કે મહાનિબંધ તૈયાર કરવાનો વિચાર કર્યો અને તેનું કાર્ય શરૂ કરવાની પ્રારંભિક યોજના વિચારી. આ કાર્ય માટે ગ્રંથોક્ત વિધાનો માટે શ્રી. ડૉ. ટી. ગોપીનાથરાવનાં મૂર્તિવિજ્ઞાન ઉપરનાં અદ્વિતીય પુસ્તકો, શ્રી. ડૉ. ભટ્ટાચાર્યના ઇન્ડિયન ઇમેજીજના બે ભાગો તથા શ્રી. ડૉ. જિતેન્દ્રનાથ બેનરજીનો 'ડેવલપમેન્ટ ઑફ હિન્દુ આઇકોનોગ્રાફી' વગેરે બીજા કેટલાક ગ્રંથો વાંચ્યા બાદ, મૂર્તિકલાના સ્વતંત્ર ગ્રંથો-રૂપમંડન, રૂપાવતાર, દેવતા મૂર્તિપ્રકરણ, અપરાજિતપૃચ્છા, બિમ્બમાન અને તે વિષયનાં વિવિધ પ્રકરણો સૂચવતાં પુરાણો-મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તરપુરાણ, ગરુડપુરાણ, સ્કંદપુરાણ, બૃહત્સંહિતા વગેરે ગ્રંથોનું પરિશીલન કરતાં જુદા જુદા દેવોનાં વિધાનોનું વૈવિધ્ય જાણવામાં આવ્યું. ત્યાર બાદ ગુજરાતમાં આવી પ્રતિમાઓ મળે છે કે કેમ તે પ્રશ્ન ઊભો થયો. હું જ્યાં જ્યાં જતો ત્યાંથી નાની મોટી જે દેવોની

પ્રતિમાઓ મળતી તેનાં વર્ણનોનો સંગ્રહ કરવા માંડ્યો. ગુજરાતમાંથી મળતાં પ્રાચીન કલામંદિરોની ઝંઘાઓ, મંડપો, વેદિકાઓ, દ્વારશાખાઓ અને ગર્ભગૃહોમાંથી તેમજ પાટણ, વડનગર, સિદ્ધપુર, મોઢેરા, આબુ, અંબાજી, અમદાવાદ, વડોદરા, મુંબઈ અને બીજાં અનેક શહેરો અને ગામડાંઓમાંથી મળતી પ્રાચીન અર્વાચીન પ્રતિમાઓના વર્ણનોનો એક મોટો સંગ્રહ તૈયાર કર્યો. આમ ગુજરાતી ભાષામાં મૂર્તિવિજ્ઞાન ઉપર પુસ્તક તૈયાર કરવા માટેની ભૂમિકા તૈયાર કરવા માંડી. પરંતુ આવું પુસ્તક કોઈ સંસ્થા છપાવે તો જ લખવું સાર્થક ગણાય એવી મનમાં ઘડભાંજ ચાલુ હતી.

આ સમય દરમિયાન જાણવા મળ્યું કે ગુજરાત વિદ્યાસભા તરફથી એક સંશોધન ગ્રંથમાળા શરૂ થવાની છે. આથી સ્વ. શ્રી હીરાલાલ પારેખને પત્ર લખી તેની હકીકત મંગાવી. તેટલું જ નહિ પણ સાથે સાથે જણાવ્યું કે મૂર્તિવિજ્ઞાન સંબંધી ગુજરાતી ભાષામાં એક પણ ગ્રંથ હજુ સુધી બહાર પડ્યો નથી, તેથી નવું પુસ્તક તૈયાર કરવાની મારી ઇચ્છા જણાવી. તેમણે મને તુરત જ તે માટે અનુમતિ આપી અને અરજી કરવા સૂચવ્યું. તેમના જણાવ્યા પ્રમાણે અરજી કરતાં વિદ્યાસભાએ તેવો ગ્રંથ તૈયાર કરવાની અનુમતિ આપી. અને તે જલદીથી લખી મોકલવા આગ્રહ કર્યો. આમ વિદ્યાસભા અને સ્વ. શ્રી. હીરાભાઈ પારેખના પ્રોત્સાહનથી ગુજરાતની મૂર્તિકલા અને શિલ્પોની શાસ્ત્રીય વિવેચના રજૂ કરતો આ ગ્રંથ 'ગુજરાતનું મૂર્તિવિધાન' લખાયો, જેનું સાચું શ્રેય સ્વ. શ્રી. હીરાલાલભાઈ પારેખને જ ઘટે છે.

મૂર્તિવિજ્ઞાન એ સ્વતંત્ર શાસ્ત્ર છે. તેના ઉપર અનેક વિદ્વાનોએ સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. પુરાણાંતરોમાંથી પણ તેના કલાવિધાન પરત્વે સ્વતંત્ર અધ્યાયો, આગમો, ધર્મશાસ્ત્રો, શ્રોતસૂત્રો, ગૃહ્યસૂત્રો, બ્રાહ્મણગ્રંથો અને સ્મૃતિઓમાં પણ મૂર્તિવિધાયક પ્રકરણો સંગ્રહાયેલાં મળે છે. આમ તેના કલાવિન્યાસની વિવેચના પ્રાચીન કાળે અર્થાત્ મૂર્તિપૂજાના

ઉદ્દગમ સાથે શરૂ થઈ. ત્યાર બાદ કાળક્રમે કેટલાક ગ્રંથોમાં પ્રાંતીય વિશિષ્ટતાઓ દાખલ થવા માંડી. ભારતના જે જે વિભાગોમાં આવા ગ્રંથો રચાયા, તે તે વિભાગની કેટલીક નવીન પ્રતિમાઓનાં વિધાનો તેના ગ્રંથોમાં રજૂ થયાં. આથી વિવિધ પ્રતિમાઓના કેટલાક પ્રાંતીય મૂર્તિભેદો જાણવા મળે છે. સામાન્ય રીતે દરેક દેવપ્રતિમાઓનાં વિધાનો, શિલ્પ, કલા, વગેરે પ્રાચીન શાસ્ત્રકારોએ નિયત કરેલાં, જેમાં પાછળથી દેશ, કાળ અને પ્રાંતીયતાના કારણે નવાં નવાં સૂચનો ઉમેરાયાં હોવાનું જણાય છે. મૂર્તિશાસ્ત્ર ઉપર અનેક વિદ્વાનોએ સંશોધન કરી પોતપોતાની દૃષ્ટિએ વિદ્વત્તાપ્રચુર ગ્રંથો અંગ્રેજીમાં લખ્યા છે. તે બધામાં સ્વ. ટી. ગોપીનાથરાવના 'Elements of Hindu Iconography' ના ગ્રંથો અદ્યતન અને આધારલાયક સર્વશ્રેષ્ઠ ગણી શકાય. શ્રી. વૃંદાવન ભટ્ટાચાર્યના 'Indian Images'નાં બે પુસ્તકોમાંથી પણ માહિતીપૂર્ણ હકીકતો આ શાસ્ત્ર માટે મળી શકે છે. કલકત્તા યુનિવર્સિટી તરફથી બહાર પડેલ શ્રી જિતેન્દ્રનાથ બેનરજીનો 'The Development of Hindu Iconography' ગ્રંથ મૂર્તિશાસ્ત્ર સંબંધી અનન્ય હકીકતો રજૂ કરે છે. તેમણે આ પુસ્તક પ્રાચીન મુદ્રાઓ, સીલો, પ્રાચીન સ્થાપત્યો અને બીજા દેશવિદેશોમાંથી પ્રાપ્ત અનેક પુરાતન અવશેષોના આધારે તૈયાર કર્યું હોઈ, એને મૂર્તિવિજ્ઞાનની શાસ્ત્રીય દૃષ્ટિ તેમજ ઐતિહાસિકતા વ્યક્ત કરતો સંશોધનપૂર્ણ વિરલ ગ્રંથ ગણાવી શકાય. તે માટે તેમણે કેટલાં ય વર્ષો સુધી ખંતપૂર્વક સંશોધન કર્યા બાદ તે લખ્યો હશે એમ તેની હકીકતો ઉપરથી જાણી શકાય છે. આ સિવાય શ્રી. આનંદકુમાર સ્વામી, કુમારી સ્ટેલા ક્રામરીશ વગેરે શિલ્પકલાનાં અનેક આરૂઢ વિદ્વાનોએ મૂર્તિકલા અને તેના શાસ્ત્ર માટે અદ્દભુત સંશોધન કરી વિવેચન પૂર્ણ લેખો અને ગ્રંથો બહાર પાડચા છે. હિંદી ભાષામાં નાગરી પ્રચારિણી સભા, કાશી તરફથી બહાર પડેલ શ્રી. રાયકૃષ્ણદાસનું "ભારતીય મૂર્તિકલા" નામનું પુસ્તક પ્રાચીન મૂર્તિકલાનું અદ્વિતીય સર્જન છે. જોકે તેમાં મૂર્તિઓનાં વિધાનો આપ્યાં નથી, છતાં પ્રાચીન યુગથી આરંભી મધ્યકાલ

સુધીની ભારતીય પ્રતિમાઓના કલાવિન્યાસ માટે યુગવાર તેની શૈલી, કલાવિકાસને સમજાવવા આ વિદ્વાને સારો એવો પ્રયત્ન કર્યો છે. મરાઠી ભાષામાં શ્રી. ગણેશ હરિ ખરેનું "મૂર્તિવિજ્ઞાન" મૂર્તિશાસ્ત્રની અભિનવ માહિતી રજૂ કરે છે. મૂર્તિકલા અને શિલ્પવિન્યાસ માટે આ વિદ્વાને કોઈ વિશિષ્ટ માહિતી રજૂ કરી નથી, છતાં ભારતેતર પ્રદેશોમાંથી પ્રાપ્ત કેટલીક અવર્ણનીય પ્રતિમાઓનાં વર્ણનો ખાસ ધ્યાન ખેંચે છે. આ બધા ગ્રંથોનો અભ્યાસ કરતાં ગુજરાતી ભાષામાં પણ આવું એકાદ પુસ્તક તૈયાર કરવામાં આવે તો ગુજરાતની સંસ્કારી પ્રજાને મૂર્તિશાસ્ત્રનો કંઈક આછોઘેરો ખયાલ આપી શકાય. મૂર્તિકલા અને તેનું શાસ્ત્ર શિલ્પશાસ્ત્રનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, જેના માટે વિવિધ શૈલીના હજારો પ્રાસાદો, વૈવિધ્યપૂર્ણ, અનુપમ કલાશિલ્પ યુક્ત બનાવવા માટે શિલ્પશાસ્ત્ર સૂચવે છે, ત્યારે તેમાં પધરાવવાના પ્રધાનદેવોનાં શિલ્પ, કલા તેમજ વિધાન માટે તેના સર્જકો જાગ્રત જ રહે – અર્થાત્ તેની વ્યવસ્થિત વિચારણા રજૂ કરે તેમાં તો શક નહિ. આથી જ શિલ્પશાસ્ત્રમાં મૂર્તિવિધાન, મૂર્તિકલા અને શિલ્પવિન્યાસનું સ્થાન અતિ મહત્ત્વનું ગણાયું છે. મૂર્તિપૂજાની શરૂઆત કયારે થઈ તેના માટે અનેક મતભેદો છે. છતાં ભારતમાં અતિપ્રાચીન ગણાતા વેદોમાંથી દેવોનાં વર્ણનો મળે છે. મોહેં-જો-દડોના ઉત્ખનનમાંથી પ્રાપ્ત સિંધુસંસ્કૃતિના પુરાતત્ત્વાન્વેષણમાં પ્રતીકોનું સ્થાન મહત્ત્વનું છે. તેમાંથી માતૃકા, પશુપતિ–શિવ, શિવલિંગ, જલાધારીઓ, વગેરે મૂર્તિશિલ્પો પ્રાચીન મૂર્તિપૂજાની પ્રતીતિ આપે છે. આ ઉત્ખનન સંબંધી સર જૉન માર્શલે બે મોટા ગ્રંથો બહાર પાડચા છે, તેમાં તેમણે સિંધુસંસ્કૃતિના આ બધા અવશેષો ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષો પહેલાંના હોવાનું અનુમાન દોર્યું છે. દ્રવિડ સંસ્કૃતિનાં આ પ્રતીકો પાછળથી આર્યોએ અપનાવ્યાં. આથી મૂર્તિપૂજાની ઐતિહાસિકતા ઈ. સ. પૂર્વે ત્રણ ચાર હજાર વર્ષો સુધી લઈ જઈ શકાય છે.

ભારત બહારના દેશોમાં તો તેથી પણ પ્રાચીનકાળમાં પ્રતીકોપાસનાનો પ્રવાહ ચાલુ હોવાનું જાણવા મળે છે. ઇજિપ્તમાંથી કેટલાક

એવા લેખો મળ્યા છે, જેમાં ઈ. સ. પૂર્વે ૪૦૦૦ વર્ષો પહેલાં દેવમંદિરોને દાનો આપ્યાના ઉલ્લેખો છે. આ સિવાય સિરિયા, બેબિલોન, મેસોપોટેમિયા, પેલેસ્ટાઈન અને ગ્રીસમાંથી પણ પ્રતીકોપાસનાના અવશેષો તેમજ લેખો મળ્યા છે, જે મૂર્તિપૂજાની પ્રાચીનતા વ્યક્ત કરે છે. મૂર્તિપૂજાની શરૂઆત થયા પછી સમાજમાંથી એકેશ્વરવાદ લુપ્ત થયો, અને વિવિધલક્ષી પ્રતીક-પૂજાના માનસે અનેક દેવોનાં સર્જનો નિયત કર્યાં. ત્યાર બાદ તે દેવોનાં જે જે વર્ણનો સ્તુતિ ભાગમાં પ્રજાએ રચ્યાં, તેવાં વિધાનો મૂર્તિશાસ્ત્રના ઘડવૈયાઓએ દાખલ કરી મૂર્તિવિધાનના સંગ્રહો તૈયાર કર્યા, અને તેના શાસ્ત્રીય સર્જનગ્રંથો રચાયા. આમ મૂર્તિપૂજાની સાથોસાથ મૂર્તિશાસ્ત્ર ઘડાયું અને તેનો ઉત્તરોત્તર વિકાસ થતાં, પુરાણો, આગમો, સ્મૃતિઓ, ગૃહ્યસૂત્રો, શ્રૌતસૂત્રો, વગેરે આકરગ્રંથોમાં તેનાં પ્રકરણો મુકાયાં.

મૂર્તિકલાના વિવિધ ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે પ્રતિમાઓનાં કલા-વિધાનો ઉપરથી તે પ્રતિમા કયા કાળની હશે, તેમજ કયા પ્રાંતની હશે તે જાણી શકાય છે. કારણ દેશ અને કાળના ક્રમિક વિકાસમાં મૂર્તિકલાની અંદર કેટલાક વિશિષ્ટ ફેરફારો થતા રહ્યા છે. ગુજરાતમાંથી સેંકડો બલકે હજારો મૂર્તિઓ જુદાજુદા દેવોની મળે છે. પરંતુ તેમાં મોટા ભાગની પ્રતિમાઓ મધ્યકાળની જ હોય છે. ગુજરાતમાં ઈસ્વી સનની શરૂઆતમાં, તેમજ તે પૂર્વેથી પ્રાચીન મંદિરો બંધાયાં હોવાના ઉલ્લેખો મળે છે, છતાં તેટલાં પ્રાચીન કોઈ મંદિરો કે પ્રતિમાઓ કોઈ સ્થળેથી મળી આવી નથી. ગુપ્તકાલીન મનાતું સૌરાષ્ટ્રમાંનું ગોપનું મંદિર અને સાબરકાંઠાના રોડા, શામળાજીમાંથી પ્રાપ્ત પ્રાચીન મંદિરોના અવશેષો તે કાળનાં ગણાવી શકાય. તેવી જ માન્યતા પ્રમાણે સાબરકાંઠાના શામળાજી, રોડા, ખેડબ્રહ્મા, નર્મદા કિનારે કારવણ, કામરેજ અને વડોદરા પાસે અંકોટકના ઉત્ખનનમાંથી કેટલાંક ગુપ્તકાલીન મૂર્તિશિલ્પો પણ મળી આવ્યાં છે. તેની કલાવિવેચના કરતાં ડૉ. મંજુલાલ મજમુદાર, ડૉ. ઉમાકાન્ત શાહ, ડૉ. ગોયેટ્સ્, ડૉ. રમણલાલ મહેતા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને શ્રી. મધુસૂદન ઢાંકી વગેરે પુરાતત્ત્વ-વિદોએ, તેને ગુપ્તકાલીન સંસ્કૃતિનાં આ બધાં અણમોલ પ્રતીકો હોવાનું

સૂચવ્યું છે. તેઓએ ગુપ્તકાલીન મૂર્તિઓનાં વિશિષ્ટ લક્ષણો, ભાવભંગિમાઓ, અલંકારો અને શિલ્પવિન્યાસનું નિદર્શન કરાવતાં ગુજરાતમાંથી મળેલ તેવી મૂર્તિઓના સમન્વય તેના કલાવિધાન સાથે સરખાવી તે પ્રતિમાઓ ગુપ્તકાળની હોવાનું પુરવાર કર્યું છે.' આથી ગુજરાતમાં ગુપ્તકાલીન કલા-સંસ્કૃતિનાં કેટલાંક અપ્રતિમ શિલ્પો મળી આવ્યાં છે. જે ગુજરાતમાં પ્રચલિત મૂર્તિપૂજાની ઐતિહાસિકતા વ્યક્ત કરી, કલાસંસ્કૃતિમાં આ પ્રદેશે સાધેલા વિકાસનો પરિચય કરાવે છે. આ ગ્રંથમાં તેવી કેટલીક પ્રતિમાઓનાં વર્ણનો છે જે તેનાં પ્રકરણોની અંદર રજૂ કરેલ છે. ગુપ્તકાળ પહેલાંનાં કોઈ પ્રતીકો કે મૂર્તિશિલ્પો હજુ સુધી મળી આવ્યાં નથી; ભવિષ્યમાં કોઈ ઉત્ખનનોમાંથી પ્રાપ્ત થાય તો કહેવાય નહિ.

ગુજરાતનું મૂર્તિવિધાન મોટે ભાગે રૂપમંડન અને રૂપાવતાર ગ્રંથોને અનુલક્ષી રચાયું હોય તેમ જણાય છે. મંડનસૂત્રધારના આ ગ્રંથો સોળમા સૈકાની કૃતિઓ હોવા છતાં તેમાંનાં વિધાનો પ્રાચીન પુરાણોમાંથી સંગ્રહાયાં છે. પ્રાચીન પુરાણો પૈકી મત્સ્ય, અગ્નિ, ગરુડ, વિષ્ણુધર્મોત્તર, ચતુર્વર્ગચિંતામણિ, સ્કંદ, દેવીભાગવત, ભવિષ્ય વગેરેમાં તેનાં સ્વતંત્ર પ્રકરણો કે વિધાનો આપેલાં છે. તેવી જ રીતે આગમ શાસ્ત્રોની અંદર પૂર્વકારણાગમ, કામિકાગમ, ઉત્તરકામિકાગમ વગેરે અનેક આગમ ગ્રંથોના આધારે દક્ષિણ ભારતનું પ્રતિમાવિધાન ઘડાયું અને માનસાર, કાશ્યપીયશિલ્પ, શિલ્પરત્ન, વિશ્વ-કર્માશાસ્ત્ર વગેરે બીજા અનેક શિલ્પ અને મૂર્તિકલાના ગ્રંથો તેની આધારભિત્તિ ઉપર રચાયા. આપણા પશ્ચિમ ભારતમાં પ્રચલિત નાગર શૈલીના પ્રાસાદો અને તેનાં રૂપવિધાનો ઉપર જણાવેલાં પુરાણો, સ્મૃતિગ્રંથો અને શિલ્પના પ્રાચીન સૂત્રાત્મક ગ્રંથોના આધારે રચાયા હોવાનું જણાય છે. આ પરંપરા અનુસાર મંડનસૂત્રધારે રૂપમંડન, પ્રાસાદમંડન, વાસ્તુમંડન વગેરે ગ્રંથો તૈયાર કર્યા હતા. રૂપમંડન ગ્રંથમાં જણાવેલી પ્રતિમાઓનું પ્રત્યક્ષ દર્શન ચિતોડનો કીર્તિસ્તંભ છે. તેમાં રૂપમંડન, રૂપાવતાર વ. ગ્રંથોમાં સૂચવેલી, તેમજ તે સિવાયની ઋતુઓ, આયુધો, રામાયણ-મહાભારતનાં પાત્રો વ. વ્યક્ત કરતી સેંકડો મૂર્તિઓ તેના યોગ્ય કલા-

વિધાન પ્રમાણે કંડારી તે દરેકની નીચે તેનાં નામો પણ આલેખ્યાં છે. ટૂંકમાં મૂર્તિવિજ્ઞાનનો એ એક મહાકોષ છે.

મંડનના ગ્રંથો પહેલાં ગુજરાતમાં શિલ્પકલા માટે અપરાજિત-પૃચ્છાએ એક આધારભૂત ગ્રંથ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સિદ્ધરાજ જયસિંહને એક જ મહત્ત્વાકાંક્ષા હતી કે ગુજરાતને પોતાની સ્વતંત્ર સંસ્કૃતિ હોવી જોઈએ. અવન્તિનાથ ભોજે પોતાની વિદ્વત્સભાના પંડિતો પાસે સ્વતંત્ર વ્યાકરણ, કોષ, અલંકાર, શિલ્પ વગેરે વિદ્યા, કલા અને શાસ્ત્રોનું સર્જન કરાવેલું. તે જ મહેચ્છા સિદ્ધરાજે પરિપૂર્ણ કરતાં તેણે પણ સિદ્ધહેમ વ્યાકરણ, અલંકાર, કોષ, ન્યાય, તર્ક અને શિલ્પના ગ્રંથો વિદ્વાન પંડિતો પાસે તૈયાર કરાવ્યા હતા. "સમરાંગણ સૂત્રધાર" એ એક આધારભૂત શિલ્પશાસ્ત્રનો ગ્રંથ અવંતિના ભોજની કૃતિ છે. તેવી જ રીતે ગુજરાતની સ્વતંત્ર શિલ્પ સંસ્કૃતિ આલેખતો ગ્રંથ "અપરાજિતપૃચ્છા" ગણાવી શકાય. આ ગ્રંથનું સર્જન 'સમરાંગણ સૂત્રધાર' પછી થયાનું કેટલાંક શિલ્પવિષયક શાસ્ત્રીય વિધાનો વડે પુરવાર થયું છે. પુરાતત્ત્વના વિદ્વાન્ વિવેચક શ્રી. મધુસૂદન ઢાંકી તે વસ્તુને સિદ્ધ કરતાં "અપરાજિતપૃચ્છા" ગ્રંથ સોલંકી કુમારપાળના રાજ્યકાળે રચાયો હોવાનું જણાવે છે. "ઉમાપતિવરલબ્ધપ્રસાદરાજ્ય" એ કુમારપાળે સ્વીકારેલું મહત્ત્વનું બિરુદ અપરાજિતકારે નોંધ્યું છે, જે આ ગ્રંથ તેના રાજ્યકાળે રચાયો હોવાની માન્યતાને ટેકો આપે છે. એટલે રૂપમંડન અગાઉ "અપરાજિત પૃચ્છા" ગ્રંથ ગુજરાતમાં શિલ્પશાસ્ત્રના એક માન્ય ગ્રંથ તરીકે સ્વીકારાયો હોવાનું જાણી શકાય છે.

મૂર્તિકલાની દૃષ્ટિએ તેને માટે બીજો પણ એક વિશિષ્ટ પુરાવો મળે છે. ભારતના બીજા પ્રાંતો કરતાં ગુજરાતમાંથી સંયુક્ત પ્રતિમાઓનાં શિલ્પો સારી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેમાં યે વિષ્ણુની પ્રતિમાઓના બે હાથથી આરંભી વીસ હાથની મૂર્તિઓ વધુ મળે છે. ગુજરાતની આ એક મુખ્ય વિશિષ્ટતા છે. તેનાં કલાવિધાનો માટે અપરાજિતપૃચ્છા,

અને રૂપમંડનકારે જ સ્વતંત્ર સૂચનો નોંધ્યાં છે. જોકે શિલ્પરત્નકારે એકબેનો ઉલ્લેખ આપ્યો છે, પરંતુ ઉપરના બે ગ્રંથોમાં તો આવી દરેક પ્રતિમાનાં શાસ્ત્રીય વિધાનો સુશ્લિષ્ટ રીતે રજૂ કરાયાં છે. આથી આ બે ગ્રંથો શિલ્પકલા માટે ગુજરાતે મોટે ભાગે સ્વીકાર્યા હતા, એમ ચોક્કસ લાગે છે. અપરાજિતપૃચ્છાના સર્જન પહેલાં મત્સ્ય, અગ્નિ, અને વિષ્ણુધર્મોત્તરનાં મૂર્તિકલા વિષયકવિધાનો ગુજરાતના શિલ્પીઓ સ્વીકારતા હોવાનું અનુમાન છે.

મૂર્તિવિધાનનો આ ગ્રંથ કોઈ નવીન સંશોધન તરીકે રજૂ કરાયો નથી. ભારતીય મૂર્તિકલા ઉપર અનેક વિદ્વાનોએ નાના મોટા ગ્રંથો બહાર પાડ્યા છે, જેની નોંધ આગળ આપવામાં આવેલી છે. એટલે આ ગ્રંથથી કોઈ નવીન શાસ્ત્ર કે સંશોધનનું સર્જન કરવાનો દાવો નથી. આમાં તો વિશેષ કરીને ગુજરાતમાંથી પ્રાપ્ત પ્રાચીન અર્વાચીન પ્રતિમા-શિલ્પોનો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે. આ પુસ્તકમાં ભારતીય પ્રતિમાઓ અને ગુજરાતની મૂર્તિઓનાં તુલનાત્મક વિવેચનો રજૂ કરવાનો મુખ્ય આશય પણ રાખેલો; પરંતુ ગ્રંથનો વિસ્તાર વધી જવાના કારણે, તેમજ ગુજરાતની મૂર્તિકલાના પુસ્તકમાં ગુજરાતની જ મૂર્તિઓનાં વિવેચનો ઇષ્ટ હોવાથી તેવાં તુલનાત્મક વિવેચનો આપી શકાયાં નથી. મૂર્તિશાસ્ત્રમાં તો સેંકડો બલકે હજારો પ્રતિમાઓનાં વિધાનો વિદ્વાન્ ગ્રંથકારોએ રજૂ કર્યાં છે. મુખ્ય હિંદુ દેવો ઉપરાંત પંદર તિથિઓ. સાત વાર, સત્તાવીસ નક્ષત્રો, ૭ ઋતુઓ, બાર માસ, વિષ્કંભાદિ યોગો, બવ વગેરે કરણો, ચોસઠ યોગિનીઓ, એકાવન ક્ષેત્રપાલો, બાવન વીર, વૈતાલો, યક્ષો, ઓગણપચાસ મરુતો, પિસ્તાળીસ વાસ્તુદેવતાઓ, ચોસઠ ભૈરવો, ૧૨ ચક્ર દેવતાઓ, ૧૬ નિત્યકિલાન્નાઓ, ૭ પાઠેશ્વરીઓ, ૨૪ દુર્ગાઓ, ૨૮ મહાવિદ્યાઓ, ૫ અન્નપૂર્ણાઓ, ૪ મહાલક્ષ્મીઓ, ૧૦ વીરલક્ષ્મીઓ, ૧૫ લલિતાદિ દેવીઓ, ૫૧ અકારાદિવર્ણો, ૫૧ વર્ણદેવતાઓ, ૧૮ વૈષ્ણવ દેવો, ૨૪ કેશવાદિ પ્રતિમાઓ, ૪ ચતુર્વ્યૂહ દેવો, ૧૬ વિશિષ્ટ દેવો, ૧૬ મહેશ્વર દેવો, ૯ તાંડવ મૂર્તિઓ, ૧૧ રુદ્ર ૨૫ લીલા મૂર્તિઓ ૩૨ ગણપતિઓ, ૧૭ કુમાર પ્રતિમાઓ,

૫ બ્રહ્માનાં સ્વરૂપો, ૯ પ્રજેશો, ૭ ઋષિઓ, ૪ વેદો, ૪ વેદપત્નીઓ, ૬ વેદાંગો, ૫ મહાભૂતો, ૧૦ દિશાઓ, ૧૦ દિક્પાલો, ૭ સમુદ્રો, ૮ મહાનદીઓ, ૩ મહાશક્તિઓ, ૪ નીતિદેવતાઓ, ૧૪ મનુઓ, ૯ ચિરંજીવી દેવતાઓ ૯ ગ્રહો, ૧૮ અધિપ્રત્યધિ દેવતાઓ, ૯ ક્રતુસંરક્ષણ દેવતાઓ, ૬૦ પ્રભવાદી સંવત્સરો, ૫ વત્સર-વિશેષો, ૧૨ સંક્રાંતિ દેવતાઓ, ૧૨ રાશિ સ્વરૂપો, ૧૫ દિવામુહૂર્તો, ૧૫ રાત્રિમુહૂર્તો ૨૪ ઘટિકા દેવો ૨૬ આલવારો તથા આચાર્યો, ૬૪ મહાદેવગણો. વગેરે અગણિત દેવપ્રતિમાઓનાં વિધાનો વિષ્ણુધર્મોત્તર, શ્રીતત્ત્વનિધિ અને બીજા કેટલાક ગ્રંથોમાંથી મળે છે. પરંતુ આ ગ્રંથમાં તો ગુજરાતમાં પ્રચલિત દેવમૂર્તિઓનાં વિધાનો મુખ્યતઃ આપવા પ્રયત્ન કર્યો છે વિશેષમાં મૂર્તિશાસ્ત્ર, તેની ઐતિહાસિકતા, ગુજરાતમાં સાંપ્રદાયિક ધર્મોનો પ્રચાર, મૂર્તિકલા, અંગવિન્યાસ, કલાવિધાન, મૂર્તિભેદો, પ્રતિમામાન, સ્થપતિ, પ્રતિમાદ્રવ્યો અને દેવપ્રતીકોની યોગ્ય ચર્ચાવિચારણા તેનાં શાસ્ત્રીય વિવેચનો સાથે રજૂ કરવામાં આવી છે.

મૂર્તિવિધાયક ગ્રંથોમાં ઘણાખરા ગ્રંથકારોએ, ફક્ત મૂર્તિઓનાં વિધાનો જ આપ્યાં છે, પરંતુ મૂર્તિકલાના અભ્યાસીને કે તેના કલાકારને કેવળ વિધાનોથી જ મૂર્તિશાસ્ત્રનો પરિપૂર્ણ ખયાલ આવતો નથી. તેને માટે અગ્રગણ્ય મૂર્તિઓનો પરિચય સાધવા તેના સર્જનકાળથી આરંભી યુગેયુગે થયેલા ક્રમિક વિકાસ, પ્રત્યેક યુગની કલા, શૈલી, ઈતિહાસ વગેરે જાણવાની ખાસ જરૂર રહે છે. તદુપરાંત મૂર્તિઓની રચના કરવા તેનાં યોગ્ય માન, અંગવિન્યાસનો પ્રત્યક્ષ પરિચય, સાદૃશ્ય, દરેક મૂર્તિનાં ભંગ, અલંકારો, વસ્ત્રો, આયુધો, ઉપકરણો વાહનો અને પરિવાર-દેવો વગેરેનો અભ્યાસ ખાસ કરીને સાધવો પડે છે. આથી જ આ ગ્રંથમાં પ્રતિમાને અંગભૂત તેવા વિષયોનું નિરૂપણ પ્રથમ ખંડમાં આપી, બીજા ખંડમાં દેવપ્રતિમાઓનાં વિધાનો, તેની ટૂંક શાસ્ત્રીય સમાલોચના અને ગુજરાતમાંથી પ્રાપ્ત તેવાં મૂર્તિશિલ્પોનાં વૈવિધ્યપૂર્ણ વર્ણનો આપવામાં આવેલાં છે. જોકે કેટલાક શાસ્ત્રીય વિષયો એમાં આપી શકાયા નથી. મૂર્તિના સર્જનકારને અદ્‌ભુત અને અનુપમ પ્રતિમા બનાવવા માટે,

પ્રથમ સુમુહૂર્ત મેળવવાની ખાસ અપેક્ષા રહે છે. એટલે તેનો મુહૂર્ત વિચાર, આયદોષ, આયતત્ત્વ, દાર્વાહરણ, બલિપૂજા, અંગમાન, તેનાં સૂત્રો, વિવિધ પ્રકારના મુકુટો, જટાકલાપો, દેવીઓના કેશબંધો. દેશકાળાનુરૂપ વસ્ત્રો અલંકારો વગેરે વિસ્તૃત રીતે ચર્ચવાની જરૂર હોવા છતાં વિસ્તાર-ભયના કારણે તેના સંબંધી સામાન્ય વિચારણા જ કરી સંતોષ માન્યો છે. જ્યારે કેટલાકને તો બિલકુલ સ્પર્શ કરી શકાયો નથી. મૂર્તિશાસ્ત્ર રજૂ કરતા ગ્રંથોમાં આવા વિષયો કેટલાંક થોડા લીધા છે, તો બીજા કોઈ ગ્રંથકારે અન્ય વિષયો આપ્યા છે, પરંતુ બધા વિષયોને આ રીતે એક સાથે આપવા ટી. ગોપીનાથરાવ સિવાય કોઈએ પ્રયત્ન કર્યો નથી.

આ પુસ્તક લખવાની શરૂઆત લગભગ દસ વર્ષો ઉપર કરેલી, એટલે તે સમયે જાણવા મળેલી ગુજરાતની પ્રતિમાઓનાં વર્ણનો તેમાં રજૂ કરાયાં. પરંતુ ત્યાર બાદ શ્રી. ડૉ. રમણલાલ મહેતા, શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી વગેરેએ કેટલાંક નવીન અને અપ્રતિમ પ્રતિમાશિલ્પોને તેના પરિચય સાથે બહાર મૂક્યાં છે. આથી નવીન પ્રાપ્ત મૂર્તિઓનાં વિવેચનો માટે આ ગ્રંથના અંત્યપ્રાંતે અનુપૂર્તિ રજૂ કરી તે બધી મૂર્તિઓનાં વર્ણનો આપવામાં આવેલાં છે. શામળાજીથી પ્રાપ્ત ગુપ્તકાલીન દિવ્ય પ્રતિમા અનંતબ્રહ્મ અગર તો વિશ્વરૂપની મળી છે, તે મહાવિષ્ણુની પ્રતિમા હોવાનું તેના કલાવિધાન ઉપરથી નિર્દિષ્ટ થયેલું છે. આ પ્રતિમાને સ્વ. રણછોડલાલ ધ. જ્ઞાનીએ મહાસદાશિવ તરીકે જણાવી હોવાથી આ પુસ્તકના પા. ૨૯૨ ઉપર તે પ્રમાણે જણાવેલું છે. અનુપૂર્તિમાં તેની વિવેચના કરતાં આ ખુલાસો આપ્યો હોવા છતાં અહીં તેની વિશેષ સ્પષ્ટતા કરી છે.

પ્રતીકોપાસના પૂર્વે યજ્ઞો વડે ભગવદ્‌ભક્તિ—યજનપૂજન લોકો કરતા હતા એમ વેદ તથા બ્રાહ્મણોમાં જણાવેલા યજ્ઞીય ક્રિયાઓના ઉલ્લેખોથી જાણવા મળે છે. જગતના કર્તા, ધાતા અને વિધાતા પરમેશ્વર, અનાદિ, નિધનરહિત, અપ્રમેય, અનંત શક્તિ યુક્ત, નિસર્ગસિદ્ધ અવ્યક્ત

સ્વરૂપવાળા છે. વિષ્ણુધર્મોત્તરકાર (ખં. ૩, અ. ૧૦૮) તેના અર્ચાસ્વરૂપની વિવેચના કરતાં જણાવે છે કે "પરમાત્માની પ્રતિમાઓના બે પ્રકારો છે: એક પરા અને બીજો અપરા. પરા એ પ્રભુની પૌરુષી મૂર્તિ પંચમહાભૂતોથી પણ પર છે. સારા યે વિશ્વમાં પ્રભુનો વાસ સર્વત્ર તો છે જ. પરંતુ તે ભગવાન અશરીરી હોવા છતાં, ભક્તોના ઉપર અનુગ્રહ કરવા શરીરી બની સાકાર સ્વરૂપે દર્શન આપે છે. અનાકાર સ્વરૂપનો લક્ષ્યબંધ–ધ્યાન દુષ્કર હોવાથી, સાકાર સ્વરૂપે સામાન્ય મનુષ્યો પ્રભુનું સ્તવન, મનન, પૂજન, નિદધ્યાસન કરી શાંતિ મેળવે છે, કારણ તેમાં ભાવના એ મુખ્ય હેતુ છે." તેટલા જ માટે શાસ્ત્રકાર કહે છે કે:

भावो भवतु यो यस्मिन् भावनायां भवेश्वरः।
तत्रैव भावनानेन कार्या चार्चा च यादव ॥ वि. ध., खंड ३, अ. १०८

જે મનુષ્ય જે ભાવથી અર્ચા–પ્રતિમામાં ભાવના કરે છે, તે જ ભાવના વડે ભગવાન તેનો અનુગ્રહ કરવા સાકાર સ્વરૂપે વિદ્યમાન થાય છે. મોક્ષ માટે મુખ્ય બે માર્ગો છે: એક જ્ઞાનમાર્ગ અને બીજો ક્રિયામાર્ગ. નિષ્કામ ભાવે આ બન્ને માર્ગો વડે પરમ પુરુષને પ્રાપ્ત કરી શકાય છે. તેમાં જ્ઞાનમાર્ગ મુખ્ય છે. જ્યારે ક્રિયામાર્ગ એટલે ભગવદારાધન વડે, નિરપેક્ષ ભાવે તેમનું આવાહન, પૂજન, મનન, ચિંતન અને સંદર્શન કરતાં તદાકાર વૃત્તિ વડે પરમ પુરુષ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. તેની પ્રક્રિયા જણાવતાં સૂચવ્યું છે કે

आदौ कृत्वा महाभाग साकारे लक्षबंधनम्।
ततः समर्थो भवति शून्ये ध्याने नरोत्तम॥ २७
एवमावाहनं तस्य तथा पूजा च यादव।
प्रबुद्धैः क्रियते यत्नादात्मानुग्रहकारणम्॥ वि. ध., खंड ३, अ. १०८

પ્રથમ સાકાર પ્રતિમામાં લક્ષ્યબંધ–ધ્યાન કરવાથી, મનુષ્ય પ્રભુના નિરાકાર નિરંજન સ્વરૂપને પ્રાપ્ત કરતાં યત્ન વડે આત્માનુગ્રહ સાધે છે. તેથી આવાહન, પૂજન વગેરે અવશ્ય કરવું. છતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે

કે 'મૂર્તિપૂજા એ તો પૂજકની મનતુષ્ટિ–આત્મસંતોષ માત્ર જ છે, કારણ તેની અનન્ય ભાવનાપૂર્ણ આવાહન-પૂજનથી હું તે સ્વરૂપમાં તન્મય બનેલ ભક્તો ઉપર પ્રસન્ન બની તેને પૂર્ણકામ બનું છું.' આમ વૈદિકકાળ પછી યજ્ઞ સ્વરૂપે પ્રચલિત ભક્તિમાર્ગ દેવપ્રતીકોમાં પરિણમ્યો, અને વેદોનાં સૂક્તોમાં વર્ણવાયેલાં દેવતાઓનાં સ્વરૂપો પ્રમાણે તેનાં સાકાર રૂપો, પાષાણ, મૃત્તિકા, કાષ્ઠ વગેરે દ્રવ્યો દ્વારા રજૂ થયાં અને પૂજાયાં.

પ્રભુ આવા નિરંજન નિરાકાર સત્ ચિત્ આનંદ સ્વરૂપ હોવા છતાં તેમનાં સ્વરૂપોમાં મનુષ્ય કરતાં વૈવિધ્ય કેમ દેખાય છે? તેમને આયુધો કે ઉપકરણોની શી જરૂર? તે પરમ પુરુષને ભય શાનો, જેથી આયુધો રાખવાં પડે? તેમનો સંચરણ માર્ગ દૈવી છે, ત્યારે વાહનો કેમ રજૂ થયાં? આવા પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નની ચર્ચા વિષ્ણુધર્મોત્તર પુરાણ સિવાય બીજા કોઈ પણ ગ્રંથકારે રજૂ કરી નથી. વિષ્ણુધર્મોત્તર પુરાણ વૈષ્ણવ પુરાણ હોવાથી તેણે મુખ્ય સ્વરૂપે વિષ્ણુનું જ અવલંબન કર્યું છે. એટલે તે જણાવે છે કે ભગવાન પંચમહાભૂતોથી પર હોવાથી તેમણે પંચમહાભૂતોનો ત્યાગ કર્યો. આથી તે બધાં ભિન્ન ભિન્ન રીતે છૂટાં પડી ગયાં, એટલે ભગવાને તેઓને ઉપકરણો તરીકે જ રાખ્યાં. સારું યે વિશ્વ પંચમહાભૂત વડે ધારણ કરાયું છે; એટલે તે બધાં જો વિખરાઈ જાય તો વિશ્વનો નાશ થાય. આ હેતુથી પરમાર્થ દૃષ્ટિ વડે ભગવાને ઉપકરણોમાં શંખ એ આકાશ, ચક્ર એ પવન, ગદા એ તેજ અને કમળ એ જળનું જ સ્વરૂપ હોઈ તેને હાથમાં રાખ્યાં છે (વિષ્ણુધર્મોત્તર પુ. ખંડ ૩, અ. ૮૫). આ પ્રમાણે આ ગ્રંથકારે દરેક દેવનાં આધ્યાત્મિક તત્ત્વો, આયુધોનાં વિશિષ્ટ સ્વરૂપો, દેવોના વર્ણ-રંગની પાછળ રહેલી દૈવીશક્તિઓ, વાહનોનાં મૂળ તત્ત્વો વગેરેની સુંદર સમાલોચના કરી છે. ગુજરાતમાંથી આયુધપુરુષોની કોઈ પણ પ્રતિમાઓ મળી નથી. આથી ગુજરાતમાં આ પરંપરા ઊતરી હોવાનું જણાતું નથી.

આ ગ્રંથના સંયોજનમાં અનેક વિદ્વાન મિત્રો અને સજ્જનોએ

વિવિધ રૂપે સહાય કરી છે. આ બધાઓમાં સ્વ. હીરાલાલભાઈ પારેખ અને સ્વ. રત્નમણિરાવભાઈ જોટ બન્ને વિદ્વાનોને ભૂલી શકાય તેમ નથી: સ્વ. હીરાલાલભાઈ પારેખે આવું પુસ્તક તૈયાર કરવા પ્રોત્સાહન આપ્યું ન હોત, તો આ ગ્રંથ લખાત કે કેમ તે વિચારણીય પ્રશ્ન છે. સ્વ. રત્નમણિરાવભાઈએ આ ગ્રંથ સાદ્યન્ત વાંચી તેમાં ઘટતા સુધારા-વધારા કરવા મહત્ત્વપૂર્ણ સૂચનો કર્યાં હતાં. આથી આ બન્ને વિદ્વાન વડીલોનો હાર્દિક આભાર માનવાનું ભૂલી શકતો નથી. શ્રી ડૉ. મંજુલાલભાઈ મજમુદાર જેમણે મૂર્તિકલા અને વિધાન જાણવાની દીક્ષા આપી, તેને સમજવાનું મંગલાચરણ કરાવેલું તે બદલ અહીં તેમની સાભાર નોંધ લઉં છું. આગમપ્રભાકર પ. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે જૈન પ્રતિમાઓને લગતાં પ્રકરણો માટે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેના આધારભૂત ગ્રંથો, ગ્રંથાંતરોમાંથી મળતાં સૂચનો અને તેવી પ્રતિમાઓનાં વૈવિધ્ય માટેની મહત્ત્વપૂર્ણ માહિતી તેમણે પૂરી પાડી હતી. તદુપરાંત આ પ્રકરણો લખાયા બાદ તેને વાંચી-વિચારી કેટલી યે સૂચનાઓ કરી, અમૂલ્ય સહાય આપી છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રી. રસિકલાલભાઈ પરીખ જેઓ વિદ્યાસભામાં સંશોધન વિભાગના મુખ્ય સંચાલક છે, તેમણે આ ગ્રંથ માટે કેટલાંક સૂચનો કરી મને યોગ્ય દોરવણી આપી હોવાથી તેમનો આભાર માનવાનું ભૂલી શકાય તેમ નથી. મારા વિદ્વાન મિત્રો શ્રી ડૉ. ભોગીલાલભાઈ સાંડેસરા, શ્રી કેશવરામભાઈ શાસ્ત્રી અને શ્રી ડૉ. હરિપ્રસાદભાઈ શાસ્ત્રી આ ત્રણે મહાનુભાવોએ આ ગ્રંથ માટે મને અનેકવિધ મદદ કરી છે. કેટલીક પ્રતિમાઓનાં વિધાનો વિચારવામાં, તેનાં પ્રમાણો મેળવી આપવામાં, ઐતિહાસિકતાઓ સૂચવવામાં તેમજ મૂર્તિ-શિલ્પોનાં પ્રતીકો સંબંધી હકીકતો પૂરી પાડવામાં સારી એવી સહાય આપી છે. તે બદલ તેઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

શ્રી. ડૉ. હરિપ્રસાદભાઈએ તો આ ગ્રંથનાં બધાં પ્રકરણો વાંચી વિચારી, તેમાં ઘટતા સુધારાવધારા કરી, તેને બહાર મૂકવા માટે ભારે શ્રમ ઉઠાવ્યો

છે તેમને તો ભૂલી જ કેમ શકાય? તેમણે આ ગ્રંથ પોતાનો માની મને જે અમૂલ્ય સહાય કરી છે તે બદલ તેમનું ઋણ અદા કરવાનું ભૂલી શકતો નથી. આ ગ્રંથ માટે શ્રી. ડૉ. હરિપ્રસાદભાઈ શાસ્ત્રીએ સૂચવ્યા પ્રમાણે તેની પ્રેસ-કૉપી તૈયાર કરવામાં, તેમજ પ્રૂફસંશોધનમાં મારા પુત્ર પ્રાધ્યાપક શ્રી સુરેશચંદ્ર દવેએ મને ખૂબ મદદ કરી છે, તે બદલ તેની નોંધ લેવાનું ભૂલી શકાય તેમ નથી. ગુજરાત વિદ્યાસભાના સહાયક મંત્રી શ્રી જેઠાલાલભાઈએ આ ગ્રંથનાં પ્રૂફો તપાસવામાં, તેમજ તેને અંગે સૂચનો કરવામાં કિંમતી સહાય આપી છે તેથી તેમનો પણ અહીં આભાર માનું છું.

ખરો આભાર તો મારે આ સંસ્થાનો જ માનવાનો છે, જેણે આ પુસ્તકને બહાર મૂકવાની સુંદર વ્યવસ્થા કરી મારા શ્રમને સફળ બનાવ્યો છે. પુસ્તક પ્રકાશન કરતી ધંધાદારી સંસ્થાઓ આવા ગ્રંથો ખાસ કરીને છપાવતી નથી. કારણ આવાં વિદ્વદ્ભોગ્ય પુસ્તકોનો ઉપાડ વિશેષ થતો નહિ હોવાથી તેમને આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવાનું પાલવતું નથી. ગુજરાત વિદ્યાસભા જેવી સંસ્કારવિતરણ કરતી સાહિત્યક સંસ્થાઓ જ આવા શાસ્ત્રીય ગ્રંથો બહાર મૂકી શકે તેમ હોય છે. એટલે મારો આ ગ્રંથ પ્રસિધ્ધ કરી મારા વિચારોને મૂર્ત સ્વરૂપ આપવાનો આ સંસ્થાએ જે પ્રશસ્ય પ્રયત્ન સાધ્યો છે તે બદલ તેનો અંતઃકરણપૂર્વક આભાર માનવાની પવિત્ર ફરજ અદા કરું છું.

અંતમાં આ ગ્રંથને સુંદર રીતે છાપવામાં, તેને યોગ્ય રીતે સજી-સજાવી તૈયાર કરવામાં તેમજ તેમાંનાં ચિત્રોની અદ્વિતીય સજાવટ કરવામાં તેમજ લાંબા સમય સુધી ધીરજપૂર્વક કાર્ય ચાલુ રાખી સંપૂર્ણ બનાવવામાં કુમાર કાર્યાલયના સંચાલક શ્રી બચુભાઈ રાવતે જે અદ્વિતીય સહાય આપી છે તેમનો હાર્દિક આભાર માનવાનું ભૂલી શકાય તેમ નથી. ચિત્રો પસંદ કરી તેને યોગ્ય સ્થાને મૂકવામાં શ્રી. ડૉ. કાંતિલાલ સોમપુરા તથા મનુભાઈ ભટ્ટે જે મદદ કરી છે તે બદલ તેમનો આભાર માનવાનું ભૂલી શકાય તેમ નથી.

ગુજરાતી ભાષામાં મૂર્તિશાસ્ત્ર ઉપર આવો એક પણ ગ્રંથ હજી સુધી બહાર પડચો નથી. આ ગ્રંથના પ્રકાશનથી વત્તે-ઓછે અંશે તે ક્ષતિ દૂર થશે તો મારો શ્રમ સફળ થયો માની આત્મસંતોષ અનુભવીશ.

આવા પુસ્તકમાં ચિત્રો વિના તો ચાલે જ નહિ. પ્રકાશક તથા મુદ્રકને મળી ચિત્રોના બ્લૉકો વિશે વહેલી યોજના કરી શકયો નહિ તેથી પ્રકરણોના લખાણમાં ચિત્રોના નંબર જણાવી શકાયા નથી, પણ ચિત્રોની અનુક્રમણિકામાં તેમજ ચિત્રની નીચે લખાણના પૃષ્ઠના નંબર જણાવ્યા છે. આશા છે કે પ્રતીકો અને મૂર્તિઓનાં જે ચિત્ર આપ્યાં છે તેથી આ પુસ્તકની ઉપયોગિતામાં ઉમેરો થશે.

કનૈયાલાલ ભાઈશંકર દવે

સંવત ૨૦૧૯ પોષ વદ ૫
ઉત્તરાયણ, તા. ૧૪-૧-૧૯૬૩
સાળવીવાડો, પાટણ (ઉ. ગુજરાત)

સાધન-સંદર્ભ

સંસ્કૃત-પ્રાકૃત

૧ अग्निपुराण — આનંદાશ્રમ સીરીઝ
૨ अथर्ववेदसंहिता — પ્રકાશક સ્વાધ્યાયમંડળ-ઔંધ (સતારા)
૩ अपराजितपृच्छा
૪ अभयचरित्र — મુનિચંદ્રકૃત
૫ अभिधानचिंतामणि नाममाला — આચાર્ય હેમચંદ્ર
૬ अभिलषितार्थ चिंतामणि — ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ
૭ अमरकोष — નિર્ણયસાગર પ્રેસ
૮ अश्वलायनगृह्यसूत्र
૯ अहिर्बुध्न्य संहिता
૧૦ अंशुमद्भेदागम
૧૧ आचारदिनकर — કર્તા વર્ધમાનસૂરિ
૧૨ आचारांगसूत्र
૧૩ आचारांगचूर्णि — લક્ષ્મીકલ્લોલકૃત
૧૪ आदित्यहृदय — ભવિષ્યોત્તરપુરાણાંતર્ગત
૧૫ आदित्यपुराण
૧૬ आवश्यकनिर्युक्ति — ભદ્રબાહુ
૧૭ आवश्यकचूर्णि
૧૮ आवश्यकचूर्णिवृत्ति

१९ उत्तरकामिकागम
२० उत्तरपुराण
२१ ऋग्वेदसंहिता સ્વાધ્યાયમંડળ-ઔંધ, સાતવલેકર સંપાદિત
२२ ऐतरेय आरण्यक
२३ ऐतरेय ब्राह्मण
२४ कठोपनिषद् નિર્ણયસાગર પ્રેસ
२५ करणागम
२६ कात्यायनश्रौतसूत्र મનમોહન પાઠક સંપાદિત–સભાષ્ય
२७ कामिकागम
२८ कालोत्तर
२९ काश्यपीय शिल्पशास्त्र આનંદાશ્રમ સીરીઝ
३० कुमारसंभव સંપાદક એમ. આર કાલે
३१ कुमारपाल प्रतिबोध સોમપ્રભસૂરિકૃત ગા. ઓ. સીરીઝ
३२ कुवलयमाला ઉદ્યોતનસૂરિ
३३ कूर्मपुराण વેંકટેશ આવૃત્તિ
३४ कौटिल्यअर्थशास्त्र મહામહોપાધ્યાય ટી. ગણપતિશાસ્ત્રી સંપાદિત
३५ क्रियाक्रमोद्योत
३६ गरुडपुराण નિર્ણયસાગર પ્રેસ
३७ गायत्रीपुरश्चरणपद्धति આનંદાશ્રમ સીરીઝ
३८ गीतगोविंद નિર્ણયસાગર પ્રેસ
३९ गीताभाष्य
४० गौतमधर्मशास्त्र
४१ गौतमीयतंत्र વેંકટેશ પ્રેસ
४२ चतुर्वर्गचिंतामणि

४३ चंडीकल्प
४४ छान्दोग्य उपनिषद् આનંદાશ્રમ સીરીઝ
४५ जीर्णोद्धारदशक
४६ जैनपद्मपुराण દિ. રવિષેણ
४७ ज्ञानार्णवतंत्र
४८ टोडलतंत्र
४९ तत्त्वार्थाधिगमसूत्र શ્રી ઉમાસ્વાતિ આચાર્ય
५० तन्त्रसार બંગાળી આવૃત્તિ
५१ तिलकमंजरी ધનપાલ
५२ तैत्तिरीय आरण्यक આનંદાશ્રમ સંસ્કૃત સીરીઝ
५३ तैत्तिरीय उपनिषद् ,, ,,
५४ तैत्तिरीयसंहिता ,, ,,
५५ त्रिषष्टिशलाकापुरुषचरित्र આચાર્ય હેમચંદ્ર
५६ दीपार्णव वास्तुविद्या સંશોધક–સંપાદક : શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા, પાલિતાણા
५७ देवतामूर्तिप्रकरण કલકત્તા સંસ્કૃત સીરીઝ
५८ देवीभागवत સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
५९ द्व्याश्रयमहाकाव्य આચાર્ય હેમચંદ્ર-બોમ્બે સંસ્કૃત સીરીઝ પ્રકાશન
६० धर्मसिन्धु નિર્ણયસાગર પ્રેસ
६१ धर्मारण्यपुराण સ્કંદપુરાણાંતર્ગત
६२ नारदीयपुराण વેંકટેશ પ્રેસ
६३ नित्यषोडशिकार्णव વેંકટેશ પ્રેસ
६४ निरुक्त આનંદાશ્રમ સીરીઝ

૬૫ निर्णयसिंधु — નિર્ણયસાગર પ્રેસ
૬૬ निर्वाणकलिका — પાદલિપ્તસૂરિ
૬૭ पद्मपुराण — વેંકટેશ પ્રેસ
૬૮ पद्मसंहिता
૬૯ पकृखीसूत्र
૭૦ पंचरात्रप्रदीपिका
૭૧ पंचास्तिकायसार — કુંદકુંદાચાર્ય
૭૨ पाणिनि-अष्टाध्यायी — નિર્ણયસાગર પ્રેસ
૭૩ पाणिनिसूत्र — ,,
૭૪ पातंजलयोगशास्त्र — વાસુદેવ શાસ્ત્રી અભ્યંકર
૭૫ पारस्कर गृह्यसूत्र — ગુજરાતી પ્રેસ પંચભાષ્ય
૭૬ पुरश्चर्यार्णव
૭૭ पूर्वकारणागम
૭૮ प्रतिष्ठासारसंग्रह
૭૯ प्रतिष्ठासारोद्धार — વસુનંદિ
૮૦ प्रबंधचिंतामणि — મેરુતુંગ
૮૧ प्रभावकचरित्र — પ્રભાચંદસૂરિ
૮૨ प्रवचनसारोद्धार — સિદ્ધસેનસૂરિ
૮૩ बृहत्संहिता — વરાહમિહિર
૮૪ ब्रह्मयामलतंत्र
૮૫ ब्रह्मवैवर्तपुराण — પ્રકાશક: જીવાનંદ વિદ્યાસાગર
૮૬ ब्रह्मांडपुराण — વેંકટેશ
૮૭ भगवतीसूत्र — પ્રકાશક: જિનાગમ પ્રકાશક સભા
૮૮ भगवद्गीता — સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

૮૯ भरत नाट्यशास्त्र भाग १–२ — ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ, વડોદરા
૯૦ भविष्यपुराण — વેંકટેશ પ્રેસ
૯૧ मत्स्यपुराण — આનંદાશ્રમ સીરીઝ
૯૨ मनुसंहिता — સંપાદક: હેરંબનાથ ભટ્ટાચાર્ય
૯૩ मनुस्मृति — નિર્ણયસાગર પ્રેસ
૯૪ मयमत
૯૫ महानिर्वाणतंत्र — અનુવાદક: એમ. એન. દત્ત
૯૬ महानिशीथ — હરિભદ્રસૂરિ
૯૭ महाभारत — કુંભકોણમ્ આવૃત્તિ
૯૮ महिम्नःस्तोत्र — ગુજરાતી પ્રેસ
૯૯ मंजुश्रीमूलकल्प — જાયસવાલ. એન. ઇમ્પિરિયલ હિસ્ટરી ઑફ ઇન્ડિયા
૧૦૦ मंत्रमहार्णव
૧૦૧ मंत्रमहोदधि — વેંકટેશ પ્રેસ
૧૦૨ मानसार — પી. કે. આચાર્ય
૧૦૩ मानसोल्लास — ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ
૧૦૪ मार्कंडेयपुराण — વેંકટેશ આવૃત્તિ
૧૦૫ मालतीमाधव (नाटक) — નિર્ણયસાગર પ્રેસ
૧૦૬ मुद्राप्रकाश
૧૦૭ मुद्राराक्षस (नाटक) — ગુજરાતી અનુવાદ સાથે– શ્રી કે. હ. ધ્રુવ
૧૦૮ मृच्छकटिक (नाटक) — નિર્ણયસાગર પ્રેસ
૧૦૯ मेघदूत — નિર્ણયસાગર પ્રેસ
૧૧૦ मेदिनीकोश — મેદિનીકાર

૨૩ શાક્ત સંપ્રદાય — શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા
૨૪ શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ — શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી
૨૫ સિદ્ધાંતસાર — શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી

હિન્દી

१ अल्बेरुनी का भारत — અનુવાદક : સંતહાલ, બી. એ.
२ कल्याण विशेषांको: शिवांक, कृष्णांक, शक्तिअंक व. — કલ્યાણ કાર્યાલય, ગોરખપુર
३ 'गंगा' (मासिक) पुरातत्त्वांक — ગંગા કાર્યાલય, સુલતાનગંઝ
४ नागरी प्रचारिणी पत्रिका (त्रैमासिक) — નાગરી પ્રચારિણી સભા, કાશી
५ बौद्धदर्शन — श्री राहुल सांकृत्यायन
६ भारतीय इतिहास प्रवेश — શ્રી જયચંદ્ર વિદ્યાલંકાર
७ भारतीय मूर्तिकला — શ્રી રાયકૃષ્ણદાસ, નાગરી-પ્રચારિણીસભા, કાશી
८ मोहें जो दडो — નાગરી પ્રચારિણીસભા દ્વારા પ્રકાશન
९ राजपुताने का इतिहास — શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા
१० सिरोही राज्य का इतिहास — ,, ,,

મરાઠી

१ मूर्तिविज्ञान — શ્રી ગણેશ હ. ખરે
२ सह्याद्रि (मासिक)

અંગ્રેજી

1 Amaravati by Burgess
2 Ancient Geographical Dictionary of India by Nandalal De
3 Ancient India as described by Classical Writers
4 Annals of Bhandarkar Oriental Research Institute, Poona
5 Annual Bibliography of Indian Archaeology
6 Annual Reports of Archaeological Department, Baroda
7 Annual Reports of Watson Museum, Rajkot
8 Antiquities of Indian Tibet
9 Archaeological Survey of India, Annual Reports, 1913-14, 1924-25-28, 1935-36.
10 Archaeological Survey of Northen Gujarat by Burgess
11 Archaeology of Gujarat by Dr. Sankalia
12 Arsh Asiatica
13 Asiatic Mythology
14 Bhagawanlal Indraji Commoration Volume
15 Bharatiya Vidya (Journal)
16 Bombay Gazetteer Vol. 1 Part 1 by Campbell
17 Bombay University Journal
18 Brahmanical Gods of Burma
19 Buddhist Iconography by B. Bhattacharya
20 Buddhist India by Rhys David
21 Buddhist Records of the Western World
22 Calcutta Review
23 Cambridge History of India
24 Catalouge of Calcutta Museum
25 Cave Temples of India
26 Chronology of the Solanki Temples of Gujarat —Madhusudan Dhaky
27 Comparative and Critical Studies of Mantra Shastra

~~28 Cultural Heritage of India, Vols. 1-2-3~~
29 Descriptive List and Catalogue of Nagpur Museum
30 Development of Hindu Iconography – J. N. Banerjee
31 Dictionary of Bible by Hastings
32 Dipavamsa Mahavamsa by Jaigeer
33 Dr. Bhandarkar Commoration Volumes
34 Early History of Pali Literature
35 Elements of Hindu Iconography by T. Gopinath Rao Vols. 1-2
36 Encyclopaedia Britanica
37 Encyclopaedia of Religion by Hastings
38 Epigraphica Indica
39 Foreign Notice of South Inscriptions
40 Ganesh by Miss Gaity
41 Guide to Elephanta
42 Hathigufa Inscriptions
43 Heart of Jainism
44 Hindu Pantheon
45 Historical Research by Bird
46 History of Buddhism in India by Taranath
47 History of Fine Arts in India and Ceylon
48 Indian and Iranian Studies
49 Indian Antiquary (Journal)
50 Indian Culture (Journal)
51 Indian Historical Quarterly (Journal)
52 Indian Images by Brindavan Bhattacharya
53 Indian Influence on Old Balinese Art
54 Jain Iconography by Brindavan Bhattacharya
55 Jain Stupa and Other Antiquities by V. R. G. Smith
56 Jatak Kathao by Fossbell
57 Journal of Bengal Royal Asiatic Society

58 Journal of the Bombay Branch, Royal Asiatic Society
59 Journal of the Gujarat Research Society, Vol. 8, No 2–3
60 Lüder's List of Brahmi Inscriptions
61 Mathura Museum Catalogue
62 Memoirs of Archeolological Survey of India
63 Modern Review (Magazine)
64 Nagpur Museum Report
65 Poona Orientalist (Journal)
66 Record of Buddhist Religion by Itsing
67 Religion and Philosophy of Veda by Keith
68 Rock Edicts
64 Sanskrit Buddhist literature from Nepal
70 Sirendia
71 Vaishnavism, Shaivism and Other Minor Religious Systems by Bhandarkar
72 Veda of Black Yajurveda by Keith
73 Vedic Index by MacDonald
74 Vinayapitakas by Elden Burge
75 Vishva karma Shilpa
76 Yuan Chwang's Travels in India by Watters

અનુક્રમ

ખંડ ૩: જૈનમૂર્તિઓ

ચિત્રાનુક્રમણિકા

ઋણસ્વીકાર

શ્રી અ. સ. ગદ્રે: ચિત્ર નં. ૩૬ માટે
ડૉ. ઉ. પ્રે. શાહ, વડોદરા: ચિત્ર નં. ૨૦, ૨૩, ૩૨, ૩૫, ૪૭, ૪૯, ૫૧, ૫૫ માટે
ડૉ. કા. ફૂ. સોમપુરા, અમદાવાદ: ચિત્ર નં. ૩૦ માટે
કુમાર કાર્યાલય, અમદાવાદ: ચિત્ર નં. ૧અ, ૨, ૩અ, ૪, ૫, ૧૪, ૧૪અ, ૧૪ઇ, ૧૬, ૧૬આ, ૨૫, ૨૮, ૩૫, ૫૦, ૫૪ માટે
ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ: ચિત્ર નં. ૧૫, ૨૦, ૨૩, ૩૨, ૩૩, ૪૭ માટે
શ્રી ડિરેક્ટર જનરલ ઑફ આર્કિઑલૉજી, ન્યૂ દિલ્હી: ચિત્ર નં. ૬અ, ૮અ, ૮આ, ૧૧ઈ, ૧૨, ૧૪. ૧૫, ૧૮, ૨૨, ૨૭, ૩૩, ૩૪, ૫૭ માટે
શ્રી નિરંજન અખાડા, નીલકંઠ મહાદેવ, અમદાવાદ: ચિત્ર નં. ૧૧ માટે
પ્રો. પનુભાઈ ભટ્ટ, અમદાવાદ: ચિત્ર નં. ૯, ૧૦, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬ માટે
પુરાતત્ત્વ ખાતું, ઈડર રાજ્ય (વિલીન): ચિત્ર નં. ૨૪ માટે
પુરાતત્ત્વ ખાતું, વડોદરા રાજ્ય (વિલીન): ચિત્ર નં. ૩૭ માટે
શ્રી. પ્રહ્લાદભાઈ પી. ખમાર (પાટણ): ચિત્ર નં. ૩૮ માટે
બરોડા મ્યૂઝિયમ, વડોદરા: ચિત્ર નં. ૧૬અ, ૨૩ માટે
મ. સ. યુનિવર્સિટી, વડોદરા: ચિત્ર નં. ૧૬અ, ૫૬, ૫૭ માટે
ડૉ. મંજુલાલ ર. મજમુદાર, વડોદરા: ચિત્ર નં. ૧૩, ૨૬ માટે
ડૉ. ર. ના. મહેતા વડોદરા: ચિત્ર નં. ૨૧, ૨૯ માટે
શ્રી સારાભાઈ મ. નવાબ, અમદાવાદ: ચિત્ર નં. ૫૨, ૫૩ માટે
શ્રી શેઠ કલ્યાણજી પરમાનંદની પેઢી, શિરોહી: ચિત્ર નં. ૧૭, ૪૮ માટે

ચિત્ર નં. ૧૧આ, ૧૧ઇ, ૧૯ લેખકનાં છે.

સુધારા-વધારા

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
પુરો. ૨૭		૨૫	મનુભાઈ	પનુભાઈ
૧	૧		Kith's ved	Keith's Veda
૨	–	૪	બોધાયન	બૌધાયન
,,	૪	–	સાંખ્યાયન ગૃહ્યસૂત્ર	શાંખાયન ગૃહ્યસૂત્ર
૫	–	૧	કલાકૃત	કલાકૃતિ
૧૦	–	૯	પુત્ર	પૌત્ર
૧૨		૧૪	વૃક્ષિકા	યક્ષિકા
,,		૧૬	ગોમુત્રિકા	ગોમૂત્રિકા
૨૮	–	૧૫	મૂતિસદશ	મૂર્તિસદશ
૩૧	૨		यत्रं	यंत्रं
૩૨	–	૬	જનસંપ્રદાય	જૈનસંપ્રદાય
૩૭	૧૦	–	Gazeteer	Gazetteer
૩૮	૧૩		साह्यदायका :	सौख्यदायका :
૩૯	૧૭		बलिदत्वा	बलिं दत्वा
૪૭	૩૧		मूतिप्रकरण	मूर्तिप्रकरण
૪૮	–	૧૩	ગ્રથકારોના	ગ્રંથકારોના
૪૯	૩૭		बृहत् ता.	बृहत्संहिता
૫૧	–	૯	માનસારમાંનો	માનસારમાં તો
૫૩	–	૧	ખંડ બીજો	ખંડ પહેલો
૫૮	૯		रोदनंतद् देवतु	रोदनं तद्द्देवतु
૬૦	–	૨૦	બધુક	બંધુક
૬૩	–	૨	ગોવર્ધનધરણ	ગોવર્ધનધરણ અને
૬૮	૭		पुष्पप च	पुष्पपट्टं च
૬૯	૧૨		पाथिव	पार्थिव.

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૦	–	૨૦	કલાવિધાનમાં ય	કલાવિધાનમાં પણ
૭૭	૩૨		रशना	रशना
૮૦	૩૬		मनेन	अनेन
૮૨	–	૧		તેનો આગળનો ભાગ લંબ-ગોળ હંસમુખ જેવો અર્થાત્ ચમચા જેવો હોય તો તેને સ્રવ કહે છે.
૮૩	૩૯		सौमं	क्षौमं
,,	–	,,	कालिकस्य	कालिकाया :
૮૭	–	૧૬	ઊંચો	નીચો
૮૮	–	૧૪-૧૬	જિનમુદ્રા	ચિન્મુદ્રા
,,		૧૬	થાય છે.	થાય છે, તેમાં હથેળી શ્રોતા તરફ હોય છે
,,	–	૧૬-૧૭	આ મુદ્રાને જ્ઞાનમુદ્રા પણ કહેવામાં આવે છે.	જો તેમાં હથેળી છાતી તરફ હોય, તો તેને જ્ઞાન-મુદ્રા કહેવામાં આવે છે.
૯૦	૪૧		द्विशिण	दक्षिण
૯૧	–	૫	અવર	અપર
૯૫	૫૫		विदम्घवेशा	विदग्धवेशा
૯૮	૬૭		दुदर्श	दुर्दर्श
,,	–	૭૦	घैर्यं	धैर्य
૯૯	૭૬		सर्वंपु	सर्वेषु
૧૦૪	–	૪	પ્રાચીન	પ્રાચીન છે
૧૦૫	–	૨૫	મીલીન્દ	મિલિન્દ
૧૦૬	–	૯	શાન	શાણા
૧૦૬	૩	–	शिलाहो	शिलाह्वो

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૦૭		૩	દીવીરપતિ	દિવિરપતિ
,,		૭	વલભિ	વલભી
૧૦૮	–	૬	દંતીવર્મ	દંતિદુર્ગ
૧૧૧	–	૨૧	તીર્થંકરો	તીર્થંકરોની
૧૧૫	–	૨૫	શ્રાવણે	શ્રમણે
૧૧૯	–	૨	પુરાણોમાંથી	પુરાણોમાં
૧૨૦	–	૨૨	ગુપ્તા	ગુપ્તો
૧૨૯	–	૩	સ્થાપત્ય પ્રત્યનો	સ્થાપત્ય પ્રત્યેનો
૧૪૨	–	૨૦	દેલપાલ	દેલમાલ
૧૪૫	–	૨૧	કામારી	કૌમારી
૧૫૨	–	૧૫		અમદાવાદના વિક્ટોરીઆ બાગ પાસે પંચનાથ મહા-દેવના કંપાઉન્ડમાં આવી જ બેઠી પ્રતિમા છે, જેમાં ચોથા હાથમાં અક્ષમાલા વિશેષ જણાવી છે. (જુઓ ચિત્ર નં. ૯.)
૧૫૮	–	૧૨	વસિનગર	વિસનગર
૧૯૦	–	૨	હીરાભાગોળે બે	હીરાભાગોળે
૧૯૧	–	૧૪ ઈડરથી		ડુંગરપુરથી
૨૧૨	–	૧૭	હિંદુ	હિંદુ
૨૧૩	–	૫	મુદ્ર	મુદ્રા
૨૨૦	–	૭	બધેરા	બધેરા
૨૨૨	–	૩	જમણા ભુજંગે	જમણા હાથ ઉપર ભુજંગ
૨૨૫	–	૧૩	હાથ ધરાવ્યા છે.	હાથ બતાવ્યા છે.

૨૩૧	–	૧૭		આવી જ પ્રતિમા પાટણ-નાં મહાલક્ષ્મીની પાસે મહાદેવના મદિરમાં છે. (જુઓ ચિત્ર નં. ૧૧આ.)
૨૪૪	–	૪	ements	Elements
૨૪૮	–	૧૦	ધુમલીમાં	ધુસડીમાં
૨૪૮	–	૧૦	વિરમેશ્વર	વીરમેશ્વર
,,	–	૧૮	અચલ	ચલ
૨૪૯	–	૧૩	દિવ્ય, સ્વયંભુવ	સ્વાયંભુવ
૨૫૦	–	૨૧	નવ્વાણું	એકાણું
,,	–	૨૩	સહસ્ર	સહસ્ત્ર
૨૫૧	–	૧૯	સદ્યોજત	સદ્યોજાત
૨૬૧	–	૬	અને ગ્રંથોમાં	અને વિવિધ ગ્રંથોમાં
૨૬૪	–	૧૬		આવી એક પ્રતિમા ૮મી સદીની શામળાજીના એક મંદિરમાં છે, જેને બે હાથ છે. એકમાં ત્રિશૂળ છે અને બીજો કેડે મૂકેલ છે. (જુઓ ચિત્ર નં. ૧૬અ.)
૨૭૩	–	૧	ધારાપુરી	ઘારાપુરી
,,	–	૧૦	કામિકામલ	કામિકાગમ
૨૭૫	–	૭	માડેઉયઋષિ	માર્કંડેય ઋષિ
૨૭૯	–	૧૨	બાદશાહી	ગાયકવાડી
૨૮૯	–	૧૦	સમભંગ હોવાનું	સમભંગ પ્રતિમા હોવાનું
૨૯૦	–	૧૭	ધારાપુરી	ઘારાપુરી
૨૯૧	–	૧૧	મનોજન્મની	મનોમ્ની
,,	–	૨૦	બ્રહ્માની	અનંત બ્રહ્મની પ્રતિમા
૨૯૨	–	૧	શિવનું સ્વરૂપ સૂચવે છે.	શિવનું સ્વરૂપ હોવાનું શ્રી. ૨. ધ શાનીએ સૂચવ્યું છે

૨૯૮	–	૧૮	—	શામળાજીની પ્રતિમા તેવી છે
૩૦૦	–	૨૩		આને મહાસદાસિવની પ્રતિમા તરીકે ઓળખ-વામાં આવે છે. (જુઓ ચિત્ર નં. ૧૬આ.)
૩૦૨	–	૨૪	રૂદ્રાનું	રૂદ્રોનું
૩૦૩	૧૧૧	–	વાયયાય	વાયવીય
૩૦૪	૧૧૩		શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી	શ્રી. ગિરજાશંકર આચાર્ય
,,	,,		શિલાલેખો	લેખો
૩૦૫	–	૧૬	અધૂર્ણાથી	અઘૂર્ણાથી
૩૧૦	–	૭	અંશુમદ્ સુપ્રભેદાગમ	સુપ્રભેદાગમ
૩૨૦	–	૧૬	અનેક ગ્રંથમાં	અનેક ગ્રંથોમાં
૩૨૧	–	૧૮	આગળ સાહિત્ય	આગમ સાહિત્ય
૩૨૨	–	૧૬	મેધ	અશ્વમેધ
,,	૩	–	મોહેંજોડરો	મોહેંજોદડો
૩૨૪	–	૬	અજાયા	અભયા
૩૨૫	–	૧૫	વિધ્યવાસિની	વિંધ્યવાસિની
૩૨૬	–	૬	સિહ	સિંહ
,,	–	૧૨	વર્ગદુર્ગા	વનદુર્ગા
,,	–	૧૨	વિધ્યવાસિની	વિંધ્યવાસિની
,,	–	૨૨	,,	,,
,,	–	૭	વિધ્યેશ્વરી	વિંધ્યેશ્વરી
,,	–	૮	વિધ્યવાસિની	વિંધ્યવાસિની
,,	–	૧૨	વર્ધમાન	વર્મલાત
,,	–	૧૬	ઘટા	ઘંટા

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૨૮	–	૧૯	સિહ	સિંહ
૩૨૯	–	૨૦	ઝધા	ઝંધા
,,	–	૨૧	—	તેમજ ધોળકામાંથી. આ પ્રતિમા સં. ૧૬૧૪ની છે. તેના જમણા ત્રણ હાથમાં ખડ્ગ, ચક્ર અને ત્રિશૂળ, તથા ડાબા ત્રણમાં વરદ, ઘંટા અને મસ્તક છે. (જુઓ ચિત્ર નં. ૪૦.)
૩૩૬	–	૧૭	બે હાથ તેમાં કમળ	ચાર હાથ, તે પૈકી ઉપલા બેમાં કમળ અને નીચેના બેમાં વરદ અને અક્ષમાલા છે. (જુઓ ચિત્ર નં. ૨૯.)
૩૩૯	–	૫	કારણુગમ	કારણાગમ
૩૪૧	–	૯	વિષ્ણુ	વ્યાપ્ત
૩૪૨	૫૭	–	શિલ્પરત્નાકર	શિલ્પરત્ન
૩૪૮	–	૨	રિસર્ચ હિસ્ટોરિકલ	હિસ્ટોરિકલ રીસર્ચ
૩૫૦	–	૧	હિંગુલાનું	સર્વમંગલાનું
૩૫૧	–	૨	સમરાંગણ સૂત્રકારે	સમરાંગણસૂત્રધારે
૩૫૩	–	૨૧	સિંહીનો	નારસિંહીનો
૩૫૫	–	૧૫	ધીવટા	ચીવટા
૩૫૭	–	૨૩	પણ નથી	પણ થયો નથી
૩૫૮	–	૨૪	—	તેમજ કારવણમાંથી આવી પ્રતિમા મળી છે.
૩૬૧	–	૧૮	વરાહની	વારાહીની
૩૬૮	–	૧૪	લીલમા	લીલયા

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૭૨	–	૧	અ મૂર્તિઓ	આ મૂર્તિઓ
૩૭૬	૧	–	અ. ૪૦ થી ૬૬	અ. ૧૫ થી. ૩૨
૩૮૯	–	૪	એશ	અંશ
૩૯૪	–	૨૫	મૂકી હંતા	મૂકી હતી
૪૦૦	–	૧૭	સ્વત્ર	સ્વતંત્ર
૪૦૧	–	૭	મતમાંથી	મનમાંથી
૪૦૨	–	૮	ચાર	ચાર હાથ
,,	–	૮	વણુ	વર્ણું
૪૦૩	–	૧૫	વર્ણન અશકય	વર્ણન આપવું અશકય
૪૦૫	–	૨૦	દધીચી	દધીચિ
૪૧૨		૧૦	નિઋતી	નિર્ઋતિ
૪૧૨	–	૭	,,	,,
,,	–	૧૪	આકાશ	નવમું આકાશ
,,	–	,,	જેના	જેના દેવો
,,		૧૫	અનંત દેવો	અનંત
૪૧૩	–	૬	કૃષ્ણે માનમર્દન કર્યું	કૃષ્ણે તેનું માનમર્દન કર્યું
૪૨૩	–	૯	નિમ્બોચની	નિમ્લોચની
૪૨૭	–	૮	નિર્માણ કલિકા	નિર્વાણકલિકા
૪૩૨	–	૪	એને	અને
,,	–	૧૨	દુર્ગ્ધેશ્વર તાલુકાના.	દુગ્ધેશ્વર તથા સિદ્ધપુર તાલુકાના
૪૩૩	–	૨૭		આબુમાં વિમલવસહી પાસે ચૌમુખજીનું મંદિર જે સલાટના દહેરા તરીકે ઓળખાય છે તેના મંડો-વરમાં દિક્પાલોની, પત્ની-

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
				ઓ સાથેની, સુંદર મૂર્તિઓ કંડારેલી છે. (જુઓ ચિત્ર નં. ૩૯ થી ૪૬.)
૪૩૭	–	૧	બાદ્ધ	બૌદ્ધ
૪૩૯	–	૩	ખારવેલના આધારે	ખારવેલના શિલાલેખના આધારે
૪૪૦	–	૨૭	સિદ્ધાંબિકા	સિદ્ધાયિકા
૪૪૨	–	૩	ગારિ	ગૌરી
૪૪૨	–	૭	વીરુપાક્ષી	વિરૂપાક્ષી
,,	–	૧૨	પજ્ઞપ્તી	પ્રજ્ઞપ્તિ
,,	–	૧૯	વાયા	વામા
૪૪૩	–	૧	જનધર્મ	જૈનધર્મ
૪૪૪	–	૨૪	અમીત	અમિત
૪૪૫	–	૩	અહીકાય	અહિકાય
,,	૩	–	બીનતોષ	બિનયતોષ
૪૪૬	–	૧૫	જૈન ધર્મશાળાઓ	જૈન ધર્મશાસ્ત્રો
૪૪૭	–	૯	લોમ	લોચ
૪૫૩	–	૯	પિંડારપુરા	પિંડારપુરા
૪૫૫	–	૧૧	શાસનવી	શાસનદેવી
૪૬૧	–	૧૪	છીયાવસહિ	છીપાવસહી
૪૬૯	–	૧૫	મણીભદ્ર	મણિભદ્ર
૪૭૫	–	૨૦	તાપસતત્ત્વની	તામસતત્ત્વની
૪૮૧	–	૧૦	બ્રહ્મયક્ષ	બ્રહ્મા યક્ષ
૪૮૭	–	૧૨	પ. પૂ. શ્રી.	પ. પૂ. સ્વ. શ્રી.
૪૮૮	–	૨૦	અમરનાથ	અરનાથ
૪૯૩	–	૨૦	પાશ્વનાથ	પાર્શ્વનાથ
૫૦૧	–	૧૪	પ્રજ્ઞમી	પ્રજ્ઞપ્તિ
૫૦૩	–	૬	વજ્ર	વજ્ર

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૦૯	–	૧૭	શપરિક	શર્પારિક
૫૧૦	–	૨૩	શતાબ્દિમાં	શતાબ્દીમાં
૫૧૧	–	૧૫	સારાષ્ટ્રમાં	સૌરાષ્ટ્રમાં
૫૧૬	–	૧૪	સર્વ	શર્વ
૫૨૧	–	૧૯	બોધિસત્વના ધ્યાની	ધ્યાની
,,	–	૨૦	અવલોકિતેશ્વરથી	અવલોકિતેશ્વર
,,	–	૨૨	એક	એ
૫૨૩	–	૧૩	ઉપાસના તંત્રા	ઉપાસના તંત્રો
૫૨૫	–	૧૭	બાદ્ધ	બૌદ્ધ
૫૨૯		૫	પદ્મપાણી	પદ્મપાણિ
૫૩૬		૯	કેશીનીપૂદન	કેશિનિષૂદન
૫૩૯		૧	વલભિપુરના	વલભીપુરના
૫૩૯		૧૧	કલાશિલ્ત	કલાશિલ્પ
,,		,,	વીરલ	વિરલ
૫૪૦		૮	ભાવભંગીમા મુક્ત	ભાવભંગીયુક્ત
૫૪૫		૧૦	ખંઢેરણુ	ખંડેરણુ
૫૪૯		૨	ચિન્તામણી	ચિન્તામણિ
૫૫૦		૧૧	આવ્યા બાધાયો	અવ્યાબાધાઓ
૫૫૧		૧૧	ચૂણી	ચૂર્ણિ
૫૫૬		૪	ગણેશ હરિ ખેર	ગણેશ હરિ ખરે
૫૫૭		૧૩	ગુલીક	ગુલિક
,,		૧૪	ગૌરિ	ગૌરી
,,		૧૬	ગૌરિ	ગૌરી
,,		૨૬	ગોમુત્રિકા	ગોમૂત્રિકા
૫૫૮		૯	ચિરચ્છક્તિ	ચિરચ્છક્તિ
૫૫૯		૨૦	ટાંક	ટંક

પૃષ્ઠ	ટીપ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૬૧	–	૧	દધિચી	દધીચિ
		૧૨	દંતીદૂર્ગ	દંતિદુર્ગ
		૧૭	ત્રિષષ્ટિશલાકા	ત્રિષષ્ટિશલાકા–
			પુરુષચરિત્	પુરુષચરિત
			દીવીર પતિ	દિવિરપતિ
			દુરીતારા	દુરિતારી
૫૬૨	–	૧	ઇશતેન્દ્ર	ઈશાનેન્દ્ર
		૭	૪૪	૪૪૪
		૧૩	દેવર્ધિક્ષમા શ્રમણ	દેવર્ધિગણી ક્ષમાશ્રમણ
		૧૭	પુન્ય	પુન્ય
		૧૮	પ્ર ંજન	પ્રભંજન
		૨૫	અમીતગતીન્દ્ર	અમિતગતીન્દ્ર
		૨૬	અહીકાય	અહિકાય
૫૬૩	–	૩	દ્વીહીરક	દ્વિહીરક
		૭	વિદ્યાતીન્દ્ર	વિધાત્રીન્દ્ર
		૮	વિશલ	વિશાલ
		૧૪	સંપાન	સંમાન
૫૬૪	–	૧૯	નિઋતિ	નિર્ઋતિ
			નિર્ગ્રંથ	નિર્ગ્રન્થ
		૨૩	નિમ્લોચા	નિમ્લોચની
૫૭૪		૧૩	છિન્નમુદ્રા	ચિન્મુદ્રા
૫૭૬		૭	યજ્ઞવારાહ	યજ્ઞવરાહ
૫૭૬		૧૮	(જનમાના)	(જિનમાતા)
૫૮૪		૨૭	શેનવા	શેતવા
૫૮૫		૧૫	સત્રાજીત	સત્રાજિત
૫૮૯		૧૯	હોવેલ	હેવેલ

ખંડ ૧

મૂર્તિશાસ્ત્ર

શ્રૌત અને ગૃહ્યસૂત્રોમાં તો પ્રતિમાવિધાન અને પૂજન માટે અપ્રતિમ સાહિત્ય સંગ્રહાયું છે. તેમાંથી ઉપલબ્ધ થતા મૂર્તિઓ અને મંદિરો માટેના પુરાવાઓ સૂત્રકાળમાં મૂર્તિપૂજાનો પ્રચાર વધુ ફેલાયો હોવાની પ્રતીતિ આપે છે.[૪] બોધાયનગૃહ્યસૂત્રમાં જુદાજુદા દેવોની પ્રતિષ્ઠા અને પૂજનઅર્ચનોનાં વિધાનો વિસ્તારપૂર્વક આપ્યાં છે. આ ઉપરાંત વિષ્ણુ, મહાપુરુષ, ગણેશ, વિનાયક વગેરેની મૂર્તિકલા માટેની સપ્રમાણ માહિતી પણ તેમાં રજૂ કરી છે.[૫] સ્મૃતિઓ અને ધર્મશાસ્ત્રોમાં પણ દેવપૂજાનો ઉલ્લેખ આવે છે.

પતંજલિના મહાભાષ્યમાંથી મૂર્તિપૂજા અને પ્રતિમાવિધાનને મદદ કરતા કેટલાક ઐતિહાસિક પુરાવાઓ સાંપડે છે. જેમાં વાસુદેવ, શિવ, સ્કંદ, આદિત્ય, વિષ્ણુ વગેરે દેવોનાં અર્ચનનો આદેશ છે.[૬] કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં તો નગરના મધ્ય ભાગે અપરાજિત, અપ્રતિહત, જયંત, વૈજયંત, શિવ, વૈશ્રવણ, અશ્વિન વગેરે દેવોની સ્થાપના કરવાનું જણાવ્યું છે. તેવી જ રીતે શહેરની વિદિશાઓમાં વાસ્તુ અને મુખ્ય દ્વારો ઉપર બ્રહ્મા, ઇંદ્ર, યમ, સેનાની (સ્કંદ) વગેરે દેવોની પ્રતિષ્ઠા કરવાની નોંધો છે.[૭] આમ કૌટિલ્ય અર્થશાસ્ત્રથી આગળ, ઠેઠ વૈદિક સાહિત્ય સુધીના મૂર્તિને લગતા ઉલ્લેખો વિચારતાં, મૂર્તિપૂજા અને

---

૪ જુઓ સાંખ્યાયનગૃહ્યસૂત્ર

૫ બોધાયનગૃહ્યસૂત્ર પા. ૨૩૮,૨૪૩,૨૪૭,૨૬૧

૬ शिवः स्कंद विशाख इति। किंकरणम्॥ मौर्यैर्हिरण्यार्थिभिरर्चाः प्रकल्पिताः भवेत्तासुनस्यात्। यास्त्वेताः संप्रति पूजार्थास्तास्तु भविष्यति॥ पतंजलिकृत व्याकरणमहाभाष्य, वॉ. २ पा. ४२९

૭ अपराजिता प्रतिहत जयन्त वैजयन्त कोष्टकान् शिववैश्रवणाश्वि श्रीमदीरागृहं च पुर मध्ये कारयेत्। कोष्टकालयेषु यथोद्देशं वास्तु देवताः स्थापयेत्। ब्राह्मैंद्रयाम्य सेनापत्यानि द्वाराणि बहिः परिमायाः धनुराशता वकष्टा चैत्य पुण्यस्थान वन सेतुबन्धाः कार्याः यथा दिशंच दिग्देवताः॥ कौटिल्य અર્થશાસ્ત્ર શામ શાસ્ત્રી દ્વારા પ્રકાશિત.

મૂર્તિવિધાન વેદકાળ જેટલું પ્રાચીન હોવાનું સમજાય છે. આ સિવાય પુરાણો, ઉપપુરાણો અને મહાકાવ્યોમાં ડગલે અને પગલે મૂર્તિપૂજાની નોંધો છે.

(૨) પ્રાચીન મૂર્તિશિલ્પો

વાઙ્મયિક પુરાવાઓના મુકાબલે, ભારતમાંથી તેટલી પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થતી નથી. મોહેં-જો-દડોના ખનન કાર્યમાંથી, અતિ પ્રાચીનકાળની એટલે આશરે ચારપાંચ હજાર વર્ષો ઉપરની મૂર્તિઓ અને શિવલિંગો મળી આવ્યાં છે.

પ્રાચીન રાજકુલોમાં દેવકુલ બનાવવાની પ્રથા ઈ. સ. પૂર્વે પ્રચલિત હતી. તેમાં સ્વર્ગીય રાજાઓની પ્રતિકૃતિઓ રાખવામાં આવતી હતી. મહોત્સવો અને સારા પ્રસંગોએ રાજાઓ તથા રાજમહિષીઓ, પોતાના પરિવાર સહ ત્યાં જઈ પૂર્વજોનું વંદન, પૂજન કરતાં હતાં. કવિ ભાસકૃત 'પ્રતિમા' નાટકમાંથી આ સંબંધી ઉલ્લેખ મળી આવે છે. શિશુનાગવંશીય રાજા અજાતશત્રુ, અજઉદાયિ, અને નંદીવર્ધનની મોટી પ્રતિમાઓ મળી આવી છે, જે ભારતીય મૂર્તિસાહિત્યમાં અતિ પ્રાચીન મનાય છે.

ખારવેલના શિલાલેખમાં નંદની જૈન પ્રતિમા લાવ્યાનો ઉલ્લેખ છે. ચંદ્રગુપ્તના દરબારમાં રહેતો રાજદૂત મેગેસ્થનીસ પોતાની નોંધપોથીમાં લખે છે કે, "ચંદ્રગુપ્તના રાજમહેલમાં ખૂબ નકશી કરવામાં આવી હતી, અને તે મોટાં મોટાં દેવાલયો બંધાવી મૂર્તિઓ સ્થાપન કરતો હતો." પરંતુ તત્કાલીન કોઈ મૂર્તિ હજુ સુધી મળી આવી નથી. અશોક કાળની કેટલીક જૈન પ્રતિમાઓ હાલ પટનામાં છે. ગર્ગસંહિતામાં નોંધ્યું છે કે, મૌર્યોએ પોતાનાં પૂજન અર્ચન માટે અનેક સ્થાનો બંધાવ્યાં હતાં, પણ તેમાંથી એકેય મંદિર કે મૂર્તિ તત્કાલીન શિલ્પકલાને રજૂ કરતી મળી આવી નથી. મથુરા, અહિચ્છત્ર (રામનગર –જિલ્લે બરેલી), કૌશાંબી, ભસોન અને પટના વગેરે શહેરોમાંથી કેટલીક

પ્રકરણ ૧ લું

ભારતમાં મૂર્તિપૂજાની પ્રાચીનતા

ભારતમાં મૂર્તિવિધાનની પરંપરા અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી છે. ભારતીય મૂર્તિપૂજાની ઐતિહાસિકતા બે રીતે તપાસી શકાય તેમ છે: એક વાઙ્મયિક અને બીજો પુરાતત્ત્વીય.

(૧) વાઙ્મયિક ઉલ્લેખો

વેદ એ ભારતનો સહુથી જૂનો ગ્રંથ છે. ઋગ્વેદમાંથી એવા કેટલાક ઉલ્લેખો મળે છે, જેમાં જુદાજુદા દેવતાઓનાં વર્ણનો આપવામાં આવ્યાં છે. આ વર્ણનોમાં જે તે દેવતાઓની મૂર્તિમંત કલ્પના રજૂ કરતાં, તેઓનાં વર્ણ, આયુધો, વસ્ત્રો, આભૂષણો અને વાહનોના ઉલ્લેખો આપવામાં આવ્યા છે.

શુક્લયજુર્વેદની વાજસનેયિ સંહિતામાંથી પણ, મૂર્તિવિધાન અને મૂર્તિપૂજાને અનુષંગિ કેટલાક ઉલ્લેખો સાંપડે છે. કૃષ્ણયજુર્વેદની તૈત્તિરિય સંહિતામાં યજ્ઞયાગાદિ પ્રસંગે સુવર્ણપ્રતિમા સ્થાપન કરવાનું સૂચવ્યું છે.[૧] આ ઉપરાંત દેવાલયોમાં સ્થાપન કરાતી મૂર્તિઓ સંબંધે પણ કેટલાક ઉલ્લેખો તેમાંથી જોવા મળે છે.[૨] આ કાળમાં દેવતાઓની મૂર્તિમંત કલ્પના કરવામાં આવતી હોવાનાં સ્પષ્ટ સૂચનો મળે છે. દેવાલયો બંધાવવાનાં કેટલાંક પ્રમાણો, અથર્વવેદમાંથી પ્રાપ્ત થાય છે.[૩]

---

૧ Kith's ved of the black yajur school vol. II P. 411

૨ एतद्वै देवानामायतनं स्वएवायतनं देवता: परि...इनावा उपस्तीर्णमिच्छन्ति किमु देवा एवां नवावसानमुपास्मिन्द्रीयसमाणे देवता वसन्ति ॥ तैत्तिरिय संहिता ॥

૩ અથર્વવેદ સંહિતા ૨-૪૦

મૂર્તિઓ મળી આવી છે, તે પૈકી કેટલીક માટીની પકવેલી પ્રતિમાઓ પણ છે. કેટલાક વિદ્વાનો મૌર્યકાળની લગભગ તેનો સર્જનકાલ માને છે.

શુંગકાળમાં ગ્રીક વૈષ્ણવ હેલિયોડોરે, ઈ. સ. પૂર્વે ૧૪૪માં બેસનગરની અંદર, વાસુદેવપૂજા માટે એક ગરુડસ્તંભ બનાવ્યો હતો. જેનો કેટલોક અંશ આજે પણ વિદ્યમાન છે. આંધ્રોએ ખોદાવેલ ભાજાની ગુફામાં કોતરેલી સૂર્ય અને ઇંદ્રની ભવ્ય પ્રતિમાઓ આ સમયની જ છે. લખનૌની લિંગોદ્ભવ મૂર્તિ માટે પણ વિદ્વાનો આ કાળ સૂચવે છે. ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓનું સર્જન આ સમયનું છે. તેમાં રાણીગુફાની અંદર કેટલીક જૈન મૂર્તિઓ કોતરવામાં આવી છે. આ સિવાય ખારવેલના લેખવાળી હાથી ગુફામાં પણ કેટલીક જૈન પ્રતિમાઓ છે. ખારવેલના શિલાલેખમાં તો મૂર્તિ માટે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટૂંકમાં જૈનમૂર્તિકલા માટેનો પણ આ ઉત્કર્ષકાળ હતો.

શુંગકાળનું ભીટાનું શિવલિંગ આજે પણ વિદ્યમાન છે. તેવું જ દક્ષિણમાં ગુડીમલ્લમનું મોટું શિવલિંગ છે, જેમાં શિવની પાંચ ફૂટ લાંબી પ્રતિમા કોતરેલી છે. આ કાળની બીજી એક શિવમૂર્તિ રામનગરમાં છે. આ સિવાય ગણેશ, સ્કંદ, શક્તિ વગેરેની પ્રતિમાઓ શુંગકાળમાં બનતી હતી એમ પ્રાપ્ત થતાં અનેક મૂર્તિશિલ્પો ઉપરથી જણાય છે.

ભારશિવ કાળની મૂર્તિઓ અને શિવલિંગો નાગોદરાજ્યનાં જંગલો-માંથી મળે છે. પરખમની પહાડી ઉપર આવેલ ભૂમરામાં કેટલાંક મંદિરો છે, જેમાં શિવ, વિષ્ણુ, અને દેવોની પ્રતિમાઓ જુદાંજુદાં લક્ષણોવાળી મૂકવામાં આવી છે. તદ્ ઉપરાંત તેમાં ગંગા-યમુનાની પ્રતિમાઓ તથા શિવલિંગો પણ છે. ભારશિવોની માફક વાકાટકો પણ શૈવ હતા, જેમના સમયનાં કેટલાંક મંદિરો તથા શિવલિંગો મળ્યાં છે. આ કાળની ખાસ વિશિષ્ટતા એકમુખ, અને ચૌમુખ શિવલિંગનો પ્રચાર ખાસ ધ્યાન ખેંચે છે. ભૂમરાથી ૧૬ માઈલ દૂર નચનામાંથી આ

કાળની ઉત્કૃષ્ટ કલાકૃત જેવું એક ચતુર્મુખ શિવલિંગ મળી આવ્યું છે. તેવું જ બીજું એકમુખ લિંગ ભૂમરાથી પાંચ માઈલ દૂર ખોહ ગામમાં છે. આ પ્રતિમાઓ એટલી સુંદર છે કે નાગવાકાટક તો શું પણ ગુપ્ત-કાલીન પ્રતિમાઓમાં પણ તે સર્વશ્રેષ્ઠ કલાકૃતિઓ હોવાનું સૂચવે છે. વૈષ્ણવ મંદિરો અને મૂર્તિઓ માટે જેટલું મહત્ત્વ ગુપ્તકાલ ધરાવે છે, તેટલું અને તેવું જ મહત્ત્વ શિવલિંગો અને શૈવ સંપ્રદાયના પ્રચાર માટે નાગવાકાટકોનું મનાય છે. ભારતમાં થઈ ગએલ અત્યાર સુધીના બીજા બધા રાજવંશો કરતાં, ગુપ્તકાળની વધુ પ્રતિમાઓ મળે છે, જે પૈકી કેટલીક ઉત્કૃષ્ટ પ્રતિમાઓની નોંધ અત્રે આપવી આવશ્યક છે. સાર-નાથની બુદ્ધ પ્રતિમા પદ્માસન વાળી બેઠી, ધર્મચક્ર પ્રવર્તન કરતી હોવાનું મુદ્રા દ્વારા વ્યક્ત કરે છે. જ્યારે શાંત મુખમંડળવાળી મથુરાની ઊભી બુદ્ધ પ્રતિમા કલાની દૃષ્ટિએ સુંદર અને સુરેખ છે. બ્રાહ્મણ ધર્મની પ્રતિમાઓમાં ઉદયગિરિ ઉપર ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે બંધાવેલ મંદિર બહારની ભવ્ય વારાહ પ્રતિમા એક અભિનવ કલાકૃતિ છે. તેવી જ બીજી અદ્વિતીય મૂર્તિ ગોવર્ધનધારી કૃષ્ણની બનારસ પાસેના એક ટેકરામાંથી પ્રાપ્ત થએલ હોઈ, હાલ સારનાથ સંગ્રહાલયની અંદર મૂકવા-માં આવી છે. દેવગઢ(લલીતપુર-જિલ્લા-ઝાંસી)માં એક ગુપ્ત મંદિરની બહારની દીવાલ ઉપર જુદા જુદા દેવોની સુંદર પ્રતિમાઓ છે જેમાં ભગવાન શેષશાયી તથા શિવની મૂર્તિઓ નમૂનેદાર છે. તદ્ ઉપરાંત ત્યાંની નરનારાયણ, અહલ્યા-ઉદ્ધાર, અને ગજેન્દ્રમોક્ષની પ્રતિમાઓ ખાસ ધ્યાન ખેંચે છે. કૌશાંબીની સૂર્યમૂર્તિ મોટા કદની હોઈ અજબ ભવ્યતા વ્યક્ત કરે છે. પહાડપુરમાંથી પ્રાપ્ત કૃષ્ણ અને રાધાના પ્રેમ-પ્રસંગો વ્યક્ત કરતાં કલાશિલ્પો, આ જ કાળના અપ્રતિમ નમૂનાઓ છે. ભરતપુર રાજ્યમાં રૂપવાસ નામક સ્થળેથી ચાર બૃહત્કાય પ્રતિમાઓ મળી છે, જેમાં બળરામની મૂર્તિ સત્તાવીસ ફૂટની ઊંચાઈ ધરાવે છે, જ્યારે લક્ષ્મીનારાયણની પ્રતિમા આશરે નવ ફૂટ લાંબી હોઈ, રેવતી, અને યુધિષ્ઠિરની પ્રતિમાઓ તેના કરતાં નાના કદની છે. ગુપ્તકાળમાં

પ્રતિમા-વિધાન સારી રીતે વિકસ્યું હતું, તેટલું જ નહિ પણ આવી બૃહત્કાય પ્રતિમાઓનો પ્રચાર, એ તેની ખાસ વિશિષ્ટતા છે. સારનાથ સંગ્રહાલયમાં લોકેશ્વર શિવનું મોટું મસ્તક છે, જેનો જટાબંધ ખાસ ધ્યાન ખેંચે છે. તેની નાસાગ્ર દૃષ્ટિ અને પ્રસન્ન વદન ખાસ દર્શનીય છે. આ કાળની માટીની પકવેલી કેટલીક મૂર્તિઓ મળી છે, જેમાં રાજગૃહની મનિયાર મઠની નાગની પ્રતિમા અપ્રતિમ અને અખંડ છે. પૂર્વ મધ્યકાળની મૂર્તિઓની સેવ્ય પ્રતિમાઓ સાથે ગુફા-મંદિરોમાં અંકિત અસંખ્ય પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. આ કાળમાં ઇલોરા, એલીફંટા, અને કાંચીના સામે કાંઠે આવેલ મામલ્લપુરમ્‌નાં મંદિરો મુખ્ય છે. દક્ષિણ હિંદમાં વધુ પ્રચલિત નટરાજની મૂર્તિઓ આ કાળમાં સર્જાઈ હોવાનું વિદ્વાનો માને છે. ઇસ્વીસનની દશમી શતાબ્દી પછી ભારતમાં દેવમંદિરોનાં સ્થાપત્ય મોટા પ્રમાણમાં સર્જાયાં છે. આ કાળમાં બુંદેલખંડના છત્તરપુર રાજ્યમાં આવેલ ખજુરાહોના મંદિરો મૂર્તિશિલ્પો માટે વધુ વિખ્યાત છે.

કલચુરિ(હૈહયો)યોએ અનેક મંદિરો મધ્યપ્રાંતથી કાશી સુધીના પ્રદેશમાં બંધાવ્યાં હતાં. આજે તો ફક્ત જબલપુરનું યોગિનીનું મંદિર તેમાંથી બચવા પામ્યું છે. જોધપુર રાજ્યના ઓસિયા નામક સ્થાનમાં બાર મંદિરો આવેલાં છે, તે પૈકી સૂર્યમંદિર મુખ્ય છે. આ કાળ દરમ્યાન ગુજરાતમાં શિલ્પકળાનો ખૂબ વિકાસ થયો હતો. ગુજરાતનો આ સુવર્ણકાળ ગણાતો. આ સમયમાં બંધાવેલાં સેંકડો મંદિરો આજે પણ ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધીમાં જુદાંજુદાં સ્થાનોમાંથી પ્રાપ્ત થાય છે. આ પૈકી મોઢેરાનું સૂર્યમંદિર, ડભોઈનો કિલ્લો અને મંદિર, સોમનાથનું પ્રાચીન મંદિર, સિદ્ધપુરનું રુદ્રમહાલય, દ્વારકાનું જગત મંદિર, પાલિતાણાનાં જૈન મંદિરો, વડનગર અને કપડવંજના કીર્તિ-સ્તંભો અને આબુનાં વિશ્વવિખ્યાત કલામંદિરો મુખ્ય છે. મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યનાં જુદાંજુદાં સ્વરૂપો મૂકવામાં આવ્યાં છે. વડનગરના કીર્તિસ્તંભ પૈકી એક તોરણ આજે ભગ્ન પરિસ્થિતિમાં ત્યાં પડેલું

છે, જ્યારે બીજું એક તોરણ અખંડ છે. આ તોરણમાં શિવની સુંદર પ્રતિમા મધ્યભાગે કોતરેલી છે. સિદ્ધપુરના રુદ્રમહાલયનો થોડોક ભાગ બચવા પામ્યો છે, તે પૈકી સ્તંભો, તોરણો અને પાટડાઓ વગેરે જોતાં, તેમાંથી એકાદશ રુદ્ર, રુદ્રાણી અને શિવના કેટલાક પૌરાણિક પ્રસંગો વ્યક્ત થાય છે. ડભોઈના કિલ્લાની તથા નજદીકમાં આવેલ કાલિકા-માતાના મંદિરની દીવાલમાં કેટલીક પ્રાચીન પ્રતિમાઓ મૂકેલી છે. પાલિતાણાનાં મંદિરો તો જાણે સ્વર્ગના દેવપ્રાસાદો. તેની શિલ્પકળાનું સામાન્ય વર્ણન આપતાં સ્વતંત્ર પુસ્તક થાય તેમ છે; પરંતુ આ બધાં કરતાં આબુ ઉપર આવેલ દેલવાડાનાં મંદિરો ભારતભરમાં તેના સર્વશ્રેષ્ઠ કલાવૈભવ માટે વિખ્યાત છે.

ઓરિસ્સામાં અનેક દેવમંદિરો આ કાળનાં છે, જેમાં જગન્નાથપુરી અને કોણાર્કનાં મંદિરો મુખ્ય છે. દક્ષિણનાં મંદિરોમાં તાંજોરનું રાજરાજેશ્વરનું મંદિર અદ્વિતીય છે. અને દક્ષિણ કર્ણાટકમાં હલેબીડનું હોયશલેશ્વર મંદિર વાસ્તુકલા સાથે મૂર્તિકલાનો અપ્રતિમ નમૂનો છે. આ ઉપરાંત રામેશ્વર, બેલુર, પદ્મનાભ, સોમનાથપુર, કાંજીવરમ વગેરે દક્ષિણ હિંદનાં તીર્થધામોમાં મૂર્તિશિલ્પોથી કંડારેલાં ભવ્ય મંદિરો આજે પણ વિદ્યમાન છે.

આ કાળની પ્રતિમાઓને બે ભાગમાં વિભક્ત કરી શકાય તેમ છે. એક સામાન્ય રવાદાર પથ્થરોની, જેનો રંગ માટી જેવો, ખાખી, કે ભગવો હોય છે. જ્યારે બીજી પાલરાજ્યાશ્રયમાં બનતી બિહાર, બંગાળના કસોટી અગર તેને મળતા કાળા પથ્થરની. બીજા વર્ગની મૂર્તિઓમાં ઘણીખરી વૈષ્ણવ, શૈવ, શાક્ત અને મહાયાનીય બૌદ્ધ સંપ્રદાયની, તથા કેટલીક જૈન પ્રતિમાઓ મળે છે. ગોરખપુરમાંથી મળેલ વિષ્ણુમૂર્તિ અને કાશીના શંખપુરા નામક સ્થાનમાં વિદ્યમાન વિષ્ણુની પ્રતિમા તેના અપ્રતિમ નમૂનાઓ છે, સામાન્ય મૂર્તિઓમાં મહોબામાં-થી પ્રાપ્ત પદ્મપાણિ અવલોકિતેશ્વરની અને સિંહનાદ અવલોકિતેશ્વરની

લખનઉ સંગ્રહાલયમાં મૂકેલી મૂર્તિઓ દર્શનીય છે. આ સિવાય ભારતનાં જુદાંજુદાં સંગ્રહાલયોમાં વિવિધ કાળની સેંકડો પ્રતિમાઓ સંગ્રહાઈ છે. તેરમી શતાબ્દી પછી ભારતમાં મુસ્લિમ શાસનનો દોરદમામ શરૂ થયો. આ કાળમાં નવાં મંદિરો કે ઉત્કૃષ્ટ મૂર્તિઓ ક્વચિત જ જણાય છે. ઉત્તર કાળમાં પ્રતિમાઓના સર્વસંગ્રહ જેવો, મહારાણા કુંભાએ બંધાવેલ ચિતોડનો કીર્તિસ્તંભ, પ્રતિમાઓનું સાચું સંગ્રહસ્થાન છે. આ સિવાય ત્યાં કુંભસ્વામી અને બીજાં મંદિરો છે, જેમાંથી ઉત્તર મધ્યકાળની કેટલીક પ્રતિમાઓ મળી આવે છે. આ કાળ પછીથી અર્વાચીન સમય સુધીની અનેક પ્રતિમાઓ મળે છે, પરંતુ તેમાંથી ખાસ વિશિષ્ટતા પ્રાપ્ત થતી નથી. ઐતિહાસિક દૃષ્ટિએ મોહેં-જો-દડોના કાળથી અર્વાચીન કાળ સુધી, મૂર્તિપૂજાનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો જોઈએ છીએ.

તદ્ ઉપરાંત આગળ જણાવી ગયા પ્રમાણે વાઙ્મયિક પુરાવાઓ પણ મૂર્તિપૂજા અને મૂર્તિવિધાનને વૈદિકકાળ સુધી લઈ જાય છે. આ બધું વિચારતાં મૂર્તિપૂજાની ઐતિહાસિકતા અતિ પ્રાચીન કાળની હોવાનું પ્રતીત થાય છે.

પ્રકરણ ૨ જું

મૂર્તિવિધાન કલા અને શાસ્ત્ર

(૧) કલા

મૂર્તિપૂજાનો પ્રવાહ શરૂ થયા પછી મૂર્તિવિધાનની કલા વિકસતી ગઈ ને ક્રમશઃ તેનું શાસ્ત્ર પણ ઘડાવા લાગ્યું. જ્યારથી મૂર્તિવિધાન શરૂ થયું ત્યારથી તેમાં કલાના સંસ્કારો રેડાયા, અને સમયે સમયે તેમાં પૂર્વાપર વિકાસ થતાં કેટલીક વિવિધતાઓ દાખલ થઈ, જ્યારે કેટલીક મૌલિકતાઓ નાશ પણ પામી.

પાંચ હજાર વર્ષ પહેલાં મનુષ્યો પથ્થર, ધાતુ, માટી વગેરે ઉપર પ્લાસ્ટર કરી મૂર્તિઓ બનાવતા હોવાનું મોહેં-જો-દડોની પ્રાપ્ત મૂર્તિઓ ઉપરથી માલુમ પડે છે.[૧] આ મૂર્તિઓમાં કેટલીક ધ્યાનસ્થ હોઈ તેની આંખો જાણે સમાધિમાં ડૂબી ગઈ હોય તેવી લાગે છે. આથી તે યુગમાં યોગસાધનનો વધુ પ્રચાર ફેલાયો હોવાનું સૂચન મળે છે. આવી પ્રસ્તર મૂર્તિઓ બનાવવાની કલા અશોકના કાળ સુધી પ્રચલિત હતી. ઈ. સ. પૂર્વે ૫૫૨માં ગાદી ઉપર આવેલ શિશુનાગ અજાતશત્રુ, તેનો ભત્રીજો અજ ઉદાયિ, અને તેના પુત્ર નંદિવર્ધનની આવી પ્રસ્તર મૂર્તિઓ આજે પણ જુદાંજુદાં સંગ્રહાલયોમાં સુરક્ષિત રાખવામાં આવી છે.[૨] અશોકના ધર્મલિપિવાળા સ્તંભો આવી જ પ્રસ્તર કલાના સુંદર નમૂનાઓ છે. અશોકકાલીન કેટલીક પ્રતિમાઓમાં મુખ્ય વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે તરી આવે છે: સુડોળ મુખમંડળ, અંગ-પ્રત્યંગોમાં ભરાવ અને ગોળાઈ, જે તે અવયવોનું યોગ્ય પ્રમાણ;

૧ Cultural Heritage of India Vol. 1, P. 6

૨ Catalogues of Calcutta and Mutra museum.

તેમાં તરી આવતું ગાંભીર્ય અને કૌશલ્ય દર્શાવતી અદ્વિતીય પ્રૌઢતા. આ કાળમાં મોટે ભાગે મૂર્તિઓ ખોદીને નહિ, પણ કોરીને બનાવવામાં આવતી. અશોકકાલીન બીજા પણ કેટલાક અવશેષો પ્રાપ્ત થાય છે, તેમાં મુખ્ય સારનાથની વેદિકા, કેટલીક ખંડિત પ્રતિમાઓનાં ઓપદાર માથાંઓ, મોટાં કબૂતરોનાં ખંડિત અવશેષો, અને બુદ્ધ-ગયાનું એક ભદ્રાસન મુખ્ય છે. તેમાં કોઈ પણ ઠેકાણે કઢંગાપણું, કે અયોગ્ય લંબાઈ, જાડાઈ જોવામાં આવતી નથી. દરેકમાં સપ્રમાણતા અને બારીક સમાનતા જોવામાં આવે છે.

અશોકના પુત્ર સંપ્રતિના રાજ્યકાળમાં પણ ઓપદાર પ્રસ્તર મૂર્તિઓ બનાવવાનો સંપ્રદાય ચાલુ હતો. પટનામાંથી કેટલીક પ્રસ્તર મૂર્તિઓ તેના કાળની મળી આવી છે. આમ પ્રસ્તરકલા અને ઓપદાર પ્રતિમાઓ બનાવવાનો પ્રચાર મોહેં-જો-દડોના કાળથી મૌર્યયુગ સુધી એટલે ઈ. સ. પૂર્વે પહેલી બીજી શતાબ્દી સુધી પ્રચલિત હતો. મૌર્યકાળ પછી ભારતમાં શુંગકાળનો ઉદય થયો. શુંગકાલીન મૂર્તિકલામાં સાંચીનું કલાવિધાન મુખ્ય છે. તેમાં અશોકકાલીન સ્તૂપની ચારે બાજુ બનાવેલ તોરણો, અને કઠેડાઓ ખાસ તરી આવે છે. તેમાં હાથીઓ, ધર્મચક્ર, યક્ષ, યક્ષિણિયો વગેરેની મૂર્તિઓ બનાવવામાં આવી છે. તેનું કલાવિધાન એટલું સુંદર અને સચોટ છે, તેના ભાવો એવા ઉદાત્ત છે કે જેને જોતાં જ તેમાં સજીવતાનો આભાસ થાય છે. તત્કાલીન મૂર્તિકલાનાં આ સાચાં પ્રતિકો છે. આ કઠેડાઓમાં ગજલક્ષ્મીની એક પ્રાચીન મૂર્તિ કોતરેલી છે. તદ્ ઉપરાંત તેમાં બુદ્ધના પૂર્વજન્મની કેટલીક જીવનકથાઓ આલેખેલી છે. શુંગકાલીન મૂર્તિકલામાં સાંચી પછી ભરહુતની કલા નિદર્શન થાય છે. ત્યાં પણ એક સ્તૂપ અને તેના કઠેડામાં બુદ્ધજીવનના કેટલાક પ્રસંગો વ્યક્ત કરતાં અનેક મૂર્તિશિલ્પો કોતરેલાં છે. તેમાંથી ઐતિહાસિક દશ્યો તો ઠેરઠેર મળી આવે છે. તેના ઉપરના એક લેખ ઉપરથી તે શુંગકાલીન હોવાનું પ્રતીત

થાય છે.[3] ભરહુતની પ્રતિમાઓ ચપટા આકારની હોઈ, સ્વતંત્ર રીતે કોરીને બનાવેલી નથી, પણ પથ્થરમાંથી ખોદી કાઢેલી છે. તેમાં મુખ્ય વિશિષ્ટતા એ છે કે તે લોકકલાના સાચા આદર્શો પૂરા પાડે છે. આવી જ લોકકલા મથુરા, બેસનગર, ભીટા, બુદ્ધગયા, કાશી, કૌશાંબી, અને જગય્યપેટા વગેરેની પાષાણ તથા મૃન્મયમૂર્તિઓની અંદર જોવામાં આવે છે. આ જ કાળમાં ગ્રીક હેલિયોડોરે ઈ. સ. પૂર્વે ૧૪૦માં બેસનગરની અંદર વાસુદેવની પૂજા માટે એક ગરુડધ્વજ બનાવ્યો હતો.

પશ્ચિમઘાટના પહાડોમાં આંધ્રકુળના રાજાઓએ અનેક ગુફાઓ ખોદાવી હતી, તેમાં ભાજ, વેદસા, પાથલખેરા, અને કોંડાન્યની ગુફાઓ મુખ્ય છે. ભાજની ભીંતો ઉપર સૂર્ય અને ઇંદ્રની મોટી સપરિવાર પ્રતિમાઓ ચપટા ઉઠાવની કોતરેલી છે. ઓરિસ્સામાં ખંડગિરિ અને ઉદયગિરિની ગુફાઓ આવેલી છે, જેમાં કેટલાંક જૈન મૂર્તિશિલ્પો કોતરેલાં છે. તેમાં એકલી પાષાણમાંથી જ નહિ, પણ કાષ્ટમાંથી કેટલીક પ્રતિમાઓ કોતરી કાઢવામાં આવી છે. શુંગકાલની ખાસ વિશિષ્ટતા તત્કાલીન પ્રાપ્ત થતી અસંખ્ય મૃણ્મય મૂર્તિઓને કારણે પણ છે. આ કાળની પ્રતિમાઓ ચપટા ઉઠાવની હોઈ, ઓળખવામાં જલદીથી આવી શકે છે. આ સમયમાં માટીની પકાવેલી મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. તેવી એક પ્રતિમા બનારસના ભારતીય કલાભવનમાં સુરક્ષિત રાખવામાં આવી છે. કલાની દૃષ્ટિએ તેનો ઉઠાવ, ઓજસ વગેરે ઠીક હોઈ, તેની પ્રત્યેક રેખાઓ સુનિશ્ચિત રીતે કોતરતાં, તેમાં સપ્રમાણતા અને સુડોળપણાનો સમાવેશ કરવામાં આવ્યો છે.[4]

શુંગકાળ પછી કુષાણ, અને સાતવાહન કાળમાં બે મુખ્ય સંપ્રદાયોનો ખાસ પ્રચાર જોવામાં આવે છે: ૧ ગાંધાર શૈલી, ૨ મથુરા શૈલી.

---

૩ ભારતીય મૂર્તિકલા પા. ૫૪

૪ હિંદુસ્તાની, ૧૯૩૮ જાન્યુઆરી. પા. ૧૭

ગાંધાર શૈલી:

આ સંપ્રદાયનો વિકાસ વિશેષતઃ ગાંધાર, અને તેની સાથે યુક્ત પંજાબ, તથા તેની આજુબાજુના પ્રદેશોમાં વધુ થયો હોવાનું સમજાય છે. તેમાં યે ખાસ કરીને બૌદ્ધ સંપ્રદાયમાં તેનો પ્રચાર વધુ ઊતર્યો છે. આ શૈલી યુનાની હોવાનું વિદ્વાનો અનુમાને છે. આવી મૂર્તિઓ કાળા સ્લેટ પથ્થરની યા તો કેટલીક ચૂના-મસાલાની બનાવવામાં આવતી હતી. આ કલાનો પ્રચાર ઈ. સ. પૂર્વે ૩૦૦ થી ઈ. સ. ૫૦ સુધી થયો હોવાનાં ઐતિહાસિક પ્રમાણો મળી આવે છે. ગાંધાર શૈલીમાં મુખ્ય તત્ત્વો નીચે પ્રમાણે જોવામાં આવે છે:

૧ દરેક પ્રતિમાના હાથ, પગ, વ. અવયવોમાં ભાવપૂર્ણભંગ અને વાસ્તવિકતા.

૨ આંખો કટાક્ષયુક્ત, કીકી તથા પાંપણો, ભ્રમર નીચેથી શરૂ થતાં પ્રલંબિત.

૩ વૃક્ષિકાઓની ક્ષીણ કટિ, સ્ત્રીઓના નિતંબ, બાહુ વગેરે પ્રચુર, વસ્ત્રોનાં આચ્છાદનો અને મુદ્રાઓ સ્પષ્ટ.

૪ અલંકરણમાં ઠેરઠેર પદ્મ તથા ગોમુત્રિકા.

૫ આ શૈલીની બુદ્ધ પ્રતિમાઓના વાળ સીધા હોય છે, જ્યારે કેટલીકમાં જમણી બાજુ વળાંક લેતા વાંકડિયા વાળો પણ હોય છે. ગાંધાર શૈલીથી મૂર્તિકલામાં એક નવીન પરંપરા દાખલ થઈ છે, પણ તે ભારતીય હતી કે, તેના ઉપર બહારની કોઈ કલાની અસરો પડી છે, તે માટે વિદ્વાનોમાં મતભેદ છે. વિન્સેન્ટ સ્મીથ, જ્હૉન માર્શલ વગેરે વિદ્વાનો તેને સ્વતંત્ર મૂર્તિકલા તરીકે સ્વીકારતાં, ભારતીય મૂર્તિકલાનો પ્રભાવ તેના ઉપર પડ્યો નહીં હોવાનું સૂચવે છે. જ્યારે ડૉ. હૅવેલ, ડૉ. જાયસ્વાલ, અને ડૉ. કુમારસ્વામી વગેરે તે મંતવ્યનો નિષેધ કરતાં આ શૈલીને ભારતીય મૂર્તિકલા હોવાનું સિદ્ધ કરતાં, તેના ઉપર પડેલ બીજી મૂર્તિકલાની અસરો નોંધે છે.

મથુરા શૈલી:

કુષાણકાળમાં મથુરા ગાંધારની માફક મૂર્તિવિધાન માટેનું કલા-કેંદ્ર હતું. શૃંગકાળમાં ભરહુતની લોકકલાનો ત્યાં પ્રચાર થયો હતો, તેવી જ રીતે સાંચીની ઉન્નત શૈલીનો પણ ત્યાં વિકાસ થયો હોવાનું સમજાય છે. આ બંને શૈલીઓનું મિશ્રણ થઈ કુષાણોનો આશ્રય મળતાં, તેમાંથી જે નવી શૈલી ઉદ્ભવી તે જ મથુરા શૈલી. પહેલાંની મૂર્તિઓમાં જણાતું ચપટાપણું આ શૈલીમાં જણાતું નથી. ક્વચિત્ ભરહુતનાં અલંકરણો આમાં વપરાયાં છે. આ શૈલીની સેંકડો પ્રતિમાઓ મળી આવી છે. ગાંધાર શૈલી ઉપર યુનાની છાપ હોવાનું કેટલાક પુરાતત્ત્વ વિદ્વાનો કબૂલે છે, પણ મથુરા શૈલી તો સ્વતંત્ર ભારતીય સંપ્રદાય હોઈ, તેના ઉપર સહેજ પણ પરદેશી પ્રભાવ પડ્યો હોય તેમ જણાતું નથી. ગાંધાર શૈલીનો વધુ ઉપયોગ બૌદ્ધ સંપ્રદાયમાં જોવામાં આવે છે, જ્યારે મથુરા શૈલીનો પ્રચાર વૈદિક તથા જૈન સંપ્રદાયનાં શિલ્પ-સ્થાપત્યોમાં તેમજ રાજકુલો-માં વધુ થયો હોવાનું ઐતિહાસિક રીતે જણાય છે. આ શૈલીનું વિસ્તૃત વિવેચન આપતાં સ્વતંત્ર પ્રકરણો લખાય તેમ હોવાથી અત્રે આટલી પિછાન પર્યાપ્ત થશે એમ માનીશું.[૫]

કુષાણકાળ પછી નાગભાર શિવોના કાળમાં, મૂર્તિકલાની અંદર કેટલાક નોંધપાત્ર ફેરફારો જોવામાં આવે છે. જોકે તે સમયની કેટલીક પ્રતિમાઓ, અશોકકાલીન મૂર્તિકલા સાથે સામ્ય પ્રકટ કરે છે, છતાં શૃંગ અને કુષાણકાલીન મૂર્તિઓનાં ગોળ મુખમંડળોને બદલે અંડા-કૃતિવાળાં લંબગોળ મોઢાંઓ વિશેષે કરીને જોવામાં આવે છે. પરંતુ નાગભાર શિવો, અને ત્યાર બાદ સત્તા ઉપર આવેલ વાકાટકોના રાજકાળ દરમ્યાન, એટલે ઈ. સ. ૩૦૦ થી ૬૦૦ સુધી, ગુપ્તોથી સંમાનિત ગુપ્તકલાએ, ભારતની અંદર કલાની દૃષ્ટિએ, મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સૌન્દર્ય શું ચીજ છે, અને તેને કલાકૃતિની અંદર કેવી રીતે

---

૫ મથુરા શૈલીના વધુ પરિચય માટે જુઓ નાગરી પ્રચારિણી પત્રિકા ભા. ૧૩-૧૭

વ્યક્ત કરી શકાય, તે વસ્તુ ગુપ્તકાલીન શિલ્પિઓ બરાબર પિછાનતા હતા. તેમની કલામાં ભાવુકતા, આધ્યાત્મિકતા, ગાંભીર્ય અને રમણીયતાનું દર્શન, મૂર્તિનાં સર્વાંગોમાંથી ટપકતું માલૂમ પડે છે. ટૂંકમાં તે ઓજસ્વી, મધુર, પ્રાસાદિક વિશદ કલા છે. તેની ખાસ વિશિષ્ટતા એ છે કે, તત્કાલીન મૂર્તિઓમાં અલંકરણોનો ખૂબ જ થોડો ઉપયોગ કરવામાં આવતો, છતાં મૂર્તિનો ઉઠાવ અને સુરૂપતાનો કદી પણ હ્રાસ થયો હોવાનું જણાતું નથી.

આ મૂર્તિકલા કોઈ પણ પંથ કે સંપ્રદાયમાં જ ઊતરી નથી, પણ ભારતના ઘણાખરા સંપ્રદાયોમાં તેનો પ્રચાર થયો હોવાનું જણાય છે. બૌદ્ધ મૂર્તિઓમાં સારનાથની બુદ્ધ પ્રતિમા, લોકેશ્વર શિવનું મસ્તક, તેમજ મથુરા અને સુલતાનગંજમાંથી પ્રાપ્ત, હાલ બર્મિંગહામ મ્યુઝીયમમાં મૂકેલી તામ્રની બુદ્ધ પ્રતિમા, વગેરે ગુપ્તકાલીન કલાના સર્વોત્કૃષ્ટ નમૂનાઓ છે. વૈદિક ધર્મના પણ કેટલાક અદ્વિતીય નમૂનાઓ ગુપ્તકલાના મળ્યા છે, જે ભારતીય મૂર્તિ-સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ કલાકૃતિઓ તરીકે વિખ્યાત છે. ઉદયગિરિના ગુફામંદિર બહાર મૂકેલ વારાહની પ્રૌઢ મૂર્તિ, સારનાથ સંગ્રહાલયમાં સુરક્ષિત બનારસથી પ્રાપ્ત ગોવર્ધનધારી કૃષ્ણની પ્રતિમા, દેવગઢના વિષ્ણુમંદિરની બહાર અંકિત કરવામાં આવેલ વિષ્ણુની શેષશાયી મૂર્તિ, કૌશામ્બીની સૂર્યમૂર્તિ, બનારસના ભારત કળાભુવનની કાર્તિકેયની પ્રતિમા, પહાડપુર અને ભરતપુર રાજ્યના રૂપવાસ ગામમાંથી મળેલ કૃષ્ણનાં વિવિધ ચરિત્રો વ્યક્ત કરતી પ્રતિમાઓ તથા બળદેવ, લક્ષ્મીનારાયણ, યુધિષ્ઠિર વગેરેનાં મૂર્તિશિલ્પો, તક્ષણ કલાની દૃષ્ટિએ ગુપ્તકલાના અદ્વીતીય નમૂનાઓ છે. આ સિવાય આ કાલમાં માટીની પકવેલી, તથા ચૂનાના મસાલાથી બનાવેલી મૂર્તિઓનો પણ ઉપયોગ કરવામાં આવતો હોવાનું જણાય છે. ગુપ્તરાજાઓ કલારસિક અને કલાકોવિદ હોવાથી તેમના રાજ્યકાળમાં લલિત કલાઓનો ખૂબ વિકાસ થયો હતો. ભારતીય પ્રાચીન સંસ્કૃતિના જે અવશેષો આજે પ્રાપ્ત થયા છે, તેમાં ગુપ્તકાલીન કલાકૃતિઓએ ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુપ્તો


ધર્મઝનુસ્ત હોવાથી ધાર્મિક દૃષ્ટિએ પણ તેમણે મૂર્તિકલાને ખૂબ ઉત્તેજન આપ્યું હતું. નિર્જીવ પ્રતિમાઓમાં સજીવતાની પ્રતીતિ કરાવે તેવી અસામાન્ય શક્તિ, તત્કાલીન કલાકારોએ હસ્તગત કરી હતી, એમ તે સમયનાં મૂર્તિશિલ્પો કહે છે.

ગુપ્તકાળમાં કલાનો રંગ રાજા પ્રજા ઉભયમાં, એટલો ઓતપ્રોત બન્યો હતો કે, ગુપ્તોના નષ્ટ થયા પછી પણ શિલ્પ અને મૂર્તિવિધાન જીવનનું એક મહત્ત્વનું અંગ મનાવા લાગ્યું. અને તે અસરોના કારણે ત્યાર પછી પણ બસો ત્રણસો વર્ષ સુધી, શિલ્પકલાનો ઉત્તરોત્તર વિકાસ થયો હોવાનું જણાય છે. જોકે કલાવિધાનની દૃષ્ટિએ તેમાં કાંઈ પણ નવીન તત્ત્વો ઉમેરાયાં નથી, પણ પૌરાણિક પ્રસંગો, વિશાળકાય પ્રતિમાઓ અને પ્રાકૃતિક દૃશ્યોના પ્રસંગો, ગુફામંદિરોમાંથી પ્રાપ્ત થાય છે. ગુપ્તકાળ પછી ઈ. સ. ૬૦૦થી ૯૦૦ સુધીના યુગને પૂર્વ મધ્યકાળ તરીકે વિદ્વાનોએ પિછાન્યો છે. આ સમય દરમ્યાન કનોજનો હર્ષવર્ધન, ભારતમાં પ્રતિષ્ઠિત રાજેન્દ્ર તરીકે ઝળકે છે. ચીની યાત્રાળુ યુવાનચ્વાંગ (હ્યુએનત્સંગ) તેના જ રાજ્યકાળમાં ભારતની અંદર આવ્યો હતો. આ કાળને કેટલાક વિદ્વાનો ભારતના સુવર્ણયુગ તરીકે અર્થાત્ ઓજસ્વી કાળ તરીકે માને છે. આ કાળમાં ભારતની અંદર મૂર્તિકલાનાં ત્રણ મુખ્ય કેંદ્રો હતાં.

ઔરંગાબાદ સ્ટેશનેથી, સોળ માઈલ દૂર વેરૂલમાં પર્વત કોરીને ઇલોરાની ગુફાઓ બનાવવામાં આવી છે. તેનો નિર્માણકાળ આઠમા શતકમાં આવે છે. ત્યાં એકંદર પચાસથી ત્રીસ ગુફામંદિરો પહાડમાંથી કોતરેલાં છે, જેમાં કૈલાસથી ઓળખાતું વિશાળ મંદિર, સર્વોત્કૃષ્ટ શિલ્પ અને મૂર્તિકલાનો આદર્શ નમૂનો છે. તેમાં બેતાળીસ પૌરાણિક દૃશ્યો જુદેજુદે સ્થળે ઉત્કીર્ણ કરવામાં આવ્યાં છે. તેમાં દેવદેવીઓની જુદાજુદા કદ, અને વિવિધ પદ્ધતિએ બનાવેલી અનેક મૂર્તિઓ કોતરી કાઢવામાં આવી છે. આમાં એક સ્થળે રાવણ



૪. આભૂષણો   પૃ ૭૧-૭૯



૫. વિવિધ ડલો   પૃ. ૭૨-૭૩




કપાલ



ખટ્વાંગ



સ્રુક



સ્રુવ



વજ્ર




પાશ



ખેટક



ટંક




અંકુશ



પુસ્તક

૬. આયુધો   પૃ. ૮૧-૮૬



૩ અ. પ્રતિમાનાં અંગ-ઉપાંગોનું કલાવિધાન

૧૩



૧૫. નૃવરાહ (કદવાર) પૃ. ૧૯૧-૯૨

૧૪



૧૬. આદિવરાહ (વિહાર) પૃ. ૧૯૪

१९ अ




૧૯ અ. શિવ (શામળાજી)   પૃ. ૨૬૪ (સુ.)


१२ आ



૧૪ ઈ. મુખલિંગ-લકુલીશ (કારવણ) પૃ. ૨૫૨, ૩૦૪




૧૪ આ. લિંગ   પૃ. ૨૫૦



૬અ. સપરિકર ઋષભદેવ (પાટણ)

પૃ. ૪૬૭



૭. મુદ્રાઓ પૃ. ૮૭-૮૯



૮. આસનો પૃ. ૯૦-૯૩

કૈલાસને ઉઠાવવાનો પ્રયત્ન કરતો હોય તેવો ભાવ રજૂ કર્યો છે, જ્યારે એક સ્થળે ત્રિપુરદાહનો પ્રસંગ છે. આ સિવાય ત્યાંનાં બીજાં મંદિરોમાંથી પણ નૃસિંહાવતાર, ભૈરવ, ઇંદ્ર ઇંદ્રાણી, શિવપાર્વતી-વિવાહ, માર્કંડેયને જીવનદાન વગેરે પ્રસંગો વ્યક્ત કરતી અનેક પ્રતિમાઓ નાના-મોટા કદની કોતરેલી જોવામાં આવે છે. આ ગુફામંદિરોનો નિર્માતા રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ હતો, જેનો રાજ્યકાળ ઈ. સ. ૭૬૦થી ૭૭૫ સુધીનો હોવાનું ઇતિહાસ કહે છે.

તત્કાલીન બીજું મૂર્તિકેંદ્ર એલીફંટા યાને હાથીગુફા છે. મુંબઈથી લગભગ છ માઈલ દૂર ધારાપુરી નામક બેટમાં આ ગુફાઓ પહાડમાંથી કોતરી કાઢવામાં આવી છે. તેનો પણ સર્જનકાળ ઉપરોક્ત ઇલોરાના સમકાલમાં જ આવે છે. ત્યાં માહેશ્વરની એક ભવ્ય ત્રિમૂર્તિ છે, જેનું ભાસ્કર્ય એટલું ઉદાત્ત અને અસરકારક બનાવ્યું છે, જેના દર્શન માત્રથી જ માનવ-હૃદયના તારો ઝણઝણી ઊઠે છે. આ સિવાય શિવતાંડવ-નૃત્ય, યોગીરાજ શિવ, અર્ધનારીશ્વર, ભૈરવ, શિવપાર્વતી-વિવાહનાં દૃશ્યો રજૂ કરતી અનેક ભાવપૂર્ણ મૂર્તિઓ તેમાં કોતરવામાં આવી છે. તેની તક્ષણકલા અને મુખમંડળો ઉપરની પ્રશાંત ગંભીરતા વગેરે ભાવો વિચારતાં, તે કલાકારોનાં અદ્વિતીય કલાકૌશલ્ય ઉપર માનવ-હૃદયો, પ્રશંસાનાં પુષ્પો વેરે છે.

આ કાળનું ત્રીજું મૂર્તિકેન્દ્ર દક્ષિણમાં કાંચીના સામે સમુદ્ર-કિનારે આવેલ મામલ્લપુરમ્‌નું હતું. ત્યાં પણ પહાડમાંથી કોરી કાઢેલ સાત વિશાલ મંદિરો છે, જેને ત્યાંના લોકો રથ તરીકે સંબોધે છે. આ મંદિરો પલ્લવરાજા મહેન્દ્ર વર્મા પ્રથમ, અને તેના પુત્ર નરસિંહ વર્માએ બનાવ્યાં હતાં. તેના આદિવરાહ રથમાં મહેન્દ્ર વર્મા તથા તેની પત્નીની અને ધર્મરાજ રથમાં નૃસિંહ વર્માની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. આ મંદિરો પૈકી મહિષમંડપમ્ નામક મંદિરમાં શેષશાયી વિષ્ણુ તેની પાસે મધુ કૈટભ દાનવો, મહિષાસુર સાથે યુદ્ધ કરતાં મહિષમર્દિની દુર્ગા, વ. કેટલાક પૌરાણિક પ્રસંગો વ્યક્ત કરતી પ્રતિમાઓ મૂકેલી

છે. આ બધા કરતાં ત્યાંની ખાસ વિશિષ્ટતા ભગીરથ-તપસ્યાનો પ્રસંગ વ્યક્ત કરે છે. એક ઊંચા પહાડ ઉપર ભગીરથની તપ કરતી પ્રતિમા કોતરેલી છે. તદુપરાંત તેની આજુબાજુ યોગ્ય વાતાવરણ ખડું કરવા તપોવન, હિંસક પશુઓ વગેરે કોતરેલ હોઈ, તે પશુઓ પણ સાધકો બની તપ કરતાં ન હોય! તેવો ભાવ વ્યક્ત કરે છે.

પૂર્વ મધ્યકાલ કરતાં ઉત્તર મધ્યકાલમાં મૂર્તિકલાનો પ્રચાર વધુ ફેલાયો હોવા છતાં, જે કલા ગુપ્તકાલ અને પૂર્વ મધ્યકાલમાં કલ્પનાતીત બની હતી, તેમાં જે ચમત્કારિકતા આવી હતી, તે કલાનું ઓજસ આ કાળમાં ઝાંખું પડે છે. કારણ આ સમયમાં કલાકારોનાં મસ્તિષ્કો કામ કરતાં હતાં, પણ હૃદયની ભાવનાઓ અણવિકસી જ હતી. તેના વિધાયકો કેવળ શિલ્પીઓ જ હતા, કલાકારો નહીં; છતાં ગુપ્તકાલીન કેટલીક વિશેષતાઓ, અને રૂઢિઓ તેમાં ચાલુ રહેલી જોવામાં આવે છે. ઉત્તર મધ્યકાલીન મૂર્તિવિધાનના નિદર્શન માટે, છ મંડલોમાં ભારતને વહેંચી નાખવાથી, તત્કાલીન મૂર્તિકલા કયે કયે સ્થળે પ્રચાર પામી હતી તેનો સહજ ખ્યાલ આવે છે:

ઓરિસ્સા મંડલ, જેમાં ભુવનેશ્વર, કોણાર્ક, અને જગન્નાથપુરીનાં મંદિરો અને તેમાંની મૂર્તિઓ મુખ્ય છે.

બંગાલ બિહાર મંડલ, જેમાં ઘણીખરી મૂર્તિઓ, બૌદ્ધ સંપ્રદાયની સાથે સંબંધ ધરાવતી હોવાનું જણાય છે, અને તે સિવાયની કેટલીક પાલ રાજાઓના આશ્રયથી પણ બનેલી છે.

બુંદેલખંડ મંડલ, જેમાં મુખ્ય ખજુરાહોનાં મંદિરો અને મૂર્તિ-શિલ્પો મુખ્ય છે. મધ્યભારત મંડલ: આ સમયમાં માળવાનાં મંદિરો, જે ધારાના પરમારોએ બંધાવ્યાં હતાં. તે સિવાય કલચુરી રાજવીઓએ પણ ભવ્યમંદિરો બંધાવી, મૂર્તિકલાને સારી રીતે પોષી હતી.

ગુજરાત અને રાજસ્થાનમાં ચૌહાણ, રાઠોડ, સોલંકીઓ, પરમાર વગેરે રાજાઓએ પોતાના રાજ્યકાળ દરમ્યાન શિલ્પકલાને ખૂબ

આવકારી હતી, અને ધાર્મિક ચુસ્તતાના કારણે મંદિરો, મહાલયો વગેરેમાં પ્રતિમાકલાનો સારો એવો વિકાસ થયો હતો. તામિલ મંડલ જેનો સંબંધ ચોલ, અને હોયસલ રાજવંશો સાથે છે, તેઓએ મોટાં મોટાં મંદિરો બંધાવ્યાં છે.

આ બધાં મધ્યકાલીન મંદિરો, અને તેનાં મૂર્તિશિલ્પોની વ્યવસ્થિત નોંધ આપવા જતાં, તે માટે સ્વતંત્ર પુસ્તક લખાય તેમ હોવાથી ફક્ત અહીં તો મોઘમ નામનિર્દેશ આપીને જ સંતોષ માનવો પડ્યો છે. આ કાલની મૂર્તિકલામાં નીચેની બાબતો ખાસ કરીને ધ્યાન ખેંચે છે:

શિલ્પકલાના શાસ્ત્રીય વર્ણનોને વળગી રહી, માન, માપ, આયુધ, વાહન વગેરે અંગોમાં કલાકારોએ ખૂબ ચોકસાઈ જાળવેલી જોવામાં આવે છે. વધુમાં બેથી વધારે હાથવાળી મૂર્તિઓ બનાવી, તેના વિવિધ હાથોમાં જુદાંજુદાં આયુધો મૂકવાની પ્રથા દાખલ થઈ હોવાનું જણાય છે.

ખાસ કરીને પ્રતિમાઓ કોરીને બનાવવામાં આવતી. ભારશિવ અને ગુપ્તકાલીન મૂર્તિકલાનું મુખ્ય પ્રતીક અંડાકાર મુખમંડલ બનાવવાની પ્રથા આ મૂર્તિઓમાં અધિકાંશ મળે છે. આવાં મુખમંડલોમાં સૌન્દર્ય વધુ ઝળકે છે.

દેહાંકન સુડોળ, અને બળવાન માણસો જેવાં સુદૃઢ બનાવવામાં આવતાં હોવાથી, કોઈ ઠેકાણે કલાકારની નિષ્ફળતા પ્રદર્શિત થતી નથી; પરંતુ મુદ્રાઓમાં ગુપ્તકાલીન સરલતાનો અભાવ હોય છે.

ઉત્તર મધ્યકાલ પછી, એટલે ઈ. સ. ની ચૌદમી શતાબ્દીથી આરંભી અર્વાચીન કાલ પર્યંત મૂર્તિકલા નામશેષ જ રહી છે. આજે નવીન સર્જાતી પ્રતિમાઓમાં ભાવ, આધ્યાત્મિકતા, કે ઉક્ત લાક્ષણિકતા જોવામાં આવતી નથી. તેનું કારણ તે પ્રાચીન કલાનો આજે હ્રાસ થયો છે. મુસલમાનોનાં ભારતીય આક્રમણો પણ આ કલાના નાશ માટે કેટલેક અંશે જવાબદાર છે; કારણ તેઓ મૂર્તિભંજક હોવાથી, આક્રમણ કાળે મંદિરો અને મૂર્તિઓનો નાશ કરતા હતા. અને તેથી

કેટલાંયે ઉત્કૃષ્ટ મૂર્તિશિલ્પો, તેમના વિનાશકારી આક્રમણનો ભોગ બન્યાં હશે જેનો ખ્યાલ આવી શકતો નથી. આ કાલમાં મૂર્તિકલાનો વિકાસ તદ્દન થંભી ગયો હતો.

પંદરમા શતકમાં થએલ મહારાણો કુંભો, વાસ્તુશાસ્ત્રનો સારો વિદ્વાન હતો; તેટલું જ નહીં પણ તે કલારસિક હોવાના કારણે તેણે અનેક મંદિરો અને એક કીર્તિસ્તંભ બંધાવ્યો છે. આ કીર્તિસ્તંભ એકસો બાવીસ ફૂટ ઊંચો, ભવ્ય અલંકરણોથી અલંકૃત, અને હિંદુ દેવદેવીઓની સેંકડો પ્રતિમાઓ તેની અંદર મૂકવામાં આવી છે; તેટલું જ નહિ પણ દરેક પ્રતિમાની નીચે, તેનાં નામો કોતરેલાં હોવાથી કઈ મૂર્તિ કોની છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. ટૂંકમાં કહીએ તો તે મૂર્તિઓનો જીવતોજાગતો વિશ્વકોષ છે. તે કાલમાં રાજપૂત રાજાઓએ મુસલમાન બાદશાહોની મહેરબાનીની રાહે કેટલાંક મંદિરો બંધાવ્યાં હતાં, પણ તેમાં મૂર્તિકલાનો ખાસ વિકાસ થયો હોવાનું જણાતું નથી; પહેલાંનાં મંદિરોમાં મૂકવામાં આવતાં મૂર્તિઓનાં અલંકરણોનું આ કાલમાં દર્શન થતું નથી, ઊલટ ભૌમિતિક આકૃતિઓ, ફૂલ, વેલ, બુટ્ટા વગેરેનો અધિક પ્રચાર અલંકરણોમાં થયો હોવાનું જણાય છે. આવાં કારણોને લઈને જ મૂર્તિકલાના હ્રાસમાં મુસ્લિમ શાસનને જવાબદાર ગણ્યું છે. ભારતીય મૂર્તિકલા આમ ઈ. સ. પૂર્વે સેંકડો વર્ષો પહેલાંથી ઉદ્‌ભવી હોઈ, આજ પર્યંત તેમાં સમયેસમયે કેટલાયે સુધારાવધારા થયે ગયા છે. કોઈ કાલમાં તેની તક્ષણકલા, અને ભાવનિદર્શનમાં ઓજસ આવે છે; તો કોઈ યુગમાં તેના સૌન્દર્ય તત્ત્વનો લોપ થતો જણાય છે. છતાં ધર્મના વાહન તરીકે તે કલાનો વધુ પ્રચાર અદ્યાપિ પર્યંત થયો છે, થયે જાય છે.

(૨) શાસ્ત્ર

મૂર્તિવિધાનની કલા સાથે તેના શાસ્ત્રની સમાજને ખાસ જરૂરત ઊભી થઈ. જેમજેમ તેનો વિકાસ વિકસે ગયો, તેમતેમ તેમાં સુધારાવધારા થઈ, નવાનવા ગ્રંથો અને પ્રકરણો લખાવા માંડ્યાં. તેનું શાસ્ત્ર

એટલું સૂક્ષ્મ, અને ચોકસાઈભરેલું છે કે, જો તેના ગણિતમાં સહેજ પણ ફેર આવે તો, મૂર્તિના કલાવિધાનમાં ક્ષતિ આવે, તેટલું જ નહીં પણ વિરૂપતા લાવે છે. વિરૂપ પ્રતિમાઓ સર્જક અને અર્ચક બન્નેનું અનિષ્ટ કરતી હોવાથી શિલ્પશાસ્ત્રમાં પ્રતિમાવિધાન માટે પૂરતી સાવચેતી રાખવા સૂચવ્યું છે.[૬]

હિંદુ મૂર્તિશાસ્ત્ર એટલું સપ્રમાણ અને શાસ્ત્રીય છે કે તેમાં ઝીણામાં ઝીણી બાબતોનો પણ વિચાર કરવામાં આવ્યો છે. વેદમાંથી દેવોના સ્તુતિભાગમાં જે તે દેવનાં આલંકારિક વર્ણનો પ્રાપ્ત થાય છે, પણ તેમાં મૂર્તિવિધાનની વ્યવસ્થિત હકીકત માટેના કોઈ ઉલ્લેખો મળતા નથી. તેવી જ રીતે બ્રાહ્મણો અને સૂત્રોમાંથી કેટલીક છૂટીછવાઈ નોંધો મળે છે, પણ તેને મૂર્તિશાસ્ત્ર તરીકે માન્ય કરી શકાય તેમ નથી. ધર્મશાસ્ત્રો અને સ્મૃતિઓમાં મૂર્તિને લગતી કેટલીક હકીકતો મળે છે, પણ મૂર્તિવિધાન માટેની તેમાં સ્વતંત્ર નોંધો નથી. પુરાણોમાં મૂર્તિશાસ્ત્ર માટે ખૂબખૂબ સંગ્રહાયું છે. તેમાં મૂર્તિઓનાં વર્ણનો મૂર્તિવિધાનની વિવિધ પ્રક્રિયાઓ, અને તેનાં તાત્ત્વિક રહસ્યોની વિસ્તૃત ચર્ચા આપવામાં આવી છે. કેટલાક પુરાણોએ સામાન્ય હકીકતો નોંધી છે, જ્યારે કેટલાકમાં તો અધ્યાયોના અધ્યાયો સુધી તેની ચર્ચાઓ આલેખી છે.

અગ્નિપુરાણમાં વાસુદેવાદિ પ્રતિમાલક્ષણ, પિંડિકાલક્ષણ, શાલિગ્રામાદિ મૂર્તિલક્ષણ, દશાવતારલક્ષણ, દેવીપ્રતિમાલક્ષણ, સૂર્યપ્રતિમાલક્ષણ, લિંગલક્ષણ, લિંગમાન વગેરે વિષયો દર્શાવતા કેટલાક અધ્યાયો આપ્યા છે.[૭] સ્કંદપુરાણમાં શિલ્પને લગતો

૬ अ. प्रतिमा काष्ठलेपाश्म दंत चित्राय सम्पदे। मानाधिका परिवार रहिता नैव पूज्यते ॥ १५ ॥ रूपमंडन अ–१

ब. प्रत्यंगहीनां विकटां मध्येमंथीनतां तथा। दृशी देवतां प्राज्ञेहीतार्थं नैवकारयेत् ॥ समरांगणसूत्रधार अ–७८

૭ અ. ૪૪ થી ૫૫, અગ્નિપુરાણ

કેટલોક ભાગ છે, જેમાં પ્રાસાદ, વાસ્તુનિરૂપણ, મંડપ વગેરેની નોંધો ઉપરાંત મૂર્તિઓનાં વિધાનો તથા શાલિગ્રામનાં લક્ષણો પણ આપેલાં છે.[૮] વિષ્ણુધર્મોત્તરપુરાણમાં મૂર્તિશાસ્ત્ર માટે લગભગ ચાલીસ અધ્યાયો આપતાં સ્વતંત્ર રીતે આ વિષયની ચર્ચા આપેલી છે,[૯] તેમાં દરેક મૂર્તિઓનાં સ્વરૂપો, અને તેનું આધ્યાત્મિક રહસ્ય સમજાવવા સુંદર પ્રયત્ન કરેલો છે. બીજાં પુરાણો કરતાં વિષ્ણુધર્મોત્તરકારની નોંધ, વ્યવસ્થિત અને શાસ્ત્રીય પ્રમાણસર હોઈ કેટલીક અનન્ય હકીકતો પૂરી પાડે છે. એવી કેટલીયે પ્રતિમાઓનાં તેમાં વર્ણનો છે કે જેની નોંધો મૂર્તિશાસ્ત્રના બીજા ગ્રંથોમાંથી પ્રાપ્ત થવી વીરલ હોય છે.

ગરુડપુરાણમાંથી મૂર્તિશાસ્ત્રને લગતી કેટલીક હકીકત મળી આવે છે, જેમાં શાલિગ્રામના પ્રકારો વિસ્તારથી વર્ણવ્યા છે.[૧૦]

ભવિષ્યપુરાણમાં પ્રતિમાલક્ષણ, પ્રતિમાદ્રવ્યો અને પ્રતિમામાનવગેરે વિષયો વર્ણવ્યા છે.[૧૧] મત્સ્યપુરાણમાં મૂર્તિવિજ્ઞાનને લગતા ત્રણ અધ્યાયો છે, જેમાં નવતાલમાન, પીઠિકાલક્ષણ અને લિંગલક્ષણ સંબંધી વિચાર કરવામાં આવ્યો છે.[૧૨] આ પ્રમાણે પુરાણોમાંથી મૂર્તિશાસ્ત્રનેલગતું કેટલુંક સાહિત્ય ઉપલબ્ધ થાય છે. બૃહત્સંહિતામાં પ્રતિમાલક્ષણ અને વજ્રલેપવિધિનાં વિવેચનો છે. તેમાં પ્રતિમા સંબંધી તથા ખંડિત, સ્ફુટિત, અને ભગ્ન પ્રતિમાઓનું સંધાન કરવા વજ્રલેપની અનન્ય હકીકત રજૂ કરાઈ છે.[૧૩] પુરાણોની માફક આગમોમાં પણ મૂર્તિવિધાનના ખાસ વિષયો રચવામાં આવ્યા છે. આગમોની કુલ સંખ્યા ૨૮ ની ગણાય છે. તેનો પ્રચાર ગુજરાત કરતાં દક્ષિણ હિંદમાં વધુ જોવામાં આવે છે.

૮ સ્કંદપુરાણ, માહેશ્વર ખંડ, અ. ૪૫, ૪૭, ૪૮

૯ વિષ્ણુધર્મોત્તર ખંડ ૩, અ. ૪૪ થી ૮૫

૧૦ ગરુડપુરાણ, અ. ૪૫

૧૧ ભવિષ્યપુરાણ, અ. ૧૨ – ૧૩૧ – ૧૩૨

૧૨ મત્સ્યપુરાણ, અ. ૨૫૮ – ૨૬૨ – ૨૬૩

૧૩ બૃહત્સંહિતા, અ. ૫ – ૭

ભારતના બીજા પ્રાંતોમાં પુરાણો અને શાસ્ત્રોની જે મહત્તા છે, તેથી પણ અધિક મહત્તા દક્ષિણમાં આગમોની માનવામાં આવે છે. આ આગમોમાં હિન્દુ ધર્મને સ્પર્શ કરતા દરેક વિષયો ચર્ચવામાં આવ્યા છે. અર્થાત્ તે બધા ગ્રંથો આપણાં ધર્મશાસ્ત્રો જ છે. આગમો પૈકી કેટલાકે મૂર્તિવિજ્ઞાન અને મૂર્તિપુજાના વિવિધ પ્રયોગો આપ્યા છે. તદુપરાંત શિલ્પશાસ્ત્રને લગતું કેટલુંક વિશિષ્ટ સાહિત્ય તેમાંથી મળી આવે છે.

કામિકાગમમાં મૂર્તિશાસ્ત્રને લગતા થોડાક અધ્યાયો છે, તેમાં લિંગલક્ષણ, પ્રતિમાલક્ષણ, દેવસ્થાપનવિધિ, પ્રતિમાપ્રતિષ્ઠાવિધાન અને પરિવારસ્થાપન વગેરે વિષયો આપ્યા છે.[૧૪] કરણાગમમાં લિંગ અને મૂર્તિ-સંબંધક સાહિત્ય રજૂ કરતાં, તેના પહેલા ભાગમાં લિંગલક્ષણ, મુર્ધનિષ્ટક લક્ષણ, સ્ત્રીમાન, દશતાલલક્ષણ, લિંગસ્થાપનવિધિ, પરિવારસ્થાપનવિધિ, પિઠિકા પીઠ પ્રતિષ્ઠાવિધિ, અને રત્નલિંગસ્થાપન પ્રયોગ જણાવ્યો છે, જ્યારે બીજા ભાગમાં બિંબશુદ્ધિ અને શિવલિંગસ્થાપનનું વિધાન વિસ્તારપૂર્વક ચર્ચ્યું છે.[૧૫]

વૈખાનસાગમમાં પ્રતિમાલક્ષણનો સ્વતંત્ર અધ્યાય આપવામાં આવ્યો છે.[૧૬] સુપ્રભેદાગમમાંથી મૂર્તિશાસ્ત્રને લગતા કેટલાક અધ્યાયો મળી આવે છે. તેમાં લિંગલક્ષણ, શક્તિલક્ષણ, લિંગપ્રતિષ્ઠાવિધિ, શક્તિપ્રતિષ્ઠાવિધિ, પરિવારવિધાન, અને વૃષભસ્થાપનવિધિ વગેરે અનેક વિષયો આપ્યા છે.[૧૭] આમ આગમો મૂર્તિશાસ્ત્ર સંબંધી કેટલીક હકીકતો પૂરી પાડે છે.

પુરાણો અને આગમો તપાસ્યા પછી, શિલ્પશાસ્ત્રના બીજા એવા કેટલાક ગ્રંથો છે, જેમાં શિલ્પ સાથે મૂર્તિશાસ્ત્ર પણ આપવામાં આવ્યું છે. માનસાર નામના ગ્રંથમાં ભૂષણલક્ષણવિધાન, ત્રિમૂર્તિલક્ષણ, લિંગવિધાન,

૧૪ કામિકાગમ, અ. ૬૨ – ૬૪ – ૬૫ – ૬૭ – ૬૮ – ૭૨

૧૫ કરણાગમ, ભા. ૧, અ. ૧૦ – ૧૨ – ૫૯-થી ૬૨; ભા. ૨, અ. ૧૩ – ૨૧

૧૬ વૈખાનસાગમ, અ. ૨૨

૧૭ સુપ્રભેદાગમ, અ. ૩૩ – ૩૪ – ૩૬ થી ૪૦

પીઠલક્ષણ, શક્તિલક્ષણવિધાન, જૈનપ્રતિમાનિર્માણ, બુદ્ધમૂર્તિવિધાન, મૂર્તિલક્ષણવિધાન, યક્ષવિદ્યાધરવિધાન, ભક્તલક્ષણવિચાર, હંસ, ગરુડ અને વૃષભ વાહનાદિ નિર્માણવિચાર, વિવિધ પ્રતિમાવિધાન, દશતાલલક્ષણ વગેરેના સ્વતંત્ર અધ્યાયો આપવામાં આવ્યા છે. આ સિવાય પણ બીજા મૂર્તિશાસ્ત્રને લગતા ચાર અધ્યાયો તેમાંથી મળી આવે છે.[૧૮] મયમત શિલ્પશાસ્ત્રમાં મૂર્તિશાસ્ત્રને લગતા ચાર અધ્યાયો આપ્યા છે, જેમાં લિંગલક્ષણ, પીઠલક્ષણ, અનુકર્મવિધાન, અને પ્રતિમાલક્ષણવિધાન વગેરે બાબતો નોંધી છે.[૧૯] અંશુમદ્ભેદ નામના કશ્યપે રચેલા શિલ્પગ્રંથમાં, મૂર્તિવિધાન માટે કેટલીક વિશિષ્ટ હકીકતો રજૂ કરી છે. તેમાં સપ્તમાતૃકાલક્ષણ, વિનાયકલક્ષણ, પીઠલક્ષણોદ્ધાર, સકળસ્થાપન, વેદી, સુખાસનવિચાર, ચંદ્રશેખરલક્ષણ, અષ્ટતાલલક્ષણ, સપ્તતાલલક્ષણ, પરિવારવિધિલિંગલક્ષણ, ઉત્તમદશતાલલક્ષણ, વૃષવાહનમૂર્તિલક્ષણ, નૃત્યમૂર્તિલક્ષણ, ગંગાધરમૂર્તિલક્ષણ, ત્રિપુરામૂર્તિલક્ષણ, અર્ધનારીશ્વરલક્ષણ, ગજમૂર્તિલક્ષણ, પાશુપતમૂર્તિલક્ષણ, કંકાળમૂર્તિલક્ષણ, હર્યર્ધમૂર્તિલક્ષણ, ભિક્ષાટનમૂર્તિલક્ષણ, ચન્દ્રસાનુગ્રહલક્ષણ, દક્ષિણામૂર્તિલક્ષણ, કાલમૂર્તિલક્ષણ, લિંગોદ્ભવલક્ષણ, ચક્રપાણિલક્ષણ વગેરેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.[૨૦] આ ઉપરથી તેમાં મૂર્તિશાસ્ત્ર માટે સપ્રમાણ ચર્ચા કરવામાં આવી હોવાનું જણાય છે. આ એક અત્યુત્તમ ગ્રંથ છે. વિશ્વકર્મા-શિલ્પનામક ગ્રંથમાં મૂર્તિવિધાનને લગતાં કેટલાંક પ્રકરણો છે, તેમાં લક્ષ્મ્યાદિઅષ્ટદેવીમૂર્તિનિર્માણવ્યવસ્થા, અને બ્રહ્માદિ મૂર્તિઓના સ્વરૂપોનું સુંદર વિવેચન કર્યું છે.[૨૧] અગસ્ત્ય

૧૮ જુઓ માનસાર, અ. ૩૯ થી ૫૬ (સંપાદક, પ્રસન્નકુમાર આચાર્ય, પ્રોફેસર, અલ્લાહાબાદ યુનિવર્સિટી)

૧૯ મયમતશિલ્પશાસ્ત્ર, અ. ૩૩ થી ૪૩ (મદ્રાસ ઓરિયેન્ટલ લાઇબ્રેરી હસ્તલિખિત પ્રત, કેટલૉગ નં. ૨૨, ગ્રંથ નં. ૧૩૦૮૮

૨૦ અંશુમદ્ભેદ (કાશ્યપીય, અ. ૪૭ થી ૮૧)

૨૧ વિશ્વકર્માશિલ્પ, અ. ૮ થી ૧૨ (રાજેન્દ્ર બાબુનું સંસ્કૃત ગ્રંથોનું અવલોકન, વૉ. ૨, પા. ૧૪૨, ગ્રંથ નં. ૭૩૧)

શિલ્પશાસ્ત્રમાં મૂર્તિવિજ્ઞાન માટે નીચે જણાવેલા વિષયને લગતા અધ્યાયો આપવામાં આવ્યા છે.[૨૨] તેમાં સોમસ્કંદલક્ષણ, ચંદ્રશેખરલક્ષણ, વૃષભવાહનલક્ષણ, ત્રિપુરાંતક લક્ષણ, કલ્યાણસુંદરલક્ષણ, અર્ધનારીશ્વરલક્ષણ, પાશુપતલક્ષણ, ભિક્ષાટનલક્ષણ, ચંડેશાનુગ્રહલક્ષણ, દક્ષિણામૂર્તિલક્ષણ, કાલારીમૂર્તિલક્ષણ વગેરેની વિશિષ્ટ ચર્ચા કરી છે. આ ગ્રંથમાં ફક્ત શિવમૂર્તિ માટે જ લખવામાં આવ્યું છે, તેટલું જ નહિ પણ દક્ષિણમાં પ્રચાર પામેલી કેટલીક મૂર્તિઓનું તેમાં વર્ણન છે. આથી તે ગ્રંથ દક્ષિણમાં લખાયો હોય, અગર કોઈ દાક્ષિણાત્યે લખ્યો હોય એમ લાગે છે. સંગ્રહનામક શિલ્પશાસ્ત્રનો એક ગ્રંથ છે, જેમાં જુદાજુદા કેટલાક ગ્રંથોમાંથી પ્રકરણો ઉદ્ધૃત કરાયાં છે, તેમાં ઉપરોક્ત માનસાર, મયમત, કાશ્યપીય અને વિશ્વકર્મા વગેરે ગ્રંથોમાંથી કેટલાક અધ્યાયો મૂક્યા છે. આ ઉપરાંત મૂર્તિશાસ્ત્રને લગતા કેટલાંક પ્રકરણો પુલસ્ત્યમાંથી રજૂ કર્યાં છે, જેમાં દક્ષિણામૂર્તિનિર્માણ, નારદોક્ત કૃષ્ણલક્ષણ, નારાયણોક્ત રામલક્ષ્મણવિધાન, સારસ્વતપ્રોક્ત ચંદ્રશેખરવિધાન, ગરુડલક્ષણપટલ, વિશ્વેશ્વરપ્રોક્ત સ્કંદ, વીરભદ્ર, ત્રિપુરારિ વગેરે દેવોનાં પ્રતિમાવિધાનને લગતી અનન્ય હકીકતો નોંધવામાં આવી છે. આ સિવાય તેમાં કપિંજલસંહિતામાંથી ગરુડલક્ષણ, કૌમુદિ ગ્રંથોક્ત પ્રતિમાલક્ષણ, બ્રહ્મયામલપ્રોક્ત ચામુંડાધ્યાનવિધિ, દશાવતારલક્ષણ, દીપ્તતંત્રોક્ત લિંગલક્ષણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.[૨૩] અપરાજિતપૃચ્છાનામક શિલ્પશાસ્ત્રનો અપ્રતિમ ગ્રંથ છે, જેમાં મૂર્તિવિધાન માટે કેટલાક સ્વતંત્ર અધ્યાયો આપ્યા છે. પાંચરાત્રપ્રદીપિકા ગ્રંથમાં મૂર્તિને લગતો પ્રતિમાલક્ષણનામક એક અધ્યાય આપ્યો છે. મયપ્રતિષ્ઠાતત્ત્વ ગ્રંથ રઘુનંદનનામના વિદ્વાને રચ્યો છે. તેમાં શિલ્પકલા

૨૨ અગસ્ત્ય શિલ્પશાસ્ત્ર, અ. ૪થી ૧૪ (મદ્રાસ ઓરિયેન્ટલ લાઇબ્રેરી કૅટલૉગ નં. ૨૨, ગ્રંથ નં. ૧૩૦૪૬)

૨૩ શિલ્પસંગ્રહ, અ. ૭ થી ૯ – ૧૩ – ૧૪ – ૧૬ – ૧૭ – ૧૯ – ૨૦ (ઉપરોક્ત કૅટલૉગ નં. ૧૩૦૫૮)

સાથે મૂર્તિકલાની પણ કેટલીક ચર્ચા કરી છે. મહાનિર્વાણ તંત્રમાં પણ મૂર્તિવિધાનની વિચારણા કરવામાં આવી છે. તેમાં પ્રતિમાવિધાન, લિંગવિધાન, ભગ્નપ્રતિમાસંધિકરણ, પ્રતિમાદ્રવ્યવિચાર વગેરે વિષયો ચર્ચવામાં આવ્યા છે. માનસોલ્લાસ ગ્રંથમાં જુદીજુદી પ્રતિમાઓના વિધાન સાથે વજ્રલેપની હકીકત પણ નોંધી છે.[૨૪] ભોજદેવકૃત સમરાંગણસૂત્રધારમાં, મૂર્તિવિજ્ઞાન માટે કેટલાક અધ્યાયો મૂક્યા છે.[૨૫] તેમાં પીઠિકાલક્ષણ, મૂર્તિલક્ષણ, વાહનલક્ષણ, આયુધલક્ષણ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.

શિલ્પશાસ્ત્રના ગ્રંથો સિવાય મૂર્તિશાસ્ત્ર માટે કેટલાક સ્વતંત્ર ગ્રંથો પણ લખાયા છે. તેવા ગ્રંથોમાં પ્રતિમાદ્રવ્યાદિમાન, પ્રતિમામાનલક્ષણ, ચતુર્વર્ગચિંતામણિ, મૂર્તિધ્યાન, મૂર્તિલક્ષણ, લક્ષણસમુચ્ચય, દેવતાશિલ્પ, રૂપમંડન, હરિભક્તિવિલાસ, તંત્રસાર, વિશ્વકર્માવતાર, રૂપાવતાર, શિલ્પશાસ્ત્ર, શિલ્પસાર અને શિલ્પરત્ન વગેરે ગ્રંથો મુખ્ય છે. આ બધા ગ્રંથોમાં કેટલાક પુરાણો અને તંત્રોના આધારે રચાયા છે. મૂર્તિલક્ષણ ગ્રંથ ગરુડસંહિતામાંથી લેવામાં આવ્યો છે, જ્યારે લક્ષણસમુચ્ચય હેમાદ્રીના દાનખંડ, મુહૂર્તદીપક અને પરશુરામપ્રકાશમાંથી લેવાયો છે. આ બધા ગ્રંથોના આધારે ભારતીય મૂર્તિવિધાનની યોજના કરવામાં આવી છે. તેમાંના કેટલાક પ્રાંતીય અસ્મિતા અનુભવે છે. કારણ કેટલાક પ્રાંતોમાં અમુક ગ્રંથોના જ આધારે મૂર્તિઓની રચના કરવામાં આવી હોવાનું જણાય છે. જેમ દક્ષિણનું મૂર્તિવિધાન આગમોને અનુલક્ષી યોજાયું છે, જ્યારે ગુજરાતનું મૂર્તિવિધાન રૂપમંડનને અનુસરે છે. આમ પ્રાંતીય વિવિધતાનું મુખ્ય કારણ, જે તે પ્રાંતોમાં પ્રચાર પામેલા જુદાજુદા ગ્રંથોને લઈને જ હોવાનું જણાય છે. ગુજરાતમાં

૨૪ માનસોલ્લાસ (રાજેન્દ્ર બાબુનું સંસ્કૃત ગ્રંથોનું અવલોકન, વૉ. ૩, પા. ૧૮૨) અ. ૧ વિંશતી. ૩ શ્લો. ૬૮૬થી ૮૪૦ (ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ) ભા ૨

૨૫ સમરાંગણસૂત્રધાર, અ. ૭૦ થી ૭૮ (ગાયકવાડ ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ દ્વારા પ્રકાશિત ભા. ૨)

વધુ પ્રસિદ્ધ થયેલ રૂપમંડન ગ્રંથ, કુંભારાણાના પ્રીતિપાત્ર સ્થપતિમંડન સૂત્રધારે બનાવ્યો હતો, જે પંદરમા સૈકામાં થઈ ગયો છે. ગુજરાતમાં કેટલીક મૂર્તિઓ ઈ. સ.ના પહેલા સૈકાથી છઠ્ઠા કે આઠમા સૈકા જેટલી પ્રાચીન હોવાનું જણાય છે, ત્યારે રૂપમંડન ગ્રંથ તો આજથી ફક્ત ત્રણસો ચારસો વર્ષ પહેલાં જ રચાયો છે. તેના સમર્થનમાં જણાવવાનું કે રૂપમંડનના નિર્માણ થયા અગાઉ ગુજરાતનું શિલ્પસ્થાપત્ય અને મૂર્તિવિજ્ઞાન, અપરાજિતપૃચ્છા, સમરાંગણસૂત્રધાર, ક્ષીરાર્ણ અને અંશુમદ્ભેદ વગેરે પ્રાચીન ગ્રંથોને આધારે કરવામાં આવતું હતું, એમ વૃદ્ધ સ્થપતિઓ અને વિદ્વાનોનું માનવું છે. આજ પણ ગુજરાતના કેટલાક સ્થપતિઓના ઘરોમાંથી આ બધા ગ્રંથો મળી આવે છે, જે ઉપરોક્ત માન્યતાને પુષ્ટિ આપે છે. આથી ગુજરાતમાં તેનો પ્રચાર હશે એમ જરૂર લાગે છે.

મૂર્તિવિજ્ઞાનનું સાચું મહત્ત્વ મૂર્તિપૂજા ઉપર અવલંબેલું છે; કારણ મૂર્તિપૂજાના ઉદ્‌ગમ અને જરૂરિયાતને કારણે જ તેનો પ્રાદુર્ભાવ થયો છે. જો મૂર્તિપૂજાનું અસ્તિત્વ જ ન હોય તો પ્રતિમાવિધાનની સમાજને કાંઈ પણ જરૂરત રહેતી નથી. આથી જ મૂર્તિપૂજાનો વધુ પ્રચાર સાધતા કર્મકાંડના વિવિધ ગ્રંથો, તેનાં વિધાનો વર્ણવતાં ધર્મશાસ્ત્રો, કામ્ય પ્રયોગોથી મનેપ્સિત કાર્યો સિદ્ધ કરવાનાં અનુષ્ઠાનો, તંત્રો, યામલો વગેરેમાંથી મૂર્તિવિજ્ઞાનને લગતી કેટલીક માહિતીઓ મળી આવે છે. યામલોમાં વિશેષે કરીને તાંત્રોક્ત પદ્ધતિએ કરવામાં આવતાં પૂજન, અર્ચનોનાં જ વિધાનો હોય છે. બ્રહ્મયામલ, વિષ્ણુયામલ, અને રુદ્રયામલમાં એવાં કેટલાંક વિધાનો છે, જેમાંથી જુદાજુદા પ્રકારની મૂર્તિઓ માટેનાં વર્ણનો મળી આવે છે. શુક્રનીતિ ધર્મશાસ્ત્રનો પ્રાચીન ગ્રંથ છે, તેમાં ધર્મ અને નીતિના વિવિધ વિષયો ચર્ચતાં મૂર્તિશાસ્ત્રને પણ સ્થાન આપ્યું છે.[૨૬] તેમાં મૂર્તિવિજ્ઞાનને લગતી કેટલીક માહિતી આપ્યા પછી, મૂર્તિઓનાં વર્ણનો રજૂ કર્યાં છે. શારદાતિલક તંત્રનો જ ગ્રંથ છે, તેમાં મૂર્તિને લગતા કેટલાક ઉલ્લેખો આવે છે. પાંચરાત્રપ્રદીપિકા જેનું અપર નામ

૨૬ શુક્રનીતિ, અ. ૪, પ્રકરણ ૪

મંત્રદીપક છે, તેને નારદપંચરાત્રના પદ્મતંત્રના એક વિભાગ તરીકે માનવામાં આવે છે. તેમાં પ્રતિમાલક્ષણ અને પ્રતિમાસંગ્રહનામક બે અધ્યાયો આપવામાં આવ્યા છે. હેમાદ્રીકૃત ચતુર્વર્ગચિંતામણિમાં મૂર્તિવિજ્ઞાનને લગતા સેંકડો ઉલ્લેખો નોંધાયા છે. આ સિવાય નિર્ણયસિંધુ, ધર્મસિંધુ, મંત્રમહાર્ણવ, મંત્રમહોદધિ, મંત્રરત્નાકર, મેરુતંત્ર, વૃદ્ધહારિતસ્મૃતિ અને શ્રીતત્ત્વનિધિ વગેરે ગ્રંથોમાંથી મૂર્તિવિજ્ઞાન માટેની અનન્ય હકીકતો મળી આવે છે. હિંદુ મૂર્તિવિજ્ઞાનના વિદ્વાન લેખક સ્વ. ડૉ. ગોપીનાથ રાવે શ્રીતત્ત્વનિધિનો ઠેરઠેર ઉલ્લેખ કરેલો છે. બૌદ્ધ સંપ્રદાયમાં કેટલાક ગ્રંથો પ્રતિમાવિજ્ઞાન માટે સ્વતંત્ર રચાયા છે. ચિત્રલક્ષણ ગ્રંથમાં દેવમૂર્તિઓનાં ચિત્રોની શાસ્ત્રીય માહિતી રજૂ કરી છે. આ ગ્રંથની મૂળ પ્રત અપ્રાપ્ય છે પણ તિબેટિયન ભાષામાંથી, તેનો જર્મનીની અંદર અનુવાદ બહાર પડ્યો છે. તારાલક્ષણનામક ગ્રંથમાં તારા અને બીજાં અનેક દેવદેવીઓનાં વર્ણનો આપવામાં આવ્યાં છે. તેવી જ રીતે બુદ્ધની દશતાલ મૂર્તિ માટે, તિબેટિયન ભાષામાં દશતાલન્યગ્રોધ પરિમંડલ બુદ્ધપ્રતિમાલક્ષણનામક ગ્રંથ લખાયો છે; જેમાં બુદ્ધના પ્રતિમાવિન્યાસ માટે કેટલીક અનન્ય હકીકતો નોંધવામાં આવી છે. સાધનમાલામાંથી સેંકડો બૌદ્ધ પ્રતિમાઓનાં વિધાનો મળી આવે છે, જેના આધારે બૌદ્ધ પ્રતિમાવિધાનનો અપૂર્વ ગ્રંથ ડૉ. ભટ્ટાચાર્યે બહાર મૂક્યો છે. આ સિવાય બિંબમાન અને બુદ્ધપ્રતિમાલક્ષણ પણ બૌદ્ધ સંપ્રદાયના પ્રતિમાવિષયક ગ્રંથો છે. જૈન સંપ્રદાયમાં પ્રતિમાવિધાન માટે કેટલાક ગ્રંથો લખાયા છે, જેમાં ઠક્કર ફેરુનો વાસ્તુવિદ્યાવિષયક વાસ્તુસાર, અપરાજિતપૃચ્છા, લોકપ્રકાશ, આચારદિનકર, નિર્વાણકલિકા મુખ્ય છે. આ સિવાય બીજા સામાન્ય પ્રતિષ્ઠાસારોદ્ધાર વગેરે ગ્રંથો પણ છે, જેની વધુ સૂચિ આપવાની અત્રે આવશ્યકતા લાગતી નથી, કારણ હિંદુ મૂર્તિવિજ્ઞાનના કેટલાક ગ્રંથોમાં રૂપમંડનની માફક જિનપ્રતિમાવિધાન માટેનાં સ્વતંત્ર પ્રકરણો લખાયાં છે. હિંદુ મૂર્તિવિધાનને લગતા ગ્રંથોનું વિવરણ આગળ આપવામાં આવેલ હોઈ, તે જ ગ્રંથોની પુનરુક્તિ જૈન પ્રકરણો માટે પુનઃ અત્રે ઉચ્ચારવાની જરૂરત જણાતી નથી.

પ્રકરણ ૩ જું

મૂર્તિઓ અને અન્ય પ્રતીકો

ઈશ્વર સર્વવ્યાપક, શક્તિમાન, અગમ્ય અને અકલ્પ્ય હોવાથી તે નિર્ગુણ બ્રહ્મને ચિત્ત કે ઇંદ્રિયો દ્વારા જાણી શકાતો નથી, એટલે વ્યક્ત હોવા છતાં અવ્યક્ત ભાસે છે. તેથી તેને પ્રાપ્ત કરવા કલ્પિત સ્વરૂપનું આલંબન ખાસ કરીને લેવું જ પડે છે. નિરાકાર યાને અવ્યક્ત ઉપાસના કષ્ટસાધ્ય હોવાથી, ઉપનિષદો અને ધર્મશાસ્ત્રોમાં પ્રતીકોપાસનાની કલ્પના રજૂ કરી, માનવસમાજને તે દ્વારા પ્રભુના પરમપદને પ્રાપ્ત કરવાનો અણમોલ માર્ગ નિર્દેશન કર્યો છે.[1] પ્રતિમા તે જ પ્રભુ નથી પણ ઈશ્વરની સાંનિધ્યે લઈ જનારું અણમોલ સાધન છે. સ્વ મણિલાલ નભુભાઈ દ્વિવેદીના શબ્દોમાં કહીએ તો "મૂર્તિ તો એક સંજ્ઞા ચિહ્ન છે, જેને વેદો, ઉપનિષદો પ્રતીક તરીકે સંબોધે છે.

ઈશ્વરનાં સગુણ સ્વરૂપ કે સ્વરૂપોને પ્રતિમા આદિ પ્રતીકો દ્વારા મૂર્ત કરવામાં આવે છે. શબ્દકલ્પદ્રુમકાર પ્રતિમાની વ્યુત્પત્તિ આપતાં નોંધે છે કે—

प्रतिमीयते इति–प्रति+मा+ अङ। टाप् अनुकृतिः । प्रतिबिंबं ॥ તેવી જ બીજી વ્યુત્પત્તિ प्रतिमीयते (अनयेति करणे अङ) मूर्तसदृशमृच्छलादि निर्मित प्रतिरूपकम्॥[2] અમરકોષકાર તેના અનેક પર્યાયોનો ઉલ્લેખ આપતાં प्रतिमानम्, प्रतिबिंबम्, प्रतियातना, प्रतिच्छाया, प्रतिकृतिः, अर्चा, प्रतिनिधि વગેરે નામો રજૂ કરે છે. જ્યારે હેમચંદ્રાચાર્ય પ્રતિછંદ, પ્રતિકાય અને પ્રતિરૂપ નામો વધુ સૂચવે છે. પ્રભુના બાહ્યયજનમાં આલંબનની ખાસ જરૂરત હોવાનું,

---

૧ शिवमात्मनि पश्यन्तु प्रतिमासुन योगीनः। अज्ञानां भावनार्थाय प्रतिमाः परिकल्पितः॥ जाबाल उपनिषद्

૨ શબ્દકલ્પદ્રુમ, કાંડ ૩, પા. ૨૫૮

ગયા પ્રકરણમાં જણાવી ગયા છીએ, તદન્વયે પ્રતિકૃતિ યાને પ્રતિમાનાં વિવિધ સ્વરૂપો જે આજે પ્રચારમાં આવ્યાં છે, તેમાં લિંગ, શાલિગ્રામ, યંત્ર, પટ્ટ અને પ્રતિમા, એ પાંચ મુખ્ય છે. લિંગ અને શાલિગ્રામ સિવાય બાકીના ત્રણે ભેદો જૈન, બૌદ્ધ અને હિંદુ ધર્મમાં એકસરખા પ્રચલિત થયા છે, જ્યારે પહેલા બે ફક્ત હિંદુ ધર્મમાં શિવ અને વિષ્ણુનાં સામાન્ય પ્રતીકો છે.

લિંગ

બીજા બધા દેવોની માફક શિવની ઉપાસના માટે, તેમની વિવિધ મૂર્તિઓ બનાવવાનું મૂર્તિશાસ્ત્રો અને પુરાણોમાં નોંધાયું છે; છતાં શિવનું મુખ્ય પ્રતીક લિંગ મનાય છે. આજે તો શિવની પ્રતિમાવાળાં મંદિરો ક્વચિત જ જોવામાં આવે છે, જ્યારે લિંગનો પ્રચાર તો હિમાલયથી કન્યાકુમારી સુધી ભારતમાં સર્વત્ર ફેલાયો હોવાનું જોઈએ છીએ. લિંગપૂજા પ્રાગ્ ઐતિહાસિક કાળ જેટલી અતિ પ્રાચીન હોવાનું જણાય છે. લિંગોના અનેક ભેદો છે તેમાં ચલ, સ્થિર અને સ્વયંભુ લિંગોના પ્રકારો મુખ્ય છે.

પાષાણ ઉપરાંત જુદીજુદી ધાતુઓ, ધાન્યો, રત્નો અને મૃત્તિકાદિ કેટલીક વસ્તુઓનાં લિંગો વિવિધ કામનાઓ સિદ્ધ કરવા માટે બનાવવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું છે.

કાષ્ઠનાં કોઈ શિવલિંગો આજે વિદ્યમાન નથી, પણ પ્રાચીન કાલમાં જુદાંજુદાં વૃક્ષોમાંથી બાણલિંગો બનાવવામાં આવતાં હશે એમ અનેક ગ્રંથોના આધારે જણાય છે. ટૂંકમાં પાષાણનું લિંગ વૈભવ આપનારું, માટીનું સર્વકામનાઓને પૂર્ણ કરનારું, અને કાષ્ઠનું લિંગ ધનની સિદ્ધિ આપનારું છે. ચલ લિંગો ખાસ કરીને ઘરની અંદર પૂજા કરવા માટે રાખવામાં આવે છે, જ્યારે શિવમંદિરોની અંદર સ્થિર લિંગો બેસાડેલાં હોય છે.

લિંગ શબ્દનો સામાન્ય અર્થ જનનેન્દ્રિય ગણાય છે. આધ્યાત્મિક રીતે લિંગ બ્રહ્મનું પ્રતીક છે, જ્યારે પૌરાણિક દૃષ્ટિએ જેમાં ઈશ્વર–સદાશિવનો આવિર્ભાવ હોય તે લિંગ યાને શરીર છે. જેની કોઈએ પણ

સ્થાપના કરી ન હોય, જે પ્રાચીન યોગેશ્વરોના હાથે સ્થપાયું હોય, તેવાં લિંગોની ગણના સ્વયંભૂ તરીકે મનાય છે. લિંગો જુદાંજુદાં સ્થાનોમાં હોવાનું જીર્ણોદ્ધારદર્શકમાં જણાવ્યું છે; ગુજરાતમાં પણ કેટલાંક સ્વયંભૂ લિંગો મળી આવે છે.

શાલિગ્રામ

વિષ્ણુનું પ્રતીક શાલીગ્રામ છે; પણ જેમ શિવલિંગોવાળાં હજારો મંદિરો ભારતવર્ષમાં આજે વિદ્યમાન છે તેમ શાલિગ્રામનાં સ્વતંત્ર મંદિરો ક્વચિત જ મળે છે. વિષ્ણુની ખાસ કરીને પ્રતિમાઓ જ પૂજાય છે, છતાં શાલિગ્રામ પણ તેમનું જ પ્રતીક છે. શાલિગ્રામની અંદર ચક્ર હોય છે, તેનો આકાર ગોળ કે ચપટો, અને વચમાં છિદ્ર પડેલું માલૂમ પડે છે. જેમ બાણલિંગો પુણ્યતમ પ્રદેશો, નદીઓ અને તીર્થસ્થાનોમાંથી લાવવામાં આવે છે, તેમ શાલિગ્રામની ઉત્પત્તિ ગંડકી નદીમાં થાય છે. શાલિગ્રામની શિલાઓમાં સુવર્ણ આવતું હોવાથી તેમને હિરણ્યગર્ભ પણ કહેવામાં આવે છે. તેનાં કદ, રંગ, રેખા, ચક્ર, આકાર વગેરેના આધારે જુદાંજુદાં સ્વરૂપો માનવામાં આવે છે, તેમજ કેવા શાલિગ્રામો પૂજન માટે નિષિદ્ધ છે, વગેરે ગુણ-દોષનાં વર્ણનો અનેક ગ્રંથોમાં નોંધાયાં છે. જેમ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવે છે તેમ શાલિગ્રામની પ્રતિષ્ઠાનો સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કર્યો છે; પરંતુ તેમના પૂજન માટેનાં વિધિવિધાનો અનેક ગ્રંથોમાં સંગ્રહાયાં છે. આગમોમાં તો તેનાં સ્વતંત્ર પ્રકરણો લખાયાં છે. રામાનુજ સંપ્રદાયની અંદર દરેક સાધુને શાલિગ્રામની ઉપાસના કરવાનું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. આજે પણ શાલિગ્રામ-પૂજાનો વધુ પ્રચાર, તે પંથના સાધુઓમાં સારી રીતે ફેલાયો હોવાનું આપણે જોઈએ છીએ.

યંત્રો

જેમ પ્રતિમાનું વૈવિધ્ય જુદાજુદા દેવો પરત્વે મૂર્તિવિધાનમાં છે, તેમ દરેક દેવોના પૃથક્ પૃથક્ યંત્રો જણાવ્યા છે. યંત્રનો સામાન્ય

અર્થ શરીર યાને વિગ્રહ ગણાય છે. યંત્ર મંત્રમય હોય છે, મંત્ર એ દેવતાનું સૂક્ષ્મ શરીર છે. કેવળ યંત્રપૂજા ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરાવતી નથી, પણ યંત્રની સાથે મંત્રનો સહયોગ સાધી જે ઉપાસના કરવામાં આવે છે તે જ સાચી ઉપાસના હોઈ, સિદ્ધિદાયક બને છે.[૨] યંત્રનો પ્રચાર બૌદ્ધ, જૈન અને હિંદુ, એ ત્રણે ભારતીય મહાધર્મોમાં સારી રીતે ફેલાયો છે. જુદાજુદા દેવોના અધિષ્ઠાનસ્વરૂપ વિવિધ ચક્રો, અને રેખાઓના સમૂહથી તૈયાર થયેલ ઉપાસ્ય દેવનો યંત્ર, ઉપાસકને તેની કાર્યસિદ્ધિની નજદીક લઈ જાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ યંત્રનું સ્વરૂપ સમજાવતાં, સ્વ. નર્મદાશંકર દેવશંકર મહેતા શાક્ત સંપ્રદાયમાં જણાવે છે કે, પરાદેવતા એટલે શક્તિ-તત્ત્વનું ચિન્મય, અને આનંદમય સ્વરૂપ અને તે આનંદઘન ચેતનમાંથી ત્રણ રેખાઓ પ્રકટ થાય છે. તેના મધ્યકેન્દ્રને પરબિન્દુ કહે છે, અથવા પરાદેવતા કહે છે. અને તેમાંથી જે ત્રણ નાનાં બિન્દુઓ પ્રકટ થાય છે તે જ્ઞાન, ક્રિયા અને ઇચ્છાનાં, ત્રણ અપર બિન્દુઓ. આ મધ્યકેન્દ્રમાંથી બળ મેળવી જે કોણ-બિન્દુઓ થાય, તેને જોડનારી રેખાઓ વડે સબિન્દુ ત્રિકોણ મુખ્ય ચિદાકાશમાં પ્રકટ થાય છે. તે વિમર્શ શક્તિનું આદ્યસૂચક યંત્ર[૩] છે. યંત્રોમાં જણાવેલાં બિન્દુ, ત્રિકોણ, વૃત્ત, અષ્ટ, દ્વાદશ, ચતુર્વિંશતિ પત્રો, અને ભૂપુરો વગેરેના દેવતાઓ તથા બીજમંત્રો શાસ્ત્રકારોએ નિયત કર્યા છે. તંત્રમાર્ગમાં પ્રતિમા કરતાં પણ યંત્રનું મહત્ત્વ વધુ જણાવ્યું છે. દરેક દેવતાના બીજમંત્રોમાં તે તે દેવતાની પરાશક્તિ તથા આધ્યાત્મિકતાનું છૂપું રહસ્ય સમાયેલું હોય છે. અર્થાત્ તંત્રમાર્ગમાંની યંત્રપૂજા તાત્ત્વિક ભાવના ઉપર રચાઈ હોવાનું યામલો, આગમો, અને તંત્રમાર્ગના મૌલિક ગ્રંથોના આધારે જણાય છે.

---

૨ यंत्रं मंत्रमयं प्राहुर्देवता मंत्ररूपिणी। यंत्रेणा पूजितो देवः सहसा न प्रसीदति ॥ १ ॥ सर्वेषामपि मंत्राणां यंत्रे पूजा प्रशस्यते ॥ संहितायाम् ॥

૩ શાક્ત સંપ્રદાય, પા. ૭૪

નાનામાં નાનો યંત્ર બિન્દુ અને ત્રિકોણ છે, જ્યારે સર્વ યંત્રોમાં શ્રેષ્ઠતર મનાતો યંત્ર શ્રીચક્ર છે, જેને યંત્રરાજ કહેવામાં આવે છે. બૌદ્ધ માર્ગનો મહાયાન સંપ્રદાય તંત્રશાસ્ત્રથી જ ગૂંથાયેલો છે. મહાયાન શાખાના તાંત્રિકોની એક મુખ્ય શાખા તે વજ્રયાન યાને મંત્રયાન કહે છે; તેમાં જુદાજુદા બૌદ્ધ દેવોનાં મંત્ર, તંત્ર, યંત્ર વગેરેની સંપૂર્ણ માહિતી સાથે ઉપાસનાઓ કરવામાં આવે છે. જૈન સંપ્રદાયની અંદર પણ તંત્રમાર્ગનો પ્રચાર ઐહિક યા પારમાર્થિક સુખો પ્રાપ્ત કરવા ફેલાયો હોવાનું તેઓના કેટલાક ગ્રંથોના આધારે જણાય છે. આ સિવાય શ્રી સારાભાઈ નવાબે ભૈરવપદ્માવતીકલ્પ, ઘંટાકર્ણમહામંત્રકલ્પ, નવસ્મરણ વગેરે પુસ્તકોની અંદર કેટલાક યંત્રો શુદ્ધ અને આકર્ષક રીતે પ્રકટ કર્યા છે.

ગુજરાતમાં યંત્રપૂજાનો પ્રચાર પ્રાચીન કાલથી ઊતરી આવ્યો હોવાનું સમજી શકાય છે. આરાસુરનાં અંબાભવાની, અને સુંવાળનાં બહુચરાજીમાં યંત્રો જ પૂજાય છે. ગુજરાતનાં આ પ્રાચીન શક્તિપીઠો યંત્રપૂજા અને શક્તિઉપાસનાનાં ભવ્ય પ્રતીકો છે. આ સિવાય કેટલાંક મંદિરોમાંથી શ્રીયંત્રો પણ મળી આવે છે. ગુજરાતમાં પ્રચલિત સિંધવાઈનાં મંદિરોમાં પણ મુખ્યત્વે યંત્રપૂજા જ ગોખની અંદર કરવામાં આવે છે.

યંત્રોના ત્રણ પ્રકારો છે: ભૂપૃષ્ઠ, કૂર્મપૃષ્ઠ, મેરુપૃષ્ઠ. સપાટ પાષાણ કે ધાતુની અંદર જે યંત્ર કોતરવામાં આવે તે ભૂપૃષ્ઠ, કાચબાની માફક સહેજ ઊપસતો જે યંત્ર કોતરી કાઢવામાં આવે તે કૂર્મપૃષ્ઠ, અને દહેરાના આકારનો અગર પર્વતના આકારનો ઊંચો યંત્ર બનાવવામાં આવે તેને મેરુપૃષ્ઠ કહેવામાં આવે છે. યંત્રો ખાસ કરીને વસ્ત્ર, ભૂર્જપત્ર, સુવર્ણાદિધાતુ, સ્ફટિક અને પાષાણની અંદર કોતરવામાં આવે છે. આ સિવાય કાગળ પરત્વે અષ્ટગંધ વગેરે જુદાંજુદાં દ્રવ્યો અને વિવિધ વૃક્ષોની કલમો વડે યંત્રો ભૂર્જપત્ર (ભોજપત્ર) કે કાગળ યા વસ્ત્રમાં લખવાના ઉલ્લેખો પુરશ્ચર્યાના ગ્રંથોમાંથી મળે છે.

પટ

યંત્રની માફક પટપૂજાનો પ્રચાર તેવો અને તેટલો ફેલાયો નથી, છતાં કેટલેક ઠેકાણેથી તેવાં સૂચનો મળે છે. લકુલીશ સંપ્રદાયના શિવયોગીઓને, નિત્યાર્ચનમાં યોગપટ્ટ રાખવો પડે છે. સંન્યાસીઓને પણ નિત્યકર્મમાં યોગપટ્ટની જરૂરિયાત રહે છે. જૈનધર્મમાં તો ગિરનાર, પાલિતાણા વગેરે તીર્થોના પટો કપડામાં ચિતરાવવામાં આવે છે. અને કાર્તિક સુદ પૂનમ, તથા ફાગણ સુદ પૂનમે, ગામ બહાર કોઈ ઉદ્યાન કે ધર્મસ્થાનની અંદર તેને પ્રતિમાની માફક ગોઠવી તેનું અર્ચન. દર્શન કરવામાં આવે છે. બૌદ્ધ સંપ્રદાયમાં પટપૂજાનો પ્રચાર છે કે નહીં તે. માટે પૂરતી હકીકત મળી નથી, પણ એકબીજા ધર્મના સુસંસ્કારો પરસ્પર અપનાવ્યા હોવાથી તે સંપ્રદાયમાં જરૂરિયાત પ્રમાણે પ્રચાર ઊતર્યો હશે એવું અનુમાન જાય છે. આમ જુદુંજુદું માનસ ધરાવનારાં મનુષ્યો પોતાના ઇષ્ટ દેવનું મનઃકલ્પિત રીતે પ્રતિમા કે તેનાં વિવિધ પ્રતીકોમાં પૂજન અર્ચન કરે છે. તત્ત્વતઃ પ્રભુ સમસ્ત વિશ્વમાં વ્યાપ્તમાન છે. પછી ગમે તે રીતે, અને ગમે તે વસ્તુમાં તેની ભાવવ્યંજના કરી, આરોપણ કરવામાં આવે તોપણ તે ઈશ્વરનું સ્વરૂપ બને છે. ટૂંકમાં આધ્યાત્મિક દૃષ્ટિએ મૂર્તિ અને પ્રતીકોમાં ઝાઝો તફાવત નથી. આ બધા એક જ સ્થળે પહોંચાડનારા જુદાજુદા માર્ગો છે, એમ કહીશું તો અયોગ્ય નહીં ગણાય.

પ્રકરણ ૪ થું

મૂર્તિવિધાન અને એની પરિભાષા

સ્થપતિ

મૂર્તિવિધાનમાં તેના વિધાયકનું સ્થાન મોખરે છે. મૂર્તિકાર મૂર્તિકળાનો ફક્ત જાણકાર જ નહીં, પણ પ્રતિમાની સાથે તન્મયતા સાધી તેમાં એકરૂપ થનાર પણ હોવો જોઈએ.

એકંદરે સ્થપતિ વિદ્વાન, બહુશ્રુત વાસ્તુવિદ્યાનો અભ્યાસી, કાર્યકુશળ, બુદ્ધિમાન, અને સર્વશાસ્ત્રનો સારો જાણકાર હોવો જોઈએ, એમ જુદાજુદા ગ્રંથોમાંથી જણાય છે. સૂત્રગ્રાહિન, વાર્ધકી, અને તક્ષક, તેનાથી ઊતરતા ગુણો ધરાવતા શિલ્પીઓ છે. અન્ય શિલ્પીઓને તો સ્થપતિની કલ્પના મુજબ માન, અને યોગ્ય સૂત્રો પ્રમાણે, ફક્ત કાર્ય કરવાનું જ હોય છે. આવો ઉત્તમ લક્ષણો ધરાવનારો જ સ્થપતિ, મૂર્તિમાં પ્રભુનું સાકાર સ્વરૂપ ઉતારી શકે છે. જો પ્રતિમા સુરૂપ, ભાવવાહી, આનંદદાયક, રમ્ય, અને ઉક્ત લક્ષણોપેત ન હોય તો, તેમાં પ્રભુનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.

દ્રવ્યવિચાર

પ્રતિમા શાની બનાવવી અર્થાત તેમાં કેવાં દ્રવ્યો (વસ્તુઓ) લેવાં, તે માટે શાસ્ત્રકારોએ કેટલીક વસ્તુઓ નિયત કરી છે. આજે તો આપણે મોટા ભાગની પાષાણ-પ્રતિમાઓ જ જોઈએ છીએ; પરંતુ પ્રાચીનકાળમાં બીજાં દ્રવ્યોની પ્રતિમાઓ બનતી હતી એમ જાણવા મળે છે. બ્રાહ્મણ અને બૌદ્ધ સંપ્રદાયમાં ધાતુપ્રતિમાઓનો પ્રચાર હતો, પણ ખાસ કરીને ઘરની અંદર પૂજા-અર્ચા માટે જ; છતાં ક્વચિત્ ધાતુની મોટી પ્રતિમાઓ મંદિરોની અંદર બેસાડેલી પણ જોવામાં આવે છે. જૈન સંપ્રદાયની અંદર

ધાતુપ્રતિમાઓનો પ્રચાર ખૂબ ફેલાયો હતો, એમ પ્રાચીન અર્વાચીન સુવર્ણ, રૌપ્ય, તામ્ર, પિત્તળ, અને પંચધાતુની, પ્રાપ્ત થયેલ નાની મોટી સેંકડો પ્રતિમાઓ ઉપરથી જણાય છે. આ સિવાય બીજાં અનેક દ્રવ્યો જુદાજુદા ગ્રંથકારોએ પ્રતિમાઓ માટે સૂચવ્યા છે: માનસાર તે સંબંધી ઉલ્લેખો આપતાં સુવર્ણ, રૌપ્ય, તામ્ર, પાષાણ, કાષ્ઠ, સુધા, (ચૂનો) શર્કરા, (કાંકરી) આભાસ, અને મૃત્તિકા વગેરે નવ દ્રવ્યો જણાવે છે.[1] જ્યારે સમરાંગણની અંદર સુવર્ણાદિ પાંચ દ્રવ્યો ઉપરાંત લેપ્ય, અને ચિત્ર, (લેપ્ય) બે દ્રવ્યો વધુ સૂચવી, સુધા વગેરેની નોંધ આપી નથી.[2] પુરાણ પણ આ સાત દ્રવ્યોને સ્વીકારે છે.[3] સમરાંગણકારે સ્ફટિકનો નિર્દેશ કરી તેના બે પ્રકારો જણાવ્યા છે, જ્યારે આ પુરાણ સ્ફટિકની મોઘમ નોંધ લે છે. શિલ્પસારસંગ્રહ બીજાં દ્રવ્યોની સાથે લોહનું સૂચન કરે છે.[4] આથી પ્રાચીન ભારતમાં લોઢાની પ્રતિમાઓ બનતી હશે એવું અનુમાન થાય છે. ઉપર જણાવેલ દ્રવ્યો સિવાય રત્ન, સીસું, તામ્ર, કાંસ્ય, અને રેતીની પ્રતિમાઓ બનાવવાનું મત્સ્યપુરાણ કહે છે.[5] અગ્નિ-

---

१ ब्रह्माविष्णु महेशानाम् लक्षणं वक्ष्यतेधुना ।
हिरण्य राजतान्येव ताम्रेणैव शिलावपी ॥ १ ॥
दार्वे वा सुधेनापि शर्कराभास मृत्तिका ।
एतैस्तु नवधा द्रव्यैश्चोत्तमादि त्रयम् त्रयम् ॥ २ ॥ मानसार अ. ४१

२ प्रतिमानामथक्रमो लक्षणं द्रव्यमेवच ।
सुवर्ण रौप्य ताम्राश्मदारु लेखानि शक्तितः ॥ १ ॥
चित्रं चेति विनिर्दिष्टं द्रव्यमर्चासु सप्तधा ॥ समरांगणसूत्रधार अ. ७६

३ प्रतिमा सप्तधा प्रोक्ता भक्तानां शुद्ध हृदये ।
कांची राजती ताम्री पृथिवी शैलजास्मृता ॥ २ ॥
वार्क्षी लेख्यकावेति मूर्ति स्थानानि सप्तवै ॥ भविष्यपुराण अ. १३१

४ मूर्तिस्तु वृक्ष पाषाणः लोह द्रव्यैः प्रकारयेत् ॥ ६ ॥ शिल्पसारसंग्रह अ. ११

५ सुवर्ण राजती वापि ताम्री रत्नमयी तथा ।
शैली दारुमयी चापी लोह सीसमयी तथा ॥ २० ॥

પુરાણમાં પ્રતિમાનાં સાત દ્રવ્યો ગણાવ્યાં છે, તે પૈકી ગંધજા અને કૌસુમી, એ બે દ્રવ્યો વિશિષ્ટ છે.[૬] ગંધજાપ્રતિમા કેવળ ગંધ(ચંદન)ની નાની મૂર્તિ બનાવવામાં આવતી હોવી જોઈએ, જ્યારે કૌસુમી તે પુષ્પ-પ્રતિમાનું સૂચન કરે છે. શુક્રનીતિકાર પ્રતિમાદ્રવ્યોમાં રેતી, લોટ, ગેરુ, માટી, કાષ્ઠ, પાષાણ, અને ધાતુની નોંધ લે છે.[૭] જ્યારે રૂપમંડન અને રૂપાવતારનો કર્તા લોહ, શૈલ, રત્ન, કાષ્ઠ, પ્રવાલ અને રત્ન વગેરેની પ્રતિમાઓ બનાવવાનો આદેશ આપે છે.[૮] આમ જુદાજુદા ગ્રંથો પ્રતિમા માટે વિવિધ દ્રવ્યો સૂચવે છે. તેમાં સુવર્ણ, રૌપ્ય, તામ્ર, પાષાણ, અને કાષ્ઠ એ સર્વસામાન્ય હોઈ, ઘણાખરાએ તેનો સ્વીકાર કર્યો છે, જ્યારે સ્ફટિક, લેપ્ય, લોહ, રેતી, સુધા, (ચૂનો) શર્કરા, સીસું, ગંધ, પુષ્પ, વગેરે વિશિષ્ટ દ્રવ્યોના ઉલ્લેખો થોડાક ગ્રંથોમાંથી મળે છે.

પાષાણ અને ધાતુઓની પ્રતિમાઓ તો સર્વસામાન્ય છે. કાષ્ઠની પ્રતિમાઓ જોકે જવલ્લે જ મળે છે; છતાં તેનો પ્રચાર હોવાના પુરાવાઓ ઉપલબ્ધ થાય છે. અલ્બેરૂની પોતાની પ્રવાસ-નોંધમાં મુલતાનમાંથી પ્રાપ્ત કાષ્ઠની સૂર્ય-પ્રતિમાનો ઉલ્લેખ આપે છે.[૯] હિંદુઓના પરમ પવિત્ર મહાતીર્થ જગન્નાથપુરીમાં, જગદીશની પ્રતિમા કાષ્ઠમાંથી જ બનાવેલી છે. સૂર્ય અને રન્નાદેવીની કાષ્ઠમાંથી બનાવેલી મોટી પ્રતિમાઓ, પાટણમાં મહાલક્ષ્મીના મંદિરની અંદર મોજૂદ છે. આ મૂર્તિ જગત્સ્વામી નામથી ઓળખાતી હોઈ, શ્રીમાળના ભંગ પછી ઈ.સ. ૧૨૦૩માં, મહાલક્ષ્મીની પ્રતિમા સાથે તેને પાટણમાં બ્રાહ્મણો લાવ્યા હતા. શ્રીમાળની અંદર જગત્સ્વામીનું ભવ્ય મંદિર હતું, એમ ત્યાંના ખંડિયેરો અને શિલાલેખોના આધારે જણાય છે, તે મંદિરની આ સેવ્ય પ્રતિમા છે.[૧૦]

ધાતુપ્રતિમાઓનો પ્રચાર તો સર્વસામાન્ય હતો. અલ્બેરૂનીએ ચક્રસ્વામીની ધાતુપ્રતિમા, મોટા મનુષ્યકદની સ્થાનેશ્વરમાં જોઈ હતી, એમ તેની પ્રવાસ-નોંધમાં જણાવ્યું છે.[૧૧] વધુમાં તે લખે છે કે આ મૂર્તિ મહાભારતકાળ જેટલી પ્રાચીન હોવાની દન્તકથા છે. ગુજરાતમાંથી તો ધાતુપ્રતિમાઓ સંખ્યાબંધ મળે છે. વિજાપુર પાસે કોટયર્ક તીર્થમાંથી ધાતુની ચાર પ્રતિમાઓ આશરે ચોથા પાંચમા સૈકાની મળી આવી છે. આ ઉપરથી ગુજરાતમાં ધાતુપ્રતિમાઓનો પ્રચાર પ્રાચીનકાળથી ઊતરી આવ્યો હોવાની સાબિતી મળે છે. જૈન સંપ્રદાયમાં તો ધાતુપ્રતિમાનો પ્રચાર વધુ ફેલાયો હતો, એમ ધાતુની સેંકડો પ્રતિમાઓ મળતી હોવાથી જણાય છે. આ સિવાય વસ્તુપાળ તેજપાળ જેવા મહાશ્રેષ્ઠીઓએ, સુવર્ણાદિ ધાતુઓનાં બિંબો બનાવ્યાં હોવાના કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો મળે છે.[૧૨] શ્રીમંત સરકાર ગાયકવાડની પાસે ગણપતિની સુવર્ણપ્રતિમા હોવાનું જણવામાં આવ્યું છે. પાટણમાં વાયુદેવના મંદિરની અંદર વાયુ, તેમની પત્ની શિવા, સૂર્ય અને બ્રહ્માની મોટી ધાતુ-પ્રતિમાઓ આજે પણ વિદ્યમાન છે. મહેસાણામાં માનવકદની દેવીની ધાતુની પ્રતિમા ત્યાંના એક મંદિરમાં છે. આ સિવાય જૈન જૈનેતરોના

रीतीका धातुयुक्ता वा ताम्र कांस्यमयी तथा।
शुद्ध दारुमयी चापी देवतार्चा प्रशस्यते॥ २१॥ मत्स्यपुराण अ. २५८

૬ मन्मयी दारुघटीता लोहजा रत्नजा तथा।
शैलजा गंधजा चैव कौसुमि सप्तधास्मृता॥ ९॥
कौसुमि गंधजा चैव मृन्मयी प्रतिमा तथा
तत्काल पूजिताश्चैता सर्वकाम फलप्रदा॥ १०॥ अग्निपुराण अ. ४३

૭ प्रतिमा सैकति पैष्टी लेख्या लेप्या च मृन्मयी।
वार्क्षि पाषाण धातुत्था स्थिरा ज्ञेयायथोत्तरा॥ ७२॥ शुक्रनीति अ. ४, प्र. ४

૮ अष्टलोहमयी चापी शैलरत्नमयी शुभा।
श्रेष्ठवृक्षमयी बाऽपि प्रवालादि शुभामता॥ १०॥ रूपमंडन अ. १०।
रूपावतार श्लो. २६, अ. १

૯ અલ્બેરૂનીકા ભારત ભા. ૧ પરિચ્છેદ ૧૧

૧૦ Bombay Gazeteer vol.I, Part II, Appendix No. 1

૧૧ અલ્બેરૂનીકા ભારત ભા. ૧ પા. ૧૪૯

૧૨ કીર્તિકૌમુદી, ભાષાંતર. જુઓ પ્રસ્તાવના. કર્તા. વ. હ. આચાર્ય.
નરનારાયણાનંદ, વસંતવિલાસ મહાકાવ્ય, અને ધર્માભ્યુદય વગેરે

કેટલાક પ્રશસ્તિ-લેખોના આધારે, ધાતુ-પ્રતિમાઓનો ગુજરાતમાં સારો પ્રચાર થયો હોવાનું માલૂમ પડે છે.

લેપ્ય પ્રતિમાના કોઈ નમૂના ગુજરાતમાંથી મળ્યા નથી, પણ ખેડબ્રહ્માની પ્રખ્યાત બ્રહ્માજીની પ્રતિમા રેતીની હોઈ, તેના ઉપર લેપ્ય કર્મ કરવામાં આવ્યું હોવાની લોકમાન્યતા છે. આમ ગુજરાતમાં કેટલાંક વિશિષ્ટ દ્રવ્યોની પ્રતિમાઓ બનતી હતી, એમ પ્રાપ્ત મૂર્તિશિલ્પોના આધારે જણાય છે. પાષાણની પ્રતિમાઓ માટે તો સૂચન કરવાની પણ જરૂરત લાગતી નથી; કારણ આજે તો મૂર્તિ પાષાણની જ હોય, એવી ભાવના લોકમાનસમાં રમી રહી છે. શિલા, વૃક્ષ, અને સ્ફાટિકમાં, કેટલીક વિશિષ્ટતાઓ, અને ગુણદોષો પણ તેના સ્વભાવ મુજબ છુપાયેલા હોવાનું વિવિધ ગ્રંથોના આધારે જણાય છે.

લિંગ અને પ્રતિમાના ઉપયોગ માટે વપરાતાં કાષ્ઠો છિદ્ર રહિત, મજબૂત, અને કઠણ હોવાં જોઈએ, તેટલું જ નહિ પણ ગાંઠવાળા, છિદ્રવાળા, અને વૃક્ષના શાખા-પ્રશાખાવાળા ભાગો અવશ્ય કરીને ત્યાગ કરવાનું રૂપમંડન અને દેવતામૂર્તિ પ્રકરણમાં જણાવ્યું છે.[13] અર્થાત્ કાષ્ઠ સુદૃઢ અને સારું હોવું જોઈએ. આમ શિલા-પરીક્ષાની માફક દારુ-પરીક્ષા પણ આવશ્યક હોઈ તેના ગુણદોષો વિચારવાનું શાસ્ત્રવિદો સૂચવે છે.

મૂર્તિ, પીઠિકા, જલાધારીઓ, અને લિંગો વગેરે માટે લાવવામાં આવતી શિલાને ઘેર લાવતા અગાઉ ખાણમાંથી બહાર કાઢી, તેના ઉપર કેટલીક ધાર્મિક વિધિઓ કરવામાં આવતી હોવાનું વિધાન અગ્નિપુરાણ આપે છે. પ્રતિમાની કલ્પના મૂર્તિનું સ્વરૂપ ઘડાઈ તૈયાર થતા અગાઉ, શિલાહરણના સમયથી જ શિલ્પીના હૃદયમાં ઉત્થાન પામતી હતી. આવું જ વિધાન વિષ્ણુધર્મોત્તરકારે વિસ્તારથી જણાવ્યું છે.[14] શિલાહરણની

૧૩ निर्वणा सुदृढा वृक्षा लिंगार्थे सौख्यदायकाः ।
ग्रंथि कोटर संयुक्तान् शाखोद्भूतान् परित्यजेत् ॥६७॥ देवतामूर्तिप्रकरण अ. ६

૧૪ વિષ્ણુધર્મોત્તરપુરાણ ખંડ ૩, અ. ૯૦

માફક દાર્વાહરણ(પ્રતિમા માટે યોગ્ય વૃક્ષનાં કાષ્ઠ લાવવા)નું વિધાન દેવમંદિર, પ્રતિમા, કે યજ્ઞકાર્ય માટે કરવાનું બૃહત્સંહિતા અને વિષ્ણુધર્મોત્તરમાં જણાવ્યું છે.[15] જેમ દરેક મંગલ કાર્ય માટે મુહૂર્ત જોવાની આવશ્યકતા હોય છે, તેમ આ કાર્યમાં પણ મુહૂર્તની ખાસ અપેક્ષા રહે છે. તેથી જ રૂપમંડન અને રૂપાવતાર સાદા શબ્દોમાં કહે છે કે સારા દિવસે, શુભ નક્ષત્રોમાં અને સારા શુકન જોઈ પ્રતિમા, ઘર, અને કાષ્ઠ વગેરેનું કાર્ય કરવું.[16] તેની શરૂઆત કરતા અગાઉ શિલાને અર્ચી, અધિષ્ઠાતા દેવને બલિદાન આપી, પ્રાસાદની ઉત્તર બાજુએ ઉત્તરાભિમુખ કે પૂર્વાનના બેસી યોગ્ય લક્ષણાન્વિત મૂર્તિ તૈયાર કરવાનો આદેશ અગ્નિપુરાણ આપે છે.[17]

આ સિવાય મૂર્તિવિધાનમાં જ્યોતિષની દૃષ્ટિએ નક્ષત્ર, યોનિ, ષડાષ્ટક, વર્ગાષ્ટક, નાડીવેધ, દેવાદિગણવિચાર, અને વિંશોપકા વગેરેનો વિચાર કરવાનું દેવતામૂર્તિપ્રકરણમાં જણાવ્યું છે.[18]

આ સિવાય સ્થપતિને કેટલાક નિયમો આચરવાનું શિલ્પશાસ્ત્ર કહે છે. જ્યાં સુધી પ્રતિમાવિધાનનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આ બધા નિયમો શિલ્પિને ખાસ કરીને પાળવા પડે છે. આ નિયમાચરણથી પ્રતિમાના કાર્યમાં તન્મયતા, પવિત્રતા, અને ફ્રિચ્ચ વિચારોના આવિષ્કરણથી

૧૫ બૃહત્સંહિતા અ. ૫૮, શ્લો. ૧૦-૧૧. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૮૯

૧૬ सुदिने शुभ नक्षत्रे शकुने शान्तचेष्ठिते।
प्रतिमा गृह काष्ठादि कर्म कुर्यान्न चान्यथा॥ રૂપમંડન, શ્લોક. ૬, અ.૧
રૂપાવતાર શ્લો. ૧૦, અ.૧

૧૭ वासुदेवस्य प्रतिमा लक्षणं प्रवदामिते।
प्रासादस्योत्तरे पूर्वं मुखं वा चोत्तराननं॥१॥
संस्थाप्य पूज्यं च बलिदत्वाधोमध्यसूत्रकम्॥ अग्निपुराण अ. ४४

૧૮ नक्षत्रयोनिश्च षडाष्टकश्च वर्गाष्टकं नाडीगतं च ऋक्षम्।
देवादि ऋक्षाणि विंशोपकाश्च एते विलोक्याः प्रतिमाविधाने ॥५९॥
देवतामूर्तिप्रकरण

ભાવગમ્યતા આવે છે; તેટલું જ નહિ પણ શાસ્ત્રના ઉક્ત નિયમો પ્રમાણે બનાવેલી પ્રતિમા, સ્થપતિનાં ધર્માચરણ અને ભક્તિભાવ વડે પ્રભુનું સાચું પ્રતીક ઉપજાવવામાં સફળતા અર્પે છે.

પ્રતિમાના પ્રકાર

પ્રતિમાઓમાં મુખ્ય બે પ્રકારો જોવામાં આવે છે: એક સ્થાવર અને બીજો જંગમ. આ ઉપરાંત એક ક્ષણિક પ્રકાર પણ ગણાવ્યો છે. વિશેષ કરીને આગળના બે પ્રકારો જ વધુ મહત્ત્વ ધરાવે છે. તેનાં ચલ અને અચલ એવાં નામો મળે છે. સ્થાવર, સ્થિર યાને અચલ પ્રતિમાઓ મંદિરોમાં સ્થાપિત કરવામાં આવે છે, જ્યારે ચલ યાને જંગમ મૂર્તિઓ ઉત્સવો અને વરઘોડાઓ વગેરે માટે ઉપયોગી હોય છે.[૧૯] ગુજરાતમાં દેવોના વરઘોડાઓ અઠવાડિયે કે પંદર દિવસે ચડાવવાનો પ્રચાર વધુ જોવામાં આવતો નથી. ફક્ત ડાકોરમાં દર અઠવાડિયે રણછોડરાયનો વરઘોડો ચડાવવાનો રિવાજ હજુ સુધી પ્રચલિત છે. ગુજરાતના પ્રસિદ્ધ શક્તિસ્થાન તરીકે પૂજાતા ચુંવાળનાં બહુચરાજીમાં દર પૂનમે માતાજીનો વરઘોડો ચડાવવામાં આવે છે. આ સિવાય દર વર્ષે અગર વર્ષમાં બે ત્રણ વખત કેટલાક દેવોના વરઘોડા ચડાવવાનો રિવાજ ગુજરાતમાં જોવામાં આવે છે. જૈન સંપ્રદાયમાં પણ જળયાત્રા, માળાપરિધાન અને બીજા કેટલાક ઉત્સવો ઉપર દેવોના ભારે દબદબાવાળા વરઘોડા ચડાવવાનો રિવાજ પ્રાચીનકાળથી ઊતરી આવ્યો હોવાનું જણાય છે. દક્ષિણ હિંદમાં તો દરરોજ ભગવાનના વરઘોડા ચડતા હોય, તે માટે મંદિરમાં સ્થિર પ્રતિમાની સાથે નાની જંગમ પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે, જેને આવા વરઘોડા અને ઉત્સવોમાં રથ, પાલખી કે હાથી ઉપર બેસાડી બહાર લઈ જવામાં આવે છે. અર્થાત દક્ષિણ ભારતમાં સ્થાવરની સાથે ચલપ્રતિમાઓનો

૧૯ स्थावरं जंगमं चैव द्वीविधम् बेरमुच्यते ।
जंगमं चोत्सवं भावेत् सर्वं स्थावरमिष्यते ॥१८॥ मानसार अ. ५१

પ્રચાર વધુ પ્રસર્યો છે. ગુજરાતમાંથી પણ વૈદિક, જૈન અને બૌદ્ધ સંપ્રદાયની ચલ-પ્રતિમાઓ મળે છે. તેમાં જૈન અને વૈદિક સંપ્રદાયની તો [illegible]ોટી ધાતુ-મૂર્તિઓ જોવામાં આવે છે.

આ સિવાય ત્રીજો પ્રકાર ક્ષણિક મૂર્તિઓનો છે, જે વ્રતો, અનુષ્ઠાનો અને વિશિષ્ટ પ્રસંગોએ, થોડાક વખત માટે મૃત્તિકા કે બીજાં દ્રવ્યોની પ્રતિમા બનાવી તેનું પૂજન, અર્ચન, બલિદાન વગેરે આપી તે પ્રતિમાનું જળની અંદર વિસર્જન કરવામાં આવે છે. ચિંતામણિ યાને પાર્થિવ લિંગ-પૂજનમાં રોજ નવું શિવલિંગ બનાવી પૂજવાનું વિધાન છે. આવી અમુક સમય માટે જે પ્રતિમા બનાવવામાં આવે તેને ક્ષણિક સંજ્ઞા આપવામાં આવે છે.

અંગુલાદિમાન વિચાર

પ્રતિમા-વિધાનમાં સૌથી વધુ ધ્યાન આપવા લાયક વસ્તુ હોય તો તે તેનાં પ્રત્યેક અંગોને તૈયાર કરવામાં પ્રતિમાના કદ પ્રમાણેનું યોગ્ય માન છે. માનનો સાદો અર્થ માપ એવો થાય છે, પણ દરેકે દરેક માનની વ્યવસ્થા અતિ સૂક્ષ્મથી આરંભી સ્થૂલ પર્યંતની ગણના રજૂ કરે છે. મૂર્તિ-વિન્યાસમાં તાલમાન વધુ ઉપયુક્ત છે. તેનું કોષ્ટક નીચે પ્રમાણે બને છે:

૮ છાયારેણુ=૧ વાલાગ્ર	૮ યવ=૧ આંગળ
૮ વાલાગ્ર=૧ લીક્ષા	૨ આંગળ=૧ ગોલક
૮ લીક્ષા=૧ યૂકા	૨ ગોલક=૧ કલા
૮ યૂકા=૧ યવ	૩ કલા=૧ તાલ

આ ઉપરથી બાર આંગળનો એક તાલ એમ સૂચિત થાય છે. માનના પ્રમાણ, પરિમાણ, લંબમાન, ઉનમાન અને ઉપમાન વગેરે ભેદો હોવાનું માનસાર કહે છે. પ્રતિમાની લંબાઈ (ઊંચાઈ) તે માન, પહોળાઈનું માપ તે પ્રમાણ, પરીધ યાને ફરતું માપ (જાડાઈ) તે પરિમાણ, પ્રતિમાના શિરોભાગથી પગ સુધી સૂત્ર (ઓળંબો) છોડતાં મૂર્તિનાં પ્રત્યેક અંગ અને

સૂત્ર વચ્ચેના અંતરનું માપ તે લંબમાન, જાડાઈ અગર તો ઘેરાવાનું માપ તે ઉન્માન, પ્રત્યેક અંગના અંતર વચ્ચેનું માન, જેમ કે બે પગો વચ્ચેના અંતરનું માપ તેને ઉપમાન કહેવામાં આવે છે.[૨૦]

ઉપર જણાવેલ કોષ્ટકના આધારે આઠ યવનો એક અંગુલ એમ નિશ્ચિત થાય છે, પણ તેમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ એવા પેટા-ભેદો હોય છે. આઠ યવનો અંગુલને ઉત્તમ, સાત યવનો મધ્યમ, અને છ યવનો અંગુલ કનિષ્ઠ પ્રકાર છે. તેવી જ રીતે અંગુલના માનાંગુલ, માત્રાંગુલ અને દેહાંગુલ એવા ત્રણ પ્રકારો જાણવા મળે છે.[૨૧]

અંગુલ પછી તેવું જ મહત્ત્વનું સ્થાન તાલમાનનું છે. તાલ કોને કહેવો? બાર આંગળનો એક તાલ સર્વસામાન્ય રીતે ગણાતો હોઈ મત્સ્યપુરાણ આ તાલમાન પ્રમાણે અવયવોની કલ્પના કરવાનો આદેશ આપે છે.[૨૨] મધ્યમા અને અંગૂઠાને વિસ્તારિત કરતાં જે માપ આવે, તેને ગોકર્ણ સંજ્ઞા વૈદિક કર્મકાંડમાં આપી છે. તેને જ શિલ્પકારોએ તાલ માનવો એમ બ્રહ્માંડપુરાણ અને સુપ્રભેદાગમ સૂચવે છે.[૨૩] આ સિવાય તાલના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા પેટા-ભેદો હોઈ પ્રત્યેકના અંગુલાદિમાં થોડોથોડો ફેરફાર હોય છે. જેમ કે દશ તાલની અંગુલાદિ

૨૦ मानं चापि प्रमाणं च परिमाणं लम्बमानकम् ।
उन्मानं उपमानं च मानपञ्च समीरीतम् ॥ ४ ॥
पादांगुष्ठी ससीमान्तं शिरोन्तम् मानम् चापि प्रकथ्यते ।
प्रमाणं विस्तृतं प्रोक्तं परितः परिमाणकम् ॥ ५ ॥
तत् सूत्राल्लम्बमानं स्याद् निम्नं उन्मान उच्यते ।
अत्रांतरोपमानं स्याद् विम्बोदायादि सर्वशः ॥ ६ ॥
मानं एवम् तु षड्भेदम् मानेनांगानि मानयेत् ॥ मानसार अ. ५५

૨૧ શિલ્પરત્ન અ. ૨ શ્લો. ૩-૮-૧૭

૨૨ स्वकीयांगुलीमानेन मुखं स्याद् द्वादशांगुलम् ।
मुखमानेन कर्तव्या सर्वावयव कल्पना ॥ १९ ॥ मत्स्यपुराण अ. २५८

૨૩ સુપ્રભેદાગમ અ. ૩૦ શ્લો. ૨૨

સંખ્યા ૧૨૦ની થાય છે, પણ ઉત્તમ દશ તાલ ૧૨૪ અંગુલ, અધમ દશ તાલ ૧૧૬ અંગુલ, અને મધ્યમ દશ તાલ ૧૨૦ અંગુલ પ્રમાણ હોવાનું શાસ્ત્ર-કારો માને છે. અર્થાત બાર અંગુલનો એક તાલ એ મધ્યમ માન મનાય છે.

તાલાનુસારી મૂર્તિઓ

દરેક પ્રતિમાઓના રૂપવિધાનમાં તાલ અને અંગુલાદિ માનો મુખ્ય ભાગ ભજવે છે. પ્રતિમાના પ્રત્યેક અવયવો માપ સિવાય બનવા જ અશક્ય છે; પરંતુ કઈ પ્રતિમા કેટલા તાલની સામાન્યતઃ બનાવવી તે માટે પણ મૂર્તિશાસ્ત્રકારોએ ખૂબખૂબ સ્પષ્ટતા કરી છે.

તાલમાન માટેનાં સૂચનો નીચે પ્રમાણે આપવામાં આવ્યાં છે :[૨૪]

એક તાલ—કીર્તિમુખ, કૂર્માવતાર અગર કૂર્મ
બે ,, —પક્ષીઓ
ત્રણ ,, —હાથીઓ
ચાર ,, —ઘોડાઓ
પાંચ ,, —કુબ્જ-વિરૂપ મનુષ્યો તથા બેઠેલા માનવો, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, વૃષભની બેઠી પ્રતિમાઓ, તથા વરાહ વગેરે પાંચ તાલનાં બનાવવાં
છ તાલ—વિનાયક, વરાહ તેમજ વૃષભનું મધ્યમ સ્વરૂપ છ તાલનું બનાવવું
સાત તાલ—મનુષ્યો તથા વૃષભ, વરાહ વગેરે
આઠ તાલ—દુર્ગા, લીલા, મહાલક્ષ્મી, સરસ્વતી, કાલિંદી, સાવિત્રી, નંદા, પદ્માવતી, કાત્યાયની વગેરે
નવ તાલ—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવતાઓ
દશ તાલ—રામ, બલિ, વિરોચન વગેરેની પ્રતિમાઓ, તથા સિદ્ધો અને જૈન દેવોની મૂર્તિઓ
અગિયાર તાલ—સ્કંદ, હનુમાન, ચંડિકા અને ભૂતો વગેરે

૨૪ દેવતામૂર્તિપ્રકરણ અ. ૨ શ્લો. ૪ થી ૧૨

બાર તાલ—વૈતાલ પ્રતિમાઓ

તેર તાલ—રાક્ષસો, પિશાચો વગેરે ક્રૂરકર્મ કરનારાઓની મુકુટ વગરની પ્રતિમાઓ

ચૌદ તાલ—દૈત્યેન્દ્રો-મુકુટ પહેરેલા

પંદર તાલ—ભૃગુપ્રતિમા

આમ જુદાજુદા ગ્રંથકારોનાં કથનો વિચારતાં દરેકમાં યત્કિંચિત ભિન્નતા જણાય છે, છતાં સમદૃષ્ટિએ જોતાં દરેકની એકવાક્યતા હોવાનું તરી આવે છે. દરેક ગ્રંથકાર દેવોની પ્રતિમાઓ નવ અગર દશ તાલની, ઉગ્ર દેવોની મૂર્તિઓ બારથી સોળ તાલની, પશુ, પક્ષી અને બાળકોની એકથી પાંચ તાલની અને કુમારની મૂર્તિઓ છ તાલની બનાવવાનું સૂચવે છે.

દરેક પ્રતિમાનાં કદ અને માપ માટે જેમ તાલમાનો નિર્દિષ્ટ કર્યાં છે, તે પ્રમાણે પ્રાસાદની ઊંચાઈ, દ્વાર, અને ગર્ભગૃહના માન અનુસાર પ્રતિમાઓ બનાવવાનું દેવતામૂર્તિપ્રકરણ, સમરાંગણસૂત્રધાર, બૃહત્સંહિતા, કાશ્યપશિલ્પ વગેરેમાં જણાવ્યું છે. અર્થાત્ તાલમાન એ સર્વસામાન્ય માન ગણાય છે, જ્યારે બીજા બધા પ્રકારો વિશિષ્ટ-માન સૂચવે છે. પ્રાસાદમાન અનુસાર એક હાથના પ્રાસાદ માટે અગિયાર આંગળ ઊંચી ઊભી પ્રતિમા યોગ્ય મનાય છે, અને એક હાથથી ચાર હાથ સુધી પ્રત્યેક હાથ પ્રમાણે દશ અંગુલ પ્રતિમાનો વિસ્તાર કરવાનું શાસ્ત્રકાર સૂચવે છે. પાંચથી દશ હાથ સુધીના પ્રાસાદ માટે દરેક હાથ પ્રમાણે પ્રતિમાનો બે અંગુલ વિસ્તાર કરતાં અગિયારથી પચાસ હાથ સુધીના પ્રાસાદ માટે એક એક અંગુલ પ્રતિમા ક્રમેક્રમે વધારવી,[૨૫] જેનું કોષ્ટક આ સાથે રજૂ કરવામાં આવ્યું છે:

---

૨૫ हस्तादैवं हस्तान्ते षड्वृद्धि स्यात् षड्ङ्गुला।
——— ऽङ्गुला वृद्धिरिष्यते ॥ १२ ॥ देवतामूर्तिप्रकरण अ. १

પ્રાસાદમાન અનુસાર ઊભી પ્રતિમાઓનાં માપનું કોષ્ટક

પ્રાસાદમાન	પ્રતિમામાન	પ્રાસાદમાન	પ્રતિમામાન
૧ હાથ	૧૧ અંગુલ	૮ હાથ	૪૯ અંગુલ
૨ હાથ	૨૧ અંગુલ	૯ હાથ	૫૧ અંગુલ
૩ હાથ	૩૧ અંગુલ	૧૦ હાથ	૫૩ ,,
૪ હાથ	૪૧ અંગુલ	૧૧ હાથ	૫૪ ,,
૫ હાથ	૪૩ અંગુલ	અગિયારથી પચાસ હાથ સુધી-	
		ના પ્રાસાદ માટે દરેક હાથે એક	
૬ હાથ	૪૫ અંગુલ	એક અંગુલ પ્રતિમા વધારતાં,	
		પચાસ હાથના પ્રાસાદને ૯૩	
૭ હાથ	૪૭ અંગુલ	અંગુલની ઊભી પ્રતિમા બના-	

વવાનું નિર્દિષ્ટ થાય છે; પરંતુ બેઠી પ્રતિમાઓ માટે તેના અંગુલાદિમાં કેટલોક ફેર હોય છે. જો પ્રાસાદમાને બેઠી પ્રતિમા બનાવવી હોય તો એક હસ્તના પ્રાસાદને છ અંગુલ પ્રતિમા બનાવી, ચાર હાથ સુધી પ્રત્યેક હાથે છ છ અંગુલ પ્રતિમા વધારતાં, પાંચથી દશ હાથ સુધીના પ્રાસાદ માટે ત્રણત્રણ અંગુલ મૂર્તિ વધારી, અગિયારથી પચાસ હાથ સુધી દરેક હાથે એક આંગળ વૃદ્ધિગત કરવી.[૨૬] તેનું પણ કોષ્ટક નીચે પ્રમાણે આપવામાં આવ્યું છે:

પ્રાસાદમાન અનુસાર બેઠી પ્રતિમાઓનાં માનનું કોષ્ટક

પ્રાસાદમાન	પ્રતિમામાન	પ્રાસાદમાન	પ્રતિમામાન
૧ હાથ	૬ અંગુલ	૭ હાથ	૩૩ અંગુલ
૨ હાથ	૧૨ અંગુલ	૮ હાથ	૩૬ અંગુલ
૩ હાથ	૧૮ અંગુલ	૯ હાથ	૩૯ અંગુલ
૪ હાથ	૨૪ અંગુલ	૧૦ હાથ	૪૨ અંગુલ
૫ હાથ	૨૭ અંગુલ	૧૧ હાથ	૪૩ અંગુલ
૬ હાથ	૩૦ અંગુલ	અગિયારથી પચાસ હાથ સુધીના	

---

૨૬ एकाङ्गुली भवेद् वृद्धिर्यावत् पंचाशद्धस्तकम् ॥ એજન

પ્રાસાદ માટે પ્રત્યેક હાથે એકએક અંગુલ વધારતાં પચાસ હાથના પ્રાસાદને ૮૨ અંગુલની પ્રતિમા બનાવવાનો શાસ્ત્રકાર નિર્દેશ કરે છે. આ બધાં માનો ઉત્તમ પ્રકારનાં ગણાવ્યાં છે, પણ તેમાં મધ્યમ અને કનિષ્ઠ એવા પેટાભેદો હોઈ એકવીસ આંગળ ઉપરની જ્યેષ્ઠ અને વીસ આંગળથી ન્યૂન કનિષ્ઠ માન મનાય છે.[૨૭]

પ્રાસાદ પછી પ્રતિમા માટે તેવું જ બીજું માન દ્વારની ઊંચાઈ અનુસાર નિશ્ચિત કરવામાં આવે છે. દ્વારની ઊંચાઈના આઠ ભાગ કરી, તેમાંથી એક ભાગ ત્યાગ કરતાં, બાકીના સાત ભાગના સરખા ત્રણ ભાગ પાડી તે પૈકી બે ભાગની પ્રતિમા દ્વારમાને છ્ષ્ટ મનાય છે.[૨૮] તેવી જ રીતે દ્વારના અષ્ટમાંશ ઓછી ત્રણ ભાગ પૈકી એકની પીઠિકા પ્રતિમાને માટે યોગ્ય છે. બૃહત્સંહિતા,[૨૯] શિલ્પરત્નાકર, મત્સ્યપુરાણ અને સમરાંગણસૂત્રધારમાં પણ આ જ વસ્તુનો નિર્દેશ કર્યો છે.[૩૦] ..માં દ્વારનું માન અને વિસ્તારના ઉલ્લેખો બૃહત્સંહિતામાંથી પ્રાપ્ત થાય છે. દ્વારમાનમાં પણ મધ્યમ તથા કનિષ્ઠ એવા ભેદો હોઈ, મધ્ય ે માનની પ્રતિમા દ્વારની ઊંચાઈના નવ ભાગ પાડતાં એક ભાગ ત્યાગ કરી બાકીના આઠ ભાગના સરખા ત્રણ ભાગોમાંથી, બે ભાગની પ્રતિમા શાસ્ત્રોક્ત મનાય છે. જ્યારે દ્વારના નવ ભાગ પૈકી છ ભાગની

---

२७ विंशत्येकाधिका ज्येष्ठा विंशत्योना कनीयसी ।
उर्ध्वार्चा प्रथमा प्रोक्ता आसनस्था द्वितीयिका ॥ १४ ॥ એજન

२८ द्वारोच्छ्रयोऽष्टधा कार्यो भागमेकं परित्यजेत् ।
सप्तभागं त्रिधा कृत्वा द्विभाग प्रतिमा भवेत् ॥ १५ ॥ એજન

२९ देवागार द्वारस्याष्टांशोनस्य यस्तृतीयांऽशः ।
तत्पिंडिका प्रमाणं प्रतिमा तद्द्विगुण परिमाणा ॥ ३ ॥ बृहत्संहिता अ. ५७

३० (तच्च) द्वारं त्रिधा (भक्त्या) पीठं भागेन कल्पयेत् ।
(द्वा) भ्यां (तु) प्रतिमाकार्या ज्येष्ठा (यां) मानमीदृशम् ॥ १४७ ॥
समरांगणसूत्रधार अ. ७०

પ્રતિમા કનિષ્ઠ દ્વારમાન અનુરૂપ હોવાનું દેવતામૂર્તિપ્રકરણ અને સમરાંગણસૂત્રધારમાં જણાવ્યું છે.[૩૧] શિલ્પરત્નાકરના કથન મુજબ દ્વારમાને મૂર્તિ, અને સિંહાસનના ભાગોનું કોષ્ટક અત્રે રજૂ કરવામાં આવ્યું છે, જેના ઉપરથી તત્સંબંધ સાચો ખ્યાલ આપી શકે છે.[૩૨]

પ્રતિમાના જુદાજુદા માનોમાં ત્રીજો પ્રકાર ગર્ભગૃહ અનુસાર પ્રતિમાવિધાનનો છે. ગર્ભગૃહના સરખા ત્રણ ભાગ પાડતાં, તે પૈકીના એક ભાગ પ્રમાણની પ્રતિમા ઉત્તમ, અને સરખા સોળ ભાગ કરતાં દશાંશ ન્યૂન મધ્યમ, તેવી જ રીતે તેમાંથી પંચમાંશ ન્યૂન પ્રતિમા, ગર્ભગૃહમાન પ્રમાણે કનિષ્ઠ-માનની મનાતી હોવાનું દેવતા-મૂર્તિપ્રકરણ, રૂપમંડન તથા શિલ્પરત્નાકરકાર કહે છે.[૩૩] આ સિવાય પ્રતિમાના

---

३१ द्वारं विभज्य नवधा भागमेकं परित्यजेत् ।
अष्टौभागां स्त्रिधा कृत्वा द्विभागे प्रतिमा भवेत् ॥१६॥
त्रिभागैर्भाजिते द्वारे द्विभागैर्वा प्रकीर्तिता ॥ देवतामूर्तिप्रकरण अ. १
मध्यायां नवधा द्वारं कु (त्वै) कं भागमुत्सृजेत् ।
शेषान् भागां स्त्रिधा कृत्वा पीठं भागेन कल्पयेत् ॥१४८॥
अर्चामुभाभ्यां ... ... ॥ समरांगणसूत्रधार अ. ७०

૩૨ દ્વારમાને મૂર્તિ અને સિંહાસનના માપનું કોષ્ટક:

નંબર	પબાસણયાનો સિંહાસનનો ભાગ	પ્રતિમા ભાગ	ઉપરથી ત્યાગ કરવાના ભાગ	દ્વારની ઊંચાઈના કુલ ભાગ
૧	૪	૪	૧	૯
૨	૧૪	૧૪	૪	૩૨
૩	૧૫	૧૩	૪	૩૨
૪	૧૩	૧૫	૪	૩૨
૫	૧૬	૧૨	૪	૩૨

३३ गर्भगृह त्रिभागेन ज्येष्ठार्चा कथिता बुधैः ।
मध्यमा च दशांशोना पंचांशोना कनीयसी ॥ २१ ॥ देवतामूर्तिप्रकरण अ. १
तृतीयांशेन गर्भस्य प्रासादे प्रतिमोत्तमा ।
मध्यमा स्वदशांशोना पंचांशोना कनीयसी ॥ १२८ ॥ शिल्परत्नाकर
अ. ४ रूपमंडन

સામાન્ય તાલમાનો આગળ જણાવી ગયા છીએ. તદ્ ઉપરાંત ગૃહો અને મંદિરોમાં કેવડી પ્રતિમાઓ પૂજવી ઇષ્ટ છે, તેની યથાયોગ્ય સમજ રજૂ કરતાં રૂપમંડન અને દેવતા-મૂર્તિપ્રકરણકાર નોંધે છે કે, એક આંગળથી આરંભી બાર આંગળ સુધીની મૂર્તિઓ ઘરમાં, બાર આંગળથી નવ હાથ સુધીની દેવમંદિરોમાં, અને દસ હાથથી પિસ્તાળીસ હાથ સુધીની મૂર્તિઓ બહારના પ્રદેશમાં અગર નદીકિનારે મંદિર વગર પૂજવી.[૩૪] અર્થાત્ નવ હાથથી વધારે મોટી પ્રતિમાઓ મંદિરો માટે ઉક્ત ગણાતી નથી. મત્સ્યપુરાણ તો મંદિરો માટે આઠ હાથ સુધીની જ પ્રતિમાઓ બનાવવાનો આદેશ આપે છે.[૩૫] સમરાંગણકારે પણ મોટામાં મોટી પિસ્તાળીસ હાથની પ્રતિમા બનાવવાનું સૂચવ્યું છે.[૩૬] આથી તે માપથી મોટી પ્રતિમાઓ બનતી ન હતી, અગર તેથી મોટા કદની મૂર્તિઓ સ્થાપક, અને અર્ચકના કલ્યાણ માટે ઇષ્ટ ન હતી એમ જુદાજુદા ગ્રંથકારોનાં કથનો ઉપરથી સમજાય છે. બૃહત્સંહિતાકાર તો

૩૪ आरभ्यैकाङ्गुलादूर्ध्वं पर्यन्ते द्वादशाङ्गुलम्।
गृहेषु प्रतिमा पूज्या नाधिका शस्यते ततः॥ १७॥
तदूर्ध्वान्नवहस्तान्ता पूजनीया सुरालये।
दशहस्तादितो याऽर्चा प्रासादेन विनार्चयेत्॥ १८॥
दशादिकरवृध्याच षट्त्रिंशत् प्रतिमा प्रथक्।
बाणवेदकरान् यावच्चतुष्कयां पूजयेत् सुधीः॥ १९॥ देवतामूर्तिप्रकरण अ. १
રૂપમંડન શ્લો. ૭ થી ૯ અ. ૧

૩૫ अंगुष्ठपर्वादारभ्य वितस्तिर्यावदेवतु।
गृहेषु प्रतिमा कार्या नाधिका शस्यते बुधैः॥ २२॥
आषोडशात्तु प्रासादे कर्तव्या नाधिका ततः। मत्स्यपुराण अ. २५८

૩૬ आकाशे प्रतिमा (ज्येष्ठा) चत्वारिंशच्च पंचच।
हस्तान् कार्या त्रिभागोना मध्याहीनातदर्धतः॥ १४५॥ समरांगण-
सूत्रधार अ. ७०

ચાર હાથ સુધીની પ્રતિમાઓ કલ્યાણકારક હોવાનું જણાવતાં, ક્ષેમ, સુભિક્ષ, અને લક્ષ્મીની ઇચ્છાવાળા માટે તેવડી મૂર્તિઓ પૂજવાનું સૂચવે છે.[૩૭] સમરાંગણકાર યાત્રા અને ઉત્સવો માટે દ્વારની ઊંચાઈ જેવડી પ્રતિમા બનાવવાનો આદેશ આપે છે.[૩૮] આમ પ્રતિમાનાં કદ અને માપ માટે ગ્રંથકારોએ જુદાંજુદાં વિધાનો સૂચવ્યાં છે, તેમાંથી ગમે તે એક વિધાન ગ્રહણ કરી સ્થપતિએ પ્રતિમાનું રચનાવિધાન શિલ્પશાસ્ત્રના નિયમો પ્રમાણે કરતાં, પ્રત્યેક અંગો અને ઉપાંગો તૈયાર કરવાં. સૂતી પ્રતિમાઓ જેવી કે શેષશાયી, પદ્મનાભ જનાર્દન વગેરે માટે ઉપર જણાવેલ માન કરતાં સ્વતંત્ર વિધાન જણાવ્યું છે. તેમાં પણ ગર્ભગૃહનાં માન અનુસાર સાત ભાગ પાડતાં, બે ભાગ ત્યાગ કરી પાંચ ભાગની શયનમૂર્તિ બનાવવાનો આદેશ આપેલ છે.[૩૯] આવી યોગ્ય માન અને માપની પ્રતિમા જો ન બનાવવામાં આવે તો, તેમાં સાચી લાક્ષણિકતા આવતી નથી; તેટલું જ નહીં પણ તેમાં વિરૂપતા આવી અર્ચક, પૂજક અને સેવકોનું અનિષ્ટ સાધે છે.

પ્રતિમા-વિધાનમાં સૌથી મહત્ત્વનું સ્થાન અંગ વિન્યાસને આપવામાં આવ્યું છે. મૂર્તિના પ્રત્યેક અંગની રચના તેની ઊંચાઈ અનુસાર શાસ્ત્રકારોએ સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કરી છે. આવી યોગ્ય માન અનુસાર બનાવેલી રમ્ય પ્રતિમાઓ ઈશ્વરના પ્રતીક તરીકે સર્વમાન્ય બની શકે છે.

શિલાહરણનો વિધિ કર્યા બાદ યોગ્ય પૂજા, બલિદાનથી પરવારી શિલાના નવ ભાગો પાડવાનું સ્થપતિને કેટલાક ગ્રંથકારોએ જણાવ્યું

૩૭ सौम्यातु हस्तमात्रा वसुदा हस्तद्वयोच्छ्रिता प्रतिमा।
क्षेम सुभिक्षाय भवेत्त्रिचतुर्हस्तप्रमाणा वा॥ ४९॥ बृहत्संहिता अ. ५७

૩૮ यात्रार्था प्रतिमा द्वारप्रमाणेन विधीयते॥ १४६॥ समरांगणसूत्रधार अ. ७०

૩૯ सप्तांशे गर्भगेहे तु द्वौ भागौ परिवर्जयेत।
पंचभागो भवेद्देवः शयनस्थ सुखावहः॥ १३२॥ शिल्परत्नाकर. रत्न ४

છે.[૪૦] ખરી રીતે નવ તાલમાનની પ્રતિમા માટેનો આ ઉલ્લેખ હોવાનું જણાય છે. કારણ દરેક ગ્રંથકારે પ્રતિમા માનની હકીકત સમજાવવા માટે, દેવમૂર્તિનો આદર્શ રજૂ કર્યો હોય છે.

આ કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે પ્રતિમાના અવયવો અને તેના વિભાગોનો સરળતાથી ખ્યાલ આવી શકે તેટલા માટે આ સાથે ચિત્ર આપવામાં આવ્યું છે. (જુઓ ચિત્ર નં. ૧) જેથી પ્રતિમાના વિભાગો તથા તેની લંબાઈ પહોળાઈનાં માન સ્પષ્ટતાથી સમજી શકાય છે. ઊંચાઈ પહોળાઈનું માપ આપ્યા પછી કેટલાક અવયવો નાક, કાન, આંખો, હાથ, આંગળીઓ, પગની આંગળીઓ, વગેરેની લંબાઈ પહોળાઈ તથા તેના પરિધ વગેરેનાં વ્યવસ્થિત માપ, મૂર્તિવિધાનના ઘડવૈયાઓએ ચોક્કસ રીતે નક્કી કર્યાં છે. આવાં માનો ઘણા ગ્રંથોમાંથી મળી આવે છે, તેમાં રૂપમંડન, દેવતામૂર્તિપ્રકરણ, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ, શુક્રનીતિ, સમરાંગણસૂત્રધાર, માનસાર, કાશ્યપશિલ્પ, બૃહત્સંહિતા અને માનસોલ્લાસ વગેરે ગ્રંથો મુખ્ય છે.[૪૧] દરેક ગ્રંથોના અંગમાનોમાં કેટલોક તફાવત હોય છે, છતાં સરવાળે તે બધાના કથનોમાંથી એક જ દૃષ્ટિ નીકળે છે. આ સાથે નવતાલ પ્રતિમાના મુખ્ય અવયવ વિભાગો, અને તેનાં માપ માટે જુદાજુદા ગ્રંથોમાંથી પ્રાપ્ત માનોનું કોષ્ટક રજૂ કરવામાં આવ્યું છે, જેના ઉપરથી માન સંબંધી ઠીકઠીક ખ્યાલ આવી શકે છે. (જુઓ કોષ્ટક નં. ૧–૨) તેટલું જ


૪૦ शिलां शिल्पी तु नवधा विभज्य नवमेंऽशके ॥२॥ अग्निपुराण अ. ४०
प्रतिमामुखमानेन नवभागाः प्रकल्पयेत् ॥२२॥ रूपमंडन अ. १

૪૧ ૧ રૂપમંડન અ. ૧ શ્લો. ૨૩ થી ૪૦; ૨ દેવતામૂર્તિ પ્રકરણ અ. ૨ શ્લો. ૧૬ થી ૩૩; ૩ શુક્રનીતિ અ. ૪, પ્ર. ૪ શ્લો. ૯૦ થી ૧૨૭; ૪ મત્સ્યપુરાણ અ. ૨૫૮, શ્લો. ૨૫ થી ૭૫; ૫ અગ્નિપુરાણ અ. ૪૦ શ્લો. ૩ થી ૪૯; ૬ સમરાંગણ સૂત્રધાર અ. ૭૬; ૭ માનસાર અ. ૫૧ થી ૬૬, ૮ બૃહત્સંહિતા અ. ૫૮, શ્લો. ૪ થી ૨૮; ૯ માનસોલ્લાસ વિંશતી ૩, અ. ૧ શ્લો. ૧૯૩ થી ૨૦૪.

નહીં પણ આ શાસ્ત્રોના રચયિતાઓ અદ્ભૂત મેધાવાન હતા એમ કહ્યા વગર ચાલતું નથી. કારણ શરીરના અવયવો, તેની તાંત્રિક પદ્ધતિયે રચના, માપ, તથા સૌષ્ઠવનો એટલો સૂક્ષ્મ અભ્યાસ તેમણે સાધ્યો હશે કે, આજે પણ તે માન પ્રમાણેની પ્રતિમા બનાવતાં સાક્ષાત્ પરમેશ્વરની પ્રતિકૃતિ યાને સ્વરૂપનો સાક્ષાત્કાર અનુભવીએ છીએ.

આવી જ રીતે જુદાજુદા તાલની પ્રતિમાઓનું રચનાવિધાન કરવામાં આવે છે. જેમાં ઊંચાઈનો તફાવત હોવાના કારણે, પ્રત્યેક અંગની ઊંચાઈમાં કેટલોક સુધારોવધારો કરવો પડે છે. રૂપમંડન, દેવતામૂર્તિ પ્રકરણ, શુક્રનીતિ, અને માનસારમાંનો છ તાલથી ઉત્તમ દશ તાલ સુધીની પ્રતિમાઓનાં અંગમાનો આપ્યાં છે. જ્યારે અવયવોની પહોળાઈ તથા નાક, કાન, વગેરે અંગોમાં વિશિષ્ટ ફેરફાર કરવાની જરૂરત નહીં હોવાથી તે માટેનાં વધુ વિવેચનો આ બધા ગ્રંથોમાં નોંધ્યાં નથી, ફક્ત માનસારમાં તેનો કેટલોક ઉલ્લેખ આપવામાં આવ્યો છે.

સ્ત્રી પ્રતિમાઓ મુખ્યત્વે પુરુષ કરતાં એક અંશ બરાબર ત્રણ આંગળ નીચી રાખવાનાં સૂચનો મળે છે. બાકી બીજી બધી રચના પુરુષવત્ કરવામાં આવે છે, પણ સ્ત્રીઓના વક્ષપ્રદેશમાં બાર આંગળની પરિધવાળાં બે સ્તનો બનાવવા માટે શાસ્ત્રકારે વધુમાં સૂચવ્યું છે. બાળકની પ્રતિમાના તાલમાન નક્કી કરવામાં આવ્યાં છે, તદનુસાર તેના સરખા નવ ભાગ પાડી, ઉપર જણાવ્યા મુજબ અવયવોની કલ્પના કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે બેઠી, સૂતી કે ક્રીડા યા તો નૃત્ય કરતી પ્રતિમાઓ, વિદ્વાન્ શિલ્પીઓએ તેના સરખા ભાગ પાડી, મૂર્તિકલામાં વિકૃતિ ન આવે તેવી રીતે સુંદર અને સૌમ્ય રૂપ વિધાનવાળી ઉપજાવવી. આમ-લોક-કલ્યાણની સાથે આત્મ કલ્યાણને સાધતાં પ્રભુનું સ્વરૂપ ભવ્ય અને મનોહર બનાવવા શાસ્ત્રકારોએ સૂચવ્યું છે.



નવ તાલ પ્રતિમાના અવયવ-વિભાગો અને તેનાં માન
એક તાલનો ચોથો ભાગ તે અંશ અને બારમો ભાગ તે આંગળ ગણાય છે

વિવિધ ગ્રંથોમાં નવતાલ પ્રતિમાના મુખ્ય અવયવ-વિભાગો અને તેનાં માનનું કોષ્ટક નં. ૧

અંગ-નામ	રૂપમંડન		માનસાર		અગ્નિ-પુરાણ		શુક્રનીતિ		મત્સ્ય-પુરાણ		માનસોલ્લાસ	
	તાલ	અંગુલ	તા.	અં.	તા.	અં.	તા.	અં.	તા.	અં.	તા.	અં.
કેશાંત	૦	૩	૦	૩	–	–	–	–	–	–	–	–
મુખ	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦
કંઠ	૦	૩	૦	૩	૦	૪	૦	૪	૦	૪	૦	૪
વક્ષ-પ્રદેશ	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦
ઉદર	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦
નાભિથી ગુહ્ય	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૧	૦
ઉરુ	૨	૧	૨	૦	૨	૦	૨	૦	૨	૦	૨	૦
જાનુ	૦	૪	૦	૩	૦	૪	૦	૪	૦	૪	૦	૪
જંઘા	૨	૦	૨	૦	૨	૦	૨	૦	૨	૦	૨	૦
પાદ	૦	૪	૦	૩	૦	૪	૦	૪	૦	૪	૦	૪

તા. ક. દેવતામૂર્તિ પ્રકરણનાં માન સંપૂર્ણતઃ રૂપમંડન પ્રમાણે હોવાથી અત્રે તેની પુનરુક્તિ કરી નથી.

નવતાલ પ્રતિમાનાં જુદાંજુદાં અંગોનાં માન : કોષ્ટક નં. ૨

અંગ-નામ	શુક્રનીતિ		માનસોલ્લાસ		બૃહત્સંહિતા		દેવતામૂર્તિ પ્રકરણ		માનસાર	
	તા.	અં.	તા.	અં.	તા.	અં.	તા.	અં.	તા.	અં.
કેશાંતથી લલાટ	૦	૪	૦	૩	૦	૪	૦	૪	૦	૩
લલાટથી નાસિકા	૦	૪	–	–	૦	૪	૦	૪	૦	૩
નાસિકાથી દાઢી	૦	૪	–	–	૦	૪	૦	૪	૦	૩
દાઢી-વિસ્તાર	–	–	–	–	–	–	૦	૨	–	–

વક્ષ-પ્રદેશ	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૧૨
ઉદરથી નાભિ	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૧૨
લિંગ	૦	૩	–	–	–	–	–	–	–	–
સાથળ	૨	૦	૨	૦	૨	૦	૨	૦	૦	૨૪
જાનુ	૦	૪	૦	૪	૦	૪	૦	૪	૦	૩
જંઘા	૨	૦	૨	૦	૨	૦	૨	૦	૦	૨૪
પગ	૦	૪	૦	૪	૦	૪	૦	૪	૦	૩
ખભાથી મધ્ય અંગુલી સુધી	૪	૦	–	–	–	–	–	–	–	–
બાહુ વિસ્તાર	–	–	–	–	૦	૬	૦	૭	૦	૧૬
સ્કંધથી કોણી પર્યંત	૦	૨	૦	૧૮	૦	૧૨	૦	૧૬	૦	૨૪
બાહુનો પરિધ	–	–	૦	૧૮	–	–	–	–	–	–
કોણીથી મધ્ય અંગુલી સુધી	૦	૨૮	૦	–	૦	૧૨	૦	૧૬	૦	૧૮
કોણીથી કાંડુ	–	–	૦	૧૭	–	–	–	–	૦	૧૨
હાથનું તળિયું	૦	૭	–	–	–	–	–	–	૦	૬
વચલી આંગળી	૦	૫	૦	૨૨	૦	૫	–	–	–	–
અંગૂઠો લંબાઈ	૦	૩ ૧/૨	૦	૩	–	–	–	–	–	–
અંગુઠાનો પરિધ	–	–	૦	૫	–	–	–	–	–	–
પગની લંબાઈ	૦	૧૪	૦	૧૪	૦	૧૨	૦	૧૪	૦	૧૫
પગનો અંગૂઠો	૦	૨	૦	૩	૦	૦	–	–	–	–
ઘૂંટી	૦	૨ ૧/૨	૦	૨	–	–	–	–	–	–
અંગૂઠા પાસેની આંગળી-તર્જની	૦	૨,૨ ૧/૨	૦	૩	–	–	–	–	–	–
કનિષ્ઠિકા	૦	૧ ૧/૨	૦	૧૭ યવ	–	–	–	–	–	–
કપાળની પહોળાઈ	૦	૮	–	–	૦	૮	–	–	–	–
બે ભૃકુટિ વચ્ચેનો ભાગ	૦	૧/૨	–	–	–	–	–	–	–	–

નેત્રની લંબાઈ	૦	૩	૦	૨	૦	૪	–	–	૦	૨
નેત્રની પહોળાઈ	૦	૨	૦	૧	–	–	–	–	૦	૧
નાસિકાનાં છિદ્ર	૦	૨	–	–	૦	૨	–	–	–	–
કીકીઓ	૦	૧	–	–	–	–	–	–	–	–
ભૃકુટિ	૦	૨	૦	૩	–	–	–	–	–	–
નાસિકાનું મૂળ	૦	૧	૦	૧/૪	–	–	–	–	–	–
કાનની લંબાઈ	૦	૪	–	–	૦	૪	–	–	૦	૪
કાનની અંદરનો ભાગ	૦	૩	૦	૩	૦	૨	–	–	૦	૨
કાનની જાડાઈ	૦	૧/૨	–	–	–	–	–	–	–	–
કંઠથી બગલ	૦	૮	–	–	–	–	–	–	૦	૮
છાતીની પહોળાઈ	૨	૦	–	–	–	–	–	–	૦	૨૦
સ્તનનો મધ્ય ભાગ	૧	૦	–	–	–	–	૧	૦	–	–
બે કાન વચ્ચેનું અંતર	૦	૧૬	–	–	–	–	–	–	–	–
કાનથી હોઠના અગ્રભાગ સુધીનું અંતર	૦	૮	–	–	–	–	–	–	–	–
કાન અને નેત્ર વચ્ચેનું અંતર	૦	૪	–	–	૦	૪	–	–	–	–
માથાનો પરિધ	૦	૩૨	–	–	૦	૩૨	–	–	–	–
માથાનો વિસ્તાર	૦	૧૦	–	–	૦	૧૪	–	–	–	–
પહોળાઈ	૦	૧૨	–	–	–	–	–	–	–	–
કંઠનો વિસ્તાર	–	–	૦	૯	૦	૧૦	૦	૮	૦	૮
કંઠમૂળનો પરિધ	૦	૨૨	૦	૦	૦	૨૨	–	–	–	–
વક્ષસ્થળનો પરિધ	૦	૫૪	૦	૫૧	–	–	–	–	–	–
હૃદયનો પરિધ	૦	૪૭	૦	૪૮	–	–	–	–	–	–
સ્તનથી પીઠ સુધીના પડખાની જાડાઈ	૦	૧૨	–	–	–	–	–	–	–	–
કટીની પહોળાઈ	–	–	–	–	–	–	૦	૨૪	–	–

કટીનો પરીઘ	૦	૪૪	૦	૫૪	૦	૪૪	–	–	–	–
સ્ત્રીપ્રતિમાના નિતંબનો પરિઘ	૦	૪૩	–	–	–	–	–	–	–	–
પુરુષ પ્રતિમાના નિતંબનો પરિઘ	૦	૪૨	–	–	–	–	–	–	–	–
હાથના મૂળ ભાગનો પરિઘ	૦	૧૮	–	–	–	–	–	–	–	–
હાથના અગ્રભાગનો પરિઘ	૦	૧૪	–	–	–	–	–	–	–	–
પગના તળિયાનો વિસ્તાર	૦	૫	–	–	–	–	–	–	–	–
સાથળના મૂળનો પરિઘ	૦	૩૨	–	–	–	–	–	–	–	–
સાથળના મધ્યનો પરિઘ	૦	–	૦	–	૦	૨૮	–	–	–	–
સાથળના અગ્રનો પરિઘ	૦	૧૯	–	–	–	–	–	–	–	–
જાંઘના મૂળનો પરિઘ	૦	૧૬	૦	૨૮	૦	૨૪	–	–	–	–
જાંઘના મધ્યનો પરિઘ	–	–	–	–	૦	૨૧	–	–	–	–
જાંઘના અગ્રનો પરિઘ	૦	૧૨	૦	૧૪	૦	૧૪	–	–	–	–
વચલી આંગળીનો પરિઘ	૦	૪	૦	૨૧યવ	–	–	–	–	–	–
તર્જની ને અનામિકાનો પરિઘ	૦	૩½	૦	૨૦યવ	–	–	–	–	–	–
કનિષ્ઠિકાનો પરિઘ	૦	૩	૦	૧૫યવ	–	–	–	–	–	–

પગની આંગળીઓનો પરિઘ	૦	૩	–	–	–	–	–	–	–	–
સ્તનમંડળ	૦	૧½	–	–	–	–	–	–	–	–
નાભિમંડળ	૦	૧	૦	૧	–	–	–	–	–	–
નાભિની ઊંડાઈ	૦	૦	૦	½	–	–	–	–	–	–

અવયવવિચાર

પ્રતિમાના અંગોપાંગો એવાં અદ્ભુત અને સુડોળ બનાવવાં જોઈએ કે, માનવ શરીરના અવયવો કરતાં પ્રભુના મૂર્તસ્વરૂપમાં, બધા અવયવો વધુ તાદશ અને રમ્યતાનો ભાસ કરાવે. પરંતુ તેવા સુશ્લિષ્ટ અવયવોની કલ્પના માટે કાંઈ પણ આલંબનની ખાસ જરૂર છે. આદર્શ અંગવિન્યાસ કરવા, અવયવોનું સપ્રમાણ સર્જન કરવા, કોઈ પણ સીધેસીધો કે મૌલિક આધાર નહિ મળતો હોવાથી, કલાકારને પોતાની બુદ્ધિ વડે તેની કલ્પના પ્રતિમામાં ઉતારવાની રહે છે. પ્રકૃતિનો અભ્યાસ કરી, કુદરતની વિવિધ સૃષ્ટિમાંથી સુભગ અને સુડોળ અવયવોની કલ્પના ઉપજાવી કાઢી છે.

મુખ

પ્રતિમાનું મુખ મરઘીના ઈંડા જેવું લંબગોળ, યા તો નાગરવેલના પાન જેવું બનાવવાનો આદેશ જુદાજુદા ગ્રંથકારોએ આપ્યો છે. નાગરવેલનાં પાન જેવી લાંબાં અને પહોળાં મુખવાળી પ્રતિમાઓ, નેપાલ બાજુ વધુ જોવામાં આવે છે. તદ્ઉપરાંત બંગાળ બિહાર વગેરે પ્રાંતોમાં પણ તેવાં મુખ બનાવવાનો પ્રચાર અદ્યાપી પર્યંત વિદ્યમાન છે. બૌદ્ધ પ્રતિમાઓમાં નાગરવેલના આકાર જેવાં મુખો ખાસ કરીને બનાવવામાં આવતાં હતાં એમ પ્રાપ્ત મૂર્તિઓના આધારે જાણી શકાય છે. પ્રાચીન પ્રતિમાઓમાં મોટે ભાગે કુકકુટાંડ આકાર જેવાં લંબગોળ મોઢાંઓનો પ્રચાર વધુ હોવાનું જણાય છે. એકંદર પ્રતિમાઓમાં

લંબગોળ મુખ બનાવવાનો પ્રચાર સર્વવ્યાપી બન્યો હતો. મરઘીનાં ઈંડાં જેવાં મુખો વિશેષે કરીને વીરભાવ પ્રદર્શિત કરે છે. સ્ત્રીઓનાં મુખ નાલિકેરના ફલ જેવાં;'રુદનનો ભાવ પ્રદર્શિત કરવા આલસ્યાણ્ડક, રાક્ષસ્યાણ્ડકો ચંદ્રમંડળ જેવાં, અને દિવ્યાણ્ડકો વૃત્તાકારનાં દેવો, વિદ્યાધરો, ગંધર્વો, તથા યક્ષો માટે બનાવવાં.[1] આજે મળતી ઘણીખરી પ્રતિમાઓનાં મુખ ગોળ કે લંબગોળ જ જોવામાં આવે છે, અને સામાન્યરીતે માનવમુખનો આકાર પણ ગોળ કે લંબગોળ જ હોય છે. સ્ત્રીઓનાં મુખ ખાસ કરીને ગોળ જ બનાવવામાં આવે છે. કેટલીક વખત કવિઓ મુખને કમળ કે ચંદ્રની સાથે પણ સરખાવે છે.

લલાટપ્રદેશ

લલાટને ધનુષાકૃતિ સમાન બનાવવાની યોજના શાસ્ત્રકારોએ રજૂ કરી છે. તે સંબંધી વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, ભ્રમર અને માથાના આગલા વાળ વચ્ચેનો ભાગ, દ્વિતીયાના ચંદ્ર જેવો સહેજ વક્ર કરવો. એટલે લલાટપ્રદેશ ધનુષાકૃતિ સમાન, પણ તે ધનુષ જાણે સહેજ જયા (દોર) આગળથી ખેંચેલું હોય, તેવી આકૃતિ લલાટપ્રદેશ માટે કલ્પવી એમ અવનીંદ્રનાથ ટાગોરે મૂર્તિકલા વિષયક પોતાના એક લેખમાં જણાવ્યું છે.[2] માનસાર ભ્રમરનો આકાર (ચાપાકાર) ધનુષ સમાન વર્ણવે છે.[3] જ્યારે અન્ય મતે લીમડાના પાન જેવી ભ્રૂવો બનાવવાનાં સૂચનો મળે છે.[4] લીમડાના પાન જેવી ભ્રૂવો મુખ્યતઃ પુરુષોને હોય છે, જ્યારે સ્ત્રીઓની ભ્રમરો ધનુષાકૃતિ સમાન હોવાનું મોટે ભાગે જણાય છે.

---

૧ वनिताण्डकमालेह्यं नालिकेर फलोपमम् । ९
राक्षस्याण्डकं कुर्याच्चंद्रमंडल सन्निभम् । ११
आलस्याण्डकमप्येवं रोदनंतद् देवतु ॥ १० એજન.

૨ 'Indian Iconography' Modern Review 1914 March, P. 261

૩ માનસાર અ. ૬૬

૪ Eye-brows are described as being 'like the leaves of neem-tree or like a bow' Modern Review March 1914

ચક્ષુ

સારા યે માનવ-શરીરમાં ચક્ષુ એ સૌથી મહત્ત્વનું અંગ છે. ચક્ષુના અનેક પ્રકારો તેના વિવિધ આકારોને અનુરૂપ આપવામાં આવ્યા છે. આ ઉપરથી મત્સ્યાકાર, ખંજનાકાર, મૃગનેત્રાકાર, કમલપત્રાકાર, કમલદલાકાર, પટોલ જેવાં, ધનુષાકૃતિ સમાન અને શશ સમાન એમ કુલ નેત્રના આઠ પ્રકારો જાણવા મળે છે. ચક્ષુના વિવિધ ભેદો પૈકી કેટલાકમાંથી વિશિષ્ટ ગુણો અને ભાવોનું નિદર્શન થાય છે. મત્સ્યાકાર, મૃગનયન, અને ખંજનાકૃતિ સમાન નેત્રોનો પ્રચાર સ્ત્રીઓમાં વધુ હોય છે. સંસ્કૃત કાવ્યો, નાટકો વગેરેમાં પણ સ્ત્રીઓનાં નેત્રો માટે આ ઉપમાઓ વધુ ઉપયોગમાં લેવાઇ છે, જ્યારે કમલદલ, કે કમલપત્રાકૃતિનાં ચક્ષુવર્ણનો મોટે ભાગે પુરુષો માટે વપરાયાની નોંધો મળે છે.

ચક્ષુના જુદાજુદા પ્રકારો અમુક વિશિષ્ટ ગુણો વ્યક્ત કરે છે, જેમકે ઉત્પલપત્રાકૃતિ નેત્રો શુદ્ધ યાને નિર્વિકારી ભાવના વ્યક્ત કરે છે, પદ્મપત્રાકૃતિ ચક્ષુઓમાંથી ત્રસ્ત (ભયભીત), અને રુદિત (રુદન કરતા) ભાવો કેટલીક વખત જણાય છે, શશાકૃતિ સમાન નેત્રો ક્રોધાવિષ્ટ અને વેદનાથી પીડિત ભાવોનું સૂચન કરે છે, જ્યારે યોગનિષ્ઠ પુરુષોનાં નેત્રો સ્થિર અને શાંત ભાવ પ્રદર્શિત કરતાં ધનુષાકૃતિ સમાન બનાવવાનો વિષ્ણુધર્મોત્તરકાર આદેશ આપે છે.[5] આ હકીકતમાં મહત્ત્વનો ઉમેરો કરતાં સ્વ. અવનીંદ્રનાથ ટાગોર જણાવે છે કે ખંજનાકૃતિ ચક્ષુઓમાંથી આનંદભાવ વ્યક્ત થાય છે મત્સ્યાકૃતિમાંથી અશાંત અને ચાપલ્યતાના ગુણો તરી આવે છે. મૃગનેત્રોમાંથી નિર્દોષતા અને ભોળાપણું નીતરે છે, કમળપત્રાકૃતિ નેત્રો સ્વસ્થ અને શાંતિના ભાવો પ્રદર્શિત કરે

---

૫ नेत्रमुत्पलपत्राभं निर्विकारस्य शस्यते।
त्रस्तस्य रुदतश्चैव पद्मपत्रनिभं भवेत्॥ १४
क्रुद्धस्य वेदनान्तस्य नेत्रं शशाकृतिर्भवेत्।
चापाकारं भवेन्नेत्रं योगभूमि निरीक्षणात्॥ १५ वि.ध.खं.३.अ.३७

છે, જ્યારે કમળનાં જેવાં નેત્રો નિર્દોષતાનું વાતાવરણ જમાવે છે.[૬] આમ ચક્ષુના જુદાજુદા પ્રકારોમાં સ્વતંત્ર ભાવવ્યંજકતા સમાયેલી હોય છે. મૂર્તિવિધાનમાં નેત્રનું સ્થાન અને તેનું માન શાસ્ત્રવિધાયકોએ નિયત કરેલું છે, જેના ઉપરથી માનવચક્ષુની લંબાઈ પહોળાઈનો પણ સામાન્ય ખ્યાલ આવી શકે છે. આજે તો મૂર્તિઓ તદ્દન અંધ બનાવવામાં આવતી હોઈ, પાછળથી કૃત્રિમ નેત્રો ચોડવામાં આવે છે. પરંતુ પ્રતિમાના દરેક અંગો પ્રમાણે નેત્રવિધાન પણ પૂર્ણ ચોકસાઈ પૂર્વક, અને કુદરતી તત્ત્વોને અનુરૂપ કરવામાં આવે તો, તેમાંથી અદ્વિતીય ભાવો પ્રદર્શિત થઈ, પ્રભુના સાચા સ્વરૂપનો ખ્યાલ આવી શકે તેમ છે.

કર્ણ

કાનનો આકાર દેવનાગરી ‘ૡ’ જેવો બનાવવાનું સૂચન છે. જોકે કેટલાક વિદ્વાનો આ કલ્પનાને યોગ્ય માનતા નથી, છતાં શાસ્ત્રકારોએ કર્ણ માટે આ જ રૂપક રજૂ કર્યું છે. સ્વ. અવનીંદ્રનાથ ટાગોર ગીધ પક્ષીની આકૃતિ સમાન કર્ણનો આકાર બનાવવાનું સૂચવતાં બંગાળની પ્રતિમાઓમાં તેનો વધુ પ્રચાર હોવાની માહિતી આપે છે. કર્ણના વિવિધ આકારો માટે, વિદ્વાનોએ જુદીજુદી કલ્પનાઓ પોતાની દૃષ્ટિ અનુસાર રજૂ કરી હોવાનું સ્પષ્ટ જણાય છે.

નાસિકા

નાસિકાના બે પ્રકારો છે : એક તિલપુષ્પ જેવી અને બીજી શુકનાસાકૃતિ સમાન. તિલપુષ્પાકૃતિનાં નાક ખાસ કરીને દેવીઓ અને ઉત્કૃષ્ટ ગુણો ધરાવતી પદ્મિની સમાન સ્ત્રીઓ માટે વપરાય છે, જ્યારે શુકનાસાકાર નાસિકાઓ દેવો અને પુરુષો માટે વિશેષે કરીને બનાવવામાં આવે છે.

ઓષ્ઠ

ઉર્ધ્વોષ્ઠ બંધુક પુષ્પ જેવો, અને અધરોષ્ઠ બિંબફલ સમાન બનાવવો, એમ ઓષ્ઠના બે પ્રકારો જણાવ્યા છે.

૬ Thus the Khanjan eyes are characterized......water lily eyes for the calmrepos for their dropping lids
Modern Review 1914 March. Page 262

દાઢી

દાઢીનો આકાર કેરીના ગોટલાને મળતો હોય છે. પ્રતિમાવિધાનમાં શરીરના અવયવોની તુલના, જડ અને ચેતન એમ બે પ્રકારની વસ્તુઓ દ્વારા સમજાવી છે. પણ તેમાં ખૂબી એ છે કે જે અંગો ચપળ યાને સજીવતા વ્યક્ત કરે છે, તેવાં અંગો પુષ્પ, પત્ર વગેરે સજીવ વસ્તુઓ સાથે તુલનાત્મક રીતે દર્શાવ્યાં છે, જ્યારે દાઢી, ઢીંચણ વગેરે જડ સમાન અંગોને જડ વસ્તુઓ સાથે સમજાવ્યાં છે.

કંઠ

કંઠની તુલના વિશેષે કરીને શંખ સાથે સરખાવી છે. ગળાનો સામાન્ય આકાર શંખને અનુરૂપ જ હોય છે. જેમ શંખના પાછળના ભાગમાં બે ત્રણ આંકાઓ હોય છે, તેમ મુખથી નીચે કંઠની ઉપર તેવી કરચલીઓ પડે છે. તેવી જ રીતે કંઠના પોલાણમાંથી જેમ અવાજ નીકળે છે, તે જ પ્રમાણે કંઠનો દ્વારપ્રદેશ નાનામોટા અવાજોનું ઉદ્‌ગમ સ્થાન છે.

વક્ષસ્થલ

મનુષ્યના બલ અને વીર્યનું કંઈક સૂચન વક્ષસ્થલ ઉપરથી સમજાય છે. તે પ્રદેશની જેટલી કઠિનતા, વિશાળતા અને પુષ્ટતા, તેટલી જ તેમાં પરાક્રમશીલ શક્તિ-સંપન્નતા. વક્ષસ્થલનો પ્રદેશ ગાયના મસ્તક જેવો, ઉપરથી પહોળો, વચ્ચેથી સહેજ સાંકડો, સપાટ અને મધ્યમાં ખાડાવાળો બનાવવા માટે સ્વ. અવનીંદ્રનાથ ટાગોરે કોઈ પ્રાચીન આદર્શના આધારે જણાવ્યું છે.[૭] શરીરનો મધ્ય ભાગ વક્ષપ્રદેશથી સહેજ નીચે, અને પેટ આગળનો ભાગ ડમરુ આકારનો, વચમાંથી ક્ષીણ અને ઉપર-નીચે પહોળો બનાવવાનું શાસ્ત્રકારો સૂચવે છે. તેવી જ રીતે કટીપ્રદેશ સિંહકટી સમાન કરવાનો પણ આદેશ આપે છે. આ પ્રમાણે કંઠથી કટી સુધીમાં ત્રણ વિભાગો પાડી, જુદાજુદી

૭ The trunk from just below the neck to the abdomen, is directed to be formed like the head of the cow-Indian Iconography.

ઉપમાઓ વડે તુલના કરતાં શરીરની સુંદરતા સાથે, બલ, વીર્ય અને સૌષ્ઠવનો અદ્વિતીય ખ્યાલ રજૂ કર્યો છે.

સ્કંધ

ખભાથી આરંભી હાથ સુધીનો ભાગ, સૂંઢ સાથે હાથીના ગંડસ્થળ જેવો બનાવવાની કલ્પના તે અવયવોની સાથે વધુ સામ્યતા ધરાવે છે. ખભો તે હાથીનું ગંડસ્થળ, અને તેની નીચે લટકતો હાથ હાથીની સૂંઢ એ તુલના સામાન્ય રીતે બંધબેસતી છે.

હાથ

કોણીથી શરૂ કરી અંગુલી પર્યંતના ભાગને કર કહેવામાં આવે છે. હાથનો આ ભાગ કેળના નાના બચ્ચા (છોડ) જેવો હોવાનું વિદ્વાનો અનુમાને છે. આ ઉપમા જેટલી વાસ્તવિક છે, તેટલી જ સચોટ માલૂમ પડે છે.

જંઘા

જાંઘ પ્રદેશને કદલી સ્તંભ સાથે સરખાવવામાં આવે છે.

જાનુ

ઢીંચણનો આકાર નાના કરચલા જેવો હોય છે, જેના માટે બીજી કલ્પનાને સ્થાન નથી.

પાદ

પગ એ માનવશરીરનો સાચો આધારસ્તંભ હોઈ, તેના ઉપર મનુષ્યનું સમગ્ર અધિષ્ઠાન ઊભું રહી શકે છે. હાથ અને પગને કમળપત્ર સાથે, અગર ઝાડના નાના છોડ સાથે સરખાવવામાં આવે છે, તેમાં કમળ કે કમળપત્રનું રૂપક વધુ ઉચિત જણાય છે. દેવો અને મહાપુરુષોનાં ચરણોને, બહુમાન આપતાં ચરણકમળ તરીકે સંબોધવામાં આવે છે, જે આ ઉપમાને વધુ પ્રમાણિત ઠરાવે છે.

આ સમગ્ર ચર્ચા ઉપરથી માનવશરીરનાં અવયવો, કુદરતનાં પ્રાકૃતિક તત્ત્વો સાથે કેટલી સામ્યતા ધરાવે છે તેનો સંપૂર્ણ ખ્યાલ આવી શરીરસૌષ્ઠવ કેવું હોવું જોઈએ, તેની આદર્શતા વ્યક્ત કરે છે.

ભંગવિચાર

પ્રતિમાઓ બેઠી, ઊભી, શયન કરતી, કે ચરિત્રાત્મક વિવિધ કાર્યો કરતી જોવામાં આવે છે, જેમાં શિવતાંડવ, કૃષ્ણની ગોવર્ધનધરણ, દેવીની યુદ્ધ કરતી પ્રતિમાઓનો સમાવેશ થાય છે. મૂર્તિઓના વિવિધ પ્રકારોમાં કોઈ સંપૂર્ણ સીધી ટટ્ટાર, તો કોઈ સહેજ વાંકી, જ્યારે કોઈ શરીરના બધા અંગોએથી વળેલી—વળાંક લેતી, જુદાજુદા અભિનયો વ્યક્ત કરતી જણાય છે. મૂર્તિ-વિજ્ઞાનમાં આ બધા પ્રકારોને, ભંગ એવી સંજ્ઞાથી પિછાનવામાં આવે છે. ભંગના કુલ ચાર પ્રકારો માનસારે જણાવ્યા હોઈ, તેનાં સમભંગ, આભંગ, ત્રિભંગ અને અતિભંગના ભેદો જુદાંજુદા લક્ષણોને અનુરૂપ રાખવામાં આવ્યા છે.[૮]

સમભંગ

જે મૂર્તિ તદ્દન સીધી પછી તે ઊભી કે બેઠી હોય, જેનું મધ્ય સૂત્ર પગથી માથા સુધી સીધું હોઈ, બંને બાજુના અવયવો એકસરખા નીચા, ઊંચા કે ઝૂકેલા નહીં તેવા, ડાબી તથા જમણી બે બાજુથી સરખા હોય, તેવી પ્રતિમાને સમભંગ કે સમપાદ ભંગ, કહેવામાં આવે છે. વિષ્ણુ, સૂર્ય અને બુદ્ધની મૂર્તિઓ સમભંગવાળી જ હોય છે, જેનાં આયુધો અને મુદ્રાઓમાં જ ફક્ત તફાવત હોઈ, બીજા બધા અવયવો એકસરખા અને સીધા જ હોય છે.

આભંગ

જે પ્રતિમા સીધી પણ માથાના ભાગ આગળથી સહેજ જમણી બાજુ ઝૂકેલી, અર્થાત્ માથા પાસેથી થોડી વાંકી, અને કટી પાસેનો ભાગ નહીં જેવો ડાબી બાજુ વળેલો, હોય તે આભંગવાળી પ્રતિમા કહેવાય છે. બોધીસત્ત્વ, ઋષિઓ, મુનિઓ અને ધાર્મિક મનુષ્યો, સેવકો વગેરેની પ્રતિમા મુખ્યત્વે આભંગની જ કરવામાં આવે

૮ सर्वेषाम् देवदेवानाम् भंगमानमिहोच्यते। आभंगं समभंगं च अतिभंग-त्रिधा भवेत्॥ मानसर॥ अ. ६७ श्लो. ६५

છે. મનુષ્ય જો માથા આગળથી સહેજ વાંકો ઊભો રહે, તો તેનો કટીપ્રદેશ ઢળકતો બને તે સ્વાભાવિક હોઈ, આભંગ પ્રતિમામાં પણ તે વસ્તુને સ્પષ્ટ રીતે સમજાવી છે.

ત્રિભંગ


સામાન્ય રીતે છાતી, નાભિ અને પગના ઘૂંટણ પાસેથી, એમ શરીરમાં ત્રણ સ્થળે ઝૂકેલી, કમળદંડ જેવી ભારથી લચેલી, અગ્નિ-જ્વાળા જેવી વળાંક લેતી પ્રતિમાને ત્રિભંગ પ્રતિમા કહી શકાય. યુગલ પ્રતિમાઓમાં આવા ત્રિભંગો ખાસ કરીને જોવામાં આવે છે. ત્રિભંગ પ્રતિમામાંથી તેનું કલાસૌષ્ઠવ વધુ ખીલે છે. પ્રતિમા જો વાંકી કે ટેડી હોય તો તેના વિધાનમાં વિરૂપતા આવે છે, પણ પ્રતિમાના કેટલાંક અંગોના વળાંકો સ્વયંમૂર્તિના લાલિત્યમાં, સૌન્દર્યમાં, કે ભાવ-નિદર્શનમાં, જો અદ્વિતીય આકર્ષણ સાધી ઉત્કૃષ્ઠ લાવણ્ય વ્યક્ત કરતા હોય તો, તેને ત્રિભંગી કે લલિત ત્રિભંગવાળી પ્રતિમા તરીકે ઓળખવામાં આવે છે. દેવી પ્રતિમાઓમાં આ ભંગ વધુ જણાય છે, અપ્સરાઓ, કામકેલિના પ્રસંગો, નૃત્યના કેટલાંક કલાવિધાનો, અને આલિંગન પ્રતિમાઓમાં ત્રિભંગ ખાસ કરીને બતાવવામાં આવે છે.

અતિભંગ

અતિભંગમાં જેમાં ત્રણ કરતાં વધુ અવયવોમાં વળાંક સંભવી શકે છે. જે પ્રતિમામાં વધુ મરોડ હોય, વધુ વળાંકો હોય, કે જેનાં અંગો ઘણાં જ ઝૂકેલાં હોય, તેવી પ્રતિમાને અતિભંગવાળી કહેવામાં આવે છે. શિવતાંડવ નૃત્ય, અપ્સરાઓનાં કેટલાંક નૃત્ય, અને યુદ્ધ કરતી પ્રતિમાઓ ખાસ કરીને અતિભંગવાળી જ બનાવવામાં આવે છે.

વેશભૂષા

પ્રાચીન વેશભૂષાનાં પીતાંબર, ઉષ્ણીષ (પાઘડી) ઉપવસ્ત્ર (ઉપરણો) – ખેસ વગેરેનો પ્રચાર આજે પણ વિદ્યમાન છે; છતાં પ્રાંતીય ભેદોના કારણે કેટલોક તફાવત પરિધાનમાં હોય તે સ્વાભાવિક છે. સઘળા દેવોના



પૃ. ૫૭-૬૨

૪



૩. વિવિધ મુકુટો   પૃ. ૬૭-૭૧

વ

વર્ણનોમાં મુખ્ય પીતાંબર ઉષ્ણીષ યા તો મુકુટ અને ઉપવસ્ત્ર (ખેસ)-ના ઉલ્લેખો તો હોય છે જ, પરંતુ સૂર્ય અને બીજા કેટલાક દેવોનાં વર્ણનો-માંથી નવીન વસ્ત્રપરિધાનોનાં નામો મળે છે, જેની ટૂંક વિચારણા સાદર કરવાની જરૂરત રહે છે.

ઉદીચ્ય વેશ–તેનો ઉતર પ્રદેશમાંની વેશભૂષા એવો અર્થ થાય છે. સૂર્યના સ્વરૂપવર્ણનમાં ઉદીચ્ય વેશનો ખાસ નિર્દેશ છે.[1] સૂર્યની પ્રાચીન પ્રતિમાઓમાં તેણે લાંબો ઝભ્ભો, આપણા વૃદ્ધોના અંગરખા જેવો પહેરેલો જણાય છે. પગમાં ઘૂંટણ ઢંકાઈ જાય તેવા લાંબા હોલબૂટ પહેરેલા જોવામાં આવે છે

કૃતિવાસ–શંકરનું આ પ્રિય પરિધાન હોઈ, ચર્મ(ચામડા)નું બનાવેલું હોય છે. સામાન્ય રીતે તે એક પ્રકારનું કવચ[2] છે. વીરવેશ ધારણ કરનાર સ્કંદ, સૂર્ય વગેરેનાં વર્ણનોમાંથી તેના ખાસ ઉલ્લેખો મળે છે.

આ સિવાય પીતાંબર, ઉપવસ્ત્ર વગેરે પરિધાનોનાં નામો મળે છે જેની વધુ પિછાન આપવાની જરૂર રહેતી નથી.

અલંકારો

મૂર્તિના કલાવિધાનમાં વસ્ત્રો અને અલંકારો, તેના સર્જનની સાથે જ જે તે સ્થાનોને યોગ્ય બનાવેલાં હોય છે, અર્થાત્ આપણી બધી પ્રતિમાઓ વસ્ત્રઅલંકારથી યુક્ત બનાવેલી હોય છે.

હિંદુઓની બધી પ્રતિમાઓ નગ્ન નહીં, પણ વસ્ત્રાલંકાર ધારણ કરતી જ મૂર્તિવિધાનમાં બનાવવામાં આવે છે, જ્યારે જૈનો-ના દિગંબર સંપ્રદાયમાંથી નગ્ન મૂર્તિઓ મળે છે. જે તદ્દન નગ્ન હોઈ તેનું કલાવિધાન જ વિવસ્ત્રતા વ્યક્ત કરે છે. જૈનોના શ્વેતાં-બર સંપ્રદાયની પ્રતિમાઓને શરીર ઉપર કોઈ પણ પ્રકારના અલંકારો-

---

૧ नासाललाट जङ्घोरुगण्डवक्षांसि चोन्नतानि रवेः ।
कुर्याद् उदीच्य वेशं गुल्फौ पादौ च जानुनि यावत् ॥ ४४ ॥ बृहत्संहिता अ. ५८

૨ चोलक छन्नवपुषं क्वचिच्चित्रेषु दर्शयेत्............मत्स्यपुराण. अ. २६१

નું રેખાંકન બનાવવામાં આવતું નથી. કારણ યોગીઓ અને તપસ્વીઓને અલંકારોની આવશ્યકતા નહીં હોવાથી, તેમના માટે તેવાં રેખાંકનો જૈન મૂર્તિવિધાનમાં જણાવ્યાં નથી. પ્રાંતેપ્રાંતની પ્રતિમાઓનાં આભૂષણો અને વેશભૂષામાં વૈવિધ્ય જોવામાં આવે છે; તેટલું જ નહીં પણ પ્રતિમા કયા પ્રાંતની હશે, તેની પિછાન પણ તેના અલંકારો ઉપરથી સમજી શકાય છે. અલંકારોમાં પણ કેટલાક એવા માલૂમ પડ્યા છે કે, જે અમુક યુગની પ્રતિમા હોવાનું સૂચવે છે. કારણ કેટલાંક આભૂષણોનો વધુ પ્રચાર અમુક કાળમાં વધુ ફેલાયો હોવાનું જાણવા મળે છે, તેના આધારે પણ પ્રતિમાનો સર્જનકાળ અલંકારો દ્વારા નિર્દિષ્ટ થઈ શકે છે. આમ અલંકારો પ્રાંતિયતા અને કાળ સમજવા માટે પણ વધુ મહત્ત્વ ધરાવે છે. અલંકારોની સજાવટ પ્રતિમાને અનુરૂપ કરવી પડે છે. જેમકે દેવોને રાજાઓના જેવાં રાજકીય આભૂષણો, સૈનિકને વીરવેશ (લશ્કરી પોષાક), અને તેવા અલંકારો, યોગીઓને તપસ્વી જેવાં વલ્કલાદિ, અને જટા મુકટો, જ્યારે દેવીઓને મહારાણી જેવા રત્નાલંકારોનું સંકલન કરવાનો નિર્દેશ છે. તેથી જ વિષ્ણુ, ઇંદ્ર, કુબેર, વગેરેની રાજકીય આભૂષણોવાળી, સૂર્ય, સ્કંદ વગેરેની સૈનિક જેવા વીરવેશયુક્ત, શિવ, અગ્નિ, બ્રહ્મા, વગેરેની મહાયોગી જેવી, અને દુર્ગા, લક્ષ્મી, ઇંદ્રાણી કૌબેરી વગેરે દેવીઓની મહારાણી જેવી પ્રતિમાઓ, દરેકને યોગ્ય આભૂષણોની સજાવટવાળી બનાવવાનું શાસ્ત્રકારો કહે છે. આભૂષણોના પત્રકલ્પ, ચિત્રકલ્પ, રત્નકલ્પ અને મિશ્રકલ્પ એમ ચાર પ્રકારો છે.[૩] સાર્વભૌમ સમ્રાટ પત્રકલ્પ સિવાયના ત્રણે કલ્પોના અલંકારો ધારણ કરી શકે છે, જ્યારે નરેન્દ્રો અને અધિરાજોને રત્નકલ્પ તથા મિશ્રકલ્પનાં આભૂષણો ધારણ કરવાનો અધિકાર હોય છે. પત્રકલ્પના અધિકારી યોગીઓ મનાય છે, પરંતુ તેના અને મિશ્રકલ્પના અલંકારો સર્વ કોઈ ધારણ કરી શકે છે.

૩ માનસર અ. ૫૦, શ્લો. ૩-૪

મુકુટ

પ્રાચીન કાળમાં શિરોભૂષણમાં ખાસ કરીને રાજાઓ મુકુટ ધારણ કરતા હતા. દેવોને પણ વિવિધ પ્રકારના મુકુટો માથા ઉપર બનાવવાનું મૂર્તિશાસ્ત્રકારો કહે છે.

માનસાર અને શિલ્પરત્નનો કર્તા, અનેક પ્રકારના મુકુટો અને કેશબંધોના ઉલ્લેખો આપતાં, દેવો તથા સમ્રાટથી માંડી નાના સરદાર સુધીના રાજા, રાણીઓ માટે, નીચે પ્રમાણે મુકુટોની નોંધ રજૂ કરે છે.[૪] ૧. કિરીટમુકુટ, ૨. કરંડમુકુટ, ૩. જટામુકુટ, ૪. શિરસ્ત્રક, ૫. કેશબંધ, ધમ્મિલ, અલકચૂડક, પુષ્પપટ્ટ, રત્નપટ્ટ, પદ્મપટ્ટ, વગેરે આ બધા મુકુટોમાં કયા દેવને કેવો મુકુટ યોગ્ય છે તેની નોંધ લેતાં તે જ ગ્રંથકાર કહે છે કે, કિરીટ મુકુટ વિષ્ણુને, જટામુકુટ બ્રહ્મા તથા રુદ્રને, કરંડ મુકુટ અન્ય દેવોને, તેવી જ રીતે જટામુકુટ મનોન્મનીને, કુંતલ ઇંદિરાને, કેશબંધ સાવિત્રી તથા સરસ્વતીને, અને બીજી સર્વ દેવીઓને કરંડમુકુટ બનાવવા.[૫] દેવો પછી મનુષ્યોમાં સાર્વભૌમ ચક્રવર્તિએ કિરીટમુકુટ, અધિરાજો અને નરેંદ્રોએ કરંડમુકુટ, પાર્ષ્ણિકોએ શિરસ્ત્રક, અને બાકી સર્વ રાજાઓએ કરંડમુકુટો ધારણ કરવા. તે જ પ્રમાણે સાર્વભૌમ ચક્રવર્તિ મહારાજાની

૪ देवानां भूपतिनां च मौलि लक्षणमुच्यते।
जटामौलि किरीटं च करंडं च शिरस्त्रकम्॥
कुंतलं केशबंधं च धम्मिलालक चूडकम्।
मुकुटं च इतिख्यातं तत्तदाकारमानतः॥
पत्रपट्टं पुष्पपट्टं रत्नपट्टं त्रिधायतम्॥
मानसार. अ ५०

५ पितामहस्य रुद्रस्य जटामुकुट योग्यकम्।
किरीट मुकुटं चैव नारायणस्य योग्यकम्॥
अन्यदा देवतानां च करंडमुकुटान्वितम्।
जटामौलि मनोन्मन्याश्चेन्दिरा कुंतलं तथा॥

રાણીએ કુંતલમુકુટ, અધિરાજ અને નરેંદ્રોની પત્નીએ કેશબંધ, પાર્ષ્ણિક, પટ્ટધર, મંડલેશ અને પટ્ટભાજની સ્ત્રીઓએ ધમ્મિલ તથા કુમુદ, તેમજ અસ્ત્રગ્રાહિનની પત્નીએ અલક ચૂડકો પહેરવાં યોગ્ય છે.[૬] રાજાઓ પછી નાના સરદારો અને માંડલિકોના શિરોભૂષણો માટે સૂચવ્યું છે કે પટ્ટધરોએ પત્રપટ્ટ, પાર્ષ્ણિકે રત્નપટ્ટ, પટ્ટભાજે પુષ્પપટ્ટ અને પ્રભાકર તથા અસ્ત્રગ્રાહિનોએ પુષ્પમાલ્યના મુકુટો ધારણ કરવા જોઈએ.[૭] આ ઉપરાંત અસ્ત્રગ્રાહિનથી આરંભી સાર્વભૌમ રાજાઓ સુધી નરેંદ્રોના પ્રકારો, તેમની સમૃદ્ધિ, અને યોગ્ય લક્ષણો વગેરેની વિસ્તૃત નોંધ માનસારની અંદર સરસ રીતે આપવામાં આવી છે.[૮] બૃહત્સંહિતામાં મુકુટોનાં લક્ષણો, રાજાઓના પ્રકારો પ્રમાણે આપતાં, આગળ જણાવ્યા મુજબ વિવિધ પટ્ટોનાં નામો સૂચવ્યાં છે, જેની યોગ્ય ચર્ચા રજૂ કરતાં વિવિધ શિખા(કલગી)ઓ જુદા જુદા રાજાઓ માટે જણાવી છે. અર્થાત્ રાજાઓના પ્રકારો પ્રમાણે વિવિધ મુકુટો નહીં પણ, તેઓના માટે ઓછીવત્તી કલગીઓ સૂચવી છે. જેમ કે પાંચ કલગીઓ રાજાઓને, ત્રણ કલગીઓ અધિરાજો અને રાણીઓને,

---

सरस्वत्याश्च सावित्र्याः केशबंधश्च कुंतलम्।
अथवा सर्वशक्तिनां करंडमुकुटान्वितम्॥ એજન॥

६ किरीटं सार्वभौमस्य चाधिराजस्य योग्यकम्।
नरेन्द्रस्य करंडस्यात्पार्ष्णिकस्य शिरस्त्रकम्॥
चक्रवर्तेर्महिषस्य कुंतलं मुकुटं भवेत्।
अधिराज नरेंद्रस्य महिष्याः केशबंधनं॥
एतेषां च महिष्याश्च धम्मिलालकमावृतं।
प्रभाकरा समाटाभ्यां महिष्यालकचूडकम्॥ એજન॥

७ पत्रपट्टं पट्टधरो रत्नपट्टं च पार्ष्णिकः।
पट्टभाक् पुष्पपं च प्रोक्तमेव पुरातनैः
प्रभाकरास्त्रग्राही च पुष्पमाल्या प्रकीर्तितः ॥એજન॥

એક કલગી સેનાપતિને, અને કલગી વિનાનો પ્રસાદપટ્ટ (મુકુટ) આજ્ઞાધારક (હજૂરી) માટે યોગ્ય છે.[૯] અગ્નિ પુરાણે પણ પટ્ટબંધની નોંધ મુકુટની સાથે લીધી છે.[૧૦] પટ્ટ અને મુકુટ સમાન અર્થમાં વપરાતાં હોવાનું ભાગવતકારના કથનથી પણ જાણવા મળે છે.[૧૧] વરાહમિહિરની માફક ફક્ત કલગીઓમાં જ મુકુટોના ભેદો નોંધતાં વિષ્ણુધર્મોત્તરકાર કહે છે કે ત્રણ પ્રકારના મુકુટો દેવો અને પાર્થિવો માટે બનાવવા. દેવતાઓને સાત કલગીવાળા, રાજાઓને પાંચ કલગીવાળા, મહિષી અને યુવરાજોને ત્રણ કલગીવાળા, સેનાપતિઓને એક કલગીવાળા, અને દૈત્ય, દાનવ, યક્ષ, રાક્ષસ, તથા નાગો વગેરેને એક કલગીવાળા મુકુટો બનાવવા.[૧૨] નાટ્યશાસ્ત્રકાર ભરત આજ હકીકતનું પુનરુચ્ચારણ કરે છે.[૧૩]

મુકુટ કેવો બનાવવો, તેની ઊંચાઈ પહોળાઈ કેટલી રાખવી તેની પણ યોગ્ય વિગતો શાસ્ત્રકારોએ રજૂ કરી છે. સામાન્યતઃ કિરીટ વગેરે મુકુટો મોઢાની લંબાઈથી બે કે ત્રણ ગણી ઊંચાઈના બનાવવા. જટા-મુકુટો-

---

९ पंचशिखो भूमिपते त्रिशिखो युवराज पार्थिव महिष्योः।
एकशिखः सैन्यपतेः प्रसादपट्टो विनाशिखया ॥ बृहत्संहितायाम्

१० पट्टबंधं च कारयेत । राज्ञा मुकुटबंधं च ॥ अग्निपुराणे ॥

११ मारंवरपट्ट किरीट जुष्टमप्युत्तमांगं न नमेन्मुकुंदः ॥ श्रीमद्भागवते॥

१२ त्रिविधा मुकुटो ज्ञेया देव पार्थिव संश्रयाः।
देवानां पार्थिवानां च कर्तव्यास्तु किरीटकाः ॥ ३३
देवानां सप्तशिखराः पंचभिर्भूभृतां तथा।
त्रिभिश्च शिखरैः कार्या महिषी युवराजयोः ॥ ३४
सेनाध्यक्षस्य कर्तव्या तथैक शिखरो नृप।
दैत्यदानवयक्षाणां पन्नगानां सराक्षसाम् ॥ ३५
एक पट्टास्तु विस्तिर्णा कर्तव्या मुकुटाः शुभाः॥
विष्णुधर्मोत्तर, खं. ३ अ.

१३ त्रिविधा मुकुटा ज्ञेया दिव्य पार्थिव संश्रयाः।
उत्तमायेच दिव्यानां तेषां कार्या किरीटीनः ॥ भरतनाट्यशास्त्र, अ.२१.

ની ઊંચાઈ મોંઢાથી પોણુએ ગણી રાખવી, જ્યારે દેવીઓ યાને શક્તિઓના મુકુટો મુખની લંબાઈથી ડબલ લાંબા કરવા. મુકુટનો નીચેનો ભાગ મોંઢાની પહોળાઈ પ્રમાણે રાખવો, પણ ઉપરથી તેની પહોળાઈ નીચેની પહોળાઈ કરતાં ૧/૮ કે ૧/૧૬ ઓછી કરવી. કંરડ મુકુટની પહોળાઈ મોંઢાની પહોળાઈ કરતાં ૧/૨ કે ૧/૩ ઉપરથી ન્યૂન રાખવી. કિરીટ વગેરે મુકુટોમાં કેટલા વિભાગો પાડવા, તેમજ કેવાં ચિત્રોનું આલેખન કરી તેમાં રત્નો વગેરે જડવાં તેની સૂક્ષ્મ વિગતો સૂચવતાં શાસ્ત્રકાર કહે છે કે "મુકુટના વિવિધ ભાગોમાં પુરીત, તુંગતાર, અગ્રપટ્ટ, ત્રિવેદિર, ત્રિપત્રક, પદ્મ, કુટયમ અને શિખામણિ મુખ્ય છે. તેના ઉપરથી નીચે ગણતાં શિખામણિ, કુટયમ, પદ્મ, ત્રિપત્રક, પુષ્પપટ્ટ, મુક્તાહાર, પુરીત, મકર, ત્રિવેદિક, કર્ણપત્ર, કર્ણપુષ્પ, રત્નહાર વગેરે વિભાગો પડે છે." તેનાં રેખાંકનો માટે કલાકાર સૂચવે છે કે પુરીત વિભાગમાં મકરનાં મુખો બનાવવાં, જેમાં રત્નો જડી વેલા અને પત્રો કાઢવાં. માથાની સાથે બંધબેસતો ભાગ, જેને પટ્ટબંધ કહે છે તેના આગલા ભાગમાં રત્નો જડવાં. તેથી ઉપરનો ભાગ મૌલિબંધ, જેમાં વેલ અને પાંદડીઓ કોતરી, તેના ઉપર મુક્તાહારમાં દ્વિતીયાના ચંદ્ર જેવી આકૃતિઓ બનાવી, માથાની પાસે કાનને લગતાં બે બાજુ કર્ણપત્રો, અને તેની નીચે બે કર્ણપુષ્પો વ્યક્ત કરવાનું સૂચવ્યું છે. આવાં રેખાંકનો સુવર્ણ, રૌપ્ય કે ઝવેરાતના મુકુટોમાં બનાવવાનો આદેશ આપ્યો છે, તે જ પ્રમાણે મૂર્તિવિધાયકે મૂર્તિના કલાવિધાનમાં ૫ ક્રી શિરોપ્રદેશ ઉપર આવા મુકુટો બનાવવા એવો ગર્ભિત આશય સૂચવે છે.

જટામુકુટની ઊંચાઈ પહોળાઈનું માન આપણે આગળ જણાવી ગયા છીએ. જટાનો સામાન્ય અર્થ શિરોપ્રદેશ ઉપરના વાળ પણ જટામુકુટ એટલે માથાના વાળ એવી રીતે બાંધવામાં આવે કે જેના સંસ્કરણમાંથી મુકુટનો ભાર વ્યક્ત થાય. જેમ સ્ત્રીઓ વિવિધ પ્રકારે કેશબંધ કરી, તેમાં સુંદર કલાકૃતિયો ગૂંથે છે, તેવી જ રીતે આ પણ એક પ્રકારનો કેશકલાપ છે. ઉત્તર કામિ-

કાગમમાં તેની વ્યવસ્થિત વિચારણા રજૂ કરતાં જણાવ્યું છે કે "જટામુકુટમાં પત્રકૂટ, રત્નકૂટ, મકરકૂટ, પુરીસ વગેરે ભાગો કલ્પી, તેમાં યોગ્ય સ્થાને પત્રો, રત્નો, મકરોનાં રેખાંકનો ગૂંથતાં, શિવના જટામુકુટમાં મધ્યે દ્વિતીયાનો ચંદ્ર, અને એક બાજુ નાગફેણનો આકાર જટાના ઉપરી ભાગમાં દર્શાવવો. તદ્ ઉપરાંત જટાની અંદર ત્રણ યા તો પાંચ ગ્રંથિયો વ્યક્ત કરવી.[૧૪] મૂર્તિયોના કલાવિધાનોની અંદર પણ આવાં જ રેખાંકનોવાળા જટામુકુટો, શિલ્પિઓએ કોતરી તેમાં યોગ્ય તે વિભાગો પાડવા જોઇએ.

કેશકલાપ

જેમ આજે કેશ-ગુંફનના વિવિધ પ્રકારોનો પ્રચાર સમાજમાં ફેલાયો છે, તેમ પ્રાચીન કાળમાં પણ કેશકલાપને જુદી જુદી રીતે સંસ્કારવાનું કાર્ય, એક પ્રકારની કલા મનાતી. તેની ગૂંથણી, અને બંધન એવી ખૂબીથી કરવામાં આવતું, કે જાણે કોઈ મુકુટ કે શિરોભૂષણ પહેર્યું હોય તેવો ભાસ થતો.

કેશબંધ એક પ્રકારના કેશકલાપનું નામ છે, જેમાં માથાના વાળ કિરીટ-મુકુટ કે જટા-મુકુટ જેવા ગૂંથવામાં આવતા હતા. તેની મધ્યમાં સુવર્ણ કે રત્નનો પટ્ટબંધ બાંધવામાં આવતો હોઈ વચ્ચે વચ્ચે સુવર્ણ અને રત્નનાં અલંકરણો પુષ્પો વગેરે મૂકવામાં આવતાં.

---

૧૪ मध्ये मकरकूटंस्यात् सप्तकोटर संयुतम्।
पार्श्वयोः पत्रकूटंस्यात् पृष्ठेस्याद्रत्नकूटकम् ॥
अग्रे दशांगुलं तस्य मूलं तु सुखविस्तरं।
तत्तत्रिगुणनाहंतु वामे वामार्धचंद्रकम् ॥
वामे महाफणीं तस्य सर्वालंकार भूषितम् ।
जटाभिः पंचभिर्ग्रंथी त्रिमात्रेण विशेषतः ॥
एकधातु त्रिधावृत्य शेषाभिः पार्श्वलंबनम्।
जटामुकुट मेतद्धि सर्वालंकारमीरीतम् ॥ उत्तर कामिकागम, पटल ४८

ધમ્મિલ્લ એ બીજા એક પ્રકારનો કેશબંધ છે, જેનો નીચેનો ભાગ માથાના ઘેરાવાથી ટું જેટલો રાખી ઉપરની ટોચનો ભાગ નીચેની પહોળાઇના ટૂ જેટલો-પહોળો બનાવવામાં આવે છે. તેમાં ત્રણ બંધો જુદે જુદે ઠેકાણે કરવી, તેનું બંધન સુવર્ણ કે રત્નરશના વડે યોજવું પડે છે. દેવીઓના સ્તુતિ-પદ્યોમાંથી ધમ્મિલના વધુ ઉલ્લેખો મળે છે.[૧૫] આ પ્રકારનો કેશબંધ મલબાર પ્રદેશની સ્ત્રીઓમાં આજે પણ પ્રચલિત હોઈ જોવામાં આવે છે. પ્રાચીન પ્રતિમાઓમાંથી પણ, દેવીઓના આવા કેશબંધ કેટલીક વખત જોવામાં આવે છે.

અલકચૂડા: એ ધમ્મિલ્લને મળતો એક પ્રકારનો કેશબંધ છે. ફક્ત તેમાં સુવર્ણ પટ્ટના બદલે રત્નપટ્ટ બાંધવાની ખાસ વિશિષ્ટતા તરી આવે છે. મદ્રાસ અને કેરલ પ્રાંતોમાં ધમ્મિલ્લની માફક આ કેશબંધનો પ્રચાર પણ સ્ત્રીઓની અંદર જોવામાં આવે છે. મુકુટ એ દેવ યા તો મનુષ્યનુ પ્રતિભાશાળી ચિન્હ છે. પ્રતિમાના કાળનિર્ણય માટે મુકુટ મહત્ત્વનું સાધન છે તેવી જ રીતે પ્રાંતીય અસરોના કારણે પણ તેમાં કેટલોક ફેરફાર થયો હોવાનું જોઇએ છીયે, જેના ઉપરથી તે મૂર્તિ કયા પ્રદેશની હશે તેનો કંઇક ખ્યાલ આવે છે.

શિરોવિભૂષણ: મુકુટના જેવું આ પણ માથા ઉપર પહેરવાનું એક આભૂષણ હોવાનું અનુમાન છે.

ચૂડામણિ: મુકુટ, કેશબંધ, ધમ્મિલ, કે કેશ ઉપર ધારણ કરવાની કલગીને ચૂડામણિ કહેવામાં આવતી હોઈ, મોટે ભાગે તે રત્નજડિત બનાવવામાં આવે છે.

૨ કુંડલ: કાનના આગળના ભાગમાં આ અલંકાર પહેરવામાં આવતો હતો. કેટલીક વખત મુકુટ સાથે પણ તેનું સંયોજન કરવાની પ્રથા પ્રચલિત હોવાનું જણાય છે. તેના મકરકુંડલ, ગ્રાહકુંડલ, સ્વર્ણ-

૧૫ ધમ્મિલે તવદેવી હેમકુસુમાન્યાધાય ભાલસ્થલે ॥ પરાપૂજા ॥ શ્લો. ૨૦॥
બૃહત્સ્તોત્ર મુક્તાહાર॥

તાટંક, કર્ણિક, કર્ણપત્ર, કર્ણપૂર, કર્ણાવલી વગેરે પ્રકારો મુખ્ય છે. મકરકુંડલનો આકાર મુખ્યત્વે મત્સ્યાકૃતિ જેવો હોય છે. વિષ્ણુ, ઇંદ્ર, સ્કંદ, સૂર્ય, વગેરે દેવોને આવાં કુંડલો ખાસ કરીને બનાવવામાં આવે છે.[૧૬] જ્યારે ગ્રાહકુંડલનો આકાર મગરના મુખ જેવો કરવામાં આવતો હોઈ, દેવીઓ માટે તેવાં કુંડલો બનાવવાનું માનસારે સૂચવ્યું છે.[૧૭] સ્વર્ણતાટંક એ પણ દેવીના કુંડલનો એક પ્રકાર છે. જો કે તેનો આકાર કુંડલ કરતાં કદમાં મોટો હોઈ, તેના અભિધાન મુજબ તે સુવર્ણનું જ બનાવવામાં આવે છે. તેનો આકાર ગોળ ચક્રના જેવો હોવાનું 'કુમારસંભવ' ઉપરથી માલૂમ પડે છે.[૧૮] કર્ણપત્ર આજના ઇયરિંગ (Earing) જેવું કાને પહેરવાનું આભૂષણ હશે એમ લાગે છે. માનસારનો કર્તા તેને અર્ધચંદ્રાકાર, રત્નોથી અલંકૃત બનાવવા માટે કહે છે.[૧૯] કર્ણપૂરક પણ તેને મળતું જ કાનનું આભૂષણ છે, જેમાં થોડોક ફેરફાર નોંધતાં જણાવ્યું છે કે "કર્ણપૂરક ત્રિવલયવાળું, પુષ્પ જેવું રત્નથી અલંકૃત બનાવવું." [૨૦] દેવીનાં વિવિધકર્ણાભૂષણો પૈકીનું આ એક ગણાય છે. કર્ણાવલી નામનું આભૂષણ ખાસ કરીને પાર્વતી અને બીજી કેટલીક દેવીઓ માટે વપરાય છે. જ્યારે કર્ણિકા નામનું આભૂષણ ગોળ આકારનું હોઈ, કાલીને વધુ પ્રિય છે. કાલીના કર્ણાભૂષણમાં આનો જ ઉપયોગ કરવામાં

૧૬ केयूरवान्मकरकुंडलवान्कीरीटि ॥ सूर्यध्यान ॥ आदित्यहृदये भविष्योत्तर पुराण.

૧૭ अन्यथा सर्वशक्तिनाम् ग्राहकुंडल भूषणम् ॥ मानसार અ.૪૬

૧૮ रथस्य कर्णावभितन्मुरवस्य ताटंक चक्रे द्वीतयन्यधत्तः ॥ २३॥ कुमारसंभव स॰ ९

૧૯ तस्याधो रत्नदामैश्च ललाटेर्ध्वेर्धचंद्रवत् ।
कर्णपत्र समायुक्तम् सोत्रोर्धक कर्णभूषकम् ॥ ११२॥ मानसार અ. ४९

૨૦ कुर्यात् त्रिवलयोपेतम् न कुर्यात्तु शिखामणिम् ।
सर्वरत्नमविन्यस्य विना च कर्णपूरकम् ॥ એજન

આવે છે, જેનાં કર્ણવલય, અને પત્રકર્ણિકા એવાં નામો હોવાનું નાટ્યશાસ્ત્ર કહે છે.[૨૧] માનસોલ્લાસમાં તાટંક અને કુંડલનું કલા વિધાન ઠીકઠીક રીતે ચર્ચતાં તાટંકનો આકાર દ્વિગોળ, (ઉપરાઉપરી ગોળ) મોતીથી જડિત્ર, વચમાં નીલ જડેલાં, ચારે બાજુ મોતી લટકતાં, અને વજ્રથી યુક્ત હોવાનું જણાવ્યું છે.[૨૨]

૮ કેયૂર: આ જાતનું આભૂષણ ગોળ કડા જેવું હોઈ, કોણીની ઉપરના ભાગ ઉપર પહેરવામાં આવે છે. તેનું અપર નામ અંગદ હોવાનું ભરત કહે છે.[૨૩] વિષ્ણુ, સૂર્ય, વગેરેની પ્રતિમાઓમાં તે વિશેષ કરીને દેખાય છે. માનસોલ્લાસમાં પણ તે જ હકીકતને જણાવતાં સુવર્ણ, મણિ. અને મોતીથી જડેલું કેયૂર કે અંગદ, બાહુ યા કોણીની ઉપરના ભાગમાં પહેરવાનું આભૂષણ જણાવ્યું છે.[૨૪]

૯ વલય:- કોણીથી આગળના પ્રકોષ્ઠ પાસે પહેરવાનો આ અલંકાર છે. વલયનો સામાન્ય અર્થ કડું એવો થાય છે. આજે પણ સ્ત્રી-પુરુષોમાં કડું પહેરવાની પ્રથા ચાલુ છે, છતાં લૅાકિટ અને આર્મલેટ જેવા નવીન અલંકારોના પ્રચારથી સ્ત્રીઓમાં તેનો ઉપયોગ ઓછો થતો હોવાનું જણાય છે. વલયનું અપર નામ કટક પણ કહેવામાં આવે છે,[૨૫] જેની, હાથનાં મુખ્ય આભૂષણોમા ગણના

---

૨૧ कर्णिका कर्णवलयं तथास्यात्पत्रकर्णिका ॥ नाट्यशास्त्र अ. २१.

૨૨ मुक्तातार्टं कसंज्ञं तत्कर्णभूषणमुत्तमम् ।
वलयद्वयविन्यस्त मुक्ताफल विराजितम् ॥ ९१
मध्ये नीलेन संयुक्तं विराजित मुदाहृतम् ।
एवं त्रिराजकं प्रोक्तं पूर्णमध्यं च मौक्तिकैः ॥९२ मानसोल्लास अ. ८. विं. ३.

૨૩ केयूरावंगदे चैव कूर्परोपरिभूषणम् । नाट्यशास्त्र अ. २१.

૨૪ मूसकैलंबनैर्युक्तं केयूरं बाहुभूषणम् ।
सुवर्णोपरि विन्यस्त मुक्ताजालकमंगदम् ॥ ७७॥ मानसोल्लास, अ. ८, विं. ३.

૨૫ केयूर कटकैर्युक्तं प्रकोष्ठ वलयं [illegible] । मानसार. अ. ५४

થતી હોઈ તે કેયૂરના જેવું જ હોય છે.[૨૬] લક્ષ્મીનું તે પ્રિય આભૂષણ છે. માનસાર તેનો આકાર ગોળ યા લંબગોળ જણાવી, તેની મધ્યમાં રત્નો જડવાનું કહે છે.[૨૭] તેના કિંકિણી વલય, અને મણિબંધ વલય, એવા બીજા પ્રકારો હોઈ, આ જાતનાં કડાંઓ હાથના કાંડા પાસે પહેરવામાં આવતાં હશે એમ સમજાય છે. કિંકિણી વલયની નીચે ઝીણી ઝીણી ઘૂઘરિયો મુકવામાં આવતી હતી જ્યારે, મણિકલ્પ વલય રત્નજડિત્ર સુંદર વેલ અને પત્રોથી રચિત બનાવવાનું સૂચવ્યું છે. માનસોલ્લાસ પણ તેમાં માણિક, વજ્ર, નીલ વગેરે રત્નો જડવાનો આદેશ આપે છે.[૨૮] પ્રાચીન પ્રતિમાઓમાંથી કટક, વલય, વગેરેના વિવિધ પ્રકારો કોતરેલા જોવા મળે છે, જેમાં પ્રાંતભેદે કેટલુંક વૈવિધ્ય જણાય છે.

અંગુલિયક: અંગુલિયકનો સામાન્ય અર્થ આંગળી ઉપર પહેરવાનું આભૂષણ–વીંટી. હાથની બધી આંગળાઓ ઉપર વીંટીઓ પહેરવાનો રિવાજ પ્રાચીનોમાં હતો. આજે પણ વીંટી પહેરવાની પ્રથા સમાજમાં પ્રચલિત છે, પણ તે અમુક આંગળીઓ ઉપર જ. દેવીઓ અને મહિષીઓનાં વર્ણનોમાં, તેઓ બધી આંગળીઓ ઉપર જુદા જુદા પ્રકારની વીંટીઓ પહેરતી હતી એમ જાણવા મળે છે. વીંટીઓ સુવર્ણ, રત્ન અને મોતીની બનાવવામાં આવે છે. રત્નજડિત વીંટીઓનો રત્નાંગુલિયક તરીકે સંસ્કૃત સાહિત્યકારોએ નિર્દેશ કર્યો છે. માનસોલ્લાસમાં અંગુલિયકના વિવિધ પ્રકારો ગણાવતાં, દ્વિહીરક,

---

૨૬ शंखकलापी कटकं तथास्यात्पत्रपूरकम् ।
खर्जूरकाशोवितिकं बाहुनानाविभूषणम् ॥ नाट्यशास्त्र अ. २१.

૨૭ मध्यपत्रे विशेषेतु पुष्पलैश्च शोभितम् ।
कटकाश्रुतमेवंवा सुधाश्रुतमथापिवा ॥७५॥ मानसार अ. ५४

૨૮ हस्तस्य कटकं रम्यं स्वप्रभापरिशोभितम् ।
वज्रद्वितय मध्यस्थं हरिन्माणिक्यनीलकम् ॥७९॥ मानसोल्लास. अ. ८, वि. ३

ત્રિહીરક, નવગ્રહ અને શક્તિમુદ્રિકા વગેરેનાં વર્ણનો સુંદર રીતે રજૂ કરી, રત્ન, મોતી વગેરેના સંયોજન વડે જુદા જુદા પ્રકારોની વીંટીઓ બનાવવાનું સૂચવ્યું છે.[૨૯]

હાર યાને માલા: એક જ અર્થમાં વપરાય છે, છતાં બન્નેનું સંયોજન જુદીજુદી રીતે કરવામાં આવતું હોઈ, પ્રત્યેક માલા કેટલીક વિશિષ્ટતા ધરાવે છે. હારમાં સુવર્ણના મણકા, મોતી વગેરે એકસો આઠની સંખ્યામાં ગૂંથેલાં હોય છે. તેથી અર્ધો એટલે ચોસઠ મણકાવાળા હારને અર્ધહારથી સંબોધવામાં આવે છે.[૩૦] તેવી જ રીતે માલાના પણ જુદાજુદા પ્રકારો છે, જેમાં નક્ષત્રમાલા, વનમાલા, રુંડમાલા, પુષ્પમાલા, વગેરે મુખ્ય છે. સત્તાવીસ મોતી કે સુવર્ણના મણકાઓ, પત્રો, પુષ્પો જેની અંદર ગૂંથવામાં આવે છે તેને નક્ષત્રમાલા કહેવામાં આવે છે, જ્યારે પુષ્પો, પત્રોથી જે માલાનું સર્જન કરવામાં આવ્યું હોય, જે ઢીંચણ સુધી લાંબી હોઈ મધ્યમાં સ્થૂલ, અને બન્ને છેડેથી પાતળી હોય, તેવી સુંદર માલાને વનમાલા કહેવામાં આવે છે.[૩૧] મનુષ્યનાં રુંડ યાને માથાંથી ગ્રથિત માલાને રુંડમાલા તરીકે સંબોધવામાં આવે છે. કાલિ તથા રુદ્ર અન્ય માલાને નહીં ધારણ કરતાં ખાસ રુંડમાલાને જ ધારણ કરે છે. તેવી જ રીતે વનમાલા વિષ્ણુની પ્રિયમાલા છે. નક્ષત્રમાલા ખાસ કરીને દેવીઓ ધારણ કરતી હોવાનું, લક્ષ્મી, દુર્ગા, ઇંદ્રાણી વગેરે શક્તિઓનાં સ્તુતિપદ્યોમાંથી જાણી શકાય છે. મૌક્તિકમાલા યાને મુક્તાહાર દેવીઓ અને દેવો બન્ને ધારણ કરી શકે છે.

દામન: આ પણ માલાનો જ એક પ્રકાર છે. દામન શબ્દનો સામાન્ય અર્થ દોરડું એવો થાય છે. અને તે ઉપરથી દામનનો

૨૯ એજન. શ્લો ૮૦ થી ૯૦

૩૦ बृहत्संहिता अ. ८२, श्लो. ३२

३१ अजानुलंबिनीमाला सर्वर्तु कुसुमोज्वला ।
मध्यस्थूल कदंबाढया वनमालेति कीर्तिता ॥ ॥ शब्दमालायाम् ॥

આકાર પણ દોરડા જેવો, સુવર્ણનિર્મિત બનાવવામાં આવતો હશે એવું અનુમાન છે.

રતનસૂત્ર: પ્રાચીન પ્રતિમાઓ અને ચિત્રો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, તેઓનો વક્ષપ્રદેશ (છાતીનો ભાગ) ખુલ્લો રાખવામાં આવતો હતો. ફક્ત રતનપ્રદેશ લાંબા પટાથી બાંધવામાં આવતો હોઈ તેની ગાંઠ પીઠ પાછળ બાંધવામાં આવતી. અજંટાનાં ચિત્રોમાંથી પણ આ જ વ્યવસ્થા જોવા મળે છે. ગ્રામ્ય સ્ત્રીઓમાં વપરાતી કાંચળી (કંચુકી) આ પ્રથાનું સુધરેલું સ્વરૂપ છે. આ રતનપટ્ટની આસપાસ સુવર્ણાદિક ધાતુનું એક સૂત્ર, યાને અલંકાર પહેરવાનો પ્રચાર પ્રાચીન કાલમાં હતો, જેને સુવર્ણસૂત્ર યા તો રતનસૂત્ર કહેવામાં આવતું હતું; તેટલું જ નહીં પણ ઉરસૂત્ર તરીકે પણ ઓળખાતું. આ અલંકારમાં સુંદર કલાવિધાન કરવામાં આવતું હોઈ, પુષ્પો, પત્રો, વગેરેની આકૃતિઓ પણ આલેખવામાં આવતી.

ઉદરબંધ: નામના અર્થ ઉપરથી જ જણાય છે કે તે સુવર્ણ યા રત્નજડિત પટો હશે, જે પેટની નજદીક બાંધવામાં આવતો હોવો જોઇએ.

કટિસૂત્ર: કેડની આસપાસ બાંધવામાં આવતા પટાને કટીસૂત્ર તરીકે ઓળખવામાં આવતો હતો, જેની નીચે નાની કિંકિણીઓ (ઘૂઘરીઓ) પણ કેટલીક વખત બાંધવામાં આવતી હોવાનું જણાય છે. આ અલંકાર હાલના કંદોરાને અનુરૂપ હશે એવો તર્ક છે.

મેખલા: કેડની નીચે અર્થાત્ કટિસૂત્રથી નીચેનાં ભાગમાં બાંધવાનું આ આભૂષણ છે. તેની ઉપરનો ભાગ પટ્ટી જેવો બનાવી, આઠ વિભાગો પાડતાં પચીસ કલાપોથી યુક્ત, સુવર્ણની સોળ સાંકળીવાળી, રત્ન અને બીજા અનેકવિધ જવાહીરોથી જડિત બનાવવામાં આવતી હતી એમ નાટ્યશાસ્ત્રકાર કહે છે.[૩૨] લક્ષ્મી,

३२ एकयष्टिर्भवेत् कांची मेखलात्वष्टयष्टिका ।
रशना षोडशज्ञेया कलापः पंचविंशति ॥ नाटयशास्त्र अ. २१

પાર્વતી, ઐન્દ્રી વગેરે દેવીઓની પ્રાચીન મૂર્તિઓમાં કેડની નીચેના ભાગમાં આ અલંકાર કોતરેલો જોવામાં આવે છે. સુવર્ણ સિવાય મણિ કે રત્નની મેખલાઓને મણિમેખલા કે રત્નમેખલા કહેવામાં આવે છે. માનસોલ્લાસમાં આવા જ એક અલંકારને કાંચીદામ તરીકે ઓળખાવતાં તેનું વર્ણન આપ્યું છે.[૩૩]

કંચુક: આજે સ્ત્રીઓ પહેરે છે તેવી ચોળી કે જાકીટના જેવો તેનો આકાર હતો એમ લાગે છે. તે સુવર્ણનું બનાવવામાં આવતું હતું, જેને સુવર્ણકંચુક નામ આપવામાં આવતું હતું. કંચુકનો સામાન્ય અર્થ કાંચળી થાય છે, અને તે પ્રમાણે સુવર્ણના બારીક તારથી કલાયુક્ત ગૂંથેલી તે સુંદર કાંચળી હશે એવું અનુમાન જાય છે.[૩૪] દેવીઓના વક્ષપ્રદેશનું આ આભૂષણ દેદીપ્યમાન કવચ જેવું લાગે છે. દુર્ગા, લક્ષ્મી, ઇંદ્રાણી વગેરે દેવીઓની કેટલીક પ્રતિમાઓમાંથી તે જોવા મળે છે.

૧૪ નૂપુર: પગે પહેરવાના ઝાંઝરનું સંસ્કૃત નામ નૂપુર છે. સુવર્ણનો કે રત્નજડિત પટો બનાવી, તેની નીચે નાની નાની ઘૂઘરીઓ મૂકવામાં આવે તેને નૂપુર યાને ઝાંઝર કહેવામાં આવે છે. આ પટાની અંદર કલાકાર જુદીજુદી પ્રકારનાં પુષ્પો, પત્રો, કલિકાઓ, વગેરે વ્યક્ત કરી અદ્‌ભુત કલાનિદર્શન કરે છે.

૧૫ પાદજાલભૂષણ: તેનો આકાર પણ નૂપુરને મળતો જ હોઈ, તેના કરતાં સહેજ પહોળું અને જાળીવાળું બનાવવામાં આવતું હતું. લક્ષ્મીનું તે મુખ્ય પાદ-આભૂષણ છે. માનસોલ્લાસમાં પાદ-ચૂડક, પાદભૂષણ, અને શદક વગેરે પગનાં આભૂષણોની વિસ્તૃત ચર્ચા આપવામાં આવી છે.[૩૫]

---

૩૩ માનસોલ્લાસ, શ્લો. ૧૮-૧૯. પ્ર. ૮, વિં. ૩

૩૪ कंचुकी वार वाणेस्यान्निर्मिके कवचेऽपि च ।
वर्धापक गृहितांग स्यिसवस्त्रे च चोलके ॥ ॥ मेदिनीकोशे ॥

૩૫ માનસોલ્લાસ અ. ૮, વિ. ૩, શ્લો૧૮ થી ૨૪

૧ કૌસ્તુભમણિ: વિષ્ણુ ભગવાનનો આ પરમપ્રિય મણિ છે, જેને ભગવાન માળાની માફક વક્ષપ્રદેશમાં ધારણ કરતા હતા.

૧૩ કંકણ: સ્ત્રીઓના હાથે પહેરવામાં આવતી ગોળ કડા જેવી નકશીદાર બંગડીઓ જેવો તેનો આકાર હોય છે. તે સુવર્ણનાં બનાવવામાં આવતાં હોઈ તેમાં રત્નો, હીરાઓ વગેરે જડવામાં આવે છે. સુવર્ણનાંને સુવર્ણકંકણ અને રત્નનાંને રત્નકંકણો તરીકે સંબોધવામાં આવે છે.

ચીરક: મોતીના ચાર સેરોવાળા હારને ચીરક કહેવામાં આવે છે. આ અલંકાર સામાન્ય દેવો માટે વપરાતો નથી પણ, સૂર્ય અને સ્કંદ જેવા વીરવેશ ધારણ કરતા દેવો માટે ખાસ કરીને બનાવવાનો આદેશ છે.

લંબક: મોતી કે સુવર્ણની માળાઓમાં વપરાતાં પદકોને લંબક કહેવામાં આવે છે. ખાસ કરીને પ્રાચીન દેવીઓની પ્રતિમામાં કોતરેલ માળાઓમાંથી જાતજાતનાં લંબકો (પદકો) જોવામાં આવે છે.

આયુધો અને ઉપકરણો

દરેક હિંદુ દેવતાને તેનાં નિયત કરેલાં આયુધો કે પ્રિય ઉપકરણો હોય છે. જેવી પ્રતિમા તેવાં તેનાં આયુધો અને ઉપકરણો નિર્દિષ્ટ થયાં છે. આયુધો, ચિહ્નો, અને ઉપકરણો પ્રતિમા કયા દેવની છે તે નિશ્ચિત કરવામાં ઘણાં ઉપયોગી નીવડે છે. આયુધો એ દૈવી વ્યક્તિઓનાં રૂપાંતરો હોવાની ભાવના પુરાણકારોએ નિરૂપી છે. ગુજરાતમાં તો નહી પણ દક્ષિણનાં કેટલાંક મંદિરોમાં આયુધોની પ્રત્યક્ષ મૂર્તિઓ, અર્થાત્ આયુધ-પુરુષોની પ્રતિમાઓ મુખ્ય દેવની સાથે બેસાડેલી જોવામાં આવે છે.

શંખ: તેનું ઉત્પત્તિસ્થાન સમુદ્ર છે. મોંઢેથી વગાડવાનાં મુરલી, ભેરી, વગેરે અનેક સુષીર વાદ્યો પૈકીનું આ એક પ્રકારનું વાદ્ય છે. તેનો ખાસ ઉપયોગ યોગ્ય સમયે વગાડવાનો છે. ભગવાન વિષ્ણુના શંખનું નામ પાંચજન્ય છે.

ચક્ર: ઘડિયાળનાં ચક્રો જેવી આકૃતિ ધરાવતું, તીક્ષ્ણ ધારવાળું તેજસ્વી હોય છે. ભગવાન વિષ્ણુનું તે મુખ્ય આયુધ છે. આ સિવાય દેવીઓનાં વર્ણનોમાં પણ તેમના હાથમાં ચક્ર હોવાનાં વિધાનો મળે છે. કેટલીક વખત રથના ચક્ર જેવો પણ તેનો આકાર કલ્પવામાં આવે છે.

ગદા: તેનો આકાર નીચેથી સામાન્ય હાથા જેવો અને છેડા આગળથી મોટા ગોળાકારવાળો હોય છે. તે ખાસ કરીને લાકડામાંથી બનાવવામાં આવે છે. વિષ્ણુની ગદાનું નામ કૌમોદકી છે. માનસોલ્લાસમાં કાષ્ઠની માફક લોઢાની ગદા બનાવવાનો ઉલ્લેખ આપ્યો હોઈ તેને રત્ન અને સુવર્ણથી અલંકૃત બનાવવાનું સૂચવ્યું છે.[૩૬]

પદ્મ: એ કમળનું સંસ્કૃત નામ છે. વિષ્ણુ, લક્ષ્મી અને બીજા કેટલાક દેવોના હાથમાં તે ધારણ કરેલું જોવામાં આવે છે. લક્ષ્મીજીનું તો તે પ્રિય આસન છે. તેટલું જ નહીં પણ તેમનું પદ્મા એવું નામ પણ તે કારણથી જ પડ્યું હોય તેમ લાગે છે.


શારંગ: તે એક પ્રકારનું ધનુષ્ય હોઈ ખાસ કરીને શિંગડામાંથી બનાવવામાં આવે છે. વિષ્ણુનાં જુદાંજુદાં આયુધો પૈકીનું તે એક મનાય છે.

પિનાક: શારંગની માફક આ પણ એક પ્રકારના ધનુષ્યનું નામ છે. જેમ શારંગ ભગવાન વિષ્ણુનું નિર્દિષ્ટ ધનુષ્ય છે, તેમ પિનાક શંકરનું પરમ ધનુષ્ય ગણાય છે. ભગવાન શિવ તેને ધારણ કરતા હોવાથી જ તેમનું "પિનાકપાણિ"નામ પડ્યું છે. આ ધનુષ્યનું કાષ્ઠફલક ત્રણ કે પાંચ સ્થળેથી વળાંક લેતું હોઈ, સ્વાભાવિક રીતે કલાન્વિત અને સુંદર દેખાય છે.


શૂલ: તેનું અપર નામ ત્રિશૂલ કહેવાય છે. તે મહાદેવજીનું મુખ્ય આયુધ હોઈ તેનો આકાર ત્રિપાંખિયા જેવો, અને વચમાં એક અણીદાર

૩૬ गदां लोहमयीं कुर्यात् दारुसारमयीं तथा ॥
मनेन निर्मिता वापी रत्न कांचन भूषिताम् ॥ ८९ ॥ मानसोल्लास अ. १, टि. ४

૪ અ



પૃ. ૫૭-૬૨



ભાલો હોય તેવો લાગે છે. અર્થાત્ ત્રણ ફણાવાળો ભાલો હોય તેવું બનાવવામાં આવે છે. રુદ્ર સિવાય ભૈરવ, દેવી, ક્ષેત્રપાળ વગેરેના આયુધોમાં પણ ત્રિશૂલ કે શૂલ હોય છે.

કપાલ: માણસની ખોપરીમાંથી તે બનાવવામાં આવે છે. ખજૂરી કે લાકડાનાં ભિક્ષાપાત્રો-કપાલો, આજે પણ અઘોરી બાવાઓ પાસે આપણે જોઇ એ છીએ, તેવા આકારનું આ કપાલ હોય છે. મહાદેવજીનું તે ભિક્ષાપાત્ર હોઈ શિવનાં અનેક નામોમાં તેમને કપાલિ કે કપાલભૃત્ કહેવામાં આવે છે.

ખટ્વાંગ: પગના હાડકામાંથી તેને બનાવવામાં આવતું હોઈ, તેના શિરોભાગ ઉપર માણસની ખોપરી બેસાડવામાં આવે છે. શિવ, કાલી, ક્ષેત્રપાલ, ભૈરવ, વગેરે તામસી પ્રકૃતિવાળાં દેવદેવીઓ તેને ખાસ કરીને ધારણ કરે છે. પ્રાચીન કાળમાં અસ્થિનાં આયુધો વપરાતાં હોવાનો આ સ્પષ્ટ પુરાવો છે.

કમંડલુ: યોગીઓ, સંન્યાસીઓ વગેરે ધારણ કરે છે તેવું તુંબડાના આકાર જેવું હોય છે. કેટલીક વખત મોટી ઝારીના આકારનું નાળચાવાળું પણ પ્રાચીન પ્રતિમાઓમાંથી જોવામાં આવે છે. બ્રહ્મા, પાર્વતી, દિક્પાલો, મહર્ષિઓ, અને બીજાં અનેક દેવદેવીઓનાં ઉપકરણોમાં તેની નોંધ આપેલી છે.

સ્રુક્: બ્રહ્માનું આ ખાસ ઉપકરણ છે. પલાશ, ખદિર વગેરે યજ્ઞીયકાષ્ઠમાંથી તે બનાવવામાં આવતું હોઈ, યજ્ઞોમાં હોમ કરવા માટે વિશેષ કરીને વપરાય છે. તેનું માન (લંબાઈ) બાહુમાત્ર (હાથ) જેટલું હોઈ[૩૭] આકાર લાંબી કડછી જેવો અંગૂઠાના આકારનો ગોળ, અને ઊંડાઈ અંગૂઠાના એક વેઢા જેટલી બનાવવાનું કાત્યાયન

---

૩૭ स्रुवादिकन्तु यज्ञादौ पात्रमित्यभिधीयते।
स्रुवः पुमानेकहस्तो बाहुमात्रा स्रुगीरिता॥ शब्दरत्नावली

શ્રૌતસૂત્રકાર કહે છે.[૩૮]

કુંડિકા : ગુજરાતીમાં તે કૂંડી તરીકે ઓળખાય છે. કેટલીક દેવીઓના હાથમાં તે ધારણ કરેલું જોવામાં આવે છે. તે ધાતુપાત્ર હોઈ, સાધારણ રીતે તેનો આકાર મોટા વાડકા જેવો હોય છે.

અક્ષમાલા: અથી ક્ષ સુધી બધા વર્ણોના પ્રતિનિધિ રૂપ જેમાં મણકા હોય તેવી માલાને અક્ષમાલા કહેવામાં આવે છે. તેને અનેક દેવદેવીઓ ધારણ કરે છે, તેમાં યે બ્રહ્મા, અગ્નિ, દુર્ગા વગેરેના હાથમાં અક્ષમાલા મુખ્યતઃ જોવામાં આવે છે. વિશેષે કરીને તેમાં રુદ્રાક્ષ, ભદ્રાક્ષ, રત્ન, સ્ફટિક, કંકાલ કે અસ્થિના મણકાઓ હોય છે.

પરશુ: સામાન્ય રીતે ફરશી તરીકે આપણે તેને ઓળખીએ છીએ. તેનો હાથો લાકડાનો અને પાનું અર્ધચંદ્રાકાર-અર્ધવર્તુલ આકારનું તેજસ્વી ચમકદાર બનાવવામાં આવે છે. પરશુરામે આ જ શસ્ત્ર વડે ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો. ગણપતિ અને દેવીનાં આયુધ વર્ણનોમાંથી તેની નોંધ મળે છે.

શક્તિ: તેનો આકાર ભાલા જેવો હોય છે. તે દૈવી અસ્ત્ર હોઈ છૂટું મારવાનો પ્રયોગ કરવામાં આવતો હોવાનું સમજાય છે. ભાલાને જેમ ફળું હોય છે તેમ શક્તિના મોંઢા આગળ પણ પાન આકારનું ફળું હોય છે. દેવી અને સ્કંદની પ્રતિમાઓમાં આ અસ્ત્ર વધુ દેખાય છે. સ્કંદનું તો આ પ્રિય અસ્ત્ર છે.

પંચસાર: કામદેવનાં સંમોહન, ઉન્માદન, શોષણ, તાપન અને સ્તંભન વગેરે પાંચ બાણોના જુથને પંચસારના નામથી પિછાનવામાં આવે છે. કામદેવની પ્રતિમા અને ચિત્રોમાં આ પાંચ બાણો હાથની અંદર કે પીઠ પાછળના ભાથામાં ખાસ કરીને બનાવેલાં હોય છે.

વજ્ર: વજ્રનું બીજું નામ કુલીશ છે. જેમ દરેક દેવને પોતાનું

૩૮ अथपात्राणां लक्षणमुच्यते. स्रुविः स्रुवोऽङ्गुष्ठः पर्वत्त्स पुष्करि नासिकावत् पर्वार्धं खातो भवति। कात्या १।१ श्रौतसूत्रवृत्ति ॥

પ્રિય-અસ્ત્ર અને વાહન હોય છે, તેમ વજ્ર એ ઇંદ્રનું મુખ્ય આયુધ છે. તેનો આકાર નીચે અને ઉપરથી નાના ત્રિશૂલ જેવો હોઈ, મધ્ય ભાગમાંથી તેને પકડવામાં આવે છે. ખટ્વાંગની માફક વજ્ર પણ અસ્થિનું આયુધ હોઈ, પ્રાચીનકાલમાં આર્યો અસ્થિના વિવિધ ઉપયોગો કરતા હતા એમ સૂચવે છે.

પાશ: એક પ્રકારના દોરડા જેવું હોય છે. તેનો ઉપયોગ બંધ બાંધવામાં કરાય છે. જેમ આરોપીને દોરડાથી બાંધવામાં આવે છે, તેમ રાક્ષસો તથા અસુરોને દેવતાઓ આવા દૈવી પાશોથી બાંધતા હતા. તેથી તેનો અસ્ત્રની અંદર સમાવેશ કર્યો છે. વરુણનું મુખ્ય આયુધ પાશ છે, પરંતુ દેવી, કુબેર, યમ વગેરેની પ્રતિમાઓમાં પણ તે જોવામાં આવે છે. તે શણ, રેશમ, ચર્મ, સુતર કે વાળ વગેરેમાંથી બનાવવામાં આવતો હોવાનું વાચસ્પત્ય અભિધાન ઉપરથી જણાય છે. [૩૯]

દંડ :– મોટા દંડા જેવું લોઢાનું આ શસ્ત્ર છે યમરાજનું આ મુખ્ય અસ્ત્ર હોઈ અધર્માચરણ કરનાર પાપીઓને આ દંડ વડે યમરાજ દંડ આપે છે. શિક્ષા કરે છે.

ચર્મ : ચર્મ એટલે ચામડાની ઢાલ એવો અર્થ જ વિવક્ષિત છે. આવી ઢાલો પ્રાચીન કાલની અંદર યુદ્ધમાં યોદ્ધાઓ પોતાના બચાવ અર્થે વાપરતા. આજે તો આવી મોટી ઢાલોનો ખાસ ઉપયોગ ઉત્તર ગુજરાતના કણબી, રજપૂત, ઠાકરડાઓ વગેરે લગ્નની અંદર મોસાળું કે દેઝ ભરવામાં કરે છે. તેનું ચામડું આશરે ત્રણથી ચાર ઇંચ જાડું અને કઠણ હોય છે. તેનો આકાર સર્વસામાન્ય ગોળ અને મધ્યમાં ઝાલવા માટે લાકડાનો હાથો યા તો દોરડું રાખવામાં આવે છે. દુર્ગાના આયુધોમાંથી આવી ઢાલો જોવામાં આવે છે.

૩૯ लक्षणं .....औशनस शास्त्रोक्त यथाशाणं सौमं कार्पासं सूत्रं तथा रोमाणि चर्म च सर्वे कालिकस्य पाशस्य द्रव्याणि भवन्ति......................

वाचस्पत्य अभिधानः ॥

ખેટક: તે પણ એક પ્રકારની ઢાલ હોય, તે લાકડામાંથી બનાવવામાં આવે છે. તેનો આકાર પણ ગોળ, લંબગોળ, કે ચોરસ હોય છે, જેની મધ્યમાં પકડવા માટે લાકડાનો હાથો રાખવામાં આવે છે.

પટ્ટીશ: તે લોઢાનું શસ્ત્ર છે, જેનો આકાર લાકડી જેવો હોઈ તેના છેડા ઉપર તીક્ષ્ણ ધારવાળું અસ્ત્રા જેવું પાનું હોવાનું વૈજયંતિકાર કહે છે.[૪૦] કૃશોદરીનું આ વિશિષ્ટ આયુધ મનાય છે.

અમૃતઘટ: તે એક જાતનું ધાતુપાત્ર છે, જેનો આકાર આપણા ઘડાઓ કે ગાગરને મળતો હોય છે. લક્ષ્મીનું આ ઉપકરણ મનાય છે, તેવી રીતે ધન્વંતરીના હાથમાં પણ અમૃતઘટ હોવાના ઉલ્લેખો મળે છે.

શ્રીફળ: નારિયેળી ઉપર થતા નારિયેળને આજે શ્રીફળ તરીકે સમાજ ઓળખે છે; પરંતુ શાસ્ત્રીય દૃષ્ટિયે બિલ્વફળને શ્રીફળ તરીકે માનવામાં આવે છે. લક્ષ્મીની પ્રતિમાઓમાં શ્રીફળ ધારણ કરેલું જોવામાં આવે છે.

હળ: બલરામનું આ પ્રિય આયુધ હોઈ, તેઓ તેને ધારણ કરે છે. તેનો આકાર ખેતીમાં વપરાતા હળ જેવો બનાવવામાં આવતાં છેડા ઉપર લોખંડની ધારવાળી અણીદાર કોશ હોય છે.

ખડ્ગ: આ સર્વસામાન્ય આયુધ આજે પણ પ્રચલિત છે. ઠાકરડા, રજપૂત, અને ધારાળા લોકો તેને કેડે બાંધે છે. તેનો આકાર અર્ધચંદ્ર કે સીધો બનાવવામાં આવતો હોઇ, તેનો અગ્રભાગ અણીદાર અને નીચેથી તીક્ષ્ણ ધારવાળો તથા છેડે પકડવા માટે મૂઠ રાખવામાં આવે છે.

મુસળ: આજે તો સમાજ તેને સાંબેલાથી ઓળખે છે, અને તે ખાંડવાના એક ઉપકરણ તરીકે ઉપયોગમાં લેવાય છે. પણ પ્રાચીન કાળમાં તેનો શસ્ત્ર તરીકે ઉપયોગ થતો હશે, એમ કેટલાંક દેવદેવી-

---

૪૦ पट्टीशो लोहदंडोयस्तीक्ष्णधारः क्षुरोपमः । वैजयन्ति ॥

ઓનાં આયુધ વર્ણનો ઉપરથી જણાય છે. વધુ હાથ ધરાવતી દેવીઓની કેટલીક મૂર્તિઓમાંથી આયુધ તરીકે મુસળ જોવામાં આવે છે, તેવી જ રીતે બળદેવજી પણ હળ સાથે મુસળને ધારણ કરતા હતા એવા ઉલ્લેખો મળે છે.

બાણ: ધનુષ ઉપર ચઢાવી મારવામાં આવતું બાણ આશરે હાથ દોઢ હાથ લાંબું હોય છે. તેનો અગ્ર ભાગ ભાલા જેવો તીક્ષ્ણ ધારવાળો હોય છે. પ્રાચીન કાળમાં તેના છેડે કંક પક્ષીનાં પીછાં ખોસવામાં આવતાં હતાં.

ટંક: તેનો આકાર લંબગોળ હોઈ તે પથ્થરનું બનાવવામાં આવે છે. દેવીનાં શસ્ત્રોમાં, તેમજ વિષ્ણુનાં કેટલાંક વિશિષ્ટ સ્વરૂપનાં આયુધોમાં તેની નોંધ આપેલી હોય છે.

અંકુશ: હાથીને નિયમનમાં રાખવા માટે આ હથિયાર આજે પણ વપરાય છે. તેને લાકડાનો હાથો બનાવવામાં આવતો હોઇ, તેના છેડે ત્રિશૂળની માફક અણીદાર અર્ધચંદ્ર આકારનું ધારવાળું પાનું હોય છે. તેની લંબાઈ આશરે હાથ કે દોઢ હાથથી વધારે હોતી નથી. ઇન્દ્રના મુખ્ય શસ્ત્રો પૈકીનું તે એક હોઈ, તેની પ્રતિમાઓમાંથી વધુ જોવા મળે છે.

ડમરુ:- બંને બાજુથી પહોળું અને વચ્ચેથી સાંકડું લાકડાનું બનાવવામાં આવતું હોઈ તેની ઉપર નીચે ચામડું મઢવામાં આવે છે. તેની પાસે જાડી ગાંઠોવાળી દોરીઓ લટકતી હોય છે, જેના અથડાવાથી તે ભયંકર અવાજ કાઢે છે. ભૂતપ્રેતના આવાહનમાં કે તેને પ્રસન્ન કરવામાં આ વાદ્ય ખાસ કરીને વપરાય છે. મહાદેવજીનું તે પ્રિય વાદ્ય હોઈ શિવ-તાંડવ અને બીજી ઘણી ખરી રુદ્ર પ્રતિમાઓમાં તે જોવામાં આવે છે.

મુરલી: સાધારણ રીતે વાંસની જ હોય છે, તેનું અપર નામ વેણુ કહેવામાં આવે છે. તેની અંદર સપ્ત સ્વરો માટે નાનાં નાનાં

સાત છિદ્રો પાડેલાં હોઈ તેમાંથી જુદા જુદા સ્વરો ઉપજાવી શકાય છે. આજના જમાનામાં તો કાષ્ઠ અને ધાતુઓની મુરલીઓ પણ બનાવવામાં આવે છે. શ્રી કૃષ્ણને તે વધુ પ્રિય હોઈ તેમને મુરલીધર કે બંસીધર પણ કહેવામાં આવે છે.

ઘંટા: દેવમંદિરોમાં વપરાતા લટકાવેલા, કે હાથેથી વગાડવાના ઘંટ જાણીતા જ છે. કેટલાક દેવોના ઉપકરણો તરીકે તે માન્ય થયેલા હોઈ કોઈ કોઈ પ્રતિમાઓમાંથી તે જોવા મળે છે. ખાસ કરીને ઘંટ પિત્તળના જ બને છે, પરંતુ પંચધાતુ, કાંસુ, સુવર્ણ અને રૂપાના પણ નાના-મોટા ઘંટો બનાવવામાં આવતા હોવાનું જણાય છે.

વીણા: સરસ્વતીનું તે મુખ્ય ઉપકરણ છે. તંતુવાદ્યોમાં જેમ બીન, સારંગી, સિતાર વગેરે હોય છે તેવા જ પ્રકારનું આ એક તંતુવાદ્ય છે. તેનો આકાર સામાન્યતઃ સારંગીને કેટલેક અંશે મળતો હોય છે.

મૃગચર્મ: કૃષ્ણમૃગનું ચર્મ શાસ્ત્રકારોએ પવિત્ર માન્યું છે. બ્રહ્મચારી, સંન્યાસી, અને યોગીઓ તેનો ખાસ ઉપયોગ કરે છે. દ્વિજત્વ સંપાદન-સંસ્કાર યાને યજ્ઞોપવીત ધારણ કરનાર બાલ બટુને, મુંજની મેખલા સાથે કૃષ્ણમૃગનું અજીન (ચર્મ) ફરજિયાત પહેરવું પડે છે. ભગવાન શંકર કટિપ્રદેશ ઉપર મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, વગેરે ધારણ કરતા હોવાનું પુરાણો કહે છે.

લિંગ: પાર્વતી અને શંકરની પ્રતિમાઓમાં હાથની અંદર શિવલિંગ ધારણ કરેલું જોવામાં આવે છે.

આજ્યપાત્ર: ઘીનું ભરેલું વાસણ જેને સંસ્કૃતમાં આજ્યપાત્ર તરીકે સંબોધવામાં આવે છે. તે એક મોટા વાડકામાં ભરેલું હોઈ, કેટલાંક દેવદેવીઓ હાથમાં ધારણ કરતાં હોવાનું પુરાણો અને મૂર્તિશાસ્ત્રનાં વર્ણનોમાંથી જણાય છે.

પુસ્તક: સરસ્વતી અને બ્રહ્માનું તે મુખ્ય ઉપકરણ મનાતું હોઈ, સામાન્ય પોથા કે ચોપડી જેવો તેનો આકાર બનાવવામાં આવે છે.

અગ્નિ: કુંડમાંથી જ્વાળા નીકળતી હોય તેવું અગ્નિપાત્ર, અગ્નિ તથા બીજાં કેટલાંક દેવદેવીઓના હાથમાં ઝાલેલું તેઓની પ્રતિમાઓમાંથી જોવા મળે છે.

દર્પણ: આયનો યાને દર્પણ હાથવાળું કલ્પવામાં આવે છે. ખાસ કરીને પાર્વતીના હાથમાં તે ધારણ કરેલું હોય છે. પ્રાચીન શિલ્પકલાકૃતિઓમાંથી મળતી નૃત્યકન્યાઓના હાથમાં પણ આવાં દર્પણો, દર્પણ નૃત્યનો ભાવ વ્યક્ત કરતાં જોવામાં આવે છે.

મુદ્રાઓ

મૂર્તિશાસ્ત્રમાં મુદ્રાઓનું સ્થાન અનોખું છે.

અભય મુદ્રા: તેના વાચ્યાર્થ ઉપરથી જ સમજી શકાય છે કે જે મુદ્રા અભય આપતી હોય, અર્થાત્ જે નિશાની વડે સામા મનુષ્યને અભય પ્રાપ્ત થાય–રક્ષણ થાય તેવી મુદ્રા. આ મુદ્રા બનાવવા માટે હાથનો પંજો ઊભો રાખી., આંગળીઓ સહેજ નીચી નમેલી એકમેકને અડેલી હોય, તેવા પ્રકારના હાથને અભયમુદ્રા કહેવામાં આવે છે.

વરદ મુદ્રા: વરદાન આપતી મુદ્રા. કોઈ પણ વસ્તુ આપવાનો સ્વીકાર કરતાં આ મુદ્રા સાહજિક રીતે થઈ જાય છે. આમાં હાથ ઊંધો અને ખુલ્લો હોય છે, જેના સૂચનથી વરદાન આપતો ભાવ નિદર્શન થાય છે.

કટક: તેનું બીજું નામ સિંહકર્ણ છે. અર્થાત તેમાં હાથની આંગળીઓ વડે સિંહના કાન સમાન અગર કંકણ જેવો આકાર બનાવવામાં આવે છે. અંગૂઠાની ટોચ પાસે બધી આંગળીઓની ટોચો ભેગી કરવાથી આ મુદ્રા બને છે.

સૂચિહસ્ત: કોઈ પણ વસ્તુ યા વ્યક્તિના સૂચન માટે જેમ અંગુલિ નિર્દેશ કરવામાં આવે છે. તે જ પ્રમાણે સૂચિમુદ્રા કરવા એકલી તર્જની આંગળી લાંબી રાખી બાકીની આંગળીઓ બંધ રાખવામાં આવે છે.

કટ્યવલંબિત: તેનો વાચ્યાર્થ કેડે હાથ મૂકવો તે. અને તે જ

પ્રમાણે નૃત્ય અને પ્રતિમાઓમાં કેડે મૂકેલા હાથને કટયવલંબિત હસ્ત તરીકે પિછાનવામાં આવે છે.

દંડહસ્ત: દંડના આકારે હાથીની સૂંઢ પ્રમાણે હાથને લાંબો કરવો તે. કોઈના માથા ઉપર જેમ હાથ મૂકીએ છીએ, તેમ ઊંધો હાથ માથા ઉપર રાખવામાં આવે છે તેને દંડહસ્ત કહેવામાં આવે છે. આ મુદ્રાનો ઉપયોગ નૃત્યમાં ખાસ કરીને થાય છે. તેને ગજહસ્ત પણ કહેવામાં આવે છે.

અંજલિહસ્ત: અંજલિ યાને અર્ધ્ય આપવા જેમ બે હાથ ભેગા કરી ખોબો બનાવવામાં આવે છે તેને અંજલિ–મુદ્રા કહેવામાં આવે છે.

વિસ્મયમુદ્રા: એકદમ અચંબો – વિસ્મય પામવાથી કુદરતી રીતે જેમ હાથ ઊંચો થઈ આંગળીઓ છૂટી પડી જાય છે, તેવી જ રીતે મૂર્તિઓમાં જે વિસ્મયકારક ઊંચો હાથ બનાવવામાં આવે છે તેને વિસ્મયહસ્ત કહેવામાં આવે છે.

છિન્નમુદ્રા: તેનું બીજું નામ વ્યાખ્યાન કે સંદર્શન મુદ્રા છે. તર્જની અને અંગૂઠો ભેગો કરી વીંટી જેવો આકાર બનાવતાં બાકીની આંગળીઓ ખુલ્લી રાખવાથી છિન્નમુદ્રા થાય છે. આ મુદ્રાને જ્ઞાન-મુદ્રા પણ કહેવામાં આવે છે.

યોગમુદ્રા: બંને પગો વડે પદ્માસન વાળી, તેના ઉપર બે હાથો ખુલ્લા ઉપરાઉપરી રાખવામાં આવે છે, તેને યોગમુદ્રા કહે છે. સાધારણતઃ જૈન મૂર્તિઓમાં આ મુદ્રાનો વધુ પ્રચાર જોવામાં આવે છે. તેને ધ્યાન અગર સમાધિમુદ્રા પણ કહેવામાં આવે છે.

તત્ત્વમુદ્રા: મધ્યમા અગર અનામિકા અને અંગૂઠા વડે વીંટી જેવો આકાર બનાવી, બાકીની આંગળીઓ છૂટી રાખવાથી તત્ત્વમુદ્રા થાય છે. તાંત્રિક પ્રયોગોમાં તેનો ખાસ ઉપયોગ થાય છે. મૂર્તિઓમાં પણ તે ક્વચિત્ જોવા મળે છે.

કરણસિંહમુખ: તર્જની અને કનિષ્ઠિકા ખુલ્લી રાખી, બાકીની

બે આંગળીઓ સહેજ વાળી અંગૂઠાની ટોચ સાથે ભેગી કરવાથી આ મુદ્રા બને છે.

કર્તરીહસ્ત: અવળો હાથ ખભા સુધી ઊંચો કરી, અનામિકા અને અંગૂઠો બંનેની ટોચો ભેગી કરતાં વીંટી જેવો આકાર બનાવી મધ્યમા અને તર્જની બે આંગળીઓ ઊભી હરણના કાન જેવી રાખ-વાથી આ મુદ્રા થાય છે.

ચપેટદાન:- થપ્પડ મારવા માટે હાથ ઉગામવામાં આવે તેને ચપેટદાન કહેવામાં આવે છે.

તર્જની: તર્જની ઊભી રાખી બાકીની આંગળીઓ અંગૂઠા વતી દબાવવાથી આ મુદ્રા થાય છે. ભય અગર તો ચૂપ રાખવા માટે આ મુદ્રાનો ઉપયોગ થાય છે.

તર્પણ: અંજલિ માફક બે હાથને ખભા સુધી ઊંચા રાખવાથી આ મુદ્રા બને છે.

ભૂમિસ્પર્શ: પલાંઠી વાળીને બેસી એક હાથ ઘૂંટણ ઉપર મૂકતાં આંગળાં જમીન સુધી અડાડવાથી આ મુદ્રા થાય છે. બુદ્ધ અને ધ્યાની બુદ્ધોમાં આ મુદ્રા ખાસ જણાવેલી હોય છે.

ધર્મચક્ર: તેનાં ચિત્, સંદર્શન, વિતર્ક, વ્યાખ્યાન વગેરે અનેક નામો છે. તર્જની અને કનિષ્ઠિકાને ઊભી રાખી મધ્યમા તથા અનામિકાના મધ્યમાં અંગૂઠો રાખવાથી આ મુદ્રાનું સંયોજન સાધી શકાય છે.

હરિણ: ફક્ત તર્જની ઊભી રાખી બાકીની ચારે આંગળીઓને વાળી નાખતાં અંગૂઠા વડે દાબી અંગૂઠો ઊભો રાખવાથી હરિણ મુદ્રા બને છે. મુદ્રાઓના આટલા સામાન્ય નિર્દેશથી પ્રતિમાઓની મુદ્રાઓ સમજવી વધુ સરળ બને છે.

આસનો

આસનનો સામાન્ય અર્થ બેસવું અગર બેસવાનું સાધન એવો થાય છે. મૂર્તિ-વિન્યાસમાં આસનો પણ કેટલુંક મહત્ત્વ ધરાવે છે.

આસનો બનાવવામાં સમસ્ત શરીરનો ઉપયોગ થાય છે, છતાં હાથ, પગ અને આંગળીઓને તેના નિયમ મુજબ વાળી આસન બનાવવાનું મુખ્યતઃ જણાય છે. જુદાજુદા ગ્રંથકારોએ મૂર્તિઓ માટે કેટલાંક આસનો સૂચવ્યાં છે, છતાં ગુજરાતની પ્રતિમાઓમાં તેમાંથી થોડાંક જ વપરાયાં હોવાનું માલૂમ પડે છે. આજે તો ઘણીખરી મૂર્તિઓ ઊભી, બેઠી, વાહનારૂઢ કે અઢેલીને બેઠેલી જોવામાં આવે છે. જ્યારે જલશાયી જેવી કેટલીક શયનાસનવાળી મૂર્તિઓ પણ મળે છે.

પદ્માસનઃ બેઠી પ્રતિમાઓમાં આ આસન ખાસ કરીને વપરાય છે. રુદ્રયામલતંત્ર તે માટે કહે છે કે 'ડાબો પગ જમણી જંઘાના મૂળ પાસે, અને જમણો પગ ડાબી જંઘાના મૂળ પાસે લાવી બેસવું તે'.[૪૧] અર્થાત્ બે પગની એડીઓ સામસામી જંઘાના મૂળને અડાડી પલાંઠી વાળી બેસવાથી પદ્માસન થાય છે.

યોગાસનઃ યોગસાધના કરવા યોગી જે આસન જમાવે છે, તેવું પદ્માસનને લગભગ મળતું જ આ આસન છે. બંને પગો જંઘાની નીચે દબાવી પલાંઠી વાળતાં બંને હાથો ખોળામાં ઉપરાઉપરી રાખવામાં આવે તેને યોગાસન કહેવામાં આવે છે.[૪૨] જૈન તીર્થંકરોની પ્રતિમાઓમાં આ જ આસન ખાસ કરીને હોય છે. ઋષિ-મુનિઓ, બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્ર વગેરેની કેટલીક મૂર્તિઓ યોગાસનવાળી જોવામાં આવે છે.

વીરાસન: એક પગ બીજા ઉપર ચડાવી, નીચેનો પગ સહેજ ખૂલતો રાખતાં પલાંઠી વાળી બેસવાથી વીરાસન થાય છે. તંત્રસાર

૪૧ ऊरुमूले वामपादं पुनस्तद्दक्षिणंपदम्।
वामोरौ स्थापयित्वातु पद्मासनमितिस्मृतम् ॥२७॥ रुद्रयामलतंत्र पटल. २३

૪૨ अथ योगासनं वक्ष्ये यत् कृत्वा योगविद् भवेत।
उर्वोः पादतले द्वंद्वं स्वांकेबध्वा करद्वयम्॥ ।रुद्रयामलतंत्र॥

અને વસિષ્ઠ બંનેએ વીરાસન માટે આ જ લક્ષણો સૂચવ્યાં છે.[૪૩] કેટલીક પ્રાચીન મૂર્તિઓમાંથી આ આસન જોવામાં આવે છે. મૂર્તિવિજ્ઞાનના વિદ્વાન લેખક શ્રી. ખરે તેના માટે બીજો એક પ્રકાર જણાવતાં કહે છે કે 'એક પગ વાળીને બેસી, બીજો પગ ઊભો સીધો રાખવાથી, વીરાસનનો અવર પ્રકાર બને છે.'[૪૪]

સ્વસ્તિકાસન: યોગાસન અને પદ્માસનની માફક સ્વસ્થ આસન વાળી, પલાંઠી વાળતાં પગની આંગળીઓ ઉરૂ તથા જાનુની વચ્ચે ઘાલવાથી સ્વસ્તિકાસન થાય છે.[૪૫]

પર્યંકાસન:- પગના ઘૂંટણ ઉપર બેસવું અર્થાત્ સાદી પલાંઠી વાળી બેસવું તેને પર્યંકાસન કહે છે. વસિષ્ઠ વીરાસનને મળતુ આ આસન હોવાનો અભિપ્રાય આપે છે.

અર્ધપર્યંકાસન:- પલાંઠી વાળી એક પગ નીચે લટકતો અગર ઊભો રાખવાથી આ આસન બને છે. અર્થાત્ અર્ધી પલાંઠી હોવાના કારણે તેનું અર્ધપર્યંક એવું નામ પડ્યું છે. ઉમામહેશ્વર, લક્ષ્મી નારાયણ, બ્રહ્મા-સાવિત્રીની યુગલ પ્રતિમાઓમાં ખાસ કરીને શિવ, વિષ્ણુ વગેરે દેવો અર્ધપર્યંકાસન વાળી બેઠેલા હોય છે. આ સિવાય સરસ્વતી, કૃશોદરી વગેરે કેટલીક દેવીઓની પ્રતિમાઓમાં પણ આ આસન જોવામાં આવે છે. ટૂંકમાં બેઠી પ્રતિમાઓમાં અર્ધપર્યંકનો પ્રચાર વધુ થયો હોવાનુ જણાઈ આવે છે.

૪૩ (૧) एक पादमथकृत्वा विन्यसेरौतथेत्तरम्।
ऋजुकायो विशेन्मंत्रि वीरासनमीतीरितम्॥ ॥कृष्णानंदकृत तंत्रसार॥
(२) एकपादमथैकस्मिन् विन्यसेरौच संस्थितः।
इतरस्मि तथा पादं वीरासन मुदाहृतम्॥ ॥वसिष्ठः॥

૪૪ મૂર્તિવિજ્ઞાન (મરાઠી) પા. ૨૦૮; કર્તા: ગ. હ. ખરે

૪૫ जानुर्वोरंतरे सम्यक् कृत्वा पादतलेउभे।
ऋजु काय: सुखासीन स्वस्तिकासन मुदाहृतम्॥ ॥वसिष्ठयोगसार॥

વજ્રાસન: પગ ઉપર પગ ચડાવી પલાંઠી વાળતાં બે હાથના પંજા ઘૂંટણ ઉપર ઊંધા મૂકવાથી વજ્રાસન થાય છે.[૪૬] વજ્રાસન વાળી પ્રતિમાઓ ભાગ્યે જ મળે છે.

આલીઢાસન: ડાબો પગ ઘૂંટણમાંથી વાંકો વાળી, જમણો પગ તેની પાછળ સીધો પણ સહેજ વાંકો રાખી, જમણા પગની પાંની વાંકી રાખવાથી આલીઢાસન બને છે.[૪૭] વારાહી અને મહાલક્ષ્મીની પ્રતિમાઓમાં કેટલીક વખત આ આસન જોવામાં આવે છે. હિંદી પહેલવાનો કુસ્તીના પવિત્રામાં આ જ આસન કરે છે. મારુતિનું તો આ જ મુખ્ય આસન છે.

પ્રત્યલીઢાસન: આલીઢાસનથી વિરુદ્ધ એટલે જમણો પગ આગળ લાવી વાંકો રાખતાં, ડાબો પગ પાછળ સહેજ વાંકો વાળી, તે પગની પાની વાંકી રાખવાથી પ્રત્યલીઢાસન બને છે.[૪૮] કાત્યાયિની અને મહિષમર્દિનીની પ્રતિમાઓ આ આસનવાળી બનાવવા માટે સૂચવ્યું છે. અગ્નિપુરાણ પણ આલીઢ, પ્રત્યાલીઢ, આસનોની આવી જ વ્યાખ્યા આપે છે.[૪૯] મુસલમાન પહેલવાનો કુસ્તીના પવિત્રામાં આ આસનનો ઉપયોગ કરે છે.

સોપાશ્રયાસન: બંને પગ પાસે યોગપટ્ટક નામના લાકડાનો

૪૬ उर्वोः पादौ क्रमान्यस्येत् कृत्वा प्रत्यङ्मुखांगुलिः।
करौ निदध्यादाख्यातं वज्रासनमनुत्तमम्॥ ॥ तंत्रसार ॥

૪૭ धन्वीनां दक्षिण जंघा प्रसार वामपाद संकोचयन् स्थावस्थानम्॥
॥ अमरकोष भरतटीका ॥

૪૮ धन्वीनां पादसंस्थान विशेषः ततोर्धस्य वामपाद प्रसार दक्षिणपाद संकोचः॥

૪૯ भुग्नवामपदं पश्चात् स्तब्धजानूद्दक्षिणम्।
वितस्त्यः पंचविस्तारे तदालीढं प्रकीर्तितं॥
एतदेव विपर्यस्त प्रत्यालिढं प्रकीर्तितं॥ ॥ अग्निपुराण ॥

પાટલો રાખી તેના ઉપર છૂટી પલાંઠી વાળવામાં આવે તેને સોપાશ્રયાસન કહેવામાં આવે છે. બ્રહ્મા, શિવ વગેરેની કેટલીક પ્રાચીન પ્રતિમાઓ આવાં આસનવાળી કવચિત્ જોવામાં આવે છે. યોગ પ્રક્રિયામાં આ આસનનો સ્પષ્ટ ઉલ્લેખ હોઈ, પતંજલિએ યોગશાસ્ત્રમાં તેની નોંધ લીધી છે.[૫૦]

સુખાસન: તેનો વાચ્યાર્થ જ સૂચવે છે કે સુખેથી બેસી શકાય તેવું આસન, અગર જે આસનથી સુખ અને આનંદ પ્રાપ્ત થાય તેવી બેઠક. આરામથી સહેજ આડા પડવામાં આવે તેને સુખાસન કહી શકાય. અનુમાનથી લાગે છે કે તે અર્ધપર્યંકાસનને મળતું હોવું જોઈએ.

ઉત્કટાસન: આપણા વૃદ્ધ પુરુષો કેટલીક વખત ટટ્ટાર બેસવા માટે ખેસ વીંટી બેસે છે તેવું આ આસન છે. બંને પગો ઊભા, પાછળનો કુલ્લાનો ભાગ જમીનને અડાડેલો તેમજ બંને પગો આંટીમાં રાખવાથી ઉત્કટાસન થાય છે.

કૂર્માસન: બંને પગો વાળી, બંનેની પાંનીઓ કુલાને અડાડી બેસવાથી કૂર્માસન બને છે. લગભગ યોગાસનને મળતું આસન છે.

ભદ્રાસન: બે પગ છૂટા લટકતા રાખી બેસવું તે. અગર કૂર્માસન વાળી પગના અંગૂઠા બે હાથે પકડી રાખવાથી ભદ્રાસન બને છે.

લલિતાસન: ભદ્રાસન જેવું પણ એક પગ વાળી બીજો લટકતો રાખવામાં આવે છે. તેના બે ભેદ છે: ડાબો પગ વાળી જમણો પગ લટકતો રાખવામાં આવે તે સવ્ય લલિતાસન. અને જમણો પગ વાળી ડાબો લટકતો રાખે તેને વામ લલિતાસન કહે છે.

સિંહાસન: કૂર્માસન વાળી બંને ઘૂંટણ ઉપર હાથનાં આંગળાં છૂટાં મૂકી, મોં પહોળું અને આંખો બંધ કરવાથી સિંહાસન થાય છે.

૫૦ योगपट्टक योगात् सोपाश्रयं॥ पातंजलयोगशास्त्र. सू. ४६
॥ वाचस्पतिमिश्रटीका ॥

પ્રેતાસન: પ્રેતની માફક સ્તબ્ધ ચીતા સૂઈ રહી, બંને હાથ સીધા શરીરને અડકાડવા તેને પ્રેતાસન કહે છે.

આ સિવાય બીજાં અનેક આસનો ગ્રંથાંતરોમાંથી મળે છે પણ પ્રતિમા વિન્યાસમાં ઉપર્યુક્ત આસનોની જ ચર્ચા આ ગ્રંથમાં આપવાની હોવાથી, તેવાં મુખ્ય મુખ્ય આસનોનો જ અત્રે નિર્દેશ કર્યો છે.

પ્રતિમામાં ભાવદર્શન

જેમ નાટયમાં રસ અને ભાવો કેટલીક વિશિષ્ટતા રજૂ કરે છે, તેમ પ્રતિમામાં પણ તેનું સ્થાન મહત્ત્વનું છે. દરેક મૂર્તિ અમુક એક જ ભાવને અનુલક્ષી બનાવવામાં આવતી નથી, પણ જેવી પ્રતિમા તેવું તેના મુખ ઉપર ભાવ અને રસ દર્શન કરાવવાનું શાસ્ત્રકારો સૂચવે છે.[૫૧] આદર્શ પ્રતિમામાં અંગવિન્યાસની સાથે રસ અને ભાવનું નિદર્શન પણ ખાસ જરૂરી છે. સામાન્ય રીતે પ્રતિમાઓનાં મુખ પ્રસન્નવદન અને સૌમ્ય બનાવવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું છે, છતાં કેટલીક પ્રતિમાઓ એવી હોય છે જેના મુખ ઉપર જુદા જુદા ભાવો લાવવાની ખાસ જરૂરત રહે છે. જેમકે નૃસિંહની પ્રતિમા રૌદ્રભાવ વ્યક્ત કરતી બનાવવી જોઈએ, જ્યારે લક્ષ્મી-નારાયણ, બ્રહ્મા-સાવિત્રી, અને ઉમા-માહેશ્વર, જેવી આલિંગન પ્રતિમાઓમાં શૃંગારભાવ પ્રદર્શિત કરવાની મુખ્ય જરૂરત હોય છે. તેવી જ રીતે હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કરતી વરાહની પ્રતિમામાં કે દૈત્યનો સંહાર કરતી મહિષમર્દિનીની મૂર્તિમાં શાંત ભાવ અસ્થાને ગણાય, કારણ તેમાં ભયાનક ભાવ જ અપેક્ષિત છે. તેવી જ રીતે તપપ્રધાન યોગીઓ, ઋષિમુનિઓ, અને તિર્થંકરોની મૂર્તિઓમાં બીજા કોઈ પણ ભાવ કરતાં શાંત ભાવ વધુ ઉદ્દીષ્ટ છે. આમ જુદી જુદી પ્રતિમાઓમાં, કાર્ય-કારણને અનુરૂપ વિવિધ ભાવો લાવવાની જરૂરત રહે છે.

---

૫૧ यतो हस्तस्ततो दृष्टिर्यतो दृष्टिस्ततो मनः
यतोमनः ततोभावो यतो भावस्ततोरसः ॥ देवतामूर्तिप्रकरण अ. ८.११९

પ્રતિમા-વિધાયકો તો અંગવિન્યાસ કરતાં પણ ભાવ અને રસદર્શન ઉપર ખૂબ ભાર મૂકે છે; કારણ નિર્વિકારી મન ઉપર ભાવની જ ખાસ છાયા પડે છે.[૫૨]

મૂર્તિ અને ચિત્રમાં રસ તથા ભાવની યોજના રજૂ કરતાં, સમરાંગણ સૂત્રધાર શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, પ્રેમ, ભયાનક, વીર, અદ્ભુત, બીભત્સ અને શાંત એ દશે રસોનું ભાવાલેખન તેનાં યોગ્ય લક્ષણો સાથે સૂચવે છે.[૫૩] આ બધા ભાવો કેવી રીતે ઉપજાવવા, તેના સંયોજન માટે ચક્ષુ, નાસિકા, મુખ વગેરેમાં કેવા ફેરફારો કરવા વગેરેની અનન્ય માહિતી ગ્રંથોમાંથી મળી આવે છે.

શૃંગાર: ભ્રૂકંપ, મુખ ઉપર પ્રેમયુક્ત ગુણો, અને લલિત ચેષ્ટાઓનું પ્રદર્શન કરવાથી, શૃંગાર-ભાવ વ્યક્ત કરી શકાય છે[૫૪] વિષ્ણુ ધર્મોત્તરકાર શૃંગાર ભાવ માટે કાંતિ, લાવણ્ય, લેખા, માધુર્ય સુંદરતા, અને વિદગ્ધવેશાભરણ વગેરે લક્ષણો તેનાં દ્યોતક હોવાનું સૂચવે છે.[૫૫]

હાસ્ય: દૃષ્ટિ વિકસિત, અધર સહેજ સ્ફુરેલા (ખુલ્લા), અને સામાન્ય લીલા સહિત અર્થાત્ રમતિયાળ (ચંચળ) લીલા (નેત્રપલ્લવી) કરવાથી હાસ્ય ભાવ વ્યુત્પન્ન થાય છે.[૫૬] નાસૌષ્ઠકપોલસ્પંદન, (નાક, હોઠ અને કપોલનું

---

૫૨ निर्विकारात्मके चित्रे भावः प्रथन विक्रिये ॥
देवता मूर्तिप्रकरण व्याख्या पा. १९६

५३ शृंगार हास्य करुणा रौद्र प्रेमो भयानक। वीरः ...चबीभत्साश्चाद्भूतस्तथा ॥
शांतश्चकादशेत्युक्त्वा रसाश्चित्र विशारदैः। समरांगण सूत्रधार अ. ८२

५४ सभ्रूकम्प......तथा प्रेमगुणान्वितः।
यत्रेष्ट ललिताचेष्टा सशृंगारो रसः स्मतः ॥ ३ सू. अ. म. ८२ ॥

५५ तत्रयत्कांतिलावण्य लेखा माधुर्यसुंदरम्।
विदग्धवेशाभरणं शृंगारेतुरसे भवेत् ॥ २ ॥ वि. ध. खं. ३ अ. ४३

५६ विकासी ललितापांगो मृदुचा स्फुरिताधरः।
लीलयासहितोयश्च सहास्योरस उच्यते ॥ ५ ॥ समरांगण. सू. अ. ८२

ફરકવું) દૃષ્ટિ વ્યાક્રોશ, (ચંચળ દૃષ્ટિ) આકુંચન, સ્વેદ, આસ્યરાગ, પાર્શ્વ-ગ્રહણ વગેરે અનુભાવો વડે હાસ્યભાવ પ્રદર્શિત કરવાનું ભરત કહે છે.[૫૭] આ જ હકીકતને વિષ્ણુધર્મોત્તરકારે અક્ષરશઃ સૂચવી છે.

કરુણા : ગાલ ઉપર આંસુઓ ખરતાં, મોંઢા ઉપર શોકની છાયા, આંખો સંકુચિત અને મન સંતાપયુક્ત હોય, ત્યારે કરુણા રસની નિષ્પત્તિ થાય છે.[૫૮] તે જ પ્રમાણે નિશ્વાસ, મુખશોષણ, સ્વરભેદ, અશ્રુપાત, વૈવર્ણ્ય, કંપ, સ્તંભ, ભ્રૂસંકોચન અને આક્રંદ વ. કરુણા રસના અનુભાવો હોવાનું ભરતાચાર્યે નાટ્ય શાસ્ત્રમાં જણાવ્યું છે.[૫૯] જ્યારે વિષ્ણુધર્મોત્તરપુરાણ, તેથી જુદાં જ લક્ષણો આપતાં યાંચા (ભીક્ષા), વીરહ, ત્યાગ, વિક્રય, વ્યસન અને અનુકંપા વગેરે પ્રદર્શિત કરવાથી કરુણા-રસનું સર્જન કરવાનો આદેશ આપે છે.[૬૦]

રૌદ્ર : લલાટમાં કરચલીઓ, આંખો લાલચોળ, દંતોષ્ઠપીડન વગેરે રૌદ્ર ભાવનાં મુખ્ય લક્ષણો છે.[૬૧] નાટ્યશાસ્ત્રના કર્તા ભરત તેમાં વધુ લક્ષણોને ઉમેરતાં, નયનરાગ, ભ્રૂકુટિકરણ, દંતોષ્ઠપીડન, ગંડસ્ફુરણ, હસ્તાગ્ર નિષ્પેષ, નાટ્પાટન, પીડન, પ્રહરણ, આહરણ, શસ્ત્રસંપાત,

---

૫૭ तस्योष्ठनासाकपोल स्पंदन दृष्टि व्याकोश। कुंचन स्वेदाह्यं राग पार्श्व ग्रहणादिभिः अनुभावं प्रयोक्तव्यः॥ ५६ ॥ नाटयशास्त्र अ. ६.


૫૮ अश्रुक्लिन्न कपोलान्तः शोक संकुचितेक्षणः।
चित्त संताप संयुक्तः प्रोच्यते करुणारसः॥ ६ समरांगण सूत्रधार. अ. ८२

૫૯ तस्याश्रुपात परिदेवत मुखशोषण वैवर्ण्य सस्तगात्रता निश्वास स्मृति लोपादिभिः अनुभावैरभिनय प्रयोक्तव्य॥ ५७॥ नाटयशास्त्र अ. ६.

૬૦ यांचा विरह संत्याग विक्रय व्यसनादिषु।
अनुकंपित कं यस्या लिखेत् करुणारसः ॥४॥ वि. ध. खं. ३. अ. ४३

૬૧ निर्माजित ललाटान्तः संरक्तोद्वृत्तलोचनः।
दन्तदष्टाधरोष्ठोयः सरौद्रो रस उच्यते॥ ७॥ समरांगण सूत्रधार. अ. ८२

૬૭



રુધિરાકર્ષણ, અને છેદન વગેરે ક્રોધના અનુભાવો હોવાનું સૂચવે છે.[૬૨] આ જ લક્ષણોમાંથી મુખ્ય મુખ્ય તારવી કઠોરતા, વિકૃતિ, ક્રોધ, ઉગ્રતા, અને શસ્ત્રાભરણ, અર્થાત્ શસ્ત્રોને ધારણ કરવાં, તે બધાં રૌદ્ર ભાવનો ઉદ્‌બોધ કરતાં હોવાનું વિષ્ણુધર્મોત્તરકાર કહે છે.[૬૩]

પ્રેમ: દ્રવ્યલાભ, પુત્રજન્મ, અને પ્રિયદર્શનથી પ્રાપ્ત થતો હર્ષ, તેના પ્રેમરાગથી મુખ, અને બીજાં અંગોને પુલકિત બનાવે છે; તેટલું જ નહીં પણ પ્રેમભાવને વ્યક્ત કરે છે.[૬૪] ભરત અને બીજા કેટલાક ગ્રંથકારો તેનો શૃંગારમાં જ સમાવેશ કરતા હોવાથી, તેની સ્વતંત્ર નોંધ રસપ્રકરણમાં આપી નથી.

ભયાનક: વૈરી (શત્રુ)દર્શન, ત્રાસ, સંભ્રમ, અસ્થિરનયન, હૃદયમાં ક્ષોભ, વગેરે ભયાનક ભાવનાં વિશિષ્ટ લક્ષણો છે.[૬૫] ભરતમુનિ, કરકંપ, ચલદૃષ્ટિ નિરીક્ષણ, હૃદય, પાદસ્પંદન, શુષ્ક ઓષ્ઠ, કંઠ, ત્વક્, મુખ વૈવર્ણ્ય, સ્વરભેદ, વગેરે ભયાનક રસને પ્રદર્શિત કરતા અનુભવો હોવાનું કથે છે.[૬૬] જ્યારે વિષ્ણુધર્મોત્તરમાં દુષ્ટદર્શન, (જેને જોવાથી ઘૃણા ઉપજે તે) ઉન્મતતા અને હિંસ્રવ્યાપાર વગેરે ભયાનક વાતા-

---

૬૨ रक्तनयन भ्रुकुटिकरणवष्टंभ दंतोष्ठपीडन गंडस्फुरण हस्ताग्र निष्पेशादिभि: अनुभावै: अभिनय प्रयोक्तव्य ॥७८॥ नाटयशास्त्र अ. ६.॥

६३ पारुष्य विकृतिकोन विषतस्त्रर्थान दूषगम् । दीप्त शस्त्राभरणवत् कृतं रौद्र रसे भवेत् ॥५॥ वि. ध. सं. ३ अ. ४६

६४ अर्थलाभ सुतोत्पत्ति प्रियदर्शनहर्षज: । संजात पुलकोभ्देदो रस: प्रेम: सउच्यते ॥८॥ समरांगण. सूत्रधार. अ. ८२ ॥

६५ वैरिदर्शन वित्रास संभ्रमोद्भ्रान्तलोचन: । हृदि संक्षोभयोगाच्च रसो ज्ञेयो भयानक: ॥९॥ એજન

६६ करचरणवेपथुस्तंभगात्र संकोच हृदय कंपेन । शुष्कोष्ठ तालुकंठैर्भयानको नित्यमभिनेय: ॥८९ नाटयशास्त्र अ. ६॥

વરણ જમાવનારાં હોવાનું જણાવ્યું છે.[૬૭]

વીર: પ્રતિજ્ઞા લેતા હોય તેવા સ્થિર, શૌર્યવાન, ઉદાર, અને ભ્રૂકુટિ સહિત વિસ્મિતભાવ જણાવતાં લક્ષણો વીરરસને વ્યક્ત કરે છે.[૬૮] તેવી જ રીતે સ્થૈર્ય, ધૈર્ય, વીર્ય, ગર્વ, ઉત્સાહ, પરાક્રમ, અને પ્રમાણ પ્રમેયાદિ વાક્યો વડે આક્ષેપ કરવો વ. ભાવો વીરરસના સૂચક હોવાનું ભરતાચાર્ય જણાવે છે.[૬૯] તે જ હકીકતની પુનરુક્તિ કરતાં સમરાંગણનો કર્તા ભોજ ધૈર્ય, વીર્ય, બલોત્પન્ન વગેરે ભાવો વીરરસનો ઉદ્બોધક હોવાનું લખે છે.[૭૦]

બીભત્સ : અંગસંકોચ, હૃદત્રાસ, નાસામુખવિકૂણન (વિકૃત), નિષ્ઠીવન, વ. બીભત્સ રસના અનુભાવો ભરતે નોંધ્યા છે.[૭૧] તેવી જ રીતે વિષ્ણુધર્મોત્તરકાર સ્મશાન ગર્હિતઘાત કર્મ, અને દારૂણ (ઉગ્ર) કાર્યોને બીભત્સ રસમાં સમાવેશ કરતાં, તે ભાવનાં વ્યંજક લક્ષણો હોવાની પ્રતીતિ આપે છે.[૭૨]

અદ્ભુત : ભરતાચાર્ય અદ્ભુત ભાવ માટે નયનવિસ્તાર, અનિમીષ

૬૭ दुष्टदुर्दर्शनोन्मत्त हिंस्र व्यापादिकादियत्। तस्माद भयानकरसे प्रयोगे चित्रकर्मण: ॥३७॥ अ. ४३॥ वि.ध.खं. ३

૬૮ प्रतिज्ञागर्भ शौर्यादिष्वधैर्ध्वौदार्य दर्शनम्। सस्मयं सभृकुटिवद्वीरं वीररसाद् कृतम् ॥६॥ એજન

૬૯ स्थिति धैर्य वीर्य गर्वोत्साह पराक्रम प्रभावैश्च। वाक्यैश्चाक्षेपकृतै वीररसः सम्यगभिनेय॥८४॥ नाटयशास्त्र अ. ६.

૭૦ ...शस्त्रसंकुचितानत:॥धैर्य वीर्य बलोत्पन्न: सवीरस्तु रसैस्मृत:॥ १०॥ समरांगण सू. अ. ८२

૭૧ तस्यच सर्वांग संहार मुखविकूणनोल्लेखन नीष्ठीवनो द्वेषनादिभि रनुभावैरभिनय प्रयोक्तव्य:॥ ९०॥ नाटयशास्त्र अ. ६

૭૨ स्मशान गर्हित घातकरणं स्थान दारुणम्। यच्चित्रं चित्रवस्च्छ्रेयं तद्बीभत्स रसे भवेत्॥८३॥ वि.ध.खं. अ.४३.

પ્રેક્ષણ, રોમાંચ, અશ્રુ, સ્વેદ, સાધુવાદ, હાહાકાર, વસ્ત્રાંગુલિભ્રમણ, ગદ્ગદ્ વચન વ. લક્ષણો સૂચવે છે.[૭૩] તે જ પ્રમાણે વિનિત રોમાંચ, ચિંતા, ગરૂડ જેવું આનતમુખ, વ. અદ્ભુત રસના અનુભાવો હોવાનું વિષ્ણુધર્મોત્તરમાં જણાવ્યું છે.[૭૪] જ્યારે સમરાંગણ સૂત્રધારનો કર્તા તો અસંભાવ્ય વસ્તુના દર્શનમાત્રથી આ રસની નિષ્પત્તિ થતી હોવાનું કહે છે.[૭૫]

શાંત: યમનિયમ, અધ્યાત્મ ચિંતન, આનંદ, અશ્રુ, પુલક, હર્ષ, ગદ્ગદવચન વગેરે શાંતરસના અનુભાવો હોવાનું ભરતાચાર્ય માને છે.[૭૬] વિષ્ણુધર્મોત્તરકાર સૌમ્યવદન, ધ્યાનસ્થ, ધારણા, આસનબંધ (યોગિક આસનો યુક્ત) વગેરેથી યુક્ત, તપસ્વી મનુષ્યના જેવું શાંત મુખ, શાંતભાવનાં લક્ષણો વ્યક્ત કરતાં હોવાનું કહે છે.[૭૭] જ્યારે નેત્ર, ભ્રૂકુટિ વગેરેમાંથી આનંદ વ્યક્ત થતો હોય તેવું પ્રસન્ન વદન, અવિકારી, અને વિષયો પરત્વે વિરાગ, આ બધાં શાંતરસ જમાવનારાં સ્વાભાવિક લક્ષણો હોવાનું સમરાંગણકારે નોંધ્યું છે.[૭૮]

૭૩ स्पर्शमहोल्लकसनैर्हाहाकारै श्च साधुवादैश्च।
वेपथुगद्गद् वचनै: स्वेदाद्यैरभिनयस्तस्य॥९६ नाटयशास्त्र अ. ६.

૭૪ यदाविनीत रोमांचचिन्तीतार्ध मुखालयम्।
प्रदर्शयति चान्योन्य तदद्भुतरसाश्रयम्। वि. खं. ३. अ. ४६

૭૫......स्तिमित तारक:। असंभाव्यं विलोक्यार्थमद्भुतो जायते रस:॥११ स. सू. अ. ८२

૭૬ मोक्षाध्यात्म समुत्थस्तत्वज्ञातनार्थ हेतु संयुक्त:।
नैश्रेयसोपदिष्ट. शान्तरसो नाम संभवति॥ १०४
नयत्र दु:खं न सुखं न द्वेषो नापि मत्सर:।
सम: सर्वेषु भूतेषु सशान्त प्रथितो रस:॥ १०६॥ नाटयशास्त्र अ. ६

૭૭ यद्यत्सौम्याकृति ध्यानधारणासनबंधनम्।
तपस्विजन भूयष्टं तत्तु शांतरसे भवेत॥१०॥ अ. ४३ ॥
विष्णुधर्मोत्तरे पु खं २॥

૭૮ अविकारै: प्रसन्नैश्च भ्रूनेत्रवदनादिभि:।
अरागाद् विपयेषुस्यात् य: शान्तरस स्मृत:॥१२॥ स. सू. अ. ८२

દૃષ્ટિવિચાર: દૃષ્ટિ અર્થાત્ નેત્રકલ્પના અને તેના ભેદો આગળ અંગવિન્યાસમાં જણાવી ગયા છીએ, પરંતુ અત્રે નિરૂપીત દૃષ્ટિ, તેના ઉપાંગ ભેદો અને દ્વાર માને દેવની દૃષ્ટિ ક્યાં રાખવી તત્સંબંધી ચર્ચા રજૂ કરે છે. રસ અને ભાવ-નિદર્શનમાં કેટલાક ભાવો વ્યક્ત કરવા માટે ભ્રૂકુટિનું આકુંચન, પ્રસારણ, વ. સૂચવ્યું છે. આ સિવાય નૃત્ય અને ચિત્રકલામાં પણ વિવિધ પ્રસંગોએ, જુદીજુદી દૃષ્ટિઓ બતાવવાના ઉલ્લેખો રજૂ થયા છે. આથી નાટ્ય, ચિત્ર, શિલ્પ વ.માં દૃષ્ટિના વધુ ભેદો હોવાનું જાણી શકાય છે. સમરાંગણ સૂત્રધાર તેના લલિતા, હૃષ્ટા, વિકસિતા, વિકૃતા, વિભ્રમ, સંકુંચિતતા, યોગિની, દીના, મધ્યસ્થા, અને સ્થિરા વગેરે ભેદો ઉક્ત લક્ષણો સાથે નિરૂપે છે જ્યારે વિષ્ણુધર્મોત્તરકારે દૃષ્ટિના છત્રીસ ભેદો હોવાનું જણાવી, કયા પ્રસંગે કઈ દૃષ્ટિ બતાવવી તેની સૂક્ષ્મ ચર્ચા રજૂ કરી છે.[૭૯] પ્રતિમાવિધાનમાં આ બધી દૃષ્ટિઓનો વિશિષ્ટ ઉપયોગ નથી.

આ સિવાય દ્વારના અમુક ભાગમાં જ પ્રતિમાની દૃષ્ટિ આવવી જોઈએ, એમ શિલ્પશાસ્ત્રના વિદ્વાન આચાર્યોએ જણાવ્યું છે. દ્વારની ઊંચાઈના સરખા છ ભાગ પાડી, ઉપરનો એક ભાગ ત્યાગ કરતાં પાંચમા ભાગે લક્ષ્મીનારાયણ અને વિષ્ણુની, તથા અર્ધો ભાગ એટલે ત્રણ ભાગ ત્યાગ કરી મહાદેવ અને શેષશાયિની દૃષ્ટિ રાખવી એમ શિલ્પરત્નાકર કહે છે.[૮૦] પરંતુ દેવદૃષ્ટિ માટે સર્વસામાન્ય એક એવો નિયમ છે કે 'દ્વારના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ ત્યાગ કરતાં, સાતમા ભાગની અંદર સરખા આઠ ભાગ પાડી, તેના સાતમા ભાગમાં દૃષ્ટિ રાખવી ઉત્તમ છે.[૮૧] અને આ જ નિયમ મોટે ભાગે

૭૯ विष्णुधर्मोत्तर. खं. ३, अ. २५ श्लो. ४थी१२

८० षड्भागस्य च पंचांशे लक्ष्मीनारायणादिकम्।
शयनार्चेश लिंगानि द्वारार्धे न व्यतिक्रमेत् ॥१९२॥ शिल्परत्नाकर र. ४

८१ द्वारंचैवाष्टभिर्भक्ते भागमेकं परित्यजेत्।
सप्तमे सप्तमे भागे दृष्टि सूत्रं न चालयेत् ॥ १९० ॥ शिल्परत्नाकर रत्न ४

દરેક સંપ્રદાયમાં સ્વીકૃત થયો હોવાનું જણાય છે. જૈન પ્રતિમાસ્થાપન આ જ વિધાન પ્રમાણે યોજવામાં આવે છે. આ સિવાય દૃષ્ટિ-વિધાન માટે બીજો પણ એક પ્રકાર છે. જેમાં દ્વારની ઊંચાઈના સરખા આઠ ભાગ પાડી, દરેક ભાગની અંદર આઠ અંતર વિભાગો પાડતાં, એકંદર ચોસઠ ભાગો કલ્પવાનું દેવતામૂર્તિ પ્રકરણમાં જણાવ્યું છે.[૮૨] તેટલું જ નહિ પણ જુદાજુદા દેવોનાં દૃષ્ટિસ્થાનો નિયત કરતાં, એકી સ્થાનોને નિરુપયોગી જણાવી, એકી સ્થાનો ઉપર વિવિધ દેવોની દૃષ્ટિઓ રાખવાનું નોંધ્યું છે.[૮૩] કયા દેવની દૃષ્ટિ કયા સ્થાન ઉપર રાખવી, તેનો સરળતાથી ખ્યાલ આવી શકે તે માટે આ સાથે કોષ્ટક આપવામાં આવ્યું છે, જેના આધારે શાસ્ત્રીય રીતે પ્રતિમાનું દૃષ્ટિકરણ ઠીકઠીક સમજાય છે.

પ્રાસાદ દ્વારમાને સર્વ દેવોની દૃષ્ટિનાં સૂત્રસ્થાનો

૧૫ પ્રાણતત્ત્વ	૩૧ માતૃગણની દૃષ્ટિ	૪૭ ધાતાની દૃષ્ટિ	૬૩ વૈતાલની દૃષ્ટિ
૧૩ વિજ્ઞતત્ત્વ	૨૯ ગરુડની દૃષ્ટિ	૪૫ લક્ષ્મીનારાયણની દૃષ્ટિ	૬૧ ભૈરવની દૃષ્ટિ
૧૧ લક્ષતત્ત્વ	૨૭ જલશાયિની દૃષ્ટિ	૪૩ દુર્વાસા, અગસ્ત્ય અને નારદની દૃષ્ટિ	૫૯ ચંડિકાની દૃષ્ટિ
૯ આયુઃતત્ત્વ	૨૫ શેષનાગની દૃષ્ટિ	૪૧ બ્રહ્માસાવિત્રીની દૃષ્ટિ	૫૭ શુક્રાચાર્યની દૃષ્ટિ
૭ અગ્નિતત્ત્વ	૨૩ વ્યક્ત	૩૯ બુદ્ધભગવાનની દાષ્ટ	૫૫ બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય ને જીનની દૃષ્ટિ
૫ તત્ત્વ	૨૧ વ્યક્તાવ્યક્ત	૩૭ ઉમા અને રુદ્રની દૃષ્ટિ	૫૩ હરસિદ્ધિની દૃષ્ટિ

८२ द्वारादयोऽष्टधाकार्या एकैकांशोऽष्टधापुनः।
चतुः शष्ठिविभागेषु विशमेषु शुभादृशः ॥ १ ॥ देवतामूर्तिप्रकरण, अ. ३

૮૩ એજન. શ્લો. ૧૦ થી ૧૭

૩ સૃષ્ટિતત્ત્વ	૧૯ અવ્યક્ત	૩૫ ભૃંગ-વારાહ વ.ની દૃષ્ટિ	૫૧ પદ્માસન-સ્થિત બ્રહ્મા-ની દૃષ્ટિ
૧ આદિતત્ત્વ	૧૭ શાંતિતત્ત્વ	૩૩ કુબેરની દૃષ્ટિ	૪૯ શારદા અને ગણપતિની દૃષ્ટિ

દોષિત પ્રતિમાઓ: હીનાંગ, અવ્યંગ, અને નિષિદ્ધ લક્ષણો-વાળી પ્રતિમાઓને દોષિત ગણી છે. દેવતામૂર્તિપ્રકરણ તત્સંબંધી વિવેચન રજૂ કરતાં કહે છે કે "દેવપ્રતિમાઓ અધિકાંગ, કે હીનાંગ બનાવવી નહિ. હીનાંગ કે દુર્મુખ(ભયંકર મુખવાળી)સ્વામીનો ઘાત કરે છે. અધિકાંગ શિલ્પીનાશક, કૃશાંગ અર્થનાશક, વક્રનાસા દુઃખકારક, સંક્ષિપ્તાંગી ભયંકર, ચીપીટ (ચીબી) શોકકારક, હીનવક્ત્રા, તથા હાથપગથી કૃશદુઃખદાયક, હીન જાંઘાવાળી ભ્રમ અને ઉન્માદ કરનારી, શુષ્ક વક્ત્રા અને કટી વિહીન નૃપનાશક, હાથપગ વગરની હિંસક, જંઘા વગરની શત્રુનું કલ્યાણ ઇચ્છનારી, હીનવક્ષા પુત્રમિત્રની વિનાશક, પીઠ,સ્થાન, વાહન, અને પરિવાર વગરની નાશકારક, નેત્ર વગરની નેત્રહંતા, સ્વલ્પા ભોગક્ષયકરી, અને અધોમુખી ચિંતા ઉપજાવનારી છે.[૮૪] મત્સ્યપુરાણ અને રૂપાવતાર આ જ નિયમોને વિસ્તારપૂર્વક નોંધે છે.[૮૫] આ સિવાય શુક્રનીતિ[૮૬] અને શિલ્પ રત્નાકરમાં પણ તેના માટે વિસ્તારથી વિવેચનો આપેલાં છે.[૮૭] સમરાંગણસૂત્રધાર[૮૮] અને બૃહત્સંહિતામાં પણહીનાંગ મૂર્તિઓનાં લક્ષણો તેના ફલાદેશો સાથે રજૂ કરવામાં આવ્યાં છે.[૮૯] ઉપર જણાવેલ વિવિધ

---

૮૪ धर्मार्थकाममोक्षाणां दृष्टिस्थापन पूजनात्।
सर्वार्चा दृष्टि संस्थानं भुक्ति मुक्तिप्रदं भवेत्॥ २१५॥ शिल्परत्नाकर रत्न-४॥

૮૫ દેવતામૂર્તિ પ્રકરણ અ. ૧, શ્લો. ૩૦ થી ૩૮

૮૬ શુક્રનીતિ અ. ૪, પ્ર. ૪, શ્લો. ૧૪૫-૪૬

૮૭ શિલ્પરત્નાકર રત્ન-૧૨, શ્લો. ૧૫૯થી ૧૬૮

૮૮ સમરાંગણસૂત્રધાર અ. ૭૮, શ્લોક ૨ થી ૧૮

૮૯ બૃહત્સંહિતા અ. ૫૮, શ્લો. ૪૮-૪૬

ગ્રંથોના ઉલ્લેખો ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે, હીનાંગ, અવ્યંગ, કે દોષિત પ્રતિમાઓનું સર્જન, સ્થાપન, કે પૂજન સર્વકોઈનું નુકસાન કરનારું છે. તેટલું જ નહિ પણ કદાચ માનહીન કે શાસ્ત્રીય લક્ષણો વગરની પ્રતિમા સર્વાંગ સુંદર હોય તો પણ તે સ્થાપક, સર્જક, અર્ચક, અને દર્શક વગેરેનું અનિષ્ટ સાધતી હોવાનું કેટલાક ગ્રંથકારોના કથન ઉપરથી સમજાય છે.

મૂર્તિવિન્યાસને લગતી સમગ્ર ચર્ચા આ ખંડમાં આપવાનો યથામતિ પ્રયત્ન સાધ્યો છે, છતાં આમાં નિરૂપેલ કેટલીક બાબતોને પૂરતો ન્યાય આપ્યા સિવાય સમેટી લેવામાં આવી છે. કારણ ગ્રંથનું મર્યાદિત કદ, અને ફક્ત ગુજરાત પ્રાંતિય મૂર્તિવિધાનમાં તેની ઓછી જરૂરિયાતને આભારી છે. આથી જ પ્રતિમાવિધાનમાં વધુ ઉપયુક્ત જ્યોતિષક માહિતી, મૂહૂર્ત, આયવ્યય, નક્ષત્રયોનિ, ષડાષ્ટક, વર્ગાષ્ટક, નાડીવેધ, દેવગણાદિ વિચાર, અને વિંશોપકા વગેરેની યત્કિંચિત્ પિછાન પણ આ ગ્રંથની અંદર આપી શકાઈ નથી.

પ્રકરણ ૫મું

ગુજરાતમાં ધર્મસંપ્રદાયો અને મૂર્તિશિલ્પો

ગુજરાતમાં મૂર્તિપૂજા ક્યારથી શરૂ થઈ, તે નિશ્ચિત રીતે કહેવા માટે આપણી પાસે સાધન નથી; પણ ગ્રંથસ્થ પુરાવાઓ, ઐતિહાસિક ઉલ્લેખો અને પ્રાચીન અવશેષો ઉપરથી તેની પ્રાચીનતાનું માપ કાઢી શકાય છે. મૂર્તિપૂજાનો પ્રચાર ભારતમાં વેદકાલ જેટલો પ્રાચીન, ગુજરાતમાં પ્રચલિત મૂર્તિપૂજા પણ તેટલી પ્રાચીન માનવામાં બાધ આવતો નથી.

ભારતીય ધર્મસંસ્કૃતિના ત્રણ મુખ્ય પ્રવાહો બૌદ્ધ, જૈન અને વૈદિક. આ સંપ્રદાયોએ ભારતની ઉન્નતિ અને અવનતીમાં ભારે આંદોલનો જગાવ્યાં છે. આ ધર્મત્રયી એટલે ભારતનો સમગ્ર ધર્મ. ગુજરાતે પણ આ ત્રણે ધર્મોને અપનાવ્યા હતા. ગુજરાતની ધાર્મિક પરિસ્થિતિ પિછાનવા તે ત્રણે ધર્મોનો પ્રચાર, તેનો ક્રમિક વિકાસ, અને તેના ઐતિહાસિક પુરાવાઓ રજૂ કરવામાં આવે તો જ તેનો સામાન્ય ખ્યાલ આવી શકે છે. તેથી જ અત્રે દરેક ધર્મના પૂર્વ પરિચય સાથે તેનાં પ્રતીકો, પ્રતિમાઓ અને સ્તૂપો વગેરેની સામાન્ય પિછાન આપવાનો પ્રબંધ કર્યો છે. આના ઉપરથી ગુજરાતમાં પ્રચલિત મૂર્તિપૂજાનો સામાન્ય ખ્યાલ આવી શકે છે.

૧. બૌદ્ધ સંપ્રદાય

સારાયે ભારતમાં જ્યારે બુદ્ધવાદ જોરશોરથી ફેલાયો હતો, બૌદ્ધ ધર્મ રાજકીય ધર્મ તરીકે ગણાતો હતો, ત્યારે ગુજરાતમાં પણ બૌદ્ધ

ધર્મનો પ્રવાહ વહેતો હતો એમ, અશોકે કોતરાવેલ ગિરનાર ઉપરના ધર્મશાસન ઉપરથી સૂચિત થાય છે. ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રાચીન કાળથી આરંભી, ઠેઠ મધ્યકાલ સુધી અસ્તિત્વમાં હતો, છતાં ઈ.સ. ના ચોથા પાંચમા સૈકા સુધીની કોઈ પ્રતિમા કે અવશેષો મળ્યાં નથી. ગ્રંથસ્થ વર્ણનોમાંથી તેના પ્રચાર સંબંધી કેટલાક ઉલ્લેખો મળે છે. ભ્રગુકચ્છના બુદ્ધરક્ષિત, અને બુદ્ધમિત્રે, જુન્નરના પહાડમાં દ્વિગર્ભ (બે ઓરડાવાળી) ગુફાઓ કોતરાવી બૌદ્ધ સાધુઓને દાનમાં આપી હતી. સૌરાષ્ટ્રના જૂનાગઢ અને તળાજામાં બૌદ્ધ સાધુઓનાં થાણાંઓ હોવાનું, ત્યાંની ગુફાઓમાંના શિલાલેખો ઉપરથી જણાય છે. મહાવંશ અને દીપવંશમાંની વિજયની હકીકત ઇ.સ. પૂર્વે ગુજરાતમાં પ્રચલિત બુદ્ધવાદની પ્રતીતિ આપે છે.[૧]

ગિરનાર પાસે રુદ્રદામાના શિલાલેખમાં ત્યાંનું સુદર્શન તલાવ ચંદ્રગુપ્ત મૌર્યના આદેશથી તેના પ્રાંતીય હાકેમ પુષ્યગુપ્તે બંધાવ્યું હતું, અને મૌર્ય મહારાજા અશોકના સમયમાં તેના સૂબા યવન તુષારપે સંપૂર્ણ કર્યું હોવાની વિગતો મળે છે. આ યવન તુષારપ ગુજરાત–કાઠિયાવાડનો સૂબો હતો તે હકીકત વિચારતાં તેણે રાજસન્માનિત બૌદ્ધવાદના પ્રચારમાં વેગ આપ્યો હશે એવું અનુમાન છે. ચાઇનીઝ મુસાફર હુ્યુએનસંગ વલભી સંબંધી ઉલ્લેખ આપતાં કહે છે કે, "જ્યારે તથાગત વિદ્યમાન હતા ત્યારે, તેઓએ આ પ્રદેશને પણ વિહાર કરી પુનિત બનાવ્યો હતો. અને જે જે સ્થળોએ તેમણે પ્રવાસ દરમિયાન નિવાસ કર્યો, ત્યાં ત્યાં મહાન ચક્રવર્તી અશોકે સ્તૂપો બંધાવી તેમના પ્રત્યેનો ભક્તિભાવ પ્રદર્શિત કરતાં તે ભવ્ય સ્મરણને અમર બનાવ્યું." આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે અશોકથી પૂર્વ કાળમાં બૌદ્ધ સંપ્રદાય, ગુજરાતની અંદર પ્રસર્યો હોવાની માન્યતા સમાજમાં ફેલાયેલી હતી. મીલીન્દ પન્હ નામક બૌદ્ધ ધર્મગ્રંથમાં મીલીન્દ અને નાગસેન

---

૧ મહાવંશ ટ્રાન્સલેશન. વિજયસિંહ. ભા. ૨. પ્ર. ૬

વચ્ચેનો ધર્મસંવાદ છે. આ મીલીન્દ તે સુપ્રસિદ્ધ યવન રાજા મિનીન્ડર. તેના સિક્કાઓ ભરૂચ નજીક ચાલતા હતા એમ પેરીપ્લસે પોતાની નોંધપોથીમાં જણાવ્યું છે.[૨] તેણે નાગસેનના ઉપદેશથી બૌદ્ધમતને અંગીકાર કર્યો હતો. ભરૂચ નજદીકથી મિનીન્ડરના જથાબંધ સિક્કાઓ મળી આવ્યા છે.

ક્ષત્રપો પણ બૌદ્ધ ધર્માવલંબી હોવાનું અનુમાન છે, કારણ તેમના કેટલાક સિક્કાઓ ઉપર ચૈત્યનું ચિહ્ન જોવામાં આવે છે. બુદ્ધવાદના પ્રાચીન અવશેષોમાં ગિરનારનું ધર્મશાસન, જૂનાગઢ, તલાજા, શાન, ઢાંક અને સિદ્ધસરની ગુફાઓ મુખ્ય છે. ઢાંક અને જૂનાગઢ નજદીક આવેલ બાવાપ્યારાની ગુફાઓ, જૈનોની હોવાનું પણ અનુમાન છે. પરંતુ બૌદ્ધોએ કોતરાવી હોય, અને પાછળથી બુદ્ધવાદના અસ્તકાળે જૈનોએ તેને ઉપયોગમાં લીધી હોય તે પણ બનવાજોગ છે. પ્રાચીન બોરીઆ સ્તૂપમાંથી પ્રાપ્ત કેટલાક બૌદ્ધ અવશેષો આજે જૂનાગઢના બહાદુરખાન મ્યૂઝિયમમાં મોજૂદ છે.

ક્ષત્રપો પછી વલભીકાળમાં તો મૈત્રકોએ બૌદ્ધ ધર્મને પ્રોત્સાહન આપ્યાના કેટલાક પુરાવાઓ મળે છે. મંજુશ્રી મૂલકલ્પમાં શિલાદિત્ય પહેલાને બુદ્ધ ધર્માનુયાયી માન્યો છે.[૩] મહારાજા ગુહસેન તેના રાજ્યકાળના ઉત્તર કાળમાં પરમોપાસક (બુદ્ધવાદી) બન્યો હતો એમ તેના તામ્રપત્ર ઉપરથી જણાય છે. જોકે વલભી રાજાઓ બૌદ્ધ ધર્માનુયાયી ન હતા છતાં તેઓએ અને તેમનાં કુટુંબીઓએ કેટલાંયે દાનો આ ધર્મના પ્રચાર માટે આપ્યાં હતાં એમ તામ્રપત્રો ઉપરથી જણાય છે. ધ્રુવસેન પહેલાની ભત્રીજી દુદ્દાએ, બૌદ્ધ ભિક્ષુકોના નિવાસ અર્થે તળ વલભીપુરમાં એક વિહાર બંધાવ્યો હતો, એમ ધ્રુવસેન પહેલાના એક દાનપત્ર ઉપરથી જાણવા મળે છે. આ સિવાય કેટલાક વલભી રાજાઓએ, બીજા વિહારોના નિભાવ માટે ગામો તથા

૨ Bombay Gazetteer vol. I. part. I. p. 17, 18.

૩ शिलाह्वो नाम नृपतिर्बुद्धानां शासने रतः॥ मंजुश्री मूलकल्प. पा. ४१

જમીનો દાનમાં આપ્યાનું તેઓનાં વીસેક તામ્રપત્રો ઉપરથી માલમ પડે છે.[૪] આવા વિહારો પૈકી આચાર્ય ભદન્તબુદ્ધદાસ, મીમા, આચાર્ય ભદન્ત સ્થિરમતિ, ગુહક, દીવીરપતિ, ગુણમતિ, સ્કંદભટ, ભિક્ષુ વિમલગુપ્ત, અને શિલાદિત્યના વિહારો મુખ્ય હતા. હ્યુએનસંગે પણ સ્થિરમતિએ ત્યાં એક વિહાર બંધાવ્યો હોવાનું નોંધ્યું છે.[૫] આ સ્થિરમતિ પ્રખ્યાત તાર્કિક વસુબંધુનો શિષ્ય હતો.

હ્યુએનસંગ પોતાની નોંધપોથીમાં લખે છે કે, વલભિમાં બૌદ્ધ ધર્મના બે સંપ્રદાયો પ્રચલિત હતા, તે પૈકી એક હીનયાન, અને બીજો મહાયાન. ત્યાં હીનયાન માર્ગના ૧૦૦ વિહારો અને ૭ હજાર અનુયાયીઓ હતા, જેઓ સમ્મતીય પંથના કહેવાતા. આ જ પ્રમાણે ગુજરાતમાં જુદાંજુદાં સ્થળોએ પરિભ્રમણ કરનાર તે ચીની મુસાફરે, આનંદપુર, કચ્છ અને સૌરાષ્ટ્રમાં બૌદ્ધ સંપ્રદાય વધુ ફેલાયો હોવાનું જણાવ્યું છે. આનંદપુરમાં તો આ ધર્મના ૧૦ વિહારો હતા, જ્યાં આશરે એક હજાર તે ધર્મના અનુયાયીઓ રહેતા હતા, એમ નોંધ્યું છે. વધુમાં ત્યાં દરેક મંદિર પાસે એક એક તળાવ હોવાનો પણ ઉલ્લેખ આપ્યો છે.[૬] આ સિવાય બીજી પણ એક નોંધ છે, તેમાં આનંદપુરની અંદર ત્રણસો બૌદ્ધ વિહારો હોવાનું જણાવ્યું છે.[૭] મહાયાન સંપ્રદાયના અનુયાયીઓ મધ્ય ગુજરાતમાંથી તેને મળ્યા નથી, પણ ભરૂચ અને જૂનાગઢમાં તે સંપ્રદાયવાદીઓ તેણે જોયા હોવાનું જણાવ્યું છે. આમ ગુજરાતની અંદર બૌદ્ધ સંપ્રદાયના બંને પંથો તે કાળે વિદ્યમાન હોવાનું માલમ પડે છે. વલભીકાળમાં જો કે તે રાજધર્મ ન હતો, પણ રાજસન્માનિત સંપ્રદાય બન્યો હતો એમ કહીશું તો અસ્થાને નહિ ગણાય. એકંદર ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી તેનો

૪ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૧. વલભીના લેખો

૫ સી–યુ–કી–બિન, ભા–૨. પા. ૨૬૮

૬ Archaeological Survey of Northern Gujarat, page 82

૭ Ancient Geography of India by Cunningham, see Anandpur

વિકાસ થોડેઘણે અંશે થયો હતો, પરંતુ વલભીના નાશ સાથે તે ધર્મમાં પણ ઓટ આવતાં, તેનો પ્રચાર મંદ પડ્યો હોવાનું માલુમ પડે છે. છતાં ઈ. સ.ના દસમા સૈકા સુધી તેની જડ ગુજરાતમાંથી ગઈ ન હતી એમ રાષ્ટ્રકૂટોના તામ્રપત્રોમાંથી જાણવા મળે છે. હાલ જ્યાં સુરત પાસે કતારગામ છે, ત્યાં કૅાપીલ્ય નામનો બૌદ્ધ વિહાર હતો. આ વિહારને રાષ્ટ્રકૂટ રાજા દંતીવર્મ અને ધ્રુવ બીજાએ જમીનો દાનમાં આપી હતી એમ તેઓનાં તામ્રપત્રો કહે છે. આ બધા ગ્રંથસ્થ પુરાવાઓ ઉપરથી ગુજરાતમાં બૌદ્ધ સંપ્રદાયનો પ્રવાહ ઈ. સ. પૂર્વેથી ઈ. સ.ના દસમા સૈકા સુધી ફેલાયો હતો એમ સાબિત થાય છે.

આ બધા ગ્રંથસ્થ પ્રમાણો વિચાર્યા પછી, ગુજરાતમાંથી મળતાં આ પંથના અવશેષો, પ્રતિમાઓ વ.ના દિગ્દર્શન તરફ વળીશું. વિજાપુર તાલુકાના મહુડી ગામ પાસે આવેલ કોટચર્ક મંદિરના પટાંગણમાંથી બુદ્ધની ચાર કાંસ્ય પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. આ મૂર્તિઓ ઇ. સ.ની પહેલી બીજી શતાબ્દીની હોવાનું, હિંદ સરકારના નિવૃત્ત એપીગ્રાફિસ્ટ ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ અનુમાન કરતાં, તે બુદ્ધ પ્રતિમાઓ હોવા માટે કેટલાંક પ્રમાણો રજુ કર્યા છે.[૮] જ્યારે શ્રી હસમુખલાલ સાંકળીઆ અને શ્રી નવાબ તે જૈન પ્રતિમાઓ હોવાનું સમર્થન કરે છે.[૯] પરંતુ જ્યાં સુધી તેનો ચોક્કસ નિર્ણય થાય નહિ ત્યાં સુધી તે પ્રતિમાઓ જૈન કે બુદ્ધની છે તે વાત સંદિગ્ધ જ રહે છે. મહેસાણા પ્રાંતમાં આવેલ તારંગા પર્વતની એક ગુફામાં તારણમાતાથી ઓળખાતી તારાની પ્રાચીન પ્રતિમા છે. મહેસાણાથી તારંગા લાઈનમાં છેલ્લું સ્ટેશન તારંગા હીલ આવે છે. ત્યાંથી પાંચ માઈલ દૂર પર્વત ઉપર જતાં અજીત-

૮ Annual Report of the Archaeological Department–Baroda State 1937–33

૯ Deccan College Bulelin P. 185 Vol. 1–No. 2-3
ભારતીયવિદ્યા વર્ષ-૧, અં-૨, પા-૧૭૯

નાથનો ભવ્ય પ્રસાદ કુમારપાળે બંધાવેલો આપણી સમક્ષ ખડો થાય છે. અહીંથી પણ દોઢેક માઈલના અંતરે, પુષ્કળ ઝાડી અને ડુંગરાળ પ્રદેશોમાં એક નાની ગુફાની અંદર તારણ ધારણથી ઓળખાતી તારાની બે પ્રતિમાઓ મૂકેલી છે. આ સિવાય ત્યાં બીજી નાની નાની નવ પ્રતિમાઓ પણ મૂકેલી છે. આ પર્વત ઉપર વેણીવચ્છરાજે તારાદેવીનું મંદિર બંધાવ્યું હતું, અને તેના ઉપરથી ત્યાંના નગરનું તારાપુર નામ પડ્યું હોવાનો ઉલ્લેખ, સોમપ્રભાચાર્યે કુમારપાળ-ચરિતની અંદર આર્યખપુટાચાર્યના કથાનકમાં નોંધ્યો છે.[૧૦] આથી તારાદેવીની આ પ્રતિમા વેણીવચ્છરાજે સ્થાપી હોવાનું સાબીત થાય છે. ત્યાંની બીજી મૂર્તિઓમાં એક અવલોકીતેશ્વરની હોવાનું અનુમાન છે. જ્યારે બાકીની બીજી મૂર્તિઓ, બૌદ્ધ મૂર્તિશાસ્ત્રના આધારે તે કોની કોની છે, તે નિશ્ચિત થાય નહિ ત્યાં સુધી તેનાં નામો આપવાનું મુશ્કેલ છે. છતાં તે બધી બુદ્ધ સંપ્રદાયની પ્રતિમાઓ છે, એમ તો તેના ભાસ્કર્ય અને રૂપવિધાન ઉપરથી ચોક્કસ લાગે છે. આ પ્રતિમાઓ આશરે આઠમા-નવમા સૈકાની હોવાનું અનુમાન છે.[૧૧] ખંભાત પાસે નગરામાંથી ભગવાન બુદ્ધની એક પ્રાચીન પ્રતિમા મળી આવી છે.

અમરેલીના ખોદકામમાંથી કેટલાક બુદ્ધ સંપ્રદાયના અવશેષો મળ્યા છે, જેમાં બોધીસત્વ અને બુદ્ધ મૂર્તિઓ પણ છે.[૧૨] વડનગર શહેરથી પૂર્વમાં અજપાળ મહાદેવના મંદિર પાસે કોઈ મૂર્તિનું માથું પડેલું છે, જેના ભાસ્કર્ય ઉપરથી તે બુદ્ધ પ્રતિમાનો શિરોભાગ

૧૦ हयविज्जामहप्पं अज्जखउडसूरिणं ।
दट्ठणवच्छराओ पडिवन्नो वीयरायमयं ॥
ताराइ बुद्धदेवीइ मंदिरं कारियं पुव्वं ।
आसन्नगिरिम्मि तओ भइ ताराउरं तिमो ॥ कुमारपालचरित्र ॥ પા. ૪૬૨-૬૩
Gaekwar's Ooiental Serides No. 14

૧૧ Annual Report of the Archaeological Department of Baroda State 1935-36, Page 8

૧૨ Ibid Page 21

હોવાનું અનુમાન છે. આમ પ્રાપ્ત અવશેષો તપાસતાં ઇ. સ. પૂર્વેથી દસમા સૈકા સુધીનાં કોઈ કોઈ પ્રતીકો જોવામાં આવે છે. પરંતુ વલભી જેવા મહારાજ્યમાં ખૂબ વિકાસ પામેલ આ સંપ્રદાયના ગ્રંથસ્થ પ્રમાણોના મુકાબલે તેના કોઈ પણ સ્મૃતિચિન્હો બચવા પામ્યાં નથી, એમ કહેવામાં અતિશયોક્તિ નહિ જ ગણાય; કારણ જે સંપ્રદાયે લગભગ એક હજાર વર્ષ સુધી ગુજરાતમાં પગદંડો જમાવ્યો હતો, તે વસ્તુ વિચારતાં આજે મળતા અવશેષો નામમાત્ર યાને ફક્ત અલ્પસ્વલ્પ છે. ભગવાન શંકરાચાર્યના પ્રાદુર્ભાવ પછી બુદ્ધ સંપ્રદાયનું અસ્તિત્વ ભારતમાંથી જ નષ્ટ થયું, અને તે ન્યાયે ગુજરાતમાંથી આ ધર્મનો પ્રવાહ નષ્ટ થતાં, તેના અવશેષોનું તો આજે નામનિશાન પણ બચવા પામ્યું નથી.

(૨) જૈન ધર્મ

ગુજરાતના મુખ્ય ધર્મો પૈકી જૈન ધર્મ પણ એક પ્રાચીન સંપ્રદાય છે. તેનો આરંભકાળ અતિ પ્રાચીન કાળમાં થયો હોવાનું જૈન આગમો અને સૂત્રો ઉપરથી જણાય છે. તેમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાન, શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ હતા. તેમણે સૌરાષ્ટ્રના ગિરનાર પર્વત ઉપર કષ્ટસાધ્ય તપ આદરી દિવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ વિ. સં. પૂર્વે ૮૨૦ થી ૭૨૦ સુધીમાં થઈ ગયા છે. છેલ્લા મહાવીર સ્વામીનો જન્મ વિ. સ. પૂર્વે ૫૪૨ ઈ. સ. પૂર્વે ૫૯૯ અને નિર્વાણ વિ. સં. પૂર્વે ૪૭૦ ઇ. સ. પૂર્વે ૫૨૬માં થયું હતું. અર્થાત્ બુદ્ધ અને મહાવીર લગભગ સમકાલીન હતા. બન્નેયે પોતપોતાના સિદ્ધાંતોનો જુદી જુદી રીતે પ્રચાર કરી, સમાજમાં તપ, સત્ય અને અહિંસાનાં બીજ રોપ્યાં. આમ ઈ. સ. પૂર્વેથી બુદ્ધની માફક જૈન સંપ્રદાય પણ ભારતવર્ષમાં ફેલાયો હતો, એટલે ગુજરાત તે અસરમાંથી મુક્ત ન જ હોય તે વાસ્તવિક છે.

અશોકે કોતરાવેલ ગિરનાર ઉપરના ધર્મશાસનમાંથી નિગ્ગંથોનો ઉલ્લેખ મળે છે. તેમાં જણાવ્યું છે કે તેણે નીમેલા ચૌદ ધર્મમહામાત્યોએ સંઘ, આજીવકો અને નિગ્ગંથોની દેખરેખ રાખવી. આ નિગ્ગંથો તે જ જૈન સાધુઓ. આથી ઇ. સ. પૂર્વે ગુજરાતમાં જૈન સંપ્રદાય પ્રચલિત હોવાની ઐતિહાસિકતા સૂચવે છે. ભગવાન નેમિનાથનું જીવન કાઠિયાવાડમાં વ્યતીત થયેલું વિચારતાં, જૈન ધર્મની જડ અતિ પ્રાચીન કાળથી ગુજરાતમાં ફેલાઈ હતી એમ સમજાય છે. મહાક્ષત્રપરુદ્રદામા ૧લાના શિલાલેખમાંથી જૈન સંપ્રદાયનું અસ્તિત્વ સૂચિત થાય છે. આ લેખ કચ્છના આંધુ નામક ગામડામાથી મળ્યો છે, જેમાં 'ઋષભદેવ' નામનો પ્રયોગ સૂચક છે, જ્યારે બીજો, ક્ષત્રપ રાજા જયદામનના પૌત્રના સમયનો જૂનાગઢ પાસેનો શિલાલેખ છે, તેમાં જૈન પારિભાષિક 'કેવલિજ્ઞાન' શબ્દની નોંધ છે. વિ. સં. પૂર્વે અવંતિની ગાદી ઉપર આવનાર રાજા ગર્દભિલ્લે, કાલકાચાર્યની દીક્ષિત બહેન સાધ્વી સરસ્વતીનું અપહરણ કરતાં કાલકસૂરિએ સિંધના છન્નુ રાજાઓને પોતાના પક્ષમાં લઈ, ગર્દભિલ્લ ઉપર ચડાઈ કરી તેને હરાવ્યો અને સાધ્વી ભગિની સરસ્વતીને તેના પંજામાંથી મુક્ત કરી હતી એમ કાલકાચાર્ય કથા ઉપરથી માલમ પડે છે. અવંતિ ગુજરાતની સરહદથી નિકટવર્તી આવેલ હોવાથી અને કાલકસૂરિના કથન અનુસાર તે કાળે ગુજરાતમાં જૈન ધર્મનો પ્રવાહ વહેતો હોવાનું સાબિત થાય છે. ક્ષત્રપ કાળમાં જૈન ધર્મ ગુજરાત-કાઠિયાવાડમાં ફેલાયો હોવાનું, ઢાંકનગર બહાર પહાડની ખીણમાં ગુફાની અંદર મૂકેલી તીર્થંકરો પ્રતિમાઓ નીચેના લેખો ઉપરથી માલમ પડે છે. શ્રી બર્જેસે આ મૂર્તિઓને બુદ્ધની હોવાનું અનુમાન્યું છે, પરંતુ વિદ્વાનોના ઊંડા પરીક્ષણથી તે પ્રતિમાઓ જૈન તીર્થંકરોની હોવાનું સાબિત થવાથી ઈ. સ. પૂર્વેથી કાઠિયાવાડમાં જૈન સંપ્રદાય પ્રચલિત હોવાની માન્યતાને પુષ્ટિ આપે છે. ઈ. સ. પૂર્વે ૩૦૦માં જ્યારે ભદ્રબાહુ સ્વામી ઉત્તરમાંથી દક્ષિણમાં ગયા ત્યારે પણ કાઠિયાવાડમાં જૈન ધર્મ

અવિરતપણે ફેલાયો હોવાનું વિદ્વાનો માને છે.[૧૩અ] અશોકના પૌત્ર શાલિશુકે[૧૩બ] ગુજરાત અને સૌરાષ્ટ્ર સુધી જૈન ધર્મનો પહેલો પ્રચાર કર્યો હોવાનું યુગ પુરાણના આધારે સ્વ. કે. હ. ધ્રુવે જણાવ્યું છે.

પાદલિપ્તસૂરિ જેમના નામ ઉપરથી પાલિતાણા નામ અસ્તિત્વમાં આવ્યું છે, તેઓ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. તેમણે પ્રાકૃતમાં તરંગવતી વ. અનેક ગ્રંથો રચ્યા છે.[૧૪] તેઓ ગાથા સતસઈના સંગ્રાહક, પ્રસિદ્ધ મહારાષ્ટ્રીય કવિ અને નૃપતિ સાતવાહનના સમકાલિન હતા. તેમણે ગુજરાતની અંદર કેટલાંયે વર્ષો સુધી નિવાસ કર્યો હતો. ઉદ્યોતનસૂરિકૃત કુવલયમાલામાં જણાવ્યું છે કે 'શિવચંદ્રસૂરિના શિષ્ય યક્ષદત્ત ગણી થયા, તેમના શિષ્યોએ ગુજરાતને દેવાલય મંડિત કરવામાં મોટો ભાગ ભજવ્યો છે.[૧૫] વિ. સં. ૫૧૦માં દેવર્ધિગણીએ બાર દુકાળીઓ પડવાથી ઘણા વિદ્વાન સાધુઓનો તેમજ અનેક બહુશ્રુતોનો વિદેહ થવાથી શ્રુત ભક્તિથી પ્રેરાઈ વલભીપુરમાં એક જ્ઞાન-પરિષદ ભરી હતી. તેમાં મહાકાળના મુખમાંથી અવશિષ્ટ રહેલા, વિદ્વાન સાધુઓના મુખમાં રહેલા, ઓછાવત્તા ત્રુટિત અત્રુટિત આગમોના પાઠોને પુસ્તકારૂઢ કર્યા હતા. આ પરિષદમાં થયેલ સંકલનને વલભીવાચના કહેવામાં આવે છે. વલભીકાળમાં જૈન ધર્મનો પ્રચાર

૧૩ અ ફાર્બસ ગુજરાતી સભામાં શ્રી ડૉ. સાંકળિયાનું વ્યાખ્યાન ગુજરાતમાં ધર્મ-વ્યવસ્થા ફાર્બસ ગુજરાતી સભા ત્રિમાસિક પુ. ૫, અં. ૪

૧૩ બ માલવિકાગ્નિમિત્ર નાટકના ગુજરાતી અનુવાદમાં પ્રસ્તાવના 'મનનિકા'

૧૪ पालित्त सूरियः स श्रीमान् पूर्वश्रुत सागरः।
यस्मात्तरंगवत्याख्यं कथास्त्रोती विनिर्ययौ ॥ मुनि चंद्रकृत अभयचरित्र ॥

૧૫ This Shiva Chandra Gani had a pupil named Yakshdatta Gani whose many glorious pupils decorated Gujarat by building jaina temples everywhere
'કુવલય માલા 'એક વિવેચન' નામક જીનવિજયજીનો લેખ
ભારતીય વિદ્યા વૉ. ૨, ભાગ ૨

ગુજરાતમાં હતો, એમ કેટલાક ગ્રંથોની પુષ્પિકાઓ ઉપરથી જાણવા મળે છે. વલભીના ભંગ સમયે જૈન પ્રતિમાઓને આક્રમણના વિનાશમાંથી બચાવવા ભિન્નમાળ વ. સ્થાનોએ ખસેડવામાં આવી હતી એવા ગ્રંથસ્થ ઉલ્લેખો મળે છે.[૧૬] ગુજરાતના મહાન બંદર ભરૂચની અંદર વિ. સં. ૪૬૯માં આર્યખપુટાચાર્ય આવ્યા હતા. તેમના વિદ્વાન શિષ્ય ભુવને ત્યાંના બૌદ્ધ આચાર્યોને, તથા પાછળથી આવનાર બટુકરને જીતી નમાવ્યા હોવાથી તેમનું નિગ્રંથ નવીન નામ પડ્યું હોવાનું પ્રભાવક ચરિત્ર કહે છે.[૧૭]

વિ. સં. ના છઠ્ઠા સૈકામાં આનંદપુર (વડનગર) ગુજરાતનું એક મહાનગર ગણાતું. ત્યાં વલભી રાજાઓનું શાસન હતું. ત્યાં ધનેશ્વરસૂરિ નામના જૈન આચાર્યે ધ્રુવસેન રાજાને થયેલ પુત્રશોકને ભુલાવવા, તથા તેના પુણ્યાર્થે જૈનાગમ 'કલ્પસૂત્ર'ની વાચના કરી હતી. સાતમા-આઠમા સૈકામાં થયેલ ભરૂચના ગુર્જર રાજા જયભટ, અને દદ્દ બીજો વિતરાગ અને પ્રશાંતરાગનાં બિરુદો ધરાવતા હતા. જો કે તેઓનો મુખ્ય ધર્મ વૈદિક હતો, પણ જૈનધર્મ પ્રત્યે તેઓ વધુ પ્રેમ અને આદર ધરાવતા હોવા જોઈએ, જેથી તેમને આવાં બિરુદો મળ્યાં હશે એવું અનુમાન છે. વલભીના વિનાશ પછી ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણની સ્થાપના વીર વનરાજે કરી. વનરાજ ચાવડો જૈન સાધુના આશ્રયે જ ઊછર્યો હોવાથી તેના ઉપર તે ધર્મના સંસ્કારોની છાપ પડી હતી તેમાં શક નહિ તેથી જ તેણે પાટણની સ્થાપના કર્યા પછી પંચાસર પાર્શ્વનાથનું પ્રાચીન મંદિર બંધાવ્યું હતું. વળી ગાંભૂથી નિનય શેઠને બોલાવી તેના પુત્ર લહરને પાટણનો દંડનાયક બનાવ્યો, જેણે પાટણમાં ભગવાન ઋષભદેવનો પ્રાસાદ, ભક્તિપુરઃસર બંધાવ્યો હતો એમ ઇતિહાસ કહે છે.

૧૬ જીનપ્રભસૂરિકૃત તીર્થકલ્પમાં સત્યપુર કલ્પ.

૧૭ પ્રભાવક ચરિત્ર પા. ૭૪

ઈ. સ. ના નવમાં સૈકામાં નવસારી દિગંબર સંપ્રદાયનું મથક હોવા સંબંધેનો ઉલ્લેખ રાષ્ટ્રકૂટોના દાનપત્રમાંથી મળી આવે છે. તેમાં જણાવ્યું છે કે નવસારીમાં એક જૈન ચૈત્ય હતું, જેનો કબજો સંઘવી શાખાના સેનસંઘના હાથમાં હતો. ચાવડાઓ પછી તો જૈનધર્મનો ગુજરાતમાં ખૂબ વિકાસ થયો. ચૌલુક્યોના કાળમાં તો આ ધર્મ ગુજરાતની અંદર સારી રીતે ફેલાયો હોવાના સેંકડો પુરાવાઓ મળી આવે છે. એટલું જ નહી પણ કેટલાક રાજવીઓની સભાઓમાં જૈન સાધુઓનું સારું એવું સ્થાન હતું. કોઈક વખતે તો શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે, ધાર્મિક વિવાદો પણ ચાલતા હતા, એમ મુદ્રિતકુમુદચંદ્ર નાટક ઉપરથી જાણી શકાય છે. પ્રાકૃતના પાણિની ગણાતા આચાર્ય હેમચંદ્ર, સિદ્ધરાજના માનનિય સલાહકાર અને ગુરુ સમાન ગણાતા. કુમારપાળના તો તેઓ ગુરૂ જ હતા. તેમણે તો પોતાની અપુર્વ વિદ્યા અને જ્ઞાન શક્તિથી સમસ્ત ગુજરાતમાં, જૈનધર્મનો આદેશ ઘેરઘેર સંભળાવ્યો હતો. ત્યાર બાદ પણ જૈનધર્મ અસ્ખલિત રીતે ગુજરાત, કાઠિયાવાડ, અને મારવાડ વ.માં પ્રસરી રહ્યો હોયાના કેટલાયે પૂરાવાઓ મળે છે. વાઘેલાઓના સમયમાં પણ તે ધર્મની અંદર શિથીલતા આવી હોયાનું માલમ પડયું નથી. ઉલટ વસ્તુપાળ, તેજપાળ જેવા વીર, અને ધર્મચુસ્ત, દાનેશ્વરીઓએ જૈનધર્મના પ્રચારને વધુ વેગ આપતાં કરોડો રૂપિયા ખર્ચી હોવાનું સુકૃત સંકીર્તન, વસંતવિલાસ, ધર્માભ્યુદય, કીર્તિકૌમુદિ વ.ગ્રંથો ઉપરથી જાણી શકાય છે.

વાઘેલાઓ પછી મુસ્લિમ કાળમાં કેવળ જૈન ધર્મમાં જ નહીં પણ બધા હિંદુ ધર્મોમાં મંદતા આવી હતી. કારણ મુસલમાનો મૂર્તિભંજક હોઈ, તેઓ દેવમંદિરો અને મૂર્તિઓનો નાશ કરતા હતા. આથી તે સમયે જૈનધર્મમાં કંઈક શિથિલતા હતી, છતાં સમરાશાહ જેવા બહાદુર લક્ષ્મીનંદને, ભવ્યમંદિરો બંધાવી આ ધર્મમાં પ્રાણ પુર્યો હતો, એમ સમરરાસુ ઉપરથી જાણવા મળે છે. મુસ્લિમકાળમાં આ ધર્મનો પ્રચાર મોળો પડ્યો પણ તેથી તેના અસ્તિત્વમાં કાંઇ ફેર પડ્યો ન હતો.

અર્થાત્ આ ધર્મ પ્રત્યેની ભાવના સમાજમાં જેવીને તેવીજ હોઈ, ફક્ત પ્રચારને નવો વેગ મળતો ન હતો. છતાં બીજા હિંદુ ધર્મોની માફક આ ધર્મ સારી રીતે ચાલતો હતો. આજે તો જૈનધર્મ ફૂલ્યો ફાલ્યો આપણી સમક્ષ ગુજરાતના ગામેગામ અને દરેક શહેરમાં સુંદર રીતે વિકસી રહ્યો છે. આ બધા પુરાવાઓ ગુજરાતમાં જૈનધર્મ, પ્રાચીન કાળથી ઉતરી આવ્યો હોવાની સાબીતી આપે છે.

ઐતિહાસિક પુરાવાઓના મુકાબલે તેટલી પ્રાચીન પ્રતિમાઓ કે મંદિરો ગુજરાતમાંથી મળતાં નથી. ઢાંક નજીક ગુફામાંથી પ્રાપ્ત પ્રતિમાઓ ઈ.સ.ના ત્રીજા ચોથા સૈકાની હોવાનું અનુમાન છે. આર્યખપુટાચાર્યની પ્રેરણાથી બુદ્ધ ધર્મનો ત્યાગ કરી જૈન થયેલ વેણી વત્સરાજે તારંગા પર્વત ઉપર મહાવીર સ્વામીની યક્ષી સિદ્ધાઈકાનું મંદિર બંધાવ્યાનો ગ્રંથસ્થ ઉલ્લેખ છે પણ આજે તો તે મંદિરનો કોઈ પણ અવશેષ ત્યાં રહ્યો નથી ગુજરાતે જયારે ગુજરાત નામ ધારણ કર્યું ન હતું ત્યારે તેની મર્યાદા ઠેઠ રાજપુતાના સુધી ફેલાયેલી હતી. આ કાળે શ્રીમાળ (ભિન્નમાળ) ગુર્જર પ્રદેશનું મહાનગર ગણાતું. કુવલયમાલા ગ્રંથમાં ઉદ્યોતનસૂરિ તેની પ્રશસ્તિની અંદર નોંધે છે કે 'શિવચંદ્ર મુનિ ભિન્નમાળમાં રહેતા હતા તેમના શિષ્ય યક્ષદત્ત ગણિ થયા, જેના શિષ્યો નાગ, વૃન્દ, મમ્મટ, દુર્ગ, આચાર્યઅગ્નિશર્મા, અને વટેશ્વર વ. હતા, જેઓએ ગુર્જર દેશને દેવગૃહોથી સુશોભિત બનાવ્યો. વટેશ્વરે આકાશવપ્ર (આનંદપુર કે અમરકોટ) નગરમાં રમ્ય જીનમંદિર બંધાવ્યું હતું.' આથી ઈ.સ.ના પાંચમા શતકમાં ગુજરાતની અંદર ભવ્ય જૈન મંદિરો બાંધવામાં આવ્યાં હતાં એમ જણાય છે, પણ તેટલું પ્રાચીન કોઈ મંદિર કે પ્રતિમા મળી આવી નથી. વલ્લભીમાં તો દેવર્ધિગણી ક્ષમાશ્રમણે એક જ્ઞાનસત્ર ભર્યું હતું, એટલે તે શહેરમાં જૈન ધર્મનાં મંદિરો તે કાળે વિદ્યમાન હશે જ તેમાં શક નહિ, પણ આજે તો તેટલું પ્રાચીન કોઇ મંદિર કે પ્રતિમા ત્યાં અસ્તિત્વ ધરાવતી નથી.

તીર્થકલ્પમાં જણાવેલ લાક્ષારામની હકીકત અણહીલપુર પાટણની સ્થાપના થયા અગાઉ ત્યાં નગર હતું તેટલું જ નહી પણ ત્યાંથી જૈન પ્રતિમાઓ મળી હતી એની નોંધ આપે છે.[૧૮]

વલભીના નાશ બાદ પાટણની સ્થાપના થઈ ત્યાર પછીના કાળની કેટલીક પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે, તેમાંયે ચૌલુક્ય સમયનાં મંદિરો અને પ્રતિમાઓની તો ગુજરાતમાં ખોટ જ નથી. તે બધાની સામાન્ય નોંધ આપતાં સ્વતંત્ર પ્રકરણ લખાય તેમ હોવાથી અત્રે તો મધ્યકાળનાં થોડાંક સુપ્રસિદ્ધ મંદિરોની નોંધ આપી સંતોષ માન્યો છે, વનરાજે પાટણમાં પંચાસર પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું જેની પ્રતિમા પંચાસરથી લાવવામાં આવી હતી એવી લોકોક્તિ છે. અને તે હિસાબે પંચાસર પાર્શ્વનાથની પ્રતિમા આઠમા નવમા સૈકાની ગણાય. આજ મંદિરમાં મુકેલી વનરાજની પ્રતિમા ચૌદમા સૈકાની હોવાનુ તેની નીચેના શિલાલેખમાંથી સ્પષ્ટ થાય છે. ભીમદેવ સોલંકીના મંત્રી વિમલશાહે આબુ ઉપર ભવ્ય પ્રાસાદ બંધાવ્યો હતો જે આજે વિદ્યમાન છે. તેમાં નાની મોટી અનેક તીર્થંકરોની, આચાર્યોની તથા અંબિકાની એક પ્રતિમા છે. આ સિવાય બીજી પણ કેટલીક પ્રતિમાઓ છે, આમાં ચૌદમા સૈકાથી સોળમા સૈકા સુધીની પ્રતિમાઓ હોવાનું તેના શિલાલેખો ઉપરથી જાણવા મળે છે. સિદ્ધરાજે સિદ્ધપુરમાં મહાવીરનો એક પ્રાસાદ બંધાવ્યો હતો એમ દ્વયાશ્રય મહાકાવ્ય અને કુમારપાળ પ્રતિબોધ[૧૯] ઉપરથી જણાય છે. કુમારપાળને તો જૈન ધર્મ તરફ વધુ પ્રેમ અને આદર હોઈ તેણે ઘણાંક જૈન મંદિરો અને વિહારો બંધાવ્યા હતા. દ્વયાશ્રય મહાકાવ્ય કુમારપાળે અણહિલપુર પાટણ અને દેવ પાટણમાં પાર્શ્વનાથનાં મંદિરો બંધાવ્યાં હોવાનું નોંધ્યું છે.[૨૦] મોહપરાજય ત્રિભુવન વિહાર અને માંસ-

૧૮ તીર્થંકલ્પ. અરીષ્ટ નેમિકલ્પ.

૧૯ દ્વયાશ્રય મહાકાવ્ય અર્ગ-૧૫-શ્લોક ૧૬

૨૦ દ્વયાશ્રય મહાકાવ્ય. અ. ૨૦

ના પ્રાયશ્ચિત તરીકેના બત્રીસ વિહારો બંધાવ્યાનું સૂચવે છે,[૨૧] પ્રબંધ ચિંતામણિ તેણે કુલ ૧૪૪૦ વિહારો કરાવ્યાનો ઉલ્લેખ આપે છે.[૨૨] જ્યારે કુમારપાળ પ્રતિબોધ કુમારપાળે કુમારપાળ વિહાર, ત્રિભુવન વિહાર અને બીજાં ચોવીસ જીન મંદિરો બંધાવ્યાનું કહે છે, આથી કુમારપાળે અનેક જૈન મંદિરો બંધાવ્યાં હોવાનું સ્પષ્ટ જણાય છે. કુમારપાળે કાંચનગિરિગઢ (જાબાલીપુર)માં કુમાર વિહાર બંધાવ્યો હતો એમ વિ. સં. ૧૨૨૧ના એક શિલાલેખ ઉપરથી જણાય છે. આ સિવાય તેના જૈન મંત્રીઓ શ્રીમંતો અને રાજપુરુષોયે જુદા જુદા સ્થળોયે કરાવેલાં જૈન મંદિરોની સંખ્યા મોટી હોવાનો સંભવ છે. આ મંદિરોમાં સ્થાપન કરાયેલી તીર્થંકરોની પ્રતિમાઓ જોતાં તે કાળે જૈન પ્રતિમાવિધાને ઉત્કૃષ્ટ વિકાસ સાધ્યો હશે એમ જરૂર લાગે છે.

વાઘેલાઓના સમયમાં પણ અનેક જૈન મંદિરો બંધાવ્યાં છે. એટલે તે કાળની સેંકડો પ્રતિમાઓ મળી આવે તેમાં શક નહી. વિમળશાહના મંદિર સાથે સ્પર્ધા કરી શકે તેવાં ભવ્ય જીન મંદિરો વસ્તુપાળ તેજપાળે આબુ ઉપર બંધાવ્યાં હતાં. આ મંદિરોની કલા વિમળશાહના મંદિર કરતાં પણ ઉચ્ચા પ્રકારની છે. તેમાં તીર્થંકરોની નાનીમોટી સેંકડો પ્રતિમાઓ બેસાડેલી છે. આ ઉપરાંત તેમાં યક્ષ અંબિકા, લક્ષ્મી, ભૈરવ, જૈનયંત્રો વ. નાં મૂર્તિ શિલ્પો પણ મૂકેલાં છે. ટૂંકમાં આબુ ઉપરનાં મંદિરો જૈન મૂર્તિકળાનાં ભવ્ય મહાસ્થાનો છે. આ મંદિરની પ્રતિમાઓ મુખ્યત: ચૌદમા સૈકાથી આરંભી ત્યાર-પછીના કાળની હોવાનું તેની નીચેના લેખો ઉપરથી જાણવા મળે છે. શેત્રુંજયપર્વત ઉપરનાં સેંકડો નાનાં-મોટાં મંદિરોમાં કેટલાંક બારમા સૈકાથી પણ પ્રાચીન કાળનાં છે. આખોયે પર્વત ભવ્યમંદિરોથી અલં-કૃત હોઈ, જાણે કુબેરની અલકા, અગર સ્વર્ગની કોઈ રમ્યનગરી ન

૨૧ મોહપરાજય અં. ૪ પા. ૯૩–૯૫

૨૨ પ્રબંધ-ચિંતામણી પા. ૧૬૧-૧૬૨

હોય તેવો રમ્ય દેખાવ તેના દર્શનથી જણાય છે. આ મંદિરોનાં કલા વર્ણનો, અને તેની પ્રતિમાઓની પિછાન આપવા જતાં એક સ્વતંત્ર ગ્રંથ થવા સંભવ છે. જૈનમૂર્તિ કળા, અને શિલ્પ સ્થાપત્યના અભ્યાસી માટે, શેત્રુંજય પર્વત ઉપર આવેલ મંદિરો શિલાકૃષ્ટ મહાગ્રંથો છે. ત્યાર પછીના એટલે મુસ્લિમ કાળથી અર્વાચીન સમય સુધીમાં, હજારો મંદિરો ગુજરાતમાં નાનાં-મોટાં બંધાયાં છે, જેની લાંબી યાદીઓ આપવાની અત્રે આવશ્યકતા નથી. આ કાળની હજારો પ્રતિમાઓ આજે વિદ્યમાન છે, જેમાંથી મુખ્યમુખ્ય મૂર્તિશિલ્પોની સામાન્ય નોંધ, જૈન મૂર્તિ વિધાનના પ્રકરણમાં આપવાનો પ્રબંધ કર્યો છે. આ વિવેચન ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છેકે ગુજરાતમાં જૈન સંપ્રદાય તો ઈ.સ. પૂર્વેથી ઉતરી આવ્યો છે, જેના યથાલભ્ય પ્રાચીન અવશેષો, પ્રતિકો, અને પ્રતિમાઓ વ. પ્રાપ્ત થઈ, મધ્યકાળની હજારો પ્રતિમાઓ જોવામાં આવે છે. જે જૈન પ્રતિમાવિધાન, અને જૈનસંપ્રદાયની, પ્રાચીનતાની પ્રતીતી કરાવે છે.

૩ વૈદિકધર્મ

હિંદુધર્મની પ્રાચીનતા વેદકાલ જેટલી પ્રાચીન છે. વેદમાંથી ગુજરાતના કોઈ પણ ભાગનું નામ મળતું નથી. આથી એમ લાગે છે કે વૈદિક આર્યો વૈદિક સમયના અંત સુધીમાં ગુજરાત સુધી પહોંચ્યા હોવાનું જણાતું નથી. સૂત્રકાળમાં તો સૌરાષ્ટ્રમાં જનાર આર્ય પુનઃસંસ્કારને યોગ્ય ગણાતો. અર્થાત્ તે કાળે સૌરાષ્ટ્રને અનાર્ય પ્રદેશ તરીકે ગણવામાં આવતો હતો. પુરાણ કાળમાં તો આ પ્રદેશ વધુ પ્રસિદ્ધ હતો. લાટ, સૌરાષ્ટ્ર, અને આનર્ત, ગુજરાતના પ્રાચીન વિભાગો મનાતા. લાટનો જુનાંમાં જુનો ઉલ્લેખ વાત્સ્યાયન કામસૂત્રમાંથી મળે છે.[૨૩] ટૉલેમી ખંભાતના આખાતના પાસેના પ્રદેશને લારિક તરીકે નોંધે છે. સુરાષ્ટ્રનું સુરઠ

૧૩ વાત્સ્યાયન કામસૂત્ર ૨-૫-૨૬

નામ નાશકની ત્રીજી ગુફામાંના વસિષ્ઠપુત્ર પુલમાયિના લગભગ ઈ. સ. પૂર્વે ૨૫ના શિલાલેખમાંથી મળે છે.[૨૪] મહાભારત અને બીજાં પુરાણોમાંથી ગુજરાતના કેટલાક ભાગને આનર્ત તરીકે ઓળખાવ્યો છે.[૨૫] ગિરનાર ઉપર રૂદ્રદામાએ કોતરાવેલ શિલાલેખમાં આનર્ત અને સૌરાષ્ટ્ર નામો જણાવેલ છે. આ ઉપરથી પ્રાચીન કાળમાં એટલે ઈ. સ. પૂર્વે થી ગુજરાતનાં આનર્ત, સૌરાષ્ટ્ર, અને લાટ નામો પ્રચલિત હોવાનું જાણવા મળે છે. પાછળથી અપરાંત અને શ્વભ્ર નામો અમુક ભાગો માટે વપરાયા હતાં એમ જણાય છે. સ્કંદના નાગરખંડ, પ્રભાસખંડ, અર્બુદખંડ, અને કુમારિકાખંડો પ્રાચીન ગુજરાતની ધાર્મિક પરિસ્થિતિ ઉપર ખૂબ પ્રકાશ નાખે છે. આ સિવાય પદ્મપુરાણ, મત્સ્યપુરાણ, મહાભારત, શ્રીમદ્‌ભાગવત પુરાણ, વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, વ. માંથી આ પ્રદેશને સંબંધ કરતા કેટલાયે ઉલ્લેખો મળે છે. તેટલું જ નહી પણ ગુજરાત કાઠિયાવાડના સમસ્ત પ્રદેશમાં વૈદિક ધર્મ જોરશોરથી ફેલાયો હતો, એમ સાબીત થાય છે. અર્થાત સૂર્ય, શિવ, વિષ્ણુ, દેવી, બ્રહ્મા, ગ્રહો દિકપાલો વ. નાં પૂજન-અર્ચનો સારાયે સમાજમાં ભક્તિ પુરઃસર થતાં હતાં, એમ આ પુરાણોનાં કથાનકો તથા વ્રત અને તીર્થ મહાત્મ્યોમાંથી જણાય છે. માળવાના પહેલા ક્ષત્રપ કે ક્ષહરાત વંશના શકરાજા નહપાનના જમાઈ ઉષાવદાતે કાઠિયાવાડના પ્રભાસ, ઉત્તર ગુજરાતની વાર્ણાસા (બનાસ) નદી ઉપર, અને ભરૂચમાં બ્રાહ્મણ કન્યાઓનાં દાનો આપ્યાં, હજારો ગાયો દક્ષિણામાં આપી તથા કેટલાંક દેવમંદિરોને દાનપત્રોમાં જમીનો વ. આપી હતી. એમ કાર્લા અને નાશકની ગુફાઓના શિલાલેખો ઉપરથી જાણવા મળે છે. આ બધા ઉલ્લેખો ગુજરાતમાં વૈદિક ધર્મનો પ્રચાર સર્વવ્યાપી બન્યો હોવાનું સૂચવે છે. ક્ષત્રપોનાં રુદ્રદામન્ રુદ્રસિંહ, રુદ્રભૂતિ, વગેરે નામો ઉપરથી તેઓ શિવભક્તો હશે એવું અનુમાન છે, અને તે પ્રમાણે તેમના સમયમાં શિવપૂજાના પ્રચારને વધુ વેગ મળ્યો હોવા-

૨૪ આર્કિયોલોજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા ગ્રં. ૪
૨૫ વિષ્ણુપુરાણ અં. ૪ અ. ૧ વાયુપુરાણ અ. ૮૪ શ્લો. ૨૪

નો સંભવ છે. સ્કંદગુપ્તના ગિરનારના લેખમાં સુદર્શન સરોવરના કાંઠે વિષ્ણુમંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે, જે આ ધર્મપ્રચારનો સૂચક છે.[૨૬] સ્કંદના કુમારિકાખંડમાં ઉલ્લેખાયેલ સ્કંભ, યાને લિંગપૂજાની હકીકત ગુજરાતમાં લિંગપૂજાનો પ્રચાર અતિ પ્રાચીન કાળથી ઉતરી આવ્યો હોવાની ખાત્રી આપે છે. લિંગપૂજાનો પ્રચાર કરતા વિવિધ સંપ્રદાયો પૈકી પાશુપત પંથનું ઉદ્‌ગમસ્થાન કાયાવરોહણ (કારવણ) ગુજરાતમાં જ આવેલું છે. પાશુપત સંપ્રદાયના આદ્ય પ્રવર્તક ભગવાન લકુલીશ (લકુટીશ) ઇ.સ.ના પહેલા બીજા સૈકામાં થઈ ગયા હોવાનું મથુરાથી પ્રાપ્ત ચંદ્રગુપ્ત બીજાના સ્તંભ લેખના આધારે જણાય છે.[૨૭] સ્કંદની રચના સ્કંદગુપ્તના સમયમાં થઈ હોવાનું વિદ્વાનો અનુમાને છે. અને તે હિસાબે સ્કંદપુરાણમાં નોંધાયેલ ગુજરાતના જુદા જુદા પ્રદેશોનાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા, દેવી વ.નાં મંદિરો પાંચમા સૈકામાં વિદ્યમાન હતાં એમ તો જરૂર લાગે છે. પાશુપત સંપ્રદાયની હકીકત તો સ્કંદ તથા વાયુ પુરાણમાંથી પણ મળે છે. આમ પુરાણકાળે સમસ્ત ગુજરાત કાઠિયાવાડમાં હિંદુ મૂર્તિપૂજાનો પ્રવાહ ખૂબ ખૂબ ફેલાયો હતો, એમ આંતરિક પુરાવાઓના આધારે જણાય છે.

ક્ષત્રપોનો મુખ્ય ધર્મ કયો હતો તે જાણવા માટે આપણી પાસે સાધન નથી, પણ હિંદુ વેદ ધર્મ પ્રત્યે તેમને આદર હતો તેમાં શક નહી. કારણ ત્રીજા ક્ષત્રપ રાજા રૂદ્રદામને કોતરાવેલ ગિરનાર ઉપરના ખડક લેખમાંથી, તે રાજા ન્યાયી, ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, અને ધર્મનીતિને સમજતો હતો, એવાં સૂચનો મળે છે, જેના આધારે તેઓ હિંદુ વેદ ધર્મ પાળતા હોવા જોઇએ એવું અનુમાન છે. ગુપ્તો તો હિંદુ ધર્મના જ અનુયાયીઓ હતા. ગિરનાર ઉપર સુદર્શનના કાંઠે સ્કંદગુપ્તે વિષ્ણુ મંદિર બંધાવ્યાનું આગળ જણાવી ગયા છીએ, આજે

૨૬ ગુજરાતના ઐતિહાસિક લેખો નં. ૧૫. સ્કંદગુપ્તનો ગિરનારનો લેખ.
૨૭ એપીગ્રાફીકા ઇન્ડીકા વૉ. ૨૨ પા. ૧
કલ્યાણ શિવાંક પા ૫૯૫-૬૦૮

તો તેના કોઈ પણ અવશેષો બચવા પામ્યા નથી. પ્રભાસ પાસે કદવાર ગામનું વરાહ મંદિર ગુપ્તકાલીન હોવાનું શ્રી. ડૉ. હસમુખલાલ સાંકળીયાએ અનુમાન્યું છે.[૨૮] તેમાંની સેવ્ય પ્રતિમા ભગવાન વરાહની હોઈ જે મધ્ય હિંદ, માળવા, એરણ અને ઉદયગિરિની ગુફાઓમાંથી પ્રાપ્ત વરાહ મૂર્તિઓ સાથે નિકટનું સામ્ય ધરાવે છે. આથી ગુપ્ત કાળમાં વૈષ્ણવ ધર્મ નો પ્રચાર ગુજરાતમાં જાણીતો હતો એમ સમજાય છે. તેટલું જ નહી પણ કૃષ્ણનાં વિવિધ ચરિત્રો શિલ્પમાં ઉતારવાની પ્રથા દાખલ થતાં, વિષ્ણુનાં શેષશાયી, શારંગીન્, વરાહ, ગોવર્ધનધરણ, વ. ની સેવ્યપ્રતિમાઓનો પ્રચાર તે કાળમાં દાખલ થયો હોવાનું જણાય છે. સૂર્યપૂજાનો ઉદ્‌ગમકાળ વૈદિક સમયથી હોવાનું વેદમાં જણાવ્યું છે. કેટલાંયે સૂક્તોમાં વિશ્વના મહાન દેવ તરીકે તેની સ્તુતિ કરેલી છે, પણ ગુજરાતમાંથી તેટલા પ્રાચીન પુરાવાઓ મળતા નથી. છતાં પાંચમા સૈકામાં સૂર્યપૂજાનો પ્રચાર ગુજરાતમાં હતો, એમ દશપુર, હાલ મંદસોરના એક શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. તેમાં જણાવ્યું છે કે ઇ.સ. ૪૩૭ થી ૪૭૩માં રેશમ વણનારા વેપારીઓનો એક સમૂહ દશપુર ગયો, જ્યાં તેઓએ સૂર્યનું ભવ્ય મંદિર બંધાવ્યું. ઇડર પ્રદેશમાંથી શોધખોળ કરતાં કેટલાંક મંદિરો અને પ્રતિમાઓ મળી છે, જે ઇ.સ.ની ત્રીજી સદીથી આરંભી ચૌદમી સદી સુધીની હોવાનું શ્રી. પંઢરીનાથ ઇનામદારે જણાવ્યું છે.[૨૯]

વલભિ રાજ્યકાળમાં તો હિંદુ ધર્મને ખૂબ પ્રોત્સાહન મળ્યું છે શક ક્ષત્રપોની માફક આ રાજાઓ વિદેશથી હિંદમાં આવ્યા ન હતા, પણ શુદ્ધ આર્યત્વ ધરાવતા ભારતના ક્ષત્રિય વંશીઓ હોવાથી તેઓ વૈદિક ધર્મોને અનુસરે, પૂજે તેમાં નવાઇ નથી. તેમનો રાજ્યકાળ ઇ.સ. ના પાંચમા સૈકાથી આઠમા સૈકા સુધીનો મનાય છે. આ

૨૮ ફાર્બસ ગુજરાતી સભાનું ત્રિમાસિક પુ. ૫, અં. ૪
૨૯ જર્નલ ઑફધી ગુજરાત રીસર્ચ સોસાયટી : ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી કોમેમોરેશન વૉલ્યૂમ પા. ૧૩૮

વંશમાં દ્રોણસિંહથી આરંભી શિલાદિત્ય સુધી ચૌદ રાજાઓ થઈ ગયા છે. આ રાજાઓ પૈકી ઘણાખરા પરમમાહેશ્વરનું બિરુદ ધરાવતા હતા જ્યારે બીજો ધ્રુવસેન પરમ ભાગવત તરીકે, અને ધરપટ્ટ પહેલો સૂર્ય ભક્ત તરીકે ઓળખાવતો હોવાનું તેઓમાં તામ્રપત્રો ઉપરથી જાણવા મળે છે.[30] આથી વલભિ રાજકર્તાઓનો મોટો ભાગ શિવપૂજક હતો, અને એકાદ વૈષ્ણવ કે સૂર્યપૂજક હોવાનું જાણી શકાય છે. છતાં એક પણ તામ્રપત્રમાંથી શૈવ મંદિર બંધાવ્યાની કે શિવ મંદિરને ગામ જમીન વ. દાનમાં આપ્યાની હકીકત મળતી નથી; તો પણ તેઓ સનાતન વૈદિક ધર્માનુયાયી હતા એમ તેમને જુદા જુદા શહેરોમાંથી આમંત્રી વિદ્વાન બ્રાહ્મણો ને બલિ, ચરૂ, વૈશ્વદેવ અને પંચમહાયજ્ઞ માટે આપેલ જમીનોનાં દાનપત્રોમાંથી જાણવા મળે છે. આજે વલભિ (હાળના વળા)શહેરમાંથી તેટલાં પ્રાચીન શિવ, વિષ્ણુ કે દેવીનાં મંદિરો તથા પ્રતિમાઓ મળી નથી, પણ મોટાં મોટાં શિવલિંગો મળી આવે છે, જે વલભિ રાજાઓ શૈવ ધર્માનુયાયી હોવાની અને શૈવધર્મ ત્યાં સારી રીતે પ્રચારમા આવ્યો હોવાની પ્રતીતિ આપે છે.

ઈ.સ.ના પાંચમા સૈકાની મધ્યમાં દક્ષિણ ગુજરાતની અંદર લાટની આજુબાજુના પ્રદેશમાં ત્રૈકૂટકોએ સત્તા જમાવી હતી આ રાજાઓ પૈકી દહ્રસેન અને વ્યાઘ્રસેનનાં તામ્રપત્રો મળ્યાં છે, તેમાં તે બન્નેનો પરમ ભાગવત તરીકે ઉલ્લેખ છે. જેના ઉપરથી તેઓ વૈષ્ણવધર્માવલંબી હશે એવું અનુમાન છે. તેના પછી દક્ષિણ ગુજરાત ઉપર સત્તા ચલાવનારા કલચૂરી (કટચૂરિ), ગુર્જર, નવસારીના ચૌલુક્યો અને રાષ્ટ્રકૂટોનો રાજ ધર્મ કયો હતો તે માટે પુરતા પુરાવાઓ મળતા નથી. શ્રી ડૉ. હસમુખલાલ સાંકળીયા કલચુરીઓને શૈવસંપ્રદાયવાદી હોવાનું જણાવતાં તેઓના એક તામ્રપત્રમાંથી મળતા પશુપતિ

30 ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો ભા. ૧

શબ્દને આધારભૂત ગણે છે.[31] પણ આટલા એક જ શબ્દ ઉપરથી આખા રાજવંશનો ધર્મ નિયત કરવો તે એક પ્રકારનું સાહસ છે. તેના માટે વધુ પ્રમાણોની અપેક્ષા રહે છે, છતાં બીજા વધુ પુરાવાઓ ન મળે ત્યાં સુધી તેઓ શૈવ સંપ્રદાયી હતા, એમ માનવામાં વાંધો આવતો નથી. ગુર્જરોના એક તામ્રપત્રમાંથી આશ્રમદેવના મંદિરનો ઉલ્લેખ મળે છે. આ મંદિર હાલના કામરેજ ગામમાં હતું અને તેમાં શિવલિંગની પૂજા થતી હોવી જોઈએ એવી માન્યતા છે. ગુર્જર રાજાઓમાં થયેલ દદ્દ પહેલો અને બીજો તથા રણગ્રહ પોતાને સૂર્યભક્ત તરીકે ઓળખાવતા હતા. આથી તેઓ સૂર્યપૂજક હશે તેમાં શક નહિ.

નવસારિના ચૌલુક્યો અને રાષ્ટ્રકૂટોનો રાજ્યકાળ ધર્મના વિવિધ રંગોથી રંગાયેલો દેખાય છે. તેઓએ બાદામી અને ઇલોરાનાં ભવ્ય ગુફામંદિરો બંધાવી શિવ તથા વિષ્ણુના ચરિત્ર પ્રસંગોને પાષાણમાં ઉતારતાં પોતાની ઉદાત્ત ધાર્મિક વૃત્તિનું આબેહુબ પ્રદર્શન કર્યું છે, ખેડા જિલ્લાના સારનેલ ગામનું મંદિર રાષ્ટ્રકૂટકાળનું હોવાનું અનુમાન છે. કારણ તેની શિલ્પ સમૃદ્ધિ રાષ્ટ્રકૂટોના સ્થાપત્યો સાથે કેટલુંક સાતત્ય ધરાવે છે. નવસારિના ચૌલુક્ય નાગવર્ધને કપાળેશ્વર મહાદેવના નિભાવ માટે શકસં. ૬૧૮માં બલેગ્રામ નામનું ગામ દાનમાં આપ્યું હતું એમ તેના દાનપત્ર ઉપરથી માલમ પડે છે.[32] નવસારીના ચાલુક્યો તથા મંગલપુર વસંતપુરના ચૌલુક્ય રાજાઓ વિજયસિંહ વીરસિંહદેવ કર્ણદેવ વ.ના ઇષ્ટદેવ ભગવાન વરાહ હતા એમ તેમના દાનપત્રોનાં મંગલાચરણો ઉપરથી જણાય છે.[33] અર્થાત વરાહપૂજાનો પ્રચાર ગુજરાતમાં

31 ફાર્બસ ગુજરાતી સભામાં આપેલ વ્યાખ્યાન "ગુજરાતમાં ધર્મ વ્યવસ્થા" ફાર્બસ ગુજરાતી સભાનું ત્રિમાસિક પુ. ૫ અં. ૫

32 ચૌલુક્ય ચંદ્રિકા પા. ૨૯ સંપાદક બી. વી. એમ વાસ્તવ

33 जयत्याविष्कृतं विष्णोर्वाराहं क्षोभितार्णवं।
दक्षिणोन्नतदंष्ट्राग्रे विश्रान्त भवनं वपुः ।।१।। એજન

તે કાળે રાજકુલ સુધી પ્રસર્યો હતો એવી સાબીતી આપે છે. વધુમાં આ રાજાઓ દેવોના સેનાનિ કાર્તિકેય, અને સપ્તમાતૃકાઓ પ્રત્યે પણ આદર ધરાવતા હતા એમ સૂચવે છે. રાષ્ટ્રકૂટ રાજાઓ બીજા દેવોની માફક સૂર્ય પ્રત્યે પણ પૂર્ણ શ્રદ્ધા ભક્તિ રાખતા હશે એમ ગોવિંદદેવના દાનપત્ર ઉપરથી સિદ્ધ થાય છે. તેણે કાંવિકા (કાવી)માં જયાદિત્ય નામનું એક સૂર્યમંદિર બંધાવ્યું હતું એની તેમાં નોંધ છે. આમ ઇ.સ. પૂર્વેથી આઠમા સૈકા સુધી ગુજરાતની ધાર્મિક પરિસ્થિતિ ગ્રંથસ્થ પ્રમાણોના આધારે વિચારતાં એટલું તો સ્પષ્ટ જણાય છે કે, સનાતન વૈદિક ધર્મનો પ્રચાર સમસ્ત ગુજરાત, કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાતના છેડા સુધી સારી રીતે ફેલાયો હતો.

ગુજરાતનો મધ્યકાળ એટલે ચાવડા સોલંકી અને વાઘેલાઓનો યશસ્વી રાજયકાળ. ગુજરાતમાં સંસ્કૃતિ અને સંસ્કારનાં મુખ્ય ત્રણ કેન્દ્રો ગણાતાં. પહેલું ગુર્જર પ્રદેશનું આદિ સ્થાન ભિન્નમાળ યાને શ્રીમાલ. તેના વિનાશ પછી તેવું જ નહી પણ તેનાથીયે વધુ પ્રતિભા ધરાવતું વલભિનું મહારાજ્ય. વલભિ ભંગ પછી મહા ગુજરાતનું પાટનગર અણહિલપુર સ્થપાયું જેણે સંસ્કાર અને સંસ્કૃતિના ઘોષ વહેવડાવ્યા. સમસ્ત ભારત વર્ષમાં તે વિદ્યાકલાના કેન્દ્ર તરીકે વિખ્યાત હતું. ચાવડાઓ પછી સત્તા ઉપર આવનાર સોલંકીઓના સમયમાં તો તે પૃથ્વીનાં સત્તાવીસ મહાનગરો પૈકીનું એક હોવાનું આચાર્ય હેમચંદ્રે દ્વયાશ્રયમહાકાવ્યમાં જણાવ્યું છે. આ કાળની ધાર્મિક પરિસ્થિતિ કાલાનુક્રમે અહીં વિચારણા માગે છે,

ચાવડાઓના કાળમાં રાજધર્મ કયો હતો તે જાણવાનું મુશ્કેલ છે. વનરાજે પંચાસર પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું એમ સુકૃતકીર્તિ કલ્લોલિની કહે છે.[34] તેના મંત્રીપુત્ર લહરે ઋષભદેવનું મંદિર કરાવ્યું હોવાનો ઉલ્લેખ ઐતિહાસિક આધારો ઉપરથી જણાય છે.[35]

34 સુકૃત કીર્તિ કલ્લોલિની શ્લો. ૧
35 જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પા. ૧૭૪

આથી ચાવડાઓ જૈન હોવાનું અનુમાન જાય છે, પણ સાથે સાથે તેઓએ બંધાવેલ શિવમંદિરોની નોંધ ઉપરથી ચાવડાઓનો રાજધર્મ શૈવ, હશે એમ માનવાને કારણ મળે છે. વનરાજે પાટણમાં અણહિલ્લેશ્વરનિકેતન, યોગરાજે યોગેશ્વરીનું મંદિર અને ભૂયડે ભૂયડેશ્વર પ્રાસાદ બંધાવ્યા હતા. એમ પ્રબંધચિંતામણિકાર કથે છે.[36] ક્ષત્રિયોનો કુળધર્મ શૈવ જ ગણાય છે, અને તેઓએ હિંદુધર્મનાં અનેક મંદિરો બંધાવ્યાં હોવાથી તેઓ સનાતન હિંદુ ધર્મના હતા એમ સ્પષ્ટ લાગે છે, ચાવડા પછી રાજ્યાસને વિરાજનાર સોલંકીઓનો કુળધર્મ શૈવ જ હતો કારણ આ વંશના પ્રસ્થાપક મૂળરાજ સોલંકીએ આપેલ બે દાનપત્રોમાં શિવ મંદિરના નિભાવ માટે ગામો આપ્યાની નોંધ છે[37] આ સિવાય મૂળરાજ પહેલાએ બંધાવેલ રૂદ્રમહાલય, ભીમદેવ પહેલાએ કરાવેલ સોમનાથનો જીર્ણોદ્ધાર, સિદ્ધરાજને અમરકિર્તિ અપાવનારૂં સહસ્ત્રલિંગ સરોવર અને તેના તટવર્તિ સહસ્ત્રશિવમંદિરો, રૂદ્રમહાલયનું અપ્રતિમ શિલ્પ સ્થાપત્ય, કુમારપાલના કુમારપાળેશ્વર મહાદેવ, કેદારનો રસ્તો અને સોમનાથનો જીર્ણોદ્ધાર સોલંકીઓની શૈવધર્મ પ્રત્યેની અપૂર્વ ચુસ્તતા વ્યક્ત કરે છે. વાઘેલાઓના રાજ્યકાળ દરમ્યાન પણ વિશળદેવના સમયમાં મંડલી, ડભોઈ, તળાજા અને પ્રભાસપાટણમાં કેટલાંક હિંદુમંદિરો બંધાણાં હતાં એમ શિલાલેખોના આધારે જણાય છે. તેમાં સુમનેશ્વર, વીરમેશ્વર, મૂળેશ્વર, સલખણેશ્વર, આનલેશ્વર, વૈદ્યનાથ, ચાણકેશ્વર, પૃથ્વીદેવેશ્વર ત્રિપુરેશ્વર વ. મુખ્ય છે. આ મંદિરો જુદાજુદા રાજાઓ, મંત્રીઓ ને ધાર્મિક વૃત્તિ ધરાવનાર દાનવીરોએ બંધાવ્યાં હતાં. સારંગદેવ વાઘેલાના રાજ્યકાળ દરમ્યાન બંધાવેલ એક વિષ્ણુમંદિરનો ઉલ્લેખ તત્કાલીન પ્રાપ્ત શિલાલેખમાંથી મળે છે. જેના ઉપરથી તે વૈષ્ણવ હશે એવું અનુમાન કેટલાક વિદ્વાનોએ કર્યું

36 પ્રબંધ ચિંતામણિ ગુ. ભા. પા. ૩૬-૩૭
37 ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો ભા. ૨

છે. છતાં તેણે પોતાના કુલધર્મ શૈવ સંપ્રદાયનો ત્યાગ કર્યો હશે એમ માનવાને કારણ નથી.

ગુજરાતમાંથી આ સમયનાં અનેક મંદિરો મળી આવે છે. તેમાં કેટલાંક તો અખંડ છે, જ્યારે કેટલાકનાં ફક્ત ખંડેરો જ બચવા પામ્યાં છે. આ મંદિરોમાં સિદ્ધપુરનો રૂદ્રમહાલય, મંડેરનું પ્રાચીન મંદિર, રૂહાવીનો નીલકંઠેશ્વરનો પ્રાસાદ, કસરામાં ત્રિમૂર્તિનું મંદિર, સુણકમાં નીલકંઠ મહાદેવનો પ્રસાદ, મોટપ, વીરતા, ગોરાદ અને કનોડાનાં શિવમંદિરો, વિજાપુર તાલુકે વસાઈ ગામમાંનું શિવમંદિર, આશોડા ગામમાનું જસમલનાથનું મંદિર, લાક્રોડાનું પ્રાચીન મંદિર, મોટીદાઉનું સ્યામરૂમનું પ્રાચીન મંદિર તથા ભવાનીશ્વરનું મંદિર, સાલડીમાં પીપળેશ્વરનું મંદિર, આખજમાં રામેશ્વરનું દહેરું, ખેરાળુ તાલુકે મંદરોપુર ગામમાં દુગ્ધેશ્વરનું મંદિર, ચાણસ્મા તાલુકાના ગોઢેરા ગામમાં આવેલ પ્રખ્યાત સૂર્યમંદિર, તથા દેલમાલમાં લીંબજા અને વાઘેશ્વરીનું મંદિર, ઈડર પ્રદેશના રોડા ગામમાં આવેલ પ્રાચીન મંદિરો, વડાલીમાં વૈદ્યનાથનું મંદિર, ખેડબ્રહ્મામાં બ્રહ્માજી તથા પંખનાથનાં દેવાલયો અને શામળાજીનું પ્રાચીન મંદિર વ. મધ્યકાળના આદર્શ નમુનાઓ છે. તે બધાં મધ્યયુગમાં બંધાણાં હતાં, એવા ઐતિહાસિક પુરાવાઓ પણ મળે છે. આ સિવાય ઈડર, વડાલી, હીમ્મતનગર, દાવડ, સમનાથ, રામગઢ, મોડાસા, વડીયાવીર, પ્રતાપગઢ, મઢ, કસનગઢ, ટાંકાટુકા, પંથાલ, પોશીના, દેલવાડા, આગિયા, મરોડા, દેહોલ, વ. ગામોમાં મંદિરોના જે અવશેષો મળ્યા છે, તે બધા મધ્યકાલિન હોઈ મોટે ભાગે શિવમંદિરો હોવાનું જણાય છે. ડભોઈનું વૈદ્યનાથનું મંદિર, દક્ષિણ ગુજરાતના કામરેજ ગામમાં આવેલ નારદ બ્રહ્માનું મંદિર, કોટેશ્વર, મોક્ષેશ્વરનાં મંદિરો વ. મધ્યકાલિન શિલ્પ સ્થાપત્યના સાચાં પ્રતિકો છે.

સૌરાષ્ટ્રમાં પ્રભાસપ્રાટણનું સોમનાથ મહાદેવનું પ્રાચીન મંદિર, દ્વારકા નજદીક વસાઈનું કનકેશ્વરનું મંદિર, ધુમલીમાં નવલખા મંદિર

પોરબંદરથી પંદર માઈલ દૂર બરડા પર્વતમાં બીલ્વેશ્વરનું મંદિર, સૂત્રાપાડાનું સૂર્યમંદિર, કીન્ડરખેડાનાં ત્રણ સૂર્યમંદિરો, વઢવાણ અને રાજકોટ વચ્ચે આવેલ થાનનું પ્રાચીન સૂર્યમંદિર, આનંદપુરમાં અનંતેશ્વરનું મંદિર, સુત્રારિયાનું અર્ધભગ્ન દેવાલય, મીયાણી અને ભાગાવદરનાં પ્રાચીન મંદિરો તથા કચ્છના કંથકોટ પાસે ખોખરાનાં દહેરાંથી પરિચિત સ્થાનનું શિવમંદિર વ. મધ્ય કાળની ધાર્મિક પરિસ્થિતિ વ્યક્ત કરતા અપ્રતિમ પુરાવાઓ છે. આ સિવાય ગુજરાત કાઠિયાવાડમાંથી પ્રાપ્ત ખંડોરણ, પીલુદ્રા, ભૂતાપાલડી, પાલોદર, ધીણોજ, ભેસાણા, ખેરવા, મેલુ, કાંબળી, ડીસા, વડનગર, ડભોઇ અને કોયલા ડુંગર ઉપરનાં પ્રાચીન દેવીમંદિરો મધ્યયુગમાં શક્તિપૂજાનો પ્રચાર ખૂબ ખૂબ ફેલાયો હોવાની સાબીતી આપે છે. તેવી જ રીતે વૈષ્ણવ સંપ્રદાયનો પ્રચાર સૂચવતાં અનેક મંદિરો અને તેના ઉલ્લેખો મળ્યા છે. જેમાં મણુંદનું વિષ્ણુમંદિર, અને આગળ જણાવી ગયા પ્રમાણે કસરા, શામળાજી, રોડા, અને થાન ગામનાં મંદિરો મુખ્ય છે. આ સિવાય સહસ્ત્રલિંગ સરોવરના તીરપ્રાંતે દશાવતારનું મંદિર હતું. એમ દ્વયાશ્રય, અને સરસ્વતીપુરાણ સૂચવે છે.[૩૮] દ્વારકાનું જગતમંદિર ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાય સર્વવ્યાપી બન્યો હોવાનું અદ્વિતીય રીતે જાહેર કરે છે. સલક્ષસિંહ અને સામંતસિંહે કાઠિયાવાડમાં વૈષ્ણવમંદિર બંધાવ્યું હતું, એમ પોરબંદર પાસે કાંટેલામાંથી પ્રાપ્ત શિલાલેખના આધારે જણાય છે.[૩૯]

સૂર્યપૂજાનો પ્રચાર પ્રાચીન કાળથી ફક્ત ગુજરાતમાં જ નહી પણ

૩૮ (૧) दशावतारिं प्रकृत व्याख्यामत्र व्यवत्तसः॥ द्व्याश्रय महाकाव्य स. १५ श्लो. ११९

(૨) तस्य देवस्य पुरतः तस्मिन सरसिसंस्थितम्।
दशावतारकं नाम तीर्थं पापप्रणाशनम्॥ सरस्वतीपुराणसर्ग १६ श्लो. ६

૩૯ બુદ્ધિપ્રકાશ જાન્યુઆરી અંક ૧૯૨૫

સમસ્ત ભારતભરમાં ઉતરી આવ્યો છે, એટલે મધ્યકાળમાં તે પ્રવાહ વધુ ફેલાયો હોય તેમાં શક જ નહી. ગુજરાતનાં સૂર્યમંદિરો પૈકી કેટલાંક મંદિરોનાં નામો આગળ જણાવી ગયા છીએ. આ સિવાય તેના પ્રચારને વધુ મદદ કરતાં કેટલાંક ઐતિહાસિક પ્રમાણો મળ્યાં છે. ઈ. સ. ના દસમા સૈકામાં કનોજના પ્રતિહારોના મંડલેશ્વરો, અવની-વર્મન અને બલવર્મને ઉના પાસેના તરૂણાદિત્યને દાન કર્યાનું તામ્રપત્ર કહે છે. તેરમા સૈકામાં એક જૈન ગૃહસ્થે સવિતૃચૈત્યનો મંડપ બંધાવ્યાની નોંધ છે. સિદ્ધરાજે ભાયલ સ્વામિનું મંદિર સહસ્રલિંગના કાંઠા ઉપર બંધાવ્યું હોવાનું સરસ્વતીપુરાણ કથે છે.[૪૦] કુમારપાળના રાજ્યકાળનો એક શિલાલેખ મળ્યો છે, જેમાં કકકદેવના પુત્ર ગુમદેવે પ્રભાસ પાસે ધર્માદિત્યનું મંદિર બંધાવ્યું હતું એમ જણાવ્યું છે.[૪૧] રાષ્ટ્રકૂટરાજા કર્કે શક સં. ૭૪૯ ઇ. સ. ૮૨૩માં કાવીના સૂર્યમંદિરને એક ગામ દાનમાં આપ્યું હોવાનું તેના તામ્રપાત્રના આધારે માલમ પડે છે. કચ્છમાં કંથકોટ પાસે અને કાઠિયાવાડમાં પ્રાચીકુંડ નજદીક પ્રાચીન સૂર્યમંદિરોના અવશેષો મળ્યાં છે. કાઠિયાવાડના એક શિલાલેખમાં વસ્તુપાલે સૂર્યની સ્ત્રીઓની બે પ્રતિમાઓ બનાવી સ્થાપિત કર્યાની નોંધ છે. આ બધા પુરાવાઓ ઉપરથી ગુજરાતમાં સૂર્યપૂજાનો પ્રચાર સર્વતોમુખી થયો હોવાનું સાબીત થાય છે.

ઉપર જણાવેલ અનેક મંદિરો, અને તેવા ઐતિહાસિક પ્રમાણો વિચારતાં. સમસ્ત ગુજરાત કાઠિયાવાડમાં વૈદિક ધર્મનો વિકાસ પૂરા જોરશોરથી ફેલાયો હતો, અને મધ્યકાળમાં તો તે સમાજની રગે-રગમાં પચી ગયો હતો એમ સૂચીત થાય છે. ઉત્તરકાળમાં શૈવધર્મની સાથે વિષ્ણુ પૂજાનો પ્રચાર પ્રચલિત જ હતો. તેમાં વલ્લભાચાર્ય,

૪૦ अत परंतु तत्रैव सूर्यतीर्थ मनुत्तमं।
भायलस्वामिनात्रापि आदित्योय तिष्ठति ॥ २२९ सरस्वती पु. सर्ग १६

૪૧ કુમારપાળનો એક શિલાલેખ. પૂના ઓરિયેન્ટલીસ્ટ વૉ.૫ જુલાઇ-ઑકટોબર અંક ૧૯૪૮ પા. ૧૨૩ ૧૨૫

રામાનંદ અને સ્વામીનારાયણના પ્રચારથી વધુ જોમ મળતાં તે સંપ્રદાય ગામડે ગામડે ફેલાયો હોવાનું જોઇએ છીએ. ઉત્તરકાળમાં શિલ્પ-સ્થાપત્ય પ્રત્યેનો પ્રેમ અને ઉત્સાહ પ્રજામાંથી ઓસરી ગયેલો માલમ પડે છે, તેથીજ તે કાળનાં કોઇ વિશિષ્ટ સ્થાપત્યો મળતાં નથી. ઉત્તર કાળની સેંકડો પ્રતિમાઓ મળે છે તે પૈકી નોંધવા યોગ્ય પ્રતિમાઓને મૂર્તિશિલ્પોની યાદીમાં વિચારીશું.

ઇ.સ. પૂર્વનાં કોઇ શિવલિંગો ગુજરાતમાંથી મળી આવ્યાનાં સપ્રમાણ વિધાનો હજુ સુધી પ્રાપ્ત થયાં નથી. પુરાણોમાં તો હજારો શિવલિંગો ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએ, ઋષિમુનિઓએ સ્થાપ્યાં હતાં એમ સ્કંદના નાગર, કુમારિકા, પ્રભાસ, અર્બુદ, વ. ખંડોમાંથી તેમજ પદ્મપુરાણ અને ભાગવતમાંથી જાણવા મળે છે. હાટકેશ્વરનું લિંગ પાતાલમાંથી લાવી આનર્ત દેશના હાટકેશ્વર ક્ષેત્રમાં સ્થાપ્યું હતું એમ નાગર ખંડમાં નોંધ્યું છે. હાટકેશ્વર ક્ષેત્રનું સ્થાન આજે તો વડનગરની આસપાસ માનવામાં આવે છે, પરંતુ શ્રી રત્નમણીરાવ જોટે તે માટે અન્ય સ્થાન સૂચવે છે.[૪૨] છતાં તે સ્થાન ગુજરાતની અંદર હતું તેમાં શક નહી. સ્કંભપૂજા અને લિંગપૂજા એકબીજાનાં પૂરક અંગો છે. સ્કંભપૂજાનું આદીસ્થાન ગુજરાત હોઇ, લિંગપૂજાનો પ્રચાર ગુજરાતમાં પ્રાચીન કાળથી ઉતરી આવ્યો હોવાનું સાબીત થાય છે. સોમ-નાથનું શિવલિંગ પુરાણુ પ્રાચીન હોવાનું પુરાણો કહે છે, પણ મહમદ ગીઝનીના ભયંકર આક્રમણ સમયે તે પ્રાચીન શિવલિંગને નષ્ટભ્રષ્ટ કરવામાં આવ્યું હતું એમ ઇતિહાસ કહે છે, એટલે હાલનું લિંગ મધ્ય કાળમાં સ્થાપિત કર્યું હોવાનું જણાય છે. આજે તો ગુજરાતમાંથી હજારો નાનાંમોટાં શિવલિંગો મળે છે, તેમાં વલભિ આસપાસથી પ્રાપ્ત ભવ્ય લિંગો આશરે સાતમા આઠમા સૈકા જેટલાં પ્રાચીન હોવાનું અનુમાન છે. આ સિવાય મધ્ય કાળનાં સેંકડો શિવલિંગો મળે છે જેની લાંબી યાદી આપવાની અત્રે આવશ્યકતા જણાતી નથી.

૪૨ ખંભાતનો ઇતિહાસ. પરિશિષ્ટ. ह.

શિવલિંગોમાં મુખલિંગોનો પ્રચાર બીજા પ્રાંતોમાં થયો હોવાના પુરાવા મળે છે.[43] પરંતુ તેવાં મુખલિંગો ગુજરાતમાંથી મળી આવતાં નથી. કેટલાંક મુખલિંગો મળ્યાં છે, જેની સંખ્યા ગુજરાતની ધાર્મિક સંસ્કૃતિના મુકાબલે અલ્પ સ્વલ્પ જ ગણાય. મુખલિંગોમાં લિંગની ચારે બાજુ અગર એક બાજુ મોઢું કોતરવામાં આવે છે. દક્ષિણમાં પ્રાચીન મનાતું ગુડીમલ્લમ્‌નું શિવલિંગ આ પ્રકારનું છે. મેવાડના પ્રખ્યાત એકલિંગજીનું શિવલિંગ ચાર મુખવાળું છે. ગુજરાતમાં મુખલિંગોનો પ્રચાર ખાસ કરીને થયો હોવાનું જણાતું નથી. તેવાં થોડાંક મુખલિંગોમાં પાલનપુર સ્ટેટના ભલકાવાડા ગામમાં, વડનગર પાસે બાણગંગાથી ઓળખાતા તીર્થસ્થાનમાં તથા વઢીયારના મંડલી ગામમાં, અને ઇડર સ્ટેટના શામળાજી, ખેડબ્રહ્મા, રોડા વ. ગામોમાંથી શિવનાં ચતુર્મુખ લિંગો આજે પણ મળી આવે છે, જે મધ્ય કાલનાં હોવાનું જણાય છે.

શૈવ સંપ્રદાયના અવાંતર માર્ગોમાં પાશુપત સંપ્રદાય પણ તે પૈકીનો એક છે. આ સંપ્રદાયનું ઉદ્‌ગમસ્થાન કાયાવરોહણ યાને વડોદરા પ્રાંતમાં આવેલ કારવણ ગામ ગણાય છે. ઈ.સ.ની પહેલી બીજી શતાબ્દીમાં થયેલ પાશુપતાચાર્ય ભગવાન લકુલીશે તેનો પ્રચાર ફેલાવ્યો હતો એમ પુરાણો કહે છે. તેઓ શિવલિંગના બદલે લકુલીશની પ્રતિમાને ઇષ્ટ તરીકે માને છે. લકુલીશની કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. કારવણમાં આજે તેવી બે ત્રણ મૂર્તિઓ મોજૂદ છે. આ સિવાય ખેડા જીલ્લાના મહેમદાવાદ પાસે વન્યોલ ગામમાં, પાલણપુરની મીઠીવાવની અંદર, કાઠિયાવાડના મીયાણી ગામના એક પ્રાચીન મંદિરમાં, અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં, સિધ્ધપુર પાસે કાંબળી ગામમાં, બ્રહ્માણીથી જાણીતા પ્રાચીન દેવીમંદિરમાં તથા આબુ ઉપર અચલેશ્વર અને કાસંદ્રામાંથી લકુલીશની પ્રતિમાઓ મળી આવી છે.

લિંગો સિવાય શિવની કેટલીક સ્વતંત્ર પ્રતિમાઓ પણ મળે

---

૪૩ ભારતીય મૂર્તિકલા. પા. ૭૬

છે. તે પૈકી ઉમામાહેશ્વરની મૂર્તિમાં શિવ અને પાર્વતી બન્ને સાથે હોય છે. લિંગ પૂજાનું વધુ મહત્વ હોવા છતાં શિવપાર્વતીની આવી પ્રતિમાઓ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં મળે છે. મધ્ય કાળમાં તો એવો સામાન્ય રિવાજ હતો કે, શિવ મંદિરોમાં લિંગની સાથે શિવ-પાર્વતીની આવી પ્રતિમાઓ ખાસ કરીને બેસાડવામાં આવતી હતી. તેથી જ આવી ઉમામાહેશ્વરની નાની મોટી સેંકડો મૂર્તિઓ, પ્રાચીન અર્વાચીન કાળની મળી આવે છે. તેમાં શિવ એક પગ વાળી બેઠેલા હોય છે, જ્યારે તેમનો બીજો પગ લટકતો બનાવવામાં આવે છે. તેમના ડાબે પડખે જાંઘ ઉપર પાર્વતીને બેસાડેલાં હોય છે. સામાન્યતઃ બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ ત્રણેયની આવી સંયુક્ત પ્રતિમાઓ તેમની પત્ની સાથે આજ પ્રમાણે બનાવવામાં આવે છે. આવી પ્રતિમાઓમાં ક્ષત્રપ કે ગુપ્તકાળની કોઈ પ્રાચીન પ્રતિમા ગુજરાતમાંથી મળી નથી, પણ પાટણ તાલુકાના વાયડ ગામમાંથી પ્રાપ્ત ઉમા માહેશ્વરની પ્રતિમા, નવમા કે દસમા સૈકાની હોવાનું અનુમાન તેના ભાસ્કર્ય ઉપરથી જણાય છે. આવી સેવ્ય પ્રતિમાઓ જેમ મોટી સંખ્યામાં મળે છે, તેવી જ રીતે કેટલાયે પ્રાચીન મંદિરોની જંઘાઓ અને વેદીઓમાંથી પણ આવાં સ્વરૂપો કોતરેલાં જોવા મળે છે. આ ઉપરથી મધ્ય કાળમાં ઉમામાહેશ્વરનો પ્રચાર વધુ ફેલાયો હતો એમ માનવાને કારણ મળે છે.

શિવની હરગૌરી કિરાતસ્વરૂપ, હરિહર, અને અર્ધનારીશ્વરની પ્રતિમાઓ કોઈ મંદિરોમાં સેવ્ય મૂર્તિ તરીકે અગર સુશોભનોમાં કોતરેલી મળે છે. હરગૌરીની મધ્ય કાળની કેટલીક પ્રતિમાઓ પાટણ, વડનગર, પ્રભાસ, સિધ્ધપુર, મુંબાઈ, કપૂરાઈ અને ખેડા જિલ્લામાંથી પ્રાપ્ત થઈ છે. જ્યારે ઇડર સ્ટેટમાંથી પ્રાપ્ત શિવપાર્વતી, પાર્વતી અને બાલગણેશ વગેરે મૂર્તિઓ છઠ્ઠી સાતમી સદીની હોવાનુ વિદ્વાનોએ અનુમાન્યું છે. હરિહરની બેચાર પ્રતિમાઓજ ફક્ત ગુજરાતમાંથી પ્રાપ્ત થાય છે, તેમાં વિસનગર, રોડા અને સોપારાની પ્રતિમાઓ મુખ્ય

છે. અર્ધનારીશ્વરનો એક પણ નમૂનો હજી સુધી પ્રાપ્ત થયો નથી. ગુજરાતમાંથી અર્ધનારીશ્વરની જેમ સેવ્ય પ્રતિમાઓ મળતી નથી, તેમ મંદિરોનાં સુશોભનોમાં પણ તેવી કોઈ મૂર્તિ કોતરેલી હોવાનું જણાયું નથી. ફક્ત રોડા ગામના એક મંદિરની દ્વારશાખમાંથી તેવી એક પ્રતિમા મળી છે. તદુપરાંત કાષ્ઠની એક સુંદર પ્રતિમા પાટણથી લઈ જઈ મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં મૂકી છે. કિરાત સ્વરૂપની એક પણ સેવ્ય મૂર્તિ મળી નથી, પણ ખેરાળુ તાલુકે મંદરોપુર ગામમાં, દુગ્ધેશ્વર મહાદેવ-ના મંદિરની પાછળની બાજુ આવી એક પ્રતિમા મૂકવામાં આવી છે. એકંદર ગુજરાતમાંથી શિવની મધ્યકાલીન પ્રતિમાઓ જુદાજુદા સ્વરૂપની કેટલેક ઠેકાણેથી મળી આવે છે. આ સિવાય એકાદશ રુદ્ર, અઘોર, વીરૂપાક્ષ, કપર્દી, અહીર્બુધ્ન્ય, વામદેવ, તત્પુરુષ, ઈશાન, મૃત્યુંજય, શ્રીકંઠ, બહુરૂપ અને મહાકાલનાં વિવિધ સ્વરૂપો વ્યક્ત કરતી બે હાથથી સોળ હાથ સુધીની પ્રતિમાઓ બનાવવાનું મૂર્તિશાસ્ત્રકારોએ સૂચવ્યું છે. આવી મૂર્તિઓ પ્રાચીનકાળમાં પ્રચલિત હતી કે કેમ તેના પુરાવાઓ મળ્યા નથી, પણ મધ્યકાળમાં તો તેવી પ્રતિમાઓ સેવ્ય સ્વરૂપ તરીકે, યા તો મંદિરોની જંઘાઓમાં કે શિવના પરિવાર દેવોમાં મૂકવાનો પ્રચાર હતો એમ જરૂર લાગે છે. સોળ હાથ ધરાવતી વીરૂપાક્ષની એક મૂર્તિ, વિજાપુર તાલુકાના વિહાર ગામમાંથી મળી છે. તત્પુરુષની ચાર હાથવાળી એક મૂર્તિ, પાટણ કાલિકા-મંદિરની ભીંતમાં ચોડેલી છે, જ્યારે ગોરાદ અને વીરતાનાં મંદિરોની જંઘાઓમાં મહાકાલનાં કેટલાંક સ્વરૂપો મૂકેલાં છે. તેવી જ રીતે ચૌદ હાથ ધરાવતી શિવની કેટલીક પ્રતિમાઓ, પ્રાચીન મંદિરોનાં સુશોભનોમાંથી પ્રાપ્ત થઈ છે. આવી બીજી અનેક મૂર્તિઓ ગુજરાતનાં મંદિરોમાં અંધારા ગર્ભગૃહોની અંદર સંતાઈ રહી હશે, પણ જ્યારે તે બહાર આવે ત્યારે જ તેની પૂરેપૂરી પિછાન આપી શકાય તેમ છે.

નટરાજની તો નાની-મોટી ઘણી પ્રતિમાઓ મળે છે. જો કે દક્ષિણની માફક ગુજરાતમાં નટરાજનાં સ્વતંત્ર મંદિરો મળતાં નથી,

તેમજ દક્ષિણ ભારતના જેવો ગુજરાતમાં તેનો પ્રચાર ફેલાયો નથી, છતાં નટરાજની સંખ્યાબંધ સેવ્ય તેમજ અલંકરણોમાં મૂકેલી પ્રતિમાઓ જુદાંજુદાં સ્થળોએથી મળી છે. કસરા, ગોરાદ, વીરતા, મંદરોપુર, સિદ્ધપુર, પાટણ, પ્રભાસપાટણ, અને કાઠિયાવાડનાં આનંદપુર વ. ગામોમાં આવેલાં પ્રાચીન મંદિરોમાંથી નટરાજનાં સુંદર સ્વરૂપો મળે છે. અંધકવધના પણ થોડાક નમૂનાઓ મળ્યા છે, તેમાં સુણક અને વાયડ ગામમાંથી પ્રાપ્ત સ્વરૂપો મુખ્ય છે.

શૈવ સંપ્રદાયના મુકાબલે વૈષ્ણવ ધર્મના મૂર્તિસાહિત્યમાં વધુ વૈવિધ્ય જોવામાં આવે છે. વિષ્ણુનાં મુખ્ય કેશવાદિ ચતુર્વિંશતિ નામ પ્રમાણે, તેના આયુધભેદોના કારણે તે બધાની જુદીજુદી પ્રતિમાઓ બનાવવાનો મૂર્તિશાસ્ત્રમાં ઉલ્લેખ છે. કેશવાદિ ચોવીસ સ્વરૂપોનાં સંખ્યાબંધ મૂર્તિશિલ્પો ગુજરાતમાંથી મળી આવે છે. તેની વિસ્તૃત સમાલોચના મૂર્તિવિધાનના પ્રકરણમાં આપી હોવાથી, અત્રે તે સંબંધી વધુ વિવેચન કરવાની જરૂરત જણાતી નથી. આ પ્રતિમાઓનો પ્રચાર પ્રાચીન કાળથી ગુજરાતમાં ફેલાયો હતો, એમ પ્રાપ્ત પ્રતિમાઓ ઉપરથી જાણવા મળે છે. આ સિવાય મંદિરોની જંઘાઓ અને અલંકરણોમાંથી પણ આવી સેંકડો મૂર્તિઓ મળે છે. આવી પ્રતિમાઓને સમાજ અજ્ઞાનતાથી રણછોડરાય કે ત્રિકમજી તરીકે ઓળખે છે, કારણ તેના આયુધભેદથી થતાં વિવિધ સ્વરૂપોની તેને સાચી પિછાન હોતી નથી.

વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રચલિત મુખ્ય પ્રતિમાઓમાં દશાવતારનાં સ્વરૂપો મહત્ત્વનો ભાગ ભજવે છે. ભાગવતકારે વિષ્ણુના ચોવીસ અવતારો ગણાવ્યા છે, પણ તેમાં મત્સ્યાદિ દશ અવતારોને પ્રધાન ગણ્યા છે. દશાવતારોની એક જ પાષાણમાં કોતરેલી દશે મૂર્તિઓ, ગુજરાતનાં અનેક મંદિરોમાંથી મળી આવે છે, જેમાં મત્સ્ય, કચ્છ, કૂર્મ, વારાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બૌદ્ધ અને કલ્કિનાં સ્વરૂપો તેનાં યોગ્ય લક્ષણ પ્રમાણે બનાવેલાં હોય છે. પ્રાચીન કાળમાં

આવાં દશાવતારનાં સ્વરૂપો બનાવવામાં આવતાં હતાં કે કેમ તેની સપ્રમાણ માહિતી મળતી નથી, પણ મધ્યકાલીન કેટલીક વિષ્ણુ મૂર્તિઓની પીઠિકાઓમાંથી આવાં સ્વરૂપો મળી આવે છે. પાટણ, મણુંદ, ડભોઈ, વડનગર વગેરે સ્થળોનાં પ્રાચીન મંદિરોમાંથી દશાવતારોના કેટલાયે પટ્ટો મળ્યા છે. ડભોઈના કિલ્લામાં કોતરેલી દશે અવતારની પ્રતિમાઓ મોટા સ્વરૂપની છે, જ્યારે વિષ્ણુની સેંકડો પ્રતિમાઓની પીઠિકાઓમાંથી, દશાવતારનાં સ્વરૂપો કોતરેલાં મળે છે. કડવારના વરાહમંદિરની અંદર દશાવતારની સુંદર મૂર્તિઓ જુદીજુદી મૂકેલી છે. ટૂંકમાં દશાવતારનો પ્રચાર મધ્યકાળમાં ગુજરાતની અંદર સારી રીતે ફેલાયો હતો એમ પ્રાપ્ત પ્રતિમાઓના આધારે જણાય છે.

દશાવતારો પૈકી કેટલીક પ્રતિમાઓનો સ્વતંત્ર પ્રચાર પણ જોવામાં આવે છે. વિષ્ણુના વારાહ, નૃસિંહ, રામ, કૃષ્ણનાં સ્વતંત્ર મંદિરો પ્રાચીન કાળથી બાંધવામાં આવતાં હોવાનાં ઐતિહાસિક પ્રમાણો મળે છે. આથી તેઓની સ્વતંત્ર પ્રતિમાઓ બનાવવામાં આવતી હતી એમ તો ચોક્કસ જણાય છે. વરાહ-પૂજાની પ્રાચીનતા ઈ. સ. પૂર્વેની માનવામાં આવે છે. ગુજરાતમાં પણ ગુપ્તકાલ સમયે વરાહ-પૂજાનો પ્રવાહ વહેતો હતો એમ કડવારના વરાહ-મંદિરના આધારે જણાય છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, નાંદિપુરી અને વસંતપુરના ચૌલુક્યોના તો ઇષ્ટદેવ ગણાતા એમ તેમનાં દાનપત્રો કહે છે. તેમણે બાદામિની ગુફાઓમાં વરાહ ભગવાનની બૃહત્કાય પ્રતિમાઓ કોતરાવી હતી. વરાહની પ્રતિમાઓના ત્રણ પ્રકારો મૂર્તિશાસ્ત્રમાં નોંધાયા છે. તે પૈકી નૃવરાહ (મોઢું વરાહનું અને શરીર મનુષ્ય જેવું)ની સંખ્યાબંધ નાની-મોટી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. કડવારની નૃવરાહની પ્રતિમા એક આદર્શ નમૂનો છે. આ સિવાય કેટલાંયે મંદિરોની જંઘાઓમાંથી વરાહની આવી મૂર્તિઓ મળી છે. આદિ વરાહ જેનું આખું શરીર વરાહ પ્રાણી જેવું હોય છે તેની પણ થોડીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી છે. વિજાપુરના વિહાર ગામમાંથી આદિ વરાહની

એક સુંદર પ્રતિમા મધ્યકાલની મળી છે. આ સિવાય મોડાસા અને સિદ્ધપુર નજદીકના કાણી તથા ઉનાવા ગામોમાંથી પણ આદિ વરાહનાં સુંદર મૂર્તિશિલ્પો મળ્યાં છે, જે ગુજરાતમાં આવી પ્રતિમાઓ પ્રચલિત હોવાની પ્રતીતિ આપે છે. ભરૂચમાં પણ વરાહ ભગવાનનું મંદિર હોવાની માહિતી મળે છે. ધરણી વરાહની કોઈ ખાસ પ્રતિમા મળી નથી. ગુજરાત મારવાડની સરહદ ઉપર આવેલા ધરણીધર યાને ઢીમા ગામમાં ધરણી વરાહની પ્રાચીન પ્રતિમા હતી, પણ મુસ્લિમકાળમાં તેનો વિનાશ થયો હોવાનું ત્યાંના લોકો કહે છે. આમ ગુજરાતની અંદર વરાહ-પૂજાનો પ્રચાર પ્રાચીન કાળથી ફેલાયો હતો, જેનાં નાનાંમોટાં સંખ્યાબંધ સ્વરૂપો અનેક સ્થળોએથી પ્રાપ્ત થાય છે.

નૃસિંહનાં સ્વતંત્ર મંદિરો પ્રાચીન કાળનાં કોઈ મળતાં નથી, પરંતુ પૂર્વ મધ્યકાળમાં તેનો પ્રચાર હોવાનાં સૂચનો મળે છે. શિલ્પશાસ્ત્ર, અને કર્મકાંડનાં વિધાનોમાં, નૃસિંહનાં મંદિરો શહેર બહાર બનાવવાના ઉલ્લેખો છે. આથી પ્રાચીનકાળમાં તેનાં સ્વતંત્ર મંદિરો બાંધવામાં આવતાં હશે એવું અનુમાન છે. આજે તેવાં કોઈ પ્રાચીન મંદિરો કે પૂર્વકાળની પ્રતિમાઓ મળતી નથી, પણ મધ્યકાલીન કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી પ્રાપ્ત થઈ છે; જેમાં સેવ્ય મૂર્તિઓ ક્વચિત જ મળે છે, જ્યારે મંદિરોની જંઘાઓ, અને સુશોભનોમાં નૃસિંહનાં નાનાં-મોટાં સંખ્યાબંધ સ્વરૂપો જોવામાં આવે છે.

રામમંદિરોનો પ્રચાર તો ગુજરાતનાં ગામેગામ જોઈએ છીએ. કોઈક જ એવું ગામડું હશે જ્યાં રામમંદિર નહિ હોય. રામપૂજાનો પ્રચાર નાનક, કબીર, તુલસીદાસ અને રામાનંદીઓના સર્વવ્યાપી પ્રચારથી, હિંદુ સમાજના નીચલા થરો સુધી ફેલાયો હતો; અર્થાત્ બારમા સૈકા પછી બીજા બધા દેવો કરતાં રામ-પૂજાનું મહત્ત્વ વધુ સ્વીકારાયું છે. બારમા સૈકા અગાઉની પ્રાચીન પ્રતિમાઓ ક્વચિત જ મળે છે, જ્યારે ઉત્તર મધ્યકાળની રામસીતાની સેંકડો પ્રતિમાઓ ગુજરાતના દરેક સ્થળોએથી મળી આવે છે.

કૃષ્ણપૂજાનો પ્રચાર તો ગુજરાતમાં ઈ. સ. પૂર્વેથી ઊતરી આવ્યો હોવાના વાઙ્મયિક પુરાવાઓ મળે છે. પરંતુ તેટલી પ્રાચીન મૂર્તિઓ મળતી નથી. વૈષ્ણવ ધર્મનું કેન્દ્ર ગણાતું દ્વારિકાધામ, ગુજરાતમાં કૃષ્ણપૂજાની પ્રાચીનતા સિદ્ધ કરે છે. કૃષ્ણપૂજાનો વધુ પ્રચાર આભિરોના કાળમાં થયો હતો. આભિરો ઈ. સ.ના પહેલા સૈકામાં ગુજરાતની અંદર આવ્યા હોવાનું સ્વ. ડૉ. ભાંડારકરે અનુમાન્યું છે.[૪૪] જ્યારે ઈ. સ.ના બીજા ત્રીજા સૈકામાં તેઓ મથુરા પાસેના મધુવનથી માંડી, આનર્ત અને અનૂપ સુધી ફેલાયા હોવાનું હરિવંશ અને બીજાં પુરાણોના આધારે જણાય છે. કૃષ્ણની જે પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી છે, તેમાં અતિ પ્રાચીનકાળની કોઈ ખાસ પ્રતિમા હોવાનું જણાયું નથી, પણ મધ્યકાળની તો ઘણી મૂર્તિઓ મળે છે. કૃષ્ણપૂજાનાં વિવિધ સ્વરૂપોમાં રાધાકૃષ્ણ, ગોવર્ધનધારીકૃષ્ણ, લક્ષ્મીનારાયણ અને દ્વારિકાધીશનાં સ્વરૂપો મુખ્ય છે. ગુજરાત સાથે નિકટનો સંબંધ ધરાવતા, રાજપૂતાનાના જોધપુર પાસે મંડોર ગામમાંથી ખોદકામ કરતાં એક શિલાસ્તંભ મળ્યો છે, તેમાં કૃષ્ણ બાલચરિત્રના શકટભંગ, ગોવર્ધનધારણ, અને કાલિયદમનના પ્રસંગો કોતરેલા છે.[૪૫] તેવી જ રીતે ગુજરાતની દક્ષિણ સરહદ ઉપર રાજ્ય કરતા, રાષ્ટ્રકૂટ રાજા દંતીદુર્ગે આઠમા સૈકામાં બંધાવેલ ઇલોરાના વિષ્ણુ-મંદિરમાંથી, કૃષ્ણનું ગોવર્ધનધારણ સ્વરૂપ મળ્યું છે. તેના કાકા કૃષ્ણ પહેલાએ બંધાવેલ કૈલાસ મંદિરમાં કૃષ્ણનું, કાલિયદમનનો પ્રસંગ વ્યક્ત કરતું મૂર્તિ-શિલ્પ છે. આમ ગુજરાતની ઉત્તર-દક્ષિણ સરહદો ઉપર પ્રચાર પામેલ કૃષ્ણ-પૂજાનાં પ્રતીકો વિચારતાં, તે કાળે ગુજરાતમાં પણ તેનો પ્રચાર સારી રીતે ફેલાયો હશે તેમાં શક નહિ.

કૃષ્ણની વિવિધ પ્રતિમાઓમાં રાધાકૃષ્ણની બહુ જ થોડી

૪૪ વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ. પા. ૧૦૩
૪૫ આર્કિયોલૉજિકલ સર્વે રિપોર્ટ, ૧૯૧૧-૧૨. પા. ૫૦-૫૨.

પ્રતિમાઓ મળે છે. પરંતુ ગોવર્ધનધારી કૃષ્ણનાં વધુ સ્વરૂપો સેવ્ય, તથા મંદિરોનાં અલંકરણોમાંથી પ્રાપ્ત થાય છે. પાટણ, સિધ્ધપુર, વેરાવળ અને પ્રભાસમાં આવી પ્રતિમાઓ આજે પણ મોજૂદ છે. આ પૈકી પાટણની પ્રતિમા અદ્વિતીય હોઈ કેટલીક વિશિષ્ટતાઓ વ્યક્ત કરે છે. બીજી મૂર્તિઓને જ્યારે ચાર હાથ હોય છે ત્યારે આ પ્રતિમાને ફક્ત બે જ હાથ બનાવવામાં આવ્યા છે. વિષ્ણુની મધ્ય-કાલીન પ્રતિમાઓમાં ઘણીખરી પીઠિકાઓની અંદર દશાવતારો હોય છે, જ્યારે આ મૂર્તિની પીઠિકામાં પ્રહ્લાદ, નારદ, અંબરીષ, વ. ભાગવતો કોતરી દરેકની નીચે તેવાં નામો કોતર્યાં છે. એકંદરે ગોવર્ધનધારીની આ પ્રતિમા, શિલ્પસૌષ્ઠવની દૃષ્ટિએ સર્વોત્તમ કલાકૃતિ હોવાનું સ્પષ્ટ થાય છે. આ સિવાય કેટલાંક પ્રાચીન મંદિરોની જંઘા, અને વેદીઓમાંથી આવાં સ્વરૂપો મળ્યાં છે. કાલિયદમનનાં કોઈ સેવ્ય સ્વરૂપો ગુજરાતમાંથી મળ્યાં નથી, પણ મંદિરોનાં અલંકરણોમાં તેવાં કેટલાંક શિલ્પો કોતરવામાં આવ્યાં છે. મણુંદ, આબુ ઉપર વિમળ-શાહનું મંદિર, પ્રભાસના સોમનાથ, અને કાઠિયાવાડમાં માધવપુર વ. મંદિરોની છતમાં કાલિયદમનનાં ભવ્ય શિલ્પો કોતરેલાં છે. આ સિવાય કાઠિયાવાડનાં માંગરોળની જામી મસ્જિદમાં પણ તેવું એક સુંદર કલા-શિલ્પ ચોડેલું છે. આ મંદિરો મધ્યકાળનાં હોઈ ઈ. સ.ના દસમા સૈકાથી તેરમા સૈકા સુધીમાં, કૃષ્ણચરિત્રના વિવિધ પ્રસંગો મંદિરોની અંદર કોતરવામાં આવતા હશે એવું સૂચન મળે છે.

લક્ષ્મીનારાયણનો પ્રચાર પ્રાચીનકાળથી પ્રચારમાં આવ્યો હોવાનું જણાય છે. તેનાં સ્વતંત્ર મંદિરો પણ મધ્યકાળમાં બંધાયાં હતાં તેવા પુરાવાઓ મળે છે. તદ્ ઉપરાંત છૂટીછવાઇ સેંકડો સેવ્ય પ્રતિમાઓ ગુજરાતનાં જુદાંજુદાં સ્થળોએથી પ્રાપ્ત થાય છે. મંદિરોની જંઘાઓમાં પણ આવાં સ્વરૂપો કેટલેક ઠેકાણે મૂકવામાં આવ્યાં છે. કસરા, રૂહાવી, મણુંદ, દેલમાલ અને સેજકપુર વગેરે ગામોનાં પ્રાચીન મંદિરોની જંઘાઓમાં લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિઓ બેસાડેલી છે. દેલમાલમાં તો લક્ષ્મી-

નારાયણનું સ્વતંત્ર મંદિર આજે પણ મોજૂદ છે. આ બધા ઉપરથી મધ્યકાળમાં ગુજરાતની અંદર લક્ષ્મીનારાયણનો પ્રચાર વધુ પ્રચલિત હતો એમ સ્પષ્ટ જણાય છે.

દ્વારિકાધીશની પ્રતિમા તેને જ રણછોડરાય કહેવામાં આવે છે. કેશવાદિ વિષ્ણુપ્રતિમા જેવી જ આ પ્રતિમા હોય છે. તેના ઉપરના બન્ને હાથમાં ગદા, અને નીચેના બન્ને હાથમાં અનુક્રમે શંખ, ચક્ર ધારણ કરેલાં બતાવવામાં આવે છે. દ્વારિકામાં જે સ્વરૂપ પૂજાયું તે જ દ્વારિકાનાથ, અર્થાત્ દ્વારિકાના પતિ તે દ્વારિકાધીશ. પણ તેમના મૂર્તિ-વિધાનમાં કોઈ વિશિષ્ટ ભેદ રાખવામાં આવ્યો નથી. ટૂંકમાં આ વિષ્ણુનું જ સ્વરૂપ હોઈ, કેશવાદિ વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપો જેવું જ તેનું મૂર્તિવિધાન કરવામાં આવે છે. આવી પ્રતિમાઓ પ્રાચીનકાળથી ગુજરાતમાં પ્રચલિત હશે એમ માનવાને કારણ છે. કારણ તેનો સંબંધ દ્વારિકા સાથે હોઈ, દ્વારિકા પ્રાચીન નગરી છે. દ્વારિકાની પ્રાચીનતા માટે કેટલાક પુરાવાઓ મળે છે, પણ કૃષ્ણની દ્વારિકા તે જ હાલની દ્વારિકા નથી એમ વિદ્વાનોનું માનવું છે. ગુપ્તકાળમાં દ્વારિકા સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારાની રાજધાની હતી, એમ ગુપ્તકાળના એક તામ્રપત્રના આધારે જણાયું છે. આથી સાતમા સૈકા અગાઉ તેનું અસ્તિત્વ હતું, એમ તો ચોક્કસ લાગે છે. ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં મૈત્રક વંશના પ્રસ્થાપક સેનાપતિ ભટ્ટાર્કે વલભિમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી, તે કાળમાં સેનાપતિ વરાહદાસના પ્રપૌત્ર સિંહાદિત્યે, દ્વારિકાજીને લઈ તેની આસપાસના પ્રદેશ ઉપર પોતાનું શાસન સ્થાપ્યું હોવાની માહિતી મળે છે. આથી છઠ્ઠા સૈકામાં દ્વારિકા વિદ્યમાન હતું એમ જાણવામાં આવે છે. હાલનું જગતમંદિર આઠમા સૈકાની અંદર બંધાયું હોવાનું, કેટલાક પુરાવાઓના આધારે અનુમાન્યું છે, તે ન્યાયે દ્વારિકાધીશનો પ્રચાર બેત્રણ સૈકા અગાઉનો કલ્પીએ તો, ઈ. સ.ના બીજા-ત્રીજા સૈકામાં દ્વારિકાધીશનું સ્વરૂપ, પૂજનઅર્ચનમાં પ્રચલિત થયું હશે એમ

સમજાય છે. ગુજરાતમાંથી મળતી દ્વારિકાધીશની નાનીમોટી પ્રતિમાઓ, મોડામાં મોડી મધ્યકાળની જ મળે છે.

દ્વિભુજ, અને ચતુર્ભુજ વિષ્ણુની પ્રતિમાઓનાં વિધાનો પછી, આઠ, દસ, બાર, ચૌદ, સોળ અને વીસ હાથ ધરાવતી વૈકુંઠ, અનંત, ત્રૈલોક્યમોહન, તથા વિશ્વરૂપની મૂર્તિઓ બનાવવાના રૂપમંડન, રૂપાવતાર, અભિલષિતાર્થ ચિંતામણિ, અગ્નિપુરાણ અને બૃહત્સંહિતામાં ઉલ્લેખો છે. મૂર્તિવિધાનના આરંભકાળે ફક્ત દ્વિભુજ પ્રતિમાઓની કલ્પના પ્રચારમાં આવી હશે, એમ મોહેંજોડેરોના ખનન કાર્યમાંથી પ્રાપ્ત મૂર્તિઓના આધારે જણાય છે. ઈ. સ.ની ચોથી શતાબ્દી સુધીના કેટલાક સિક્કાઓમાંથી પણ દેવી અને શિવની પ્રતિમાઓ જે કોતરેલી મળે છે, તે બધી દ્વિભુજ ધરાવતી જ છે.[૪૬] ઈ. સ.ની બીજી શતાબ્દીમાં થયેલા કન્દહારના પલ્હવ રાજા અજના પુત્ર ગુદફરના સિક્કામાં, રાજાના મુખની પાછળની બાજુ દેવીની પ્રતિમા કોતરવામાં આવતી હતી. કુષાણ-રાજા કડફીસના પુત્ર, વીમકડફીસના સિક્કાઓ ઉપર વીમની બીજી બાજુ બે હાથ ધરાવતા, ત્રિશૂલધારી શિવ નંદી સાથે કોતરવામાં આવ્યા છે. આ રાજા ઈ. સ.ની પહેલી શતાબ્દીમાં થયો હતો. તેવી જ રીતે ચોથા સૈકામાં થયેલ સસાનિયન રાજા હોર્મઝ્દ બીજાના સિક્કામાં પણ રાજાની બીજી બાજુ શિવની પ્રતિમા બનાવી છે. ચંદ્રગુપ્ત પહેલાના સોનાના સિક્કા ઉપર, સિંહારૂઢ દેવીપ્રતિમા કોતરવામાં આવી છે. નંદનગઢની ખોદાઈમાંથી એક સુવર્ણપત્ર પૃથ્વીદેવીની પ્રતિમા કોતરેલું મળ્યું છે, તેમાં પણ ફક્ત બે હાથ જ વ્યક્ત કર્યા છે. આ સુવર્ણપત્ર નંદકાળનું મનાય છે. આથી ઈ. સ.ની પાંચમી શતાબ્દી સુધી મૂર્તિઓમાં ફક્ત બે જ હાથ બનાવવાનો પ્રચાર હતો એમ સમજાય છે. શિવ, વિષ્ણુ, અને દેવી વ૦ની મૂર્તિઓમાં, બે કરતાં વધુ હાથ બનાવવાની યોજના પૂર્વ મધ્યકાળમાં પ્રચારમાં આવતાં, ઉત્તર મધ્યકાળમાં તેનો ખૂબ વિકાસ થયો હતો, એમ પ્રાપ્ત થતી તે કાળની અસંખ્ય પ્રતિમાઓ

૪૬ ભારતીય ઇતિહાસ પ્રવેશ. કર્તા શ્રી. જયચંદ્ર વિદ્યાલંકાર. પા. ૧૦૩-૧૪૬

ઉપરથી જણાય છે. તદન્વયે વિષ્ણુની વધુ હાથ ધરાવતી મૂર્તિઓનો પણ, મધ્યકાળમાં સારો એવો વિકાસ થયો હતો. વિષ્ણુની આઠથી વીસ હાથ પર્યંતની અનેક પ્રતિમાઓ ગુજરાતનાં જુદાંજુદાં સ્થળોએથી પ્રાપ્ત થાય છે. પાટણની આસપાસના પ્રદેશમાંથી આવી પ્રતિમાઓના વધુ નમૂના મળી આવે છે. આ સિવાય સંડેર, મહેસાણા, વિજાપુર, કપડવંજ પાસે તૈબપુર, પાલોદર, મહુડી, વાલમ અને પાલનપુર પાસેના બાલારામ મહાદેવમાંથી આવી કેટલીક મૂર્તિઓ મળી છે. કાઠિયાવાડમાંથી આવી પ્રતિમાઓ મળે છે કે કેમ તે માટે પૂરતી હકીકત મળી નથી. પણ પ્રાપ્ત નમૂનાઓ ઉપરથી એટલું તો ચોક્કસ જણાય છે કે, ગુજરાતના ઉત્તર છેડાથી આરંભી મધ્યગુજરાત પર્યંત, મધ્યકાળની અંદર આવી પ્રતિમાઓ ખૂબ બનાવવામાં આવતી હતી. આ સિવાય બીજાં અનેક સામાન્ય સ્વરૂપો વિષ્ણુનાં મળે છે, પણ ઐતિહાસિક કે લાક્ષણિક દૃષ્ટિએ તેમાંથી કાંઈ ખાસ વિશિષ્ટતાઓ મળતી નહિ હોવાથી, તેવી સામાન્ય પ્રતિમાઓની સમાલોચના અત્રે આપવામાં આવી નથી.

સૂર્ય જગતનો પ્રત્યક્ષ દેવ મનાય છે. તેની પ્રતિમા બનાવી પૂજવા કરતાં, પ્રત્યક્ષ રીતે પણ તેનું અર્ચન કરી શકાય છે. છતાં સૂર્યપૂજાનો પ્રચાર વેદ જેટલો પ્રાચીન હોવાનું વૈદિક ઋચામાં ગૂંથાયેલ સ્તુતિપદ્યો ઉપરથી માલૂમ પડે છે. ભારતની અંદર સૂર્યપૂજા અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાના અનેક પુરાવાઓ, ગ્રંથસ્થ અને શિલ્પોમાંથી મળી આવ્યા છે. છતાં સૂર્યપૂજા ઈરાનમાંથી આવેલી હોવાનું, પરદેશી વિદ્વાનોએ અનુમાન્યું છે તે વાસ્તવિક રીતે અસંગત લાગે છે. ગુજરાતમાં તો સૂર્યપૂજાનો પ્રચાર પ્રાચીન કાળથી વહેતો હતો, એમ પ્રાચીન સૂર્યમંદિરો, પ્રતિમાઓ અને શિલાલેખો તથા તામ્રપત્રોમાં આવેલા ઉલ્લેખો ઉપરથી જાણી શકાય છે. સૂર્ય પ્રતિમાઓના ત્રણ પ્રકારો જોવા મળે છે—ઊભી, બેઠી અને રથારૂઢ. ઈ. સ.ની શરૂઆતના કાળની કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળી નથી. મધ્યકાળની જે પ્રતિમા-

ઓ મળે છે, તેમાંનો મોટો ભાગ ઊભી પ્રતિમાઓનો છે. ઊભી સૂર્ય-પ્રતિમાઓની લાક્ષણિકતામાં મુખ્ય બે પગે મોટા હોલબૂટ ઠેઠ ઢીંચણ સુધી પહેરેલા બતાવવામાં આવે છે. હિંદુ, જૈન કે બૌદ્ધ કોઈ પ્રતિમા ઉપાન (જોડા) પહેરેલી બનાવવાનો આદેશ મળતો નથી, પણ સૂર્યના પ્રતિમાવિધાનમાં તે વસ્તુ સ્વીકારવામાં આવી છે. અર્થાત્ તેનો ઉદીચ્ય વેશ હોવાનું મૂર્તિશાસ્ત્રકારો કહે છે. આથી એમ તો જરૂર લાગે છે કે, સૂર્યપૂજા ભારતેતર પ્રદેશમાંથી આવેલી નથી, પણ તેની વેશભૂષા ઈરાનીયનો પાસેથી સ્વીકારી હશે. સૂર્યોની સંખ્યા બારની ગણાય છે. કેટલાંક સૂર્યમંદિરોને ફરતી જંઘાઓમાં બારે સૂર્યનાં સ્વરૂપો મૂકવામાં આવે છે. મોઢેરાના સૂર્યમંદિરની બહારની દીવાલોમાં સૂર્યનાં આવાં બારે સ્વરૂપો મૂકેલાં છે. સૂર્યની પ્રતિમા કાં તો કમળ ઉપર, કે સાત ઘોડાવાળા રથમાં ઊભેલી, માથે કિરીટમુકુટ, તથા બંને હાથમાં કમળ ધારણ કરેલાં હોય છે. ગુજરાત કાઠિયાવાડમાંથી સૂર્યની નાનીમોટી અસંખ્ય પ્રતિમાઓ મળે છે. સૂર્યના મૂર્તિવિધાનમાં ભારતે ઉદીચ્ય વેશ ક્યારે ગ્રહણ કર્યો, તેની સાચી તવારીખ મળતી નથી, પણ મથુરાથી પ્રાપ્ત ગુપ્તકાળની પ્રતિમાઓમાં, ઉદીચ્ય વેશનો અભાવ જોવામાં આવે છે, તેમજ મહાબલીપુરના મંદિરમાં સૂર્યનું તદ્દન નૈસર્ગિક સ્વરૂપ કોતરેલું છે. આથી ગુપ્તકાળ પછી ભારતમાં સૂર્યપ્રતિમાઓની અંદર, ઉદીચ્ય વેશ, અને વ્યિયાંગની પ્રથા દાખલ થઈ હોવાનું જણાય છે. ગુર્જરોના પ્રાચીન પાટનગર શ્રીમાળમાં, ભવ્ય સૂર્યમંદિર હતું એમ ત્યાંના અવશેષો અને શિલાલેખો કહે છે.[૪૭] પાટણના મહાલક્ષ્મી મંદિરની અંદર, સૂર્ય અને રન્નાદેવીની જે કાષ્ઠ પ્રતિમાઓ મોજૂદ છે, તે શ્રીમાળથી લાવવામાં આવી હોવાની કિંવદંતી છે.

ઊભી પ્રતિમાઓના મુકાબલે બેઠી કે રથારૂઢ મૂર્તિઓની સંખ્યા ઘણી જ જૂજ મળે છે. બેઠી મૂર્તિઓમાં સૂર્ય પદ્માસન વાળી બેઠેલા,

૪૭ બૉમ્બે ગૅઝેટિયર વૉ. ૧. ભા. ૧. જુઓ શ્રીમાળ યાને ભીનમાલનું પરિશિષ્ટ.

અગર તો સપ્તાશ્વયુક્ત રથમાં બેઠેલા જણાવવામાં આવે છે. આવી કેટલીક પ્રતિમાઓ મળી છે, તેમાં વડોદરા, ઉંઝા, પાટણ, અને મોઢેરામાંથી પ્રાપ્ત મૂર્તિઓ મુખ્ય છે. સૂર્યની સાથે તેમનાં પત્ની સંજ્ઞા, અને છાયાની પ્રતિમાઓ પણ કેટલાંક મંદિરોની અંદર મૂકેલી જોવામાં આવી છે. તેના બે હાથ પૈકી એકમાં કમળ અને બીજામાં વરદમુદ્રા હોય છે. પાટણ, વડનગર અને ખેરાળુમાંથી સૂર્યની સાથે તેની પત્નીની મૂર્તિઓ મળી છે. પરંતુ બીજી દેવીઓની માફક તેનાં સ્વતંત્ર મંદિરો હોવાનું જાણવામાં આવ્યું નથી.

બ્રહ્મા એ સમસ્ત વિશ્વના આદિ ઉત્પાદક મનાય છે, છતાં શિવ, વિષ્ણુ, દેવી, સૂર્ય, વ. દેવો કરતાં બ્રહ્માનાં સ્વતંત્ર મંદિરો તેમજ મૂર્તિઓનો એકલા ગુજરાતમાં જ નહીં પણ સમસ્ત ભારતભરમાં બહુ જ થોડો પ્રચાર જોવામાં આવે છે. બ્રહ્માનો કોઈ સ્વતંત્ર સંપ્રદાય કે પંથ નહીં હોવાથી, તેના અનુયાયી કે ભક્તજનોની સંખ્યા જોવામાં આવતી નથી, તેથી પણ તેનાં સ્વતંત્ર મંદિરોનો પ્રચાર મોળો લાગે છે. છતાં મંદિરોની જંઘાઓમાં, સુશોભનોમાં, અને શિવ તથા વિષ્ણુની પ્રતિમાઓમાંથી બ્રહ્માની ઊભી કે બેઠી કેટલીયે પ્રતિમાઓ મળી આવે છે. આ સિવાય ગુજરાતમાંથી કેટલીક સુંદર સેવ્ય મૂર્તિઓ પણ મળી છે. બ્રહ્માની પ્રતિમાઓ ત્રણ પ્રકારની જોવામાં આવે છે: ઊભી, બેઠી, અને સાવિત્રી સાથેની.

કસરા દેલપાલ અને ખેડબ્રહ્માના મંદિરોમાંથી બ્રહ્માની ઊભી પ્રતિમાઓ મળે છે. ખેડબ્રહ્માની પ્રતિમા પૂર્વ મધ્યકાળની હોઈ તેને ચાર મુખ, ચાર હાથ—દરેકમાં અનુક્રમે કમંડલ, સ્રુક, પુસ્તક, અને માલા ધારણ કરેલ, કમલાસન ઉપર ઊભા રહેલા, માથે જટામુકુટ, અને લાંબી દાઢી છે. આવી અનેક પ્રતિમાઓ ખંભાત પાસેના નગરા, ચાણસ્મા પાસે દેલમાલ, પાટણ, વડનગર, કસરા, કાઠિયાવાડમાં વઢવાણ, સેજકપુર, અને પ્રભાસ વ.નાં પ્રાચીન મંદિરોમાંથી મળી આવી છે.

તેવી જ રીતે બેઠી પદ્માસનવાળી મૂર્તિઓ પણ, ગુજરાત કાઠિયાવાડમાંથી સારા પ્રમાણમાં મળે છે. બ્રહ્મા-સાવિત્રીની યુગલ પ્રતિમાઓ પણ, લક્ષ્મીનારાયણને સંપૂર્ણ મળતી, પ્રાચીન મંદિરોની જંઘાઓ અને દ્વારો ઉપરથી, તેમજ કેટલાંક મંદિરોમાં સ્વતંત્ર પૂજાતી સેવ્ય મૂર્તિઓ જુદાંજુદાં સ્થળોએથી પ્રાપ્ત થઈ છે. આ સિવાય બ્રહ્માની રથારૂઢ પ્રતિમાઓ ક્વચિત જોવામાં આવે છે. ચંદ્રાવતીનાં ખંડેરોમાંથી બ્રહ્માની રથારૂઢ પ્રતિમા, પુરાતત્ત્વના વિદ્વાન શ્રી. ડૉ. બર્જેસ સાહેબને મળી હતી, એમ તેમણે "ઍન્ટિક્વિટીઝ ઑફ ગુજરાત" નામક ગ્રંથમાં જણાવ્યું છે. બ્રહ્માનાં પ્રતિમા-શિલ્પો ગુજરાતમાંથી એક બે નહિ પણ સંખ્યાબંધ મળે છે, છતાં ઈ.સ.ના છઠ્ઠા સૈકા અગાઉની કોઈ પ્રતિમા મળી હોવાનું જણાયું નથી. આજે જે પ્રતિમાઓ મળે છે તેમાં મોટે ભાગે મધ્યકાલીન કૃતિઓ જ છે. અજમેરમાં પુષ્કર તીર્થની અંદર પણ બ્રહ્માનું ભવ્ય મંદિર આવેલું છે, જેમાં બ્રહ્માની બેઠી પ્રતિમા બેસાડવામાં આવી છે.

ગુજરાતમાંથી પ્રાપ્ત જુદાજુદા દેવોની પ્રતિમાઓની સામાન્ય સમાલોચના આપ્યા પછી, દેવીમૂર્તિઓ, અને તેના પ્રચાર સંબંધી વિચારણા કરીશું. દેવીપૂજાનો પ્રચાર વેદ જેટલો પ્રાચીન છે. વેદની કેટલીક ઋચાઓમાંથી દેવી સંબંધી ઉલ્લેખો મળે છે. ત્યાર બાદ ઉપનિષદ કાળમાં તેનો ખૂબ વિકાસ ફેલાતાં દેવીપૂજા, યંત્રોદ્ધાર, અને તાત્ત્વિકતા સૂચવતાં ત્રિપુરાતાપીની, દેવ્યથર્વશીર્ષ, વ. કેટલાંક સ્વતંત્ર ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યાં છે. આ પછી તો તંત્રમાર્ગનાં કેટલાંયે પુસ્તકો રચાયાં છે, જેમાંથી દેવીનું તાત્ત્વિક રહસ્ય, અને તે દ્વારા પરમ ધામની પ્રાપ્તિના સાચા માર્ગોનાં સૂચનો મળે છે. ગુજરાતમાં દેવીપૂજાનો પ્રવાહ પ્રાચીન કાળથી ફેલાયો હતો, એમ પાવાગઢમાં મહાકાલી, આરાસુરમાં અંબાભવાની, ચુંવાળમાં બહુચરા, કાઠિયાવાડમાં પ્રાચીન હરસિદ્ધિ, ભદ્રકાલી, અને શારદાપીઠની શારદામ્બાનાં પ્રાચીન શક્તિપીઠોના આધારે જણાય છે. ઈ.સ. પૂર્વેની દેવીપ્રતિમા-

ઓનાં કોઈ શિલ્પો મળી આવ્યાં નથી, પણ ગુપ્તકાળના ક્વચિત્ નમૂનાઓ મળી આવવાનો સંભવ છે.

દેવીપ્રતિમાઓમાં ખૂબ વૈવિધ્ય છે. તે પ્રત્યેક માટે વિસ્તૃત વર્ણન કરવામાં આવે તો દરેકનાં સ્વતંત્ર પ્રકરણો લખી શકાય તેમ હોવા છતાં અત્રે તો ફક્ત ગુજરાતમાં પ્રચલિત મુખ્ય દેવીઓનો સામાન્ય પરિચય આપી સંતોષ માન્યો છે. કારણ રૂપવિધાનના વિવેચનમાં, તે બધી દેવીઓની યોગ્ય પિછાન, અને લક્ષણો રજૂ કરવાનો પ્રબંધ કરેલો હોઈ, અત્રે તેની લાંબી પ્રતારણા કરી નથી. મહિષમર્દિનીની જેની પૌરાણિક આખ્યાયિકા માર્કંડેય પ્રોક્ત સપ્તશતીમાંથી મળે છે. ગુજરાતમાંથી આવી મૂર્તિઓ મોટા પ્રમાણમાં, મધ્ય કાળથી અર્વાચીન યુગ સુધીની મળી આવી છે. કેટલેક ઠેકાણે તો આવી પ્રતિમાઓને અંબાજી, બ્રહ્માણી, ઉમિયા માતા વ. નામથી લોકો પૂજે છે. તેમાં મૂર્તિવિજ્ઞાન પ્રત્યેની સમાજની અનભિજ્ઞતા જ મુખ્ય કારણરૂપ છે. મહિષમર્દિની ભગવતિને અંબાસ્વરૂપે ઓળખે, પૂજે તેમાં કાંઈ અયોગ્ય લાગતું નથી, પણ તેને ઉમા તરીકે સંબોધે તેમાં વિરોધાભાસ આવે છે. કારણ ઉમા શિવપત્ની હોઈ તેનાં આયુધો, વાહન વ૦ શિવને અનુરૂપ જ બનાવવાનું મૂર્તિશાસ્ત્ર કહે છે. કડવા પાટીદારોની કુલાંબા ઉમા ગણાય છે, પણ ઉંઝાના ભવ્ય પ્રાસાદમાં બિરાજેલી, ઉમાથી ઓળખાતી પ્રતિમા મહિષમર્દિનીની છે. આમ કેટલીક વખત મૂર્તિઓનાં નામ, અને લક્ષણોમાં વિસંવાદી તત્ત્વો દાખલ થયાં હોવાનું જણાય છે. દેવીનાં મુખ્ય ત્રણ સ્વરૂપો-મહાકાલી, મહાલક્ષ્મી અને સરસ્વતી એ ત્રિગુણાત્મક તત્ત્વો ધરાવતી ભગવતી જગદંબાની વ્યસ્ત પ્રતિમાઓ છે. મહાકાલીના બે પ્રકારો ગુજરાતમાં પ્રચલિત છે, એક ફક્ત મુખ અને બીજી ઊભી સર્વાંગ સંપૂર્ણ. પાવકાચલ યાને પાવાગઢની મહાકાલીની પ્રતિમા આખી નથી પણ ફક્ત મુખ જ પૂજાય છે. પાટણમાં પણ પ્રાચીન કોટમાં આવેલી મહાકાલીનું પાવાગઢની માફક મુખ જ છે; જ્યારે કેટલેક ઠેકાણેથી કાલીની ભવ્ય, રૌદ્ર અને કૃષ્ણ વર્ણની

ભયંકર પ્રતિમાઓ પણ જોવામાં આવે છે. અમદાવાદમાં ભદ્રકાલીની પ્રતિમા સર્વાંગ સંપૂર્ણ હોઈ રૌદ્ર ભાવને વ્યક્ત કરે છે. ગુજરાત કાઠિયાવાડમાંથી કાલિની નાની-મોટી કેટલીક મૂર્તિઓ મળે છે, તે ઉપરથી કાલિપૂજાનો પ્રચાર પશ્ચિમ હિંદના સમસ્ત પ્રદેશમાં, સેંકડો વર્ષો અગાઉથી ફેલાયો હતો એમ માનવાને કારણ મળે છે.

મહાલક્ષ્મીનાં પણ સ્વતંત્ર મંદિરો કેટલેક ઠેકાણે હોય છે. આ સિવાય બન્ને બાજુ ગજો ઊભા હોય, અને બન્ને હાથમાં કમળ ધારણ કરેલી ગજ-લક્ષ્મીની નાનીમોટી સેવ્ય પ્રતિમાઓ, ઘણીક મળી આવી છે. તદ્ ઉપરાંત પ્રાચીન મંદિરોની જંઘાઓ, અને દ્વારશાખાઓમાંથી પણ, લક્ષ્મીની કેટલીક મૂર્તિઓ મળે છે. લક્ષ્મીની કેટલીક પ્રતિમાઓની નીચે, સમુદ્રમંથનનો પ્રસંગ વ્યક્ત કરેલો હોઈ, બન્ને બાજુ દેવો અને દાનવો પણ જણાવવામાં આવ્યા છે, જ્યારે મોટે ભાગે લક્ષ્મીજી કમલાસન ઉપર બેઠેલાં જ હોય છે. લક્ષ્મીની ઊભી પ્રતિમાઓ ક્વચિત મળે છે. દેવી-રહસ્યમાં જણાવેલી અઢાર હાથવાળી લક્ષ્મીની થોડીક પ્રતિમાઓ મળી છે, જે મધ્ય કાલમાં સર્જાયેલ હોવાનું માલૂમ પડે છે.

સરસ્વતીની પ્રતિમાઓ ઉપર જણાવેલી લક્ષ્મી અને કાલીના મુકાબલે ઘણી જ થોડી મળે છે, તેમ જ તેનાં સ્વતંત્ર મંદિરો પણ તે બે દેવીઓ જેટલાં મળતાં નથી. ગુજરાતમાં દેવીની સપ્તમાતૃકાની પ્રતિમાઓ, એક જ પટ્ટમાં અગર જુદીજુદી બનાવવામાં આવતી હતી, એમ પ્રાપ્ત પટ્ટો, અને મૂર્તિઓ ઉપરથી જણાય છે. જ્યારે એક જ પટ્ટમાં બ્રાહ્મી, માહેશ્વરી, વૈષ્ણવી, કૌમારી, વારાહી, ઐંદ્રી અને ચામુંડા વ. સપ્તમાતૃકાઓની મૂર્તિઓ કોતરેલી હોય છે ત્યારે તેની આદિમાં ગણપતિ અને છેલ્લે વીરભદ્રની પ્રતિમાઓ પણ સાથે હોય છે. આ બધી દેવીઓનાં સ્વરૂપો, તેમના દેવોને અનુરૂપ આભૂષણો, આયુધો, અને વાહનોયુક્ત બનાવવાનું મૂર્તિશાસ્ત્રમાં જણાવેલું હોવાથી, તે જ પ્રમાણે બનાવવામાં આવે છે. આ બધી દેવીઓનાં નાનાં-મોટાં અનેક સ્વરૂપો ગુજરાતનાં જુદાંજુદાં સ્થળોએથી

મળી આવે છે. પાટણ, ડીસા, વડનગર, મોટીદાઉ, મહુડી, ખડાયત, ખંઢોરણ, મગતુપુર, વ. ગામોમાંથી, તેમજ મુંબાઇ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં સપ્તમાતૃકાના પટ્ટ તથા જુદીજુદી પ્રતિમાઓ મૂકેલી છે. જેમ કેટલાંક પ્રાચીન મંદિરોની ફક્ત ઝંઘાઓમાં, ઇંદ્રાદિ દશે દિક્પાલોની મૂર્તિઓ મૂકેલી જોવામાં આવે છે, તેવી જ રીતે દેવીઓનાં મંદિરોની બહારની બાજુ દિગીશ પત્નીઓ ઐંદ્રી વગેરેની મૂર્તિઓ મળી આવે છે. ડીસાના પ્રાચીન મંદિરની બહારની બાજુ, દિગીશ પત્નિઓની પ્રતિમાઓ મૂકેલી છે.

ગુજરાતમાં દેવીપૂજાનો પ્રચાર સૂચવતાં કેટલાંક મધ્યકાલીન મંદિરો મળ્યાં છે, જે બારમા તેરમા સૈકામાં બંધાયાં હોવાનું જણાય છે. તે પૈકી દેલમાલમાં લીંબજાનું, ધીણોજમાં વ્યાઘ્રેશ્વરીનું, કાંગળીમાં બ્રહ્માણીનું, ખંઢોરણમાં હીંગળાજનું, પીલુદ્રામાં સીતલાનું, ભૂતાપાલડીમાં બ્રહ્માણીનું, પાલોદરમાં મહાલક્ષ્મી માતાનું, મેઉમાં નાગપુરીય માતાનું, સંડેરમાં સંડેરી માતાનું, કાઠિયાવાડમાં કાયલા અને હરસિદ્ધિ (હર્ષદ) માતાનાં મંદિરો આજે પણ વિદ્યમાન છે. આ સિવાય સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ સરોવર ઉપર, વિંધ્યેશ્વરી પ્રમુખ એકસો આઠ દેવીઓનાં મંદિરો બંધાવ્યાં હતાં, એમ દ્વયાશ્રય કાવ્ય, અને સરસ્વતીપુરાણમાં નોંધાયું છે. રૂપમંડન ગ્રંથમાંથી આ ઉપરાંત હરસિદ્ધિ, લીલા, અને ક્ષેમંકરીનાં વિધાનો સૂચિત થાય છે, જેના ઉપરથી જણાય છે કે તે કાળમાં આ દેવીઓનો પ્રચાર ગુર્જર પ્રદેશમાં સારી રીતે ફેલાયો હતો. આ ઉપરથી દેવી પ્રતિમાઓનાં બીજાં અનેક સ્વરૂપ મળી આવે છે.

આ સિવાય ગુજરાતમાંથી ગણેશ, દિક્પાલો, ગ્રહો, હનુમાન, કાર્તિકેય, જુદીજુદી જ્ઞાતિયોની ઇષ્ટ દેવીઓ, કેટલાંક કુટુંબોની કુલાંબાઓ, બ્રહ્મા, વિષ્ણુ, શિવની સંયુક્ત પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે, જેની વિચારણા બીજા ખંડની અંદર આપવામાં આવી છે આ પ્રતિમાઓનાં ભાસ્કર્ય અને લક્ષણો વિચારતાં, ગુજરાતે મૂર્તિકલામાં સારો એવો વિકાસ સાધ્યો હતો એમ જરૂર લાગે છે.

ખંડ ૨

હિંદુ મૂર્તિઓ

પ્રકરણ ૬ઠ્ઠું

ગણપતિ

દરેક કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા માટે જેનું પ્રથમ સ્મરણ–પૂજન કરવામાં આવે છે તે વિઘ્નહર્તા ગણપતિ બીજા દેવોને મુકાબલે હિંદુ સમાજમાં અનોખું સ્થાન ધરાવે છે. ગણપતિ સૂત્રકાળ પછી સ્વતંત્ર દેવ તરીકે પૂજાતા આવ્યા છે તે પહેલાં તે ઉપદેવતા તરીકે જ પ્રચલિત હતા. મૂર્તિપૂજા શરૂ થયા પછી ગણપતિએ વિઘ્નહર્તા[1] તરીકે સ્થાન પ્રાપ્ત કરી પંચાયતન દેવોમાં પણ એક સ્વતંત્ર સ્થાન મેળવ્યું છે. ગણપતિની ઉત્પત્તિ સંબંધી પુરાણોએ અનેક દંતકથાઓ આપી છે[2] પણ વિશાળ રીતે જોતાં તે કથાઓ તેને બુદ્ધિશાળી દેવ તરીકે બિરદાવે છે. વિઘ્નેશ્વર, ગજાનન, એકદંત, ગણેશ, હેરંબ લંબોદર, વ. અનેક નામો જુદાં જુદાં કારણોને લઈ ચરિતાર્થ થયાં છે.

સમસ્ત ભારતવર્ષમાં ગણપતિ અને તેની પૂજાનો પ્રચાર સર્વમાન્ય બન્યો છે; તેટલું જ નહિ, પણ શૈવ, શાક્ત કે વૈષ્ણવ પંથોમાં પણ તેણે અગ્ર પૂજાસ્થાન પ્રાપ્ત કર્યું છે. તેના જેટલું સામાજિક સ્થાન હિંદુ સમાજમાં બીજા કોઈ પણ દેવે પ્રાપ્ત કર્યું હોય તેમ જણાતુ નથી; કારણ કે શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે દરેક ઘરના દ્વાર ઉપર ગણપતિનું સ્વરૂપ મૂકવું આવશ્યક છે. ગુજરાતમાં પણ ગામે

---

૧. પ્રાચીન ગ્રંથોમાં ગણપતિનો ઉલ્લેખ વિઘ્નહર્તા દેવ તરીકે આવતો. આગળ જતાં એ વિઘ્નહર્તા ગણાયા.

૨. ગણપતિ ગજાનન (ગજના મુખવાળા) કેવી રીતે થયા એ વિશે જુદી–જુદી કથાઓ છે. મૂર્તિવિધાનની દૃષ્ટિએ ગણપતિને એક દંતવાળું ગજનું મુખ અને મોટું ઉદર છે એ વિગતો નોંધપાત્ર છે.

ગામ ગણેશનાં નાનાં-મોટાં મંદિરો બનાવવામાં આવ્યાં છે; એટલું જ નહિ, પણ કેટલાંક ગામોના સીમાડાઓ ઉપર પણ નાની-નાની ગણેશની દહેરીઓ બનાવેલી આજે પણ મોજૂદ છે.

ગણપતિની અતિ પ્રાચીનકાળની કેટલીક પ્રતિમાઓ મળી આવી છે, જો કે ડૉ. ભાડારકરે ઈ. સ.ના ચોથા સૈકા પછી જ ગણેશપૂજાનો પ્રચાર ભારતમાં હોવાનું અનુમાન્યું છે. પણ ભારતનાં પ્રાચીન શિલ્પોમાંથી મળી આવેલી પ્રતિમાઓ આ પ્રચાર અતિ પ્રાચીન ઠેરવે છે. ગુજરાતે પણ ગાણપ્રત્ય સંપ્રદાયને અપનાવ્યો હશે એમ લાગે છે; કારણ કે સાબરકાંઠા તેમજ જામનગર જિલ્લામાંથી ગણપતિની પાંચમા-છઠ્ઠા સૈકાની મૂર્તિઓ મળી આવી છે. વળી, મધ્યકાળની તો સેંકડો મૂર્તિઓ પણ મળી આવી છે, જે બતાવે છે કે તે કાળમાં તેમની પૂજાનો પ્રચાર ગુજરાતમાં સારા પ્રમાણમાં હશે.

પ્રતિમાવિધાન

ગણપતિના પ્રતિમાવિધાન માટે શાસ્ત્રીય લક્ષણો સૂચવતાં વર્ણનો અનેક ગ્રંથોમાં નોંધાયાં છે. તેમાંથી બેઠા, ઊભા, નૃત્ય કરતા, બે થી માંડીને અઢાર હાથવાળા અને જુદાં-જુદાં નામ ધરાવતા વિનાયકોનાં વિસ્તૃત વર્ણનો અભિલષિતાર્થ ચિંતામણિ, અગ્નિપુરાણ, અંશુમદ્-ભેદાગમ, ઉત્તર કામિકાગમ, બૃહત્સંહિતા, મત્સ્યપુરાણ, રૂપમંડન, વિષ્ણુધર્મોત્તર, સુપ્રભેદાગમ, શુક્રનીતિ, રૂપાવતાર વ. માં મળે છે.

ચતુર્ભુજ સ્વરૂપો—આ બધાં વર્ણનોમાં ચાર હાથ ધરાવતા વિનાયક અને ગજાનનનાં પૃથક્ પૃથક્ સ્વરૂપોની ચર્ચા આ બધા ગ્રંથોએ વિસ્તૃત રીતે કરી છે. આ બન્ને ચતુર્ભુજ પ્રકારના હોઈ ઉપકરણોની બાબતમાં કાંઈક જુદા પડે છે. ચતુર્ભુજ ગણપતિના હાથમાં સામાન્યતઃ દંત તથા પરશુ, મોદક અને અક્ષમાલા અથવા કમળ હોય છે. ગણપતિની ચતુર્ભુજ પ્રતિમાનાં બીજાં પણ અનેક સ્વરૂપો હોય છે તેમાં વક્રતુંડ, ઉચ્છિષ્ટ, બીજ, ક્ષીપ્ર મુખ્ય છે. આ બધાં પૈકી ગુજરાતમાં

વિનાયક અને વક્રતુંડ-એ બે જ સ્વરૂપો વધુ પ્રચલિત છે. વિનાયક ગણપતિના ચારે હાથમાં દંત, કમળ, મોદક અને પરશુ અનુક્રમે હોય છે, જ્યારે વક્રતુંડના હાથમાં પાશ, અંકુશ વરદમુદ્રા અને અભયમુદ્રા હોય છે. આ બન્ને સ્વરૂપની પ્રાચીન-અર્વાચીન પ્રતિમાઓ શહેરે શહેર અને ગામડે ગામડેથી મળી આવે છે. કેટલાંક ગામોનાં પ્રાચીન મંદિરમાં ઊભી કે બેઠી પ્રતિમાઓ પણ મૂકવામાં આવી છે, જ્યારે કેટલીક જગ્યાએ સ્વતંત્ર મંદિરો પણ છે. મહેસાણા જિલ્લામાં ઊંઝાથી ત્રણ માઈલ દૂર ઐઠોર ગામે આવું મધ્યકાલિન ગણેશમંદિર છે. સહુથી પ્રાચીન ગણેશપ્રતિમા સૌરાષ્ટ્રના ગોપમંદિરની બારી ઉપર, પશ્ચિમ ભાગમાં શિખર પાસે અર્ધપર્યંકાસનવાળી મળી છે. આ મંદિર ચોથા પાંચમા સૈકા જેટલું પ્રાચીન હોવાનું વિદ્વાનો માને છે. આ સિવાય કડવારના વરાહમંદિરમાં તેવી જ બેઠી પ્રતિમા છે. થાનના મંદિરની ફરતી ઝંઘામાં દક્ષિણ બાજુ ગણેશની ઊભી પ્રતિમા મૂકેલી છે. ભારતવિખ્યાત દેલવાડાનાં મંદિરો જે આબુ ઉપર આવેલાં છે તેમાં તથા સૌરાષ્ટ્રના સોમનાથ સૂત્રાપાડા અને દ્વારિકાના જગતમંદિરમાંથી પણ ઊભી બેઠી કે નૃત્ય કરતી ગણેશપ્રતિમાઓ મળી આવી છે, જે મોટે ભાગે ચાર હાથવાળી છે. ગણપતિની અંગુષ્ઠ માત્રથી માંડીને મનુષ્યકદની પ્રતિમાઓ પૂર્વ કાળે બનાવવામાં આવતી હતી એમ વડનગર અને સિદ્ધપુરમાંથી મળી આવેલી ભવ્ય પ્રતિમાઓને આધારે લાગે છે. મોઢેરામાં કુંડ ઉપર વિનાયકની મોટી પ્રતિમા એક સ્વતંત્ર દેવાલયમાં બેસાડેલી છે તેનો એક પગ વાળેલો અને બીજો લટકતો છે. અને શાસ્ત્રીય લક્ષણો પ્રમાણે તે વિનાયકનું સ્વરૂપ છે. ફક્ત તેમાં દંતની જગ્યાએ અભયમુદ્રા મુકવાની સ્વતંત્રતા શિલ્પકારે લીધી છે. પાટણમાં પણ ગણપતિની પોળમાં ગણપતિની એક મૂર્તિ સંવત ૮૦૨ના લેખવાળી સ્વતંત્ર મંદિરમાં બેસારેલી છે. શિલ્પ ઉપરથી તે પ્રતિમા મધ્યકાલીન હશે એમ લાગે છે. આવી જ નાની પ્રતિમા વડનગરના હાટકેશ્વર મહાદેવમાં છે. ત્યાંના કીર્તિસ્તંભમાં-

પણ ચતુર્ભુજ સ્વરૂપ છે. રૂહાવીના શિવમંદિરની ઉત્તર બાજુએ શિખર પાસે ગણપતિની ઊભી મૂર્તિ છે, જેના દરેક હાથમાં અનુક્રમે અભય, અંકુશ, પરશુ અને મોદક ધારણ કરેલાં છે. વડોદરાનરેશ શ્રીમંત ગાયકવાડ પાસે આવી એક સુવર્ણની પ્રતિમા છે, જે શિલ્પ વિધાનની દૃષ્ટિએ અજોડ હોવાનું વિદ્વાનોનું મંતવ્ય છે. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈમાં કપડવણજથી પ્રાપ્ત થયેલી ગણેશની ઊભી પ્રતિમા દ્વિભંગવાળી મૂકેલી હોઈ તેના ચારે હાથોમાં અનુક્રમે અંકુશ, દંડ અને બીજા બેમાં અસ્પષ્ટ વસ્તુઓ છે. ડૉ. સાંકળિયા તેને તરુણ ગણપતિ તરીકે અનુમાને છે.[૩] આવી જ ઊભી પ્રતિમા આશા ભીલના ટેકરાથી ખ્યાત એવા સ્થાનના ખનનકાર્યમાંથી પ્રાપ્ત થઈ છે. શ્રી તત્ત્વનિધિકારે આપેલા ગણપતિના વિધાનોમાં ફક્ત બીજ ગણપતિને જ દંડાયુધ હોવાનું જણાવ્યું હોવાથી તે પ્રતિમાઓને હું બીજ ગણપતિ માનું છું. ડીસામાં આવેલા સિદ્ધાંબિકાના મંદિરની જંઘામાં ગણપતિની ઊભી મૂર્તિ છે, જેને મોદક, પરશુ, અંકુશ અને મોદક-પાત્ર ચારે હાથમાં ધારણ કર્યાં છે. પાટણમાં વૈજનાથ મહાદેવના મંદિરમાં બેસાડેલા ગણપતિને ચાર હાથમાં અનુક્રમે પરશુ, અંકુશ, મોદકપાત્ર અને તલવાર આપેલાં છે. કોઈ પણ ગ્રંથમાં ગણપતિને તલવાર આપવાનું કહેલું નથી. ગુજરાત–સૌરાષ્ટ્રમાંથી મધ્ય કાળથી શરૂ કરી જુદા જુદા સમયની ઘણી મૂર્તિઓ મળી આવી છે, જેનાં વિગતવાર વર્ણનો જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા ગ્રંથોમાં કર્યાં છે.

અષ્ટભુજ પ્રતિમાઓ

ગણપતિનાં કેટલાંક સ્વરૂપો આઠ હાથ ધરાવતાં હોવાનું તેના વિધાનો ઉપરથી જણાય છે. મળી આવેલી કેટલીક પ્રતિમાઓને આધારે ગુજરાતમાં આવી મૂર્તિઓનો પ્રચાર હશે એમ મનાય છે. આવી પ્રતિમાઓના બે નમૂનાઓ મળી આવ્યા છે. એક પાટણના પંચ-મુખી હનુમાનના મંદિરમાં, જે પ્રતિમા બેઠી છે અને આઠ હાથ ધરાવે

૩. આર્કિયૉલૉજી ઑફ ગુજરાત, પૃ. ૧૪૧



૮અ. કાલિયમર્દન (માધવપુર) પૃ. ૨૧૧



૮આ. નવગ્રહપટ્ટ (પ્રભાસ) પૃ. ૪૦૭



૧૦. નર્તકી (અમદાવાદ) પૃ. ૩૩૫



૯. ગણપતિ (અમદાવાદ) પૃ. ૧૫૨ (ટિ)

છે. તેના ચાર હાથમાં પરશુ, કમંડળ, શક્તિ તથા અંકુશ ધારણ કરેલાં છે, જ્યારે બાકીના ચારે હાથનાં આયુધો, મૂર્તિ ઉપર ચડી ગયેલા સિંદૂરના જાડ થરમાં દટાઈ ગયેલાં હોવાથી સ્પષ્ટ રીતે સમજી શકાતાં નથી. આવી જ બીજી પ્રતિમા વડનગરમાં પીઠોરી દરવાજે, પીઠોરી માતાના મંદિરમાં મૂકેલી મળી આવી છે. તેને પણ આઠ હાથ હોઈ ફક્ત ત્રણ જ હાથ અખંડ રહ્યા છે, જ્યારે બાકીના ખંડિત છે. આ ત્રણે હાથમાં અંકુશ, પટ્ટીશ અને તલવાર ધારણ કરેલી હોઈ બાકીના ખંડિત હાથનાં આયુધો સમજી ન શકાય તે સ્વાભાવિક છે.

દશભુજ પ્રતિમાઓ

દશ હાથ વિઘ્ન, ભુવનેશ અને વિરંચી ગણપતિને બનાવવાનું શ્રી તત્વનિધિ, મેરુતંત્ર વ. ગ્રંથોમાં જણાવ્યું છે. દશ હાથ ધરાવતી બે મૂર્તિઓ સિદ્ધપુરમાં માધવ ગોવિંદ મંદિરની અંદર ખડકીમાં બેસાડેલી છે. આ બન્ને મૂર્તિઓમાં ગણપતિને નૃત્ય કરતા દર્શાવ્યા છે; તેટલું જ નહિ, પણ તેમના પગ પાસે એક પુરુષ ઢોલક વગાડતો હોઈ ગણપતિ પ્રસન્નવદને લલિત ત્રિભંગથી નૃત્ય કરતા હોવાનું સ્પષ્ટ જણાય છે. તેમણે હાથમાં માલા, શંખ, કમળ, વરદ, અંકુશ, પાશ, કમંડળ, ફરસી અને મોદક ધારણ કરેલાં જોવામાં આવે છે. આ પ્રતિમા નૃત્ય ગણપતિની ગણી શકાય, જો કે સામાન્ય રીતે નૃત્ય ગણપતિને છ હાથ હોવાનું વિધાન ગ્રંથકારોએ આપ્યું છે. પણ કાશીના ભારત કલાભવનમાં મૂકેલી નૃત્ય ગણપતિની પ્રતિમા આઠ હાથ ધરાવે છે એટલે નૃત્ય મૂર્તિઓ બનાવવામાં સૂત્રધારને કેટલીક સ્વતંત્રતા આપવામાં આવતી હશે એમ માનું છું. અમદાવાદના અસારવાના નીલકંઠ મહાદેવમાં બેઠેલી દશભુજ ગણપતિની એક પ્રતિમા છે. એમના હાથમાં બીજોરું, ગદા, બાણ, અંકુશ, ચક્ર, પાશ, ધનુષ, દંત વગેરે નજરે પડે છે. બાજુમાં દેવી પણ છે.

ષડ્ભુજ પ્રતિમાઓ

ગુજરાતમાંથી આવી પ્રતિમાઓ ક્વચિત્ મળી આવે છે.

સિદ્ધપુરના ગોવિંદ માધવથી વિખ્યાત વિષ્ણુમંદિરમાં છ હાથ ધરાવતી ગણપતિની એક પ્રતિમા છે. પરંતુ તેનાં આયુધોમાં કેટલાક ફેરફારો જોવામાં આવે છે. આ બેઠી અર્ધ પદ્માસનવાળી, મર્તિના દરેક હાથમાં ફરસી, અંકુશ, કમંડળ, કમળ, મોદક અને અસ્પષ્ટ વસ્તુ ધારણ કરેલી છે. પ્રાચીન પ્રતિમાઓનાં આયુધોમાં કેટલીક વખત તેના વિધાનોક્ત ઉપકરણો સિવાયની પણ કોઈ કોઈ વસ્તુઓ દાખલ કરવામાં આવતી હતી એમ કેટલીયે મૂર્તિઓ ઉપરથી જાણવામાં આવ્યું છે. સિદ્ધપુરની પ્રતિમા બાલગણેશ હોવાનો મારો તર્ક છે. ઈડર પ્રદેશમાંથી બાલગણેશની એક અદ્વિતીય પ્રતિમા મળી છે, જે હિંમતનગરના સંગ્રહસ્થાનમાં મૂકેલી હોવાનું ઈડર સ્ટેટના પુરાતત્ત્વ અધિકારી શ્રી ઈનામદારે જણાવ્યું છે. ભાવ અને કલાની દૃષ્ટિએ આ પ્રતિમા ગુજરાતની મૂર્તિકલાનો અપ્રતિમ નમૂનો છે. ટગુ મગુ ડગલાં ભરતું બાળક જેમ તેની માતા પાસે ઊભું હોય તેમ આમાં પણ ગણેશ પાર્વતીને અઢેલી ઊભા છે. તેના મુખ ઉપરથી બાલભાવ સ્ફુરે છે; તેટલું જ નહિ, પણ પાસે ઊભેલાં પાર્વતીની દૃષ્ટિમાંથી વાત્સલ્યના ફુવારા ઊડે છે. જો કે આ મૂર્તિને વિધાનોક્ત છ હાથ બનાવવામાં આવ્યા નથી, છતાં તે બાલગણેશની એક અભિનવ પ્રતિમા છે. પાટણના લાલદરવાજા બહાર એક ગોખલામાં નાની પણ આનંદમગ્ન નૃત્ય કરતી પ્રતિમા બેસારેલી છે, જેનું કલાવિધાન એવું સુંદર બનાવ્યું છે કે જાણે ગણપતિનું નૃત્ય આંખ સામે ચાલી રહ્યું હોય તેવો ભાવ તેમાંથી તરી આવે છે.

દ્વિહસ્ત પ્રતિમાઓ

ગુજરાતમાં ચાર હાથ ધરાવતા ગણેશનો પ્રચાર સર્વમાન્ય બન્યો છે, છતાં બે હાથ ધરાવતી કેટલીક વિશિષ્ટ પ્રતિમાઓ કોઈ કોઈ ઠેકાણેથી મળી આવે છે. પાટણના પંચમુખી હનુમાનના મંદિરમાં, બે હાથ ધરાવતી આશરે ચાર ફૂટ ઊંચી એક પ્રતિમા તેના સ્વતંત્ર ગર્ભગૃહમાં

બેસારેલી છે. આ પ્રતિમા ઊભી હોઈ તેના એક હાથમાં માળા અને બીજામાં કમંડળુ ઝાલેલું છે. આવી મોટા કદની ગણેશપ્રતિમાઓ ક્વચિત્ જ મળે છે. વડનગરના શીતળામાતાથી ઓળખાતા એક પ્રાચીન મંદિરમાં બે હાથ ધરાવતી ગણેશની એક બેઠી પ્રતિમા છે. તેના એક હાથમાં પરશુ અને બીજામાં મોદકપાત્ર ધારણ કરેલું હોવાનું જણાય છે.

પરિવાર

ગણેશપરિવારનો ઉલ્લેખ તેના ધ્યાનમાંથી મળે છે, જેમાં તેમના પિતા રુદ્ર, માતા પાર્વતી, સિદ્ધિ તથા બુદ્ધિ નામક બે સ્ત્રીઓ અને લક્ષ લાભ બે પુત્રો હોવાનું જણાય છે. તેમની સ્ત્રીઓના સ્થાન અંગે કોઈ પણ શાસ્ત્રકારે તેની સૂચના કરી નથી. પરંતુ સામાન્ય રીતે તે બન્ને બાજુ મૂકેલી હોય છે.

ગણેશાયતન

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, દેવી વ. દેવોની માફક ગણેશનાં પણ સ્વતંત્ર મંદિરો બનાવવાં એવો એક ગર્ભિત આશય ગણેશાયતનના નિવેદન ઉપરથી જાણવા મળે છે; કારણ કે તેમાં ગણેશની પાસે બીજા કયા કયા દેવો ક્યાં બેસારવા તેની સ્પષ્ટતા રજુ કરવામાં આવી હોઈ તેમનું સ્વતંત્ર મંદિર બાંધવામાં આવ્યું હોય તો જ ગ્રંથકારે જણાવેલ તેમના પરિવાર દેવોનું સ્થાપન કરવું શક્ય બને તેમ છે. ગણપતિનાં સ્વતંત્ર મંદિરો તો ગુજરાતના અનેક શહેરો અને ગામડાંઓમાંથી મળી આવે છે, પરંતુ તેમના પરિવાર દેવોનો સ્થાપનક્રમ વિધાન પ્રમાણે કરવામાં આવ્યો હોવાનું જાણવામાં આવ્યું નથી.

પ્રતિહારો

રૂપમંડનકારે દરેક દેવોનાં મંદિરો, ચારે દિશામાં દ્વારવાળાં એટલે ચોમુખ બનાવવાનું જણાવ્યું હોઈ દરેક દ્વારે પ્રતિહારો મૂકવાનું જણાવ્યું છે. ગણેશાયતન માટે પણ દરેક દ્વારે બબ્બે પ્રતિહારો

મૂકવાનું જણાવી પ્રત્યેક દ્વારપાલનું નામ, તેનાં આયુધો, અને તે કયા દ્વારે આવે છે તેની સંપૂર્ણ વિગતો તેમાં આપેલી છે જ.[૪] પરંતુ આજે મળતાં પ્રાચીન–અર્વાચીન ગણેશમંદિરોને ફક્ત એક જ દ્વાર હોય છે અને તેમાંયે અર્વાચીન મંદિરોમાં તો પ્રતિહારોની કલ્પના તદ્દન છોડી દેવાઈ હોવાનું માલૂમ પડે છે. છતાં ગુજરાતના કોઈ ખૂણામાં તેવું પ્રતિહારોવાળું અખંડ ગણપતિમંદિર હોવાનું જાણકારો સૂચવશે તો આ વસ્તુ ઉપર વેધક પ્રકાશ પાડી ગુજરાતના મૂર્તિવિધાનની કેટલીએ વિશિષ્ટતાઓ બહાર આવશે.

૪. રૂપમંડન, અધ્યાય ૫, શ્લોક ૨૧–૨૫

પ્રકરણ ૭ મું

બ્રહ્મા

બ્રહ્મા સમસ્ત વિશ્વના સ્રષ્ટા ગણાય છે અને હિંદુ ધર્મના મુખ્ય દેવોમાં પણ તેમનું સ્થાન મોખરે છે. તેમનાં નામ, ઉત્પત્તિ વ. જણાવતી આખ્યાયિકાઓ અને હકીકતો વેદ, બ્રાહ્મણગ્રંથો અને પુરાણોમાં આપેલી છે. વિષ્ણુ અને રુદ્રની માફક સનાતન હિંદુ ધર્મમાં તેમનું સ્થાન મુખ્ય ગણાય છે, છતાં તેમના જેટલો તેમનો પૂજાપ્રચાર ફેલાયો નથી, તેમજ તેમનો કોઈ સ્વતંત્ર સંપ્રદાય કે પંથ હોવાનું જણાવવામાં આવ્યું નથી. જો કે કર્મકાંડના પ્રયોગો બ્રહ્માનું પૂજન કરવાનો સ્પષ્ટ આદેશ આપે છે. બ્રહ્માનાં સ્વતંત્ર મંદિરો બંધાવવાનું સમરાંગણ સૂત્રધાર, પ્રાસાદમંડન વ. શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં સ્પષ્ટ નોંધ્યું છે તેટલું જ નહિ પણ રૂપમંડન અને રૂપાવતારના કર્તાએ બ્રહ્માયતન તેમજ તેના પરિવારદેવો માટે વિસ્તૃત નોંધો રજૂ કરી છે. આ ઉપરથી બ્રહ્માના સ્વતંત્ર મંદિરો બનાવી તેની પ્રતિમાઓ સ્થાપિત કરી પૂજન–અર્ચન કરવાનો પ્રચાર પૂર્વકાળથી ચાલુ હોવાનું જાણી શકાય છે. બ્રહ્માની સંખ્યાબંધ પ્રતિમાઓ મળી આવતી હોવાથી પણ ઉપરોક્ત વિધાનને સમર્થન મળે છે. ગુજરાતમાં તો બ્રહ્માનું પૂજન–અર્ચન પ્રાચીન કાળથી ઊતરી આવ્યું હોવાનું મળી આવતાં પ્રાચીન મંદિરો, અને મૂર્તિઓ ઉપરથી પુરવાર થાય છે.

બ્રહ્માના સ્વતંત્ર મંદિરો ભારતના અન્ય પ્રાંતોમાં હોવાની માહિતી ઉપલબ્ધ થતી નથી.[૧] પરંતુ ગુજરાતમાં તેવાં કેટલાંક મંદિરો

1. Dr. Gopinatha Rao, Hindu Iconography vol. II, Part II, P. 503

પ્રાપ્ત થતાં હોવાને કારણે બ્રહ્માનો પ્રચાર પ્રાચીન કાળથી અહીં ફેલાયેલો હતો એમ જાણી શકાય છે. ગુજરાતના મૂર્તિવિધાનમાં આ વસ્તુ ખાસ તરી આવે છે તેટલું જ નહિ પણ અન્ય પ્રાંતોને મુકાબલે ગુજરાતે પોતાની વિશિષ્ટ પરંપરા ઊભી કરી હોવાનું સૂચવે છે. બ્રહ્મદેવનાં પ્રાચીન મંદિરોમાં ઈડર પાસે ખેડ ગામમાં પુરાણ-પ્રસિદ્ધ મંદિર આવેલું છે. ઉત્તર ગુજરાતના વડનગર શહેરમાં શર્મિષ્ઠાના કિનારા ઉપર બ્રહ્માસાવિત્રનું પ્રાચીન મંદિર હતું એમ જનશ્રુતિ અને નાગરખંડના ગરબા ઉપરથી માલૂમ પડે છે. મોઢેરા નજીક હારીજ તાલુકાના દેલમાલ ગામમાં, લીંબજા માતાના દેવળ પાસે બ્રહ્માનું પ્રાચીન મંદિર આજે પણ વિદ્યમાન છે. કાકરેચી વિભાગના થરા ગામ પાસે આવેલ કસરા ગામમાં ત્રિમૂર્તિના મંદિરોમાં બ્રહ્માનું સ્વતંત્ર મંદિર છે. વસિનગરમાં બ્રહ્માનું મંદિર હતું એમ હર્ષગણિ કૃત વસ્તુપાલચરિત્ર ઉપરથી માલૂમ પડે છે. દક્ષિણ ગુજરાતના કામરેજ ગામમાં નારદ–બ્રહ્માથી ઓળખાતું પ્રાચીન મંદિર તાપી નદીના કિનારા ઉપર આવેલું હોઈ તેમાં બ્રહ્માની ભવ્ય પ્રતિમા બેસારેલી છે. આ ઉપરાંત, ગુજરાતની સરહદે આવેલા જૂના સિરોહી રાજ્યના વસંતગઢ, કૂસમા અને હાથલમાં બ્રહ્માનાં સ્વતંત્ર મંદિરો છે. આ ઉપરાંત, અજમેર પાસે પુરાણપ્રસિદ્ધ પુષ્કર તીર્થમાં આવેલું બ્રહ્માજીનું મંદિર ગુજરાત અને રાજપુતાનાએ સાંસ્કૃતિક પ્રવાહો એકસાથે ઝીલ્યા હોવાનું સૂચન કરે છે. આમ ગુજરાતમાં બ્રહ્માની અર્ચન–પ્રણાલિકા એક સરખી રીતે વિસ્તાર પામી હતી એમ વ્યક્ત થાય છે.

મૂર્તિવિધાન

પુરાણોમાં બ્રહ્માને ચતુર્મુખ દર્શાવ્યા હોવાથી મૂર્તિવિધાનમાં પણ તેમનાં ચાર દિશામાં ચાર મુખો બનાવવાનું સૂચવ્યું છે. પરંતુ ચોથું મુખ પાછળ પીઠિકામાં આવતું હોવાથી બતાવવું શકય નથી એટલે સામાન્ય રીતે ત્રણ જ મુખ દેખાડવામાં આવે છે. દક્ષિણની પ્રતિમાઓમાં કેટલીક વખત એક લાઇનમાં ચાર મોઢાં સાથે બતાવવાનો

પ્રયત્ન કરેલો જોવામાં આવે છે. બ્રહ્માના મૂર્તિવિધાન માટે નીચેના જુદા–જુદા ગ્રંથોમાં વર્ણનો નોંધવામાં આવ્યાં છે.

(૧) અભિલષિતાર્થ ચિંતામણિ[૨] (૨) અગ્નિપુરાણ (૩) અંશુમદ્ભેદાગમ[૩] (૪) આદિત્ય પુરાણ[૪] (૫) બૃહત્સંહિતા[૫] (૬) મત્સ્યપુરાણ[૬] (૭) માનસાર[૭] (૮) રૂપમંડન[૮] (૯) રૂપાવતાર[૯] (૧૦) વિષ્ણુ ધર્મોત્તર[૧૦] (૧૧) શિલ્પરત્ન[૧૧] અને (૧૨) સમરાંગણ સૂત્રધાર[૧૨]

ઉપર જણાવેલા જુદા જુદા ગ્રંથોના વર્ણનોમાં ચાર મુખ, ચાર હાથ અને જટા મુકુટ–એ સર્વ સામાન્ય છે. તેવી જ રીતે હાથનાં ઉપકરણો પૈકી માલા, સુવ, અને કમંડલ મોટા ભાગના વિધાનોમાં સૂચવ્યાં છે. આ બધા ગ્રંથનાં વિધાનો એક–બીજાને સર્વાંશે અનુસરતા નથી, છતાં તેમાં થોડું સામ્ય જોવામાં આવે છે.

ગુજરાતમાંથી બ્રહ્માની જે સંખ્યાબંધ પ્રતિમાઓ મળી આવી છે તેમાં અન્ય પ્રાંતો કરતાં કેટલીક ભિન્નતાઓ સમાયેલી છે છતાં સામાન્ય દૃષ્ટિએ કાંઈ ખાસ વિશિષ્ટતા માલૂમ પડતી નથી. ફક્ત આયુધો અને અલંકારોમાં કેટલીક વિવિધતાઓ જોવામાં આવે છે. બ્રહ્માની ઊભી, બેઠી, કે હંસારૂઢ તેમ જ સાવિત્રી સાથેની જુદી જુદી પ્રતિમાઓ અનેક સ્થળેથી મળી આવી છે. બ્રહ્માનાં સ્વતંત્ર મંદિરો

૨. અભિલષિતાર્થ ચિંતામણિ, પ્ર.૩, ૧–૭૫૪
3. Dr. Gopinatha Rao. Ibid, vol. II, P. 243
૪. મત્સ્યપુરાણ, પાતાલ ખંડ, અ. ૭૮, શ્લોક ૪૩
૫. બૃહત્સંહિતા અ. ૫૮
૬. મત્સ્યપુરાણ, અ. ૨૬૦
૭. માનસાર, અ. ૫૧, પા. ૭૧
૮. રૂપમંડન, અ. ૨
૯. રૂપાવતાર, અ. ૪, શ્લોક ૭
૧૦. વિષ્ણુ ધર્મોત્તર, ખં. ૩, અધ્યાય ૪૦
૧૧. શિલ્પરત્નમ્ પટલ ૨૫
૧૨. સમરાંગણ સૂત્રધાર, અધ્યાય ૭૦

ગુજરાતમાં તો થોડાંક જ મળી આવ્યાં છે, પણ બીજાં રાજ્યોની સરખામણીમાં ઘણાં જ છે, એટલે ગુજરાતમાં બ્રહ્માની સ્વતંત્ર મૂર્તિઓ ઉપરાંત અન્ય દેવોના પરિવારદેવોમાં, પ્રાચીન મંદિરોને ફરતી જંઘાઓના શિલ્પમાં, શિવ કે વિષ્ણુની પ્રતિમાઓમાં તથા સાવિત્રી સાથેના યુગલસ્વરૂપમાં બ્રહ્માની પુષ્કળ મૂર્તિઓ જુદાં-જુદાં સ્થળોથી મળી આવે છે.

સાબરકાંઠા જિલ્લામાં ઈડર પાસે આવેલાં ખેડબ્રહ્મા અથવા ખેડ ગામમાં બ્રહ્માજીનું પ્રાચીન મંદિર છે. શિલ્પ-સ્થાપત્ય ઉપરથી તે બારમી સદીમાં બંધાયું હોવાનું શ્રી. હેનરી કઝિન્સે માન્યું છે. આ મંદિરમાં બ્રહ્માની સેવ્ય પ્રતિમા આશરે છથી સાડા છ ફૂટ ઊંચાઈની કમલાસન ઉપર ઊભેલી બેસારવામાં આવી છે. આ પ્રતિમાના હાથમાં સર્વસામાન્ય ઉપકરણો-માલા, કમંડલ, સ્રુવ, પુસ્તક વ. જોવામાં આવે છે. તેની બન્ને બાજુ સરસ્વતી તથા સાવિત્રી ઊભેલાં બતાવવામાં આવ્યાં છે. મુસ્લિમ આક્રમણના ભોગે મંદિરમાંની કેટલીક મૂર્તિઓ ખંડિત થઈ હોવાના કારણે જે તે મૂર્તિના ભગ્ન અંગોને સંધાન કરી ત્યાં પુનઃ પ્રતિષ્ઠા કરી હોવાનું જણાય છે. આ મંદિરની બહારની બાજુ ભીંતમાં ત્રણે દિશામાં બ્રહ્માની મૂર્તિઓ મૂકેલી છે, જેનો રૂપવિન્યાસ મંદિરની મુખ્ય પ્રતિમાને અનુરૂપ હોઈ ત્રણેનાં વાહનોમાં અનુક્રમે નંદી, ઘોડો તથા હંસ બતાવ્યા છે. ઘોડો કે નંદીને બ્રહ્માના વાહન તરીકે કોઈ ગ્રંથકારે જણાવેલ નથી, છતાં ગુજરાતની પ્રતિમાઓમાંથી આ એક વિશિષ્ટતા જાહેર થાય છે. મંદિરના રચનાકાળને અનુસરી આ પ્રતિમા બારમી સદીથી અર્વાચીન નહિ હોય એવું અનુમાન અસ્થાને નહિ ગણાય.

તેવી જ બીજી સુંદર પ્રતિમા દેલમાલમાં બ્રહ્માજીના મંદિરમાં બેસારેલી છે. આ મૂર્તિ આશરે ચાર ફૂટ ઊંચી હોઈ તેને ત્રણે દિશામાં ત્રણ મુખ બનાવ્યાં છે, જ્યારે ચોથું મુખ પીઠિકાને લઈ વ્યક્ત કર્યું નથી. તેના જમણા બે હાથમાં માલા તથા સ્રુવ, અને ડાબા બે

હાથમાં કમંડલ તથા પુસ્તક ધારણ કરેલાં છે. તેનું મૂર્તિવિધાન સંપૂર્ણતઃ 'રૂપમંડન'ને અનુરૂપ બનાવવામાં આવ્યું છે. માથે જટા-મુકુટ, શરીર ઉપર અલંકારો તથા લાંબી દાઢી બનાવવાનો આગ્રહ ઘણા ખરા ગ્રંથકારોએ કર્યો છે, છતાં ગુજરાત બહારનાં રાજ્યોની કેટલીક પ્રતિમાઓમાં ઋષિ જેવી લાંબી દાઢી જણાતી નથી. ગુજરાતની મૂર્તિઓમાં આ પણ એક વિશિષ્ટતા છે. આ પ્રતિમાના પગ પાસે બન્ને બાજુ બે બે વેદપુરુષો, તથા તેમની પત્નીઓ સરસ્વતી અને સાવિત્રીની નાની-નાની મૂર્તિઓ કોતરેલી છે. પગ નીચેની પીઠિકામાં તેમનું પ્રિય વાહન હંસ પણ કોતરેલું હોઈ, શિરોભાગની પાછળ પ્રભામંડળ બનાવેલું છે. આ પ્રતિમા બારમા કે તેરમા સૈકાની હોવાનું તેના ભાસ્કર્ય ઉપરથી લાગે છે.

વડનગરમાં ચિત્રેશ્વરી માતાના મંદિરની અંદર, પશ્ચિમ બાજુની ભીંતમાં બ્રહ્માની એક ભવ્ય પ્રતિમા ચોડેલી છે. તેની ઊંચાઈ આશરે પાંચ ફૂટ હોઈ પ્રતિમાનું કલાવિધાન ઊંચા પ્રકારનું માલૂમ પડે છે. તેમાં બ્રહ્માને ચાર મુખ, ચાર હાથ, દરેકમાં માલા, સ્રુક્, કમળ, અને કમંડલ ધારણ કરેલાં હોવાનું જણાય છે. તેના પગ પાસે બે બાજુ વેદપુરુષો, બે પત્નીઓ તથા વાહન તરીકે હંસને કોતરેલો છે. આવા જ વર્ણનવાળી પ્રતિમા ખેરાળુ તાલુકાના મંદ્રોપુર ગામમાં આવેલ દુગ્ધેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરની જંઘામાં ઉત્તર દિશાના ગવાક્ષની અંદર બેસારેલી છે, જેમાં બ્રહ્માને ફક્ત એક જ મુખ દર્શાવ્યું છે. બ્રહ્માની એક મુખવાળી મૂર્તિઓ વિરલ મળે છે, જેમાં આ નમૂનો નોંધપાત્ર છે. આગળ જણાવેલા વિવિધ ગ્રંથોના વર્ણનોમાં ફક્ત શારદાતિલકકારે જ બ્રહ્માના હાથમાં કમળ મૂકવાનું સૂચવ્યું છે. ગુજરાતમાંથી પ્રાપ્ત કેટલીક મતિઓમાં કમળ જોવામાં આવે છે, જેમાં આ બે પ્રતિમાઓથી તે વિધાનને પુષ્ટિ મળે છે.

મોઢેરાના સૂર્ય મંદિર બહાર બ્રહ્માની ઊભી પ્રતિમા મૂકેલી છે. આ પ્રતિમા ત્રિભંગવાળી હોઈ, તેમાં બ્રહ્માને ફક્ત એક જ મોઢું

વ્યક્ત કરતાં, કેટલીક અનન્યતા સૂચવી છે. તેના ચાર પૈકી બે હાથ ખંડિત થયા છે, જ્યારે બાકીના બેમાં માલા અને કમંડલ દર્શાવ્યાં છે. માથે જટા મુકુટ, લાંબી દાઢી, અને બન્ને બાજુ તેમની બે પત્નીઓ વ. સર્વ સામાન્ય લક્ષણો તેમાંથી જોવા મળે છે. મોઢેરા અને મંદરપુરનાં મંદિરોની શિલ્પસમૃદ્ધિ સમકાલીન હોઈ બન્નેની મૂર્તિઓ-માં પણ નિકટનું સરખાપણું જળવાયું હોવાનું આથી પ્રતીતિ થાય છે.

દક્ષિણ ગુજરાતના કામરેજ ગામમાં નારદ–બ્રહ્માનું પ્રાચીન મંદિર છે, તેમાં બ્રહ્માની ઊભી પ્રતિમા આશરે પાંચ ફૂટ ઊંચી બેસારવામાં આવી છે. આ પ્રતિમાને ત્રણ બાજુ ત્રણ મુખ, માથે જટામુકુટ, ચાર હાથ, દરેકમાં અનુક્રમે અભય, વરદ, પુસ્તક, અને કમંડળ જણાવ્યાં હોઈ, પગ પાસે બે બાજુ બે સ્ત્રીઓ તથા હંસ કોતરેલાં છે. તેના પગમાં પાદુકાઓ પહેરાવેલી છે. અંશુમદ્ભેદાગમના વર્ણનમાં અભય તથા વરદ મુદ્રાઓ મૂકવાનો આદેશ છે; પરંતુ તેમાં પુસ્તકની નોંધ નથી, જ્યારે આ પ્રતિમામાં તે મુદ્રાઓ સાથે પુસ્તક લીધેલું માલૂમ પડે છે. આથી આ પ્રતિમાનું વિધાન કેટલેક અંશે 'અંશુમદ્ભેદાગમ'ને અનુસરે છે.

ખંભાતથી ચાર માઈલ દૂર નગરા ગામમાં બ્રહ્માની મોટા કદની સુંદર પ્રતિમા છે. તેના ચાર હાથ પૈકી જમણા બેમાં નીચે વરદ અને ઉપરમાં સ્રુક્ તથા ડાબા બેમાં પુસ્તક અને કમંડળ ધારણ કરેલાં છે. આ પ્રતિમાના પગ પાસે બે પરિચારકો મૂકેલા છે. તેની ખાસ વિશિષ્ટતા એ છે કે તેની બન્ને બાજુ સરસ્વતી અને સાવિત્રીની સ્વતંત્ર પ્રતિમાઓ મોટા કદની બનાવવામાં આવી છે. બ્રહ્માની કેટલીક પ્રતિમાઓમાં બે બાજુ પત્નીઓ તો હોય છે જ, પણ તે નાની–નાની પગ પાસે બતાવવામાં આવતી હોઈ, આવી સ્વતંત્ર અને મોટા કદની બનાવવામાં આવતી નથી. બન્ને પત્નીઓના હાથમાં કમળ તથા કમંડળ મૂકવામાં આવ્યાં છે. ગુજરાતમાંથી મળતી સર્વશ્રેષ્ઠ પ્રતિમાઓ પૈકી આ પણ એક નમૂનેદાર મૂર્તિ છે.

ગુજરાતના દક્ષિણ છેડા ઉપર આવેલા થાણા જિલ્લાના સોપારા ગામમાંથી પ્રાપ્ત બ્રહ્માની મૂર્તિનું એક ચિત્ર સ્વ. ડૉ ગોપીનાથ રાવે 'હિંદુ મૂર્તિ વિજ્ઞાન'માં આપ્યું છે.[૧૩] આ મૂર્તિનું કલાવિધાન મોટે ભાગે ગુજરાતની મૂર્તિઓને અનુરૂપ છે, છતાં તેના હાથમાં મૂકેલાં ઉપકરણોમાં કેટલોક તફાવત જોવામાં આવે છે. આ મૂર્તિના જમણા બે હાથમાં કમંડળ અને સ્રૂક્ તથા ડાબા બેમાં કુર્ચ અને કમંડળ બતાવ્યાં છે. કુર્ચ ધારણ કરેલી આવી કોઈ પ્રતિમા હજી સુધી મને ગુજરાતમાંથી મળી નથી. આથી પ્રાંતીયતાને કારણે ઉપકરણોમાં આટલો તફાવત હોવાનું લાગે છે. આ પ્રતિમા હાલ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈમાં છે.

અજમેર મ્યુઝિયમમાં બ્રહ્માની એક સુંદર પ્રતિમા આશરે ચાર ફૂટ ઊંચાઈની છે. તેને ચાર મુખ, ચાર હાથ, દરેકમાં સ્રૂક્, કમળ, કમંડળ અને કમળ આપેલાં છે. ચાર હાથ પૈકી બેમાં કમળ ધારણ કરેલાં હોય તેવી પ્રતિમાઓ કવચિત જ મળે છે, તેમાં આ એક અપ્રતિમ નમૂનો છે. બ્રહ્માને દાઢી બનાવવાનું ઘણા ખરા ગ્રંથકારોએ જણાવ્યું છે, પણ આમાં તેનો અભાવ છે. પૂર્વકાળમાં ગુજરાતની સરહદ રાજપૂતાના સુધી હતી, તેથી આ મૂર્તિ પણ ગુજરાતના મૂર્તિવિધાનમાં ગણાવી શકાય.

પાટણમાં વાયુદેવના મંદિરમાં બ્રહ્માની મોટી ધાતુપ્રતિમા આશરે અઢીથી ત્રણ ફૂટ ઊંચાઈની છે. તેને ચાર મુખ, ચાર હાથમાં અનુક્રમે વરદ, સ્રૂક્, કમળ અને કમંડળ ધારણ કરેલ, માથે જટા મુકુટ, પગ પાસે બે બાજુ સરસ્વતી અને સાવિત્રી બે પત્નીઓ, પગ નીચે હંસ બતાવ્યો હોવાનું જણાય છે. આ પ્રતિમા આશરે ત્રણ સો વર્ષ ઉપરની હોવાથી તેને ખૂબ ઘસારો લાગ્યો છે, છતાં ધાતુપ્રતિમાઓમાં આ એક વિરલ નમૂનો છે.

13. Dr. Gopinatha Rao. Ibid, Plate No. 145

આ સિવાય બ્રહ્માની આવી અનેક પ્રતિમાઓ ગુજરાતમાં વિવિધ સ્થળોએથી મળી આવે છે. ઉત્તર ગુજરાતના સંડેર, સુણક, રૂહાવી, ગોરાદ, સિદ્ધપુર, વીરતા, મોટપ, ધીણોજ કનોડા, કસરા, દાઉ, વડનગર વ. ગામોના પ્રાચીન મંદિરોને ફરતી જંઘાઓમાંથી તેમજ કેટલેક ઠેકાણે મંદિરની અંદર સેવ્ય મૂર્તિ તરીકે ચોડેલી મળી આવે છે. તેવી જ રીતે ઈડર પ્રદેશના પંખનાથ, રોડા, ઈડર, દાવડ, રાયગઢ, ટીંટોઈ પ્રતાપગઢ, કસનગઢ, પંથાલ, આગિયા વ. ગામોનાં પ્રાચીન મંદિરોનાં શિલ્પ, સ્થાપત્યમાં બ્રહ્માની નાની-મોટી મૂર્તિઓ કોતરવામાં આવી હોવાનું જણાય છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણની અંદર આવેલ ત્રિવેણી નજીક સૂર્યમંદિરના દ્વાર ઉપર, તેમ જ વઢવાણની માધાવાવમાં તથા સેજકપુરના શિવમંદિરની જંઘામાંથી પણ બ્રહ્માની મૂર્તિઓ મળી છે. ટૂંકમાં, ગુજરાતભરમાંથી બ્રહ્માની સેંકડો પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે, જેના આધારે એટલું તો સમજી શકાય છે કે બ્રહ્માના પૂજનનો પ્રવાહ ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી વિસ્તરેલો હતો.

આસનસ્થ મૂર્તિઓ

ઊભી મૂર્તિઓના મુકાબલે બ્રહ્માની બેઠી પ્રતિમાઓ કવચિત્ જોવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં કડવારના વિષ્ણુમંદિરની બહાર દ્વાર પાસે બ્રહ્માની અર્ધ પર્યંકાસન વાળી બેઠી પ્રતિમા, જેનો એક પગ વાળેલો અને બીજો લટકતો રાખેલો, તેવી મૂર્તિઓ ચોડેલી છે. તેને ત્રણ મોઢાં, મોટું પેટ, મૃગ ચર્મ ઓઢેલ, ગળામાં ઉપવીત તથા ફૂલની માળા, ચાર હાથ દરેકમાં અનુક્રમે સ્રુક્ કુશ, કમંડળ હોઈ ચોથો હાથ જંઘા ઉપર મૂકેલો છે. આ પ્રતિમા અજમેર પાસે આવેલા પુષ્કર-તીર્થના બ્રહ્માના મંદિરની મૂર્તિને મળતી આવે છે. તે પ્રતિમા કમળ ઉપર પદ્માસન વાળેલી અને ચાર મુખવાળી છે.

પાટણના ગુણવંતા હનુમાનમાં શિવમંદિરની અંદર બ્રહ્માની એક બેઠી પ્રતિમા મૂકેલી. છે તેમાં પણ બ્રહ્મા કમળ ઉપર અર્ધ પર્યંકાસનમાં

બેઠેલાં, ચાર મુખ, ચાર હાથ, દરેકમાં માળા, કમળ, પુસ્તક અને કમંડળ ધારણ કરેલાં જણાવતાં પગ પાસે હંસને વાહન તરીકે મૂક્યો છે.

વડનગરના પ્રાચીન કીર્તિસ્તંભો પૈકી એક ઉપર શિરોભાગે એક બેઠી પ્રતિમા મૂકેલી છે. જે અર્ધ પર્યંકાસનવાળી હોઈ તેનો એક પગ વાળેલો અને બીજો લટકતો જણાવ્યો છે. તેને પણ ચાર દિશામાં ચાર મુખ અને ચાર હાથ બનાવી દરેક હાથમાં ઉપકરણો મૂક્યાં છે, પરંતુ હવા અને વરસાદના ક્ષારને લઈ તે વિરૂપ બની જવાથી ઓળખી શકાતાં નથી. આની વિશિષ્ટતા એ છે કે તેનું કલાવિધાન આગળ-પાછળ એક જ પ્રકારનું અને એકસરખું છે. આ મૂર્તિને કેટલાક વિદ્વાનો સ્કંદ અને શિવની પ્રતિમા તરીકે કલ્પે છે પણ મૂર્તિના પગ પાસે હંસ કોતરેલો હોવાથી હું તે બ્રહ્માની પ્રતિમા હોવાનું માનું છું.

યુગલ પ્રતિમાઓ

બ્રહ્માની ઊભી તથા બેઠી પ્રતિમાઓ સિવાય ત્રીજો પ્રકાર યુગલ મૂર્તિનો છે. તેમાં બ્રહ્મા બેઠેલા, તેમના ખોળામાં સાવિત્રી આલિંગન આપતાં બતાવવામાં આવે છે. વિષ્ણુ ધર્મોત્તર પુરાણમાં તેનું વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે.[૧૪] ગુજરાતમાંથી આવી અનેક મૂર્તિઓ મળી આવે છે. તેમાંયે સેવ્ય પ્રતિમાઓ કરતાં પ્રાચીન મંદિરની જંઘાઓ તથા પાછળ મૂકેલા ગોખલાઓમાંથી આવી પ્રતિમાઓ ખૂબ મળી આવે છે. આવી મૂર્તિમાં બ્રહ્માને એક મુખ, લાંબી દાઢી, માથે જટામુકુટ, એક પગ વાળેલો, બીજો લટકતો, ખોળામાં સાવિત્રી બેઠેલાં, તેમનો એક હાથ બ્રહ્માજીના ગળામાં અને બીજા હાથમાં કમળ, બ્રહ્માને પણ ચાર હાથ–દરેકમાં પુસ્તક, કમંડળ અને માળા જ્યારે ચોથો હાથ સાવિત્રીના ગળા ઉપર મૂકી આલિંગન આપતા હોવાનું જણાવ્યું હોય છે.

વડનગરમાં તો બ્રહ્મા સાવિત્રીનું ભવ્ય મંદિર શર્મિષ્ઠા સરોવરના

૧૪. વિષ્ણુ ધર્મોત્તર પુરાણ, ખંડ ૩, અ. ૬૩

કિનારે હતું એમ જનશ્રુતિ દ્વારા જાણી શકાય છે. પરમારોની રાજ્ય-નગરી ચંદ્રાવતીના ખંડેરોમાંથી આવી એક મોટા કદની મૂર્તિ મળી આવી હોવાનું શ્રી. જેમ્સ બર્જેસે નોંધ્યું છે.[૧૫] તેને ત્રણ મુખ, ચાર હાથ, ખોળામાં સાવિત્રી બેઠેલાં, પાસે હંસ વ. વર્ણન આપ્યું હોવાથી તે વર્ણન બ્રહ્માને જ લાગુ પડતું હોવાનું ચોક્કસ જણાય છે. તેમણે આ મૂર્તિને ત્રિમૂર્તિ તરીકે અનુમાની છે. કસરામાં બ્રહ્માના મંદિરની ભીંતમાં દ્વાર ઉપર, શિખર પાસે તેમ જ ગર્ભગૃહમાં આવી યુગલ મૂર્તિઓ મૂકેલી છે તેનું રૂપવિધાન ઉપર પ્રમાણે હોઈ કોઈ ખાસ લાક્ષણિકતાઓ જોવામાં આવતી નથી.

અમદાવાદ પાસે કર્ણાવતીની નજદીક આશાભીલના ટેકરાથી ઓળખાતી જગ્યાના ખોદકામમાંથી પણ આવી એક મૂર્તિ મળી આવી છે. આવી પ્રતિમાઓના સંખ્યાબંધ નમૂનાઓ અનેક મંદિરો-માંથી મળી આવે છે, પરંતુ તેમના રૂપવિધાન ઉપર જણાવ્યા પ્રમાણેનાં હોઈ, કોઈ વિશિષ્ટતા નહિ હોવાને કારણે તેમનાં વર્ણનો રજૂ કર્યાં નથી.

ખંભાત પાસે નગરામાંથી બ્રહ્મા–સાવિત્રીની એક ઊભી આલિંગન આપતી પ્રતિમા મળી આવી છે, જેમાં બ્રહ્મા તથા સાવિત્રી ઊભાં રહેલાં, બન્ને એકમેકના ગળામાં હાથ નાખેલાં અને પ્રેમપૂર્ણ આલિંગન આપતાં હોય તેવો ભાવ આ મૂર્તિમાંથી વ્યક્ત થતો હોવાનું જણાય છે. હરગૌરીની આવી કેટલીક મૂર્તિઓ મળે છે, પણ બ્રહ્મા–સાવિત્રીની આવા પ્રકારની પ્રતિમાઓ ક્વચિત્ જ મળે છે. આ એક વિરલ નમૂનો ગણી શકાય.

ધ્યાનસ્થ પ્રતિમાઓ

આવા પ્રકારની પ્રતિમામાં બ્રહ્મા ધ્યાનસ્થ યોગી જેવા બતાવવામાં આવે છે. આવી મૂર્તિઓ સ્વતંત્ર સેવ્ય મૂર્તિઓ તરીકે મળી આવતી

૧૫. James Burgess 'Archeological Survey of Northern Gujarat, Page.' 97

નથી, પણ કેટલાક દેવોના સમૂહમાં તેમનું આવું સ્વરૂપ બનાવવામાં આવતું હોવાનું જણાય છે. આવી એક પ્રતિમા પાટણના ગોવર્ધનધારી મંદિરની મુખ્ય પ્રતિમાની અંદર પીઠિકામાં ઊભી સ્તુતિ કરતી બતાવી છે, જેમાં બ્રહ્માનું વૃદ્ધ શરીર, લાંબી દાઢી, માથે જટા–મુકુટ, બે હાથ જોડી સ્તવન કરતા, બાકીના બે હાથમાં કમંડલ તથા પુસ્તક નીચે હંસ અને પગમાં પાદુકાઓ ધારણ કરેલી છે. મૂર્તિ કદમાં ઘણી જ નાની છે, છતાં ભાવ અને ભાસ્કર્યની દૃષ્ટિએ અપ્રતિમ છે એમ કહ્યા વગર ચાલતું નથી.

રૂપભેદો અને તેના પ્રકાર

અન્ય દેવોની માફક બ્રહ્માના મૂર્તિવિન્યાસમાં પણ કેટલાક ભેદો નિરૂપ્યા હોઈ તે પ્રત્યેકનાં જુદાં–જુદાં અભિધાનો વિષ્ણુ ધર્મોત્તર, રૂપમંડન અને રૂપાવતારના કર્તાએ રજૂ કર્યાં છે. તે પ્રમાણે પ્રજાપતિ, વિશ્વકર્મા કમલાસન, વિરંચી પિતામહ, વ. મુખ્ય છે. આ બધા ભેદો દર્શાવતી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવતી નથી તેથી તેનું નિરૂપણ અત્રે રજૂ કર્યું નથી.

બ્રહ્માયતન અને પરિવારદેવો

શિલ્પ અને વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં બ્રહ્માના સ્વતંત્ર મંદિરોની કલ્પના રજૂ કરવામાં આવી છે. પરંતુ તેના પરિવારદેવો તથા તેમનો સ્થાપન કરવાનો ક્રમ વ.ની વ્યવસ્થિત સમાલોચના રૂપાવતાર અને રૂપમંડન સિવાય બીજા કોઈ ગ્રંથોમાં મળતી નથી. બ્રહ્માના પરિવારદેવોમાં ગણેશ, માતૃકાઓ, ઇન્દ્ર, જલશાયી, પાર્વતી, રુદ્ર, નવગ્રહ, લક્ષ્મી અને ધરણીધર વ. ગણાવ્યાં છે. આ બધાં દેવોને તેમના સ્થાન સહિત સ્થાપન કરવાનો વિધિ વ. ઉપરના ગ્રંથોમાં વિસ્તૃત રીતે આપેલો છે.

પ્રતિહારો

પરિવારદેવોની માફક દરેક દેવને પોતાના સ્વતંત્ર પ્રતિહારો


હોય છે. અને તેમની સંખ્યા દરેક દિશામાં બે એટલે કુલ આઠની હોય છે. તે જ પ્રમાણે, બ્રહ્માને પણ આઠ પ્રતિહારો બનાવવાનું મૂર્તિશાસ્ત્રકારોએ જણાવ્યું છે.

પત્નીઓ


બ્રહ્માને સાવિત્રી તથા સરસ્વતી બે પત્નીઓ હોવાનું આગળ ઉપર જણાવ્યું છે. સામાન્ય રીતે આ બે પત્નીઓ બ્રહ્માની બે બાજુ મૂકવાનો કેટલાક ગ્રંથકારોએ નિર્દેશ કર્યો છે. બ્રહ્માની યુગલ-પ્રતિમાઓમાં સાવિત્રી સ્થાન પામ્યાં છે અને તેમને એક જ મુખ, બે હાથ, તે પૈકી એક બ્રહ્માના ગળામાં અને બીજા હાથમાં કમંડલ જોવામાં આવે છે.

સરસ્વતી પણ બ્રહ્માની પત્ની તરીકે માનવામાં આવે છે. સાવિત્રીની માફક આ પ્રતિમા પણ ઊભી બનાવવામાં આવે છે અને તે સાવિત્રીના કદ જેટલી જ હોય છે. સરસ્વતીને પણ એક જ મુખ ચાર હાથ, દરેકમાં પુસ્તક, અક્ષમાલા, વરદ અને પદ્મ ધારણ કરેલાં હોય છે અને નીચે હંસ હોય છે, દેલમાલ, વડનગર, પાટણ સોપારા વ. સ્થાનોએથી મળેલી બ્રહ્માની મૂર્તિઓમાં સરસ્વતીનું આવું જ વિધાન મળી આવે છે.


૧૦ ક



૧૧૭. લક્ષ્મીનારાયણ (કડવાર) પૃ. ૨૩૯



૧૧૪. વિશ્વરૂપ (પાટણ) પૃ. ૨૩૨



૧૨. બ્રહ્મા (દેલમાલ) પૃ. ૩૫૦-૫૧



૧૩. ત્રિવિક્રમ (ખેરાળુ) પૃ. ૩૭૦



૧૪. કેશિનિષૂદન કૃષ્ણ (વલભીપુર) પૃ. ૫૩૬

૧૯ ક



૧૪ અ. શેષશાયી (હાટોદ)

પૃ. ૨૩૫

પ્રકરણ ૮મું

વિષ્ણુ

હિંદુ દેવોમાં વિષ્ણુનું સ્થાન અગ્ર પદે આવે છે. વિશ્વના કર્તા, ભર્તા અને સંહર્તાના અધિનાયકો બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્ર પૈકી તેઓ જગતનું પાલન કરનાર વિશ્વપાલક છે. ઋગ્વેદમાં વિષ્ણુને લગતાં અનેક સૂક્તો આપેલાં છે અને તે ઉપરથી વિષ્ણુનું આદ્ય સ્વરૂપ સૂર્યમાંથી પ્રાદુર્ભાવ પામ્યું હોવાનું જ જણાય છે. સૂર્ય અને વિષ્ણુની મૂર્તિકલા, વેશભૂષા અને આયુધો પણ બન્ને વચ્ચે નિકટનું સામ્ય હોવાનું સૂચવે છે, પણ પાછળથી વિષ્ણુ એ સૂર્ય કરતાં ભિન્ન એવા સ્વતંત્ર દેવ મનાયા. ભારતવર્ષ અને ભારત બહારના દેશોમાંથી તેનાં પ્રાચીન મંદિરો, મૂર્તિઓ અને અવતારલીલાઓનાં પ્રતીકો ઈ. સ. પૂર્વેથી પ્રાક્કાલનાં મળી આવે છે એટલે વિષ્ણુપૂજાનો પ્રચાર પ્રાગ્ ઐતિહાસિક કાળ પહેલાનો હોવાનું અનુમાની શકાય. ગુજરાતમાં પણ વિષ્ણુપૂજાનો પ્રચાર પ્રાચીનકાળથી હતો તે બતાવતા સંખ્યાબંધ પુરાવાઓ મળી આવ્યા છે.[1]

---

1. વિગતો માટે જુઓ:

   अ. પાણિની અષ્ટાધ્યાયી, સૂત્રપાઠ ૪-૩-૯૮

   ब. Dr. R. G. Bhandarkar. Vaisnavism, Saivism & Other minor religions of India, P. 50

   क. વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, કર્તા-દુર્ગાશંકર કે. શાસ્ત્રી, પા. ૪૨

   ड. Archeological Survey of India, Annual Report 1913-'14, Part I, Page 18

   ई. Cambridge History of India, Vol. I, Page 526

વૈષ્ણવાયતન અને પરિવારદેવો

ભારતભરમાંથી વિષ્ણુનાં નાનાં-મોટાં સેંકડો મંદિરો ઉપલબ્ધ થાય છે. તેમાં કેટલાંક તો શિલ્પ સ્થાપત્યના અપ્રતિમ નમૂનાઓ છે. વિષ્ણુનાં મંદિર કેવાં બનાવવાં તેની સામાન્ય નોંધ આપતાં સમરાંગણસૂત્રધારના કર્તા કહે છે, કે "ગરુડ, વર્ધમાન, શંખાવર્ત, પુષ્પક ગૃહરાટ્ સ્વસ્તિક, રુચક અને પુંડ્રવર્ધન નામના પ્રાસાદો ભગવાન જનાર્દન માટે બનાવવા."[2]

દરેક મંદિરમાં મુખ્ય દેવની સાથે તેના પરિવારદેવોને સ્થાપન કરવાનું આવશ્યક હોય છે. રૂપમંડન,[3] રૂપાવતાર,[4] ધર્મસિંધુ[5] અને બીજા અન્ય ગ્રંથોએ જુદા જુદા પરિવારદેવો, તેમનાં નામો અને સ્થાન ઇત્યાદિની વિશદ આલોચના કરી છે.

આવા પરિવારદેવોવાળાં વિષ્ણુમંદિરો ખાસ મળી આવતાં નથી. ગુજરાતમાંથી મળતાં કેટલાંક પ્રાચીન મંદિરોની જંઘાઓમાંથી પરિવારદેવોની કોઈ કોઈ મૂર્તિઓ મૂકેલી જોવામાં આવે છે. પ્રતિહારો પણ મંદિરના દરેક દ્વારે બે બાજુ એમ કુલ આઠ મૂકવાનું શાસ્ત્રકારો જણાવે છે. ગુજરાતમાં કેટલાંક પ્રાચીન મંદિરોના ગર્ભદ્વારોની નીચે શાસ્ત્રોમાં જણાવેલા કદના અને આયુધો ધરાવતા પ્રતિહારો બનાવેલા જોવામાં આવે છે. કસરા, મણુંદ, વડનગર, શામળાજી અને કડવારનાં વૈષ્ણવમંદિરોમાં ગર્ભદ્વારોની નીચે બન્ને બાજુ શાસ્ત્રોક્ત લક્ષણોપેત પ્રતિહારો મૂકેલા છે.

ઉત્તર ભારત અને દક્ષિણ ભારતનાં મંદિરોમાં ઊભી અથવા બેઠી વિષ્ણુમૂર્તિઓની આજુબાજુ તેમની પત્નીઓ, વ. ની પ્રતિમાઓ બેસારેલી હોય છે. આવા પ્રકારના વૈષ્ણવપટ બનાવવાનો પ્રચાર

---

૨. સમરાંગણ સૂત્રધાર, અ. ૪૮

૩. રૂપમંડન, અ. ૩. શ્લોક ૬૧–૬૪

૪. રૂપાવતાર, અ. ૫, શ્લોક ૧૦૬–૧૦૯

૫. ય. ગો. દીક્ષિત દ્વારા સંપાદિત 'ધર્મસિંધુ', પા. ૨૫૬

ગુજરાતમાં ઊતર્યો નહિ હોય એમ લાગે છે એટલે તેનું વિગતવાર વર્ણન અત્રે કરવું અસ્થાને છે.

વિષ્ણુ પ્રતિમાઓ

વિષ્ણુપ્રતિમાઓમાં યાનક, સ્થાનક, આસન અને શયન–એમ ચાર પ્રકારો હોય છે. આમાં યાનક સિવાયના બાકીના ત્રણ પ્રકારોનાં લક્ષણો ગ્રંથોમાંથી મળી આવે છે. બીજા બધા દેવો કરતાં વિષ્ણુપ્રતિમાઓમાં આવા ભેદો હોવાથી વિષ્ણુમૂર્તિવિધાન કેટલીક અનન્યતા ધરાવે છે. યોગસ્થાનક, ભોગસ્થાનક, વીર સ્થાનક, અભિચારક સ્થાનક, યોગાસન, ભોગાસન, વીરાસન, અભિચારિકાસન, યોગશયન, ભોગશયન, વીરશયન, અભિચારિકશયન–એ તેના પેટા પ્રકારો છે. ગુજરાતમાંથી આવા બધા પ્રકારોની મૂર્તિઓ મળી આવતી નથી, પણ કેટલાક નમૂનાઓ જ મળ્યા છે. તેની વિગતપૂર્ણ ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

વિષ્ણુ

વિષ્ણુ સમસ્ત વિશ્વના પાલક અને નિયંતા છે. તેમનું જીવન જગતના કલ્યાણ માટે જ હોઈ અનેક વખત દેવો અને ભક્તોનાં કાર્યો કરવા તેઓ અવતાર લે છે. તેમની વેશભૂષા રાજાઓને સંપૂર્ણ મળતી હોઈ દેવરાજ ઇંદ્ર જેવા ભવ્ય અને આહ્લાદક દેખાય છે.

વિષ્ણુપ્રતિમા ટટ્ટાર, ઊભી, સમભંગવાળી, ચાર હાથ, બેમાં શંખ તથા કમળ અને બાકીના બેમાં જગતને શાસન કરનાર ચક્ર તથા ગદા એમ બે આયુધો ધારણ કરેલા જોવામાં આવે છે. કેટલીક પ્રતિમાઓમાં તેમનાં શંખ–ચક્રાદિ આયુધોની પુરુષાકાર પ્રતિમાઓ પ્રભુનું સ્તવન કરતી મૂર્તિની આજુબાજુ મૂકવામાં આવેલી હોય છે, જો કે ગુજરાતમાંથી આવી કોઈ મૂર્તિ મળી આવી નથી.

વિષ્ણુની કેટલીક પ્રતિમાઓ બે હાથની જોવામાં આવે છે. આવી મૂર્તિઓને લોકપાલ વિષ્ણુ તરીકે હેમાદ્રિ અને વિષ્ણુધર્મોત્તરકારે જણાવી છે. સામાન્યતઃ વિષ્ણુનું પ્રતિમાવિધાન શાસ્ત્રીય રીતે આ પ્રમાણે કલ્પવામાં આવે છે, જેમાં વિષ્ણુ, ઊભા, ચાર હાથ,

દરેકમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. શિર પ્રદેશ પાસે બન્ને બાજુ શિવ તથા બ્રહ્મા, નીચે પગ પાસે ગૌતમી તંત્ર પ્રમાણે રુક્મિણી અને સત્યભામા, અગ્નિપુરાણ અનુસાર શ્રી અગર પુષ્ટિ, કાલિકાપુરાણ પ્રમાણે શ્રી તથા સરસ્વતી શારદા-તિલકના મત પ્રમાણે ઇંદિરા તથા વસુમતી એમ બે સ્ત્રીઓ, માથે મુકુટ, ગળામાં લાંબી ઘૂંટણ સુધીની વનમાલા, નીચે પૃથ્વી દેવી અને ગરુડ અને આજુબાજુ ભક્તો તેમજ આયુધપુરુષોને કલ્પવામાં આવે છે, વિષ્ણુની ઘણીખરી પ્રતિમાઓમાં આમાં જણાવેલ કેટલાંક વિધાનો મળી આવે છે.

ચતુર્વિંશતિ સ્વરૂપ

વિષ્ણુનાં અનેક સ્વરૂપો ગુજરાતનાં કેટલાંક મંદિરોમાંથી મળી આવે છે. આ ઉપરાંત, પ્રાચીન મંદિરોની ઝંઘાઓ, દ્વાર શાખો અને અને વેદિના આમલા ભાગમાંથી પણ કેટલીક મૂર્તિઓ પણ જોવામાં છે તેમાંથી કેશવાદિ ચતુર્વિંશતિ સ્વરૂપોની* પણ કેટલીક મૂર્તિઓ

* વિષ્ણુના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ એ ચાર વસ્તુ જુદાજુદા ક્રમમાં ધારણ કરાય છે એને લઇને એના ચોવીસ ભેદ પડે છે. 'રૂપમંડન' અનુસાર એ ચોવીસ સ્વરૂપનાં નામ અને લક્ષણ નીચે મુજબ છે.

નામ	નીચલા જમણા હાથમાં	ઉપલા જમણા હાથમાં	ઉપલા ડાબા હાથમાં	નીચલા ડાબા હાથમાં
૧. કેશવ	પદ્મ	શંખ	ચક્ર	ગદા
૨. નારાયણ	શંખ	પદ્મ	ગદા	ચક્ર
૩. માધવ	ગદા	ચક્ર	શંખ	પદ્મ
૪. ગોવિંદ	ચક્ર	ગદા	પદ્મ	શંખ
૫. વિષ્ણુ	ગદા	પદ્મ	શંખ	ચક્ર
૬. મધુસૂદન	ચક્ર	શંખ	પદ્મ	ગદા
૭. ત્રિવિક્રમ	પદ્મ	ગદા	ચક્ર	શંખ
૮. વામન	શંખ	ચક્ર	ગદા	પદ્મ
૯. શ્રીધર	પદ્મ	ચક્ર	ગદા	શંખ
૧૦. હૃષીકેશ	ગદા	ચક્ર	પદ્મ	શંખ

પ્રાપ્ત થઈ છે. આથી ગુજરાતમાં તેનો પ્રચાર હતો એટલું તો સ્પષ્ટ જણાય છે; તદ્ ઉપરાંત, સેવ્ય સ્વરૂપે તેની પૂજા–અર્ચા સમાજે સ્વીકારી હોવાનું જાણવા મળે છે. આવી ચતુર્ભુજ પ્રતિમાઓમાં મોટે ભાગે ત્રિવિક્રમની મૂર્તિઓ પુષ્કળ હોય છે, છતાં કેશવાદિ સ્વરૂપો પણ કેટલાંક પ્રાપ્ત થતાં હોવાથી તેનો પરિચય અસ્થાને નહિ ગણાય.

કેશવ

કેશવની ત્રણ–ચાર પ્રતિમાઓ મળી છે. તે પૈકી એક પાટણથી બે માઇલ દૂર અનાવાડાના નાળાથી ઓળખાતા રેલવે પુલ નીચે પગથિયા-ની એક બાજુ ચોડેલી છે. આ પ્રતિમા મધ્યકાલીન હોઈ આશરે ત્રણ ફૂટ ઊંચી ધોળા આરસ પહાણમાંથી બનાવવામાં આવી છે. તેને માથે કિરીટ મુકુટ, શરીર ઉપર અલંકારો અને નીચે પગ પાસે પરિવારદેવો બનાવ્યા છે. આ પ્રતિમાના બે હાથો ખંડિત હોવાથી તેનો આયુધક્રમ નક્કી કરવાનું મુશ્કેલ છે. પણ પ્રતિમાની નીચે, 'કેશવ' એવું નામ કોતરેલું હોવાથી તે કેશવની પ્રતિમા હોવાનું જાણી શકાય છે. તેનો આયુધક્રમ દક્ષિણાધઃકરથી ગણાતાં અનુક્રમે પદ્મ,

૧૧. પદ્મનાભ	શંખ	પદ્મ	ચક્ર	ગદા
૧૨. દામોદર	પદ્મ	શંખ	ગદા	ચક્ર
૧૩. સંકર્ષણ	ગદા	શંખ	પદ્મ	ચક્ર
૧૪. વાસુદેવ	ગદા	શંખ	ચક્ર	પદ્મ
૧૫. પ્રદ્યુમ્ન	ચક્ર	શંખ	ગદા	પદ્મ
૧૬. અનિરુદ્ધ	ચક્ર	ગદા	શંખ	પદ્મ
૧૭. પુરુષોત્તમ	ચક્ર	પદ્મ	શંખ	ગદા
૧૮. અધોક્ષજ	પદ્મ	ગદા	શંખ	ચક્ર
૧૯. નરસિંહ	ચક્ર	પદ્મ	ગદા	શંખ
૨૦. અચ્યુત	ગદા	પદ્મ	ચક્ર	શંખ
૨૧. જનાર્દન	પદ્મ	ચક્ર	શંખ	ગદા
૨૨. ઉપેન્દ્ર	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૨૩. હરિ	શંખ	ચક્ર	પદ્મ	ગદા
૨૪. કૃષ્ણ	શંખ	ગદા	પદ્મ	ચક્ર

શંખ, ચક્ર અને ગદા શાસ્ત્ર પ્રમાણે જણાવ્યા હોઈ, ઉપરના બે હાથમા શંખ ચક્ર અખંડ છે. આવી બીજી બે પ્રતિમાઓ આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણામાં એક ખંડિત મંદિરના ચોતરા ઉપર ચોડેલી છે. તેનું ભાસ્કર્ય પણ મધ્યકાલીન હોઈ તેમાં ખાસ વિશિષ્ટતા જણાતી નથી. અજમેર મ્યુઝિયમમાં એક દ્વાર–શાખા કોઈ ખંડિત મંદિરમાંથી લાવવામાં આવી છે તેમાં પણ આવી એક નાના કદની કેશવ ભગવાનની મૂર્તિ બનાવેલી હોઈ, શિલ્પની દૃષ્ટિએ તે સુંદર મૂર્તિ છે તેટલું જ નહિ પણ તેમાં યોગ્ય લક્ષણો અને આયુધો રજૂ કર્યાં હોવાનું જણાય છે.

નારાયણ

નારાયણની એકંદર પાંચ પ્રતિમાઓ મળી છે. તે પૈકી એક સિદ્ધપુર તાલુકાના મકતુપુર ગામમાં મહાદેવની બહાર મૂકેલી છે. શાસ્ત્રીય લક્ષણો પ્રમાણે તેના ચારે હાથમાં અનુક્રમે શંખ, પદ્મ, ગદા અને ચક્ર ધારણ કરેલ હોઈ, નીચે પરિવારદેવો, માથે કિરીટ-મુકુટ અને શરીર ઉપર અલંકારો જણાવ્યા છે. આ પ્રતિમા ચૌલુક્ય કાળની હોઈ, આશરે ત્રણ ફૂટ ઊંચી, કાળા આરસ પહાણમાંથી બનાવેલી છે. આવી જ બે સુંદર મૂર્તિઓ પાટણમાંથી મળી છે. આ પૈકી એક ગુણવંતા હનુમાનના મંદિરમાં બાજુએ આવેલા વિષ્ણુ મંદિરમાં છે. આ પ્રતિમા કાળા આરસની હોઈ ભવ્ય અને શિલ્પકળાનો અપ્રતિમ નમૂનો છે. તેને પણ માથે મુકુટ, શરીર ઉપર અલંકારો, માથા પાછળ પ્રભામંડળ અને પગ પાસે પરિવારદેવો જણાવતાં પીઠિકામાં દશાવતારો કોતરવામાં આવ્યા છે. બીજી એક નારાયણની સુંદર મૂર્તિ ઝવેરી છગનલાલ મગનલાલ અનાથાશ્રમના નવા મકાનનો પાયો ખોદતાં જમીનમાંથી મળી છે. આજે તો તેને આ જ સંસ્થાના પ્રાંગણમાં સ્વતંત્ર મંદિર બનાવી તેમાં સ્થાપન કરવામાં આવી છે. આ મૂર્તિનું ભાસ્કર્ય ઊંચા પ્રકારનું હોઈ તે અગિયારમાં સૈકા જેટલી પ્રાચીન હોવાનું જણાય છે. તેમાં પણ શાસ્ત્રીય

ક્રમ પ્રમાણે આયુધો મૂકેલાં હોઈ, મૂર્તિની નીચે નારાયણ એવું નામ પણ કોતરેલું છે. આબુ ઉપર અચલેશ્વર મહાદેવમાં વિષ્ણુની સંખ્યાબંધ પ્રતિમાઓ મહાદેવના પ્રાંગણમાં તેમજ પાસેના એક મંદિરની અંદર મૂકેલી છે. તેમાંથી પણ નારાયણની બે મૂર્તિઓ મળી આવી છે. આમ નારાયણની અનેક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી છે.

ગોવિંદ

નારાયણની માફક ગોવિંદનાં પણ વધુ સ્વરૂપો ગુજરાતભરમાંથી મળ્યાં છે. વડનગરના ગૌરીકુંડમાં તેવી એક પ્રતિમા પગથારની ભીંતમાં ચોડેલી છે. આ મૂર્તિ આશરે ત્રણ ફૂટ ઊંચી હોઈ તેના ચારે હાથમાં અનુક્રમે ચક્ર, ગદા, પદ્મ અને શંખ ધારણ કરેલાં છે. આ મૂર્તિ સામાન્ય હોઈ તેમાં પ્રભામંડળ, પરિવારદેવો વ. જણાવ્યાં નથી. પાટણમાં વાઘેશ્વરી માતાના મંદિર બહાર ભીંતમાં આવી જ એક મૂર્તિ ચોડી દીધી છે. તેની ઊંચાઈ આશરે બે ફૂટ હોઈ, ઉપરોક્ત વડનગરની પ્રતિમાને અનુરૂપ ભાસ્કર્ય તેમાં ઉતાર્યું છે. ગુણવંતા હનુમાનમાં પડખાના વિષ્ણુમંદિરની અંદર ગોવિંદની સુંદર મૂર્તિ મૂકેલી છે. તેનું શિલ્પસૌષ્ઠવ ઉત્તમ પ્રકારનું બનાવેલું હોઈ તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે આયુધો, માથે કિરીટ મુકુટ, શરીર ઉપર અલંકારો, પગ પાસે પરિવારદેવો અને માથા પાછળ પ્રભામંડળ વ. બનાવેલું છે. આ મૂર્તિ કાળા આરસમાંથી બનાવેલી હોઈ આશરે ત્રણ ફૂટની ઊંચાઈ ધરાવે છે. આવી જ બે મૂર્તિઓ આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં મૂકેલ વિષ્ણુ મૂર્તિઓમાંથી મળી છે.

મધુસૂદન

મધુસૂદન ભગવાનની ફક્ત બે જ મૂર્તિઓ મળી આવી છે. તે પૈકી એક પ્રતિમા આબુ પાસે ચંદ્રાવતીનાં ખંડેરોથી થોડે દૂર મૂંગથલા ગામની નજીક એક પ્રાચીન મંદિરમાં છે. આ મંદિરને ત્યાંના લોકો મધવાડના મંદિર તરીકે ઓળખાવે છે. તેમાં મધુસૂદનની સુંદર

મૂર્તિ બેસાડેલી છે. આ મંદિરની બહાર વિ. સં. ૧૨૪૨ નો પરમાર ધારાવર્ષનો એક શિલાલેખ છે. પરંતુ મંદિરનો રચનાકાળ તેનાથી પણ પૂર્વ સમયમાં થયો હોવાનું જણાતું હોવાના કારણે આ પ્રતિમા નવમા કે દસમા સૈકાની હોવાનું જણાય છે. આવી બીજી પ્રતિમા પાટણમાં ત્રિપુરેશ્વર મહાદેવના મંદિરની અંદર એક ગોખલામાં મૂકેલી છે. આ મૂર્તિ કદમાં નાની હોઈ આશરે બે ફૂટ ઊંચી, ધોળા આરસની બનાવેલી છે. તેનું ભાસ્કર્ય સામાન્ય હોઈ, માથે કિરીટ મુકુટ, પાછળ પ્રભામંડળ અને પરિવારદેવો વ. તેમાં બનાવ્યાં છે. મોડામાં મોડી તે પંદરમા સૈકાથી અર્વાચીન લાગતી નથી.

ત્રિવિક્રમ

ભગવાન ત્રિવિક્રમની સેંકડો નાની-મોટી મૂર્તિઓ ગુજરાતમાંથી મળી આવે છે. આવી પચીસથી ત્રીસ પ્રતિમાઓનાં વર્ણનો મેં મારી ડાયરીમાં નોંધ્યાં છે. આ સિવાય સેંકડો સામાન્ય મૂર્તિઓ મળી આવે છે. જેની વિસ્તૃત નોંધ આપતાં સ્વતંત્ર પ્રકરણ થવા સંભવ હોવાથી અત્રે ફક્ત થોડાકની જ પિછાન કરાવીશું ગુજરાતમાંથી વિપુલ પ્રમાણમાં મળતી ત્રિવિક્રમની સેંકડો મૂર્તિઓ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે ગુજરાતભરમાં તેનો પ્રચાર ખૂબ ફેલાયો હતો. રણછોડરાય અને દ્વારિકાનાથના મંદિરમાં મુખ્ય પ્રતિમા ત્રિવિક્રમની જ હોવાનું મોટે ભાગે જણાય છે. ત્રિવિક્રમનો વાચ્યાર્થ ત્રણ પગલાંથી સમસ્ત વિશ્વને આવરી લેનાર થતો હોવાથી તે વામનનું જ અપર સ્વરૂપ મનાય છે. પણ કેશવાદિ ચતુર્વિંશતિ સ્વરૂપોમાં તે અર્થ વિવક્ષિત નહિ મનાતાં, વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાં આયુધક્રમના ધોરણે થતા ચોવીસ મુખ્ય નામ પ્રમાણેનું વિધાન અત્રે નિરૂપવાનું છે.

ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકા જેટલા પ્રાચીન કડવારના વરાહમંદિરની ભીંતમાં ત્રિવિક્રમની એક પ્રાચીન પ્રતિમા ચોડેલી છે. તેના ચારે હાથોમાં અનુક્રમે વરદ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલાં છે. મૂર્તિકલા-

વિધાયકો કેટલીક વખત ઉક્ત આયુધોને બદલે વરદ, અભય કે માલા જેવી સર્વસામાન્ય વસ્તુઓ મૂકવાની સ્વતંત્રતા ભોગવતા હોવાના કારણે નિયત આયુધો કે ઉપકરણોમાં ફેરફાર કરતા હતા એમ આ પ્રતિમા ઉપરથી માલૂમ પડે છે. આ પ્રતિમા ખારા પથ્થરની હોઈ મંદિરની બહાર દીવાલમાં મૂકેલી છે. સિદ્ધપુરમાં લક્ષ્મી પોળની અંદર એક મકાનની ભીંતમાં ત્રિવિક્રમની ભવ્ય મૂર્તિ આશરે પાંચ ફૂટ ઊંચી ચોડેલી છે. આ પ્રતિમાનો કેટલોક ભાગ ખંડિત છે, પણ આયુધો ઉપરથી તે ત્રિવિક્રમની હોવાનું જણાય છે. તેમાં દરેક હાથમાં અનુક્રમે પદ્મ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલ હોઈ પાછળ પ્રભામંડળ અને પગ પાસે પરિવારદેવો હોવાનું માલૂમ પડે છે. પાટણમાં નારાયણજીથી ઓળખાતી પ્રતિમા સાલવીવાડાના નારાયણ મંદિરમાં મૂકેલી છે. તેને પણ અનુક્રમે પદ્મ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલાં છે. તેથી તે ત્રિવિક્રમની જ મૂર્તિ છે. વડનગરમાં ચિત્રેશ્વરી માતાના મંદિરમાં આવી જ એક પ્રતિમા ચોડેલી છે, જેને માથે કિરીટ મુકુટ, શરીર ઉપર અલંકારો અને હાથમાં ઉક્ત ઉપકરણો અને પગ પાસે પરિવારદેવો હોવાનું તેના કલાવિન્યાસમાંથી માલૂમ પડે છે. આ સિવાય પાલનપુર પાસે આવેલ બાલારામ મહાદેવના મંદિર પાસે, બેરાજુના એક મંદિરમાં, વડનગરના કુશેશ્વર મહાદેવમાં, મુંબઇના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં, ડીસામાં સિદ્ધાંબિકાના મંદિરની જંઘામાં, સંડેર તથા મણુંદનાં વિષ્ણુમંદિરોની જંઘાઓમાં તેમ જ પાટણના કાલિકા માતા, ઘનશ્યામજી અને વૈજનાથ મહાદેવનાં મંદિરમાંથી ત્રિવિક્રમની આવી નાની-મોટી અનેક પ્રતિમાઓ મળી આવી છે. ત્રિવિક્રમની ધાતુપ્રતિમાઓ પણ બનાવવામાં આવતી હતી એમ સેંટ ઝેવિયર્સ કૉલેજના પ્રદર્શનમાં મૂકેલી કેટલીક પ્રતિમાઓ ઉપરથી જણાય છે. તેમાંથી પાંચ-છ મૂર્તિઓ ત્રિવિક્રમની હોવાનું ઉપકરણોના આધારે માલૂમ પડતું હોઈ તે બધી અગિયારમા કે બારમા સૈકા જેટલી પ્રાચીન હોવાનું તેની પાછળ કોતરેલા લેખો ઉપરથી જણાય છે.

શ્રી. ડૉ. હસમુખ સાંકળિયા આ બધી પ્રતિમાઓ હિંદુ ધર્મની હોવા છતાં તેની કલાસૌષ્ઠવમાં જૈન અસરો ઊતરી હોવાનું જણાવતાં મૂર્તિ[૬] પાછળનાં પરિકર, તોરણો અને કળશને કારણભૂત માને છે. આજે તો ત્રિવિક્રમનાં અનેક મંદિરો, રણછોડજી, ત્રિકમજી કે દ્વારિકાનાથથી ઓળખાતાં ગુજરાતમાં ઠેર ઠેર જોવા મળે છે, જ્યારે કેશવાદિ બીજાં સ્વરૂપોનાં આવાં સ્વતંત્ર મંદિરો ક્વચિત્ જ મળી આવે છે. આ ઉપરથી ત્રિવિક્રમનો પ્રચાર ગુજરાતમાં સર્વવ્યાપી બન્યો હોવાનું જણાય છે. ગુજરાતનું એક પણ શહેર એવું નહિ હોય, જ્યાંથી એકાદ પણ નાની ત્રિવિક્રમની પ્રતિમા મળતી ન હોય.

વામન

તેમની બે પ્રતિમાઓ મળી છે. તે પૈકી એક વામન અવતારની અને બીજી કેશવાદિ ચતુર્વિંશતિ વિષ્ણુ સ્વરૂપોમાંની. આ બે પ્રકારોમાં અહીં કેશવાદી સ્વરૂપોમાંની વિષ્ણુમૂર્તિ વિવક્ષિત છે. વામન ભગવાનની તેવી કોઈ સેવ્ય પ્રતિમા હજી સુધી જોવામાં આવી નથી, પરંતુ આભૂષણ-મૂર્તિ તરીકે મણુંદના વિષ્ણુમંદિરની જંઘામાં તેવી એક પ્રતિમા ચોડેલી જોવામાં આવી છે. તેના ચારે હાથોમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોઈ પગ પાસે બે બાજુ પુરુષો, માથે કિરિટ મુકુટ, કાનમાં કુંડળ, ગળામાં વનમાલા વ. પહેરેલાં બતાવ્યાં છે. આ પ્રતિમા આશરે બે ફૂટ ઊંચી, ખારા પથ્થરમાંથી બનાવવામાં આવી છે. આવી જ બીજી પ્રતિમાઓ ગુજરાતના પ્રાચીન વિષ્ણુ મંદિરોમાંથી અગર તેવા મંદિરોની જંઘાઓમાંથી મળી શકવા સંભવ છે.

માધવ

માધવ ભગવાનની કોઈ સ્વતંત્ર મૂર્તિ હજી સુધી ગુજરાતમાંથી

6. Dr. Hasmukh Sankalia, A paper on 'Jain Iconography' in "Indian & Iranian studies" vol. I, page 339

પ્રાપ્ત થઈ નથી. સિદ્ધપુરમાં માધવરાયનું સ્વતંત્ર મંદિર છે, પણ તેમાંની મૂર્તિ શાસ્ત્રીય લક્ષણો અનુસાર માધવની હોવાનું જણાયું નથી. માધવ ભગવાનની એક પ્રતિમા આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં બેસારેલી વિષ્ણુ પ્રતિમાઓમાં છે. આ પ્રતિમાના બે હાથ ખંડિત હોઈ ઉપરના બે હાથમાં ગદા અને શંખ ધારણ કરેલાં જણાય છે. એટલે આ પ્રતિમા નિશ્ચિત રૂપે કોની હશે તે નક્કી કરવું અશક્ય લાગે છે, પરંતુ મૂર્તિની નીચે માધવ એવું કોતરેલું હોવાથી અને નીચેના બે હાથમાં ચક્ર અને પદ્મ હોવાનું અનુમાન બેસે છે. માધવની પ્રતિમાનો ફક્ત એક જ નમૂનો મને અહીંથી મળ્યો છે.

શ્રીધર

શ્રીધર ભગવાનની સેવ્ય પ્રતિમાઓ ક્વચિત્ મળી આવે છે. પાટણના પાનશ્યામજી નામથી ઓળખાતા વિષ્ણુ મંદિરમાં, પ્રધાનમૂર્તિની જમણી બાજુ શ્રીધરની સેવ્ય મૂર્તિ બેસારેલી છે. તેના ચારે હાથમાં અનુક્રમે પદ્મ, ચક્ર, ગદા અને શંખ આયુધક્રમથી મૂકેલાં હોઈ પગ પાસે પરિવારદેવો, માથા પાછળ પ્રભામંડળ, શરીર ઉપર અલંકારો અને માથે કિરીટમુકુટ ધારણ કરેલ છે. આ પ્રતિમા આશરે ચાર ફૂટ ઊંચી અને સુંદર કલાસૌષ્ઠવવાળી, કાળા આરસમાંથી બનાવવામાં આવી છે. આ મંદિરમાં શ્રીધરની સેવ્ય પ્રતિમા મૂકેલી હોવા છતાં તેનાં સ્વતંત્ર મંદિરો બનાવવામાં આવતાં હોવાનું જાણવામાં આવ્યું નથી. આવી જ બીજી મૂર્તિ આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં બેસારેલી વિષ્ણુ મૂર્તિઓમાંથી મળી આવી છે. તેનું સ્વરૂપ શાસ્ત્રીય રીતે બનાવેલ હોઈ આગળ જણાવેલ પાનશ્યામજીની પ્રતિમાને અનુસરે છે.

હૃષીકેશ

વિજાપુરથી સાત માઈલ દૂર સાબરમતીના કાંઠા ઉપર આવેલા મહુડી ગામમાં કોટયર્કજીના મંદિર પાસે પડેલા અવશેષોમાંથી હૃષી-કેશની એક મૂર્તિ મળી આવી છે. જો કે તેના ચારે હાથો ખંડિત છે તેથી તેનું સ્વરૂપ નિશ્ચિત કરી શકાતું નથી, પણ મૂર્તિની નીચે

પટ્ટીમાં ('હૃષીકેશ') એવું નામ કોતરેલું છે. તે મૂર્તિને શાસ્ત્રસિદ્ધ આયુધો અને ઉપકરણો હશે એમ તેના જમણા હાથમાં ચક્રનો કેટલોક ભાગ બચ્યો હોવાથી જણાઈ આવે છે. આ પ્રતિમા નમૂનેદાર હોઈ લીલા આરસમાંથી બનાવેલી છે. આવી જ બીજી પ્રતિમા આબુ ઉપર અચલેશ્વર મહાદેવના મંદિરની અંદર ચબૂતરા ઉપર બેસારેલી વિષ્ણુ મૂર્તિઓમાંથી મળી છે. આ બધી મૂર્તિઓની પોલીશ હવા અને વરસાદના કારણે ઘસાઈ જતાં તે કર્કશ અને ખરબચડી બની ગઈ છે. આબુરોડથી ત્રણ માઈલ દૂર તળેટીમાં હૃષીકેશ ભગવાનનું મંદિર છે. તેમાં પણ તેમની સેવ્ય પ્રતિમા બેસારેલી છે. આથી હૃષીકેશનાં પણ સ્વતંત્ર મંદિરો બનાવવામાં આવતાં હશે એમ જણાય છે.

પદ્મનાભ

પદ્મનાભની એક પ્રતિમા પાટણના હરસિદ્ધિના મંદિરમાં બેસારેલી છે. આ પ્રતિમા આશરે બે ફૂટ ઊંચી હોઈ, તેના ચારે હાથોમાં અનુક્રમે શંખ, પદ્મ, ચક્ર અને ગદા ધારણ કરેલાં છે. મૂર્તિ ઉપરથી તે મંદિરની અલંકાર પ્રતિમા નહિ પણ સેવ્ય પ્રતિમા લાગે છે. આ સિવાય પાટણમાં પદ્મનાભનું સ્વતંત્ર સ્થાન છે, જ્યાં મૂર્તિને બદલે તુલસી ક્યારા જેના શિરો ભાગે છે એવા માટીના ઢગલા પદ્મનાભ તરીકે પૂજાય છે. આ પણ એક વૈષ્ણવ સંપ્રદાય છે, જે પદ્મા નામના કુંભારે ચલાવ્યો હતો. પદ્મનાભનાં સ્વતંત્ર મંદિરો આજે ગુજરાતમાં નથી, પણ રાજસ્થાનના ગ્વાલિયરમાં છે, જે ઈ.સ. ૧૦૯૩ બંધાયેલું મનાય છે.[7] આ ઉપરાંત, અજમેર મ્યુઝિયમમાં પણ ચૌલુક્ય કાળની મનાતી અપ્રતિમ, ભાવવાહી પ્રતિમા છે. આ પ્રતિમા ડુંગરપુરથી લાવવામાં આવી હોવાનું તેના પરિચયલેખમાં છે. પાટણમાં જ્વાલામુખીના મંદિરની અંદર પદ્મનાભની એક નાની સામાન્ય પ્રતિમા છે. તેના બે હાથ ખંડિત હોઈ ઉપરનાં બેમાં આયુધો જણાવ્યાં છે. આ પ્રતિમા નીચે 'પદ્મનાભ' લખેલું હોવાથી આ મૂર્તિ તેમની હોવાનું નિશ્ચિત થાય

7. Archeological Survey of Northern Gujarat, Page 64

છે. આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાંની વિષ્ણુ મૂર્તિઓમાંથી પણ પદ્મનાભની એક પ્રતિમા મળી છે, જેના ચારે હાથોમાં અનુક્રમે શંખ, કમળ, ચક્ર અને ગદા છે.

દામોદર

વિજાપુરના એક મંદિરમાં દામોદરની સેવ્ય પ્રતિમા આજે મોજૂદ છે. તેના આયુધક્રમ પ્રમાણે પદ્મ, શંખ, ગદા અને ચક્ર ચારે હાથમાં ધારણ કરેલાં છે અને માથે મુકુટ અને શરીર ઉપર અલંકારો પહેરેલાં બતાવ્યાં છે. દામોદરનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાં હતાં કે કેમ? તે માટે વધુ પુરાવા મળ્યા નથી, પણ અમદાવાદમાં મામુનાયકની પોળમાં આજે પણ દામોદરનું સ્વતંત્ર મંદિર છે, જેમાં દામોદર ભગવાનની સુંદર પ્રતિમા છે. આ પ્રતિમા આશરે ચાર ફૂટ ઊંચી હોઈ તેનુ કલાવિધાન મધ્યકાલીન હોવાનું જણાય છે. ગિરનાર પાસે દામોદર ભગવાનનું મંદિર પ્રાચીન કાળમાં હતું એમ પ્રભાસખંડના વસ્ત્રાપથ મહાત્મ્યમાં જણાવ્યું છે. આજે જણાતો દામોદર કુંડ તે મંદિરની નજીકમાં હોવાનું અનુમાન છે.

સંકર્ષણ

સંકર્ષણ એ બલરામનું જ સ્વરૂપ છે તેટલું જ નહિ પણ તેમના સ્વતંત્ર મૂર્તિવિધાન માટે અગ્નિપુરાણ, બૃહત્સંહિતા, વિષ્ણુધર્મોત્તર વ.માં સ્વતંત્ર નોંધો હોઈ, તેમનાં આયુધોમાં હળ કે મુશલ મૂકવાનો ખાસ નિર્દેશ કર્યો છે; પણ કેશવાદિ ચતુર્વિંશતિ સ્વરૂપોમાંની આ આ પ્રતિમાને તેવો નિયમ લાગુ પડતો નથી. આમાં તો આયુધક્રમે જ જે તે સ્વરૂપ નિશ્ચિત કરવાનું હોવાથી અન્ય આયુધો મૂકવાની જરૂર હોતી નથી. સંકર્ષણની એક પ્રતિમા પાટણમાં હૃષીકેશના મંદિરની અંદર બેસારેલી છે. આ મૂર્તિ કાળા આરસપહાણમાંથી બનાવેલી હોઈ આશરે ત્રણ ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેના ચારે હાથમાં અનુક્રમે ગદા, શંખ, પદ્મ અને ચક્ર ધારણ કરેલાં, માથે કિરીટ મુકુટ, પગ પાસે પરિવારદેવો અને શરીર ઉપર સુંદર અલંકારો પહેરેલા બતાવ્યા

છે. આ પ્રતિમાનો સર્જનકાળ મોડામાં મોડો તેરમા ચૌદમા સૈકામાં આવતો હોવાનું તેના શિલ્પ–સૌષ્ઠવના આધારે જણાય છે. આ પણ સેવ્ય સ્વરૂપ જ હોઈ મંદિરની અંદર એક ગોખલામાં તેને પ્રતિષ્ઠિત કરવામાં આવેલી છે.

વાસુદેવ

વાસુદેવની સુંદર પ્રતિમા સિદ્ધપુરના રણછોડરાયજીના મંદિરમાં છે. સમાજ તેને રણછોડરાયથી ઓળખતી હોવા છતાં આયુધક્રમના નિયમે તે વાસુદેવનું સ્વરૂપ નિશ્ચિત છે. આ પ્રતિમા આશરે પાંચ-ફૂટ ઊંચી, માથે કિરીટ મુકુટ, શરીર ઉપર અલંકારો, માથાની પાસે બે બાજુ શિવ તથા બ્રહ્માની નાની પ્રતિમાઓ, પાછળ પ્રભામંડળ, ચારે હાથમાં અનુક્રમે ગદા, શંખ, ચક્ર અને પદ્મ ધારણ કરેલી, કાળા આરસ પહાણમાંથી બનાવેલી આ પ્રતિમા શિલ્પકલા વ્યક્ત કરતી નમૂનેદાર મૂર્તિ છે. ગુજરાતમાંથી પ્રાપ્ત થતી વાસુદેવની ગણીગાંઠી મૂર્તિઓમાં આ પ્રતિમા અનેરું આકર્ષણ ધરાવે છે. આવાં સુંદર બીજાં સ્વરૂપો હજી સુધી મારા જાણવામાં નહિ આવ્યાથી ફક્ત એક જ પ્રતિમાની નોંધ આપી સંતોષ માન્યો છે.

પ્રદ્યુમ્ન

સંકર્ષણની માફક પ્રદ્યુમ્નનો પણ ચતુર્વ્યૂહમાં સમાવેશ કરવામાં આવેલ હોઈ, તેનાં સ્વતંત્ર આયુધો ધનુષ અને બાણ જણાવ્યાં છે. પરંતુ કેશવાદિ ચતુર્વિંશતિ સ્વરૂપોમાં કેવળ શંખ ચક્રાદિ આયુધો જ વિવક્ષિત હોઈ, બીજાં કોઈ આયુધો આમાં આવી શકતાં નથી. પ્રદ્યુમ્નની કોઈ સેવ્ય પ્રતિમા પ્રાચીન મંદિરો કે અવશેષોમાંથી મળી નથી, પણ અજમેર મ્યુઝિયમમાં પ્રદ્યુમ્નની નાની પ્રતિમા કોતરેલી મળી આવી છે. તેના ચારે હાથમાં અનુક્રમે ગદા, ચક્ર, શંખ અને પદ્મ વ. આયુધો મૂકેલાં છે અને બે બાજુ બે સ્ત્રીઓ ચામર ઢોળી રહી છે. આ પ્રતિમા નાની હોવા છતાં નમૂનેદાર અને ઉક્ત લક્ષણોથી અ ંકૃત છે.

અનિરુદ્ધ

અનિરુદ્ધ પણ ચતુર્વ્યૂહ પૈકીના એક છે. તેનાં સ્વતંત્ર આયુધો તલવાર અને ઢાલ વિષ્ણુધર્મોત્તર અને બીજા ગ્રંથકારોએ જણાવ્યાં છે, પણ આવાં આયુધોવાળી કોઈ મૂર્તિ મળી નથી. આયુધક્રમના નિયમે થતી અનિરુદ્ધની બે પ્રતિમાઓ પાટણમાંથી મળી છે. તે પૈકી એક સાળવીવાડાના ગણપતિમંદિરમાંથી મળી છે, જેના ચારે હાથમાં અનુક્રમે ચક્ર, ગદા, શંખ અને કમળ વ. આયુધો મૂકેલાં છે. આ પ્રતિમાના માથે કિરીટ મુકુટ, કેડે કમરબંધ, ગળામાં વનમાલા, માથા પાછળ પ્રભામંડળ, બે બાજુ પગ પાસે પરિવારદેવો અને પીઠિકામાં દશાવતારો કોતરેલા છે. તે ધોળા આરસમાંથી બનાવેલ હોઈ આશરે ત્રણ ફૂટ ઊંચી, મધ્યકાલીન પ્રતિમા હોવાનું જણાય છે. આવી જ બીજી પ્રતિમા પાટણથી બે માઈલ દૂર અનાવાડાના નાળાથી ઓળખાતા સરસ્વતીના પુલ નજદીક એક ભીંતમાં ચોડેલી છે. તેનું વર્ણન લગભગ ઉપરની પ્રતિમાને અનુરૂપ હોઈ તેની પુનરુક્તિ કરવાની જરૂર નથી. આમાં ફક્ત પીઠિકામાં દશાવતારો બતાવ્યા નથી.

પુરુષોત્તમ

પુરુષોત્તમની એક પ્રતિમા વડનગરના ગૌરીકુંડમાં મૂકેલી છે. તેના ચારે હાથમાં અનુક્રમે ચક્ર, પદ્મ, શંખ અને ગદા મૂકેલાં હોઈ માથે કિરીટ મુકુટ, માથા પાછળ પ્રભામંડળ અને પગ પાસે બે બાજુ પરિવારદેવો બનાવ્યા છે. આવી જ બીજી મૂર્તિ ખેડા જિલ્લાના તૈબપુર ગામમાંથી મળી છે, જે હાલમાં મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં મૂકવામાં આવી છે. આ પ્રતિમા ઈ. સ. ૧૨૯૦ લગભગની હોવાનું શ્રી. ડૉ. સાંકળિયાએ અનુમાન્યું છે.[૮] આબુ ઉપર અચલેશ્વર મહાદેવના મંદિરના પ્રાંગણમાંની વિષ્ણુમૂર્તિઓમાં પણ

8. Dr. Hasmukh Sankalia, Bombay University Journal, Vol. VII, Part IV, page 7

એક મૂર્તિ છે. તે પણ તેરમા સૈકા જેટલી જ પ્રાચીન હોઈ તેનું ભાસ્કર્ય વડનગરની પ્રતિમાને અનુરૂપ છે.

અધોક્ષજ


અધોક્ષજની એકે પ્રતિમા હજી સુધી પ્રાપ્ત થઈ ન હતી, પણ હમણાં ખેડા જિલ્લાના તૈબપુર ગામમાંથી મળી આવી છે, જે મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં છે. આ પ્રતિમાને ચાર હાથ, દરેકમાં અનુક્રમે પદ્મ, ગદા, શંખ અને ચક્ર, માથે કિરીટમુકુટ અને પગ પાસે પરિવારદેવો બતાવેલા છે.


અચ્યુત

વડનગરના ચિત્રેશ્વરી માતામાં અચ્યુત ભગવાનની એક પ્રતિમા આશરે ત્રણ ફૂટ ઊંચાઈની છે. તેના ચારે હાથમાં અનુક્રમે ગદા, પદ્મ, ચક્ર અને શંખ ધારણ કરેલાં છે. અને માથે કિરીટમુકુટ, શરીર ઉપર સુંદર અલંકારો, કેડે કમરબંધ, પગ પાસે બે બાજુ પરિવારદેવો, માથા પાછળ પ્રભામંડળ અને પીઠિકામાં દશાવતારો કોતરેલાં છે. આ પ્રતિમા કાળા આરસપહાણમાંથી બનાવવામાં આવેલી હોઈ તેનું કલાવિધાન આકર્ષક અને ઉઠાવદાર છે. આવી જ બીજી પ્રતિમા ડીસામાં આવેલ સિદ્ધાંબિકાના મંદિરની બહારની ઝાંપામાં મૂકેલી છે. તેને પણ અલંકારો, આયુધો વ. વડનગરની મૂર્તિ પ્રમાણે બનાવેલ હોઈ, પરિવારદેવો નહિ બતાવતાં પગ પાસે ફક્ત ગરુડ મૂકેલો છે. આ બન્ને મૂર્તિઓ પૈકી વડનગરની મૂર્તિ સેવ્ય સ્વરૂપની હોઈ કોઈ પ્રાચીન મંદિરમાંથી લાવવામાં આવી હોવાનું અનુમાન છે. આ બન્ને પ્રતિમાઓ ચૌલુક્ય કાળ જેટલી પ્રાચીન હોવાનું તેના શિલ્પ વિન્યાસને આધારે જણાય છે. આવી જ એક પ્રતિમા આબુ ઉપર આવેલ અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં બેસાડેલી વિષ્ણુમૂર્તિઓમાં પણ છે. તેનું ભાસ્કર્ય વડનગરની મૂર્તિને અનુરૂપ હોઈ કાંઈક સામ્ય ધરાવે છે.

જનાર્દન

જનાર્દનની લગભગ ચાર-પાંચ પ્રતિમાઓ મળી આવી છે,






૬૩



૧૫. નૃવરાહ (કદવાર)　　　　પૃ. ૧૫૧-૫૨

૬૪



૧૬. આદિવરાહ (બિહાર)　　　　પૃ. ૧૫૨

१९ अ



૧૯ અ. શિવ (શામળાજી)   પૃ. ૨૬૪ (સુ.)

તેમાં ત્રણ મૂર્તિઓ તો પાટણમાંથી જ પ્રાપ્ત થઈ છે. ખેડા જિલ્લાના તૈયપુર ગામમાંથી મળેલી મૂર્તિ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે. તેના ચારે હાથોમાં અનુક્રમે પદ્મ, ચક્ર, શંખ અને ગદા ધારણ કરેલ હોઈ, તે તેરમા સૈકા જેટલી પ્રાચીન છે. પાટણના વૈજનાથ મહાદેવમાંની જનાર્દનની મૂર્તિ કાળા આરસપહાણમાંથી બનાવેલ હોઈ તેના માથા ઉપર મુકુટ, શરીર ઉપર અલંકારો અને પગ પાસે પરિવારદેવો મૂકેલા છે. આ પ્રતિમાનું શિલ્પવિધાન ઉત્કૃષ્ટ પ્રકારનું હોઈ, આજે પણ તેની પોલીશ ચમકદાર આંજી નાખે તેવી જ જણાય છે. આવી જ બીજી પ્રતિમાઓ પાટણના હષીકેશ અને ગણપતિનાં મંદિરોમાં બેસાડેલી છે. આ બધાં સ્વરૂપો કોઈ પ્રાચીન મંદિરોમાંથી લાવી અહીં ભીંતોમાં ચોડી દીધાં હશે એવું અનુમાન છે. આ સિવાય સેન્ટ ઝેવિયર્સ કૉલેજના મ્યુઝિયમમાંથી જનાર્દનની એક ધાતુપ્રતિમા મળી છે.[૯] તેને પણ ચારે હાથમાં ઉપર પ્રમાણે આયુધો હોઈ, નાના-નાના પરિવારદેવોનાં સ્વરૂપો તેમની સેવા કરતાં બતાવ્યાં છે. આ ધાતુપ્રતિમા કોઈ ભાવિક ભક્તે ગૃહમંદિર માટે નિત્ય પૂજન કરવા બનાવી હશે એમ લાગે છે. સેન્ટ ઝેવિયર્સ કૉલેજની IB/૧૯ નંબરની પ્રતિમાને વાસુદેવ તરીકે ઓળખાવી છે,[૧૦] પણ આ મૂર્તિને દક્ષિણાવર્તક્રમ પ્રમાણે પદ્મ, ચક્ર, શંખ અને ગદા વ. આયુધો હોવાથી તે પણ જનાર્દનની હોવાનું હું અનુમાનું છું.

ઉપેન્દ્ર

જનાર્દનની માફક ઉપેન્દ્રની પણ કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. વડનગરમાં હાટકેશ્વર મહાદેવના મંદિરની જંઘામાં તેવી એક પ્રતિમા મૂકેલી છે. તેના ચારે હાથમાં અનુક્રમે શંખ, ગદા, ચક્ર અને

---

9. Dr. Hasmukh Sankalia, A paper on 'Jaina Iconography in the Journal of Indian & Iranian Studies,' vol. I page 339
10. Ibid, page 348

પદ્મ ધારણ કરેલાં હોઈ નીચે ગરુડ બતાવ્યો છે. આ પ્રતિમા મંદિરની ઝંઘામાં અલંકાર મૂર્તિ તરીકે બનાવેલી હોવાથી સેવ્ય સ્વરૂપ જેવું તેનું કલાવિધાન આકર્ષક બન્યું નથી. વડોદરા મ્યુઝિયમમાં તેમજ પાટણમાં ડૉ. પંડયા અભ્યાસગૃહના કલાપ્રદર્શનમાં ઉપેન્દ્રની મૂર્તિઓ મૂકેલી છે. જોકે આ બન્ને પ્રદર્શનોમાંની મર્તિઓ ખંડિત છે. છતાં ઉપરના બન્ને હાથમાં આયુધો અખંડ હોવાથી તે ઉપેન્દ્રની મૂર્તિઓ હશે એવું અનુમાન છે. આ બન્ને પ્રતિમાઓનું ભારકર્ય ઊંચી કક્ષાનું હોઈ અલંકાર, વસ્ત્રો અને તેનાં પ્રત્યેક અંગો એટલાં સુડોળ તેમજ સુંદર બનાવ્યાં છે કે જેને જોતાં જ તે મૂર્તિકલાના અપૂર્વ નમૂનાઓ હોવાનું પ્રતિત થાય છે.

શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણની અનેક પ્રતિમાઓ તેમના ચરિત્રને અનુરૂપ વેશભૂષા અને આયુધોવાળી મળે છે. પરંતુ કેશવાદિ ચતુર્વિંશતિ ભેદના નિયમે બનાવેલી વિષ્ણુમૂર્તિઓ ક્વચિત્ જ મળે છે. શ્રીકૃષ્ણની એક પ્રતિમા આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં બેસાડેલી વિષ્ણુ મૂર્તિ-ઓમાંથી મળી છે. તેને માથે મુકુટ, શરીર ઉપર આભૂષણો, પગ પાસે પરિવારદેવો, તેમ જ ચારે હાથમાં અનુક્રમે શંખ, ગદા, કમળ અને ચક્ર ધારણ કરેલાં હોવાનું જણાવ્યું છે. આવી જ એક નાની ધાતુપ્રતિમા સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રદર્શનમાં મજેલ હોઈ તેને પણ યુક્ત આયુધો અને માથા પાસે બન્ને બાજુ શિવ તથા બ્રહ્મા અને પાછળ પ્રભામંડળ વ. બનાવેલું છે. આ મૂર્તિ કદમાં નાની તેમ જ ધાતુ-પ્રતિમા હોવા છતાં તેમાં કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ સમાયેલી છે.

ગુજરાતની વિશિષ્ટતાઓ

આ પ્રમાણે કેશવાદિ ચોવીસ સ્વરૂપો પૈકી એકવીસ નાની-મોટી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી છે. જ્યારે બાકીની વિષ્ણુ, નૃસિંહ અને હરિની મૂર્તિઓ હજી સુધી મારા જોવામાં આવી નથી. પરંતુ તેવી પ્રતિમાઓ પણ ગુજરાતમાં બનતી હશે એમાં શક

નહિ, કારણ કે બીજાં સ્વરૂપોની સાથે આ ત્રણ સ્વરૂપો પણ પ્રચારમાં હોવાં જોઈએ. ગુજરાત સિવાય બહારનાં રાજ્યોમાં આવી કેટલીક પ્રતિમાઓ મળી છે, પણ શાસ્ત્રીય લક્ષણોથી યુક્ત પ્રતિમાઓ મળતી હોવાનું બીજા કોઈ વિદ્વાનોએ નોંધ્યું નથી. હિંદુ મૂર્તિશાસ્ત્રના વિદ્વાન લેખક સ્વ. ડૉ. ટી. ગોપીનાથરાવે પણ પોતાના ગ્રંથ Hindu Iconographyમાં ચોવીસમાંથી ફક્ત કેશવ, માધવ, ગોવિંદ, મધુસૂદન, હરિ અને શ્રીકૃષ્ણ–એમ છ સ્વરૂપોની પ્રતિકૃતિઓ જ રજૂ કરી છે, જે મહીસૂર રાજ્યના બેલુરમાં આવેલ ચિન્નકેશવના મંદિરમાં એક સાથે હોવાનુ પણ તેમણે જણાવ્યું છે. શ્રી. પંડિત વિદ્યાવિનોદે પોતાના ગ્રંથમાં કલકત્તા મ્યુઝિયમમાંના ત્રિવિક્રમ, જનાર્દન, અધોક્ષજ અને શ્રીધર–એમ ચાર સ્વરૂપોની જ પિછાન આપી છે, જ્યારે મરાઠી મૂર્તિવિજ્ઞાનના વિદ્વાન લેખક શ્રી, ગણેશ હરિ ખરેએ દક્ષિણમાંથી પ્રાપ્ત માધવ, કેશવ, નારાયણ અને જનાર્દનના જ ઉલ્લેખો નોંધ્યા છે. આમ, ગુજરાત સિવાય કોઈ પણ રાજ્યમાં ચોવીસે સ્વરૂપો થતાં હશે એવી નોંધ હજી સુધી મને મળી નથી. આ બધાં સ્વરૂપો તો આબુ ઉપર અચલેશ્વર મહાદેવમાં એકી સાથે મળે છે અને જુદાં-જુદાં સ્થળોએ છૂટાછવાયાં તો છે જ. આમ ચોવીસે સ્વરૂપોની પૂજા વ. નો પ્રચાર બીજાં રાજ્યોના મુકાબલે ગુજરાતમાં વધુ ફેલાયો હતો તેમ જ ગુજરાતે તેમાં પોતાની સ્વતંત્ર પરંપરા ઊભી કરી હતી એમ કહીશું તો તે અસ્થાને નહિ ગણાય.

અવતારો

ગીતામાં ભગવાને પોતાના અનેક જન્મ થઈ ગયાની નોંધ કરી છે અને ધર્મસંસ્થાપન અને દુષ્ટોના વિનાશ માટે જન્મ લેતા હોવાનું જણાવ્યું છે. વિષ્ણુના અવતારોના બીજ વૈદિક સંહિતાઓ, બ્રાહ્મણો અને અન્ય ગ્રંથોમાંથી મળી આવે છે. વિષ્ણુના કુલ ચોવીસ અવતારો મનાય છે, પરંતુ જુદા જુદા ગ્રંથોમાં તેમના ઓછાંવત્તાં નામો મળી આવે છે. જો કે આ ચોવીસ અવતારોમાં મત્સ્યાદિ

દસ અવતારો મુખ્ય છે. જુદાં જુદાં પુરાણો અને અન્ય ગ્રંથોએ અવતારોના મુખ્ય ત્રણ ભેદ પાડ્યા છે : (૧) પૂર્ણાવતાર (૨) કલાવતાર (૩) છાયાવતાર–આ બધાની વિગતવાર ચર્ચા અત્રે નહિ કરતાં ગુજરાતમાં પ્રચલિત અવતારો અને મૂર્તિવિધાનની જ ચર્ચા કરીશું.

ચોવીસમાંથી મુખ્ય ગણાતા દસે અવતારોનો ગુજરાતમાં પ્રચાર હતો કે કેમ? તે સંબંધમાં તપાસ કરતાં વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ અને કૃષ્ણની પુજા ગુજરાતમાં પ્રચલિત હતી એમ તેઓના પ્રાચીન અને અર્વાચીન પ્રાપ્ત મંદિરો અને મૂતિઓને આધારે જણાય છે. જ્યારે મત્સ્ય, કૂર્મ, બુદ્ધ અને કલ્કિનાં સ્વતંત્ર મંદિરો ગુજરાત–સૌરાષ્ટ્રમાં હોવાનું જણાયું નથી. દક્ષિણ ગુજરાતના શાસનકર્તા, રાષ્ટ્રકૂટ રાજદંતીદુર્ગે બંધાવેલાં ઇલોરાનાં ગુફામંદિરોમાં દશાવતારનું મંદિર છે, જેમાં વામન, નૃસિંહ, વરાહ વ.ની મૂર્તિઓ મૂકેલી છે. દશાવતારના મંદિરો બનાવવાની પરંપરા મધ્યકાળમાં પ્રચલિત હશે એમ પાટણના સુપ્રસિદ્ધ સહસ્રલિંગ ઉપર બાંધવામાં આવેલા દશાવતારી મંદિરના ઉલ્લેખો ઉપરથી જાણી શકાય છે.[૧૧] દશાવતારની નાની–મોટી મૂર્તિઓ એકસાથે કોતરેલી હોય છે તેવી નાની–મોટી અનેક પટ્ટીઓ ગુજરાતમાંથી કેટલાંક સ્થળોએથી મળી આવી છે. એ મોટે ભાગે મંદિરોની શૃંગારમૂર્તિઓ હોવાનું જણાય છે.

મત્સ્યાવતાર

અવતારોમાં મત્સ્ય અવતાર પ્રથમ સ્થાને છે. મત્સ્યાવતારની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાં કોઈ સ્થળેથી મળી નથી. દશાવતારના પટ્ટા સિવાય ભારતનાં અન્ય રાજ્યોમાંથી પણ મત્સ્યાવતારની સ્વતંત્ર પ્રતિમા ઉપલબ્ધ થયાનું જાણવા મળ્યું નથી. દશાવતારનો પટ્ટો ગુજરાતમાંથી ઘણી જગ્યાએથી મળી આવે છે. સિદ્ધપુરના નીલકંઠ મહાદેવના મંદિરમાં, વડનગર અમથેર દરવાજા બહારના

૧૧. દ્વયાશ્રય મહાકાવ્ય, અ. ૧૫, શ્લોક ૧૧૯. સરસ્વતી પુરાણ, અ. ૧૬, શ્લોક ૬૨.

વિષ્ણુમંદિર બહારની દીવાલમાં, પાટણમાં કાલિકા માતાના મંદિરની ભીંતમાં, વાઘવાણી માતાના મંદિરની બહારની ભીંતમાં અને સાચલા હનુમાન પાસે મહાદેવમાં આવા પટ્ટાઓ મૂકેલા છે, જેમાં મત્સ્યાવતારની નાની–મોટી પ્રતિમાઓ જોવામાં આવે છે. આ બધામાં ચતુર્વર્ગ ચિંતામણિ વ. ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે અર્ધું સ્વરૂપ વિષ્ણુનું જ્યારે પેટથી નીચેનો ભાગ મત્સ્યાકાર બનાવેલો હોય છે. તેના બે હાથોમાં શંખ તેમ જ ગદા ધારણ કરેલાં હોઈ, માથે કિરીટ મુકુટ, ગળામાં અલંકારો, કાને કુંડળ વ. ધારણ કરેલાં જોવામાં આવે છે. આ સિવાય કેટલીક વિષ્ણુપ્રતિમાઓની પીઠિકાઓમાં પણ દશાવતારનાં મંડલો કોતરેલાં મળે છે. તેમાંથી પણ આગળ જણાવ્યા પ્રમાણેની મત્સ્ય સ્વરૂપની પ્રતિમાઓ જોવા મળે છે. તેવી જ રીતે, મણુંદના વિષ્ણુ મંદિરમાં, દેલવાડામાં વિમળશાહના મંદિરમાં અને માંગરોળની જામી મસ્જિદની છતોમાં ભવ્ય નાગપાશ કોતરેલા હોઈ તેનાં કેટલાંક વર્તુળોમાં વિષ્ણુના અવતારો મૂક્યા છે તેમાંથી પણ મત્સ્યાવતારની નાની મૂર્તિઓ મળી છે. આ બધાનું કલાવિધાન પણ ઉપર પ્રમાણે જ છે.

કૂર્માવતાર

વિષ્ણુનો બીજો અવતાર કૂર્મનો માનવામાં આવે છે. આ અવતારની કથાઓ અનેક પુરાણો અને અન્ય ગ્રંથોમાંથી મળે છે. તેના પ્રતિમાવિધાન માટે આગળ જણાવ્યા પ્રમાણે મત્સ્યસ્વરૂપના નિર્દેશ કરતા ગ્રંથોમાંથી તેવાં જ વર્ણનો મળે છે. કૂર્માવતારની પણ સ્વતંત્ર પ્રતિમાઓ જવલ્લે જ મળે છે. પણ મત્સ્યાવતારની માફક દશાવતારના પટ્ટામાંથી નાની પ્રતિમાઓ મળે છે. તેમાં પણ ભગવાનનું અર્ધું સ્વરૂપ મનુષ્ય જેવું, માથે કિરીટ મુકુટ, બે હાથમાં કમળ તથા ગદા, શરીર ઉપર અલંકારો અને પેટથી નીચેનો ભાગ કાચબા જેવો બનાવેલો હોય છે. આ સિવાય કૂર્માવતારની કેટલીક પ્રતિમાઓ સમુદ્રમંથનના શિલ્પમાંથી મળે છે, જેમાં તેમનું સ્વરૂપ કેવળ કાચબા જેવું હોય છે. વડનગરના હાટકેશ્વર મહાદેવના મંદિરની ફરતી જંઘામાં

તથા ડભોઈની હીરાભાગોળે બે બહારની ભીંતમાં સમુદ્રમંથનનાં શિલ્પો કોતરેલાં છે. તેમાં સમુદ્રની અંદર કૂર્મ, ઉપર મંદર પર્વત, તેના ઉપર ભગવાન વિષ્ણુ અને બન્ને બાજુ દેવો તથા દાનવો મંથન કરતા બનાવ્યા છે.

વરાહ અવતાર

વિષ્ણુનો ત્રીજો અવતાર વરાહ(ભૂંડ)નો થયો હોવાનું વેદ અને પુરાણો જણાવે છે. મહાભારત અને અનેક પુરાણોમાં થોડાક ફેરફાર સાથે આ અવતારની એકસરખી આખ્યાયિકાઓ મળી આવે છે. વરાહઅવતારનાં આદિવરાહ, યજ્ઞવરાહ અને શ્વેતવરાહ નામો કલ્પભેદે પડયાં હોવાના ઉલ્લેખો મળે છે, પણ મૂર્તિવિધાનમાં આદિવરાહ અને નૃવરાહ એવા બે ભેદો જણાવતાં દરેકનાં રૂપવિધાનો કલ્પ્યાં છે. નૃવરાહમાં શરીર મનુષ્યનું અને મોઢું વરાહનું હોય છે, જ્યારે આદિવરાહમાં સર્વાંગ શરીર વરાહ જેવું બનાવવા માટે સૂચવ્યું છે. આ જ પ્રમાણે બન્ને પ્રકારની પ્રતિમાઓ પણ મળી આવે છે. આ બન્ને પ્રકારની વિશિષ્ટતાઓ અને ભેદો રજૂ કરતાં વર્ણનો વિગતપૂર્ણ રીતે (૧) અભિલષિતાર્થ ચિંતામણિ[૧૨] (૨) રૂપાવતાર[૧૩] (૩) રૂપમંડન[૧૪] (૪) વિષ્ણુધર્મોત્તર[૧૫] (૫) શિલ્પરત્ન[૧૬] (૬) શ્રી તત્ત્વનિધિ[૧૭] અને માનસોલ્લાસમાં આપ્યાં છે. આ બધાં પ્રમાણે નૃવરાહ અને આદિવરાહની મૂર્તિઓ ઉપરાંત ત્રીજી સામાન્ય મનુષ્ય જેવી પ્રતિમા બનાવવાનો પણ આદેશ જોવામાં આવે છે.

ગુજરાતમાંથી વરાહનાં કેટલાંક મંદિરો આજે જુદા જુદા પ્રદેશોમાંથી મળી આવે છે. તે બતાવે છે કે વરાહને ઇષ્ટદેવ તરીકે માનનાર

૧૨. અભિલષિતાર્થ ચિંતામણિ, ૩-૧-૭-૩૮
૧૩. રૂપાવતાર, અધ્યાય ૫, શ્લોક ૭૨ થી ૭૬
૧૪. રૂપમંડન, અધ્યાય ૩, શ્લોક ૨૪
૧૫. વિષ્ણુધર્મોત્તર, ખંડ ૩, અ. ૭૯, શ્લો. ૧ થી ૯
૧૬. શિલ્પરત્નમ્ ૨૫-૧૧૨, ૨૩-૧૦, ૨૩-૧૧
૧૭. શ્રીતત્ત્વનિધિ, પા. ૫૪

અને પૂજનારા અર્ચકો ગુજરાતમાં હતા. લાટ અને બાદામિ ઉપર શાસન કરતા ચૌલુકયોના તો ઇષ્ટદેવ વરાહ હતા એમ તેમના તામ્રપત્રોના આધારે માલૂમ પડે છે. તેમના દરેક તામ્રપત્રમાં વરાહની સ્તુતિ કરતું મંગલાચરણ[૧૮] મૂકેલું જોવામાં આવે છે. આ સિવાય તેમના સમકાલમાં ખોદાયેલી બાદામિની ગુફાઓમાં પણ મોટા કદની વરાહની પ્રતિમાઓ કોતરવામાં આવી છે. આ બધાં ઉપરથી ચૌલુકયોના ઇષ્ટદેવ વરાહ હતા એમ સિદ્ધ થાય છે.

સૌરાષ્ટ્રમાં જાફરાબાદ પાસે સમુદ્રકિનારે વરાહ સ્વરૂપ ગામમાં તેમજ જૂનાગઢ નજદીક કડવારમાં વરાહનાં સ્વતંત્ર મંદિરો આવેલાં છે. પાટણના સહસ્રલિંગ સરોવર ઉપર વરાહતીર્થ નજદીક વરાહ ભગવાનનું મંદિર હતું એમ સરસ્વતી પુરાણને આધારે જાણવા મળે છે. હાલના પાટણમાં પણ આજથી પચીસથી ત્રીસ વર્ષ ઉપર એક વરાહ મંદિર હતું એમ વૃદ્ધો પાસેથી જાણવા મળે છે. ગુજરાત રાજસ્થાનની સરહદે આવેલા ધરણીધર ગામમાં પૂર્વકાળે ધરણી વરાહનું મંદિર હતું એમ જાણવા મળે છે. ધરણી વરાહના મંદિરનો મુસ્લિમોના હાથે નાશ થવાથી પાછળથી હાલની દ્વારિકાધીશ જેવી ચતુર્ભુજ મૂર્તિ ઈડરથી લાવી ત્યાં બેસારવામાં આવી હોવાનું જનશ્રુતિ દ્વારા માલૂમ પડે છે.

નૃવરાહ

વરાહ ભગવાનની સેવ્ય પ્રતિમાઓ કેટલેક ઠેકાણેથી મળે છે તેના કરતાં મંદિરોની જંઘાઓ, છતો, દશાવતારનાં મંડલો અને મંદિરોની શૃંગારમૂર્તિઓમાંથી તેનાં સેંકડો રૂપો મળી આવે છે. વરાહનાં બે સ્વરૂપો પૈકી આદિવરાહ કરતાં નૃવરાહની મૂર્તિઓ મોટા પ્રમાણમાં ગુજરાતના પ્રાચીન મંદિરોમાંથી મળી આવી છે. કડવારના વરાહ

૧૮. जयत्याविष्कृतं विष्णोर्वाराहं क्षोभितार्णवम् ।
दक्षिणोन्नत दंष्ट्राग्रे विश्रान्तभुवनंवपुः ॥

મંદિરમાં વરાહની એક સુંદર પ્રતિમા બેસાડેલી છે. તેને બે હાથ, એક કેડ ઉપર મૂકેલો જ્યારે બીજામાં ગદા, મોઢું વરાહ જેવું, દાઢોમાં પૃથ્વી ધારણ કરેલ, ખભા ઉપર ભૂદેવી બેસારેલાં, નીચે પગ પાસે પાંચ ફણાવાળો શેષ જેના માથા ઉપર વરાહ ભગવાને એક પગ મૂકેલો છે તેવી અપ્રતિમ મૂર્તિ બનાવવામાં આવી છે. આ સિવાય, સૌરાષ્ટ્રના થાન અને ચુંવારિયાનાં પ્રાચીન મંદિરોમાંથી પણ આવી નુવરાહની પ્રતિમાઓ મળી આવી છે. મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં આવી જ એક ભવ્ય પ્રતિમા મૂકેલી છે, જે આશરે પાંચ ફૂટ ઊંચી, મોઢું વરાહ જેવું, હાથ ચાર–તે પૈકી જમણો એક હાથ ખંડિત અને બીજો એક કટીપ્રદેશ ઉપર મૂકેલો, ડાબા બેમાં ચક્ર અને બીજો ખંડિત. પગ પાસે પૃથ્વીદેવી સ્તુતિ કરતાં હોઈ તેમના માથા ઉપર ભગવાને એક પગ મૂકેલો છે, જ્યારે પીઠિકામાં, અનેક દેવોને સ્તુતિ કરતા જણાવ્યા છે.

અજમેર મ્યુઝિયમમાં વરાહની બે–ત્રણ પ્રતિમાઓ મૂકેલી છે તેમાં વરાહ ભગવાન ઊભેલા, હાથ ચાર, તેમાં એક કેડ ઉપર, બીજાઓમાં અનુક્રમે ગદા, શંખ અને ચક્ર ધારણ કરેલા, દાઢમાં પૃથ્વી ધારણ કરેલી અને પગ પાસે શેષ વ. જણાય છે. વીસનગર તાલુકાના વાલમ ગામમાં વિષ્ણુ મંદિરની અંદર આગળ જણાવેલા વર્ણનને અનુરૂપ વરાહની સુંદર મૂર્તિ બેસારેલી હોઈ, તે કોઈ વરાહ-મંદિરની ર.૦। પ્રતિમા લાગે છે. આ સિવાય, મણુંદ, કમરા, સંડેર, સુણક, અને મોઢેરા વ. નાં પ્રાચીન મંદિરોની જંઘાઓ, છતો તેમ જ શિખરોમાં ઉપર જણાવેલાં વર્ણનોને મળતી વરાહ મૂર્તિઓ કોતરેલી મળી છે. આ બધી પ્રતિમાઓનું કલાવિધાન એક રૂપ હોવાથી એટલું તો સમજી શકાય છે કે મધ્યકાલીન શિલ્પીઓએ રૂપવિધાનમાં અંગ-સૌષ્ઠવ અને પ્રમાણની યોજના એકસરખી જાળવી રાખી હતી. આબુ ની તળેટીમાં ઈસરા ગામથી લગભગ બે માઈલ દૂર વારથાનજીની ગુફાના દ્વાર પાસે નૃવરાહની એક ભવ્ય પ્રતિમા ઊભી છે તે પણ આગળ

જણાવેલા વર્ણનને અનુરૂપ છે. પણ કદમાં મોટી હોવાથી ભયાનકતા વ્યક્ત કરે છે. અડાલજમાં કેટલીક પ્રાચીન મૂર્તિઓ એક સ્થળે પડેલી છે. તેમાં પણ વરાહની નાની પણ સુંદર પ્રતિમા મળી આવી છે.

આદિવરાહ

આ પ્રકારમાં ભગવાનનું સ્વરૂપ વરાહ પ્રાણી જેવું બનાવવામાં આવે છે. ગુજરાતમાંથી આવી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. તેમાં મોડાસા, વિજાપુર, વિહાર, ઉનાવા, વસિષ્ઠાશ્રમ અને અજમેર મ્યૂઝિયમમાંની મુખ્ય છે. મોડાસામાંથી આદિવરાહની એક ભવ્ય પ્રતિમા કાળા આરસની મળી છે. તેનું કલાવિધાન શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણેનું, સપ્રમાણ અને મનોરમ બનાવાયું છે. તેના રૂપવિધાન ઉપરથી તે બારમા–તેરમા સૈકા જેટલી પ્રાચીન લાગે છે. આ મૂર્તિ દોડવાની તૈયારી કરતો વરાહ હોય તેવી બનાવી છે. તેના આગળના પગ પાસે મોઢાની નીચે કૂર્મ, તેના ઉપર શેષનું માનવસ્વરૂપ બે હાથ જોડી સ્તુતિ કરતું માથા ઉપર સાત ફણાવાળું જણાવ્યું છે. આ નાગના પૂંછડાવાળો ભાગ વરાહના ચારે પગો વચ્ચે થઈ પૂંછડાને મળે છે, જ્યાં વરાહ અને નાગનું સંલગ્નીકરણ કરતાં બન્નેના પૂંછડાની ગાંઠ પાડી છે. વરાહના ડાબા પડખે મુખ નીચે શેષની બાજુમાં પૃથ્વી દેવીની નાની મૂર્તિ કોતરેલી છે. તેનો અંગવિન્યાસ ત્રિભંગયુક્ત બનાવ્યો હોઈ તે કૂર્મ ઉપર ઊભી રહી એક હાથે વરાહના મુખને સ્પર્શ કરતી બતાવી છે. વરાહની પીઠ ઉપર હાથી અને ઘોડા ઉપર બિછાવવામાં આવે છે તેવો સાજ બતાવતાં તેમાં બ્રહ્માપ્રમુખ અનેક દેવતાઓને સ્તુતિ કરતા કોતર્યા છે. તેના પગોનો મરોડ અને ભંગ તેની પરમ-શક્તિનો સાચો ખ્યાલ રજૂ કરતો હોઈ, તેના વીરત્વની અજબ છાપ પાડે છે. ડાબી બાજુના આગલા તથા પાછલા પગ પાસે ચક્ર તથા શંખ છે, જ્યારે પુચ્છ પાસે કમલ અને બે પગ વચ્ચે ગદાને રજૂ કરતાં વિષ્ણુ ભગવાનના સ્વરૂપનું સાચું રહસ્ય સમજાવે છે. ગુજરાતમાંથી મળતી આદિવરાહની મૂર્તિઓમાં આ નમૂનો અદ્ભુત અને વિરલ

છે. હાલમાં આ મૂર્તિ મોડાસા પાસે સબલપુરના વિષ્ણુ મંદિરમાં મૂકવામાં આવી છે.

વિજાપુરમાંથી પણ એક આદિવરાહની સુંદર મૂર્તિ આશરે બે ફૂટ પહોળી અને પોણા ત્રણ ફૂટ લંબાઈની કાળા આરસની મળી છે. તેનું કલાવિધાન સંપૂર્ણતઃ ઉપર જણાવેલી મોડાસાની મૂર્તિને અનુરૂપ હોવા છતાં કેટલોક ફેરફાર સૂચવે છે. આમાં મોઢા પાસેના નાગની ડાબી બાજુ મત્સ્યાવતાર, તેની નીચે રામ અને પરશુરામ જણાવ્યાં છે, જ્યારે જમણી બાજુ નૃસિંહ, વામન, અને વિષ્ણુની પ્રતિમાઓ કોતરેલી છે. ટૂંકમાં, આ મૂર્તિમાં દશાવતારો બતાવવામાં આવ્યા છે.

વિજાપુરથી આઠ માઈલ દૂર આવેલા વિહાર ગામમાંથી એક આદિવરાહની પ્રતિમા જમીનમાંથી મળી આવી છે. હાલમાં આ ગામ વેર નામથી ઓળખાય છે, પણ આ પ્રતિમા મળી હોવાના કારણે તેનું પ્રાચીન નામ વરાહનગર હોય તેવું અનુમાન બેસે છે. આ મૂર્તિ સર્વાંશે વિજાપુરની પ્રતિમાને અનુરૂપ જણાય છે, કારણ કે તેમાં જણાવેલા દેવો અને અવતારો આમાંથી વ્યક્ત થાય છે, એટલું જ નહિ, પણ તેનું ભાસ્કર્ય અને કલાવિધાન જોતાં બન્ને સમકાલીન હોય તેવું અનુમાન છે. વિજાપુરની પ્રતિમા તેરમા–ચૌદમા સૈકાની હોવાનું વિદ્વાનોએ અનુમાન્યું છે. અને તે અનુમાને આ પ્રતિમા પણ તે સમયની હશે એમ માનવું અસ્થાને નહિ ગણાય. આ પ્રતિમામાં વરાહની પીઠ ઉપર પાંચ પંક્તિમાં જુદા જુદા પ્રસંગો કોતરેલા છે. તેમાં સમુદ્રમંથન, દેવાસુર સંગ્રામ. અને રામવનવાસનો પ્રસંગ મુખ્ય છે. આ સિવાય કાન ઉપર અશ્વિનો, ચાર પગ ઉપર દિક્‌પાલો, અને શિર પ્રદેશ ઉપર શેષશાયિની મૂર્તિ કોતરવામાં આવી છે, જ્યારે પૂંછડા નીચે કુંભ મૂકયો છે.

આવી જ નાની પ્રતિમાઓ ઉનાવા, વસિષ્ઠાશ્રમ અને સિદ્ધપુરથી છ માઈલ દૂર આવેલા કણી ગામમાંથી મળી છે. કણી ગામમાં તો તેને નંદી તરીકે મૂકવામાં આવી હોઈ તેના ઉપર સિંદૂરના લપેડા કર-

વામાં આવ્યા છે. અજમેર મ્યુઝિયમમાં વાંસવાડાના અથૂણાં ગામમાંથી મળી આવેલી એક આદિવરાહની પ્રચંડ મૂર્તિ મૂકેલી છે. તે પણ કાળા આરસપહાણમાંથી બનાવેલી હોઈ મોડાસાની પ્રતિમાને સર્વાંશે મળતી આવે છે. આ સિવાય પણ ત્યાં નાની–મોટી બીજી આદિવરાહની મૂર્તિઓ મૂકેલી છે. આ મૂર્તિઓ ગુજરાતની મૂર્તિઓને મળતી આવે છે એટલે ગુજરાત રાજસ્થાનમાં એક જ પ્રકારની કલાવિન્યાસ અથવા રૂપવિધાન પદ્ધતિ પ્રચારમાં હશે એમ જાણવા મળે છે. ગુજરાત સિવાય બીજાં રાજ્યોમાંથી પણ આવી જ મૂર્તિઓ મળી આવી છે, પણ તેની ચર્ચા અત્રે અસ્થાને છે.

આ બે પ્રકાર સિવાય પુરાણો અને બ્રાહ્મણોની આખ્યાયિકાઓએ યજ્ઞવરાહ નામનો ત્રીજો પ્રકાર આપ્યો છે. પણ તેના વિધાનના વ્યવસ્થિત ઉલ્લેખો મળતા નથી તેમ જ ગુજરાતમાંથી તેવા પ્રકારની કોઈ મૂર્તિ પ્રાપ્ત થતી નથી.

નૃસિંહ અવતાર

આ અવતાર પણ અર્ધપ્રાણી અને અર્ધ મનુષ્યથી યુક્ત છે. આરણ્યકો અને પુરાણોમાં આ અવતાર વિષેની કથાઓ નોંધાઈ છે. વરાહની માફક નૃસિંહના વિવિધ ભેદો માટે પણ નીચેના અનેક ગ્રંથકારોએ ઉલ્લેખો આપ્યા છે: (૧) અભિલષિતાર્થ ચિંતામણિ[૧૯] (૨) અગ્નિપુરાણ[૨૦] (૩) શ્રી તત્ત્વનિધિ[૨૧] (૪) ચતુર્વર્ગ ચિન્તામણિ[૨૨] (૫) મત્સ્યપુરાણ[૨૩] (૬) રૂપમંડન[૨૪] (૭) રૂપાવતાર[૨૫] (૮) વિષ્ણુ

૧૯. અભિલષિતાર્થ ચિંતામણિ, ૩-૧-૭૪૨
૨૦. અગ્નિપુરાણ, અ. ૪૯, શ્લોક ૪ અને ૧૭
૨૧. શ્રી તત્ત્વનિધિ, પા. ૫૪.
૨૨. ચતુર્વર્ગ ચિન્તામણિ, ૧-૩૨૮
૨૩. મત્સ્યપુરાણ, અ. ૨૬૦, શ્લો. ૩૨ થી ૩૫
૨૪. રૂપમંડન, અ. ૩, શ્લો. ૨૪
૨૫. રૂપાવતાર, અ. ૫, શ્લો. ૮૪-૯૧

ધર્મોત્તર[૨૬] (૯) શિલ્પરત્ન[૨૭]

આ બધાં ગ્રંથવર્ણનોમાં રજૂ કરેલું નૃસિંહનું મૂર્તિવિધાન લગભગ એકસરખું જ હોઈ કોઈમાં બે, ચાર કે આઠ હાથનો જ તફાવત જોવામાં આવે છે. આ સિવાય, તેમાં બીજો કોઈ ફેરફાર માલુમ પડતો નથી. ગુજરાતમાંથી મળતી નૃસિંહની પ્રતિમાઓ મોટે ભાગે ઉપરનાં વર્ણનોને અનુરૂપ હોઈ બે કે ચાર હાથવાળી જ જોવામાં આવે છે.

પ્રતિમાઓ

નૃસિંહનો પૂજાપ્રચાર ગુજરાતમાં ફેલાયો હતો, પણ વરાહની માફક તેને કોઈ રાજ્યાશ્રય મળ્યો હોય એમ જાણવા મળતું નથી. નૃસિંહના સ્વતંત્ર મંદિરો આજે ગુજરાતમાંથી બહુ જ થોડાં મળી આવે છે. પાટણના સહસ્રલિંગ સરોવર ઉપર દશાવતારીમાં વિષ્ણુના દસે અવતારનાં મંદિરો હતાં એટલે ત્યાં નૃસિંહનું પણ મંદિર હશે તેમાં શક નહિ. હાલના પાટણમાં પણ નૃસિંહનું મંદિર છે, જે અર્વાચીન હોઈ ભાવિક ભક્તોએ થોડા વર્ષો પહેલાં જ બંધાવેલું છે. વડોદરામાં તો નૃસિંહ ભગવાન શહેરના અધિનાયક ગણાતા હોઈ તેમનું પ્રાચીન મંદિર શહેરની મધ્યમાં આવેલું છે. સૌરાષ્ટ્રમાં નૃસિંહનાં સ્વતંત્ર મંદિરો હોવાનું જાણવામાં આવ્યું નથી, છતાં વિષ્ણુના બીજા અવતારોની સાથે તેમનું પણ પૂજન-અર્ચન પ્રચલિત હશે એમ માની શકાય.

નૃસિંહની સેવ્ય પ્રતિમાઓ બીજી મૂર્તિઓને મુકાબલે ઘણી જ થોડી મળે છે. છતાં દશાવતારનાં મંડળોમાં, મંદિરની છતમાં, પ્રાચીન મંદિરોની જંઘાઓમાં અને દ્વારશાખા વ.માંથી આવી કેટલીક પ્રતિમાઓ મળી આવે છે. મણુંદ અને દેલવાડાનાં મંદિરોની છતમાં કોતરેલા નાગપાશની આજુબાજુ દશાવતારોમાં નૃસિંહની નાની પ્રતિમાઓ ચાર હાથવાળી કોતરવામાં આવી છે. આ સિવાય કેટલીક વિષ્ણુ-મૂર્તિઓના પીઠિકાઓમાં દર્શાવેલાં દશાવતારનાં મંડળોમાંથી પણ ઉપર પ્રમાણેની પ્રતિમાઓ મળે છે. સંડેરનાં પ્રાચીન મંદિરો પૈકી દક્ષિણ બાજુના મંદિરની જંઘામાં નૃસિંહની મોટી પ્રતિમા ઉક્ત લક્ષણોથી યુક્ત કોતરવામાં આવી છે. જો કે હવા અને ક્ષારના કારણે ઘણો ખરો ભાગ ઘસાઈ ગયો હોવા છતાં, તેમાં તે મૂર્તિનું કલાવિધાન સુંદર ભાસે છે.

૨૬. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ७૮, શ્લો. ૨ થી ૧૨

૨૭. શિલ્પરત્ન, ૨૩/૭-૨૩-૯/૨૫ ૧૧૭

કડવારના વરાહ મંદિરમાં નૃસિંહની ગરુડારૂઢ પ્રતિમા સ્થાપન કરેલી છે. સામાન્યતઃ જાણે તે ઊભી પ્રતિમા હોય તેવો ભાસ તેના ભંગ ઉપરથી થાય છે; છતાં ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાથી તે વાહનારૂઢ જણાય છે. તેના ચાર હાથ પૈકી બેમાં ગદા તથા ચક્ર, જ્યારે બાકીના બે હાથો હિરણ્યકશિપુને ચીરતા હોવાનું બતાવેલું છે. આ ઉપરાંત, તેના ખોળામાં હિરણ્યકશિપુને સુવાડેલો, ભયંકર સ્વરૂપ, માથે તથા ગળાની આસપાસ લાંબા વાળ, જીભ બહાર નીકળેલી તેવું ભયાનક સ્વરૂપ કલાવિધાનની દૃષ્ટિએ ઉત્તમ લાગે છે.

સિરોહીમાં નૃસિંહની ભવ્ય પ્રતિમા હોવાનો ઉલ્લેખ મિસ સ્ટેલા ક્રામરીશે આપ્યો છે. ડભોઈની વડોદરી ભાગોળે નૃસિંહનું એક વિકૃત સ્વરૂપ આજે પણ વિદ્યમાન છે. તેનું રૂપવિધાન આગળ જણાવેલા વર્ણનને અનુરૂપ હોઈ ફક્ત વધુમાં તેને ત્રણ મુખ જણાવ્યાં છે. મોઢેરાના પ્રખ્યાત સૂર્યકુંડ ઉપરની એક દેરીમાં નૃસિંહની સુંદર પ્રતિમા મૂકેલી છે. તેને ચાર હાથ, તે પૈકી બેમાં ગદા તથા ચક્ર અને બે વડે દૈત્યનું વિદારણ કરતાં હોવાનું જણાય છે. ગુજરાતમાંથી મળતી નરસિંહની સેવ્ય પ્રતિમાઓમાં આ એક વિરલ નમૂનો છે. આવી જ બીજી પ્રતિમા સૂર્ય-મંદિરમાં રંગમંડપના એક વિશાળ સ્તંભમાં વ્યક્ત કરી છે. આ બધા કરતાં અજમેર મ્યુઝિયમમાં મૂકવામાં આવેલી ચંદ્રાવતીની પ્રતિમા તક્ષણ કલાનો અપ્રતિમ નમૂનો છે. ઉપર જણાવેલી બધી મૂર્તિઓ કરતાં તેના પ્રત્યેક અંગમાં ભવ્ય મોહકતા તેના શિલ્પીએ રજૂ કરી છે. આબુ પર્વતથી અણાદરા બાજુ ઊતરતાં અણાદરાથી અઢી માઈલ દૂર, કોડીધ્વજની એકાદ માઈલ છેટે દેવાંગણજીનું સ્થાન છે. ત્યાંના પ્રાચીન

વિષ્ણુમંદિરમાં નૃસિંહની બે છૂટી પ્રતિમાઓ પડી છે, જેનું કલાવિધાન અજમેરની પ્રતિમાને સર્વાંશે મળતું આવે છે. આબુ ઉપર દેલવાડાનાં મંદિરો પૈકી વિમલવસહિમાં છેતાલીસ નંબરની દેરી આગળના મંડપની છતમાં નૃસિંહ ભગવાનની ભવ્ય પ્રતિમા કોતરેલી છે. તેનું સ્વરૂપ કલાયુક્ત હોવા છતાં, ભયાનકતા વ્યક્ત કરે છે, તેટલું જ નહિ પણ તેને આઠ હાથ બતાવવામાં આવ્યા છે. નૃસિંહની આઠ હાથની આ એક જ મૂર્તિ જોવામાં આવી છે. ઈડરથી બાર માઈલ દૂર વીરેશ્વરમાં નૃસિંહની એક પ્રાચીન પ્રતિમા મૂકેલી છે.

શાલિગ્રામમાં પણ અનેક પ્રકારો પૈકી નૃસિંહ શાલિગ્રામ હોય છે. પાટણમાં નૃસિંહજી ભગવાનનું એક પ્રાચીન મંદિર છે. તેમાં નૃસિંહની કોઈ પણ પ્રકારની પ્રતિમા જણાતી નથી, પણ નૃસિંહ શાલિગ્રામ જ પ્રધાન દેવ તરીકે છે. આ સિવાય, ગુજરાતમાં બીજી અનેક નૃસિંહ મૂર્તિઓ હોવા સંભવ છે. પણ મારા જાણવામાં બીજી પ્રતિમાઓ હજૂ સુધી આવી નથી. વડોદરામાં નરસિંહજીના મંદિરમાં શાલિગ્રામ જ પૂજાય છે.

આ સિવાય, સ્વ. ગોપીનાથ રાવે પોતાના 'હિંદુ મૂર્તિવિધાન' નામક ગ્રંથમાં કેવલ, ગિરિજ યાનક, સ્થૌણ અને વિદારણ નૃસિંહ એવા પ્રકારો વૈખાનસ આગમને આધારે દર્શાવ્યા છે, પણ ગુજરાતમાંથી એવા કોઈ પણ પ્રકારની પ્રતિમા મળી આવતી નહિ હોવાને કારણે તેની ચર્ચા અસ્થાને છે.

વામન

બીજા અવતારો કરતાં આ અવતારના ઘણા ઉલ્લેખો વેદમાંથી પ્રાપ્ત થાય છે. પૌરાણિક, વૈદિક અને તાત્ત્વિક દૃષ્ટિએ વામને ભરેલાં ત્રણ પગલાંમાં સમસ્ત વિશ્વને માપી લીધાની આખ્યાયિકાઓમાંથી વિવિધ તત્ત્વો આપણા ઋષિ-મુનિઓએ શોધ્યાં છે. વેદ ઉપરાંત શતપથ બ્રાહ્મણ, મહાભારત, અને પુરાણોમાં થોડા ફેરફારવાળી કથાઓ આપવામાં આવી છે.

વામનના રૂપવિન્યાસ માટે કેટલાક ગ્રંથોમાં તેનાં વિધાનો નોંધાયાં છે. પણ મોટે ભાગે તે બધાં વર્ણનો એકસરખાં હોઈ તેમાં સ્વરૂપભેદો હોવાનું જણાતું નથી. ત્રિવિક્રમ વામનનું સ્વરૂપ હોવાં છતાં તેનું કલાવિધાન સ્વતંત્ર હોઈ વામનસ્વરૂપ સાથે તે સંબંધ ધરાવતું નથી એમ નીચેના ગ્રંથોમાં આપેલાં વર્ણનો ઉપરથી લાગે છે: (૧) અભિલષિતાર્થ ચિંતામણિ[૨૮] (૨) અગ્નિપુરાણ[૨૯] (૩) મત્સ્યપુરાણ[૩૦] (૪) રૂપમંડન[૩૧] (૫) વિષ્ણુધર્મોત્તર[૩૨] (૬) શિલ્પરત્ન[૩૩] (૭) શ્રી તત્ત્વનિધિ[૩૪].

વિષ્ણુના બીજા અવતારોની માફક વામન ભગવાનનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાંથી ખાસ મળી આવતાં નથી. મધ્યકાળમાં તેવાં મંદિરો બંધાવવાનો પ્રચાર ઓસર્યો હશે એમ કેટલાક ગ્રંથસ્થ પુરાવાઓને આધારે જાણી શકાય છે. ગુપ્ત સંવત ૧૩૭ (ઈ. સ. ૪૫૬)માં સ્કંદ ગુપ્તે નીમેલા સૌરાષ્ટ્રના સૂબા પર્ણદત્તના પુત્ર ચક્રપાલિતે ગિરનાર પાસે કારણ માનુષ (અવતાર સ્વરૂપ) ચક્રધર (વિષ્ણુ)નું મંદિર બંધાવ્યું હતું એમ તેના લેખના આધારે જણાય છે.[૩૫] તેના મંગલાચરણમાં વામનની સ્તુતિ કરેલી હોવાથી, ત્યાં વામનનું મંદિર બંધાવ્યું હશે એવું અનુમાન સયુક્તિક થાય છે. સૌરાષ્ટ્રના વંથલી ગામમાં વામનજીનું મંદિર હોવાનું શ્રી. માનશંકર મહેતાએ 'નાગરોત્પત્તિ' નામક નિબંધમાં જણાવ્યું છે.[૩૬] આ ગામનું પ્રાચીન નામ વામનસ્થલી


૨૮. અભિલષિતાર્થ ચિંતામણિ, ૩-૧-૭૩-૫
૨૯. અગ્નિપુરાણ, અ. ૪૯, શ્લોક ૫
૩૦. મત્સ્યપુરાણ, અ. ૨૬૦, શ્લોક ૩૬-૩૭
૩૧. રૂપમંડન, અ. ૩, શ્લોક ૨૫
૩૨. વિષ્ણુધર્મોત્તર પુરાણ, ખં. ૩, અ. ૮૫, શ્લોક ૫૩-૫૪
૩૩. શિલ્પરત્ન, ૨૫-૧૧૧
૩૪. શ્રી તત્ત્વનિધિ, પા. ૫૫
૩૫. ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૧, લેખ ૧, પા. ૧
૩૬. શ્રી. માનશંકર મહેતાનો 'નાગરોત્પત્તિ' નામક લેખ. (છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો રિપૉર્ટ)

હતું એટલે ત્યાં વામનજીનું મંદિર ચોક્કસ હોવું જોઈએ એમ મારું અનુમાન છે. પાટણના સહસ્રલિંગ ઉપર વામન ભગવાનનું મંદિર હતું એમ સરસ્વતી પુરાણ કહે છે.[૩૭] એટલું જ નહિ પણ તેની પાસેનો ઓવારો કુરુક્ષેત્ર તરીકે ઓળખાતો હતો એમ પણ જણાવ્યું છે. આ સિવાય બીજી કોઈ જગ્યાએ વામનમંદિર હોવાના ઉલ્લેખો મળ્યા નથી. વામનની સેવ્ય મૂર્તિઓ પણ ફક્ત એક બે જ મળી આવી છે. જો કે વિષ્ણુમંદિરોની દ્વારશાખો, જંઘાઓ, સ્તંભો અને છતોમાંથી, તેમજ વિષ્ણુમૂર્તિની પીઠિકાઓમાં દર્શાવેલ દશાવતારનાં મંડળોમાંથી વામનની નાની-મોટી કેટલીયે પ્રતિમાઓ મળી આવી છે, પણ સેવ્ય પ્રતિમાઓ ઘણી જ થોડી મળે છે. બીજાં રાજ્યોમાં પણ તેનો પૂજનપ્રચાર ઝાઝો હોય એમ લાગતું નથી; કારણ કે વામનનાં સ્વતંત્ર મંદિરો બહુ જ ઓછાં મળે છે, જો કે વામનજયંતીનો ઉત્સવ અને વ્રત આજે પણ ગુજરાતમાં પ્રચલિત છે.

વામન ભગવાનની જે થોડી ઘણી મૂર્તિઓ મળી આવી છે. તે બધાંમાં વામન ઠીંગણા, ઊભા, બે હાથ, દરેકમાં કમંડળ અને છત્ર, ખભાઉપર યજ્ઞોપવીત તથા લંગોટી પહેરેલ અને શ્રોત્રીય બ્રાહ્મણ જેવા જણાવ્યા છે. વડનગરના હાટકેશ્વર મહાદેવની જંઘામાં, મણુંદના વિષ્ણુમંદિરની છતમાં, વડનગરમાં એક પ્રાચીન વિષ્ણુમંદિરની દ્વાર શાખમાં, પાટણના શહેરકોટમાં તથા સિદ્ધપુર, પાટણ અને બીજાં અનેક સ્થળોએથી પ્રાપ્ત દશાવતારોના પટ્ટોમાંથી ઉપર જણાવ્યા પ્રમાણેની નાની મૂર્તિઓ મળી આવી છે.

વામનની બે સુંદર પ્રતિમાઓ પૈકી એક મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં અને બીજી અજમેર મ્યુઝિયમમાં મૂકેલી છે. તેમાં વામન ભગવાન ઊભા, એક હાથમાં છત્ર, બીજો ખાલી લટકતો, ગળામાં યજ્ઞોપવીત, માથે શિખા, અને સાદા બ્રાહ્મણ જેવા બનાવેલા છે.


૩૭. સરસ્વતીપુરાણ, સર્ગ ૧૬-૮૧




૧૯ આ. મહાસદાશિવ (પરેલ) પૃ. ૨૯૨(સુ.)



૧૭. નૃસિંહ (આબુ)   પૃ. ૧૯૮



૧૯. ગોવર્ધનધારી (પાટણ) પૃ. ૨૦૮



૧૮. ત્રિવિક્રમ-અવતાર (મોઢેરા) પૃ. ૨૦૧



૨૦. ઉમા-મહેશ્વર (કપૂરાઈ)　　પૃ. ૫૩૯

આ સિવાય, દધિ વામનનો એક પ્રકાર છે, પણ તેની કોઈ મૂર્તિ ગુજરાતમાંથી મળી આવી નથી.

ત્રિવિક્રમ

ત્રિવિક્રમ વામનનો જ અપર પ્રકાર છે. વિષ્ણુના ચતુર્વિંશતિ ભેદો નિરૂપતી કેશવાદિ પ્રતિમાઓમાં પણ તેની નોંધ છે. બન્નેનાં સ્વરૂપો જુદાં હોઈ ફક્ત નામનું જ સામ્ય જણાય છે. આ સ્વરૂપમાં વામન અવતારનો ફલિતાર્થ સમજાવવા પ્રયત્ન કર્યો હોઈ તેમાં બલિને છેતરી ત્રણ પગલાં લેતાં ભગવાનનું દ્યોતક સ્વરૂપ, સાથે સાથે વામન, બલિ, શુક્રાચાર્ય અને બ્રહ્માદિ દેવોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે; તેવાં કેટલાંક વિધાનો અભિલષિતાર્થ ચિન્તામણિ, મત્સ્યપુરાણ, વૈખાનસ આગમ અને શિલ્પરત્નમાંથી પ્રાપ્ત થયાં છે.

આ ગ્રંથોમાં નિરૂપેલાં લક્ષણોવાળી ત્રિવિક્રમની પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી નથી, પણ સામાન્ય ફેરફારવાળી ગૂર્જર કલાવિધાનની વિશિષ્ટ પરંપરા સૂચવતી, થોડીક મૂર્તિઓ જોવામાં આવી છે. તે ઉપરથી ગુજરાતમાં તેવી પ્રતિમાઓ બનાવાતી હશે એમ જણાય છે.

મોઢેરાના સૂર્યમંદિરમાં ત્રિવિક્રમનું એક શિલ્પ છે, તેમાં ભગવાનનું વિશ્વરૂપ જણાવતાં ભગવાન ઊભા, અતિભંગવાળા, નેત્રો પહોળાં, પગ પાસે બલિરાજા અને વામનજી દક્ષિણા લેતા બતાવ્યા છે. આવી જ બીજી પ્રતિમા અજમેર મ્યૂઝિયમમાં મૂકેલી હોઈ તેમાં તેને ચાર હાથ—દરેકમાં અનુક્રમે પદ્મ, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલાં, એક પગ નીચે પૃથ્વી દેવી, બીજો પગ ઊંચો તેમાં આકાશનું રૂપક વ્યક્ત કરતું માનવશીર્ષ, નીચે દેવતાઓ, ઋષિઓ વ. ત્રિવિક્રમના માથે કિરિટમુકુટ, અને ભયંકર સ્વરૂપ વ્યક્ત કરતા ક્રોધાન્વિત બનાવ્યા છે. આવી જ બીજી પ્રતિમા પાટણના ખાનસરોવર તળાવ ઉપર બહુચરાજી માતાના મંદિર પાસે મૂકેલી ખંડિત મૂર્તિઓમાંથી મળી આવી છે. તેનો કેટલોક ભાગ તૂટી ગયો હોવા છતાં તેનું મૂર્તિવિધાન અજમેરની પ્રતિમાને અનુરૂપ માલૂમ પડે છે. આ સિવાય,

સંડેર અને સુણકનાં પ્રાચીન મંદિરોની ઝંઘાઓમાંથી આવી પ્રતિમાઓ મળી આવી છે, પણ તેનો ઘણો ખરો ભાગ તૂટી ગયેલો હોવાથી તેનું કલાવિધાન સ્પષ્ટ જણાતું નથી. ગુજરાતમાં ત્રિવિક્રમનાં સ્વતંત્ર મંદિરો બનતાં હશે કે કેમ? તેના ઉલ્લેખો મળતા નથી, પણ સ્વરૂપો તો બનતાં હશે એમ ઉપરની પ્રાપ્ત મૂર્તિઓ ઉપરથી લાગે છે.

પરશુરામ

પરશુરામ જામદગ્ન્યરામ અગર રામથી પણ ઓળખવામાં આવે છે. ઋગ્વેદમાં ભાર્ગવ રામનાં સ્વતંત્ર સૂક્તો છે;[૩૮] તેવી જ રીતે ઐતરેય બ્રાહ્મણમાં પણ તેના ઉલ્લેખો નોંધાયા છે.[૩૯] મહાભારત અને પુરાણો તો આ ભાર્ગવરામની પરાક્રમકથાઓ વિસ્તારપૂર્વક નોંધે છે.

ગુજરાત સાથે પરશુરામનો ખાસ સંબંધ છે, કારણ કે જમદગ્નિનો આશ્રમ નર્મદાકાંઠે હોવાથી આજે પણ ભરૂચની આસપાસનો પ્રદેશ ભૃગુક્ષેત્ર તરીકે વિખ્યાત છે. તેમણે જ શૂર્પારક (હાલનું સોપારા) વસાવ્યાની કથા બ્રહ્માંડપુરાણમાં છે. ગુજરાત સાથે તેમનો આમ સંબંધ હોવા છતાં તેમનું પૂજન-અર્ચન બીજા દેવોની માફક ગુજરાતમાં પ્રચારમાં આવ્યું હોય તેમ જણાતું નથી. તેમના રૂપવિધાન માટે અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તર, વૈખાનસ આગમ, શ્રી તત્વનિધિ, સમરાંગણ સૂત્રધાર અને રૂપમંડન વ. ગ્રંથોમાં નોંધો છે. તે બધા ઉપરથી પરશુરામનું કલાવિધાન જાણી શકાય છે. પરંતુ દરેકનાં વર્ણનો લગભગ એક સરખાં જ હોઈ ફક્ત સમરાંગણનો કર્તા ચાર કે આઠ હાથ બનાવવાનો નિર્દેશ કરે છે, જ્યારે બીજા ગ્રંથકારો જટામંડળવાળા, પરશુધારી પરશુરામ હોવાનું ભારપૂર્વક જણાવે છે. આથી પરશુરામની પ્રતિમા બે હાથવાળી, પરશુધારી બનાવવાનું સ્પષ્ટ રીતે માલૂમ પડે છે.

ઉપર જણાવ્યું છે તેમ દક્ષિણ ગુજરાત એ પરશુરામનું સ્થાન હોવા છતાં ત્યાંથી તેમની એક પણ પ્રતિમા મળી આવી નથી.

૩૮. ઋગ્વેદ મંડળ ૧૦-૧-૧૦

૩૯. ઐતરેય બ્રાહ્મણ ૭-૫-૩૪

સોનગઢ તાલુકામાં આવેલ સાલ્હેરના કિલ્લામાં તેમની માતા રેણુકાનું મંદિર છે, પણ ત્યાં પરશુરામનું મંદિર નથી પણ તેમની પાદુકાઓ પૂજાય છે. પરશુરામની એક પ્રાચીન પ્રતિમા અમરેલી નજીક ગોહિલવાડ ટીંબાના ખોદકામમાંથી મળી આવી છે. તેનો દેખાવ ભયંકર હોઈ, મૂર્તિના ડાબા હાથમાં કુહાડી રાખેલી બતાવી છે. તેનો કેટલોક ભાગ સ્પષ્ટ નહિ હોવાથી તે બલરામની પણ પ્રતિમા હોય એવું અનુમાન વિદ્વાનોએ કર્યું છે, પણ હાથમાં કુહાડી હોવાને લીધે તે પરશુરામની જ પ્રતિમા હોવાનું હું અનુમાનું છું. આ ટીંબામાંથી પ્રાપ્ત થયેલ વસ્તુઓ અને સિક્કાઓને આધારે ત્યાં ઈ. સ. ના ત્રીજા-ચોથા સૈકામાં સારી એવી માનવવસાહત હતી એટલે આ પ્રતિમાની પ્રાચીનતા તેટલા કાળ સુધી લઈ જવામાં આવે તો તે અયોગ્ય નહિ ગણાય. અમદાવાદ નજીક કોચરબ પાસે આવેલા આશા ભીલના ટેકરાના ખોદકામમાંથી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. તેમાંથી પણ પરશુરામની એક મધ્યકાલીન મૂર્તિ પ્રાપ્ત થઈ છે. જો કે આ મૂર્તિનો કેટલોક ભાગ ખંડિત હોવાથી નિશ્ચિત રીતે તે પ્રતિમા પરશુરામની જ છે એવું કહી શકાતું નથી. આ મૂર્તિને બે હાથ હોઈ એક હાથમાં પરશુ અને બીજામાં અસ્પષ્ટ વસ્તુ છે, માથે જટામુકુટ અને શરીર ખુલ્લું હોવાનું માલૂમ પડે છે. તેનું મોઢું ક્રોધાન્વિત અને કેડે કટીસૂત્ર (કંદોરો) હોવાનું પણ જણાય છે. આ બધાં લક્ષણોને આધારે તે પરશુરામની પ્રતિમા હશે એવું અનુમાન ધરાવવાને કારણ મળે છે. વીસનગરમાં પણ પરશુરામનું મંદિર મોજૂદ છે. આથી ગુજરાત-સારાષ્ટ્રમાં પરશુરામનાં મંદિરો કોઈ કોઈ જગ્યાએ બંધાવવામાં આવ્યાં હતાં એમ સમજી શકાય છે. આ સિવાય, દશાવતારના પટ્ટાઓમાંથી, પરશુધારી પરશુરામની કેટલીક પ્રતિમાઓ જોવામાં આવી છે. સિરોહી રાજ્યના કોજરા ગામમાં પરશુરામનું એક મંદિર હોઈ તેમાં પરશુરામની એક પ્રાચીન મર્તિ બેસાડેલી છે.

શ્રીરામ

વિષ્ણુના બધા અવતારોમાં રામ અને કૃષ્ણનો પ્રચાર ગુજરાતમાં ખૂબ થયો છે. રામે જગત સમક્ષ મૂકેલો આદર્શ નમૂનેદાર ગણાય છે. ભારતીય સંસ્કૃતિનાં ઉદ્બોધક બે મહાકાવ્યો પૈકી રામાયણ આ મહાન વિભૂતિનો ચરિત્રગ્રંથ છે. બીજા અવતારોની માફક રામ માટે વેદમાં ઉલ્લેખો મળતા નથી, પણ ઋગ્વેદમાં એક સ્થળે ઇંદ્ર સીતાનું ગ્રહણ કરતા હોવાની નોંધ છે.[૪૦] બ્રહ્મસૂત્રોમાં પણ તેની થોડી નોંધ છે. પુરાણોમાં પણ તેની કથા થોડા ઘણા ફેરફારો સાથે છે. જો કે રામાવતાર માટે પૂરતાં વૈદિક પ્રમાણોનો અભાવ હોવા છતાં સમસ્ત ભારતવર્ષમાં ભગવાન રામચંદ્ર પ્રત્યેની અપૂર્વ ભક્તિ કૃષ્ણ સિવાય બીજા કોઈ અવતારે પ્રાપ્ત કરી નથી. રામના રૂપવિધાન માટે બે પ્રકારો ગ્રંથાન્તરોમાં નોંધાયા છે. તેમાં એક ઊભી અને બીજી આસનસ્થ. અભિલષિતાર્થ ચિંતામણિ, પાંચરાત્ર, રૂપમંડન, શ્રી તત્ત્વનિધિ વ. ગ્રંથોમાં રામ ઊભેલા તેમાં બાણ, ધનુષ વ. જણાવ્યું છે, જ્યારે અગ્નિપુરાણ ચાર હાથ, દરેકમાં ચાપ, શર, ખડ્ગ અને શંખ ધારણ કરેલ હોવાનું નોંધે છે. રામની આસનસ્થ પ્રતિમા માટે ફક્ત શિલ્પરત્નમાં જુદા જુદા પ્રકારો પાડી નોંધ આપી છે. સમરાંગણકારે તેમનું ટૂંકું વર્ણન રજૂ કરતાં બે, ચાર કે આઠ હાથ-દરેકમાં શંખ, ચક્ર, ગદા વ. ધારણ કરેલાં હોવાનું જણાવેલું છે.

ભગવાન રામનાં સેંકડો મંદિરો આજે ગુજરાતમાં વિદ્યમાન છે પરંતુ મધ્યકાળ પહેલાનું કોઈ મંદિર કે મૂર્તિ આજે અસ્તિત્વમાં નથી. રામપૂજાનો ગુજરાતે ક્યારે સ્વીકાર કર્યો તેની વ્યવસ્થિત હકીકત આપણી પાસે નથી, છતાં એટલું તો જરૂર જણાય છે કે રામાનંદ સંપ્રદાયની અસરથી સર્વવ્યાપી બનેલી રામપૂજા ગુજરાતમાં પણ વિકાસ પામી હતી. પ્રાચીન કાળની કોઈ રામપ્રતિમા આજે મળતી

૪૦. ઋગ્વેદ, ૩-૮-૯

નથી, પણ મધ્યકાળની કેટલીક પ્રતિમાઓ વિવિધ સ્થળોએથી મળી આવે છે. રામાનંદ પંદરમા સૈકામાં થઈ ગયા એટલે રામપૂજાનો પ્રચાર પંદરમા સૈકા પછી વધુ ફેલાયો અને ઉત્તરોત્તર વિકાસ પામતાં આજે ગુજરાતમાં હજારો રામમંદિરો છે. રામની બે પ્રકારની પ્રતિમાઓમાં ફક્ત ઊભી પ્રતિમા જ વધુ જોવામાં આવે છે. જો કે કેટલીક આસનસ્થ પ્રતિમાઓ મળી છે પણ તેની સંખ્યા થોડી જ છે. ઊભી પ્રતિમાઓમાં રામને બે હાથ-તેમાં ધનુષ્ય અને બાણ રાખેલાં હોય છે. મધ્યકાલીન રામમૂર્તિઓમાં આસનસ્થ રામમૂર્તિઓ વધુ જોવા મળે છે, જ્યારે ઊભી ક્વચિત્ જ મળે છે. પાટણમાંથી આવી બે બેઠી મૂર્તિઓ મળી છે, જેનું વર્ણન શિલ્પરત્નના પ્રથમ પ્રકારને અનુરૂપ બનાવ્યું છે; કારણ કે આમાં રામજી પલાંઠી વાળી બેઠેલા, એક હાથમાં જ્ઞાનમુદ્રા, અને બીજો જાંઘ ઉપર રાખેલો હોય છે. વધુમાં માથે કિરીટમુકુટ, શરીર ઉપર અલંકારો અને આજુબાજુ લક્ષ્મણ, સીતા, ભરત વ. બેસાડેલાં છે. પાટણના ગોવર્ધનધારી મંદિરમાં અને સોનીવાડામાં આવેલા રઘુનાથજીના મંદિરમાં આવી જ બેઠી પ્રશસ્ય મૂર્તિઓ બેસાડવામાં આવી છે. આ મૂર્તિઓ મધ્યકાળથી અર્વાચીન હોવાનું જણાતું નથી. આ બન્ને મૂર્તિઓ કાળા આરસ-પહાણમાંથી બનાવવામાં આવી હોઈ તેના ઉપર પ્રતિબિંબ પડે તેવી પોલીશ કરવામાં આવી છે. મોઢેરા અને ઈડર પ્રદેશમાં રામનાં પ્રાચીન મંદિરો હતાં તેમજ સૌરાષ્ટ્રના બગડિયા ગામમાંથી રામનું એક મધ્યકાલીન મંદિર ભગ્ન પરિસ્થિતિમાં મળી આવ્યું છે. આ સિવાય, રામમંદિરો અને રામમૂર્તિઓ મળી આવે છે, પરંતુ બેથી વધુ હાથ ધરાવતી કે શિલ્પરત્નમાં જણાવેલા અપર પ્રકારો સૂચવતી કોઈ પ્રતિમા હજી સુધી ગુજરાતભરમાં જોવામાં આવતી નથી.

શ્રીકૃષ્ણ

વિષ્ણુના બધા અવતારોમાં રામની માફક કૃષ્ણની પૂજાનો પ્રચાર પણ પુષ્કળ જોવામાં આવે છે. કૃષ્ણની ભક્તિનો પ્રવાહ

ા પ્રાચીન કાળથી ભારતમાં ઊતરી આવ્યો હોવાના કેટલાક ;રાવાઓ મળી આવે છે. શ્રીકૃષ્ણની જીવનલીલા શ્રીમદ્ ભાગવત, ારિવંશ, ગર્ગસંહિતા અને અન્ય પુરાણોમાં ઓછા-વધતા પ્રમાણમાં ળી આવે છે. વૈદિક દૃષ્ટિએ કૃષ્ણ માટે સીધે સીધાં સૂક્તોનો અભાવ ે, પણ છાંદોગ્યઉપનિષદમાં ઘોર આંગીરસે દેવકીપુત્ર કૃષ્ણને જ્ઞાન માપ્યાનો ઉલ્લેખ છે. ભગવાન રામ મર્યાદાપુરુષોત્તમ ગણાય છે, ોમ શ્રીકૃષ્ણ લીલાપુરુષોત્તમ ગણાતા હોઈ તેમની કેટલીક લીલા-ર્તિઓ પણ પૂજાય છે. આવી પ્રતિમાઓમાં બાલલીલા કરતા ાાલકૃષ્ણ, ગોવર્ધનપર્વતને ધારણ કરેલા ગોવર્ધનનાથ, અર્જુનનો થ હાંકનાર પાર્થ સારથિ, રાધાને આલિંગન આપતા રાધાકૃષ્ણ ાને વેણુ વગાડતા વેણુગોપાલ મુખ્ય છે. આ સિવાય કાલીય-ર્દનનાં કેટલાંક શિલ્પો સેવ્ય પ્રતિમા તરીકે નહિ શૃંગાર મૂર્તિ તરીકે ોતામાં કોતરેલાં મળી આવ્યાં છે. તદ્ ઉપરાંત, બાલલીલાનાં દધિમંથન . શિલ્પો, કેટલાક પ્રાચીન સ્તંભો અને જંઘાઓમાંથી જોવામાં આવે . મોઢેરાના એક સ્તંભમાં દધિમંથનનું સુંદર શિલ્પ ઉતારવામાં ાાવ્યું છે. આવી કેટલીયે લીલામૂર્તિઓ બીજા કોઈ અવતારની ઊતરી ાવાનું જણાતું નથી.

વિષ્ણુના ચોવીસ ભેદો સિવાયની લીલાપુરુષોત્તમ શ્રી કૃષ્ણની વ્ય પ્રતિમા માટે કલાવિધાન વ્યક્ત કરતાં વિષ્ણુધર્મોત્તર [૪૧] ચતુ-ર્ગ ચિંતામણિ [૪૨] અને શ્રી તત્ત્વ નિધિ [૪૩] માં સામાન્ય વર્ણનો આપ્યાં . આ ગ્રંથોમાં જણાવેલાં વર્ણનોને મોટે ભાગે મળતી રાધાકૃષ્ણની ર્તિઓ મળે છે, જો કે મધ્યકાળ જેટલી પ્રાચીન તેવી કોઈ પ્રતિમા જી સુધી મળી નથી. પણ ત્યાર પછીના ઉત્તરકાળની કેટલીક મૂર્તિઓ ળી આવે છે. વડનગર, સિદ્ધપુર, પાટણ, ખેડા, વડોદરા, દ્વારિકા

૧. વિષ્ણુધર્મોત્તર ખંડ ૩, અ. ૮૫, શ્લોક ૭૧ ૭૨
૨. ચતુર્વર્ગ ચિંતામણિ, ૨-૧૧૯
૩. શ્રી તત્ત્વનિધિ, પા. ૫૫,

વ. શહેરોમાંથી આવાં કેટલાંક નાનાં-મોટાં સ્વરૂપો પ્રાપ્ત થયાં છે, જે પૈકી કેટલાંકનાં સ્વતંત્ર મંદિરો પણ બનાવવામાં આવ્યાં છે.

બાલકૃષ્ણ

શ્રીકૃષ્ણનું આ સ્વરૂપ વલ્લભાચાર્યના પુષ્ટિ સંપ્રદાયમાં મુખ્યત: પૂજાય છે. બાલકૃષ્ણની પ્રતિમાઓ મોટે ભાગે ધાતુની જ હોય છે, જેને 'લાલજી' તરીકે પણ ઓળખવામાં આવે છે. વૈખાનસ આગમમાં તેમને નવનીત નટ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. પુષ્ટિ સંપ્રદાયની માફક રામાનંદી સાધુઓ પણ લાલજીની સેવા-પૂજા મુખ્યત: કરે છે. બાલકૃષ્ણની ધાતુ પ્રતિમાઓ જ મળે છે, પણ પાષાણની તેવી કોઈ મૂર્તિ હજી સુધી જોવામાં આવી નથી.

ગોવર્ધનધારી

ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ પ્રતિમાઓમાં આ સ્વરૂપનું મહત્ત્વ અપ્રતિમ ગણાય છે. ગોવર્ધનધરણનો પ્રચાર પૂર્વકાળથી ઊતરી આવ્યો હોવાનાં કેટલાંક પ્રમાણો પણ મળી આવ્યાં છે. ભાસના બાલચરિત્ નાટકમાં ગોવર્ધનધારીની સ્તુતિ મંગલાચરણમાં કરેલી છે તેથી તેના સમયમાં કૃષ્ણનું આ સ્વરૂપ પ્રચારમાં આવ્યું હોવાની પ્રતીતિ થાય છે. ભાસનો સમય ઈ. સ. પૂ. પહેલા અથવા બીજા સૈકાનો મનાય છે, જો કે તે સમયની કોઈ મૂર્તિઓ મળી આવી નથી. ઈ. સ. પછીના ચાર-પાંચ સૈકામાં બનેલાં કેટલાંક શિલ્પો ગુજરાત સિવાયનાં રાજ્યોમાં-થી તેમજ ગુફાઓમાંથી પ્રાપ્ત થયાં છે. ગુજરાતમાંથી મળતી ગોવર્ધન-ધારીની મૂર્તિઓ મોટે ભાગે મધ્યકાલીન જ છે. જોધપુર પાસે મંડોરના ખોદકામમાંથી એક સ્તંભ ઉપર કૃષ્ણની બાળલીલાના કેટલાક પ્રસંગો કોતરેલા મળ્યા છે. જેમાં ગોવર્ધન ધારણ કરતા કૃષ્ણનું શિલ્પ પણ છે.[૪૪]

મધ્યકાલની ગુજરાતમાંથી પ્રતિમાઓ મળી આવી છે. તેમાં પાટણ, સિદ્ધપુર અને વેરાવળની મુખ્ય છે. મધ્યકાળમાં આ સ્વરૂપનો

44. Archeological Survey of India Annual Reprt 1905-'6, P. 135

વધુ ફેલાવો હોવાનું આથી જાણી શકાય છે. ઉત્તરકાળમાં પુષ્ટિસંપ્રદાયે આ જ સ્વરૂપને ઇષ્ટ તરીકે માન્યું હોવાથી તેનો પ્રચાર ઠીક ઠીક થયો હતો. પુષ્ટિસંપ્રદાયના પરમ ઇષ્ટ તરીકે મનાતા ભગવાન શ્રીનાથજી ગોવર્ધનધરણનું જ સ્વરૂપ છે. વલ્લભાચાર્ય અને તેના વંશજોએ આ જ પ્રતિમાને સેવી હતી. આથી શ્રદ્ધેય વૈષ્ણવ સમાજ તેમના તરફ અપૂર્વ ભક્તિભાવ સેવે છે. આવી જ બીજી પ્રતિમાઓ ઓસિયા અને મથુરા મ્યુઝિયમમાંથી મળી આવી છે, જેથી પ્રાચીન ગુજરાતના સરહદ પ્રદેશમાં અગર તો હાલના રાજસ્થાનમાં આ સ્વરૂપનો પ્રચાર વધુ ફેલાયો હતો એમ ચોક્કસ જણાય છે. આ બધી મૂર્તિઓમાં શ્રીકૃષ્ણ ઊભેલા, તેમને બે હાથ–તે પૈકી એક વડે ટચલી આંગળી ઉપર ગોવર્ધનગિરિને ધારણ કરેલો, બાલસ્વરૂપ, પગ સીધા અગર આંટીમાં અને બીજા હાથમાં ગેડી પકડેલી જણાવી હોય છે.

ગુજરાતમાંથી આવી જે પ્રતિમાઓ મળી છે, તેમાં પાટણની મૂર્તિ અલૌકિક અને અદ્વિતીય છે. પાટણના ગોવર્ધનધારીના મંદિરમાં આ મૂર્તિ બેસાડેલી છે. આ પ્રતિમા આશરે સાડા ચાર ફૂટની ઊંચાઈ-વાળી હોઈ, તે કાળા આરસમાંથી બનાવેલી છે. તેમાં ભગવાન શ્રી. કૃષ્ણ પગમાં આંટી વાળી ઊભેલા, બે હાથ–તે પૈકી ડાબા હાથે ટચલી આંગળી ઉપર ગિરિગોવર્ધન ધારણ કરેલો, બીજો જમણો હાથ છાતી પાસે, પગમાં પદ્મ, પાછળ પીઠિકામાં બન્ને બાજુ શિવ, બ્રહ્મા તથા પ્રહ્લાદ, નારદ, ધ્રુવ, અંબરિષ, ભિષ્મ શુકદેવ વ. ભાગવતો લાકડીઓ લઈ પર્વતને ટેકો આપતા હોય તેવો ભાવ વ્યક્ત કર્યો છે. આ પ્રતિમા ઉપર સુંદર પોલીશ છે, જેમાં આપણાં પ્રતિબિંબો પણ સ્પષ્ટ ઊતરી આવે છે. કૃષ્ણની પીઠિકામાં સામાન્ય રીતે દશાવતારો કોતરવાનો સામાન્ય સંપ્રદાય હોઈ આ એક અભિનવ વિશિષ્ટતા હોવાનું ભાગવતો યુક્ત પીઠિકાથી સમજાય છે. તેની તક્ષણકલા ઉપરથી આ પ્રતિમા નવમા-દસમા સૈકાથી અર્વાચીન હોવાનું લાગતું નથી.

ગોવર્ધનધરણની બીજી પ્રતિમા સૌરાષ્ટ્રના વેરાવળમાં આવેલા

હર્ષદમાતાના મંદિરમાંથી મળી આવી છે. આ પ્રતિમા રાતાશ પડતા ખારા પથ્થરમાંથી બનાવેલી હોઈ વલભિ સં. ૯૨૭, વિ. સં. ૧૩૦૨ની સાલમાં બનાવી હોવાનો નીચે લેખ છે. આમાં પણ શ્રીકૃષ્ણ ઊભા, પગમાં આંટી, હાથ ચાર–તે પૈકી એક હાથે ટચલી આંગળી ઉપર પર્વતને ધારણ કરેલો, બીજા બે હાથે મુરલી વગાડતા જ્યારે ચોથા હાથમાં ચક્ર ધારણ કરેલું હશે એવું અનુમાન છે; કારણ કે તે હાથ સામાન્ય ખંડિત થયેલો છે. વધુમાં આ પ્રતિમા ત્રિભંગ વાળી હોઈ માથે કિરીટ મુકુટ અને શરીર ઉપર અલંકારો પહેરાવેલા છે. બે બાજુ નર્તિકાઓ, ગોપકુમારો, ગાયો પગ પાસે બનાવી છે.

સિદ્ધપુરમાં ઉપર જણાવેલી વેરાવળની મૂર્તિને મળતી ચાર હાથ-વાળી ગોવર્ધનનાથજીની પ્રતિમા બજાર વચ્ચે એક મંદિરમાં બેસાડેલી છે. તે કાળા આરસમાંથી બનાવેલી હોઈ તેને પણ ચાર હાથ–એક હાથે પર્વત ધારણ કરેલો, બીજા હાથે મુરલી પકડી વગાડતા, બાકીના બેમાં શંખ તથા ચક્ર ધારણ કરેલાં બનાવ્યાં છે. આથી ગુજરાતમાં ગોવર્ધનધરણની પ્રતિમાઓ બનાવવાનો પ્રચાર પૂર્વકાળથી હશે એમ જરૂર લાગે છે

આ સિવાય દેવમંદિરોની જંઘાઓ કે વાવોના સુશોભનોમાંથી પણ આવી પ્રતિમાઓ મળી આવે છે. વડનગરમાં હાટકેશ્વર મહાદેવના પંદરમા કે સોળમા સૈકામાં બંધાયેલા કલામય મંદિરની જંઘામાં ગોવર્ધન-ધરણની એક ઉત્કૃષ્ટ મૂર્તિ કોતરેલી છે. આ ઉપરાંત, વેરાવળમાં પ્રાચીન વાવનાં એક બે ખંડેરો છે, તેના મધ્ય ભારવટમાં શ્રીકૃષ્ણના આ પ્રસંગને હૂબહૂ કોતરેલ હોઈ તેમાં વૃક્ષો, વનચર પશુઓ, વ.ને પણ કલામય રીતે કોતર્યા છે. જો કે આજે તેનો ઘણો ખરો ભાગ હવા ને ક્ષારથી ખવાઈ ગયો છે, છતાં તેનું શિલ્પસૌંદર્ય તેમાંથી તરી આવે છે. આ બધાં શિલ્પો અને પ્રતિમાઓના આધારે એટલું તો સ્પષ્ટ સમજાય છે, કે મધ્યકાળમાં ગુજરાતની અંદર ગોવર્ધનધારી કૃષ્ણ સેવ્ય સ્વરૂપ તરીકે પુજાતા હતા. જો કે કોઈ પણ ગ્રંથકારે સ્વતંત્ર રીતે

ગોવર્ધનધરણનું કલાવિધાન ચર્ચ્યું નથી, છતાં તેનો પ્રચાર ભારતવર્ષ અને ગુજરાતમાં જરૂર હતો એમ લાગે છે.

પાર્થસારથિ

શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુનનો રથ હાંકી સારથિપણું કર્યું હતું તેનો ભવ્ય ભાવ વ્યક્ત કરતી પ્રતિમા બનાવી, પૂજન-અર્ચન કરવાનું વૈખાનસ આગમમાં વ્યવસ્થિત રીતે જણાવ્યું છે. પણ દક્ષિણ ભારત સિવાય કોઇપણ જગ્યાએથી આવાં સ્વરૂપો પ્રાપ્ત થતાં નથી તેથી તેની ચર્ચા અહીં અસ્થાને છે.

કૃષ્ણયશોદા

કૃષ્ણ યશોદાની પ્રતિમાઓ ગુજરાતમાં પ્રચલિત હતી એમ પ્રાપ્ત પ્રતિમાઓ ઉપરથી જણાય છે. આવી મૂર્તિઓ કોઇ જંઘા, સ્તંભ કે છતમાંના ભાગોમાંથી મળી નથી, પણ સ્વતંત્ર પ્રતિમાઓ હોવાનું માલૂમ પડે છે. તેવી પ્રતિમાઓમાં એક સ્ત્રી આલીઢાસન વાળી બેઠેલી હોય છે અને તેના ખોળામાં નાનું બાળક સૂતેલું યા બેઠેલું હોય છે. આવી પ્રતિમા કૃષ્ણ-યશોદાની મનાય છે, જ્યારે શ્રી તત્ત્વનિધિમાં તેવી પ્રતિમાને સંતાન ગોપાલ તરીકે વૈખાનસ આગમના વિધાન પ્રમાણે જણાવી છે. ખડાયતાઓના ઇષ્ટ દેવ કોટયર્કજીનું સ્થાન વિજાપુરથી પાંચ છ માઇલ દૂર ખડાયત ગામ નજીક આવેલું છે ત્યાં આવી એક મૂર્તિ મંદિરની નજીકમાં પડેલી છે. તેમાં એક સ્ત્રી બેઠેલી, માથે મુકુટ, શરીર ઉપર અલંકારો અને ખોળામાં બાળક સુવાડેલું બતાવ્યું છે. આ પ્રતિમાને ત્યાંના લોકો કૃષ્ણ-યશોદા તરીકે પૂજે છે. આવી જ બીજી મૂર્તિ અજમેર મ્યુઝિયમમાં છે, જે સંપૂર્ણતઃ ઉપરોક્ત વિધાનને મળતી છે. ફક્ત તેના ખોળામાં બાળક સુતું નથી પણ સ્તનપાન કરતું વ્યક્ત કર્યું છે. સિરોહી રાજ્યના ગિરિવર ગામમાં આવેલા પાટનારાયણના મંદિરમાં પણ આવી એક પ્રાચીન પ્રતિમા બેસાડેલી છે. આમ મધ્યકાળમાં ગુજરાતમાં યશોદા-કૃષ્ણની પ્રતિમાઓ બનતી હશે એમ જાણવા મળે છે.

વેણુગોપાલ

શ્રી કૃષ્ણના પ્રતિમાવિધાનમાં મુરલી અથવા વેણુ લેવાનું જણાવ્યું નથી, છતાં આજે મળતી પ્રતિમાઓ, બન્ને હાથમાં વેણુ ધારણ કરેલી જ જોવામાં આવે છે. વૈખાનસ આગમમાં કૃષ્ણ પ્રતિમાના વિવિધ ભેદો નિરૂપતાં વેણુધારી કૃષ્ણને વેણુ ગોપાલ તરીકે જણાવ્યા છે. આવું જ વર્ણન વિષ્ણુધર્મોત્તર પુરાણમાંથી પણ મળે છે.[૪૫] પાટણમાં ગોવર્ધનનાથજીની મૂર્તિ ઉપર પીઠિકામાં આગમોક્ત વર્ણન પ્રમાણેની ત્રિભંગવાળી, એક પગ આંટીમાં, બીજા હાથ વડે વાંસળી વગાડતી મૂર્તિ કોતરેલી છે. તેવી જ રીતે, રાધાકૃષ્ણની પ્રતિમાઓમાં પણ કૃષ્ણની મૂર્તિ ઉપરોક્ત વર્ણનોને અનુરૂપ જ હોય છે. પણ આગમમાં જણાવ્યા પ્રમાણે રાધિકા સિવાય બીજી કોઇ ગોપ-ગોપીઓ બનાવવાનો પ્રચાર ગુજરાતમાં જણાતો નથી. તેટલું જ નહી, પણ આવી કોઈ સ્વતંત્ર પ્રતિમા પણ મળી આવી નથી.

કાલિયમર્દન

ભગવાન કૃષ્ણે યમુનામાં રહેતા ભયંકર કાલિનાગને વશ કરી તેના માથા ઊપર ઉભા રહી નૃત્ય કરતાં તેનો મદ ઉતાર્યો હતો-અર્થાત તેને વશ કર્યો હતો. આ સ્વરૂપ કાલિય મર્દન તરીકે જાણીતું છે. આવી મૂર્તિ બનાવવાનું કોઈ ધર્મશાસ્ત્રમાં વિધાન નથી. તેમજ પ્રતિમાશાસ્ત્રના ગ્રંથોમાં પણ આના વિષે નિર્દેશ નથી. ગુજરાત-સૌરાષ્ટ્રનાં પ્રાચીન મંદિરોની છતમાંથી તેનાં શિલ્પો મળ્યાં છે. પણ તેનાં સ્વતંત્ર મંદિરો હોવાનું જણાયું નથી. મણુંદના વિષ્ણુમંદિરમાં, આબુ ઉપર દેલવાડાના વિમલવસહિ મંદિરમાં, ભમતિની ઓગણત્રીસમી દેરીની છતમાં, માંગરોળની જામીમસ્જિદના ગુંબજમાં, તથા મૂળ માધવપુરના કૃષ્ણમંદિરની છતમાં આ સ્વરૂપનાં ભવ્ય શિલ્પો કોતરેલાં છે. આ બધામાં ભગવાન કૃષ્ણ કાલિનાગના માથા ઉપર ઊભા રહેલા

૪૫. વિષ્ણુ ધર્મોત્તર પુરાણ ખંડ ૩, અ. ૮૫.૧

અગર નૃત્ય કરતા, અથવા તો કાલિનાગના ખભા ઉપર બેઠેલા, તેમની આજુબાજુ બે, ચાર, છ કે આઠ નાગપત્નીઓ સ્તુતિ કરતી બતાવેલી હોય છે. વધુમાં કૃષ્ણે હાથમાં શંખ, ચક્ર, વેણુ કે નાગપુચ્છ પકડેલું જણાવવામાં આવે છે. આમ, કૃષ્ણ ચરિત્રના મહાન પ્રસંગ તરીકે હિંદુ મંદિરોમાં છતોની અંદર કોતરવામાં આવતાં સુશોભનોમાં આવાં શિલ્પો ગુજરાતમાં બનતાં હતાં. વૈખાનસ આગમમાં કાલિમર્દનના વિધાનની ચર્ચા કરવામાં આવી છે. પણ ગુજરાતમાં સ્વતંત્ર મંદિર તરીકે આવાં કોઈપણ શિલ્પો બનાવવામાં આવતાં નહિ તેમ જણાય છે.

બુદ્ધ

વિષ્ણુના દશાવતારમાં બુદ્ધાવતારનો ઉલ્લેખ છે, પણ તે બુદ્ધ તે બૌદ્ધધર્મના સ્થાપક બુદ્ધ નહિ પણ તે વિષ્ણુના અવતાર બુદ્ધ હતા એમ પુરાણો જણાવે છે.[૪૬] જુદા જુદા પુરાણકારોના કથનો ઉપરથી એમ તારવી શકાય કે તથાગત બુદ્ધ વિષ્ણુના બુદ્ધાવતાર તરીકે માનવાનું વલણ બતાવે છે. ઓરિસ્સામાં આવેલ જગન્નાથપુરિના અધિષ્ઠાતા જગન્નાથ ભગવાન બુદ્ધનું સ્વરૂપ છે એમ કેટલાક વિદ્વાનો માને છે અને તેના સમર્થનમાં જણાવે છે કે "જગન્નાથજીની હાલની પ્રતિમામાં બુદ્ધના અવશેષો સુવર્ણની ડબ્બીમાં મૂકવામાં આવે છે" આ ઉપરથી એમ જાણી શકાય છે, કે બુદ્ધને હિંદુસમાજ વિષ્ણુના અવતાર તરીકે સ્વીકારતો હતો. અગિયારમા સૈકામાં થઈ ગયેલા કવિ જયદેવે પણ ભગવાન બુદ્ધને કેશવનું સ્વરૂપ જ માન્યું છે[૪૭] એટલે તે કાળે તથાગત બુદ્ધ વિષ્ણુના અવતાર તરીકે સ્વીકારવામાં આવતા હતા. એમ આ કથનને પુષ્ટિ મળે છે.

૪૬. ગરૂડપુરાણ, ૧-૧; હરિવંશ ૧-૪૧; પદ્મપુરાણ ઉ.ખંડ.અ.૨૫૨; લિંગપુરાણ ૨-૭૧; વિષ્ણુપુરાણ ૩.૧૮; અગ્નિપુરાણ અ.૧૬; નારદપુરાણ ૨-૭૨; શ્રીમદ્ ભાગવત. ૧.૩.૨૪

૪૭. ગીતગોવિન્દ સર્ગ ૧. અષ્ટપદી ૧, શ્લો. ૯.

બુદ્ધના પ્રતિમાવિધાન માટે અગ્નિપુરાણ,[૪૮] બૃહત્ સંહિતા[૪૯] રૂપમંડન,[૫૦] વિષ્ણુધર્મોત્તરમાં વિધાનો આપ્યાં છે. આ સિવાય, વિષ્ણુધર્મોત્તરને અનુરૂપ વર્ણનો શ્રીતત્ત્વનિધિ, પાંચરાત્ર, અને ચતુર્વર્ગ ચિન્તામણિમાં આપ્યાં છે. તે બધા પ્રમાણે બુદ્ધની પ્રતિમા પદ્માસનસ્થ, બે હાથ પૈકી એકમાં અભય અને બીજામાં વરદ મુદ્ર અને પ્રસન્નવદન હોવું જોઈએ એટલું સૂચિત થાય છે.

ગુજરાતમાંથી ઉપરનાં વર્ણનોને અનુરૂપ સ્વતંત્ર વૈષ્ણવ બુદ્ધ પ્રતિમા મળી નથી. જો કે દશાવતારના પટ્ટામાં બુદ્ધાવતારની પ્રતિમા હોય છે. પણ તેની સ્વતંત્ર મૂર્તિનો તો અભાવ જ કહી શકાય. અજમેર મ્યુઝિયમમાં જાલરાપાટણ પાસેના ચંદ્રભાગાના તીર પ્રદેશમાંથી મળેલી પ્રતિમા છે. આવી જ બીજી પ્રતિમા પણ ત્યાં જ મૂકેલી છે. આ સિવાય બીજી કોઈ પ્રાચીન મંદિર કે મંદિરનાં શિલ્પોમાંથી આવી પ્રતિમા મળવા સંભવ છે.

કલ્કી

વિષ્ણુનો આ અવતાર હજુ કલિયુગને અંતે થવાનો છે એવું પુરાણો કહે છે. છતાં દશાવતારના પટ્ટામાં તેનું રેખાંકન હોય છે જ. કલ્કી ભગવાનની જે મૂર્તિઓ મળી આવે છે તેમાં ભગવાન ઘોડા ઉપર આરૂઢ થયેલા અને હાથમાં શસ્ત્રો ધારણ કરી, દુષ્ટોનો સંહાર કરતા હોવાનો ભાવ દર્શાવ્યો હોય છે. ઘોર કલિયુગમાં જયારે મહા અધર્મ પ્રવર્તશે ત્યારે હિન્દુ ધર્મનું સ્થાપન કરવા શંભલગ્રામમાં બ્રાહ્મણને ઘેર જન્મ લઈ અધર્મનો નાશ કરશે એમ ભાગવત, મહાભારત, વિષ્ણુધર્મોત્તર, બ્રહ્મવૈવર્ત અને બ્રહ્માંડપુરાણમાં જણાવ્યું છે.

કલ્કી ભગવાનના વિધાન માટે પણ કેટલાંક વિધાનો ગ્રંથાંતરોમાંથી મળી આવ્યાં છે. પણ તે પ્રમાણે જણાવેલા કલ્કીનાં સ્વતંત્ર

૪૮. અગ્નિપુરાણ. અધ્યાય. ૪૯

૪૯. બૃહત્સંહિતા. અ.૪.૪૨

૫૦. રૂપમંડન. અ.૩.૨૬

સ્વરૂપો કોઈ સ્થળેથી મળી આવ્યાં નથી. પણ દશાવતારના પટ્ટામાં કલ્કીની પ્રતિમા અશ્વારૂઢ મળે છે. ગુજરાતમાં આવાં સ્વરૂપો બનતાં હતાં કે કેમ? તેના કોઈ પુરાવાઓ મળ્યા નથી. સાંપ્રતકાળમાં બીજ-માર્ગીઓના અનુયાયીઓ તરફથી ભગવાન કલ્કીનાં મંદિરો બંધાવવા માંડ્યાં છે તેમાં કલ્કીની મૂર્તિ અશ્વારૂઢ, તેમજ તલવાર ધારણ કરેલી બનાવવામાં આવે છે. આ પંથ આધુનિક હોઈ તેવી પ્રાચીન મૂર્તિ ન મળે તે વાસ્તવિક છે, તો પણ વિષ્ણુના દશાવતારો દર્શાવતા પટ્ટામાં તેમની પ્રતિમાનું વિધાન જણાવેલું હોય છે. મથુરા મ્યુઝિયમમાં તેમજ ચંબાના ભૂરીસિંગ મ્યુઝીયમમાં કલ્કીની મૂર્તિઓ મૂકેલી છે. પણ તે ગુજરાત બહારની હોવાથી તેની ચર્ચા અત્રે અસ્થાને છે.

વિશેષ અવતારો

વિષ્ણુના આ દશ મુખ્ય અવતારો સિવાય બીજા અવતારો પણ થયા છે. બાકીના ચૌદે અવતારોનો પ્રચાર ગુજરાતમાં થયો હતો કે કેમ? તેની યથાલભ્ય હકીકત અહીં ચર્ચવાનો પ્રયત્ન કર્યો છે.

ઋષભદેવ

શ્રીમદ્ ભાગવતમાં પાંચમા સ્કંધમાં ઋષભદેવના જન્મની આખ્યા-યિકા આપવામાં આવી છે.જૈનોના આદિ તીર્થંકર ઋષભદેવ અને હિંદુઓના ઋષભ ભગવાન એક જ હોવાનું અનુમાનવામાં આવે છે. તેમના રૂપ-વિધાન માટે હિન્દુગ્રંથમાંથી પૂરતી નોંધો મળતી નથી. ફક્ત તપસ્વી જેવું સ્વરૂપ બનાવવાનો સામાન્ય આશય સૂચવ્યો હોવાનું સમજાય છે, જ્યારે જૈન મૂર્તિવિધાનમાં તેની વિસ્તૃત નોંધો છે.

કપિલદેવ

સાંખ્યશાસ્ત્રના પ્રણેતા અને આચાર્ય કપિલ મુનિ સર્વ સિદ્ધોમાં પરમશ્રેષ્ઠ મનાય છે. તેમના પિતા કર્દમ અને માતા દેવહૂતિ હતાં. તેમણે સરસ્વતીતીરે પોતાના પિતાના આશ્રમમાં માતા દેવહૂતિને ઉપદેશ આપ્યો હતો. આજે પણ સિદ્ધપુરમાં શહેરની પશ્ચિમે બિંદુ

સરોવર ઉપર કર્દમઋષિ, દેવહૂતિ માતા અને કપિલદેવનાં મંદિરો બનાવ્યાં છે. અને જ્યાં જ્ઞાન આપવામાં આવ્યું હતું ત્યાં જ્ઞાનવાપી પણ બનાવવામાં આવી છે. ભાગવતમાં જણાવ્યા પ્રમાણે કપિલના ઉપદેશસ્થાન તરીકે જોકે હાલના સિદ્ધપુરને ગણવું કે કેમ તે વિવાદાત્મક પ્રશ્ન તો છે જ, છતાં જો તે ગણવામાં આવે તો કપિલાવતાર ગુજરાત-માં થયો હતો. તેમના કલાવિધાન. માટે જે થોડાક ગ્રંથકારોએ નોંધો રજુ કરી છે, તેમાં ચતુર્વર્ગચિંતામણિ, વિષ્ણુધર્મોત્તર, વૈખાનસ આગમ અને શ્રી તત્ત્વનિધિ મુખ્ય છે.

કપિલદેવની સ્વતંત્ર મૂર્તિઓ ગુજરાતમાંથી મળતી નથી, ફક્ત સિદ્ધપુરના બિંદુ સરોવર ઉપર તેમની સુંદર પ્રતિમા કર્દમ અને દેવ-હૂતિની સાથે બેસાડેલી છે. આ પ્રતિમાનું કલાવિધાન વિષ્ણુધર્મોત્તર પ્રમાણે એટલે કે પદ્માસનવાળી બેઠેલા, ચાર હાથ–તે પૈકી પહેલા તથા ચોથામાં યોગમુદ્રા અને ઘટ, બાકી બીજા–ત્રીજામાં શંખ, ચક્ર માથે જટામુકુટ, મૃગાજિનધારી, લાંબી દાઢી, ધ્યાનસ્થ અને ગળામાં યજ્ઞોપવિતવાળા બનાવ્યા છે. જો કે આ મૂર્તિ પ્રાચીન કાળની નથી છતાં યોગ્ય લક્ષણોવાળી છે. આ સિવાય ગુજરાત કે ગુજરાત બહાર-થી કોઈ પણ પ્રતિમા મળી નથી.

કુમાર

સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર–એ ચાર બ્રહ્મદેવના પુત્રો ગણાય છે. તેમણે અખંડ બ્રહ્મચર્ય પાળી દુષ્કર તપ કર્યું હતું અને બ્રહ્મનિષ્ઠ હોવાથી તેમની ગણના ભગવાનના અવતાર તરીકે થાય છે. પરતુ તેમના પ્રતિમાવિધાન માટે સ્વતંત્ર ઉલ્લેખો કોઈ ગ્રંથમાં નોંધાયા નથી, તેમજ ગુજરાતના કોઈ પણ મંદિરમાં આવી મૂતિઓ જોવામાં આવતી નથી.

દત્તાત્રેય

દત્તાત્રેયનો જન્મ અનસૂયા અને અત્રિથી થયો હતો. અત્રિ-પત્ની અનસૂયાના સતીત્વની પરીક્ષા લેવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ

આવ્યા ત્યારે તેઓએ તેની પાસે નગ્ન સ્વરૂપે ભિક્ષાની માગણી કરી. અનસૂયાએ ત્રણેને બાળકો બનાવી તેમની માગણી પુરી કરી. આથી સંતુષ્ઠ થયેલા દેવોએ ત્રણે બાળ સ્વરૂપો તેને અર્પણ કર્યાં જે અનુક્રમે સોમ, દત્ત અને દુર્વાસા. આમાંથી કેવળ દત્ત જ અત્રિ મુનિના આશ્રમમાં રહ્યા માટે તે દત્તાત્રેય કહેવાયા. મહાભારત[૫૨] દત્તાત્રેયને ભગવાનના અંશાવતાર તરીકે બિરદાવે છે. માર્કન્ડેય પુરાણકાર એને માટે બીજી જ આખ્યાયિકા આપે છે. અને દત્તાત્રેયને ત્રણ મોઢાં, બાર હાથ તેમજ બ્રહ્માદિ ત્રણે દેવોની પત્નીઓ તેમની પાસે ઊભેલી હોવાનું જણાવે છે. અન્ય મતે તે ત્રિમૂર્તિનું જ સ્વરૂપ મનાય છે.

દત્તાત્રેયનું સામાન્ય સ્વરૂપ ત્રણ મુખ, છ હાથ, બે પગ, ચાર વેદ સ્વરૂપી પાસમાં ચાર કૂતરા અને પાછળ કામધેનુ હોવાનું ચિત્રો અને શિલ્પોમાંથી જાણી શકાય છે, જ્યારે કેટલાક ગ્રંથકારોએ તેમના માટે જુદાં જુદાં વર્ણનો નોંધ્યાં છે.

દત્તાત્રેયનો પૂજાપ્રચાર ગુજરાતમાં ફેલાયો હોવાનું જણાતું નથી. તેમજ દત્તાત્રેયની પ્રાચીન પ્રતિમાઓ પણ ક્વચિત્ જ મળે છે. ત્રિમૂર્તિનાં થોડાંક શિલ્પો મળે છે, પણ તેને દત્તાત્રેય તરીકે માનવા માટે વધુ પ્રમાણોની અપેક્ષા રહે છે. દત્તાત્રેયની સુંદર પ્રતિમાઓ બાદામિની ગુફામાં, તેમજ અજમેરના મ્યુઝિયમમાંથી મળી છે. તેને ચાર હાથ, યોગાસનવાળી બેઠેલ, ઉપરના બે હાથમાં શંખ, ચક્ર નીચેના બે હાથ પૈકી એકમાં વ્યાખ્યાન મુદ્રા, જ્યારે બીજો ખોળામાં, બેઠકની નીચે જમણી બાજુએ અનુક્રમે નંદી, ગરૂડ, અને હંસ કોતરેલા માલૂમ પડે છે. દત્તાત્રેય વિષ્ણુના અવતાર હોવાથી, કેટલીક વખત તેમની પીઠિકામાં દશાવતારો કોતરેલા જોવામાં આવે છે. ગુજરાતમાંથી નાની નાની કેટલીક મૂર્તિઓ મંદિરોનાં શિલ્પોમાંથી, તેમજ સ્વતંત્ર સેવ્ય સ્વરૂપની મળી આવી છે, પણ તેના કલાવિધાનમાં કોઈ પણ

૫૨ મહાભારત. અનુશાસન પર્વ. અ. ૯૧

જાતની વિશિષ્ટતા જોવામાં આવતી નથી. ગુજરાતમાં તો દાક્ષિણાત્યોના સંપર્કથી, કેટલેક ઠેકાણે દત્તમંદિરો આજથી પચાસ કે સો વર્ષ પહેલાંનાં બંધાયેલાં મળી આવે છે.

ધન્વંતરિ

સમુદ્રમંથન વખતે જે ચૌદ રત્નો નીકળ્યાં હતાં, તે પૈકી ધન્વંતરિ અમૃતઘટ સાથે બહાર આવ્યાની પૌરાણિક શ્રુતિ છે. આ ચૌદ પૈકી ધન્વંતરિને વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે. તેમના રૂપવિન્યાસ માટે શ્રીમદ ભાગવત, મત્સ્યપુરાણ, વિષ્ણુધર્મોત્તર, શિલ્પરત્ન અને વિષ્ણુપુરાણમાં વર્ણનો આપવામાં આવ્યાં છે. તે પ્રમાણે તે સુંદર દેખાવવાળા, ઊભેલા, હાથમાં અમૃત ભરેલો કળશ અથવા કમંડલ, કુલ બે અથવા ચાર હાથવાળા કલ્પેલા છે.

ધન્વંતરિની કોઈ પણ પ્રતિમા ગુજરાતમાંથી અગર બીજેથી મળી આવી નથી. પણ સમુદ્રમંથનનાં શિલ્પોમાં તેવી કેટલીક પ્રતિમાઓ જોવામાં આવી છે. ડભોઈના હીરા ભાગોળનાં જાણીતાં શિલ્પોમાં, તેમજ વડનગરના હાટકેશ્વર મહાદેવની ફરતી ઝંઘામાં સમુદ્રમંથનના પ્રસંગ કોતરેલા છે તેમાં ચૌદ રત્નો બતાવ્યાં હોઈ, ધન્વંતરિની મૂર્તિ વ્યક્ત કરતાં, ધન્વંતરિ બેઠેલા અને બે હાથમાં અમૃતઘટ પકડેલા હોવાનું સૂચવ્યું છે. આ સિવાય કેટલીક લક્ષ્મીની મૂર્તિઓમાં નીચે સમુદ્રમંથનના પ્રસંગો કોતરેલા જોવામાં આવ્યા છે, તેમાંથી પણ ધન્વંતરિ ભગવાનની ઉપર જણાવ્યા પ્રમાણેની નાની નાની મૂર્તિઓ મળી છે, પણ તેમની એક પણ સેવ્ય મૂર્તિ મળી આવી નથી. ફક્ત ભારત ઇતિહાસ સંશોધક મંડળના સંગ્રહમાં આવી બે મૂર્તિઓ કોઈ સ્થળેથી લાવી મૂકેલી છે.

નર-નારાયણ

તેઓ ધર્મના પુત્રો ગણાય છે અને પોતાના આત્મકલ્યાણ માટે બદરિકાશ્રમમાં ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. ઇંદ્રે તેમનો તપોભંગ કરવા પ્રયત્નો કર્યા હોવા છતાં તેને નિષ્ફળતા સાંપડી હતી. મહા-

ભારત, દેવી ભાગવત વ.માં તેની કથા છે. નર-નારાયણમાં ભગવાન વિષ્ણુ અને તેમના સખા અર્જુનનાં સ્વરૂપો કલ્પવામાં આવે છે. તેના રૂપવિન્યાસ માટે ચતુર્વર્ગચિંતામણિ, મહાભારત, વિષ્ણુ-ધર્મોત્તર અને શિલ્પરત્નમાં વિધાનો મળી આવે છે. નર-નારાયણનાં મંદિરો ગુજરાતમાં આધુનિક સમયનાં મળી આવે છે, જેમાં નર-નારાયણની મૂર્તિઓ નવીન ઢબની ઊભી કૃષ્ણ મૂર્તિ જેવી બનાવવામાં આવે છે. ગ્રંથોક્ત વર્ણન પ્રમાણેની પ્રાચીન પ્રતિમાઓ કે તેવાં શિલ્પો હજુ સુધી કોઈ ઠેકાણેથી મળી આવ્યાં નથી.

નારદ

નારદ એ ભગવાનની પરમ વિભૂતિ છે. તેઓ ભગવાન વિષ્ણુના સર્વશ્રેષ્ઠ ભક્ત હોવા છતાં, ભાગવતકારે તેમને અંશાવતાર તરીકે ગણાવ્યા છે. નારદના જન્મ માટે જુદી જુદી કથાઓ કેટલાંક પુરાણોએ જણાવી છે, જેના આધારે અનેક નારદો થયા હોવાનો તર્ક જાય છે. તેમના મૂર્તિવિધાન માટે કોઈ ગ્રંથકારે નોંધ લીધી નથી, પણ ભક્ત-સંગ્રહમાં સામાન્ય વર્ણન નોંધતાં નારદને બે હાથ, તે પૈકી એકમાં માળા, અને બીજામાં કમંડલ તેમજ ડાબા પડખા ઉપર વીણા હોવાનું જણાવ્યું છે.

કામરેજમાં નારદ બ્રહ્માનું એક પ્રાચીન મંદિર છે, જેમાં બ્રહ્માની સાથે નારદની પણ મૂર્તિ બેસાડેલી છે. આ પ્રતિમા ઊભી, દ્વિભંગ-વાળી, બે હાથ, તે પૈકી એકમાં દંડ જેવું, બીજો ખાલી, માથે જટામુકુટ, ખભા ઉપર જનોઈ અને ગળામાં વનમાળા કોતરેલી છે. આ મૂતિના કલાવિધાનમાં તેમની પ્રિય વીણા કે માળા નહિ હોવા છતાં તેને નારદ તરીકે સમાજે કેવી રીતે સ્વીકાર્યા હશે તે સમજી શકાતું નથી; છતાં તે નારદની મૂર્તિ મનાય છે. આ સિવાય નારદનું સ્વતંત્ર મંદિર કે કોઈ સેવ્ય પ્રતિમા ગુજરાતમાંથી મળતી નથી.

પૃથુ

દુષ્ટ વેન રાજાના શરીરનું મંથન કરવાથી એક પુરુષ ઉત્પન્ન

કરવામાં આવ્યો, જેણે પૃથ્વી ઉપર કૃષિ વિદ્યાનો પ્રચાર કરી પ્રજાને આબાદ બનાવી, અર્થાત્ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો તે પૃથુરાજા. અથર્વવેદ અને બ્રાહ્મણગ્રંથો તેના રાજ્યાભિષેક સંબંધી આખ્યાયિકાઓ અને સૂક્તો મળે છે. તેને પણ પ્રભુના અંશાવતાર તરીકે પુરાણોએ કલ્પ્યો છે. વિષ્ણુધર્મોત્તરકાર તેનું સ્વરૂપ ચક્રવર્તી રાજેન્દ્ર જેવું બનાવવાનું જણાવે છે, પણ ગુજરાતમાંથી તેમની એક પણ પ્રતિમા કે શિલ્પ મળતાં નથી.

બલરામ

તે કૃષ્ણના ઓરમાનભાઈ અને શેષના અવતાર તરીકે મનાય છે. તેવી જ રીતે સંકર્ષણ એ બલરામનું જ સ્વરૂપ છે. દશાવતારમાં કેટલીક વખત પરશુરામ કે કૃષ્ણને બદલે બલરામને મૂક્યા હોવાનું તેવાં પ્રાચીન શિલ્પોમાંથી જણાય છે. તેઓ તામસી પ્રકૃતિ ધરાવતા હોઈ, ઉગ્ર સ્વભાવના મનાય છે. તેમના મૂતિવિધાન માટે અગ્નિપુરાણ, બૃહત્સંહિતા, રૂપમંડન, વિષ્ણુધર્મોત્તર, વૈખાનસ આગમ અને સમરાંગણ સૂત્રધારમાં કેટલાંક વિધાનો મળી આવે છે. તે પ્રમાણે ગૌરવર્ણના, હાથમાં હળ-મુસળ, કાનમાં કુંડળ, માથે જટા, કુલ બે અથવા ચાર હાથ—દરેકમાં ગદા અને હળ અથવા ચક્ર, મુસળ, હળ અને શંખ હોય છે.

બળદેવજીની કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી છે. મોઢેરાના સૂર્યમંદિરના ગૂઢ મંડપની બહાર, ઉત્તર તરફની ભીંતમાં સૂર્યની પ્રતિમા પાસે બળદેવજીની પ્રતિમા કોતરેલી છે તેમાં બળદેવજી ઊભા, ચાર હાથ તે પૈકી બેમાં હળ તથા મુસળ, જ્યારે નીચેના બેમાં વરદ તથા કમંડલ, અને પાસે બન્ને બાજુ પુરુષો ઊભા છે. આવી જ બીજી પ્રતિમા વડનગરના ગૌરીકુંડમાં એક બાજુની ભીંતમાં ચોડેલી છે. તેમાં પણ બળદેવજી ઊભા, બન્ને હાથમાં હળ તથા મુસળ, માથે મુકુટ ધારણ કરેલ, શ્વેત આરસમાંથી બનાવેલી છે. આ સિવાય અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં બળદેવજીની બે અદ્વિતીય મૂર્તિઓ મૂકેલી

છે. આ મૂર્તિઓનું કલાવિધાન શાસ્ત્રીય રીતે કરવામાં આવ્યું હોઈ, તેનું શિલ્પ ઊંચા પ્રકારનું છે. આ પૈકી કટરા ગામમાંથી લાવેલ પ્રતિમા આશરે ચાર ફૂટ જેટલી ઊંચી છે. તેને માથે શેષ ફણા, ચાર હાથ તે પૈકી બેમાં હળ અને મુસળ, નીચેના બે પૈકી એકમાં મદ્યપાત્ર અને બીજો કેડે મૂકેલો છે. પાસે રેવતીજી છે. તેમના એક હાથમાં કમળ, અને બીજામાં કમંડલુ પકડેલું છે. આવા જ પ્રકારની બીજી મૂર્તિ બધેરા ગામની છે. ગુજરાતનાં પ્રાચીન મંદિરોના મંડોવરો, જંઘાઓ અને ગર્ભાગારોના અંધારા ખૂણાઓમાં આવી મૂર્તિઓ પડી હોવાની શક્યતાઓ છે. વડનગરમાં શીતળામાતાના મંદિરમાંથી પણ બળરામની એક અનન્ય પ્રતિમા મળી આવી છે.

મોહિની

સમુદ્રમંથન પ્રસંગમાં ભાગવતકારે આ અવતારની પિછાન આપેલી છે. તેમાં જણાવ્યાં પ્રમાણે વિષ્ણુએ મોહિની સ્વરૂપ લઇ દેવતાઓને અમૃતપાન કરાવ્યું હતું. મોહિની સ્વરૂપના કલાવિધાન માટે ખાસ નોંધો મૂર્તિશાસ્ત્રકારોએ લીધી નથી, પણ થોડાક ઉલ્લેખો તેનું વર્ણન કરતા મળ્યા છે. તે બધામાં શ્રીમદ્‌ભાગવત, મત્સ્યપુરાણ અને વિષ્ણુ-ધર્મોત્તરનાં વર્ણનો મુખ્ય છે. જો કે ભાગવતકારનું વિધાન વ્યવસ્થિત હકીકત રજુ કરે છે, પણ એવા વર્ણનવાળી કોઈ પણ પ્રતિમા કે શિલ્પ ગુજરાતમાંથી પ્રાપ્ત થયેલ નથી.

યજ્ઞ કિંવા સુયજ્ઞ

યજ્ઞ એ વિષ્ણુનો અંશાવતાર છે. ભાગવત અને બીજાં પુરાણોમાં તેમને પ્રજાને દુઃખમુક્ત કરી હોવાની કથાઓ મળે છે. તેમના મૂર્તિ-વિધાન માટે કોઇપણ ગ્રંથકારોએ સૂચનો રજુ કર્યાં નથી છતાં તેમનું સ્વરૂપ પુરુષાકૃતિ હોવાની કલ્પના છે. ગુજરાતમાંથી આવી કોઈપણ પ્રતિમા મળી આવતી નથી.

વરદરાજ

તેમનું બીજું નામ ગજેન્દ્ર મોક્ષ કરનાર વિષ્ણુ. ભાગવતમાં

તેમનું સ્વતંત્ર ઉપાખ્યાન મળે છે. દક્ષિણ ભારતમાં તે વરદરાજ તરીકે પૂજાય છે. અને મહીસુર, તાંજોર અને મદ્રાસ રાજ્યમાં તેમના સ્વતંત્ર મંદિરો હોઇ સેવ્ય પ્રતિમાઓ પુષ્કળ મળે છે. ગુજરાતમાંથી તો તેવાં વરદરાજનાં કોઈપણ સ્વતંત્ર મંદિરો મળતાં નથી તેમ જ તેવી કોઈ પ્રતિમા મળતી નથી એટલે તેની ચર્ચા અસ્થાને છે. ફક્ત ગજેન્દ્ર મોક્ષનાં કેટલાક શિલ્પો પ્રાચીન મંદિરોની જંઘાઓમાં તથા મંડોવરોમાંથી મળે છે. પાટણમાં નારાયણજીના મંદિરની અંદર ગજેન્દ્ર મોક્ષનું એક શિલ્પ કોઇ પ્રાચીન મંદિરના અવશેષોમાંથી લાવી મૂકેલું છે. આ સિવાય વડનગરના હાટકેશ્વર મહાદેવના મંદિરની જંઘામાં પણ આવું એક શિલ્પ કોતરવામાં આવ્યું છે. પરંતુ તેવી કોઇ સેવ્ય પ્રતિમા મળી આવી નથી.

વિઠ્ઠલ

ભક્ત પુંડલિકનું કાર્ય કરવા માટે ભગવાનને આ અવતાર લેવો પડ્યો હતો. તેનું મહત્ત્વ દક્ષિણમાં વધુ છે. વિઠ્ઠલ ભગવાનના રૂપ-વિન્યાસના ઉલ્લેખો શિલ્પના કોઈ ગ્રંથમાંથી મળતા નથી, છતાં પંઢરપુર મહાત્મ્ય વ. વિઠ્ઠલનું મહાત્મ્ય દર્શાવતા ગ્રંથમાં તેમનું સામાન્ય વર્ણન છે. તેમાં વિઠ્ઠલ ઊભા, બે હાથ કમર ઉપર મૂકેલા, અને બીજા બેમાં કમળ તથા શંખ, માથે દક્ષિણના ટોપ જેવો ઊંચો મુકુટ, ગળામાં હાર, માળા અને કાનમાં મકર કુંડળ વ. વિધાન તેના માટે નોંધાયું છે. દક્ષિણમાંથી ગુજરાતમાં આવી વસેલા સરદારો આસામ-દારો અને ઊંચી નોકરી કરતા રાજકર્મચારીઓએ આધુનિક કાળમાં થોડાં મંદિરો બંધાવ્યાં છે. પણ વિઠ્ઠલનાં પ્રાચીન મંદિરો કે પ્રતિમાઓ મળી નથી.

વ્યંકટેશ

તેને બાલાજી તરીકે પણ ઓળખવામાં આવે છે તિરૂપતિના વ્યંકટેશ તો સુપ્રસિદ્ધ છે. શૈવો અને વૈષ્ણવો તેમને ઇષ્ટ દેવ તરીકે સ્વીકારે છે. સ્વ. ગોપીનાથરાવ 'હિન્દુ મૂર્તિ વિજ્ઞાન'માં તેને હરિહરના સ્વરૂપ

તરીકે ઓળખાવે છે. બાલાજીની મૂર્તિને ચાર હાથ, પૈકી ઉપરના બેમાં શંખ, ચક્ર, નીચેના પૈકી એકમાં અભય અને બીજો કટયવલંબિત છે. સ્વ. ગોપીનાથરાવે તેમના જમણા ભુજંગે વલયો હોવાનું જણાવ્યું છે. તેની પાસે વાહન તરીકે ગરૂડ અગર મારુતિ હોય છે. દક્ષિણ ભારત જેટલાં કોઇ પ્રાચીન મંદિરો ગુજરાતમાંથી વ્યંકટેશનાં મળ્યાં નથી, પણ દાક્ષિણાત્યોની અસરથી નવાં મંદિરો જોવામાં આવે છે. પાટણમાં પણ એવા બે મંદિર છે. તે બન્નેમાં નાની નાની ધાતુ-પ્રતિમાઓ બેસાડેલી છે.

વ્યાસ

વ્યાસનું મુખ્ય કાર્ય વેદના વિભાગ કરવાનુ મનાય છે. તેમણે વેદની વ્યવસ્થા કરી જુદા જુદા શિષ્યોને તેનું અધ્યયન કરાવ્યું હતું. વ્યાસ મહાભારત અને અઢારે પુરાણોના સર્જક મનાય છે. વિષ્ણુ-ધર્મોત્તર પુરાણે તેમનું વર્ણન કરતાં તેમનો વર્ણ કૃષ્ણ, માથે મોટી જટા, શરીરે કૃશ, તેમની પાસે ચાર શિષ્યો સુમતુ, જૈમિની, પૈલ અને વૈશંપાયન બેઠેલા એવું વર્ણન નોંધ્યું છે.

વ્યાસ ભગવાનની સ્વતંત્ર પ્રતિમાઓ મળતી નથી. તેમજ મંદિરો પણ કોઇ ઠેકાણે હોય એવું જણાવ્યું નથી. ચાણોદથી ત્રણ માઇલ દૂર નર્મદા કાંઠે વ્યાસક્ષેત્રમાં તેમનો આશ્રમ હોવાનું કહેવાય છે. તેમનાં મંદિર કે મૂર્તિ વ્યાસક્ષેત્ર સિવાય બીજે જોવામાં આવતાં નહિ હોવાથી તેમનો પૂજાપ્રચાર ગુજરાતમાં ન હતો એમ મનાય છે.

રંગનાથ

દક્ષિણમાં તેને શ્રી રંગજીથી ઓળખવામાં આવે છે. વિષ્ણુના યોગ, ભોગ વ. પ્રકારોમાં આ મૂર્તિ યોગશયન પ્રતિમાને મળતી છે. દક્ષિણમાં શ્રી રંગજીનું મંદિર ભવ્ય અને પ્રાચીન મનાય છે. રામનુજ સંપ્રદાયના વૈષ્ણવોનુ તે પરમધામ છે. ગુજરાતમાંથી તેમનાં મૂર્તિઓ કે શિલ્પો મળતાં નથી. બાકી તે યોગશયન પ્રકારની મૂર્તિ છે, જે આગળ ઉપર થઇ ગયેલી હોવાથી અત્રે ચર્ચા અસ્થાને છે.

હયગ્રીવ

હયગ્રીવની કથા વૈદિક વાઙ્મયમાંથી મળી આવે છે. આ અવતારની કથા દેવી ભાગવત અને અન્ય પુરાણોમાં આપવામાં આવી છે. તે પ્રમાણે હયગ્રીવ રાક્ષસનો સંહાર કરવા ભગવાન વિષ્ણુએ અવતાર લીધો હતો. તેઓ પરમ જ્ઞાની, સર્વ વિદ્યાના ઉપાસક વ. મનાય છે. શ્રી વિદ્યાના તેઓ ઉપાસક હતા એમ લલિતાત્રિશતિ અને તંત્ર-વિદ્યાના બીજા ગ્રંથો ઉપરથી જણાય છે. તેમના રૂપ-વિન્યાસ માટે કેટલાક ગ્રંથકારોએ વિવેચનો આપ્યાં છે. તે પ્રમાણે અગ્નિપુરાણ, પાંચરાત્ર, વિષ્ણુધર્મોત્તર, શારદાતિલક અને શિલ્પરત્નમાં તેના રૂપવિન્યાસમાં વિગતપૂર્ણ વિધાનો છે.

હયગ્રીવનો પ્રચાર દક્ષિણમાં જ ખાસ ફેલાયો હતો. ગુજરાતમાં તેની કોઇ પ્રતિમા કે મંદિર મળી આવ્યાં નથી; તેટલું જ નહિ, પણ મંદિરના રૂપશૃંગારમાંથી પણ તેવાં કોઇ શિલ્પો પ્રાપ્ત થયાં નથી. દક્ષિણ ભારતમાંથી તેમની જે પ્રતિમાઓ મળે છે અને તે વિષે વધુ વિવેચનો ડૉ. ગુલિક કૃત 'હયગ્રીવ' નામના પુસ્તકમાં આપેલાં છે.

હંસ

સનકાદિકોએ પોતાના પિતા બ્રહ્મ દેવ પાસે તત્ત્વજ્ઞાન વિષયમાં શંકા કરવાથી, બ્રહ્મા પણ તેમની શંકાનું સમાધાન કરી શકયા નહિ. આથી બ્રહ્માએ ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરતાં તેમણે હંસ સ્વરૂપે બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ આપ્યો. આથી તેઓ હંસાવતાર મનાયા એમ ભાગવતને આધારે જણાય છે. તેમના કલાવિધાનમાં વિષ્ણુ ધર્મોત્તર-માં હંસ પક્ષી જેવું બનાવવાની મોઘમ નોંધ આપી છે. જ્યારે તત્ત્વ નિધિમાં વર્ણ શુકલ, બે હાથ, શંખ, ચક્ર વ. તેમાં પાસે સ્ત્રી વ. જણાવ્યું છે. હાલનાં સેવ્ય સ્વરૂપો તો શું પણ તેવાં શિલ્પો પણ ગુજરાતમાંથી મળવાં વિરલ છે. ગુજરાતમાંથી તેમનું કોઇ સ્વરૂપ પ્રાપ્ત થયું નથી, પણ જગન્નાથજીનાં ભવ્ય અને પ્રાચીન મંદિરોમાં તેવી પ્રતિમા મળવી સંભવિત છે.

સંકીર્ણ પ્રતિમાઓ

વિષ્ણુના ચતુર્વિંશતિ ભેદો અને અવતારો વ. નું વિશદ વિવેચન કર્યા બાદ હવે ચતુર્મુખ વિષ્ણુ બે, ચાર, આઠ, દસ, ચૌદ, સોળ કે વીસ હાથ ધરાવતાં સ્વરૂપો, શયન કરતી શેષશાયિ, જલશાયિની પ્રતિમાઓ, લક્ષ્મીનારાયણની યુગલ મૂર્તિઓ, અને વાસુદેવ ચતુષ્ટય વ. ના રૂપવિધાનોની પિછાન અત્રે કરાવવામાં આવી છે. વિષ્ણુ પ્રતિમાના મુખ્ય ત્રણ ભેદ સ્થાન, આસન અને શયન મનાય છે તેમાં આગલા પાનાઓમાં સ્થાન એટલે કે ઊભી મૂર્તિઓની ચર્ચા કર્યા બાદ હવે આસન–બેઠી અને શયન–સૂતી મૂર્તિઓની વિવેચના અત્રે કરવામાં આવી છે.

વિષ્ણુના બે, ચાર કે તેથી વધુ હાથો બનાવવાનો પ્રચાર મધ્ય કાળમાં હતો એમ રૂપમંડન અને રૂપાવતાર અને વિષ્ણુ ધર્મોત્તર-નાં વર્ણનો ઉપરથી જાણી શકાય છે. વિષ્ણુની ચાર મુખ ધરાવતી પ્રતિમાઓ ભારતના દરેક પ્રાંતમાંથી મળે છે, પણ ચાર કરતાં વધુ હાથ ધરાવતી મર્તિઓ ગુજરાતમાંથી જ વધુ પ્રમાણમાં મળી આવે છે. આથી ગુજરાતે વૈષ્ણવ મૂર્તિકલામાં નવિન સંપ્રદાય દાખલ કર્યો હોવાનું જાણી શકાય છે. આ ઉપરાંત કાશ્મીરના અવંતીપુર, કર્નાલના કૈથળ અને બંગાલના રંગપુરમાંથી ચાર મુખવાળી પ્રતિમાઓ મળી આવી છે જેમાં આગળનું મનુષ્ય જેવું, જમણી બાજુ નરસિંહનું, ડાબી બાજુ વરાહમુખ હોઈ પીઠિકાને લીધે પાછળનું જાણી શકાતું નથી. પણ તેને ફક્ત ચાર હાથ જ બનાવેલા છે. જ્યારે ગુજરાતમાંથી મળતી આવી મૂર્તિઓને આઠથી વીસ હાથ સુધી હોય છે. ઉપર કહેલી કાશ્મીર જેવી પ્રતિમાઓનો પણ ગુજરાતમાં પ્રચાર હશે એમ કડવારની ચતુર્મુખ પ્રતિમા અને સહસ્રલિંગના ઉત્ખનનમાંથી મળેલી દેવી પ્રતિમા ઉપરથી જણાય છે કારણ કે તેમાં વરાહ, મનુષ્ય, અને નૃસિંહનાં રૂપો કલ્પ્યાં છે. જેથી તે વૈષ્ણવીદેવી હોવાનું અનુમાનું છું.

કડવારમાં વરાહ મંદિરમાં વિષ્ણુની એક ચતુર્મુખ પ્રતિમા ચોડેલી છે, જેને ચાર મુખ હોઈ તે પૈકી એક સિંહનું, બીજું મનુષ્યનું, ત્રીજું વરાહનું જણાવ્યું છે જ્યારે ચોથું મુખ પાછળ હશે તેવી કલ્પના કરવાની રહે છે. આમાં ભગવાન વિષ્ણુ પલાંઠી વાળી બેઠા હોઈ તેને ચાર હાથ બતાવ્યા છે. જે પૈકી બે ખંડિત છે. તેમના પગ નીચે ગરુડ વ્યક્ત કર્યો છે.

વૈકુંઠ

ઉપર જણાવ્યા પ્રમાણેની ચાર મુખ, તેમજ આઠ હાથ ધરાવતી પ્રતિમાને 'વૈકુંઠ' એવું નામ શાસ્ત્રકારોએ આપેલું છે. તેના માટે રૂપ-મંડન[૫૨], રૂપાવતાર[૫૩], વિષ્ણુ ધર્મોત્તર[૫૪] અને માનસોલ્લાસ[૫૫]માં પૃથક વિધાનો આપ્યાં છે.

આ વર્ણનોમાં રૂપમંડન તથા રૂપાવતારે વૈકુંઠના વિધાન માટે વ્યવસ્થિત લક્ષણો રજૂ કર્યાં છે જ્યારે વિષ્ણુ ધર્મોત્તરકારે વૈકુંઠના વિધાન માટે પ્રથમ પ્રકારમાં ફક્ત ચાર હાથ ધરાવ્યા છે, અને અપર પ્રકારમાં આઠ હાથનો ઉલ્લેખ આપ્યા છતાં, તેમાંનાં આયુધો જુદાં જ છે. તેટલું જ નહિ પણ તે સ્વરૂપનું નામાભિધાન પણ પુરાણકારે તેમાં આપ્યું નથી. પરંતુ આ બન્ને પ્રકારોમાં ચારે મુખ વૈકુંઠ જેવાં જણાવેલાં હોવાથી, તે બન્ને વિધાનો પણ વૈકુંઠનાં જ હોવાનું અનુ-માન્યું છે. ગુજરાતમાંથી મળતી વૈકુંઠની પ્રતિમાઓ મુખ્યતઃ રૂપ-મંડનના વિધાન પ્રમાણેની જ મળી આવે છે, જ્યારે વિષ્ણુ ધર્મોત્તર અને માનસોલ્લાસમાં જણાવેલાં વિધાનો પ્રમાણેની વૈકુંઠ પ્રતિમાઓ કોઈ સ્થળેથી મળી આવી નથી.

ગુજરાતમાં ફક્ત ઉત્તર ગુજરાતમાંથી જ આવી વૈકુંઠની પ્રતિમાઓ

---

૫૨. રૂપમંડન અ. ૩, શ્લો. ૪૯-૫૧

૫૩. રૂપાવતાર અ. ૫, શ્લો ૯૮-૧૦૦

૫૪. વિષ્ણુ ધર્મોત્તર ખં. ૩, અ. ૮૫, શ્લો. ૪૨-૪૫

૫૫. માનસોલ્લાસ વિંશતિ, ૩. અધ્યાય. ૧.૬૯૫.

મળી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યાના ઉલ્લેખો મળતા નથી. વૈકુંઠની એક પ્રતિમા વિજાપુરમાંથી મળી આવી છે જેને આઠ હાથ હોઈ તે પૈકી જમણા ચારમાં બાણ, તલવાર, ગદા અને શંખ છે જ્યારે ડાબામાં ધનુષ, ઢાલ, કમળ અને ચક્ર ધારણ કરેલું જોવામાં આવે છે. આમાં લક્ષણો અને આયુધો વિધાન પ્રમાણે શાસ્ત્રીય રીતે બનાવ્યાં છે છતાં જમણા હાથના ચક્રસ્થાને શંખ અને ડાબા હાથના શંખસ્થાને ચક્ર મૂકી, શિલ્પીએ સ્વતંત્રતા લઈ ફેરફાર કર્યો લાગે છે.

આવી જ બીજી પ્રતિમા સંડેરના ત્રણ પ્રાચીન મંદિરો પૈકી, દક્ષિણ બાજુના મંદિરની ઉત્તર ભીંતમાં કોતરેલી છે. તેને માથે કિરીટ મુકુટ અને આઠ હાથ હોઈ જમણા ચારમાં ગદા, ખડગ, ખંડિત અને વરદ મુદ્રા છે. જ્યારે ડાબા ચારમાં દંડ, ધનુષ્ય અને બાકીના બે ખંડિત હોવાથી કયાં આયુધો તેમાં હશે તે જાણી શકાયું નથી. આમાં પણ શિલ્પીએ થોડીક છૂટ લઈ કેટલાક ફેરફાર કરતાં વરદ, દંડ બે નવીન જ રજૂ કર્યાં છે. શ્રીમંત મહારાજા પ્રતાપસિંહના શિલ્પસંગ્રહમાં વૈકુંઠની એક મૂર્તિ મૂકેલી છે તેને પણ આઠ હાથ હોઈ દરેક આયુધો પદ્ધતિસર બનાવવામાં આવ્યાં છે. છતાં ધનુષ અને બાણને બદલે પાશ તથા અંકુશ મૂકી પોતાની સ્વતંત્ર કલ્પના શિલ્પીએ સાદર કરી છે.[૫૬] વિષ્ણુના આઠ હાથવાળી એક પ્રતિમા વડનગરના કુશેશ્વર મહાદેવની અંદર ભીંતમાં ચોડેલી છે તેમાં ફક્ત એક જ મુખ વ્યક્ત કરેલું હોઈ માથે કિરીટ મુકુટ અને અલંકારો ધારણ કરેલાં છે. તેના જમણા ચાર હાથમાં અનુક્રમે ગદા, ચક્ર, તલવાર અને વરદ મુદ્રા-યુક્ત કમલ તેમજ ડાબા ચારમાં ઢાલ, ધનુષ, શંખ અને જંઘા ઉપર

૫૬. A paper on "Eight medieval Hindu images in the collection of Shri Pratapsingh Maharaja Gaikwar in Indian Culture" 'vol. 1 1934. No. 3.

મૂકેલા છે. તેના માથા પાસે બીજા કેટલાક મનુષ્યો ઊભા રહેલા જણાય છે આમ કેટલીક નવીનતા રજુ કરે છે.

દસ હાથના વિષ્ણુ

વૈકુંઠના જેવી જ દસ હાથ ધરાવતી કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી છે. જો કે દસ હાથના વિષ્ણુનું વિધાન કોઈ પણ ગ્રંથકારે જણાવ્યું નથી. પણ વૈકુંઠના જ સ્વરૂપમાં બે વધુ હાથો બનાવી, તેમાં મુદ્રાઓ વ્યક્ત કરતાં મૂર્તિકલાના નિષ્ણાતોએ આ એક નવીન જ સ્વરૂપ ઉપજાવી કાઢ્યું હોવાનું જણાય છે. આનું સામાન્ય સ્વરૂપ વૈકુંઠને અનુરૂપ હોઈ, તેનાં આયુધો પૈકી જમણા હાથમાં નીચેથી વરદ, તલવાર, ચક્ર અને અભય મુદ્રા, તથા ડાબા ચારમાં કમંડલ, ઢાલ, ગદા અને અભય મુદ્રા છે. આ સિવાય બાકી બે હાથો વડે નાભિપ્રદેશ પાસે યોગમુદ્રા સૂચવવામાં આવી હોય છે. આવી બે પ્રતિમાઓ કપડવંજ પાસે તૈજપુર ગામમાંથી મળી હોઇ હાલમાં મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં મૂકેલી છે.[૫૭] આ મૂર્તિ ગુજરાતની અનન્ય મૂર્તિકલા અને વિશિષ્ટતા દર્શાવે છે.

અનંત

વૈકુંઠની માફક અનંતની મૂર્તિને બાર હાથ બનાવવાનું મૂર્તિશાસ્ત્રકારોએ જણાવ્યું છે. તેના રૂપવિન્યાસ માટે રૂપમંડન[૫૮], રૂપાવતાર[૫૯], વિષ્ણુ ધર્મોત્તર[૬૦]માં વિગતપૂર્ણ વિધાનો આપવામાં આવ્યાં છે.

આ બધા પૈકી વિષ્ણુધર્મોત્તરકારે અનંતનું વર્ણન શેષનાગ જેવું આપેલું હોઇ, નવ નાગ પૈકી અનંત નાગનું વિધાન રજુ કર્યું છે.

57. Dr. Hasmukh Sankalia's paper in Bombay University Journal, January 1939

૫૮. રૂપમંડન, અધ્યાય ૩ શ્લોક ૫૮–૫૯

૫૯. રૂપાવતાર, અધ્યાય ૫, ૯૮–૧૦૧

૬૦. વિષ્ણુધર્મોત્તર. ખં ૩, અ. ૬૫. ૨–૩

અનંતનાગ વિષ્ણુનો અવતાર હોવાની માન્યતા અનંત ચતુર્દશીના વ્રત ઉપરથી જણાય છે; કારણ કે અનંતવ્રતમાં અનંતનાગ સાથે વિષ્ણુનું પૂજન પણ કરવામાં આવે છે. આથી વિષ્ણુધર્મોત્તરનું કથન વાજબી જણાય છે. તેમાં અનંત શ્વેતચંદ્ર સમાન, લીલાં વસ્ત્રો પહેરેલા, સર્વાલંકારોથી યુક્ત, માથે ફણાઓ, જમણા બે હાથમાં કમળ અને મૂસળ, ડાબા બેમાં હળ તથા શંખ ધારણ કરેલા અગર સુરાપાત્ર, ગળામાં વનમાલા વ. જણાવ્યું છે. આ વર્ણન કેટલેક અંશે બલરામને અનુસરે છે. બલરામ શેષનો અવતાર છે. અને અનંત પ્રતિમા શેષ જેવી બનાવવાનું સૂચવ્યું હોવાથી, અનંત બલરામનું સ્વરૂપ હોવાનું માલુમ પડે છે. બલરામ વિષ્ણુનો જ અંશાવતાર છે એટલે વિષ્ણુધર્મોત્તરકારે વિષ્ણુની સાથે અનંતની એકતા સૂચવી છે.

અનંતની બે પ્રતિમાઓ પાટણમાંથી મળી આવી છે. તે પૈકી એક મહાલક્ષ્મીના મંદિર પાસે મહાદેવમાં મૂકેલી છે. તે આશરે દોઢ ફૂટ ઊંચી, ધોળા આરસમાંથી બનાવેલી, બાર હાથ તે પૈકી જમણામાં અભય મુદ્રા, માલા, તલવાર, વજ્ર, અંકુશ, અને ગદા તથા ડાબામાં અભયમુદ્રા કમંડલ, શંખ, બાણ, હળ, અને ઢાલ વ. આયુધો ધારણ કરેલાં હોઇ, ગરુડ ઉપર બેઠેલા, ચાર મુખ, માથે કિરીટ મુકુટ, અને શરીર ઉપર અલંકારો પહેરેલા જણાવ્યા છે. આવી જ બીજી પ્રતિમા વાઘેશ્વરી માતાના મંદિરની અંદર મહાદેવમાં ચોડેલી છે, તેને બાર હાથ, ચાર મુખ, માથે કિરીટમુકુટ, ગરૂડ ઉપર બેઠેલા, જમણા હાથમાં અનુક્રમે ચક્ર, શંખ, વરદ અને જ્ઞાન મુદ્રા, બાકી બેમાં અસ્પષ્ટ ત્યારે ડાબા છમાં ગદા, ઢાલ, કમંડલ, જ્ઞાનમુદ્રા અને છેલ્લા બેમાં અસ્પષ્ટ આયુધો છે. આ મૂર્તિ આશરે બે ફૂટ ઊંચી, આરસપહાણમાંથી બનાવેલી છે. બન્ને પ્રતિમાઓનાં આયુધોમાં શાસ્ત્રીય વિધાનો કરતાં કેટલાંક અવળાં સવળાં અને કેટલાંક નવીન છે પણ તે શિલ્પીએ લીધેલી છૂટને લીધે હશે. ઘણી વખત મૂર્તિવિધાયકો પોતાની સ્વતંત્ર કલ્પનાથી આવો ફેરફાર કરતા હોવાનાને કારણે આવું બન્યું હશે.

ચૌદ હાથના વિષ્ણુ

અનંતના જેવી જ પણ તેના કરતાં બે વધુ એટલે ચૌદ હાથ ધરાવતી પ્રતિમાઓ બનાવવાનું શાસ્ત્રીય વિધાન કોઇ પણ ગ્રંથમાંથી ઉપલબ્ધ થતું નથી. છતાં ગુજરાતમાં કેટલેક સ્થળેથી તેવી ભવ્ય પ્રતિમાઓ મળી આવી છે. આ પ્રતિમાઓ કદમાં મોટી, અને સુંદર ભાવ પ્રદર્શિત કરતી હોઇ, કેટલેક ઠેકાણે તો સેવ્ય મૂર્તિ તરીકે પૂજાય છે. આ કલાવિધાન ગુજરાતની મહત્ત્વની વિશિષ્ટતા દર્શાવે છે; કારણ કે ગુજરાત બહારથી આવી મૂર્તિઓ ખાસ મળી આવી નથી, જ્યારે ગુજરાતના મધ્યકાલીન મંદિરોમાંથી આવી સંખ્યાબંધ મૂર્તિઓ મળી આવી છે.

વિજાપુર તાલુકાના મહુડી ગામ પાસે હાથમતી અને સાબરમતીના સંગમસ્થાને કોટર્યકના નવીન મંદિરની જંઘામાં ચૌદ હાથ ધરાવતી વિષ્ણુ પ્રતિમા ચોડેલી છે. તેને બે બાજુ બે અને મધ્યમાં મળી કુલ ત્રણ મુખ હોઇ, ભગવાન વિષ્ણુ ગરુડ ઉપર બેઠેલા બનાવ્યા છે. તેના જમણા હાથોમાં અનુક્રમે ચક્ર, પાશ, અંકુશ, વજ્ર, તલવાર, માલા અને જ્ઞાનમુદ્રા જણાવતાં, ડાબામાં ઉપરથી ગદા, ઢાલ, શંખ, બાણ, અસ્પષ્ટ, કમંડલ, અને યોગમુદ્રા વ્યક્ત કરી છે. શિલ્પકલાનો આ અપ્રતિમ નમૂનો ગુજરાતની આવી મૂર્તિઓમાં સર્વોત્કૃષ્ટ છે.

આવી જ બીજી પ્રતિમા પાટણ તાલુકાના સંડેર ગામમાંથી મળી છે, જે આશરે ચાર ફૂટ ઊંચી હોઇ, ધોળા આરસમાંથી બનાવવામાં આવી છે. આ મૂર્તિના ભાસ્કર્ય ઉપરથી તે ચૌદમા સૈકાથી અર્વાચીન લાગતી નથી. તેને પણ ચૌદ હાથ, ત્રણ મુખ, માથે કિરીટમુકુટ અને ડાબો પગ વાળી ગરુડ ઉપર બેઠેલા બતાવ્યા છે. આ મૂર્તિનાં આયુધો, આગળ જણાવેલ કોટચર્કની મૂર્તિ પ્રમાણે બરોબર બનાવ્યાં છે.

પાટણમાં ગંગામાતાની વાડીના સ્થાનમાં ચૌદ હાથ ધરાવતી

ભવ્ય વિષ્ણુ પ્રતિમા બેસારેલી છે. આ પ્રતિમા આશરે ચાર ફૂટ ઊંચી, ધોળા આરસમાંથી બનાવતાં, તેનું ભારકર્ય ખૂબ નાજુક અને કાળજીપૂર્વક બનાવવામાં આવ્યું હોવાનું માલૂમ પડે છે. તે સ્વતંત્ર મંદિરમાં બેસારવામાં આવી હોઈ, તે સેવ્યમૂર્તિ છે. તેમાં પણ આયુધોનો ક્રમ આગળ જણાવ્યા પ્રમાણે કોટચર્કની મૂર્તિને અનુરૂપ જણાવ્યો છે.

આ સિવાય ડૉ. પંડયા અભ્યાસગૃહ, પાટણના કલાપ્રદર્શનમાં તેમજ પાટણના ઘીવટા જીલ્લાના મહાદેવના પાડામાં આવેલ વૈજનાથ મહાદેવમાં પણ આવી જ ચૌદ હાથવાળી પ્રતિમાઓ છે. આબુ પાસેના અંબાજીમાતાના મંદિરમાં પણ આવી ચૌદ હાથ ધરાવતી મૂર્તિઓ મધ્યકાળની હોઈ, સોળમા સૈકાથી અર્વાચીન હોવાનું જણાતું નથી.

અજમેર મ્યૂઝિયમમાં આવી બે મૂર્તિઓ છે તે પૈકી એક અથૂર્ણા અને બીજી ડુંગરપુરની છે. બન્ને મૂર્તિઓ આશરે પાંચ ફૂટ ઊંચી હોઈ, અદ્વિતીય સૌંદર્ય પ્રકટ કરતી પ્રતિમાઓ છે. તેની તક્ષણ-કલા એટલી ઉદાત્ત છે કે દર્શન કરતાં જ મંદ સ્મિત કરી રહેલું ભાવપૂર્ણ મુખ જોવા મળે છે. બન્ને ધોળા આરસમાંથી બનાવેલી છે. ઉત્તર ગુજરાતમાંથી મળતી પ્રતિમાઓ કરતાં આયુધોના ક્રમમાં કેટલોક ફેરફાર કરવામાં આવ્યો છે. આ મૂર્તિના મુખ ઉપરનો ભાવ, માથા પાછળનું પ્રભામંડળ અને માથા ઉપરનો કિરીટ મુકુટ વ. કેટલીક અનન્યતાઓ રજૂ કરે છે.

ત્રૈલોક્ય મોહન

આ સોળ હાથ ધરાવતી વિષ્ણુપ્રતિમાનો એક પ્રકાર છે. તેના રૂપવિન્યાસ .માટે રૂપમંડન,[૬૧] રૂપાવતાર[૬૨] અને અગ્નિપુરાણમાં વિધાનો આપેલાં છે. રૂપમંડન અને રૂપાવતાર વિષ્ણુના સોળ હાથ

૬૧. રૂપમંડન, અ. ૩, ૧૭૪-૧૭૬
૬૨. રૂપાવતાર, અ. ૫, ૧૦૨-૧૦૫

કલ્પે છે, જ્યારે અગ્નિપુરાણ ફક્ત આઠ હાથ જણાવી જમણા ચારમાં ચક્ર, શંખ, મૂસલ અને શંખ તથા ડાબા ચારમાં શંખ, ધનુષ, ગદા તથા પાશ હોવાનું નિરૂપે છે. વધુમાં તેની પાસે વીણા ધારણ કરતી લક્ષ્મી તથા સરસ્વતીની પ્રતિમાઓ હોવાનું જાહેર કરે છે.[૬૩] રૂપમંડનના વિધાનવાળી કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી છે. જ્યારે અગ્નિ-પુરાણના વર્ણનવાળી એક પણ પ્રતિમા હજુ સુધી મળી આવી નથી.

સોળ હાથ ધરાવતી ત્રૈલોક્ય મોહનની એક પ્રતિમા વિસનગર તાલુકાના વાલમ ગામના વિષ્ણુમંદિરમાંથી મળી આવી છે. આ પ્રતિમા-ને વિધાન પ્રમાણે ચાર મુખ, તેમાં બન્ને બાજુના અને મધ્યનું સ્પષ્ટ છે, ચોથું પીઠ પાછળ હોવાની કલ્પના છે. તેના કેટલાક હાથ ખંડિત છે તેમજ આયુધો પણ તૂટી ગયાં છે તેથી તેનો ક્રમ અત્રે વિગતવાર આપી શકાયો નથી. આમાં પણ ભગવાનને ગરૂડારૂઢ બતાવ્યા છે. આવી જ બીજી પ્રતિમા સંડેરમાંથી મળી હોઈ તેને પણ સોળ હાથ, ચાર મુખ, વિવિધ આયુધો અને ગરુડ વાહન તરીકે બતાવ્યું છે. આ મૂર્તિ અખંડ હોઈ, તેનાં આયુધો શાસ્ત્રીય અને સપ્રમાણ માપવાળાં મૂકેલાં છે. હાલમાં આ મૂર્તિ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં છે.

વિશ્વરૂપ

વિષ્ણુની વીસ હાથ ધરાવતી પ્રતિમાને વિશ્વરૂપ તરીકે ઓળખ-વામાં આવે છે. ગીતામાં જણાવેલા વિશ્વરૂપને શિલ્પકારોએ મર્યાદિત રીતે રજુ કરી વીસ હાથવાળા વિશ્વરૂપની કલ્પના કરી છે. તેને માટે રૂપમડન,[૬૪] રૂપાવતાર[૬૫] અને અગ્નિપુરાણ[૬૬] કારે વિધાનો આપ્યાં છે. તે પ્રમાણે રૂપમંડન અને રૂપાવતારકાર વીસ હાથ, ચાર મુખ—નર, નરસિંહ, સ્ત્રી અને વરાહ જેવાં કલ્પે છે અને ગરુડ ઉપર બેઠેલા

૬૩. અગ્નિપુરાણ, અ. ૪૯-૨૦
૬૪. રૂપમંડન, અ. ૩, ૫૫-૫૭
૬૫. રૂપાવતાર, અ. ૫, ૧૦૧-૧૦૪
૬૬. અગ્નિપુરાણ, અ. ૪૯, ૨૧-૨૨

બતાવે છે, જ્યારે અગ્નિપુરાણકાર પણ વીસ હાથ, આયુધક્રમ રૂપાવતાર અને રૂપમંડનથી જુદો બતાવ્યો છે. વધુમાં બન્ને બાજુ લક્ષ્મી તથા સરસ્વતીની પ્રતિમાઓ બનાવવાનું સૂચવે છે.

વિશ્વરૂપની કેટલીક મૂર્તિઓ ગુજરાતમાંથી પ્રાપ્ત થઈ છે, તેમાં વિજાપુર તાલુકાના મહુડી–ખડાયત ગામમાં કોટયર્કજીના મંદિરમાં વિશ્વ-રૂપની એક સુંદર પ્રતિમા છે, જેને વિધાન પ્રમાણે વીસ હાથ, ત્રણ મુખ, દરેક હાથમાં જુદાં જુદાં આયુધો આપવામાં આવ્યાં છે અને વાહન તરીકે ગરુડ વ્યક્ત કર્યો છે. આવી જ બીજી પ્રતિમા પાલનપુર પાસે બાલારામ મહાદેવના મંદિરની બહાર મૂકેલી છે. તેને પણ ત્રણ મુખ, વીસ હાથ, નીચે ગરુડ બતાવી ભગવાન વિશ્વરૂપ તેના ઉપર બેઠેલા જણાવ્યા છે. આ મૂર્તિના હાથોમાં વિવિધ આયુધો મૂકેલાં હોઈ, યોગમુદ્રાવાળા ડાબા જમણા બે હાથો ખંડિત છે.

રાજકોટ મ્યુઝિયમમાં વિશ્વરૂપની વીસ હાથ ધરાવતી એક પ્રતિમા છે. તેના જમણા હાથમાં જ્ઞાનમુદ્રા, વરદ, માલા, ચક્ર, ખંડિત, વજ્ર, બાણ, ગદા તથા અસ્પષ્ટ વસ્તુ છે, જ્યારે ડાબામાં યોગમુદ્રા, કમંડલ, શંખ, ધનુષ, હળ, અભયમુદ્રા, ખડ્ગ, પાશ અને વરદમુદ્રા છે. તેને પણ ચાર મુખ અને નીચે ગરુડ વાહન તરીકે બતાવ્યો છે.

પાટણમાં સાળવીવાડામાં આવેલા નારાયણજીના મંદિરમાં વિશ્વંભરનાથથી ઓળખાતી વિશ્વરૂપની એક સેવ્ય પ્રતિમા છે. આ પ્રતિમા ભવ્ય, ચાર ફૂટ ઊંચી, ધોળા આરસની બનાવેલી છે. તેનું કલાવિધાન એટલું સ્પષ્ટ અને ઉઠાવદાર બનાવવામાં આવ્યું છે, કે તેને એક અપૂર્વ પ્રતિમા ગણાવી શકાય. મહેસાણામાં તોરણવાળી માતાના પ્રાંગણમાં વિશ્વરૂપની એક સુંદર પ્રતિમા પડેલી છે, જેનાં કેટલાક હાથ અને આયુધો ખંડિત થયેલાં છે. આ મૂર્તિનું તક્ષણકાર્ય કોઈ સિદ્ધહસ્ત કલાકારનું શિલ્પ સૂચવે છે. પાટણમાં રામસલ્લાના પાડામાં નારાયણજીથી ઓળખાતી વિશ્વરૂપની એક પ્રતિમા નાના ઘરમંદિરમાં બેસાડેલી છે.

તેને પણ વીસ હાથ, ચાર મુખ વાહન ગરુડ વ. છે. તે ધોળા આરસની હોઈ તેનું ભાસ્કર્ય અને કલાવિધાન નારાયણજીની મંદિરના વિશ્વરૂપની પ્રતિમાને અનુરૂપ છે. આમ વિશ્વરૂપનો પ્રચાર ગુજરાતમાં સારી રીતે પ્રચલિત હતો એમ આ પ્રતિમાઓ ઉપરથી જણાય છે.

શેષશાયી–જલશાયી

વિષ્ણુની શયન પ્રતિમાઓમાં ફક્ત શેષશાયીની જ પ્રતિમાઓ મળી આવે છે. તેનાં જલશાયી, અનંતશાયી અને શેષશાયી એવાં ત્રણ નામો પડયાં હોઈ, તે નામ પ્રમાણે ગુણો ધરાવે છે. જલમાં ભગવાને શયન કર્યું હોવાથી તે જલશાયી, અનંતકાળ પર્યંત શયન કર્યું માટે અનંતશાયી અને શેષ નાગ ઉપર પોઢયા માટે શેષશાયી મહાભારત અને કેટલાંક પુરાણોમાં ભગવાન વિષ્ણુએ પૃથ્વીના ઉદ્ધાર માટે મહાપ્રલય સુધી શેષપર્યંકમાં પોઢી સમુદ્રમાં નિવાસ કર્યો અંગેની આખ્યાયિકાઓ થોડા ફેરફારો સાથે આપવામાં આવી છે. વિષ્ણુના વિવિધ સ્વરૂપોમાં આ એક વધુ મહત્ત્વનું અને પ્રાચીનતર સ્વરૂપ છે. તેનાં ભવ્ય વર્ણનો અગ્નિપુરાણ, રૂપમંડન, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, વૈખાનસઆગમ, શ્રી તત્ત્વનિધિ વ. જુદા જુદા ગ્રંથકારોએ વિગતપૂર્ણ રીતે નોંધ્યાં છે તે બધાંમાં જણાવ્યા પ્રમાણે વિષ્ણુ શેષ ઉપર ડાબા પડખે સૂતેલા, એક પગ લક્ષ્મીજીના હાથમાં નાભિમાંથી નીકળેલા કમળ ઉપર બ્રહ્મા સ્તુતિ કરતા જ્યારે કેટલાકમાં લક્ષ્મીજી માથા પાસે, ચાર હાથવાળાં વ. વર્ણન વાળા બતાવ્યા છે.

ગુજરાતમાંથી શેષશાયી, જલશાયીની નાની–મોટી અનેક પ્રતિમાઓ મળે છે. તે બધાની નોંધ વિસ્તૃત રીતે આપવી અશક્ય છે, પણ જે ભાસ્કર્ય અને ભાવની દષ્ટિએ અનુપમ છે તેની જ ચર્ચા અત્રે કરવામાં આવી છે.

જલશાયીની મૂર્તિઓ સામાન્ય રીતે જલાશયમાં મૂકવાનો પ્રચાર સૈકાઓ પહેલાંથી ઊતરી આવ્યો હોવાના પુરાવાઓ મળે છે. પાટણના જાણીતા સહસ્ત્રલિંગ સરોવરમાં જલશાયી ભગવાનની સ્થાપના કરી

હતી એમ સરસ્વતી પુરાણકાર કહે છે.[૧૭] આ સિવાય પાટણથી એ માઇલ દૂર આવેલા બ્રહ્મકુંડમાં ભગવાન જલશાયીની શેષ ઉપર પોઢેલી ભવ્ય પ્રતિમા કૂવાની અંદર બેસાડેલી છે, જે કોઈ પર્વણીના દિવસે પાણીનો નિકાલ કરતાં જોઈ શકાય છે.

નર્મદાકાંઠે આવેલા ચાણોદમાં ભગવાન શેષશાયીનું ઊંચું મંદિર છે. તેમાં શેષશાયીની આશરે પાંચ ફૂટ લાંબી, કાળા આરસમાંથી બનાવેલી સુંદર પ્રતિમા તેના પરિવાર સાથે બેસાડેલી છે તેને ચાર હાથ, લક્ષ્મીજી પગ ચાંપતાં, નાભિ કમળ ઉપર બ્રહ્મદેવ સ્તુતિ કરતા, આજુબાજુ દેવો, ઋષિઓ, આયુધપુરુષો વ. ને સ્તુતિ કરતા જણાવ્યા હોઈ તેમણે હાથમાં શંખ, ચક્ર, વ. આયુધો ધારણ કરેલાં છે. શેષશાયીની પ્રાચીન પ્રતિમાઓમાં આ એક અપૂર્વ નમૂનો છે.

ઉત્તર ગુજરાતમાં આવેલા ઊંઝા ગામમાં શેષશાયીના ટેકરાથી ઓળખાતા મહોલ્લામાં શેષશાયીનું સ્વતંત્ર મંદિર છે. તેમાં ધોળા આરસની બનાવેલી ઉપર પ્રમાણેની સુંદર મૂર્તિ છે. આ પ્રતિમા પણ તેરમા ચૌદમા સૈકાથી અર્વાચીન લાગતી નથી. તેમાં ભગવાન શેષ પર્યંક ઉપર પોઢેલા, નાભિ કમળમાં બ્રહ્મા સ્તુતિ કરતા, લક્ષ્મીજી પગ ચાંપતાં, અને આજુબાજુ સ્તવન કરતા દેવો તથા ભગવાનને ચાર હાથ, તે પૈકી જમણા બેમાં ગદા, કમળ અને ડાબા બેમાં ચક્ર, તેમજ શંખ ધારણ કરેલાં છે. સિરોહી રાજ્યના વર્માણ ગામથી થોડે દૂર કાનવટમાં તથા કૂસમા ગામના રામમંદિરમાં પણ શેષશાયીની ઉપર પ્રમાણેની મૂર્તિઓ બેસાડેલી છે.

મધ્યકાલીન શેષશાયીની એક નમૂનેદાર પ્રતિમા, મોઢેરાના સૂર્યમંદિર પાસે સૂર્યકુંડ ઉપર પૂર્વ તરફની દેરીમાં બેસાડેલી છે. તે પણ આગળ જણાવ્યા પ્રમાણે ઊંઝાની મૂર્તિને સંપૂર્ણત: મળતી હોઈ કલાવિધાન અપૂર્વ છે. મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં

૧૭. સરસ્વતી પુરાણ, સર્ગ ૧૬. ૪૯

એહોલથી લાવેલી ભવ્ય પ્રતિમા છે, જેમાં ભગવાન પોઢેલા નહિ પણ બેઠેલા, ચાર હાથ પાસે આયુધ પુરુષો, અને સ્ત્રીઓ, લક્ષ્મી સરસ્વતી વ. બેઠેલાં બનાવ્યાં છે.

પંચમહાલ જિલ્લાના દાહોદના તળાવમાં ખોદકામ કરતાં શેષશાયીની અભિનવ પ્રતિમા મળી આવી છે, જેનું કલાવિધાન અદ્વિતીય હોઈ ગુજરાતમાંથી મળતી પ્રતિમાઓમાં અપૂર્વ ભાત પાડે છે. આ પ્રતિમા જૂના મુંબઈ રાજ્ય વખતે પુરાતત્ત્વખાતાએ પૂના મંગાવી લીધી છે. વિજાપુર પાસે મહુડીમાં કોટયર્કજીના મંદિરમાં આવી એક નમૂનેદાર મૂર્તિ ચોડેલી છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં અથૂણાંથી લાવેલી એક શેષશાયીની મૂર્તિ છે, જેનું કલાવિધાન ઉપર જણાવેલી ચાણોદની પ્રતિમાને મળતું આવે છે.

આ સિવાય સિદ્ધપુર સરસ્વતી નદીના કિનારા ઉપર માધુ પાવડિયાથી ઓળખાતા ઓવારા પાસે પીપળા નજદીક, રાજ પીપળામાં, વઢવાણની માધાવાવમાં, ચુનારિયાના એક કુંડમાં, વડનગરના ગૌરીકુંડમાં, તેમજ મુંબઇના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં આવી નાની-મોટી મૂર્તિઓ છે, જેનાં વિગતપૂર્ણ વર્ણનો આપવાં અસ્થાને છે. પણ તે બધાં લગભગ ઉપર પ્રમાણેનાં વર્ણનોને અનુરૂપ છે. દેવગઢમાં ગુપ્તકાલીન વિષ્ણુની શેષશાયી પ્રતિમા મળી આવી છે, જેની તક્ષણ કલા, ભાવ દર્શન અને નાજુકતા એટલી સુંદર છે કે તેને જોતાં જ તેમાંથી પ્રભુનો સાચો સાક્ષાત્કાર અનુભવાય છે. ગુજરાતના ઉદયન મંત્રીના વંશજ, સૌરાષ્ટ્રના સુબા સામંતસિંહે, અર્જુનદેવ વાઘેલાના રાજ્યકાળમાં પોરબંદરથી સાત માઈલ દૂર આવેલા કાંટેલા ગામના રેવતી કુંડમાં જલશાયીની મૂર્તિ પધરાવી હતી એમ તેના શિલાલેખના આધારે જણાય છે.[૧૮] આમ ગુજરાતમાં શેષશાયી-

૧૮. ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૩, પાનું ૨૦૪, લેખ નં. ૨૧૬અ

જળશાયીની પ્રતિમાઓ બનાવવાનો પ્રચાર મધ્યકાળ અગાઉથી ફેલાયો હતો એમ ચોક્કસ લાગે છે.

ધર્મ

બ્રહ્મદેવે જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારે તેના રક્ષણ માટે વિચાર કરતાં શરીરમાંથી વૃષભ—કલ્પપુરુષ ઉત્પન્ન થયો તે ધર્મ નામે જાણીતો થયો. જે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિમાં અનુક્રમે ચાર, ત્રણ, બે અને એક પગનો હોવાનું કેટલાંક પુરાણોએ જણાવ્યું છે. વિષ્ણુધર્મોત્તરકારે તેનું વર્ણન નોંધતાં તેમાં રહેલાં આધ્યાત્મિક તત્ત્વો વ. જણાવ્યું છે. તેમાં તેને ચાર હાથ, તે પૈકી એક મસ્તક ઉપર, બીજામાં અક્ષમાલા, ત્રીજામાં પુસ્તક અને ચોથામાં વૃષ, ચાર મુખ,. શુભ વસ્ત્ર તેમજ ચૌદ સ્ત્રીઓ વ. હોવાની કલ્પના કરી છે. પણ આવી કોઈ મૂર્તિ ગુજરાત અગર બીજેથી મળી નથી.

યોગીશ્વર વિષ્ણુ

વિષ્ણુની ધ્યાનસ્થ બેઠી પ્રતિમાઓ થોડી જ મળી આવી છે. છતાં ગુજરાતમાં તેનો પ્રચાર હતો. વિષ્ણુની પ્રતિમાઓમાં પદ્માસન વાળી બેઠેલા, ધ્યાનસ્થ, ચાર હાથ, તે પૈકી ઉપરના બેમાં ગદા તથા ચક્ર ધારણ કરેલાં, નીચેના બે વડે યોગમુદ્રા વ્યક્ત કરતા, આંખો મીંચી બેઠેલા બતાવ્યા છે. રૂપમંડન અને રૂપાવતારમાં તેનાં વર્ણનો નથી; પણ વિશ્વકર્માશાસ્ત્ર, માનસોલ્લાસ અને સિદ્ધાર્થસંહિતામાં તેનાં વ્યવસ્થિત વિધાનો આપેલાં છે. તે પ્રમાણે વિષ્ણુ કમલ ઉપર પદ્માસન વાળી બેઠેલા શ્વેતવર્ણ, ચાર હાથ, ઉપરના બેમાં શંખ તથા ચક્ર અને નીચેના બે વડે યોગમુદ્રા વ્યક્ત કરતા, પાસે ગદા તથા કમળ અને ચક્ષુઓ અર્ધોન્મિલિત નાસાગ્ર ઉપર સ્થિર થયેલી બતાવી છે. આવા જ પ્રકારનું રૂપવિધાનનું વિવેચન સિદ્ધાર્થસંહિતા અને માનસોલ્લાસમાં આવેલું છે.

અમદાવાદમાં આશાભીલના ટેકરાથી ઓળખાતા સ્થાનનું ખોદકામ

કરતાં કેટલીક પ્રતિમાઓ મળી આવી હતી. તેમાંથી યોગીશ્વર ભગવાન વિષ્ણુ પદ્માસન વાળી બેઠેલા, ચાર હાથ, તે પૈકી બેમાં ચક્ર, તથા શંખ, બીજા બે હાથ ખોળામાં યોગમુદ્રા વ્યક્ત કરતા, પગ પાસે ગદા તથા કમળ, શરીર ઉપર આભૂષણો, માથે કિરીટ મુકુટ, ગળામાં હાર, કટિ ઉપર કટિસૂત્ર, કાને કુંડળ, બન્ને કોણી ઉપર વલયો, બે બાજુ પરિવાર વ. બનાવ્યા છે. મધ્યકાલીન મૂર્તિકલાનો આ અદ્વિતીય નમૂનો છે. આ મૂર્તિનું કલાવિધાન સંપૂર્ણતઃ વિશ્વકર્માશાસ્ત્રને અનુરૂપ બનાવેલું છે. આ પ્રતિમા વિદ્યાસભાના સંગ્રહમાં છે.

આવી જ બીજી મૂર્તિ આબુની તળેટીમાં દેવાંગણજીથી ઓળખાતા સ્થાનમાં મૂકેલી છે. આ સ્થાન અણાદરાથી અઢી માઈલ દૂર આવેલા કોડીધ્વજથી એક માઈલ જતાં સઘનવન અને વાંસની ઝાડીમાં એક નાળા પાસે આવેલું છે. આ મંદિરમાં કેટલીક છૂટી મૂર્તિઓ મૂકેલી છે. તેમાં ભગવાન વિષ્ણુની યોગીશ્વર પ્રતિમા પણ છે. આમાં ભગવાન વિષ્ણુ ધ્યાનસ્થ પદ્માસન વાળી બેઠેલા, હાથ ચાર, તે પૈકી બે ખોળામાં યોગમુદ્રાવાળા તથા ઉપરના બેમાં કમળ અને શંખ ધારણ કરેલાં જણાય છે. કેટલીક વખત આયુધો મૂકવામાં, શિલ્પીઓ સ્વતંત્રતા ભોગવતા હોવાના કારણે, ગ્રંથોક્ત આયુધોના ક્રમ પ્રમાણે આમાં આયુધો મુકાયાં જણાતાં નથી.

ત્રીજો આવો નમૂનો સૌરાષ્ટ્રમાં કડવારના વરાહમંદિરમાંથી મળ્યો છે. આ પ્રતિમા વરાહમંદિરના મુખ્ય દ્વાર ઉપર મૂકેલી જણાય છે. અને તે ત્યાં મૂકેલી સૂર્ય, બ્રહ્મા વ. ની મૂર્તિઓના સમૂહમાં મૂકેલી છે. તેને ચાર હાથ, દરેકમાં માલા, ગદા, ચક્ર અને શંખ ધારણ કરેલાં હોઈ ભગવાન વિષ્ણુ પલાંઠી વાળી બેઠેલા જણાવ્યા છે. વિષ્ણુની આસન, સ્થાનક, વીર અને શયન પ્રતિમાઓ પૈકી આવી મૂર્તિઓને યોગાસન પ્રતિમા તરીકે આગમો સંબોધે છે.

લક્ષ્મીનારાયણ

વિષ્ણુની આલિંગન પ્રતિમા તરીકે આ પ્રતિમા મુખ્ય છે.

બ્રહ્મા, સાવિત્રી અને ઉમા–મહેશ્વરની જેવી યુગલ મૂર્તિઓ બનાવવામાં આવે છે તેવી જ લક્ષ્મીનારાયણની યુગલ પ્રતિમા; આયુધોના ફેરફાર સહ બનાવવાનું ગ્રંથકારો કહે છે. ગુજરાત અને ગુજરાત બહાર લક્ષ્મીનારાયણનાં પ્રાચીન–અર્વાચીન સંખ્યાબંધ મંદિર મળી આવે છે. આથી લક્ષ્મીનારાયણનો પ્રચાર મધ્યકાળ અગાઉ પણ ભારત-ભરમાં વ્યાપ્ત હશે તેમ સમજાય છે. રામાનુજ સંપ્રદાયમાં તો "શ્રીમન્નારાયણ–લક્ષ્મીનારાયણ"નું પૂજન–અર્ચન મુખ્ય મનાય છે. તેના પ્રતિમાવિધાન માટે રૂપમંડન,[૬૯] વિશ્વકર્માશાસ્ત્ર, કામિકાગમ વ. અનેક ગ્રંથકારોએ નોંધ લીધી છે. પણ તે બધાં વર્ણનો એક સરખી હકીકત જણાવે છે. તે પ્રમાણે વિષ્ણુ ગરુડ ઉપર બેઠેલા, તેમનો એક પગ વાળેલો, બીજો લટકતો, ડાબી બાજુ ખોળામાં લક્ષ્મીજી બેઠેલાં, બે હાથ તે પૈકી લક્ષ્મીજીના ગળામાં આલિંગન આપતો નાખેલો, લક્ષ્મીજીને પણ બે હાથ–તે પૈકી એકમાં કમળ અને બીજો વિષ્ણુના ગળામાં નાખેલો હોય છે.

લક્ષ્મીનારાયણની નાની-મોટી અનેક પ્રતિમાઓ જુદાં જુદાં સ્થળો-એથી મળી આવે છે. આ પૈકી તો કેટલીક મધ્યકાળ જેટલી પ્રાચીન હોવાનું માલૂમ પડે છે. વિજાપુરમાં લક્ષ્મીનારાયણની સુંદર પ્રતિમા તેના સ્વતંત્ર મંદિરમાં બેસાડેલી છે. તે ધોળા આરસમાંથી બનાવેલી હોઈ, તેનું રૂપવિધાન કોઈ સિદ્ધહસ્ત કલાકારના હસ્તે થયેલું માલૂમ પડે છે. આ પ્રતિમા છ સો-સાત સો વર્ષ જૂની છે. છતાં પૉલીશ તેવી ને તેવી છે. તેમાં વિષ્ણુ ગરુડ ઉપર બેઠેલા ખોળામાં લક્ષ્મીજી, વિષ્ણુ, ભગવાનને હાથ ચાર, તે દરેકમાં શંખ, ગદા, પદ્મ અને ચક્ર ધારણ કરેલાં, લક્ષ્મીજીનો એક હાથ વિષ્ણુના ગળામાં અને બીજો જંઘા ઉપર મૂકેલો, નીચે ગરુડ, આજુબાજુ પરિવાર દેવો, અને વિષ્ણુના શિરોભાગ પાછળ પ્રભામંડળ કોતરેલું છે. આ પ્રતિમા

---

૬૯ રૂપમંડન, અ. ૪. ૩૪-૩૫

સંવત ૧૩૦૭માં અર્થાત્ ચૌદમા સૈકાની શરૂઆતમાં વાઘેલાઓના રાજકાળ દરમ્યાન બનાવી હોવાનો તેની નીચે લેખ છે.

દેલમાલમાં લીંબજા માતાનું પ્રાચીન મંદિર છે. તેની નજીકમાં લક્ષ્મીનારાયણનું પ્રાચીન મંદિર છે. આ મંદિરો મધ્યકાળનાં હોઈ તેમાંની પ્રતિમાઓ પણ તેટલી પ્રાચીન હશે એમ માની શકાય. આ મંદિરમાં વિજાપુરની પ્રતિમાને અનુરૂપ મૂર્તિ બેસાડેલી છે. અજમેરના મ્યૂઝિયમમાં વઘેરેથી લાવેલી લક્ષ્મીનારાયણની એક સુંદર પ્રતિમા મૂકેલી છે, જેનું ભાસ્કર્ય ઊંચા પ્રકારનું છે અને તે મધ્યકાળની હશે એમ કલાવિધાન ઉપરથી લાગે છે.

કડવારમાં લક્ષ્મીનારાયણની ઊભી પ્રતિમા છે, તેમાં લક્ષ્મી અને નારાયણ બન્ને ઊભાં, એક-બીજાને આલિંગન આપતાં જણાવેલા હોઈ, વિષ્ણુને ચાર હાથ, તે પૈકી બેમાં ગદા, તથા શંખ, ત્રીજો હાથ લક્ષ્મી-જીના ગળામાં અને ચોથામાં ચક્ર ધારણ કરેલું બતાવ્યું છે. લક્ષ્મીજીને બે હાથ હોઈ એક વિષ્ણુ ભગવાનને આલિંગન આપતો ગળામાં નાખેલો, અને બીજો ખંડિત છે. આ સિવાય લક્ષ્મીનારાયણની કેટલીક પ્રાચીન મૂર્તિઓ વાલમના વિષ્ણુમંદિરમાં, સંડેર, કસરા, મંદરોપુર વ. ગામોનાં પ્રાચીન મંદિરોની ઝંઘાઓમાં, મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં, પાટણના ત્રિપુરેશ્વર મહાદેવમાં તથા ગણપતિમંદિરમાં અને સૌરાષ્ટ્રના સેજકપુરમાંથી મળી આવી છે. ટૂંકમાં, ગુજરાતનાં ઘણુંખરાં શહેરો-માંથી આવી ઘણી મૂર્તિઓ મળી આવી છે, જેની યાદી અત્રે વિસ્તાર-ભયે આપી નથી.

વાસુદેવપંચક

વાસુદેવ પંચકમાં સંકર્ષણ, પ્રદ્યુમ્ન, વાસુદેવ, અનિરુદ્ધ અને સાંબનો સમાવેશ થાય છે. આ બધાંનાં પૃથક્‌પૃથક્ વર્ણનો પ્રત્યેકના વિભાગમાં આપ્યાં છે. જો કે આવા પ્રકારની મૂર્તિઓ ગુજરાતમાંથી મળતી નથી. દક્ષિણ-ભારતમાંથી આવાં સ્વરૂપો મળી આવે છે, જેથી તેનો પ્રચાર દક્ષિણમાં

વ્યાપક હશે એમ લાગે છે. ગુજરાતમાં તો દાક્ષિણાત્યોના સંપર્કથી જ આવાં કોઈ નવીન મંદિર મળી શકે તેથી તેની ચર્ચા અત્રે કરી નથી.

વિષ્ણુ સામાન્યસ્વરૂપ

વિષ્ણુની કેટલીક વિશિષ્ટ પ્રતિમાઓ એવી જોવામાં આવે છે કે ઉપર જણાવેલા કોઈ વિધાનો સાથે તેનું કલાવિધાન સુસંગત જણાતું નથી. ત્યારે આવી વિષ્ણુ પ્રતિમાઓ કયા સ્વરૂપની હશે તે સમજવું મુશ્કેલ બને છે. તેવી જ રીતે કેટલાક ગ્રંથોએ વિષ્ણુના સામાન્ય સ્વરૂપનો ઉલ્લેખ આપતાં, નિરનિરાળાં વર્ણનો આલેખ્યાં છે. આમાં બે હાથથી આરંભી દસ હાથ સુધીનાં સ્વરૂપોની નોંધો હોય છે. આવાં વર્ણનો ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈ અજ્ઞાત પ્રતિમાઓને પિછાનવા માટે કદાચ ઉપયોગી બને, તે હેતુથી તેની ટૂંક નોંધ અત્રે આપી છે. આ વર્ણનો પૈકીની કોઈ કોઈ વિષ્ણુમૂર્તિઓ દક્ષિણ ભારતમાંથી મળે છે.

અભિલષિતાર્થ ચિન્તામણિ–આઠ હાથ, તેમાં અનુક્રમે તલવાર, ગદા, બાણ, પદ્મ, શંખ, ઢાલ વ.[૭૦] વૈકુંઠને મળતું વર્ણન છે. આયુધોમાં કેટલીક ભિન્નતા છે.

અગ્નિપુરાણ–હાથ આઠ, દરેકમાં બાણ, તલવાર, ગદા, વરદ, ધનુષ, ઢાલ, ચક્ર અને શંખ, પાસે ગરુડ. આ પણ વૈકુંઠનું વિધાન છે.[૭૧]

બૃહત્સંહિતા–સુવર્ણ જેવો વર્ણ, શ્રીવત્સનું લાંછન; ગળામાં કૌસ્તુભમણિ. બે હાથ, શાંત મુદ્રા. બીજા વર્ણનમાં શંખ, ચક્ર, ત્રીજા વર્ણનમાં આઠ હાથ, તેમાં જમણા ચારમાં શાંતિમુદ્રા, શંખ, ગદા, બાણ, ત્યારે ડાબામાં શંખ, ચક્ર, ઢાલ તથા ધનુષ.[૭૨]

માનસાર–સુવર્ણ જેવો વર્ણ, ચાર હાથ તેમાં અભયમુદ્રા, વરદમુદ્રા, પદ્મ, ગદા અગર ચક્ર, શંખ તથા શ્રીવત્સનું લાંછન, ગળામાં

૭૦. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૧-૭૩૩.

૭૧. અગ્નિપુરાણ, ૪૯-૧૬

૭૨. બૃહત્સંહિતા, અ. ૫૮-૩૧

કૌસ્તુભમણિ, બે બાજુ શ્રી તથા ભૂદેવી વ.[૭૩]

રૂપમંડન–બે હાથ, ગદા, ચક્ર.[૭૪]

વિશ્વકર્માશાસ્ત્ર–હાથ ચાર, દરેકમાં ગદા, પદ્મ, શંખ તથા ચક્ર.[૭૫]

આ સિવાય શિલ્પરત્નમાં મુકુંદ, પંચામૃત, સંતાન ગોપાલ વ. ના રૂપભેદો આપ્યા હોઈ તેમાં ચાર, અગર આઠ હાથ અને બાજુ શ્રી અગર પુષ્ટિ હોવાનું જણાવ્યું છે. ગુજરાતમાંથી આગળ જણાવેલી ચાર, આઠ હાથની વિષ્ણુમૂર્તિઓ મળી છે. પણ બન્ને બાજુ શ્રી કે સરસ્વતી, અગર શ્રી કે ભૂદેવીની સ્વતંત્ર પ્રતિમાઓ તેમના પગ પાસે હોવાનું જણાતું નથી.

સિદ્ધપુરના રૂદ્ર મહાલયમાં પશ્ચિમ બાજુના મંડપની અંદર ઊભા કરેલા સ્તંભો પૈકી એકમાં વિષ્ણુની છ હાથ ધરાવતી પ્રતિમા કોતરેલી છે. કોઈ પણ ગ્રંથમાંથી છ હાથના વિષ્ણુનું વિધાન જાણવામાં આવ્યું નહી હોવાથી આ એક વિશિષ્ટ મૂર્તિ છે.

વિષ્ણુની ફક્ત બે હાથ ધરાવતી પ્રતિમાને લોકપાલ તરીકે વિષ્ણુધર્મોત્તરકાર જણાવે છે. તેના બે હાથમાં ચક્ર, ગદા ધારણ કરેલું વિધાન હેમાદ્રિએ આપ્યું છે, જ્યારે બૃહત્સંહિતાના વિધાનમાં શંખ તથા શાન્તિમુદ્રાનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે. વિષ્ણુની આવી બે હાથવાળી પ્રતિમાઓ મળવી વિરલ છે.

વિષ્ણુ પ્રતિમાના યોગ, ભોગ, વીર અને અભિચારક એમ ચાર પ્રકારો ગણાવ્યા છે. તે દરેકમાં સ્થાનક, આસન અને શયન અર્થાત્ ઊભી, બેઠી કે શયન કરતી એવા ત્રણ ભેદો આગમોમાં નિરૂપ્યા છે. આમાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ એવા અવાંતર પ્રકારો હોવાનું

૭૩. માનસાર, અ. ૫૧

૭૪. રૂપમંડન, અ. ૩

૭૫. વિશ્વકર્માશાસ્ત્ર (ચતુર્વર્ગ ચિન્તામણિ) ૧-૧૭૭

જણાવ્યું છે. આમ એકંદરે વિષ્ણુપ્રતિમાના છત્રીસ ભેદો જણાવતાં દરેકમાં અનુક્રમે વિષ્ણુનાં આયુધો, તેનો ક્રમ, પરિવારદેવો, અને સેવકો વ. ની વધઘટો રજુ કરતાં પ્રત્યેકનાં સ્વતંત્ર સ્વરૂપો આલેખ્યાં છે. આવી પ્રતિમાઓનો પ્રચાર ગુજરાતમાં ઊતર્યો હોવાનું જણાતું નથી. આની વિગતવાર ચર્ચા સ્વ. ડૉ. ગોપીનાથરાવે 'હિંદુમૂર્તિ વિજ્ઞાન'-માં સારી રીતે રજૂ કરી છે. એટલે આવી પ્રતિમાઓ ગુજરાતમાં મળતી નહિ હોવાને કારણે તેની ચર્ચા અસ્થાને છે.

પ્રકરણ ૯મું

શિવ

ભારતમાં શૈવધર્મ અને શિવપૂજાનો પ્રચાર અને મહત્ત્વ અન્ય ધર્મોને મુકાબલે ખૂબ વિસ્તાર પામ્યું છે, હિન્દુધર્મના સંપ્રદાયોમાં શૈવધર્મ મોખરે છે. આ ધર્મના અધિષ્ઠાતા દેવ શિવ અથવા રુદ્ર છે. વિષ્ણુ જેમ સર્જક શક્તિ ધરાવતા મનાય છે, તેમ આ દેવ સંહારક શક્તિ ધરાવે છે. તેમનાં હજારો નામો ગણાવાય છે છતાં મુખ્ય અડતાલીસ છે.[1]

આ ધર્મ વેદ પહેલાંનો છે અને ભારતની પ્રાચીન પ્રજાઓ પણ આ ધર્મ પ્રત્યે ખેંચાયેલી હતી એમ પ્રાપ્ત ઉલ્લેખોને આધારે વિદ્વાનો માને છે. વેદમાં રુદ્રનાં વર્ણનો મળી આવે છે. અને તેનાં સ્વતંત્ર સૂક્તો પણ છે. અને તે તોફાનોનો દેવ ગણાય છે. તે પ્રાણી માત્ર ઉપર જ્વર, વિષ, વ. ઉપચારો વડે, તથા વર્ષાઋતુમાં તોફાન ગડગડાટ વ. દ્વારા ચડાઈ કરે છે.[2] આ સિવાય યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં, શતરુદ્રીયમાં, વાજસનેયિસંહિતામાં, શતપથ બ્રાહ્મણમાં અને શ્વેતાશ્વતર ઉપનિષદમાં તેનાં વિવિધ પ્રકારનાં વર્ણનો આખ્યાયિકાઓ અને નામો આપવામાં આવ્યાં છે.

પુરાણકાળમાં તો શિવનું મહત્ત્વ વિષ્ણુ જેટલું જ, અરે તેથી પણ વધુ હોવાનું માલૂમ પડે છે. મહાભારતમાં શિવનું પરાક્રમ અને મહત્વ તથા તે સંપ્રદાયની ચર્ચા કરતી અનેક આખ્યાયિકાઓ છે. શિવની

---

૧. અમરકોષ, કાંડ ૧, દેવવર્ગ, શ્લો૦ ૩૦–૩૬

૨. વધુ વિગતો માટે જુઓ

અ. ઋગ્વેદ, મં-૧-૧૨૪; ૨-૨૭; ૧, ૨૧-૫;

બ. ગુજરાતમાં શૈવસંપ્રદાય.

ઉત્પત્તિ માટે પણ મહાભારત, માર્કંડેય પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, વ.માં જુદીજુદી કથાઓ છે. તે બધી અત્રે વિસ્તારભયે આપવામાં આવી નથી.

શિવની અર્ચા બે પ્રકારે કરવામાં આવે છે, એક પ્રતિમામાં અને બીજી શિવલિંગમાં. લિંગપૂજાનો પ્રચાર વેદકાળે અનાર્યોમાં પ્રચલિત હતો એમ વેદ કહે છે.[૩] પરંતુ પાછળથી તે પ્રથા આર્યોએ અપનાવી, સર્વતોમુખી બનાવી હોવાનું જણાય છે. ભારતમાંથી મળતાં હજારો પ્રાચીન શિવાલયો પણ તેની પ્રતીતિ આપે છે. લિંગપૂજાને મુકાબલે શિવની પ્રતિમાનો પ્રચાર તેટલો વ્યાપક બન્યો હોવાનું જણાતું નથી[૪] છતાં પૂર્વકાળમાં તે પ્રચલિત હતો તેમાં શક નહિ. પતંજલિના સમયે શિવપ્રતિમાઓ પૂજાતી હતી, એમ તેમના રચેલા ગ્રંથો અને સ્તોત્રો ઉપરથી જાણી શકાય છે. આ સિવાય શૈવસંપ્રદાયના વિવિધ માર્ગોમાંથી પણ મૂર્તિપૂજાના ઉલ્લેખો મળે છે. આવા સંપ્રદાયોમાં પાશુપત-લકુલીશ, કાપાલિક, કાલમુખ અને વીરશૈવ વ. મુખ્ય છે.

પાશુપત–લકુલીશ

આમાં કાલમુખ, કાપાલિક અને આગમાંત એવા અનેક ભેદો છે. આ સંપ્રદાય પાછળથી લકુલીશ પાશુપત તરીકે પ્રસિદ્ધ થયો હોઈ તેના મુખ્ય આચાર્ય લકુલીશ ગણાય છે. વાયુ પુરાણકાર તેમને શિવનો અવતાર માને છે. તેમનું મુખ્ય સ્થાન ગુજરાતમાં વડોદરા પાસે કારવણ (કાયાવરોહણ) ગણાતું હોઈ, પાશુપત સંપ્રદાય ગુજરાતમાં પ્રાદુર્ભાવ પામ્યો હોવાનું માલૂમ પડે છે. લકુલીશ ક્યારે થયા તે નિશ્ચિત નથી પણ ડૉ. ફ્લીટ તે અગિયારમા સૈકામાં થયા હોવાનું અનુમાને છે. મથુરા પાસેના ખોદકામમાંથી એક શિલાલેખ ઈ.સ. ૩૮૦નો મળ્યો

૩. કલ્યાણ શિવાંકમાં લિંગરહસ્ય નામનો લેખ (૨)

૪. Dr. Gopinatha Rao, Elements of Hindu Iconography, Vol. 2, part 1. Siva Chapter.

છે, તેમાં લકુલીશની શિષ્ય પરંપરામાં થયેલા ઉદિતાચાર્યના ઉલ્લેખ હોઈ તેના આધારે ભગવાન લકુલીશ ઈ. સ.ના બીજા સૈકામાં થયા હોવાનું નિશ્ચિત થાય છે. એટલે લકુલીશનો સંપ્રદાય ઈ. સ.ની શરૂઆત પછી થોડાક સમયે પ્રાદુર્ભાવ પામ્યો હતો એમ જાણી શકાય છે.[૫]

કાલમુખ

પાશુપત સંપ્રદાયનો આ એક વિભાગ હોઈ, લકુલીશ મત સાથે કેટલીક સામ્યતા ધરાવે છે. કેટલાક કાલમુખ ગુરુઓની હકીકત બાલગામીના શિલાલેખમાં આપેલી છે જેમાંથી લકુલીશ્વરનાં વર્ણનોને મળતાં વર્ણનો મળતાં હોવાથી આ પંથ બીજા સ્વરૂપમાં લકુલીશ પાશુપતને મળતો હોવાનું જણાય છે.

કાપાલિક

આ એક શૈવમાર્ગ છે. તેના કેટલાક આચારો કાલમુખોને મળતા હોઈ, તેઓ જુદીજુદી છ મુદ્રાઓ ધારણ કરે છે. તેઓ હાથમાં કપાલ, શરીરે ભસ્મમર્દન, માંસમદ્યનું સેવન, હાથમાં દંડ, હાથ અને કાનોમાં રુદ્રાક્ષના બેરખા તથા કર્ણકુંડલ અને માથે જટા વ. રાખતા હોવાનું તેઓનું વર્ણન મળે છે. ભગવાન શંકરાચાર્યના સમકાલમાં એવા શૈવ હતા એમ સ્વામી અનંતાનંદગિરિ શંકરદિગ્વિજયમાં જણાવેલું છે. કૃષ્ણમિશ્રે પ્રબોધચંદ્રોદયમાં પણ તેનું વર્ણન આપેલું છે, આ ઉપરાંત માલતીમાધવ નાટકમાં કાપાલિકનું વર્ણન આવા પ્રકારનું છે. ટૂંકમાં તેઓનો આચાર વામમાર્ગ જેવો છે તેમાં શક નહિ.

વીરશૈવ

આ પંથના સ્થાપક દક્ષિણમાં કલચુરી રાજાના પુરોહિત બસવાચાર્ય હતા. તે એકેશ્વરવાદનું પ્રતિપાદન કરે છે. લિંગ એ શિવનું ચિહ્ન નથી પણ પ્રત્યક્ષ શિવસ્વરૂપ માની આ લોકો સદાકાળ તેને ધારણ

૫. (૧) Dr. Gopinatha Rao. Ibid.
(૨) ગણકારિકા, પ્રસ્તાવના.
(૩) એપિગ્રાફિકા ઇંડીકા, વો. ૨૧, પા. ૧

કરે છે. અને ગળામાં એક દાબડીમાં તે રાખી મૂકે છે.

લિંગાયતો

આ પણ વીર શૈવપંથનું બીજું સ્વરૂપ છે. તેમનો લિંગધારણ વિધિ સ્વાયત્ત દીક્ષા તરીકે સુપ્રસિદ્ધ છે. આ લોકો કદી પણ માંસ-મદ્ય વ. નું સેવન કરતા નથી. મૈસૂરના ચિતળ દુર્ગમાં તે લોકોનો મુખ્ય મઠ છે. જેના આચાર્ય બધા લિંગાયતોના સર્વેશ્વર મનાય છે.

પ્રત્યભિજ્ઞ–કાશ્મિરી શૈવ સંપ્રદાય

આ એક શૈવ માર્ગ છે. જે ખાસ કરીને સાત્વિક આચારો ઉપર રચાયો છે. તેઓ કર્મ અને માયાનું શિવ સાથે ઐક્ય માનતા નથી. મહેશ્વરને જ પરબ્રહ્મ માને છે. અને માયા ઉપર જીત મેળવવાનું જણાવે છે. તેમના પાંચ ધર્મશાસ્ત્રો મુખ્ય છે તે પૈકી પ્રત્યભિજ્ઞાસૂત્ર મુખ્ય ગણી શકાય. આ પંથની પ્રાચીનતા દસમી સદીથી અગાઉની માનવામાં આવે છે.

લિંગો

લિંગપૂજાની શરૂઆત ક્યારથી થઈ તે માટે સીધેસીધાં ઐતિહાસિક પ્રમાણો મળતાં નથી. ઋગ્વેદમાં લિંગને શિશ્નદેવ તરીકે સંબોધેલું છે અને શિશ્ન–લિંગને દેવ તરીકે પૂજનારાઓને શિક્ષા કરવાની પ્રાર્થના છે. એટલે વેદકાળમાં તેના પૂજકો પ્રત્યે તિરસ્કાર હશે એમ માનવાને કારણ રહે છે. માર્કંડેયપુરાણની આખ્યાયિકામાં જણાવ્યું છે તેમ 'રુદ્ર અને વિષ્ણુ સૃષ્ટિના આદિ કર્તા હોઈ, તેઓ પરસ્પર એકબીજાથી સંયુક્ત છે અર્થાત્ અર્ધનારીશ્વર ગણાય છે. તેમાં શિવ એ પુરુષ સ્વરૂપ અને વિષ્ણુ સ્ત્રીનું રૂપક હોવાથી હર્યર્ધ પણ કહેવાય છે.' આજ કલ્પનાથી લિંગ અને યોનિનાં રૂપકો કલ્પતાં વેદમાં विष्णुंर्योनी कल्पयतु। એવો ઉલ્લેખ આપવામાં આવેલો છે. એટલે લિંગ એ શિવના પ્રતિક તરીકે પૂજાતું હશે. મોહેં જો દડો, હરાપ્પા, અને બલુચિસ્તાન વ.ના ઉત્ખનનમાંથી મળેલા શિવલિંગો વ. ઉપરથી જણાય છે કે આર્યધર્મમાં આ પૂજા તે લોકોમાંથી એટલે

અનાર્યોમાંથી આવી હશે અને તેને ઉપરનો વૈદિક પુરાવો સમર્થન આપે છે.

લિંગપૂજા ક્યારે પ્રાદુર્ભાવ પામી તે અંગેનાં ઐતિહાસિક કારણો તો મળતાં જ નથી. પુરાણો[૬] તો તે અંગેની વિવિધ કથાઓ આપે છે પણ તેમાંથી કોઈ ચોક્કસ કારણો તારવી શકાતાં નથી. આ ઉપરાંત લિંગપૂજા આધ્યાત્મિક તત્ત્વો ઉપર સર્જાઈ હોવાના પણ કેટલાક ઉલ્લેખો મળે છે.

ભારતમાં લિંગપૂજા અને ગુજરાતમાં તેનો પ્રચાર

આપણા ભારતમાંથી કેટલાંક પ્રાચીન શિવલિંગો મળ્યાં છે. જેના આધારે લિંગપૂજાનો પ્રચાર ઇ. સ. પૂર્વેથી ભારતમાં ફેલાયો હતો એમ નિશ્ચિત થાય છે. ભારતના પ્રાચીન શિવલિંગોમાં લખનૌ મ્યૂઝિયમમાં મૂકેલું ભીટાનું શિવલિંગ, દક્ષિણમાં રેણુગુંટાથી ૭ માઇલ દૂર ગૂડીમલ્લમ્ મંદિરનું શિવલિંગ બન્ને ઈ. સ. પૂર્વેનાં હોવાનું મનાય છે. આ બન્ને શિવલિંગો સ્તંભાકાર હોઈ તેની અંદર શિવની પ્રતિમાઓ કોતરેલાં મુખલિંગો છે.જ્યારે મોહેં જો દડોનાં શિવલિંગો માનવ-લિંગો જેવાં ઉપરથી છત્રાકાર ફૂલમણિ જેવાં સફાઇદાર અને ગોળ હોય છે. આમ લિંગપૂજાનાં પ્રતિકો ભારતમાંથી પુરાવિદોના મતે પાંચ હજાર વર્ષો પહેલાંનાં મળે છે.

ગુજરાતમાં પણ લિંગપૂજા પ્રાચીન કાળથી ઊતરી આવી હોવાના ઉલ્લેખો મળે છે. શ્રીમદ્ ભાગવત્કાર ભારતનો પશ્ચિમ સમુદ્ર કિનારાનો પ્રદેશ શિવલિંગોથી વ્યાપ્ત હતો એમ સૂચવે છે.[૭] ઐતિહાસિક દૃષ્ટિએ ખંભાત યાને સ્થંભતીર્થ તેમજ દક્ષિણ ગુજરાત જે મધ્યકાળમાં લાટ તરીકે જાણીતું હતું. આ બન્ને નામો લિંગપૂજાના પ્રચારની ઐતિહાસિકતા વ્યક્ત કરે છે. સ્કંદપુરાણકાર તો પ્રભાસ, નાગર અને કુમારિકા

---

૬. લિંગપુરાણ, અ. ૧૭-૧૮; શિવપુરાણ, જ્ઞાનસંહિતા, અ. ૪૧; સ્કંદપુરાણ, માહેશ્વર ખંડ, અ. ૬

૭. શ્રીમદ્ ભાગવત્-સ્કંધ, ૩, અ. ૧-૧૮

ખંડોમાં સેંકડો શિવલિંગો આ બધા પ્રદેશોમાં હોવાની નોંધ આપતાં તેની ઐતિહાસિક વિગતો રજૂ કરી તેનાં વિવિધ નામો અને સ્થાપનાની વ્યવસ્થિત માહિતી પૂરી પાડે છે. આ સિવાય જુદાંજુદાં પુરાણોમાં કેટલાક ઋષિમુનિઓએ આ પ્રદેશમાં તપ કરી શિવલિંગો સ્થાપન કર્યાની આખ્યાયિકાઓ આપી છે. આ સિવાય ગુજરાતમાંથી મધ્યકાલીન શિવાલયો તો સેંકડો મળી આવે છે જેમાં આબુના અચલેશ્વર, અંબાજીમાં કોટેશ્વર. વડનગરમાં હાટકેશ્વર, પ્રભાસના સોમનાથ, સિદ્ધપુરમાં રૂદ્રમહાલય, મંડલીના મૂળેશ્વર, દક્ષિણ ગુજરાતમાં કપાલેશ્વર, આશ્રમદેવ અમર અચલેશ્વર, સૌરાષ્ટ્રમાં માંગરોળમાં સહજીગેશ્વર, સંખલપુરના સલક્ષણેશ્વર અને આનલેશ્વર, ઘૂમલીમાં ત્રિરમેશ્વર, સુણક, સંડેર, ગોરાદ, વીરતા, આશોડા વ. ગામોનાં પ્રાચીન શિવાલયો, સાબરકાંઠા જિલ્લામાં રોડા, પંખનાથ, ભવનાથ, વડાલી વ. નાં પ્રાચીન શિવાલયો, દક્ષિણ ગુજરાતમાં કારવણના રાજરાજેશ્વર, નર્મદાકાંઠે કુબેરેશ્વર, સોમનાથ, કાશીવિશ્વનાથ વ. પ્રાચીન શિવલિંગો ગુજરાતમાં પ્રચલિત લિંગપૂજાની ઐતિહાસિકતા રજૂ કરે છે.

લિંગભેદો

શૈવ સંપ્રદાયની, લિંગપૂજામાં લિંગોના ચલ અને અચલ એવા બે મુખ્ય પ્રકાર છે. અચલ લિંગો નાનાં અને પાષાણ, સ્ફટિક, રત્ન, મૃત્તિકા, કાષ્ટ, રેતી વ. અનેક દ્રવ્યોનાં બનાવવવાનું પુરાણો અને ધર્મશાસ્ત્રો કહે છે. તદ્ઉપરાંત તે દરેકની પૂજા-અર્ચાથી પ્રાપ્ત થતા લાભાલાભ અને સુખસાધનોની પણ તેમાં વિચારણા કરેલી હોય છે. આ સિવાય ચલ લિંગોમાં બીજો પ્રકાર બાણ લિંગોનો ગણાતો હોઈ તેવાં લિંગો નર્મદા, સરસ્વતી, કુરુક્ષેત્ર વ. પવિત્ર તીર્થસ્થાનોમાંથી લાવવામાં આવે છે.

અચલ–સ્થિર લિંગો કદમાં મોટાં, અને ઘણું કરીને પાષાણના જ બનાવેલાં જોવામાં આવે છે, જેના અનેક પ્રકારો વિવિધ ગ્રંથોમાંથી મળી આવે છે. આ બધા લિંગભેદો, અને તેને અનુલક્ષીને પડેલાં

તેઓનાં જુદાંજુદાં નામોનો વિચાર કરતાં દરેક નામ પ્રમાણે ગુણ ધરાવતાં હોવાથી તેના પૂજકને અનેક પ્રકારનાં સુખસાધનો અર્પણ કરી વિવિધ કામનાઓ પૂર્ણ કરતાં હોવાનું હિન્દુ ધર્મશાસ્ત્ર, પુરાણો વ. અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. આ સિવાય સ્થિરલિંગોમાં સ્વયંભુલિંગનો એક વિશિષ્ટ પ્રકાર છે, જેમાં શિવલિંગને સ્થાપન કરવામાં આવતું નથી, તેનું કલાવિધાન પણ હોતું નથી. કારણ કે આવાં લિંગો કુદરતી રીતે જ જમીનમાંથી ઉત્પન્ન થયાં હોઈ તેમાં રૂપ, સંયોજન કે કલાની આવશ્યકતા રહેતી નથી. તેમજ તે એટલાં બધાં મોટાં અને ઊંડાં હોય છે. તેનો નીચેનો છેડો મળી શકતો નથી. ધાર્મિક રીતે આવા લિંગો સર્વ શ્રેષ્ઠ મનાય છે. ભારતમાં આવાં અડસઠ લિંગો હોવાનું મનાય છે, તેમાં પણ બાર તો સર્વ શ્રેષ્ઠ છે. અને તે બાર શૈવતીર્થો પરમ પુણ્યકારક કહેવાય છે. આગમોમાં લિંગના નવ પ્રકારો ગણાવતાં દિવ્ય, સ્વયંભુવ, આર્ષ, દૈવત, ગાણપત્ય, આસુર, સુર, રાક્ષસ, માનુષ અને બાણલિંગોનો ઉલ્લેખ આવે છે. આ સિવાય સહસ્ત્રલિંગ, ધાર(નલિકા) લિંગ, અને મુખલિંગ પણ તેના પ્રકારો હોવાનું ગ્રંથાંતરોમાંથી મળે છે.

દૈવિક લિંગ

તેનો આકાર જ્વાલા જેવો, અગર ઊભી અંજલિ જેવો બનાવવામાં આવતો હોઈ તેમાં એક બાજુ શિવમૂર્તિ, હાથમાં ટંક, શૂલ સર્પ અને ત્રિશૂલ ધારણ કરતી બતાવવાનું મુકુટાગમમાં જણાવ્યું છે.

ગાણપત્ય અને આર્ષલિંગો

ગાણપત્ય લિંગનો આકાર કાકડી, તૂરિયું, મીઠાં લીંબુ, કોઠ કે તાડના ફળ જેવો હોય છે. જ્યારે આર્ષલિંગો નાળિયેર જેવા આકારવાળાં બનાવવાનું કામિકાગમમાં નોંધ્યું છે. જોકે સ્વાયંભુવ, આર્ષ કે દૈવિક લિંગોને બ્રહ્મ સૂત્ર રૂપ કે માનની જરૂરત જણાવી નથી છતાં સામાન્યત, તેના આકારો વર્ણવ્યા છે.

માનુષલિંગ

આજે જણાતા ઘણાખરા લિંગો માનુષલિંગો જ હોય છે. તેનાં જે દશ લક્ષણો બતાવ્યાં છે. તેમાં લિંગની ઊંચાઈ, દ્વારમાન, ગર્ભગૃહની ઊંચાઇ, પહોળાઈ, પીઠિકાની લંબાઈ વ. ના નિયમિત ભાગો પાડી, તેનું યોગ્ય લક્ષણાન્વિતમાન નિશ્ચિત કરવામાં આવે છે. શિવલિંગના ત્રણ સરખા ભાગ પાડતાં નીચેનો બ્રહ્મભાગ, મધ્યમાં વિષ્ણુ અને ઉપરનો રૂદ્ર-ભાગ કહેવામાં આવે છે. કેટલાંક માનુષલિંગોમાં ઉપરના રૂદ્ર ભાગની અંદર કેટલીક લાઇનો દોરવામાં આવે છે. તેને બ્રહ્મસૂત્ર અને ઉપરના શિરોભાગને શિરોવૃત કહેવામાં આવે છે. માનુષલિંગના અવાંતર ભેદો જણાવતાં તેના વર્ધમાન, શૈવાધિક, અનાધ્ય અને સાધ્ય એવા ચાર પ્રકારો આગમોમાં નિરૂપ્યા હોઈ લિંગમાનના હિસાબથી થતા હોવાનુ માન્યું છે. લિંગના તો અનેક ભેદો જુદાજુદા ગ્રંથકારોએ સૂચવ્યા છે. લિંગની ટોચ ઉપરના ભાગની અંદર પણ અનુક્રમે છત્રાકાર, ત્રપુષા-કાર, કુક્કુટાકાર, અર્ધચંદ્રાકાર અને બુદ્‌બુદાકાર એવા પાંચ પ્રકારો મય-મતમાં જણાવ્યા હોઇ, સિદ્ધાંતસારાવલિમાં ફક્ત એક પ્રકાર ઓછો હોવાનું જણાવ્યું છે.

અષ્ટોત્તરશત-સહસ્રલિંગ

માનુષલિંગમાં એકસો આઠ ભાગ પાડવાથી અષ્ટોત્તર શતલિંગ થાય છે. તેનું વિધાન જણાવતાં નોંધ્યું છે કે લિંગની અંદર આડા સરખા ચાર ભાગ કરી, ઊભા સત્તાવીસ ભાગો પાડતાં એક જ લિંગમાં એકસો આઠ લિંગની કલ્પના ઉતારી શકાય છે. તેજ પ્રમાણે એક હજાર ભાગ પાડવા, આડા અગિયાર ભાગો પાડી ઊભા નવ્વાણું સરખા ભાગ કરવાથી એક હજાર શિવલિંગોનું કલાવિધાન એકલિંગમાં કર-વાનું શાસ્ત્રકારો કહે છે. આવાં સહસ્રલિંગો ફક્ત દક્ષિણમાંથી જ મળે છે. ગુજરાતમાંથી મળી આવતાં નથી. આ સિવાય અષ્ટોત્તર શત-લિંગના બીજા પ્રકારો પણ છે. તેમાં યોનિની અંદર જે શિવલિંગ બેસાડેલું હોય તેમાં ૧૦૮ કે ૧૦૦૮ નાનાં નાનાં શિવલિંગો કોતરેલાં

જોવામાં આવે છે. ગુજરાતમાંથી આવા લિંગપટ્ટો કેટલાક મળ્યા છે જેમાં સિદ્ધપુર, વડનગર, પાટણ વ. શહેરોમાં તો વ્યવસ્થિત અને પદ્ધતિ-સર બનાવ્યા હોવાનું જણાય છે.

ધારા–નાલિકાલિંગ

લિંગમાં જે ઊભી લીટીઓ પાડવામાં આવે છે તેમાં જ્યાં બે લાઇનો મળતી હોય છે, ત્યાં ધારા જેવો આકાર બનતો હોઇ, તેને ધારા–નાલિકાલિંગ કહેવામાં આવે છે. વધુમાં કોઇ ગ્રંથકાર તેમાં પાંચ, સાત, નવ, બાર, ચૌદ, વીસ અગર અઠ્ઠાવીસ ધારાઓ બનાવવાના ઉલ્લેખો આપે છે.

મુખલિંગો

શિવલિંગોમાં જેની અંદર એક, બે, ત્રણ, ચાર કે પાંચ મુખો કોતર્યાં હોય તેવાં લિંગોને મુખલિંગો કહેવામાં આવે છે. કરણાગમ, રૂપમંડન અને રૂપાવતારમાં તેની ઠીક ઠીક ચર્ચા કરતાં મુખલિંગો એક, ત્રણ કે ચાર મોઢાવાળું બનાવવાનું સૂચવી, એક મુખ બનાવવું હોય તો સન્મુખ, ત્રણ મુખો કરવાં હોય તો સન્મુખ, જમણી અને ડાબી બાજુ મળી કુલ ત્રણ, પાછળની બાજુ ખાલી અને ચાર મુખો કલ્પવાં હોય તો ચારે બાજુ બનાવવાનું નોંધ્યું છે. તે દરેક મુખના વર્ણ અને નામોની પિછાન આપતાં તે જ ગ્રંથકાર કહે છે કે મુખલિંગમાં પશ્ચિમ દિશાના મુખનો વર્ણ શ્વેત, ઉત્તરનો કુંકુમ જેવો રક્ત, દક્ષિણનો કૃષ્ણ અને પૂર્વનો અગ્નિ જેવો તેજસ્વી બના-વવાનું જણાવે છે. તેનાં નામો અનુક્રમે પૂર્વથી સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરુષ અને પાંચમા ઉપરના મુખનું નામ ઇશાન જણાવ્યું છે.[૮] વિદ્વાન શિલ્પીઓના મત પ્રમાણે શિવાલયના દ્વારો પણ મુખ હોય તેટલાં બનાવવાં એવો છે. આજે પ્રાપ્ત થતાં કેટલાંક ચતુર્મુખ લિંગોમાં ચારે બાજુ શિવપ્રતિમાઓ નહિ બનાવતાં, ફક્ત સન્મુખમાં

૮. રૂપમંડન, અ. ૪, ૯૩-૯૪

શિવ અને બાકીની ત્રણે બાજુ બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યનાં મુખો કલ્પેલાં જોવામાં આવે છે. આ કલ્પનાને મૂર્તિશાસ્ત્રમાંથી ખાસ ટેકો મળતો નથી. છતાં પ્રાપ્ત લિંગો ઉપરથી તેનો પ્રચાર વધુ હતો એમ જણાય છે.

ગુજરાતમાં મુખલિંગોનો પ્રચાર બીજા પ્રાન્તો જેટલો વ્યાપ્ત બન્યો નથી છતાં થોડાંક મધ્યકાળનાં મુખલિંગો મળી આવ્યાં છે. કારવણમાં રાજરાજેશ્વરના પ્રાચીન મંદિરમાં મુખ્ય શિવલિંગમાં એક પ્રતિમા કોતરેલી છે. આ મંદિર લકુલીશ સંપ્રદાયનું હોવાથી તેમાં શિવના લકુલીશ સ્વરૂપની પ્રતિમા કોતરતાં, શિવ બેઠા, પદ્માસન વાળી બેઠેલા, હાથમાં લિંગ તથા લકુટ, (દંડ) કોતરેલો જણાવ્યો છે. ત્યાં જ નજદીકમાં કાશીવિશ્વનાથના મંદિરની અંદર પણ શિવનું એક મુખલિંગ બેસાડેલું છે. સાબરકાંઠા જિલ્લામાંથી મુખલિંગ મળી આવ્યાનું શ્રી. પંઢરીનાથ ઈનામદારે ઈડર સ્ટેટમાં ખોદકામથી મળેલાં મૂર્તિશિલ્પોના રિપોર્ટમાં જણાવ્યું છે. તેમાં ભગવાન શિવનું સુંદર મુખ કોતરેલું હોઇ, તેનું ભાસ્કર્ય ઊંચા પ્રકારનું હોવાની નોંધ આપી છે. વઢિયાર પ્રદેશમાં સમી ગામથી ત્રણચાર માઇલ દૂર આવેલા માંડવી ગામમાં પણ શિવાલયમાં આવું એક મુખલિંગ છે. જેને ચારે બાજુ મુખો છે. વડનગરથી સાત માઇલ દૂર આણુંગામમાં પણ ચતુર્મુખ સુંદર મુખલિંગ વિદ્યમાન છે જે પણ મધ્યકાલિન છે. બનાસકાંઠા જિલ્લામાં ભલકાવાડા ગામમાં પણ આવું એક મુખલિંગ છે. આ બધાં મુખલિંગો મધ્ય-કાળનાં હોવાનું જણાય છે. તેમાં યે કારવણના રાજરાજેશ્વર તથા કાશી-વિશ્વનાથ મંદિરનાં મુખલિંગો બારમા તેરમા સૈકાથી અર્વાચીન હોવાનું જણાતું નથી. ગુજરાત કરતાં રાજસ્થાનમાંથી મુખલિંગોના અનન્ય નમૂનાઓ મળી આવે છે. તેમાં અજમેર મ્યૂઝિયમનું મુખલિંગ અને મેવાડના અધિષ્ઠાતા ગણાતા એકલિંગજીનું શિવલિંગ મુખ્ય છે. તેની વિસ્તૃત નોંધ અસ્થાને છે.[૯]

---

૯. વધુ માટે જુઓ રાજપુતાને કા ઇતિહાસ, ભા.૧, પા. ૩૬૨

લિંગમાન

સ્થાપ્ય લિંગો અને તેનું માન જુદી જુદી રીતે ગ્રંથોમાં જણાવ્યું છે. તેના માટે બે ત્રણ પ્રકારો નિરૂપતાં રૂપમંડન અને રૂપાવતારમાં, પ્રાસાદ માને લિંગમાન, ગર્ભગૃહના માનથી લિંગમાન અને પ્રાસાદના વિસ્તાર પ્રમાણે લિંગની જાડાઈ, ઊંચાઈ વ. રાખવાની નોંધો રજૂ કરી છે. તદ્ઉપરાંત રત્નલિંગ, ધાતુલિંગ, કાષ્ઠલિંગ અને પાષણ-લિંગનું સામાન્ય માન જણાવતાં તેના વિસ્તાર માટે જાણવા જેવી કેટલીક હકીકતો તેમાં આપેલી છે. રત્નલિંગનું માન એક આંગળથી નવ આંગળનું બનાવવું, અગર મગના દાણાના માને વૃદ્ધિ કરતાં, નવરત્ન લિંગ પ્રમાણ બનાવવાનું સૂચવ્યું છે તે જ પ્રમાણે ધાતુલિંગ આઠ આંગળથી શરૂ કરી, આઠ આઠ આંગળ વધારતાં ત્રણ ગજ સુધી, નવ ધાતુલિંગ કલ્પવાનો આદેશ આપ્યો છે. કાષ્ઠલિંગો મજબૂત અને ઉક્ત કાષ્ઠનાં બનાવતાં, તેની શરૂઆત સોળ અંગુલ માનથી શરૂ કરી. ઉત્તરોત્તર સોળ સોળ આંગળ વધારતાં, છ ગજ સુધીના નવકાષ્ઠલિંગની રચના કરવાનું ગ્રંથકારે સૂચવ્યું છે. પાષાણલિંગની શરૂઆત એક ગજથી આરંભી નવ ગજ પર્યંત વધારતાં નવપાષણ-લિંગ બનાવવાનું લિંગમાનના સર્જકોએ નિરૂપ્યું છે.[૧૦] આમ લિંગોમાં લંબાઈના નિયમે ઉપરાઉપરી લિંગો કલ્પવાં, અગર નવલિંગ પર્યંત ઊંચાઈ વાળા લિંગો બનાવી શકાય, અર્થાત્ એક ગજથી વધારી નવગજ સુધી લિંગમાન થઈ શકે તેવો અર્થ તેમાં સમાયેલો હોવાનું માલૂમ પડે છે. આવાં મોટાં લિંગો ગુજરાતમાંથી પણ થોડાં મળ્યાં છે તેમાં વલભીપુર–હાલનું વળા ગામની આજુબાજુના પ્રદેશમાં મોટા પ્રાચીન કાળનાં શિવલિંગો મળી આવ્યાં છે. સૌરાષ્ટ્રમાં પ્રાચિકુંડ આગળ સરસ્વતી તીરે બટેશ્વરનું લિંગ મોટા કદનું છે.

આજે મળતા શિવલિંગોમાં મોટો ભાગ પાષાણલિંગોનો જ

---

૧૦. રૂપમંડન, રૂપાવતાર, અ. ૪, ૫૨-૫૩.

હોય છે. ધાતુલિંગો નાના નાના કદનાં મળ્યાં છે, પણ મોટા કદનાં તેવાં લિંગો ગુજરાતમાંથી મળ્યાં નથી. તે જ પ્રમાણે રત્નલિંગો પણ રાજા-મહારાજાના દેવમંદિરોમાં, તેમજ ધનિકોના ઝવેરખાનામાંથી મળી આવે છે. પણ આવાં લિંગો લાખોની કિંમતનાં હોવાથી તેમજ કદમાં નાનાં હોવાથી કોઈ વખત જોવામાં આવે છે. દ્વારિકાના શારદા-પીઠાધીશ્વર મહારાજના દેવાગારમાં ભગવાન ચંદ્રમૌલીશ્વરનું ચમત્કારિક લિંગ કોઈ તેજસ્વી રત્નલિંગ જ છે. કાષ્ટનાં લિંગો તો કોઈ સ્થળેથી જાણવા—જોવામાં આવ્યાં નથી. પ્રાચીન કાળમાં કદાચ તેવાં શિવલિંગો બનતાં હશે; પણ ગુજરાત કે બીજાં રાજ્યોમાં તેવાં લિંગો આજે મળી આવતાં નથી. એટલે તેની ચર્ચા અત્રે અસ્થાને છે.

પ્રાસાદ માને લિંગમાનના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારો હોય છે. તેમાં ચાર ગજના પ્રાસાદમાં એક ગજ લિંગમાન, તેવી જ રીતે છત્રીસ ગજના પ્રાસાદનું નવ ગજ લિંગમાન થાય. અર્થાત્ પ્રાસાદની પહોળાઈના ચોથા ભાગે લિંગની લંબાઈ તે જ્યેષ્ઠ માન ગણાય. તે જ પ્રમાણે પ્રાસાદ માનથી પાંચમા ભાગે લિંગની લંબાઈ તે મધ્યમ માન મનાતું હોઈ, પાંચ ગજના પ્રાસાદે એક ગજ લંબાઈ થાય. આ જ નિયમે કનિષ્ઠ માન માટે છ ગજના પ્રાસાદે લિંગની એક જ ગજ લંબાઈ અથવા ચોપન ગજના પ્રાસાદને નવ ગજનું લિંગમાન આપવું એમ રૂપમંડન અને રૂપાવતારકાર જણાવે છે.

ગર્ભગૃહના માન અનુસાર લિંગમાન કરવા માટે ગર્ભાગારના પાંચ ભાગ કરી, ત્રણ ભાગની લંબાઈ લિંગ માટે રાખવી તે જ્યેષ્ઠ માન, નવ ભાગ કરી પાંચ ભાગની લંબાઈ તે મધ્યમ માન અને અર્ધ-ભાગના માનથી લિંગ રાખવું તે કનિષ્ઠ માન ગણાય છે. હવે પ્રાસાદ માને લિંગની સ્થૂલતા કેટલી રાખવી, તેનો ઉલ્લેખ રજૂ કરતાં ગ્રંથકાર કહે છે કે પ્રાસાદની પહોળાઈના દશ ભાગ કરી, તેના અર્ધા ભાગ

જેટલી જાડાઈ (વિસ્તાર) રાખવાથી તેનું યોગ્ય માન આપે છે.[૧૧]

કેટલીક વખત લિંગોમાં ચિહ્નો જોવામાં આવે છે. આવાં ચિહ્નોમાં પદ્મ, શંખ, ધ્વજ, છત્ર, ખડગ્, સ્વસ્તિક, ચામર, વજ્ર, દંડ, અર્ધ ચંદ્ર, ગાય, ચક્ર, મત્સ્ય અને ઘટ એ શુભ ચિહ્નો મનાય છે. આ સિવાય તેમાં ધોળી, રાતી, પીળી કે કાળી રેખાઓ હોય તો અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રાદિવર્ણોને સુખ આપનાર ગણાય છે. જો લિંગમાં માન વ. ના ભેદો માટે પૂરતી કાળજી રાખવામાં ન આવે તો સ્થપતિ અને સ્થાપક બન્નેને હાનિકર્તા ગણાય છે. ગુજરાતમાંથી પ્રાપ્ત શિવલિંગો વિષે આપણે ઉપર જોયું. તે બધામાં સૌરાષ્ટ્રમાં સોમનાથનું લિંગ બનારસના કાશીવિશ્વનાથ જેટલું, માનનીય, પવિત્ર હતું તે જાણીતું છે.

વિશિષ્ટ લક્ષણો

લિંગનાં વિશિષ્ટ લક્ષણોમાં લિંગનો આકાર અને મસ્તક માન એ મહત્વની બાબતો છે. લિંગનું મસ્તક માનના મધ્ય ભાગે રાખવું જોઈએ. અને તેવું લક્ષણાન્વિત ન બનાવવામાં આવે તો રાષ્ટ્રનો વિનાશ કરનારું બને છે. લિંગની લંબાઈનો આઠમો અગર સાડા આઠમો ભાગ, ઉપરનો ભાગ મસ્તક-છત્રાકાર બનાવવો. તેમાં એ પહોળાઈનો અરધો ભાગ ચકચકાટ કલાઈ જેવો બનાવી, લિંગનું મસ્તક કુકડીના ઇંડા જેવું લંબગોળ આકૃતિનું કરવું. અગર લિંગની પહોળાઈના ત્રણ ભાગ કરી, એક ભાગમાં બાલચંદ્ર કોતરવો. લિંગની લંબાઈના દસ ભાગ કરી, ઉપરના દોઢ ભાગમાં બુદ્બુદાકૃતિ બનાવવા માટે પણ રૂપમંડન અને રૂપા-વતારકારે સૂચવ્યું છે. ટૂંકમાં લિંગની ઊંચાઈ પ્રમાણે જાડાઈ અને તે અનુસાર પીઠિકા બનાવવાથી યોગ્ય લક્ષણવાળું લિંગ થાય છે.

નિષિદ્ધ લિંગો

અતિ જાડું, ખંડિત, દીર્ઘ, ફાટ પડેલું, છિદ્રાન્વિત ટપકાંવાળું,

૧૧. જુઓ, રૂપમંડન, અ. ૪, શ્લોક ૫૫-૫૬; રૂપાવતાર, અ. ૪, શ્લો. ૬૬-૬૭ અને રૂપમંડન, અ. શ્લોક ૬૪ ૬૫.

અગ્ર ભાગે ત્રિશૂળ જેવું, કાળું, પીળું, વાંકું, વચમાંથી પાતળું વ. નિષિદ્ધ લિંગો હોઈ આત્મકલ્યાણની ઇચ્છાવાળાઓએ તેવાના પૂજનનો ત્યાગ કરવો એમ ધર્મશાસ્ત્રકારો જણાવે છે.

લિંગોદ્દ્ભવ લિંગ

લિંગોત્પત્તિની પૌરાણિક આખ્યાયિકામાં જણાવ્યા પ્રમાણે, બ્રહ્મા અને વિષ્ણુ અગ્નિસ્તંભ રૂપી લિંગની તપાસ કરવા અનુક્રમે ઉપર અને નીચે ગયા તે પ્રમાણે આ પ્રકારના લિંગોમાં લિંગની મધ્યમાં શિવનું મુખ, ઉપર હંસારૂઢ બ્રહ્મા અને નીચે ગરુડ ઉપર વિષ્ણુની પ્રતિમાઓ કોતરેલી હોય છે.[૧૨] આવા લિંગોની સમાલોચના રૂપમંડન, રૂપાવતાર, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ વ.માં નથી પણ અંશુમદ્ ભેદાગમ, ઉત્તર-કામિકાગમ, કામિકાગમ, શિલ્પરત્ન, સુપ્રભેદાગમ વ.માં તેની વિસ્તૃત આલોચના આપવામાં આવેલી છે. ગુજરાતમાંથી આવા પ્રકારનાં લિંગો મળતાં નથી. દક્ષિણમાંથી આવા પ્રકારનાં ત્રણ લિંગો મળી આવ્યાં છે તે પૈકી એક કૈલાસનાથ સ્વામીના મંદિરમાં, બીજું અંબર માગાનના મંદિરમાં અને ત્રીજું દશાવતારની ગુફામાં આવેલું છે. રાજપુતાના મ્યૂઝિયમમાં ગુજરાતની સરહદે આવેલા ચંદ્રાવતીમાંથી મળી આવેલું એક લિંગ મૂકેલું છે. તેમાં શિવ બેઠા, પદ્માસનસ્થ, માથે જટામુકુટ, હાથ ચાર તે પૈકી ઉપરના બેમાં ભાલો તથા અંકુશ, નીચેના બેમાં માળા તથા શિવલિંગ અને બ્રહ્મા તથા વિષ્ણુ બન્ને બાજુ કોતરેલા છે. ચંદ્રાવતી ગુજરાતની નજીક હોવાથી ગુજરાતમાં પણ આવાં લિંગોનો પ્રચાર હશે એમ માની શકાય.

પીઠ-જલધારી

પીઠ અથવા યોનિ (જલધારી) લિંગની લંબાઈ પહોળાઈના માનને અનુસરી બનાવવામાં આવે છે. તેમાં ચોક્કસાઈ રાખવામાં ન આવે

૧૨. (૧) શ્રી. દુ. કે. શાસ્ત્રી, શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પા. ૪૨;
(૨) રત્નમણિરાવ જોટે, ખંભાતનો ઇતિહાસ, પરિશિષ્ટ અ, પા. ૧૬૮

તો, વિરૂપતા આવી, બેડોળ દેખાય છે અને ધર્મશાસ્ત્ર પ્રમાણે તે સ્થાપક અને પૂજકને નુકસાનકર્તા છે. પીઠ ઉમાનું સ્વરૂપ મનાતું હોઈ, તેની વ્યવસ્થિત યોજનાને પંચસૂત્રી કહેવામાં આવે છે. દરેક જલધારીમાં પાંચ સૂત્રોનું માન નિર્દિષ્ટ કરેલું હોઈ, તે પાંચ સૂત્રો પીઠિકા (યોનિ) માટે આવશ્યક ગણાય છે. તેના માટે શિલ્પશાસ્ત્રમાં જણાવ્યું છે કે, પ્રથમ લિંગની જાડાઇ પ્રમાણે સૂત્ર ભરવું, જેને લિંગની પરિધી તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રથમ સૂત્ર. તે જ સૂત્રની લંબાઈ પ્રમાણે જલાધારીની પહોળાઈ રાખવી તે બીજું સૂત્ર. આ જ સૂત્રની લંબાઇમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એવા ત્રણ સરખા ભાગો પાડી, બે ભાગ જેટલી એટલે વિષ્ણુના વિભાગ પર્યંત પીઠિકાની ઊંડાઈ રાખતાં એક ભાગ જેટલું અર્થાત શિવ ભાગના માનનું લિંગ બહાર રાખવું તે ત્રીજું સૂત્ર. એ જ સૂત્ર પ્રમાણે લિંગથી જલધારીની પ્રનાલનિ કારે રાખવી તે ચોથું સૂત્ર અને એ જ સૂત્ર પ્રમાણે જલધારી સહિત લિંગના મસ્તક પર્યંત માપવું તે પાંચમું સૂત્ર કહેવાય છે. ધર્મશાસ્ત્રો પ્રમાણે આ પાંચ સૂત્રોના નિયમ વિરુદ્ધ બનાવેલી જલધારી પ્રજા, રાજા ઉભયને નુકસાનકારક છે. આ જ હકીકતને રૂપમંડનકારે સાદા શબ્દોમાં રજૂ કરતાં વિસ્તારના ત્રીજા ભાગે પ્રનાલ, અને પ્રનાલના ત્રીજા ભાગે નિકાર બનાવવાનું સૂચવ્યું છે. જ્યારે શિલ્પશાસ્ત્રમાં પીઠિકાના ત્રીજા ભાગે પ્રનાલનો નિકાર, તેના અર્ધ ભાગે પ્રનાલનું મુખ, મુખના ત્રીજા ભાગે પાણીતારનો વિસ્તાર, પ્રનાલના ત્રીજા ભાગે મેખલા, અને મેખલાના ત્રીજા ભાગે પાણી જવાના નાળનું ખાત (ઊંડાઈ) બનાવવા ભલામણ કરી છે.[૧૩]

પીઠિકાના દ્રવ્યો માટે રૂપમંડનકાર જણાવે છે કે પુષ્પરાગના લિંગને ત્રાંબાની, સ્ફટિક લિંગને ચાંદીની, મોતીના લિંગને ત્રાંબાની, બાકીનાં લિંગોને સોનાની જલાધારી બનાવવી.[૧૪] અગર એક જાતિની

૧૩. શિલ્પરત્નાકર, રત્ન. ૪, ૧૫૯-૧૬૧
૧૪. રૂપાવતાર, અ. ૬, ૧૨૯

એટલે ચાંદીનાને ચાંદીની, પાષાણને પાષાણની બનાવવી તેવો પણ ઉલ્લેખ છે. પાષાણના લિંગને પાકી ઇંટોની બનાવવાનો ઉલ્લેખ છે. પણ હજુ સુધી આવા પ્રકારની જલધારી મળી આવતી નથી.

રૂપમંડનકારે તો જલધારીને આકાર પ્રમાણે જુદા જુદા નામોથી ઓળખાવી છે. જેની લંબાણ યાદી અને ચર્ચા વિસ્તારભયે અત્રે આપી નથી.

આ જલધારીના મુખ પાસે ચંડની પ્રતિમા બેસારવાનું શિલ્પ તથા ધર્મશાસ્ત્રમાં જણાવ્યું છે.[૧૫] ગુજરાતમાં ચંડ સ્થાપનનો પ્રચાર ઉતર્યો હોવાનું કેટલાંક શિવમંદિરોમાં બેસાડેલી ચંડમૂર્તિઓ ઉપરથી જણાય છે પણ દક્ષિણની માફક ચંડનો સર્વવ્યાપી પ્રચાર જણાતો નથી. દક્ષિણ ભારતમાં તો દરેક શિવમંદિરમાં ચંડની સ્વતંત્ર પ્રતિમા બેસાડેલી હોય છે એટલું જ નહિ પણ ચંડનાં સ્વતંત્ર મંદિરો પણ બનાવવામાં આવ્યાં હોવાનું જણાય છે.

શિવાયતન

દરેક દેવને પોતાના સ્વતંત્ર પરિવારો હોય છે. તે જ પ્રમાણે શિવ ભગવાનને પણ પોતાના પરિવાર દેવ હોય છે. રૂપાવતાર અને રૂપમંડનમાં જણાવ્યું છે કે જો એક દ્વાર શિવાયતન હોય તો પ્રધાન દેવ (શિવલિંગ કે પ્રતિમા)ની ડાબી બાજુ ગણપતિ, જમણી બાજુ પાર્વતી, નૈઋત્યમાં સૂર્ય, દક્ષિણમાં માતૃકાઓ, વાયવ્યમાં વિષ્ણુ, ઉત્તરમાં શાંતિગૃહ અને પશ્ચિમમાં કુબેરને સ્થાપન કરવા. પરંતુ જો ચતુર્મુખ શિવાયતન હોય તો વામભાગે શાન્તિગૃહ, દક્ષિણે યશોદ્વાર, મધ્યમાં રુદ્ર, દક્ષિણમાં માતૃકાઓ, વામભાગે મહાલક્ષ્મી, ઉમા તથા ભૈરવ, પાછળના ભાગમાં બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર, કર્ણોમાં ચંદ્ર, સૂર્ય, અગ્નિકોણમાં સ્કંદ, ઇશાનમાં ગણેશ તથા નૈઋત્યકોણમાં સૂર્યને બેસારવા.[૧૬] ગુજરાતમાંથી મળતાં પ્રાચીન

૧૫. શિલ્પ રત્નાકર, રત્ન. ૪, ૧૮૯.

૧૬. રૂપાવતાર, અ. ૬, ૧૫૪-૧૫૭; રૂપમંડન, અ. ૪, ૯૫-૯૮.

અર્વાચીન શિવાલયોમાં મુખ્યત્વે નંદી, પાર્વતી, કૂર્મ, ગણેશ અને ભૈરવને જ શિવની સાથે બેસાડેલા હોવાનું માલૂમ પડ્યું છે. પરંતુ ઉપર પ્રમાણે શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે બેસાડેલા પરિવારોવાળું શિવાલય હજી પ્રાપ્ત થયું નથી. જ્યારે દક્ષિણ ભારતમાં ઉક્ત પરિવારોવાળાં પ્રાચીન શિવાલયો આજે પણ મળી આવે છે.

પ્રતિહારો

દરેક દેવના પ્રતિહારો જુદા જુદા હોય છે તેટલું જ નહિ પણ દરેક દિશાના દ્વારના વામ દક્ષિણ શાખાઓ માટે જુદા જુદા હોય છે. આ બધા પ્રતિહારોનાં વર્ણનો લગભગ સરખાં હોવા છતાં તેમણે ધારણ કરેલાં આયુધો અને નામોમાં ફેરફાર હોય છે. રૂપમંડને અને રૂપાવતારે શિવના પ્રતિહારો, તેમનાં સ્થાન, આયુધો વ.નું વર્ણન વિસ્તારપૂર્વક આપ્યું છે.

ગુજરાતનાં કેટલાંક શિવમંદિરોમાંથી પ્રતિહારો મળે છે પરંતુ શાસ્ત્રની દષ્ટિએ તેઓમાં ઉક્ત લક્ષણો બનાવવામાં આવ્યું હોવાનું જણાતું નથી. તેમાં યે ગુજરાતમાં ચતુર્મુખ શિવાયતનો તો ક્વચિત્ જ મળે છે એટલે પ્રતિહારો શાસ્ત્રોક્ત પદ્ધતિના રૂપવિધાનવાળા મળી આવતા નથી

વૃષભ-નંદિ

નંદિ એ શિવનું પ્રિય વાહન ગણાય છે. આધ્યાત્મિક દષ્ટિએ વૃષભ ધર્મનું પ્રતિક છે. શિવના દરેક મંદિરમાં સામાન્ય રીતે નંદિ બેસારવામાં આવે છે. એટલું જ નહિ પણ શિવના પરિવારદેવમાં વૃષભ એ મુખ્ય છે. ગુજરાતના સાક્ષરવર્યો સ્વ. આનંદશંકરભાઈ ધ્રુવ અને દુર્ગાશંકરભાઈ શાસ્ત્રીએ વૃષભ શિવના વાહન તરીકે કેવી ઉતરી આવ્યો તેની ચર્ચા વિગતપૂર્ણ રીતે કરી છે.[૧૭]

૧૭. (૧) શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી, શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પા. ૪૦;
(૨) શ્રી. દુ. કે. શાસ્ત્રીનો 'વૃષભપૂજા' નામનો લેખ, ફાર્બસસભા ત્રિમાસિક, વર્ષ ૫, અં. ૨, પા. ૧૪૭;
(૩) 'વસન્ત' ૧૯૮૯, આશ્વિન, પા. ૨૦૨

પશ્ચિમ એશિયામાં નંદિને દેવ તરીકે પૂજવામાં આવતો હતો અને ઇજિપ્શિયનોમાં પણ વૃષો પવિત્ર ગણાતા. બેબીલોન અને અસિરિયામાં પણ વૃષભ-પૂજાનો પ્રચાર હતો. અવસ્તા સાહિત્યમાં પણ તીર અને બહેરામ મઝદોને વૃષભના સ્વરૂપમાં જણાવ્યા છે. ખ્રિસ્તી ધર્મમાં પણ વૃષભનું સ્થાન ઊંચું છે એટલે વૃષભ સમસ્ત વિશ્વમાં દેવ તરીકે પૂજાતો આવ્યો છે.

વૈદિક ઉલ્લેખો સિવાય નંદિનાં પ્રાચીન પ્રતીકો વિરલ હતાં પણ મોહેં જો ડેરોના ઉત્ખનનમાંથી વૃષભના કેટલાક અવશેષો પ્રાપ્ત થયા છે. તેમાં એક ત્રાંબાનો, ત્યારે કેટલાક માટીના પણ છે. દક્ષિણ ભારતમાં મોટા કદના, વિરાટકાય નંદિ જોવા મળે છે. આવા નંદિઓ પૈકી તાંજોરના બૃહદીશ્વરના મંદિરમાં, રામેશ્વરમના, બૅંગલોરના અને મહિસૂરના નંદિ ભવ્ય છે; આ પૈકી પહેલા બે શિવમંદિરમાં મહાદેવજીની સામે જ્યારે છેલ્લા બે સ્વતંત્ર વૃષભમંદિરોની અંદર સ્થાપન કરાયા છે. ગુજરાતમાં તો દક્ષિણ ભારત જેવા મોટા કદના નંદિ જોવામાં આવતા નથી પરંતુ મોટામાં મોટા કદના પોઠીઆઓ સાતથી આઠ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતા પ્રાચીન કે અર્વાચીન કોઈ મંદિરમાંથી મળી આવે છે. આબુના અચલેશ્વર મહાદેવનો પિત્તળનો નંદિ ભવ્ય અને વિશાળકાય ધરાવે છે.

પ્રધાનદેવના વાહનને મંદિરમાં ક્યાં સ્થાપવું તેની ચર્ચા શિલ્પરત્નાકરમાં કરવામાં આવી છે. તે પ્રમાણે દેવમૂર્તિના નવ સરખા ભાગ કરી પાંચ છ અને સાત ભાગ સુધી વાહન ઊંચું રાખવાનું જણાવ્યું છે. શિવના નંદિનો ઉદય લિંગમાં વિષ્ણુભાગના અંતપર્યંત સુધી કરવાનું જણાવ્યું છે. અને વાહનની દષ્ટિ સ્તનભાગ, ગુહ્યભાગ કે નાભીના બરોબર રાખવાનું જણાવ્યું છે. પ્રાચીન સ્થપતિઓ આ નિયમો અંગે ખાસ કાળજી રાખતા એમ પ્રાપ્ત શિવાલયોમાં મળી આવેલા નંદિ ઉપરથી જણાય છે. વૃષભનું પ્રતિમા વિધાન એક જ પ્રકારનું બનાવવામાં આવે છે તેમાં નંદિ શિવલિંગ સામું

સ્થિર દષ્ટિ રાખી શાંતચિત્તે બેઠેલા હોય તેવો ખાસ કરીને બનાવવામાં આવે છે. આ સિવાય તેનાં અન્ય કલાવિધાનો કે ભેદો હોવાનું કોઈ ગ્રંથમાંથી જણાયું નથી.

શિવ-પ્રતિમાઓ

સામાન્યતઃ શિવના પૂજન-અર્ચનમાં લિંગ જ મુખ્યતઃ પૂજાય છે છતાં તેમની વિવિધ પ્રકારની પ્રતિમાઓ જોવામાં આવે છે. પુરાણો અને ગ્રંથોમાં શિવના કાર્યાનુસાર મુખ્ય ચાર સ્વરૂપો જોવામાં આવે છે: (૧) સામાન્ય (૨) અનુગ્રહ (૩) નૃત્ય (૪) સંહાર. આ દરેક વિભાગમાં શિવ જુદા જુદા નામથી ચરિતાર્થ થયા છે તે પ્રમાણે શાસ્ત્રકારોએ તેમના કાર્ય અને પ્રસંગોને અનુસરી, તેમના મૂર્તિવિધાનની કલ્પનાઓ રજૂ કરી છે—જે શિલ્પશાસ્ત્રના ગ્રંથો અને પુરાણોમાંથી મળી આવે છે. ગુજરાતમાંથી પણ આવી મૂર્તિઓ મળી આવી છે, પણ તેનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાંથી કોઈ ઠેકાણેથી મળી આવ્યાં નથી.

સામાન્ય પ્રતિમાઓ

આ પ્રકારમાં શિવની ઊભી કે બેઠી પ્રતિમાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેટલીક વખત ઉમા પણ ઊભાં કે આલિંગન આપતાં તેમની સાથે હોય છે. આ પ્રતિમાઓમાં મુખ્ય ભગવાન શિવ, ચન્દ્રશેખર, હરગૌરી, ઉમામહેશ્વર અને સોમાસ્કંદ વ.ની ગણના કરવામાં આવેલી છે. મરાઠી મૂર્તિવિજ્ઞાનના વિદ્વાન લેખક શ્રી. ખરેએ ઉમામહેશ્વરના આ જુદા જુદા પ્રકારોને સુખાસન પ્રતિમાઓ તરીકે ઓળખાવેલી છે પરંતુ ઉમામહેશ્વરની ઘણીખરી મૂર્તિઓ અર્ધપર્યંકાસનવાળી, આલિંગન મૂર્તિઓ જ હોવાથી તેને માટે કોઈ નવા પારિભાષિક શબ્દની આવશ્યકતા નથી.

ભગવાન શિવ

ભગવાન શિવની પ્રતિમાનાં વિધાનો (૧) અભિલષિતાર્થ ચિંતા-

મણિ[૧૮] (૨) અંશુમદ્ ભેદાગમ[૧૯] (૩) બૃહત્ સંહિતા[૨૦] (૪) મત્સ્ય પુરાણ[૨૧] (૫) માનસાર[૨૨] (૬) વિષ્ણુ ધર્મોત્તર[૨૩] (૭) સમરાંગણ સૂત્ર-ધાર[૨૪] (૮) માનસોલ્લાસ[૨૫] અને (૯) રૂપાવતાર[૨૬]માં આપેલાં છે.

આ બધા ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે શિવની પ્રતિમા બે કે ચાર હાથ ધરાવનારી, કેટલાકમાં તેમના હાથ અને આયુધોમાં ફેરફાર હોવાનું જણાવ્યું છે. સામાન્ય રીતે તેમના હાથમાં ત્રિશૂલ, ડમરુ, વરદ અને અક્ષમાલા હોય છે. પણ માનસારમાં જણાવેલાં ઉપકરણો પૈકી હરિણ ધારણ કરેલી શિવ-પ્રતિમાઓ ગુજરાતમાં દેખાતી નથી, જ્યારે દક્ષિણમાંથી તેવી મૂર્તિઓ મળી આવે છે. શિવની નાની-મોટી અનેક પ્રતિમાઓ મળી છે. તદ્ઉપરાંત પ્રાચીન મંદિરની દ્વારશાખાઓ, સ્તંભો અને મંડોવરોમાંથી પણ શિવની સેંકડો મૂર્તિઓ મળી આવે છે તેમાં શિવ ઊભા કે બેઠા, ચાર હાથ, માથે જટામુકુટ, તેમાં ચંદ્રકલા, કેયૂર હાર અને નાગ-આભૂષણોથી અલંકૃત, હાથમાં ત્રિશૂલ, સર્પ, ડમરુ અને વરદમુદ્રા, નીચે પગ પાસે વૃષભ હોય છે. તેવી પ્રાપ્ત મૂર્તિઓનાં વિગતપૂર્ણ વર્ણનો નીચે પ્રમાણે છે.

પ્રતિમાઓ

વડનગરમાં ચિત્રેશ્વરીના મંદિરની અંદર શિવની બે ઊભી પ્રતિમાઓ ભીંતમાં ચોડેલી છે. તેમાં એક આશરે અઢી ફૂટ અને બીજી ચાર ફૂટની ઊંચાઈ ધરાવે છે. બન્નેનું કલાવિધાન એક સરખું હોઈ, તેને ચાર હાથ, દરેકમાં અનુક્રમે માલા, ત્રિશૂલ, સર્પ અને કમંડલ ધારણ કરેલાં છે. બન્ને બાજુ ત્રિશૂલધારી પ્રતિહારો, માથે જટામુકુટ, કાનમાં સર્પ-કુંડલ અને નીચે પગ પાસે નંદિ બતાવ્યો છે. આ બન્ને પ્રતિમાઓ ધોળા આરસામાંથી બનાવેલી છે.

મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં શિવની એક સુંદર પ્રતિમા આશરે સાત આઠ ફૂટની ઊંચાઈવાળી મૂકેલી છે. તેને ચાર હાથ, દરેકમાં તત્ત્વમુદ્રા, ત્રિશૂલ, ડમરુ અને ગદા ધારણ કરેલાં છે. શિવના આયુધોમાં ગદાને સ્થાન હોતું નથી, છતાં આ મૂર્તિમાં ગદા કેમ આવી હશે તે સમજાતું નથી. તેને માથે જટામુકુટ અને શરીર ઉપર અલંકારો પહેરેલાં જણાવ્યાં છે. આ પ્રતિમા શિલ્પકલાને આધારે તેરમા સૈકાની જણાય છે. ડીસામાં સિદ્ધાંબિકાના મંદિરની જંઘામાં શિવની એક નમૂનેદાર પ્રતિમા છે. તેને ચાર હાથમાં માલા, ત્રિશૂલ, સર્પ અને લિંગ ધારણ કરેલાં છે. તેને લાંબી દાઢી અને પગ પાસે વૃષભ બતાવ્યો છે. આ મંદિરનું સ્થાપત્ય બારમા તેરમા સૈકાથી અર્વાચીન નથી, એટલે આ પ્રતિમા બારમા તેરમા સૈકાની જ હોવાનું અનુમાન છે. અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં શિવની નંદિ ઉપર બેઠેલી એક પ્રતિમા મૂકેલી છે. તેને ચાર હાથ છે અને પાસે પાર્વતી બતાવેલાં છે. આ પ્રતિમાની તક્ષણકલા સામાન્ય જણાતી હોવાથી, તે સોળમા સૈકામાં તૈયાર થઈ હોવાનું જણાય છે. શિવની એક ઊભી પ્રતિમા ખેરાળુ તાલુકાના મંદરોપુર ગામમાં આવેલા પ્રાચીન મંદિરના વિમાનમાં મૂકેલી છે. તેને પણ ચાર હાથ, માથે જટામુકુટ, શરીર ઉપર આભુષણો અને પગ પાસે વૃષભ જણાવ્યો છે. શિલ્પ જોતાં આ મધ્યકાલિન મૂર્તિશિલ્પ છે. વડનગરમાં વલ્લભરામ જોષીના ખેતર-માંથી મળેલી શિવની ઊભી પ્રતિમા એક નમૂનેદાર મૂર્તિશિલ્પ છે. તે ધોળા આરસમાંથી બનાવેલી છે. આમાં શિવ ઊભા, ચાર હાથ, માથે જટા-મુકુટ, તેમજ શરીર ઉપર અલંકારો ધારણ કરેલાં છે. શિવની એક સુંદર ઊભી મૂર્તિ પાટણના કોટની નજીક આવેલી ગણપતિની દહેરીમાં

૧૮. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩/૧-૭૬૦.
૧૯. અંશુમદ્ ભેદાગમ, ૪૮, ૧૦૬.
૨૦. બૃહત્સંહિતા, અ. ૫૮, ૪૧
૨૧. મત્સ્યપુરાણ, ૨૫૯, ૩-૭
૨૨. માનસાર, ૫૧-૭૨
૨૩. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૫૬
૨૪. સમરાંગણ સૂત્રધાર, ૭૭, ૧૦-૧૫
૨૫. માનસોલ્લાસ, વિંશતિ ૩, અ. ૨, ૭૨૧-૭૨૪, ૭૩૨
૨૬. રૂપાવતાર, અ. ૬, ૨૫-૨૬

ચોડેલી છે. આ મૂર્તિનું કલાવિધાન અદ્વિતીય હોઈ, મૂર્તિકલામાં અનેરી ભાત પાડે છે. દેલમાલમાં ચોરા પાસેથી શિવની એક ભવ્ય પ્રતિમા ચાર ફૂટની ઊંચાઈની મળી આવી છે. તેનું કલાવિધાન સામાન્ય શિવ-પ્રતિમાઓની માફક, શિવ ઊભા, હાથ ચાર, માથે જટા-મુકુટ, શરીર ઉપર અલંકારો અને નીચે વૃષભ બનાવ્યો છે.

આ સિવાય પાટણમાં કાલિકામાતાના મંદિરમાં, અનાવાડાના નાળાથી ઓળખાતા સરસ્વતીના પૂલ પાસે, સિદ્ધપુરના નીલકંઠ મહાદેવના પગથિયા પાસે, ખેરાળુ તાલુકાના મંદરોપુર ગામના શિવાલયની દ્વારશાખામાં, સિદ્ધપુર નજીક દધીસ્થળી (દેથળી) ગામ પાસે આવેલા વટેશ્વર મહાદેવના મંદિરની પાછળ ગોખલામાં, મોટી દાઉ ગામમાં શ્યામરૂપના દહેરાની ઝંઘામાં, ધીણોજના વ્યાઘ્રેશ્વરીના મંદિરની દ્વારશાખમાં, વડનગરના કીર્તિસ્તંભમાં, સૌરાષ્ટ્રમાં પોરબંદર પાસે વિસાવડ ગામના પ્રાચીન મંદિરમાં, વાઝોડાના એક પ્રાચીન મંદિરમાં, તેમજ વઢવાણની માધાવાવ વ.માંથી શિવની નાનીમોટી કેટલીક ઊભી મૂર્તિઓ મળી આવી છે. આ સિવાય પણ આવી સેંકડો મૂર્તિઓ ગુજરાત-સારાષ્ટ્રમાંથી મળવા સંભવ છે.

શિવની ઊભી મૂર્તિઓ જેવી જ કેટલીક બેઠી પ્રતિમાઓ પણ જોવામાં આવે છે. આમાં શિવ અર્ધપર્યંકાસન વાળી બેઠેલા, બે અગર ચાર હાથ, તેમાં આયુધો શિવની ઊભી પ્રતિમા પ્રમાણે અને અલંકારો પણ તે જ પ્રમાણે ધારણ કરેલાં બતાવવામાં આવ્યાં હોય છે. આવી કેટલીક મૂર્તિઓમાં પાસે પાર્વતી હોય છે, જ્યારે કોઈ કોઈમાંથી ભગવાન શિવ ધ્યાનસ્થ કે મુદ્રા વ્યક્ત કરતા યોગેશ્વર જેવા બતાવવનો ભાવ તરી આવે છે. શિલ્પરત્નમાં શિવ સાથે પાર્વતીનું વર્ણન આપતાં, ઉમા પાસે બેઠેલાં, હાથ બે, તે પૈકી એકમાં કમળ, જ્યારે બીજામાં સિંહકર્ણ મુદ્રા, એક પગ વાળેલો; બીજો લટકતો, એ પ્રમાણેનું વિધાન સૂચવ્યું છે. આવી કેટલી યે નાનીમોટી મૂર્તિઓ મળે છે, જેમાંથી થોડીકનો પરિચય અત્રે કરાવ્યો છે.

કડવારના એક પ્રાચીન શિવમંદિરની દ્વારશાખામાં, શિવની બેઠી-અર્ધપર્યંકાસનવાળી કેટલીક પ્રતિમાઓ કોતરેલી છે. તેમાં શિવને ચાર હાથ, દરેકમાં અનુક્રમે અક્ષમાલા, ત્રિશૂલ, સર્પ અને કમંડળ ધારણ કરેલાં હોઈ નીચે વૃષભ કોતરેલો બતાવ્યો છે. આવી જ દ્વારશાખામાં કોતરેલી શિવની બેઠી પ્રતિમાઓ, સંડેરના એક પ્રાચીન મંદિરમાં, મંદરોપુરના શિવમંદિરમાં, તેમજ પાટણના સિદ્ધનાથ મહાદેવની ધર્મશાળામાં ચોડેલા દ્વારશાખામાં આવેલી છે.

મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં શિવની એક બેઠી પ્રતિમા મૂકેલી છે, તેમાં શિવ અર્ધપર્યંકાસન વાળી બેઠેલા, હાથ બે તેમાં અનુક્રમે એક કેડ ઉપર મૂકેલો અને બીજો ઢીંચણ ઉપર, પાસે પાર્વતી, બન્ને બાજુ દેવતાઓ સ્તુતિ કરતા તેમજ ભેટ આપતા બતાવ્યા છે. આ મૂર્તિ તેરમા સૈકાથી અર્વાચીન જણાતી નથી. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં ચંદ્રાવતીથી લાવેલી, શિવની પદ્માસન વાળી બેઠેલી એક મૂર્તિ મૂકેલી છે. તેના માથે જટામુકુટ, હાથ ચાર, તે પૈકી જમણા બેમાં માલા તથા ભાલો, અને ડાબામાં અંકુશ તેમજ શિવલિંગ ધારણ કરેલાં, બન્ને બાજુ બ્રહ્મા તથા વિષ્ણુ દર્શાવ્યા છે. બારમા તેરમા સૈકાની મૂર્તિ, મૂર્તિશિલ્પોમાં એક અપ્રતિમ નમૂનો છે. કડવારના વરાહ મંદિરમાં શિવની બેઠી પ્રતિમા દ્વાર પાસે ચોડેલી છે. તેમાં શિવ બેઠા, હાથ ચાર, માથે જટામુકુટ અને નીચે વૃષભ બનાવવામાં આવ્યો છે.

પાટણમાં મોતીશા દરવાજાથી આગળ ચાલતાં, કોટની અંદર શિવની એક બેઠી પ્રતિમા ચોડેલી મળી આવી છે. તેમાં શિવ અર્ધપર્યંકાસન વાળી બેઠેલા, નીચે અનેક હાથ ધરાવતો રાવણ સ્તુતિ કરતો બતાવ્યો છે. આ મૂર્તિ તક્ષણકલાની દૃષ્ટિએ નમૂનેદાર હોઈ, ખારા પથ્થરમાંથી બનાવેલી હોવા છતાં, તેમાં અદ્‌ભુત ભાવસંયોજના કરવામાં આવી છે. સિદ્ધપુર તાલુકાના ડુંડાવ ગામમાં પેસતાં જ ચોતરા ઉપર ભગવાન શિવની એક બેઠી પ્રતિમા મૂકેલી છે. તેના ચાર હાથમાં અનુક્રમે વરદ, ત્રિશૂલ, જ્યારે ડાબામાં સર્પ અને લિંગ

ધારણ કરેલાં એવી અર્ધપર્યંકાસનવાળી સુંદર પ્રતિમા છે જેની નીચે વૃષભ-નંદિ જણાવ્યો છે. સિદ્ધપુરના કીર્તિસ્તંભમાં શિવની બેઠી મૂર્તિ કોતરેલી છે, તેનો એક પગ વાળેલો, બીજો લટકતો અને બીજું બધું વર્ણન ઉપર જણાવેલા વર્ણન પ્રમાણે છે. અને ભગવાન શિવ વરદ મુદ્રા વડે જગતનું શિવ-કલ્યાણ સાધવાનો આદેશ આપતા હોય તેવો ભાવ તેમાં વ્યક્ત થાય છે.

આ સિવાય ગુજરાતમાંથી મળી આવતાં પ્રાચીન મંદિરોની જંઘાઓમાં, દ્વારશાખાઓમાં, તેમજ સ્તંભોમાંથી આવી બેઠી મૂર્તિઓ મળી આવે છે. શિવની બેઠી સેવ્ય પ્રતિમાઓ મળે છે પણ ઊભીના મુકાબલે તેની સંખ્યા ઘણી જ થોડી ગણી શકાય. છતાં ગુજરાતમાં આવી સુખાસન મૂર્તિઓનો પ્રચાર હતો એમ જરૂર કહી શકાય.

ચંદ્રશેખર

આગળ જણાવેલાં શિવપ્રતિમાને અનુરૂપ સ્વરૂપવાળી, પરંતુ આયુધોમાં ફેરફાર સૂચવતી ચંદ્રશેખરની પ્રતિમા બનાવવાનું શ્રી-તત્ત્વનિધિ, અંશુમદ્ ભેદાગમ, ઉતરકામિકાગમ અને શિલ્પરત્નમાં જણાવ્યું છે. તેમાં શિવ બેઠા, હાથ ચાર, દરેકમાં અભય, ટંક અગર પરશુ, કર્તરી અગર હરિણ, અને વરદ મુદ્રા, માથે જટામુકુટ, ત્રિનેત્ર, કપાળમાં અર્ધ ચંદ્ર વ. જણાવી–તેવી મૂર્તિને "ચંદ્રશેખર" તરીકે ઓળખાવતાં શિવપ્રતિમાઓના વિવિધ પ્રકારોમાં આને પણ એક રૂપભેદ તરીકે જણાવ્યો છે. ગુજરાતમાંથી આવી કોઈ શિવપ્રતિમા મળી આવતી નથી પણ દક્ષિણ ભારતમાંથી આવી પ્રતિમાઓ મળી આવે છે. આવી મૂર્તિઓના પણ ત્રણ પ્રકાર છે: (૧) ચંદ્રશેખર (૨) ઉમાસહિત (૩) આલિંગન-મૂર્તિ. આ ત્રણે પ્રકારના વિધાનો ઉપરથી, તેમાં ખાસ વિશિષ્ટતા સમાયેલી હોવાનું જણાતું નથી. સામાન્ય રીતે ઉમાસહિત અને ઉમાવગર એવા બે જ ભેદો માલૂમ પડે છે.

ઉમા-માહેશ્વર

શિવની આ આલિંગન પ્રતિમા ગણાય છે. તેમાં પાર્વતી

શિવને આલિંગન આપતાં, તેમના ઉત્સંગમાં ડાબી બાજુ બેઠેલાં બતાવવામાં આવે છે. આ મૂર્તિના રૂપ વિન્યાસ માટે અંશુમદ્ ભેદાગમ, મત્સ્યપુરાણ,[૨૭] રૂપમંડન-રૂપાવતાર,[૨૮] હેમાદ્રી, માનસોલ્લાસ[૨૯]માં વિધાનો મળી આવે છે. જેમાં શિવ બેઠા, બે અગર ચાર હાથ, તેમાં અનુક્રમે કમલ, શૂલ, ઉમાના ખભા ઉપર અને ચોથો ડાબા સ્તન પાસે, માથે જટા, ત્રણ નેત્ર, કપાળમાં ચંદ્રકલા, શરીર ઉપર ગજચર્મ, ડાબી બાજુ ઉત્સંગમાં શિવના મુખને નિહાળતાં પાર્વતી, તેનો એક હાથ શિવના ખભા ઉપર, બીજામાં કમલ અગર દર્પણ, શરીર ઉપર વિવિધ અલંકારો વ. હોય છે. જો કે જુદા જુદા ગ્રંથોમાં થોડી થોડી ભિન્નતાઓ છે.

ઉમા-મહેશ્વરની સેંકડો પ્રતિમાઓ ગુજરાતના મંદિરોમાંથી મળી આવે છે. મધ્યકાળમાં પ્રત્યેક શિવમંદિરમાં પ્રધાનતઃ શિવલિંગ હોવા છતાં ઉમા-મહેશ્વરની એક સ્વતંત્ર મૂર્તિ એકાદ ગોખલામાં બેસાડવામાં આવતી હતી. આથી જ શિવની આવી યુગલ પ્રતિમાઓ ગુજરાત અને ભારતવર્ષમાંથી મળે છે, ગુજરાતમાંથી મળી આવતી આવી મૂર્તિઓમાં શિવને ચાર હાથ, તેમાં અનુક્રમે માતુલિંગ, ત્રિશૂલ, આલિંગન આપતો અને સર્પ ધારણ કરેલો, ડાબા ઉત્સંગમાં પાર્વતી, પાર્વતીનો એક હાથ મહાદેવજીના ખભા ઉપર, બીજામાં દર્પણ, નીચે વૃષભ, પાસે નંદિ, ભૃંગી વ. તેમના અનુચરો હોય છે. આગળ જણાવેલા વર્ણનોમાં તેમના હાથના ઉપકરણોમાં થોડોક ફેરફાર સૂચવ્યો છે, છતાં ગુજરાતની પ્રતિમાઓમાં અહીં જણાવેલાં ઉપકરણો વિશેષ કરીને હોય છે.

પાટણથી ઉત્તરમાં આઠ માઈલ દૂર આવેલા વાયડ ગામમાં ખોદકામ કરતાં ઉમા-મહેશ્વરની એક સુંદર પ્રતિમા મળી આવી છે. તે આશરે

૨૭. મત્સ્યપુરાણ, ૨૬૦, ૧૧–૨૦
૨૮. રૂપમંડન ૪, ૨૬–૨૯, રૂપાવતાર ૬, ૩૨–૩૪
૨૯. માનસોલ્લાસ વિંશતિ ૩, અ. ૧, ૭૪૦–૪૫

પાંચ ફૂટ ઊંચી અને ત્રણ ફૂટ પહોળી હોઈ, તેમાં શિવને ચાર હાથ, જમણામાં માતુલિંગ અને ત્રિશૂલ, જ્યારે ડાબા પૈકી એક પાર્વતીના ખભા ઉપર અને બીજામાં સર્પ, ડાબી બાજુ ખોળામાં પાર્વતી, તેને બે હાથ, તે પૈકી એક શિવના ખભા ઉપર, બીજામાં દર્પણ, નીચે પગ પાસે નંદિ, બન્ને બાજુ ભૃંગી, ગણેશ, જયા વિજયા વ. છે. આ પ્રતિમા તેના કલાવિધાન ઉપરથી બારમા સૈકા જેટલી પ્રાચીન જણાય છે. તેનો જટાકલાપ, આભૂષણો અને ભારકર્ય તો તેથી પણ આગળના સમયનાં હોવાનું સૂચવે છે.

મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં ઉમા-મહેશ્વરની ત્રણચાર નાની મોટી મૂર્તિઓ મૂકેલી છે. તેમાં બે પ્રતિમાઓ તો સુંદર શિલ્પ સૌષ્ઠવ ધરાવતી હોઈ, બારમા તેરમા સૈકાથી પણ પ્રાચીન જણાય છે. આ મૂર્તિઓનું કલાવિધાન ઉપર પ્રમાણે જ છે ફક્ત એકમાં શિવનો એક હાથ પાર્વતીની દાઢી પાસે રાખેલો જણાવી, તેમના પગ નીચે નંદિ પાસે વાઘને પણ બતાવ્યો છે. માનસોલ્લાસમાં આવું જ વિધાન હોવાથી તેનું રૂપ-વિન્યાસ તેના પ્રમાણે થયું લાગે છે. ડૉ. સાંકળીઆ તેને તેરમા સૈકા જેટલી પ્રાચીન માને છે.

સૌરાષ્ટ્રના કડવાર ગામમાં આવેલી પ્રાચીન મંદિરમાં ઉમા મહેશ્વરની એક સુંદર પ્રતિમા ચોડેલી છે, તેમાં શિવ અર્ધપર્યંકાસન વાળી નંદિ ઉપર બેઠેલા, એક પગ લટકતો, તેમને ચાર હાથ તે પૈકી એકમાં ત્રિશૂલ, બીજે ખંડિત, ડાબા ખોળામાં ઉમા વગેરે બતાવવામાં આવ્યા છે. આ ઉપરાંત સોમનાથના પ્રાચીન મંદિરમાં, ઘુમલીના નવલખ મંદિરમાં અને સેજકપુરના પ્રાચીન શિવ મંદિરમાંથી પણ મળી આવી છે.

ખેરાળુ તાલુકાના મંદરોપુર ગામમાં, દુગ્ધેશ્વરના પ્રાચીન મંદિરમાં બહાર પૂર્વ દિશાના ગોખલામાં આવી એક અનન્ય પ્રતિમા બેસાડેલી છે જેનું કલાવિધાન ઉપર પ્રમાણે છે પણ ભૃંગી ઈત્યાદી જણાતાં નથી છતાં સિદ્ધહસ્ત કલાકારની કૃતિ હોય તેવું લાગે છે.

આ સિવાય ગુજરાતમાંથી પાટણ, વડનગર, સિદ્ધપુર, ડભોઈ, ખંભાત, અમદાવાદ, મોઢેરા, વડોદરા, ચાંદોદ, ભરૂચ વ. શહેરોમાંથી કેટલીક કલાસૌષ્ઠવની દૃષ્ટિએ અનુપમ મૂર્તિઓ મળી આવી છે.

અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં પણ ઉપર જણાવેલા વર્ણન સાથે સામ્ય ધરાવતી બે પ્રતિમાઓ છે તે પૈકી એક કટરા ગામની અને બીજી ચંદ્રભાગા નદી ઉપરથી લાવવામાં આવી છે. તેમાં ચાર હાથ, ડાબા ખોળામાં શિવને આલિંગન આપતાં પાર્વતી, નીચે ગણપતિ, સ્કંદ વ. જણાવી, વિશેષમાં તે ત્રિભંગવાળાં બતાવ્યાં છે. ગુજરાત બહારથી પણ આવી પ્રતિમાઓ વિશેષ પ્રમાણમાં મળી આવી છે પણ તેનું વિવેચન અત્રે અસ્થાને છે.

હરગૌરી

હરગૌરીના પ્રતિમાવિન્યાસ માટે સ્વતંત્ર વિધાનો કોઈ ગ્રંથમાંથી મળ્યાં નથી પણ સામાન્યતઃ આ પણ એક ઉમા-મહેશ્વરનો પ્રકાર જણાય છે. શિલ્પરત્નાકરનું ચંદ્રશેખરની પ્રતિમાવિધાનનું વર્ણન આને મોટે અંશે લાગુ પડે છે. આમાં શિવ પાર્વતીને આલિંગન આપતા વ્યક્ત કર્યા હોઈ, શિવ-પાર્વતી ઊભાં, શિવનો એક હાથ પાર્વતીના ખભા ઉપર, પાર્વતીનો એક હાથ શિવના ખભા ઉપર, જ્યારે બીજા હાથમાં ઉમાએ કમળ, ફૂલ કે ગજહસ્ત મુદ્રા વ્યક્ત કરેલી હોવાનું નોંધ્યું છે.[30] ગુજરાતમાંથી આવી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે.

વડનગરમાં ચિત્રેશ્વરી માતાના મંદિરમાં મહાદેવજી પાસે હર-ગૌરીની એક પ્રતિમા છે, તેમાં શિવ તથા પાર્વતી બન્ને ઊભાં, શિવને ચાર હાથ, તેમાં અનુક્રમે શિવલિંગ, ત્રિશૂલ, પાર્વતીના ખભા ઉપર, જ્યારે ચોથો દેખાતો નથી. પાસે પાર્વતી, તેમનો એક હાથ શિવના ખભા ઉપર, બીજામાં ઉત્પલ વ. છે. આમાં પાર્વતી લલિત ત્રિભંગ-વાળાં બતાવ્યાં છે.

30. શિલ્પરત્ન, ૨૨/૨૩

મોઢેરાના સૂર્યમંદિર પાસેના કુંડ ઉપર, દક્ષિણ બાજુની દહેરી પાછળ હરગૌરીની એક અભિનવ પ્રતિમા કોતરેલી છે. તેમાં શિવ-પાર્વતી ઊભાં, પરસ્પર આલિંગન આપતાં, ત્રિભંગ વ્યક્ત કરતાં બતાવ્યાં છે. ચાર હાથ ધરાવતા શિવની પાછળ નંદિ વ. જણાવતાં સુંદર કલાવિધાન બનાવેલું છે. મૂર્તિકલાની દૃષ્ટિએ આ પ્રતિમા એક અપ્રતિમ નમૂનો છે. મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમના આર્કિયૉલૉજિકલ સેક્શનમાં મૂકેલી હરગૌરીની મૂર્તિઓ સુરેખ અને નમૂનેદાર છે. જો કે તેના પરિચય-લેખ ઉપરથી તે બુંદેલખંડની પ્રતિમાઓ હોવાથી તેનું વિવેચન અસ્થાને છે. ખેરાળુ તાલુકાના મંદ્રોપુર ગામમાં દુગ્ધેશ્વરના શિવાલયમાં બહારના પૂર્વ તથા દક્ષિણ વિમાનોમાં હરગૌરીની બે મૂર્તિઓ મૂકેલી છે. તેનું કલાવિધાન પણ ગુજરાતમાંથી આવી મળેલી અન્ય પ્રતિમાઓના જેવું જ છે. આ મંદિર મધ્યકાલીન હોઈ, સ્વાભાવિક રીતે તે પણ મધ્યકાલીન છે. આ સિવાય, પાટણ, સિદ્ધપુર, વિસનગર તાલુકાના વાલમ, ડભોડા અને સૌરાષ્ટ્રનાં કેટલાંક પ્રાચીન મંદિરોના અવશેષોમાંથી મળી આવી છે. જે લગભગ ઉપર પ્રમાણેની જ મૂર્તિઓ હોવાથી વિવેચન આપ્યું નથી.

આબુ ઉપર દેલવાડામાં વિમળશાહે બંધાવેલા ભવ્ય જૈન મંદિરની જંઘામાં, શિવ તથા પાર્વતીના સુંદર પ્રતિમા કોતરેલી છે. તેમાં બન્ને ઊભાં, પરસ્પર આલિંગન આપતાં, શિવને ચાર હાથ, પાર્વતી ત્રિભંગવાળાં જણાવી બન્નેના મોઢા ઉપર શૃંગારભાવને અલૌકિક રીતે ઉતાર્યો છે. આ જ પર્વતની તળેટીમાં એક ટેકરી ઉપરથી આવી હરગૌરીની એક મૂર્તિ મળી છે જેનું રૂપવિધાન સર્વસામાન્ય બનાવેલું હોઈ, આગળ જણાવેલી બીજી મૂર્તિઓને અનુસરતું છે. આ પ્રતિમા મધ્યકાળ જેટલી પ્રાચીન હોય, પંદરમા સોળમા સૈકાથી અર્વાચીન નથી.

અનુગ્રહ પ્રતિમાઓ

ભગવાન શંકરે જે જે ભક્તો ઉપર અનુગ્રહ કરી, તેમનાં કાર્યો

કર્યાં અને વરદાન આપ્યાં તે બધાં સ્વરૂપો અનુગ્રહ સ્વરૂપો ગણાય છે, શિવના અનુગ્રહ સ્વરૂપોમાં અર્જુનાનુગ્રહ (કિરાતાર્જુન સ્વરૂપ), રાવણાનુગ્રહ (રાવણને વરપ્રદાન), વિષ્ણ્વાનુગ્રહ (વિષ્ણુને ચક્ર પ્રદાન) વ. મુખ્ય છે. આ સિવાય ચંડાનુગ્રહ, નંદિ-અનુગ્રહ, અને વિઘ્નેશ્વર અનુગ્રહ વ. પ્રકારો પણ ગણાવ્યા છે. આ અંગેની આખ્યાયિકાઓ પુરાણોમાં વિસ્તારપૂર્વક આપી છે.

દક્ષિણ ભારતના મંદિરોની જંઘાઓ, સ્તંભો અને ગોપુરોમાં આવી મૂર્તિઓ અને બીજા પૌરાણિક પ્રસંગો પુષ્કળ પ્રમાણમાં કોતરેલા મળી આવે છે. ગુજરાતનાં થોડાં પ્રાચીન મંદિરોમાં પણ તેની જંઘાઓમાં પૌરાણિક પ્રસંગો અને મૂર્તિઓ મળી આવ્યાં છે. આબુ ઉપર દેલવાડાના જૈનમંદિરોમાં કેટલાક પૌરાણિક પ્રસંગો, તીર્થંકરોનાં ચરિત્રો અને ધાર્મિક આખ્યાયિકાઓનાં શિલ્પો ભાવવાહી રીતે કોતર્યા છે. તેવી જ રીતે મોઢેરાના સૂર્યમંદિરમાં, ડભોઈની હીરા ભાગોળ ઉપર, પ્રભાસમાં સોમનાથના મંદિરમાં, વડનગરના હાટકેશ્વર મંદિરની જંઘામાં, શેત્રુંજય અને ગિરનારના ભવ્ય જૈનમંદિરોમાં તેમજ ઉત્તર ગુજરાતમાંથી મળતા પ્રાચીન મંદિરોની જંઘાઓ વ. માં આવાં શિલ્પો છે.

અર્જુનાનુગ્રહ (કિરાતાર્જુન સ્વરૂપ)

પાંડવો વનમાં હતા ત્યારે અર્જુને દિવ્યાસ્ત્ર પ્રાપ્ત કરવા તપ કર્યું, તે સમયે શિવે કિરાતનું સ્વરૂપ લઈ, અર્જુન સાથે યુદ્ધ કર્યું હતું અને અંતે અર્જુન ઉપર અનુગ્રહ કર્યો તે પ્રસંગની આખ્યાયિકા મહાભારતમાં આપેલી છે.[૩૧] આ સ્વરૂપના વિધાનની ચર્ચા ફક્ત શ્રી તત્ત્વનિધિમાં જ કરવામાં આવી છે.[૩૨]

ગુજરાતમાંથી આવાં કોઈ શિલ્પો ખાસ મળ્યાં નથી પણ ખેરાળુ તાલુકાના મંદ્રોપુર ગામના દુગ્ધેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરમાં, ઈશાન

૩૧. મહાભારત, આરણ્યકપર્વ, અ. ૯, શિવપુરાણ શતરુદ્રીયસંહિતા, અ. ૪૧
૩૨. શ્રી તત્ત્વનિધિ, પા. ૭૪, શ્લો. ૧-૩

ખૂણામાં શિખર પાસે, મંડોવરની છાજમાં આવું શિલ્પ છે. તેમાં શિવ ઊભા, ચાર હાથ, તે પૈકી બેમાં લિંગ તથા સર્પ, બીજા બેમાં ધનુષ તથા બાણુ નીચે વૃષભ વ. જણાવ્યાં છે. તેની પાસે બીજી નાની મૂર્તિ અર્જુનની હોવાનું જણાય છે. આ સિવાય બીજું કોઈ શિલ્પ કે પ્રતિમા મારા જોવામાં આવ્યાં નથી.

રાવણાનુગ્રહ

કુબેરનો પરાજય કરી મદાંધ રાવણુ પાછો જતો હતો ત્યારે તેનું વિમાન કૈલાસ સાથે અથડાયું, એટલે તેણે કૈલાસને ઉખેડી નાખવા પ્રયત્ન કર્યો. પણ શિવના પ્રભાવથી તે પર્વત નીચે રાવણુના બે હાથ ચગદાયા. શિવની ખૂબ જ સ્તુતિ રાવણે કરી ત્યારે તેનો અનુગ્રહ કર્યો. આ પ્રસંગની વિસ્તારપૂર્વકની આખ્યાયિકા શિવપુરાણમાં[33] છે.

આ સ્વરૂપ માટે કોઈ ગ્રંથોક્ત વિધાનો મળતાં નથી, પણ તેવું એક શિલ્પ પાટણના કોટમાંથી મળ્યું છે. આ સ્વરૂપનું વર્ણન આગળ શિવની બેઠી (આસનસ્થ) મૂર્તિઓમાં આપવામાં આવ્યું છે. પરંતુ તેમાં રાવણુ સ્તવન કરતો દર્શાવ્યો હોવાથી તે 'રાવણાનુગ્રહ'ની પ્રતિમા હોવાના કારણે તેની અત્રે પુનરુક્તિ કરી છે. આ પ્રતિમા પાટણના મોતીશા અને ખાનસરોવર દરવાજાની વચ્ચે કોટમાં ચોડેલી છે. તેમાં શિવ અર્ધપર્યંકાસનવાળી બેઠેલા, ચાર હાથ, તેમાં અનુક્રમે લિંગ, ત્રિશૂલ, સર્પ અને ખંડિત છે. પાસે રહેલાં પાર્વતીના બે હાથ શિવના કંઠમાં નાખેલા છે. નીચે ઘણા હાથ ધરાવતો રાવણ, પાસે વૃષભ, પરિચારિકાઓ વ. જણાવ્યાં છે. મારી કલ્પના આ શિલ્પ રાવણાનુગ્રહનું હોવાની છે. કોઈ પ્રાચીન મંદિરના અવશેષોમાંથી લાવી આ શિલ્પ કોટમાં ચોડી દીધું હશે. કલાની દૃષ્ટિએ આ શિલ્પ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે. તેમાં પાર્વતીના શરીરનો ત્રિભંગ, ભાવનાઓને વ્યક્ત કરતું મુખ, કરુણાર્દ્રતા વ્યક્ત કરતો રાવણુ વ. જોતાં તે કોઈ સિદ્ધહસ્ત કલાકારની

33. શિવપુરાણ-જ્ઞાનસંહિતા

કૃતિ જણાય છે. મુંબાઈ પાસે ધારાપુરી–એલિફન્ટાની ગુફાઓમાં આવું એક શિલ્પ કોતરેલું છે. તેમાં શિવપાર્વતી પરિવાર સહ ઉપર બેઠેલાં, નીચે રાવણ હાથો વડે કૈલાસ હલાવતો અને શિવે ગણોના માથા ઉપર બે હાથ મૂકેલા જણાય છે.[34]

વિષ્ણુ-અનુગ્રહમૂર્તિ

દેવાસુર સંગ્રામમાં અસુરોનો પરાજય કરવા શિવે તેમને ચક્ર-પ્રદાન કર્યું હતું તે પ્રસંગે વિષ્ણુએ તેમની સહસ્ર કમળથી પુજા કરવા માંડી પણ શિવે કસોટી કરવા એક કમળ સંતાડયું, ત્યારે વિષ્ણુએ તે ખોટ નેત્રકમળથી પૂરી કરી. આથી શિવે ખુશ થઈ ચક્રપ્રદાન કર્યું હતું એવો એક પ્રસંગ મહાભારત, શિવપુરાણ, સ્કંદપુરાણ વ. માં વિસ્તારથી આપવામાં આવ્યો છે. અને આનાં રૂપવિધાનો ઉત્તર કામિકાગમ અને ઉત્તર કરણાગમમાં આપવામાં આવ્યાં છે. તેમાં જણાવ્યા પ્રમાણે વિષ્ણુને ચાર હાથ તેમાં ચક્ર સહ અંજલિ, શંખ, કમળ વ. પાસે શિવ તેમને ચાર હાથ, દરેકમાં ટંક, ચક્ર, કૃષ્ણમૃગ અને વરદમુદ્રા, ત્રણ નેત્ર, માથે જટામુકુટ, ડાબી બાજુ ગૌરી, બે હાથ જોડી ઊભા રહેલા વિષ્ણુ હોય છે. શ્રી. તત્ત્વનિધિમાં[35] પણ આવું વર્ણન આપેલું છે. શિવની આવી પ્રતિમા ગુજરાતમાંથી કોઈ પણ સ્થળેથી મળી નથી. પણ આવાં શિલ્પો દક્ષિણ ભારતમાંથી મળી આવે છે. તેથી ગુજરાતમાં તેનો પ્રચાર ન હતો એમ જણાય છે.

સંહાર-મૂર્તિઓ

વિષ્ણુ જગતના પાલક અને શિવ સંહારદેવ ગણાય છે. વિવિધ પુરાણોની આખ્યાયિકાઓ તેમને તમોગુણના અધિષ્ઠાતા, દેવો અને ભક્તો ઉપર અનુગ્રહ કરવા અસુરોનો સંહાર કરતા ચિતરે છે. આવાં સ્વરૂપોને સંહારમૂર્તિઓ તરીકે ઓળખવામાં આવે છે. શિવનાં

34. A Guide to Elephanta P. 52

35. શ્રી તત્ત્વનિધિ, ૫, ૩૬, ૧–૩

સંહાર સ્વરૂપોમાં કામાંતક, કાલારિ, ત્રિપુરાન્તક, ગજાસુર સંહારક, શરભેશ, બ્રહ્મ શિરચ્છેદક, ભૈરવ, મલ્લારિ શિવ, અંધકાસુર મર્દન અને મહાકાલ વ.મુખ્ય છે. આ દરેક નામ પાછળ શિવે જે તે અસુરોનો કેવી રીતે સંહાર કર્યો હતો તેની આખ્યાયિકાઓ રહેલી છે. શિવની સંહારમૂતિઓનો પ્રચાર ગુજરાતમાં ફેલાયો હોવાનું જણાતું નથી, કારણ તેવાં સ્વરૂપોને વ્યક્ત કરતી સ્વતંત્ર પ્રતિમાઓ કે શિલ્પો ગુજરાત સૌરાષ્ટ્રમાંથી પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થતાં નથી. પણ દક્ષિણમાંથી આવાં સ્વરૂપો મોટા પ્રમાણમાં મળી આવે છે.

કામાન્તક

શિવે કામને બાળીને ભસ્મ કર્યાની આખ્યાયિકા શિવપુરાણ,[૩૬] લિંગપુરાણ વ.માંથી મળે છે. તે પ્રમાણે શિવને મદવિહ્વલ બનાવવા ગયેલા કામને શિવે ત્રીજા નેત્રમાંથી નીકળેલા અગ્નિ વડે ભસ્મીભૂત કર્યો હતો આ ચરિત્રને મૂર્ત કરતી મૂર્તિ કામાંતક તરીકે ઓળખાવવામાં આવતી હોઈ તેનાં શાસ્ત્રીય રૂપવિધાનો ઉત્તર કામિકાગમ,[૩૭] સુપ્રભેદાગમ, અને પૂર્વ કરણાગમમાં નોંધાયાં છે. આમાં શિવ યોગનિષ્ઠ બની ધ્યાનસ્થ બેઠેલા, પાસે કામદેવ, તેના હાથમા પાંચ પુષ્પબાણ, બીજામાં ઇક્ષુ (શેરડી)નું ધનુષ્ય, પાસે તેની પત્ની રતિ ઊભેલી, બાજુમાં તેના મિત્રો વસંત વ. શિવને ચાર હાથ તે પૈકી દરેકમાં સર્પ, અક્ષમાલા, પતાકામુદ્રા, અને સૂચીમુદ્રા, કપાળમાં ત્રણ નેત્ર દર્શાવેલાં હોઈ, કામના ધ્વજમાં મત્સ્યનું ચિહ્ન વ્યક્ત કરેલું હોય છે ગુજરાતમાંથી આવું કોઈ શિલ્પ મળ્યું નથી.

કાલારિ

શિવે કાલને લાત મારી પાછો કાઢ્યાની કથા માર્કંડેયના આખ્યાનમાં મહાભારતના કર્ણપર્વમાં આપેલી છે. શિવે માર્કંડેયની ભક્તિ જોઈ, યમને

૩૬. શિવપુરાણ, પાર્વતીખંડ અ. ૧૯

૩૭. ઉત્તર કામિકાગમ પટલ, ૫૭, ૧-૪

લાત મારી પાછો કાઢ્યો હતો. આવી પ્રતિમાના વિધાન માટે બીજાં કોઈ મૂર્તિશાસ્ત્રો કે પુરાણોમાંથી વર્ણનો મળ્યાં નથી પણ અંશુમદ્ભેદાગમમાં અને પૂર્વ કરણાગમમાં[૩૮] તેનાં રૂપવિધાનો આપ્યાં છે. તે પ્રમાણે રુદ્ર શિવલિંગમાંથી પ્રકટ થયેલા, ચાર અગર આઠ હાથ, તેમાં અનુક્રમે ત્રિશૂલ, પરશુ, વજ્ર, ખડ્ગ. ખેટક, પાશ, વિસ્મય અને સૂચીમુદ્રા, યમના માથે કરંડ મુકુટ, ચાર હાથ તે પૈકી બેમાં પાશ, તલવાર અને બાકીના બે વડે નમસ્કાર કરતા, પાસે માર્કંડેયઋષિ નમસ્કાર કરતા હોય છે.

આવાં શિલ્પો ખાસ મળતાં નથી પણ વડનગરના એક કીર્તિસ્તંભમાં બ્રેકેટની નીચેના ભાગે કોતરવામાં આવ્યું હોવાનું માલૂમ પડે છે. તેમાં શિવલિંગમાંથી પ્રકટ થયેલા, હાથમાં રહેલા ત્રિશૂલ વડે પાસે ઊભેલા મનુષ્યને મારતા, તેમજ બીજી બાજુએ રહેલો મનુષ્ય પ્રાર્થના કરતો બતાવ્યો છે. આ શિલ્પ કાલારિ સ્વરૂપને મળતું હોવાથી તેનું જ સ્વરૂપ હશે એવું અનુમાન છે. ઇલોરાની દશાવતાર ગુફામાં આવું એક ભવ્ય શિલ્પ કોતરવામાં આવ્યું છે.

ત્રિપુરાન્તક

તારકાસુરના ત્રણ પુત્રોએ બ્રહ્માને તપ દ્વારા પ્રસન્ન કરી સ્વર્ગ, મૃત્યુ અને પાતાલમાં ફરી શકે તેવા અભેદ્ય નગરોનું વરદાન માગી દેવોને હેરાન કરવા માંડયા. આથી દેવતાઓએ ત્રાસમાંથી મુક્તિ મેળવવા શંકરને પ્રાર્થના કરી, ત્યારે શિવે કેટલાંક વિધાનો કરી આ ત્રણેનાં નગરોનો નાશ કર્યો ત્યારથી તે ત્રિપુરારી કહેવાયા. આ આખ્યાયિકા વિગતવાર શિવપુરાણ, મત્સ્યપુરાણ અને મહાભારતના કર્ણપર્વમાં આપવામાં આવેલી છે.[૩૯] યજુર્વેદની વાજસનેયી સંહિતામાં આ કથાનું મૂળ છે. કેટલાકમાં વિષ્ણુ, બુદ્ધ કે જૈન સ્વરૂપોમાં આ ત્રણે અસુરોનો નાશ કર્યાની હકીકત છે.

૩૮. પૂર્વકરણાગમ, ૧-૪

૩૯. શિવપુરાણ, રુદ્રસંહિતા. યુદ્ધખંડ, અ. ૧૦, અને મહાભારત કર્ણપર્વ

આ સ્વરૂપનાં રૂપવિધાનો મત્સ્યપુરાણ,[૪૦] અંશુમદ્ ભેદાગમ,[૪૧] અભિલષિતાર્થ ચિન્તામણિ,[૪૨] ઉત્તર કામિકાગમ અને શિલ્પરત્ન[૪૩]માં આપવામાં આવ્યાં છે. આ બધાંમાં વર્ણનો ઉપર પ્રમાણે છે પણ હાથ ચારથી સોળ સુધી બનાવ્યા છે અને આયુધોની બાબતમાં ભિન્નતા છે. ગુજરાતમાંથી આવી કોઈ સ્વતંત્ર પ્રતિમા કે શિલ્પ હજુ સુધી મળ્યું નથી પણ ગુજરાત બહારથી આવાં શિલ્પો મળ્યાની નોંધ ડૉ. સ્વ. ગોપીનાથ રાવે તેમના ગ્રંથ ભારતીય મૂર્તિવિજ્ઞાનમાં કરી છે.

ગજાસુર સંહારક

શિવે ગજાસુર નામના દાનવનો સંહાર કર્યાની હકીકત કૂર્મ-પુરાણ અને વરાહ પુરાણમાં જુદી જુદી રીતે આપવામાં આવી છે.[૪૪] આના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ,[૪૫] અંશુમદ્ ભેદાગમ[૪૬] અને શ્રી તત્ત્વનિધિમાં વિધાનો આપ્યાં છે તે પ્રમાણે શિવને આઠ અથવા દશ હાથ, તે પૈકી શૂલ, ખડગ, ઢાલ, હાથીદાંત, કપાલ, ઢાલ, ઘંટ અને ગજચર્મ, ડાબી બાજુ પાર્વતી, સ્કંદ વ. હોય છે:

ગજાસુર સંહારકની એક નાની પ્રતિમા ધોળકાના એક દેવી-મંદિરના ગોખલામાં મૂકેલી છે. તેમાં શિવ ગજાસુરનો નાશ કરી, મસ્તક પર ગજચર્મ ધારણ કરતા બતાવ્યા છે. તેમાં એક બાજુ હાથીનું મસ્તક જણાવેલું છે.[૪૭]

શરભેશ

વિષ્ણુએ નૃસિંહ અવતાર લઈ, હિરણ્યકશિપુ દૈત્યને માર્યા

૪૦. મત્સ્યપુરાણ, ૨૫૯, ૮-૧૨ ૪૧. અંશુમદ્ ભેદાગમ પટલ ૭૬

૪૨. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૧-૭૬૫

૪૩. શિલ્પરત્ન પટલ ૨૧-૧-૪

૪૪. જુઓ શ્રી ગણેશ હરિ ખરે કૃત 'મરાઠી મૂર્તિવિજ્ઞાન', પા. ૧૧૧

૪૫. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૭-૭૬૭

૪૬. અંશુમદ્ ભેદાગમ પટલ, ૭૦, શિલ્પરત્ન પટલ, ૨૨૦

47. R. N. Mehta, Sculptures at Dholka, Bulletin of the Chunilal Gandhi Vidyabhavan, 1960, pp. 75-76.

પછી ખૂબ ક્રોધ ચડયો અને શાંત ન પડયા આથી જગત કંપવા લાગ્યું એટલે દેવોએ શિવનું શરણ લીધું. શિવે શરભરૂપ ધારણ કરી વિષ્ણુને નૃસિંહ રૂપમાંથી મુક્તિ આપી તેનું ચર્મ પોતે પરિધાન કર્યું એવી કથા જુદાં જુદાં પુરાણોમાં આપી છે.

તેના પ્રતિમા વિધાન માટે શિલ્પરત્ન, અંશમદ્ ભેદાગમમાં વિધાનો છે તે પ્રમાણે શરભેશને બે મુખ, આઠ પગ, બે પાંખ, લાંબી પૂંછડી અને મોઢું સિંહ જેવું જણાવ્યું છે. ગુજરાતમાંથી આવું કોઇ શિલ્પ કે પ્રતિમા મળી આવી નથી. મહારાષ્ટ્રમાં દરેક કિલ્લાના દ્વાર ઉપર તેનાં સ્વરૂપો કોતરેલાં જોવામાં આવે છે છતાં ત્યાં પણ પ્રતિમાઓ મળી આવતી નથી.

અંધકાસુર મર્દન

મહાભારત અને પુરાણોમાં પાર્વતીને પત્ની તરીકે રાખવાની ઈચ્છા રાખનાર દાનવ અંધકાસુરનો નાશ કર્યાની આખ્યાયિકાઓ છે.[૪૮]

આ સ્વરૂપના વિધાન માટે કોઇ ગ્રંથમાંથી તેના ઉલ્લેખો મળતા નથી પણ તેવાં બે ત્રણ શિલ્પો ગુજરાતમાંથી મળ્યાં છે. તેમાં સિદ્ધપુર તાલુકાના સુણક ગામમાં આવેલા નીલકંઠ મહાદેવના મંદિર બહાર દક્ષિણ બાજુના ગોખલામાં, પાટણ તાલુકાના વાયડ ગામની વાવમાં તેમજ મુંબાઇના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાંથી મળેલાં મુખ્ય છે. તેમાં શિવ આલિઢાસન વાળી ઊભેલા, આઠ હાથ, શરીર ઉપર ગજચર્મ ઓઢેલા, ડાબી બાજુ અપસ્માર પુરુષ, તેમજ કાલી કે યોગેશ્વરી ઊભેલાં અને હાથમાં તલવાર હોય છે. વાયડના શિલ્પમાં શિવને તલવાર વડે અંધકાસુરનો શિરચ્છેદ કરતા જણાવ્યા છે, જ્યારે મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમનાં શિલ્પમાં શિવ ત્રિશૂલ વડે રાક્ષસને મારતા, ચાર હાથ પૈકી ત્રિશૂલ, સર્પ, ગદા. વ. ધારણ કરેલા અને પગ નીચે રાક્ષસને દબાવ્યો હોવાનું સૂચવ્યું છે. સુણકનું શિલ્પ ખંડિત હોવાથી

૪૮. (૧) મત્સ્યપુરાણ અ. ૧૭૮

(૨) શિવપુરાણ, રુદ્રસંહિતા, અ. ૪૬

તેનું વ્યવસ્થિત વિવેચન આપી શકાયું નથી. પાટણમાં હાટકેશ્વર મહાદેવની વાડીના દ્વાર પાસે અંધકાસુર મર્દનની એક પ્રતિમા ભીંતમાં ચોડેલી છે જેનું સામાન્ય સ્વરૂપ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમની મૂર્તિને લગભગ મળતું છે.

બ્રહ્મશિરશ્છેદક અથવા કંકાલમૂર્તિ

બ્રહ્માએ રુદ્રને ઉત્પન્ન કરી તેનું નામ કપાલી પાડયું આથી શિવ ગુસ્સે થયા અને બ્રહ્માનું પાંચમું મુખ કાપી નાખ્યું. આ અંગેની વિગતવાર આખ્યાયિકા વરાહપુરાણ, કૂર્મપુરાણ, વામનપુરાણ વ.માં થોડા થોડા ફેરફારો સાથે આપી છે.

આ સ્વરૂપનાં વિધાનો માટે અંશુમદ્ ભેદાગમ, ઉત્તર કામિકાગમ, પૂર્વ કારણાગમ, શિલ્પરત્ન અને શ્રી તત્ત્વનિધિમાં નોંધ આપેલી છે. સામાન્યતઃ આમાં શિવનું વર્ણન શ્વેત, ત્રણ નેત્ર, ચાર હાથ, માથે જટામુકુટ, કાનમાં પત્ર યા તો નક્ર કુંડલ, જમણા બે હાથમાં વજ્ર અને ત્રિશૂળ, ડાબા બેમાં બ્રહ્મકપાલ અને શૂલ જણાવેલાં છે. આ બ્રહ્મશિરશ્છેદકનું સામાન્ય સ્વરૂપ હોય છે.[૪૯] ગુજરાતમાંથી આવી પ્રતિમાઓ મળતી નથી. પણ દક્ષિણમાંથી આવી મૂર્તિઓ મળ્યાનું સ્વ. ડૉ. ગોપીનાથ રાવે જણાવ્યું છે.[૫૦]

મલ્લારિ

શિવે મલ્લાસુર નામના અસુરને માર્યો હોવાથી તે મલ્લારિ કહેવાયા. આનંદગિરિકૃત શંકરજયમાં આ માટે એવું અનુમાન દોર્યું છે કે ઉજ્જયિનીમાં મલ્લ નામનો એક વિભાગ છે. અને ત્યાંના રહેવાસીઓ શિવને મલ્લારિ નામ આપી પૂજતા હોવાથી મલ્લારિ નામ પડયું લાગે છે. જ્યારે મલ્લારિ મહાત્મ્યમાં મલ્લાસુરને મારવાથી જ

૪૯. શ્રી તત્ત્વનિધિ, પા. ૭૩, ૧-૨

50. Dr. Gopinath Rao. Elements of Hindu Iconograpby, vol. II, Part II, pp. 22

થયા હોવાનું જણાવ્યું છે. તેમના સ્વરૂપ માટે તે ગ્રંથમાં જણાવ્યું છે કે તેમનો વર્ણ સુવર્ણ જેવો, માથે જટામુકુટ, કાનમાં શ્વેતકુંડલ, ગળામાં રત્નમાળા, હાથમાં સર્પકંકણ, અશ્વવાહન, સાત કુતરા, હાથમાં ખડગ તથા ડમરૂ વ. હોય છે. તેમને ખંડોબા નામથી પણ પિછાનવામાં આવે છે. મલ્લારિ મ્હાલસાકાંતનું મુખ્ય તીર્થ દક્ષિણમાં છે, જ્યાં દર વર્ષે મોટી યાત્રા ભરાય છે. ગુજરાતમાં તેનો ખાસ પ્રચાર નથી કે તેવી કોઈ પ્રાચીન પ્રતિમા મળી આવતી નથી. પણ દાક્ષિણાત્ય રાજ્યકર્તાઓને લીધે તે પૂજ્ય દેવો તરીકે સ્થાપન થયેલી મળી આવે છે. પાટણમાં મરાઠાકાળની મલ્લારી શિવની એક મૂર્તિ તેના મંદિરમાં બેસાડેલી છે. તેમાં શિવનું ઉપર પ્રમાણે સ્વરૂપ હોઇ, પાસે પાર્વતી, માથે જટામુકુટના બદલે બાદશાહી પાઘડી પહેરાવેલી છે. આ પ્રતિમા પાટણમાં છીંડિયા દરવાજા પાસે ખંડોબાના મંદિરમાં સામે ગોખલાની અંદર છે.

મહાકાલ

દૂષણ નામનો રાક્ષસ બ્રાહ્મણોને ખૂબ ત્રાસ આપતો હતો તેથી તેમની પ્રાર્થનાથી શિવે તેનો નાશ કર્યો અને તેઓની ઇચ્છા મુજબ અવંતિમાં જ નિવાસ કર્યો. આ કથા શિવપુરાણમાં આપેલી છે.[૫૧] તેના મૂર્તિવિધાનનાં કેટલાંક વર્ણનો અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તર અને શ્રી તત્ત્વનિધિમાં આપેલાં છે.

તે પ્રમાણે ચાર હાથ, તે પૈકી તલવાર, નરમુંડ, શૂલ, ઢાલ, વ. ધારણ કરેલાં, પાસે ભૃંગી નૃત્ય કરતો, ગજ, ગોકર્ણ, વીરભદ્ર વ. ઊભેલાં જણાવ્યાં છે. જો કે ગ્રંથોના વર્ણનોમાં થોડી ભિન્નતા છે. પણ આવી પ્રતિમા કે શિલ્પ ગુજરાતમાંથી કે બીજેથી પ્રાપ્ત થયું નથી.

વીરભદ્ર

વીરભદ્ર શિવનો અવતાર હોવાનું વરાહપુરાણમાં અને કૂર્મ-

૫૧. શિવપુરાણ, કોટીરુદ્રસંહિતા, અ. ૧૬

પુરાણમાં તો શિવનો ક્રોધાન્વિત સ્વરૂપ હોવાનું જણાવ્યું છે. જ્યારે મહાભારત શ્રીમદ્ભાગવત અને શિવપુરાણમાં તો શિવના ગણ તરીકે જણાવતાં રુદ્ર કોપમાંથી ઉત્પન્ન થયો હોવાનું જણાવ્યું છે. વીરભદ્રની સ્વતંત્ર રૂપકલ્પના ઉપરાંત તે સપ્તમાતૃકા અને શિવપરિવારમાં પણ તેના ઉલ્લેખો રજૂ કરાયા છે. તેના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ, અગ્નિપુરાણ,[૫૨] અંશુમદ્ ભેદાગમ, ઉત્તર કામિકાગમ, મત્સ્યપુરાણ,[૫૩] વિષ્ણુ ધર્મોત્તર[૫૪] અને શિલ્પરત્નમાં નોંધ મળી આવે છે. તે પ્રમાણે તેને ચાર હાથ, તેમાં અનુક્રમે અભય, શૂલ, ગદા, વરદ, ત્રિનેત્ર, પાસે વૃષભ હોવાનું જણાવ્યું છે. જોકે જુદા જુદા ગ્રંથકારોએ થોડી થોડી ભિન્નતા આયુધો વ. પૂરતી બતાવી છે.

વીરભદ્રની સ્વતંત્ર પ્રતિમાઓ બહુ જ થોડી મળી આવે છે. સાબરકાંઠા જિલ્લામાં શામળાજીમાંથી વીરભદ્રની એક ભવ્ય પ્રતિમા મળી છે, જે આશરે પાંચ ફૂટ ઊંચી હોઈ, કોઈ શક્તિશાળી પહેલવાન જેવા સુદૃઢ બાંધાવાળા મનુષ્યનો ખયાલ તેના ઉપરથી આવે છે. તેને શરીર ઉપર વ્યાઘ્રચર્મ પરિધાન કરેલું હોઈ, હાથમાં લાંબુ ત્રિશૂળ, માથે સુંદર જટામુકુટ, શરીર ઉપર અલંકારો છે અને પાસે વૃષભ છે.[૫૫] એ સિવાય વીરભદ્રની નાની મોટી મૂર્તિઓ સપ્તમાતૃકાના પટ્ટાઓમાંથી મળે છે. કારણ કે આવા પટ્ટમાં આદિમાં ગણેશ અને અંતમાં વીરભદ્ર બનાવવાનું જણાવ્યું છે. ગુજરાતમાંથી આવા અનેક પટ્ટો મળે છે, જેની વિગત દેવીના પ્રકરણમાં વિગતવાર આપેલી છે. આમાં વીરભદ્રને ચાર હાથ, દરેકમાં મુંડ, ડમરુ, ઢાલ અને તલવાર, અગર, બે હાથ, પગ પાસે નંદિ, વ. હોય છે. વીરભદ્રની સ્વતંત્ર કે સેવ્ય મૂર્તિ મળવી

૫૨. અગ્નિપુરાણ, અ. ૫૨

૫૩. મત્સ્યપુરાણ ૨૬૧, ૩૯

૫૪. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૭૩, ૧૬-૧૭

૫૫. ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ, 'ગુપ્તકાલિન શિલ્પો', કુમાર સળંગ અંક ૩૭૨, ડિસેમ્બર ૧૯૫૪, પાન ૪૯૭

વિરલ છે. એટલે વીરભદ્ર ગુજરાતમાં પરિવારદેવ તરીકે પ્રચારમાં હશે એમ લાગે છે.

ભૈરવ

ભૈરવ એ શિવનું રૌદ્ર સ્વરૂપ છે. પુરાણકારોએ તેની ઉત્પત્તિ માટે જુદી જુદી આખ્યાયિકાઓ આપેલી છે. ભૈરવની ઉપાસના તથા માન્યતા સમાજના નીચલા થરમાં ખૂબ પ્રચલિત છે અને તે તેઓના ઇષ્ટ દેવ તરીકે પૂજાય છે. જુદાજુદા નામ ધરાવતી ભૈરવની અનેકવિધ પ્રતિમાઓ બનાવવાનું વિવિધ ગ્રંથોમાં નોંધ્યું છે. તેનાં મુખ્ય સ્વરૂપોમાં બટુક, સ્વચ્છંદ, સ્વર્ણાકર્ષણ, ચંડ, રુદ્ર, ક્રોધ, અસિતાંગ, ઉન્મત્ત, કપાલ, ભીષણ તેમજ સંહાર વ. છે. કુલ ચોસઠ ભૈરવની કલ્પના કર્મકાંડ અને અને ધર્મશાસ્ત્રકારોએ કરી છે જે નીચે મુજબ છે:

સામાન્ય ભૈરવ

સર્વ સામાન્ય રીતે ભૈરવની હકીકત અગ્નિપુરાણ,[૫૬] વિષ્ણુધર્મોત્તર[૫૭] અને શ્રી તત્ત્વનિધિમાંથી[૫૮] મળે છે. ભૈરવની સામાન્ય પ્રતિમાઓ જે મળી આવે છે તેમાં તેને ચાર હાથ, દરેકમાં ત્રિશૂલ, તલવાર, ઢાલ અને નરમુંડ પકડેલાં, પગમાં ચાખડીઓ પહેરેલી, ગળામાં રૂંઢમાલા અને પગ પાસે કૂતરો ઊભેલો જણાવ્યો હોય છે. પ્રાચીન અર્વાચીન ઘણાંખરાં મંદિરોમાં ભૈરવની આવી પ્રતિમાઓ હોય છે. સુણક, કસરા, ગોરાદ, વીરતા, ડીસા, વડનગર વ. નાં પ્રાચીન મંદિરોની જંઘાઓમાં, તથા પાટણના કાલિકા અને અંબાજીના મંદિરોમાં, તેમજ અજમેર અને મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાંથી ઉપરોક્ત વર્ણનવાળી પ્રતિમાઓ મળી આવી છે. આ સિવાય શિવ અને દેવીના પરિવારદેવ તરીકે પણ તેની કેટલી યે

૫૬. અગ્નિપુરાણ, ૫૨, ૯-૧૦

૫૭. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૫૯

૫૮. શ્રી તત્ત્વનિધિ, પા. ૭૩

મૂર્તિઓ મંદિરોમાંથી મળી આવે છે. ભૈરવનાં સ્વતંત્ર મંદિરો પણ ગુજરાતમાં છે. પણ કેટલેક ઠેકાણે ભૈરવના મંદિરોમાં ફક્ત માથું જ બેસાડેલું જોવામાં આવે છે. તે મુખ ભયંકર હોય છે. શિલ્પશાસ્ત્રમાં પણ ભૈરવનાં સ્વતંત્ર મંદિરો બનાવવાના ઉલ્લેખો મળે છે.[૫૯] આમ ભૈરવનો પ્રચાર શિવના સ્વરૂપ તરીકે કરતાં, શિવના ગણ તરીકે ગુજરાતમાં થયો હોવાનું જણાય છે.

બટુક ભૈરવ

આ ભૈરવનું એક સ્વરૂપ છે જેનું રૂપવિધાન રૂપમંડન[૬૦]કારે આપેલું છે તે પ્રમાણે આઠ હાથ, વિવિધ આયુધો, પગ પાસે કૂતરો, રક્તવર્ણું જણાવ્યું છે. જ્યારે શ્રી તત્ત્વનિધિ[૬૧] પ્રમાણે કૂતરા ઉપર આરૂઢ થયેલા, ચાર હાથ, તેમાં શૂલ, કપાલ, પાશ અને ડમરુ, ભૂત પ્રેત પિશાચાદીથી વેષ્ટિત હોવાનું જણાવ્યું છે. આવી આઠ હાથવાળી પ્રચંડ મૂર્તિ એલિફન્ટાની ગુફામાં છે પણ ગુજરાતમાંથી કોઈ પ્રતિમા કે શિલ્પ મળતાં નથી.

ચંડ ભૈરવ

ચતુષ્ષષ્ઠિ ભૈરવના આઠ અષ્ટકો પૈકી, ચંડનું પણ એક સ્વતંત્ર અષ્ટક છે. રૂપાવતારે ચંડભૈરવને બાર હાથ, તેમાં વિવિધ આયુધો, તથા ગજચર્મ ધારણ કરેલાં, વર્ણ રાતો અને ભયંકર દેખાવ હોવાનું જણાવ્યું છે. આ સિવાય તેનાં વર્ણનો કોઈ ગ્રંથમાંથી મળતાં નથી તેમજ શિલ્પ કે પ્રતિમાઓ મળતી નથી.

સ્વચ્છંદ ભૈરવ

ભૈરવના આ સ્વરૂપને અઢાર હાથ હોવાનું અભિલષિતાર્થ ચિન્તામણિ[૬૨] કહે છે. તે દરેકમાં વિવિધ આયુધોનો પણ ઉલ્લેખ

૫૯. શિલ્પરત્નાકર, રત્ન ૧૧, ૬૭
૬૦. રૂપમંડન, ૫, ૯
૬૧. શ્રી તત્ત્વનિધિ, પા. ૮૭, ૧-૨
૬૨. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૧-૭૬૯

છે. જ્યારે 'અપરાજિત્ પૃચ્છા'[૬૩]માં આપેલું વર્ણન આ સ્વરૂપનું ભવ્ય અને વિકરાલ દર્શન કરાવે છે. તેમાં સ્વચ્છંદ ભૈરવને પચાસ હાથ, તેમાં વિવિધ આયુધો, ત્રણ નેત્રવાળા અને પદ્માસન વાળી બેઠેલા જણાવ્યા છે.

સ્વર્ણાકર્ષણ ભૈરવ

આ ભૈરવ શ્રી તત્ત્વનિધિ[૬૪] પ્રમાણે ચાર હાથ, તેમાં રત્નજડિત સુવર્ણપાત્ર, શૂલ, ચામર અને તોમર, ત્રણ નેત્ર અને પીળાં વસ્ત્રોવાળા હોય છે. આવી પ્રતિમાઓ કે શિલ્પો મળી આવતાં નથી.

ચતુષષ્ઠિ ભૈરવ

ભૈરવનાં ઉપર જણાવેલાં મુખ્ય સ્વરૂપો ઉપરાંત તેના ચોસઠ પ્રકારો. અને તેના નામ પ્રમાણે વિધાનો રૂદ્રયામલમાં જણાવેલાં છે. આ ચોસઠમાં મુખ્ય આઠ, તે પ્રત્યેકના વર્તુલોમાં બીજા આઠ આઠ હોય છે. તેમાં અસિતાંગ, રુદ્ર, ચંડ, ક્રોધ, ઉન્મત્ત, કપાલ, ભીષણ અને સંહાર મુખ્ય છે. મુખ્ય આઠ ભૈરવનાં આયુધોનો ક્રમ સૂચવતાં દરેકના હાથમાં પાશ, અંકુશ, ધનુષ, બાણ, શૂલ, વજ્ર, ગદા અને અભયમુદ્રા પ્રદક્ષિણાક્રમથી મૂકવાનો ઉલ્લેખ આપ્યો છે. શ્રી તત્ત્વનિધિ[૬૫]માં તેના પ્રત્યેક અષ્ટકોની વિગતપૂર્ણ ચર્ચા આપવામાં આવી છે.

કર્મકાંડના પ્રયોગોમાં ચોસઠ યોગિનીની પૂજા સાથે ચોસઠ ભૈરવની પણ પૂજા થાય છે. આ સિવાય શ્રીમદ્ભૈરવાદિ બીજા ચોસઠ ભૈરવો હોવાનું શતચંડી વિધાન વ. કર્મકાંડના ગ્રંથોમાં જણાવ્યું છે. ચોસઠ યોગિનીના પટ્ટની માફક ચોસઠ ભૈરવના પટ્ટ મળી આવતા નથી કે કોઈ સ્વતંત્ર મૂર્તિ પણ પ્રાપ્ત થઈ નથી.

ભૈરવનાં કેટલાંક વિશિષ્ટ સ્વરૂપો ગુજરાતમાંથી મળ્યાં છે.

૬૩. અપરાજિત્ પૃચ્છા, સૂત્ર ૨૨૬, ૧-૮
૬૪. શ્રી તત્ત્વનિધિ પા. ૮૪, ૧-૨
૬૫. એજન, પા. ૮૮, ૧-૫

સોમનાથ મહાદેવ પાસે ભૈરવની એક પ્રતિમા છે, તેને આઠ હાથ હોઈ દરેકમાં વજ્ર, તલવાર અને નરમુંડ ધારણ કરેલાં છે. જ્યારે તેના બીજા હાથ ખંડિત છે. રૂપમંડનમાં જણાવ્યા પ્રમાણેની આ બટુક ભૈરવની મૂર્તિ હોવાનું મારું અનુમાન છે. ડભોઈની વડોદરી ભાગોળના દરવાજા ઉપર તેમજ સૌરાષ્ટ્રમાં આનંદપુરના આનંદેશ્વર મહાદેવમાં દક્ષિણ ભીંતે ભૈરવનાં સ્વરૂપો મૂકેલાં છે. જેને બાર હાથ હોવાનું માલૂમ પડે છે. તેમાં પાશ, તલવાર, કમંડલ, માલા, વ. છે, બાકીના હાથ ખંડિત છે. આ સ્વરૂપોમાં પાસે કૂતરાઓ અને ગળામાં રૂંઢમાલા વ. ભૈરવને યોગ્ય આભૂષણો બનાવ્યાં છે. ચંદ્રાવતીમાં એકત્રીસ હાથ ધરાવતી પ્રતિમા હોવાનું શ્રી. બર્જેસે[૬૬] 'ઉત્તર ગુજરાતનાં પુરાતન કામો'માં જણાવ્યું છે તેના એક હાથમાં નરમુંડ, બીજામાં રુધિર ટપકતું–તે પીવા માટે કપાલ અને બાકીનામાં વિચિત્ર આયુધો છે. વડનગરના હાટકેશ્વર મહાદેવના મંદિરની જંઘામાંથી ભૈરવની એક સુંદર પ્રતિમા મળી આવી છે આ સિવાય ગુજરાતના અનેક પ્રાચીન મંદિરોની જંઘાઓમાંથી ભૈરવનાં સંખ્યાબંધ મૂર્તિશિલ્પો મળી આવ્યાં છે મુંબાઈ પાસે એલિફંટાની ગુફામાં પણ ઉપરોક્ત વર્ણનોવાળી ભૈરવની પ્રચંડ મૂર્તિ મળી આવી છે, જેના ઘણાખરા હાથ ખંડિત છે. આમ ગુજરાતમાં ભૈરવનો પ્રચારવિશેષ હોવાનું જણાય છે.

ક્ષેત્રપાલ

સમાજમાં ભૈરવ અને ક્ષેત્રપાલ બે જુદા જુદા દેવો તરીકે પૂજાય છે. તેની પૂજા અને પ્રચાર સામાન્ય રીતે સમાજના નીચલા થરમાં વધુ છે. કેટલાક તો તેને ઇષ્ટદેવ તરીકે પૂજે છે. તેના રૂપવિન્યાસ માટે અગ્નિપુરાણ,[૬૭] મત્સ્યપુરાણ,[૬૮] રૂપમંડન,[૬૯] શિલ્પરત્ન[૭૦] અને

66. Archeological Survey of Northern Gujarat, p. 97
૬૭. અગ્નિપુરાણ, અ. ૫૧
૬૮. મત્સ્યપુરાણ, ૨૬૧, ૫૨
૬૯. રૂપમંડન, ૫, ૭૧-૭૨
૭૦. શિલ્પરત્ન, ૨૫-૧૦૩, ૧૦૬, ૧૦૭

માનસોલ્લાસ[૭૧]માં વિધાનો આપેલાં છે. સામાન્યતઃ તે શૂલધારી, બે અથવા ચાર હાથ, આયુધોમાં શક્તિ અને કપાલ, માથે જટા, મોઢું વાંકુ, નગ્ન, આગળ કૂતરા વ. હોય છે. જોકે ઉપર જણાવેલા ગ્રંથોનાં વર્ણનોમાં ભિન્નતા ઘણી જ છે.

ગુજરાતમાંથી મળતી પ્રતિમાઓ રૂપમંડનના વર્ણન પ્રમાણેની મળે છે. પ્રાચીન મંદિરોની જંઘાઓ, સ્તંભો અને છતોના શિલ્પોમાંથી પણ કેટલીક મૂર્તિઓ મળે છે. આ સિવાય કાષ્ઠ કે પાષાણ ઉપર સિંદૂર ચડાવેલાં પ્રતીકો પણ કેટલેક ઠેકાણેથી મળ્યાં છે. પાટણમાં ક્ષેત્રપાલની એક પ્રાચીન મૂર્તિ ક્ષેત્રપાલના પાડામાં છે. આ સિવાય વડનગરના હાટકેશ્વર મહાદેવમાં, ક્ષેત્રપાલની ભવ્ય પ્રતિમા તેના સ્વતંત્ર મંદિરમાં બેસાડેલી છે. કચ્છના ગેડીગામમાં બજાર વચ્ચે ક્ષેત્રપાલની એક ઊંચી મૂર્તિ ઊભી છે. તે સંવત ૧૨૬૮માં બનાવેલી હોઈ, મકવાણા રાજપૂતોએ તેની સ્થાપના કરેલી છે એવું તેના લેખ ઉપરથી જણાય છે. આ સિવાય શિવ અને દેવી મંદિરોમાં પરિવારદેવ તરીકે ક્ષેત્રપાલની નાની મોટી સંખ્યાબંધ પ્રતિમાઓ જોવા મળે છે. એટલે ગુજરાતમાં ક્ષેત્રપાલના પૂજનઅર્ચનનો પ્રચાર હતો એમ માની શકાય.

નૃત્યમૂર્તિઓ—નટરાજ

ભરત નાટ્યશાસ્ત્ર અને શૈવાગમોમાં નૃત્યના અનેક પ્રકારો જણાવ્યા છે. આ બધા પૈકી શિવના નૃત્યની સાથે જેને સંબંધ છે તેવા ભુજંગત્રાસ, કટિસમ, લલિત, લલાટ-તિલક, ચતુર અને તલસ્ફોટિત વ. ની વિસ્તૃત નોંધ સ્વ. શ્રી. ગોપીનાથ રાવે 'હિંદુ-મૂર્તિવિજ્ઞાન'માં આપેલી છે. મૂર્તિકલામાં પ્રચલિત અભિનયો અને નૃત્ય પ્રતિમાઓ માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૭૨] અને મત્સ્યપુરાણમાં[૭૩] વિસ્તૃત નોંધો છે. અને તે પ્રમાણે શિવને દશ હાથ, તે પૈકી આઠ હાથમાં અનુક્રમે અક્ષમાલા,

૭૧. માનસોલ્લાસ, વિંશતિ ૩, અ. ૧, શ્લો. ૮૧૧-૧૨
૭૨. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩, ૧-૭૬૫
૭૩. મત્સ્યપુરાણ, ૨૫૯, ૯-૧૦

શક્તિ, દંડ, શૂલ, ખટ્વાંગ, કપાલ, ઢાલ, વરદ અને મુદ્રા હોય છે. આ બન્ને વર્ણનોમાં નૃત્યમૂર્તિના ભાવ, ભંગ અને તાલ માટે કોઈ હકીકતો આપી નથી એથી ભરતનાટ્યશાસ્ત્રને આધારે તેનો ભાવ, ભંગ, તાલ, ઉપકરણો વ. જણાવવાનો પ્રયત્ન કર્યો છે.

ભુજંગત્રાસ

આ એક નટરાજનું મૂર્તિસ્વરૂપ છે. શૈવાગમમાં શિવના ભુજંગત્રાસ નૃત્ય માટે જણાવ્યું છે કે નટરાજના હાથે સર્પવલયો, જમણા હાથમાં ડમરુ, જમણો પગ સહેજ વળેલો, ડાબો અપસ્માર પુરુષ ઉપર મૂકેલો, શરીર ઉપર અલંકારો અને બાજુમાં પાર્વતી હોય છે. જ્યારે અંશુમદ્ભેદાગમ અને ઉત્તર કામિકાગમ બાજુમાં ભૃંગી કે ભદ્રકાલી જણાવે છે. ભરત નાટ્યશાસ્ત્રમાં શિવ ભુજંગ જેમ ફેણ ચડાવી ડોલે, જેનો એક હાથ મુદ્રાવાળો, બીજો કટકમુદ્રાયુક્ત હોય એમ જણાવ્યું છે [૭૪]. આવી કોઈ પ્રતિમા કે શિલ્પ ગુજરાતમાંથી પ્રાપ્ત થયાં નથી.

પુટીસમ

આ નૃત્યસ્વરૂપમાં શિવનો એક પગ સ્વસ્તિકાપસૃત એટલે સ્વસ્તિક બનાવતો હોય છે. ઇલોરાની ગુફાઓમાં આવું એક સ્વરૂપ મળી આવ્યું છે જેમાં આઠ હાથ, તે પૈકી જમણામાં ડમરુ, કટક, (કેડે મૂકેલો) ત્રીજો કપાલ પાસે અને ચોથો ખંડિત, જ્યારે ડાબામાં ત્રિપતાકા, બીજો જંઘા પાસે, બાકીના બે ખંડિત છે. પગ સ્વસ્તિકાપસૃત, ગળામાં આભૂષણો તથા યજ્ઞોપવિત, કેડે ઉદરબંધ પાસે પાર્વતી, શિવના પગ પાસે બે વાદ્યો વગાડનારા અને માથા પાસે બે બાજુ દિક્પાલો અને બીજા વાદ્યોવાળા બતાવ્યા છે.

લલિત

નટરાજની નૃત્યમૂર્તિના આ પ્રકારમાં ડાબો હાથ કટીહસ્ત, જમણો પ્રવર્તિત મુદ્રાવાળો અને પગ કુંચિત રાખવાનો નિર્દેશ છે. આવું સ્વરૂપ

૭૪. ભરત નાટ્યશાસ્ત્ર, ૪, ૯૬

પણ ઇલોરાની ગુફાઓમાં મળી આવે છે જેનું વિગતવાર વર્ણન અત્રે અસ્થાને છે.

લલાટતિલક

આ નૃત્ય-સ્વરૂપમાં એક પગ ઊંચો કરી, માથા સુધી અડાડી, તે પગ વડે જાણે તિલક કરવામાં આવતું હોય તેવા ભાવ વ્યક્ત કરતાં એક હાથમાં વરદમુદ્રા, બીજો હાથ માથા પાસે રાખી પગ પકડેલો હોવાનું જણાવ્યું છે. આવી પ્રતિમાઓ દક્ષિણમાં મીનાક્ષી મંદિરમાં તથા કાંજીવરમ્‌માં કૈલાસનાથના મંદિરમાં છે.

ચતુર

આમાં ડાબો હાથ અંચિત, જમણો ચતુર મુદ્રાન્વિત, જમણો પગ કુટ્ટિન અને ડાબો ચતુર મુદ્રાવાળો રાખવાનું જણાવ્યું છે. બાદામીની ગુફામાં આવી એક પ્રતિમા છે તેને સોળ હાથ તેમાં વિવિધ આયુધો, પાછળ પ્રભામંડળ અને વૃષભ, ડાબો કુટ્ટિન મુદ્રાવાળો, પગ પાસે બે મૃદંગ વગાડનારા અને ગણેશ ઊભા છે.

તલસ્ફોટિત

આમાં બન્ને હાથો પતાકા મુદ્રાવાળા, પગ વાળેલો બીજો સહેજ ભંગવાળો બનાવવાનું જણાવ્યું છે. આવી પ્રતિમા કાંજીવરમ્‌ના કૈલાસનાથના મંદિરમાં છે.

આ સિવાય બીજા અનેક ભેદો છે પણ ગુજરાતના મૂર્તિવિધાન પૂરતી તેની ચર્ચા અસ્થાને છે. ગુજરાતમાંથી કેટલીક નટરાજની મૂર્તિઓ મળી છે. પણ દક્ષિણની માફક સ્વતંત્ર મંદિરોવાળી સેવ્ય પ્રતિમાઓ મળતી નથી. ગુજરાતમાં તો પ્રાચીન મંદિરોના ઝંઘાઓમાં કોતરેલી શૃંગાર-મૂર્તિઓ જ હોય છે.

નટરાજની એક પ્રતિમા સિદ્ધપુર તાલુકાના સુણક ગામમાં નીલકંઠેશ્વર મહાદેવના મંદિર પાછળ ગોખલામાં મૂકેલી છે. તેમાં શિવ નૃત્ય કરતા, પગ પાસે મૃદંગ વગાડતા બે મનુષ્યો, સર્પનાં આભૂષણો,

હાથ આઠ પણ ખંડિત છે. પાટણમાં કાલિકામાતાના કુંડ ઉપર કોઈ પ્રાચીન મંદિરમાંથી લાવી ચોડી દીધેલી એક મૂર્તિ છે, તેમાં ચાર હાથ, તે પૈકી મુદ્રા, સર્પ, ત્રિશૂલ અને ડમરુ ધારણ કરેલાં છે અને એક પગ ઊંચો રાખી બીજો સહેજ વાંકો કરી નૃત્ય કરતા શિવ છે. પગ પાસે મૃદંગ વગાડનારા, શરીરે સર્પ-આભૂષણો, જટામુકુટ વ. બતાવી તેમને અતિભંગવાળા જણાવ્યા છે. મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં આઠ હાથ ધરાવતી નટરાજની પ્રતિમા છે જેનું રૂપવિધાન લગભગ ઉપર પ્રમાણે છે.

ગોરાદ અને વીરતાના પ્રાચીન મંદિરોની જંઘાઓમાં નટેશની સુંદર મૂર્તિઓ છે. શ્રી. બર્જેસસાહેબે પણ આ બન્નેને અનન્ય પ્રતિમાઓ જણાવી છે. તે બન્ને અખંડ છે આઠ હાથ ધરાવે છે. સર્વાંગે વળેલી, અતિભંગવાળી, હાથમાં જુદાંજુદાં આયુધો, પગ પાસે નંદિ અને બન્ને બાજુ વાદ્યો વગાડનારા ગણો વ્યક્ત કરેલાં છે. મોઢેરાના સૂર્યકુંડ ઉપર નટરાજની બે તાંડવમૂર્તિઓ છે તેમાં એકને ચાર હાથ અને બીજી મોટી પ્રતિમાને આઠ હાથ જણાવી વિવિધ આયુધો વ્યક્ત કર્યાં છે. આમાં પણ શિવ અતિભંગવાળા નૃત્ય કરતા, પાસે વૃષભ, વાદ્ય વગાડનારા પગ પાસે વ. બતાવ્યાં છે. કસરાના શિવમંદિરની જંઘામાં નટેશની એક પ્રાચીન પ્રતિમા છે જે ઘણી ખરી, ખંડિત છે. આ મંદિરની દ્વારશાખો અને માંદોલિયામાં પણ નટેશની મૂર્તિઓ કોતરેલી છે જેમાં નૃત્યના વિવિધ પ્રકારો બતાવવામાં આવ્યા છે. આ બધીમાં નટરાજને ફક્ત બે હાથ જણાવ્યા છે. કપડવંજના કીર્તિસ્તંભમાં, શિરોભાગે એક અભિનવ પ્રતિમા મૂકેલી છે જેમાં ચાર હાથ અને બાકીનું રૂપવિધાન ઉપર પ્રમાણે છે સૌરાષ્ટ્રમાં સોમનાથ અને બરડીઆનાં પ્રાચીન મંદિરોની જંઘાઓમાં, આનંદપુર આનંદેશ્વર મહાદેવના મંદિરની જંઘામાં પણ ઉપરોક્ત વિધાનો ધરાવતી પ્રતિમાઓ છે. આમ ગુજરાતે નટરાજનાં અપ્રતિમ સ્વરૂપો બનાવવાનું સ્વીકાર્યું હતું એમ જરૂર લાગે છે.

વિશિષ્ટ મૂર્તિઓ

ભગવાન શિવની આગળ જણાવ્યા પ્રમાણેની સામાન્ય પ્રતિમાઓ ઉપરાંત ભિક્ષાટન, એકાદશ રુદ્ર, પંચબ્રહ્મ, લકુલિશ, કલ્યાણસુંદર વ. મુખ્ય છે.

ભિક્ષાટન

શિવપુરાણ, સ્કંદપુરાણ, વામનપુરાણ વ. પુરાણોમાં શિવ નગ્ન સ્વરૂપે દારુવનમાં ભિક્ષા માગ્યાની આખ્યાયિકાઓ થોડા ઘણા ફેરફાર સાથે આપેલી છે. તે પ્રસંગને વ્યક્ત કરતી ભિક્ષાટનની પ્રતિમાના રૂપવિધાન માટે અંશુમદ્ ભેદાગમ, ઉત્તર કામિકાગમ, કરણાગમ, શિલ્પરત્ન અને શ્રી તત્ત્વનિધિમાં વિધાનો આપેલાં છે. તે પ્રમાણે શિવ ઊભા, ભિક્ષા માગતા, નગ્ન, ચાર હાથ તેમાં હરિણ, ડમરુ, ત્રિશૂલ અને કપાલ, આવી સમભંગ હોવાનું જણાવ્યું છે. ગુજરાતમાંથી આવી પ્રતિમાઓ મળી આવતી નથી.

ગંગાધર

કપિલના શાપથી ભસ્મીભૂત થયેલા સગરરાજાના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા ભગીરથે ગંગાની પ્રાર્થના કરી પણ તેનો દુઃસહ પ્રપાત ઝીલવા શંકર સિવાય કોઈ શક્તિમાન નહિ હોવાથી પ્રસન્ન થયેલા શિવે પોતાની જટામાં ઝીલ્યાં અને મુક્ત કરી પૃથ્વી ઉપર સ્થાપ્યાં. આ પ્રસંગની આખ્યાયિકા શ્રીમદ્ભાગવત્, વિષ્ણુધર્મોત્તર વ. માં વિગતવાર આપેલી છે. આ પ્રસંગને મૂર્ત કરતા શિવ પ્રતિમાના વિધાન માટે અંશુમદ્ ભેદાગમ, ઉત્તર કામિકાગમ અને ઉત્તર કરણાગમમાં ઉલ્લેખો કરાયા છે. આ ઉપરાંત શિલ્પરત્નમાં પણ તે સંબંધી નોંધ આપેલી છે. આ પ્રકારનું શિલ્પ ગંગાધર કહેવાય છે. તેમાં શિવ ઊભા, ચાર હાથ, જટામાં ગંગા, હાથમાં વરદમુદ્રા, મૃગ, પાર્વતીને આલિંગન આપતો અને ચોથો હાથ જટાના ગંગાજીને અડાડેલો બતાવવામાં આવે છે. પાર્વતી ડાબી બાજુ બતાવ્યાં

હોય છે અને પાસે ભગીરથ પ્રાર્થના કરતો હોય છે. આવી કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવી નથી પણ દક્ષિણમાંથી સારા એવા પ્રમાણમાં મળી આવે છે.

કલ્યાણસુંદર

હિમાલયતનુજા પાર્વતી સાથે શિવે લગ્ન કર્યું તે વખતે આચાર્ય બ્રહ્મા હતા અને વિષ્ણુ વ. બીજા દેવો પણ તેમાં સામેલ હતા. આ પ્રસંગ વિસ્તારપૂર્વક પુરાણોમાં આપ્યો છે.[૭૫] આવી શિવવિવાહની પ્રતિમાને આગમોમાં કલ્યાણસુંદર નામ આપવામાં આવ્યું છે. અંશુમદ્ ભેદાગમ, પૂર્વ કરણાગમ, ઉત્તર કામિકાગમ, શિલ્પરત્ન અને શ્રી તત્ત્વનિધિમાં તેના વિધાન માટે નોંધો આપેલી છે. તે પ્રમાણે શિવ ઊભા, ચાર હાથ, તે પૈકી એક હાથે પાર્વતીનું પાણિગ્રહણ, બાકીનામાં પરશુ, મૃગ, વરદ, માથે શશીકલા. જટા, ત્રણ નેત્ર, કાનમાં સર્પકુંડલ, ત્રિભંગવાળા, જમણા હાથે પાર્વતી, આગળ લક્ષ્મી વ. હોય છે. આવું શિલ્પ ગુજરાતમાંથી મળતું નથી. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં શિવવિવાહની એક પ્રતિમા મૂકેલી છે તેમાં શિવપાર્વતી ઊભાં, પરસ્પર હાથ પકડેલો, પાસે બ્રહ્મા હોમ કરતા બતાવ્યા છે. આ પ્રતિમા કામા ગામથી લાવવામાં આવી હોવાનું જણાવ્યું છે. મુંબાઈ પાસે ધારાપુરીની ગુફાઓમાં પણ આવી સુંદર પ્રતિમા છે.

વૃષવાહન

સ્વ. શ્રી. ગોપીનાથ રાવે વૃષભારૂઢ અગર વૃષભ પાસે ઊભેલા શિવના સ્વરૂપને વૃષવાહન પ્રતિમા તરીકે તેમના ગ્રંથમાં જણાવી છે. અને તેમાં તેવી ૭ પ્રતિમાના ચિત્રો આપ્યાં છે. ગુજરાતમાંથી તો આવી પ્રતિમાઓ ભાગ્યે જ મળે છે પણ મોઢેરાના સૂર્યકુંડ ઉપર, ઉત્તર કિનારા નજીક આવેલી પૂર્વ ભીંતમાં શિવની વૃષવાહન પ્રતિમા

૭૫. શિવપુરાણ, રૂદ્રસંહિતા, પાર્વતીખંડ અ. ૧-૫૫

છે તેમાં શિવ વૃષભારૂઢ, ચાર હાથ તે પૈકી વરદ, ત્રિશૂલ, સર્પ વ. ધારણ કરેલાં અને ચોથો ખંડિત છે. આ સિવાય કોઈ સ્વરૂપ મારા જોવામાં આવ્યું નથી.

સદાશિવ

આ શિવનું વિશિષ્ટ સ્વરૂપ છે, રૂપમંડનકાર તેની ગણના બહુ-રૂપ સદાશિવ તરીકે કરે છે જ્યારે રૂપાવતાર તેને એકાદશરુદ્રમાં સમાવે છે. વિશ્વકર્માશિલ્પમાં એકાદશરુદ્રોની નોંધમાં સદાશિવનો ઉલ્લેખ નથી તેથી તે સ્વતંત્ર શિલ્પ હોવાનું જણાય છે. ઉત્તર કામિકાગમ[૭૬] અને રૂપાવતાર[૭૭] માં તેના રૂપવિધાનો મળી આવે છે. તે પ્રમાણે બદ્ધ પદ્માસનસ્થ, દસ હાથ, તે પૈકી અભય, પ્રસાદ, શક્તિ, ત્રિશૂલ, ખટ્વાંગ, ભુજંગ, અક્ષમાલા, ડમરુ, નીલકમલ, લિંબુ, પાંચ મુખ. ત્રણ નેત્ર, જટામુકુટ. લલાટમાં શશીકલા, મનોજન્મની મુદ્રા વ. હોવાનું જણાવ્યું છે. જો કે રૂપાવતાર અને વામનપુરાણમાં તેનાં વર્ણનોમાં થોડી ભિન્નતા છે. ગુજરાતમાંથી આવી કોઈ પ્રતિમા મળી આવતી નથી પણ કાશ્મીર મ્યૂઝિયમમાં હોવાનું સ્વ. શ્રી ગોપીનાથ રાવ જણાવે છે.

મહાસદાશિવ

આ સ્વરૂપ સદાશિવથી ભિન્ન છે. માનસાર[૭૮]ના જણાવ્યા પ્રમાણે પચીસ મુખ, પચાસ હાથ, પંચોતેર નેત્ર વ. હોવું જોઈએ. આવી પ્રતિમા સાબરકાંઠા જિલ્લામાંથી મળી આવે છે પણ તેમાં ચાર મુખ અને આઠ હાથની કલ્પના છે. અને પાછળ નાનાં નાનાં બીજાં ચોવીસ મુખ બતાવ્યાં છે. આ પ્રતિમાને શ્રી. પંઢરીનાથ ઈનામદારે બ્રહ્માની હોવાનું અનુમાન્યું[૭૯] છે પરંતુ કલાવિધાન

૭૬. ઉત્તર કામિકાગમ, પટલ ૪૩

૭૭. રૂપાવતાર, અ. ૬, ૨૫-૨૬

૭૮. માનસાર ૧૧

૭૯. પંઢરીનાથ ઈનામદાર, ફાર્બસસભા મહોત્સવ ગ્રંથમાં 'ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિ' નામનો લેખ, પા. ૨૧

મહાસદાશિવનું સ્વરૂપ સૂચવે છે. આ જ પ્રતિમા ગુજરાતની જ નહિ પણ ભારતની અનન્ય પ્રતિમા છે.

મહેશ્વર

મહેશ્વર એ શિવનું વિશિષ્ટ અભિધાન છે. વિષ્ણુધર્મોત્તરકાર તેને શિવની ત્રિમૂર્તિ તરીકે ઓળખાવે છે. તેને દસ હાથ, પાંચ મુખ, તેમાં ચાર સૌમ્ય અને પાંચમું દક્ષિણનું ભયંકર, એક મુખ ઉપરની બાજુ, દરેકને ત્રણ નેત્ર, ઉત્તર મુખને ફક્ત બે જ, નરમુંડની માળા, જટા, ચંદ્રકલા, વાસુકિની યજ્ઞોપવિત હોવાનું જણાવ્યું છે.[૮૦]

આ સિવાય શિલ્પરત્ન[૮૧], માનસોલ્લાસ[૮૨] અને સુપ્રભેદાગમમાં મુખ, આયુધ અને અલંકારોનાં થોડાં ફેરફારવાળાં વર્ણનો આપેલાં છે.

આ બધા ગ્રંથોમાં જણાવેલા શિવની પંચમુખ પ્રતિમાઓ તો ભારતમાં વિરલ છે. જોકે દક્ષિણમાં કાવેરીકાંઠે આવેલા પટ્ટમ્ નામના ગામમાં હોવાનું જાણવા મળ્યું છે. સ્વ. શ્રી. ગોપીનાથ રાવે શિવની ત્રણ મુખવાળી પ્રતિમાઓને પણ મહેશ્વરની મૂર્તિઓ તરીકે ઓળખાવી છે. અને તેવી થોડી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવે છે.

કોટચર્કની જૂની ભીંતમાં અર્દ્ધપદ્માસનવાળી શિવની નાની આવા પ્રકારની પ્રતિમા ચોડેલી છે. તેને બે જ હાથ અખંડ છે. તેની બે બાજુ સ્ત્રી તથા પુરુષ ઊભેલાં બતાવ્યાં છે. રાજસ્થાનના સિરોહી રાજ્યના કામન્દ્રા ગામના અરણેશ્વર મહાદેવમાં, નિભોરા ગામમાં, કૂસમાના પ્રાચીન મંદિરમાં અને આબુની તળેટીમાં આવેલા દેવાંગણજીના નામથી ઓળખાતા શિવમંદિરમાં શિવની ત્રણ મુખવાળી ત્રિમૂર્તિ પ્રતિમાઓ મળી આવી છે. જેમાં મધ્યભાગે રડતું મુખ, બન્ને હાથમાં બીજોરું અને ફલ, જમણી બાજુની પ્રતિમાના હાથમાં સર્પ અને ખપ્પર, ડાબી

૮૦. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૪૪, ૧૪-૨૦

૮૧. શિલ્પરત્ન, ૨૨-૧૮૦

૮૨. માનસોલ્લાસ વિશતિ ૩, અ. ૧, ૭૩૨

બાજુની પ્રતિમાના હાથમાં પાતળો દંડ અને ઢાલ હોવાનું જણાય છે. રાજસ્થાનમાંથી આવી બીજી ઘણી પ્રતિમાઓ મળી આવે છે. સિંધના મોહેં જો દડોના ઉત્ખનનમાંથી મળી આવેલી એક મુદ્રામાં શિવને ત્રણ-મુખ, અર્દ્ધપદ્માસન પાસે ભેંસ, ગેંડા ન. પશુઓ બતાવ્યાં છે.[૮૩] એટલે આવી પ્રતિમાઓ પ્રાગ્ઐતિહાસિક હોવાનું જાણી શકાય છે. ભારત બહારના દેશોમાંથી પણ આવી પ્રતિમાઓ મળી છે. જેમાં બેંકોકના મુસીનેશનલની પાંચ મુખવાળી પ્રતિમા મુખ્ય છે.[૮૪]

દક્ષિણામૂર્તિ

શિવ યોગી, અભ્યાસી અને મોક્ષમાર્ગના સાચા તત્ત્વવિદ્ પણ મનાય છે. આ લક્ષણો વ્યક્ત કરતી પ્રતિમા દક્ષિણામૂર્તિ તરીકે ઓળખાય છે. શ્રી. ગણેશ હરિ ખરે[૮૫] જણાવે છે તેમ આવી પ્રતિમાઓનુ મુખ દક્ષિણ બાજુ હોવાથી અથવા દક્ષિણ બાજુ બેસાડવામાં આવતી હોવાથી દક્ષિણામૂર્તિ કહેવામાં આવે છે. પણ તેમનું આ મંતવ્ય ઐતિહાસિકતાની દૃષ્ટિએ મને યથાર્થ લાગતું નથી.

આ પ્રતિમાનાં વીણાધર યાને યોગ, ગાન, જ્ઞાન, વ્યાખ્યાન એવા ચાર પ્રકારો હોવાનું આગમો જણાવે છે.

યોગ પ્રકારમાં યોગાસન વાળી બેઠેલા, ચાર હાથ ધરાવતા અને દૃષ્ટિ નાસિકા ઉપર સ્થિર રાખેલા હોવાનું જણાવ્યું છે.

ગાન પ્રકારમાં ડાબા પગ ઉપર અદ્ધર બેઠેલા, બે હાથમાં વીણા પકડી ગાન કરતા હોવાનું ગ્રંથોક્ત વર્ણનોમાં જણાવ્યું છે. પણ શિલ્પમાંથી શિવ ઊભા, ચાર હાથ, તેમાં બેમાં વીણા અને બીજા બેમાં પરશુ તથા મૃગ બતાવેલાં છે. આવી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી નથી.

વ્યાખ્યાન પ્રકારમાં સવ્યલલિતાસનવાળા, ચાર હાથ તે પૈકી

૮૩. શ્રી સતીશચંદ્ર કામા, મોહેં જો દડો (હિન્દી) પા. ૧૦૯

૮૪. આર્સ એશિયાટિકા, વો. ૧૨, પા. ૩૮

૮૫. શ્રી ગણેશ હરિ ખરે. 'મૂર્તિવિજ્ઞાન' (મરાઠી)

વ્યાખ્યાનમુદ્રા, અક્ષમાલા, સર્પ કે અમૃતઘટ અને દંડ હોય છે. આવી એક પ્રતિમા ચાણોદ પાસે દક્ષિણામૂર્તિના મંદિરમાં છે જે વિધાનોક્ત છે. તેવી જ બીજી મૂર્તિ પાટણમાં ગંજમાં દક્ષિણામૂર્તિના મંદિરમાં છે. જેમાં અગસ્ત્ય, પુલસ્ત્ય વ. ઋષિઓ પણ બતાવ્યા છે. આ બન્ને પ્રતિમાઓ અર્વાચીન છે.

જ્ઞાન પ્રકારમાં યોગાસન, ચાર હાથ, તે પૈકી જ્ઞાનમુદ્રા, અક્ષમાલા, કમળ અને અભય વ. હોવાનું જણાવ્યું છે. પણ આવી કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવતી નથી.

એકાદશ રુદ્ર

શતરુદ્રીયમાં રુદ્રનાં અનેક નામો આપેલાં છે તેમાં અગિયાર મુખ્ય છે. અંશુમદ્ ભેદાગમ, શિલ્પરત્નાકર, રૂપમંડન, શૈવાગમ, વ. જુદાં જુદાં નામો એકાદશરુદ્રોનાં આપે છે. શિવની વૈદિક અષ્ટમૂર્તિઓમાં ભવ, શર્વ, ઇશાન, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, ભીમ, મહાદેવ વ. હોવાનું વેદમાં જણાવ્યું છે. આ આઠમાં પાછળથી અજ, એકપાદ અને અહિર્બુધ્ન એમ ત્રણ નામો ઉમેરી એકાદશરુદ્રની કલ્પના ઊભી કરવામાં આવી હોય એમ સામાન્યતઃ જણાય છે. આ બધા રુદ્રોમાં ભવાદિ અષ્ટમૂર્તિનાં વર્ણનો લગભગ સરખાં જ છે આ બધાનાં વર્ણનો પૂર્વ કારણાગમ, વિષ્ણુધર્મોત્તર[૮૬] બ્રહ્માંડપુરાણ, શિવપુરાણ વ. માં આપેલાં છે. પણ અંશુમદ્ ભેદાગમ[૮૭] તેમનાં સામાન્ય લક્ષણો આપે છે. તે પ્રમાણે રુદ્રનો વર્ણ શ્વેત, પીઠ ઉપર ઊભેલા, ચાર હાથ, દરેકમાં અભય, પરશુ, મૃગ અને વરદમુદ્રા ધારણ કરેલી, ત્રણ નેત્ર, માથે જટામુકુટ, અને શ્વેત અગર કૃષ્ણ વસ્ત્રો પરિધાન કરેલાં હોય છે. શ્રી તત્ત્વનિધિ,[૮૮] અને વિશ્વકર્મા શાસ્ત્રમાં દરેક રુદ્રોનાં જુદાં જુદાં આયુધો પણ વર્ણવ્યાં છે. વિસ્તારભયને કારણે

૮૬. વિષ્ણુધર્મોત્તર ખંડ ૩, અ. ૪૯

૮૭. અંશુમદ્ ભેદાગમ, ૪૮–૬૨

૮૮. શ્રી તત્ત્વનિધિ, પા. ૬૯

તેમનાં જુદાં જુદાં આયુધોનાં નામો વ. અત્રે આપ્યાં નથી પણ અનુમાની શકાય છે કે કેશવાદિ વિષ્ણુના નામો અને ચોવીસ સ્વરૂપો, આયુધોનાં ક્રમ, વ્યુત્ક્રમના કારણે પડ્યાં છે. તેમ રુદ્રનાં અગિયાર નામો વિવિધ આયુધોનાં ક્રમાઅનુસાર પડ્યાં હોવાં જોઇએ.

આ સિવાય રૂપમંડન અને રૂપાવતારમાં એકાદશ રુદ્રોનાં વિવિધ સ્વરૂપો શાસ્ત્રીય વર્ણનો સહ આપેલાં છે. રૂપમંડનમાં જણાવેલી એકાદશરુદ્રોની પ્રતિમાઓ પૈકી કેટલીક ગુજરાતમાંથી મળતી હોવાના કારણે રૂપમંડનનાં વર્ણનો ગુજરાતના મૂર્તિશિલ્પો માટે વધુ મહત્વ ધરાવે છે.

રૂપાવતાર અને રૂપમંડન બન્નેનો ગ્રંથકર્તા એક જ છે છતાં બન્નેના એકાદશરુદ્રના વર્ણનોમાં કેટલીક ભિન્નતા સ્પષ્ટ તરી આવે છે. રૂપાવતાર રુદ્રનાં એકાદશ સ્વરૂપો સૂચવે છે. જ્યારે રૂપમંડનકારે તેમાં એકનો વધારો બતાવી બાર રૂપો જણાવ્યાં છે. રૂપાવતારનાં અગિયાર નામો પૈકી વિજય, મહાદેવ અને સદાશિવનાં નામો નવાં રજૂ કરે છે. અને બાકીનાં આઠ રૂપમંડનને અનુરૂપ બતાવ્યાં છે. વળી અઘોરનાં પણ બે સ્વરૂપ વર્ણવ્યાં છે. રૂપમંડનકાર વિરૂપાક્ષ, બહુરૂપ, ત્ર્યંબક અને અહિર્બુધન્યનાં નામો નવીન જણાવી સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરુષ, ઈશાન, મૃત્યુંજય, કિરણાક્ષ અને શ્રીકંઠ વ. આઠ સ્વરૂપોનો બન્નેએ સ્વીકાર કર્યો છે. તે બધાંનાં વર્ણનો નીચે પ્રમાણે છે.

સદ્યોજાત

રૂપમંડન અને રૂપાવતાર પ્રમાણે સદ્યોજાત શિવને શ્વેત વસ્ત્ર, ત્રણ નેત્ર, સૌમ્ય મુખ, માથે જટા, શશીકલા, કાનમાં કુંડલ, બે હાથ પૈકી એકમાં વરદ અને બીજામાં અભયમુદ્રા હોય છે.[૮૯] શિલ્પરત્ન માં પણ તેનું વર્ણન છે જેમાં તેને ચાર હાથ જણાવ્યા છે.

સદ્યોજાત શિવની સેવ્યપ્રતિમા મળી આવી નથી પણ મંદિરોના

૮૯. રૂપમંડન અ. ૪, ૧–૨ અને રૂપાવતાર અ. ૬, ૨

સ્તંભોમાં તે જોવા મળે છે. રુદ્રમહાલયના કેટલાક સ્તંભો, તથા સંડેર, ગોરાદ, મંદરોપુર, વીરતા અને સુણકનાં મંદિરોની દ્વારશાખોમાં બે હાથવાળી ઉપરોક્ત પ્રકારની પ્રતિમાઓ મળી આવી છે. રુદ્રમહાલયના એક સ્તંભમાં આવી પ્રતિમા અંજલિમુદ્રા વ્યક્ત કરતી બતાવી છે તે તેની વિશિષ્ટતા છે.

વામદેવ

રૂપમંડન અને રૂપાવતાર પ્રમાણે રક્તવર્ણ, રક્તમુકુટ અને વસ્ત્રો, માથે જટા, ત્રણ નેત્ર, શશીકલા, ઉર્ધ્વનાસિક, મહાબાહુ બે હાથ તેમાં ખડગ અને ઢાલ હોય છે[૯૦]. જ્યારે શિલ્પરત્ન[૯૧] અને શ્રી તત્ત્વનિધિ[૯૨] ચાર હાથ જણાવે છે. એવા પ્રકારની કોઈ પ્રતિમા કે શિલ્પ હજુ સુધી મળી આવ્યાં નથી.

અઘોર

રૂપમંડન અને રૂપાવતાર પ્રમાણે શ્યામ વર્ણ, આઠ હાથ તે પૈકી ડાબા ચાર હાથમાં ખટ્વાંગ, કપાલ, ખેટક અને પાત્ર, જમણામાં ત્રિશૂલ, પરશુ, ખડગ અને દંભ, મોટી દાઢી, ત્રણ નેત્ર, માથા ઉપર સર્પ, ગળામાં રૂંઢમાળા અને વીંછીની માળા, જટા પિંગલ રંગની, શશીકલા, પગમાં નુપૂર તરીકે તક્ષક અને પુષ્ટિક એવું સ્વરૂપ હોય છે.[૯૩] શિલ્પરત્ન[૯૪] ચાર મુખ જણાવે છે, બીજું લગભગ ઉપર પ્રમાણે, જ્યારે અપરાજિત પૃચ્છા[૯૫] બે પ્રકારનાં વર્ણનો આપે છે તે પૈકી એક ઉપર પ્રમાણે જ્યારે બીજામાં બે હાથ, તેમાં તલવાર તથા ત્રિશૂલ અને બળતા અગ્નિ જેવા ભયંકર વર્ણવ્યા છે, અઘોરના આવા અપર

૯૦. રૂપમંડન અ. ૪, ૩-૪ અને રૂપાવતાર અ. ૬, ૫

૯૧. શિવરત્ન ઉ. ૨૩, અ. ૨૦૨-૨૦૩

૯૨. શ્રી તત્ત્વનિધિ પા. ૬૪

૯૩. રૂપમંડન અ. ૪ અને રૂપાવતાર અ. ૬ ૬,-૧૨

૯૪. શિલ્પરત્ન અ. ૨૩, ૨૦૨-૨૦૩

૯૫. અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૧૧, શ્લો. ૧૮-૨૮

પ્રકારનું વર્ણન રૂપાવતારમાં પણ છે.

શિવની આઠ હાથ ધરાવતી બે પ્રતિમાઓ મળી છે, તે પૈકી એક પાટણમાં સિદ્ધનાથ મહાદેવના પ્રાંગણમાં મૂકેલી છે, જેને લોકો વીંછણ માતા તરીકે પૂજે છે. અઘોરના મૂર્તિવિધાનમાં જણાવ્યા પ્રમાણે તેના જમણા ચાર હાથમાં ત્રિશૂલ, ખડગ, પરશુ અને દંડ છે જ્યારે ડાબા હાથમાં ખટ્વાંગ, ખેટક, કપાલ અને પાશ ધારણ કરેલાં છે. કેડે ગજચર્મ અને ગળામાં વૃશ્ચિકની માળાને બદલે છાતી પાસે એક વૃશ્ચિક મૂકેલો છે. પેટ એટલું બધું કૃશ બનાવ્યું છે કે તેની પાંસળીઓ જાણે સ્તન લટકતાં હોય તેવું લાગે છે. તેથી લોકો તેને દેવીપ્રતિમા તરીકે માને છે પણ રૂપ, ભાવ અને ભંગ જોતાં મારું અનુમાન અઘોર શિવની છે.

બીજી આઠ હાથ ધરાવતી આવી પ્રતિમા પાટણમાં વૈજનાથ મહાદેવમાં છે. આ મૂર્તિનાં આયુધો ઉક્ત વિધાન પ્રમાણે નહિ હોવાથી તે અઘોર પ્રતિમા છે તેમ ચોક્કસ ન કહી શકાય. આમાં શિવ પદ્માસન વાળી બેઠેલા, નીચે વૃષભ, જમણા ચાર હાથમાં ત્રિશૂલ અને વરદ, બે હાથમાં અસ્પષ્ટ વસ્તુઓ, જ્યારે ડાબા ચાર હાથમાં ડમરુ, સર્પ, લિંગ અને અસ્પષ્ટ છે, શિલ્પીઓ મનસ્વી રીતે આયુધોમાં ફેરફાર કરતા તે પ્રમાણે ગણીએ તો જ આ અઘોર પ્રતિમા ગણી શકાય. પરંતુ તે અઘોરની વૈવિધ્ય દર્શાવતી પ્રતિમા છે એમ ચોક્કસ કહી શકાય. આ સિવાય મારા જોવામાં બીજી પ્રતિમાઓ આવી નથી.

તત્પુરુષ

રૂપમંડન અને રૂપાવતાર પ્રમાણે બે હાથ તેમાં અક્ષમાલા અને મહા (માતુ) લિંગ, પીળાં વસ્ત્રો, પીતવર્ણ વ. હોય છે.[૯૬] અપરાજિત પૃચ્છાકાર પણ ઉપર પ્રમાણે જ વર્ણન આપે છે[૯૭] જ્યારે શિલ્પરત્ન[૯૮]

૯૬. રૂપમંડન, અ. ૪, રૂપાવતાર અ. ૬, ૧૨

૯૭. અપરાજિત પૃચ્છા, સૂત્ર ૧૧૧, શ્લોક ૨૨-૨૩

૯૮. શિલ્પરત્ન, અ. ૨૩, શ્લોક ૨૨-૨૩

અને શ્રી તત્ત્વનિધિ[૯૯] ચાર હાથ અને આયુધોમાં ફેરફાર સૂચવે છે.

ગુજરાતમાં બે હાથવાળી પ્રતિમાઓ વિરલ છે. એકાદશ રુદ્રોમાં ઘણીખરી મૂર્તિઓ બે હાથની હોવાનું રૂપમંડનકારે જણાવ્યું છે જ્યારે બાકીના ચાર હાથ બતાવે છે. શિવની ચાર હાથવાળી પ્રતિમાઓ પણ ક્વચિત્ જ મળે છે. ગુજરાતનાં પ્રાચીન મંદિરોની જંઘાઓ, સ્તંભો વ.માં આવાં શિલ્પો મળી આવે છે, પરંતુ તેમાંની ઘણીખરી મૂર્તિઓનાં હાથોમાં સર્પ, ત્રિશૂલ, લિંગ અને અક્ષમાલા સર્વ સામાન્ય હોવાથી તે શિવની સામાન્ય પ્રતિમાઓ ગણી શકાય. એટલે આવી પ્રતિમાઓ તત્પુરુષ રુદ્રની નથી એમ મારું માનવું છે.

ઈશાન

રુદ્રોમાં ઈશાન સૌમ્ય અને વરદાતા મનાય છે. તે સર્વ વિદ્યાઓના અધિપતિ પણ છે એમ વેદ કહે છે.

તેના રૂપવિધાન માટે રૂપમંડનકાર[૧૦૦] શ્વેતવર્ણ, ચાર હાથ, તેમાં અક્ષમાલા, ત્રિશૂલ, કપાલ અને અભય, માથે જટામુકુટ, શશીકલા વ. જણાવે છે. જ્યારે રૂપાવતાર[૧૦૧] બે હાથ તેમાં જમણામાં ત્રિશૂલ અને ડાબામાં કપાલ તથા ત્રણ નેત્ર વર્ણવે છે. અપરાજિત પૃચ્છાકાર રૂપાવતારને અનુસરે છે જ્યારે શિલ્પરત્ન અને શ્રી તત્ત્વનિધિ[૧૦૨] દસ હાથ જણાવી જુદાં જુદાં આયુધો જણાવે છે.

ઈશાનની બે, ચાર કે દસ હાથ ધરાવતી કોઇ પણ પ્રતિમા કે શિલ્પ ગુજરાતમાં મળી આવ્યાં નથી.

મૃત્યુંજય

રૂપમંડન અને રૂપાવતાર[૧૦૩] શ્વેત વર્ણન, જટામુકુટ, શશીકલા,

૯૯. શ્રી તત્ત્વનિધિ, પા. ૬૪
૧૦૦. રૂપમંડન, અ. ૪
૧૦૧. રૂપાવતાર, અ. ૬
૧૦૨. શ્રી તત્ત્વનિધિ, પા. ૬૫
૧૦૩. રૂપમંડન, અ. ૪, રૂપાવતાર, અ. ૬

વ્યાઘ્રચર્મ, નાગભૂષણ, છ-હાથ તેમાં જમણા હાથમાં ત્રિશૂલ, અક્ષમાલા, યોગમુદ્રા અને ડાબામાં કપાલ, કુંડિકા અને યોગમુદ્રા હોવાનું જણાવ્યું છે. અપરાજિત પૃચ્છાકાર પણ તેમ જ જણાવે છે.

છ હાથ ધરાવતી મૃત્યુંજય રુદ્રની કોઈ સેવ્યપ્રતિમા મળતી નથી પણ સિદ્ધપુરના રુદ્રમહાલયના સ્તંભોમાંથી આવી ત્રણ મૂર્તિઓ મળી આવી છે. જોકે તેનાં આયુધોમાં વિધાનોક્ત વર્ણન કરતાં ફેર છે પણ તે બાદ કરતાં તે પ્રતિમાઓ મૃત્યુંજયની જ છે. આ સેવ્ય-પ્રતિમા નહિ હોવાથી શિલ્પીએ તેટલી સ્વતંત્રતા લીધી હોવાનું મારું મંતવ્ય છે.

રુદ્રમહાલયના પશ્ચિમ બાજુના મંડપમાં, એક સ્તંભમાં ઊભી રુદ્ર પ્રતિમા કોતરેલી છે જેને છ હાથ હોઇ તે પૈકી જમણામાં ડમરુ, અને પરશુ છે જ્યારે ડાબા બેમાં સર્પ અને વરદ છે બાકીનાં બે ખંડિત છે. આ જ સ્તંભમાં બીજી બાજુ છ હાથ ધરાવતી બીજી મૂર્તિ છે જેના જમણા ત્રણમાં અનુક્રમે વજ્ર, કમળ, વરદ અને ડાબામાં અંકુશ, વરદ અને લિંગ પકડેલું જણાય છે. આ સિવાય ત્યાંના બીજા એક સ્તંભમાં પણ આવી મૂર્તિ છે. તેના ત્રણ હાથમાં ડમરુ, તલવાર અને વરદમુદ્રા જણાવેલી હોઈ, ડાબામાં ઢાલ, લિંગ અને અસ્પષ્ટ વસ્તુઓ ધારણ કરેલી છે. ગુજરાતમાંથી પ્રાપ્ય રુદ્રપ્રતિમાઓ આ વૈવિધ્ય રજૂ કરે છે.

હિરણાક્ષ

રૂપમંડન અને રૂપાવતાર ચાર હાથ તે પૈકી બેમાં અક્ષમાલા અને અભય, ડાબામાં પુસ્તક તથા અભય, શ્વેત વર્ણ, ત્રિનેત્ર વ. હોવાનું જણાવે છે. અપરાજિત પ્રચ્છામાં પણ આવું જ વર્ણન છે પણ આવા પ્રકારની કોઈ પણ પ્રતિમા ગુજરાતમાંથી મળતી નથી.

શ્રીકંઠ

રૂપમંડન અને રૂપાવતાર પ્રમાણે ચાર હાથ તેમાં ખડગ, ધનુષ્ય, બાણ અને ખેટક હોવાનું જણાવ્યું છે, પણ આવી કોઈ પ્રતિમા

ગુજરાતમાંથી મળી આવી નથી.

વિરૂપાક્ષ

આ શિવને સોળ હાથ તે પૈકી જમણામાં ખડગ, શૂલ, ડમરુ, અંકુશ, સર્પ, ચક્ર, ગદા, અક્ષસૂત્ર અને ડાબામાં તોમર, પટ્ટીશ, ચર્મ, કપાલ, તર્જની, ઘટ, શક્તિ અને પરશુ હોવાનું જણાવ્યું છે. દેવતા-મૂર્તિપ્રકરણ[૧૦૪]માં પણ સોળ હાથ જણાવી તેનાં આયુધોમાં થોડી ભિન્નતા દર્શાવી છે.

વિજાપુરથી પશ્ચિમે આવેલા વેર (વિહાર) ગામમાં મહાદેવના મંદિરમાં આવી એક પ્રતિમા બેસાડેલી છે. તે ધોળા આરસની બનાવેલી હોઈ સોળે હાથનાં આયુધો દેવતા-મૂર્તિપ્રકરણ પ્રમાણે એટલે કે જમણામાં ખડગ, શૂલ, ડમરુ, અંકુશ, સર્પ, ચક્ર, ગદા અને અક્ષમાલા છે જ્યારે ડાબામાં ખેટ, ખટ્વાંગ, શક્તિ, પરશુ, તર્જની, ઘટ, ઘંટા, કપાલ વ. આયુધો છે. આમાં શિવ આલીઢાસન વાળી બેઠેલા, નીચે વૃષભ, કાનોમાં પત્રકુંડલ છે. આમ ગુજરાતમાં એકાદશરુદ્રની પ્રતિમાઓ બનતી હોવાનું માની શકાય છે.

સદાશિવ

સદાશિવના મૂર્તિવિધાન માટે રૂપમંડન અને રૂપાવતાર[૧૦૫] બન્નેનાં કથનમાં મતભેદ છે. રૂપમંડનકાર સોળ હાથ જણાવે છે જ્યારે રૂપાવતારકારે દસ જણાવ્યા છે. આયુધોમાં પણ બન્નેના વિધાનોમાં કેટલોક ફેર છે. રૂપમંડનકાર આવી પ્રતિમાને બહુરૂપ સદાશિવ તરીકે ઓળખે છે જ્યારે રૂપાવતારકાર તો કેવળ સદાશિવનું નામ આપી ઓળખાવે છે. આવી કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવી નથી પરંતુ પરેલમાંથી તેવી એક પ્રતિમા મળી હતી જે મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં છે. તેમાં સદાશિવની પ્રતિમા પાછળ બીજી આઠ મૂર્તિઓ બતાવી છે.

---
૧૦૪. દેવતા, મૂર્તિપ્રકરણ અ. ૮

૧૦૫. રૂપમંડન, અ. ૪, ૨૪, રૂપાવતાર, અ. ૬, ૨૫–૨૬

અહિર્બુધ્ન

ફક્ત રૂપમંડનમાં જ આનું રૂપવિધાન મળે છે. તેમાં જણાવ્યા પ્રમાણે સોળ હાથ, તેમાં ગદા, સર્પ, ડમરુ, મુદ્દગર, શૂલ, અંકુશ, ડાબામાં તોમર, પટ્ટીશ, ચર્મ, કપાલ, તર્જની, ઘટ, શક્તિ, પરશુ, વ. જણાવ્યાં છે. આવા પ્રકારની કોઈ પ્રતિમા પણ હજુ સુધી મળી આવી નથી.

ત્ર્યંબક

આ પણ રૂપમંડનકારે જ વર્ણવેલી સોળ હાથ ધરાવનારી રુદ્રની પ્રતિમા છે જેમાં જમણામાં ચક્ર, ડમરુ, મુદ્દગર, બાણ, શૂલ. અંકુશ અને અક્ષસૂત્ર મળી કુલ સાત જ્યારે ડાબામાં ગદા, ખટ્વાંગ, પાત્ર, કાર્મુક, તર્જની, ઘટ, પરશુ અને પટ્ટીશ ધારણ કરેલાં વર્ણવ્યાં છે. આવી પ્રતિમા પણ મળતી નથી.

વિજય

રૂપાવતારકાર[૧૦૬] આ પ્રતિમાને એક મુખ, ત્રણ નેત્ર, ચાર હાથ, શશીકલા, ચાર હાથો પૈકી શૂલ અને કમળ જમણામાં જ્યારે વરદ અને અભય ડાબામાં હોવાનું જણાવે છે.

ચાર હાથ ધરાવતી પ્રતિમાઓ મળી આવી છે પણ આવા વિજયના મૂર્તિવિધાન પ્રમાણે આયુધો ધરાવતી કોઈ પ્રતિમા હજી સુધી જોવામાં આવી નથી.

મહાદેવ

રૂપાવતાર પ્રમાણે આ પ્રતિમાને ત્રણ નેત્ર, ચાર હાથ, જમણા હાથમાં અમૃતપૂર્ણ કુંભ અને ડાબામાં અક્ષમાલા જ્યારે બાકીના બે હાથોનાં આયુધોની સ્પષ્ટતા નથી.

સામાન્ય રીતે મહાદેવ શિવલિંગને જ કહેવામાં આવે છે. પરંતુ તેના સ્વતંત્ર રૂપવિધાનની દૃષ્ટિએ તે શિવનાં અનેક નામો પૈકી એક વિશિષ્ટ નામ છે. ચતુર્હસ્ત શિવપ્રતિમાઓ જે મળી આવી છે તેમાં

---
૧૦૬. રૂપાવતાર, અ. ૬, ૧૮

ઉપરોક્ત વિધાન ધરાવતી પ્રતિમા મળી આવી નથી.

એકાદશરુદ્રોનાં વિધાનોનાં વર્ણનો રૂપાવતાર અને રૂપમંડનમાં મળી આવે છે તેથી ગુજરાતમાં તેનો સારો એવો પ્રચાર હોવાનું અનુમાન છે. સિદ્ધપુરના રુદ્રમહાલયમાં તો અગિયારે રુદ્રોનાં સ્વતંત્ર મંદિરો હતાં એમ ઇતિહાસ કહે છે. આ બધાં મંદિરોમાં અનુક્રમે જુદા જુદા રુદ્રોની પ્રતિમાઓ મંદિરોનાં ગર્ભાગારમાં અગર તો તેની ફરતી ઝંઘાઓમાં મૂકેલી કે કોતરેલી હશે એમ માની શકાય કારણ કે આજે પણ તેના અવશેષોમાંથી બે, ચાર કે છ હાથ ધરાવતી રુદ્રની પ્રતિમાઓ મળી આવી છે. જેની વિગતવાર નોંધો આપણે જોઈ છે. આમ ગુજરાતમાં તેનો સારો એવો પ્રચાર હશે એમ માનવું અસ્થાને નહિ ગણાય.

પંચબ્રહ્મ

ઉપર જણાવેલાં રુદ્રો પૈકી તત્પુરુષ, અઘોર, સદ્યોજાત, વામદેવ, ઈશ કે ઈશાનને પંચબ્રહ્મની સંજ્ઞા અપવામાં આવી છે તેની ચર્ચા થઈ ગયેલી હોવાથી પુનરુક્તિ કરતો નથી. આ પાંચ સ્વરૂપો મળીને શિવનું એક જ સ્વરૂપ અર્થાત્ તેવાં પાંચ મુખોવાળું શિવનું સ્વરૂપ હતું એમ વૈદિક પંચબ્રહ્મ મંત્રો, તેમજ તેના ધ્યાનના શ્લોકો ઉપરથી માલૂમ પડે છે. તેમાં શિવને પાંચ મુખ અને દસ હાથ હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે. વિષ્ણુધર્મોત્તકાર મહેશ્વર શિવસ્વરૂપોની નોંધ આપતાં જણાવે છે કે શિવને પાંચ મુખ, દક્ષિણ મુખ ઘોર બાકીનાં સૌમ્ય, વૃષારૂઢ, વાસુકિની યજ્ઞોપવીત, દસ હાથ, તેમાં અનુક્રમે અક્ષમાલા, ત્રિશૂલ, બાણ, દંડ, કમલ વ. જ્યારે ડાબામાં બીજોરું, ધનુષ્ય, આદર્શ, કમંડલ, ચર્મ (ઢાલ) હોય છે.[૧૦૭] હેમાદ્રીમાં પણ આવું જ વર્ણન મળી આવે છે. જ્યારે રૂપમંડન અને રૂપાવતારકાર ચાર મુખ ચારે બાજુ અને પાંચમું ઉપર બનાવવાનું જણાવે છે.

આ વિવેચન ઉપરથી ફલિત થાય છે કે તત્પુરુષાદિ રુદ્રોનું આર્ષ-

૧૦૭. વિષ્ણુધર્મોત્તર, ખંડ ૩, અ. ૪૪

દર્શન ઋષિમુનિઓએ પહેલાં કર્યું હતું પરંતુ પાછળથી એકાદશ રુદ્રોની ભાવનાને પંચબ્રહ્મ અને બીજાં નવાં છ સ્વરૂપો કલ્પી મૂર્ત કરવામાં આવી હશે.

લકુલીશ

ભગવાન લકુલીશ શિવનો અવતાર મનાય છે. વાયુપુરાણકાર શિવનો અઠ્ઠાવીસમો અવતાર કાયાવરોહણ (કારવણ) નામના સ્થળે થશે એમ જણાવે છે.[૧૦૮] વાયુપુરાણ ચોથા સૈકામાં રચાયેલું મનાય છે. તદન્વયે લકુલીશ તે અગાઉ થઈ ગયા હશે એમાં શક નથી. મથુરાથી પ્રાપ્ત, ઈ. સ. ૩૮૦માં લખાયેલા ચંદ્રગુપ્ત બીજાના પ્રખ્યાત શિલાસ્તંભમાંથી પણ પાશુપતાચાર્ય-ઉદિતાચાર્યનો ઉલ્લેખ મળે છે.[૧૦૯] આ ઉદિતાચાર્ય લકુલીશના ચાર મુખ્ય શિષ્યો પૈકી કુશીકથી દસમા પેઢીએ થયા હતા તેવી તેમાં નોંધ છે એટલે સ્વાભાવિક રીતે આશરે ઇ.સ. ના બીજા સૈકાની શરૂઆતમાં તેઓ થયા હશે. શ્રી. શાસ્ત્રીજી હરિશંકરભાઇ પણ તેઓ ઈ. સ.ના બીજા સૈકામાં થયા હોવાનું અનુમાને છે.[૧૧૦] પાશુપતસંપ્રદાય અંગેની નોંધો શિવપુરાણ, લિંગપુરાણ અને મહાભારતમાંથી મળી આવે છે.[૧૧૧] માધવાચાર્યે સર્વદર્શન સંગ્રહમાં પણ આ સંપ્રદાય વિષે નોંધ આપેલી છે. ગણકારિકામાં પણ આ સંપ્રદાય વ. વિષે વિસ્તૃત હકીકતો છે.[૧૧૨] આ બધા ઉપરથી તેઓ બીજા સૈકામાં થયા હતા અને શૈવસંપ્રદાયનો ઉદ્ધાર કર્યો હતો, તેટલું જ નહિ પણ તેનો પ્રચાર સમસ્ત ભારતવર્ષ અને બહારના પ્રદેશમાં પણ ફેલાવ્યો હતો.

૧૦૮. વાયુપુરાણ, અ. ૨૮

109. Epigraphica Indica, Vol. 21. Page. 1

૧૧૦. ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવાંક પા. ૨૮. જુઓ શાસ્ત્રી હરિશંકર-ગુજરાતમાં પાશુપતાચાર્યો-નામનો લેખ.

૧૧૧. શિવપુરાણ, વાયવીયસંહિતા, અ. ૩૩, લિંગપુરાણ અ. ૨૪, મહાભારત નારાયણીય આખ્યાન.

૧૧૨. ગણકારિકા, કાયાવરોહણ માહાત્મ્ય, પા. ૩૭-૫૭

પ્રાપ્ત પ્રતિમાઓને આધારે આ સંપ્રદાય ભારતમાં સારી રીતે સર્વત્ર ફેલાયો હતો. આદિસ્થાન સમા ગુર્જર પ્રદેશમાં ચૌલુક્ય રાજેન્દ્રોએ તેને ખૂબ સન્માન્યો હતો. સૌરાષ્ટ્રના સોમનાથના મહંતો શ્રીગંડ, ભાવબૃહસ્પતિ વ. પાશુપતાચાર્યો જ હતા તેઓ તે સ્થાનના સ્થાનાધીશ, નગરાધ્યક્ષ અને રાજેન્દ્રોના રાજગુરુ હતા. વાઘેલા રાજા સારંગદેવના સમયની ત્રિપુરાંતક પ્રશસ્તિની શરૂઆતમાં ભગવાન લકુલીશના પ્રાદુર્ભાવની હકીકત નોંધવામાં આવી છે.[૧૧૩] ભગવાન લકુલીશ પોતે પ્રવર્તાવેલા સંપ્રદાયના પ્રધાનદેવ તરીકે પૂજાતા અને તેનો પ્રચાર સતત ભારતવર્ષમાં થયો હતો. ભારત બહાર નાર્બેન મ્યુઝિયમમાંથી પણ તેમની એક પ્રતિમા મળી આવી છે. તેના એક હાથમાં લકુટ (ડંડો) અને બીજો હાથ ઢીંચણ ઉપર મૂકેલો, માથે કરંડ મુકુટ અને કાનમાં કર્ણફૂલ વ. ધારણ કરેલાં જણાયાં છે. ભારતમાં ઇલોરા-અજંટાની ગુફાઓ, બાદામી ગુફાઓ, કાશ્મીરના એક શિવમંદિરમાં વ. જગ્યાએથી લકુલીશની પ્રતિમાઓ મળી આવી છે.

લકુલીશના શાસ્ત્રોક્તવિધાન માટે વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યું છે કે ભગવાન શિવ પદ્માસન વાળી બેઠેલા, ઊર્ધ્વલિંગ, બે હાથ, તે પૈકી એકમાં માતુલિંગ અને બીજામાં દંડ ધારણ કરેલો હોય છે.[૧૧૪]

આવી પ્રતિમાઓ કારવણના રાજેશ્વર મંદિરમાં બેસાડેલી છે જે કાળા આરસની નમૂનેદાર અને ભવ્ય છે. જ્યારે ત્યાંથી મળેલી બીજી લકુલીશની મૂર્તિઓ તેવી નથી. ખેડા જિલ્લામાં મહેમદાવાદ પાસે સન્યોલ ગામમાંથી આવી એક પ્રતિમા મળી છે વળી પાલનપુર પાસે લીંડીવાવડીથી ઓળખાતી વાવમાં લકુલીશની ભીંતમાં ચોડેલી એક મૂર્તિ છે તેનો એક પગ લટકતો, બીજો વાળેલો એમ અર્ધપર્યંકાસન વાળી બેઠા હોય એમ જણાય છે. સૌરાષ્ટ્રના મિયાણી ગામના બે

૧૧૩. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૩, પા. ૭૯, સીટામશસ્તિ શ્લોક ૧૪-૧૫

૧૧૪. વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્ર ૧

પ્રાચીન મંદિરો પૈકી એકની ભીંતમાં લકુલીશની ચોડેલી મૂર્તિ છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના લીલીયા મહાલના અંટાળીઆ ગામના અંટાળીઆ મહાદેવમાં લકુલીશની કાંસાની એક પ્રતિમા છે.[૧૧૫] સમાજ તેને ગર્ગાચાર્યથી પિછાને છે પરંતુ તેના એક હાથમાં ઉર્ધ્વઉપસ્થ અને બીજા હાથમાં બિજોરું હોવાથી તે લકુલીશની મૂર્તિ છે. તેમાં શક નહિ. સિદ્ધપુર પાસે કામળી ગામમાં બ્રહ્માણીના મંદિરમાં પણ એક આવી પ્રતિમા છે.

રાજસ્થાનના સિરોહી રાજ્યના કેટલાક ગામોમાંથી પણ લકુલીશની પ્રતિમાઓ મળી આવી છે તે પૈકી ઓર, મુંગથલા, કુસમા વ. ગામોના શિવમંદિરોમાં બેસાડેલી મૂર્તિઓ મુખ્ય છે. આમ તે પ્રદેશમાં પણ લકુલીશનો પ્રચાર સારા પ્રમાણમાં હશે એમ જણાય છે. આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં પણ આવી એક પ્રતિમા છે. રાજસ્થાનમાં તેમનો પ્રચાર વધુ હોય તે સ્વાભાવિક છે કારણ કે ઉદયપુરના મહારાજાના ગુરુઓ પાશુપતાચાર્યો જ હતા. તેટલું જ નહિ પણ તેમના ઇષ્ટદેવ એકલિંગજીના મંદિરમાં લકુલીશની પ્રતિમા બેસાડેલી છે. અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં અધુર્ણાથી લાવવામાં આવેલી એક લકુલીશની પ્રતિમા છે. આ સિવાય ભિજોલ્યાના સહસ્રેશ્વર, મહાકાલ, ત્યાંથી પાંચ માઈલ દૂર આવેલા વૈજનાથ, વૃંદાવન ગામમાં કણેરીકી પૂતલીથી ઓળખાતા શિવમંદિરમાં, જાડોલી પાસે તલેશ્વર વ. પ્રાચીન શૈવમંદિરોમાં, તેમનાં દ્વારો ઉપર વ. જગ્યાએ લકુલીશની પ્રતિમાઓ મૂકેલી છે. એટલે રાજસ્થાનમાં પણ આ સંપ્રદાય સારી રીતે ફેલાયો હતો એમ માનવાને પૂરતાં કારણ રહે છે.

૧૧૫. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો લેખ, પુરાતત્ત્વ પુ. ૧, પા. ૪૩૪

પ્રકરણ ૧૦મું

સંયુક્ત પ્રતિમાઓ

હિન્દુ ધર્મશાસ્ત્રમાં ઉપાસ્યદેવોનાં વિવિધ સ્વરૂપો ગણાવેલાં છે, અને તેઓ અંગે જુદી જુદી કલ્પનાઓ પણ રજૂ કરવામાં આવી છે. લોકોએ બે, ત્રણ કે ચાર દેવો પ્રત્યે એક સરખો ભક્તિભાવ રજૂ કરવા અભેદ બુદ્ધિથી તેઓનાં સંયુક્ત સ્વરૂપો પણ કલ્પ્યાં છે. પાછળથી આવા દેવોની સ્વતંત્રદેવ તરીકે ધર્મ, સાહિત્ય અને સમાજમાં સ્થાપના થતાં પુરાણો અને વ્રતાદિક ધર્મગ્રંથોમાં તેમની ઉપાસના તેમજ પૂજાવિધાનો આલેખાયાં છે, એટલું જ નહિ પણ કોઈ કોઈ જગ્યાએ તેમનાં સ્વતંત્ર મંદિરો પણ બંધાયાં છે. આવા દેવોમાં હરિહર, અર્ધનારીશ્વર, હરિહર પિતામહ, ત્રિમૂર્તિ, ચતુર્મુખલિંગ કૃષ્ણકાર્તિકેય, ચંદ્રાર્કપિતામહ, બ્રહ્મેશાન જનાર્દનાર્ક વ. મુખ્ય છે. ગુજરાતમાંથી પણ આવી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે.

અર્ધનારીશ્વર

ઉમા અને મહેશ્વરનું સંયુક્ત સ્વરૂપ તે અર્ધનારીશ્વર. શિવ-શક્તિનું સંયોજિત સ્વરૂપ તેમાંથી દેખાય છે. તેને માટે વેદ અને પુરાણોમાંથી ઉલ્લેખો મળે છે અને એક બે કથાનકો પણ શિવપુરાણ, માર્કંડેય પુરાણ વ. પુરાણોમાંથી મળી આવે છે. લિંગપુરાણ શિવ-શક્તિની એકરૂપતા સૂચવતાં કહે છે કે "લિંગ એ શિવનું જ્યોતિ-સ્વરૂપ હોઈ, વેદી (યોનિ) ઉમા સ્વરૂપે વ્યક્ત થતાં લિંગ અને વેદીના સમાયોગથી અર્ધનારીશ્વર સ્વરૂપ પ્રાદુર્ભૂત થયું છે."[1]

૧. લિંગપુરાણ, અ. ૧૦૦, ૭-૮

અર્ધનારીશ્વરની સ્વતંત્ર ઉપાસના પ્રચલિત હતી કે કેમ? તે માટે પૂરતાં સાધનોનો અભાવ છે. પરંતુ રતિરહસ્યના કર્તા કોક્કુક ભટે કામદેવનું મંગલાચરણ કરતાં અર્ધનારીશ્વરનો તેમાં ઉલ્લેખ આપ્યો છે. શિવશક્તિના સંયુક્ત સ્વરૂપ અર્ધનારીશ્વરની માફક વિષ્ણુ અને લક્ષ્મીનું સંયોજીત એક સ્વરૂપ હોવાનું ગ્રંથાંતરોમાંથી મળે છે, જેની વિસ્તૃત વિચારણા આગળ કરવામાં આવી છે.

ગુજરાતમાં અર્ધનારીશ્વર પ્રત્યે અદ્વિતીય પ્રેમ ધરાવનાર મીઠુ નામે કવિ થઈ ગયો છે. તે મહીસા ગામનો મોઢ બ્રાહ્મણ હતો. તંત્રમાર્ગનો સારો જ્ઞાતા અને ઉપાસક હોવાથી પોતાને હંસ તરીકે ઓળખાવતો હતો. તેણે તંત્રમાર્ગ ઉપર હંસવિલાસ નામે એક સુંદર ગ્રંથ પણ લખ્યો છે. તેણે અર્ધનારીશ્વરનું નખશીખ વર્ણન પોતાના એક પદમાં સાદી અને સંસ્કારી ભાષામાં ઉતાર્યું છે. ભારતના અન્ય પ્રાંતો અને ભારતીય ઉપનિવેશો પૈકી ચંપામાં તેનો પ્રચાર હતો એમ ઐતિહાસિક સાધનો પરથી જાણી શકાય છે.

અર્ધનારીશ્વરના મૂર્તિવિન્યાસ માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[2] માં વિસ્તૃત નોંધ છે. તે પ્રમાણે જમણું અંગ પુરુષનું તેમાં માથે જટામુકુટ, કાને સર્પકુંડલ, હાથમાં ત્રિશૂલ, કપાલમાં અર્ધચંદ્ર, અર્ધું નેત્ર, વિશાળ છાતી, ગજચર્મ ઓઢેલ, એક પગ કમળ ઉપર, ડાબું અંગ સ્ત્રીનું, તેના હાથમાં દર્પણ અગર કમળ, કાનમાં કુંડળ, માથામાં વેણી, કપાળમાં અર્ધું શ્રીચક્ર, ઉન્નત સ્તન, પગમાં ઝાંઝર, કટીસૂત્ર વ. હોવાનું જણાવ્યું છે.

આવાં જ વિધાનો થોડા સામાન્ય ફેરફારો સાથે બૃહત્સંહિતા[3]

૨. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૧-૭૭૨

૩. બૃહત્સંહિતા અ. ૫૮. ૪૩

મત્સ્યપુરાણ,[૪] રૂપાવતાર,[૫] વિષ્ણુધર્મોત્તર[૬]માં છે. જ્યારે શિલ્પરત્ના[૭]-કરના ગ્રંથકાર જુદા જુદા ચાર પ્રકારો બતાવે છે તે પ્રમાણે (૧) લલિતા-સનવાળા, પાસે વૃષભ, ચાર હાથ તેમાં અભય, પરશુ, વૃષભ ઉપર, પુષ્પ કે કટકમુદ્રા (૨) વર્ણ પીળો, ચાર હાથ તેમાં પાશ, અંકુશ, અક્ષમાલા અને અભયમુદ્રા (૩) વર્ણ પીળો, ચાર હાથ તેમાં અભય, અક્ષમાલા, પાશ અને વરદ તથા શિવ અને પાર્વતી બન્ને અર્ધભાગે સ્વચિહ્નોથી યુક્ત (૪) રક્ત અગર પીળો વર્ણ, પદ્માસન વાળી બેઠેલા, ચાર હાથ તેમાં વરદ, પાશ, ટંક અને અભય, અર્ધભાગે પાર્વતી, સૌમ્ય અને રૌદ્રચિહ્નો હોય છે. સુપ્રભેદાગમ પ્રમાણે જમણો ભાગ શિવનો, રક્ત વર્ણ, ચાર હાથ તે પૈકી એક વૃષભ ઉપર, બીજામાં પોપટ, પરશુ અને અભય, વ્યાઘ્રચર્મ ઓઢેલ, ડાબો ભાગ પાર્વતીનો, શ્યામવર્ણ, કટક હસ્ત, રેશમી વસ્ત્રો પરિધાન કરેલાં હોય છે.

કવિ મીઠુએ કરેલા વર્ણન પ્રમાણે ગુજરાતમાં અર્ધનારીશ્વરનો પ્રચાર હોવો જોઈએ પણ તેવી એક પણ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવી નથી. પરંતુ મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં પાટણથી લાવવામાં આવેલી એક કાષ્ઠપ્રતિમા મૂકેલી છે. તેનો જમણો ભાગ પુરુષનો અને ડાબો સ્ત્રીનો છે. પુરુષને માથે જટામુકુટ જ્યારે સ્ત્રીને માથે ગૂંથેલી વેણી બતાવેલી છે. પુરુષની આંખ જરા મોટી, સ્ત્રીની આંખ સહેજ ઝીણી છે. સ્ત્રીને કાનમાં કર્ણફૂલ, હાથે કડાં, સાંકળાં વ. ધારણ કરેલાં છે જ્યારે પુરુષે ફક્ત હાથે બાજુબંધ ધારણ કરેલાં છે. સ્ત્રીનો વક્ષસ્થળનો ભાગ ઉન્નત, હાથ વડે મુદ્રા વ્યક્ત કરેલી ને પગમાં તોડા, સાંકળાં વ. આભૂષણો પહેરેલાં બતાવ્યાં છે જ્યારે પુરુષનો

---

૪. મત્સ્યપુરાણ. અ. ૨૬૦. ૧-૧૦

૫. રૂપાવતાર. અ. ૬. ૨૭-૩૦

૬. વિષ્ણુધર્મોત્તર ખં. ૩. અ. ૫૫. ૨-૪

૭. શિલ્પરત્નાકર. ૨૨-૧૦૩-૨૫-૭૬

હાથ મુઠી વાળેલો વ્યક્ત કરવામાં આવ્યો છે. મૂર્તિવિન્યાસની દૃષ્ટિએ આ એક અદ્વિતીય પ્રતિમા છે. તેટલું જ નહિ આ પ્રતિમા ગુજરાતની પ્રતિમાઓનો ભાંગ્યોતૂટ્યો એક જ નમૂનો છે. સાબરકાંઠામાં રોડા ગામના એક પ્રાચીન શિવમંદિરની દ્વારશાખામાંથી અર્ધનારીશ્વરની અપ્રતિમ પ્રતિમા મળી આવી છે. જેનું વિગતવાર વિવેચન શ્રી. ડૉ. ઉમાકાંત શાહે "રોડા અને શામળાજીનાં શિલ્પસ્થાપત્યો" નામના ગ્રંથમાં આપ્યું છે.

હરિહર

શિવ અને વિષ્ણુના સંયુક્ત સ્વરૂપને હરિહર તરીકે ઓળખવામાં આવે છે. સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિગુણાત્મક સ્વરૂપોથી બંધાયેલા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ભિન્નભિન્ન સ્વરૂપે ભાસે છે. આ ત્રણે દેવો પૈકી શિવ અને વિષ્ણુના ઐક્યભાવની કલ્પના હરિહરની પ્રતિમામાંથી મળે છે. પુરાણોમાં દરેકનાં જુદાં જુદાં ચરિત્રો વિસ્તારથી આપ્યાં હોવા છતાં, આધ્યાત્મિક દૃષ્ટિએ બન્ને એક જ સ્વરૂપે નિર્ગુણ પરબ્રહ્મ તરીકે માનવાનું સ્પષ્ટ જણાવ્યું છે. તેટલું જ નહિ પણ બન્ને પ્રત્યે ભેદભાવથી જોનારને મહાપાપી તરીકે ઓળખાવ્યા છે. આ જ આધાર પર હરિહર પ્રતિમાનું મૂર્તિવિધાન સર્જાયું છે. હરિહરની કલ્પના વેદકાલિન છે તેવાં પ્રમાણો મળે છે પરંતુ તેટલી પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત નથી. બૃહદ્ ભારતના પ્રાચીન સંસ્થાનો પૈકી કાંબોજ (Kambodia)માંથી રાજા મહેન્દ્રવર્મનના પુત્ર ઈશાનવર્મનનો એક શિલાલેખ મળ્યો છે જેમાંથી શિવવિષ્ણુના સંયુક્ત સ્વરૂપ હરિહરની નોંધ મળી આવી છે. એટલે ત્યાં હરિહરનો પ્રચાર હતો. આજે પણ ત્યાંથી સંખ્યાબંધ હરિહરની મૂર્તિઓ મળી આવી છે.[૮]

ભારતમાંથી કેટલીક પ્રાચીન પ્રતિમાઓ હરિહરની મળી આવી

---

8. Cultural Heritage of India, Vol. 1, P. 87

છે. જે મોડામાં મોડી આઠથી બારમા સૈકા જેટલી પ્રાચીન હોવાનું અનુમાન છે. દક્ષિણ ભારતમાં વ્યંકટેશ નામથી વિખ્યાત ભવ્ય પ્રતિમા હરિહરનું જ સ્વરૂપ છે. આ સિવાય કલકત્તાના મ્યૂઝિયમમાં પણ આવી ત્રણ પ્રતિમાઓ છે.

હરિહરની મૂર્તિનાં યોગ્ય લક્ષણો અને વિધાનો રૂપમંડન, રૂપાવતાર, મત્સ્યપુરાણ, માનસોલ્લાસ, અગ્નિપુરાણ, અંશુમદ્ભેદાગમ, ઉત્તરકરણાગમ, પૂર્વકરણાગમ, વિષ્ણુધર્મોત્તર, શિલ્પરત્ન, અંશુમદ્ સુપ્રભેદાગમમાંથી પ્રાપ્ત થાય છે.[૯] આ બધાં પુસ્તકોનાં વર્ણનો મોટેભાગે એકસરખાં જ છે. ફક્ત કોઈકમાં વાહન અને આયુધો માટે કેટલીક વિશિષ્ટતાઓ પ્રાપ્ત થાય છે.

આ વિધાનો પ્રમાણે હરિહરમૂર્તિમાં દક્ષિણાર્ધશિવ અને વામાર્ધવિષ્ણુનું બનાવવું, તેમનાં વર્ણો અનુક્રમે શ્વેત તથા નીલ, શિવના બે હાથમાં ત્રિશૂલ અને વરદ, વિષ્ણુના હાથમાં ચક્ર અને કમળ, બન્નેની પાસે તેમનાં વાહનો વૃષભ અને ગરુડ બનાવવાં એમ જણાવાયું છે. રૂપાવતાર[૧૦] તો હરિહર, કૃષ્ણશંકર અને શિવનારાયણ એવા ત્રણ ભેદ પાડી થોડાથોડા આયુધોનાં ફેરફાર સાથેનાં સ્વરૂપો નિરૂપવાનું જણાવે છે. અગ્નિપુરાણકાર[૧૧] બન્ને દેવોના પાસે તેમની સ્ત્રીઓ ગૌરી અને લક્ષ્મી વિશેષમાં મૂકવાનું કહે છે. શિલ્પરત્નકાર[૧૨] તેના બે પ્રકાર દર્શાવે છે જેમાં એકમાં બન્નેને બે હાથ તો બીજામાં બન્નેને ચાર હાથ જણાવી જુદાં જુદાં આયુધો કહ્યાં છે.

ગુજરાતમાંથી હરિહરપ્રતિમાઓ ઘણી જ ઓછી મળી આવે

૯. વિશેષ માટે જુઓ Dr. Gopinath Rao, 'Elements of Hindu Iconography', vol. 2, pp. 73, 168, 171.

૧૦. રૂપાવતાર, અ. ૬, ૩૨-૪૧

૧૧. અગ્નિપુરાણ, અ. ૪૯-૨૫

૧૨. શિલ્પરત્ન, અ. ૨૫-૭૨, અ. ૨૨-૧૨૫

છે. તેમાં વીસનગરની હરિહરરાયજીની મૂર્તિ મુખ્ય છે. ત્યાં હરિહરરાયજીનું સ્વતંત્ર મંદિર છે. તેમાં તેમની સેવ્યપ્રતિમા બેસાડેલી છે આ પ્રતિમા તેના ભાસ્કર્ય ઉપરથી મધ્યકાલિન હોવાનું જણાય છે. તે કાળા આરસપહાણમાંથી બનાવેલી હોઈ તેની ઊંચાઈ આશરે બે ફૂટ ને ૭ ઇંચની છે. આ મૂર્તિની કેડે કટીમેખલા, ગળામાં યજ્ઞોપવીત અને છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન છે. પ્રતિમાનું જમણું અંગ શંકરનું અને ડાબુ અંગ વિષ્ણુનું બનાવેલું છે. જમણી બાજુ માથા ઉપર જટામુકુટ અને ડાબી બાજુ કિરીટમુકુટ જણાવ્યો છે. જ્યારે ભાલપ્રદેશમાં ત્રિપુંડ અને તિલક બન્ને દોર્યાં છે. આ પ્રતિમા વિષ્ણુ, સૂર્ય વ.ની માફક સીધી સમભંગવાળી છે. તેના જમણા હાથમાં વરદમુદ્રા, તેમજ અક્ષમાલા મૂકેલી છે. જ્યારે બીજામાં ત્રિશૂલ છે. તેવી જ રીતે ડાબા એક હાથમાં ચક્ર અને બીજામાં શંખ છે. શિવના હાથ ઉપર ભુજંગાવલયો બનાવી, કાનમાં રુદ્રાક્ષકુંડલો વ્યક્ત કર્યાં છે. શિવના પગ પાસે શ્રૃંગી અને ભૃંગીની નાની નાની મૂર્તિઓ બનાવી છે તેવી જ રીતે વિષ્ણુના પગ પાસે જય અને વિજય બે પાર્ષદો ઊભા રાખ્યા છે. ટૂંકમાં ઉપર જણાવેલાં શાસ્ત્રોક્ત વિધાનોથી યુક્ત આ પ્રતિમા છે.

આવી જ બીજી સુંદર પ્રતિમા ગુજરાતની સરહદે આવેલા સોપારામાંથી પ્રાપ્ત થઈ છે. તેનું ભાસ્કર્ય ઉપર જણાવેલી વીસનગરની પ્રતિમા કરતાં પણ ઊંચા પ્રકારનું હોઈ કેટલીક વિશિષ્ટતાઓ જણાય છે. તેના ચારે હાથ ખંડિત હોવાથી આયુધો સમજી શકાતાં નથી. શિવના ગળામાં રુંઢમાળા સ્પષ્ટ દર્શાવી છે જ્યારે વિષ્ણુને વનમાલા બનાવી છે. પગ પાસે બન્નેના પાર્ષદો ઉપરાંત બન્ને દેવોની પત્નિઓ ગૌરી અને લક્ષ્મી પણ બનાવેલાં છે અને વધુમાં તેમનાં વાહનો પણ રજૂ કરાયાં છે. તક્ષણકલાની દૃષ્ટિએ મધ્યમકાલિન પ્રતિમાઓમાં હરિહરની આ મૂર્તિ વધુ ઉત્કૃષ્ટ અને અદ્વિતીય છે. આ ઉપરાંત મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં મૂકેલી હરિહરની પ્રતિમા શિલ્પની દૃષ્ટિએ

આકર્ષક છે. તેમાં શિવ અને વિષ્ણુનું સંયુક્ત સ્વરૂપ હોઈ, શિવના હાથમાં ત્રિશૂલ અને સર્પ તેમજ વિષ્ણુના હાથમાં શંખ તથા ચક્ર છે. બન્ને બાજુ પગ પાસે તેમનાં વાહનો વ્યક્ત કરાયાં છે. આ સિવાય બીજી અન્ય પ્રતિમાઓમાં રોડાના શિવમંદિરની દ્વારશાખામાં મૂકેલી હરિહરની પ્રતિમા ગણાવી શકાય. જોકે તે કદમાં નાની છે છતાં તેનો કલાવિન્યાસ અદ્ભૂત હોવાનું જણાય છે. તેની વ્યવસ્થિત સમાલોચના શ્રી. ડૉ. ઉમાકાંતે "રોડા અને શામળાજીનાં શિલ્પસ્થાપત્યો" નામક ગ્રંથમાં રજૂ કરી છે.

હરિહર પિતામહ

બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના સંયુક્ત સ્વરૂપને હરિહર પિતામહ કહે છે. ધર્મશાસ્ત્રના ગ્રંથો આવાં સ્વરૂપને ત્રિમૂર્તિ તરીકે નોંધે છે. ત્રિમૂર્તિની કલ્પના વેદકાલીન હોઈ, અગ્નિ, વાયુ અને સૂર્યનું જે આર્ષદર્શન વૈદિક ઋષિઓને થયું, તેનો વિકાસ થતાં કાળક્રમે તેનું સ્થાન બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રે લેતાં ત્રિમૂર્તિમાં આ ત્રણ દેવોની સંયુક્ત ભાવનાનો જન્મ થયો. પુરાણોમાંથી તો ત્રિમૂર્તિ સંબંધી અનેક આખ્યાયિકાઓ પણ મળે છે. આ સિવાય ઉશનસ્, કાત્યાયન, પરાશર અને વ્યાસના સ્મૃતિગ્રંથોમાંથી પણ ત્રિમૂર્તિ માટેના કેટલાક ઉલ્લેખો મળે છે. ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં રચાયેલા શુદ્રક કવિના મૃચ્છકટિક નાટકમાં પણ ત્રિમૂર્તિનો ઉલ્લેખ છે.[૧૩] શિવના ચતુર્મુખલિંગમાં ત્રિમૂર્તિ કે સૂર્ય સાથે ચતુર્મુખની યોજના કરવામાં આવતી હોઈ સામાન્ય દૃષ્ટિએ તેમાંથી ત્રિમૂર્તિનું સંયોજન સ્વરૂપ વ્યક્ત થાય છે. ત્રિમૂર્તિના સ્વતંત્ર મંદિરોની માહિતી કોઈ પણ ગ્રંથોમાંથી મળતી નથી તેમજ તેનાં પ્રાચીન મંદિરો પણ મળી આવ્યાં નથી. ત્રિમૂર્તિનાં વિધાનોક્ત વર્ણનો ઉત્તર કામિકાગમ, રૂપાવતાર, રૂપમંડન, અપરાજિત પૃચ્છા અને શિલ્પરત્નમાંથી

૧૩. મૃચ્છકટિક નાટક, અંક. ૬

પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે વર્ણ રક્ત, ચાર હાથ, તેમાં અનુક્રમે અભય, પરશુ, મુદ્રા અને વરદમુદ્રા, બન્ને બાજુ બ્રહ્મા તથા વિષ્ણુ અંજલિ હસ્તવાળા એમ ઉત્તર કામિકાગમ જણાવે છે.[૧૪] રૂપમંડન અને રૂપાવતાર એક જ પ્રતિમામાં ચાર મુખ, છ હાથ, તેમાં જમણી બાજુ અનુક્રમે અક્ષસૂત્ર, ત્રિશૂલ અને ગદા, ડાબી બાજુ કમંડલ, ખટ્વાંગ તથા ચક્ર હોય છે. અપરાજિત પૃચ્છા પણ આવું જ વર્ણન આપે છે.[૧૫]

આવી ત્રિમૂર્તિઓમાં વચ્ચેનું સ્વરૂપ શિવ કે વિષ્ણુનું બનાવવામાં આવતું હોઈ, બન્ને બાજુ બાકીના બે દેવોનાં મુખ કલ્પતાં તેમનાં આયુધો પણ તે જ પ્રમાણે હોય છે. જેમ કે વિષ્ણુપ્રમુખ ત્રિમૂર્તિ હોય તો મધ્યમાં વિષ્ણુ ગરુડ ઉપર બેઠેલા, બે હાથમાં શંખ, ચક્ર, જમણી બાજુ શિવનું મુખ, તેમના બે હાથમાં ત્રિશૂલ તથા સર્પ, ડાબી બાજુ બ્રહ્મા તેના બન્ને હાથમાં કમંડલુ તથા અક્ષમાલા ધારણ કરેલી હોય છે. તેવી જ રીતે શિવત્રિમૂર્તિ હોય તો, મધ્યમાં શિવ અને બન્ને બાજુ વિષ્ણુ તથા બ્રહ્માની કલ્પના મૂકવામાં આવે છે. પરંતુ બ્રહ્માની ત્રિમૂર્તિ કોઈ સ્થળેથી મળી નથી. ગુજરાત સૌરાષ્ટ્રમાંથી ત્રિમૂર્તિનાં કેટલાંક સ્વરૂપો પ્રાપ્ત થયાં છે તેમાં ઊંઝા, થાન, કસરાની પ્રતિમાઓ મુખ્ય છે.

ઊંઝામાં દૂધલી પોળે તળાવની પાળ પાસેની ભીંતમાં આવી એક મૂર્તિને સામાન્ય પથ્થર તરીકે ચોડી દીધી છે. આ વિષ્ણુપ્રમુખ ત્રિમૂર્તિ હોવાથી તેની મધ્યમાં વિષ્ણુ ગરુડ ઉપર બેઠેલા, બન્ને બાજુ શિવ તથા બ્રહ્માનાં મુખ, તેને છ હાથ તે પૈકી જમણા ત્રણ હાથમાં અનુક્રમે શંખ, સર્પ, અને ત્રિશૂલ જ્યારે ડાબી બાજુમાં ચક્ર, કમંડલ અને

૧૪. Dr. Gopinatha Rao, Elements of Hindu Iconography, Vol. 2 p. 198.

૧૫. અપરાજિત પૃચ્છા, સૂ. ૨૧૨ તથા રૂપમંડન, અ. ૪, શ્લો ૩૨-૩૩; રૂપાવતાર, અ. ૬, ૨૪-૪૩

અક્ષમાલા ધારણ કરેલી છે. રૂપમંડન અને રૂપાંવતારના વિધાન પ્રમાણેની આ પ્રતિમા છે. કલાની દૃષ્ટિએ આ પ્રતિમા ઉત્તમ છે.

સૌરાષ્ટ્રમાં થાન ગામમાં મુનિબાવાના મંદિરની ભીંતમાં ઉપર જણાવેલી ઊંઝાની પ્રતિમા જેવી વિષ્ણુ ત્રિમૂર્તિની પ્રતિમા ચોડેલી છે. આ મૂર્તિનો ઘણોખરો ભાગ નાશ પામેલો હોઈ, હાથોનાં આયુધો ખંડિત છે. તેની નીચે નંદિ સ્પષ્ટ દેખાય છે.

બનાસકાંઠા જિલ્લાના કસરા ગામમાં એક પ્રાચીન મંદિરના અવશેષો આજે પણ મોજૂદ છે. તેમાં કેટલીક પ્રતિમાઓ મૂર્તિના ભગ્નાવશેષમાં પડી રહી છે. તેમાં એક ત્રિમૂર્તિની પ્રતિમા પણ છે. આ પ્રતિમા મુખ્યત્વે ખંડિત હોઈ તે શિવપ્રમુખ ત્રિમૂર્તિ છે. ખંડિત હોવાના કારણે આયુધો અને વાહનો જાણી શકાતાં નથી. આ મંદિરમાં ત્રણે દેવોનાં મંદિરો એક જ પ્રાસાદમાં ભેગાં બનાવેલાં હોઇ તેમાં મુખ્ય મંદિર શિવનું હોય એમ જણાય છે. અને તેથી જ તે શિવ ત્રિમૂર્તિની પ્રતિમા હશે એમ લાગે છે.

બ્રહ્મેશાન જનાર્દનાર્ક (હરિહર પિતામહાર્ક)

સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ચારે દેવોનાં સંયુક્ત સ્વરૂપનો આમાં સમાવેશ થાય છે. ત્રિમૂર્તિમાં સૂર્યનો વિશેષતઃ સમાવેશ કરતાં આ સ્વરૂપનું સંયોજનવિધાન કલ્પ્યું છે. તાત્ત્વિક દૃષ્ટિએ સૂર્ય ત્રિમૂર્તિનું વિશિષ્ટ સ્વરૂપ મનાય છે. તેવી જ રીતે વિષ્ણુનું પણ એ એક ભાવ-સંદર્શક મૂર્તિમંત રૂપક છે. સૂર્યના મુખ્ય સ્તોત્ર આદિત્યહૃદયમાં સૂર્યની અંદર ત્રણે ય દેવો સમાયેલા હોવાની ભાવવ્યંજકતા રજૂ કરાઈ છે. આ જ ભાવનાને મૂર્તિમંત કલ્પતાં બ્રહ્મેશાન જનાર્દનાર્કનું સંયોજિત સ્વરૂપ મૂર્તિકારોએ ઉપજાવી કાઢ્યું હોય એમ જણાય છે. આ સ્વરૂપનાં શાસ્ત્રીય વર્ણનો બીજા કોઇ ગ્રંથમાંથી મળતાં નથી પરંતુ રૂપાવતાર અને અપરાજિત પૃચ્છામાં કેટલીક નોંધો છે. ભારતના અન્ય પ્રાંતોમાં

પણ આવાં સ્વરૂપો ખાસ મળી આવતાં નથી આથી વિવિધ દેવોનાં સંયુકત સ્વરૂપોનો પ્રચાર, એ ગુજરાતના મૂર્તિવિધાનની કેટલીક વિશિષ્ટતાઓ પૈકીની આ એક વિશિષ્ટતા છે.

રૂપાવતાર પ્રમાણે આ સ્વરૂપને ચાર મુખ, આઠ હાથ, મધ્યમાં સૂર્ય, તેના બે હાથમાં કમળ, દક્ષિણ બાજુ શિવનું મુખ, તેના બે હાથમાં ખટ્વાંગ તથા ત્રિશૂલ, પાછળ બ્રહ્મા તેના બે હાથમાં કમંડલ તથા અક્ષમાલા, ડાબી બાજુ વિષ્ણુનું મુખ, તેના બે હાથમાં શંખ તથા ચક્ર હોય છે. અપરાજિત પૃચ્છાકારે પણ આવું જ વર્ણન આપેલું છે.[૧૬] પણ આ ગ્રંથકાર તેને હરિહરહિરણ્યગર્ભના નામથી ઓળખાવે છે.

ગુજરાતમાંથી આવાં બે સ્વરૂપો મળી આવ્યાં છે તે પૈકી એક દેલમાલના લિંબજામાતાના મંદિરની બહારની ભીંતમાં અને બીજું પાટણના હલુકૂવાના મહાદેવની ધર્મશાળામાં ચોડેલું છે. દેલમાલની પ્રતિમા મંદિર પાછળની ભીંતમાં કોતરેલી હોઇ ખારા પથ્થરમાંથી બનાવેલી છે. આ પ્રતિમાનાં ત્રણ મુખ સ્પષ્ટ દેખાય છે પણ ચોથું પાછળ હશે તેની કલ્પના કરવાની રહે છે. તેને કુલ આઠ હાથ હોઇ તે પૈકી બે ખંડિત છે. તેના જમણા ત્રણ હાથોમાં અનુક્રમે ત્રિશૂલ, કમળ અને વરદમુદ્રા જ્યારે ડાબી બાજુમાં સર્પ, કમળ અને કમંડળ જણાય છે. આમાં શિલ્પકારે વિધાનોક્ત ખટ્વાંગને બદલે સર્પ મૂકી થોડી સ્વતંત્રતા લીધી છે. આમાં મુખ્ય સ્વરૂપ મધ્યમાં સૂર્યનું હોઇ માથે કિરીટમુકુટ, બે હાથમાં કમળ, અને પગે વિયાંગ પહેરેલું છે. સૂર્યનું સ્વરૂપ મધ્યમાં હોવા છતાં તેમને ગરુડ ઉપર બેસાડેલો છે એટલે તાત્ત્વિક દૃષ્ટિએ સૂર્ય અને વિષ્ણુ એક જ, તેથી શિલ્પકારે તેને ગરુડ ઉપર બેસાડેલા હશે. આ મૂર્તિના પગ પાસે નંદિ અને હંસ મૂકેલાં છે. આ બન્ને બાજુએ શિવ તથા બ્રહ્માનાં મુખો કલ્પેલાં છે. આ

૧૬. રૂપાવતાર, અ. ૬, ૪૫-૪૫; અપરાજિત પૃચ્છા, સૂ. ૨૧૨,

પ્રતિમામાં સૂત્રધારની ઊંડી કલ્પના અને શાસ્ત્રીય વર્ણનોનો સુંદર સમન્વય સાધવામાં આવ્યો છે. આ મૂર્તિને ત્રણ મુખ સ્પષ્ટ હોવાથી ડૉ. બર્જેસ તેમજ ડૉ. સાંકળીઆએ ત્રિમૂર્તિ તરીકે ઓળખાવી છે.[૧૭] પરંતુ વસ્તુતઃ તે ચારે દેવોનું સંયુક્ત સ્વરૂપ હોઈ હરિહર પિતામહાર્કનું સ્વરૂપ જ છે.

આવી જ બીજી પ્રતિમા પાટણમાં ફાટીપાળ દરવાજા બહાર હલુકુવાથી ઓળખાતા સ્થાનમાં, મહાદેવ પાસેના ધર્મશાળાની અંદર એક ભીંતમાં ચોડેલી છે. આ મૂર્તિ ઉપરની પ્રતિમા કરતાં જુદો જ પ્રકાર સૂચવે છે. આમાં પણ મધ્ય ભાગે સૂર્યનું સ્વરૂપ વ્યક્ત કરેલું છે. આ પ્રતિમા ઊભી હોઈ તેની નીચે સપ્તાશ્વોવાળો રથ બનાવ્યો છે. આમાં સૂર્યના માથે કિરીટમુકુટ, કાને કુંડલો, પગે વિયાંગ અને બન્ને હાથમાં સમૃણાલ-કમળો ધારણ કરેલાં જણાવ્યાં છે. આ મૂર્તિને પણ ત્રણ મુખ જણાવ્યાં હોવા છતાં, રૂપકલ્પનાં ચાર મુખની વિરૂપતાં તેને આઠ હાથ બનાવ્યા છે; અર્થાત્ મધ્યમાં સૂર્ય તેમજ વિષ્ણુનું સ્વરૂપ વ્યક્ત કરી બન્ને બાજુ શિવ અને બ્રહ્માનાં રૂપો કલ્પ્યાં છે. તેમના આઠ હાથો પૈકી બ્રહ્માને કમંડલ તથા માલા, શિવને સર્પ તથા ત્રિશૂલ અને વિષ્ણુને શંખ તથા ચક્ર-આયુધો આપવામાં આવ્યાં છે. નીચે પગ પાસે મૂર્તિની જમણી બાજુ, એક સ્ત્રી તથા પુરુષની નાની નાની મૂર્તિઓ જણાવી છે. જ્યારે ડાબી બાજુ બે પુરુષની નાજુક પ્રતિમાઓ કોતરેલી બતાવી છે. આ મૂર્તિની નીચેની પટ્ટીમાં બે બાજુ નંદિ તથા હંસ, અને વચમાં કમળ બનાવ્યું છે. ટૂંકમાં હરિહર પિતામહાર્કની આ પ્રતિમા અનન્ય હોઈ ગુજરાતના પ્રતિમા-વિધાનમાં અનોખી છાપ પાડે છે. આ પ્રતિમા કદમાં નાની, પણ ધોળા આરસપહાણમાંથી કોતરેલી અતિનાજુક અને કલાની દૃષ્ટિએ અત્યુત્તમ મૂર્તિ શિલ્પનો નમૂનો છે.

17. Burjess-Archeological Survey of Northern Gujarat, p. 88, Dr. H. Sanklia, Archeology of Gujarat, A chapter on Iconography.

આ સિવાય ઢાંક અને સિદ્ધપુરમાં આવી પ્રતિમાઓ હોવાનું ડૉ. હસમુખ સાંકળીઆએ તેમના 'આર્કિયોલૉજી ઑફ ગુજરાત' નામક ગ્રંથમાં જણાવ્યું છે. પણ તેનાં સ્થાનો નિશ્ચિત રીતે નહિ જણાવ્યાથી તે શોધવી મુશ્કેલ છે. સિદ્ધપુરની પ્રતિમા શોધવા મેં અથાગ પ્રયત્ન કરેલો પણ તેને જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થઈ શક્યું નથી. પરંતુ ગુજરાતમાંથી આવાં શિલ્પો મળતાં હોવાના કારણે તેનો પ્રચાર આપણા રાજ્યમાં વધુ સારો એવો ફેલાયો હતો એમ જરૂર લાગે છે.

કૃષ્ણકાર્તિકેય

આમાં કૃષ્ણ તથા કાર્તિકસ્વામીનું સંયુક્ત સ્વરૂપ બનાવવામાં આવે છે. રૂપાવતાર[૧૮] તેનું સંક્ષિપ્ત વિધાન રજૂ કરતાં જણાવે છે કે તેને ચાર હાથ, દરેકમાં કમળ, શક્તિ, ઢાલ અને શંખ હોય છે. આ ઉપરથી લાગે છે કે તેના અર્ધાંગમાં કૃષ્ણ અને અર્ધાંગમાં સ્કંદની મૂર્તિ બનાવવામાં આવતી હશે. વધુમાં તેમનાં વાહનો ગરુડ અને સ્કંદ તેમની શક્તિઓ સાથે જણાવવામાં આવતાં હોવાં જોઈએ. આવી એક પણ પ્રતિમા હજુ સુધી જોવામાં આવી નથી અને તેથી જ તેનું વિગતપૂર્ણ વર્ણન અશક્ય છે.

ચંદ્રાર્ક-પિતામહ

આમાં ચંદ્ર, સૂર્ય અને બ્રહ્મા એમ ત્રણે દેવોનું સંયોગીકરણ કરવામાં આવે છે. રૂપાવતારે ચંદ્રાંક-પિતામહ નામ જણાવ્યું છે. જેમાંથી ફક્ત એ નામનો ધ્વનિ નીકળે છે; પરંતુ અપરાજિત પૃચ્છાકારે

૧૮. રૂપાવતાર, અ. ૬, ૩૫.

તેનું–'ચંદ્રાર્ક પિતામહ', એવું સ્પષ્ટ નામ જણાવેલું છે. આ સિવાય આ મૂર્તિને છ હાથ બનાવવાનું જણાવ્યું છે. ઉપકરણોમાં ચંદ્રના માટે બે હાથમાં મૃણાલ, બ્રહ્માના બે હાથમાં કમંડળ અને માલા જ્યારે બાકીના બેમાં કમળ મૂકવાનો નિર્દેશ કરેલો છે, જે સૂર્યનાં મુખ્ય ઉપકરણો તરીકે જણાવ્યાં હોવાનું માલૂમ પડે છે. આમ આ ત્રણે દેવોનું સંયોગીકરણ સૂચવે છે. 'મરાઠી મૂર્તિવિજ્ઞાન'ના કર્તા શ્રી ગણેશ હરિ ખરે, બે કે ત્રણ દેવોનું સ્વરૂપ હશે એવી શંકા રજૂ કરે છે. રૂપાવતાર તેને ચાર મુખ, છ હાથ દરેકમાં કમંડળ, માલા, બેમાં કમળ અને છેલ્લા બેમાં મૃણાલ ધારણ કરેલાં સર્વાભરણોથી અલંકૃત પ્રતિમા બનાવવાનું કહે છે. અપરાજિત પૃચ્છાકાર પણ આવું જ વર્ણન આપે છે.[૧૯] ગુજરાતમાંથી કે અન્યત્ર કોઈ જગ્યાએથી આવી એકપણ પ્રતિમા મળી આવી નથી.

ગોપાલસુંદરી

શિવના અર્ધનારીશ્વર સ્વરૂપની માફક રાધા અને કૃષ્ણના સંયુક્ત સ્વરૂપને ગોપાલસુંદરી તરીકે પીછાનવામાં આવે છે. ગોપાલસુંદરીના મૂર્તિવિધાન માટે કોઈ પણ ગ્રંથકારે નોંધ લીધી નથી, પરંતુ તાંત્રિક ગ્રંથોમાં તેનાં અનુષ્ઠાનવિધાનો મળી આવે છે. 'મંત્ર મહોદધિ', નામના મંત્રશાસ્ત્રના ગ્રંથમાં તેના અનુષ્ઠાનનો સ્વતંત્ર પ્રયોગ આપ્યો છે. આમાં મુખ્ય પ્રતિમા ગોપાલકૃષ્ણ અને લક્ષ્મીની જ હોવાનું તેના ધ્યાનમાંથી માલૂમ પડે છે.[૨૦] કવિ મીઠુ (હંસ) વિરચિત હંસવિલાસમાં પણ ગોપાલસુંદરીનો ઉલ્લેખ બીજા અનેક દેવદેવીઓ સાથે આપ્યો છે. રાધાકૃષ્ણના સંયુક્ત રૂપવિધાન ઉપરાંત તેનો સ્વતંત્ર તાંત્રિક સંપ્રદાય હોવાનું શક્તિસંગમતંત્રના આધારે માલૂમ પડે છે.[૨૧]

૧૯. રૂપાવતાર, અ. ૬, ૪૬–૪૭, અપરાજિત પૃચ્છા સૂત્ર ૨૧૩

૨૦. મંત્ર મહોદધિ, તરંગ, ૧૨–૫૫

૨૧. શક્તિસંગમ તંત્ર, તારાખંડ, પટલ, ૧–૯૬

ગ્રંથાંતરોમાંથી શિવશક્તિની માફક, વિષ્ણુલક્ષ્મીના સંયુક્ત સ્વરૂપની નોંધો મળતી હોવાથી મધ્યકાલમાં આ સ્વરૂપ ઉપાસકોમાં પ્રચલિત હતું એમ લાગે છે. કોઈ કોઈ ગ્રંથમાંથી તેમનું ધ્યાન પણ મળી આવે છે.[૨૨] તે પ્રમાણે અર્ધભાગે વિષ્ણુ, ડાબા અર્ધભાગમાં લક્ષ્મી, વિષ્ણુને ચાર હાથ, તે દરેકમાં અનુક્રમે પદ્મ, ગદા, શંખ અને ચક્ર, જ્યારે લક્ષ્મીજીના ચાર હાથમાં પુસ્તક અથવા જ્ઞાનમુદ્રા, કમળ, દર્પણ અને કળશ ધારણ કરેલાં હોય છે. ડાબી બાજુ લક્ષ્મીજી અનેક વિવિધ આભૂષણોથી અલંકૃત, ગાઢ આલિંગન આપતાં હોય તેવાં, આવું પુંડરિકાક્ષ અને લક્ષ્મીનું સંયુક્ત સ્વરૂપ બનાવવામાં આવતું હતું.

આવી એક બે પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી છે. સુરતમાં તાપી નદીના કિનારે અશ્વિનીકુમારના ઓવારા નજીક લક્ષ્મીબાઈનું મંદિર આવેલું છે. તેમાં ગોપાલસુંદરીની એક ભવ્ય પ્રતિમા આશરે ચાર ફૂટ ઊંચી અને અઢી ફૂટ પહોળી કાળા આરસ-પહાણમાંથી બનાવેલી મૂકેલી છે. જેમાં જમણું અંગ પુરુષનું, વામાર્ધ સ્ત્રીનું બનાવ્યું હોઈ, વિષ્ણુ અને લક્ષ્મીનું એકત્ર સ્વરૂપ વ્યક્ત કર્યું છે. આ પ્રતિમાને કુલ આઠ હાથ હોઈ, વિષ્ણુને ચાર અને લક્ષ્મીજીને પણ ચાર હાથ બનાવી વિધાન અને ધ્યાનના ક્રમે આયુધો પણ મૂકેલાં છે. આ મૂર્તિના પગ પાસે જમણી બાજુ નારાયણ (વિષ્ણુ) અને ડાબી બાજુ લક્ષ્મીજીની બેઠી નાની મૂર્તિઓ પણ સાથે બનાવવામાં આવી છે. આવી જ બીજી નાની પ્રતિમા આ મંદિરમાં છે. અહીં અનેક તંત્રશાસ્ત્રીઓએ અનુષ્ઠાનો પહેલાં કર્યાં હતાં. સ્વ. બ્રહ્મચારી આત્માનંદ સરસ્વતીએ પણ આ સ્થાનમાં કેટલીક ઉપાસના સાધી હતી એમ કહેવાય છે. આજે પણ શંખોદ્ધાર વ. તાંત્રિક ક્રિયાઓ અહીં કરવામાં આવે છે.

૨૨. મસ્થાન, પુ. ૨૦, અંક ૨, શ્રી મંજુલાલ મજમુદારનો લેખ

પ્રકરણ ૧૧મું


દેવી

દેવી સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રૈગુણ્ય પ્રકૃતિ સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ અને શિવના પરમ તેજમાંથી પુનરાવતાર પામેલું તેજ અથવા શક્તિ મનાય છે. જગતમાં તે સેંકડો અને હજારો નામો તથા સ્વરૂપો દ્વારા પૂજાય છે. ઇષ્ટકાર્ય સધાવી શકે તે સામર્થ્યને સામાન્ય રીતે શક્તિ નામથી ઓળખવામાં આવે છે. પણ શક્તિવાદનો મૂળ સંબંધ જ્ઞાનમાર્ગ સાથે હોઈ, તેની ઉપાસનાથી સાધક પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોની માફક દેવીનો સંપ્રદાય શાક્ત સંપ્રદાય તરીકે ઓળખાય છે. આમાં ઉપાસ્ય અને પ્રધાનદેવ તરીકે શક્તિ-દેવીને જ માનવામાં આવે છે. અન્ય સંપ્રદાયોમાં દેવીની પૂજા હોય છે પણ તે ફક્ત પરિવારદેવ તરીકે જ થાય છે. શાક્ત સંપ્રદાયનો યોગમાર્ગ સાથે નિકટનો સંબંધ છે, અને યૌગિક પ્રક્રિયાઓ દ્વારા જ જ્ઞાનશક્તિનો વિકાસ, અને અંતે પરબ્રહ્મની પ્રાપ્તિ-મોક્ષ મેળવી શકાય છે.

શાક્ત સંપ્રાદાયના બે મુખ્ય ભેદો છે. એક દક્ષિણ માર્ગ અને બીજો વામમાર્ગ આ બન્ને માર્ગની વિસ્તૃત આલોચના અનેક ગ્રંથમાં કરવામાં આવી છે. અત્રે તેની ચર્ચા બિનજરૂરી હોવાથી કરવી અસ્થાને છે.

શાક્ત સંપ્રદાયમાં દુર્ગા પ્રધાનદેવી છે. જોકે તેનાં અનેક નામો, વિવિધ સ્વરૂપો છે. ભગવતી દુર્ગાનાં લક્ષ્મી, મહાકાલી અને સરસ્વતી એ મુખ્ય ત્રણ સ્વરૂપો રાજસ્, તામસ્ અને સાત્ત્વિક ગુણ પ્રધાન



૨૨. અંધકાસુર-મર્દન (કર્ણાટ) પૃ. ૨૦૭




૨૧. ગજાસુર-સંહાર (ભીલાડ) પૃ. ૨૦૬



૨૩. વીરભદ્ર (શામળાજી)   પૃ. ૨૮૦




૨૫. અર્ધનારીશ્વર (પાટણ)   પૃ. ૩૦૮



૨૪. નટરાજ (પિંડવાડા)   પૃ. ૫૪૦




૨૬. હરિહર (વીસનગર)
પૃ. ૩૧૧




૨૭. હરિહર પિતામહાર્ક (દેલમાલ)
પૃ. ૩૧૫




૨૮. ગોપાલસુંદરી (સુરત) પૃ. ૩૨૯



૨૯. મહિષાસુર-મર્દિની (ધોળકા) પૃ. ૩૨૯ (સુ.)




૩૧. ગૌરી (પાર્વતી) પૃ. ૩૪૧




૩૦. ભદ્રકાલી (પાટણ) પૃ. ૩૪૦-૩૪૧



૩૨. સ્કન્દ-માતા (કારવણ) પૃ. ૩૫૪



૩૪. શીતલા (મોઢેરા) પૃ. ૩૭૩



૩૩. અંબા (થાન) પૃ. ૩૭૨

મનાય છે. તે કલ્પના પ્રારંભમાં સૃષ્ટિના સર્જનકાળે મહાકાલી સ્વરૂપે, સમસ્ત વિશ્વના પ્રલયકાળે મહામારી તરીકે, દ્રવ્યની દાતા અને અધિષ્ઠાત્રી લક્ષ્મી સ્વરૂપે હોવાનું મનાય છે. બીજું સમસ્ત દેવીઓની ઉત્પત્તિ મહાલક્ષ્મીમાંથી થઈ હોવાનું માર્કંડેય પુરાણ કહે છે.[૧] આ પ્રમાણે દેવીને મુખ્ય દેવતા તરીકે ગણી શિવ, વિષ્ણુ અને બ્રહ્મા વ. દેવોને તો તેના અંશસ્વરૂપ માનવામાં આવ્યા છે.

ઐતિહાસિકતાઓ

શક્તિવાદનાં મૂળ તત્ત્વો વેદમાંથી પ્રાદુર્ભાવ પામ્યાં હોઈ, આનંદમયિ ચિચ્છક્તિ સ્વરૂપના બોધકમંત્રો વેદમાંથી મળી આવે છે. સૂર્યાદેવીનાં વર્ણનોમાં શક્તિનો પત્નીભાવ અને અંભૃણઋષિની પુત્રીએ રચેલા વાક્‌સૂક્તમાં શક્તિવાદનું સમર્થન થતું જોવામાં આવે છે. દેવીનું સુપ્રસિદ્ધ લક્ષ્મીસૂક્ત ઋગ્વેદના પરિશિષ્ટમાંથી લેવામાં આવ્યું છે. તેને અંગે અનેક પ્રમાણો મળી આવે છે.[૨] વેદ પછી આરણ્યકો અને ઉપનિષદોમાં તેનો ખૂબ વિકાસ થયો છે. તેમાં પરાશક્તિ અને તેનું સ્વરૂપ સમજાવતાં ચૌદ ઉપનિષદોમાં તેનાં સિદ્ધાંતો નિરૂપાયાં છે. ઉપનિષદોની હકીકતને વ્યવસ્થિત રીતે દેવીઉપાસનામાં ઉતારતાં મંત્રશાસ્ત્રનાં સ્વતંત્ર સૂત્રો રચવામાં આવ્યાં છે. આ સૂત્રોની ભાષા સાંકેતિક અને મિતાક્ષરી હોવાથી તેની વધુ સ્પષ્ટતા કરવા શક્તિવાદનું આગમ સાહિત્ય રચાયું છે. તંત્રમાર્ગના સેંકડો ગ્રંથો જુદા જુદા સિદ્ધો અને ઉપાસકોએ પ્રાપ્ત કરેલી દેવીઉપાસના દ્વારા સિદ્ધિઓના અનુભવ અનુસાર રચાયાં છે. ટૂંકમાં શક્તિઉપાસના વેદપ્રણીત હોઈ જ્ઞાનમાર્ગની માફક મનુષ્યને પરબ્રહ્મસ્વરૂપ ભગવતી જગદંબાની પરાશક્તિની પિછાન કરાવી મુક્તિ અપાવે છે.

શક્તિવાદનો પ્રચાર ભારતવર્ષમાં અતિ પ્રાચીનકાળથી ફેલાયો

૧. સપ્તશતિ, પ્રાધાનિક, વૈકૃતિક અને મૂર્તિરહસ્ય.

૨. વધુ માટે જુઓ, સ્વ. નર્મદાશંકર મહેતા, શાક્તસંપ્રદાય, પ્રકરણ-૧.

હતો એમ પ્રાપ્ત-અવશેષો ઉપરથી માલૂમ પડે છે. મોહેં જો ડરોમાંની માટીની મૂર્તિઓ માતૃદેવીની હોવાનું પુરાતત્ત્વવેત્તાઓએ જણાવ્યું છે. આવી પ્રતિમાઓ નગ્ન હોઈ ફક્ત કમર નીચે પટ્ટદુકૂલ પહેરેલું માલૂમ પડ્યું છે. માતૃદેવીની પૂજા પ્રાચીનકાળમાં ભારત બહારના દેશોમાં પણ પ્રચલિત હતી એવાં વર્ણનો મળ્યાં છે.[3]

માતૃદેવીની મૃણ્મય પ્રતિમાઓનો પ્રચાર ભારતમાં ઘણા કાળ સુધી ફેલાયો હતો. પ્રાક્મૌર્ય, શુંગ અને કુશાણકાળની અસંખ્ય મૃણ્મય પ્રતિમાઓ ભારતનાં કેટલાંક પ્રાચીન સ્થાનોમાંથી પ્રાપ્ત થઈ છે. નંદનગઢના ખોદકામમાંથી એક સુવર્ણપત્ર ઉપર પૃથ્વિદેવીની કોતરેલી પ્રતિમા મળી છે, જેમાં પૃથ્વિદેવી ઊભાં, બે હાથ વ. છે. આ પ્રતિમા નંદકાળની હોવાનું મનાય છે. ઈ. સ. પૂર્વે પહેલી શતાબ્દીમાં થયેલા શકરાજા અયસકના સિક્કા ઉપર ગજલક્ષ્મીની કોતરેલી પ્રતિમા મળી છે. ઈ. સ.ના ચોથા સૈકામાં થયેલા ગુપ્તરાજા ચંદ્રગુપ્ત પહેલાના સિક્કા ઉપર એક બાજુ રાજા વ. તથા બીજી બાજુ સિંહારૂઢદેવી પ્રતિમા કોતરેલી મળી આવી છે. તે જ કાળના સમુદ્રગુપ્તના સુવર્ણ નિષ્ક ઉપર એક બાજુ મેષ અને બીજી બાજુ દેવીની મૂર્તિ કોતરેલી જણાવી છે. આશ્ચર્યની વાત એ છે કે મહમદઘોરી જેવા મુસલમાન બાદશાહના સિક્કામાં પણ ગજલક્ષ્મીની મૂર્તિ કોતરેલી જોવામાં આવે છે.[4] આમ ઈ. સ. પૂર્વે ચાર પાંચ સૈકાથી ઈ. સ.ના બારમા સૈકા સુધીના સિક્કાઓ ઉપર દેવીની પ્રતિમાઓ કોતરેલી મળી છે જે શક્તિવાદના પ્રચારની સાબિતી આપે છે.

---

૩. વિગતો માટે જુઓ:
   1. Indian Historical Quarterly September 1934, p. 414
   2. Calcutta Review No. 39, 1931, p. 30-31
   ૩. મોહેં જો ડરો તથા સિંધુસંસ્કૃતિ પા. ૧૦૫
૪. ભારતિય ઇતિહાસપ્રવેશ, પા ૧૦૩, ૧૪૬, ૧૫૪, ૨૪૪,

સિક્કાઓ ઉપરાંત શિલ્પકલામાં પણ તેનાં કેટલાંયે પ્રમાણો મળી આવ્યાં છે. સાંચીના સ્તૂપમાં એક સ્થળે દેવીનું શિલ્પ કોતરેલું છે. સર જોન માર્શલના કથન પ્રમાણે તે લક્ષ્મીદેવીની પ્રતિમા હોવાનું મનાય છે, ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યની ઉદયગિરિની ગુફામાં મહિષમર્દિનીની ભવ્ય મૂર્તિ કોતરેલી છે.

ભૂમરામાંથી પણ તે જ કાળની ષડ્ભુજાવાળી દેવીમૂર્તિ મળી છે. ત્યાર બાદ એટલે મધ્યકાળની તો હજારો દેવીમૂર્તિઓ પ્રાપ્ત થાય છે. જુદાં જુદાં રાજ્યોનાં પ્રદર્શનોમાંની દેવીપ્રતિમાઓ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે દેવીપૂજાનો પ્રચાર પ્રાચીનકાળથી ઉતરી આવ્યો હોઈ, સમાજના ઉપલા થરથી તે છેક નીચલા થર સુધી ફેલાયેલી હાલની દેવીઉપાસના, તેના સર્વતોમુખી વિકાસનું જ પરિણામ છે.

શક્તિસંપ્રદાયની પ્રાચીનતા વ્યક્ત કરતાં દેવીનાં મહાપીઠો સમગ્ર ભારતમાં ફેલાયેલાં છે. આ બધાં પીઠો પુરાણકાળથી પણ પ્રાચીન હોવાનું પૌરાણિક ઉલ્લેખોને આધારે જણાય છે. દેવીભાગવત અને મંત્રચૂડામણિ અનુક્રમે ૧૦૮ અને ૭૨ હોવાનું જણાવે છે. આ બધાં પીઠ ભારતના ખૂણે ખૂણે વ્યાપેલા શક્તિવાદને પુરવાર કરે છે અને દેવીપૂજાનો પ્રચાર પ્રાચીનકાળથી ફેલાયો હોવાનું સૂચવે છે. ગુજરાત પણ તેનાથી અલિપ્ત રહ્યું હોય તેમ તો માની શકાય જ નહિ. શ્રીમદ્ ભાગવત પ્રમાણે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ સત્રાજિતનો મણિ લેવા જાંબુવાન પાસે ગયા, અને અઢાર દિવસ સુધી દ્વારિકામાં પાછા ફર્યા નહિ, ત્યારે તેમના પિતા વાસુદેવ તથા બલરામે પુરોહિતોના કહેવાથી ભગવતી દુર્ગાનું આરાધન કર્યું હતું.[5] એટલે કે તે કાળે સૌરાષ્ટ્રમાં દેવી-ઉપાસના પ્રચલિત હતી. ભારતનાં ૧૦૮ પ્રધાન દેવીપીઠો પૈકી પ્રભાસમાં પુષ્કરાવતી, સરસ્વતીના તીરપ્રાંતે દેવમાતા, દ્વારિકામાં રુક્મિણી, બેટ શંખોદ્ધારમાં ધરા અને ભદ્રેશ્વર પાસેનું ભદ્રાદેવીનું શક્તિપીઠ ગુજરાતમાં

---

૫. શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૦, અ. ૫૬

જ આવેલાં છે. દેવીગીતામાં જણાવેલાં બોતેર પીઠો પૈકી, નર્મદાતટે નાકુલ અને વસ્ત્રાપથ (દ્વારિકા) પ્રદેશનું ભીમા ગુજરાતનાં જ મહાસ્થાનો છે. આ સિવાય આરાસુરનું અંબિકાપીઠ, પાવાગઢનું કાલિકાનું સ્થાન, કોયલા નામથી પ્રસિદ્ધ પોરબંદર પાસે આવેલું હરસિદ્ધિનું કૌલગિરિપીઠ, કચ્છમાં નારાયણ સરોવરથી બાર ગાઉ દૂર આશાપુરી માતાનો ગઢ, ભુજ પાસે રુદ્રાણીનું સ્થાન, ઓખામંડળમાં અજાયા, આરંભડામાં લૂણીમાતા, દ્વારિકામાં ચંદ્રભાગા, ભદ્રકાલી, કાલાવડમાં શીતલા, હળવદમાં સુંદરી, ઉપલેટા પાસે માતૃમાતા, ભાવનગર પાસે ખોડીઆર, નર્મદાતીરે અનસૂયા અને ચુંવાળમાં બહુચરાજીનું પીઠ વ. ગુજરાતમાં શક્તિઉપાસનાનાં મહાપીઠો છે. ઉર્જયંત યાને ગિરનારના અંબિકાપીઠનો ઉલ્લેખ વાયુ-પુરાણમાંથી પણ મળે છે આથી ગુજરાતમાં પૌરાણિકકાળથી દેવીપૂજા ઉતરી આવ્યાનું માની શકાય છે. પ્રત્યેક જ્ઞાતિ, કુલ, કુટુંબ અને ગામોને પોતાના ઈષ્ટદેવની માફક કુલદેવી, ગ્રામદેવી કે ગોત્રદેવી પણ હોય છે, પણ તેની વિગતવાર ચર્ચા અસ્થાને હોવાથી ગુજરાતમાં પ્રચલિત મુખ્ય દેવીઓનાં પ્રતિમાવિધાનો જ રજૂ કરી તેની પિછાન, મૂર્તિકલા અને વિન્યાસનાં વર્ણનો અને વિધાનો આપવાનો પ્રયત્ન કર્યો છે.

દુર્ગા

દેવીનાં અનેક અભિધાનો પૈકી દુર્ગા એ જાણીતું નામ છે. દુર્ગા એટલે અનિષ્ટ કાર્યોની નાશક દેવી. માર્કન્ડેયપુરાણકાર તેનું સામાન્ય સ્વરૂપ વ્યક્ત કરતાં તેને ચાર હાથ અગર એથી પણ વધુ હાથ, ત્રણ નેત્ર, અલંકારોથી વિભૂષિત સુંદર કૃષ્ણ વર્ણનું શરીર, માથે કિરીટ-મુકુટ, હાથોમાં જુદાં જુદાં આયુધો, પદ્માસન ઉપર ઊભાં રહેલાં અગર સિંહ ઉપર બેઠેલાં, ચાર હાથ હોય તો આગળના જમણા હાથમાં અભય, પાછળના જમણામાં ચક્ર, આગળના ડાબામાં કટકમુદ્રા, પાછળના ડાબામાં શંખ હોવાનું જણાવે છે જ્યારે આઠ હાથ હોય તો તેમાં અનુક્રમે શંખ, ચક્ર, શૂલ, ધનુષ, બાણ, ખડગ, ખેટક અને પાશ હોવાનું નોંધે

છે. વિષ્ણુધર્મોત્તરકાર પણ દુર્ગાને છ અગર આઠ હાથ જણાવી જમણાથી અનુક્રમે શક્તિ, બાણ, શૂલ ખડગ અને ચક્ર તથા ડાબામાં ખેટ, કપાલ, શૂલ અને ચક્ર હોવાનું જણાવી સિંહારૂઢ બતાવ્યાં છે. આ સિવાય પૂર્વકારણાગમમાં પણ તેનાં વર્ણનો આપેલાં છે.[૬] પંચાયતન દેવોમાં દુર્ગાનો સામાન્ય દેવી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. અમરકોષના રચનાકાળે તે પાર્વતીનાં અપર સ્વરૂપ તરીકે જાણીતાં હતાં, મહાભારતમાં અને હરિવંશમાં તેને કૃષ્ણની બહેન અને યશોદાની પુત્રી તરીકે ઓળખાવી છે. અભિલષિતાર્થ ચિંતામણી તેને શિવનારાયણાત્મિકા નામથી પિછાને છે. મત્સ્યપુરાણ અને માર્કણ્ડેયપુરાણ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના તેજમાંથી તે ઉત્પન્ન થયાનું કહે છે. મહાભારત હરિવંશ અને માર્કણ્ડેયપુરાણ તેને મદ્ય-માંસપ્રિય, ખટ્વાંગ, મુંડમાલા, તેમજ વ્યાઘ્રચર્મ ધારણ કરતાં હોવાનું સૂચવતાં હોવાથી પહેલાં તે અનાર્ય દેવતા મનાતાં હશે એવો તર્ક થાય છે.

આગમોમાં દુર્ગાના નવ પ્રકારો જણાવ્યા હોઈ, તેમાં નીલકંઠી, ક્ષેમંકરી, હરસિદ્ધિ, રુદ્રાંશદુર્ગા, વનદુર્ગા, અગ્નિદુર્ગા, જયદુર્ગા, વિધ્ય-વાસિનીદુર્ગા અને મહિષમર્દિનીદુર્ગા એમ જુદાંજુદાં નામો આપ્યાં છે. રૂપાવતારમાં તેનાં મહાલક્ષ્મી, નંદા, ક્ષેમંકરી, સર્વર્તી, મહારંડા, ભ્રામણી, સર્વમંગલા, રેવતી અને હરસિદ્ધિ વ. નામો રજૂ કર્યાં છે.[૭] રૂપમંડનકાર પ્રથમ ત્રણનાં જ વિધાનો સૂચવે છે.[૮] જ્યારે શ્રીતત્ત્વનિધિમાં છેલ્લા છનાં વર્ણનો મળી આવે છે. શ્રી તત્ત્વનિધિકાર શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્ર-ઘંટા, કુષ્માંડા, સ્કન્દમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી નામો ગણાવે છે. આ સિવાય અગ્નિપુરાણ, ભવિષ્યપુરાણ વિશ્વકર્માશાસ્ત્ર વ. ગ્રંથો પણ જુદાં જુદાં નામો રજૂ કરે છે અને તેમના

6. Dr. Gopinath Rao Elements of Hindu Iconography vol. 2, Pages 106-7,
7. Ibid, p. 115.
૮. રૂપમંડન, અ-૫.

જુદા જુદા વર્ણો પણ જણાવે છે.[૯]

નવદુર્ગાની પ્રતિમાઓ સીધી એક લાઈનમાં અગર વચમાં એક અને અષ્ટપત્રના દરેક પત્રની માફક આઠે દિશામાં બનાવવાનો આદેશ કોઈ કોઈ ગ્રંથકારોએ આપ્યો છે. આમાં મધ્યવર્તિદુર્ગાને અઢાર અને બાકીનાને સોળ હાથ બનાવવામાં આવે છે. મુખ્ય દુર્ગા આલીઢાસન વાળી સિંહ ઉપર આરૂઢ થયેલાં બનાવી, બાકીની દુર્ગાઓને કમલાસન ઉપર બેઠેલી રજૂ કરવાનાં સૂચનો મળ્યાં છે. આમ જુદા જુદા ગ્રંથકારોએ જુદાં જુદાં સૂચનો કર્યાં છે.

ચતુર્વર્ગચિન્તામણિ, ભવિષ્યપુરાણ, વિશ્વકર્માશાસ્ત્ર, રૂપમંડન અને રૂપાવતાર[૧૦] વ. ગ્રંથો નીલકંઠીદુર્ગા વ. ઉપર જણાવેલાં દુર્ગાનાં જુદાં જુદાં અભિધાનો વગેરે માટે વિસ્તૃત ચર્ચા આપે છે. શ્રી તત્ત્વનિધિકારે[૧૧] પણ રુદ્રાંશદુર્ગા, વર્ગદુર્ગા, અગ્નિદુર્ગા, જયદુર્ગા, વિંધ્યવાસિની દુર્ગા અને રિપુમારિણીદુર્ગાનાં વર્ણનો આપ્યાં છે. પરંતુ નવદુર્ગાનો પ્રચાર ગુજરાતમાં બીજાં રાજ્યો જેટલો વિકસ્યો નહિ હોવાથી તેની વિગતવાર ચર્ચા અત્રે કરી નથી. કલ્યાણના શક્તિઅંકમાં આ બધા જ પ્રકારની દેવીઓનાં ચિત્રો શાસ્ત્રોક્તવિધાનો પ્રમાણે ચીતરાવી મૂક્યાં છે જે તેના રસજ્ઞોને સાચો ખ્યાલ આપી શકે તેમ છે.

ગુજરાતમાં નવદુર્ગાનો પ્રચાર વિશેષ નહિ હોવાને કારણે નવે દેવીઓનાં મંદિરો એકસાથે મળ્યાં નથી. જ્યારે કાશીમાં શૈલપુત્રીથી માંડી નવે દુર્ગાઓનાં પૃથક્ પૃથક્ મંદિરો બાંધવામાં આવ્યાં છે. આગળ જણાવેલાં દુર્ગાનાં નામો પૈકી હરસિદ્ધિ, સર્વમંગલા, ક્ષેમંકરી અને વિંધ્યવાસિનીદેવીનાં મંદિરો ગુજરાતમાં હતાં એવા ઉલ્લેખો મળે છે. પાટણમાં સહસ્રલિંગ સરોવરના કાંઠા ઉપર આવેલા દેવીપીઠમાં હરસિદ્ધિનું મંદિર હતું એમ સરસ્વતીપુરાણ કહે છે.[૧૨] સિદ્ધરાજને અપર વિક્રમ થવાની ખૂબ અભિપ્સા હોવાને કારણે તેણે સહસ્રલિંગને કિનારે હરસિદ્ધિનું મંદિર પણ બંધાવ્યું હતું. આ સિવાય બીજાં પણ પ્રાચીન કે અર્વાચીન મંદિરો આ દેવીનાં ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી મળે છે. પોરબંદર પાસે હરસિદ્ધિનું પ્રાચીન સ્થાન આવેલું છે, જ્યાં સેંકડો યાત્રાળુઓ યાત્રા માટે જાય છે. વિંધ્યવાસિનીનાં મંદિરો ગુજરાતમાંથી કોઈ સ્થળેથી મળે છે કે કેમ તે જાણી શકાયું નથી. પણ પાટણના સહસ્રલિંગ સરોવરની મધ્યમમાં વિંધ્યેશ્વરીનું ભવ્ય મંદિર હતું એમ સરસ્વતીપુરાણ કહે છે.[૧૩] નવાનગર પાસે વિંધ્યવાસિનીનું મંદિર છે, જે જેઠવા ક્ષત્રિયોની કુલાંબા ગણાય છે. ક્ષેમંકરીનાં સ્વતંત્ર મંદિરો આપણા રાજ્યમાંથી મળ્યાં નથી. સિરોહી રાજ્યના વસંતગઢમાં તેવું એક મંદિર હતું એમ ત્યાંના વિ.સં. ૬૮૨ના લેખ ઉપરથી જાણવા મળે છે. આ મંદિરનો જિર્ણોદ્ધાર ભિન્નમાલના ચાપોત્કટ રાજા વર્ધમાનના વખતમાં થયો હતો. ગુજરાતમાંથી સર્વમંગલાની કેટલીક પ્રતિમાઓ મળી છે. વીસનગર તાલુકાના ખંડોસણગામમાં સર્વમંગલાનું પ્રાચીન દેવીમંદિર છે તેમાં શાસ્ત્રોક્ત લક્ષણવાળી પ્રતિમા બેસાડેલી છે. આ વિઘ્નવિનાશક દુર્ગાને ચાર હાથ છે. તેમાં અનુક્રમે અક્ષમાલા, વજ્ર, ઘટા અને કમંડલ ધારણ કરેલાં છે, વડનગરમાં તરગાળાવાડના મહોલ્લામાં દરોગાની શેરીના પ્રાચીન મંદિરમાં સર્વમંગલાની પ્રતિમા બેસાડેલી છે. દેલમાલના પ્રાચીન મંદિરમાં બેસાડેલી લિંબજાની મૂર્તિ રૂપવિધાનની દૃષ્ટિએ સર્વમંગલાને અનુસરે છે, આથી ગુજરાતમાં સર્વમંગલાનો પ્રચાર પ્રચલિત હતો પણ આ સિવાય બીજી કોઈ પણ દુર્ગાની પ્રતિમાઓ કે મંદિરો ગુજરાતમાંથી મળ્યાં નથી.

મહિષમર્દિની

ભગવતી જગદંબાએ દેવોના કલ્યાણ અર્થે મહિષાસુર રાક્ષસનો

9. Ibid, p. 116.

૧૦. રૂપમંડન, અ. ૫, શ્લોક ૩૫-૩૭; રૂપાવતાર, અ. ૮, શ્લો. ૫૦-૫૨.

૧૧. શ્રી તત્ત્વનિધિ, પા. ૧૬, ૨૪, ૨૬, ૨૭.

૧૨. સરસ્વતીપુરાણ, સર્ગ ૧૬, શ્લો. ૧૫૩.

૧૩. એજન, સર્ગ ૧૬, શ્લો. ૧૫૮.

નાશ કર્યો હતો આથી તે મહિષમર્દિની તરીકે જાણીતાં છે. તેની વિસ્તૃત આખ્યાયિકાઓ માર્કંડેયપુરાણના સપ્તશતિ સ્તોત્રમાં તેમજ દેવીભાગવતમાં આપેલી છે.[૧૪] આ સિવાય આ મહિષાસુર રાક્ષસ સ્વાયંભુવ મન્વંતરમાં વૈષ્ણવી શક્તિથી મરાયો હોવાનું પદ્મપુરાણ કહે છે, જ્યારે વૈવસ્વત મન્વંતરમાં નંદાથી મરાયો હોવાનું કેટલાક પુરાણોમાં જણાવ્યું છે. મહિષાસુરના નાશની આખ્યાયિકાઓ કાલિકાપુરાણ, વામનપુરાણ વ.માં પણ આપવામાં આવી છે. મહિષમર્દિનીને મહાલક્ષ્મીના અપર સ્વરૂપ તરીકે પણ માનવામાં આવે છે, અને તેનો પ્રાદુર્ભાવ અનેક દેવતાઓનાં પુંજમાંથી થયો હોવાનું જણાવી તેનું પૂજનઅર્ચન સિદ્ધિદાયક બને છે એમ જણાવ્યું છે.[૧૫] તેના પ્રતિમાવિધાન માટે વિવિધ કલ્પનાઓ ગ્રંથાન્તરોમાં રજૂ કરી છે.

તેનું પ્રતિમાવિધાન અભિલષિતાર્થ ચિન્તામણી,[૧૬] અગ્નિપુરાણ,[૧૭] વિશ્વકર્માશાસ્ત્ર,[૧૮] રૂપાવતાર,[૧૯] મત્સ્યપુરાણ[૨૦] અને વાચસ્પત્યભિધાનમાં આપવામાં આવ્યું છે. તે પ્રમાણે તેને દસ અગર વીસ હાથ, તે પૈકી જમણામાં ત્રિશૂલ, ખડગ, ચક્ર, બાણ અને શક્તિ, ડાબામાં ઢાલ, ધનુષ, પાશ, અંકુશ, ઘંટા અગર પરશુ હોય છે. નીચે છિન્ન મસ્તકવાળો મહિષાસુર પડેલો હોય છે. તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવોનું સંયુક્તરૂપ ધરાવતી ત્રણ નેત્રવાળા હોય છે. તેનું વાહન સિંહ હોય છે. કેટલાંક વર્ણનોમાં તે મહિષાસુરને મારતી બતાવી છે. જ્યારે કેટલાકમાં આયુધોનો સામાન્ય ફેરફાર છે. આમ જુદાજુદા ગ્રંથકારોએ મહિષાસુરમર્દિની માટે વિવિધ કલ્પનાઓ રજૂ કરી છે.

ગુજરાતમાંથી આવી મૂર્તિઓ પુષ્કળ મળે છે. પરંતુ તે દસ કે વીસ હાથવાળી હોતી નથી. સિદ્ધપુર તાલુકાના સુણક ગામમાં આવેલા નીલકંઠ મહાદેવના પ્રાચીન મંદિરની જંઘાઓમાં, તેમજ તળાવની પાળ ઉપરના મંદિરમાં આઠ હાથ ધરાવતી મહિષમર્દિનીની બે મૂર્તિઓ મળી છે. તેમાં દેવી સિંહ ઉપર બેઠેલાં, આઠ હાથ, નીચે મહિષાસુર પડેલો જણાવ્યો છે. વડનગરમાં ચિત્રેશ્વરી તથા અમથેરમાતાના મંદિરમાંથી ચાર હાથ ધરાવતી પ્રતિમા પ્રાપ્ત થઈ છે તેમાં દેવીના જમણા બે હાથમાં તલવાર તથા ભાલો અને ડાબામાં ઢાલ તથા ભાલો ધારણ કરેલાં છે. નીચે મહિષાસુર વ્યક્ત કરતાં ત્રિભંગયુક્ત દેવી અસુરને મારતાં જણાવ્યાં છે. પાટણમાં સોનીવાડાના ખેજડાના પાડામાં હરસિદ્ધના મંદિરમાં મહિષમર્દિનીની એક સુંદર પ્રતિમા છે તેને દસ હાથ હોઈ જમણા પાંચમાં અનુક્રમે ખડગ, ગદા, પાશ, ત્રિશૂલ અને છરો, જ્યારે ડાબામાં ઢાલ, ખટ્વાંગ, નરમુંડ, કપાલ અને ત્રિશૂલ ધારણ કર્યાં હોવાનું જણાવ્યું છે. નીચે મહિષ જણાવ્યો હોઈ ભગવતી તેને ત્રિશૂલ મારતાં હોય તેવો ભાવ વ્યક્ત કર્યો છે. રૂપાવતાર ઇત્યાદિ ગ્રંથોમાં તેનું આવું જ વર્ણન આપેલું હોઈ શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે બનાવવામાં આવી હોવાનું માલૂમ પડે છે. આ સિવાય ડીસાના સિદ્ધાંબિકાનાં મંદિરમાં, દેલમાલમાં આવેલા લિંબજામાતાના મંદિરની જંઘામાં, કસરાના પ્રાચીન મંદિરની જંઘામાં, અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં, અમરેલી પાસે ગોહિલવાડ ટીંબાના ખોદકામમાંથી મહિષમર્દિનીની મૂર્તિઓ મળી આવી છે. વળી ગુજરાતમાંથી મળતી ચાર, છ કે આઠ હાથની પ્રતિમાઓનું વિધાન કોઈ પણ ગ્રંથોમાં નથી. રૂપકારોની આ સ્વતંત્ર કલ્પના હોય એમ જણાય છે. ગુજરાત બહારમાં તો ભૂમરા અને બાદામિની ગુફાઓમાંથી પણ પ્રાપ્ત પ્રતિમાઓ ચાર હાથવાળી છે. વીસ હાથ ધરાવતી આ દેવીની કોઈ પણ પ્રતિમા

---

૧૪. માર્કંડેયપુરાણ, સપ્તશતિસ્તોત્ર, અ. ૩; દેવીભાગવત, સ્કં. ૫, અ. ૧-૨૦

૧૫. સપ્તશતિસ્તોત્ર, વૈકૃતિક રહસ્ય.

૧૬. અભિલષિતાર્થ ચિન્તામણી વિ. ૩, અ. ૧.

૧૭. અગ્નિપુરાણ, અ. ૫૨, ૧૬.

૧૮. વિશ્વકર્માશાસ્ત્ર ૨-૭૯.

૧૯. રૂપાવતાર, અ. ૮, ૧૧૨-૧૧૩.

૨૦. મત્સ્યપુરાણ, અ. ૨૬૦.

ગુજરાત કે ગુજરાત બહારના પ્રદેશમાંથી મળતી નથી. પરંતુ મહેસાણામાંથી વીસ હાથ ધરાવતી દેવીની એક ધાતુપ્રતિમા મળી આવી છે જે ત્રણ ફૂટ ઊંચી છે અને તેના હાથોમાં વિવિધ આયુધો ધારણ કરેલાં બતાવ્યાં છે. પણ આમાં મહિષાસુરને મારતી હોય તેવો કોઈ પણ ભાવ વ્યકત કર્યો નથી. આમાં તો દેવી સમભંગવાળાં ઊભેલાં અને વીસ હાથોમાં વિવિધ આયુધો છે. પણ મહિષાસુરનું મર્દન નહિ કરતી હોવાથી તે મહિષાસુરમર્દિનીની પ્રતિમા છે એમ કહી શકાય નહી. તેને અંબિકાથી ઓળખી શકાય.

અંબા–અંબિકા

વિશ્વકર્માશાસ્ત્રમાં તેને ચાર હાથ, સિંહવાહન, દરેક હાથમાં અનુક્રમે ખડગ, ઢાલ, દર્પણ અને વરદમુદ્રા, ત્રણ નેત્ર આવું વિધાન અંબિકા માટે જણાવાયું છે. ગુજરાતમાં અંબિકાને અંબાજીથી પૂજવામાં આવે છે. અંબિકાનો અર્થ માતા થાય છે. વેદમાંથી અંબા, અંબિકા વ. નામો મળી આવે છે.[૨૧] એટલે દેવીવાચક આ શબ્દ વેદકાલીન પ્રાચીન છે. ગુજરાતમાં આરાસુર પર્વતમાં આવેલું ભગવતી અંબાનું મહાસ્થાન દેવીનું મહાધામ ગણાય છે. આ મંદિરમાં અંબિકાનો યંત્ર જ પૂજાય છે. ફક્ત વસ્ત્રાભૂષણોથી એની મૂર્તિ જેવો દેખાવ કરાય છે. આ સ્થળ પૌરાણિક કાળનું મનાય છે. મહિષાસુરને દેવીએ અહીં જ માર્યો હતો એમ સ્કંદપુરાણ[૨૨] કહે છે.

વિશ્વકર્માશાસ્ત્રના વિધાન પ્રમાણેની આ દેવીની પ્રતિમાઓ ગુજરાતમાં કેટલેક સ્થળેથી મળી આવી છે. અંબાનું સ્વરૂપ મહિષમર્દિનીને મળતું હોઈ ફક્ત હાથની સંખ્યા અને આયુધોમાં જ થોડા ફેરફાર છે. આથી ગુજરાતમાં મહિષમર્દિનીની જ પ્રતિમાઓ અંબા તરીકે પૂજાય છે. અંબાનાં સ્વતંત્ર મંદિરો પણ ગુજરાતમાં કેટલેક

૨૧. યજુર્વેદસંહિતા, અ. ૨૩, મં. ૧૮
૨૨. સ્કંદપુરાણ, પ્રભાસ ખડાંતર્ગત અર્બુદખંડ, અ. ૩૬

સ્થળેથી મળે છે. આમ અંબાની ઉપાસના ગુજરાતમાં પ્રાચીનકાળથી જણાય છે.

બહુચરા

ગુજરાતનું બીજું મહાસ્થાન બહુચરાનું છે. આ શબ્દની વ્યુત્પત્તિ આપતાં વિદ્વાનો बहुचरति इति बहुचरा જણાવે છે. જ્યારે વિદ્વાન સંશોધક સ્વ. કેશવલાલ. હ ધ્રુવ. बर्हिन् એટલે મોરના વાહનવાળી દેવી બહુચરા बर्हिचरादेवी તરીકે ઓળખાવે છે. સ્વ. શ્રી. રામલાલ મોદી બહુચરગામની ગામદેવી હોવાને કારણે બહુચરા નામ હોવાનું અનુમાને છે. પણ સાચો અર્થ કયો તેનો નિર્ણય લઈ શકાયો નથી. આ બધો પ્રદેશ ધર્મારણ્યમાં આવેલો હોઈ, પૌરાણિક દૃષ્ટિએ પવિત્ર અને તીર્થમય છે. આ પ્રદેશમાં માતંગી, શ્રીમાતા વ. દેવીઓએ કર્ણાટ નામના રાક્ષસનો નાશ કર્યો હતો એમ સ્કંદના ધર્મારણ્યખંડમાં જણાવાયું છે. શ્રીમદ્ ભાગવતમાં જણાવ્યું છે કે પછી દેવી બહુનામ વાળાં પ્રચલિત થયાં આથી પણ બહુચરા નામ ચરિતાર્થ થયું હોય.[૨૩] અહીં દેવીએ બહુ રાક્ષસોનો સંહાર કર્યો હતો તેમ જણાવી તે ઉપરથી પણ આ નામ આવ્યું હોય એમ જણાવે છે. દંતકથા પ્રમાણે બુટ, બલાલ અને બહુચરા ચારણીપુત્રીઓ હતી તેમાં બહુચરાએ અહીં આત્મભોગ આપતાં તેનું આ સ્થાન પૂજાય છે.

આ મહાસ્થાનમાં પણ જગદંબાની મૂર્તિને બદલે ગોખમાં બાલાયંત્ર પૂજાય છે. ઐતિહાસિક રીતે જોતાં બારમા સૈકા પહેલાં આ સ્થાન વિદ્યમાન હતું.[૨૪] સોળમા સૈકામાં રચાયેલા જૈનોના કોચરવ્યવહારિ રાસના આધારે પણ તેની પ્રાચીનતા જાણી શકાય છે. ગમે તેમ હો પણ બાલાબહુચર્યાનું સ્થાન ધાર્મિક નજરે જોતાં એક સિદ્ધપીઠ છે. આ દેવીનું મંદિર માનાજીરાવ ગાયકવાડે સં. ૧૮૩૬માં બંધાવ્યું

૨૩. શ્રીમદ્ ભાગવત, સ્કં. ૧૪, અ. ૪
૨૪. શ્રી દુ. કે. શાસ્ત્રી, ગુજરાતીના ઐતિહાસિક શિલાલેખો ભા. ૨, લેખ નં ૧૬૫, પા. ૧૧૬

હોવાનો શિલાલેખ છે. ગુજરાતના પ્રાચીન મંદિરોમાં શિલ્પસ્થાપત્યનું અજોડ, અખંડ અને અદ્યતન હિન્દુ મંદિર હોઈ શિલ્પકલાની દૃષ્ટિએ તેનું મહત્ત્વ ઘણું ઊંચું છે.

શ્રી યાને લક્ષ્મી

લક્ષ્મી ઐશ્વર્ય અને સૌંદર્યની મુખ્ય દેવી છે. તેના બે પ્રકારો છે એક વિષ્ણુ સાથે અને બીજી સ્વતંત્ર. વિષ્ણુની તે પટરાણી છે છતાં સ્વતંત્ર દેવી તરીકે તેની ઉપાસના તંત્રમાર્ગમાં રજૂ કરવામાં આવી છે. બન્નેના ધ્યાનમાં કેટલોક તફાવત છે જે રૂપવિન્યાસમાં ફેરફાર સૂચવે છે.

તંત્રમાર્ગમાં તેની ઉપાસના પ્રાચીનકાળથી સર્વ શ્રેષ્ઠ દેવી તરીકે થાય છે. કારણ ભાવનાઉપનિષદ્‌માં શ્રી વિદ્યાનું કેટલુંક રહસ્ય સમજાવ્યું છે શ્રી વિદ્યાની ઉપાસના શાક્તસંપ્રદાયમાં શિરોબિન્દુ સમાન મનાય છે. આમાં ભગવતી ત્રૈલોક્ય ઉપર શાસન કરનારી દેવી તરીકે મનાય છે. યંત્રોમાં પણ શ્રી યંત્રને યંત્રરાજ કહેવામાં આવતો હોઈ બધા યંત્રોમાં સર્વ શ્રેષ્ઠ મનાય છે.

લક્ષ્મીની ઉત્પત્તિ સમુદ્રમંથન સમયે સમુદ્રમાંથી થઈ હોવાની પૌરાણિક આખ્યાયિકા છે. સૌથી પ્રથમ તેઓ બહાર આવ્યાં અને તેઓ ભગવાનનાં પટરાણી તરીકે નિયુક્ત થયાં. આથી જ કવિઓ તેમનું પિયર સાગરમાં જણાવે છે.

મહાલક્ષ્મી

સર્વ દેવીઓમાં મહાલક્ષ્મી મુખ્ય છે અને બ્રહ્માદિ દેવોનું તે આદિ સ્થાન મનાય છે. શાક્તસંપ્રદાયમાં તેની સ્વતંત્રદેવ તરીકે કલ્પના કરવામાં આવી છે. સપ્તશતિના પ્રાધાનિક રહસ્યમાં તેમનામાંથી અખિલ બ્રહ્માંડ સર્જાયાની આખ્યાયિકા છે.[૨૫] અને તે પ્રમાણે સર્વ જગત


૨૫. પ્રાધાનિક રહસ્ય, શ્લો. ૫-૩૧

માત્રનું ઉપાદાન કારણ મહાલક્ષ્મી હોવાનું જણાવ્યું છે.[૨૬] મહાલક્ષ્મી, શ્રી અને લક્ષ્મી માટે રૂપમંડન રૂપાવતાર,[૨૭] માનસાર,[૨૮] વિશ્વકર્માશાસ્ત્ર,[૨૯] માર્કંડેયપુરાણના ચંડિસપ્તશતિસ્તોત્ર[૩૦]માં રૂપવિધાનો આપ્યાં છે. તે પ્રમાણે તેને ચાર હાથ, તે પૈકી જમણામાં પાત્ર તથા ગદા અને ડાબામાં ઢાલ તથા શ્રીફળ હોય છે. જોકે ગ્રંથાંતરોમાં આયુધ ભેદ હોઈ સપ્તશતિસ્તોત્રમાં તો અઢાર હાથ હોવાનું જણાવ્યું છે. અને માતુલિંગ મુખ્ય આયુધ જણાય છે.

લક્ષ્મી

મહાલક્ષ્મી અને લક્ષ્મીનાં સ્વરૂપો એક જ હોવા છતાં, થોડોક તફાવત હોવાનું ગ્રંથકારોનાં વિધાનો ઉપરથી માલૂમ પડે છે. તેના બે પ્રકારો છે, એકમાં વિષ્ણુ સાથે યુગલ સ્વરૂપમાં અને બીજામાં તેઓ કમલાસન ઉપર પદ્માસન લગાવી બેઠેલાં હોવાનું જણાવવામાં આવે છે. તેના રૂપવિન્યાસ માટે અગ્નિપુરાણ,[૩૧] રૂપાવતાર અને રૂપમંડન,[૩૨]

૨૬.



૨૭ રૂપમંડન, અ. ૫, ૫૯, ૬૦; રૂપાવતાર, અ. ૮, શ્લોક ૧૦૭-૮
૨૮. માનસાર, અ. ૫૩
૨૯. વિશ્વકર્માશાસ્ત્ર-ચતુર્વર્ગ ચિન્તામણિ ૨ ૭૮
૩૦. સપ્તશતિસ્તોત્ર ધ્યાન શ્લોક ૨
૩૧. અગ્નિપુરાણ, અ. ૪૯-૩૦ અને ૫૦-૨૦
૩૨. રૂપમંડન, અ. ૫, ૫૭-૫૮; રૂપાવતાર, અ. ૮, ૧૦૧-૧૦૬

વિષ્ણુધર્મોત્તર,[૩૩] શિલ્પરત્ન[૩૪] અને અંશુમદ્‌ભેદાગમ[૩૫]માં વર્ણનો આપ્યાં છે. તે પ્રમાણે એથી આઠ હાથ, દરેકમાં જુદાં જુદાં આયુધો, પાછળ અગર બાજુમાં બે હાથી કળશ વડે અભિષેક કરતા, સર્વાભરણોથી યુક્ત દિવ્ય પ્રતિમા બનાવવાનું જણાવે છે.

આ ઉપરાંત સમુદ્ર મંથનમાંથી લક્ષ્મીજી ઉત્પન્ન થયાં હોઈ, કેટલીક મૂર્તિઓમાં કમલાસન ઉપર લક્ષ્મીજી બેઠેલાં અને નીચે સમુદ્રમંથનનું શિલ્પ જણાવતાં, બન્ને બાજુ દાનવો અને દેવો, મધ્યમાં મેરુદંડ સાથે સમુદ્ર વ. ની કલ્પના પણ તેમાં જણાવેલી હોય છે. તેનાં આયુધો માટે વિવિધ પ્રકારો જણાવ્યાં છે, તેમ તેનાં વર્ણનો માટે પણ થોડી ભિન્નતાઓ મળી આવે છે. વિષ્ણુધર્મોત્તરકાર તેનો રંગ શ્યામ જ્યારે અંશુમદ્‌ભેદાગમ સુવર્ણ જેવો પાળો જણાવી, ગળામાં સુવર્ણમાળા, છાતીવિકસીત, સુદૃઢ કંચુકીબંધન અને સુંદર કોતરણીઓવાળો શિલ્પકળાથી પૂર્ણ કમરપટ્ટો હોવાનું જણાવે છે. લક્ષ્મીજીની પાછળની બાજુ બે હાથીઓ તેમજ ચમર ઢોળતી પરિચારિકાઓ પણ કેટલીક વખત વ્યક્ત કરવામાં આવે છે.

યુગલ સ્વરૂપમાં લક્ષ્મીજી

લક્ષ્મીજી જ્યારે વિષ્ણુની સાથે યુગલ સ્વરૂપમાં હોય છે, ત્યારે તેમને ફક્ત બે જ હાથ હોવાનું પ્રતિમાવિધાન શાસ્ત્રોએ જણાવ્યું છે. આવાં વર્ણનો અગ્નિપુરાણ, અંશુમદ્‌ભેદાગમ, પૂર્વકરણાગમ, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર અને સમરાંગણ સૂત્રધારમાં આપેલાં છે. તે બધામાં લક્ષ્મીજીને ફક્ત બે હાથ, તેમાં શ્રીફળ અને કમળ ધારણ કરેલાં, સુંદર આભૂષણો, વસ્ત્રો, વિષ્ણુની પાસે ઊભેલાં, અગર ગરુડ ઉપર કે શેષ ઉપર ડાબી જંઘા ઉપર બેસાડેલાં હોવાનું નોંધ્યું છે.

૩૩. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૧, ૧-૭

૩૪ શિલ્પરત્ન, ૨૪-૬૩

૩૫. અંશુમદ્‌ભેદાગમ, અ. ૪૯, ૧-૪

લક્ષ્મીનારાયણની ઉપર પ્રમાણેના ગ્રંથોક્ત વર્ણનોવાળી મૂર્તિઓ મળી આવે છે.

શ્રી

લક્ષ્મીજીના ચતુર્થ પ્રકારમાં શ્રીનું વિધાન આવે છે. અભિલષિતાર્થ ચિંતામણિકાર તેને માટે લખે છે કે પદ્માસનસ્થ, બે હાથ તે પૈકી એકમાં કમળ અને બીજામાં શ્રીફળ, શ્વેત વસ્ત્ર, બે બાજુ ચામરધારિણી સ્ત્રીઓ, પાછળ બે હાથી સુવર્ણઘટોથી અભિષેક કરતા હોય છે.[૩૬] આ ઉપરાત શ્રીના રૂપવિન્યાસ માટે ગ્રંથોક્ત વિધાનો નયસંગ્રહ, મત્સ્યપુરાણ,[૩૭] માનસાર,[૩૮] શિલ્પરત્ન[૩૯] અને હેમાદ્રીમાં આપેલાં છે. આ બધાં વર્ણનો ઉપરથી શ્રીનું સ્વરૂપ બે હાથયુક્ત, પાછળ બે અગર ચાર હાથી, ચામરયુક્ત પરિચારિકાઓથી સુશોભિત, સર્વાલંકારોથી શોભાયમાન, સૌંદર્યવાળું બનાવવાનું જાણી શકાય છે. તાત્ત્વિક દૃષ્ટિએ તેનાં ઉપકરણો અને હાથીઓ દૈવી શક્તિઓનાં જ રૂપકો છે. તેમની પાસે સ્વર્ગમાં રહેતી સ્વર્ગલક્ષ્મી, રાજગૃહોની રાજલક્ષ્મી, સામાન્ય જનોના ઘરમાં વાસ કરતી ગૃહલક્ષ્મી અને તેમના કલાંશરૂપે ગૃહિણી સ્વરૂપ લક્ષ્મી રહેની હોવાનું બ્રહ્મ વૈવર્તપુરાણમાં[૪૦] જણાવ્યું છે. શ્રીદેવી પણ લક્ષ્મીજીનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. બ્રાહ્મણકાળમાં તો શ્રીદેવીનું મહત્ત્વ બીજી બધી દેવીઓ કરતાં વધુ હતું, પરંતુ પાછળથી પૌરાણિકયુગમાં બીજી દેવીઓ સાથે સ્થાયી સ્વરૂપ પામતાં શ્રીદેવી તેમાં મળી ગયાં હોવાનું માલૂમ પડે છે.[૪૧]

ગુજરાતમાં તો શ્રીનાં સ્વરૂપો લક્ષ્મીજીથી જ ઓળખાય છે.

૩૬. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિંશતિ ૩, શ્લોક ૭૯૯-૮૦૨

૩૭. મત્સ્યપુરાણ, અ. ૨૬૧, ૪૦-૪૭

૩૮. માનસાર, અ. ૫૩

૩૯. શિલ્પરત્ન, ૨૪-૯

૪૦. બ્રહ્મવૈવર્તપુરાણ પ્રકૃતિખંડ, અ. ૩૨-૩૬

૪૧ સતીશચંદ્ર કામા, મોર્ડે ભો દેડ઼ો, પા. ૧૦૬

જોકે તેની સંખ્યાબંધ મૂર્તિઓ મળતી નથી, અને મળે છે તે શ્રી તરીકે પિછાનાતી નથી. લક્ષ્મી અગર મહાલક્ષ્મીની સંખ્યાબંધ મૂર્તિઓ મળે છે તેમાંની ઘણીખરી પ્રતિમાઓ મંદિરોના ઉપથરો, તોરણો, સ્તંભો અને દ્વારશાખાઓમાં કોતરેલી જણાય છે. આ ઉપરાંત કેટલીક સેવ્યમૂર્તિઓ પણ મળી છે.

મુંબઈમાં સમુદ્રતીરે આવેલા મહાલક્ષ્મી મંદિરમાં લક્ષ્મીજીની પ્રતિમા બેઠી, ચાર હાથ, પાછળ બે બાજુ હાથીઓ અભિષેક કરતા હોવાનું રૂપવિધાન ધરાવે છે. આ જ શહેરમાં પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં તેરપુરથી લાવવામાં આવેલી એક લક્ષ્મીજીની પ્રતિમા છે તેને ચાર હાથ જણાવી જમણા નીચેના હાથથી અનુક્રમે બિલ્વફળ, કમળ, અમૃતઘટ અને શંખ ધારણ કરેલાં હોવાનું જણાવ્યું છે. આ પ્રાચીન મૂર્તિ મધ્યકાલિન દેવીપ્રતિમાઓમાં અપ્રતિમ છે. આમાં દેવી કમળ પર બેઠેલાં જણાવ્યાં છે. આવી જ બીજી મૂર્તિ મોઢેરામાંથી મળી છે. તેને પણ ચાર હાથ તેમાં અનુક્રમે શ્રીફળ, કમળ, અમૃતઘટ અને શંખ ધારણ કર્યાં હોઈ માથે કિરીટમુકુટ, ગળામાં અલંકારો અને નીચે કમલાસન છે. અમદાવાદમાં આશાભીલના ટેકરાનું ખોદકામ કરતાં મળી આવેલી મૂર્તિઓમાં લક્ષ્મીજીની પ્રતિમા છે. તેને બે હાથ, તેમાં કમળ અને નીચે કમલાસન છે. સિદ્ધપુરમાં ગોવિંદમાધવના મંદિરમાં ગોવિંદરાયના દ્વાર પાસે એક ગોખલામાં લક્ષ્મીજીની બેઠી મૂર્તિ છે. તેને ચાર હાથ જણાવ્યા હોઈ તે પૈકી બેમાં કમળ ઉપર હાથી વ્યક્ત કર્યા છે. જ્યારે નીચેના બે હાથમાં માળા તથા કમંડલ મૂક્યાં છે. લક્ષ્મીજીની પાછળ હાથી મૂકવાનું વિધાનમાં જણાવ્યું છે પણ હાથમાં હાથી મૂકવાનું કાર્ય અથવા યોજના આના રૂપકારની સ્વતંત્ર જણાય છે. ગુજરાતમાંથી આવી કેટલીક મૂર્તિઓ મળી છે તેથી ગુજરાતના રૂપકારોએ આ નવીન પરંપરા ઉપજાવી કાઢી હશે એમ લાગે છે.

અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં ચાર ફૂટ ઊંચી એક લક્ષ્મીજીની પ્રતિમા છે. તેને ચાર હાથ છે અને પાછળ હાથી છે. વિધાન પ્રમાણે તેને શ્રી સ્વીકારીએ તો તેને બે જ હાથ હોવા જોઈએ. હાથનાં આયુધો વિધાન પ્રમાણે છે પણ ચાર હાથ હોવાથી તે શિલ્પીની સ્વતંત્રતા જ માનવી પડે છે.

પાટણમાં મહાલક્ષ્મીમાતાના પ્રાચીન મંદિરમાં, તેમની એક ભવ્ય અને પુરાતન પ્રતિમા બેસાડેલી છે, આ પ્રતિમા સંવત ૧૨૦૩માં શ્રીમાળી બ્રાહ્મણો શ્રીમાળથી લાવ્યા હોવાની કિંવદંતી છે. શ્રીમાળનો નાશ તેરમા સૈકામાં થયો હતો તે સમયે ત્યાંના પ્રજાજનોએ સ્થળાંતર કર્યું હતું. ત્યાંના બ્રાહ્મણો અને વણિકો તેમની આ કુળદેવીને અહીં લાવ્યા હતા. શ્રીમાળ-પુરાણ પ્રમાણે તે શ્રીમાળક્ષેત્રની અધિષ્ઠાત્રી જણાવી છે. આ પ્રતિમા ઘણી જ પ્રાચીન હોઈ, તેનો કેટલોક ભાગ ખવાઈ ગયો છે, છતાં તેનું કલાવિધાન સ્પષ્ટ અને કલામય બનાવ્યું હોવાનું મૂર્તિમાંથી જણાઈ આવે છે. આ મૂર્તિને બે હાથ બનાવ્યા હોઈ બન્નેમાં કમળો વ્યક્ત કર્યાં છે. અને નીચે સમુદ્રમંથનનું શિલ્પ બનાવ્યું છે. લક્ષ્મીજીના માથે કિરિટમુકુટ, હાથે કંકણ વ. આભૂષણો જણાવ્યાં હોઈ આ પ્રતિમા પ્રાચીન મૂર્તિકલાનો અદ્વિતીય નમૂનો છે. તેની ઊંચાઈ આશરે ચાર ફૂટ હોઈ ધોળા આરસમાંથી બનાવેલી છે.

આવી જ બીજી મૂર્તિ પાટણના ઋષિકેશના મંદિરમાં મુખ્ય પ્રતિમાની સાથે બેસાડેલી છે. તેમાં પણ લક્ષ્મીજી કમળ ઉપર બેઠેલાં, હાથમાં કમળ, ઉપર બે હાથી, માથે કિરીટમુકુટ અને નીચે સમુદ્ર-મંથનનું દૃશ્ય રજૂ થયું છે. આ મૂર્તિ પણ ધોળા આરસની આશરે ત્રણ ફૂટ ઊંચી છે.

લક્ષ્મીની ઊભી બે પ્રતિમાઓ પાટણમાંથી મળી છે, તે પૈકી એક સાળવીવાડાના નહિપાસુરી મંદિરમાં, તેમજ બીજી છે પંડ્યા અભ્યાસગૃહના કલાપ્રદર્શનમાં મૂકેલી છે. આ બન્ને ઊભી પ્રતિમાઓના બે હાથમાં કમળ અને બીજોરું, માથે કિરીટમુકુટ, શરીર ઉપર આભૂષણો

વ. જણાવ્યાં છે. આ બન્નેનું રૂપવિધાન મોટે અંશે શ્રીને અનુરૂપ હોઈ ફક્ત પાછળ હાથીઓ કે પરિચારિકાઓ નથી છતાં શ્રી તરીકે સ્વીકારી શકાય.

સોરાષ્ટ્રમાં વેરાવળ અને સોમનાથના માર્ગ વચ્ચે મૈપુરી નામની મસ્જિદ આવેલી છે જે હિન્દુમંદિરમાંથી રૂપાન્તર થયેલી છે તેમાં લક્ષ્મીજીની એક સુંદર પ્રતિમા મળી આવી છે. વળી મુંબઈના ઇન્ડિયન હિસ્ટોરિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં લક્ષ્મીની ત્રણ ચાર ધાતુપ્રતિમાઓ મૂકેલી છે. તેમાં દરેકને ચાર હાથ, પાછળ હાથી અને કમળ ઉપર બેઠેલાં જણાવ્યાં છે. ઐતિહાસિક દૃષ્ટિએ તે બારમા તેરમા સૈકાની જણાય છે.

આ સિવાય ગુજરાત સિવાયના અન્ય રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં મૂર્તિઓ મળી આવે છે. ભારત બહારના દેશોમાં ટિબેટમાંથી પણ એ મૂર્તિઓ મળી આવી છે. એટલે લક્ષ્મીજીનો પ્રચાર ભારત ઉપરાંત ભારતેતર દેશોમાં ફેલાયો હતો એમ માનવાને કારણ રહે છે.

મહાકાલી

જગદંબાનાં મુખ્ય ત્રણ સ્વરૂપોમાં આ સ્વરૂપ આદ્ય ગણાય છે. જગદંબાએ તેની કલ્પના સૌ પ્રથમ કરી હોવાથી તાંત્રીકો તેને આદ્યા તરીકે ઓળખે છે. તમોગુણવાળી આ દેવીને યોગનિદ્રા પણ કહેવામાં આવે છે. કાલિનો પ્રાદુર્ભાવ અંબિકાના સ્વરૂપમાંથી જ થયો છે એમ માર્કંડેયપુરાણ કહે છે.[૪૨]

તેને દસ હાથ તથા પગ, કાજળ જેવો શ્યામ વર્ણ, ત્રણ નેત્ર અને ગળામાં મુંડમાળા, દેદીપ્યમાન દાંત અને દાઢો ભયંકર હોવાથી દેખાવમાં ભયજનક, આયુધોમાં ખડગ, બાણ, ગદા, શૂલ, શંખ, ચક્ર, ભુશુંડી, પરીઘ, ધનુષ, અને રાધર ટપકતું મુંડ મુખ્ય છે. તે વિષ્ણુની દુરત્યયા માયા ગણાય છે.

૪૨. માર્કંડેયપુરાણ, સપ્તશતિ સ્તોત્ર, અ. ૭, ૫–૭

કાલીની વ્યુત્પત્તિ પ્રમાણે कलयति, भक्षयति प्रलयकाले सर्वम् इति। જે સર્વનો પ્રલયકાલે ગ્રાસ કરી લે છે તે ભગવતી કાલી. સંહાર તેનું મુખ્ય કાર્ય છે. કાલીનાં સ્વતંત્ર મંદિરો બીજા રાજ્યોની માફક ગુજરાતમાંથી પણ મળી આવે છે. સરસ્વતીના બાર ભેદોમાં પણ કાલીને ગણવામાં આવી છે. કાલી માટે હેમાદ્રી, કાલિકાકલ્પ, કારણાગમ, ચંડીકલ્પ અને પ્રાધાનિક રહસ્યમાં જુદાં જુદાં વિધાનો આપ્યાં છે. તે ઉપરથી કાલીને બે, ચાર, આઠ, કે દસ હાથ હોવાનું માલૂમ પડે છે. તેનો વર્ણ દરેકમાં કાળો છે.

કાલીકાનાં પ્રાચીન અર્વાચીન કેટલાંક મંદિરો પણ ગુજરાતમાંથી મળી આવે છે. પાવાગઢ અથવા પાવકદુર્ગ એ મહાકાલીનું ગુજરાતમાંનું મુખ્ય સ્થાન છે. ગુજરાતમાંથી ઘણીખરી કાલીની ઊભી મૂર્તિઓ મળે છે, જ્યારે ક્વચિત્ માતાજીનું ફક્ત મુખ ગોખમાં હોવાનું પણ જોવામાં આવે છે. પાટણના પ્રાચીન દુર્ગમાં કાલિકાનું મંદિર છે. તેમાં માતાજીનું મુખ જ જણાય છે. જ્યારે કેટલીક જગ્યાએ કાલીની ભવ્ય ઊભી મૂર્તિઓ મળે છે. મુંબઈના નાગદેવી સ્ટ્રીટમાં રહેતા શાહ બેનાધરના સંગ્રહમાંથી કાલીની એક ધાતુપ્રતિમા મળી છે, તે બે ફૂટ ઊંચી હોઈ તેનું કલાવિધાન હેમાદ્રીને અનુલક્ષી બનાવી, તેના બન્ને હાથોમાં કપાલ અને કર્ણિકા બનાવેલાં છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં રાજસ્થાનના આઉવા ગામમાંથી મળેલી દસ મુખ, સાઈઠ હાથ અને નગ્ન સ્વરૂપિણી, ભયંકર મુખવાળી પ્રતિમા મળી છે. તેને કમર આગળ કંદોરાની માફક હાથ લટકતા બતાવ્યા છે. આ સ્વરૂપ ખરેખર વિરલ છે. ડભોઈની હીરાભાગોળ ઉપર કાલિકાના મંદિરમાં કાલીની પ્રાચીન મૂર્તિ છે. જેને ચાર હાથ જણાવતાં તેમાં અનુક્રમે ત્રિશૂલ, ડમરુ, ખટ્વાંગ, વ. આયુધો મૂકેલાં હોઈ ગળામાં રૂંઢમાળા બતાવી છે. પાટણના નવીકાલિકા નામથી ઓળખાતા મંદિરમાં કાલીની ચાર ફૂટ ઊંચી પ્રતિમા છે, જેનું કલાવિધાન કાલિકાકલ્પ પ્રમાણે બનાવતાં ચારે હાથમાં નરમુંડ, ખડગ, વ.

આયુધો જણાવ્યાં છે. આ મૂર્તિ ઉપર તેલ-સિંદુર ખૂબ ચડી જવાથી કલાવિધાન સ્પષ્ટ જણાતું નથી. સૌરાષ્ટ્રના પ્રભાસપાટણમાં ત્રિવેણી સંગમ પાસે એક પ્રાચીન સૂર્યમંદિર છે, તેની બહારની બાજુ ઉત્તરમાં મહાકાલીની પ્રતિમા મૂકેલી છે. ચંદ્રાવતીમાં પણ કાલિકાનું એક પ્રાચીન મંદિર હતું.[૪૩] સેજકપુરમાં નવલખામંદિરથી ઓળખાતા શિવાલયની બહારની બાજુ કાલીની એક શૃંગારપ્રતિમા છે. ટૂંકમાં ગુજરાતમાંથી મુખ્યત્વે ચાર હાથ ધરાવતી કાલીની પ્રતિમાઓ મળી છે.

ભદ્રકાલી

આ કાલીનું અપર સ્વરૂપ છે. કાલી ઉગ્રરૂપા મનાય છે જ્યારે આ લક્ષ્મીની માફક શાંત અને સૌમ્ય જણાય છે. તે પોતાના ભક્તોને સુખ અને મંગલ અર્પતી હોવાથી ભદ્રકાલીથી ઓળખાય છે. તેનાં વર્ણનો રૂપાવતાર[૪૪] અને વિષ્ણુધર્મોત્તર[૪૫]માંથી મળે છે. રૂપાવતાર પ્રમાણે અઢાર હાથ, તેમાં જુદાંજુદાં આયુધો અને આલીઢાસનવાળી બેઠેલ મનોહર સ્વરૂપ. જ્યારે વિષ્ણુધર્મોત્તર અઢાર હાથ, જુદાંજુદાં આયુધો, તેમાં બે હાથમાં શાંતમુદ્રા, ચાર સિંહ જોડેલા રથમાં આલીઢાસનવાળી બેઠેલાં હોય છે. સિંહના રથમાં બેઠેલી ભદ્રકાલીની કોઈ પ્રતિમા મળી આવી નથી. ગુજરાતમાંથી મળી આવતાં ભદ્રકાલીનાં સ્વરૂપો બેઠેલાં જ હોય છે. ભદ્રકાલીનાં કેટલાંક સ્વતંત્ર મંદિરો જોવામાં આવે છે. પાવાગઢ ઉપર મહાકાલીથી થોડે દૂર ડુંગરમાં ભદ્રકાલીનું પ્રાચીન સ્થાન હોઈ, પ્રતિમા પૂર્વકાળની લાગે છે. આબુ ઉપર શાંતિ-આશ્રમથી અઢી માઈલ દૂર અને ઋષિકેશથી અર્ધો માઈલ દૂર ભદ્રકાલીનું પ્રાચીન મંદિર છે તેમાં ભદ્રકાલીની પ્રાચીન પ્રતિમા છે. પાટણના કાલિકામાતાના મંદિરમાં, હરિહરેશ્વર મહાદેવના ધર્મશાળામાં ભદ્ર-

43. Archeological Survey Report, 1864–65, P. 269

૪૪. રૂપાવતાર, અ. ૮, ૮૬-૮૯

૪૫. વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ ૭

કાલીની વિશાળ મૂર્તિઓ છે. આ બન્ને પ્રતિમાઓ કમલાસન ઉપર બેઠેલી જણાવી, તેને અઢાર હાથ અને દરેકમાં વિધાનોક્ત ઉપકરણો મૂકેલાં છે. આયુધોની બાબતમાં રૂપકારે સ્વતંત્રતા લીધેલી છે. છતાં કલાવિધાનની દૃષ્ટિએ આ બન્ને અનન્ય પ્રતિમાઓ છે.

સરસ્વતી

સરસ્વતીની ઉત્પત્તિ આગળ લક્ષ્મીવિધાનમાં જણાવ્યા પ્રમાણે મહાલક્ષ્મીથી થયાનું માર્કંડેયપુરાણ અને બીજા ગ્રંથોના આધારે જણાય છે. તેઓ બ્રહ્માનાં પત્ની હોવાથી બ્રાહ્મી, વાણીની અધિષ્ઠાત્રી હોવાથી વાગ્વાદિનીવાણી, સરોવરો, વાવો તેમજ જલપ્રવાહોમાં વિષ્ણુ (વ્યાપક) હોવાના કારણે સરસ્વતી કહેવાય છે. તેમનું સરસ્વતી નામ સૌથી વિખ્યાત છે. ગંગા, લક્ષ્મી અને સરસ્વતી નારાયણની ત્રણ પત્નીઓ હોવાનું પુરાણ કહે છે. સરસ્વતીનું પ્રથમ પૂજન ભગવાન શ્રીકૃષ્ણે કર્યું હતું એમ દેવીભાગવતમાં જણાવ્યું છે.[૪૬] પૃથ્વી ઉપર સરસ્વતી નદી રૂપે થયાં એ અંગેની પણ કથાઓ મળી આવે છે.[૪૭] કેટલીક જગ્યાએ તેને ગણપતિની સ્ત્રી તરીકે પણ તેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સરસ્વતી અંગે આમ ઘણી કથાઓ છે પણ તેમનું જ્ઞાનશક્તિની અધિષ્ઠાત્રી દેવી તરીકે સ્વતંત્ર પૂજન કરવામાં આવતું હોઈ તે પણ સત્ત્વરૂપા પ્રધાન દેવી છે. તે મહાલક્ષ્મીના અંશરૂપ કલ્પના પામેલાં સત્ત્વ, રજસ્ અને તમસ્ સ્વરૂપા ત્રણ દેવીઓમાં સાત્ત્વિકગુણ ધરાવતી મહાદેવી તરીકે તેમનો પ્રાદુર્ભાવ થયો છે. તેમનું વાહન હંસ હોવાથી હંસવાહિની તરીકે પણ સંબોધવામાં આવે છે. હંસ ઉપરાન્ત મોર પણ વાહન તરીકે ચિત્રો વ.માં જોવા મળે છે પરંતુ કોઈ પણ પ્રાચીન પ્રતિમામાં મોર રજૂ થયાનું જાણવા મળ્યું નથી. ઉલટું

૪૬. દેવીભાગવત સ્કંધ ૯, અ. ૪-૬

૪૭. એજન સ્કંધ ૯, અ. ૬-૭

મધ્યકાળ પહેલાંની પ્રતિમાઓમાં વાહનનો જ અભાવ માલૂમ પડે છે. બ્રહ્મા, વિષ્ણુ કે ગણપતિ સાથેની યુગલ-પ્રતિમાઓમાં તેની ખાસ વિશિષ્ટતાઓ તરી આવતી નથી, ફક્ત બીજા દેવોની પત્નીઓની માફક ખોળામાં કે પાસે ઊભેલાં હોય છે. સ્વતંત્ર મહાદેવી તરીકે તેમનાં અનેક ગ્રંથકારોએ વિધાનો રજૂ કર્યા છે, તેમાં અગ્નિપુરાણ,[૪૮] અંશુમદ્‌ભેદાગમ,[૪૯] પૂર્વકારણાગમ,[૫૦] ચતુર્વર્ગચિન્તામણિ,[૫૧] મંત્રરત્નાકર,[૫૨] માનસાર,[૫૩] રૂપમંડન,[૫૪] રૂપાવતાર,[૫૫] વિષ્ણુધર્મોત્તર[૫૬] અને શિલ્પરત્ન[૫૭] મુખ્ય છે. આ બધાં વર્ણનો ઉપરથી સરસ્વતીને ચાર હાથ, કમલાસન ઉપર બેઠેલાં, કમંડલ, કમલ, વરદ અને વીણા વ. ઉપકરણો ધારણ કરેલાં હોવાનું માલૂમ પડે છે. કોઈ કોઈ ગ્રંથકારોએ તેમને બે, આઠ કે દસ હાથ તેમજ પાંચ મુખ હોવાની કલ્પના પણ વિકલ્પે જણાવી છે. મહાકાલી અને મહાલક્ષ્મીની માફક સરસ્વતીનાં સ્વતંત્ર મંદિરોનો પ્રચાર ગુજરાત–સૌરાષ્ટ્રમાં વધુ ફેલાયો હોવાનું જણાયું નથી. જોકે સરસ્વતીનાં કેટલાંક પ્રાચીન મંદિરો મળે છે પરંતુ પ્રાચીન મંદિરોની જંઘાઓ, દ્વારશાખો કે તોરણમાંથી સરસ્વતીની નાનીમોટી કેટલીક મૂર્તિઓ મળે છે.

૪૮. અગ્નિપુરાણ, અ. ૪૯, ૨૦
૪૯. અંશુમદ્‌ ભેદાગમ, પટલ ૪૯, ૧–૩
૫૦. પૂર્વકારણાગમ, જુઓ Dr. Gopinath Rao, Elements of Hindu Iconography vol. 1 Appendix C, Page 138
૫૧. ચતુર્વર્ગ ચિન્તામણિ, વૉ. ૧, ૭૨૫; વૉ. ૨, ૭૭
૫૨. મંત્રરત્નાકર, જુઓ Dr. Gopinath Rao, Ibid, vol. 1, Appendix C, Page 132
૫૩. માનસાર, અ. ૫૩
૫૪. રૂપમંડન, અ. ૫, શ્લો. ૬૨
૫૫. રૂપાવતાર, અ. ૮, શ્લો. ૮૧
૫૬. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૬૪, ૧–૪
૫૭. શિલ્પરત્નાકર, અ. ૨૪–૪

મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં સરસ્વતીની એક પ્રતિમા મૂકેલી છે. તે કોઈ દ્વાર ઉપરના સુશોભનની લાગે છે. આમાં સરસ્વતી બેઠેલાં, ચાર હાથ, તે પૈકી જમણા બેમાં માળા તથા વીણા અને ડાબામાં કમળ તેમજ પુસ્તક ધારણ કરેલાં જણાવી, તેમનો એક પગ લટકતો, નીચે હંસ તથા બે બાજુ હાથી જણાવેલા છે. આ પ્રતિમાનું કલાવિધાન શાસ્ત્રીય અને નમૂનેદાર છે.

ડીસામાં આવેલા સિદ્ધાંબિકાના પ્રાચીન મંદિરની દ્વારશાખામાં સરસ્વતીની નાની નાની કલામય મૂર્તિઓ કોતરેલી છે. તેમાં સરસ્વતી પદ્માસનવાળી બેઠેલાં, ચાર હાથ, તે પૈકી જમણા બેમાં કમળ તથા માળા અને ડાબામાં વીણા તથા કમંડળ હોવાનું જણાવ્યું છે. વાહન તરીકે પગ નીચે હંસ છે. અને રૂપવિધાન શાસ્ત્રોક્ત વિધાનો પ્રમાણે છે.

મુંબાઈના ઇન્ડિયન હિસ્ટોરિકલ રિસર્ચ સોસાયટીના મૂર્તિસંગ્રહમાં સરસ્વતીની એક ધાતુપ્રતિમા મૂકેલી છે, જે બારમા સૈકાની હોવાનું તેની નીચેના લેખ ઉપરથી જણાય છે. સંડેરના એક પ્રાચીન મંદિરની દ્વારશાખામાં સરસ્વતીની નાની પણ કલાપૂર્ણ બે મૂર્તિઓ છે. સિદ્ધપુરમાં બાવાજીની વાડીમાં આવેલા સિદ્ધેશ્વર મહાદેવમાં મંદિરના ઉત્તર વિમાનમાં, પાટણના ત્રિપુરેશ્વર મહાદેવમાં અને વડનગરના એક પ્રાચીન મંદિરમાં સરસ્વતીની નાનીમોટી મૂર્તિઓ મળી છે. વળી સિદ્ધપુરમાં તો સરસ્વતીનું સ્વતંત્ર મંદિર છે પણ તે મૂર્તિ વિધાનોક્ત કથનો પ્રમાણે કોઈ વિશિષ્ટતાઓ નહિ ધરાવતી હોવાથી તેની ચર્ચા અત્રે કરી નથી.

પ્રાધાનિક રહસ્યમાં સરસ્વતીના સર્જનકાળે, મહાલક્ષ્મીજીએ તેનાં બાર સ્વરૂપોનાં નામો જણાવ્યાં હતાં તે દરેકનાં ક્રમવાર રૂપવિધાનો રૂપાવતારના પ્રયોજકે રજૂ કર્યાં હોઈ, તે પ્રત્યેકને એક મુખ, ચાર હાથ, માથે મુકુટ, પાછળ પ્રભામંડળ, કાનમાં કુંડળ અને શરીર ઉપર અન્ય અલંકારો સૂચવ્યાં છે. ફક્ત આયુધોની જ વિશિષ્ટતા

છે.[૫૮] મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનો પણ આ બાર પ્રકારોમાં સમાવેશ થાય છે.

ગૌરી

ગૌરી એ પાર્વતીનું નામ છે. અમરકોષમાં ઉમા, કાત્યાયની ગૌરી, કાલી, હૈમવતી, ઈશ્વરી. અપર્ણા, પાર્વતી, દુર્ગા, ગિરિજા, ચંડિકા અને અંબિકા નામો જણાવ્યાં છે. પાર્વતીનાં આ બધાં નામો તેનો જન્મ, શિવપત્નીત્વ, રાક્ષસોનો નાશ અને જગત–કલ્યાણનાં કાર્યો ઉપરથી પડ્યાં છે. વૈદિક વાઙ્મયમાં અંબિકા, ઉમા, પાર્વતી અને હૈમવતી નામો મળે છે, પરંતુ તેનો શિવપત્ની તરીકે કોઈ જગ્યાએ નિર્દેશ કરાયો નથી. પુરાણોમાં તો દાક્ષાયણી સતી પાર્વતી શિવપત્ની તરીકે જ જાણીતાં છે અને તે અંગેની આખ્યાયિકાઓ મળે છે.

ગૌરીના પ્રાદુર્ભાવ માટે ચંડી સપ્તશતિના પ્રાધાનિક રહસ્ય અને દેવીભાગવતમાં તે પરામ્બાદેવીના અંશમાંથી ઉત્પન્ન થયાનું સૂચવ્યું છે.[૫૯] જ્યારે માર્કંડેયપુરાણ, શિવપુરાણ અને દેવીભાગવતમાં તેમનો જન્મ પ્રથમ દક્ષને ત્યાં, પછી હિમાલયને ત્યાં થયો હોવાની આખ્યાયિકાઓ છે. તેમાં પાર્વતીએ પતિવ્રતધર્મને કારણે દક્ષયજ્ઞમાં પ્રાણ ત્યજ્યા અને શિવે દક્ષયજ્ઞનો નાશ કર્યો અને સતી હિમાલયને ત્યાં જન્મ્યાં વ. બનાવો મુખ્ય છે, અને પુરાણકારોએ તેમને મુખ્યત્વે શિવપત્ની તરીકે જ બિરદાવ્યાં છે.

ગુજરાતમાંથી પાર્વતીનાં સ્વતંત્ર મંદિરો મળતાં નથી, પરંતુ દરેક શિવ-મંદિરમાં શિવના પરિવારદેવ તરીકે તેમને સામે કે બાજુમાં બેસાડેલાં હોય છે જ. ગૌરીના રૂપવિધાન માટે અગ્નિપુરાણ,[૬૦] અંશુમદ્ ભેદાગમ[૬૧], ઉત્તરકામિકાગમ[૬૨], ચતુર્વર્ગ ચિન્તામણિ[૬૩], પૂર્વકારણાગમ, માનસાર[૬૪], શિલ્પરત્ન[૬૫], વિશ્વકર્માશાસ્ત્ર[૬૬], હેમાદ્રિ, લક્ષણસમુચ્ચય, રૂપમંડન અને રૂપાવતારમાં[૬૭], વિધાનો આપેલાં છે. આ બધાં વર્ણનોમાં ગૌરીને ચાર હાથ હોવાની કલ્પના મુખ્યત્વે તરી આવે છે. જોકે કેટલાક ગ્રંથકારોએ બે હાથનાં વિધાનો સૂચવ્યાં છે. રૂપાવતારકાર તો ગૌરીના આયુધભેદ પ્રમાણે બાર પ્રકારો જણાવે

---

૫૮. દેવીના બાર નામ અને આયુધક્રમ (પ્રદક્ષિણા ક્રમ પ્રમાણે)

૧. મહાવિદ્યા	અક્ષમાલા	પદ્મ	વીણા	પુસ્તક
૨. મહાવાણી	અક્ષમાલા	પુસ્તક	વીણા	પદ્મ
૩. ભારતી	વરદ	અક્ષમાલા	પદ્મ	પુસ્તક
૪. સરસ્વતી	વરદ	કમળ	અક્ષમાલા	પુસ્તક.
૫. આર્યા	વરદ	અક્ષમાલા	પુસ્તક	પદ્મ
૬. બ્રાહ્મી	વરદ	પુસ્તક	અક્ષમાલા	પદ્મ
૭. મહાધેનુ	વરદ	પદ્મ	વીણા	પુસ્તક
૮. વેદગર્ભા	વરદ	પુસ્તક	વીણા	કમળ
૯. ઈશ્વરી	અક્ષમાલા	અભય	પદ્મ	પુસ્તક
૧૦. મહાલક્ષ્મી	અક્ષમાલા	અભય	પુસ્તક	કમળ
૧૧. મહાકાલી	અક્ષમાલા	કમળ	પુસ્તક	અભય
૧૨. મહાસરસ્વતી	અક્ષમાલા	પુસ્તક	અભય	પદ્મ

૫૯. દેવીભાગવત, સ્કં. ૩, અ. ૬; પ્રાધાનિક રહસ્ય, શ્લોક. ૨૩-૨૪

૬૦. અગ્નિપુરાણ, અ. ૫૨, ૧૪.

૬૧. અંશુમદ્ ભેદાગમ, ૪૮-૯૦

૬૨. ઉત્તર કામિકાગમ, જુઓ. Dr. Gopinath. Rao, Ibid, Appendix C. Vol. I, P. 104

૬૩. ચતુર્વર્ગ ચિન્તામણિ, ૨-૯૦.

૬૪. માનસાર, અ. ૫૩, ૫૧.૭૬

૬૫. શિલ્પરત્ન, ૨૪-૬૦, ૨૪-૬૧.

૬૬. વિશ્વકર્માશાસ્ત્ર, ૨.૮૧.

૬૭. રૂપમંડન, અ. ૫, શ્લો. ૧-૭.

છે.[૧૮] આ બધામાંથી હિમવંતી, હિમાંગજા, (હિમજા), તોતળા, પાર્વતી અને સાવિત્રીની મૂર્તિઓ ગુજરાતમાંથી ઠીક ઠીક પ્રમાણમાં મળે છે.

ગુજરાતમાં દરેક શિવમંદિરમાં નાની મોટી પાર્વતીની પ્રતિમા બેસાડેલી જ હોય છે. આમાં મોટે ભાગે પાર્વતીના હાથમાં અક્ષમાલા, શિવ, ગણપતિ અને કમંડલ ધારણ કરેલાં હોઈ, દરેકમાં પાર્વતી સમભંગવાળાં ઊભાં હોય છે. હિમજા (હિમાંગજા) અને તોતળા કુલદેવી તરીકે ગુજરાતમાં પૂજાતી હોવાનું માલૂમ પડે છે. ઝારોળા બ્રાહ્મણો અને વૈશ્યોની હિમજા કુલામ્બા હોવાને કારણે તેનાં સ્વતંત્ર મંદિરો પણ તેમની વસ્તીવાળાં ગામોમાં બંધાયાં છે. રાધનપુરથી ચાર ગાઉ દૂર દેવગામ પાસે હિમજાનું ભવ્ય સ્થાન છે. તે કિલ્લેબંધીવાળું બનાવ્યું હોઈ, તેમાં માતાજીનું મંદિર તથા ધર્મશાળાઓ વ. છે. આ સિવાય હિમજાનાં નાનાંમોટાં મંદિરો પાટણ, ધિણોજ, મહેસાણા, મુંબઈ, સુરત, અમદાવાદ, ભાવનગર, જુનાગઢ અને કચ્છમાં છે પણ આ બધાં સ્થાનો પ્રાચીન નથી. પ્રતિમાઓ અર્વાચીન છે.

---

૧૮. ગૌરીનાં બાર નામો. (આયુધભેદ પ્રમાણે) રૂપાવતાર, અ. ૮, ૩–૧૪.

૧. ઉમા	અક્ષમાલા	કમળ	દર્પણ	કમંડલ
૨. પાર્વતી	અક્ષમાલા	શિવ	ગણપતિ	કમંડલ
૩. ગૌરી	અક્ષમાલા	અભય	પદ્મ	કમંડલ
૪. લલિતા	અક્ષમાલા	વીણા	વીણા	કમંડલ
૫. શ્રીયા	અભય	અક્ષમાલા	પદ્મ	વરદ
૬. કૃષ્ણા	અંજલિ	અક્ષમાલા	કમંડલ	અંજલિહસ્ત
૭. હિમવંતી	પદ્મ	દર્પણ	—	—
૮. રંભા	અક્ષમાલા	વજ્ર	અંકુશ	કમંડલ
૯. સાવિત્રી	અક્ષમાલા	પુસ્તક	પદ્મ	કમંડલ
૧૦. ત્રિખંડા	અક્ષમાલા	વજ્ર	શક્તિ	કમંડલ
૧૧. તોતળા	શૂલ	અક્ષમાલા	દંડ	ચૌરી
૧૨. ત્રિપુરા	અભય	અંકુશ	નાગપાશ	વરદ

તોતળા પણ કુલામ્બા તરીકે પૂજાય છે. પાટણમાં હિમજા માતાના મંદિર પાસે એક ઘરમાં તોતળાની પ્રતિમા છે પણ તે મધ્યકાળથી પ્રાચીન નથી. બ્રહ્માની સાથે સાવિત્રીની તો પ્રતિમાઓ મળે છે. તેમાં તેનું શાસ્ત્રોક્ત વિધાન રૂપાવતારમાં છે. તેની સ્વતંત્ર પ્રતિમાઓ ઘણી જ ઓછી મળે છે. કેટલાંક શિવમંદિરોમાં પાર્વતીને બદલે ઉમાની પ્રતિમાઓ મૂકેલી જોવામાં આવે છે. પરંતુ જનસમાજ તો તેને પાર્વતીથી જ પિછાને છે. ગૌરીના બીજા પ્રકારોની પ્રતિમાઓ ખાસ મળી આવી નથી. ક્વચિત્ મળી આવે છે તેમાં પણ વિધાનોક્ત આયુધક્રમ હોતો નથી.

પાર્વતીની બે પ્રાચીન મૂર્તિઓ ડભોઇમાંથી મળી છે, તે પૈકી વડોદરા દરવાજે તેમજ હીરાભાગોળે કાલિકામાતાના મંદિરમાં છે. વડોદરા ભાગોળવાળી પ્રતિમા લલિતાસનવાળી બેઠેલી, ચાર હાથ તેમાં જમણા નીચેથી પદ્મ, લિંગ, ગણપતિ તેમજ કમંડલ ધારણ કરેલાં છે. જ્યારે બીજી પ્રતિમા ઊભી હોઈ તેના બે હાથ ખંડિત હોવાના કારણે ઉપકરણો સમજી શકાતાં નથી. નીચેના બેમાં કમંડલ તથા શિવલિંગ સ્પષ્ટ જણાય છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં બાર હાથવાળી ત્રિભંગયુક્ત સુંદર પ્રતિમા છે.

વડનગર પાસે ઊંકાઈ ગામના એક પ્રાચીન મંદિરમાં પાર્વતીની ચતુર્હસ્ત મૂર્તિ છે, જે કલાની દૃષ્ટિએ અપ્રતિમ છે. મહેસાણા તાલુકાના મોટી દાઉ ગામે શ્યામરૂપના દહેરાથી ઓળખાતા શિવમંદિરમાં સત્તરમા સૈકાની પાર્વતીની એક પ્રાચીન પ્રતિમા મળી આવી છે. આ જ તાલુકાના પાલડી ગામના પ્રાચીન શિવમંદિરમાં પાર્વતીની મધ્યકાલીન પ્રતિમા મૂકેલી છે, પાટણમાં ગાત્રેશ્વરીના મંદિરમાં ગૌરીની અનન્ય પ્રતિમા છે, તેને ચાર હાથ હોઈ એકમાં ત્રિશૂલ, બીજામાં સર્પ, અને બીજા બે હાથ વડે બાળક તેડેલું છે. તેમાં પાર્વતીને માથે જટામુકુટ, પાસે વૃષભ અને બે બાજુ ગણપતિ તથા કાર્તિકેય બતાવ્યા

છે. કલાવિધાનની દૃષ્ટિએ આ મૂર્તિ નવીન ભાત પાડે છે. પાર્વતીથી ઓળખાતી ચાર ધાતુપ્રતિમાઓ ઇન્ડિયન રિસર્ચ હિસ્ટોરિકલ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઇના મૂર્તિસંગ્રહમાં મૂકેલી છે. તે દરેકને ચાર હાથ હોઇ દરેકમાં આયુધો જુદાં જુદાં મૂકેલાં છે. વિધાનોકત આયુધો થોડાં જ છે બાકી બધાં નવીન છે એટલે તે પાર્વતી ગણવાં કે કેમ? તે એક પ્રશ્ન છે.

ગૌરીની કેટલીક પ્રતિમાઓ મળી છે, પણ તે શિવ સાથેની યુગલ પ્રતિમાઓમાંથી જ. તેની સ્વતંત્ર મૂર્તિઓ કવચિત્ જ મળે છે. કારવણના કાશી વિશ્વનાથ મહાદેવમાં, વાલમના કૃષ્ણમંદિરમાં, વડનગરમાં ચિત્રેશ્વરી માતાના મંદિરમાં, આબુ ઉપર અચલેશ્વર મહાદેવના પ્રાંગણમાં, પાટણના ત્રિપુરેશ્વર મહાદેવમાં, તેમજ મુંબઇના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં, હરગૌરીની યુગલ પ્રતિમાઓ મળી છે. આ બધી ઊભી છે તેમાં ગૌરી ઊભાં, બે કે ચાર હાથ લલિત ત્રિભંગવાળા અને શાસ્ત્રોકત આયુધો અને લક્ષણોવાળાં જણાવ્યાં છે.

સુણકના નીલકંઠેશ્વર મહાદેવની શૃંગાર મૂર્તિઓમાં, તેમજ સૌરાષ્ટ્રના સોમનાથ અને વેરાવળ વચ્ચે પ્રાચીન વાવનું એક ભગ્નાવશેષ છે તેમાં ગૌરી અને માહેશ્વરીની પ્રાચીન મૂર્તિઓ કોતરેલી છે: નીલકંઠ મહાદેવના મંદિરની જંઘામાં કોતરેલી મૂર્તિ અખંડ હોઈ તેને ચાર હાથ, વિધાનોકત આયુધો, માથે જટામુકુટ, પગ પાસે વૃષભ જણાવ્યો છે. જ્યારે વેરાવળ પાસેની વાવમાંની પ્રતિમાઓ અર્ધખંડિત હોવાથી, તેમજ ખૂબ ઘસાયેલી હોવાથી તેનું વિવેચન અશકય છે. હાલમાં સોમનાથના નવા મંદિરમાં પાર્વતીની નમૂનેદાર પ્રતિમા બેસાડેલી છે અને તેની પીઠિકામાં ગૌરીના બારે પ્રકારોની મૂર્તિઓ શાસ્ત્રોકત લક્ષણોવાળી બનાવેલી છે.

ભૂ યાને પૃથ્વી

પૃથ્વીદેવીનો સ્વતંત્ર પૂજા અને પ્રચાર ગુજરાતમાં નથી જ.

દક્ષિણ ભારતમાં, કેટલીક વિષ્ણુ મૂર્તિઓમાં શ્રી કે લક્ષ્મીની સાથે મૂકેલી જોવામાં આવે છે. વેદમાં દ્યાવા પૃથિવીની ઋચાઓ મળે છે જેમાં દ્યૌ: પિતા અને પૃથિવી માતાની ખાસ સ્તુતિ જોવામાં આવે છે. તે વેદકાલમાં જગદ્રુપ માતા તરીકે ઓળખાતી હતી. પુરાણોમાં તેની પરંપરા ઉતરતાં રામાયણની સીતા અને વિષ્ણુની પત્ની ભૂદેવી તરીકે તેનાં રૂપકો સર્જાયાં. પૃથિવીની મૂર્તિ બનાવવાનાં વિધાનો ફક્ત આગમોમાં જ છે. ગુજરાતમાંથી તો પૃથ્વીની નાની મોટી મૂર્તિઓ ફક્ત આદિ વરાહની પ્રતિમાઓમાંથી મળી છે. તેની કાંઈ ખાસ વિશિષ્ટતા જોવામાં આવતી નથી. તેનાં વિધાનો જેમાં આપેલા છે તે ગ્રંથોમાં અંશુમદ્ભેદાગમ, પૂર્વકારણાગમ[૬૯], માનસાર[૭૦], વિષ્ણુધર્મોત્તર[૭૧] અને શિલ્પરત્ન મુખ્ય છે.

આદિ વરાહ સાથેની સિવાય ભૂદેવીની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી નથી, વરાહમૂર્તિઓમાં તે ઊભેલાં, અગર બેઠેલાં, બે હાથ નમસ્કાર કરતાં જણાવ્યાં છે. કેટલીક વખત વરાહ ભગવાનના દાંત ઉપર ગોળા રૂપે મૂકેલાં જોવામાં આવે છે. આદિ વરાહની પ્રતિમાઓમાં, તેના મુખ પાસે પૃથ્વીદેવી શેષ ઉપર પગ મૂકી બે હાથે પ્રાર્થના કરતાં ઊભેલાં હોય છે. આવી મૂર્તિઓ ગુજરાતમાંથી મોઢેરા, વિજાપુર, વિહાર (વેર), આબુ, કણી વ. સ્થળોએથી મળી છે.

ગૌર્યર્ચન

ગુજરાતમાંથી દેવીઓના સંખ્યાબંધ પ્રાચીન કે અર્વાચીન મંદિરો મળી આવે છે. આમાં દેલમાલમાં લિંબજાનું, કાંબળીમાં બ્રહ્માણીનું, ડીસામાં સિદ્ધામ્બિકાનું, પાલોદરમાં યોગિનીનું, મિયાગામમાં બ્રહ્મ-

૬૯. Dr. Gopinath Rao, Ibid, Vol. 1, Appendix C, Pages 138-139

૭૦. માનસાર, અ. ૫૩, પા. ૭૬

૭૧. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૬૧, ૧-૩

શ્વરીનું, ખંડોરણમાં હિંગુલાનું, પિલુદ્રામાં શીતળાનું, ભૂતાપાલડીમાં બ્રહ્માણીનું, બહુચરાજીમાં બહુચર્યાનું, દ્વારિકામાં રુક્મિણીનું, પોરબંદર પાસે હર્ષદમાતાનું, ડભોઇમાં કાલિકાનું મુખ્ય છે. સિદ્ધરાજના રાજ્યકાળ દરમ્યાન સહસ્રલિંગ સરોવર ઉપર ૧૦૮ દેવીઓનાં મંદિરો હતાં, તેટલું જ નહિ પણ આ સરોવરની મધ્યમાં વિંધ્યવાસિનીનું મંદિર હતું. અને બાજુમાં બીજાં દેવી મંદિરો હતાં.

દેવીનાં બધાં મંદિરોમાં પ્રધાન પ્રતિમા દેવીની જ હોય છે, પણ મૂર્તિશાસ્ત્રના નિયમો પ્રમાણે પ્રધાન મૂર્તિ સાથે બીજા પરિવાર-દેવો તેના નિયત સ્થાને બેસાડવા પડે છે. આ જ નિયમે મુખ્ય દેવીની આસપાસ જુદાં જુદાં દેવદેવીઓ બેસાડવાનો આદેશ આપતાં રૂપમંડન અને રૂપાવતારના સંયોજકોએ ગૌર્યાયતનની કલ્પના રજૂ કરી છે. તેમાં જણાવ્યું છે કે ગૌરીની ડાબી બાજુ શ્રી, જમણી બાજુ સિદ્ધિ, પશ્ચિમે સાવિત્રી, નૈઋત્યમાં સરસ્વતી, વાયવ્યે ભગવતી, ઇશાને ગણેશ, અગ્નિમાં કાર્તિકેય અને મધ્યમાં કિરીટ, કુંડલ વ. અલંકારોથી વિભૂષિત ગૌરીનું સ્થાપન કરવું.[૭૨] આ શાસ્ત્રીય નિયમ પ્રમાણે દેવીમંદિરોમાં દેવીની સ્થાપના કરવી જોઈએ પરંતુ આપણે ત્યાં આ નિયમ ચુસ્તપણે પળાયો નથી. આજે ગુજરાતનાં પ્રાચીન અર્વાચીન મંદિરો મંદિરના સ્થાપત્યના યોગ્ય લક્ષણોવાળાં જ નથી તેથી દેવસ્થાપન માટે શાસ્ત્રીયતાની અપેક્ષા રાખવી નિરર્થક છે.

પ્રતિહારો

ગૌર્યાયતનમાં પરિવારદેવોની ચર્ચા પછી, દરેક દ્વારે બે બે દ્વારપાલો અને દેવીમંદિરમાં દ્વારપાલિકાઓ મૂકવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું છે. મંદિરો ચતુર્મુખ બનાવવામાં આવતાં હોઈ, ચાર દ્વારે બે મળી કુલ આઠ દ્વારપાલિકાઓ મૂકવાનું જણાવ્યું છે. દેવી માટે નંદાવર્ત,

૭૨. રૂપમંડન, અ. ૫, ૮-૧૦; રૂપાવતાર, અ. ૮, શ્લો. ૧૫-૧૭

દિવ્યસિંહ, વિચિત્ર, યોગપીઠ, ઘંટાનાદ, પતાકી વ. પ્રાસાદો ઉક્ત હોવાનું સમરાંગણ સૂત્રકારે નોંધ્યું છે.[૭૩] આ પ્રાસાદોના આકાર વ.ની વિસ્તૃત ચર્ચા તે ગ્રંથમાં છે પણ અત્રે અસ્થાને હોવાથી ચર્ચા આપી નથી. રૂપમંડન અને રૂપાવતારમાં દેવીના ચતુર્મુખ પ્રાસાદની દ્વારપાલિકાઓના નામ આયુધક્રમ પ્રમાણે આપવામાં આવ્યાં છે.[૭૪] ગુજરાતમાં કેટલાંક દેવ્યાયતનોમાં દ્વારપાલિકાઓનો ક્રમ કાંઈક અંશે સચવાયો છે પણ ઘણાંખરાં એક દ્વારવાળાં હોવાથી વિધાનોક્ત આયુધો વિનાની બે દ્વારપાલિકાઓ હોય છે. ઉપર જણાવેલાં પ્રાચીન દેવીમંદિરો પૈકી કેટલાકમાં ઉપરોક્ત ક્રમ સાચવી દ્વારપાલિકાઓ મૂકેલી છે. આમ ગુજરાતે શક્ય તેટલો પ્રયાસ આ ક્રમ જાળવવા કર્યો છે.

૭૩. સમરાંગણ સૂત્રધાર, અ. ૫૮, ૨૨.

૭૪. જુઓ. રૂપમંડન, અ. ૫, ૧૧-૧૩; રૂપાવતાર, અ. ૮, ૧૮-૨૦

નામ	દિશા	બાજુ	આયુધક્રમ			
૧. જયા	પૂર્વ	ડાબી	અભય	અંકુશ	પાશ	દંડ
૨. વિજયા	પૂર્વ	જમણી	પાશ	દંડ	અભય	અંકુશ
૩. અજિતા	દક્ષિણ	ડાબી	અભય	કમલ	પાશ	દંડ
૪. અપરાજિતા	દક્ષિણ	જમણી	પાશ	દંડ	અભય	કમલ
૫. વિભક્તા	પશ્ચિમ	ડાબી	અભય	વજ્ર	અંકુશ	દંડ
૬. મંગલા	પશ્ચિમ	જમણી	અંકુશ	દંડ	અભય	વજ્ર
૭. મોહિની	ઉત્તર	ડાબી	અભય	શંખ	પદ્મ	દંડ
૮. સ્તંભિની	ઉત્તર	જમણી	પદ્મ	દંડ	અભય	શંખ

પ્રકરણ ૧૨મું

માતૃકાઓ

માતૃકાઓના બે પ્રકાર છે. એક માતૃદેવી અને બીજી બ્રાહ્મી વગેરે સપ્તમાતૃકાઓ. માતૃદેવીનું સ્વતંત્ર વ્યક્તિત્વ પુરાણકારોએ અને મૂર્તિશાસ્ત્રકારોએ માન્યું નથી પણ માતૃ શબ્દ માતા–શક્તિ–એ અર્થ દ્વારા દેવીની ભાવ વ્યંજકતા સિદ્ધ કરે છે. વેદમાંથી દેવા, અદિતી, સરસ્વતી, ભારતી, ઈડા, સિનીવાલી, રાકા, સૂર્યા ઇત્યાદિ દેવીઓના ઉલ્લેખો મળે છે અને તેઓ માતૃ તરીકે જ સંબોધાઈ છે.[1] આર્યોએ માતૃપૂજા અપનાવી હતી એમ મોહેં જો દડોમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમાઓને આધારે જાણી શકાય છે.[2] જોકે આ માતૃદેવીઓનું સ્વરૂપ તે કાળે કેવું હતું તે સ્પષ્ટ જાણી શકાતું નથી.

ભારત ઉપરાંત બીજા દેશોમાં–લગભગ ભૂમધ્ય સમુદ્ર સુધી–માતૃપૂજા પ્રાચીન કાળમાં પ્રચલિત હતી એમ પ્રાપ્ત થયેલા પુરાવાઓ જણાવે છે.[3] ભારતમાં તો માતૃદેવીની પ્રતિમાઓ ઘણા સમય સુધી પ્રચારમાં હતી એમ પ્રાક્મૌર્ય, મૌર્ય શુંગ અને કુષાણકાલિન પ્રાપ્ત મૃણ્મય પ્રતિમાઓને આધારે જણાય છે[4]. આ બધી માતૃદેવીની મૂર્તિઓને કોઈ પણ વસ્ત્ર પહેરેલું, તેમના શિલ્પમાં જણાવેલું હોતું નથી ફક્ત કમર

૧. જુઓ ઋગ્વેદ, ૬ ૭૦-૬; ૬-૧૭-૭; ૧૦-૬૫-૮; ૭ ૧૦૦-૪; યજુર્વેદ, અ. ૫, મંત્ર ૨૩

૨. શ્રી સતીશચંદ્ર કાલા, મોહેં જો દડો (હિન્દી)

3. Iudian Historical Quarterly 1934, P.414 Culcutta Review, 1931, Page 23-31

૪. શ્રી. સતીશચંદ્ર કાલા, એજન, પા. ૧૦૯

નીચે એક નાનકડો પટકો જ વીંટેલો બતાવ્યો હોય છે. આ સિવાય તેમાંથી બીજાં ઉપકરણોનો પણ ખ્યાલ આવતો નથી. આજે તો તેનો પ્રચાર ભારતવર્ષમાંથી લુપ્ત થયો છે અને તેનું સ્થાન આપણી બીજી દેવીઓએ લીધું છે. ગુજરાતમાંથી પ્રાક્ ઐતિહાસિક કાળની કે તે પછીના યુગની તેવી કોઈ મૂર્તિ મળી હોવાનું જણાયું નથી.

માતૃદેવી સિવાય માતૃકાઓનો અપર પ્રકાર છે. આવી માતૃકાઓની સંખ્યા કુલ સાતની ગણાય છે. જેને સપ્તમાતૃકાઓ તરીકે પણ સંબોધવામાં આવે છે. આ માતૃકાઓની ઉત્પત્તિ માટે જુદીજુદી આખ્યાયિકાઓ પુરાણો આપે છે[5]. વરાહપુરાણ પ્રમાણે આ બધી માતૃકાઓ માનવહૃદયમાં રહેલા ષડ્રિપુની અધિષ્ઠાત્રી હોવાનું જણાય છે, એટલું જ નહિ પણ તે બધી એક જ કુટુંબની અનન્ય સંબંધ ધરાવતી વ્યક્તિઓ હોઈ, તે અનુક્રમે ગુરુપત્ની, રાજપત્ની, બ્રાહ્મણપત્ની, ભ્રાતૃપત્ની, સુતવધૂ. મિત્રપત્ની, સાસુ અને કન્યા હોવાનું બ્રહ્મવૈવર્ત પુરાણકાર કહે છે. કર્મકાંડના ગ્રંથોમાં આ સિવાય બીજી સપ્તમાતૃકાઓ જેવી કે શ્રાદ્ધાદિ ઘૃતમાતૃકાઓ, જલમાતૃકાઓ, સ્થલમાતૃકાઓ વ. મળે છે. શક્તિ–સંપ્રદાયમાં બ્રહ્માદિ માતૃકાઓ જ મુખ્ય મનાતી હોઈ, તેમની જ ઉપાસના, અર્ચા વ. કરવામાં આવે છે.

માતૃઓની કુલ સંખ્યા સાત મનાતી હોઈ, તેમાં બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઐન્દ્રી, અને ચામુંડાની ગણના કરવામાં આવે છે. પણ અભિલષિતાર્થ ચિન્તામણી અને માર્કંડેય પુરાણમાં સાતમી ચામુંડાને બદલે સિંહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમરકોષનો ટીકાકાર ક્ષીરસ્વામી, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, સુપ્રભેદાગમ, નિર્ણયસિંધુ, રૂપાવતાર, અને શ્રી તત્ત્વનિધિમાં અનુક્રમે આઠમી દેવી માટે કામસંકર્ષિણી, વામની, વૈનાયકી, ચંડિકા, મહા-

૫. જુઓ મત્સ્યપુરાણ, અ. ૧૭૮; સરસ્વતીપુરાણ, સર્ગ. ૧૦; માર્કંડેયપુરાણ, સપ્તશતિ, અ. ૮; વરાહપુરાણ; બ્રહ્મવૈવર્તપુરાણ.

લક્ષ્મી તથા ચંડી વ. વિવિધ નામો રજૂ કર્યાં છે. આમાં ૭ દેવપત્નીઓ, અને બે સ્વતંત્ર દેવીઓ હોવાનું જાણી શકાય છે. આ સપ્તમાતૃકાઓનાં સ્વતંત્ર મંદિરો કેટલાંક મળ્યાં છે.* પરંતુ ચામુંડા અને ચંડિકા તેમજ મહાલક્ષ્મીનાં તો તેના મુકાબલે વધુ મંદિરો જોવામાં આવે છે. આ સિવાય સપ્ત માતૃકાઓના પટ્ટો પણ મળતા હોઈ, એક જ લાઈનમાં તે બધી દેવીઓને તેનાં યોગ્ય લક્ષણ પ્રમાણે કોતરેલી હોય છે. આવા પટ્ટોની શરૂમાં વીરભદ્ર અને છેલ્લે ગણેશની પ્રતિમા કોતરવાનો આદેશ મૂર્તિશાસ્ત્રકારોએ આપેલો હોવાથી તે પ્રમાણેના જ પટ્ટો મળી આવે છે. રૂપાવતારે તો વિશેષમાં ભૈરવ મૂકવાનું પણ સૂચવ્યું છે[6].

બ્રાહ્મી

બ્રહ્માની પત્ની બ્રાહ્મી, બ્રહ્માણી કે સાવિત્રીથી ઓળખાય છે. બ્રહ્માણીનાં સ્વતંત્ર મંદિરો કેટલાંક ગામોમાંથી મળી આવે છે. બ્રાહ્મીના સ્વતંત્ર. બ્રહ્મા સાથેની યુગલ પ્રતિમા અને સપ્તમાતૃકાના પટ્ટમાં એમ કુલ ત્રણ પ્રકારની મૂર્તિઓ મળે છે. કેટલીક જગ્યાએ તે ગોત્રદેવી તરીકે પણ પૂજાતી હોય છે. તેના રૂપવિધાન માટે અગ્નિપુરાણ[7], અંશુમદ્ભેદાગમ[8], પૂર્વકારણાગમ[9], મત્સ્યપુરાણ[10], માર્કંડેયપુરાણ[11], રૂપમંડન[12], રૂપાવતાર[13], વિશ્વકર્માશાસ્ત્ર[14], શિલ્પરત્ન[15], શ્રી તત્ત્વનિધિ[16], અને વિષ્ણુધર્મોત્તર[17]માં વર્ણનો આપ્યાં છે. આ બધામાં જણાવ્યા પ્રમાણે મુખ્યત્વે બ્રહ્માણીને ચાર હાથ, ચાર મુખ અને જુદાં જુદાં ઉપકરણો હોય છે. પરંતુ તેના મુખ્ય ઉપકરણોમાં સ્રુવ, કમંડલ, અને માલા સર્વમાન્ય છે. જોકે ગ્રંથાંતરોમાં આયુધભેદ તો છે જ. બ્રહ્માણીની સ્વતંત્ર પ્રતિમાઓ કેટલેક સ્થળેથી ગુજરાતમાંથી મળી છે, જે ગુજરાતમાં તેનો પ્રચાર સૂચવે છે. મહેસાણા તાલુકાના બુટ્ટાપાલડી ગામમાં બ્રહ્માણીનું પ્રાચીન મંદિર આજે પણ ઊભું છે. સપ્તમાતૃકાઓના પટ્ટોમાં બ્રાહ્મી તો મુખ્ય છે એટલે તે દરેકમાં તે મૂર્તિ હોય તે જ વાસ્તવિક છે.

બ્રહ્માણીની સ્વતંત્ર પ્રતિમાઓમાં અજમેરની રાજપૂતાના મ્યૂઝિયમની મુખ્ય છે. તેના બે હાથોમાં કમંડલ હોઈ, આદર્શ બ્રહ્મચારિણી જેવી, માથે જટામુકુટવાળી બેઠી મૂર્તિ છે. વડનગરમાં શીતળા માતાના મંદિરમાં બ્રાહ્મીની ચાર મુખ અને આઠ હાથવાળી આલીઢાસન વાળેલી બેઠી મૂર્તિ છે. આઠે હાથમાં આયુધો જુદાં જુદાં છે. પાટણમાં ઘીવટા જિલ્લામાં દિશાવાળની ખડકીમાં સપ્તમાતૃકાઓનું મંદિર છે. તેમાં બ્રહ્માદિ સાતે માતૃકાઓની મૂર્તિઓ છે. તે પૈકી બ્રાહ્મીને ચાર મુખ, ચાર હાથ તે પૈકી જમણા બેમાં સ્રુવ અને વરદ, કળશ તેમજ બાળક પકડેલું છે. આ પ્રતિમા આશરે બે ફૂટ ઊંચી હોઈ, પગ પાસે વાહન તરીકે હંસ મૂક્યો છે. વડનગરમાં અમથેરમાતાના મંદિરમાં બ્રાહ્મીની એક બેઠી પ્રતિમા છે. તેને ત્રણ મુખ વ્યક્ત કરતાં, ચોથું પાછળની બાજુ કલ્પી લેવાનું સૂચવ્યું છે. તેને પણ ચાર હાથ,

* વિજાપુર તાલુકાના લાડોલ ગામમાં રામજીમંદિરના ઓટલા પર આઠ માતૃકાઓની વિધાનોક્ત લક્ષણોવાળી પ્રતિમાઓ મળી આવી છે જે સૂચવે છે કે ત્યાં અગર બાજુમાં આ બધી જ માતૃકાઓનાં મંદિરો હશે. ત્યાંની વિશેષ હકીકત માટે જુઓ શ્રી. લક્ષ્મીશંકર અં. જોષી, 'લાડોલનાં પ્રાચીન શિલ્પો.' મજારાજ વિશેષાંક, ઑગષ્ટ-૧૯૬૧

૬. રૂપાવતાર, અ. ૮-૭૬
૭. અગ્નિપુરાણ, અ. ૫૦-૧૭; ૫૨-૧૪
૮. અંશુમદ્ભેદાગમ, પટલ ૪૭
૯. પૂર્વકારણાગમ, પટલ ૧૨.
૧૦. મત્સ્યપુરાણ, અ. ૧૬૧-૨૪
૧૧. માર્કંડેયપુરાણ, અ. ૮-૧૫
૧૨. રૂપમંડન, અ. ૫-૬૧

૧૩. રૂપાવતાર, અ. ૮-૬૨
૧૪. વિશ્વકર્માશાસ્ત્ર, ચતુર્વર્ગ ચિન્તામણિ, ૨-૮૨
૧૫. શિલ્પરત્ન, અ. ૨૪-૭૬
૧૬. શ્રી તત્ત્વનિધિ, પા. ૪
૧૭. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૬૩

તેમાં અનુક્રમે વરદ, સ્રુવ, પુસ્તક અને બાળક છે. જૂના ડીસાના સિદ્ધાંબિકાના મંદિરની જંઘામાં બ્રહ્માણીની એક ઊભી મૂર્તિ છે. તેને એક મુખ અને ચાર હાથ છે. ચારે હાથમાં પાત્ર, શક્તિ, સ્રુવ અને કમંડલ વ્યક્ત કરી, માથે કરંડમુકુટ અને શરીર ઉપર અલંકારો વ્યક્ત કર્યા છે. આવી જ એક સુંદર પ્રતિમા અમદાવાદ પાસે અડાલજ ગામમાં ભરવાડના ઘર પાસે ખંડિત મૂર્તિઓના ઢગલામાં પડી છે. તેને ચાર મુખ અને ચાર હાથ છે. તેમાં ત્રિશૂલ, વીણા, વરદ અને કમંડલ મૂકેલાં છે. આ સિવાય બ્રાહ્મીની પ્રતિમાઓ વિજાપુર પાસે ખડાતમાંથી, મોટીદાઉ, ભાંડુ, હિંમતનગર અને બુટ્ટાપાલડીમાંથી મળી છે. વિજાપુર તાલુકાના લાડોલ ગામમાં રામજીમંદિરના ઓટલા ઉપર સાડાત્રણથી ચાર ફૂટ ઊંચાઈની આરસપહાણની વિધાનોક્ત લક્ષણોવાળી પ્રતિમા મળી આવી છે.

માહેશ્વરી

મહેશની પત્ની માહેશ્વરી, રૌદ્રી કે પાર્વતીથી ઓળખાય છે. મહેશ્વર એ શિવનું સ્વરૂપ હોવાથી માહેશ્વરીનું સ્વરૂપ પણ તેમના જેવું જ જણાવ્યું છે અને વાહન પણ વૃષભ જણાવ્યો છે. બ્રાહ્મીની માફક તે પણ કુલદેવી કે ગોત્રદેવી તરીકે ગુજરાતમાં પુજાય છે. તેને માટે અગ્નિપુરાણ, અંશુમદ્ભેદાગમ, વિષ્ણુધર્મોત્તર, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, રૂપમંડન, રૂપાવતાર, વિશ્વકર્માશાસ્ત્ર, શિલ્પરત્ન અને માર્કંડેય પુરાણમાંથી મળે છે[૧૮]. આ બધામાં જણાવ્યા પ્રમાણે તેને પાંચ મુખ, ત્રિનેત્ર, ચાર છ કે દશ હાથ, માથે જટામુકુટ, લલાટમાં ચંદ્રકલા, અને આયુધોમાં તલવાર, વજ્ર, ત્રિશૂલ, પરશુ, અભય, વરદ, પાશ, ઘંટા, નાગ, અંકુશ વ. હોય છે. પાર્વતી, ગૌરી અને માહેશ્વરીના વિધાનમાં મુખની બાબત સિવાય ખાસ ફેરફાર નથી, છતાં કેટલીક વિશિષ્ટતાઓ તો છે જ.

---

૧૮. વિશેષ માટે જુઓ આ જ પ્રકરણની પાદનોંધો, ૧-૧૭

વડનગરમાં અમથેરમાતાના સ્થાનમાં માહેશ્વરીની એક પ્રતિમા છે, તેને ચાર હાથ છે. જમણા બેમાં ત્રિશૂલ અને વરદ જ્યારે ડાબામાં એક ખંડિત અને બીજામાં બાળક પકડેલું છે. આ મૂર્તિ આલીઢાસનવાળી બેઠેલી છે, પાસે વાહન તરીકે નંદિ છે. સિદ્ધપુરના સુણક ગામમાં તળાવ ઉપર આવેલા દેવીના પ્રાચીન મંદિરની ફરતી જંઘામાં માહેશ્વરીની પણ મૂર્તિ છે. આમાં તેને ચાર હાથ, તેમાં વરદ, ત્રિશૂલ, સર્પ અને શિવલિંગ છે. આ મૂર્તિ બેઠેલી છે, તેનો એક પગ વાળેલો અને બીજો લટકતો છે. સૌરાષ્ટ્રમાં વેરાવળ પાસે મૈપુરી મસ્જિદ પાસે આવેલી પ્રાચીન વાવમાં, તેના શિલ્પમાં માહેશ્વરીની મૂર્તિ છે. તેનો ઘણોખરો ભાગ ખંડિત છે તેથી વર્ણન અશક્ય છે. મોઢેરામાં સૂર્યમંદિરની ઉત્તર જંઘામાં કુબેરની મૂર્તિ પાસે આવી એક પ્રતિમા છે. જેના ચારે હાથમાં માલા, ત્રિશૂલ, અંકુશ અને કમંડળ છે. પ્રતિમા ઊભી અને લલિત ત્રિભંગવાળી છે. પાટણના દિશાવાળની ખડકીના સપ્તમાતૃકાના મંદિરમાં માહેશ્વરીની બેઠી પ્રતિમા છે. તેના દરેક હાથમાં માલા, ત્રિશૂલ, સાંગ અને વરદ છે. પાસે બાળક અને નીચે વૃષભ બતાવ્યો હોઈ, મૂર્તિ સુંદર અને ત્રિભંગવાળી છે. આ સિવાય બીજી જે પ્રતિમાઓ મળી છે તેમાં હિંમતનગરના મ્યૂઝિયમમાં, રૂદ્રમહાલયના સ્તંભમાં, પાટણમાં કાલિકામંદિરમાં અને વૈજનાથ મહાદેવમાં બેસાડેલી મુખ્ય છે. વિજાપુર તાલુકાના લાડોલ ગામમાંથી પણ આવી એક પ્રતિમા મળી છે.

કૌમારી

શિવપુત્ર કાર્તિકેય અથવા સ્કંદ અથવા કુમારની પત્ની કૌમારી કહેવાય છે. ગુજરાતમાંથી સ્કંદપૂજાનો પ્રચાર સાવ લુપ્ત થયો હોવાથી, સ્વાભાવિક રીતે તેની પત્નીની પૂજાનો પ્રચાર પણ નથી. આથી તેનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાંથી મળતાં નથી. તેના રૂપવિધાન માટે અગ્નિપુરાણ, અંશુમદ્ ભેદાગમ, દેવીપુરાણ, પૂર્વકારણાગમ, વિષ્ણુધર્મોત્તર

મત્સ્યપુરાણ, માર્કંડેયપુરાણ, રૂપમંડન, શ્રીતત્ત્વનિધિ, રૂપાવતાર, વિશ્વકર્માશાસ્ત્ર અને શિલ્પરત્નમાંથી[19] વર્ણનો મળે છે તે પ્રમાણે તેને ચાર હાથ, તેમાં વરદ, શક્તિ, કુક્કુટ, અભય મુખ્યત્વે છે. કેટલાક ગ્રંથોમાં ચાર હાથ જણાવ્યા હોઈ, આયુધભેદ તો દરેક ગ્રંથમાં જણાય છે. તેનું વાહન મયૂર છે.

ગુજરાતમાંથી કૌમારીની ત્રણ ચાર પ્રતિમાઓ મળી છે. વડનગરમાં પીઠોરી દરવાજા પાસે એક ચોતરા ઉપર કેટલીક મૂર્તિઓ પડી છે, તેમાં કૌમારીની એક પ્રતિમા છે. તેને ચાર હાથ જણાવ્યા હોઈ, તે પૈકી બે ખંડિત છે, જ્યારે બાકીના બેમાં શક્તિ તથા બાળક સ્પષ્ટ દેખાય છે. આમાં દેવી પગ વાળી બેઠેલાં અને એક પગ લટકતો રાખેલો છે. નીચે વાહન તરીકે મયૂરને પણ જણાવ્યો છે. કૌમારીની બીજી એક સુંદર મૂર્તિ અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં છે. તેને ફક્ત બે જ હાથ જણાવ્યા હોઈ તેમાં સાંગ અને કૂકડો પકડેલો છે, અને પગ પાસે મયૂર વ્યક્ત કર્યો છે. મોઢેરાના સૂર્યમંદિરમાં રંગમંડપની અંદર એક સ્તંભમાં કાર્તિકેયની પાસે કૌમારીને પણ કોતરેલાં છે. તેને ચાર હાથમાં અનુક્રમે વરદ, સાંગ કમલ વ. વ્યક્ત કરેલાં છે, ચોથો હાથ ખંડિત છે. આ મૂર્તિ ઊભી, લલિત ત્રિભંગવાળી આશરે એક ફૂટ ઊંચાઈવાળી બનાવી તેના કલાવિધાનમાં રૂપકારે અદ્વિતીય કૌશલ્ય વાપર્યું છે, પાટણમાં ઢિંશાવાળની ખડકીમાં સપ્તમાતૃકાઓના મંદિરમાં એક સુંદર મૂર્તિ કૌમારીની છે. તેમાં તેને બે હાથ જણાવી, જમણામાં શક્તિ અને ડાબામાં કૂકડો મૂકેલો છે. આમ ગુજરાતમાંથી આટલી ગણી ગાંઠી પ્રતિમાઓ કૌમારીની મળે છે. પ્રાચીન મંદિરોની શૃંગાર મૂર્તિઓમાં બીજી વધુ મળવા સંભવ છે. વિજાપુર તાલુકાના લાડોલ ગામમાંથી પણ આવી એક અનન્ય પ્રતિમા મળી છે.

---

૧૯ વિગતો માટે જુઓ આ જ પ્રકરણની પાદનોંધ, ૧-૧૭

વૈષ્ણવી

વિષ્ણુપત્ની તે વૈષ્ણવી. વિષ્ણુનો પ્રચાર અને પૂજા-અર્ચા ગુજરાતમાં તો પ્રાક્ ઐતિહાસિક કાળથી હતો એવા પુરાવા મળ્યા છે. પણ વૈષ્ણવીદેવીનાં સ્વતંત્ર મંદિરો, કૃષ્ણની અષ્ટ પટરાણી કે લક્ષ્મી સિવાયનાં ખાસ મળતાં નથી. એટલે સપ્તમાતૃકાઓ પૈકીનાં વૈષ્ણવીદેવી, ઉપાસ્યદેવી તરીકે ખાસ પૂજાતાં હોય તેમ જણાયું નથી. વૈષ્ણવીદેવીના જે પ્રતિમાઓ આજે મળે છે, તે મોટે ભાગે મંદિરોમાં પ્રધાનદેવની પાસે અગર પ્રાચીન મંદિરોની ઝંઘાઓમાં કોતરેલા શૃંગાર મૂર્તિઓમાં મૂકેલી જણાય છે. તેનાં શાસ્ત્રીય વિધાનો માટે અગ્નિપુરાણ, અંશુમદ્ ભેદાગમ, દેવીપુરાણ, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, માર્કંડેયપુરાણે, રૂપમંડન, રૂપાવતાર, વિશ્વકર્માશાસ્ત્ર, વિષ્ણુધર્મોત્તર, શ્રીતત્ત્વનિધિ અને શિલ્પરત્નમાં આપેલાં છે.[20] તે બધામાં જણાવ્યા પ્રમાણે આ દેવીને ચાર હાથ, તેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ, ગળામાં વનમાલા, વિષ્ણુના જેવાં જ આભૂષણો, ગરુડારૂઢ અગર સિંહાસન ઉપર બિરાજમાન હોય છે. રૂપાવતાર, વિશ્વકર્માશાસ્ત્ર, વિષ્ણુધર્મોત્તર અને શ્રી તત્ત્વનિધિ ૭ હાથ જણાવે છે. તે પૈકી જમણા ત્રણમાં વરદ, ગદા, કમળ અને ડાબામાં શંખ, ચક્ર અને અભય જણાવે છે.

ગુજરાતમાંથી વૈષ્ણવીની સંખ્યાબંધ પ્રતિમાઓ મળે છે તેમાંથી કેટલીક સુંદર મૂર્તિઓની પિછાન મેં અત્રે આપી છે. વડનગરમાં અમથેર દરવાજા પાસે માતાના મંદિરમાં વૈષ્ણવીદેવીની એક સુંદર બેઠી મૂર્તિ છે. જેને વિધાન પ્રમાણે અનુક્રમે વરદ, ગદા, અને બાળક પકડેલું જણાય છે; દેવી ગરુડારૂઢ છે. આ મૂર્તિ વિધાનોક્ત લક્ષણો પ્રમાણે બનાવેલી હોવાથી રૂપવિધાન ઉઠાવદાર છે. આ જ શહેરમાં વૈષ્ણવીદેવીની બીજી મૂર્તિ ભોજકવાડ પાસે દરોગાની શેરીમાં આવેલા દેવીમંદિરમાં, મુખ્ય મૂર્તિની પીઠિકામાંથી મળેલી છે. આ પીઠિકામાં જમણી બાજુ ત્રીજા

---

૨૦. એજન.

નંબરની વૈષ્ણવીદેવીની પ્રતિમા છે, જેને બે હાથ પૈકી એકમાં કમળ અને બીજામાં બાળક તેડેલું છે. મોઢેરાના સૂર્યમંદિરમાં અગ્નિ ખૂણા પાસે એક વૈષ્ણવીની મૂર્તિ કોતરેલી છે, તેના ચાર હાથ પૈકી ત્રણ ખંડિત છે જ્યારે ચોથામાં ચક્ર બચવા પામ્યું છે. આ મૂર્તિ ઊભી, માથે કિરીટમુકુટ અને અલંકારોથી વિભૂષિત છે. પાટણમાં દિશાવાળની ખડકીમાં આવેલા સપ્તમાતૃકાના મંદિરમાં વૈષ્ણવીની સુંદર લલિત ત્રિભંગવાળી મૂર્તિ બેસાડેલી છે. તેના ચાર હાથ તે પૈકી બેમાં ગદા તથા ચક્ર અને બીજા બે હાથે બાળક પકડેલું છે. વધુમાં તેના પગ પાસે ગરુડને વાહન તરીકે રજૂ કર્યો છે. આ સિવાય બીજી વૈષ્ણવીની મૂર્તિઓ મળી છે, પણ ખાસ વિશિષ્ટતા નહીં હોવાથી વર્ણન અસ્થાને છે. આવી એક પ્રતિમા વિજાપુર તાલુકાના લાડોલ ગામમાંથી મળી આવી છે.

વારાહી

વિષ્ણુના વરાહ અવતારની પત્ની તે વારાહી. જોકે આ પણ વૈષ્ણવીદેવી છે પૂર્વકાળમાં ભારતના અન્ય ભાગોની માફક ગુજરાતમાં પણ વરાહની ઉપાસના પ્રચલિત હતી તેથી તેમની પત્નીની ઉપાસના પણ થતી હશે એમ જણાય છે. ગુજરાતનાં કેટલાં યે ગામડાંઓમાંથી વારાહીનાં નાનાંમોટાં મંદિરો મળી આવ્યાં છે. આની પૂજા સમાજના નીચલા થરમાં વધુ વ્યાપક હતી. તે લોકો તેને વારાહીને બદલે વેરાઈ માતા તરીકે પૂજે છે. રાધનપુરથી આઠ માઈલ દૂર વારાહી નામનું નાનું ગામ છે ત્યાં વારાહીનું પ્રાચીન મંદિર છે. તે ગામનું નામ પણ આ જ દેવીના નામ ઉપરથી પડ્યું હશે. વારાહી માટે અગ્નિપુરાણ, અંશુમદ્ ભેદાગમ, દેવીપુરાણ, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, માર્કંડેય પુરાણ, રૂપમંડન, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, વિશ્વકર્માશાસ્ત્ર, શ્રી તત્ત્વનિધિ, શિલ્પરત્નમાં રૂપવિધાનો આપ્યાં છે.[૨૧] તે બધામાં વર્ણવ્યા પ્રમાણે તેનું મુખ વરાહ જેવું, ચાર અગર છ હાથ, તે પૈકી જમણા

૨૧. વિગતો માટે જુઓ, આ જ પ્રકરણની પાદનોંધ ૬-૧૭.

ત્રણમાં વરદ, દંડ તથા ખડગ, જ્યારે ડાબા ત્રણમાં ખેટ, પાશ તથા અભય મુખ્યત્વે હોય છે જોકે ગ્રંથાંતરોમાં આયુધભેદ જણાવેલાં છે. વર્ણ કૃષ્ણ અને સામાન્ય રીતે યજ્ઞવરાહ જેવું રૂપ ધરાવતી હોય છે.

વારાહીની પ્રતિમાઓ ઘણી છે પરંતુ ગામડાની મૂર્તિઓ મૂર્તિવિધાન પ્રમાણે બનાવેલી જણાતી નથી. વડનગરના પીઠોરી દરવાજા પાસે એક ચબૂતરા ઉપર કેટલીક મૂર્તિઓ છે તેમાં વારાહીની ખંડિત પ્રતિમા છે. તેના ચાર હાથ પૈકી બે ખંડિત છે જ્યારે બાકીના બેમાં એક ઝંઘા ઉપર મૂકેલો અને બીજામાં કમંડલ છે. અને મુખ વરાહ જેવું બનાવી, વાહન પણ વરાહને જ કલ્પ્યું છે. આવી જ બીજી પ્રતિમા ત્યાંના અમથેર દરવાજા પાસે અમથેર માતામાં છે. તેમાં દેવીને ચાર હાથ, તે પૈકી ત્રણમાં અનુક્રમે વરદ, મુદ્રા, ત્રિશૂલ અને ગદા મૂકેલાં છે, જ્યારે ચોથો હાથ ખંડિત છે. મુખ વરાહ જેવું અને વાહન પણ વરાહ જ છે. પાટણમાંના સપ્તમાતૃકાના મંદિરમાં વારાહીની ભવ્ય પ્રતિમા બેસાડેલી હોઈ, તેમાં વારાહીને ફક્ત બે હાથ, તે પૈકી જમણામાં બાળક અને ડાબામાં હળ છે. આ દેવીનો પગ આંટીમાં વાળ્યો હોઈ, તેની પાસે વાહન મહિષ અને પાસે એક સ્ત્રી જણાતી છે. અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં પણ શાસ્ત્રોક્ત વિધાન પ્રમાણે બનાવેલી વરાહની પ્રતિમા છે. આ સિવાય રાધનપુર પાસેના વારાહી ગામમાં, આરાસુરમાં અંબાજીના મંદિર પાસે, મોટીદાઉ ગામના ભવાનીશ્વર મહાદેવના મંદિરમાં તેમજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના મ્યુઝિયમમાંથી પણ આવી કેટલીક મૂર્તિઓ મળી આવી છે. આમ ગુજરાતે વારાહીની ઉપાસના અપનાવી હતી એમ જરૂર લાગે છે. આવી એક પ્રતિમા વિજાપુર તાલુકાના લાડોલમાંથી મળી આવી છે.

ઐન્દ્રી

ઇન્દ્રની પત્ની આ નામથી ઓળખાય છે. ઇન્દ્ર એ દેવસમાજનો રાજા અને દશ દિક્પાલોમાં ઊંચું સ્થાન ધરાવતો દેવ છે. ઐન્દ્રી રાજ-

મહિષી છે અને સપ્તમાતૃકામાં સારું એવું સ્થાન ધરાવે છે પણ અનુષ્ઠાન સિવાય તેની ઉપાસના દેવીના એક સંપ્રદાય તરીકે કરવામાં આવતી નથી. એટલે તેનાં સ્વતંત્ર મંદિરો મળી આવતાં નથી. તેના માટે પણ અગ્નિપુરાણ. અંશુમદ્ ભેદાગમ, દેવીપુરાણ, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, માર્કંડેયપુરાણ, રૂપમંડન, રૂપાવતાર, શ્રી તત્ત્વનિધિ, વિશ્વકર્માશાસ્ત્ર, વિષ્ણુધર્મોત્તર વ.માંથી રૂપવિધાનો મળે છે.[૨૨]

તે બધાં વર્ણનો પ્રમાણે ઇન્દ્રના સ્વરૂપવાળી, સહસ્રનેત્ર ધરાવતી, બે, ચાર અગર છ હાથ ધરાવનારી, આયુધોમાં વરદ, શક્તિ, વજ્ર, અભય, કલશ, સૂત્ર અગર શક્તિ, હાથી ઉપર બેઠેલી, ઇન્દ્રનીલ વર્ણની હોય છે. ગ્રંથાંતરોમાં આયુધભેદ તો છે જ.

સપ્તમાતૃકાઓ સિવાયની ઐન્દ્રીની થોડીક પ્રતિમાઓ મળી છે. મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં ઐન્દ્રીની એક બેઠી પ્રતિમા છે. જેને ચાર હાથમાં અભય, અંકુશ, પાશ અને સર્પ પકડેલાં હોઈ, નીચે વાહન તરીકે હાથી જણાવ્યો છે. જૂના ડીસાના સિદ્ધાંબિકાના મંદિરની બહારની જંઘામાં ઐન્દ્રીની એક સુંદર મૂર્તિ કોતરેલી છે તેમાં તેને ચાર હાથ, માળા, અંકુશ, પાશ અને કમંડલ ધારણ કરેલાં, પગ પાસે તેમનું પ્રિયવાહન હાથી છે. આ પ્રતિમા ઊભી છે જેમાં દેવીને માથે કરંડમુકુટ તથા શરીર ઉપર અલંકારો ધારણ કરેલા છે. આ મંદિરની દ્વારશાખામાં પણ ઐન્દ્રીની નાની નાની ચાર મૂર્તિઓ કોતરેલી છે. દરેકમાં તેનું વાહન ખાસ કરીને રજૂ કર્યું છે. મોઢેરાના સૂર્યમંદિરમાં રંગમંડપની અંદર ઐન્દ્રીની એક પ્રતિમા કોતરેલી છે. તેમાં નીચેના બે હાથ ખંડિત હોઈ, ઉપરના બેમાં વજ્ર તથા અંકુશ સ્પષ્ટ જણાય છે. તદુપરાંત દેવીના પગ પાસે હાથી કોતરેલો છે. પાટણના સપ્તમાતૃકાના મંદિરમાં ઐન્દ્રીની એક ઊભી મૂર્તિ છે, જેને ચાર હાથ જણાવતાં તે પૈકી બે હાથે બાળક તેડેલું, જ્યારે બાકીના

૨૨. પાદનોંધ ૬-૧૭ પ્રમાણે.

બેમાં વજ્ર તથા અંકુશ ધારણ કરેલાં બતાવી, પગ પાસે હાથી તથા પરિચારીકા બનાવી છે. આ જ શહેરમાં પાનશ્યામજીના મંદિરમાં પણ ઐન્દ્રીની એક મૂર્તિ છે. તેના ઉત્સંગમાં બાળક, હાથ ચાર તેમાં શંખ, અંકુશ, પાશ, વ. દર્શાવી પગ પાસે વાહન જણાવ્યું નથી. આ સિવાય હિંમતનગરના મ્યૂઝિયમમાં તેમજ મહેસાણા તાલુકાના પાલોદર ગામના મંદિરની જંઘામાં ઐન્દ્રીની પ્રતિમા હોવાનું જણાવ્યું છે. આવી એક અનન્ય પ્રતિમા વિજાપુર તાલુકાના લાડોલમાંથી પણ મળી આવી છે.

ચામુંડા

દેવીનાં મુખ્ય સ્વરૂપો પૈકીની આ એક મહાશક્તિ છે. સપ્તમાતૃકાઓ પૈકી બધી દેવીઓ જે તે દેવોની પત્નીઓ છે. જ્યારે ચામુંડા તો જગદંબા ત્રિગુણાત્મિકા મહાકાલીનું અપર સ્વરૂપ છે. ચંડ-મુંડ સાથેના યુદ્ધમાં કાલિકાએ તે બંનેનો સંહાર કરી ચંડિકા આગળ રજૂ કર્યા ત્યારથી તેમનું નામ ચામુંડા પડ્યું એમ માર્કંડેયપુરાણ જણાવે છે.[૨૩] એટલે કાલી અને ચામુંડા એક જ સ્વરૂપ છે છતાં બંનેનાં રૂપવિધાનોમાં તફાવત છે. ચામુંડાનો પ્રચાર ગુજરાતમાં નીચલા થરમાં વધુ ફેલાયો છે. ચામુંડાનાં મંદિરો શહેરો કરતાં ગામડાઓમાં વધુ છે. કેટલાંક કુટુંબોમાં તો ચામુંડા કુળદેવી કે ગોત્રદેવી તરીકે પૂજાય છે. ચામુંડા માટે પણ અગ્નિપુરાણ, અંશુમદ્ ભેદાગમ, પૂર્વકારણાગમ, મત્સ્યપુરાણ, રૂપમંડન, રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર, શ્રી તત્ત્વનિધિ અને વિશ્વકર્માશાસ્ત્રમાં વિધાનો આપેલાં છે. તે પ્રમાણે તેને ચાર હાથ, તેમાં શૂલ, પટ્ટીશ, કરવત અને કપાલ, ત્રણ નેત્ર, રક્ત વર્ણ, છૂટા વાળ, ગળામાં રૂંઢમાલા હોય છે. આયુધભેદ ગ્રંથાંતરોમાં જોવામાં આવે છે. રૂપમંડન રૂપાવતાર, વિષ્ણુધર્મોત્તર અને શ્રી તત્ત્વનિધિ તેના બે પ્રકાર જણાવે છે. તે પૈકી પહેલામાં સોળ હાથ, ઉગ્ર સ્વરૂપ, પીળા કેશ, ઉપરનો ભાગ કૃશ, રક્ત નેત્ર અને તે ઊંડાં ગયેલાં, સર્પાભૂષણ, ગળામાં કપાલમાળા અને

૨૩. માર્કંડેયપુરાણ, સપ્તશતિ, અ. ૮-૨૬-૨૭

શબાસન ઉપર બેઠેલાં હોવાનું જણાય છે. જ્યારે બીજા પ્રકારમાં તેને દશ હાથ, મોટી દાઢો, પાતળું શરીર, ઊંડી ઉતરી ગયેલી આંખો ઉગ્ર સ્વરૂપ, સર્પાભૂષણ અને પ્રેતાસન ઉપર બેઠેલાં જણાવે છે. વળી તે જ ગ્રંથ બે હાથ ધરાવતાં ચામુંડા કલ્પવાનું જણાવે છે.[૨૪] આયુધો જમણામાં મુસલ, ચક્ર, અંકુશ, ખડ્ગ, કપાલ અને ડાબામાં ઢાલ, પાશ, દંડ અને કુઠાર જણાવ્યાં છે.

ચામુંડાનાં કેટલાંક પ્રાચીન મંદિરો ગુજરાતમાંથી મળે છે. તારંગાના ડુંગરોમાં એક ડુંગર ઉપર ચામુંડાનું પ્રાચીન મંદિર આજે પણ વિદ્યમાન છે. આ સિવાય ચામુંડાની સંખ્યાબંધ મૂર્તિઓ ગુજરાતમાંથી મળી છે. સિદ્ધપુર તાલુકાના સુણક ગામમાં આવેલાં નીલકંઠેશ્વરના પ્રાચીન પ્રાસાદની જંઘામાં ચામુંડાની એક સુંદર મૂર્તિ કોતરેલી છે. આવી જ બીજી પ્રતિમા તેજ તાલુકાના ડુંડાવ ગામના ચોતરા ઉપર મૂકેલી છે. સુણકની મૂર્તિના હાથો ખંડિત છે તેથી આયુધો જણાતાં નથી પણ દેવી આલીઢાસનવાળી બેઠેલાં, વિકૃત મુખ, ઊંડા ઉતરેલા પેટવાળાં છે. ડુંડાવની પ્રતિમાને ચાર હાથ તે પૈકી બેમાં અસ્પષ્ટ વસ્તુઓ, ત્રીજામાં ડમરું અને ચોથામાં ખટ્વાંગ છે. અને દેવી શબાસન ઉપર બેઠેલાં છે. પાટણમાં ડૉ. પંડ્યા અભ્યાસગૃહના મ્યૂઝિયમમાં શાસ્ત્રોક્ત લક્ષણોયુક્ત ચામુંડાની પ્રતિમા છે તેને ચાર હાથ તેમાં ત્રિશૂલ ખટ્વાંગ અને પાત્ર પકડેલાં છે અને ચોથો ખંડિત છે. દેવી શબ ઉપર ઊભાં રહેલાં છે. કલાવિધાનની દૃષ્ટિએ આ પ્રતિમા ઉત્તમ છે. આ સિવાય પાટણમાં ભાટિયાવાડમાં ચામુંડાનું મંદિર છે, તેમાં ચામુંડાની પ્રાચીન પ્રતિમા બેસાડેલી છે. તેને પણ ચાર હાથ, શબાસન અને નગ્ન વ્યક્ત કર્યાં છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં આવી એક મૂર્તિ છે જે અનન્ય છે. દાંતા પાસેના પર્વતમાં પણ ચામુંડાની પ્રતિમા છે. આ સિવાય પાટણના સપ્તમાતૃકામંદિરમાં સૌરાષ્ટ્રના આનંદપુરમાં, તેમજ સુણારીઆના પ્રાચીન

૨૪. રૂપમંડન, અ. ૫-૩૯-૪૨

મંદિરોની જંઘાઓમાં તેમજ ઇડર પ્રદેશના પ્રાચીન મંદિરોમાંથી ચામુંડાની કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. વિજાપુર તાલુકાના લાડોલમાંથી પણ આવી એક પ્રતિમા મળી આવી છે.

ચામુંડાના અપર પ્રકારો તરીકે રક્ત-ચામુંડાની નોંધ રૂપમંડન અને માર્કંડેયપુરાણમાં આપી હોઈ, તેને ચાર હાથ, તેમાં અનુક્રમે ખડ્ગ, પાત્ર, મુશલ અને હળ ધારણ કરેલાં જણાવી રક્ત-ચામુંડા તરીકે ઓળખાવી છે.[૨૫] આવા પ્રકારની કોઈ પણ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવી નથી.

નારસિંહી

સપ્તમાતૃકાઓમાં નારસિંહીનો ઉલ્લેખ ફક્ત અભિલષિતાર્થ ચિન્તામણિ અને માર્કંડેયપુરાણકારે આપ્યો છે. વિષ્ણુના નરસિંહ અવતારની તે પત્ની હોઈ તેમનું વિધાન પણ તેમના સ્વરૂપને અનુરૂપ હોય તે સ્વાભાવિક છે. માર્કંડેયપુરાણકાર જણાવે છે કે આ દેવી નૃસિંહ સમાન સ્વરૂપ ધારણ કરતી હોઈ, તેના શરીર ઉપરનાં રોમાચ હાલવાથી સકળ તારાગણો હાલી ઊઠે છે.[૨૬] નારસિંહીની અખંડ પ્રતિમા હજુ સુધી મળી નથી. એટલે તેની ચર્ચા અત્રે અસ્થાને છે.

સપ્તમાતૃકાઓ

ઉપર જણાવેલી સાતે માતૃકાઓને એક જ સ્વતંત્ર પટ્ટામાં આલેખવામાં આવે છે. તેમાં પ્રથમ ગણપતિ અગર વીરભદ્ર, આ બે પૈકી એક આદિમાં અને બીજી અંતમાં હોય છે. ત્યાર બાદ બ્રાહ્મ્યાદિ સાતે માતૃકાઓની નાની અગર મોટી પ્રતિમાઓ તેમનાં આયુધો અને વાહનો સહિત કોતરવામાં આવે છે. આવા પટ્ટામાં દરેક દેવીના ખોળામાં બાળક હોવાનું કેટલીક વખત જોવામાં આવે છે. મધ્યકાળમાં સપ્તમાતૃકાનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાં બનતાં હશે એમ જણાય છે.

૨૫. માર્કંડેયપુરાણ, સપ્તશતિ, અ. ૮

૨૬. એજન, સપ્તશતિ, અ. ૮ ૨૦

સિદ્ધરાજના સમયમાં સહસ્રલિંગ સરોવર ઉપર માતૃઓનું મંદિર માતૃતીર્થમાં હતું એવા ઐતિહાસિક પુરાવાઓ મળે છે.[૨૭] આ સિવાય બીજું માતૃતીર્થ સરસ્વતીના પ્રવાહમાર્ગમાં મોક્ષેશ્વરથી સિદ્ધપુર વચ્ચે રસ્તામાં આવેલું છે. ત્યાં પણ પ્રાચીનકાળમાં માતૃઓનું મંદિર હતું એમ કહેવાય છે. પાટણથી બે માઈલ દૂર આવેલા માતરવાડી ગામે માતરભવાનીનું મંદિર છે, તેમાં સપ્તમાતૃકાઓની મૂર્તિઓને બદલે યંત્રો કોતરેલાં છે. આ સિવાય બીજાં પણ માતૃમંદિરો હોવાની શક્યતા છે.

સપ્તમાતૃકાના સંખ્યાબંધ શિલાપટ્ટો મળ્યા છે. તેમાં માતૃઓની પ્રતિમાઓ કોતરેલી હોય છે. આવા પટ્ટો અડાલજની વાવમાં, સિદ્ધપુર તાલુકાના મક્તુપુર ગામના મહાદેવમાં, અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં, વિજાપુરથી છ માઈલ દૂર આવેલા ખડાત ગામના સાંકળેશ્વર મહાદેવમાં, મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં તેમજ આરાસુરના અંબાજી નજીક કોટેશ્વર મહાદેવ પાસે એક મંદિરમાંથી મળ્યા છે. આ સિવાય સૌરાષ્ટ્રમાં વઢવાણની માધાવાવમાં, પોરબંદર પાસે બિલ્વેશ્વર મહાદેવમાંથી પણ આવા પટ્ટો મળ્યા છે. ઇલોરાની ગુફાઓમાં આવો એક પટ્ટ મળ્યો છે જેમાં વાહનો પણ કોતરેલાં છે. ડીસાથી ત્રણ માઈલ દૂર સપ્તમાતૃકાઓનું એક પ્રાચીન મંદિર હતું એમ જાણકારો પાસેથી જાણવા મળ્યું છે. સપ્તમાતૃકાઓની માતૃઓ કુલદેવી તરીકે પૂજાતી હતી. ડીસાવાળ બ્રાહ્મણો અને વૈશ્યો તેને પૂર્ણ શ્રદ્ધાથી પૂજે છે.

ચંડિકા

ઘણાખરા ગ્રંથોમાં માતૃઓની સંખ્યા સાત ગણાવી છે જ્યારે રૂપાવતાર આઠમું નામ ચંડિકાનું આપે છે. ચંડી એટલે ઉગ્ર સ્વરૂપા દેવી. સપ્તશતિમાં દેવીને ચંડી તરીકે અનેક વાર સંબોધન કરવામાં આવ્યું છે. દેવી રાક્ષસોના સંહારકાર્યમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તે ચંડીસ્વરૂપ ધારણ કરે છે અને તે નામથી ઓળખાય છે. આ સંબંધમાં ગ્રંથકારો

૨૭. સરસ્વતીપુરાણ, સર્ગ ૧૫-૨૩૮

જણાવે છે તેમ ચંડીને છ હાથ, શવારૂઢ, શ્વેત વર્ણ, ત્રણ નેત્ર, જમણા ત્રણ હાથમાં વરદ, શક્તિ અને કર્તિકા, ડાબામાં પાશ, પાત્ર અને અભય ધારણ કરેલાં હોય છે.[૨૮] આ ગ્રંથકારે અપર પ્રકાર પણ ચંડીનો આપ્યો છે પણ તેની ખાસ વિશિષ્ટતા નથી. છ હાથ ધરાવતી કેટલીક દેવીમૂર્તિઓ મળી આવી છે પણ ચંડીના વિધાન પ્રમાણે આયુધો મળતાં નથી. કરનાળીના સોમનાથ મહાદેવ પાસે એક મંદિરમાં છ હાથવાળી દેવી બેસાડેલી છે. આ સિવાય રુદ્રમહાલયના કેટલાક સ્તંભોમાં પણ છ હાથ ધરાવનારી દેવીઓ કોતરેલી છે પણ તેને કારણે તેમને ચંડિકા ન કહી શકાય. ટૂંકમાં ચંડિકાના વિધાનવાળી પ્રતિમાઓ ભાગ્યે જ મળે છે.

આ જ પ્રમાણે કાલસંકર્ષણી, વામની, વૈનાયકી અને મહાલક્ષ્મીને કેટલાક ગ્રંથકારોએ આઠમી માતૃકા તરીકે જણાવી છે. કાલસંકર્ષણી માટે કોઈ ગ્રંથમાંથી ઉલ્લેખ મળતો નથી જ્યારે વામનીનાં આયુધોમાં ફક્ત દલ છે. વૈનાયકી વિનાયકના સ્વરૂપ પ્રમાણે બનાવવાનું શાસ્ત્રકારો જણાવે છે. મહાલક્ષ્મીનું વિધાન આગળ વર્ણવેલું છે એટલે તેની પુનરુક્તિ અસ્થાને છે. ચંડિકા, કાત્યાયની, મહિષાસુરમર્દિની વ. ફક્ત એક જ દેવીનાં સ્વરૂપો હોવા છતાં તેનાં જુદાં જુદાં વિધાનો શાસ્ત્રકારોએ કલ્પ્યાં છે.[૨૯]

યોગીશ્વરી

વરાહપુરાણમાં આઠમી માતૃકા તરીકે યોગીશ્વરીને જણાવી છે. જેમ કાલીનું અપર સ્વરૂપ ચામુંડા તેવી જ રીતે ચામુંડા જેવાં જ યોગીશ્વરી અને કૃશોદરીનાં વિધાનો છે. જોકે થોડો તફાવત છે. છતાં તેમાં કાલિકાનું જ મૂર્તિસામ્ય નજરે પડે છે. મત્સ્યપુરાણકાર યોગીશ્વરીના વિધાન માટે કહે છે કે તેને લાંબી જીભ, ઊભા કેશ, હાડકાંથી અલંકૃત તીક્ષ્ણ ખડ્ગ ધારણ કરેલાં હોય છે.[૩૦]

૨૮. રૂપાવતાર, અ. ૮-૭૪

૨૯. એજન, અ. ૮, ૯૦-૯૪

૩૦. મત્સ્યપુરાણ, અ. ૨૬૧-૩૩

કૃશોદરી

આ પણ ચામુંડાનું જ બીજું જ સ્વરૂપ છે. અગ્નિપુરાણ અને મત્સ્યપુરાણમાં તેની નોંધ આપતાં જણાવ્યું છે કે કૃશોદરી દેખાવમાં ભયંકર, હાથમાં કપાલ, ગળામાં રૂંઢમાલા, રુધિરપાત્ર અને શક્તિ એ આયુધો, ગીધ અગર કાગડા ઉપર બેઠેલાં, શરીરમાં સરલિત, પેટ ચોંટી ગયેલું હોય છે.[31] ચામુંડાને અનુરૂપ જ આ બે સ્વરૂપો છે. ચામુંડાને જ્યારે દસ કે સોળ હાથ હોય છે, ત્યારે આ બન્નેને ચાર હાથ હોવાનો નિર્દેશ કરેલો છે. પરંતુ તેમનાં સ્વરૂપો લગભગ એકબીજાંને મળતાં જ હોય છે. યોગીશ્વરી કે કૃશોદરીની પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી નથી. દ્વારકામાં લૂણીમાતાના મંદિરની બહાર ભીંતમાં મોટા કદની આવી ભયંકર સ્વરૂપવાળી કેટલીક પ્રતિમાઓ કોતરેલી છે, જેમાં તે દેવીઓનો દેખાવ ક્રૂર, ગળામાં નરમુંડની માળા અને શરીરમાં ફક્ત હાડકાં જણાવ્યાં છે. આ મૂર્તિઓ ચામુંડાના પ્રકારો જેવાં કે કૃશોદરી વ. ની હશે એમ માની શકાય.

પંચલીલા

પંચલીલામાં અનુક્રમે લીલમા, લીલા, લીલાંગી, લલિતા અને લીલાવતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પૈકી લલિતાનું મહત્ત્વ તંત્રમાર્ગમાં ઊંચું છે. પ્રાચીકાળમાં પંચલીલાનો પ્રચાર હતો કે કેમ તે ચોક્કસ નથી પણ પાટણના સહસ્ત્રલિંગ સરોવર ઉપર દેવીપીઠમાં એકસો આઠ દેવીના સમૂહમાં ચંદ્રલીલા અને લયાની મૂર્તિઓ બેસાડેલી હતી એમ સરસ્વતીપુરાણ કહે છે.[32] પંચલીલાનાં મંદિરો હોવાની હકીકત મળતી નથી. છતાં તેનાં વિધાનો મળે છે. આ દરેક લીલા-દેવીનાં સ્વરૂપમાં સામાન્ય તફાવત હોય છે. દરેકને ચાર હાથ હોય છે, તેમાં નીચેના બેમાં જળપાત્ર અને કમંડલ તેમજ અક્ષમાળા હોય છે.

31. અગ્નિપુરાણ, અ. ૫૦; મત્સ્યપુરાણ, ૨૬૧, ૩૪–૩૬.

32. સરસ્વતીપુરાણ, સર્ગ. ૧૬, ૭૯૩.

જ્યારે ઉપરના હાથોમાં લીલાને પદ્મ તથા પુસ્તક, લીલાંગીને પાશ અને પદ્મ, લલિતાને વજ્ર તથા અંકુશ અને લીલાવતીને પદ્મ તથા અંકુશ હોવાનું રૂપમંડનકાર જણાવે છે.[33] રૂપમંડન સિવાય બીજા ગ્રંથોમાં પંચલીલાની નોંધ નથી. ગુજરાતના મૂર્તિવિધાન માટે રૂપમંડન પ્રમાણિત-ગ્રંથ હોવાનું મનાય છે એટલે તે કાળમાં પંચલીલાનો પ્રચાર ગુજરાતમાં હશે એમ માની શકાય.

માતંગી

માતંગી યાને રાજમાતંગી દશ મહાવિદ્યાઓ પૈકી એક દેવી છે. દેવીની મુખ્ય મહાશક્તિઓમાં માતંગીની પણ ગણના કરવામાં આવે છે. મોઢબ્રાહ્મણો અને વૈશ્યોની તે કુલામ્બા છે અને તેનું આદ્યસ્થાન મોઢેરા હતું એમ સ્કંદ અને પદ્મપુરાણોક્ત ધર્મારણ્યમાં જણાવ્યું છે. તે ધર્મારણ્યક્ષેત્રની મુખ્ય અધિષ્ઠાત્રી ગણાય છે. તેના રૂપવિધાન માટે રાજમાતંગી-કલ્પ જણાવે છે કે તે રત્નાસનવાળાં, કૃષ્ણ વર્ણ, પાસે પોપટ, કિરીટમુકુટ ધારણ કરેલાં, કપાલમાં અર્ધચંદ્ર અને સર્વાભૂષણોથી અલંકૃત, વીણા વગાડતાં હોય છે.[34] જ્યારે માર્કંડેયપુરાણ પ્રમાણે તે રત્નપીઠાસનસ્થ, પોપટની વાણી સાંભળતાં, એક પગ કમળ ઉપર, કપાળમાં બાલચંદ્ર અને વીણા વગાડતાં હોય છે.[35] ધર્મારણ્યપુરાણ આ માતંગીદેવીનો પ્રાદુર્ભાવ શ્રીમાતામાંથી થયો હોવાનું જણાવી, કૃષ્ણ વર્ણ, અઢાર હાથ તેમાં ધનુષ, બાણ, ખડગ, ઢાલ, કુહાડો, શક્તિ, મુશલ, કરવત અને ખપ્પર ધારણ કરેલાં હોવાનું જણાવે છે.[36]

માતંગીની ચાર કે અઢાર હાથ ધરાવતી પ્રતિમા હજુ સુધી મળી નથી. પરંતુ મોઢેરામાં સંવત ૧૯૬૫માં માતંગીની ધર્મારણ્યવિધાન

33. રૂપમંડન, અ. ૫, ૩૨–૩૩

34. રાજમાતંગી કલ્પ, ૧–૨

35. માર્કંડેયપુરાણ, સપ્તશતિ અ. ૭, ધ્યાનશ્લોક.

36. ધર્મારણ્યપુરાણ, અ. ૧૮, ૫૮–૬૨

પ્રમાણેની નવીન મૂર્તિ, નવીન મંદિર બંધાવી, બેસાડવામાં આવી છે. તે શાસ્ત્રીય લક્ષણોવાળી છે અને કલાવિધાન અદ્વિતીય છે. આ સિવાય દશ વિદ્યાઓના ચિત્રપટોમાંથી માતંગીનાં કેટલાંક પ્રાચીન કે અર્વાચીન સ્વરૂપો મળ્યાં છે.

ભૂતમાતા

ભૂતમાતાનું વર્ણન વિષ્ણુધર્મોત્તર સિવાય કોઈ ગ્રંથે નોંધ્યું નથી. આવા વિરલ સ્વરૂપની પિછાન ગુજરાતમાં તેનો પ્રચાર હોવાને કારણે છે. મધ્યકાલમાં તેનાં મંદિરો ગુજરાતમાં હતાં એમ સરસ્વતી પુરાણના આધારે માલૂમ પડે છે—કે સહસ્રલિંગના કિનારે ભૂતમાતાનું મંદિર હતું.[૩૭] મહેસાણા પાસે ભૂતાપાલડી ગામ ભૂતમાતાના નામ ઉપરથી જ પડ્યું હોવાનું અનુમાન છે, કારણ કે આજે પણ ત્યાં એક પ્રાચીન દેવીમંદિર છે. વિષ્ણુધર્મોત્તરકાર તેના વિધાન માટે લખે છે કે ભૂતમાતાનો વર્ણ શ્યામ, મુખ ગૌર, બે હાથમાં લિંગ તથા ચર્મ, સિંહાસન ઉપર બેઠેલાં, ભૂતપ્રેત, પિશાચ, ઇંદ્ર, વિદ્યાધર, ગંધર્વો વ.થી સેવા કરાતાં હોય છે.[૩૮] ગુજરાતમાંથી આવી કોઈ પ્રતિમા મળી આવી નથી.

યોગિનીઓ

યોગિનીઓની કુલ સંખ્યા ચોસઠ અને કેટલીક વખત અડસઠની ગણાય છે. આ યોગિનીઓના વિવિધ પ્રકારો જુદા જુદા ગ્રંથકારોએ જણાવ્યા છે. ગોવિંદભટ્ટ કૃત સરલા પદ્ધતિમાં જયાથી માંડી ચોસઠે યોગિનીઓનાં નામ આપ્યાં છે. આ સિવાય વિશ્વદુર્ગાદિ ચોસઠ યોગિનીનાં વિવિધ નામો પણ ગ્રંથાંતરોમાંથી મળે છે. રુદ્રયામલે આ નામો અને સ્વરૂપો આપ્યાં છે. અગ્નિપુરાણમાં તેમનાં નામોમાં ફેર છે. મયદીપિકા અને ચતુર્વર્ગ ચિન્તામણિમાં અડસઠ યોગિનીઓ જણાવી છે. આ બધી યોગિનીઓ દુર્ગા અગર મહાકાલીની સેવિકાઓ ગણાય છે. શિવના

૩૭. સરસ્વતીપુરાણ, સર્ગ ૧૬, ૨૫૫

૩૮. વિષ્ણુધર્મોત્તર, ખંડ ૩-૩

ભૈરવ તેમ દેવોની યોગિનીઓ તેમની શક્તિ ગણાય છે. મધ્ય ભારત, ઉત્તર ભારત વ. વિભાગોમાંથી યોગિનીઓનાં પ્રાચીન મંદિરો અને પ્રતિમાઓ હજુ પણ મળે છે.[૩૯] ગુજરાતમાં સિદ્ધપુર પાસે કામળી ગામમાં બ્રહ્માણીના મંદિર પાસે યોગિનીઓનું મંદિર હતું તે જીર્ણ થવાથી તેની જગ્યાએ નવીન મંદિર બાંધેલું છે. તેમાં ચોસઠે યોગિનીઓની નાની મૂર્તિઓ એક શિલાપટ્ટ ઉપર કોતરેલી છે. મહેસાણાના પાલોદર ગામમાં યોગિનીઓનું પ્રાચીન મંદિર હતું જેના ભગ્નાવશેષો તેની સાક્ષી પૂરે છે. રુદ્રયામલ અને શ્રી તત્ત્વનિધિમાં તેનાં વિધાનો આપેલાં છે. તે પ્રમાણે યોગિનીઓને ચાર હાથ જણાવ્યા હોઈ, આઠ આઠનાં મંડલો, તેનાં આયુધો, વર્ણ અને વાહનો સાથે જણાવ્યાં છે.[૪૦]

ગંગાયમુના

પ્રાચીન તેમજ મધ્યકાળમાં દ્વારશાખાઓ ઉપર ગંગાયમુનાની પ્રતિમાઓ મૂકવાનો રિવાજ હતો એમ પ્રાચીન શિલ્પસ્થાપત્યોને આધારે જાણવા મળે છે. કર્મકાંડના ગ્રંથોમાં દ્વારપૂજન સમયે દ્વારના દરેક ભાગ ઉપર દેવોની સ્થાપના કરાય છે. તેમાં દ્વારની દક્ષિણશાખા ઉપર ગંગા અને શંખનિધિ તેમજ ડાબી શાખા ઉપર યમુના અને પદ્મનિધિ સ્થાપન કરવાનું જણાવ્યું છે. શિલ્પશાસ્ત્ર પણ આ જ માટે ગંગાયમુનાની મૂર્તિઓ મૂકવાનું જણાવે છે.[૪૧] તે પ્રમાણે મૂકાતી હતી પણ તેનાં સ્વતંત્ર મંદિરો ગુજરાતમાં હોવાના ઉલ્લેખો મળ્યા નથી. ગુપ્તો અને તેની પહેલાં થઈ ગયેલા ગંગાવંશ—વાકાટક વંશના સ્થાપત્યોમાં દરેક મંદિરની દ્વારશાખા ઉપર ગંગાયમુનાની મૂર્તિઓ મૂકાતી એમ પ્રાપ્ત સ્થાપત્યો ઉપરથી જાણી શકાય છે. વાકાટકો ગંગાના પ્રેમી હતા અને તેઓએ શકોને હરાવી ગંગા પ્રદેશને તેમનાથી મુક્ત કર્યો હતો.

39. Cunningham's Archeclogical Report vol. 9 pp. 65-70

૪૦. શ્રી તત્ત્વનિધિ, પા. ૨૯

૪૧. શિલ્પરત્નાકર, રત્ન. ૩-૧૬

એટલે તેઓ પોતાના કલાસ્થાપત્યોમાં આ મૂર્તિઓ મૂકતા એમ જણાય છે.

ગંગાયમુનાના રૂપવિધાન માટે અગ્નિપુરાણ જણાવે છે કે ગંગાને બે હાથ, તેમાં કુંભ અને કમળ ઉપર બેઠેલાં જ્યારે યમુનાનો શ્યામ વર્ણ, બે હાથમાં કુંભ અને કૂર્મ ઉપર બેઠેલાં હોય છે.[૪૨] સૌરાષ્ટ્રમાંથી આવી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. કડવાગના પ્રાચીન મંદિરની દ્વારશાખામાં બન્ને બાજુ ગંગાયમુનાની પ્રતિમાઓ કોતરેલી છે, તેમ ગંગા તથા યમુના ઊભાં, બન્ને હાથ પૈકી એકમાં વરદમુદ્રા અને બીજામાં કુંભ ધારણ કરેલો જણાવ્યો છે. આવી જ બીજી પ્રતિમાઓ થાનના પ્રાચીન મંદિરની દ્વારશાખામાં વ્યક્ત કરેલી છે, જેમાં તે તેમના વાહન કૂર્મ અને મકર ઉપર ઊભેલાં જણાયાં છે. આ સિવાય બીજી એક ગંગાજીની મૂર્તિ ત્યાં મંદિર પાસે પડેલી હોવાનું બર્જેસ સાહેબે 'મિડિવલ ટેમ્પલ્સ ઑફ કાઠિયાવાડ ઍન્ડ સોમનાથ' નામના ગ્રંથમાં જણાવ્યું છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં પણ આવી એક પ્રતિમા છે.

શીતલા

ગુજરાતમાં શીતલાદેવીનો પ્રચાર સર્વ સામાન્ય છે. જો કે સમાજમાં તેની પૂજા-અર્ચા નીચલા થરમાં વધુ વ્યાપક છે. બીજા વર્ગોમાં પણ તે શીતળાના રોગને મટાડનાર દેવી તરીકે વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. શ્રદ્ધાવાળા લોકો તે રોગ દરમ્યાન દવા નહીં કરતાં તેની કૃપાથી નવ દિવસે રોગ મટી જાય છે તેવી માન્યતા ધરાવે છે. આને લીધે કેટલાંક સ્વતંત્ર મંદિરો પણ બંધાયાં છે. શીતળાના ઘણાખરા મંદિરોમાં ફકત તેનું મુખ અગર ગોખ મૂકેલાં હોય છે. સ્કંદપુરાણમાં તેના વિધાન માટે નોંધ આપી હોઈ, તેઓ નગ્ન, ખર (ગધેડા) ઉપર બેઠેલાં, બે હાથ પૈકી એકમાં માર્જની (સાવરણી) અને બીજામાં કળશ તેમજ માથા ઉપર સૂપડું મૂકેલું હોય છે. શીતલાના વિધાન માટે રૂપમંડન તેમજ

૪૨. અગ્નિપુરાણ, અ. ૫૫.

રૂપાવતારમાં તદ્દન મૌન સેવ્યું છે. ગુજરાતમાં પૂર્વકાળથી તે શીતલા, વિસ્ફોટક આદિની અધિષ્ઠાત્રી હોવા છતાં આ માટે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નથી. શીતળાની પ્રતિમાઓ ઉક્ત વિધાનોવાળી મળતી નથી, પરંતુ મોઢેરાના ગર્ભમંડપમાં, તેમજ મંડેરના પ્રાચીન મંદિરની જંઘામાં—મોટપના એક પ્રાચીન મંદિરની જંઘામાં આવી વિધાનોક્ત લક્ષણોવાળી મૂર્તિઓ કોતરેલી છે. આ સિવાય બીજા કોઈ કોઈ પ્રાચીન મંદિરોમાંથી પણ તેમની શૃંગાર મૂર્તિઓ ક્વચિત્ જોવા મળે છે.

ચંડિકાના દ્વારપાળો

રૂપાવતાર અને રૂપમંડનકારે ગૌરી ઉપરાંત ચંડી અને બીજી દેવીઓના મંદિરોમાં દ્વારરક્ષકો મૂકવાનું જણાવ્યું છે. એટલે ગૌરી અને ચંડિકાદિ દેવાઓનાં મંદિરો માટે બે પ્રકારના પ્રતિહારો હોવાનું જણાય છે. ગૌરીના પ્રતિહારો તરીકે સ્ત્રીઓ છે જ્યારે અહીં તે પુરુષો હોવાનું જણાવ્યું છે. ઉપરના ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે આ પ્રતિહારો લાંબી દાઢી, મોટી દાઢો, ખુલ્લું મોઢું, શ્વેત દાંત, કાળો વર્ણ અને બળવાન દેહવાળા હોય છે. તેમનાં સ્થાન, નામ, આયુધો અને સ્વરૂપ-વર્ણનો તે બન્ને ગ્રંથકારોએ[૪૩] વિગતવાર રજૂ કર્યા છે. આ બધા જ દ્વારપાળો વિઘ્નવિનાશક મનાય છે.

નામ	દ્વાર	સ્થાન	જમણા હાથનાં આયુધો		ડાબા હાથનાં આયુધો	
વૈતાલ	પૂર્વ	જમણી	તર્જની	ખટ્વાંગ	ડમરુ	દંડ
કરટ	,,	ડાબી	ડમરુ	દંડ	તર્જની	ખટ્વાંગ
પિંગલાક્ષ	દક્ષિણ	જમણી	અભય	ખડગ	ગદા	દંડ
ભ્રુકુટી	,,	ડાબી	ગદા	દંડ	અભય	ખડગ
ધૂમ્રક	પશ્ચિમ	જમણી	તર્જની	વજ્ર	અંકુશ	દંડ
કંકટ	,,	ડાબી	અંકુશ	દંડ	તર્જની	વજ્ર
રક્તાક્ષ	ઉત્તર	જમણી	તર્જની	ત્રિશૂલ	ખટ્વાંગ	દંડ
સુલોચન અથવા ત્રિલોચના	,,	ડાબી	ખટ્વાંગ	દંડ	તર્જની	ત્રિશૂલ

૪૩. રૂપાવતાર, અ. ૮, શ્લોક ૯૫-૧૦૦; રૂપમંડન, અ. ૫, શ્લોક ૫૧-૫૬

ઉપસંહાર

પુરાણો અને વ્રતમાહાત્મ્યના ગ્રંથોમાં દેવીનાં અન્ય સ્વરૂપો મળી આવે છે જે વિસ્તારભયના કારણે અહીં ચર્ચવું અસ્થાને છે. સ્વ. ડૉ. ગોપીનાથરાવે 'હિન્દુ મૂર્તિવિધાન'માં કેટલાંક એવાં સ્વરૂપોની ચર્ચા રજૂ કરી છે. તેમાં વામા, યોગનિદ્રા, જયેષ્ઠા, રૌદ્રી, કલવિકર્ણી, બલવિકર્ણી, સર્વભૂતદમની વ. મુખ્ય છે. પણ તેનો પ્રચાર ગુજરાત સૌરાષ્ટ્રમાં નથી તેથી ચર્ચા ટૂંકાવી દીધી છે.

બીજું ગુજરાતની પ્રત્યેક કોમને કુલદેવી કે ગોત્રદેવી તો હોય છે જ. જેમ કે ઝાલાઓની આડગા અગર હજારીમાતા, જેનું મુખ્ય સ્થાન હળવદમાં છે. લાડવાણિયા અને જાડેજાઓની આશાપુરી, શેતવાઓના ભિલડીમાતા, ચાવડા અને વાઘેલાઓની ચામુંડા, ખાલપાઓની દેવલીમાતા, ભાવસાર, દરજી, ક્ષત્રિય અગર ખત્રીઓની હિંગળાજ માતા, જેનું મુખ્ય ધામ સિંધમાં છે. ગોહિલોની ખોડીયાર, જેનું સ્થાન શિહોર પાસે રાજુલામાં છે. મુળીમાં પરમારોની મંદપરી, તે જ પ્રમાણે માંગાઓની મેરી, મોઢાણાની રાંદલ અથવા રન્નાદેવી, કપોળોની આમુળીમાતા જે સુંદરીથી ઓળખાય છે. તેનું મુખ્ય સ્થાન ધ્રાંગધ્રા પાસે છે. શ્રીમાળી વાણિયાઓ અને સોનીલોકોની વ્યાઘ્રેશ્વરી, જેઠવાઓની સિંધુવાસિની (સિંધવાઈ), મોઢલોકોની ભટ્ટારિકા, દિશાવાળની સિદ્ધાંબિકા, વાયડાઓની વાયડ, ઝારોળાની હિમજા મનાય છે, જેઓનાં મુખ્ય સ્થાનો ગુજરાતમાં જ આવ્યાં છે આ ઉપરાંત પ્રત્યેક કુટુંબને ગોત્રદેવી પણ હોય છે. આ બધી પ્રતિમાઓનાં વિધાનો મૂર્તિશાસ્ત્રના ગ્રંથોમાં નહીં પણ જ્ઞાતીપુરાણો, ક્ષેત્રપુરાણો કે પરંપરાગત મળતી હકીકતો ઉપરથી જ કલ્પવામાં આવે છે. એટલે આ ગ્રંથમાં તે બધાની વિવેચના કરવી અશક્ય હોઈ રજૂ કરાયાં નથી. જિજ્ઞાસુઓએ તે હકીકતો જે તે ગ્રંથોમાંથી ગોતી લેવી જ ઈષ્ટ છે.

પ્રકરણ ૧૩મું

પ્રકીર્ણ પ્રતિમાઓ

સ્કંદ

સ્કંદનું બીજું નામ કાર્તિકેય. દક્ષિણ ભારતમાં તે સુબ્રહ્મણ્ય તરીકે પૂજાય છે. ત્યાં તો એવું એક પણ ગામ નહિ હોય, જ્યાં સુબ્રહ્મણ્યની દેરી કે દેવળ ન હોય. ઉત્તર ભારતમાં તેનો પૂજાપ્રચાર નહિ જેવો છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તો આ દેવતાને પૌરાણિકદેવ તરીકે ઓળખે છે. તેનાં સ્વતંત્ર મંદિરો કોઈ સ્થળેથી મળતાં નથી. ઉલટું સ્ત્રીઓ વૈધવ્યની ભીતિથી તેનાં દર્શન કરતી નથી. સ્કંદની એક કથા એવા પ્રકારની મળે છે, જેમાં સધવા સ્ત્રીઓ જો તેનાં દર્શન કરે તો વિધવા થાય. આથી જ ગુજરાતમાંથી તેમની પૂજા અદૃશ્ય થઈ છે. પરંતુ બીજી કથાઓમાં તો તેમનું પૂજન કરવાનાં વધુ પ્રમાણો મળે છે. બંગાળમાં ખાસ પ્રસંગોએ વેશ્યાઓ તેમનું પૂજન કરતી હોવાના ઉલ્લેખો મળ્યા છે. ગુજરાતમાં તેની પૂજા થતી હતી કે કેમ તેનાં સ્પષ્ટ પ્રમાણો મળ્યાં નથી પરંતુ પ્રાચીન આનંદપુર હાલના વડનગરનાં અનેક નામો પૈકી તેનું સ્કંદપુર નામ એક વખત પ્રચલિત હતું એમ જણાય છે.

સ્કંદની જીવનકથા માટે રામાયણ તથા મહાભારતમાંથી જુદાં જુદાં વૃત્તાંતો મળે છે. તે મહાદેવજીના પુત્ર હોવાની માન્યતા પુરાણકારોએ કલ્પી છે. અને "કુમાર સંભવ" મહાકાવ્યમાં કાલિદાસે તે જ કથાને આધાર માન્યો છે. અગ્નિ અને સ્વાહાથી તેમની ઉત્પત્તિ થઈ હતી. તેમાં અગ્નિ એ રુદ્ર અને સ્વાહા તે પાર્વતીનું રૂપક માની તેમનું વીર્ય સ્ખલિત થતાં ગંગાજીએ કેટલોક કાળ ધારણ કર્યું અને એક માટીના

પાત્રમાં રાખ્યું. તેમાંથી કુમાર કાર્તિકેય જન્મ્યા. જેને ૭ કૃત્તિકાઓએ ૭ મુખ વડે સ્તનપાન કરાવી મોટા કર્યા અને કાર્તિકેયથી દેવોમાં ઓળખાયા. દેવોએ તેમને સેનાપતિ સ્થાપ્યા, અને તારકાસુર સાથે યુદ્ધ કરી તેમણે તે દૈત્યને માર્યો. સ્કંદપુરાણના કુમારિકા ખંડમાં તેમનું વૃત્તાંત વિસ્તારથી આપ્યું છે.[1] આ સંગ્રામ ખંભાત પાસે મહી નદીના કિનારા ઉપર થયો હતો. અને તે તારક અસુરના સ્થાન ઉપરથી જે નગર વસ્યું તે તારકપુર કે તારાપુર. આમ સ્કંદનો સંબંધ ગુજરાત સાથે હોવાનું પુરાણો જણાવે છે. તેનાં સ્કંદ, કુમાર, કાર્તિકેય, ષણ્મુખ, ગુહ, અગ્નિભૂ, સુબ્રહ્મણ્ય, ગાંગેય, શરજન્મા, દેવસેનાપતિ, તારકારિ, મહાસેન, ક્રૌંચદારણ વગેરે અનેક નામો પુરાણોની અંદર જણાવ્યાં છે.

તેમના પ્રતિમાવિધાન માટે અગ્નિપુરાણ[2], અભિલષિતાર્થ ચિંતામણિ[3], અંશુમદ્દ્ભેદાગમ[4], કુમારતંત્ર[5], બૃહત્સંહિતા[6], મત્સ્યપુરાણ[7], રૂપાવતાર[8], રૂપમંડન[9], વિષ્ણુધર્મોત્તર[10], શિલ્પરત્ન[11], શ્રીતત્ત્વનિધિ[12] અને સમરાંગણ સૂત્રધાર[13] વગેરે ગ્રંથોમાંથી વિધાનો

૧. સ્કંદપુરાણ માહેશ્વર ખંડ–કુમારિકાખંડ, અ. ૪૦ થી ૬૬
મત્સ્યપુરાણ, અં. ૧૫૮
૨. અગ્નિપુરાણ, ૫૭–૨૭
૩. અભિલષિતાર્થ ચિંતામણિ, ૩–૧–૭૬૨
૪. ઇલિમેન્ટસ ઑફ હિંદુ આયકોનોગ્રાફી ૨–બી–૨૦૫
૫. એજન.
૬. બૃહત્સંહિતા, ૫૮–૪૧
૭. મત્સ્યપુરાણ, ૨૬૦–૪૫
૮. રૂપાવતાર, ૮–૩૬થી–૪૨
૯. રૂપમંડન, ૫–૨૬થી ૩૨
૧૦. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૭૧–૬
૧૧. શિલ્પરત્ન, ૨૫–૬૪
૧૨. શ્રી તત્ત્વનિધિ, પા. ૮૩
૧૩. સમરાંગણ સૂત્રધાર, અ. ૭૭–૨૩

મળે છે. તેના વિવિધ નામો પ્રમાણે કુમારતંત્રમાં ૧૬ જુદા જુદા પ્રકારો આપ્યા છે. જ્યારે શ્રી તત્ત્વનિધિ બીજા આઠ વધુ નોંધે છે. તે બધાની અત્રે આવશ્યકતા જણાતી નથી. પણ તેના મુખ્ય ત્રણ પ્રકારો પ્રચારમાં આવેલા છે. (૧) નગરમાં ૧૨ હાથના, (૨) ખર્વટપર્વત નજીકના ગામમાં ચાર હાથના, (૩) ગ્રામ–ગામડામાં અગર વનમાં બે હાથની સ્કંદ પ્રતિમા સ્થાપન કરવી.[14] રૂપમંડન તથા રૂપાવતાર બાર હાથની સ્કંદમૂર્તિ માટે નોંધે છે કે: કાર્તિકેય સુવર્ણ સમાન વર્ણવાળા અગર તો રક્તશ્યામ જેવા, કુમાર સ્વરૂપ, મયૂર વાહન, ગંડસ્થલ વિશાલ, બાર હાથ પૈકી જમણા છમાં અનુક્રમે શક્તિ, પાશ, ખડગ, બાણ, શૂલ અને વરદમુદ્રા તથા ડાબા છમાં ધનુષ, પતાકા, મુષ્ટિ, તર્જની મુદ્રા, ઢાલ, તામ્રચૂડ–કૂકડો વગેરે મૂકવાં. ચાર હાથ ધરાવતી સ્કંદપ્રતિમામાં શક્તિ અને પાશ ડાબા બેમાં તથા વરદ અને તલવાર જમણા બે હાથોમાં જણાવેલાં છે. બે હાથના કાર્તિકેયને જમણામાં શક્તિ તથા ડાબામાં કૂકડો. આ સિવાય કેટલાક ગ્રંથકારો તેમને ૭ મુખ અને બાર હાથ તેમજ બન્ને બાજુ સ્ત્રીઓ, દેવસેના, તથા દૈત્યસેના બનાવવાનું પણ કહે છે. કાર્તિકેયનાં મંદિરો દક્ષિણ ભારતમાંથી આજે મળે છે. જ્યારે ગુજરાતમાં પણ તે પ્રથા પ્રાચીનકાળે પ્રચલિત હશે એમ દ્વયાશ્રય કાવ્ય ઉપરથી જણાય છે. તેમાં ગુજરાતની પ્રાચીન રાજધાની અણહીલપુરમાં બીજા દેવોની સાથે કાર્તિકેયનાં મંદિરોની પણ નોંધ આપી છે. ગુજરાતમાંથી સ્કંદની ઘણી જ થોડી પ્રતિમાઓ મળે છે તેમાં વડનગર, મોઢેરા, મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ.ની મુખ્ય છે. વડનગરમાં પીઠોરી દરવાજા બહાર દાનેશ્વર જવાના માર્ગ ઉપર એક દેવી મંદિરની અંદર કુમાર કાર્તિકેયની

૧૪. स्थानीये खेटके वाऽपि कुमारो लिख्यते यदा।
भुजा द्वादश कुर्वीत खर्वटे चतुरो भुजान्।।
ग्रामे वने द्विबाहु स्यात्... ।। शिल्परत्न, उ. अ. २५ श्लोक. १२९–३०

ચાર હાથ ધરાવતી પ્રતિમા ભીંતમાં ચોડી દીધી છે. જે આશરે રાા ફૂટ ઊંચી હોઈ તેના જમણા બે હાથમાં શક્તિ તથા ઢાલ છે, જ્યારે ડાબા બેમાં બાણ તથા અસ્પષ્ટ વસ્તુ છે. આ પ્રતિમામાં સ્કંદની પાછળ મોર બતાવ્યો હોઈ, તેનું કલાવિધાન એક શક્તિશાળી યોદ્ધા જેવું બનાવ્યું છે. આવી જ બીજી સ્કંદની મૂર્તિ ગાંચકોળ દરવાજા નજદીક ભુવનેશ્વરી માતાના મંદિર બહાર ગોખલામાં છે. તેમાં કુમાર બાળક જેવા, હાથમાં શક્તિ, બીજા હાથમાં કૂકડો અને વરદમુદ્રા વ્યક્ત કરતાં તેમની પાછળ મોરને વાહન તરીકે બતાવ્યો છે. વડનગરના હાટકેશ્વર મહાદેવમાં સ્કંદની એક મોટી પ્રતિમા ગર્ભદ્વાર આગળના આલિંદમાં મૂકેલી છે. આજે તો તેના ઉપર આચ્છાદન કરી ઢાંકી દીધી છે. કારણ સધવા સ્ત્રીઓથી તેમનાં દર્શન થઈ શકે નહિ એ હેતુ તેમાં મુખ્ય હોઈ પ્રતિમા ઉપર કાયમ આચ્છાદન રહે છે. શિવ પંચાયતનમાં કુમારનું સ્થાન નહિ હોવા છતાં આ પ્રાચીન મંદિરમાં પૂર્વપરંપરા પ્રમાણે આ મૂર્તિ પધરાવેલી છે. તેનું કલાવિધાન ઉપર પ્રમાણે હોવાં છતાં શિલ્પની દૃષ્ટિએ અનુપમ છે.

મુંબાઈમાં પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં કાર્તિકેયની છ મુખ ધરાવતી સુંદર પ્રતિમા મધ્યકાલની છે. જેનું કલાવિધાન સુંદર હોઈ શિલ્પની દૃષ્ટિએ તે એક નમૂનેદાર પ્રતિમા ગણાવી શકાય.

મોઢેરાના પ્રખ્યાત સૂર્યમંદિરમાંથી કાર્તિકેયની એક પ્રતિમા સ્તંભમાંથી મળી છે, જેનો કેટલોક ભાગ ખંડિત હોવા છતાં તેનું કલા-વિધાન ઊંચા પ્રકારનું જણાય છે. આમાં સ્કંદને એક વીર પુરુષ જેવા બતાવી, હાથમાં શક્તિ અને નીચે મોરને વાહન તરીકે વ્યક્ત કરેલો છે.

આજે સ્કંદપૂજાનો પ્રચાર ગુજરાતમાંથી લુપ્ત થઈ ગયો છે, પરંતુ પૂર્વકાળમાં સ્કંદની મૂર્તિઓ, શિવાલયોમાં તેમજ સ્વતંત્ર મંદિરોમાં મૂકવાનો પ્રચાર હશે એમ પ્રાચીન ઉલ્લેખો ઉપરથી જાણવા મળે છે.

હનુમાન

હનુમાન એ પરિવાર દેવતા છે. ભગવાન રામચંદ્રના એ પરમ ભક્ત ગણાય છે. રામચંદ્રના દરેક મંદિરમાં હનુમાનની પ્રતિમા તેમના પરિવારદેવ તરીકે બેસાડવામાં આવે છે. સારા યે ભારતમાં મારુતિનાં દેવાલયો દરેક સ્થળેથી મળે છે. રામમંદિર સિવાય સ્વતંત્ર દેવળો પણ તેમનાં કેટલાંક સ્થાનોમાં હોય છે. દક્ષિણ ભારતમાં તો એક પણ ગામ એવું નહિ મળે જ્યાં મારુતીનું દેવાલય ન હોય!

તેઓ પરમ પ્રતાપી, વજ્રદેહી અને ચિરંજીવ થયા છે. તેમનું ચરિત્ર રામાયણમાંથી મળે છે. હનુમાન અત્યંત બલવાન, સાહસિક, વ્યવસ્થિત અને સત્ત્વશીલ હતા એમ રામાયણમાં જણાવ્યું છે. તેઓ વાયુ અથવા મરુતના પુત્ર હોવાથી તેમનું મારુતિ નામ પડ્યું. રુદ્રના અનેક અવતારો પૈકી, હનુમાન પણ રુદ્રાંશથી જન્મ લેનાર મહાનુભાવ રુદ્રસ્વરૂપ પણ મનાય છે. તે જ માન્યતાને લઈ ભૂતપિશાચમાં માન-નારા લોકો, હનુમાનનું આરાધન તેવાં દુષ્ટ તત્ત્વો નુકસાન ન કરે તેટલા માટે ખાસ કરે છે. તેમનો જન્મ ચૈત્ર સુદ પૂર્ણિમાને દિવસે થયો હોવાથી તે દિવસે તેમની જન્મજયંતી ઉજવાય છે.

ગુજરાતમાં હનુમાનજીનાં મંદિરો ઠેરઠેર જોવામાં આવે છે. મૂર્તિશાસ્ત્રના વિદ્વાન વિધાયકોએ, તેમના વિધાન માટે ખાસ ઉલ્લેખો નોંધ્યા નથી. પરંતુ તેમની પ્રતિમાઓનો પ્રચાર જોતાં મારુતિનું મૂર્તિવિધાન રજૂ કરવાની આવશ્યકતા તો રહે છે જ. બીજા દેવોની માફક મારુતિના વિવિધ પ્રકારો જોવામાં આવતા નથી, તેમજ તેવાં કોઈ વૈવિધ્ય દર્શાવતાં વિધાનો પણ મળતાં નથી. ગુજરાતમાંથી હનુમાનના બે પ્રકારો જોવા મળે છે. એક મુખ અને બીજો પંચમુખ.

શ્રી તત્ત્વનિધિમાં હનુમાનજીના આ બે પ્રકારો રજૂ કર્યા છે.[૧૫]

---

૧૫. શ્રી તત્ત્વનિધિ, પા. ૫૬

એક મુખવાળા હનુમાનજીનું વિધાન આપતાં તેમનો વર્ણ સ્ફટીક જેવો શ્વેત, બે હાથ, મોઢું વાનર જેવું, કાનમાં કુંડલ અને બે હાથ વડે નમસ્કાર કરતા. પંચમુખ હનુમાનના વિધાનમાં-પાંચ મુખ, પૂર્વનું વાનરનું, દક્ષિણમાં ભયંકર સિંહનું, પશ્ચિમે ગરુડ જેવું, ઉત્તરમાં સૂકર–વરાહનું અને ઉપર ઘોડાનું, ત્રણ અગર પાંચ નેત્ર, દશ હાથ તે દરેકમાં અનુક્રમે ખડગ, ત્રિશૂળ, ખટ્વાંગ, પાશ, અંકુશ, પર્વત, વૃક્ષ, મુદ્રિકા, મુંડ અને બાણ. વર્ણ સુવર્ણ જેવો.

સમસ્ત ગુજરાતમાંથી સેંકડો પ્રતિમાઓ બે હાથ ધરાવતી હનુમાનજીની મળે છે. તેમાં હનુમાનજીનું મુખ કપિ–વાનર જેવું, એક હાથમાં ગદા અગર છાતીએ રાખેલો, બીજા હાથે પર્વત માથા પાસે ધારણ કરેલો, એક પગ સહેજ વળેલો પણ સ્થિર અને બીજો પગ વાળેલો તેની નીચે અસુર જેને લોકો પનોતી કહે છે. કેડ ઉપર જાંધિયો–ચડ્ડી પહેરેલા, ભવ્ય પહેલવાન જેવા, વજ્રકાય બતાવવામાં આવે છે. આવી પ્રતિમાઓમાં કોઈક પ્રતિમાઓ બે હાથ જોડેલી પણ મળે છે, જે દાસ હનુમાનથી ઓળખાય છે. ગુજરાતમાંથી પ્રાચીન અર્વાચીન આવી ઘણી મૂર્તિઓ મળે છે જે સર્વ સ્થળોનાં નામો રજૂ કરવાની જરૂરત જણાતી નથી છતાં ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર તાલુકાના કણી ગામના હનુમાન, પાટણમાં ગુણવંતાથી ઓળખાતા હનુમાન અને કાઠિયાવાડના સારંગપુરના હનુમાનની પ્રતિમાઓ ભવ્ય અને પ્રાચીન છે. તે બધાનાં કલાવિધાનો એક સરખાં જ હોય છે. સ્વામીનારાયણના મંદિરોની અંદર પરિવારદેવ તરીકે પધરાવેલી કેટલીક મારુતિની મૂર્તિઓ પણ શિલ્પકલાની દૃષ્ટિએ બેનમૂન બનાવેલી હોય છે.

ગુજરાતમાંથી પાંચ મુખ ધરાવતી બે અનન્ય પ્રતિમાઓ મળી છે, જે પ્રાચીન હોવા ઉપરાંત કલાશિલ્પની દૃષ્ટિએ કેટલીક વિશિષ્ટતાઓ રજૂ કરે છે; ભાવનગર પાસે તળાજાના સ્મશાન નજીક હનુમાનજીની પાંચ મુખવાળી એક પ્રતિમા છે, જેને પાંચ મુખ હોઈ તેના વિધાન

પ્રમાણે જમણી બાજુ સિંહ, ડાબી બાજુ ગરુડ, મધ્યમાં વાનર અને ઉપરનું ઘોડા જેવું મુખ છે. પાછળનું મુખ સ્પષ્ટ નથી પણ તે સૂકર–વરાહનું હશે એમ લાગે છે. તેને ચાર હાથ જણાવતાં તેમાં ગદા, પર્વત, ધનુષ અને બાણ મૂકેલાં છે. આ પૈકી પર્વતવાળો હાથ ખંડિત છે. તેનો ડાબો પગ સીધો અને જમણો પગ વાળેલો, પગ નીચે અસુર બે હાથ જોડી નમસ્કાર કરતો બતાવ્યો છે. આ પ્રતિમા બે ફૂટ ઊંચી રેતીયા પથ્થરમાંથી બનાવેલી છે.

પંચમુખ હનુમાનની એક મોટી ચાર ફૂટ ઊંચી દિવ્ય પ્રતિમા, પાટણના અઘોરી બાવાની જગ્યામાં તેમના મંદિરની અંદર બેસાડેલી છે. તેમાં તેના ઉક્ત ધ્યાન પ્રમાણે મધ્યમાં વાનર, જમણી બાજુ સિંહ, ડાબી બાજુ ગરુડ, પાછળ સૂકર અને ઉપરની બાજુ ઘોડાનું મુખ છે. આ પ્રતિમાને ફક્ત બે હાથ જણાવ્યા હોઈ એકમાં ગદા અને બીજા હાથમાં પર્વત ધારણ કરેલો બતાવ્યો છે. તેમનો પણ ડાબો પગ ઢીંચણમાંથી વાળેલો હોઈ પગ નીચે અસુર–પનોતી બતાવી છે. તેમના શરીર ઉપર સિંદૂરનો લેપ કર્યો હોવા છતાં કલાવિધાનની દૃષ્ટિએ આ પ્રતિમા સારાયે ગુજરાતની મારુતિ પ્રતિમાઓમાં અદ્ભૂત અને અનન્ય હોવાનું ગણાવી શકાય.

કામદેવ

કામભોગની ઈચ્છાનો દેવ, તેનાં મદન, અનંગ, સ્મર, મનોભૂ, રતિપતિ વગેરે અનેક નામો છે. આ સિવાય અમરકોષમાં પુષ્પધન્વા, મકરકેતુ અને બીજાં ૩૦ નામો તેના માટે રજૂ કર્યાં છે. તેનાં અરવિંદ, અશોક, આમ્રમંજરી, નવમાલિકા અને નિલોત્પલ પાંચ બાણો ગણાય છે, જ્યારે કેટલાકને મતે સંમોહન, ઉન્માદન કે ઉન્માદક, શોષણ, તાપન અને સ્તંભન પાંચ બાણો છે. આ બાણો ઉપર અનુક્રમે કમળ, આસોપાલવનું ફૂલ, સરસવનું ફૂલ, આમ્રમંજરી અને ભૂરા કમળનાં ફૂલો હોય છે. શ્રીકૃષ્ણ અને રુક્મણીના પુત્ર પ્રદ્યુમ્ન, કામદેવનો અવતાર મનાય છે.

તેની સ્ત્રી રતિ, મિત્ર વસંત, વાહન કોયલ, અસ્ત્ર પુષ્પનું ધનુષ અને બાણ, તેની ધજા ઉપર માછલીનું ચિહ્ન હોય છે.

કામદેવે બીજા મુખ્ય દેવો જેટલી પ્રસિદ્ધિ દેવ તરીકે મેળવી હોય તેમ જણાતું નથી, પરંતુ તેનાં મંદિરો પ્રાચીન કાળમાં બંધાતાં હોવાના ઉલ્લેખો મળે છે. વસંતપંચમીના દિવસે ઊજવાતો "મદન મહોત્સવ" કામદેવનો જ ઉત્સવ છે. પ્રાચીન ભારતવર્ષમાં મોટા નગરોની અંદર આ ઉત્સવ રાજા પ્રજા ઉભય, ભારે દબદબાપૂર્વક તેને ઊજવતા હોવાનું જાણવા મળે છે; મત્સ્યપુરાણ[16], અગ્નિપુરાણ[17], વગેરે પ્રાચીન પુરાણોમાંથી કામદેવની ઉપાસના માટેનાં વિધાનો મળી આવે છે. લોકો ઐહિક કામનાઓ પરિપૂર્ણ કરવા તેમનું આરાધન કરતા હતા. આજે તેમનાં કોઈ પ્રાચીન સ્વતંત્ર મંદિરો મળી આવ્યાં નથી. તેમજ તેની સેવ્ય પ્રતિમાઓ પણ મળતી નથી. કામદેવની જે બે ચાર ગણીગાંઠી મૂર્તિઓ મળી છે. તે પણ મંદિરોની જંઘાઓમાં કોતરેલી શૃંગાર મૂર્તિઓ જ.

કામદેવની એક પ્રાચીન પ્રતિમા મથુરા સંગ્રહાલયમાં છે. આ પ્રતિમા પકવેલી માટીની બનાવેલી હોઈ, તે પ્રાચીન નમૂનો ઈ. સ.ના બીજા-ત્રીજા સૈકાનો શુંગકાલનો લાગે છે. તેમાં કામદેવ ઊભા, બે હાથ તે પૈકી એકમાં બાણ અને બીજામાં ધનુષ છે. તેના પગ નીચે સાક્ષીમારને વ્યક્ત કરેલો છે.

કામદેવની એક પ્રતિમા હલેબિડના હોયશલેશ્વર મંદિરમાંથી મળી છે. તેમાં પણ કામદેવ ઊભા, સર્વાલંકારોથી અલંકૃત, માથે પુષ્પમુકુટ, બે હાથમાં ધનુષબાણ. અને પુષ્પોના અલંકારો પહેરેલા બતાવેલા છે. આ પ્રતિમા બારમી સદીની મનાય છે. આ સિવાય

---

૧૬. અગ્નિપુરાણ, અ. ૩૧૨

૧૭. મત્સ્યપુરાણ, અ ૭૦

કામદેવનાં કોઈ પ્રાચીન પ્રતીકો બીજા પ્રાંતોમાંથી મળી આવ્યાં નથી. સ્વ. ટી. ગોપીનાથરાવે તેમના મૂર્તિવિજ્ઞાન ગ્રંથમાં દક્ષિણની બીજી ત્રણ પ્રતિમાઓની નોંધ આપી છે તે બધી રતિ સાથેની સંયુક્ત મૂર્તિઓ છે. કામદેવના મૂર્તિ વિન્યાસ માટે મત્સ્યપુરાણ તથા શ્રી તત્ત્વ-નિધિમાંથી તેનાં ઉક્ત વિધાનો મળ્યાં છે. રતિરહસ્ય તથા અનંગરંગના મંગલાચરણોમાંથી તેમનાં ધ્યાનાત્મક વર્ણનો મળે છે. તદઉપરાંત કામદેવની સ્તુતિના કેટલાક શ્લોકો, તેમનાં વ્રતો, અનુષ્ઠાનોનાં, વિધાનો અને બ્રહ્મવૈવર્ત પુરાણમાંથી મળી આવે છે.

મત્સ્યપુરાણ તેના વિધાનની નોંધ લેતાં જણાવે છે કે: કુસુમાયુધ–કામદેવ બે હાથ, પાસે મકરધ્વજ, જમણા હાથમાં પુષ્પબાણ, ડાબામાં પુષ્પમય ધનુષ, જમણી બાજુ પ્રીતિભોજન સામગ્રી સાથે. ડાબી બાજુ રતિશયનસામગ્રી (પલંગ) સાથે, સારસપક્ષી, ચિત્ર, મૃદંગ, વાવ, નંદનવન વગેરેનાં સુશોભનો. મોઢું હસતું અથવા સ્ત્રી તરફ કામુક દૃષ્ટિ વડે જોતા હોય તેવું.[18]

શ્રી તત્ત્વનિધિ–હાથ ૮, તેમાં શંખ, પદ્મ, બાણ, ધનુષ અને બાકીના ચાર હાથ ચારે સ્ત્રીઓના સ્તન ઉપર, બંને બાજુ બે બે એટલે રતિ, પ્રીતિ, ભેદશક્તિ અને શક્તિ ચાર સ્ત્રીઓ સુંદર સ્વરૂપવાળી. ધ્વજ ઉપર મકર, પાંચ બાણો વ.[19] ગુજરાતમાંથી કામદેવની એક પણ પ્રતિમા હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. પણ ઉંઝામાં ખજુરીપોળે આવું એક શિલ્પ ચોડેલું મારા જોવામાં આવ્યું હતું. તેમાં મધ્ય ભાગે કામદેવ, તેમને આઠ હાથ બંને બાજુ બે બે સ્ત્રીઓ, માથા પાસે પાંચ નાનાં નાનાં સ્વરૂપો હાથમાં કુંભ લઈ બેઠેલાં, તે પંચબાણનાં રૂપકો હશે. કામદેવ પદ્મપીઠ ઉપર બેઠેલા, માથે કિરીટમુકુટ, તેમના ચાર હાથ સ્ત્રીઓના ખભા ઉપર બાકીના ચારે હાથમાં બાણ, ધનુષ,

---

૧૮. મત્સ્યપુરાણ, અ. ૨૬૧

૧૯. શ્રી તત્ત્વનિધિ, પા. ૬૦

શંખ, પદ્મ, મકરના ચિહ્નવાળી ધજા વગેરે ઉક્ત વિધાન પ્રમાણે બતાવ્યાં હતાં. શ્રી તત્ત્વનિધિમાં જણાવ્યા પ્રમાણે આ કામદેવની પ્રતિમા હોવાનું જણાય છે. આજે તો ત્યાંની મ્યુનિસિપાલિટીએ તે દરવાજો પાડી નાખ્યો છે અને ત્યાંનાં શિલ્પો કયાં લઈ ગયા તેનો પત્તો નથી પરંતુ આ પ્રતિમા શિલ્પ આશરે ૧૫ વરસ ઉપર મારા જોવામાં આવ્યું હતું. શિલ્પ અને પ્રતિમાવિધાનની અનભિજ્ઞતાના કારણે આવી કેટલી યે અનન્ય શિલ્પકલાકૃતિઓ આજે નષ્ટભ્રષ્ટ થઈ ગઈ છે.

પ્રકરણ ૧૪મું

ગ્રહો

ખગોળમાં પ્રત્યેક રાશિને તેના અધિપતિ દેવો હોય છે. રાશિઓની કુલ સંખ્યા બાર છે જ્યારે રાશિપતિઓ સાત છે. આ સાતે રાશિસ્વામીઓ પ્રત્યેક રાશિનો ઉપભોગ કરતા હોવાથી, અર્થાત્ તેના સ્થાન ઉપર હોવાથી તેમને સમષ્ટિરૂપે ગ્રહ એવું અભિધાન આપવામાં આવ્યું છે. રાહુ અને કેતુ કોઈ પણ રાશિના સ્વામી નહિ હોવા છતાં પાછળથી તેમને ગ્રહમંડળમાં ગણી લેવામાં આવ્યા છે. આમ ગ્રહોની સંખ્યા નવ ગણાય છે. સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ–એ નામો છે. જ્યોતિષ શાસ્ત્રકારોએ તેમની ગતિ અને સ્થાનોને આધારે ભાવિ બનાવોની આગાહી જણાવી છે. માનવજીવન સાથે તેઓ નિકટનો સંબંધ ધરાવતા હોવાના કારણે અન્ય દેવોની માફક તેમનાં વ્રતો, પૂજનો, અનુષ્ઠાનો વ. વિવિધ કામનાઓ માટે થવા લાગ્યાં છે. અને આજે દરેક મંગલ કાર્યમાં તેમનું પૂજન-અર્ચન શરૂઆતમાં કરવામાં આવે છે. વેદમાંથી ગ્રહોના ઉલ્લેખો મળે છે. યજુર્વેદમાં અગ્નિની યાચના કરતાં એક સ્થળે ગ્રહોની સ્તુતિ કરવામાં આવી છે. વૈદિક-જ્યોતિષ કેવળ સત્તાવીશ નક્ષત્રો ઉપર રચાયું હોઈ, પાછળથી તેમાં ગ્રીકની અસરથી રાશિઓની કલ્પના દાખલ થઈ હતી એમ વિદ્વાનો માને છે. આ નવે ગ્રહોમાં સૂર્યનું સ્થાન ઊંચું છે. તે ગ્રહોમાં આદિગ્રહ તરીકે મનાય છે.

સૂર્ય

સૂર્ય એ વૈદિક દેવ છે. ઋગ્વેદમાં તેની સ્તુતિ માટે દસ સૂક્તો સંગ્રહાયા છે. તે બધાંમાં જણાવ્યા પ્રમાણે તે જગતનો સર્જક, રક્ષક,

આત્મા, પાપપુણ્યનો દ્રષ્ટા, સોનેરી આંખોવાળો, સોનાની જીભવાળો છે[૧]. સવિતા અને સૂર્ય બન્ને એક હોવા છતાં કેટલાંક સૂક્તોમાં બન્નેને ભિન્ન ભિન્ન પણ માન્યા છે. બ્રાહ્મણોના પરમ પવિત્ર ગાયત્રી મંત્રમાં પણ સવિતાદેવતાને બુદ્ધિને સન્માર્ગે વાળવાની પ્રાર્થના કરવામાં આવી છે. વેદોત્તર વાઙ્મયમાં સવિતા નામ ક્વચિત જ જોવામાં આવે છે. છતાં તે કાળમાં પણ સૂર્યમાં પાપો નાશ કરવાની અમોઘ શક્તિ છે એવું મનાતું અને કેટલાંક ગૃહ્યકર્મોમાં સૂર્યની પ્રાર્થના કરવાના આદેશો ભારપૂર્વક આપ્યા છે.

પુરાણોમાં તો સૂર્ય માટે અનેક આખ્યાયિકાઓ આપી છે. તે અદિતિનો પુત્ર હોવાથી તેનું આદિત્ય નામ ચરિતાર્થ થયું છે. સૂર્યને એક, બે, ત્રણ અગર ચાર સ્ત્રીઓ હોવાનું જણાવતાં સંજ્ઞા, રાજ્ઞી, પ્રભા, દ્યૌ, છાયા તેમનાં નામો છે. રન્નાદેવી અગર રાંદલ પણ તેમની પત્ની મનાય છે. તેમના કુટુંબપરિવારની વિગતો પણ પુરાણોએ આપી છે. સૂર્યના સ્વરૂપમાં બ્રહ્માદિ ત્રણે દેવોની એકરૂપતા હોવાનું જણાવી, ઉદય વખતે બ્રહ્મા, મધ્યાહ્ને મહેશ્વર અને અસ્તકાળે વિષ્ણુ સ્વરૂપ હોવાનું સૂચવ્યું છે.[૨] આમ પૌરાણિક કાળમાં સૂર્યની ઉપાસના જોરશોરથી ચાલતી હોવાના પુરાવા મળે છે.

શિવ, વિષ્ણુ વ. દેવોની માફક તેના પૂજકોનો સ્વતંત્ર સંપ્રદાય સૌરપંથ નામથી ઓળખાય છે. સૂર્ય જગતનો આત્મા છે. એવો શ્રુતિનો આધાર આપી તેઓ સૂર્યને સર્વ દેવોમાં શ્રેષ્ઠ ગણે છે. સૌરપંથમાં કુલ છ ભેદો જણાવ્યા હોઈ, તે દરેક માર્ગવાળાઓની કેટલીક વિશિષ્ટતાઓ હોય છે, જેની વિગતવાર ચર્ચા અત્રે અસ્થાને છે.

મહાભારત અને રામાયણ કાળમાં સૂર્યનાં સ્વતંત્ર મંદિરો બાંધવામાં

---

૧. વિશેષ માટે જુઓ. ઋગ્વેદ, ૭-૬-૨; ૪-૫૪-૬; ૫-૮૨-૫; યજુર્વેદ, અ. ૩૦, મંત્ર. ૩; શુક્લ યજુર્વેદ માધ્યંદિની સંહિતા, અ. ૯, મં. ૪

૨. આદિત્યહૃદય સ્તોત્ર

આવતાં હતાં, તેમજ સૂર્યની ઉપાસનાનો પ્રચાર ફેલાયો હતો તેવાં પ્રમાણો મળી આવે છે. પુરાણો ઉપરાંત, વરાહમિહિર રચિત્ બૃહત-સંહિતામાં અને કલ્પતરુ ગ્રંથમાં સૂર્યપૂજાના વિશિષ્ટ પ્રકારો વ. આપેલાં છે. તે તેની ઉપાસનાની પ્રતીતિ આપે છે. ગુજરાતમાં તો તેનો પ્રચાર અતિ પ્રાચીનકાળથી અસ્તિત્વમાં આવ્યો હતો. વલભિના મૈત્રક રાજાઓમાં ધ્રુવસેન પહેલાનો ભાઈ ધરપટ્ટ ચૂસ્ત આદિત્ય-ભક્ત હતો. આ ઉપરાંત તે બધા રાજાઓના નામને અંતે આદિત્ય શબ્દ આવતો હોવાના કારણે, તેમજ તેઓ મૈત્રક (મિત્ર-સૂર્યના ઉપાસક) કહેવાતા હોવાથી તેઓના કુલદેવ આદિત્ય હતા એમ સમજાય છે. સૌરાષ્ટ્રના કાઠી લોકો પણ સૂર્યપૂજકો છે. ગુજરાત સૌરાષ્ટ્રમાંથી તો સૂર્યનાં સંખ્યાબંધ પ્રાચીન મંદિરો મળી આવ્યાં છે, જે પૂર્વકાળમાં ગુજરાતમાં સૂર્યપૂજા પ્રચલિત હોવાના કારણો આપે છે.

ભારતમાં સૂર્યમંદિરો સારા પ્રમાણમાં હતાં. કોણાર્કનું સૂર્યમંદિર, ભિલસાનું સૂર્યમંદિર, મંદસોરનું સૂર્યમંદિર, લાટપુરનું સૂર્યમંદિર, કાશ્મીરનું માર્તંડનું સુપ્રસિદ્ધ સૂર્યમંદિર અને ભારત બહાર મુલતાનનું ઘણું જ જાણીતું સૂર્યમંદિર મુખ્ય છે.[૩] ગુજરાતમાં તો સૂર્યપૂજાનો પ્રચાર સારો એવો હતો. મધ્યકાલિન સૂર્યમંદિરો તેની પ્રતીતિ આપે છે.

મોઢેરાનું સૂર્યમંદિર સારા યે પશ્ચિમ ભારતમાં વિખ્યાત હતું. તેનું શિલ્પસ્થાપત્ય હાલના દેલવાડાના જૈનમંદિરને લગભગ મળતું છે. ભારતીય પુરાતત્ત્વ ખાતાના સર્વેયર જનરલ કર્નલ મૉનિયર વિલિયમ્સે ઈ. સ. ૧૮૯૦માં તેની મુલાકાત લીધી હતી. ત્યારે તેની તેઓએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. મહેસાણા તાલુકામાં આવેલા પિલુદ્રા ગામમાંથી

---

૩. વિગતો માટે જુઓ

Indian Antiquery. Vol. 15, Page 196

Bell. C. V. K., Vol I, Page, 223 and Vol II, P. 274

શ્રી સંતબાલ, બી એ. અનુવાદિત 'આલ્બેરૂનિ કા ભારત' ભા. ૨, પરિશિષ્ટ ૧૧

એક કીર્તિસ્તંભ મળ્યો છે. જેમાં મધ્યે સૂર્યની પ્રતિમા મૂકવામાં આવી છે. આથી તે કોઈ સૂર્યમંદિર પાસે ઊભો કરવામાં આવ્યો હશે તેમાં શક નથી. આમ ત્યાં પ્રાચીન સૂર્યમંદિર હશે. પાટણના સહસ્ત્રલિંગ સરોવર ઉપર ભાયલસ્વામીનું મંદિર હતું એમ સરસ્વતીપુરાણ કહે છે.[૪] પોરબંદરથી બાર માઈલ દૂર કાન્ડરબેડામાં સૂર્ય અને રન્નાદેવીનાં ત્રણ ભવ્ય મંદિરો હતાં જેના અવશેષો આજે પણ મોજૂદ છે. સોમનાથ પાટણથી આઠ માઈલ દૂર સૂત્રાપાડામાં એક પ્રાચીન સૂર્યમંદિર છે, જે ચૌદમા સૈકામાં બંધાયું હોવાનું મૂર્તિ નીચેના લેખ ઉપરથી જણાય છે. થાનમાં પણ એક પ્રાચીન સૂર્યમંદિર છે. પોરબંદરથી બાર માઈલ દૂર આવેલા ભાગાવદર ગામથી અર્ધો માઈલ દૂર નદીકિનારે સોમાદિત્યનું મંદિર છે. ભીમનાથ પાસે પ્રાચીકુંડ ઉપર સૂર્યમંદિરના અવશેષો છે. તેના જેવું જ એક મંદિર કચ્છના કંથકોટમાં આવેલું છે. સાબરકાંઠા જિલ્લામાં હાથમતી, મેશ્વો અને હરણાવના કિનારા ઉપર તેમજ ખેડબ્રહ્મા અને પોળો સંસ્થાનમાંથી સૂર્યમંદિરના અવશેષો મળ્યા છે. શામળાજી પાસે પણ એક સૂર્યમંદિર હતું એમ તેના અવશેષો કહે છે. રોડામાં એક પ્રાચીન સૂર્યમંદિરના અવશેષો મોજૂદ છે. આ બધાં મંદિરો શિલ્પકલાને આધારે છઠ્ઠી અગર સાતમી સદીથી સોળમી સદી સુધીમાં બંધાયાં હોવાનું સમજાય છે.

પ્રાચીન અને મધ્યકાળમાં ગુજરાતનો જ ભાગ ગણાતા રાજસ્થાનના કેટલાક પ્રદેશોમાંથી પણ અનેક પ્રાચીન સૂર્યમંદિરો અને તેના અવશેષો મળી આવ્યાં છે. શ્રીમાળમાં જગત્સ્વામીનું ભવ્ય મંદિર હતું એમ તેના શિલાલેખો કહે છે. આ મંદિરમાં જગત્સ્વામી સૂર્ય અને રન્નાદેવીની કાષ્ઠની પ્રતિમાઓ હતી. જે શ્રીમાળના નાશકાળે તેરમા સૈકામાં મહાલક્ષ્મીની પ્રતિમા સાથે પાટણ લાવવામાં આવી હતી. આજે પણ તે મૂર્તિઓ પાટણના મહાલક્ષ્મી મંદિરમાં મોજૂદ છે. આ મંદિર બીજા-

૪. સરસ્વતીપુરાણ, સર્ગ ૧૬, શ્લો. ૨૩૦

ત્રીજા સૈકામાં બંધાયું હોવાનું વિદ્વાનો અનુમાને છે.[૫]

આદિત્યનાં વિવિધ સ્વરૂપો

સૂર્યનાં અનેક નામો વેદ અને પુરાણોમાંથી મળે છે. ઋગ્વેદના એક સૂક્તમાં તેનાં મિત્ર, અર્યમન્, ભગ, વરુણ, દક્ષ અને અંશ વ. નામો જણાવ્યાં છે. આ સિવાય સાતમું આદિત્ય નામ પણ જાણીતું છે. વૈદિક સાહિત્ય સિવાય મૂર્તિશાસ્ત્રમાંથી પણ સૂર્યનાં વિવિધ નામો અને તેનાં વિધાનો મળે છે. રૂપાવતાર તેની વ્યવસ્થિત નોંધ રજૂ કરતાં ધાતા, મિત્ર, અર્યમા, રુદ્ર, વરુણ, સૂર્ય, ભગ, વિવસ્વાન્, પૂષન્, સવિતૃ, ત્વષ્ટા, અને વિષ્ણુ એમ બાર નામ આપે છે. દીપાર્ણવ ગ્રંથમાં સૂર્યના તેર નામો આપેલાં હોઈ તેનાં વિધાનો અને વર્ણ પણ આપ્યાં છે.[૬] અગ્નિપુરાણ માર્ગશીર્ષાદિ બાર માસની ગણત્રી પ્રમાણે સૂર્યનાં વરુણ, સૂર્ય, સહસ્રાંશુ, ધાતા, તપન, સવિતા, ગભસ્તિ, રવિ, પર્જન્ય, ત્વષ્ટા, મિત્ર અને વિષ્ણુ એ બાર નામો આપે છે.[૭] આ ઉપરાંત આ ગ્રંથકારે તેઓનાં વર્ણ અને શક્તિ વ.ની માહિતી પણ રજૂ કરી છે. તે પ્રમાણે દરેક સૂર્ય રક્ત અગર શ્વેત કમળ ઉપર બેઠેલા, બે હાથ, અને પાછળ પ્રભામંડળ હોવાનું જણાવ્યું છે. અંશુમદ્ ભેદાગમ તેનાં વૈવસ્વત્, માર્તંડ, ભાસ્કર, રવિ, લોકપ્રકાશ, લોકસાક્ષી, ત્રિવિક્રમ, આદિત્ય, સૂર્ય, અંશુમત્ અને દિવાકર વ. જણાવી તે બધા ઉત્તરાથી શરૂ થતા મહિનાઓના સ્વામી હોવાનું કહે છે.[૮] સુપ્રભેદાગમ તેનાં અર્યમા, ઇન્દ્ર, વરુણ, પૂષા, વિષ્ણુ, ભગ, અજઘન્ય, જઘન્ય, મિત્ર, ધાતા, વિવસ્વાન્, પર્જન્ય અને આદિત્ય એમ બાર નામો સૂચવે છે[૯]. પૂર્વકરણાગમ પણ આવું જ વર્ણન આપે છે. વિશ્વકર્માશાસ્ત્ર અને

5. Bombay Gazeteer, Vol 1, Page 463

૬. દીપાર્ણવ, વાસ્તુવિદ્યા, સૂર્યપ્રકરણ, શ્લોક. ૧ થી ૧૪.

૭. અગ્નિપુરાણ, અ. ૫૧-૬

૮. અંશુમદ્ ભેદાગમ, પટલ. ૪૯

૯. સુપ્રભેદાગમ, પટલ. ૪૮

રૂપાવતારના વર્ણનો એક સરખાં હોઈ પ્રત્યેકનાં આયુધો જુદાં જણાવતાં દરેકના બે હાથમાં કમળ હોવાનું ભારપૂર્વક નોંધ્યું છે. આમ તો સૂર્યનાં હજારો નામ મળે છે પણ મૂર્તિશાસ્ત્રકારોએ બારનાં જ વિધાન રજૂ કર્યાં છે. એટલે તેના મૂર્તિવિધાન વિષે વિગતે ચર્ચવાનો પ્રયાસ અત્રે કર્યો છે.

સવિતા

આ સૂર્યનું દૈવી શક્તિશાળી સ્વરૂપ મનાય છે. સવિતાના પ્રતિમા વિધાન માટે રૂપાવતાર તેના ઉપરના જમણા બે હાથમાં ગદા અને ચક્ર જણાવી નીચેના બેમાં કમળ હોવાનું સૂચવે છે.[૧૦]

સૂર્ય

વૈદિક સાહિત્યમાં સૂર્યનાં સંખ્યાબંધ સૂક્તો મળે છે, જેની વ્યવસ્થિત વિચારણા આગળ આપેલી છે, એટલે પુનરુક્તિ યોગ્ય નથી. સૂર્યને સાત ઘોડાની પૌરાણિક માન્યતા છે. પણ વૈદિક સાહિત્ય તેના અસંખ્ય કિરણોને તેના ઘોડાનું રૂપક માને છે. સૂર્યનું સામાન્ય વિધાન આગળ ચર્ચવાનું છે. પરંતુ દ્વાદશાદિત્ય પૈકી સૂર્યના રૂપવિધાન માટે ગ્રંથકાર કહે છે કે તેના ઉપરના જમણા હાથમાં કમંડલ અને ડાબામાં માલા પકડેલી હોઈ, નીચેના બેમાં કમળ હોય છે.[૧૧]

વિષ્ણુ

વિષ્ણુ એ સૂર્યનું નામ છે. તાત્કાલિક દૃષ્ટિએ સૂર્ય અને વિષ્ણુમાં ભેદ નથી. વિષ્ણુને લગતા અનેક મંત્રો સૂર્યને અભિપ્રેત હોવાનું સમજાય છે. વિષ્ણુ નામક સૂર્યની મૂર્તિના ઉપલા હાથમાં ચક્ર અને પદ્મ, તેમજ નીચેના બેમાં કમળ હોવાનું રૂપાવતાર જણાવે છે.[૧૨]

---

૧૦. રૂપાવતાર, ૪–૩૧

૧૧. એજન, ૪–૨૭

૧૨. એજન, ૪–૩૨

પૂષા

સૂર્યના આ સ્વરૂપને ઋગ્વેદમાં ખૂબ જ મહત્ત્વ અપાયું છે. પરંતુ બીજા કોઈ વેદ કે વેદોત્તર સાહિત્યમાંથી તેના ઉલ્લેખો કવચિત જ મળે છે. સૂર્ય જગતનો પોષક હોવાના કારણે તેનું નામ પૂષા ચરિતાર્થ થયું છે. તેના રથને ઘોડાને બદલે બકરા જોડેલા હોય છે. તેના હાથમાં સોનાનો ભાલો, અંકુશ વ. ધારણ કરેલાં હોય છે. તે ગોવાળોનો દેવ અને પશુધનનો રક્ષક મનુષ્યનો મિત્ર હોવાનું સમજાય છે. તે આદિત્યમાર્ગનો સ્વામી મનાય છે. રૂપાવતારકાર તેને બે હાથ જણાવી તેમાં કમળ હોવાની નોંધ આપે છે.[૧૩]

મિત્ર

સામાન્ય રીતે મિત્રનો અર્થ સ્નેહી થાય છે. ઋગ્વેદમાં પણ તે જ અર્થમાં વપરાયો છે. જોકે બીજી રીતે મિત્રનો અર્થ પ્રકાશક અગર સૂર્ય પણ કરેલો છે. તે સર્વદર્શિ અને પ્રિય દેવતા છે. અવેસ્તામાં મિત્ર દેવતાને વિશ્વના રક્ષક તરીકે જણાવ્યો છે. બૌદ્ધ ધર્માવલંબિ રાજા કનિષ્કના સિક્કાઓ ઉપર લખેલા માયરો, મિહિર, મિહર તેમજ ઝંદનો મિથ્ર અને સંસ્કૃત મિત્ર સૂર્યનાં જ નામો હોવાનું જણાય છે. મૂર્તિવિજ્ઞાન પ્રમાણે તેને ઉપરના બે હાથમાં શૂલ અને સોમ (ચંદ્ર–અગર સોમરસનું પાત્ર) જ્યારે નીચેનાં બેમાં કમળ હોવાનું જણાવ્યું છે. અને તેને ત્રણ નેત્રની કલ્પના પણ મૂકી છે.[૧૪]

વિવસ્વાન્

તેના માટેનાં સ્વતંત્ર સૂક્તો ઋગ્વેદમાંથી મળતાં નથી, પરંતુ ઇતર દેવોના સૂક્તોમાંથી તેના ઉલ્લેખો મળે છે. તેમાં તે મનુષ્ય જાતિનો આદિપુરુષ હોવાનું જણાવ્યું છે. વિવસ્વાનનો અર્થ પ્રકાશનાર એવો થાય છે. યજુર્વેદ અને બ્રાહ્મણગ્રંથોમાં તેની સૂર્યના એક સ્વરૂપ તરીકેની

---

૧૩ રૂપાવતાર, ૪–૩૦

૧૪. એજન, ૪-૩૦

ગણના છે. તે ઈરાનીઓનો પ્રશાન્તિયનદેવ મનાતો હોઈ, ઉદિત સૂર્ય જેવું તેનું સ્વરૂપ કલ્પેલું છે. ગીતામાં પણ આ શબ્દ સૂર્ય માટે જ વપરાયો છે. તેના ઉપરના બે હાથમાં ત્રિશૂળ અને માળા અને નીચેના બેમાં પદ્મ હોવાનું રૂપાવતાર કહે છે.[૧૫]

અર્યમન્

વેદમાં આ શબ્દ સૂર્યને અનુલક્ષી વપરાયો છે. તેનો મિત્ર એવો પણ અર્થ થાય છે. તેનું રૂપવિધાન કલ્પતાં ઉપરના બેમાં ચક્ર અને કૌમુદી ગદા અને નીચેનામાં કમળ ધારણ કરેલાં હોય છે.[૧૬]

ભગ

વૈદિક સાહિત્યમાં આને સંપત્તિદાયકદેવ તરીકે સંબોધ્યો છે. ભગ નામના સૂર્યના હાથમાં શૂલ તેમજ સુદર્શન અને નીચેનામાં બાકીના સૂર્યો માફક કમળ હોય છે.[૧૭]

બાકીના ચાર આદિત્યો ધાતા, રુદ્ર, વરુણ અને ત્વષ્ટા માટે વૈદિક સાહિત્યમાંથી વિવેચનો મળતાં નથી. પરંતુ ધાતા તેમજ ત્વષ્ટા પ્રજાપતિ તરીકે, વરુણ પશ્ચિમ દિશાના અધિપતિ તરીકે અને રુદ્રનું શિવરૂપ વર્ણન આપવામાં આવ્યું છે. રૂપાવતારકારના વિધાન પ્રમાણે દરેકને ચાર હાથ તેમાં ધાતાને ઉપલા બેમાં કમંડળ અને માળા અને નીચેનામાં કમળ, રુદ્રને ઉપરનામાં માળા તથા વજ્ર અને નીચે કમળ, વરુણને ઉપરનામાં ચક્ર અને પાશ, નીચે વિકસિત પદ્મ જ્યારે ત્વષ્ટાને સ્રુવ અને હોમનલિકા અને નીચેનામાં કમળ હોય છે.[૧૮] આ વિધાનો જોતાં તે દરેકનાં વિશિષ્ટ આયુધો વર્ણવી આદિત્ય સ્વરૂપમાં પણ તેનાં મૂળ સ્વરૂપનો આવિર્ભાવ ઉતાર્યો છે.

---

૧૫. એજન, ૪-૨૯.

૧૬. રૂપાવતાર, ૪. ૨૪

૧૭. એજન, ૪-૨૮

૧૮. એજન, ૪-૨૨; ૪. ૨૫; ૪-૨૬; ૪-૨૭

સૂર્યનું સામાન્ય સ્વરૂપ

ગ્રંથાન્તરોમાંથી સૂર્યના સ્વરૂપ માટે બે ત્રણ પ્રકારો જોવા મળે છે. તેના રૂપભેદો પૈકી એકમાં સૂર્ય કમળ ઉપર, બે હાથમાં કમળ, સપ્તાશ્વ યુક્તરથ, બીજામાં સૂર્યને બે અગર ચાર હાથ, સપ્તાશ્વયુક્ત રથમાં ઊભા કે બેઠા, પગ વિનાનો સારથિ અરુણ, પાસે બે પુરુષો અને બે સ્ત્રીઓ–તેમની પત્નીઓ, જમણી બાજુ નિક્ષુભા અગર છાયા અને ડાબી બાજુ રાજ્ઞી કે જે પ્રભા કે સુવર્ચસા નામથી ઓળખાય છે. પુરુષોમાં જમણી બાજુ પિંગલ, તેના હાથમાં તલવાર; ડાબી બાજુ દંડ, તેને શૂલ ધારણ કરેલાં તેમજ બન્નેએ લેખનસાહિત્ય, કલમ, ખડિયો વ. પકડેલાં, સૂર્યનો ઉદિચ્યવેષ, બખ્તર ધારણ કરેલું, પગમાં મોટા હોલબૂટ જેવા બૂટ, કેડ ઉપર સુંદર કમરપટ્ટો, બહાદુર સૈનિક જેવો કલ્પવામાં આવે છે. આ સિવાય ત્રીજા પ્રકારમાં કેટલાક ગોળ ઝગઝગતા વર્તુળ જેવા પણ બનાવવાનું કોઈ કોઈ ગ્રંથકાર કહે છે. તેના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૧૯], અગ્નિપુરાણ[૨૦], અંશુમદ્ભેદાગમ[૨૧], પદ્મપુરાણ[૨૨], પૂર્વકારણાગમ[૨૩], બૃહત્સંહિતા[૨૪], મત્સ્યપુરાણ[૨૫], રૂપ-મંડન[૨૬], વિશ્વકર્માશાસ્ત્ર, શિલ્પરત્ન[૨૭], શ્રી તત્ત્વનિધિ[૨૮] અને વિષ્ણુ

---

૧૯. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૮૧૯-૮૨૨

૨૦. અગ્નિપુરાણ, અ. ૫૧-૧

૨૧. અંશુમદ્ ભેદાગમ, પટલ. ૪૯

૨૨. પદ્મપુરાણ, પાતાલ ખંડ, અ. ૭૮-૪૪

23. Dr. Gopinatha Rao; Elements of Hindu Iconography Vol. I, Appendix C 89

૨૪. બૃહત્સંહિતા, અ. ૫૭-૪૬

૨૫. મત્સ્યપુરાણ, અ. ૨૬૧-૧-૮

૨૬. રૂપમંડન, અ. ૨. ૧૮-૧૯

૨૭. શિલ્પરત્ન, અ. ૨૫-૮૦

૨૮. શ્રી તત્ત્વનિધિ, પા. ૧૨૧

ધર્મોત્તર[૨૯-૩૦]માં વિગતપૂર્ણ વિવેચનો આપેલાં છે. આ બધા ગ્રંથોનાં વર્ણનો ઉપર પ્રમાણે છે. ફક્ત કેટલાકમાં સામાન્ય ફેરફારો છે. કોઈએ એક અથવા બીજા પ્રકારનાં વર્ણનો આપ્યાં છે. જ્યારે કેટલાકમાં બન્નેનાં વર્ણનો મળી આવે છે.

સૂર્યપ્રતિમાઓમાં ઊભી અગર બેઠી પ્રતિમાઓ હોય છે. તેમાં ગુજરાતમાં ઊભી મૂર્તિઓ ખાસ કરીને વધુ મળે છે. ગુજરાતમાં એક કાળે સૂર્યપૂજાનો પ્રચાર શિવ, વિષ્ણુ, દેવી. વ.ની માફક ખૂબ ફેલાયો હતો, આની પ્રતીતિ ગુજરાતમાંથી પ્રાપ્ત સૂર્યમંદિરો અને પ્રતિમાઓ આપે છે.

વડનગરના ચિત્રેશ્વરી માતાના મંદિરમાં સૂર્યની આશરે બેથી અઢી ફૂટ ઊંચી એક આરસની સુંદર પ્રતિમા છે. તેમાં સૂર્ય ઊભા, બે હાથમાં કમળ, પગમાં હોલબૂટ, કવચ, વીરસૈનિક જેવા, બાજુમાં દંડ અને પિંગલ અને તેના ઉપર ઉષા અને પ્રત્યૂષા, હાથમાં ધનુષબાણોવાળા, ઉપર પ્રભામંડળ પાસે અશ્વિની દેવો, પગ નીચે કમળ વ. જણાવેલાં હોઈ, આ એક અનન્ય પ્રતિમા છે. આવી જ બીજી મોટા કદની પ્રતિમા તે શહેરની દક્ષિણે આવેલા મહાકાલેશ્વરના મંદિરમાં છે. તેમાં પણ સૂર્યનું કલાવિધાન ઉપરની મૂર્તિને અનુરૂપ છે. મોઢેરામાં સૂર્યમંદિરની બહારની બાજુ જંઘાઓમાં પ્રત્યેક દિશાના દિક્પાલોની પાસે મોટા કદની સૂર્યમૂર્તિઓ મૂકેલી છે. તે દરેકમાં સૂર્ય ઊભા, બે હાથમાં કમળ, પગમાં હોલબૂટ, ઉદિચ્યવેશ, વીરસૈનિક જેવા ખડતલ શરીરવાળા, પગ પાસે સંજ્ઞા તથા છાયા બે સ્ત્રીઓ, તેની પાસે દંડ અને પિંગલ નામક પ્રતિહારો, માથાની પાછળ પ્રભામંડળ પાસે અશ્વિનો વ. આ મૂર્તિઓમાં સુંદર રીતે વ્યક્ત કર્યો છે. આ સિવાય ધાતા વ. બારે આદિત્યની મૂર્તિઓ આ મંદિરને ફરતી જંઘામાં મૂકી હતા એમ ત્યાંની કેટલીક પ્રતિમાઓ ઉપરથી જણાય છે. આ મંદિરની બહારની દિવાલમાંથી આવી બે

૨૯-૩૦ વિષ્ણુધર્મોત્તર ખં. ૩, અ. ૬૭, ૨-૧૧

ચાર મૂર્તિઓ મળી આવી છે. આ પૈકી દક્ષિણ બાજુની દીવાલમાં કેટલીક મૂર્તિઓ સારી સ્થિતિમાં છે, જેના હાથમાં કમળ ઉપરાંત વજ્ર, અંકુશ, કપાલ, વરદમુદ્રા, ત્રિશૂલ, વ. આયુધો સ્પષ્ટ જણાતાં હોવાથી બારે આદિત્યની મૂર્તિઓ આ મંદિરને ફરતી દીવાલોમાં મૂકી હશે એમ જણાય છે. દીવાલમાંની પ્રતિમાઓ મોટે ભાગે ખંડિત હોવાથી આયુધો સ્પષ્ટ જણાતાં નથી. આ દરેક સૂર્યમૂર્તિ પાસે તેમની પત્ની સૂર્યાણીની મોટા કદની પ્રતિમાઓ મૂકેલી છે. ગર્ભ-મંડપમાં ચારે દિશામાં સૂર્યની ઊભી મૂર્તિઓ ભીંતમાં મૂકેલી છે. આ મૂર્તિઓ પણ મોટા કદની, બે હાથવાળી હોઈ તેમાં પદ્મ હોય છે. આ સિવાય ગર્ભગૃહની દ્વારશાખામાં સૂર્યની ત્રણ મૂર્તિઓ કોતરવામાં આવી હોઈ, નીચે પ્રતિહારો જણાવ્યા છે. આ મંદિરની મુખ્ય પ્રતિમા આજે જણાતી નથી પણ મૂર્તિની નીચેની પીઠિકા જોતાં તે પણ મોટા કદની ભવ્ય પ્રતિમા હશે એમ લાગે છે. આ ગર્ભગૃહમાં પાંચ છ ફૂટ નીચે મૂર્તિની પીઠિકા છે જેમાં સાત ઘોડાઓ સુંદર આકારવાળા બનાવ્યા હશે, તે પૈકી થોડા બચવા પામ્યા છે. અનુમાન છે કે પીઠિકાથી ગર્ભદ્વારના મધ્યભાગ સુધીની ઊંચાઈવાળી ભવ્ય મૂર્તિ આમાં મૂકી હશે અને તે અનુમાન પ્રમાણે આ મંદિરની પ્રધાનપ્રતિમા આઠથી દશ ફૂટની ઊંચાઈવાળી હશે એવો તર્ક થાય છે.

પાટણમાં ખુલાખીપાડામાં આવેલા શિવમંદિરમાં સૂર્ય અને સુર્યાણીની સુંદર પ્રતિમાઓ મૂકેલી છે. તેમાં સૂર્ય ઊભા ઉદિચ્યવેશવાળા, પગમાં હોલબૂટ, પગ પાસે બે બાજુ રાજ્ઞી તથા નિક્ષુભા નામની બે પત્નીઓ તેમજ દંડ, પિંગલ, માથા પાછળ પ્રભામંડળ પાસે અશ્વિની દેવો, તેની નીચે ઉષા, પ્રત્યૂષા હાથમાં ધનુષબાણ લઈ અંધકારનો નાશ કરતા દર્શાવ્યા છે. આવી બીજી કેટલીક પ્રાચીન મૂર્તિઓ, પાટણના વાસુદેવના મંદિરમાં, ડો. પંડયા અભ્યાસગૃહના કલાપ્રદર્શનમાં અને વૈજનાથ મહાદેવમાંથી પણ મળી છે.

જૂના ડીસામાં સિદ્ધાંબિકાના પ્રાચીન મંદિરની ઝંઝામાં સૂર્યની એક સામાન્ય મૂર્તિ મૂકેલી છે. આ સિવાય ઉત્તર ગુજરાતમાંથી સૂર્યની આવી સંખ્યાબંધ પ્રતિમાઓ મળી છે. તેમાં ખેરાળુ, વિજાપુર અને દેલમાલના પ્રાચીન મંદિરોની મૂર્તિઓ મુખ્ય છે. ગેરિતાના જૈનમંદિરની ભીંતમાં પણ એક સૂર્યમૂર્તિ મૂકેલી છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર પ્રદેશમાંથી સંખ્યાબંધ સૂર્યમંદિરોના અવશેષો મળ્યાં છે જેમાંથી સૂર્યની કેટલીક નાની મોટી મૂર્તિઓ ઉક્ત વિધાનવાળી મળી આવી છે.

સૌરાષ્ટ્રમાંથી પણ સંખ્યાબંધ સૂર્યમૂર્તિઓ મળી આવી છે. પ્રભાસમાં સોમનાથના મંદિરની બહાર કેટલીક ખંડિત મૂર્તિઓના અવશેષો પડ્યા છે, તેમાંથી ત્રણ નાની મોટી સૂર્યપ્રતિમાઓ મળી છે. રાજકોટ મ્યુઝિયમમાં ધોળા આરસમાંથી બનાવેલી એક સુંદર મૂર્તિ મૂકેલી છે. આ ઉપરાંત સુત્રાપાડાના સૂર્યમંદિરમાં સૂર્યની મૂર્તિ બેસાડેલી છે જે સંવત ૧૩૫૭માં સ્થાપિત કરવામાં આવી હતી એમ તેની નીચેના શિલાલેખમાં જણાવ્યું છે. ભાગાવદરમાં સોમાદિત્યથી ઓળખાતા સૂર્યમંદિરમાં સૂર્ય અને સૂર્યાણીની પ્રતિમાઓ છે. પ્રાચીકુંડ પાસે આવેલા ભીમનાથના મંદિરમાં ચાર ફૂટ ઊંચી એક સૂર્યમૂર્તિ મૂકેલી છે. તેનું આકાર્ય અને કલાવિધાન બીજી બધી મૂર્તિઓને અનુરૂપ હોવા છતાં સૂર્યને નમસ્કાર કરતા બતાવ્યા છે. આ એક અનન્ય પ્રતિમા ગણી શકાય કારણ કે ગુજરાતની પ્રતિમાઓ પદ્મહસ્ત જ છે જ્યારે આ અંજલીહસ્ત છે.

આ ઉપરાંત રાજસ્થાનના અનેક ગામોમાંથી સૂર્યની આવી પ્રતિમાઓ મળે છે પણ એની ચર્ચા અત્રે અસ્થાને છે. અજમેરના રાજપૂતાના મ્યુઝિયમમાં પણ આવી બે પ્રતિમાઓ છે.

છેલ્લે એક એવી મૂર્તિની પિછાન આપવામાં આવી છે કે જેની જોડ ગુજરાતભરમાંથી હજી સુધી મળી નથી. આ મૂર્તિ તે પાટણના મહાલક્ષ્મી મંદિરમાંની જગત્સ્વામીની કાષ્ઠપ્રતિમા. શ્રીમાળમાં જગત્સ્વામી-

નું ભવ્ય મંદિર હતું એમ શિલાલેખો અને પ્રાપ્ત અવશેષો ઉપરથી જાણી શકાય છે. તે મંદિરની મુખ્ય પ્રતિમાઓ શ્રીમાળના ભંગ સમયે મહાલક્ષ્મીની સાથે બ્રાહ્મણો લાવ્યા હતા એવું કહેવાય છે. આ પ્રતિમા આશરે ત્રણથી ચાર ફૂટ ઊંચી, બે હાથમાં કમળ, ઊભી, માથે મુકુટ, પ્રતિમાનો વર્ણ વિષ્ણુધર્મોત્તર પ્રમાણે સિંદૂર જેવો રક્ત, પાસે રત્નાદેવીની તેટલા જ કદની ઊભી પ્રતિમા છે. આ પ્રતિમા ચંપાના કાષ્ઠમાંથી બનાવેલી હોઈ, તેના ઉપર ચંપાનું તેલ ચોપડવામાં આવે છે. ગુજરાતભરમાં સૂર્યની કાષ્ઠપ્રતિમા અંગેનો આ એક ઉત્કૃષ્ટ નમૂનો છે.

બીજો પ્રકાર બેઠી પ્રતિમાઓનો છે. આવી પ્રતિમાઓમાં સૂર્ય સાત ઘોડા જોડેલા રથમાં બેઠેલા, પાસે પરિવારદેવો, બન્ને રાજ્ઞી તથા નિક્ષુભા-પત્નીઓ, પાસે દંડ અને પિંગલ, રથ હાંકતો અરુણ, સૂર્યના બે હાથમાં કમળ, શરીર ઉપર અલંકારો, માથે કિરીટમુકુટ વ. જણાવેલાં હોય છે. આવી એક સુંદર મૂર્તિ ઊંઝા ગામની બજારી પોળથી ઓળખાતા ઉત્તરદિશાના દરવાજે અંદરની બાજુ ચોડેલી છે. અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં પણ આવી એક પ્રતિમા છે. કડવારના વરાહમંદિરની બહારની ભીંતમાં સૂર્યની એક બેઠી મૂર્તિ ચોડેલી છે. તેમાં સૂર્ય કમળ ઉપર બેઠેલા, બે હાથમાં કમળ અને પગમાં હોલબૂટ છે. જૂનાગઢના મ્યૂઝિયમમાં કોઈ સૂર્યમંદિરનું તોરણ મૂકેલું છે. તેમાં સૂર્ય સાત ઘોડા જોડી રથમાં બેઠેલા, સર્વાલંકારોથી યુક્ત, બન્ને બાજુ ઉષા તથા પ્રત્યૂષા, પાસે બે પત્નીઓ અને બીજા પરિવારદેવો જણાવ્યા છે. આવી જ બીજી-પ્રતિમાઓ ડાંકના તોરણમાં, મહેસાણા તાલુકાના પીલુદ્રાગામમાં આવેલા કીર્તિસ્તંભમાં, પ્રભાસ પાસે આવેલા ત્રિવેણી નજીક સૂર્યમંદિરમાં, પાટણના હરિહરેશ્વર મંદિરમાં, સાલવીવાડાના ગોલવાડ મહોલ્લાના અબૂતરા ઉપર મૂકેલી છે. આ ઉપરાંત વડોદરા અને મુંબાઈના મ્યૂઝિયમોમાં સૂર્યની બેઠી મૂર્તિઓ છે.

આ બે પ્રકાર સિવાય સૂર્યની પ્રતિમાઓ નવગ્રહના પટ્ટોમાંથી

તેમજ ચતુર્મુખ શિવલિંગોમાંથી પણ મળી આવી છે જેની જરૂરી હકીકત આગળ જણાવી છે. ટૂંકમાં સૂર્યપૂજા ગુજરાતમાં ઘણી જ પ્રચલિત હતી એ નિઃશંક છે. ભારતના અન્ય રાજ્યોમાંથી પણ સૂર્યની અનેક વિશિષ્ટ પ્રતિમાઓ મળી આવી છે જેની વિગતો અને ચર્ચા અત્રે અસ્થાને છે.

સૂર્યાયતન

શાસ્ત્રીય નિયમ પ્રમાણે દરેક સૂર્યાયતનમાં સૂર્યની પ્રધાનમૂર્તિ સાથે બીજા પણ દેવોને મૂકવાનો આદેશ કરવામાં આવ્યો છે. જોકે ગુજરાતમાંથી તો કેવળ સૂર્યની પ્રતિમાવાળાં જ સૂર્યમંદિરો મળ્યાં છે.

રૂપાવતાર અને રૂપમંડનકારે સૂર્યમંદિરમાં બેસાડવાના બીજા દેવોની નોંધ આપતાં જણાવ્યું છે કે સૂર્યના મંદિરમાં અગ્નિકોણથી આરંભી અનુક્રમે મંગળ, ગુરુ, શુક્ર, કેતુ, બુધ, શનિ અને છેલ્લે પૂર્વમાં ચંદ્રને સ્થાપિત કરવા.[૩૧]. ભવિષ્ય પુરાણકાર સૂર્યની સાથે તેના ગણ તરીકે દંડ, પિંગલ ઉપરાંત સ્કંદ, હર, અશ્વિનીદેવો, યમ, ગરુડ, કુબેર, ગજાનન, રેવંત વગેરેને મૂકવાનું કહે છે. પરંતુ આવો કોઈ પ્રચાર ગુજરાતમાં નથી.

દરેક દેવને પોતાનાં વાહનો નિશ્ચિત હોઈ, કેટલાંક મંદિરોમાં પ્રધાનપ્રતિમા પાસે અગર સામે તેમનું વાહન મૂકેલું જોવામાં આવે છે. પરંતુ સૂર્યનું મૂર્તિવિધાન જ એવું છે કે, જેમાં સૂર્યને સાત ઘોડા જોડેલા રથમાં ઊભા કે બેઠા બનાવવામાં આવે છે, અગર કેટલીક વખત કમળ ઉપર ઊભેલા હોય છે. આથી તેમનું વાહન મંદિરમાં સ્વતંત્ર મૂકવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં કેટલાંક મંદિરોમાં મૂર્તિની સામેના ચોકના મધ્યભાગે કમળ મૂકવાની પ્રથા હતી એમ માલૂમ પડે છે. જોકે આ પ્રથા ગુજરાતમાં ખાસ ઉતરી નથી. પણ ક્વચિત્ જોવામાં આવે છે. પાટણમાં ખુલાખીપાડાના મહાદેવમાં સૂર્યમૂર્તિઓ

૩૧. રૂપાવતાર, અ. ૪. ૩૬-૩૭; રૂપમંડન અ. ૨. ૨૫.

મૂકેલી છે ત્યાં આવું એક કમળ શિલાસ્તંભ ઉપર કોતરેલું છે. રાજસ્થાનમાં આવાં કમળ ધરાવતાં મંદિરો મળ્યાં છે. કમળ એ સૂર્યનું પ્રિય આસન હોવાથી તેને પ્રતિમાની સામે મૂકવામાં આવતું હશે એમ જણાય છે. પણ ગુજરાતમાં આ પરંપરા ન હતી.

પ્રતિહારો

મૂર્તિશાસ્ત્રકારોએ દરેક દેવનો ચતુર્મુખ દેવાલય બનાવી ચારે દિશાના દ્વારોએ બબ્બે પ્રતિહારો મૂકવાનું જણાવ્યું છે. ફક્ત રૂપમંડન અને રૂપાવતારે આના વ્યવસ્થિત વર્ણનો[૩૨] રજૂ કર્યાં છે. આ દ્વારપાળો પુરુષાકાર બનાવી, તેઓના હાથમાં નિર્દિષ્ટ આયુધો રજૂ કરવાનો આદેશ તેઓએ આપ્યો છે. અને તે દ્વારા તેવા મંદિરના રચયિતા ગૃહસ્થો શાંતિ પ્રાપ્ત કરી શકે તેમ જણાવ્યું છે. જોકે ગુજરાતમાં આવા પ્રતિહારો બનાવવાની પરંપરા ઉતરી હોવાનું જણાતું નથી. કારણ કે કેવળ એક દ્વારનાં જ મંદિરો મળી આવ્યાં છે. મોઢેરાના સૂર્યમંદિરમાં ગર્ભમંડપની દ્વારશાખામાં, તેમજ ગર્ભગૃહની શાખામાં દ્વારપાળો મૂકેલા છે. આ સિવાય સૌરાષ્ટ્રના સૂર્યમંદિરોની શાખાઓમાંથી પણ પ્રતિહારો મળ્યા છે. પરંતુ ઉક્ત લક્ષણવાળા આઠે દ્વારપાળો કોઈ જગ્યાએથી મળ્યા નથી. આજે મળી આવતા દ્વારપાળોને મોટે ભાગે બે હાથ, અને તેમાં સૂર્યની માફક કમળ પકડેલાં હોય છે, જ્યારે કોઈ કોઈમાં ચાર હાથ જણાવી

૩૨. નામ	દિશા	બાજુ	જમણા હાથમાં	ડાબા હાથમાં
દંડી	પૂર્વ	ડાબી	તર્જની-કિરણ	તામ્રચૂડ (કૂકડો)-દંડ
પિંગલ	,,	જમણી	તર્જની-શક્તિ	કિરણ-દંડ
આનંદ	દક્ષિણ	ડાબી	તર્જની-તર્જની	વજ્ર-દંડ
સપ્તક	,,	જમણી	તર્જની-દંડ	વજ્ર-તર્જની
ચિત્ર	પશ્ચિમ	ડાબી	તર્જની-તર્જની	પદ્મ-દંડ
વિચિત્ર	,,	જમણી	તર્જની-દંડ	પદ્મ-તર્જની
કિરણાક્ષ	ઉત્તર	ડાબી	તર્જની-તર્જની	કિરણ-દંડ
સુલોચન	,,	જમણી	તર્જની દંડ	કિરણ-તર્જની

પૂર્વદ્વારના દ્વારપાળો જેવાં વિધાનોક્ત આયુધો બનાવેલાં હોય છે.


પત્નીઓ

સૂર્યની રાજ્ઞી, છાયા, નિક્ષુભા અને સુવર્ચસા, એમ ચાર પત્નીઓ જણાવી છે. આ સિવાય રન્નાદેવી પણ સૂર્યપત્ની ગણાતાં હોઈ, તેને રાંદલ તરીકે સમાજ પૂજે છે. ગુજરાત-સૌરાષ્ટ્રની જ્ઞાતિઓમાં લગ્ન કે સીમંત જેવા શુભ પ્રસંગે રાંદલની પૂજા ખાસ કરીને કરવામાં આવતી હોઈ, તેનો ઉત્સવ ઊજવવામાં આવે છે, જેને લોકો જાગ વાવ્યા કહે છે. આમાં મુખ્ય યવાંકુર વાવી, તેને બાજોઠ ઉપર મૂકી રન્નાદેવી (રાંદલ)ની દસ દિવસ સુધી પૂજા કરવામાં આવે છે. છેલ્લે દિવસે તેનું વિસર્જન કરતી વખતે, યવાંકુરવાળા બાજોઠને દહેરાના આકારે લાકડીઓ બાંધી, તેને સાડી, ચણીઓ વ. પહેરાવી, શિખરના ભાગે લોટો મૂકી મુખની કલ્પના કરવામાં આવે છે. અને સ્ત્રીઓ મંગલ ગીતો ગાતી તળાવ અગર નદીમાં નાખી વિસર્જન કરે છે. આ રિવાજનો પ્રચાર દર્શાવે છે કે ગુજરાતમાં સૂર્યપત્ની રન્નાદેવીનો પૂજનનો પ્રચાર પ્રાચીન સમયથી સ્વીકારાયો છે.

ગુજરાતનાં કેટલાંક પ્રાચીન મંદિરોમાંથી સૂર્યાણીની કેટલીક નાની મોટી પ્રતિમાઓ મળી આવી છે. જોકે મૂર્તિશાસ્ત્રના ગ્રંથમાં સૂર્યાણીનું સ્વતં વિધાન મળતું નથી પણ ગુજરાતનાં સૂર્યમંદિરોમાં તેમજ બીજાં મંદિરોમાં સૂર્યપત્ની સૂર્યાણીની મૂર્તિઓ બેસાડવામાં આવતી હતી એમ સમજાય છે. આવી મૂર્તિઓ ત્રિભંગવાળી, માથે કરંડમુકુટ, બે હાથમાં કમળ અગર એકમાં પાત્ર અને બીજામાં કમળ ધારણ કરેલાં હોય છે. પગ પાસે બે બાજુ પરિચારિકાઓ હોય છે. મોઢેરાના સૂર્યમંદિરમાં પ્રત્યેક દિશામાં સૂર્યમૂર્તિની સાથે, મોટા કદની ઉપર પ્રમાણેની સૂર્યાણીની પ્રતિમાઓ છે. આ સિવાય ખેરાળુના એક મંદિરમાં, મારવાડના રાણકપુરના સૂર્યમંદિરમાં, પાટણના ખુરાણી વાડાના મહાદેવમાં તેમજ વાયુદેવના મંદિરમાંથી આવી પ્રતિમાઓ મળી આવી છે.




૩૬. હનુમાન (વાળા) પૃ. ૩૮૦



૩૫. માર્તંડ (શામળાજી) પૃ. ૨૯૫



૩૭. સૂર્ય (ખેરાળુ) પૃ. ૩૯૬



૩૮. ચન્દ્ર (પાટણ) પૃ. ૪૦૩



૩૯. ઇન્દ્ર (આબુ) પૃ. ૪૧૫-૧૬



૪૦. અગ્નિ (આબુ) પૃ. ૪૧૮



૪૧. યમ (આબુ) પૃ. ૪૨૦



૪૨. નિર્ઋતિ (આબુ) પૃ. ૪૨૨



૪૩. વરુણ (આબુ) પૃ. ૪૨૪



૪૪. વાયુ (આબુ) પૃ. ૪૨૬-૨૭



૪૮. નેમિનાથ (આબુ)   પૃ ૪૬૧

ચંદ્ર

ચંદ્ર નક્ષત્રમંડળનો અધિષ્ઠાતા મનાય છે. સૂર્ય જેટલું તેનું મહત્ત્વ પુરાણોમાં ગવાયું નથી. વેદની પ્રાચીન ઋચાઓમાંથી વૈદિક સોમ અને નક્ષત્રનાથ ચંદ્રની એકતા કાંઈક અંશે દેખાય છે. યજુર્વેદમાં સોમની સ્ત્રીઓના સંબંધમાં ચંદ્રના પ્રાસાદોનું કથન એક સ્થળે નિરૂપ્યું છે. યજુર્વેદ અને બ્રાહ્મણોમાં ચંદ્રનું શરીર અમૃતમય છે અને તે અમૃતનું દેવો અને પિતૃઓ પાન કરતા હોવાથી ક્ષીણ થાય છે. ઉત્તરોત્તર ક્ષયવૃદ્ધિ થતી રહે છે[33]. વેદ તેની ઉત્પત્તિ વિરાટ સ્વરૂપના મતમાંથી થયાનું કહે છે[34]. તેને દશ ઇન્દ્રિયો, પંચ મહાભૂત અને મન એ સોળ કળાઓનો પ્રાણાધાર હોવાથી સર્વમય અને જલધિદેવ વરુણના પ્રત્યધિદેવ તરીકે ઓળખવામાં આવે છે[35]. પુરાણોમાં તેની ઉત્પત્તિ અત્રિ અને અનસુયાથી થઈ હોવાનું જણાવ્યું છે[36]. પુરાણકારોએ તેના વિષે અનેક આખ્યાયિકાઓ આપી છે[37].

સૂર્યનાં સ્વતંત્ર મંદિરોની માફક ચંદ્રનાં કોઈ મંદિરો હોવાની માહિતી હજુ સુધી મળી નથી. એટલે ચંદ્રપૂજાનો પ્રચાર સૂર્ય જેટલો ન હતો. છતાં ગુજરાતનાં ચંદ્રપૂજા એક ગ્રહ તરીકે કે કોઈ વિશિષ્ટ વ્રતના અધિષ્ઠાતા દેવ તરીકે થતી હોવાના ઉલ્લેખો મળી આવે છે. ઉત્તર ગુજરાતનાં કેટલાંક પ્રાચીન મંદિરોમાંથી ચંદ્રની સ્વતંત્ર મૂર્તિઓ દેવ તરીકે પૂજાતી અગર બહારની જંઘાઓમાં કોતરેલી મળી છે. આ ઉપરાંત પ્રાચીન મંદિરોની દ્વારશાખાઓ ઉપરના નવગ્રહમંડળમાં, જંઘાઓમાં,

---


૩૩. યજુર્વેદ, અ. ૨૩, મંત્ર. ૧૦, મહિધરભાષ્ય.

૩૪. ઋગ્વેદ, પુરુષસૂક્ત, મંડળ ૧૦-૯૦-૧૧; યજુર્વેદ, અ. ૩૧-૧૧.

૩૫. વિષ્ણુધર્મોત્તર, ખંડ ૩, અ. ૮.

૩૬. શ્રીમદ્ભાગવત્ સ્કં. ૪; અ. ૧૩.

૩૭. વિગતો માટે જુઓ. સ્કંદપુરાણ, પ્રભાસખંડ, અ. ૧૮૭; શિવપુરાણ, જ્ઞાનસંહિતા, અ. ૪૧; મહાભારત, અનુસાશન પર્વ અ. ૩૫; સરસ્વતીપુરાણ. સર્ગ ૧૮.



૪૬. ઈશાન (આબુ) પૃ. ૪૩૨



૪૫. કુબેર (આબુ) પૃ. ૪૩૦-૩૧



૪૭. ઋષભદેવ (અકોટા) પૃ. ૪૫૦

કે ચૌદ રત્નોના કલાશિલ્પમાંથી તેવી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. નાગપુર મ્યુઝિયમમાંથી એક ચંદ્રમૂર્તિ મળી છે, પરંતુ તક્ષણકલાની દૃષ્ટિએ ગુજરાતની મૂર્તિઓમાં કેટલીક વિશિષ્ટતાઓ સમાયેલી છે[૩૮]. કેટલાક ગ્રંથોમાં તેનાં વિધાનો મળી આવ્યાં છે તેમાં અંશુમદ્ભેદાગમ[૩૯], શિલ્પરત્ન[૪૦], વિષ્ણુધર્મોત્તર[૪૧], રૂપમંડન[૪૨], રૂપાવતાર[૪૩], અભિલષિતાર્થ ચિન્તામણિ[૪૪], અગ્નિપુરાણ[૪૫], પૂર્વકારણાગમ[૪૬], અને મત્સ્યપુરાણ મુખ્ય છે[૪૭].

તે બધામાં જણાવ્યા પ્રમાણે બે અથવા ચાર હાથ, શ્વેત વર્ણ, દશ ઘોડાવાળા રથમાં બેઠેલા અથવા ઊભા અગર બેઠા, સૌમ્ય વર્ણ, સર્વાભૂષણોથી યુક્ત, હાથોમાં કમળ ધારણ કરેલાં હોય છે. વિષ્ણુધર્મોત્તરકાર તો તેના સ્વરૂપની આજુબાજુ નક્ષત્ર-સ્વરૂપ અઠ્ઠાવીસ સ્ત્રીઓ, અગર દેહભેદથી બ્યાશી સ્ત્રીઓ કલ્પવાનું જણાવે છે.

ગુજરાતમાંથી ચંદ્રની મૂર્તિઓ થોડી જ મળી છે પણ બીજાં રાજ્યોને મુકાબલે તેનું પ્રમાણ વિશેષ છે. વડનગરની દક્ષિણે બહારની બાજુ મહાકાલેશ્વર મંદિરની એક ધર્મશાળા પાસે ઓસરીમાં સૂર્યચંદ્રની પ્રશસ્ત પ્રતિમાઓ મૂકેલી છે. આમાંની ચંદ્રમૂર્તિ આશરે ત્રણ ફૂટ ઊંચી, ધોળા

38. Descriptive list and catalouge of Nagpur Museum P.1, plate No. 1.
૩૯. અંશુમદ્ભેદાગમ, પટલ ૪૯.
૪૦. શિલ્પરત્ન, અ. ૧૧.
૪૧. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૬૮.
૪૨. રૂપમંડન, અ. ૨, શ્લોક. ૨૨–૨૪
૪૩. રૂપાવતાર, અ. ૪, શ્લોક. ૪૭–૪૮; શ્રીતત્ત્વનિધિ, પા. ૧૨૧
૪૪. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, શ્લોક. ૮૨૪–૨૫
૪૫. અગ્નિપુરાણ, અ. ૫૧.
46. Dr. Gopinath Rao, Ibid, Vol. 1, Appendix C, P. 87
૪૭. મત્સ્યપુરાણ, અ. ૯૪–૨

આરસપહાણમાંથી બનાવેલી હોઈ, ચંદ્ર ઊભા, ચાર હાથ તે પૈકી જમણા બેમાં કમળ અને માલા જ્યારે ડાબામાં કમંડળ અને જ્ઞાનમુદ્રા, શરીર ઉપર વિવિધ અલંકારો, શાન્ત મુખમુદ્રા ધ્યાનસ્થ યોગી જેવી સૌમ્ય બનાવવામાં આવી છે. તેના પગ પાસે બન્ને બાજુ સ્ત્રીઓ તથા પુરુષો કોતરવામાં આવ્યા હોવાથી વિષ્ણુધર્મોત્તર પુરાણના કથન મુજબ તેની પત્નીઓ કાંતિ અને શોભા જણાવી હોવી જોઈએ એમ જરૂર લાગે છે. આ પ્રતિમાના શિરોભાગ પાછળ પ્રભામંડળ કોતર્યું હોઈ, તેમાં અર્ધચંદ્ર કોતરેલો જણાય છે. કોઈ પણ ગ્રંથમાં પાછળ અર્ધચંદ્ર મૂકવાનું વિધાન નથી, પણ ગુજરાતમાંની મૂર્તિઓની પાછળ આ મૂકાતું હોવાનું કારણ તે એક ગુજરાતની વિશિષ્ટતા જણાય છે.

આવી જ બીજી પ્રતિમા મોઢેરાના કુંડ ઉપર મૂકેલી છે. જો કે તેનો કેટલોક ભાગ ખંડિત હોવા છતાં, માથા પાછળ અર્ધચંદ્ર મૂક્યો હોવાથી તે ચંદ્રમૂર્તિ જ છે. આ મૂર્તિ સૂર્યકુંડના દક્ષિણ કિનારા તરફની દહેરીમાં મૂકવામાં આવી છે. તેનો છાતી નીચેનો ભાગ ખંડિત છે તેથી તેનું વર્ણન અશક્ય છે. મહેસાણા તાલુકાના મોટી દાઉ ગામમાં સ્વામરૂપના દહેરાની જંઘામાં પણ એક આવી મૂર્તિ કોતરેલી છે, તેમાં ચંદ્ર ઊભા, બે હાથમાં કમળ, માથે કિરીટમુકુટ અને શરીર ઉપર અન્ય અલંકારો છે. પાટણના કોટમાંથી પણ આવી મૂર્તિ મળી આવી છે જે કનસડા દરવાજા બહાર નીકળતા ડાબી બાજુના કોટની ભીંતમાં છે. તેમાં ચંદ્ર ઊભા, માથે કિરીટમુકુટ, ચાર હાથ તે પૈકી બેમાં કમળ અને બીજા બેમાં માળા તથા કમંડળ જણાવી માથા પાછળ અર્ધચંદ્ર કોતર્યો છે. ચંદ્રની ઊભી પ્રતિમાઓની માફક કેટલીક બેઠી મૂર્તિઓ પણ મળી છે. સૌરાષ્ટ્રમાં આવેલા કદવારના પ્રાચીન વરાહમંદિરના દ્વાર ઉપર સૂર્ય, બ્રહ્મા વ.ની મૂર્તિઓ બેસાડેલી છે તેમાં ચંદ્રની પણ બેઠી મૂર્તિ છે. આમાં ચંદ્રના બે હાથમાં કમળ અને માથા ઉપર અર્ધચંદ્ર કોતરેલો છે. આ સિવાય નવગ્રહનાં મંડળો અને

સમુદ્રમંથનનાં શિલ્પોમાં તેમજ કેટલાંક પ્રાચીન ચિત્રોમાંથી ચંદ્રનાં રૂપવિધાનો મળ્યાં છે. આમ ગુજરાતમાં ચંદ્રની પ્રતિમાએ બનાવવાનો પ્રચાર સારા પ્રમાણમાં હતો.

મંગળ

ગ્રહોમાં સૂર્ય ચંદ્ર પછી મંગળ ત્રીજું સ્થાન ધરાવે છે. મંગળને ભૂમિપુત્ર કહેવામાં આવે છે અને તે નામ પ્રમાણે મંગલ કરનારો છે. છતાં જ્યોતિષની દૃષ્ટિએ તે પાપગ્રહ ગણાય છે. તેની ઉત્પત્તિ આદિવરાહ અને ભૂદેવીથી થયેલી માનવામાં આવે છે. શિવપુરાણ તેની ઉત્પત્તિ શિવના પ્રસ્વેદમાંથી થયેલી માને છે[૪૮]. નવગ્રહોના મંડળો સિવાય મંગળની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવી નથી. મહેસાણા તાલુકાના તરભ ગામમાં એક મંદિરની અંદર સૂર્યની સાથે મંગળનું ચિત્ર આલેખવામાં આવ્યું છે. આ સિવાય જૂની જન્મપત્રિકાઓમાંથી પણ મંગળનાં ચિત્રો મળ્યાં છે. વ્રત, અનુષ્ઠાન વ.માં તેના મંત્રો વધુ પ્રચલિત છે. મંગળના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૪૯], અગ્નિપુરાણ[૫૦], મત્સ્યપુરાણ[૫૧], રૂપમંડન[૫૨], વિષ્ણુધર્મોત્તર[૫૩] અને શ્રીતત્ત્વનિધિમાં[૫૪] વિધાનો મળે છે. આ બધાં વિધાનો પ્રમાણે ચાર હાથ, તે પૈકી બેમાં વરદ, શક્તિ, બાકીનામાં શૂલ અગર ગદા અગર દંડ અને કમંડલ, રક્ત વર્ણ, પાસે મેષ હોય છે. વિષ્ણુધર્મોત્તર આઠ ઘોડા જોડેલા સોનાના રથમાં બેઠેલા અને શ્રીતત્ત્વનિધિકાર આઠ બકરા જોડેલા રથમાં બેઠેલા જણાવે છે.

૪૮. શિવપુરાણ, રુદ્રસંહિતા, પાર્વતીખંડ, અ. ૧૦.
૪૯. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૮૨૧-૨૭.
૫૦. અગ્નિપુરાણ, અ. ૫૧, તથા રૂપાવતાર, અ. ૪, ૪૯-૫૦.
૫૧. મત્સ્યપુરાણ, અ. ૯૪-૩.
૫૨. રૂપમંડન, અ. ૨, ૨૦-૨૨.
૫૩. વિષ્ણુધર્મોત્તર, અ. ૬૯.
૫૪. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૨૧.

મંગળની કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળતી નથી પણ નવગ્રહમંડળમાંથી જે મૂર્તિઓ મળી આવી છે તે બધામાં રૂપમંડનના વિધાન પ્રમાણે બે હાથમાં દંડ અને કમંડલ ધારણ કરેલા ઊભા મંગળને જણાવ્યા છે. આ સિવાય ચાર હાથ ધરાવતી પ્રતિમાઓ મળી નથી.

બુધ

તે સોમનો પુત્ર મનાય છે. તેનો જન્મ ચંદ્ર અને રોહિણીથી થયો હોઈ રૌહિણેય પણ કહેવાય છે. પુરાણકારો તેને સૌમ્ય તરીકે પણ સંબોધે છે. તેની પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી નથી. જોકે તેનાં વિધાનો અભિલષિતાર્થ ચિન્તામણિ આદિ મંગળમાં જણાવેલા સર્વ ગ્રંથોમાં વિગતવાર આપેલાં છે[૫૫]. મંગળની માફક આની પણ મૂર્તિઓ મળી નથી પણ નવગ્રહના મંડળોમાંથી કેટલીક પ્રતિમાઓ મળી છે તેમાં બુધ ઊભા કે બેઠા, બે હાથ, માથે કિરીટમુકુટ, કાનમાં કુંડલો, બે હાથ પૈકી એકમાં વરદ અને બીજામાં ગદા કે કમંડલ ખાસ કરીને હોય છે. જ્યારે વિધાનકારો તો મંગળ જેવા રથવાળા કે સિંહારૂઢ હોવાનું વધુમાં જણાવે છે અને આયુધોમાં ખડ્ગ, શૂલ, ગદા, વરદ વ. જણાવે છે જે પ્રાપ્ત પ્રતિમાઓના આયુધોથી કાંઈક અંશે ભિન્ન છે.

બૃહસ્પતિ

તેઓ દેવોના પુરોહિત અથવા ગુરુ હોવાથી તેમને કેવળ ગુરુથી ઓળખવામાં આવે છે. તેઓ અંગિરાના આઠ પુત્રો પૈકીના જ્યેષ્ઠ પુત્ર હતા. તેમની માતા સુરૂપા દધીચીઋષિની પુત્રી હતી અને તેઓએ બન્ને મન્વંતરોમાં એક જ પિતાને ત્યાં જન્મ લીધો હતો એમ પુરાણો જણાવે છે. તેમને ઇન્દ્રે ગુરુપદ આપ્યું હતું અને તેમને શુભા અને તારા નામની બે સ્ત્રીઓ હતી. તેમને અનેક પુત્ર-પુત્રીઓ હતી. કચ પણ તેમનો પુત્ર હતો. તેમના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ, શ્રીતત્ત્વનિધિ, રૂપાવતાર, શિલ્પરત્ન, અગ્નિપુરાણ, રૂપમંડન, વિષ્ણુ-

૫૫. વિશેષ માટે જુઓ મંગળમાં જણાવેલા ગ્રંથોની નોંધો.

ધર્મોત્તર, હેમાદ્રી અને મત્સ્યપુરાણમાંથી હકીકતો મળે છે[૫૬]. અને તે પ્રમાણે બે અથવા ચાર હાથ તેમાં અક્ષમાલા, કમંડલ, વરદ અને દંડ, પીત વર્ણ, હંસારૂઢ વ. હોય છે. પરંતુ તેમની સ્વતંત્ર પ્રતિમાઓ મળતી નથી. ગ્રહમંડળોમાં મળી આવતી પ્રતિમાઓમાં તેમને હાથમાં માલા તથા કમંડલ પકડેલાં હોવાનું માલૂમ પડે છે.

શુક્ર

વારુણીભૃગુના પુત્રોમાંથી થયેલા સાત પુત્રો પૈકીના તે એક પુત્ર મનાય છે. તેઓ અસુરોના ગુરુ મનાતા હતા. પુરંદરે તેને જયંતિ નામની પુત્રી પરણાવી હતી તેનાથી તેમને દેવયાની થઈ. તેમને માટે અનેક આખ્યાયિકાઓ પુરાણોમાં આપેલી છે. ગુરુની માફક તેમના રૂપવિધાન માટેની હકીકતો તે જ ગ્રંથોમાંથી[૫૭] મળે છે એટલે પુનરુક્તિ કરી નથી. તે વિધાનો પ્રમાણે શ્વેત વર્ણ, ચાર હાથ, તેમાં વરદ, અક્ષમાલા, કમલ અને દંડ ધારણ કરેલાં, વાહન તરીકે દેડકો હોય છે. હેમાદ્રિકાર બે હાથમાં દ્રવ્યની થેલી અને પુસ્તક જણાવે છે. શુક્રની નાની મોટી કેટલીક ઊભી મૂર્તિઓ નવગ્રહોના મંડળમાંથી મળે છે તેમાં શુક્ર કુબેરજેવા, અલંકારોથી યુક્ત, હાથમાં કમંડલ અને વરદ અગર માલા હોય છે.. આ સિવાય શુક્રની વિશિષ્ટ લક્ષણોયુક્ત કોઈ પ્રતિમા મળી નથી.

શનિ

વિવસ્વાન્ આદિત્યના બે પુત્રો પૈકી તે નાનો પુત્ર ગણાય છે. તેના પિતાના નામ ઉપરથી તેને પણ વૈવસ્વત્ કહેવામાં આવે છે. દક્ષિણ ભારતમાંથી તેની પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે પણ ગુજરાતમાંથી એક પણ પ્રતિમા મળી આવી નથી. શનિના મૂર્તિવિધાન માટે પણ અભિલષિતાર્થ ચિન્તામણિ આદિ મૂર્તિવિધાનના ઉપરોક્ત ગ્રંથોમાંથી વિધાનો મળે છે અને તે પ્રમાણે તેનો રંગ લીલો, ગીધ ઉપર બેઠેલો,

૫૬. વિશેષ હકીકતો માટે જુઓ મંગળમાં જણાવેલા ગ્રંથોની નોંધો.
૫૭. પાદનોંધ ૪૮ થી ૫૪ પ્રમાણે.

ચાર હાથ તેમાં વરદ, બાણ, ધનુષ અને શૂલ ધારણ કરેલાં[૫૮], ગળામાં નાની નાની ઘંટાઓની માળા[૫૯] હોય છે. રૂપમંડનકાર તેને પાડા ઉપર બેઠેલા, બે હાથ અને તેમાં દંડ તથા કમળ હોવાનું જણાવે છે[૬૦]. અંશુમદ્ભેદાગમમાં તે પદ્મ ઉપર બેઠા હોવાનું સૂચન છે[૬૧], જ્યારે શ્રીતત્ત્વનિધિકાર આઠ ગીધ જોડેલા રથમાં બેઠેલા જણાવી તેના ચારે હાથમાં બાણ, તલવાર, ધનુષ, અભય, વ. હોવાનું જણાવે છે[૬૨]. શનિની દંડ–કમલવાળી પ્રતિમાઓ નવગ્રહમંડળમાંથી જ મળી છે તે સિવાય તેમની કોઈ પ્રતિમા મળી આવી નથી.

રાહુ

કશ્યપ ઋષિનો તે પુત્ર હોઈ તેની માતાનું નામ સિંહિકા હતું. તેણે અસુર હોવા છતાં દેવમંડળમાં બેસી પ્રપંચથી અમૃતપાન કર્યું હતું અને વિષ્ણુના અનુગ્રહથી દેવપણું પામ્યો છે. તે કેટલીક વખત સૂર્ય ચંદ્રની આડે આવી ગ્રહણમાં દુઃખ આપતો હોવાનું પુરાણકારોએ નોંધ્યું છે. તે પણ એક ક્રુર ગ્રહ હોઈ, તેનું ફલવર્ણન શનિના જેવું જ મનાય છે. રાહુની પણ પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી નથી પણ તેનાં વિધાનો માટે અભિલષિતાર્થ ચિન્તામણિ આદિ ઉપરોક્ત ગ્રંથમાં વર્ણનો છે. તે પ્રમાણે ભયંકર મુખવાળા, સિંહાસન ઉપર બેઠેલા, ચાર હાથ તેમાં વરદ, ખડ્ગ, ઢાલ તથા શૂલ હોય છે[૬૩]. અગ્નિપુરાણ તેને અર્ધચંદ્ર જેવા[૬૪], રૂપમંડનકાર અર્ધા શરીરવાળા, કાળા વર્ણના અને કુંડામાં

૫૮. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩-૧-૮૩૨.
૫૯. અગ્નિપુરાણ, અ. ૫૧.
૬૦. રૂપમંડન, અ. ૨, શ્લો. ૨૩.
૬૧. અંશુમદ્ ભેદાગમ, પટલ. ૪૮.
૬૨. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૨૧.
૬૩. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૮૩૨.
૬૪. અગ્નિપુરાણ, અ. ૫૧.

બેઠેલા જણાવે છે[૬૫]. વિષ્ણુધર્મોત્તર પુરાણ પ્રમાણે તે આઠ ઘોડા જોડેલા ચાંદીના રથમાં બેઠેલા, હાથમાં કંબલ તથા પુસ્તક ધારણ કરેલા[૬૬] જ્યારે શ્રીતત્ત્વનિધિ પ્રમાણે સિંહ જોડેલા રથમાં બેઠેલા હોય છે. મોઢું ભયંકર અથવા વાઘનું હોય છે. વસ્ત્રો કાળાં અને ગોમેદના અલંકારો હોય છે[૬૭].

નવગ્રહમંડળમાં ફક્ત રાહુનું માથું જ કોતરેલું હોય છે. અને તેથી આયુધો વ. જણાતાં નથી. ગુજરાતમાંથી તેની કોઈ પ્રતિમા મળી નથી પણ ગુજરાતની સરહદે આવેલા વાંસવાડામાંથી રાહુની એક પ્રતિમા મળી છે જેમાં તે અગ્નિકુંડમાં બેઠેલા, અર્ધ શરીરવાળા, બે હાથ વ્યક્ત કરેલા છે. હાથ ખંડિત હોવાથી આયુધો જાણી શકાતાં નથી. હાલ આ પ્રતિમા અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં છે.

કેતુ

દનુપુત્રો દાનવો કહેવાયા. કેતુ પણ કશ્યપની સ્ત્રીના સો પુત્રોમાંનો એક હતો. છળકપટથી દેવમંડળમાં અમૃત પીતા રાહુનો વિષ્ણુએ ચક્રથી વધ કર્યો આથી માથાનો ભાગ તે રાહુ અને ધડનો ભાગ કેતુ કહેવાયો. રાહુ અને કેતુ ગ્રહો તરીકે માનવામાં આવતા હોવા છતાં તેની કાંઈ પણ ખાસ વિશિષ્ટતાઓ જણાતી નથી. જ્યોતિષ પ્રમાણે તેનું ફલાદેશ અનિષ્ટકારક મનાય છે. તેની પણ કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળી આવી નથી. તેના રૂપવિધાન માટેનાં વર્ણનો ઉપરોક્ત અભિલષિતાર્થ ચિન્તામણિ આદિ ગ્રંથોમાંથી મળે છે અને તે પ્રમાણે તેનો વર્ણ ધૂમ્ર, બે હાથે કરપૂટ કરેલો અને પેટ નીચેનો ભાગ સર્પપુચ્છ જેવો હોય છે[૬૮]. શ્રીતત્ત્વનિધિ પ્રમાણે તે કબૂતર જોડેલા રથમાં બેઠેલા હોય છે[૬૯].

૬૫. રૂપમંડન, અ. ૨, શ્લોક. ૨૧-૨૩.

૬૬. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. વિ.

૬૭. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૨૧.

૬૮. રૂપમંડન, અ. ૪, શ્લો. ૨૧-૨૩; મત્સ્યપુરાણ, અ. ૯૪-૮.

૬૯. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૨૧.

જ્યારે વિષ્ણુધર્મોત્તરકાર દસ ઘોડાનો રથ જણાવે છે[૭૦].

નવગ્રહના મંડળોમાં સર્પાકૃતિ કેતુનું માથા વિનાનું ધડ કેટલીક વખત જોવામાં આવે છે. કેતુની મૂર્તિઓ ગુજરાતમાંથી તો મળતી નથી પણ અજમેરના રાજપૂતાના મ્યૂઝિયમમાં એક પ્રતિમા છે તેમાં તેનું ધડ જણાવેલું હોઈ, બે હાથ ખંડિત છે.

નવગ્રહ પટ્ટો

નવગ્રહનાં ગ્રંથાંતરોમાંથી મળતાં વિધાનો તપાસતાં એટલું તો સમજી શકાય છે કે સૂર્યાદિ પ્રત્યેક ગ્રહને બે કે ચાર હાથ હોય છે અને તે પ્રમાણે જુદાં જુદાં આયુધો પણ રજૂ કર્યાં છે. અને વાહનો પણ બતાવ્યાં છે પણ સૂર્ય સિવાય બીજા કોઈ પણ ગ્રહની વિધાનોક્ત પ્રતિમાઓ જોવામાં આવતી નથી. નવગ્રહના સમૂહપટ્ટામાં પણ આવા પ્રકારની મૂર્તિઓ મળી નથી. આવા પટ્ટો ગુજરાત સૌરાષ્ટ્રમાંથી સંખ્યાબંધ મળે છે.

આવા નવગ્રહ પટ્ટો વડનગરના શીતલા માતાના મુખ્ય દ્વાર ઉપર, હાટકેશ્વરમહાદેવમાં પ્રવેશદ્વારની જમણી બાજુની દેવકુલિકાના શિરોભાગે, મોઢેરાના સૂર્યમંદિરમાં, પાટણના હરિહરેશ્વર મહાદેવમાં, મંડેરના પ્રાચીન મંદિરો પૈકી દક્ષિણ બાજુના મંદિરના માંદોલિયામાં, આરાસુરમાં અંબાજી-માતાના મંદિરમાં, સૌરાષ્ટ્રમાં ત્રિવેણી પાસે સૂર્યમંદિરના દ્વાર ઉપર, થાનના મુખ્ય મંદિરમાં સિંહદ્વારના શિરોભાગે, સૂત્રપાડાના સૂર્યમંદિરની દક્ષિણ બાજુની ભીંતમાં, વઢવાણની માધાવાવમાં, મીયાણી, ભાગાવદર વાંઝોડનાં મંદિરોમાં દ્વાર ઉપરના માંદોલિયામાં અને જૂનાગઢના સૂર્ય-તોરણમાંથી મળી આવ્યાં છે. આ બધા પટ્ટોમાં સૂર્યના હાથમાં કમળ, ચંદ્રના બે હાથમાં પણ પદ્મ અને બાકીના બીજા ગ્રહોના હાથમાં મોટે ભાગે માલા તથા કમંડલ મૂકેલાં હોય છે. જોકે કેટલાકમાં સામાન્ય ફેરફાર છે.

૭૦. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૬૮-૬૯.

જૈનસપ્રદાયમાં ગ્રહો

હિન્દુ વેદધર્મની માફક જૈનધર્મમાં પણ ગ્રહોની માન્યતા સ્વીકારાઈ હોવાનું જણાય છે. આ બધા દેવો ગૌણદેવો મનાય છે. આ બધા ગ્રહો જુદા જુદા કે એક જ પટ્ટામાં બનાવવાની પરંપરા જૈનમંદિરોમાં પ્રચલિત હોવાનું માલૂમ પડયું છે. જૈનોના સાંપ્રદાયિક ગ્રંથોમાં ગ્રહોને પ્રત્યેક દિશાના અધિનાયકો તરીકે જણાવ્યા છે. ગ્રહોના વિધાન માટે જૈન અને હિન્દુ મૂર્તિશાસ્ત્રોમાં ખાસ તફાવત નથી છતાં જે સામાન્ય ફેરફારો છે તેની ચર્ચા અત્રે કરી છે.

સૂર્યનું વર્ણન હિંદુ વૈદિકધર્મ પ્રમાણે જ મળે છે. વિશેષમાં તેની સ્ત્રીનું નામ રત્નાદેવી આ સંપ્રદાયમાં વિશેષ સ્થાન પામ્યું છે[૭૧]. સૂર્ય પૂર્વમાંથી ઊગતો હોવાથી તે પૂર્વ દિશાનો અધિપતિ છે. દિગંબરો તેનું ફક્ત સાદું સ્વરૂપ જ કલ્પે છે[૭૨]. આ જ પ્રમાણે ચંદ્ર માટે દશ ઘોડાવાળો રથ સૂચવી હિન્દુધર્મ પ્રમાણેનું વર્ણન આપ્યું છે. નિર્વાણ-કલિકા નામના ગ્રંથમાં તો શિલ્પરત્નના શ્લોકો નવગ્રહના વિધાન માટે અક્ષરશઃ ઉપાડયા છે. ચંદ્રની વિશિષ્ટતામાં તે વાયવ્ય દિશાનો અધિપતિ હોઈ, હાથમાં અમૃત કુંભ હોવાનું આચાર દિનકરમાં સૂચવ્યું છે. મંગળ માટે બે પ્રકારનાં વર્ણનો મળે છે. આચાર દિનકરે તેના હાથમાં કુહાડો હોવાનું જણાવી, તેને ઈશાન દિશાનો અધિપતિ ગણાવ્યો છે. જ્યારે નિર્વાણકલિકાકાર શિલ્પરત્ન પ્રમાણે વરદ, શક્તિ, શૂલ અને ગદા હોવાની નોંધ રજૂ કરે છે. બુધ માટે પણ મંગળની માફક બે વિધાનો આપ્યાં છે. પહેલામાં તેને હંસારૂઢ તેમજ પુસ્તક ધારણ કરેલો હોવાનું જણાવી, ચંદ્રપુત્ર અને ઉત્તર દિશાનો અધિપતિ આચાર દિનકરકારે જણાવ્યાં છે. જ્યારે બીજામાં હિન્દુ મૂર્તિવિજ્ઞાનને અનુરૂપ વર્ણન છે. દિગંબરો તેના હાથમાં ફક્ત પુસ્તક હોવાનું જણાવે છે. ગુરુનાં પણ બે વિધાનો મળે છે. તે પૈકી

૭૧. આચાર દિનકર પૂજાવિધિમાં સૂર્યમંત્ર.

૭૨. જુઓ પ્રતિષ્ઠા સારોદ્ધાર.

એકમાં બુધ પ્રમાણે હંસારૂઢ અને હાથમાં પુસ્તક અને ઈશાન દિશાનો અધિપતિ આચાર દિનકરકારે જણાવ્યો છે. જ્યારે બીજું શિલ્પરત્ન પ્રમાણેનું વર્ણન નિર્વાણકલિકાકારનું છે. શુક્ર માટે આચાર દિનકરમાં સર્પવાહન અને કુંભ હાથમાં જણાવી, અગ્નિ દિશાના સ્વામી તરીકે ઓળખાવ્યો છે. દિગંબરો તેને ચાર હાથ કલ્પતાં તેમાં અનુક્રમે પાશ, સર્પ, ઢાલ અને સૂત્ર હોવાનું તેમના ગ્રંથપ્રતિષ્ઠા સારોદ્ધારમાં જણાવે છે. શનિના વિધાનમાં તેનું વાહન કૂર્મ અને હાથમાં પરશુ હોવાનું કલ્પી, તેને પશ્ચિમ દિશાનો અધિપતિ કહ્યો છે. દિગંબરો વધુમાં તેના હાથમાં સૂત્ર આપે છે. શનિ પ્રમાણે રાહુને પણ પરશુ, ઉપરાંત સિંહવાહન અને નૈઋત્ય વિદિશાનો અધિપતિ કહ્યો છે. દિગંબરો વધુમાં ધ્વજનું ચિહ્ન તેને માટે રજૂ કરે છે. આ સંપ્રદાયમાં કેતુ તો સર્પદેવતા તરીકે મનાય છે. અને તેનું વાહન સર્પ અને હાથમાં પણ સર્પ હોય છે. ટૂંકમાં આગળ જણાવ્યું તેમ જૈન સંપ્રદાયમાં ગ્રહોનું મૂર્તિવિધાન હિન્દુ મૂર્તિવિધાનને લગભગ મળતું છે. જૈનમંદિરોમાં કેટલીક વખત મૂર્તિ નીચેના પબાસનમાં અગર પાદપીઠમાંથી નવે ગ્રહ કોતરેલા મળે છે. આ સિવાય મંદિરોનાં શિલ્પો અને દ્વાર ઉપરના માંદોલિયામાંથી પણ નવગ્રહો કોતરેલા મળી આવે છે. પણ સ્વતંત્ર પ્રતિમાઓ મારા જોવામાં આવી નથી.

પ્રકરણ ૧૫ મું

દિક્પાલો

વૈદિક સાહિત્યમાં દિક્પાલોનું સ્થાન મહત્ત્વનું છે. સનાતન સત્યના નિયમે પૂર્વાદિ ચાર દિશાઓ અને ચારવિદિશાઓ મળી કુલ આઠેના અધિપતિ દેવોની કલ્પના હિન્દુ શાસ્ત્રકારોએ સર્જી છે. તેઓ પોતપોતાની દિશાનું રક્ષણ કરતા હોવાના કારણે, દિશાઓનાં પૂજન, અર્ચન, બલિદાન વ. માં તેઓનું પૂજન મુખ્યતઃ કરવામાં આવે છે. પૂર્વથી આરંભી ઈશાન પર્યંત આઠે દિશાઓના અનુક્રમે ઇન્દ્ર, અગ્નિ, યમ, નિઋતી, વરુણ, વાયુ, કુબેર અને ઈશાન તેના દેવો છે. આ પૈકી ઇન્દ્ર, અગ્નિ, યમ, વરુણ, વાયુ અને ઈશાન વ. વૈદિક દેવતાઓ હોઈ, વેદમાંથી તેમના માટે અનેક સૂક્તો અને ઋચાઓ મળી આવે છે. બાકીનાં કુબેર અને નિઋતીને દેવો તરીકે કલ્પ્યા છતાં, તેનાં વર્ણનો યક્ષ રાક્ષસ જેવાં નોંધાયાં છે. હિન્દુ ધર્મના પ્રત્યેક શુભાશુભ કાર્યોમાં દિગ્રક્ષણ દરેક કાર્યની શરૂઆતમાં ખાસ કરવાનું સૂચવ્યું છે. મંત્ર તેમજ બીજા પટ્ટોમાં અને કેટલીક વિધિક્રિયાઓમાં દિક્પાલોની સંખ્યા આઠને બદલે દસ જણાવી આકાશ અને દસમી પૃથ્વી જેના બ્રહ્મા અને અનંત દેવો છે તેને ગણવામાં આવે છે. જૈન ધર્મમાં પણ હિન્દુ ધર્મના ધોરણે દિક્પાલોની સંખ્યા અને કલ્પના સ્વીકારાઈ છે.

ઇન્દ્ર

ઇન્દ્ર ઋગ્વેદના મુખ્ય દેવોમાંનો એક છે. તે વજ્રપાણિ છે અને જગતનો પાલક છે. ઇન્દ્રની શક્તિઓ, ગુણો અને યશ ગાતાં કેટલાં યે સૂક્તો ઋગ્વેદમાંથી મળી આવે છે. તે એક બાહોશ, લડાયક વીર યોદ્ધો છે.

અને દસ્યુઓ સાથેના યુદ્ધમા સ્વયં યુદ્ધદેવ બની ઘૂમે છે[1]. શતપથ બ્રાહ્મણમાં ઇન્દ્ર, અગ્નિ અને સૂર્યનું રૂપવર્ણન કરતાં ત્રિમૂર્તિની કલ્પના રજૂ કરી છે. પાછળથી પૌરાણિક કાળમાં વૈદિક દેવોનું જે પરિવર્તન થયું તેમાં ઇન્દ્રમાંથી બ્રહ્મા, અગ્નિથી રુદ્ર અને સૂર્યથી વિષ્ણુની કલ્પના ઊતરી આવી. પુરાણોમાં જણાવ્યા પ્રમાણે ઇન્દ્રનું મહત્ત્વ ઘણું જ હતું. કૃષ્ણે માનમર્દન કર્યું હતું અર્થાત્ જે ઇન્દ્રમહોત્સવ થતો હતો તે કૃષ્ણે બંધ કર્યો હતો. આથી ગુસ્સે થઈ ઇન્દ્રે પર્જન્યને ગોકુળ ઉપર મોકલ્યા. પણ કૃષ્ણે ગોવર્ધન પર્વત પોતાના હાથ ઉપર ધારણ કરી, લોકો અને પશુઓની રક્ષા કરી ઇન્દ્રનું માન ઉતારી નાખ્યું હતું[2]. ઋગ્વેદમાં તેના માટે જણાવ્યું છે કે વેગવાન કૃષ્ણ દસ હજાર યોદ્ધા સાથે અંશુમતી(યમુના)ના કિનારા ઉપર રહેતો હતો.[3] ઇન્દ્રે પોતાની શક્તિ વડે મોટી ગર્જના કરતા, આ વીર પુરુષની સેના વિષે જાણી લઈ, તેનો નાશ કર્યો હતો. આમ આ પૌરાણિક ગોવર્ધન ધારણની કથા વેદ ઉપરથી જ ઊતરી આવી છે. ઇન્દ્રપૂજા કૃષ્ણે બંધ કરી હતી છતાં ભારતમાં તે દસમા સૈકા સુધી પ્રચલિત હતી તેવાં પ્રમાણો મળે છે. પારસ્કર ગૃહ્યસૂત્રમાં[4] કૃષિવલો ઇન્દ્ર મહોત્સવ ભાદ્રપદ માસમાં ઊજવતા હોવાનું જણાવ્યું છે. સાતમા આઠમાં સૈકામા રચાયેલા પ્રાકૃતગ્રંથ વસુદેવ હિંડીમાં પણ તેની નોંધ છે[5]. ગુજરાતમાં તો મધ્યકાળ

---

૧. વિગતો માટે જુઓ :
Keith, The Religion and Philosophy of the Veda Vol. I. P. 133.
ઋગ્વેદ, ૮-૩૭-૩; ૮-૩૬-૪; ૪; ૮-૭૬-૫.

૨. શ્રીમદ્ભાગવત, દશમ સ્કંધ, પૂર્વાર્ધ, અ. ૨૫.

૩. ઋગ્વેદ, ૮-૯૬-૧૩.

૪. પારસ્કર ગૃહ્યસૂત્ર, કાંડ ૨, કંડિકા ૧૫.

૫. ડૉ. ભોગીલાલ સાંડેસરા, વસુદેવ હિંડી, પા. ૨૮૭.

સુધી આ મહોત્સવ ઉજવાતો હતો એમ દ્વયાશ્રય મહાકાવ્યકાર કહે છે[૬].

પુરાણોમાં ઇન્દ્ર માટે કેટલાં યે કથાનકો નોંધાયાં છે. દેવોમાં તે મુખ્ય હોઈ તેમનો સેનાપતિ અને રાજા છે. બ્રહ્માના એક દિવસમાં સ્વર્ગમાં ચૌદ ઇન્દ્ર થાય છે. આમાં દરેક મન્વન્તરે ઇન્દ્ર બદલાય છે. તેને જયંત, ઐન્દ્રી અને માલિ નામના ત્રણ પુત્રો તેમજ દેવસેના નામની કન્યા હોવાનું પુરાણો કહે છે. તે સ્વર્ગનો રાજા, વાયુ, આકાશ, વૃષ્ટિ, વિદ્યુત્ વ.નો અધિપતિ, પૂર્વ દિશાનો સ્વામી, બાર આદિત્ય તથા આઠ મુખ્ય મરુત્માંનો તે એક છે. તેના સારથિનું નામ માતલિ છે. તેણે અસુરો સાથે અનેક યુદ્ધો કર્યાં છે અને તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી સારી એવી મદદ પામ્યો છે. તેને પોતાના સ્થાનની હમેશાં ચિન્તા રહે છે. આથી જ તે માટે સાવધ રહી તે સ્થાન પ્રાપ્ત કરતા માનવોનો તપોભંગ કરે છે.

જૈન સંપ્રદાયમાં પણ દિક્પાલોને સ્થાન હોઈ, જૈનમંદિરોમાં બહારની બાજુ ફરતાં દિક્પાલોનાં મૂર્તિશિલ્પો મૂકેલાં જોવામાં આવે છે. જૈનોના નિર્વાણકલિકા, આચાર દિનકર અને પ્રતિષ્ઠા સારોદ્ધારમાં દિક્પાલોનાં વર્ણન આપ્યાં હોઈ, તે બધાં હિંદુ મૂર્તિવિજ્ઞાનને અક્ષરશઃ મળતાં આવે છે. ઇન્દ્રનું વર્ણન પણ ઉપર જણાવ્યા પ્રમાણેનું લગભગ છે એટલે એની પુનરુક્તિ અસ્થાને છે.

ઇન્દ્રના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૭] અને અગ્નિપુરાણકાર[૮] જણાવે છે કે તેને માથે કિરીટમુકુટ, શરીરે અન્ય આભૂષણો, બે હાથ પૈકી એકમાં વજ્ર અને ડાબામાં કમળ, બે બાજુ છત્રચામર ઢાળતી દેવીઓ, ઊભા અગર ઐરાવત્ ઉપર બેઠેલા કે સિંહાસનારૂઢ, આજુબાજુ ગંધર્વો, ડાબી બાજુ કમળ ધારણ

૬. દ્વયાશ્રય મહાકાવ્ય, સર્ગ ૩, શ્લો. ૮.

૭. અભિલષિતાર્થ ચિન્તામણિ, ૩-૧-૭૭૨-૭૭૫.

૮. અગ્નિપુરાણ, અ. ૫૨-૧૪.

કરેલી ઇન્દ્રાણી હોય છે, જે તેનું મુખ જોતી હોય છે. અંશુમદ્ બેદાગમ[૯], તથા મત્સ્યપુરાણ પાસે ઐરાવત, બે હાથમાં શક્તિ તથા અંકુશ હોવાનું જણાવે છે. બૃહત્સંહિતાકાર[૧૦] તેને ત્રણ નેત્ર અને તેના હાથીને ચાર સૂંઢ હોવાનું અને હાથમાં વજ્ર હોવાનું જણાવે છે. રૂપાવતાર, રૂપમંડન અને શ્રી તત્ત્વનિધિમાં તેને ચાર હાથ, તેમાં વરદ, વજ્ર, અંકુશ અને કમંડલ હોવાનું સૂચવી, સહસ્ર નેત્રવાળા અને ગજારૂઢ જણાવ્યા છે[૧૧]. વિષ્ણુધર્મોત્તર તેને ચાર સૂંઢવાળો હાથી, શ્વેત વર્ણ, વામઉત્સંગમાં શચી, ચાર હાથ, તેમાં પદ્મ, અંકુશ, વજ્ર અને એક હાથ ઇન્દ્રાણીના ખભા ઉપર, શચીનો પણ એક હાથ ઇન્દ્રના સ્કંધ ઉપર અને બીજામાં સંતાન મંજરી હોવાનું સૂચવે છે[૧૨]. શિલ્પરત્નમાં બે પ્રકારો બતાવ્યા છે તે પૈકી પહેલામાં ગજારૂઢ અને સોનાનું દાન કરતા અને બીજામાં દેવો પગ પાસે અને અમૃતજળથી સ્નાન કરતા હોવાનું જણાવ્યું છે[૧૩]. સુપ્રભેદાગમમાં તેને બે હાથ તેમાં વજ્ર અને અંકુશ મૂકવાનું જણાવ્યું છે[૧૪].

આવાં વર્ણનોવાળી ઇન્દ્રની સ્વતંત્ર પ્રતિમાઓ ગણી ગાંઠી જ મળે છે. પરંતુ મંદિરની શૃંગાર મૂર્તિઓમાંથી તેમની ઊભી કે બેઠી કેટલીક પ્રતિમાઓ મળી આવી છે. વાયુદેવ સિવાય ગુજરાતમાંથી કોઈ પણ દિક્પાલનાં સ્વતંત્ર મંદિરો મળી આવ્યાં નથી. એટલે ઇન્દ્રની સેવ્ય પ્રતિમાઓ તો ક્વચિત્ જ મળે તે વાસ્તવિક છે.

વડનગરમાં હાટકેશ્વર મહાદેવની ફરતી જંઘામાં, ઇન્દ્રની એક સુંદર

૯. અંશુમદ્ બેદાગમ, પટલ, ૪૬-૬૨; મત્સ્યપુરાણ, અ. ૨૬૦, શ્લોક ૬૯-૭૦.

૧૦. બૃહત્સંહિતા, અ. ૫૮-૪૦.

૧૧. રૂપમંડન, અ. ૨-૩૧; રૂપાવતાર, અ. ૪-૫૬; શ્રીતત્ત્વનિધિ, પા. ૧૦૫.

૧૨. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૫૦, ૧-૪.

૧૩. શિલ્પરત્ન, અ. ૨૫-૧.

૧૪. સુપ્રભેદાગમ, પટલ. ૪૮.

પ્રતિમા દિક્પાલોની પ્રતિમાઓ સાથે છે. તેમાં ઇન્દ્રને ચાર હાથ, તેમાં માલા, શક્તિ, ગદા અને કમંડલ ધારણ કરેલાં હોઈ, માથે કિરીટમુકુટ, કાનમાં કુંડલ, પાસે વાહન તરીકે હાથીને વ્યક્ત કર્યો છે. આવી જ બીજી પ્રતિમા ડીસાના સિદ્ધાંબિકાના રૂપશૃંગારની કલાકૃતિઓમાંથી મળી છે. તેનું રૂપવિધાન પણ ઉપર જણાવેલી પ્રતિમાને અનુરૂપ હોઈ, નીચેના બેમાં માલા અને કમંડલ અને ઉપરના બેમાં અંકુશ અને વજ્ર બતાવ્યાં છે. કલાની દૃષ્ટિએ આ મૂર્તિનો ઉઠાવ સુંદર છે. આવી જ બીજી પ્રતિમાઓ સિદ્ધપુર તાલુકાના સુણક ગામના નીલકંઠેશ્વર મહાદેવના પ્રાસાદની બહાર કોતરેલી મૂર્તિઓમાં, તેમજ કાસરા તાલુકાના સારનેલ ગામ પાસેના મહી કાંઠે આવેલા પ્રાચીન મંદિરમાંથી મળી છે. આ મંદિર સાતમા આઠમા સૈકાનું મનાય છે[૧૫]. આજે તેનો કેટલોક ભાગ નાશ પામ્યો છે પણ શિલ્પસૌષ્ઠવ ઊંચા પ્રકારનું છે.

માઉન્ટ આબુ ઉપર વસિષ્ઠાશ્રમમાં ઇન્દ્રની એક ધાતુપ્રતિમા ત્યાંના મંદિરમાં છે. તેના શરીર ઉપર અસંખ્ય ઝીણીઝીણી આંખો બતાવી છે જે તેની અનન્યતા પુરવાર કરે છે. આ સિવાય દેલમાલ, મોઢેરા અને બીજા અનેક પ્રાચીન મંદિરોને ફરતી જંઘાઓમાંથી દિક્પાલ તરીકે મૂકેલી ઇન્દ્રની પ્રતિમાઓ મળે છે જે ઉપર પ્રમાણેનાં વર્ણનોવાળી છે. ઇન્દ્રના વિધાન સાથે ઇન્દ્રાણીનું પણ તેવું જ સ્વરૂપ આપેલું હોય છે પણ તેની કોઈ પ્રતિમા મળતી નથી. જૈનમંદિરોમાં પણ દિક્પાલો મૂકવામાં આવે છે એટલે આવી જ ઇન્દ્રની પ્રતિમાઓ ત્યાંથી પણ મળવા સંભવ છે.

અગ્નિ

વૈદિક દેવોમાં અગ્નિનું સ્થાન પણ મહત્ત્વનું છે. વેદમાં તેને માટે આશરે ૨૦૦ જેટલાં સૂક્તો રચાયાં છે. તે આકાશ અને અંતરીક્ષમાં પણ સૂર્ય અને ઉષા સ્વરૂપે તેમજ વાદળોમાં વિદ્યુત સ્વરૂપે દેખાય છે.

15. Archeological Survey of India, Part 2, 1864-5.

તે દેવો અને મનુષ્યો વચ્ચે મધ્યસ્થ હોઈ, મનુષ્યોએ આપેલા હવિને દેવતાઓને પહોંચાડવાનું દૂત કાર્ય કરે છે.[૧૬] પૌરાણિક દૃષ્ટિએ તે પંચમહાભૂતના તે જ નામક મહાભૂતનો તે મૂર્તિમંત દેવ ગણાય છે. તેની પત્ની સ્વાહા સ્વાયંભુવ મન્વંતરના બ્રહ્માના માનસપુત્ર દક્ષપ્રજાપતિની સોળ કન્યાઓ પૈકીની એક હતી. તેને અનેક પુત્ર-પુત્રીઓ અને પૌત્રો છે. કલ્પના પ્રારંભમાં બ્રહ્માએ તેને પૂર્વ અને દક્ષિણ દિશાની મધ્યમાં આવેલી વિદિશામાં સ્થાન આપી તેને તેનો અધિપતિ બનાવ્યો. આથી તે વિદિશાનું નામ પણ આગ્નેયી પડયું. આ સિવાય અનેક આખ્યાયિકાઓ જુદા જુદા પુરાણોમાં નોંધાયી છે. આધ્યાત્મિક રીતે તે શિવનું અપર સ્વરૂપ હોઈ, વાગ્દંડ, શ્વાદંડ, ધનદંડ અને વજ્રદંડ એ તેની ચાર દાઢો, લાંબી દાઢી તે દર્ભ અને તેના રથે જોડેલા ચાર પોપટો તે ચાર વેદ મનાય છે.

અગ્નિના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૧૭], પૂર્વકારણાગમ[૧૮], મત્સ્યપુરાણ[૧૯], રૂપાવતાર[૨૦], વિષ્ણુધર્મોત્તર[૨૧], શિલ્પરત્ન[૨૨], શ્રીતત્ત્વનિધિ[૨૩], સુપ્રભેદાગમ[૨૪], સંસ્કાર ભાસ્કર તથા ગાયત્રિ પુરશ્ચરણ પદ્ધતિમાં વિધાનો આપેલાં છે.

આ બધામાં જણાવ્યા પ્રમાણે અગ્નિનું સામાન્ય સ્વરૂપ ચાર હાથવાળું, બે મુખ, ત્રણ પગ, સાત જીભોવાળું હોય છે. અભિલષિતાર્થ ચિન્તા-

૧૬. ઋગ્વેદ, ૨-૧૨-૩; ૧૦-૭-૨; ૧૦-૭૦-૧૧.
૧૭. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧. ૭૭૬-૭૮૦
૧૮. પૂર્વકારણાગમ, પટલ. ૧૪
૧૯. મત્સ્યપુરાણ, અ. ૨૬૦, શ્લો. ૯ થી ૧૨
૨૦. રૂપાવતાર, અ. ૪-૬૦
૨૧. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૫૬, ૧-૩
૨૨. શિલ્પરત્ન, અ. ૨૫-૧
૨૩. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૦૫
૨૪. સુપ્રભેદાગમ, પટલ. ૪૧

મણિ અને મત્સ્યપુરાણમાં તેનો વર્ણ સોનેરી, લાંબી દાઢી, બે હાથ, તેમાં માળા અને કમંડળ, અને મેષારૂઢ હોય છે. રૂપાવતારકાર ચાર હાથ જણાવી તેમાં વરદ, શક્તિ, મૃણાલ અને કમંડલ હોવાનું જણાવે છે. વિષ્ણુધર્મોત્તરકાર તેને ચાર પોપટ જોડેલા રથમાં બેઠેલા, ચાર હાથ તે પૈકી જવાલા, ત્રિશૂલ, પત્નીના ખભા ઉપર અને અક્ષમાલા અને બાજુમાં જ તેની પત્ની સ્વાહા તેને પણ ચાર હાથ તે પૈકી એકમાં રત્નપાત્ર, અગ્નિના ખભા ઉપર, જવાલા અને ત્રિશૂલ હોવાનું જણાવે છે. શિલ્પરત્નમાં અગ્નિનારાયણ, સંવાદાગ્નિ, સમર્ધિ અને રક્ષોહા એમ ચાર પ્રકારો જણાવ્યા છે. અને આ ચારે પ્રકારનાં વિગતવાર વર્ણનો આપેલાં છે. શ્રીતત્ત્વનિધિમાં તેને સાત હાથ, ચાર શિંગ, સાત જીભ, બે મુખ, ત્રણ પગ, રક્ત વસ્ત્ર, મેષ જેવું મોઢું, જમણી બાજુ ખોળામાં સ્વાહા અને ડાબી બાજુ સ્વધા હોવાનું જણાવ્યું છે. સંસ્કારભાસ્કર પણ આવું જ વર્ણન આપે છે.

દિક્પાલોની પ્રતિમાઓ પૈકી અગ્નિની મૂર્તિઓ પણ પ્રાચીન મંદિરોની ફરતી જંઘાઓમાંથી જ મળે છે. સિદ્ધપુરમાં બાવાજીની વાડીમાં આવેલા શિવમંદિરની બહાર અગ્નિની એક નાની પ્રતિમા મૂકેલી છે. તેને ચાર હાથ વ્યક્ત કરતાં તેમાં અનુક્રમે વ, કમંડળ અને માળા છે જ્યારે ચોથો હાથ ખંડિત છે. વધુમાં મૂર્તિ પાસે તેનું વાહન મેષ પણ છે. ડીસાના સિદ્ધાંબિકાના મંદિરમાં બહાર અગ્નિખૂણામાં અગ્નિની એક મૂર્તિ મૂકેલી છે. તેને પણ ચાર હાથ જણાવ્યા હોઈ તેમાં સ્રુવ, આજ્યપાત્ર, માલા અને કમંડલ પકડેલાં બતાવી પાસે મેષ મૂકેલો છે. મણુંદના વિષ્ણુમંદિરની ફરતી જંઘામાં અગ્નિની મૂર્તિ છે. તેને ચારહાથ હોઈ તે પૈકી એકમાં શંખ છે જેથી તે અગ્નિની એક વિશિષ્ટ પ્રતિમા જણાય છે. મોઢેરામાંથી અગ્નિની એક સ્વતંત્ર પ્રતિમા મળી છે, જેને લોકો ભૈરવ તરીકે માનતા હોઈ તેના ઉપર ખૂબ તેલસિંદૂર ચડાવેલું છે. આ પ્રતિમાને બે મુખ, ત્રણ પગ અને ચાર હાથ છે. ગુજરાતભરમાંથી આ એક જ અગ્નિની સ્વતંત્ર મૂર્તિ મળી છે. પૂરણ-

-ચંદ નહારના સંગ્રહમાં અગ્નિની એક અદ્વિતીય પ્રતિમા હોવાનું જાણવા મળ્યું છે[૨૫] પણ તે ગુજરાતની પ્રતિમા નથી તેથી વર્ણન આપ્યું નથી. આ સિવાય સુણક, સંડેર અને કાસરા તાલુકાના સારનેલ ગામ પાસેના પ્રાચીન મંદિરની જંઘાઓમાંથી પણ દિક્પાલ સ્વરૂપે મૂકેલી અગ્નિની મૂર્તિઓ મળે છે. ગુજરાત સૌરાષ્ટ્રનાં બીજાં અનેક પ્રાચીન મંદિરોની જંઘાઓમાં અગ્નિની પ્રતિમાઓ મૂકેલી હોવાનું જણાયું છે પણ વિસ્તાર ભયે અત્રે તે બધાની યાદી આપી નથી. અગ્નિની એક સુંદર પ્રતિમા શ્રી. બાબુભાઈ એમ. મોદી-મુંબાઈના સંગ્રહમાંથી પણ મળી છે. શ્રીતત્ત્વનિધિના વર્ણન પ્રમાણેની એક પ્રતિમા દક્ષિણ ભારતના ચિદંબરમના ગોપુરમાંથી મળી છે.

જૈનધર્મશાસ્ત્રોમાં અગ્નિને ફક્ત બે હાથ હોવાનું જણાવ્યું છે. આચાર-દિનકરમાં આપેલા વર્ણન ઉપરથી જણાય છે કે શ્વેતાંબર સંપ્રદાય પ્રમાણે અગ્નિના બે હાથમાં શક્તિ તથા માલા અગર બાણ અને ધનુષ હોય છે. બાકી વાહન, વેષભૂષા વ. હિન્દુમૂર્તિ વિધાનને અનુરૂપ જ હોઈ બીજી વિશિષ્ટતા તેમાં કલ્પી નથી.

યમ

વેદમાં યમને ઉદ્દેશીને ત્રણ સૂક્તો રચાયાં છે. તે મૃતાત્માઓનો અગ્રણી દેવ છે. મૃત્યુલોકમાં પહેલવહેલા મરનારને પરલોકનો રસ્તો ખોળી આપનાર, પિતૃયાનનો માર્ગ સુઝાડનાર અને તેના ઉપર ચાલીને જનાર તે છે[૨૬]. પાછળથી તે યજમાન બની નવા આવનારનું સ્વાગત કરે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં યમને માણસોનો ન્યાય કરનાર તેમજ પાપીને સજા કરનાર તરીકે વર્ણવ્યા છે. તેના પિતાનું નામ વિવસ્વત્ અને બેનનું નામ યમી છે. યમયમીનો સંવાદ શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. તેની સ્ત્રીનું નામ ધૂમોર્ણા છે. તે દક્ષિણ દિશાનો અધિપતિ હોવાના કારણે

25. Archeological Survey of India, Part 2, 1864-65, P. 91
૨૬. ઋગ્વેદ ૧૦-૨-૬; ૧૦-૧૪-૧.

તે દિશા યામ્યા પણ કહેવાય છે. તેમના વિશે અનેક આખ્યાયિકાઓ જાણીતી છે. તેમની પાસે બે ભયંકર કૂતરા છે જેને ચાર ચાર આંખો હોઈ, યમમાર્ગનું સદાય રક્ષણ કરે છે. આમ તે ક્રૂર દેવ પણ મનાય છે અને પિતૃયાનનો તો મુખ્ય દેવ ગણાય છે.

જૈન સંપ્રદાયમાં પણ દિક્પાલોમાં તેનું સ્થાન છે. ત્યાં તે સૂર્યપુત્ર તરીકે ઓળખાય છે અને તેની પત્નીનું નામ છાયા છે. તેનું રૂપવિધાન હિન્દુ મૂર્તિવિધાન પ્રમાણે જ છે.

તેના રૂપવિધાન અંગે જણાવતાં અભિલષિતાર્થ ચિન્તામણિ-કાર નોંધે છે કે તેનો વર્ણ લીલો, બે હાથ તેમાં દંડ તથા પાશ, પ્રદિપ્ત અગ્નિ જેવાં નેત્રો, પાડા ઉપર બેઠેલા, બન્ને બાજુ મૃત્યુ તથા ચિત્રગુપ્ત ઊભા રહેલા હોય અને ધાર્મિક તથા પાપી માણસોથી સેવાતા હોય તેવી તેમની પ્રતિમા કલ્પવી. અગ્નિપુરાણ[૨૭] પણ તેવું જ વર્ણન આપે છે. અંશુમદ્ભેદાગમ[૨૮] પ્રમાણે વર્ણ કાળો અને બન્ને હાથમાં ખડગ અને ઢાલ અને ઉગ્ર દાઢોવાળા ભયંકર દેખાવના હોય છે. રૂપાવતાર અને રૂપમંડનમાં તેને ચાર હાથ તેમાં લેખિની, પુસ્તક, કુક્કુટ અને દંડ હોવાનું જણાવ્યું છે[૨૯]. મત્સ્યપુરાણ[૩૦] તો અભિલષિતાર્થ ચિન્તામણિ જેવું જ વર્ણન આપે છે. વિષ્ણુધર્મોત્તરમાં તેઓ પાડા ઉપર બેઠેલા, ડાબા ઉત્સંગમાં ધૂમોર્ણા નામનાં તેમનાં પત્ની બેઠેલાં, તેને બે હાથ જ્યારે યમરાજને ચાર હાથ, તેમાં દંડ, ખડગ, જ્વાલાયુક્ત ત્રિશૂલ અને માલા, ધૂમોર્ણાનો એક હાથ યમના ખભા ઉપર અને બીજામાં બિજોરું, જમણી બાજુ ચિત્રગુપ્ત, તેના બે હાથમાં લેખણ

૨૭. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૭૮૧-૮૩ તથા અગ્નિપુરાણ, અ. ૫૨, ૧૭

૨૮. અંશુમદ્ભેદાગમ, પટલ. ૪૦

૨૯. રૂપમંડન, અ. ૨, ૩૨; રૂપાવતાર, અ. ૪-૬૧.

૩૦. મત્સ્યપુરાણ, અ. ૨૬૦, ૧૨-૧૪

તથા પત્ર, ડાબી બાજુ કાલ, તેના હાથમાં પાશ ધારણ કરેલાં હોય છે[૩૧]. આ સિવાય લગભગ આવાં જ વર્ણનો સુપ્રભેદાગમ, શિલ્પરત્ન અને શ્રીતત્ત્વનિધિમાં પણ નોંધાયાં છે.

દિક્પાલોની સ્વતંત્ર પૂજા ક્વચિત્ જ થતી હોવાથી તેમનાં બીજા દેવોનાં જેવાં સ્વતંત્ર મંદિરો મળતાં નથી. પણ તેમની ઉપાસના કર્મ-કાંડના જુદા જુદા પ્રયોગોમાં થતી હોવાની જણાય છે. યમરાજનું પૂજન કેટલીક શ્રાદ્ધ પ્રક્રિયાઓમાં કરવાનું તેના પ્રયોગો કહે છે. કાર્તિક સુદ બીજ જે યમદ્વિતીયા કહેવાય છે, તે દિવસે યમરાજનું પૂજન કરવાનું વ્રતાર્ક વ. ગ્રંથોમાં નોંધાયું છે. પૂર્વકાળમાં યમરાજનાં મંદિરો હશે એમ માનવાનું કારણ છે; મુદ્રારાક્ષસમાં તે સંબંધી નોંધો છે.[૩૨] ગુજરાતમાં પણ તે પરંપરા ઊતરી હતી એમ દ્વયાશ્રય મહાકાવ્ય ઉપરથી જાણી શકાય છે.[૩૩]

યમરાજની દિક્પાલ તરીકેની નાની મોટી કેટલીક પ્રતિમાઓ મળી છે. સિદ્ધપુરમાં ગાવાડની વાડીમાં આવેલા શિવમંદિરની ભીંતમાં, ડીસાના સિદ્ધામ્બિકાના મંદિરની જંઘામાં તેમજ મણુંદ, સુણક, મંડેર વ. ગુજરાતના પ્રાચીન મંદિરોની શૃંગાર મૂર્તિઓમાંથી યમરાજની પ્રતિમાઓ મળી આવી છે. વડનગરના હાટકેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરની દક્ષિણ ભીંતમાં યમની એક મૂર્તિ મૂકેલી છે, તેને ચાર હાથ હોઈ, તેમાં ગદા, કુક્કુટ, લેખિની અને પુસ્તક ધારણ કરેલાં, પાસે વાહન તરીકે મહિષ, માથે કિરિટમુકુટ, શરીર ઉપર અલંકારો, પગ પાસે બે બાજુ ચિત્રગુપ્ત અને કાલ, તેના હાથમાં લેખણ તથા કાગળ હોવાનું જણાવ્યું છે. ગુજરાતની ઘણી ખરી યમની પ્રતિમાઓને ચાર હાથ જ હોય છે. બે હાથ ધરાવતી મૂર્તિ અજમેરના રાજપૂતાના

૩૧. વિષ્ણુધર્મોત્તરપુરાણ, ખં. ૩, અ. ૫૧, ૧-૬

૩૨. મુદ્રારાક્ષસ, ૧. ૧૬

૩૩. દ્વયાશ્રય મહાકાવ્ય, સર્ગ ૧૮-૩૦

મ્યૂઝિયમમાં છે. જેના એક હાથમાં મુખવાળો દંડ અને બીજામાં કૂકડો પકડેલો છે.

નૈર્ઋત્ય

નૈર્ઋત્યને દિક્પાલ ગણાવ્યો હોવા છતાં તેનું સ્વરૂપ રાક્ષસ જેવું ક્રૂર હોવાનું ગ્રંથાન્તરોમાંથી જાણવા મળે છે. વેદમાં પણ તે રાક્ષસ તરીકે નોંધાયો છે. મહાભારતમાં એક સ્થળે તે અગિયાર રુદ્રો પૈકીનો એક ગણાવાયો છે. તે દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેની વિદિશાનો સ્વામી મનાય છે. જૈનસંપ્રદાયમાં તેના સ્વરૂપ માટે થોડી વિશિષ્ટતા છે પણ મોટે ભાગે સ્વરૂપ હિન્દુ મૂર્તિશાસ્ત્ર પ્રમાણે છે. અભિલષિતાર્થ ચિન્તામણિ અને શિલ્પરત્નમાં તેને રાક્ષસેન્દ્ર તરીકે સંબોધી, મનુષ્ય ઉપર બેઠેલો, રાક્ષસોથી વિંટાયેલો, કાળા વર્ણનો, બે હાથ તેમાં ખડગ, અને ઢાલ ધારણ કરતો, લીલાં વસ્ત્રધારી જણાવ્યો છે.[34] અંશુમદ્‌ભેદાગમ અને પૂર્વકારણાગમ વર્ણભેદ સિવાય ઉપર પ્રમાણે જ વર્ણન આપે છે. રૂપાવતાર અને રૂપમંડનમાં[35] તેને ચાર હાથ, તેમાં ખડગ, ખેટક, કરવત અને વૈરીનું મસ્તક હોવાનું અને શ્વાન ઉપર બેઠેલો હોવાનું જણાવ્યું છે. સુપ્રભેદાગમમાં સિંહારૂઢ,[36] કાલિકાપુરાણ ખરારૂઢ[37] અને કાશ્યપીય શિલ્પમાં શબારૂઢ[38] હોવાનું જણાવ્યું છે. જૈનોના સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ સામાન્ય ફેરફારો સાથે આવું જ વર્ણન મળે છે.

ઇન્દ્ર અને યમની માફક નૈર્ઋતિની પ્રતિમાઓ મળી નથી. કેટલાંક પ્રાચીન મંદિરોની જંઘામાં તેની મૂર્તિઓ નૈર્ઋત્ય ખૂણા ઉપર મૂકેલી હોય છે. જેમાં તેને બે હાથ નર અગર ખરવાહન જણાવેલું હોય છે.

૩૪. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ.૩,અ. ૧–૭૮૪–૮૫, શિલ્પરત્ન, અ.૨૫·૧

૩૫. રૂપાવતાર, ૪–૬૨; રૂપમંડન, ૨–૬૬

૩૬. સુપ્રભેદાગમ, પટલ. ૪૮

૩૭. કાલિકાપુરાણ, ૩૯–૬૧

૩૮. કાશ્યપીય શિલ્પ, અ. ૪૮. ૪૭

કેટલાંક મંદિરોમાં તો નૈર્ઋત્યખૂણા ઉપર તેના બદલે ભૈરવ કે ક્ષેત્રપાલ પણ મૂકેલા હોય છે.

વરુણ

વરુણ વેદમાં જાણીતો દેવ છે. તે વિશ્વને ઢાંકી દેતો હોવાથી વરુણ કહેવાય છે. તે વેદમાં સૌથી નીતિમાન દેવ ગણાય છે. વરુણને લગતાં લખાયેલાં સુક્તોમાં પાપની કબૂલાત અને પશ્ચાત્તાપ જોવામાં આવે છે. તેની સ્તુતિ ઇન્દ્ર સાથે પણ કરેલી જોવામાં આવે છે. પુરાણોમાં પણ તેને અંગે અનેક આખ્યાયિકાઓ મળી આવે છે. તે સમુદ્ર, જળ અને મેઘોનો અધિપતિ છે. પશ્ચિમ દિશાનો તે સ્વામી હોઈ તે દિશામાં તેનું સ્થાન છે. તેની રાજધાની માનસોત્તર પર્વત ઉપર નિમ્લોચની અથવા સુખા નામે પ્રસિદ્ધ છે. બાર આદિત્યો પૈકી તે એક આદિત્ય પણ મનાય છે. પુરાણો તેને જ્યેષ્ઠા, ગૌરી અને શીતતોયા નામની સ્ત્રીઓ હોવાનું જણાવે છે. વરુણ એ વૈદિકદેવ હોઈ, દેવમંદિરમાં દિક્પાલ તરીકે જ નહિ પણ પંચમહાભૂતો પૈકી એકના અધિપતિ તરીકે તેનું સ્થાન વધુ ઊંચું છે. સમસ્ત જગતના પ્રાણીઓનું જીવન વાયુ અને જલ ઉપર અવલંબેલું હોવાથી તે સમસ્ત જગતનો પ્રાણાધાર છે. તેના રૂપવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[39], અગ્નિપુરાણ, અંશુમદ્‌ભેદાગમ[40], મત્સ્યપુરાણ[41], રૂપાવતાર અને રૂપમંડન[42], વિષ્ણુધર્મોત્તર[43] અને શ્રીતત્ત્વનિધિમાં[44] જણાવેલું છે. આ સિવાય જૈનોના આચારદિનકર અને પ્રતિષ્ઠા સારોદ્ધાર નામના બે ગ્રંથોમાં હિન્દુ ધર્મશાસ્ત્ર પ્રમાણેનાં વર્ણનો આપેલાં છે. શ્વેતાંબરો વાહન તરીકે

૩૯. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૭૮૬–૮૭

૪૦. અગ્નિપુરાણ, અ. ૫૨; અંશુમદ્‌ભેદાગમ, પટલ. ૪૯

૪૧. મત્સ્યપુરાણ, અ. ૨૬૧

૪૨. રૂપાવતાર, અ. ૪–૬૩; રૂપમંડન અ. ૨, ૩૫

૪૩. વિષ્ણુધર્મોત્તર, ખં. ૩, અ. ૫૨, ૨–૪.

૪૪. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૦૫

મત્સ્ય અને દિગંબરો મકરને જ વાહન તરીકે જણાવે છે બાકી બધું સરખું જ વર્ણન છે.

ઉપર જણાવેલા જુદા જુદા ગ્રંથોનાં વર્ણનો ઉપરથી જણાય છે કે તેની કલ્પના એક સમ્રાટ જેવા રાજેન્દ્ર જેવી કરી તેને મુકુટ, હાર વ. રત્નાલંકારોથી વિભૂષિત જણાવ્યા છે. ઘણાખરા ગ્રંથોએ તેને બે હાથ જણાવી તેમાં તેનું પ્રિય આયુધ પાશ જણાવ્યું છે. જ્યારે વિષ્ણુધર્મોત્તર, રૂપમંડન અને રૂપાવતાર તેને ચાર હાથ જણાવી તેમાં પાશ ઉપરાંત રત્નપાત્ર, શંખ અને વરદમુદ્રા હોવાનું પણ જણાવે છે. તેના વાહન માટે કેટલાક મતભેદ છે. મોટાભાગના ગ્રંથો મકરવાહન જણાવે છે, જ્યારે વિષ્ણુધર્મોત્તર તેને સાત હંસ જોડેલા રથમાં બેઠેલા, ચાર હાથ તેમાં પદ્મ, પાશ, રત્નપાત્ર તેની ડાબી બાજુ મકરધ્વજ, માથે ધોળું છત્ર, જમણી બાજુ ગંગા મકર ઉપર અને ડાબીબાજુ કૂર્મ ઉપર યમુના બન્ને ચામર ઢોળતી, ડાબા ઉત્સંગ ઉપર તેમની સ્ત્રી ગૌરી અથવા વારુણી બેઠેલાં હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત મત્સ્યપુરાણમાં હરિણવાહન અને બૃહત્સંહિતામાં સામાન્ય રથવાહન તરીકે જણાવ્યાં છે.

વરુણનાં સ્વતંત્ર મંદિરો હજુ સુધી મળ્યાં નથી. કર્મકાંડના પ્રત્યેક પ્રયોગમાં વરુણનું જ પૂજન શરૂઆતમાં કરવામાં આવે છે. આ સિવાય કેટલાંક વ્રત, દાન, પુરશ્ચરણ, વ. માં તો તેની ખાસ પૂજા કરવામાં આવે છે. આમ દિગીશ સિવાય પણ તેનું પૂજન-અર્ચન સ્વતંત્ર રીતે કરવામાં આવતું હોવાનું જાણવા મળે છે. તેની સ્વતંત્ર મૂર્તિઓ મથુરા, કલકત્તા વ. શહેરોના કલાપ્રદર્શનોમાંથી મળી આવે છે પરંતુ ગુજરાતમાં વરુણદેવની કોઈ સેવ્ય પ્રતિમા જોવામાં આવી નથી. દિક્‌પાલ તરીકે મૂકેલી વરુણની સંખ્યાબંધ પ્રતિમાઓ ગુજરાતના પ્રાચીન મંદિરોની જંઘામાંથી મળી છે. ગુજરાતમાંથી પ્રાપ્ત વરુણની દિક્‌પાલ મૂર્તિમાં તેને ચાર હાથ જણાવ્યા હોય છે. તેમાં અનુક્રમે કમળ, પાશ, કમંડલ અને નાલા ચારે હાથમાં ધારણ કરેલી, અગર વરદમુદ્રા, પગ પાસે વાહન તરીકે મકર (મગર)

જણાવ્યો હોય છે. આવી પ્રતિમાઓ ડીસાના સિદ્ધાંબિકાના મંદિરની જંઘામાં, મણુંદના પ્રાચીન વિષ્ણુમંદિરની બહારની બાજુ, તેમજ વડનગર, દેલમાલ સુણક, સંડેર, કસરા વ. ગામોનાં પ્રાચીન મંદિરોની શૃંગાર મૂર્તિઓમાંથી મળી આવી છે. સુણકના નીલકંઠેશ્વર પ્રાસાદની વરુણ પ્રતિમાને ચાર હાથ જણાવતાં, પાશ અને કમંડલની સાથે અંકુશ પણ મૂક્યો છે. વરુણના આયુધમાં અંકુશની નોંધ કોઈ પણ ગ્રંથકારે નથી લીધી છતાં આ પ્રાસાદના સૂત્રધારે તેટલી સ્વતંત્રતા લીધી છે. મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમમાં વરુણ અને વારુણીની એક પ્રતિમા છે તેમાં વરુણને ફક્ત બે હાથ જણાવી તેના પગ પાસે વાહન તરીકે મકર બતાવ્યો છે. કેટલીક વખત જલાશયોમાં પણ વરુણની પ્રતિમાઓ મૂકવામાં આવતી, એમ જાણવા મળ્યું છે. સાબરકાંઠામાં ઈડરની આજુબાજુના ગામોના કેટલાક કુંડોમાં, તેમજ વાવોમાં વરુણની મૂર્તિઓ મૂકેલી હોવાનાં સૂચનો મળ્યાં છે.

વાયુ

વાયુ પંચ મહાભૂતોમાંનો એક દેવ હોઈ, દિક્‌પાલોમાં પણ તેની ગણના કરાઈ છે. વેદની એક ઋચામાં તેને દેવોનો શ્વાસ, વિશ્વનો ગર્ભ અને સ્વેચ્છા પ્રમાણે વિચરનાર હોવાનું જણાવ્યું છે[૪૫]. તે મરુતનું અપર સ્વરૂપ છે. મરુતો ઇન્દ્રના સાથી અને દ્યૌનાપુત્રો મનાય છે. તે અંગે અનેક આખ્યાયિકાઓ પણ મળે છે. કલ્પના આરંભમાં બ્રહ્મદેવે તેને પશ્ચિમ અને ઉત્તર બન્ને દિશા વચ્ચેની વિદિશાનું આધિપત્ય આપ્યું હોવાથી તે દિશાનું નામ વાયવ્ય ચરિતાર્થ થયું છે. તેને મહાભારતમાં ભીમસેનનો અને રામાયણમાં હનુમાનનો પિતા પણ કહ્યો છે. દક્ષિણમાં થયેલા માધ્વ શ્રી આનંદનાથ આચાર્યને વાયુના અવતાર રૂપ જ માનવામાં આવતા. સાગરખેડુ નાવિકો હાલમાં દરિયાપીરને પૂજે છે તેમ પૂર્વકાળમાં વાયુને પણ પૂજતા તેવા ઉલ્લેખો

૪૫. ઋગ્વેદ ૧૦, ૧૬૮, ૩-૪

મળ્યા છે. ગુજરાતમાં વાયડા વૈશ્યોના તે ઇષ્ટદેવ ગણાય છે. તેઓનું જ્ઞાતિપુરાણ, વાયડાપુરાણ, મરુતની ઉત્પત્તિ. તેના ઓગણપચાસ ભાગ વ. આપવા ઉપરાંત વાયુના ભક્તો વાયડા બ્રાહ્મણો અને વૈશ્યો થયા હોવાની નોંધ આપે છે. બીજા કોઈ પણ દિક્પાલની સ્વતંત્ર ઇષ્ટદેવ તરીકેની માન્યતા હોવાનું જણાયું નથી, પરંતુ વાયુ માટે તેવાં પ્રમાણો પ્રાપ્ત થતાં હોઈ, ગુજરાતમાંથી વાયુદેવનાં મંદિરો પણ મળે છે. વાયુ તો વૈદિકદેવ હોઈ વર્ણ, વ્યવસ્થા અને જ્ઞાતિવિભાગના ઉદયકાળે પંચમહાભૂતો પૈકીના આ એક સત્ત્વપ્રધાન દેવને કેટલોક વર્ગ ઇષ્ટદેવ તરીકે પૂજતો થયો હોય તે બનવા જોગ છે, તે બધાં યે તેમને પોતાના ઇષ્ટદેવ તરીકે સ્વીકાર્યા અને મંદિરો પણ બંધાવ્યાં હશે તે કલ્પના પ્રમાણિક લાગે છે. વાયુપુરાણમાં વાયુપુર કે પવનપુરનો ઉલ્લેખ છે, જ્યાં સૂર્ય, વાલુકેશ્વર અને એકાદશ રુદ્રોનાં મંદિરો, તેમજ ચાર કુંડો હતા. આ તીર્થે પવનપુત્ર હનુમાન અંજનિના ગર્ભથી ઉત્પન્ન થયા ત્યારે વાયુદેવે નિર્માણ કર્યું હતું. અહીં વાયડાદિત્યનું મંદિર પણ હતું[૪૬]. આ સ્થાન આજે વાયડ તરીકે જાણીતું છે, જે પાટણથી ઉત્તરમાં દસ માઈલ દૂર આવેલું છે જ્યાં વાયડા બ્રાહ્મણો તથા વૈશ્યોની કુલામ્બાનું ભવ્યધામ, પ્રાચીન વાવ, ધર્મશાળા વ. આવેલાં છે.

વાયુદેવના પ્રતિમાવિધાન માટે અભિલપિતાર્થ ચિન્તામણિ અને મત્સ્યપુરાણમાં જણાવ્યા પ્રમાણે તેમનો વર્ણ ધૂમ્ર, વાહન હરિણ, રત્નાલંકારોથી વિભૂષિત દેહ, બે હાથ તેમાં વરદ અને પતાકા હોય છે[૪૭]. અગ્નિપુરાણ બન્ને હાથમાં વજ્ર જણાવે છે[૪૮]. જ્યારે અંશુમદ્ભેદાગમ[૪૯] તે સિંહાસનારૂઢ અને બન્ને હાથ, બે હાથમાં ધ્વજ તથા દંડ હોવાનું

૪૬. વાયુપુરાણ, અ. ૬૦; વાયડાપુરાણ, અ. ૩

૪૭. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિં ૩, અ.૧, ૭૮૮–૮૯; મત્સ્યપુરાણ, ૨૬૧, ૧૮-૧૯

૪૮. અગ્નિપુરાણ

૪૯. અંશુમદ્ભેદાગમ, પટલ ૪૯

જણાવે છે. રૂપાવતારમાં જણાવ્યા પ્રમાણે વાહન મકર અને ચાર હાથ તેમાં વરદ, પાશ, પદ્મ અને કમંડલ[૫૦] જ્યારે કમંડનકાર વાહનરૂપ મૃગ અને ચારે હાથોમાં ધ્વજ, પતાકા, વરદ અને કમંડલ હોવાનું જણાવે છે[૫૧]. વિષ્ણુધર્મોત્તરમાં તેમના બન્ને હાથોમાં કાષ્ટયુક્ત ચક્ર અને પાસે શિવા નામની તેમની પત્ની હોવાનું જણાવ્યું છે[૫૨]. શ્રીતત્ત્વનિધિ[૫૩] અને સુપ્રભેદાગમ* બન્ને મૃગ વાહન તરીકે અને હાથોમાં અનુક્રમે સુવર્ણ દંડ તથા ધ્વજ અને અંકુશ તથા ધ્વજ હોવાનું સૂચવે છે. જૈન સંપ્રદાયમાં શ્વેતામ્બરગ્રંથ નિર્માણ કલિકામાં વાયુનું આયુધ વજ્ર, વર્ણ શ્વેત અને વાહન હરિણ જ્યારે દિગંબરગ્રંથ પ્રતિષ્ઠા સારોદ્ધારમાં વૃક્ષાયુધ-કાષ્ઠનું આયુધ હોવાની નોંધ રજૂ કરાઈ છે.

વાયુદેવની સ્વતંત્ર તથા દિક્પાલોના સમૂહમાંથી કેટલીક પ્રતિમાઓ મળી છે. તે વાયડા બ્રાહ્મણો અને વૈશ્યોના ઇષ્ટદેવ ગણાતા હોવાથી જ્યાં જ્યાં તેમની સારી વસ્તી છે ત્યાં ત્યાં તેમણે વાયુદેવનાં મંદિરો બંધાવ્યાં છે. આવાં મંદિરો આજે પણ પાટણ, વડોદરા, અમદાવાદ, ભરૂચ, મુંબાઈ, સૂરત, કચ્છ વ.માં છે. આ બધામાં પાટણની પ્રતિમા પ્રાચીન હોઈ, સોળમા સૈકામાં બની હોવાનું જાણવા મળે છે. આ મૂર્તિ ધાતુની બનાવેલી હોવા છતાં ભવ્ય અને શાસ્ત્રીય વિધાન પ્રમાણે બનાવેલી છે. તેને ચાર હાથ, દરેકમાં ધ્વજ, પતાકા, વરદ અને કમંડલ ધારણ કરેલાં બતાવ્યાં છે. ગુજરાતમાંથી મળતી વાયુદેવની પ્રતિમાઓને ચાર હાથ બતાવેલા હોય છે, બે હાથવાળી પ્રતિમાઓ મળતી નથી. ગુજરાતનું મૂર્તિવિધાન મુખ્યત્વે રૂપમંડન અને રૂપાવતાર ઉપર જ

૫૦. રૂપાવતાર, અ. ૪-૬૩

૫૧. રૂપમંડન, અ. ૨–૩૬

૫૨. વિષ્ણુધર્મોત્તર પુરાણ, ખં. ૩, અ. ૫૮–૧–૩

૫૩. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૦૫

*સુપ્રભેદાગમ, પટલ ૪૮

આધારિત છે. ભરૂચની મૂર્તિ પણ પાટણની પ્રતિમાને અનુરૂપ જ છે. વાયુદેવનું પ્રાચીન મંદિર વાયડ ગામમાં હતું એવો ઉલ્લેખ પ્રભાવક ચરિત્રમાંથી મળ્યો છે[૫૪]. હાલમાં પ્રાપ્ત થતી વાયુદેવની સેવ્ય પ્રતિમાઓમાં મુંબાઈ પાસે બોરીવલીના મંદિરની પ્રતિમા અદ્ભુત અને અદ્વિતીય છે. આ મંદિર સ્વ. શેઠ શ્રી દેવીદાસ મોતીલાલે ઇષ્ટદેવ પ્રત્યેનો પૂર્ણ ભક્તિભાવ પ્રદર્શિત કરવા સંવત ૧૯૯૮માં બંધાવી તેમાં વાયુ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા નવીન છે છતાં ભાસ્કર્યની દૃષ્ટિએ ઉત્તમ છે. વાયુની પ્રાચીન પ્રતિમા શામળાજી પાસે દેવની મોરીમાંથી મળી છે જે ગુપ્તેતર કાળની હોવાનું શ્રી. ડૉ. ઉમાકાંત શાહે જણાવ્યું છે.

આ સિવાય દિક્પાલ તરીકે મૂકેલી વાયુદેવની કેટલીક મૂર્તિઓ પ્રાચીન મંદિરોના શિલ્પોમાંથી મળી આવી છે. તે પૈકી વડનગરના હાટકેશ્વર મહાદેવમાં, ડીસાના સિદ્ધામ્બિકાના મંદિરમાં, મણુંદના વિષ્ણુમંદિરમાં, મોઢેરાના સૂર્યમંદિરમાં અને સુણકના નીલકંઠેશ્વર મંદિરમાંની પ્રતિમાઓ મુખ્ય છે. આ બધી પ્રતિમાઓ મધ્યકાલિન હોઈ દસમાંથી બારમા સૈકા જેટલી પ્રાચીન હોવાનું તેના ભાસ્કર્ય ઉપરથી જાણી શકાય છે. આ મૂર્તિઓને પણ ચાર હાથ જણાવ્યા હોઈ કોઈકમાં વરદને બદલે પદ્મ કે માલા મૂકેલી હોવાનું માલૂમ પડે છે. આ સિવાય દિક્પાલ તરીકે વાયુની બીજી કેટલીક પ્રતિમાઓ મળી છે જેની લાંબી યાદી વિસ્તારભયે આપી નથી.

કુબેર

કુબેર નવનિધિનો અધિપતિ મનાય છે. તેનું સાચું નામ સોમ છે એટલે જ તે જે દિશાનો માલિક છે તેનું નામ પણ સૌમ્યા છે: તે સ્વાયંભુવ મન્વંતરમાં વિશ્રાવા ઋષિનો પુત્ર હતો. માતાનું નામ ગો હતું. તેની આકૃતિ બેડોળ હોવાથી તેને કુબેર કહેવામાં આવે છે. તેનો ઉલ્લેખ વેદમાં નથી પણ વેદોત્તર કાળમાં તે યક્ષોનો અધિપતિ,

૫૪. પ્રભાવક ચરિત-જીવદેવ સૂરિપ્રબંધ, ૭.

દેવોનો કોષાધ્યક્ષ મનાય છે. તેના વિષે પણ પુરાણોમાં અનેક આખ્યાયિકાઓ મળે છે. તે પૈકીની એક આખ્યાયિકા પ્રમાણે બ્રહ્માને વિશ્વોત્પત્તિ કરવાની ઇચ્છા થઈ ત્યારે પાષાણની વૃષ્ટિ શરૂ થઈ, પછી બધું શાંત થયું. બ્રહ્માજીએ તેમાંના એક પાષાણ ઉપર નજર કરી અને તે મનુષ્ય થયો અને તેને ધનનો અધિપતિ કુબેર બનાવ્યો. બૌદ્ધ સંપ્રદાયમાં પણ તેને ધનાધ્યક્ષ જ માન્યો હોઈ તેની પત્નીનું નામ હારિતી જણાવ્યું છે. જૈનધર્મમાં એક દિક્પતિ તરીકે તેની પૂજાઅર્ચા કરવામાં આવે છે. જૈનો યક્ષોને પૂજે છે, કારણ યક્ષો તીર્થંકરોના અનુચરો મનાય છે અને કુબેર યક્ષાધ્યક્ષ પણ મનાય છે. પાણિનિ કાળમાં યક્ષપૂજા પ્રચલિત હતી[૫૫]. માલતીમાધવમાં પણ યક્ષમંદિરનો ઉલ્લેખ છે[૫૬], અને ગીતામાં પણ યક્ષપૂજા રાજસી મનુષ્યો કરતા હોવાના ઉલ્લેખો છે. આમ યક્ષપૂજાની ઐતિહાસિકતા પ્રાચીનકાળ સુધી લઈ જઈ શકાય તેમ છે, એટલે કુબેર પૂજા પણ પ્રાચીન કાળમાં પ્રચલિત હતી.

કુબેરના પ્રતિમા વિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ અને મત્સ્યપુરાણમાં તેમને નરયુક્ત વિમાનમાં બેઠેલા, બે હાથ તેમાં વરદ અને ગદા, પાસે આઠ નિધિઓ અને બીજા ગુહ્યકો હોવાનું જણાવ્યું છે[૫૭]. અગ્નિપુરાણ[૫૮] અને અંશુમદ્ ભેદાગમ[૫૯]માં વાહન તરીકે બકરો અને બે હાથમાં અનુક્રમે ગદા અથવા વરદ અને અભય હોવાનું જણાવ્યું છે અને પાસે બન્ને બાજુ શંખનિધિ અને પદ્મનિધિ હોય છે. પૂર્વકારણાગમમાં વાહન મનુષ્ય, બે હાથ તેમાં ગદા, માથે મુકુટ, બે બાજુ શંખનિધિ હોવાનું નોંધ્યું છે. રૂપાવતાર અને રૂપમંડનમાં તેમનું

૫૫. પાણિનિ, સૂત્ર. ૨-૨-૩૪, પતંજલિ ભાષ્ય.

૫૬. માલતીમાધવ, ૧-૨૧.

૫૭. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિં. ૩. અ. ૧, ૭૯૦-૯૧; મત્સ્યપુરાણ, અ. ૨૬૧, ૨૦-૨૧

૫૮. અગ્નિપુરાણ, અ. ૫૨. ૨૧.

૫૯. અંશુમદ્ભેદાગમ, પટલ. ૪૯

વાહન હાથી, ચાર હાથ તેમાં અનુક્રમે ગદા, નિધિ, બિજોરું, તથા કમંડલ હોવાનું જણાવ્યું છે. રૂપમંડનકાર વિશેષમાં નરવાહન પણ જણાવે છે[૬૦]. હેમાદ્રીકાર પણ ચાર હાથ તેમાં પદ્મ, પાશ, શંખ તથા રત્નપાત્ર, બે મોટી દાઢો, ડાબા ઉત્સંગમાં ઋદ્ધિદેવી, તેને ચાર હાથ અને નેત્રો પિંગલ જણાવે છે[૬૧]. વિષ્ણુધર્મોત્તરમાં વાહન પાલખી જણાવી વિશેષમાં ચાર હાથ તેમાં ગદા, શક્તિ વ. અને બીજું વર્ણન હેમાદ્રી પ્રમાણે આપ્યું છે[૬૨]. શ્રીતત્ત્વનિધિ અને સુપ્રભેદાગમ[૬૩] પણ ઉપર જેવાં જ વર્ણનો આપે છે. જૈનગ્રંથોમાં પણ આવાં જ વર્ણનો મળતાં હોઈ તેનું વાહન મનુષ્ય, હાથમાં રત્ન, વજ્ર અગર દ્રવ્યની થેલી વ. ધારણ કરેલાં શ્વેતામ્બર અને દિગંબર ગ્રંથો આચાર દિનકર અને પ્રતિષ્ઠા સારોદ્ધારમાં જણાવ્યું છે. ફક્ત દિગંબર ગ્રંથ પ્રતિષ્ઠા સારોદ્ધારમાં તે પુષ્પક વિમાનમાં બેઠેલા હોવાનું વિશેષમાં જણાવ્યું છે. આ બધાં વર્ણનોથી તેમનું સ્વરૂપ સુખી શેઠિયા જેવું હોવાનું જણાય છે.

કુબેરની સ્વતંત્ર પ્રતિમાઓ વૈદિક, જૈન અને બૌદ્ધ ત્રણે સંપ્રદાયોમાંથી મળે છે. તે યક્ષરાજ હોવાથી યક્ષપૂજામાં તેનું સ્થાન અગ્ર ભાગ ભજવે છે. દિક્‌પાલો સિવાય તેની સ્વતંત્ર પ્રતિમાઓ બેસાડવામાં આવતી હતી એમ જરૂર જણાય છે. યક્ષમંદિરો પ્રાચીનકાળમાં પણ અસ્તિત્વ ધરાવતાં હતાં તેવા પણ ઉલ્લેખો મળ્યા છે. મથુરા અને કલકત્તા મ્યૂઝિયમમાંથી કુબેરની સુંદર પ્રતિમાઓ મળી છે. પણ ગુજરાતમાંથી તેની સ્વતંત્ર પ્રતિમાઓ ખાસ મળતી નથી. છતાં દિક્‌પાલ તરીકે મૂકેલી કેટલીક પ્રતિમાઓ પ્રાચીન મંદિરોના શિલ્પોમાંથી મળી છે. સિદ્ધપુર બાવાજીની વાડીના શિવમંદિરમાં તેમજ મોઢેરા, ડીસા, સુણક,

૬૦. રૂપાવતાર, અ. ૪-૬૫.

૬૧. હેમાદ્રી, ૧-૨.

૬૨. વિષ્ણુધર્મોત્તરપુરાણ, ખં. ૩, અ. ૫૩, ૧-૬

૬૩. શ્રીતત્ત્વનિધિ, પા. ૧૦૫; સુપ્રભેદાગમ, પટલ ૪૮

મણુંદ, મંડેર, ખંડોસણ, દેલમાલ, કસરા વ. ગામોમાં આવેલાં પ્રાચીન મંદિરોની બહારની બાજુ ઉત્તર ભીંતમાં કુબેરની મૂર્તિઓ મૂકેલી છે. ગુજરાતમાંથી મળતી ઘણી ખરી પ્રતિમાઓને ચાર હાથ હોય છે પણ તેની એક વિશિષ્ટતા એ છે કે પ્રતિમાના ઉપરના બે હાથમાં દોરડા જેવું ઉપકરણ હોય છે. જે માથા ઉપર થઈને લીધેલું હોય છે. આ દોરડા જેવું ઉપકરણ તે દ્રવ્યની થેલી હોય છે. તેના હાથમાં પાશ હોવાની કલ્પના ફક્ત હેમાદ્રીકારે જ રજૂ કરી છે. ગુજરાતમાંથી આવી થેલી પકડેલી પ્રતિમાઓ ખૂબ મળે છે. વળી ગુજરાતની પ્રતિમાઓમાં વાહન તરીકે હાથી મળે છે. પાટણમાં અંબાજીમાતાના ગર્ભદ્વાર પાસે કોઈ જગ્યાએથી લાવી કુબેરની નાની મૂર્તિ ચોડી દીધી છે જે ઉપરોક્ત વર્ણનોવાળી છે. આ સિવાય બીજી અનેક તેવી મૂર્તિઓ સોરાષ્ટ્ર અને ગુજરાતમાંથી મળે છે પણ કોઈ સેવ્ય પ્રતિમા મળતી નથી.

ઈશાન

ઈશાન એ શિવનું જ સ્વરૂપ છે. વેદમાં પણ શિવના અપરનામ તરીકે તેના અનેકવાર ઉલ્લેખો કરાયા છે. તેઓ સર્વ વિદ્યાના જ્ઞાતા, અને શિવસ્વરૂપ છે. ઈશાન એટલે શિવ. ઈશાન સ્વરૂપે દિક્‌પાલનું કામ કરતા હોવાથી, દરેક મંદિરમાં ઈશાનખૂણામાં તેમની મૂર્તિ મૂકવામાં આવે છે. અને તેમના નામ ઉપરથી જ તેઓ જે વિદિશાના અધિપતિ છે તેનું નામ ઈશાન પાડવામાં આવ્યું છે.

ઈશાનના મૂર્તિવિધાન માટે અભિલષિતાર્થ ચિન્તામણિ[૬૪]માં જણાવ્યું છે કે તેનો વર્ણ શ્વેત, કપાળમાં અર્ધચંદ્ર, ત્રણ નેત્ર, બે હાથ તેમાં ત્રિશૂલ અને વરદમુદ્રા, વ્યાઘ્રચર્મ ઓઢેલું વ. હોય છે. અગ્નિપુરાણ[૬૫], બૃહત્સંહિતા[૬૬], મત્સ્યપુરાણ[૬૭] અને પૂર્વકારણગમ[૬૮]

૬૪. અભિલષિતાર્થ ચિન્તામણિ, વિ. ૩, અ. ૧, ૭૯૩-૯૪.

૬૫. અગ્નિપુરાણ, અ. ૫૨, શ્લો. ૨૨.

૬૬. બૃહત્સંહિતા, અ. ૫૮.

૬૭. મત્સ્યપુરાણ. અ. ૨૬૧.

૬૮. પૂર્વકારણાગમ, પટલ. ૧૪

પણ આવું જ વર્ણન આપે છે. અંશુમદ્‌ભેદાગમ[૬૯] શ્વેત કમલ ઉપર બેઠેલા, બે હાથ તેમાં શૂલ તથા કવચ હોવાનું જણાવે છે. રૂપમંડન અને રૂપાવતારકાર[૭૦] તેમને ચાર હાથ તેમાં વરદ ત્રિશૂલ, નાગેન્દ્ર એને બિજોરું હોવાનું જણાવે છે. શ્રીતત્ત્વનિધિ અને સુપ્રભેદાગમમાં પણ આવાં જ વર્ણનો આપેલાં છે. જૈનધર્મશાસ્ત્રોમાં ઈશાન માટે શ્વેતામ્બર ગ્રંથકારો તેને બે હાથ, પાસે ઉમા, હાથમાં ત્રિશૂલ તથા ધનુષ ધારણ કરેલાં હોવાનું કહે છે જ્યારે દિગંબરો ધનુષને બદલે કપાલની સંભાવના રજૂ કરે છે.

શિવનાં આ બધાં સ્વરૂપો શિવસ્વરૂપનું જ સૂચન કરે છે. શિવની સેંકડો પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે અને સાથે સાથે દિક્પાલ તરીકેની ઈશાનની નાની મોટી પ્રતિમાઓ પ્રાચીન મંદિરોના મૂર્તિ શિલ્પોમાંથી મળી છે. તેમાં મંદરોપુરના દુગ્ધેશ્વર તાલુકાના સુણક ગામના નીલકંઠેશ્વર મહાદેવ વ.માંથી મળે છે. આ ઉપરાંત દાસરા તાલુકાના સારનેલ ગામમાં પણ પ્રાચીન મંદિરની ઝંઘામાં ઈશાનની પ્રતિમા મળતી હોવાનું જાણવા મળ્યું છે.

આ દિશા અને વિદિશાના અધિપતિઓને લોકપાલ કહેવામાં આવે છે. જ્યારે દિક્પાલોની સંખ્યા દસ હોઈ ઉર્ધ્વ અને અધો ઉપર આકાશ અને નીચે પાતાલને દિશાઓ તરીકે સ્વિકારતાં તેના બ્રહ્મા તથા અનંત સ્વામી હોવાનું સૂચવે છે.

હિન્દુ ધર્મશાસ્ત્ર પ્રમાણે જૈનગ્રંથોમાં આઠ લોકપાલ જણાવ્યા નથી, પરંતુ દસની નોંધ આપતાં દશે દિક્પાલોનાં વિધાનો રજૂ કર્યા છે. ગુજરાતનાં પ્રાચીન મંદિરોમાંથી મોટે ભાગે આઠ દિક્પાલોની મૂર્તિઓ જ મળી આવે છે. આથી અનંત અને બ્રહ્માની દિક્પતિ તરીકેની મૂર્તિઓ મૂકવાનો પ્રચાર સર્વવ્યાપી બન્યો ન હતો એમ સમજાય છે. કોઈ કોઈ

૬૯. અંશુમદ્‌ભેદાગમ, પટલ, ૪૯. ૧-૨

૭૦. રૂપમંડન, ૨-૩૮; રૂપાવતાર, અ. ૪-૬૬.

મંદિરના શિલ્પોમાંથી કદાચ બ્રહ્માની પ્રતિમા મળે છે, પરંતુ અનંત, (નાગરાજ)ની મૂર્તિ મૂકેલી હોવાનું જણાતું નથી. ઉર્ધ્વ દિશાનું સ્થાન પૂર્વ અને ઈશાનની મધ્યમાં, તેવી જ રીતે અધો દિશાનું પશ્ચિમ અને નૈઋત્યની મધ્યમાં સ્થાન હોવાનું શાસ્ત્રકારોએ નિયત કર્યું છે. છતાં શિલ્પશાસ્ત્રના નિયમે બંધાએલા પ્રાચીન અર્વાચીન મંદિરોમાં આ બે દિક્પાલોને સ્થાન આપવામાં આવ્યું નહિ હોવાથી તેમજ મૂર્તિશાસ્ત્રના આધારભૂત ગ્રંથોમાં તેના કોઈ ઉલ્લેખો રજૂ નહિ કરાયાથી મેં આ ગ્રંથમાં તેનાં વિધાનો રજૂ કર્યા નથી.

આઠે દિક્પાલોની સમાજમાં પૂજા બહુ પ્રચલિત નહિ હોવાથી સ્વતંત્ર પ્રતિમાઓ મળતી નથી છતાં આઠે લોકપાલોની ગ્રહોના પટ્ટોની માફક એક જ પથ્થરમાં કોતરેલી પ્રતિમાઓ કોઈ કોઈ સ્થળેથી જોવામાં આવી છે. સિદ્ધપુર તાલુકામાં મકતુપુરના મહાદેવમાં એક મોટી પાષાણ શિલા પડેલી છે તેમાં આઠે દિક્પાલોને ઊભા ચાર હાથ ધરાવતા કોતર્યા છે. આવો જ એક કાષ્ઠપટ્ટ પાટણના એક પ્રાચીન મંદિરમાંથી મળ્યો છે. જે દ્વારની ઉપરના ભાગમાં મૂકેલો હોઈ, તેમાં આઠ નાની નાની મૂર્તિઓ કોતરેલી છે. આમ નવગ્રહોના પટ્ટોની માફક દિક્પાલોના પટ્ટ, મંદિરોની શૃંગારમૂર્તિઓ સાથે મૂકવામાં આવતા હતા એમ પણ જાણવા મળે છે.

દિક્પાલોની સાથે તેમની પત્નીઓની મૂર્તિઓ બનાવવાના ઉલ્લેખો વિષ્ણુધર્મોત્તર અને બીજા કેટલાક ગ્રંથકારોએ જણાવ્યા છે. પરંતુ તેવી કોઈ મૂર્તિઓ ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી. ફક્ત ડીસાના સિદ્ધાંબિકાના મંદિરની બહારની બાજુ પ્રત્યેક દિક્પાલની સાથે તેની પત્નીની સ્વતંત્ર મૂર્તિઓ મૂકવામાં આવી છે. તેમાં દરેક દિગીશની સાથે, તેના જેવું જ સ્વરૂપ, વાહન અને આયુધ ધરાવતી પત્નીઓની મૂર્તિઓ મૂકેલી છે. દિગીશ પત્નીઓની આવી ક્રમવાર મૂર્તિઓ પ્રત્યેક દિક્પતિની સાથે વ્યવસ્થિત રીતે મળતી હોવાને કારણે આ પણ એક વિશિષ્ટ પરંપરા ગુજરાતમાં પ્રચલિત હતી એમ સમજાય છે.

ખંડ ૩

જૈનમૂર્તિઓ

પ્રકરણ ૧૬મું

તીર્થંકરો

ભારતવર્ષના ધાર્મિક પ્રવાહોમાં સનાતન વૈદિક, બૌદ્ધ અને જૈન એ સંપ્રદાય ત્રિવેણીએ હિન્દુધર્મનો સ્રોત અખંડ વહેતો રાખ્યો છે. આ ત્રણે ધર્મના સિદ્ધાન્તોનું પૃથક્કરણ કરતાં ભારતના મુખ્ય ત્રણે સંપ્રદાયો એક સરખાં તત્ત્વો ધરાવતાં હોઈ, તે દરેકે કેટલીક વિશિષ્ટતાઓ પણ પોતાના સંપ્રદાયમાં દાખલ કરી છે.

જૈનધર્મ

જૈનધર્મ તેના તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કંઈક વિશિષ્ટતા ધરાવે છે. બૌદ્ધો જેને નિર્વાણ કહે છે, વૈદિકો જેને મોક્ષ તરીકે ઓળખાવે છે તે આત્મમુક્તિને જૈનો પણ મોક્ષ અગર કૈવલ્યપદ એવું નામાભિધાન આપે છે. નાસ્તિક દૃષ્ટિએ આ સંપ્રદાયમાં જીવ અને અજીવ એવા બે વિભાગ પડેલા છે. જ્યાં સુધી જીવ નિર્વાણની પરમ કક્ષાએ ન પહોંચે ત્યાં સુધી તે અજીવ સાથે જોડાયેલો જ રહે છે. જીવ એટલે ચેતના, એ જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય ત્યારે તે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચાર સિદ્ધિઓ અનુભવે છે અર્થાત્ ભોગવે છે. પરંતુ જીવ નિત્ય અજીવ સાથે કર્મના પડદા દ્વારા જોડાએલો હોવાથી તેને પુણ્ય અને પાપ બન્ને પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે. જૈનધર્મમાં મોક્ષનું પરમ સાધન કર્મક્ષય જણાવ્યું છે. પરંતુ સાથે સાથે મોક્ષમાર્ગ માટે પરિપાલન કરવાના ધર્મો સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વધુ મહત્ત્વ આપતાં તેને જીવનમાં ઉતારવાનો ખાસ આદેશ આપ્યો છે. જિનમાં અગર જિને સંગ્રથિત કરેલાં તત્ત્વોમાં શ્રદ્ધા તે સમ્યક્ દર્શન, જિને નિયત કરેલા નિયમો તેમજ સિદ્ધાંતોનું

જ્ઞાન તે સમ્યક્‌જ્ઞાન અને નાસ્તિકવાદ અગર મિથ્યાવાદવાળી દૃષ્ટિનો ત્યાગ કરી ઉચ્ચ જ્ઞાનને પ્રાપ્ત કરવું અને તેને અમલમાં મૂકવું તેને સમ્યક્‌ચારિત્ર કહેવામાં આવે છે. આ મહામાર્ગમાં અનુભવ સિદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરનારા ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. તેઓએ આ રીતે મોક્ષ મેળવી જિનપદ પ્રાપ્ત કરેલું છે,

તીર્થંકરો

આચારાંગ જણાવે છે કે જે તીર્થ–ધર્મ કરે છે અગર તેને પ્રકટ કરી જનસમાજને પ્રતિબોધિત કરે છે તેને તીર્થંકર કહેવામાં આવે છે.[૧] જ્યારે ભગવતી સૂત્રકાર આ ભવાબ્ધિમાંથી પાર ઊતરવા માટે આધ્યાત્મિક ઉન્નતિએ પહોંચવા, આત્મદર્શન માટે જે માર્ગ બતાવે તેને તીર્થંકર તરીકે સંબોધવાનો આદેશ આપે છે[૨]. આથી તીર્થંકરો એ જ કહેવાય છે કે જેઓ ધર્મને નવીન સત્ય, પ્રકાશ અને પુનર્ગતિ આપી જગતનું કલ્યાણ સાધે છે. તીર્થંકરોને જિન તરીકે ઓળખવામાં આવતા હોઈ, જિને પ્રરૂપેલ ધર્મને જૈનધર્મ તરીકે ઓળખવામાં આવે છે. જે આત્મા સાથે સંબદ્ધ થયેલાં કર્મબંધનોનો આત્મદર્શન દ્વારા નાશ કરી શકે– અર્થાત્ આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરે તેને જિન અગર તો વિજયી કહેવામાં આવે છે. આ ધર્મમાં કુલ ચોવીસ જિન થયા છે. હિન્દુધર્મમાં જેમ ચોવીસ અવતારો, બુદ્ધ પણ ચોવીસ તેમ જૈનજિનો પણ ચોવીસ થયા છે. તેમાં સૌથી પહેલા આદિનાથ–ઋષભનાથ અને છેલ્લા મહાવીર સ્વામી થયા છે આ બધા જિનોમાં ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા મહાવીરને પુરાતત્ત્વવિદોએ માન્યા છે. જ્યારે બાકીના તીર્થંકરો જૈનધર્મ ગ્રંથો અને પુરાણોના કથન પ્રમાણે આજથી હજારો વર્ષ પહેલાં થઈ ગયાનું કહેવામાં આવે છે.

---

૧. આચારાંગ સૂત્ર, પ્રકરણ ૧, સૂત્ર ૧

૨. ભગવતીસૂત્ર, ૧-૧-૩૦

મૂર્તિપૂજા

કેટલાક પ્રાચીન ઉલ્લેખોને આધારે જૈનધર્મમાં મૂર્તિપૂજાનો પ્રચાર ઈ. સ. પૂર્વે ચોથા પાંચમા શતકમાં પ્રચલિત હતો એમ જાણી શકાય છે. દા. ત. ખારવેલના આધારે નંદ રાજાઓના સમયમાં ઈ. સ. ૪૫૦ના અરસામાં જિનમૂર્તિ હોવાનો ઉલ્લેખ મળે છે. આમ ઈ. સ. પૂર્વે પાંચમા છઠ્ઠા સૈકા અગાઉ અને ત્યાર પછીના કાળમાં તો જૈનધર્મ ખૂબ ફેલાયો અને ભારતના એક છેડાથી બીજા છેડા સુધી, આજે તો સેંકડો નહિ પણ હજારો અને સંખ્યાતીત નાનાં મોટાં જૈનમંદિરો આપણે જોઈ શકીએ છીએ. જૈનોની શ્રદ્ધા, ભક્તિભાવ અને ધર્મ પ્રત્યેની અદ્વિતીય ભાવના એટલી ઉદાત્ત છે કે કરોડો રૂપિયાના ખર્ચે જિનભગવાનનાં ભવ્ય મંદિરો અનેક લક્ષ્મીનંદનોએ બંધાવી પોતાની ધર્મભાવનાને મૂર્ત સ્વરૂપે રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. ગિરનાર, શત્રુંજય, પાવાપુરી, આબુ કલકત્તા, સમેતશિખર વ. પવિત્ર તીર્થસ્થાનોમાં બાદશાહી ખર્ચે કરી બંધાવેલાં મંદિરો તેનાં આદર્શ પ્રતિકો છે.

દેવો અને દેવીઓ

જૈનધર્મમાં ચોવીસ તીર્થંકરો છે. આ ચોવીસે તીર્થંકરો જૈનધર્મના મુખ્ય પ્રવર્તકો મનાતા હોઈ, જૈનો તેમને ઈશ્વરની જેમ પૂજે છે– માને છે. તેટલું જ નહિ પણ તીર્થંકરોએ જેમ તપ, અહિંસા અને ત્યાગના બળે આત્મદર્શન કરી મોક્ષ પ્રાપ્ત કર્યો હતો, તે જ પ્રમાણે દરેક શ્રાવક મોક્ષપ્રાપ્તિ માટે જિનભગવાને બતાવેલા મહામાર્ગને અનુસરી, તેમની સ્તુતિ, પ્રાર્થના વ. કરી આત્મકલ્યાણ સાધે, એ દૃષ્ટિએ તીર્થંકરોના પૂજનનો પ્રચાર પ્રચલિત થયો હોવાનું સમજાય છે. ત્યાર બાદ આ પ્રવાહમાં તાત્કાલિન બીજા ધર્મોની અસર પડતાં, તીર્થંકરોની સાથે પરિવારદેવો યક્ષો, શાસન-દેવીઓ વ. દાખલ થયાં. અને તે બધાંને જિનભગવાનની સાથે મૂકવાનો પ્રચાર પાછળથી ઉમેરાયો.

જૈનોના ચોવીસે તીર્થંકરોને નીચે પ્રમાણે યક્ષો અને શાસનદેવીઓ હોવાનું જણાવ્યું છે.

નંબર	તીર્થંકરનું નામ	યક્ષ	શાસનદેવી
૧	ઋષભદેવ	ગોમુખ	અપ્રતિચક્રા
૨	અજિત સ્વામી	મહાયક્ષ	અજીતા
૩	સંભવનાથ	ત્રિમુખ	દુરિતારી
૪	અભિનંદન	ઈશ્વર	કાલિકા
૫	સુમતિનાથ	તુંબરુ	મહાકાલિ
૬	પદ્મપ્રભનાથ	કુસુમ	અચ્યુત
૭	સુપાર્શ્વનાથ	માતંગ	શાન્તા
૮	ચંદ્રપ્રભનાથ	વિજય	ભ્રકુટી
૯	સુવિધિનાથ	અજાત	સુતારા
૧૦	શીતલનાથ	બ્રહ્મા	અશોક
૧૧	શ્રેયાંસનાથ	ઈશ્વર	માનવી
૧૨	વાસુપૂજ્યનાથ	કુમાર	પ્રચંડ
૧૩	વિમલનાથ	સન્મુખ	વિદીના
૧૪	અનંતનાથ	માનવ	અંકુશા
૧૫	ધર્મનાથ	કિન્નર	કંદર્પી
૧૬	શાંતિનાથ	ગરુડ	નિર્વાણી
૧૭	કુંથુનાથ	ગંધર્વ	બ્રહ્મા
૧૮	અરનાથ	યક્ષેન્દ્ર	ધરણી
૧૯	મલ્લિનાથ	કુબેર	વૈરાટ્યા
૨૦	મુનિસુવ્રતનાથ	વરુણ	વરદત્તા
૨૧	નમિનાથ	ભ્રકુટી	ગાંધારી
૨૨	નેમિનાથ	ગોમેધ	કુષ્માંડી
૨૩	પાર્શ્વનાથ	પાર્શ્વ	પદ્માવતી
૨૪	વર્ધમાનસ્વામી–મહાવીર	મતંગ	સિદ્ધાંબિકા

આ પ્રમાણે શ્વેતાંબર શાસ્ત્રકારોએ જણાવ્યું છે; દિગંબર ગ્રંથકારો લાંછનો તેમજ શાસનદેવીઓમાં કેટલોક ફેરફાર સૂચવી, થોડાંક જુદાં નામો ગણાવે છે.

જૈનધર્મમાં આગળ જતાં ઐહિક કામનાઓ પરીપૂર્ણ કરવા માટે કેટલાંક તાંત્રિક વિધિવિધાનો આ ધર્મમાં શરૂ થયાં, તેની સાથે તે તે દેવોની પૂજાઅર્ચા પણ અપનાવવામાં આવી. તેના કારણે વૈદિક ધર્મની માફક, જૈનધર્મમાં પણ સેંકડો દેવોની કલ્પના રજૂ થતાં તે બધા દેવોનાં પૂજન, અર્ચન, બલિદાન વ. કરવાનાં તંત્રગ્રંથો અસ્તિત્વમાં આવ્યા. આવા દેવોમાં નવ ગ્રહો, દશ દિક્પાલો, ગણેશ, લક્ષ્મી, શ્રી, માતૃકાઓ, કુબેર વ. કેટલાક હિંદુદેવોને પણ સ્થાન મળ્યું છે. આ સિવાય યક્ષો, શાસનદેવીઓ, વિદ્યાદેવીઓ, વ. બીજા કેટલાક દેવદેવીઓની નોંધો આ સંપ્રદાયના ધર્મગ્રંથોમાંથી મળે છે, જેની ટૂંકી સમાલોચના અત્રે રજૂ કરવામાં આવી છે.

જૈનધર્મમાં મૂર્તિશાસ્ત્ર અને પ્રતિષ્ઠાવિધાન માટે આચારદિનકર અને નિર્વાણકલિકા આ બે ગ્રંથો મુખ્ય ગણાય છે. આ સિવાય "તિલોયપન્નતિ" નામનો એક પ્રાકૃતગ્રંથ યતિવૃષભ નામના વિદ્વાને દક્ષિણમાં રચ્યો છે. તેમાંથી જૈન મૂર્તિશાસ્ત્રની કેટલીક હકીકતો મળી આવે છે. આ પૈકી આચારદિનકરમાં જૈનદેવીઓના ત્રણ પ્રકારો ગણાવતાં પ્રાસાદદેવીઓ, સંપ્રદાયદેવીઓ, અને કુલદેવીઓની નોંધ આપી છે. આ પૈકી તીર્થો, ક્ષેત્રો, પીઠસ્થાનો, પ્રાસાદો અને ભૂમિમાંથી સ્વયં-પ્રાદુર્ભૂત અગર તો સ્થાપિત કરેલી દેવીઓની ગણના પ્રાસાદદેવીઓ તરીકે કરવામાં આવે છે. જ્યારે પોતાના ગુરુએ ઉપાસના માટે જેની મંત્રદીક્ષા આપી છે તેવી અંબા, સરસ્વતી, ત્રિપુરા, તારા, વ.ને સંપ્રદાય-દેવીઓ સ્વરૂપે માનવામાં આવે છે. ત્રીજો પ્રકાર કુલદેવીઓનો છે, જેને ગોત્રદેવીઓ પણ કહેવામાં આવે છે. તે પ્રત્યેક કુળની સ્વતંત્ર ઉપાસ્ય દેવતા મનાય છે. જેવી કે ચંડી, ચક્રેશ્વરી, વ્યાઘ્રરાજી, સરીસત્યકા,

સુરામતા, વ. આ સિવાય બીજી કેટલીક તાંત્રિક દેવીઓ પણ જણાવવામાં આવી છે જેમાં કાલિ, મહાકાલિ, ચામુંડા, જવાળામુખિ, કામાખ્યા, કપાલિની, ભદ્રકાલિ, દુર્ગા, લલિતા, ગૌરિ. મંગલા, સુલક્તા, ત્રિપુરા, કુરુકુલ્લા, ચંદ્રાવતી, કાંતિમુખી. વ. મુખ્ય છે. આ બધી દેવીઓ પૈકી કેટલીક વૈદિક સંપ્રદાયમાં પણ જાણીતી છે. આ ઉપરાંત જૈનધર્મમાં બીજી તંત્રમાર્ગની દેવીઓ પણ ગણાવી છે, તેમાં ગણેશ્વરી, પ્રેતાક્ષી, સંકીની, કાલી, કાલરાત્રિ, વૈતાલી, ભૂતડામરી, વીરુપાક્ષી, ચંડી, વારાહી, ભુવનેશ્વરી, યમદૂતી વ. જેને ચોસઠયોગિનીઓ તરીકે પૂજવામાં આવે છે.

શાસનદેવીઓ પછી જૈન સંપ્રદાયમાં વધુ આદર પામેલી એવી વિદ્યાદેવીઓ આવે છે. તે બધી પ્રત્યેક વિદ્યાની અધિષ્ઠાત્રિ ગણાતી હોઈ, તેનાં આયુધો, વર્ણો વ.ની વ્યવસ્થિત વિચારણા જૈનશાસ્ત્રોમાં કરેલી છે. તેમાં અનુક્રમે રોહિણી, પ્રજ્ઞપ્તી, વજ્રશૃંખલા, મહાવજ્રાંકુશા, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલિકા, મહાકાલિકા, ગૌરી, ગંધા (ગાંધારી) જ્વાલામાતૃકા, માનવી, વૈરાટયા, અચ્છુપ્તા, માનસી, અને મહામાનસી નામો ગણાવ્યાં છે. આ પૈકીની કેટલીક દેવીઓ શાસનદેવીઓમાં પણ નોંધાઈ છે. આ સિવાય તીર્થંકરોની માતાઓ પણ પૂજ્ય મનાતી હોઇ, તેઓનાં અનુક્રમે મરુદેવી, વિજયા, સેના-સિદ્ધાર્થા, સુમંગલા, સુશીમા, પૃથિવી, લક્ષ્મણા, શ્યામા, નંદા, વિષ્ણુ, જયા, રામા, સુયશા, સુવ્રતા, અચિરા શ્રી, દેવી, પ્રભાવતી, પદ્મા, વપ્રા, શીલા, વામા અને ત્રિશલા વ. નામો જણાવ્યાં છે.

દેવોમાં તીર્થંકરો અને યક્ષો પછી વૈદિકધર્મની માફક કેટલાંક દેવમંડલો યાને સામુદાયિક દેવોનાં ગ્રુપો હોવાના ઉલ્લેખો પણ આ સંપ્રદાયની અંદર જોવામાં આવે છે. હિંદુ ધર્મમાં જેમ આઠ વસુ, બાર આદિત્ય, એકાદશ રુદ્ર, વ. દેવગણોના સમુદાયો છે, તે જ પ્રમાણે બૌદ્ધ માર્ગમાં પણ આઠ તારાઓનું વજ્રતારામંડલ, ચાર ડાકિનીઓનું વજ્ર, વરાહીમંડલ અને પાંચ પંચરક્ષો વ.નાં સમૂહમંડલો જણાવ્યાં છે. તેવી

જ રીતે જૈનધર્મમાં પણ કેટલાંક સમૂહમંડલો હોઈ, તેમાં આદિત્યો, વહ્નિસુરો, વરુણો, ગર્દતોયો, તુસીતો, અવ્યાબાધાઓ, અરિષ્ટો, અગ્ન્યાત્માઓ, સૂર્યાત્માઓ, ચંદ્રાત્માઓ, સત્યાત્માઓ, શ્રેયસ્કરો, ક્ષેમંકરો, વૃષભો, કામાચારો, નિર્વાણો, અંતરિક્ષદેવો, આત્મરક્ષિતો, સર્વરક્ષિતો મરુતો, વસુઓ, અશ્વમુખો અને વિશ્વદેવાઓ વ. જણાવ્યા છે. આ બધા કુલ તેવીસ મંડલો છે, પરંતુ ચોવીસની સંખ્યા જૈનધર્મમાં વધુ માન્ય થયેલી હોવાથી, આ દેવતાઓનાં સમૂહમંડલો પણ ચોવીસ હોવાં જોઈએ એવું અનુમાન છે. તીર્થંકરોનું પણ એક મંડલ છે અને દેવમંડલોની સંખ્યામાં તીર્થંકરોનું મંડલ દાખલ કરીએ તો તેની પણ સંખ્યા ચોવીસની થઈ શકે. ટૂંકમાં દેવમંડલોની સંખ્યા કુલ ચોવીસની જૈનધર્મમાં ગણાવી છે. આ બધા દેવોનાં વ્યવસ્થિત વિધાનો, આ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં આપેલાં હોઈ તેમાંથી તેઓનાં વાહનો, આયુધો, વર્ણ, તેમજ વેશભૂષાની અનન્ય હકીકતો જાણવા મળે છે. આમાં આદિત્યોનું વાહન અશ્વ, અને પ્રતિક અગર ઉપકરણમાં કમલ, વહ્નિસુરોનું વાહન બકરો, અવ્યાબાધાઓનું વાહન મનુષ્ય અને ઉપકરણમાં વીણા, અરિષ્ટોનું વાહન સસલું અને આયુધ કુહાડી, તેમજ કામાચારોનું વાહન ગરૂડ, અને આયુધ ચક્ર જણાવ્યું છે.

સામાન્યત: જૈનધર્મમાં દેવતાઓના ચાર વિભાગ જણાવ્યા હોઈ તેમાં જ્યોતિષી, વિમાનવાસી, ભવનપતિ અને વ્યંતર એમ અનુક્રમે નોંધ્યા છે. આ દરેક વિભાગના સ્વતંત્રદેવો જણાવતાં જ્યોતિષી વિભાગમાં નવગ્રહો, નક્ષત્રો, તેમજ તારાઓનો સમાવેશ કર્યો છે. વૈમાનિક દેવતાઓના બે પ્રકારો છે, તે પૈકી કેટલાક કલ્પાતીત અને બીજા કલ્પોપપન્ન. આ બીજા પ્રકારમાં સુધર્મા, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મા, લાંતક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુતની ગણના કરેલી છે. જ્યારે પ્રથમ વિભાગમાં નવગ્રૈવેયક અને અનુત્તર વિમાન એટલે પાંચ મુખ્ય સ્થાનો તેમાં વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થ-

સિદ્ધ એ નામો ધર્મશાસ્ત્રકારોએ સૂચવ્યાં છે. ભવનવાસી વર્ગમાં તેના દસ પેટા ભેદો જણાવતાં અસુર, નાગ, વિદ્યુત, સુવર્ણ, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિક્પાલ, ધનિક અને કુમારોના વર્ગો અનુક્રમે રજૂ કર્યા છે. બીજો પ્રકાર વ્યંતરનો છે, તેમાં તેના આઠ ભેદો કલ્પતાં પિશાચો, ભૂતો, રાક્ષસો, યક્ષો, કિન્નરો, કિંપુરુષો, મહોરગો અને ગંધર્વોની નોંધ આપેલી છે. આ સિવાય નીઃસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માનવ અને સંમુખ વ. નવ વિધાનદેવો હોવાનું શાસ્ત્રકારો કહે છે. વિશેષમાં માનભદ્ર, પુરણભદ્ર, કપિલ અને પિંગલને વીરદેવતા તરીકે પણ ગણાવ્યા છે. આ બધા દેવોની પ્રતિમાઓ બનાવવામાં આવતી હતી કે કેમ? તેની કોઈ માહિતી મળતી નથી, તેમ તેવી કોઇ મૂર્તિઓ પણ ગુજરાતમાંથી મળતી નથી.

હવે જૈન તંત્રવિધાનોમાં જણાવેલી કેટલીક દેવીઓ સંબંધી વિચારીએ. આમાં જણાવેલા દેવોનાં નામો તેમના પતિ ઉપરથી રાખવામાં આવ્યાં હોઈ, તે નામ ધરાવતા દેવો આ સંપ્રદાયમાં હતા એમ તો જરૂર લાગે છે. પરંતુ તંત્રવિધાનોમાં મોટેભાગે દેવીઓની ઉપાસના મુખ્ય હોવાથી તે બધી દેવીઓની સામાન્ય નોંધ અત્રે રજૂ કરવામાં આવી છે. આમાં પ્રત્યેક દેવીમંડળોનાં જ નામો રજૂ કરી શકાયાં હોઈ, દરેક દેવીઓનાં નામો વિસ્તાર ભયના કારણે આપવાનું બની શક્યું નથી. આવાં દેવીમંડલોમાં, (૧) સુરેંદ્રદેવીઓ, (૨) ચામરેન્દ્રદેવીઓ, (૩) બલિન્દ્રદેવીઓ, (૪) ધરણેન્દ્રદેવીઓ, (૫) ભૂતાનંદદેવીઓ, (૬) વેણુદેવીઓ, (૭) વેણુધારીદેવીઓ, (૮) હરિકાન્તદેવીઓ, (૯) હરિદેવીઓ, (૧૦) અગ્નિશિખાદેવીઓ, (૧૧) અગ્નિમાનવદેવીઓ, (૧૨) પુન્યદેવીઓ, (૧૩) વસિષ્ઠદેવીઓ, (૧૪) જલકાંતાદેવીઓ, (૧૫) જલપ્રભાદેવીઓ, (૧૬) અમીતગતીન્દ્રદેવીઓ, (૧૭) મીતવાહનદેવીઓ, (૧૮) વેલંબદેવીઓ, (૧૯) પ્રભંજનદેવીઓ, (૨૦) ગોસદેવીઓ, (૨૧) મહાગોસદેવીઓ, (૨૨) કાલદેવીઓ, (૨૩) મહાકાલદેવીઓ, (૨૪) સુરૂપદેવીઓ, (૨૫) પ્રતિરૂપેન્દ્રદેવીઓ, (૨૬) પૂર્ણભદ્રદેવીઓ, (૨૭) મણિભદ્રદેવીઓ, (૨૮) ભીમદેવીઓ, (૨૯) મહાભીમદેવીઓ, (૩૦) કિન્નરદેવીઓ, (૩૧) સત્પુરુષદેવીઓ, (૩૨) મહાપુરુષદેવીઓ, (૩૩) અહીકાયદેવીઓ, (૩૪) મહાકાયદેવીઓ, (૩૫) ગીતરાત્રીદેવીઓ, (૩૬) ગીતયશોદેવીઓ, (૩૭) સંન્નીહિતેન્દ્રદેવીઓ, (૩૮) સંમાન્નદેવીઓ, (૩૯) ધાત્રીંદ્રદેવીઓ, (૪૦) વિધાત્રીંદ્રદેવીઓ, (૪૧) રસીન્દ્રદેવીઓ, (૪૨) ઋષિપાલેન્દ્રદેવીઓ (૪૩) ઈશ્વરેન્દ્રદેવીઓ, (૪૪) મહેશ્વરેન્દ્રદેવીઓ, (૪૫) સુવક્સોદેવીઓ, (૪૬) વિશાલદેવીઓ, (૪૭) હસેન્દ્રદેવીઓ, (૪૮) હાસ્યરતીદેવીઓ, (૪૯) શ્વેતેન્દ્રદેવીઓ, (૫૦) મહાશ્વેતેન્દ્રદેવીઓ, (૫૧) પટગદેવીઓ, (૫૨) પટગરતીદેવીઓ, (૫૩) સૂર્યદેવીઓ, (૫૪) ચંદ્રદેવીઓ, (૫૫) સુધર્માશક્રેન્દ્રદેવીઓ, અને (૫૬) ઈશાનેન્દ્રદેવીઓ, વ.ના છપ્પન પ્રકારો જણાવ્યા છે.

આ બધી દેવીઓનાં વર્ણ, વાહનો, આયુધો વ. તેમના દેવો પ્રમાણે હોવાનું જણાવી, તેઓનાં વિસ્તૃત વર્ણનો આ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં વ્યવસ્થિતરૂપે રજૂ કર્યા છે. આમાં કેટલાકને બે, ચાર અગર વીસ હાથ હોવાનું જણાવ્યું હોઈ, દરેકની ધ્વજાઓ અને ધ્વજચિહ્નો જુદાં જુદાં નિરૂપ્યાં છે. આ બધા દેવોમાં મોટાભાગના દેવો હિંદુધર્મમાં જણાવ્યા છે, જેનાં વિધિવિધાનો વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવ્યાં છે[૩], આથી વૈદિક અને જૈનધર્મો પરસ્પર નિકટનું સામ્ય ધરાવતા હોવાનું જણાય છે. તેટલું જ નહિ પણ કેટલાક દેવોની ઉપાસના બંનેએ એકસદ્ધ સ્વીકારી હોવાનું માલૂમ પડે છે. ફક્ત બંનેનાં વિધિવિધાનોમાં કેટલોક સાંપ્રદાયિક ફેરફાર જોવામાં આવે છે. આ બધા દેવોનાં વ્યવસ્થિત વિધાનો જે તે ગ્રંથોમાંથી રજૂ કરી તેની પ્રતિમાઓ ક્યાં ક્યાંથી મળી શકે, તેની પ્રમાણભૂત માહિતી રજૂ કરી શકાય તેમ છે. પરંતુ આવી કોઈ પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી નથી એટલે તેનું વિશેષ વિવેચન આપવાની જરૂરત લાગતી નથી.

૩. શ્રી આત્મારામ શતાબ્દિગ્રંથ, શ્રી. ડૉ. બીનતોષ ભટ્ટાચાર્યનો લેખ.

ગુજરાતમાં જૈનધર્મ

ગુજરાતમાં જૈનધર્મનો પ્રચાર અને તેની પ્રાચીનતા વિષે અગાઉ હિંદુ, જૈન અને બૌદ્ધ ત્રણેના ઐતિહાસિક સમાલોચના પ્રકરણમાં માહિતી આપી હોવાથી તેની પુનરુક્તિ અત્રે કરવાની જરૂરત જણાતી નથી. છતાં એટલું તો કહેવું પર્યાપ્ત થશે કે જૈનધર્મ ગુજરાતમાં ઈ. સ. પૂર્વેથી પ્રચારમાં હતો એમ ચોક્કસ જણાય છે. કારણ ભગવાન કૃષ્ણના પિતરાઈ ભાઈ નેમિનાથ સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર જ થઈ ગયા છે. વળી ગિરનારના ખડક લેખમાં નિર્ગ્રંથોની નોંધ આપેલી છે. આ ઉપરાંત પણ કચ્છમાંથી એક શિલાલેખ મળ્યો છે, જેમાં સંવતના પહેલા બીજા સૈકાની અંદર જૈનધર્મનો પ્રચાર તે પ્રદેશમાં હોવાનું સૂચન છે. કાઠિયાવાડમાં આવેલા ઢાંક અને તળાજાની ગુફાઓ જૈનસાધુઓનાં નિવાસસ્થાનો હતાં એમ પુરાતત્ત્વના વિદ્વાનોનું માનવું છે. વલભિના રાજ્યકાળે ત્યાં જૈનધર્મ સારી રીતે જાણીતો હતો એમ દેવર્ધિગણીના ઉપક્રમથી વલભિમાં થયેલી બીજી વાચનાના ઐતિહાસિક ઉલ્લેખો ઉપરથી માલૂમ પડે છે. આ સિવાય ગિરનાર, શેત્રુંજા અને ભરૂચના કેટલાયે પૌરાણિક ઉલ્લેખો જૈનધર્મશાસ્ત્રો તેમજ પુરાણોમાં નોંધાયા છે. જેના આધારે તે બધા સ્થાનોમાં જૈનધર્મ પ્રાક્ ઐતિહાસિકકાળથી અસ્તિત્વમાં હતો એમ સમજી શકાય છે. સાતમા આઠમા સૈકામાં થયેલા ભરૂચના ગુર્જર રાજાઓ વીતરાગ અને પ્રશાંતરાગ બિરુદો ધરાવતા હતા એવા ઐતિહાસિક પ્રમાણો છે. જેથી તે બધા જૈનધર્મના અનુયાયીઓ હોવાનું અનુમાન કરી શકાય. નવમા સૈકામાં નવસારી દિગંબર સંપ્રદાયનું મુખ્ય મથક હતું એમ રાષ્ટ્રકૂટોના એક તામ્રપત્રના આધારે માલૂમ પડે છે. વલભી પછી પાટણની સ્થાપના થયા બાદ જૈનધર્મ ગુજરાતમાં ખૂબ ફાલ્યો હતો. કુમારપાળના રાજ્યકાળમાં તો તેણે રાજ્યધર્મ તરીકેની કીર્તિ સંપાદન કરી હતી. ચૌલુક્યોના રાજ્યઅમલમાં બંધાયેલાં આબુ ઉપરના દેલવાડાનાં મંદિરો ભારત વિખ્યાત છે. તેવી જ રીતે વસ્તુપાળ–તેજપાળે પણ આબુ અને શત્રુંજય પર્વત ઉપર કરોડો

રૂપિયા ખર્ચી જૈનમંદિરો બંધાવ્યાં હોવાના ઉલ્લેખો મળે છે. આવા ધર્મકર્મોમાં તત્કાલિન રાજાઓ પણ ધર્મવીર શ્રેષ્ઠીઓને પુરતી સહાય આપતા હતા એમ ઇતિહાસ કહે છે. આટલી સમીક્ષા ઉપરથી ગુજરાતમાં જૈનધર્મ ઈ. સ. પૂર્વેથી ઊતરી આવ્યો હોવાનું સ્પષ્ટ જણાય છે.

પ્રતિમાઓ

જૈનસંપ્રદાયમાં મુખ્યતઃ તીર્થંકરોની પ્રતિમાઓ ધ્યાનસ્થ તેમજ યોગાસનવાળી ખાસ હોય છે. તેમાં મોટાભાગની પ્રતિમાઓ પદ્માસન કે અર્ધપદ્માસનવાળી બેઠેલી ધ્યાનમુદ્રાવાળી, મુખ ઉપર શાંત અને ત્યાગ ધર્મનો ભાવ, શરીર નગ્ન કે શ્વેત વસ્ત્રથી આચ્છાદિત અને માથાના વાળ છૂટા કે લોચ કરેલા કવચિત્ બતાવવામાં આવે છે. જ્યારે દિગંબર સંપ્રદાયની પ્રતિમાઓ તદ્દન નગ્ન જ હોય છે. ચોવીસે તીર્થંકરો યોગધ્યાન પરાયણ જણાવવામાં આવતા હોવાથી તેમની બધી મૂર્તિઓ એક સરખી કલાવિન્યાસવાળી લાગે છે. છતાં પ્રત્યેકના પરિકરમાં તેમનાં વિશિષ્ટચિહ્નો (લાંછનો) કોતરવામાં આવતાં હોવાથી તેના આધારે તે કયા તીર્થંકરની પ્રતિમા છે તે સમજી શકાય છે. કુશાનકાળ સુધી તેમાં ચિહ્નો તીર્થંકરોના પરિકરોમાં મૂકવાની પ્રથા પ્રચારમાં ન હતી એમ મથુરાથી પ્રાપ્ત પ્રાચીન પ્રતિમાને આધારે જણાય છે. ત્યાર બાદ લાંછનની પ્રથા શરૂ થઈ હોવાનું વિદ્વાનો અનુમાને છે. તે પછીની મૂર્તિઓમાં તો લાંછનો ખાસ હોય છે જ. જ્યારે લાંછનો પરિકરોમાં મૂકવાની પ્રથા ન હતી ત્યારે તીર્થંકરના પગ નીચે પરિકરમાં ધર્મચક્ર મૂકવામાં આવતું હતું. તીર્થંકરોના લાંછનોનો પ્રચાર કુશાનકાળ સુધી અમલમાં આવ્યો હોય તેમ જણાતું નથી. આ સિવાય પ્રત્યેક તીર્થંકરના વક્ષસ્થળમાં ભગવાન શ્રીકૃષ્ણના જેવું શ્રીવત્સનું ચિહ્ન બનાવવામાં આવે છે.

તીર્થંકરોની પ્રતિમાઓના બે પ્રકારો મળે છે. તે પૈકી એક પદ્માસનસ્થ અને બીજી ઊભી કાયોત્સર્ગ–તપનો ભાવ વ્યક્ત કરતી.

બુદ્ધની પ્રતિમાઓ આ જ પ્રકારની હોય છે. પરંતુ તેને વક્ષપ્રદેશમાં શ્રીવત્સ કે પરિકરમાં લાંછન (ચિહ્ન) હોતું નથી છતાં યોગારૂઢ ધ્યાનસ્થ મૂર્તિ તેની બનાવવામાં આવે છે. વિશેષમાં તીર્થંકરોની માફક માથા ઉપર છત્રની કલ્પના પણ બતાવવામાં આવતી નથી. આમ સામાન્ય દૃષ્ટિએ જૈન તીર્થંકરો અને બુદ્ધની પ્રતિમા કલાવિધાનમાં એક સરખી લાગે છે. છતાં તેમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઘણો જ ફેરફાર હોય છે. જૈનમંદિરોમાં એક કરતાં વધુ તીર્થંકરોની મૂર્તિઓ બેસાડેલી હોય છે. પરંતુ ગર્ભાગારમાં બેસાડેલી મુખ્ય પ્રતિમા જ પ્રધાન ગણાતી હોઈ તેને મૂલનાયક કહેવામાં આવે છે.

બૃહત્સંહિતાકાર જિનપ્રતિમાના કલાવિધાનની નોંધ આપતા જણાવે છે કે 'જેના હાથ આજાનબાહુ એટલે ઢીંચણ સુધી પહોંચેલા, છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન, દિગંબર તરુણ અને સ્વરૂપવાન એવી પ્રશાંત મૂર્તિ અર્હત્‌દેવની પ્રતિમા બનાવવી[૪]. આવું જ વર્ણન પ્રતિષ્ઠા-સારોદ્ધારમાં પણ જણાવ્યું છે. આમ જિનમૂર્તિ સૌમ્ય, શાંત અને યોગધ્યાનવાળી બનાવવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું છે. વધુમાં પ્રત્યેક તીર્થંકરોનાં લાંછનો તેમના પરિકરમાં મૂકવાનું પણ જણાવ્યું છે. પ્રવચન સારોદ્ધાર તથા અભિધાન ચિન્તામણિ નામમાલામાં ઋષભાદિ ચોવીસ તીર્થંકરોનાં લાંછનો અનુક્રમે ગણાવતાં વૃષભ, હાથી, ઘોડો, વાનર, ક્રૌંચ, કમળ, સ્વસ્તિક, ચંદ્ર, મકર, શ્રીવત્સ, ગેંડો, પાડો, ભૂંડ, શ્યેન, વજ્ર, હરિણ, બકરો, નંદ્યાવર્ત, ઘટ, કૂર્મ, નીલોત્પલ, શંખ, નાગ અને સિંહ વ. રજૂ કરે છે[૫]. આવી જ નોંધ રૂપમંડન તથા રૂપાવતારમાં પણ

૪. બૃહત્સંહિતા, અ. ૫૮, શ્લોક ૪૮.

૫. वसह गय तुरय वानर कुंच कमलं व सत्थिओ चंदे ।
मयर सिरिवच्छ गंडय महिस वराहो वसगोय॥ ३७९ ॥
वज्जं हरिणो छगल नंदावत्तोय कलस कुंभोय। '
नीलुप्पल संखऋ फणी सिंहो अजिणाण चिइन्धाइ॥ ३८० ॥
प्रवचन सारोद्धार-द्वार. १६

આપેલી છે[૬]. આમ દરેક જિનભગવાનની મૂર્તિમાં લાંછનો મૂકવામાં આવતાં હતાં જેના આધારે તે કયા તીર્થંકરની મૂર્તિ છે તે જાણી શકાય છે. તીર્થંકરોની મૂર્તિઓના ત્રણ પ્રકારો જણાવવામાં આવ્યા છે. (૧) સુંદર દેવદેવીઓ કોતરેલા પરિકરવાળી (૨) સાદી, ફક્ત પૂજા માટેની (૩) આયાગપટ્ટોમાંની. આ ત્રણેમાં જિનભગવાનનું કલાવિધાન એકસરખું જ હોય છે, ફક્ત પરિકરો અને આજુબાજુના શિલ્પોમાં જ સામાન્ય ફેરફાર જણાય છે.

ઋષભદેવ–આદિનાથ

ઋષભદેવ ભગવાન જૈનધર્મના પ્રથમ તીર્થંકર હોવાથી તેમને આદિનાથ પણ કહેવામાં આવે છે. વળી વૃષભનાથ તરીકે પણ તેમને સંબોધવાનું જૈનધર્મ ગ્રંથોમાં વિકલ્પ દાખલ જણાવ્યું છે. હિન્દુધર્મમાં ઋષભદેવને વિષ્ણુના એક અવતાર તરીકે માન્યા છે.તેમણે લાખો વર્ષ સુધી રાજ્ય કર્યા બાદ સાધુદીક્ષા લઈ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમના મુખ્ય ગણધર પુંડરીક ગણાય છે. તેમના ચિતાસ્થાન ઉપર સો સ્તૂપો બાંધવામાં આવ્યા હતા. તેમનું દેવવૃક્ષ ન્યગ્રોધ (વડ), યક્ષ ગોમુખ અને યક્ષિણિ ચક્રેશ્વરી હોવાનું ધર્મગ્રંથોના આધારે જણાય છે. જ્યારે તેઓ માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતાએ જે સ્વપ્નો જોયાં તેમાં સૌથી પહેલો વૃષભ સ્વપ્નમાં આવ્યો હતો. આથી લાંછનમાં તેને પ્રથમ સ્થાન મળ્યું છે. તેમના યક્ષ ગોમુખનું મોઢું પણ વૃષભના જેવું જ હોવાનું તેમના વર્ણનમાં છે.

આદિનાથ ઋષભદેવની સેંકડો નાની મોટી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. આવી એક ભવ્યમૂર્તિ આબુ ઉપર વિમલવસહિમાં બેસાડેલી છે. વિમલવસહિના તે મૂળનાયક હોઈ તેમની પ્રતિમા આદર્શ નમૂનેદાર બનાવવામાં આવી છે. તેમના પરિકર અને પીઠિકામાં યક્ષ,

૬. રૂપમંડન, અ. ૬, શ્લો. ૫-૬; રૂપાવતાર, અ. ૭, શ્લો. ૫-૬; અભિધાન ચિન્તામણિ નામમાલા ૧, શ્લો. ૪૭-૪૮

શાસનદેવી, ઇંદ્રો, ન્યગ્રોધવૃક્ષ, છત્ર વ. કોતરવામાં આવ્યું છે. તદ્‌ઉપરાંત વૃષભનું લાંછન નીચે સુંદર રીતે બતાવ્યું છે. શત્રુંજય ઉપર સૂર્યકુંડના દરવાજા પાસે ઋષભદેવ ભગવાનનું તેરમા સૈકામાં બંધાવેલું પ્રાચીન મંદિર છે. તેમાં પણ ઋષભદેવ ભગવાનની કમનીય પ્રતિમા બેસાડેલી છે. આવી જ બીજી પ્રાચીન પ્રતિમાઓ ખંભાતના બોરાવાડમાં આવેલા મંદિરમાં, શંખેશ્વર પાર્શ્વનાથના મંદિરની અંદર ચોથા નંબરની દહેરીમાં, પાટણના અષ્ટાપદજીમાં, ગિરનાર ઉપર મેલકવશિની ટુંકમાં સજ્જનમંત્રીએ બંધાવેલા મંદિરમાં, ચોમુખજીની ટુંકમાં, દહેગામ તાલુકાના મગોડી ગામમાં આવેલા મંદિરમાં, શત્રુંજય ઉપર રામપોળમાં પેસતાં જમણા હાથ ઉપર મોતીશા શેઠની ટુંકના મુખ્ય દહેરાસરમાં, તળાજા પાસેની તાલધ્વજ ટેકરી ઉપર, આબુ ઉપર ભામાશાહના મંદિરમાં, અને મુંબાઈના ગોડીજીના દહેરાસરમાં બેસાડેલી છે. વિજાપુર પાસે મહુડી ગામમાંથી મળેલી ધાતુમૂર્તિઓમાં આદિનાથ ભગવાનની પણ એક પ્રતિમા છે, જે છઠ્ઠા સાતમા સૈકાની હોવાનું તેની પાછળના લેખ ઉપરથી સમજાય છે. આમ ગુજરાતમાંથી આદિનાથ ભગવાનની પ્રાક્‌કાલિન મૂર્તિઓ મળે છે, મધ્યકાળની તો સેંકડો મૂર્તિઓ મળે છે, જેની લાંબી યાદી આપી વધુ વિસ્તાર કરવાનું અત્રે આવશ્યક નથી. અકોટાથી પ્રાપ્ત ઋષભનાથની ધાતુપ્રતિમા એક ગુપ્તતરકાલનો વિરલ નમૂનો ગણી શકાય. શ્રી ડૉ. ઉમાકાન્તભાઈ શાહે 'કુમાર'માં તેનું વિશદ વિવેચન આપ્યું છે[૭]. વડોદરા મ્યૂઝિયમમાં મૂકેલી ધ્યાનસ્થ ભગવાન ઋષભદેવની ધાતુપ્રતિમા કાયોત્સર્ગ સૂચવતી અકોટામાંથી મળેલી. જેનું કલાસૌષ્ઠવ અદ્‌ભૂત સૌંદર્ય પ્રકટ કરે છે. શ્વેતાંબર તીર્થંકર પ્રતિમાઓમાં અતિપ્રાચીન પ્રતિમા એવી આ ધાતુપ્રતિમા પાંચમા સૈકાની હોવાનું જૈનપ્રતિમા અને કલાશાસ્ત્રના વિદ્વાન વિવેચક ડૉ. ઉમાકાન્તભાઈ શાહે જણાવ્યું છે.

૭. ડૉ. ઉમાકાન્ત શાહ, કુમાર, ફેબ્રુઆરી, ૧૯૫૨ના અંકમાં 'ગુજરાતનું પ્રાચીન શિલ્પધન' નામનો લેખ.

અજિતનાથ

બીજા તીર્થંકર અજિતનાથ ગણાય છે, જેમનું લાંછન હાથી જણાવેલું છે. તેમની માતાએ જે સ્વપ્નો જોયાં તેમાં હાથી મુખ્ય હોવાથી આ લાંછન રાખવામાં આવ્યું છે. અજિતનાથ ભગવાનની પ્રતિમા ઊભી કે બેઠી ધ્યાનસ્થ હોય છે. જૈન પારિભાષિક ભાષામાં "ખડ્‌ગાસનમૂર્તિ" એમ શાસ્ત્રકારો જણાવે છે. તેમના કેટલાક પરિકરોમાં લાંછનની માફક યક્ષયક્ષિણી વ.ને પણ અંકિત કર્યાં હોવાનું માલૂમ પડે છે. અજિતનાથની કેટલીક પ્રાચીન મૂર્તિઓ ગુજરાતમાંથી મળી છે. તેમાં તારંગા પર્વત ઉપર કુમારપાળે બેસાડેલી પ્રતિમા નમૂનેદાર અને રમ્ય છે. આ સિવાય પ્રભાસમાં અજિતનાથ ભગવાનનું મંદિર હોઈ, તેમાં મૂળનાયક તરીકે તેઓ બિરાજે છે. બનાસકાંઠા જિલ્લામાં પાલણપુર પાસે મોડકા ગામમાં અજિતનાથ ભગવાનનું એક પ્રાચીન જિનાલય છે. તદ્‌ઉપરાંત અમદાવાદમાં શ્રીપાળની પોળમાં, સૂરતમાં નામાવાળાની-પોળમાં, થાન અને ધાંગધ્રાના જૈનમંદિરોમાં તેમજ આબુ ઉપર વિમલવસહિની દહેરી નં. ૪ તથા ૪૪માં અજિતનાથની ભવ્ય અને પ્રાચીન મૂર્તિઓ મળી આવે છે. આ સિવાય બીજી પણ કેટલી યે પ્રાચીન-અર્વાચીન પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. ભક્તરાજ સગર ચક્રવર્તિ, પરિચારક તરીકે તેમને ચામર ઢોળે છે. તેમની શાસ્ત્રીયરાશી વૃષ છે.

સંભવનાથ

ત્રીજા તીર્થંકર સંભવનાથ છે. તેમનું સંભવનાથ નામ શાથી પડ્યું તે માટે શાસ્ત્રકારો આખ્યાયિકા આપે છે. તેમનું લાંછન ઘોડો, યક્ષ ત્રિમુખ અને યક્ષિણી દુરિતારી હોવાનું જણાવ્યું છે.

બીજા તીર્થંકરોના હિસાબે સંભવનાથની મૂર્તિઓ થોડીક જોવામાં આવે છે. આબુ ઉપર વિમલવસહિની નં. ૨૫મી દહેરીમાં, લૂણવસહિમાં, પીત્તલગૃહ ભામાશાહના મંદિરની પહેલી દહેરીમાં, અમદાવાદમાં ગોસાઈની પોળના જિનમંદિરમાં, સુરતના ગોપીપરાના મંદિરમાં અને અમદા-

વાદની મહુરતપોળના જિનાલયમાં સંભવનાથની સુંદર પ્રતિમાઓ જોવા મળે છે. તેમાં દરેકના પરિકર નીચે લાંછન તરીકે ઘોડો અને બન્ને બાજુ ખૂણા ઉપર યક્ષયક્ષિણીઓ કોતરવામાં આવ્યાં છે. વળી કેટલાંકમાં તો તોરણો, ચામરધારી દેવો, ઇંદ્રો, નવગ્રહો વ. પણ વ્યક્ત કર્યાં છે.

અભિનંદનનાથ

ચોથા તીર્થંકર અભિનંદનનાથ મનાય છે. તેમનું લાંછન કપિ-વાનર, યક્ષ ઈશ્વર અને શાસન દેવી કાલિ છે.

અભિનંદન સ્વામીની પણ થોડીક પ્રતિમાઓ મળે છે. તેમાં શેત્રુંજય ઉપર કેશવજીની ટુંકમાં આવેલા દહેરાસરની પ્રતિમા મુખ્ય છે. ત્યાં મૂળ નાયક તરીકે તેઓ બિરાજે છે. આ સિવાય બેરાણુ તાલુકાના પીપરદર ગામમાં, પાટણના કોકાનાપાડામાં, સાણંદ તાલુકાના મોગર-ગામમાં અને ખંભાતમાં લાડવાડની અંદર આવેલા જૈનમંદિરમાં અભિનંદન ભગવાનની પ્રાચીન અને નમૂનેદાર મૂર્તિઓ મળે છે.

સુમતિનાથ

સુમતિનાથ એ પાંચમા તીર્થંકર છે. તેમનું લાંછન ક્રૌંચ અને શાસનદેવી મહાકાલિ છે.

ગુજરાતમાંથી સુમતિનાથની પ્રતિમાઓ સારા પ્રમાણમાં મળે છે. આબુ ઉપર વિમલવસહિની દહેરી નં. ૨૭માં તેમજ લૂણવસહિની દહેરી નં. ૪૦માં સુમતિનાથ ભગવાનની સુંદર અને પ્રાચીન પ્રતિમાઓ બેસાડેલી છે. આ ઉપરાંત અમદાવાદ ફતાશાની પોળમાં, પીપરડીની-પોળમાં, શંખેશ્વરમાં દેરી નં. ૪૮માં, શેત્રુંજય ઉપર નમણના ટાંકા પાસે તથા ચૌમુખના રસ્તે વ. સ્થાનોના જૈનમંદિરોમાંથી સુમતિનાથની નમૂનેદાર મૂર્તિઓ મળી છે. આ સિવાય અર્વાચીન કાળની તો સંખ્યાબંધ પ્રતિમાઓ મળે છે.

પદ્મપ્રભ

છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભ છે. તેમનું લાંછન રક્તકમળ, યક્ષ કુસુમ અને શાસનદેવી શ્યામા છે. પદ્મ એ કમળનું જ અપર નામ હોઈ, તેમનું લાંછન પણ પુષ્પ અને યક્ષનું પણ કુસુમ એટલે ફૂલનામ જોતાં પુષ્પ સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ હોવાનું માલૂમ પડે છે.

આ તીર્થંકરની સંખ્યાબંધ પ્રાચીન અર્વાચીન પ્રતિમાઓ મળે છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૨૮માં, તેમજ લૂણવસહિની દેરી નં. ૪૧માં તેમની મનોરમ પ્રતિમાઓ બેસાડેલી છે. આ સિવાય શેત્રુંજય ઉપર હાથીપોળ પાસે, કપર્દિયક્ષની બાજુમાં, મોતીશાની ટુંકમાં, ધીણોજ પાસે પિંડારપુરા ગામમાં, વિજાપુર તાલુકાના આજોલ ગામમાં, મહુડીમાં, ડાંગરવા નજદીક બોરૂ ગામમાં, દહેગામ તાલુકાના પ્રાંતિયા ગામમાં, અમદાવાદમાં તળીયાની પોળની અંદર અને સૌરાષ્ટ્રમાં વંથલી વ. ગામોના જૈનમંદિરમાં પદ્મપ્રભુની આહ્લાદક મૂર્તિઓ મળી આવે છે. આ સિવાય પણ બીજી કેટલીયે મૂર્તિઓ મળે છે.

સુપાર્શ્વનાથ

આ સાતમા તીર્થંકર છે. એમનું લાંછન સ્વસ્તિક હોવા છતાં, કોઈ કોઈ ગ્રંથકારો એક, પાંચ કે નવ ફેણવાળો નાગ હોવાનું કહે છે. તેમના યક્ષ માતંગ અને શાસનદેવી શાંતિ છે.

સુપાર્શ્વનાથની જે થોડી ઘણી મૂર્તિઓ મળે છે, તે પૈકી આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૨૯માં, તેમજ લૂણવસહિની દેરી નં. ૪૨માં બેસાડેલી પ્રતિમાઓ પ્રાચીન તેમજ રમ્ય છે. આ ઉપરાંત રાજકોટમાં માંડવીચોકની અંદર આવેલા મંદિરમાં, શેત્રુંજય ઉપર મોતીશાની ટુંકમાં આવેલા જૈનદેરાસરમાં શંખેશ્વરની દેરી નં. ૧ તથા ૭માં સુપાર્શ્વભગવાન-ની મૂર્તિઓ બેસાડેલી છે.

ચંદ્રપ્રભ

એ આઠમા તીર્થંકર છે. તેમનું લાંછન ચંદ્ર છે અને યક્ષિણી

જોડુટી છે, જ્યારે તેઓ માતાના ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાને ચંદ્રનું પાન કરવાનું દોહદ થયું, અને સ્વપ્નમાં તેમણે તેમ કર્યું. આથી તેમનું ચંદ્રપ્રભ નામ પડયું હોવાનું કહે છે.

ચંદ્રપ્રભ ભગવાનની તો સંખ્યાબંધ પ્રતિમાઓ મળે છે. પ્રભાસમાં જૈનદેરાસરોના મુખ્ય મંદિરમાં ચંદ્રપ્રભ ભગવાનની ભવ્ય પ્રતિમા બેસાડેલી છે. ગિરનાર ઉપર વસ્તુપાલ તેજપાલની ટુંકમાં ચંદ્રપ્રભ ભગવાનનું મંદિર છે, તેમાં પણ તેમની અદ્વિતીય પ્રતિમા બેસાડવામાં આવી છે. આ સિવાય વંથલીમાં આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૨૬માં, લુણવસહિની દેરી નં. ૧૬માં શેત્રુંજય ઉપર મોતીશાની ટુંકમાં, તેમજ પુણ્યપાપની બારી પાસે આવેલા દેરાસરમાંથી ચંદ્રપ્રભ તીર્થંકરની મૂર્તિઓ મળે છે. આ બધી મૂર્તિઓ બારમા તેરમા સૈકાથી અર્વાચીન નથી. ત્યાર પછીની તો કેટલી યે તેવી પ્રતિમાઓ મળે છે.

સુવિધિનાથ

એ નવમા તીર્થંકર છે. તેમનું લાંછન મકર (મગર), યક્ષ અજીત અને શાસનદેવી સુતારા છે. આ તીર્થંકરને પુષ્પદંત પણ કહેવામાં આવે છે.

બીજા તીર્થંકરોના મુકાબલે સુવિધિનાથની મૂર્તિઓ જુજ મળે છે. પ્રભાસપાટણમાં તેમનું મંદિર હોઈ, તેમાં તેઓ મૂળ નાયક તરીકે બિરાજે છે. અમદાવાદની રતનપોળમાં આવેલી વાઘણપોળમાં, સુવિધિનાથ ભગવાનનું મંદિર આવેલું છે, તેમાંની પ્રતિમા પ્રાચીન છે. આ સિવાય આબુ ઉપર લુણવસહિની દેરી નં. ૪૪માં, ખંભાતમાં શેરડીવાળાની પોળમાંના દેરાસરમાં, ગિરનાર ઉપર શિગરામ સોનીની ટુંકમાં તથા શંખેશ્વરમાં દેરી નં. ૩૪ની અંદર બેસાડેલી સુવિધિનાથ ભગવાનની મૂર્તિઓ અનન્ય છે.

શીતલનાથ

આ દશમા તીર્થંકર છે. તેમનું લાંછન શ્રીવત્સ, યક્ષ બ્રહ્મા તથા શાસનદેવી અશોકા છે.

આબુ ઉપર વિમલવસહિની દેરી. નં. ૩૭માં શીતલનાથની સુંદર પ્રતિમા બેસાડેલી છે. અમદાવાદમાં મહુરતપોળની અંદર શીતલનાથ ભગવાનનું મંદિર છે, આ સિવાય વંથલીમાં, અંકલેશ્વરમાં, ખંભાતમાં કુંભારવાડાની અંદર તેમજ પાટણના મણિયાતી પાડામાં અને ખેતરપાળના પાડામાં શીતલનાથનાં મંદિરો છે જ્યાં તેમની દર્શનીય પ્રતિમાઓ બેસાડેલી છે. જોકે શીતલનાથની સંખ્યાબંધ મૂર્તિઓ ગુજરાતમાંથી મળે છે, પરંતુ આદીશ્વર, પાર્શ્વનાથ વ.ની સરખામણીમાં તેની સંખ્યા અલ્પ જ છે.

શ્રેયાંસનાથ

આ અગિયારમા તીર્થંકર છે. તેમનું મૂળ નામ વિષ્ણુ હતું જે પાછળથી શ્રેયાંસ નામથી વિખ્યાત થયું. તેમનું લાંછન ગેંડો, ખડગીજીવ, યક્ષયક્ષો, યક્ષિણીમાનવી, દિગંબરમતે ઈશ્વરયક્ષ અને શાસનદેવી ગૌરી છે.

આ તીર્થંકરની ઘણી જ થોડી પ્રતિમાઓ મળે છે. સમસ્ત ગુજરાતમાંથી તેમની ભવ્ય અને અપ્રતિમ દસ પંદર મૂર્તિઓ પણ મળી શકતી નથી. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૧૮માં તેમની અભિનવ પ્રતિમા બેસાડેલી છે. તેવી જ રીતે શેત્રુંજય પર્વત ઉપર હાથીપોળ નજીક શ્રેયાંસનાથ ભગવાનનું મંદિર આવેલું છે, જે સં. ૧૬૭૫માં તૈયાર થયું હતું. તેમાં બેસાડેલી પ્રતિમા પણ તેટલી પ્રાચીન હોય તે નિર્વિવાદ છે. આ સિવાય અમદાવાદ પાસે ઉણાદ ગામમાં પણ આ ભગવાનનું એક મંદિર હોવાનું જણાવ્યું છે. શંખેશ્વરમાં દેરી નં. ૬માં આ તીર્થંકરની એક સુંદર પ્રતિમા બેસાડેલી છે.

વાસુપૂજ્ય

એ બારમા તીર્થંકર છે. તેમનું લાંછન પાડો, મહિષ, યક્ષ કુમાર, યક્ષિણી ચંડા, દિગંબરમતે ગાંધારી છે.

આ તીર્થંકરની સંખ્યાબંધ પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવે છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૧૩માં, તેમજ

લૂણવસહિની પહેલી દેરીમાં વાસુપૂજ્યની મૂર્તિઓ છે. આ સિવાય જામનગરમાં તે નામથી ઓળખાતા મંદિરમાં, અમદાવાદ રતનપોળ પાસેના પાંજરાપોળના મંદિરમાં, વડોદરા પ્રાંતના શિનોર ગામમાં, આતરસુંબામાં, હારીજ તાલુકાના બોરતવાડામાં, શેત્રુંજય ઉપર લાલાવશીની ટુંકમાં, પાટણમાં ફોફળીઆવાડામાં તેમનાં મંદિરો હોઈ તેમાં મૂળ નાયક તરીકે વાસુપૂજ્યની દર્શનીય પ્રતિમાઓ છે.

વિમલનાથ

આ તેરમા તીર્થંકર છે. તેમનું લાંછન વરાહ, યક્ષષણ્મુખ, યક્ષિણી વિદીતા, દિગંબરમતે વૈરોટ્યા છે.

વિમલનાથની કેટલીક પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૫૦માં તેમની સુંદર પ્રતિમા છે. આ સિવાય શેત્રુંજય ઉપર નમણના ટાંકા પાસેના મંદિરમાં, અમદાવાદમાં મહુરતપોળના દેરાસરમાં, ડીસા પાસે મોટીવાવડી નામના જૈનમંદિરમાં, શંખેશ્વરમાં દેરી નં. ૨૩માં અને ધિણોજ પાસે આવેલા ચવેલી ગામના જૈનમંદિરમાં વિમલનાથની મૂર્તિઓ બેસાડેલી છે.

અનંતનાથ

આ ચૌદમા તીર્થંકર છે. તેમનું લાંછન શ્વેતાંબરમતે બાજ અને દિગંબરમતે રીંછ, યક્ષ પાતાલ, યક્ષિણી અંકુશા દિગંબરમતે અનંતમતી છે.

અનંતનાથની સંખ્યાબંધ મૂર્તિઓ ગુજરાતમાંથી મળતી હોવાનું માલૂમ પડે છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૩૬માં તથા લૂણવસહિની દેરી નં. ૪માં અનંતનાથની મૂર્તિઓ બેસાડેલી છે. આ સિવાય શેત્રુંજય ઉપર વાઘણપોળ પાસે, કાઠિયાવાડના વંથલી ગામમાં, ભરૂચમાં શ્રીમાળીપોળની અંદર, શંખેશ્વરમાં દેરી નં. ૧૦માં, વિસનગરમાં કાજીવાડા નામક મહોલ્લામાં અને સાંતલપુર તાલુકાના

સાંતલપુર ગામમાં અનંતનાથ ભગવાનનાં મંદિરો છે, જેમાં તેમની રમ્ય પ્રતિમાઓ સ્થાપન કરેલી છે. આવી બીજી પણ કેટલીક મૂર્તિઓ મળે છે.

ધર્મનાથ

આ પંદરમા તીર્થંકર છે. તેમનું લાંછન વજ્રદંડ, યક્ષ કિંનર અને યક્ષિણી કંદર્પા, દિગંબરમતે માનસી છે.

ગુજરાતમાં ધર્મનાથ ભગવાનની મૂર્તિઓ કેટલાંક મંદિરોમાં બેસાડેલી જોવામાં આવી છે. આબુ ઉપર વિમલવસહિમાં સૌથી પહેલી દેરીની અંદર તેમની સુંદર મૂર્તિ જોવામાં આવે છે. આ સિવાય શેત્રુંજય ઉપર હુંબડના દેરા પાસે, મોતીશાની ટુંકમાં, અમદાવાદ ટંકશાળમાં, હઠીસિંહની વાડીમાં, દેવમાતાના પાડામાં, ગુસાપારેખની પોળમાં, ભરૂચ પાસે કાવીમાં, શંખેશ્વરમાં દેરી નં. ૪૬માં અને સિદ્ધપુર તાલુકાના મછાવા ગામમાં ધર્મનાથનાં મંદિરો છે. તેમાં આ ભગવાનની અનુપમ પ્રતિમાઓને સ્થાપન કરેલી છે.

શાંતિનાથ

જૈનપુરાણોના કથન મુજબ બીજા બધા તીર્થંકરોમાં શાંતિનાથનું સ્થાન કંઈક મહત્ત્વનું છે. તે સોળમા તીર્થંકર છે. તેમનું લાંછન હરિણ, યક્ષ ગરુડ અને યક્ષિણી નિર્વાણી, દિગંબરમતે કિંપુરુષ અને મહામાનસી છે.

શાંતિનાથ ભગવાનની સંખ્યાબંધ મૂર્તિઓ ગુજરાતમાં અનેક સ્થળોએથી મળે છે. શેત્રુંજય ઉપર વાઘણપોળમાં ડાબા હાથ તરફના દેરામાં શાંતિનાથની ભવ્ય પ્રતિમા બેસાડેલી છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૩ તથા ૧૨માં, તેમજ લૂણવસહિની દેરી નં. ૧૪માંથી પણ તેમની સુંદર મૂર્તિઓ મળી છે, આ સિવાય ઈડરમાં રૂઠીરાણીના મહેલ પાસે, જામનગરમાં દેરાસરનાચોકમાં, શંખેશ્વરમાં દેરી નં. ૪૦માં,

અમદાવાદ સાંકડીશેરીની અંદર, અને ગિરનાર ઉપર જ્ઞાનવાવ નજદીક શાંતિનાથનાં ભવ્ય મંદિરો છે, જેમાં શાંતિનાથભગવાનની શાંત–ધ્યાનમગ્ન અપ્રતિમ પ્રતિમાઓ બેસાડેલી છે. આ ઉપરાંત શાંતિનાથભગવાનનાં કેટલાયે મંદિરો, અને મૂર્તિઓ ગુજરાતમાંથી મળી આવે છે.

કુંથુનાથ

એ સત્તરમા તીર્થંકર છે. તેમનું લાંછન બકરો, યક્ષ ગંધર્વ અને યક્ષિણી બલા, દિગંબરમતે વિજયા છે.

કુંથુનાથ ભગવાનની પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે, પરંતુ બીજા તીર્થંકરોના મુકાબલે તેની સંખ્યા અલ્પસ્વલ્પ જ ગણાય. આબુ ઉપર વિમલવસહતી દેરી નં. ૫માં તેમની દર્શનીય મૂર્તિ બેસાડેલી છે. વળી અચલગઢમાં તેમનું પ્રાચીન મંદિર જોતાં તેમાંની પ્રતિમા પણ પ્રાચીનકાળની છે. આ સિવાય શેત્રુંજય ઉપર ઊજમબાઈની ટૂંકમાં, ખરતર વસતી ચૌમુખના રસ્તામાં, તળાજા ઉપર સુમતિનાથ અમર સાચાદેવના મંદિરમાં, અમદાવાદ રાજામહેતાની પોળની અંદર લક્ષ્મીનારાયણની પોળમાં, શંખેશ્વરમાં દેરી નં. ૩માં અને વડોદરામાં ઘડિયાળી પોળના દેરાસરમાં કુંથુનાથ જિનની આનંદદાયક તેમજ રમ્ય પ્રતિમાઓ સ્થાપન કરવામાં આવી છે. આ ઉપરાંત કોઈ કોઈ ઠેકાણેથી બીજી પણ તેમની મૂર્તિઓ ક્વચિત્ મળી આવી છે.

અરનાથ

તે અઢારમા તીર્થંકર છે. તેમનું લાંછન નંદ્યાવર્ત (એક પ્રકારના સ્વસ્તિક), યક્ષ યક્ષેન્દ્ર, યક્ષિણી ધારિણી, દિગંબરમતે અજિતા છે.

આ તીર્થંકરની પ્રતિમાઓ ક્વચિત્ જોવામાં આવે છે. આબુ ઉપર દેરી નં. ૩૪માં તેમની મૂર્તિ બેસાડેલી છે. આ સિવાય વિજાપુરના સુનારપાડા પાસે, ખંભાતમાં ઝીરાળાવાડામાં, ડભોડા પાસે મોટા ઇસનપુરમાં, શંખેશ્વરમાં દેરી નં. ૪૧ની અંદર તથા તલોદ પાસે સાદરામાં આ ભગવાનનાં મંદિરો છે, તેમાં અરનાથની દર્શનીય

મૂર્તિઓ બેસાડવામાં આવી છે. ગુજરાતમાંથી અરનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાઓ ઘણી જ થોડી મળે છે.

મલ્લિનાથ

એ ઓગણીસમા તીર્થંકર છે. તેમનું લાંછન કુંભ, યક્ષ કુબેર અને યક્ષિણી ધરણપ્રિયા, દિગંબરમતે અપરાજિતા છે.

મલ્લિનાથ ભગવાનની મૂર્તિઓ પણ ગુજરાતમાંથી થોડીક જ મળે છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૪૦માં તેમની પ્રતિમા બેસાડેલી છે. આ સિવાય પ્રભાસપાટણમાં, બારેજડી પાસે ધરોડામાં અને ખંભાતના ભોંયરા પાડામાં તેમનાં મંદિરો હોઈ તેમાં મલ્લિનાથની અનુપમ પ્રતિમાઓ સ્થાપિત કરેલી જોવામાં આવે છે. ભોયણીતીર્થ તો મલ્લિનાથના તીર્થ તરીકે જ સુપ્રસિદ્ધ છે.

મુનિસુવ્રત

એ વીસમા તીર્થંકર છે. તેમનું લાંછન કૂર્મ, યક્ષ વરુણ, યક્ષિણી વરદત્તા, દિગંબરમતે બહુરૂપિણી છે.

તેમની પ્રતિમાઓ પણ મલ્લિનાથ અને અરનાથની માફક ગુજરાતમાં બહુ જ થોડી મળે છે. આબુ ઉપર વિમલવસહિની અંદર દેરી નં. ૬ અને ૧૧માં તથા લૂણવસહિની દેરી નં. ૧૯માં તેમની પુનિત પ્રતિમાઓ સ્થાપન કરેલી છે. આ સિવાય સાંતલપુરમાં, જામનગરમાં અને અમદાવાદ ઢાલની પોળમાં આ ભગવાનનાં મંદિરો છે, જેમાંથી આ જિન ભગવાનની ઝાંખી કરી શકાય તેમ છે.

નમિનાથ

આ એકવીસમા તીર્થંકર છે. તેમનું લાંછન નીલકમલ, દિગંબરમતે અશોકવૃક્ષ, યક્ષ ભ્રકુટી, યક્ષિણી ગાંધારી, દિગંબરમતે ચામુંડી છે.

નમિનાથ ભગવાનની મૂર્તિઓ ગુજરાતમાંથી ગણીગાંઠી જ મળે છે.

બીજા બધા તીર્થંકરોની થોડી ઘણી મૂર્તિઓ પણ મળે છે, જ્યારે આ ભગવાનની તો કવચિત્ કોઈ ઠેકાણેથી પ્રતિમા જોવા મળે છે, તેનું શું કારણ હશે તે જાણી શકાયું નથી. ચોવીસે તીર્થંકર ભગવાનો શ્રદ્ધેય જૈનસમાજને તો સમાન હોવા છતાં, નમિનાથની મૂર્તિઓનો શાથી ગુજરાતમાં વધુ પ્રચાર ઉતર્યો નહિ હોય તે સમજી શકાતું નથી. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૪ અને ૪૫માં નમિનાથની મૂર્તિઓ સ્થાપન કરેલી છે. આ સિવાય એકવીસમા તીર્થંકર ભગવાન નમિનાથનાં મંદિરો કે તેમની બીજી પ્રતિમાઓ મળતી હોવાની કોઈ નોંધ મળી નથી. જૈનસંપ્રદાયના આરૂઢ વિદ્વાનો આ સંબંધી પ્રકાશ પાડી, તેનો શાસ્ત્રીય ખુલાસો રજૂ કરશે તો, જૈનજગત ઉપર અને તે સંપ્રદાય સંબંધી જાણવા માગતા જિજ્ઞાસુઓ ઉપર મહદ્ ઉપકાર થશે.

નેમિનાથ

નેમિનાથને પૌરાણિકની સાથે ઐતિહાસિક વ્યક્તિ તરીકે પિછાનીશું તો અસ્થાને નહિ ગણાય.

તેમના પિતા સમુદ્રવિજય દ્વારિકા–સૌરિપુરના રાજેન્દ્ર હોઈ, હરિવંશમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિ હતા. તેમનો જન્મ માતા શિવાદેવીથી થયો હતો. તેમનુ ચરિત્ર જૈનસંપ્રદાયમાં સુપ્રસિદ્ધ હોવાથી તેનો પ્રચાર વધુ થયો હોવાનું માલૂમ પડે છે. કેટલાયે જૈનમંદિરોમાંથી તેમના જીવનના ભવ્ય પ્રસંગો આલેખાયેલા મળે છે. તેવી જ રીતે રાધાકૃષ્ણની બારમાસીઓની માફક, નેમિનાથ અને તેમની પત્ની રાજુલની બારમાસીઓ કેટલાયેક કવિઓએ રચી છે. આમ બીજા બધા તીર્થંકરો કરતાં, નેમિનાથનું ચરિત્ર જૈનસમાજમાં વધુ ઓતપ્રોત બન્યું હોવાનું માલૂમ પડે છે. તેમનું લાંછન શંખ, યક્ષ ગોમેધ, યક્ષિણી અંબિકા, દિગંબરોના મતે કુષ્માંડી, ચામર ઉરાડનાર ઉગ્રસેન રાજા જ્ઞાનવૃક્ષ વેતસ, મુખ્ય ગણધર વરદત્ત, પ્રવર્તિની દિન્ના, અને મુખ્ય ભક્ત તરીકે વાસુદેવને જણાવ્યો છે. તેમનું અપર નામ અરિષ્ટનેમિ પણ કહેવામાં

આવે છે. જ્યારે તેઓ માતાના ગર્ભમાં હતા ત્યારે, તેમની માતાએ રત્નોનું ચક્ર જોયું હોવાના કારણે તેમનું નામ ચરિતાર્થ થયું છે. અન્યમતે ધર્મચક્રના પરિઘ સમાન (પ્રાણિમાત્ર ઉપર એક સરખી કલ્યાણ ભાવના) આદર્શો ધરાવતા હોવાથી પણ તેમનું નેમિનાથ નામ પડ્યું હોવાનું કહેવાય છે. તેમણે દ્વારિકામાં વરદત્તને ત્યાં પ્રથમ ભિક્ષા લીધી હતી.

નેમિનાથભગવાનનીસેંકડો મૂર્તિઓ ગુજરાતભરમાંથી પ્રાપ્ત થાય છે. ગિરનાર એ તેમનું મુખ્ય તપસ્થાન–જ્ઞાનભૂમિ, દીક્ષાસ્થાન અને નિર્વાણ-સ્થાન ગણાય છે. અર્થાત્ ગુજરાત સાથે તેઓ ખાસ સંબંધ ધરાવે છે. ગિરનાર ઉપર પહેલી અને પાંચમી ટુંકમાં તેમનાં સ્વતંત્ર મંદિરો છે, જે પ્રાક્કાલીન હોઈ તેમાંની પ્રતિમાઓ પણ અગિયાર કે બારમા સૈકા જેટલી પ્રાચીન છે. આબુ ઉપર લૂણવસહિમાં તો તેઓ મૂળનાયક તરીકે જ બિરાજે છે. ત્યાં જ વિમલવસહિની દેરી નં. ૪માં તેમની પ્રતિમા સ્થાપિત કરેલી છે. આ સિવાય શેત્રુંજય ઉપર છીપાવસહિની ટુંકમાં, અમદાવાદમાં ટેમલાની પોળમાં, શંખેશ્વરમાં મૂળનાયકની પાસે, ખંભાતની માંડવીપોળમાં, તથા ભોંયરાપાડામાં અને પાટણના ફોફળિયાવાડામાં, તેમજ સાલવીવાડાના તળશેરિયાથી ઓળખાતા મહોલ્લામાં નેમિનાથ ભગવાનનાં મંદિરો છે. આ બધામાં તેમની ભવ્ય પ્રતિમાઓ સ્થાપન કરવામાં આવી છે, જેમાંની કેટલીક પુરાતનકાળની હોવાનું લાગે છે. આ ઉપરાંત નેમિનાથ ભગવાનની બીજી પણ સંખ્યાબંધ પ્રતિમાઓ મળે છે.

પાર્શ્વનાથ

એ તેવીસમા તીર્થંકર છે. એમને ઐતિહાસિક વ્યક્તિ તરીકે પણ માનવામાં આવે છે. મહાવીરસ્વામીના ચરિત્રમાં તેમના પૂર્વજો પાર્શ્વપ્રચલિત ધર્મને માનતા હોવાનું જણાવ્યાથી, મહાવીર પહેલાં પાર્શ્વનાથ પ્રસ્થાપિત જૈનધર્મ જીવંત હતો એમ સમજાય છે. પાર્શ્વનાથ માટે ઐતિહાસિક દૃષ્ટિએ કેટલાક પુરાવાઓ મળ્યા છે. પાર્શ્વ ઈ. સ.

પૂર્વે આઠમા નવમા સૈકામાં થયા હતા એમ જણાય છે. તેમણે બનારસના રાજા અશ્વસેનને ત્યાં જન્મ લીધો હતો. ત્રેવીસમે વર્ષે પત્ની અને રાજ્યનો ત્યાગ કરી તીવ્ર વૈરાગ્ય ધારણ કરી તપસ્વી જીવન સ્વિકાર્યું હતું. તેમના જીવનમાં એક નાગે અપૂર્વ ભાગ ભજવ્યો હતો એવી પૌરાણિક આખ્યાયિકા છે.

તેમનો યક્ષ પાર્શ્વ અગર વામન, યક્ષિણી પદ્માવતી, ચામર ઉરાડનાર ગણધર અજિતરાજ, જ્ઞાનવૃક્ષ દેવદાર છે.

પાર્શ્વનાથ ભગવાનની સેંકડો નાની મોટી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. કેટલાંક સ્થળે તો સ્થાન ઉપરથી, તીર્થ ઉપરથી કે કાર્ય ઉપરથી એમ જુદા જુદા કારણોસર પાર્શ્વનાથનાં એકસો આઠ નામો અને એકહજાર ને આઠ નામો પાડવામાં આવ્યાં છે. જેમ જીરાવલા પાર્શ્વનાથ, ચંપાપાર્શ્વનાથ, ગૌડીપાર્શ્વનાથ વ. આમ પાર્શ્વનાથનો પ્રચાર નાનાં મોટાં શહેરો અને ગામડાંઓમાં પુર્વકાળથી ફેલાયો હોવાનું, તેમની અસંખ્ય પ્રતિમાઓ પ્રાપ્ત થતી હોવાના કારણે માલૂમ પડે છે. તેટલું જ નહિ પણ શ્રદ્ધાળુ જૈનસમાજ, પાર્શ્વનાથ પ્રત્યે બીજા બધા તીર્થંકરો કરતાં અપુર્વ પ્રેમભાવ રાખતો હોવાનું સમજાય છે: આવી કેટલીક ગુજરાતની પ્રાચીન પ્રતિમાઓની નોંધ અત્રે રજૂ કરીશું તો અસ્થાને નહિ ગણાય.

પાર્શ્વનાથની પ્રતિમાઓમાં બે પ્રકારો મળે છે. એક ઊભી કાયોત્સર્ગવાળી અને બીજી બેઠી, પરંતુ દરેક મૂર્તિમાં તેમના માથા ઉપર ધરણનાગની છાયા હોય છે. કેટલાકમાં તો પાંચ, સાત, નવ, અગિયારથી માંડી સહસ્ર પર્યંત ફણાઓ તેની બનાવવામાં આવે છે. પરંતુ દરેકે દરેક પાર્શ્વનાથ મૂર્તિના માથા ઉપર નાગની છાયા એ તેમનું આવશ્યક ચિહ્ન છે. કાઠિયાવાડમાં ઢાંકની ગુફાઓમાંથી મળતી પાર્શ્વનાથની પ્રતિમાઓ પ્રાચીનકાળની છે. જુનાગઢ પાસે ઉનાગામથી દોઢમાઈલ દૂર અજારા ગામની ભાગોળે આવેલી પાર્શ્વનાથની પ્રતિમા ત્રીજા સૈકાની મનાય છે. કડીમાં જૈનવિદ્યાર્થીભવનમાં મૂકેલી પાર્શ્વનાથની પ્રતિમા શક સં. ૯૧૦, વિ. સં. ૧૦૪૫ની હોવાનું તેની પાછળ કોતરેલા લેખ ઉપરથી જણાય છે. વિજાપુર પાસે મહુડી ગામમાંથી મળેલી ધાતુમૂર્તિઓ જેને કેટલાક આદ્ય વિદ્વાનો જૈન અને કોઈ બૌદ્ધ માને છે, તે છઠ્ઠી સદીની હોવાનો તેની પાછળ બ્રાહ્મીલિપિમાં લેખ છે. તેમાંથી પણ એક પાર્શ્વનાથની મૂર્તિ મળે છે. પિંડવાડાના મહાવીરસ્વામીના મંદિરમાં પાર્શ્વનાથની સુંદર મૂર્તિ બેસાડેલી છે. આબુ ઉપર લૂણવસહિના ગૂઢમંડપમાંથી પણ પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમાઓ જોવા મળે છે. ત્યાં જ વિમલવસહિમાં ગૂઢમંડપની અંદર તેમની અપ્રતિમ મૂર્તિ સ્થાપન કરવામાં આવી છે. આ સિવાય શેત્રુંજય ઉપર બાલાભાઈ અને બીજી કેટલીક ટુંકોમાં, તળાજામાં, પ્રભાસના સુવિધિનાથ ભગવાનના જિનમંદિરમાં, શંખેશ્વરમાં મૂળનાયક તરીકે, પાટણ પાસે ચારૂપમાં, સાણંદમાં અને વાંકાનેરમાં પાર્શ્વનાથ ભગવાનનાં સુંદર મંદિરો છે, તેમાંથી તેમની દર્શનીય પ્રાચીન પ્રતિમાઓ બેસાડેલી જોવામાં આવે છે. મુંબાઈમાં પાયધુની ઉપર આવેલા ગૌડીપાર્શ્વનાથના મંદિરની મુખ્ય પ્રતિમા સં. ૧૦૬૭ની હોવાનો તેની નીચે લેખ છે. આ સિવાય સેંકડો મૂર્તિઓ પાર્શ્વપ્રભુની ગુજરાતમાંથી મળે છે.

મહાવીર

છેલ્લા (ચોવીસમા) તીર્થંકર મહાવીર થયા છે. જૈનસંપ્રદાયમાં તેમનું સ્થાન ઘણું જ ઊંચું છે. તેમના પ્રત્યે શ્રદ્ધેય જૈનસમાજ અપૂર્વ ભક્તિભાવ રાખે છે. તેમના જીવનના કેટલાયે પ્રસંગો જૈનમંદિરોમાં સ્તંભો, છતો અને ભીંતો ઉપર કોતરેલા કે ચીતરેલા મળી આવે છે. તેમના ચરિત્રને લગતા ઘણા ગ્રંથો લખાયા છે.

તેમના શિષ્યોમાં ઇન્દ્રભૂતિ ગૌતમ મુખ્ય હતો, જેણે તેમની પાછળ જૈનસંપ્રદાયનો પ્રચાર સારી રીતે વિકસાવ્યો હતો. તેમનું લાંછન સિંહ, યક્ષમાતંગ, યક્ષિણી સિદ્ધાયિકા છે. તેમના વીર, અતિવીર, મહાવીર, સત્યવીર અને વર્ધમાન એ પાંચ નામો કહેવાય છે. તેમાં યે

મહાવીર અને વર્ધમાન એ બે ખાસ પ્રસિદ્ધ છે. વર્ધમાનનો અર્થ વૃદ્ધિ કરનાર. માતા ત્રિશલાના ગર્ભમાં આવ્યા પછી તેમના પિતાને ત્યાં ધન, સમૃદ્ધિ અને સત્તાની ખૂબ વૃદ્ધિ થતાં તેમનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું. પ્રજાને સત્કર્મો કરવા પ્રેરણા આપે તે વીર, આમ જુદા જુદા કારણોસર તેમનાં નામો પાડ્યાં હોવાનું શાસ્ત્રકારો કહે છે. ટૂંકમાં મહાવીરે જૈનસિદ્ધાંત પ્રમાણે તેમના અનુયાયી-સમાજને સત્કર્મોમાં પ્રેર્યાં હોવાથી તેમને વીર એવી સંજ્ઞા આપવામાં આવી હતી.

મહાવીરસ્વામીની અનેક મૂર્તિઓ ગુજરાતમાં મળે છે. આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૭ તથા ૪૭માં, તેમજ લૂણવસહિની દેરી નં. ૧૧ અને ૨૮માં મહાવીર ભગવાનની અભિનવ મૂર્તિઓ બેસાડવામાં આવી છે. શેત્રુંજય ઉપર મૂળનાયકના દેરાસરમાં, રાયણની ભમતીમાં, ભૂલવણીના સામે અને આદેશરની ટુંકમાં મહાવીરસ્વામીનાં મંદિરો છે. તેમાં તેમની દર્શનીય પ્રતિમાઓ છે. મહુવામાં વિજિત-સ્વામીના મંદિરમાં, મહાવીર ભગવાનની એક પ્રાચીન પ્રતિમા છે. આ સિવાય જામનગર, પ્રભાસ, અમદાવાદ શામળાની પોળમાં ફતાશાની પોળમાં, ભાણાસદાવ્રતીની પોળમાં, ખંભાતમાં ગીવટી, માણેકચોક અને ચોકસીની પોળમાં મહાવીર ભગવાનનાં મંદિરો છે તેમાં નાની મોટી અનેક પ્રતિમાઓ છે.

ભગવાન મહાવીરને દીક્ષા લેવાની ઘણી જ તાલાવેલી લાગેલી, પરંતુ વડીલબંધુના આગ્રહથી એક વર્ષ ગૃહસ્થાશ્રમમાં વધુ રહ્યા છતાં તેમનું જીવન સાધુ જેવું પ્રભુપરાયણ રાખતા. આવી પ્રતિમા 'જીવંતસ્વામી' તરીકે ઓળખાય છે. શ્રી. ડૉ. ઉમાકાંત શાહને આવી એક ધાતુપ્રતિમા મળી છે જેનું વર્ણન તેમણે 'કુમાર'ના ડિસેમ્બર ૧૯૫૪ના અંકમાં આલેખ્યું છે. તેઓ આ ધાતુપ્રતિમા ઈ. સ. ૪૫૦ થી ૫૦૦ના સમય જેટલી પ્રાચીન માને છે. ગુજરાતમાંથી મળતી જૈનપ્રતિમાઓમાં આ એક અતિ પ્રાચીન મૂર્તિશિલ્પ ગણાવી શકાય.




૪૯. પાર્શ્વનાથ (આબુ) પૃ. ૪૬૩




૫૦. જીવંતસ્વામી (અકોટા) પૃ. ૪૬૪



૫૧. સમોવસરણ (આબુ) પૃ. ૪૬૬



૫૨. ગોમુખ (શત્રુંજય) પૃ. ૪૫૧



૫૩. ચક્રેશ્વરી (શત્રુંજય) પૃ. ૪૫૨



૫૪. અંબિકા (આબુ) પૃ. ૪૯૩



૫૫. વજ્રાંકુશા (આબુ) પૃ. ૫૦૨, ૫૦૪



૫૬. બુદ્ધ (દેવની મોરી) પૃ. ૫૧૫-૧૬, ૫૩૦

૪૦



૫૭. તારા (તારંગા) પૃ. ૫૨૫

આયાગપટ્ટ અને સમોવસરણ

આગળ જણાવેલા તીર્થંકરોની સ્વતંત્ર પ્રતિમાઓ સિવાય, આયાગપટ્ટોમાંથી પણ તેની મૂર્તિઓ મળી આવી છે. આવા પ્રાચીન આયાગપટ્ટો મથુરાના કંકાલીટીલાના ખોદકામમાંથી મળી આવ્યા હોઈ, તેમાંના કેટલાક કુશાનકાળ પૂર્વેના હોવાનું તેના શિલાલેખો કહે છે. આવા આયાગપટ્ટોમાં મધ્ય ભાગે તીર્થંકરની ધ્યાનસ્થ મૂર્તિ હોય છે. જ્યારે તેની ચારેબાજુ અષ્ટમંગલો સુંદર રીતે વ્યક્ત કરવામાં આવ્યાં છે. મથુરાથી પ્રાપ્ત આયાગપટ્ટોમાં મૂર્તિ નીચે લાંછનો વ્યક્ત કર્યા નહિ હોવાથી, તેમા કયા તીર્થંકરની મૂર્તિઓ બેસાડવામાં આવી છે તે નિશ્ચિત રીતે કહી શકાતું નથી. આથી જૈન મૂર્તિવિધાનમાં તીર્થંકરોની પ્રતિમાઓ, આયાગપટ્ટોની અંદર બનાવવાની પ્રથા પ્રાચીનકાળે પ્રચારમાં હતી એ વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે. ગુજરાતમાંથી આવા કોઈ પ્રાચીન આયાગપટ્ટો મળી આવ્યા હોવાનું જણાયું નથી.

આયાગપટ્ટો સિવાય સમોવસરણમાં પણ જૈન તીર્થંકરોની મૂર્તિઓ બેસાડેલી જોવામાં આવે છે. સમોવસરણ એટલે તીર્થંકરોના ઉપદેશ શ્રવણ માટે દેવોએ બાંધેલી વિશાલ વ્યાખ્યાનશાલા. આવી વ્યાખ્યાનશાલાના ભવ્ય શિલ્પોમાં પ્રાણીઓ, મનુષ્યો, દેવો, દેવીઓ, વ. માટે અલગઅલગ પ્રાકારો (કિલ્લા) બનાવવામાં આવતા હોઈ, તે દરેકમાં જે તેના સમુદાયોને વિવિધ રીતે શિલ્પની અંદર વ્યક્ત કરવામાં આવે છે. આમ હિંદુ ધર્મશાસ્ત્રોમા જણાવેલા મેરુની માફક સમોવસરણમાં નીચેથી ઉપર સુધી વિભાગો પાડી, તે દરેક વિભાગમાં પ્રાકાર (કિલ્લા)ની રચના બનાવી, તે દરેકની મધ્યમાં ભવ્ય સિંહાસન તેની દેરીની અંદર કરાતાં, તેમાં તીર્થંકરની પ્રતિમા મૂકવામાં આવે છે.

ગુજરાતમાંથી આવાં સમોવસરણો પાષાણમાં, તેમજ કોઈ કોઈ સ્થળે કાષ્ઠમાં, ધાતુમાં કે ભીંતચિત્રોમાંથી જોવા મળે છે. આવું જ ચાંદીનું એક સમોવસરણ વડોદરામાં મોટા ખર્ચે બનાવ્યું હતું. અર્થાત્

ગુજરાતમાં સમોવસરણનો પ્રચાર પ્રાચીનકાળથી ઊતરી આવ્યો છે. આ પૈકી આબુ ઉપરનાં સમોવસરણો અલૌકિક તેમજ સજીવતા વ્યક્ત કરતાં અદ્દ્ભુત કલાકૌશલ્યને રજૂ કરે છે. આબુના વિમલવસહિની પહેલી દેરીમાં, તેમજ દેરીની બહાર, દેરી નં. ૨માં, મંદિરની અંદર પેસવાનો મુખ્ય દરવાજો અને રંગમંડપની વચ્ચે મોટાખંડના ગુંબજમાં, દેરી નં ૮ની છતમાં, દેરી નં.૯ના પંચકલ્યાણક પૈકી ચોથા કલ્યાણકમાં, અને દેરી નં. ૧૬ના ગુંબજની અંદર પહેલા વલયમાં અદ્વિતીય સમોવસરણો કોતરેલાં છે. આ સિવાય લૂણવસહિની દેરી નં. ૯ના બીજા ગુંબજમાં, તેમજ અચલગઢમાં કુંથુનાથના દહેરાસરમાંના સમોવસરણો પણ અદ્વિતીય ભાવ વ્યક્ત કરે છે. રાણકપુરના ભવ્ય જિનાલયમાં એક અપ્રતિમ સમોવસરણ બનાવેલું છે, જેનો મુકાબલો કરે તેવું રમ્ય જિનભગવાનનું વ્યાખ્યાન-ભવન બીજા કોઈ સ્થળેથી જોવામાં આવ્યું નથી. આ ઉપરાંત ગુજરાતના પ્રાચીન અર્વાચીન કેટલાંયે મંદિરોમાંથી નાનાં-મોટાં સમોવસરણનાં શિલ્પો મળે છે.

પરિકર

જૈનમંદિરોમાં પવાસન ઉપર જે મૂર્તિઓને સ્થાપન કરવાની મુખ્ય પીઠિકા (સિંહાસન) બનાવવામાં આવે છે, તે પીઠ અને બેસવાનું આસન વ. સારા યે ભાગને પરિકર એવી સંજ્ઞા આપવામાં આવે છે. આવાં પરિકરો પૈકી કેટલાંક એવાં અદ્દ્ભુત અને મનોરમ કલાશિલ્પોવાળાં હોય છે, જેને જોતાં જ તે કોઈ દૈવીકાર્ય જેવાં માલૂમ પડે છે. શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે પરિકરોની લંબાઈ પહોળાઈ પ્રતિમાને અનુલક્ષી બનાવવામાં આવતી હોઈ, તેમાં ગણતરી પ્રમાણેના ભાગ પાડતાં વિવિધ રૂપો અને ભાવો બનાવવામાં આવે છે.

સામાન્ય રીતે પરિકર પ્રતિમાની પહોળાઈથી દોઢું અને તેમાંના સિંહાસનની ઊંચાઈ પહોળાઈથી અર્ધા ભાગે કરવાનું શિલ્પશાસ્ત્રકારો કહે છે.[૯] આમાં કેવાં શિલ્પો બનાવવા તેની સમાલોચના કરતાં શિલ્પ-

૯. શિલ્પરત્નાકર, ૨૮૧-૧૨ શ્લો. ૧૬૯

શાસ્ત્રકાર કહે છે કે, "પરિકરોમાં યક્ષ, યક્ષિણીઓ, સિંહ, મૃગની જોડલી, કાઉસગ્ગ, છેડા ઉપર સ્તંભો, ઉપર તોરણો, આદિ. ચામર અને કલશધારી અનુચરો, મગરનાં મુખો, માલાધરો, પ્રતિમાના માથા પાછળ પ્રભામંડલ, માથા ઉપર મૃણાલછત્ર, (કમળદંડ સાથેનું છત્ર), તથા દેવદુંદુભિ વગાડનારા, ધર્મચક્ર, નવગ્રહો, ત્રણછત્રો, અશોક વૃક્ષનાં પત્રો, કવચિત્ દિક્પાલો અને અગ્ર ભાગે કેવલ જ્ઞાનમૂર્તિ વ. યથોક્ત પ્રકારે બનાવવાં."[૧૦] સાથે સાથે પરિકરોમાં અમુક ભાગો પાડી, તે પ્રત્યેકમાં કેવાં શિલ્પો બનાવવાં તેની અદ્યતન માહિતી વિદ્વાન કલાધરોએ આપી છે, પરંતુ વિસ્તારભયના કારણે તેનું સૂક્ષ્મ વિવેચન અત્રે રજૂ કરી શકાયું નથી. આ ઉપરાંત કેટલાક પરિકરોમાં અદ્વિતીય શોભા ઉપજાવવા રથિકા સહિત છજ્જણ, એટલે પાંચ વર્તુલો કરી તેમાં રથ જેવી આકૃતિ બનાવતાં, તે દરેકમાં જુદા જુદા દેવોને બેસાડવામાં આવે છે. આવાં છજ્જણોમાં ત્રણ રથિકાવાળાને લલિત, પાંચને શ્રીપૂજ્ય અને સાતવાળાને આનંદવર્ધન છજ્જણ કહેવામાં આવે છે.[૧૧] આમાં જણાવેલી રથિકાઓમાં બીજા અનેક દેવો સાથે હિંદુ ધર્મના મુખ્ય દેવો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ચંડિકા વ.ને પણ તેનાં સ્વતંત્ર સ્થાનોમાં બેસાડવાનું જણાવ્યું છે. ટૂંકમાં તીર્થંકરોની પ્રતિમાઓ કરતાં, પરિકરોના કલાવિધાન માટે શિલ્પીને ઊંડો અભ્યાસ અને અનુભવ કેળવવો પડે છે. કારણ તેના કલાશિલ્પમાં કેટલીયે વૈવિધ્યતાઓ બુદ્ધિબળથી ઉપજાવવાની હોય છે. જોકે કેટલેક સ્થળે સાદા પવાન ઉપર જ પ્રતિમાઓ બેસાડવામાં આવી હોય છે, તો પણ આબુ, શેત્રુંજય, ગિરનાર, પાટણ, સેરિસા, ભોયણી, રાણકપુર, વ સ્થળોએ આવેલાં ભવ્ય મંદિરોમાંથી અદ્દ્ભુત કલાકૌશલ્યવાળાં પરિકરો મળી આવે છે. આમ પરિકર એ જૈન મૂર્તિવિધાનનું અવિભાજ્ય અંગ હોવાથી તેની આવશ્યક સમીક્ષા અત્રે આપવામાં આવી છે.

૧૦. રૂપમંડન, અ. ૬-૩૬

૧૧. એજન, અ. ૬-૩૯

પ્રતિહારો

જેમ હિંદુમંદિરોમાં પ્રત્યેક દ્વારની શાખામાં, તેમાંના પ્રધાન-દેવના દ્વારપાળો (પ્રતિહારો) બનાવવાનો આદેશ આપ્યો છે, તે પ્રમાણે જૈનમંદિરોમાં પણ તેના પ્રત્યેક દ્વારે દ્વારપાળો, તેની દિશા પ્રમાણે બનાવવાનું સૂચવ્યું છે, તેટલું જ નહિ પણ તેઓનાં આયુધો, ઉપકરણો, અભિધાનો, શાસ્ત્રીય રીતે મૂકવાની નોંધ રૂપમંડન અને રૂપાવતારમાં વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી હોવાથી, નીચેના કોષ્ટક દ્વારા તેનો પરિચય અત્રે આપવામાં આવ્યો છે.

	નામ	દિશા	કઈ બાજુ	જમણા હાથમાં	ડાબા હાથમાં
૧	ઇંદ્ર	પૂર્વ દિશા	ડાબી બાજુ	ફલ-વજ્ર	અંકુશ-દંડ
૨	ઇંદ્રજય	,,	જમણી બાજુ	અંકુશ દંડ	ફલ-વજ્ર
૩	માહેન્દ્ર	દક્ષિણ	ડાબી બાજુ	વજ્ર-વજ્ર	ફલ-દંડ
૪	વિજય	,,	જમણી બાજુ	ફલ-દંડ	વજ્ર-વજ્ર
૫	ધરણેન્દ્ર	પશ્ચિમ	ડાબી બાજુ	વજ્ર અભય	સર્પ-દંડ
૬	પદ્મક	,,	જમણી બાજુ	સર્પ દંડ	વજ્ર-અભય
૭	સુનાભ	ઉત્તર	ડાબી બાજુ	ફલ-બંસી	બંસી-દંડ
૮	સુરદુંદુભિ	,,	જમણી બાજુ	બંસી-દંડ	ફલ-બંસી

આજે પ્રાપ્ત થતાં શાસ્ત્રીય લક્ષણાન્વિત પ્રાચીન જૈનમંદિરોમાંથી, ઉપર જણાવ્યા પ્રમાણે ઉક્ત વિધાનવાળા દ્વારપાળો પ્રત્યેક દ્વારે મૂકયા હોવાનું જાણવામાં આવે છે. આથી પ્રતિહારોની પરંપરા જૈનસંપ્રદાયમાં પૂર્વકાળથી ઊતરી આવી હોવાનું સમજાય છે. આ બધા પ્રતિહારો નગર, પુર અને ગામોના દેવમંદિરોની અંદર મૂકવાથી, સર્વ વિઘ્નોનો નાશ કરતા હોવાનું શિલ્પશાસ્ત્રકારે તેની ફલશ્રુતિમાં જણાવ્યું છે.

પ્રકરણ ૧૭મું

યક્ષો અને યક્ષિણીઓ

દેવમંડલમાં યક્ષો અને વિદ્યાધરોના વિભાગો જુદા હોઈ, તેઓ દેવતાઓના અનુચરો તરીકે મનાય છે. જોકે તે બધા દેવોના અનુચરો હોવા છતાં, તેમની ગણના દેવયોનિમાં કરાઈ છે. તેટલું જ નહિ પણ વિવિધ કામનાઓ પરિપૂર્ણ કરવા, દેવોની માફક તેમનાં પણ પૂજન-અર્ચનો, જુદાં જુદાં વિધિવિધાનો દ્વારા કરવામાં આવે છે. ઉત્તર-દિશાનો દિક્પતિ કુબેર સર્વ યક્ષોનો અધિપતિ યાને યક્ષરાજ મનાય છે. ભારતમાં યક્ષપૂજાનો પ્રચાર પ્રાચીનકાળથી ઊતરી આવ્યો હોવાનું માલૂમ પડે છે.

જૈનધર્મમાં તો તેઓને જિનભગવાનના અનુચર તરીકે જણાવતાં પ્રત્યેક તીર્થંકરને એક યક્ષ અને યક્ષિણી (શાસનદેવતા) હોવાનું નિર્વાણ-કલિકા, લોકપ્રકાશ, પ્રવચન સારોદ્ધાર, પ્રતિષ્ઠા કલ્પ વ. ગ્રંથોના આધારે જણાય છે. તેમની નિમણૂક તીર્થંકરોની સેવા કરતા ઇંદ્રોએ કરી છે. આથી જ તીર્થંકરોના પરિકરોમાં, જમણી બાજુ યક્ષ અને ડાબી બાજુ શાસનદેવી મૂકવામાં આવે છે. તીર્થંકરોના અનુચરો સિવાય પણ બીજા કેટલાક યક્ષોના ઉલ્લેખો જૈનધર્મશાસ્ત્રોમાંથી મળે છે, તેમાં મણીભદ્ર મુખ્ય હોઈ તેને યક્ષેન્દ્ર તરીકે પણ સંબોધવામાં આવે છે.

જૈન સંપ્રદાયમાં યક્ષો તેમજ યક્ષિણીઓને જિનશાસનના રક્ષક-દેવ તરીકે માનવામાં આવે છે. યક્ષોને સમૃદ્ધિવાળા અર્થાત્ ધનપતિ અને વિલાસી તરીકે શાસ્ત્રકારોએ ઓળખાવ્યા છે. તીર્થંકરોના પરિકરો સિવાય પણ યક્ષ-યક્ષિણીઓની સ્વતંત્ર પ્રતિમાઓ જોવામાં આવે છે. ગુજરાતમાંથી પણ તેવી કેટલીક મળી છે. જોકે તેવી ચોવીસે

યક્ષ–યક્ષિણીઓની પ્રતિમાઓ ખાસ મળી નથી, પરંતુ થોડી ઘણી મૂર્તિઓ જુદા જુદા સ્થળોએથી જોવામાં આવી છે. પાલિતાણાના વિમલવસહિમાં યક્ષ-યક્ષિણીઓની કેટલીક મૂર્તિઓ છે. ગુજરાત બહાર પણ ભારતના અન્ય પ્રાંતોમાંથી યક્ષ-યક્ષિણીઓની સુંદર મૂર્તિઓ મળે છે. વઢવાણશહેરની બહાર શૂળપાણિ યક્ષનુંમંદિર હોવાની નોંધ મળે છે. આ ઉપરાંત મણિભદ્ર યક્ષની પ્રતિમાઓ ગુજરાતમાંથી તેમજ સિરોહી રાજ્યના ગિરિવર, માલગામ, બાળદા, અને મગરીવાડામાંથી મળી છે. ગ્વાલિયર, જબલપુર, અને ઝાંસી જિલ્લામાં આવેલ દેવગઢના જૈનમંદિરોમાંથી યક્ષ યક્ષિણીઓની અભિનવ કલા વ્યક્ત કરતી સંખ્યાબંધ મૂર્તિઓ, મળી છે. દેવગઢના જૈનમંદિરોમાંથી તો ચોવીસ તીર્થંકરો પૈકી વીસની શાસનદેવીઓ (યક્ષિણીઓ) મોટા કદની અદ્વિતીય શિલ્પસૌષ્ઠવ, અને લાવણ્ય ધરાવતી મળી આવે છે, જેના રૂપવિધાનમાંથી ભાવવાહી સૌન્દર્ય નીતરતું હોવાનું તેના પ્રથમ દર્શને જ માલૂમ પડે છે. આ બધા યક્ષો અને યક્ષિણીઓનાં શાસ્ત્રીય વિધાનો, તેમજ ગુજરાતમાંથી મળતાં તેનાં મૂર્તિશિલ્પોનો આવશ્યક પરિચય અત્રે રજૂ કરવામાં આવ્યો છે.

ગોમુખ

આદિનાથ અગર ઋષભદેવથી ઓળખાતા પ્રથમ તીર્થંકરના યક્ષનું નામ ગોમુખ છે. તેને ચાર હાથ જણાવી તેમાં પ્રદક્ષિણાક્રમથી, એટલે જમણા નીચેના હાથથી અનુક્રમે વરદ, અક્ષમાલા, પાશ અને બિજોરું હોવાનું સૂચવ્યું છે. આ ઉપરાંત તેનું વાહન હાથી હોવાનું રૂપમંડન તથા રૂપાવતારના કર્તાએ જણાવ્યું છે. જ્યારે પ્રતિષ્ઠા સારોદ્ધારમાં બીજોરાના બદલે પરશુ હોવાનું નોંધતાં, તેના વાહન તરીકે વૃષભ મૂક્યો છે. તેના નામ પ્રમાણે આ યક્ષનું મોઢું પણ વૃષભ જેવું બનાવવાનો આદેશ વિધાનકારોએ સૂચવ્યો છે. દિગંબર ગ્રંથકારો તેના માથા પાસે ધર્મચક્ર હોવાનું વિશેષમાં કહે છે.

ગોમુખયક્ષની એક પ્રતિમા શેત્રુંજય ઉપર મોતીશાની ટુંકમાં મુખ્ય દેરાસરમાં છે. તેને ચાર હાથ જણાવ્યા હોઈ, તેમાં અનુક્રમે વરદ, અંકુશ, પાશ અને માલા, વ. મૂકતાં, અર્ધપદ્માસન વાળી હાથી ઉપર આરૂઢ થયેલા બતાવેલાં છે. આ સિવાય આદિનાથના પરિકરોમાંથી તો તેની સંખ્યાબંધ મૂર્તિઓ મળે છે, પરંતુ ફક્ત સ્વતંત્ર પ્રતિમાઓનાં જ વર્ણનો આપી, વિસ્તારભયના કારણે સંતોષ માન્યો છે.

ચક્રેશ્વરી

ગોમુખયક્ષ સાથેની શાસનદેવી ચક્રેશ્વરી છે. તેના બંને હાથમાં ચક્રો હોવાથી તેનું તે નામ પડ્યું હોવાનું જણાય છે. તેનો વર્ણ ગોમુખની માફક સુવર્ણ જેવો, હાથ આઠ, તેમાં વરદ, બાણ, ચક્ર, પાશ, અંકુશ, ચક્ર, વજ્ર અને ધનુષ્ય ધારણ કરેલાં, તેમજ વાહન ગરૂડ હોવાનું રૂપમંડન, રૂપાવતાર, નિર્વાણકલિકા, લોકપ્રકાશ, ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર અને પ્રવચન સારોદ્ધારમાં જણાવ્યું છે. તેને અપ્રતિચક્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિવાય ચક્રેશ્વરી માટે બીજું વિધાન બાર હાથનું છે. તેમાં તેના બારે હાથમાં અનુક્રમે આઠમાં ચક્રો, બેમાં વજ્ર અને છેલ્લા બેમાં માતુલિંગ તથા અભય હોવાનું જણાવતાં, ગરૂડ ઉપર પદ્માસન વાળી બેઠેલાં રૂપાવતારના કર્તાએ નિરૂપ્યાં છે. દિગંબર ગ્રંથકાર વસુનંદિ પ્રતિષ્ઠાસાર સંગ્રહમાં પણ આ જ વિધાનનો નિર્દેશ કરે છે. આ સિવાય તેને ચાર હાથ હોવાનું વિધાન પણ આપેલું હોઈ, તે ચારે હાથમાં ચક્રોની કલ્પના રજૂ કરી છે. કોઈ કોઈ ગ્રંથકારો તેના માટે સોળ હાથના ઉલ્લેખો પણ નોંધે છે. આ બધાં વર્ણનો ઉપરથી ચક્રેશ્વરીના વધુ પ્રકારો જાણી શકાય છે. તેટલું જ નહિ પણ તેને ચાર, આઠ, બાર, કે સોળ હાથ બનાવવાનું મૂર્તિવિધાયકોએ કલ્પ્યું હોવાનું સમજાય છે.

ગુજરાતમાંથી ચક્રેશ્વરીની કેટલીક સુંદર મૂર્તિઓ મળે છે, જેમાં મોટે ભાગે ચાર હાથ ધરાવતી પ્રતિમાઓની સંખ્યા વધુ છે. પ્રભાસ-

પાટણમાં સુવિધિનાથ ભગવાનના મંદિરની અંદર ચક્રેશ્વરીની એક મૂર્તિ છે, જેને ચાર હાથ પૈકી ઉપરના બેમાં ચક્ર અને નીચેનામાં માળા તથા શંખ પકડેલાં જણાવ્યાં છે. આ સિવાય આવી બીજી કેટલીક પ્રતિમાઓ મળી છે, તેમાં ગિરનાર ઉપર વસ્તુપાલ-તેજપાલની-ટુંકમાં ડાબી બાજુના ગોખલામાં, ઘોઘાના નવખંડા પાર્શ્વનાથના મંદિરમાં, શેત્રુંજય ઉપર સૌથી ઊંચી ટુંકમાં, મોતીશાની ટુંકના મુખ્ય દેરાસરમાં, અચલેશ્વર (આબુ ઉપર)ના એક જૈનમંદિરમાં અને વડનગરના પીઠોરી દરવાજા બહાર પીઠોરીમાતાના ઓટલામાંથી મળેલી પ્રતિમાઓ મુખ્ય છે. વડનગરમાંથી મળેલ ચક્રેશ્વરીની મૂર્તિઓના વિધાનમાં કેટલોક ફેરફાર છે. આ પૈકી એકમાં ચક્રેશ્વરીને ચાર હાથ. તે પૈકી ઉપરના બેમાં ચક્ર અને નીચેના એક હાથે બાળકને કેડમાં તેડ્યું, જ્યારે બીજા હાથની આંગળીએ એક બાળક વળગાડેલું જણાવ્યું છે. જ્યારે ત્યાંની બીજી મૂર્તિને ચાર હાથ તે પૈકી ઉપરના બેમાં ચક્ર અને નીચેનામાં માળા તથા શંખ મૂકયાં છે. ચક્રેશ્વરીની આઠ, બાર કે સોળ હાથ ધરાવતી કોઈ મૂર્તિઓ ગુજરાતમાંથી મળતી હોવાનું સૂચન મળ્યું નથી, પરંતુ પ્રાચીન જૈનમંદિરોમાંથી ક્વચિત્ તેવી પ્રતિમાઓ મળી આવવા સંભવ છે. મધ્ય પ્રાંતના દેવગઢમાં એક જૈનમંદિરની અંદરથી સોળ હાથ ધરાવતી ચક્રેશ્વરીની મનોરમ પ્રતિમા મળી છે, જેનું શિલ્પ ઊંચા પ્રકારનું હોઈ, તેમાંથી કલાની અપ્રતિમ સૌરભ ફેલાતી હોવાનું સમજી શકાય છે. હિંદુધર્મમાં વૈષ્ણવી અને જૈનોની ચક્રેશ્વરીનું કલાવિધાન કેટલેક અંશે નહિ પણ મોટે ભાગે સંપૂર્ણતઃ મળતું જ આવે છે.

મહાયક્ષ

તે અજિતનાથ ભગવાનનો યક્ષ છે. તેને ચાર મુખ, આઠ હાથ તેમાં અનુક્રમે વરદ, મુદ્‌ગર, માળા અને પાશ જમણામાં, જ્યારે બિજોરું, અભય, અંકુશ અને શક્તિ ડાબામાં, વર્ણ શ્યામ અને વાહન હાથી હોવાનું તેના વિધાનો રજૂ કરતા ગ્રંથો રૂપમંડન, રૂપાવતાર,

આચાર દિનકર, પ્રવચન સારોદ્ધાર, નિર્વાણકલિકા અને લોકપ્રકાશ વ.માં જણાવ્યું છે. દિગંબરોના પ્રતિષ્ઠા સારોદ્ધારમાં તેના આઠ હાથ પૈકી ચક્ર, ત્રિશૂલ, કમલ અને અંકુશ જમણામાં, અને તલવાર, દંડ, કુહાડી તથા વરદમુદ્રા ડાબામાં જણાવતાં, તેનો વર્ણ સુવર્ણ સમાન હોવાનું સૂચવ્યું છે. આમ બંને સંપ્રદાયકોએ મહાયક્ષના વિધાનમાં કેટલાક ફેરફાર સૂચવતાં, આયુધોનાં જુદાં જુદાં નામો આપેલાં છે.

આ યક્ષની કોઈ સ્વતંત્ર પ્રતિમા જાણવામાં આવી નથી, પરંતુ અજિતનાથ ભગવાનના પરિકરોમાંથી તેની કેટલી યે નાની મોટી મૂર્તિઓ જોવામાં આવે છે.

અજિતા

અજિતનાથ ભગવાનની શાસનદેવી અજિતાના રૂપવિધાન માટે, રૂપાવતારનો કર્તા તેને ચાર હાથ તેમાં વરદ, પાશ, બીજપૂરક અને અંકુશ, વર્ણ શ્વેત, તેમજ મકર વાહન જણાવે છે. જ્યારે નિર્વાણકલિકા, લોકપ્રકાશ, શિલ્પરત્નાકર અને ત્રિશષ્ઠિશલાકામાં તેને લોહાસનારૂઢ–લોઢાના આસન ઉપર બેઠેલાં સૂચવ્યાં છે. દિગંબર સંપ્રદાયમાં તેના ચારે હાથમાં વરદ, અભય, શંખ અને ચક્ર જણાવતાં તેનું રોહિણી નામ નોંધ્યું છે. આ બન્ને મતોના વિધાનોની અંદર ફક્ત આયુધોમાં જ તફાવત માલૂમ પડે છે.

અજિતા યાને અપરાજિતાની એક સુંદર પ્રતિમા દેવગઢના કિલ્લામાં આવેલ એક જૈનમંદિરમાંથી મળી છે. આ સિવાય તેની કોઈ સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી. અજિતનાથ ભગવાનના પરિકરોમાંથી તો તેની પ્રતિમાઓ મળી આવે છે.

ત્રિમુખ યક્ષ

આ સંભવનાથનો યક્ષ ગણાય છે. તેને ત્રણ મુખ, ત્રણ નેત્ર, છ હાથ, તે પૈકી જમણામાં નોળિયો, ગદા અને અભય, તેમજ ડાબામાં બિજોરું, સર્પ અને માળા, વર્ણ શ્યામ તથા વાહન મયૂર (મોર)

હોવાનું વિધાનકારો કહે છે. જ્યારે દિગંબર ગ્રંથકારો તેના જમણા હાથમાં ચક્ર, તલવાર અને અંકુશ તથા ડાબામાં દંડ, ત્રિશૂળ અને કરવતની કલ્પના પ્રતિષ્ઠાસારોદ્ધાર વ.માં જણાવી છે.

ત્રિમુખ યક્ષની સ્વતંત્ર પ્રતિમાઓ ક્વચિત જ મળે છે, પરંતુ સંભવનાથના પરિકરોમાંથી તેની નાની મોટી મૂર્તિઓ કોતરેલી જોવામાં આવે છે.

દુરિતારી

ત્રિમુખ યક્ષ સાથેની આ યક્ષિણી છે. તેનો વર્ણ ગોર, વાહન મહિષ (પાડો), હાથ ચાર તેમાં માલા, વરદ, ફૂલ અને અભય ધારણ કર્યાં હોવાનું રૂપાવતાર કહે છે. જ્યારે નિર્વાણકલિકા, લોકપ્રકાશ અને શિલ્પરત્નાકરમાં આવું જ વર્ણન નોંધતાં તેનું વાહન મેષ (ઘેટું) હોવાનું સૂચવ્યું છે. દિગંબરોના પ્રતિષ્ઠાસાર સંગ્રહમાં તેનું પ્રજ્ઞપ્તિ એવું નામ રજૂ કરતાં, તેને છ હાથ હોવાનું જણાવી તે દરેકમાં પરશુ, અર્ધચંદ્ર, ફળ, તલવાર, યષ્ટિ (દંડો) અને વરદમુદ્રાની નોંધ આપી છે. વિશેષમાં તેનું વાહન પક્ષી કલ્પ્યું છે. કોઈ કોઈ ગ્રંથકારો તેનું હંસ-વાહન પણ નોંધે છે.

દુરિતારી અગર તો પ્રજ્ઞપ્તિની ગણના વિદ્યાદેવીઓમાં પણ કરેલી હોવાનું જણાવ્યું છે. આથી આ એક સરસ્વતીનું અપર સ્વરૂપ હોય તેમ સમજાય છે. તેનું વાહન હંસ અને તેના યક્ષનું વાહન મોર આ કલ્પનાને પુષ્ટિ આપે છે. આ યક્ષિણીની સ્વતંત્ર મૂર્તિ યક્ષિણી તરીકેની ગુજરાતમાં કોઈ સ્થળેથી મળતી હોવાનું જણાયું નથી. વિદ્યાદેવી તરીકે તેની પ્રતિમા મળી છે, જેનું વિવેચન વિદ્યાદેવીના પ્રસંગમાં રજૂ કરવામાં આવનાર છે. ફક્ત સંભવનાથના પરિકરોમાંથી યક્ષ સાથેની તેની કેટલીક મૂર્તિઓ મળે છે.

યક્ષેશ્વર–યક્ષનાયક

તે અભિનંદન ભગવાનનો યક્ષ ગણાય છે. તેનો વર્ણ શ્યામ,

વાહન હાથી, હાથ ચાર તે પૈકી જમણા બેમાં બિજોરું તથા માલા, જ્યારે ડાબામાં અંકુશ અને નકુલ ધારણ કરેલાં હોવાનું રૂપાવતાર, ત્રિશષ્ટિ, આચાર દિનકર, નિર્વાણકલિકા અને લોકપ્રકાશમાં જણાવ્યું છે. જ્યારે પ્રતિષ્ઠા સારોદ્ધાર તેને ધનુષ, ઢાલ, તલવાર, વ. આયુધો ધારણ કર્યા હોવાનું કહે છે. આ જ યક્ષને લોકપ્રકાશ તથા શિલ્પરત્નાકરમાં ઈશ્વર નામ આપવામાં આવ્યું છે. યક્ષેશ્વર એ સર્વ યક્ષોનો અધિપતિ મનાતો હોઈ, તેનું વર્ણન રાજા જેવું દબદબાભર્યું શાસ્ત્રકારોએ કલ્પ્યું છે. યક્ષોનો પ્રમુખ કુબેર મનાય છે, અને આ યક્ષનું વર્ણન પણ કુબેરને મળતું જ માલૂમ પડે છે. બૌદ્ધ સંપ્રદાયમાં કુબેરનું સ્થાન જંભલે લીધું છે. તેને અનુરૂપ વર્ણન જૈનસંપ્રદાયમાં યક્ષનાયકનું છે.

યક્ષનાયક યક્ષની એક પ્રતિમા શેત્રુંજય ઉપર ચોમુખજીની ટુંકમાં, ઉપરના એક મંદિરની અંદર ગોખલામાં બેસાડેલી છે. તેમાં તેને ચાર હાથ જણાવી બે ઢીંચણ ઉપર મૂકેલા, બીજા બેમાં આયુધો, તેમજ વાહન તરીકે હાથીને તેની પાસે મૂક્યો છે.

કાલિકા

યક્ષેશ્વર સાથેની યક્ષિણી કાલિકા ગણાય છે. તેનો વર્ણ અને આયુધો મોટે ભાગે યક્ષ પ્રમાણે જ હોઈ, વર્ણ શ્યામ, પદ્મ ઉપર બેઠેલાં, હાથ ચાર તેમાં વરદ, પાશ, અંકુશ અને નાગ પકડેલો હોય છે. દિગંબરો આ યક્ષ સાથેની યક્ષિણીનું વજ્રશંખલા નામ આપી તેનું વાહન હંસ, અને ચારે હાથમાં નાગ, પાશ, અક્ષમાલા તથા ફળ હોવાનું કહે છે. હિંદુધર્મમાં કાલિ યાને મહાકાલિ એ તામસતત્ત્વની મુખ્ય દેવી ગણાતી હોઈ, તેને તંત્રમાર્ગમાં આદ્યાથી ઓળખવામાં આવે છે. હિંદુધર્મની કાલિદેવીની તો સેંકડો પ્રતિમાઓ મળે છે, પરંતુ જૈન યક્ષિણી તરીકેની તેની મૂર્તિ અભિનંદનજિનના પરિકર સિવાય ક્વચિત્ જ જોવામાં આવે છે, મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં જૈન-યક્ષિણીની એક પ્રતિમા છે, જે કાલિની હોવાનું અનુમાન છે. તેના

ચારે હાથમાં વિધાનોક્ત આયુધો મૂકતાં અંકુશ, વરદમુદ્રા, પાશ અને નાગ ધારણ કર્યાં હોવાનું જણાવ્યું છે. તેના માથા ઉપર નાગફણા જણાતી હોવાથી તેને કાલિયક્ષિણી કહેવી કે કેમ? તે વિચારવા જેવું છે. કાલિના માથા ઉપર નાગફણા બનાવવાનું વિધાન જણાવવામાં આવ્યું નથી, પરંતુ કોઈ પ્રાચીન ગ્રંથોમાં તેવી નોંધ સંગ્રહાઈ હોઈ તે સંભવિત છે. શ્રી. ડૉ. સાંકળિયાએ આ મૂર્તિ માટે તારાવતી, (કાલિ) કાલિકા કે પદ્માવતી હોવાનો તર્ક કર્યો છે.[1] આ યક્ષિણીની બીજી એક પ્રતિમા ચૌમુખજીની ટુંકમાં જતાં રસ્તામાં આવે છે. તેમાં તેને ચાર હાથ જણાવતાં, તે દરેકમાં વરદ, અંકુશ, કમંડલ અને કોઈ અસ્પષ્ટ વસ્તુ મૂકી હોઈ, હંસારૂઢ વ્યક્ત કર્યાં છે. વિદ્યાદેવીઓમાં પણ કાલિ તેમજ વજ્રશૃંખલા બંન્નેની ગણના કરેલી હોઈ, યક્ષિણી તથા વિદ્યાદેવી તરીકે જૈનદેવીઓમાં તેનું સ્થાન મહત્ત્વનું છે.

તુંબરુ

આ સુમતિનાથનો યક્ષ મનાતો હોઈ, તેનો વર્ણ શ્વેત, વાહન ગરૂડ, હાથ ચાર તેમાં વરદ, શક્તિ, ગદા અને નાગપાશ ધારણ કરેલાં હોવાનું વિધાનોક્ત ગ્રંથમાં સૂચવ્યું છે. દિગંબરોના કથન પ્રમાણે તેના ચાર હાથ પૈકી બેમાં સર્પ, ત્રીજામાં ફલ અને ચોથામાં વરદમુદ્રા જણાવી તેને સર્પનું યજ્ઞોપવીત હોવાનું નોંધ્યું છે. હિંદુધર્મમાં તુંબરુને ગંધર્વ તરીકે જણાવતાં, દેવોના વાદ્ય વગાડનાર તરીકે ઓળખાવ્યો છે, જ્યારે જૈનસંપ્રદાયમાં તેને સુમતિનાથના અનુચર તરીકે જણાવતાં, આયુધોમાં કેટલોક ફેરફાર સૂચવ્યો છે.

આબુ ઉપર લૂણવસહિમાં દરવાજા બહાર યક્ષની એક પ્રતિમા છે, તેમાં તેને ચાર હાથ જણાવતાં તેનાં ઉપકરણો પૈકી ગદા તથા શક્તિ સ્પષ્ટ જણાય છે, જ્યારે બાકીના બે અસ્પષ્ટ હોવાથી સમજી શકાતાં નથી. ચાર હાથ ધરાવતા જૈનયક્ષોમાં ગદા આયુધ ફક્ત તુંબરુ અને

1. Bulletin of the Deccan College Research Institute, Vol. I, p. 159

મનુજ યક્ષને જ બતાવ્યું છે. આ પૈકી મનુજ યક્ષને આયુધ તરીકે ફક્ત ગદા જ જણાવતાં બાકીનાં ઉપકરણો સૂચવ્યાં છે, જ્યારે તુંબરુ યક્ષને ગદા, શક્તિ તથા પાશ, એમ ત્રણ આયુધો જણાવ્યાં છે. લૂણવસહિના દરવાજા બહારની યક્ષમૂર્તિને બે આયુધો ગદા તથા શક્તિ સ્પષ્ટ માલૂમ પડતાં હોવાથી તે તુંબરુ યક્ષની મૂર્તિ હોવાની સંભાવના છે, ઇતિહાસપ્રેમિ પૂજ્ય શ્રી. જયંતવિજય મહારાજે આબુ નામક ગ્રંથમાં આ યક્ષમૂર્તિનાં મુદ્દગર અને ગદા એમ બે આયુધો હોવાનું નોંધ્યું છે.[2] પરંતુ ગદા સાથે મુદ્દગર કરતાં શક્તિ મૂકી હોવી જોઈએ એમ યક્ષોના શાસ્ત્રીય મૂર્તિવિધાનના આધારે તર્ક જાય છે. એટલે આ પ્રતિમા તુંબરુ યક્ષની હશે એવું અનુમાન સયુક્તિક લાગે છે. આ સિવાય તુંબરુ યક્ષની નાની મોટી કેટલીક પ્રતિમાઓ સુમતિનાથ ભગવાનના પરિકરોમાંથી મળે છે, પરંતુ તેની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાંથી બીજી કોઈ મળતી હોવાનું જણાયું નથી.

મહાકાલિ

તુંબરુ યક્ષ સાથેની શાસનદેવતા મહાકાલિ છે. તેનો વર્ણ સુવર્ણ સમાન, પદ્મ (કમળ) ઉપર બેઠેલાં, ચારે હાથમાં અનુક્રમે વરદ, પાશ, અંકુશ અને બિજોરું ધારણ કરેલું જણાવ્યું છે. દિગંબરશાસ્ત્રોના કથન પ્રમાણે તેનું પુરુષદત્તા નામ જણાવતાં, આયુધોમાં ચક્ર, વજ્ર, ફલ અને વરદમુદ્રા, તથા વાહન તરીકે હાથીને જણાવેલો છે. હિંદુધર્મશાસ્ત્રમાં કાલિ, અને મહાકાલિનાં અલગ સ્વરૂપો હોવાનું કહ્યું નથી, તેમજ તાત્ત્વિક દૃષ્ટિએ બન્નેનાં સ્વરૂપો ભિન્ન પણ માન્યાં નથી. જ્યારે જૈનસંપ્રદાયમાં બન્નેના ભેદો જણાવ્યા હોઈ તેનાં આયુધો તેમજ વાહનો જુદાં જુદાં કહ્યાં છે. વિદ્યાદેવીનાં વિવિધ સ્વરૂપોમાં મહાકાલિનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. મહાકાલિની જૈનયક્ષિણી તરીકે સ્વતંત્ર પ્રતિમાઓ, ગુજરાતમાંથી ખાસ મળતી હોવાનું

2. જુઓ, શ્રી. મુનિરાજ જયંતવિજયજી સંપાદિત - આબુ. ભાગ. ૧, પા. ૧૨૫

જાણવામાં નથી. પરંતુ સુમતિનાથ ભગવાનના પરિકરોમાંથી યક્ષ સાથેનાં કેટલાંક રૂપો મળે છે.

કુસુમ

પદ્મપ્રભ ભગવાનના કુસુમ યક્ષનો વર્ણ નીલ, મૃગ વાહન, ચાર હાથ તેમાં અનુક્રમે બિજોરું, અભય, અક્ષસૂત્ર અને નકુલ ધારણ કરેલાં હોય છે. દિગંબરો પદ્મપ્રભુના યક્ષને પુષ્પ નામ આપતાં તેના ચારે હાથમાં ભાલો, વરદ, ઢાલ અને અભયમુદ્રા જણાવે છે. આ યક્ષની પરિકર સિવાયની સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાંથી મળતી હોવાનું માલૂમ પડયું નથી.

અચ્યુતા

કુસુમ યક્ષ સાથેની આ યક્ષિણી છે. તેનો વર્ણ શ્યામ, નર વાહન, ચાર હાથ, તેમાં અનુક્રમે વરદ, બાણ, અભય અને ધનુષ્ય હોવાનું રૂપાવતારકારે જણાવ્યું છે. જ્યારે નિર્વાણકલિકાકાર બાણના બદલામાં વીણા હોવાનું સૂચવે છે. દિગંબરો પદ્મપ્રભની યક્ષિણી મનોવેગાને જણાવતાં તેનું વાહન ઘોડો, અને ચારે હાથમાં અનુક્રમે તલવાર, ભાલો, ફલ તેમજ વરદમુદ્રા હોવાનું કહે છે. આ યક્ષિણીની પણ પદ્મપ્રભુના પરિકર સિવાય બીજી કોઈ મૂર્તિ મળી નથી.

માતંગયક્ષ

તે સુપાર્શ્વનાથ ભગવાનનો યક્ષ ગણાતો હોઈ તેનો વર્ણ નીલ, વાહન હાથી, જમણા બે હાથમાં બિલ્વફલ અને પાશ, તેમજ ડાબા બેમાં નકુલ તથા અંકુશ ધારણ કર્યા હોવાનું જણાવ્યું છે. જ્યારે દિગંબર ગ્રંથકારો પૈકી પ્રવચન સારોદ્ધારમાં તેનું વાહન સિંહ જણાવતાં, તેના ચારે હાથની અંદર દંડ શૂલ અગર ભાલો, સ્વસ્તિકમુદ્રા અને ધ્વજ હોવાનો નિર્દેશ કર્યો છે, પરંતુ આ જ સંપ્રદાયના પ્રતિષ્ઠાસાર સંગ્રહકાર તેને ફક્ત બે જ હાથ હોવાનું જણાવી મોઢું વાંકું હોવાનું કહે છે.

માતંગ યક્ષની બે મૂર્તિઓ શંખેશ્વરમાં બીજા નંબરની દેરીની અંદર, પદ્માવતિદેવીની બંન્ને બાજુએ બેસાડેલી છે. તેમાં તેના ઉક્ત વિધાન

પ્રમાણેનાં આયુધો મૂકતાં તેના વાહન હાથીને પણ વ્યક્ત કર્યો છે. પાટણના સાલવીવાડા જિલ્લામાં ત્રિપુરેશ્વર મહાદેવના મંદિરની અંદર ઉત્તર બાજુના ગોખલામાં એક યક્ષમૂર્તિ બેસાડેલી છે, તેને ચાર હાથ બનાવી તેમાં બિલ્વફલ અગર તો બિજોરું, અંકુશ, પાશ અને સર્પ મૂકતાં, વાહન તરીકે હાથીને તેના પગ નીચે બનાવ્યો છે. આ મૂર્તિમાંથી માતંગ યક્ષનાં ત્રણ આયુધો, તથા વાહન તેના વિધાન પ્રમાણેનું મળતું હોવાથી, તે માતંગ યક્ષની જ હશે એમ સમજાય છે. જિન ભગવાનના મુખ્ય ચોવીસ યક્ષોમાં ચાર હાથ ધરાવનારા બિજોરું કે બિલ્વફલવાળા ફક્ત બે જ યક્ષો છે, એક માતંગ અને બીજો યક્ષેશ્વર. તેમાંયે યક્ષેશ્વરના વિધાન પ્રમાણે ફક્ત બે જ આયુધો મળતાં હોવાના કારણે તે યક્ષેશ્વર કરતાં માતંગ યક્ષની પ્રતિમા હશે એમ જરૂર લાગે છે, મૂર્તિવિધાયક શિલ્પિઓ આયુધો કે ઉપકરણો મૂકવામાં કેટલીક વખત સ્વતંત્રતા લેતા હતા. અને તેથી જ આ માતંગ યક્ષની પ્રતિમામાં નકુલના બદલે સર્પ મૂકયો હોય તે બનવા જોગ છે, આ સિવાય સુપાર્શ્વભગવાનના પરિકરોમાંથી પણ આ યક્ષની કેટલીક મૂર્તિઓ મળે છે.

શાન્તા

માતંગ યક્ષની સાથે યક્ષિણી તરીકે શાન્તાને શાસ્ત્રકારોએ જણાવી છે. તેનો વર્ણ સુવર્ણ જેવો, વાહન હાથી, અને ચારે હાથમાં વરદ, અક્ષમાલા, અભય તેમજ ત્રિશૂલ ધારણ કરેલાં હોવાનું વિધાનકારો કહે છે, જ્યારે દિગંબર શાસ્ત્રકારો સુપાર્શ્વની યક્ષિણી તરીકે કાલિને જણાવતા હોઈ તેનું વાહન વૃષભ, વર્ણ શ્વેત, અને ચારે હાથમાં ઘંટા, ત્રિશૂલ, ફલ અને વરદ, વ. આયુધો મૂકે છે. દિગંબરોનું આ વર્ણન કેટલેક અંશે શૈવદેવીઓને અનુરૂપ હોવાનું માલૂમ પડે છે. આ યક્ષની પરિકર સિવાયની કોઈ સ્વતંત્ર પ્રતિમા જોવામાં આવી નથી. ગુજરાત બહારના પ્રાંતોમાં પટનીદેવીના મંદિરમાંથી આવી એક પ્રતિમા મળી હોવાનું શ્રી. વૃંદાવન ભટ્ટાચાર્યે જણાવ્યું છે.[3]

3. Jaina Images, p. 127

વિજય

ભગવાન ચંદ્રપ્રભના આ યક્ષનો વર્ણ નીલ, હંસ વાહન, ત્રણ નેત્ર, બે હાથ તેમાં ચક્ર અને મુદ્દગર ધારણ કરેલાં હોય છે. દિગંબરોના પ્રતિષ્ઠા સારોદ્ધારમાં તેનો વર્ણ શ્યામ, ત્રણ નેત્ર અને ચાર હાથની અંદર ફલ, અક્ષમાલા, પરશુ તેમજ વરદમુદ્રા હોવાનું જણાવ્યું છે. આ યક્ષની પણ સ્વતંત્ર પ્રતિમાઓનો તો અભાવ જ છે.

ભ્રુકુટી

વિજય યક્ષ સાથેની યક્ષિણી ભ્રુકુટી અગર તો જ્વાલાને જણાવતાં, તેનો વર્ણ પીળો, વાહન સિંહ અને તેના ચાર હાથમાં અનુક્રમે ખડગ, મુદ્દગર, પરશુ તેમજ ઢાલ ધારણ કર્યા હોવાનું જણાવ્યું છે. કેટલાક ગ્રંથકારો તેનું વાહન વરાહ, હંસ, કે બિડાલ (બિલાડી) હોવાનું પણ કહે છે.[૪] દિગંબરોના મતે આ ભગવાનની યક્ષિણી જ્વાલા અગર તો જ્વાલામાલિની જણાવી હોઈ, તેનો વર્ણ શ્વેત, વાહન મહિષ (પાડો), હાથ આઠ તેમાં અનુક્રમે ચક્ર, વજ્ર, બાણ, ઢાલ, ત્રિશૂલ, તલવાર, ધનુષ, વ. હોવાનું સૂચવ્યું છે, વિદ્યાદેવીઓમાં જણાવેલાં મહાજ્વાલા આ દેવીનું જ સ્વરૂપ હોય એવો તર્ક થાય છે. ચંદ્રપ્રભ ભગવાનના પરિકરોમાંથી આ યક્ષિણીની કેટલીક મૂર્તિઓ મળે છે. બહારના પ્રાંતોમાં પટનીદેવીના મંદિરની અંદર ભ્રુકુટીની પ્રતિમા હોવાનું માલૂમ પડ્યું છે.[૫]

અજિત

સુવિધિનાથ જેનું અપર નામ પુષ્પદંત કહેવાય છે, તેના યક્ષ અજિતનો વર્ણ શ્વેત, વાહન કૂર્મ, તેમજ ચાર હાથમાં માતુલિંગ, માલા નકુલ અને ભાલો ધારણ કરેલો હોય છે. જ્યારે દિગંબર ગ્રંથોના કહેવા પ્રમાણે તેના પ્રત્યેક હાથમાં ફલ, માલા, શક્તિ અને વરદમુદ્રા હોવાનું

૪. જુઓ, શિલ્પરત્ન. ૨૨, શ્લોક ૪૨

5. Jaina Images, p. 128

જણાવ્યું છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર મૂર્તિ ગુજરાતમાંથી મળતી હોવાનું જાણવા મળ્યું નથી.

સુતારકા

અજિત યક્ષ સાથેની યક્ષિણી સુતારકાનો વર્ણ તેના યક્ષ પ્રમાણે શ્વેત, વાહન વૃષભ, હાથ ચાર, તેમાં વરદ, અક્ષમાલા, અંકુશ અને કલશ ધારણ કરેલાં હોય છે. દિગંબર સંપ્રદાયમાં સુવિધિનાથની યક્ષિણી તરીકે મહાકાલિને જણાવતાં, તેના હાથમાં વજ્ર, મુગ્દર, ફલ અને વરદમુદ્રા હોવાનું સૂચવ્યું છે. મહાકાલિની ગણના વિદ્યાદેવીના મંડલોમાં પણ કરેલી છે. આ યક્ષિણીની નાની મોટી કેટલીક મૂર્તિઓ સુવિધિનાથના પરિકરોમાંથી મળે છે.

શીતલનાથ ભગવાનનો બ્રહ્મયક્ષ હોવાનું જૈન શાસ્ત્રકારો કહે છે. તેની મૂર્તિ હિંદુધર્મના બ્રહ્મા જેવી જ જણાવતાં ફક્ત આયુધોમાં થોડોક ફેરફાર જણાવ્યો છે. આ યક્ષનો વર્ણ શ્વેત, કમલાસન ઉપર બેઠેલા, ચાર મુખ, ત્રણ નેત્ર અને આઠ હાથ હોવાનું જણાવી તેમાં માતુલિંગ, મુગ્દર, પાશ, અભય, નકુળ, ગદા, અંકુશ અને અક્ષસૂત્ર હોવાનું જણાવ્યું છે. દિગંબર ગ્રંથકારો પણ બ્રહ્મયક્ષનું આવું જ વર્ણન રજૂ કરે છે. ફક્ત આયુધોમાં ધનુષ, દંડ, ઢાલ, તલવાર અને વરદમુદ્રા વિશેષમાં જણાવી, બાકીના આયુધો શ્વેતાંબરો પ્રમાણે જ છે. આ યક્ષની પરિકર સિવાય સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી હોવાનું જાણવામાં નથી.

અશોકા

બ્રહ્મયક્ષની યક્ષિણી અશોકા છે. તેનો વર્ણ મગ જેવો લીલો, પદ્મ ઉપર બેઠેલાં, ચારે હાથમાં અનુક્રમે વરદ, નાગપાશ, અંકુશ અને બિજોરું ધારણ કરેલાં હોય છે. કોઈ કોઈ ગ્રંથકારો બિજોરાના બદલે ફલ હોવાનું પણ કહે છે. દિગંબરોના મતે બ્રહ્મયક્ષ સાથે માનવીદેવી–યક્ષિણીને જણાવતાં, તેનો વર્ણ હરિત્, વાહન વરાહ અને આયુધોમાં

વરદ, ધનુષ, ફલ વ. હોવાનું નોંધે છે. અશોકા કે માનવીદેવીની કોઈ સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાંથી મળતી હોવાનું માલૂમ પડયું નથી. શીતલનાથ ભગવાનના પરિકરોમાંથી યક્ષ સાથેની મળવા સંભવ છે.

યક્ષેટ–મનુજ

શ્રેયાંસનાથ તીર્થંકરના આ યક્ષનું વાહન વૃષભ, વર્ણ શ્વેત, ત્રણ નેત્ર અને આયુધોમાં અનુક્રમે માતુલિંગ, ગદા, નકુલ અને અક્ષસૂત્ર હોવાનું ગ્રંથકારો કહે છે. જ્યારે દિગંબર ગ્રંથોના વિધાન પ્રમાણે ત્રિશૂળ, દંડ, માલા અને ફલ, વ. હોવાનું તેઓના ગ્રંથોમાં જણાવ્યું છે. આ યક્ષનું સામાન્ય વર્ણન શિવના જેવું છે. ફક્ત યક્ષ તરીકેની રજૂઆત કરતાં આયુધોનો ક્રમ જુદો દર્શાવ્યો છે. તેને મનુજ અગર ઈશ્વર તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાતમાંથી આ યક્ષની સ્વતંત્ર મૂર્તિઓ મળે છે કે કેમ તે માટે વિશેષ હકીકત જાણવામાં આવી નથી. પરંતુ કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમમાંથી તેની એક પ્રતિમા મળી છે.

માનવી–ગૌરી

યક્ષેટ યક્ષ સાથેની આ યક્ષિણીને ગૌરી કે શ્રીવત્સા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો વર્ણ ગૌર, વાહન સિંહ, ચાર હાથ અને તેના આયુધોમાં અંકુશ, વરદ, નકુલ તથા મુન્દર હોવાનું સૂચવ્યું છે. ત્રિશષ્ઠિકારે નકુલના બદલે વજ્ર નોંધ્યું છે. જ્યારે શિલ્પરત્નાકર અને બીજા ગ્રંથો નકુલના બદલે કળશ હોવાનું કહે છે. આમ માનવીદેવીનાં ત્રણ જુદાં જુદાં વિધાનો ગ્રંથાંતરોમાંથી જાણવા મળ્યાં છે. દિગંબરોના મતે તેનું વાહન મૃગ અને આયુધોમાં મુગદર, કમળ, કળશ, તથા વરદમુદ્રા ધારણ કરેલાં હોવાનું જણાવ્યું છે.

માનવીદેવીની એક મૂર્તિ શંખેશ્વરમાં મુખ્ય મંદિરની દેરી નં ૫૪માં બેસાડેલી છે. આ પ્રતિમા આશરે દોઢ ફૂટ ઊંચી હોઈ, તેમાં શાસ્ત્રોક્ત વિધાન પ્રમાણે આયુધો, વાહન વ. જણાવ્યું છે. આ સિવાય

તેની બીજી કોઈ મૂર્તિ મળતી હોવાનું જણાયું નથી, પરંતુ શ્રેયાંસનાથ ભગવાનના પરિકરોમાં યક્ષની સાથે હોવાનું કેટલાકમાંથી માલૂમ પડે છે.

કુમાર

વાસુપૂજ્યસ્વામિના આ યક્ષનો વર્ણ શ્વેત, વાહન હંસ, અને બિજોરું, બાણ, નકુળ, તેમજ ધનુષ ચારે હાથમાં ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારો આથી જુદું જ વર્ણન નોંધતાં તેને ત્રણ મુખ, છ હાથ, તેમાં અનુક્રમે ધનુષ, નકુલ, ફલ, ગદા, વ. આયુધો હોવાનું કહે છે. હિંદુ ધર્મ-શાસ્ત્રમાં કુમાર નામ શિવપુત્ર કાર્તિકેયનું છે. કુમાર યક્ષની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાં કોઈ સ્થળે હોવાનું જાણવામાં આવ્યું નથી. વાસુપૂજ્યના પરિકરોમાંથી તેની નાની મોટી મૂર્તિઓ મળવા સંભવ છે.

ચંડા

કુમાર યક્ષ સાથેની યક્ષિણી ચંડા છે. તેનો વર્ણ શ્યામ, વાહન અશ્વ અને આયુધોમાં વરદ, શક્તિ, પુષ્પ, તેમજ ગદા હોવાનું કહે છે. દિગંબર ગ્રંથોના વિધાન મુજબ ચંડાનું વાહન મગર, આયુધોમાં ગદા, બેમાં કમળ અને ચોથામાં વરદમુદ્રા હોવાનું સૂચવે છે. તેનું અપર નામ ગાંધારી છે. જૈનોની સોળ વિદ્યાદેવીઓમાં દશમી વિદ્યાદેવી ગાંધારી જણાવી હોઈ આ બંન્ને એક જ હોય એવો તર્ક છે. હિંદુ ધર્મશાસ્ત્રમાં ચંડા–પ્રચંડા, અગર ચંડી ભગવતી દુર્ગાનું જ સ્વરૂપ મનાય છે. ચંડા યક્ષિણીની કોઈ સ્વતંત્ર મૂર્તિ ગુજરાતમાંથી મળતી હોવાનું માલૂમ નથી, પરંતુ વાસુપૂજ્યના પરિકરોમાં યક્ષ સાથે હોય છે જ.

ષણ્મુખ યક્ષ

વિમલનાથનો આ યક્ષ ગણાય છે. તેનો વર્ણ શ્વેત, વાહન મયૂર, મોઢાં છ, અને બાર હાથ જણાવતાં તેમાં અનુક્રમે ફળ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષસૂત્ર, નકુળ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભય દક્ષિણાધઃ કરક્રમ પ્રમાણે હોય છે. દિગંબરો વિમલનાથના

યક્ષનું ચતુર્મુખનામ આપતાં તેને આઠ અગર બાર હાથ, તેમાં પરશુ, અક્ષમણિ, ઢાલ, વ. આયુધો હોવાનું નોંધે છે. સામાન્ય રીતે હિંદુ ધર્મશાસ્ત્રમાં જણાવેલા કાર્તિકેયનું જ આ બીજું સ્વરૂપ હોય તેમ માલૂમ પડે છે. કારણ તેને પણ છ મુખ અને બાર હાથ કલ્પવામાં આવ્યા હોઈ આ બન્નેના આયુધોમાં ફરક છે.

ષણ્મુખ યક્ષની એક પ્રતિમા ગિરનાર ઉપર નેમિનાથના દેરાની ભમતીના અંધારા ભોંયરામાં આવેલી છે. તેને ફક્ત ચાર હાથ જણાવ્યા હોઈ તે પૈકી બેમાં કોઈ અસ્પષ્ટ આયુધો અને બીજા બેમાં અંકુશ અને વરદમુદ્રા વ્યક્ત કરતાં, યક્ષ અર્ધપદ્માસન વાળી બેઠા હોવાનું સૂચવ્યું છે. આ સિવાય આવી બીજી કોઈ મૂર્તિની નોંધ ગુજરાત-કાઠિયાવાડમાંથી પ્રાપ્ત થતી નથી.

વિદિતા–વિજયા

ષણ્મુખ યક્ષની નાયિકા વિદિતા જેનું અપર નામ વિજયા છે. તેનો વર્ણ હરિતાલ સમાન, પદ્મ ઉપર બેઠેલાં, ચાર હાથ, તેમાં અનુક્રમે બાણ, પાશ, ધનુષ અને સર્પ પકડેલો હોય છે. દિગંબરો વિમલનાથની શાસનદેવી વૈરોટીને જણાવતા હોઈ, તેના ચાર હાથ પૈકી બેમાં સર્પ, ત્રીજામાં ધનુષ, ચોથામાં બાણ મૂકતાં તેનું વાહન સર્પ હોવાનું સૂચવે છે. આ યક્ષિણીની એક પ્રતિમા ગિરનાર ઉપર નેમિનાથના દહેરાની ભમતીમાં એક સ્થળે ષણ્મુખયક્ષની સાથે બેસાડેલી છે. તેમાં દેવી પદ્માસન વાળી બેઠેલાં, આયુધોમાં અંકુશ, સર્પ, વરદ અને ચોથામાં અસ્પષ્ટ વસ્તુ પકડેલી બતાવી છે. આ સિવાય વિદિતાની આવી સ્વતંત્ર મૂર્તિ બીજા કોઈ સ્થળેથી મળતી હોવાનું જણાયું નથી. પરંતુ વિમલનાથ ભગવાનના પરિકરોમાંથી તેની નાની મોટી કેટલીક મૂર્તિઓ મળવા સંભવ છે.

પાતાલ યક્ષ

અનંતનાથ ભગવાનનો આ યક્ષ છે. તેને ત્રણ મુખ, રક્ત વર્ણ,

વાહન મગર, તેમજ તેને છ હાથ જણાવતાં તેમાં પદ્મ, ખડગ, પાશ, નકુળ, ઢાલ અને અક્ષમાલા વ. આયુધો હોય છે. દિગંબર ગ્રંથકારો પણ શ્વેતાંબરોને અનુરૂપ જ વર્ણન આપતા હોઈ આયુધોમાં અંકુશ, ભાલો, ધનુષ, પાશ, હલ અને ફલ હોવાનું કહે છે. આ યક્ષની પરિકર સિવાયની કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી.

અંકુશા

પાતાલ યક્ષ સાથેની આ યક્ષિણી હોઈ તેનો વર્ણ ગૌર, પદ્મારૂઢ, હાથ ચાર, તેમાં અનુક્રમે ખડગ, પાશ, ઢાલ અને અંકુશ ધારણ કરેલાં હોય છે. દિગંબર સંપ્રદાયમાં તેનું અનંતમતી નામ આપતાં, તેને ચારે હાથમાં ધનુષ, બાણ, ફલ અને વરદમુદ્રા હોવાનું જણાવ્યું છે. આ યક્ષિણીની કોઈ પ્રાચીન પ્રતિમા ગુજરાતમાંથી પ્રાપ્ત થતી હોવાનું જણાયું નથી.

કિન્નર યક્ષ

ધર્મનાથ ભગવાનના આ યક્ષનો વર્ણ રક્ત, વાહન કૂર્મ, ત્રણ મૂખ, તેમજ છ હાથ હોવાનું જણાવતાં તેમાં બિજોરું, ગદા, અભય, અક્ષમાલા, કમલ અને નકુલ ધારણ કરેલાં હોય છે. દિગંબરો પણ આવું જ વર્ણન નોંધતાં, તેનું વાહન મત્સ્ય (માછલું) અને આયુધોમાં ચક્ર, વજ્ર અને અંકુશ જમણામાં તેમજ મુદ્ગ, માળા અને વરદમુદ્રા ડાબામાં હોવાનું કહે છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર પ્રતિમાઓ જોવામાં આવી નથી.

કંદર્પા

કિન્નર યક્ષ સાથેની યક્ષિણી કંદર્પા છે. તેનો વર્ણ ગૌર, વાહન મત્સ્ય અને ચાર હાથ તેમાં કમળ, અંકુશ, અભય, તથા પદ્મ ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારોના મત પ્રમાણે ધર્મનાથની યક્ષિણી તરીકે માનસીને જણાવી, તેનું વાહન વ્યાઘ્ર અને છએ હાથમાં કમળ, ધનુષ વરદ, અંકુશ, બાણ અને પદ્મ હોવાનું સૂચવ્યું છે, માનસીની ગણનાં વિદ્યાદેવીમાં પણ કરવામાં આવી છે. આ યક્ષિણીની

કેટલીક મૂર્તિઓ ધર્મનાથ ભગવાનના પરિકરોમાંથી કિન્નર યક્ષ સાથેની મળે છે, પરંતુ કોઈ સ્વતંત્ર પ્રતિમા મળતી હોવાનું જાણવામાં નથી.

ગરૂડ

શાંતિનાથ ભગવાનનો આ યક્ષ ગણાય છે. તેનો વર્ણ શ્યામ, મુખ વરાહના જેવું, વરાહ ઉપર બેઠેલા, ચાર હાથ, તેમાં બીજપૂર (બિજોરું), પદ્મ નકુલ, તેમજ અક્ષમાલા હોય છે. ત્રિશષ્ઠિકાર તેના વાહન તરીકે હાથીને જણાવે છે. જ્યારે દિગંબરો તેનું વર્ણન શ્વેતાંબરોને અનુરૂપ રજૂ કરતાં, આયુધોમાં કમળ, ફળ, વજ્ર અને ચક્ર હોવાનું સૂચવે છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાંથી પ્રાપ્ત થઈ નથી, પરંતુ મધ્ય પ્રાંતમાં આવેલા દેવગઢના કિલ્લામાં પશ્ચિમ દરવાજા પાસે એક સ્તંભમાંથી તેની મૂર્તિ કોતરેલી મળી આવી છે. તેમાં ગરૂડ યક્ષને વરાહ ઉપર આરૂઢ થએલા જણાવતાં તેને ચારે હાથમાં ગદા, માલા, બિજોરું અને સર્પ ધારણ કરેલાં છે.

નિર્વાણી

ગરૂડ યક્ષની આ યક્ષિણીનો વર્ણ સુવર્ણ જેવો, પદ્માસન ઉપર બેઠેલાં, ચાર હાથ પૈકી બેમાં કમળ, ત્રીજામાં પુસ્તક અને છેલ્લામાં કમંડલ હોવાનું રૂપાવતાર, ત્રિશષ્ઠિકાર વ. ગ્રંથકારો જણાવે છે. દિગંબર ગ્રંથકારો તેને મહામાનસી તરીકે ઓળખાવી, તેનું વાહન મયૂર અને આયુધોમાં ચક્ર, ફળ, તલવાર, તેમજ વરદમુદ્રા મૂકવાનું સૂચવે છે. મહામાનસીને વિદ્યાદેવી તરીકે માનેલી હોઈ તેનું વાહન, આયુધો વ. સરસ્વતી–શ્રુતદેવતાને અનુરૂપ કેટલાંક છે. માનસી એટલે સરસ્વતી અને મહામાનસી એટલે સારસ્વત, દેવીઓમાં સર્વ શ્રેષ્ઠ દેવી. નિર્વાણી યક્ષિણીના કોઈ સ્વતંત્ર મૂર્તિ ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી, પરંતુ બહારના પ્રાંતોમાંથી તેની કેટલીક મૂર્તિઓ મળી છે. લખનૌ મ્યુઝિયમમાં તેની એક પ્રતિમા મૂકેલી છે. આ સિવાય ગ્વાલિયરના કિલ્લામાં ઊટી દરવાજા પાસે રસ્તાની ડાબી

બાજુમાં, તેમજ મધ્ય પ્રાંતના ઉછર સ્ટેટમાં આવેલા પટનીદેવીના મંદિરમાંથી પણ આ યક્ષિણીની મૂર્તિઓ મળી આવી છે.

ગંધર્વ યક્ષ

કુંથુનાથ ભગવાનનો આ યક્ષ ગણાય છે. તેનો વર્ણ શ્યામ, વાહન હંસ, ચાર હાથમાં અનુક્રમે વરદ, નાગપાશ, અંકુશ અને બિજોરું ધારણ કરેલાં હોય છે. જ્યારે દિગંબરગ્રંથોના મતે નાગપાશ, ધનુર્ વ. જણાવતાં વાહનમાં પક્ષીનો મોઘમ ઉલ્લેખ આપેલો છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાં કોઈ સ્થળેથી મળતી હોવાની નોંધ મળી નથી. આબુ ઉપર લૂણવસહિનાં રંગમંડપની અંદર એક યક્ષની પ્રતિમા બેસાડેલી છે. તેને ચાર હાથ પૈકી બેમાં અંકુશ, ત્રીજામાં વરદ અને ચોથામાં અસ્પષ્ટ વસ્તુ મૂકી હોવાનું જણાવે છે. આને અભિનંદનનો ઈશ્વરયક્ષ અગર તો સુપાર્શ્વનો માતંગ યક્ષ હોવાનું પુરાતત્ત્વવિદ્ અને ઇતિહાસ પ્રેમી પ. પૂ. શ્રી. જયંતવિજયજી મહારાજે તેમના આબુ નામના ગ્રંથમાં જણાવ્યું છે. પરંતુ ઈશ્વર કે માતંગ એમાંથી કોઈને પણ અંકુશ સાથે વરદમુદ્રા હોવાનું વિધાન જણાવ્યું નથી. જ્યારે આ મૂર્તિને અંકુશ સાથે બીજા હાથમાં વરદમુદ્રા હોવાથી તે ગંધર્વ યક્ષની મૂર્તિ હોવી જોઈએ એવું અનુમાન છે. જોકે તેનાં બીજાં આયુધો મળતાં નથી, પણ ચાર પૈકી બે સ્પષ્ટ હોવાથી આવો તર્ક કર્યો છે.

બલા-અચ્યુતા

ગંધર્વ યક્ષની આ યક્ષિણીનો વર્ણ ગોર, વાહન મોર, હાથ ચાર તેમાં ત્રિશૂળ, પદ્મ, બિજોરું, અને ભુશંડી હોવાનું સૂચવ્યું છે. શિલ્પરત્નાકરમાં તેનો સુવર્ણ સમાન વર્ણ જણાવ્યો છે. દિગંબર શાસ્ત્રોના પ્રમાણે તેનું વિજયા નામ જણાવતાં તેનું વાહન વરાહ, તથા શંખ, તલવાર, ચક્ર તેમજ વરદ મુદ્રા હોવાનું નોંધ્યું છે. દિગંબરોની વિજયાનું વિધાન હિંદુ ધર્મશાસ્ત્રની વારાહિ દેવીને કેટલેક અંશે અનુસરે છે. તેવી જ રીતે બુદ્ધ સંપ્રદાયની મારીચી સાથે પણ કેટલુંક સામ્ય ધરાવે છે. આ યક્ષિણીની કોઈ જુદી

પ્રતિમા મળતી હોવાનું જાણી શકાયું નથી, પરંતુ કુંથુનાથ ભગવાનના પરિકરોમાંથી તેના યક્ષ સાથેની કેટલીક મળે છે.

યક્ષેન્દ્ર

અરનાથ ભગવાનના આ યક્ષનો વર્ણ શ્યામ, વાહન શેષ (નાગ), મોઢાં છ અને બાર હાથ જણાવતાં તેમાં અનુક્રમે બિજોરું, બાણ, ખડગ, મુગ્દર, પાશ, અભય, અક્ષમાલા, અંકુશ, શુલ, ઢાલ, અને નકુલ ધારણ કરેલાં હોય છે. જ્યારે પ્રવચનસારોદ્ધાર તેનું વાહન મોર હોવાનું કહે છે. ત્રિશષ્ઠિ અને શિલ્પરત્નાકરમાં તેનું વાહન શંખ હોવાનું સૂચવ્યું છે. આમ જુદાજુદા ગ્રંથકારો તેના વાહનો માટે વિવિધતાઓ નોંધે છે. દિગંબરોના મતે તેનું ખેન્દ્ર નામ જણાવતાં બાર હાથમાં ધનુષ, મેઘધનુષ, પાશ, ગદા, અંકુશ, વરદ, બાણ, ફળ, માલા વ. હોવાનું સૂચવ્યું છે. આગળ વિમળનાથના ષણ્મુખ યક્ષનું આવું જ વર્ણન આપ્યું કોઈ ફક્ત આયુધો-માં કેટલાક ફેરફાર હોવાનું માલૂમ પડે છે. ટૂંકમાં હિંદુધર્મના કાર્તિ-કેયની સાથે આ યક્ષનું વિધાન મોટે ભાગે સામ્ય ધરાવે છે. આ યક્ષની એક પણ સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી.

ધારિણી

યક્ષેન્દ્ર સાથેની આ યક્ષિણીને ચાર હાથ તેમાં બિજોરું, કમલ, અક્ષમાલા અને પદ્મ ધારણ કરેલાં, પદ્માસન ઉપર બેઠેલાં, નીલ વર્ણ. દિગંબરો અરનાથની યક્ષિણી તરીકે તારાને સૂચવતાં, તેના હાથમાં નાગ, વજ્ર, હરિણ અને વરદમુદ્રા વ. આયુધો જણાવી, તેનું હંસ વાહન હોવાનું નોંધે છે. ધારિણીની કોઈ સ્વતંત્ર મૂર્તિ ગુજરાતમાંથી પ્રાપ્ત થતી હોવાના ઉલ્લેખો ક્યાંયથી મળ્યા નથી અમરનાથ ભગવાનના પરિકરોમાંથી યક્ષેન્દ્ર સાથેની નાની નાની કેટલીક પ્રતિમાઓ મળે છે.

કુબેર

મલ્લીનાથ ભગવાનના આ યક્ષને ચાર મુખ, શ્વેત વર્ણ, આઠ હાથ તેમાં વરદ, ત્રિશુળ, પરશુ, અભય, બિજોરું, મુગ્દર, શક્તિ અને

અક્ષમાલા ધારણ કરેલાં હોઈ, રથમાં બેઠેલા હોવાનું રૂપાવતારકારે જણાવ્યું છે. જ્યારે ત્રિશષ્ઠિ અને શિલ્પરત્નાકરમાં તેનો વર્ણ નીલ (મેઘધનુષ જેવો) જણાવતાં, તેના વાહન માટે હાથીની નોંધ આપી છે. દિગંબરો પણ તેનું વાહન હાથી જણાવી, આયુધોમાં ઢાલ, ધનુષ, દંડ, કમળ, તલવાર, પરશુ, પાશ અને વરદમુદ્રા હોવાનું વિધાન રજૂ કરે છે. કુબેર યક્ષોનો અધિપતિ મનાય છે. તેટલું જ નહિ પણ તેને ઉત્તર દિશાનો દિક્પાલ બનાવવામાં આવ્યો છે. કુબેરની કલ્પના વૈદિક, જૈન અને બૌદ્ધ ત્રણે સંપ્રદાયો એ એકસરખી સ્વીકારી હોવાં છતાં, ત્રણેનાં વિધાનો એકસરખાં મળતાં નથી, અર્થાત્ તેને સ્વતંત્ર દેવ તરીકે સ્વીકારતાં તેના વિધાનોમાં ખૂબ ફેરફાર સૂચવ્યો છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર મૂર્તિ જૈન યક્ષ તરીકે મળી નથી. પરંતુ દિક્પાલ તરીકેની અનેક પ્રતિમાઓ મળી આવી છે. પરંતુ દિક્પતિ અને જૈન યક્ષના વિધાનો તદ્દન જુદાં જ છે એટલે તેને જૈન યક્ષ તરીકે સ્વીકારી શકાય નહિ.

વૈરાટ્યા–ધરણપ્રિયા

કુબેર યક્ષ સાથેની આ યક્ષિણીનો વર્ણ શ્યામ, પદ્મ ઉપર બેઠેલાં, હાથ ચાર તેમાં વરદ, અક્ષમાલા, શક્તિ અને બિજોરું ધારણ કરેલાં હોય છે. દિગંબરો મલ્લિનાથ ભગવાનની યક્ષિણી તરીકે અપરાજિતાને જણાવતા હોઈ, તેનું વાહન સિંહ અને આયુધોમાં બિજોરું, તલવાર, ઢાલ, તેમજ વરદમુદ્રા હોવાની નોંધ આપે છે. વૈરાટી એ વિદ્યાદેવી તરીકે પણ ગણાય છે. જોકે તેના આયુધોમાં કેટલોક ફેરફાર માલૂમ પડે છે, છતાં તેની ગણના તેમાં કરેલી હોવાનું માલૂમ પડે છે. વૈરાટીની કોઈ મૂર્તિ ગુજરાતમાંથી તો મળી નથી પણ મધ્યપ્રાંતના ઉછર સ્ટેટમાં આવેલા પટ્ટની દેવીના મંદિરમાં હોવાનું શ્રી. ભટ્ટાચાર્યે જણાવ્યું છે. આ સિવાય મલ્લીનાથ ભગવાનના પરિકરોમાંથી તેના યક્ષ સાથેની કેટલીક મૂર્તિઓ મળે છે.

વરુણ

મુનિસુવ્રત સ્વામીના આ યક્ષને ચાર મુખ, પ્રત્યેકમાં ત્રણ નેત્ર,

વર્ણ શ્વેત, વાહન વૃષભ, આઠ હાથ, તેમાં બિજોરું, ગદા, બાણ, શક્તિ, પાશ, ધનુષ, પદ્મ અને નકુલ દક્ષિણાધઃક્રમ પ્રમાણે ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારો વરુણ યક્ષને શ્વેતાંબરોથી વિરુદ્ધ આઠ મુખ અને ચાર હાથ હોવાનું જણાવી તે દરેકમાં ઢાલ, તલવાર, ફલ અને વરદમુદ્રા હોવાનું કહે છે. વરુણ એ હિંદુ ધર્મશાસ્ત્રમાં પશ્ચિમ દિશાનો દિક્પાલ ગણાય છે, જ્યારે જૈન સંપ્રદાયમાં તે નામનો સ્વતંત્ર યક્ષ જણાવતાં તેનું વિધાન લગભગ ચતુર્મુખ શિવના જેવું નિરૂપ્યું છે. આ યક્ષની કોઈ સ્વતંત્ર મૂર્તિ મળતી હોવાનું જાણવામાં નથી.

નરદત્તા—વરદત્તા

વરુણ યક્ષ સાથેની યક્ષિણી વરદત્તા હોવાનું રૂપાવતાર કહે છે. તેનો વર્ણ શ્વેત, વાહન સિંહ અને ચારે હાથમાં વરદ, અક્ષસૂત્ર, ત્રિશૂલ, તેમજ બિજોરું હોવાનું સૂચવ્યું છે. જ્યારે શિલ્પરત્નાકર તેનું નરદત્તા કે અચ્છુપ્તા નામ જણાવતાં, તેનો વર્ણ સુવર્ણ સમાન અને ભદ્રાસન વાળી બેઠેલાં હોવાનું કહે છે. દિગંબર ગ્રંથકારો તેનું બહુરૂપિણી નામ રજૂ કરતાં તેનુ વાહન નાગ, વર્ણ સુવર્ણ જેવો, અને આયુધોમાં ઢાલ, ખડગ, ફલ તથા વરદમુદ્રાની નોંધ આપે છે. ગુજરાતમાંથી આ યક્ષિણીની કોઈ મૂર્તિ મળતી હોવાના ઉલ્લેખો મળ્યા નથી, પરંતુ મધ્ય પ્રાંતના ઉંચ્છર સ્ટેટમાં આવેલા પટ્ટની દેવીના મંદિરમાં તેની સુંદર પ્રતિમા મૂકવામાં આવી છે. આ સિવાય મુનિસુવ્રત સ્વામીના પરિકરોમાંથી તેના યક્ષ સાથે કોતરેલી કેટલીક પ્રતિમાઓ મળવા સંભવ છે.

ભૃકુટિ યક્ષ

નેમિનાથ ભગવાનનો આ યક્ષ પણ ચાર મુખ, બાર નેત્ર અને આઠ હાથ ધરાવતો હોઈ, તેનો વર્ણ પીળો, વાહન વૃષભ અને આયુધોમાં બિજોરું, શક્તિ, મુગદર તથા અભયમુદ્રાને ધારણ કરે છે. શિલ્પરત્નાકર તેને આઠ હાથ જણાવતાં તે દરેકમાં બિજોરું, શક્તિ, મુગદર, અભય, નકુલ, પરશુ, વજ્ર અને અક્ષમાલા મૂકે છે. દિગંબર ગ્રંથકારોના મતે

તેના હાથની અંદર ઢાલ, ખડગ, ધનુષ, બાણ, અંકુશ, પદ્મ, ચક્ર અને વરદમુદ્રા ધારણ કરેલી હોવાનું જણાવે છે. તદુપરાંત તેનું અપરનામ નંદીગ હોવાનું પણ સૂચવ્યું છે. આ યક્ષની કોઈ પ્રતિમા ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી.

ગાંધારી

ભૃકુટિ યક્ષ સાથેની આ યક્ષિણીનો વર્ણ શ્વેત, વાહન હંસ, હાથ ચાર તેમાં વરદ, ખડગ, બિજોરું અને કુંત (ભાલો) વ. ધારણ કરેલાં હોય છે. દિગંબરો ભૃકુટિ યક્ષ સાથે ચામુંડાને જણાવતા હોઇ તેના હાથમાં અક્ષમાલા, દંડ, ઢાલ, ખડગ વ. આયુધો કલ્પે છે. તદુપરાંત તેનું વાહન મગર હોવાનું જણાવ્યું છે. વિદ્યાદેવી તરીકે પણ ગાંધારીની ગણના કરેલી છે. ગાંધારીની કોઈ સ્વ[illegible]મા ગુજરાતમાંથી મળી નથી પણ બહારના પ્રાંતો પૈકી મધ્ય પ્રાંતના ઉંચ્છર સ્ટેટમાં આવેલા પ્રખ્યાત પટ્ટની દેવીના મંદિરમાં તેની સુંદર પ્રતિમા હોવાની નોંધ મળી છે. નેમીનાથ ભગવાનના પરિકરોમાંથી તેના યક્ષ સાથેની ગાંધારીની નાનીનાની કેટલીક મૂર્તિઓ મળવા સંભવ છે.

ગોમેધ

નેમિનાથ ભગવાનના આ યક્ષને ત્રણ મુખ, શ્યામ વર્ણ, નર વાહન અને છ હાથ હોવાનું જણાવતાં તેમાં અનુક્રમે બિજોરું, પરશુ, ચક્ર, નકુલ, ત્રિશૂળ અને શક્તિ વ. આયુધો ધારણ કરેલાં સૂચવ્યાં છે. દિગંબર ગ્રંથકારો-ના કથન પ્રમાણે તેના આયુધોમાં હથોડો, કુહાડી, દંડ, ફલ, વજ્ર અને વરદમુદ્રા વ. મુખ્યતઃ હોય છે. આ યક્ષનું વાહન કોઈ પશુ નથી, પરંતુ નૈઋર્ત્ય દિક્પાલની માફક નરવાહન જણાવ્યું છે. દિગંબરો તેનું પુષ્પયાન–પુષ્પક વિમાન જણાવતા હોવાથી તે કુબેર સદૃશ હોવાનું સમજાય છે. ગુજરાતમાંથી ગોમેધયક્ષની કોઇ સ્વતંત્ર પ્રતિમા મળતી હોવાનું માલૂમ પડ્યું નથી, પરંતુ ગુજરાત બહારના પ્રાંતોમાંથી તેની કેટલીક મૂર્તિઓ મળી છે. મથુરાના કલાપ્રદર્શનમાં, તેમજ દેવગઢના

કિલ્લામાં આવેલા જૈનમંદિરમાંથી આ યક્ષની આકૃતિઓ પ્રતિમાઓ મળી આવી છે.

અંબિકા

અતિ પ્રાચીન કાળથી જૈન સંપ્રદાયમાં અંબા—અંબિકાની ઉપાસના ઊતરી આવી છે. જોકે તેને નેમિનાથ ભગવાનની શાસનદેવી તરીકે સ્વીકારી હોવા છતાં, એક સ્વતંત્રદેવી તરીકે જૈન આમ્નાયમાં તે વધુ પૂજ્ય છે. અર્થાત્ તેનું મહત્ત્વ શાસનદેવી કરતાં એક સ્વતંત્રદેવી તરીકે વધુ સ્વીકારાયું છે. વિવિધ તીર્થકલ્પમાં તેને મથુરાતીર્થની રક્ષકદેવી તરીકે જણાવી છે. આ જ ગ્રંથના અહિચ્છત્રકલ્પની અંદર હસ્તિનાપુર, પ્રતિષ્ઠાનનગર, ગિરનાર, દીપુરી અને બીજાં અનેક સ્થળોએ આવેલા જૈનમંદિરોમાં અંબિકાની પ્રાચીન પ્રતિમાઓ હોવાની નોંધ આપી છે. ઇલોરાના ગુફામંદિરોમાંથી પણ અંબિકાની પ્રતિમાઓ મળે છે. અંબિકાકલ્પમાં તેને બે, ચાર અગર તેથી વધુ હાથ હોવાનું સૂચવ્યું છે. આમ ફક્ત શાસનદેવી તરીકે જ નહિ પણ એક સ્વતંત્રદેવી તરીકે જૈન આમ્નાયમાં તેનું સ્થાન ઊંચું છે. આચારદિનકરના ભગવતી મંડલમાં અંબિકાને જ મુખ્ય દેવી તરીકે જણાવી, તેના પરિવારમાં માતૃકાઓ, સોળ વિદ્યાદેવીઓ, ચોસઠ યોગિનીઓ, બાવન વીર, અષ્ટ ભૈરવ, દસ દિક્પાલ, નવ ગ્રહ અને ક્ષેત્રપાલ ઇ. દેવતાઓ જણાવ્યા છે. તેને કુષ્માંડી અગર આમ્રકુષ્માંડી તરીકે કેટલાક ગ્રંથકારોએ જણાવી છે.

ગોમેધ યક્ષની સાથે અંબિકા પણ નેમિનાથ ભગવાનની શાસનદેવી છે. તેનો વર્ણ સુવર્ણ સમાન, સિંહ ઉપર બેઠેલાં, ચાર હાથ તેમાં લુંબી (કેરીનો લુમખો), પાશ, અંકુશ અને ચોથા હાથ વડે પુત્રને પકડેલો હોય છે. દિગંબરો પણ અંબિકા માટે શ્વેતાંબરોને મળતું જ વર્ણન આલેખતાં, તેને ફક્ત બે હાથ હોવાનું જણાવી તે પૈકી એકમાં આમ્રલુંબી અને બીજામાં બાળક પકડેલું સૂચવ્યું છે.

વૈદિકધર્મમાં અંબિકાને જગદંબિકા તરીકે માનવામાં આવતાં

હોઈ, તેને સાક્ષાત્ ભગવતીદુર્ગાનું મુખ્ય સ્વરૂપ માની પૂજવામાં આવે છે. અર્થાત્ આ સંપ્રદાયમાં અંબાનું સ્થાન સર્વ શ્રેષ્ઠ દેવી તરીકે મનાય છે. વૈદિકદુર્ગાનાં મુખ્ય સ્વરૂપ અંબાથી જૈનશાસનદેવી તરીકે ઓળખાતી અંબિકા યક્ષિણી જુદી જ છે. કારણ તેની ઉત્પત્તિનો જે વૃત્તાંત જૈનગ્રંથકારોએ આલેખ્યો છે તે, અને વૈદિકઅંબાના પ્રાકટ્યની હકીકતમાં મોટો તફાવત છે. આમ વૈદિકઅંબા અને યક્ષિણી અંબિકાને એક સ્વરૂપ માની શકાય તેમ નથી.

અંબિકા યક્ષિણીની તો સેંકડો નાની મોટી પ્રતિમાઓ ગુજરાતમાંથી મળી આવે છે. આવી પ્રાચીન પ્રતિમાઓમાં આબુ ઉપર વિમલવસહિની દેરી નં. ૨૦ અને ૨૧ તથા ગૂઢમંડપમાં અનુક્રમે બે, ચાર અને એક મળી કુલ સાત મૂર્તિઓ સ્થાપન કરેલી છે. તેવી જ રીતે લૂણવસહિની દેરી નં. ૨૪માં, તથા દરવાજા બહાર એક એમ બે મૂર્તિઓ તે મંદિરમાંથી પણ મળી છે. વિમલવસહિમાંની મુખ્ય અંબિકાને બે હાથ જણાવતાં તે પૈકી એકમાં આમ્રલુંબી અને બીજામાં બાળક તેડેલું બતાવ્યું છે. આ સિવાય આ મંદિરની છતમાં તથા લૂણવસહિની એક છતમાંથી અંબિકાના અપ્રતિમ મૂર્તિશિલ્પો મળે છે. પ્રભાસ પાટણમાં સુવિધિનાથના મંદિરની અંદર અંબિકાની એક મૂર્તિ છે તેને ચાર હાથ જણાવ્યા હોઈ તે પૈકી જમણા બેમાં અંકુશ અને કમંડલ, તથા ડાબામાં પાશ તથા બાળકને તેડેલું છે. આ જ ગામમાં દાદા પાર્શ્વનાથથી ઓળખાતા જૈનમંદિરની અંદર અંબિકાદેવીની પ્રતિમા છે. જે વિમલવસહિની મૂર્તિ પ્રમાણે બે હાથ ધરાવતી, આમ્રલુંબી તેમજ બાળક પકડેલી બતાવેલી છે. ગિરનાર ઉપર તો અંબામાતાની સ્વતંત્ર ટુંક છે. તેમાં તથા નેમિનાથ ભગવાનના મંદિરની અંદર અંબિકાની મૂર્તિઓ બેસાડેલી છે. કલોલ પાસે શેરિસાગામના જૈનમંદિરમાં, તેમજ પાટણમાં અષ્ટાપદજીના મંદિરની અંદર ભોંયરામાં અંબિકાની મૂર્તિ બેસાડેલી જોવામાં આવી છે. પાટણથી ત્રણ ગાઉ દૂર વડલીગામના ખોદકામમાંથી

જૈન તીર્થંકરોની સાથે અંબિકાની પણ એક પ્રાચીન મૂર્તિ મળી આવી છે; જે પાટણના પંચાસર પાર્શ્વનાથના મંદિરમાં મૂકી છે. આ ઉપરાંત ગુજરાતના પ્રાચીન અર્વાચીન કેટલાં યે મંદિરોમાંથી અંબિકાની મૂર્તિઓ મળે છે જેની લાંબી નોંધ રજૂ કરવાની અત્રે આવશ્યકતા જણાતી નથી.

બહારના પ્રાંતોમાંથી પણ અંબિકાની કેટલી યે પ્રાચીન પ્રતિમાઓ મળતી હોવાના ઉલ્લેખો મળે છે. મથુરામાંથી પ્રાપ્ત રાતા આરસ-પહાણની એક પ્રાચીન પ્રતિમા કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં મૂકી છે, જેનું ભાસ્કર્ય અદ્વિતીય હોઈ કલા-કૌશલ્યનો સુંદર નમૂનો છે. આ સિવાય નવ મુનિની ગુફાઓ, ખંડગિરિ, ઓરિસ્સા, અને ઢાંકમાંથી અંબિકાની સુંદર મૂર્તિઓ મળી છે, જે પ્રાક્કાલીન હોઈ કલાની દૃષ્ટિએ નમૂનેદાર છે.

અંબિકાદેવીની આરાધના અનેક પ્રભાવક આચાર્યોએ કરી હોવાનું જૈનગ્રંથો કહે છે. પ્રિયગ્રંથસૂરિ, માનદેવસૂરિ, હરિભદ્રસૂરિ, બપ્પભટ્ટ-સૂરિ, વ. મહાનુભાવોએ ભગવતી અંબિકાની ઉપાસના કરી અનેક વાદિઓને જીત્યા હોવાનું આવશ્યકસૂત્ર ઉપર હરિભદ્રની ટીકા અને બીજા ગ્રંથોના આધારે જણાયું છે.

પાર્શ્વયક્ષ

પાર્શ્વનાથ ભગવાનના આ યક્ષનો વર્ણ શ્યામ, મોઢું હાથી જેવું, વાહન કાચબો, ચાર હાથ તેમાં અનુક્રમે બિજોરું, સર્પ, નાગ, તેમજ નકુલ ધારણ કરેલાં હોય છે. શિલ્પરત્નાકર અને ત્રિશષ્ટિકાર તેના માથા ઉપર સર્પફણા હોવાનું વિશેષમાં નોંધે છે. દિગંબર ગ્રંથકારો તેના હાથમાં સર્પ, પાશ, વરદમુદ્રા વ. હોવાનું સૂચવે છે. પાર્શ્વયક્ષની એક પ્રતિમા મુંબાઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં હોવાની નોંધ શ્રી. ડૉ. સાંકળિયાએ આપી છે. આ મૂર્તિને માથે ત્રણ ફણાયુક્ત નાગ, વાહન કાચબો અને ઉપરના બે હાથમાં નાગ પકડેલા છે. આ

સિવાય પાર્શ્વયક્ષની આવી સ્વતંત્ર પ્રતિમા બીજા કોઈ સ્થળેથી મળતી હોવાનું જણાયું નથી.

પદ્માવતી

પાર્શ્વયક્ષ સાથેની યક્ષિણી પદ્માવતી છે. તેનો વર્ણ રક્ત, વાહન કુક્કુટ અને ચાર હાથમાં પદ્મ, પાશ, અંકુશ, તથા બિજોરું ધારણ કરતાં હોવાનું જણાવ્યું છે. રૂપમંડન, ત્રિશષ્ઠિ અને શિલ્પરત્નાકરમાં કુક્કુટ સાથે સર્પનું વાહન હોવાનું વિશેષમાં નોંધ્યું છે. દિગંબર ગ્રંથકારો પદ્માવતીના અનેક ભેદો નિરૂપતાં તેને ચાર, છ, આઠ કે ચોવીસ હાથ હોવાનું નોંધે છે. આ પૈકી ચાર હાથ ધરાવતી પદ્માવતીના બે હાથમાં પદ્મ, ત્રીજામાં અંકુશ અને ચોથામાં માલા ધારણ કરેલી હોય છે. જ્યારે છ હાથની પ્રતિમાને આયુધોમાં અનુક્રમે પાશ, ખડગ, ભાલો, અર્ધચંદ્ર, ગદા તેમજ દંડ હોવાનું કલ્પ્યું છે. આઠ હાથ ધરાવતી આવી મૂર્તિને ઉપર જણાવેલાં છ ઉપરાંત મુશળ તેમજ વરદમુદ્રા કે અભય-મુદ્રા વ્યક્ત કરવાનું જણાવ્યું છે. ચોવીસ હાથ ધરાવતી પદ્માવતીના હાથમાં અનુક્રમે શંખ, ચક્ર, ખડગ, બાલેન્દુ, પદ્મ, નીલપદ્મ, ધનુષ, ભાલો, (કુંત) પાશ, કુશ, (દર્ભ) ઘંટા, બાણ, દંડ, ઢાલ, ત્રિશૂળ, કુઠાર, વજ્ર, માલા, ફલ, ગદા, પત્ર, પલ્લવ, વ. આયુધો મૂકવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે.

વૈદિકધર્મમાં પદ્માવતીની કલ્પના તો છે જ. દેવી-કવચમાં તેના માટે નોંધ લેતાં પદ્માવતીપદ્મકોશે જણાવી તેનું સ્થાન પદ્મકોશ ઉપર હોવાનું વરાહપુરાણકારે સૂચવ્યું છે. નારદીય મહાપુરાણમાં તેનું પૂજન, બલિદાન વ. ઉપાસનાનાં વિધાનો આપ્યાં છે. તેવી જ રીતે રુદ્રયામલમાં અનેક દેવીઓનાં ઉપાસના-વિધાનોની અંદર, પદ્માવતીનું પણ પૂજન અર્ચન કરવાના પ્રયોગો આપ્યા છે.

જૈનસંપ્રદાયમાં પદ્માવતીનું સ્થાન એક તાંત્રિકદેવી તરીકે ઉંચું મહત્ત્વ ધરાવે છે. તેની ઉપાસના માટે "ભૈરવ પદ્માવતીકલ્પ"

નામનો ગ્રંથ આ સંપ્રદાયમાં વધુ જાણીતો છે. આ સિવાય અદ્ભૂત પદ્માવતીકલ્પ, રક્ત પદ્માવતીકલ્પ, પદ્માવતીસ્તોત્ર, પદ્માવતીપૂજન વ. અનેક તંત્રગ્રંથો તેની ઉપાસના માટે ઉપલબ્ધ થાય છે. આ બધામાં પદ્માવતીની ઉપાસના વિવિધ કામનાઓ માટેના તાંત્રિક પ્રયોગો તેમાં જણાવ્યા છે. જૈનસંપ્રદાયમાં ચાર તીર્થંકરો અને ચાર શાસનદેવીઓ મુખ્ય ગણાતી હોઈ, તેમાં પદ્માવતીની પણ ગણના કરવામાં આવી છે.

પદ્માવતીને શ્રીકુલની દેવી તરીકે માનવામાં આવતી હોવાનું જ્ઞાનાર્ણવતંત્ર અને નિરુત્તરતંત્રના આધારે જણાય છે. આ સિવાય સોળ નિત્યાઓમાં પણ તેનો સમાવેશ થતો હોવાનું નિત્યાશોડષિકાર્ણવકાર કહે છે. બૌદ્ધોની તારા સાથે પણ તે કેટલુંક સામ્ય ધરાવતી હોવાનું સાધનમાલામાં જણાવ્યું છે.

પદ્માવતીની પણ સંખ્યાબંધ પ્રતિમાઓ ગુજરાતમાંથી મળે છે. પ્રભાસપાટણમાં તપોગચ્છના ઉપાશ્રયની અંદર લીલા આરસપહાણમાંથી બનાવેલી પદ્માવતીની મૂર્તિ છે. તેને ચાર હાથ, અર્ધપદ્માસન વાળી બેઠેલાં, અને બીજો પગ લટકતો જણાવ્યો છે. પાટણમાં ખેતરપાળના પાડાથી ઓળખાતા મહોલ્લામાં શાંતિનાથના મંદિરની અંદર પદ્માવતીની મૂર્તિ છે. તેને ચાર હાથ પૈકી બેમાં અંકુશ, ત્રીજામાં પાશ અને ચોથામાં બિજોરું મૂકયું છે. આ સિવાય શેત્રુંજય ઉપર છાલાકુંડના વિશ્રાંતિસ્થાન પાસે જમણી બાજુ ટેકરી ઉપર, શંખેશ્વરમાં દેરી નં. ૧૨ની અંદર, ભાવનગરમાં આદિશ્વરના મંદિરમાં, અમદાવાદ નજીક નરોડા પાસે પાર્શ્વનાથના મંદિરમાં, જમાલપુરમાં આવેલી ટોકરશાનીપોળની અંદર પાર્શ્વનાથના મંદિરમાં તેમજ પાટણના ડૉ. પંડ્યા અભ્યાસગૃહના કલાપ્રદર્શનમાંથી પદ્માવતીની મૂર્તિઓ મળી છે. આ ઉપરાંત ગુજરાતમાંથી પદ્માવતીની પાષાણ તેમજ ધાતુની સંખ્યાબંધ પ્રતિમાઓ મળે છે. અમદાવાદ પાસે નરોડામાં પદ્માવતીની લાલ મૂર્તિ છે.

માતંગ યક્ષ

છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરના આ યક્ષનો વર્ણ શ્યામ, વાહન હાથી, તેના બે હાથ પૈકી એકમાં નકુલ અને બીજામાં બિજોરું હોય છે. દિગંબરો પણ માતંગ યક્ષનું સામાન્ય વર્ણન શ્વેતાંબરો પ્રમાણે જ રજૂ કરતા હોઈ તેના બે હાથમાં વરદમુદ્રા તથા બિજોરું હોવાનું જણાવે છે. વિશેષમાં તેના માથા પાછળ ધર્મચક્ર મૂકવાનું સૂચવે છે. માતંગ યક્ષના બે પ્રકારો છે. સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથનો યક્ષ પણ માતંગ જ છે. મહાવીરના માતંગને જયારે ફક્ત બે હાથ જણાવ્યા છે, જયારે સુપાર્શ્વના માતંગને ચાર હાથ હોવાનું વિધાન છે. આમ બંને યક્ષો જુદાજુદા હોવાનું તેના વિધાન ઉપરથી માલૂમ પડે છે. માતંગ યક્ષની એક પ્રતિમા શંખેશ્વરમાં દેરી નં. ૨માં હોવાનું પ. પૂ. જયંતવિજયજી મહારાજે ''શંખેશ્વર મહાતીર્થ'' નામક ગ્રંથમાં જણાવ્યું છે. પરંતુ તેમાં તેનું વ્યવસ્થિત વર્ણન આયુધો, વાહન, વ. આપ્યું નહિ હોવાથી, તે મહાવીર કે સુપાર્શ્વના માતંગની પ્રતિમા છે તે ચોક્કસ જણાવી શકાય તેમ નથી. મધ્ય પ્રાંતમાં આવેલા દેવગઢના કિલ્લામાં, તેમજ ગ્વાલિયરના કિલ્લામાંથી આ યક્ષની સુંદર પ્રતિમાઓ મળી છે.

સિદ્ધાયિકા

માતંગ યક્ષની આ યક્ષિણીનો વર્ણ નીલ, વાહન સિંહ, ચાર હાથ. તેમાં પુસ્તક, અભય, બાણ અને માતુલિંગ (બિજોરું) ધારણ કરેલું હોય છે. નિર્વાણકલિકા અને ત્રિશષ્ઠિકાર બિજોરાને બદલે વીણા જણાવે છે. દિગંબર ગ્રંથકારો તેને બે હાથ જણાવી તેમાં વરદમુદ્રા તથા પુસ્તક હોવાનું કહે છે. સિદ્ધાયિકા નામ વૈદિક સિદ્ધાંબિકા સાથે કેટલુંક સામ્ય જણાવતું હોઈ, બંનેના આયુધોમાં સામાન્ય તફાવત જ માલૂમ પડે છે. સિદ્ધાયિકાની સ્વતંત્ર મૂર્તિ ગુજરાતમાંથી મળતી હોવાનું જણાયું નથી, પરંતુ મહાવીર ભગવાનના પરિકરોમાં તેના યક્ષ સાથેની કેટલીક મૂર્તિઓ મળે છે.

શ્રુતદેવતા યાને સરસ્વતી

વૈદિક સંપ્રદાયની માફક જૈન ધર્મમાં પણ સરસ્વતીની ઉપાસના કરવામાં આવતી હોવાનું તેના આકરગ્રંથોના આધારે માલૂમ પડે છે. આ સંપ્રદાયમાં તેને શ્રુતદેવતા તરીકે માનવામાં આવતી હોઈ સદ્વિદ્યા પ્રાપ્ત કરવા તેમજ વાક્પતિ થવાની ઇચ્છાવાળા મનુષ્યોએ તેની વિવિધ વિધાનો વડે પૂજા, અર્ચા, તેમજ તાંત્રિક ઉપાસનાઓ કરી છે શ્રુતદેવતાની પ્રાર્થના તેમજ ઉપાસનાના કેટલાયે ઉલ્લેખો ભગવતીસૂત્ર, પકખીસૂત્ર, અને મહાનિશીથમાંથી મળ્યા છે. આ પછીના તો સેંકડો ગ્રંથોમાંથી શ્રુતદેતાનાં ધ્યાન, પૂજા વ.ની નોંધો મળી છે. આ ઉપરાંત તેની ઉપાસના માટે કેટલાક સ્વતંત્ર ગ્રંથો પણ પ્રભાવક આચાર્યોએ આલેખ્યા છે. જેને લગતા યંત્રપટ્ટો તેના વિધાનોક્ત ગ્રંથોમાંથી મળે છે. આમ જૈનસંપ્રદાયમાં શ્રુતદેવના યાને સરસ્વતીનું સ્થાન અનોખું છે. આ બધા ગ્રંથોના ઉલ્લેખો વિચારતાં સરસ્વતીની ઉપાસના અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોવાનુ માલૂમ પડે છે.

મથુરાના ખોદકામમાંથી એક જૈનસ્તૂપ, કેટલીક પ્રતિમાઓ, આયાગપટ્ટો, વ. મળ્યા છે તેમાં સરસ્વતીની મૂર્તિઓ પણ છે. આ સ્તૂપ ભગવાન પાર્શ્વનાથના સમયમાં બંધાયો હતો, જેનો પુનરુદ્ધાર વીર. સં. ૧૩૦૦માં બપ્પભટ્ટસૂરિએ કરાવ્યો હતો. બપ્પભટ્ટસૂરિનો સમય ઈ. સ.ના આઠમા નવમા સૈકામાં આવતો હોવાનું વિદ્વાનોએ માન્યું છે. આ માન્યતા પ્રમાણે મથુરાના સ્તૂપનો પુનરુદ્ધાર આઠમા સૈકામાં થયો હતો એમ જણાય છે. આમાંથી સરસ્વતીની પ્રાચીન પ્રતિમાઓ મળતી હોવાના કારણે પણ જૈનસંપ્રદાયમાં સરસ્વતીપૂજા અતિ પ્રાચીનતર હોવાનું વ્યક્ત થાય છે. આચારદિનકર, પ્રતિષ્ઠાકલ્પ અને નિર્વાણકલિકા, વ. ગ્રંથોમાંથી સરસ્વતીનાં મૂર્તિવિધાન માટે વિધાનો મળે છે, તેમાં તેને ચાર હાથ, તે પૈકી કમળ અને વીણા ડાબા બેમાં, તથા પુસ્તક અને અક્ષમાલા જમણા બેમાં હોવાનું નોંધ્યું છે.

દિગંબર ગ્રંથકારો શ્વેતાંબરોને મળતું જ વર્ણન આપતાં વિશેષમાં તેનું વાહન મોર હોવાનું કહે છે. કોઈ કોઈ ગ્રંથકારો તેમના હાથમાં વીણાના બદલે વરદમુદ્રાનું પણ સૂચન કરે છે.

સરસ્વતીની આવી મૂર્તિઓ ગુજરાતનાં કેટલાંક જૈનમંદિરોમાંથી મળી છે. શેત્રુંજય ઉપર જયતલવેદિની જમણી બાજુ નાની બારીમાં એક દહેરીની અંદર સરસ્વતીની પ્રતિમા બેસાડેલી છે. તેને ફક્ત બે હાથ હોઈ તે પૈકી એકમાં માલા તથા બીજામાં વીણા જણાવતાં વાહન તરીકે મોર મૂક્યો છે. આવી જ બીજી પ્રાચીન પ્રતિમાઓ પ્રભાસમાં દાદાપાર્શ્વનાથના મંદિરમાં, તેમજ બીજા જૈનમંદિરમાંથી મળી છે. તેમાં દેવી અર્ધપદ્માસન વાળી બેઠેલાં, હાથમાં કમળ, માલા, વીણા, તેમજ પુસ્તક ધારણ કરેલું જણાવતાં તેના વાહન તરીકે હંસને રજૂ કર્યો છે. વિમલવસહિની દહેરી નં. ૩૯ના ગુંબજમાં સરસ્વતીની એક પ્રતિમા કોતરેલી છે. લૂણવસહિની દેરી નં. ૨૦-૨૧માં સરસ્વતીની પ્રતિમાઓ બેસાડેલી છે. અમદાવાદમાં ઋષભદેવ ભગવાનના મંદિરમાંથી પણ સરસ્વતીની એક પ્રાચીન મૂર્તિ મળી છે. આ સિવાય બીજી પણ કેટલીક પ્રાચીન અર્વાચીન સરસ્વતીની પ્રતિમાઓ ગુજરાતનાં જૈનમંદિરોમાંથી મળે છે. કેટલાંયેક જૈન પ્રાચીન ધર્મશાસ્ત્રમાંથી સરસ્વતીની અભિનવ ચિત્રકલાયુક્ત મૂર્તિઓ ચીતરેલી પણ મળી છે.

વિદ્યાદેવીઓ

સરસ્વતીના બાર ભેદો હિંદુ મૂર્તિવિધાનના દેવતામૂર્તિ પ્રકરણમાં જેમ જણાવ્યા છે, તેવી જ રીતે જૈનસંપ્રદાયમાં પણ શ્રુતદેવતા સરસ્વતીના સોળ ઉપભેદો જણાવ્યા હોઈ, તે બધી સરસ્વતીની વિવિધ કલ્પનાઓને વિદ્યાદેવીઓ તરીકે ઓળખાવી છે. વિદ્યાદેવીઓના પ્રાચીન ઉલ્લેખો આવશ્યકચૂર્ણિ અને તેના ઉપર હરિભદ્રસૂરિએ કરેલી ટીકામાંથી, તેમજ શ્રી સંઘદાસગણિ કૃત વસુદેવ હિંડીમાંથી મળે છે. તેના માટે એવી માન્યતા છે કે ઋષભદેવ ભગવાને જ્યારે સંસારનો ત્યાગ

કર્યો અને સાધુ બન્યા ત્યારે, નમિ અને વિનમિ જે કચ્છ અને મહાકચ્છના પુત્રો હતા તેઓ તેમની પાછળ પાછળ તલવાર લઈ ભમવા લાગ્યા. નાગરાજ ધરણેન્દ્રના જાણવામાં આવતાં તેણે કુમારોને ઋષભદેવની પાછળ ભમવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે ભગવાન તેમનું રાજ્ય સરખા ભાગે અમોને વહેંચી આપે એ જ ઇચ્છા છે. ધરણેન્દ્રે કહ્યું કે હવે તેઓ સંસારથી પર થઈ ગયા છે, અને જળકમળવત્ તેઓ સંસારથી તદ્દન છૂટા થયા છે. પછી વૈતાઢ્યપર્વતની આજુબાજુનો પ્રદેશ બન્નેને ધરણેન્દ્રે વહેંચી આપ્યો. પણ ત્યાં પગરસ્તે જઈ શકાય તેમ નહિ હોવાથી તેણે આકાશગમન (ખેચરીવિદ્યા) વિદ્યા વડે ગંધર્વો અને પન્નગોની અડતાલીસ હજાર વિદ્યાઓ તે રાજકુમારોને શીખવી. આથી રાજકુમારો પ્રસન્ન થયા અને ધરણેન્દ્રનો ખૂબ આભાર માન્યો: તેમાં મહારોહિણી, પ્રજ્ઞપ્તી, ગૌરી, વિદ્યુત્મુખિ, મહાજ્વાલા, તિરસ્કારિણી, બહુરૂપા, વ. અધિષ્ઠાયિકા દેવીઓની વિદ્યાઓ મુખ્ય હતી. પછી તે બન્નેએ પોતાના ઉત્તર અને દક્ષિણ વિભાગોમાં અનુક્રમે ૫૦ તથા ૬૦ નગરો સ્થાપી તેના સોળ વિભાગ પાડી તે બધાનાં નિકાય એવાં નામ રાખ્યાં. તેમાં આઠ નિકાયો નમિના અને આઠ વિનમિના. આ બધા નિકાયોનાં નામ વિદ્યાદેવીઓના નામ ઉપરથી રાખવામાં આવ્યાં છે. જેમકે ગૌરી ઉપરથી ગૌરિક, ગાંધારી ઉપરથી ગાંધાર, માનવીના આધારે માનવ, માતંગીનો માતંગ અને કાલિકા નામના આધારે કાલકેશની કલ્પના કરવામાં આવી. તેમજ રાજધાનીમાં ભગવાન ઋષભદેવનું સ્થાપન કર્યું.

આ ઉપરથી વિદ્યાદેવીઓની પ્રાચીનતા, જૈનસંપ્રદાયના ઉદ્દગમકાળ જેટલી પુરાણી હોવાનું પૌરાણિક આખ્યાયિકાઓ સૂચવે છે. આ વિદ્યાદેવીઓમાંથી કેટલીકની ઉપાસના જૈન પ્રભાવક આચાર્યોએ કરી, વિવિધ પ્રકારની સિદ્ધિઓ મેળવી હતી એમ સૂત્રકૃતાંગ, વસુદેવહિંડી, પઉમચરિય, પદ્મચરિત્ર, ત્રિશષ્ટિશલાક પુરુષચરિત્ર, સમરાઇચ્ચકહા,

કુવલયમાલા, ઉપમિતિ ભવપ્રપંચકથા, તિલકમંજરી, સુપાસનાહ ચરિતમ્, કુમારપાળ પ્રતિબોધ અને બીજા સંખ્યાબંધ જૈન લબ્ધપ્રતિષ્ઠિત ગ્રંથોના આધારે જાણી શકાય છે. આથી જૈનસંપ્રદાયમાં વિદ્યાદેવીઓની પરંપરા અતિ પ્રાચીનકાળથી ઊતરી આવી હોઈ, તેની ઉપાસના સકામ અને નિષ્કામ બન્ને રીતે ઉપાસકોએ સાધી છે. ટૂંકમાં હિંદુ ધર્મમાં જે સ્થાન દશ મહાવિદ્યાનું છે, તેવું જ સ્થાન જૈનસંપ્રદાયમાં વિદ્યાદેવીઓનું મનાતું હતું. આ દેવીઓના મૂર્તિવિધાનની સમાલોચના જૈન તેમજ જૈનેતર શાસ્ત્રકારોએ નિરૂપી છે, જેની ક્રમવાર નોંધ અત્રે રજૂ કરવામાં આવી છે.

રોહિણી

આ દેવીનો વર્ણ શ્વેત, વાહન ગાય, હાથ ચાર તેમાં અક્ષમાલા, બાણ, ધનુષ અને તલવાર ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારો તેના ચારે હાથમાં અનુક્રમે કુંભ, શંખ, પદ્મ અને ફલ હોવાનું કહે છે.

પ્રજ્ઞપ્તી

તેનો વર્ણ શ્વેત, વાહન મયૂર, હાથ ચાર તે પૈકી જમણા બેમાં વરદ અને શક્તિ, ડાબા બેમાં શક્તિ અને માતુલિંગ હોય છે. આચારદિનકર ફક્ત તેને બે હાથ જણાવી તેમાં કમળ અને શક્તિ મૂકે છે. જ્યારે દિગંબર ગ્રંથકારો તેના બે હાથમાં ચક્ર અને તલવાર હોવાનું કહે છે.

વજ્રશૃંખલા

તેનો વર્ણ શંખ જેવો, પદ્માસન ઉપર બેઠેલાં, હાથ ચાર તે પૈકી જમણા બેમાં વરદ અને શૃંખલા (સાંકળ), જ્યારે ડાબા બેમાં શક્તિ અને માતુલિંગ (બિજોરું) હોય છે. આચારદિનકર ફક્ત તેને બે હાથ જણાવતાં તેમાં ગદા અને શક્તિ મૂકે છે. દિગંબરો તેના માટે કોઈ પણ બીજી ખાસ વિશિષ્ટતા જણાવતા નથી.

વજ્રાંકુશા

આ દેવીનું વાહન હાથી, વર્ણ સુવર્ણ સમાન, હાથ ચાર તેમાં અનુક્રમે

વરદ, વજ્ર, અંકુશ અને માતુલિંગ (બિજોરું) ધારણ કરેલું હોય છે. આચારદિનકર તેના ચાર હાથમાં વજ્ર, ઢાલ, ખડગ અને ભાલો (કુંત) હોવાનું કહે છે. દિગંબર ગ્રંથકારો તેનું વાહન પુષ્પયાન (પુષ્પક વિમાન) જણાવી, બે હાથમાં વજ્ર અને અંકુશની કલ્પના રજૂ કરે છે:

ચક્રેશ્વરી

તેનું વાહન ગરૂડ, વર્ણ વિદ્યુત્ સમાન અને ચારે હાથમાં ચક્ર ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારો તેને જાંબુનદા તરીકે ઓળખાવતાં તેના બે હાથમાં તલવાર તથા ભાલો હોવાનું જણાવી મયૂરને વાહન તરીકે રજૂ કરે છે.

નરદત્તા

વર્ણ સુવર્ણ જેવો, વાહન ભેંશ, હાથ ચાર તે પૈકી જમણા બેમાં વરદ અને ખડગ, તેમજ ડાબા બેમાં ઢાલ તથા માતુલિંગ ધારણ કરેલાં હોય છે. આચારદિનકરમાં તેને ફક્ત બે હાથ જણાવ્યા હોઈ તેમાં ખડગ અને ઢાલ હોવાનું સૂચવ્યું છે. દિગંબરો તેનું વાહન મયૂર જણાવતાં બન્ને હાથમાં વજ્ર તથા કમલને મૂકે છે.

કાલિ

પદ્મના આસન ઉપર બેઠેલાં, વર્ણ શ્યામ, ચાર હાથમાં અક્ષમાલા, ગદા, વજ્ર અને અભયમુદ્રાને ધારણ કરે છે. જ્યારે આચારદિનકર તેના બે હાથમાં ગદા તથા વરદમુદ્રા હોવાની નોંધ આપે છે. દિગંબર ગ્રંથકારોના મતે તેના બે હાથમાં દંડ તથા ખડગ હોવાનું જણાય છે.

મહાકાલિ

તમાલવૃક્ષ સમાન કાંતિવાળાં, નર (પુરુષ) વાહન, ચાર હાથમાં અનુક્રમે અક્ષમાલા, વજ્ર, અભય અને ઘંટા ધારણ કરે છે. આચાર-દિનકર તેના ચાર હાથની અંદર માલા, ફલ, ઘંટા અને વરદમુદ્રા હોવાનું જણાવે છે. દિગંબરો મહાકાલિના ચારે હાથમાં ધનુષ, ખડગ, ફલ અને ચક્રની નોંધ આપતાં તેનું વાહન શરભ હોવાનું કહે છે.

ગૌરી

વર્ણ સુવર્ણ સમાન, વાહન ઘો, ચાર હાથ તેમાં વરદ, મુસલ, અક્ષમાલા અને કમળ ધારણ કરેલાં હોય છે. દિગંબરો તેના બે હાથમાં કમલ હોવાનું કહે છે.

ગાંધારી

કમળના આસન ઉપર બેઠેલાં, વર્ણ નીલ (લીલો), ચાર હાથમાં વરદ, મુસળ, વજ્ર અને અભયમુદ્રા ધારણ કરે છે. અગર બે હાથમાં વજ તથા વરદ પણ હોય છે. દિગંબરો તેનું વાહન કૂર્મ કાચબો જણાવી તેના બેને હાથમાં ચક્ર તથા ખડગ હોવાનું સૂચવે છે.

મહાજ્વાલા

બિડાલ (બિલાડી)ના વાહનવાળી, અગ્નિજ્વાળાથી જેના બન્ને હાથ શોભે છે તેવી, શ્વેત વર્ણવાળી, મહાજ્વાલા હોય છે. નિર્વાણકલિકા તેનું વાહન વરાહ જણાવી અસંખ્યશસ્ત્રો ધારણ કરતી હોવાનું જણાવે છે. દિગંબર ગ્રંથકારોના મતે ચાર હાથ જણાવતાં તેમાં ધનુષ, ઢાલ, તલવાર અને ચક્ર હોવાનું નોંધતાં તેનું વાહન મહિષ (પાડો) હોવાનું જણાવે છે.

માનવી

વર્ણ શ્યામ, કમળ ઉપર બેઠેલાં, ચાર હાથ તેમાં અનુક્રમે વરદ, પાશ, પલ્લવયુક્ત શાખા અને અક્ષમાલા ધારણ કરેલાં હોય છે. દિગં-બર ગ્રંથકારો તેનું વાહન વરાહ જણાવી આયુધમાં ફક્ત ત્રિશૂળની જ નોંધ આપે છે.

વૈરાટ્યા

અજગરના વાહનવાળી, વર્ણ શ્યામ, ચારે હાથમાં ખડગ, સર્પ, ઢાલ અને સર્પ ધારણ કર્યાં હોય છે. દિગંબરો તેનું વાહન સિંહ જણાવતાં ઉપકરણ તરીકે ફક્ત સર્પને જ રજૂ કરે છે.

અચ્છુપ્તા

વીજળી સમાન વર્ણ ધરાવતી, વાહન અશ્વ, હાથ ચાર તેમાં ખડગ,

બાણ, ધનુષ્ય અને ઢાલ ધારણ કરેલાં હોય છે. દિગંબર ગ્રંથકારો પણ તેવું જ વર્ણન આપતાં વિશેષમાં તલવાર હોવાનું સૂચવે છે.

માનસી

વર્ણ શ્વેત, હંસ ઉપર બેઠેલાં, હાથમાં અક્ષમાલાનાં કંકણ, ચાર હાથ તેમાં વરદ, વજ્ર અને અક્ષમાલા અનુક્રમે પકડેલાં હોય છે. આચારદિનકરમાં તેને બે હાથ જણાવ્યા હોઈ તેમાં વરદમુદ્રા અને વજ્ર હોવાનું કહે છે. દિગંબરો શ્વેતાંબરોને મળતું જ વર્ણન રજૂ કરતા હોઈ વધુમાં વાહન સર્પ હોવાનું નોંધે છે.

મહામાનસી

વાહન સિંહ, વર્ણ શ્વેત, ચારે હાથમાં વરદ, ખડગ, ઢાલ અને કુંડિકા ધારણ કરેલી હોય છે. નિર્વાણકલિકાકાર ઢાલને બદલે કમંડલું મૂકે છે. જ્યારે દિગંબર ગ્રંથકારો તેનું વાહન હંસ જણાવી, ચાર હાથની અંદર અક્ષમાલા, વરદમુદ્રા, અંકુશ અને માલાની કલ્પના મૂકે છે.

વિદ્યાદેવીઓની સ્વતંત્ર પ્રતિમાઓ ગુજરાતમાં કોઈ સ્થળે જૈન મંદિરોમાં પૂજાતી હોવાનું જાણવામાં નથી. પરંતુ વિમલવસહિના રંગમંડપમાં વચલા ગોળ ગુંબજના દરેક સ્તંભ ઉપર એક એક વિદ્યાદેવીને તેના આયુધો, વાહનો સાથે મૂકેલી છે. આમાં પ્રત્યેક દેવી ઊભી, શરીર ઉપર સુંદર અલંકારો, તેમજ વસ્ત્રોથી અલંકૃત, તેના વાહન સાથે કલાયુક્ત શિલ્પ સૌષ્ઠવના અનન્ય પ્રતિકો રજૂ કરતી શાસ્ત્રીય રીતે બનાવેલી છે. પાટણના પંચાસરા પાર્શ્વનાથના પ્રાચીન મંદિરમાં રંગમંડપની અંદર સુંદર લાકડાનો ગુંબજ, સ્તંભો, તેની ઉપરની મદનિકાઓ અને પાટડાઓ વ.માં શિલ્પકલાની અદ્ભૂત કોતરણી કરેલી હતી. આ મંડપનો કેટલોક ભાગ હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં મૂકેલો છે. તેમાં તીર્થંકરોનાં કેટલાંક ચરિત્રો ઉપરાંત વિદ્યાદેવીઓ, તેમજ શાસનદેવીઓની પણ કેટલીક મૂર્તિઓ કોતરેલી મળી છે. હાલમાં આ કાષ્ઠ-

શિલ્પો બીજા કોઈ સ્થળે લઈ જવામાં આવ્યાં છે. પાટણના એક પ્રાચીન જૈનમંદિરના લાકડ-કામમાંથી પણ સોળે વિદ્યાદેવીઓનાં સ્વરૂપો-મૂર્તિઓ મળી આવ્યાં છે. આમ વિદ્યાદેવીઓની સેવ્યપ્રતિમાઓ મળતી નથી, છતાં શ્રૃંગારમૂર્તિઓમાંથી તેનાં સ્વરૂપો મળે છે. વિદ્યાદેવીઓનાં પ્રાચીન ચિત્રો છાણીમાં વિજયદાનસૂરિ મહારાજના ભંડારની અંદર તાડપત્રીય ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ વ. ગ્રંથોમાંથી ચીતરેલાં મળ્યાં છે. આ ચિત્રો ચૌદમી સદીના પૂર્વાર્ધમાં તૈયાર થયાં હોવાનું જણાવે છે. આ સિવાય શ્રી દેવચંદ લાલભાઈએ સ્તુતિસંગ્રહનાં જે પુસ્તકો બહાર પાડ્યાં છે, તેમાં પણ ઉક્ત વિધાનવાળાં વિદ્યાદેવીઓનાં ચિત્રો, તેમને જાણીતા ચિત્રકારો પાસે તૈયાર કરાવી મૂક્યાં છે.

પાટણ અને આબુની માફક ગુજરાતના બીજા જૈનમંદિરોમાં પણ વિદ્યાદેવીઓની શ્રૃંગારમૂર્તિઓ મૂકી હોવી જોઈએ એવું અનુમાન અવાસ્તવિક તો નહિ જ ગણાય. આ સિવાય જૈનસંપ્રદાયના તાંત્રિક ગ્રંથો, યંત્રો પટો વ.માંથી પણ વિદ્યાદેવીઓનાં વિધાનો તેમજ ચિત્રો પ્રાપ્ત થવા સંભવ છે.

પ્રકીર્ણ પ્રતિમાઓ

જૈન પ્રતિમાવિધાનના આ બે પ્રકરણોમાં જૈનમૂર્તિઓની સામાન્ય નોંધ રજૂ કરતાં તીર્થંકરો, શાસનદેવીઓ, યક્ષો અને વિદ્યાદેવીઓનાં સ્વરૂપો, શાસ્ત્રીય વિધાનો અને પ્રાપ્ત થતી ગુજરાતમાંની તેવી મૂર્તિઓની સામાન્ય પિછાન રજૂ કરી છે. જૈનસંપ્રદાયના આ મુખ્ય દેવો સિવાય બીજા તો સેંકડો દેવદેવીઓ છે, જેનાં વિધાનો મંત્રતંત્રના ગ્રંથોમાંથી મળે છે. તે પૈકી કેટલાકની નામશેષ યાદી આગળ આપેલી છે. આ બધા દેવોનાં ફક્ત વર્ણનો જ મળે છે, પરંતુ તેવી મૂર્તિઓનો પ્રચાર સમાજમાં ફેલાયો હોવાનું માલૂમ પડતું નથી. કારણ કામના પરત્વે જ તેવાં સ્વરૂપો ઉપાસના–અનુષ્ઠાન વ. માટે બનાવી, તે કાર્ય પૂરું થયે તેને વિસર્જન કરી દેવાનું પુરશ્ચરણના ગ્રંથોમાં જણાવ્યું

હોવાથી, તેની સ્વતંત્ર મૂર્તિઓ બનાવી મંદિરોમાં સ્થિર કરવાની ખાસ અગત્ય સમાજને જણાઈ હોય તેમ લાગતું નથી.

આ સિવાયના બીજા દેવોમાં ગ્રહો અને દિક્પાલો એ મુખ્ય હોઈ, જૈનસંપ્રદાયમાં તેનું પૂજન-અર્ચન હિંદુ ધર્મની માફક જ કરવામાં આવે છે. તેનું તુલનાત્મક વર્ણન ગ્રહો અને દિક્પાલોના પ્રકરણમાં રજૂ કરેલ હોવાથી અત્રે તેની પુનરુક્તિ કરી નથી. જૈનધર્મમાં લક્ષ્મી, ગણેશ, શાંતિદેવી, ચોસઠ યોગિનીઓ અને ઇંદ્રના પરિચારક હરિનિગમેશીની-મર્તિઓ પણ પૂજાતી હોવાનું પ્રાચીન જિનાલયોમાંથી પ્રાપ્ત સ્વરૂપોના આધારે માલૂમ પડે છે. લક્ષ્મી, ક્ષેત્રપાલ, ગણેશ, ચોસઠ યોગિનીઓ વ.ની વ્યવસ્થિત વિચારણા આગળ જે તે દેવીના પ્રકરણમાં રજૂ કરેલી છે. જૈનસંપ્રદાયમાં તેમનાં વિધાનો માટે બીજી કોઈ ખાસ વિશિષ્ટતા રહેલી નથી. ઇંદ્રના અનુચર હરિનિગમેશીનું મુખ બકરા જેવું જણાવ્યું હોઈ, બીજું બધું વર્ણન સામાન્ય યક્ષોને અનુરૂપ જ હોય છે. મથુરાના ખોદકામમાંથી તેવી કેટલીક મૂર્તિઓ મળી છે.

ખંડ ૪

બૌદ્ધ પ્રતિમાઓ

પ્રકરણ ૧૮મું

ગુજરાતમાં બૌદ્ધ સંપ્રદાય

બૌદ્ધસંપ્રદાય ભારતનો અને એશિયાનો જાણીતો સંપ્રદાય છે. જોકે આજે ભારતમાંથી તેની જ્યોત લુપ્તપ્રાય થઈ ગઈ છે છતાં એક કાળે તેનું સામ્રાજ્ય સમસ્ત ભારતમાં જોરશોરથી ફેલાયું હતું. આ પવિત્ર ધર્મપ્રવાહથી ગુજરાત પણ અલિપ્ત તો રહ્યું નથી જ. આનંદપુર, વલભી, ભૃગુકુચ્છ, સોપારા વ. મહાનગરોમાં તેનાં મજબૂત થાણાં હતાં. ત્યાંના વિહારોમાં સેંકડો પરિવ્રાજકો અને પરિવ્રાજિકાઓ નિવાસ કરી, બૌદ્ધસંપ્રદાયનો અભ્યાસ, જ્ઞાન અને ઉપાસના કરતાં હતાં.

આ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોમાં મૂર્તિપૂજાને ખાસ મહત્ત્વ અપાયું નહિ હોવા છતાં પાછળથી તેમાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા, ઉપાસના અને પૂજા-અર્ચાનાં સેંકડો વિધિવિધાનો સર્જાયાં. આથી બૌદ્ધ ધર્મમાં પણ મૂર્તિઓ અને તેના વિવિધ ભેદો ઉત્પન્ન થયા.

બૌદ્ધ સાહિત્યની પૌરાણિક કથાઓ ભલે બુદ્ધે ગુજરાતની મુલાકાત લીધી હોવાનું સૂચવે, પણ મગધથી નીકળી તેઓ પશ્ચિમ ભારતમાં નર્મદા ઓળંગી આવ્યા હોવાનું તત્કાલીન પરિસ્થિતિ ઉપરથી લાગતું નથી. પણ એટલું તો સમજી શકાય છે કે પશ્ચિમ ભારતમાં ભૃગુકુચ્છ અને શૂર્પારિક બૌદ્ધ ધર્મનાં કેન્દ્રો હતાં. જ્યાંથી સારા યે ગુજરાતમાં આ ધર્મનો પ્રચાર ફેલાયો હતો.

અશોક બૌદ્ધ ચક્રવર્તિ રાજા થઈ ગયો. તેણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા ધર્મ-મહામાત્રો સારા યે ભારતમાં નીમ્યા હતા. તે પૈકી થેરાયોન ધર્મરક્ષિતને મહામાત્ર તરીકે, બૌદ્ધધર્મનો પ્રચાર કરવા

અપરાન્તમાં નીમ્યો હતો. આ ઉપરાન્ત ભૃગુકુચ્છના રાજા દર્શનના પુત્ર સુદર્શને આચાર્ય સુકયાયનના ઉપદેશથી, પોતાના પિતાને બૌદ્ધ ધર્મી બનાવ્યો હતો[1] વળી સૌરાષ્ટ્રના પિંગલવર્ણી આંખોવાળો પિંગલક રાજા જે મૌર્યશાસનકાળે વિદ્યમાન હતો. તેને અશોકે બૌદ્ધ માર્ગ તરફ ઉપદેશ આપી વાળ્યો હોવાનું કહેવાય છે[2]. અશોકે બૌદ્ધ ધર્મનાં મુખ્યમુખ્ય તીર્થધામોની મુલાકાત લઈ, ગિરિલેખો અને ધર્મશાસ્ત્રોને ખડકોમાં કોતરાવ્યા, જેમાં બૌદ્ધ ધર્મના નિયમો પાળવાનો જનતાને ઉપદેશ આપ્યો. આવા લેખો ભારતભરમાંથી મળ્યા છે. તે પૈકી ગુજરાતમાંથી બે મળ્યા છે. એક ગિરનાર ઉપરથી અને બીજો સોપારામાંથી મળ્યો છે. આથી અશોકનો રાજ્યવિસ્તાર પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્ર સુધી હોવાનું જાણી શકાય છે, તેટલું જ નહિ પણ અશોકના રાજ્યકાળે ગુજરાતમાં પણ બૌદ્ધ ધર્મનો વિકાસ સારો થયો હતો એમ જાણી શકાય છે.

મૌર્ય કાળ પછી સાતવાહનોના કાળમાં શાતકર્ણી બીજાએ જેણે ક્ષત્રપ નહપાન રાજા પાસેથી સાતવાહનોનું રાજ્ય પડાવી લીધું હતું તેના રાજયઅમલમાં ભરૂચના લકુંડિયા કુટુંબના બે ભાઈઓએ બે ઓરડાવાળી ગુફા જુન્નરના ધર્મવિહારમાં બંધાવી હોવાનું ત્યાંના શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. વળી ઈ. સ. ૧૯૩૫-૩૬માં થયેલા સૌરાષ્ટ્રમાં અમરેલીના ખોદકામમાંથી કેટલાક બૌદ્ધકાલીન અવશેષો મળ્યા છે જેમાંથી બુદ્ધ અને બોધિસત્ત્વોની ખંડિત પ્રતિમાઓ હાથ લાગી છે જે ઈ. સ.ની શરૂઆતના સમયની કહેવાય છે. આ સિવાય બોરિયા, ઇંટવા અને દેવની મોરીમાં પણ એવા બૌદ્ધ ધર્મના અવશેષો મળ્યા છે. લગભગ ક્ષત્રપકાળમાં એટલે પહેલી બીજી શતાબ્દિમાં

૧ Taranath's History of Buddhism in India. Translate by U. M. Ghosal & Dutta, P. 155

૨ Historical Character in the Reign of Asok Maurya. Dr. Bhandarkar Volume, P. 329

સૌરાષ્ટ્રના જૂનાગઢ, સાણા, ઢાંક, તળાજા અને જિન્જુરીહરની ગુફાઓ કોતરવામાં આવી હોવાનું તેના સ્થાપત્ય ઉપરથી માલૂમ પડે છે. આ પૈકી કેટલીક બૌદ્ધ સાધુઓની ગુફાઓ હોવાનું કહેવાય છે.

ક્ષત્રપોના કાળ પછી ગુજરાતનો કેટલોક ભાગ ત્રૈકૂટકોના શાસન હેઠળ આવ્યો હોવાનું કહેવાય છે. તેમના શાસનકાળે પણ ગુજરાતમાં બૌદ્ધવાદ પ્રચલિત હોવાનાં કેટલાંક પ્રમાણો મળ્યાં છે.

ગુજરાતમાં બૌદ્ધ ધર્મની નોંધ લેતાં ચીની યાત્રી હુએનસંગ ભરૂચ માટે જણાવે છે કે 'ત્યાં બૌદ્ધોના દશ સંઘારામો છે. જેમાં ત્રણ હજાર મહાયાનના અનુયાયીઓ અભ્યાસ કરતા હોઈ, તે બધા સ્થવીર સંપ્રદાયના છે. તેવી જ રીતે કચ્છમાં પણ દશ વિહારો હોવાનું જણાવી ત્યાં એક હજાર બૌદ્ધ સંતો બૌદ્ધ સંપ્રદાયના હીનયાન અને મહાયાન સિદ્ધાન્તોનો અભ્યાસ કરતા હતા. વડનગર જેનું પ્રાચીન નામ આનંદપુર હતું તેના માટે કહે છે કે ત્યાં દશ સંઘારામો હતા, જેમાં બુદ્ધ વાદના સંમતીય પંથ પાળતા હીનયાનમાર્ગી એક હજાર સાધુઓ આ ધર્મનું અનુશીલન કરતા હતા. સૌરાષ્ટ્રમાં જ્યાં વલભી રાજાઓ શાસન ચલાવે છે ત્યાં પચાસ વિહારો હોવાનું જણાવી, ત્રણ હજાર સાધુંઓ હીનયાન માર્ગના સ્થવીર સંપ્રદાયનો અભ્યાસ ચલાવતા હતા. વલભી માટે સ્વતંત્ર નોંધ રજૂ કરતાં તેઓ જણાવે છે કે ત્યાં સો કરતાં પણ વધુ બૌદ્ધ મઠો હોઈ, તેમાં સંમતીય સંપ્રદાયના લગભગ ૬૦૦૦ અનુયાયીઓ આ ધર્મનું જ્ઞાન મેળવે છે. આ ઉપરાંત આ ધર્મના પ્રખ્યાત આચાર્યો સ્થિરમતિ અને ગુણમતિના ઉલ્લેખો પણ આપે છે. સ્થિરમતિ નાલંદાના પ્રખ્યાત આચાર્ય વસુબંધુનો શિષ્ય હતો, તેણે અભિધર્મકોષ નામનો ગ્રંથ લખ્યો હતો. તેનું ચિનાઈ ભાષાન્તર તેના કાળે થયું હતું.

બીજા ચીની યાત્રી ઇત્સીંગે લાટ અને સિંધ પ્રદેશમાં બૌદ્ધ ધર્મના આર્યસંમતીય પંથનો વધુ પ્રચાર હોવાનું નોંધ્યું છે.

આ ચીની યાત્રિકોનાં યાત્રા-વિવરણો, તેમજ મૈત્રકોનાં તામ્રપત્રો ઉપરથી જાણી શકાય છે કે ઈ. સ.ના પાંચમા છઠ્ઠા સૈકાથી આઠમા સૈકા સુધી વલભી બૌદ્ધ સંપ્રદાયનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. તેટલું જ નહિ પણ તે બૌદ્ધ સંપ્રદાયની એક શિક્ષા–વિદ્યાપીઠ તરીકે વધુ જાણીતું થયું હતું. ત્યાં અને તેની આજુબાજુ અનેક બૌદ્ધવિહારો હોવાનું જાણવા મળ્યું છે. વલભીના રાજાઓએ ભૂમિદાનમાં તામ્ર-પત્રો બૌદ્ધવિહારોને આપ્યાં હતાં. તેમાંથી બૌદ્ધ ધર્મના પ્રચારના ઉલ્લેખો મળી આવે છે.

વલભીના પતન પછી બૌદ્ધ ધર્મને ધસારો લાગતાં તેની ઉત્તરોત્તર પડતી થવા લાગી હોવાનું જણાય છે. કારણમાં જૈનાચાર્યો અને બૌદ્ધ વિદ્વાનો વગેરેના વાદવિવાદો થવા લાગ્યા જેમાં બૌદ્ધ સાધુઓ પરાસ્ત થવા લાગ્યા હોવાનું જણાય છે. વલભીમાંથી બૌદ્ધ ધર્મનો અસ્ત થયા બાદ ગુજરાતભરમાં બીજા કોઈ પણ સ્થળે બૌદ્ધ ધર્મ પ્રચલિત હોવાના પુરાવાઓ મળ્યા નથી. ફક્ત નવસારી પાસે પુરાવી નદી ઉપર કાંપિલ્ય નામક બૌદ્ધવિહાર આ જ નામના આચાર્યે બંધાવ્યો હોવાનું જાણવા મળે છે. તેના અવશેષો મળતા નથી પણ શ્રી મણિભાઈ દ્વિવેદીને અહીં શોધખોળ કરતાં તે કાળનું એક સીલ પ્રાપ્ત થયાનું તેમણે નોંધ્યું છે.[૩]

કુમારપાળ પ્રતિબોધમાં જણાવ્યું છે કે વેણીવત્સરાજ અગાઉ બૌદ્ધ ધર્મમાં હતો. તેણે તારાનગરમાં તારાદેવીનું મંદિર બંધાવ્યું હોવાની નોંધ છે.[૪] આજે તો તે જૈનતીર્થ તરીકે વિખ્યાત છે. પણ આઠમા નવમા સૈકામાં તે બૌદ્ધ સંપ્રદાયનું તીર્થસ્થાન મનાતું. આજે પણ તારંગા પર્વતમાં તારાદેવીનું પ્રાચીન મંદિર છે અને તેમાંથી તારાદેવી તેમજ બીજા બૌદ્ધ દેવોની પ્રતિમાઓ મળી આવી છે. આ

---

૩. શ્રી મણિભાઈ દ્વિવેદી 'પુરાતન દક્ષિણ ગુજરાત' પા. ૧૧૮-૧૯

૪. કુમારપાળ પ્રતિબોધ, પા. ૪૬૨-૬૩

પ્રતિમાઓ નવમા દસમા સૈકાની હોવાનો તેનો પ્રશસ્તિ લેખ કહે છે.

આમ ગુજરાત સૌરાષ્ટ્રમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર ઈ. સ. પૂર્વેથી શરૂ કરીને નવમા દસમા સૈકા સુધી હતો.[૫] ત્યારપછીના આ સંપ્રદાયના કોઈ અવશેષો કે પુરાવાઓ મળ્યા નથી, એટલે ત્યારબાદ તે ગુજરાત-માંથી ક્રમેક્રમે લુપ્ત થયો તે નિઃશંક છે.

---

૫. ગુજરાતમાં બૌદ્ધધર્મના પ્રચારની વિગતો માટે જુઓ–મોરેશ્વર જી. દીક્ષિત 'હિસ્ટરી ઑફ બુધીઝમ ઈન ગુજરાત' ગુજરાત રિસર્ચ સોસાયટી જર્નલ વૉ. ૮, નં. ૨, પા. ૧૦૪—

પ્રકરણ ૧૯મું

બુદ્ધો, બોધિસત્ત્વો અને દેવદેવીઓ

જે સંપ્રદાયે લગભગ હજાર-બારસો વર્ષ સુધી ગુજરાતમાં પગદંડો જમાવ્યો, તેનાં ધાર્મિક પ્રતીકો, મૂર્તિઓ, સ્તૂપો, વિહારો વ. મોટા પ્રમાણમાં મળવા જોઈએ પરંતુ તેના ઘણા થોડા અવશેષો ગુજરાતમાંથી મળ્યા છે.

વડોદરા-રાજ્યના પુરાતત્ત્વખાતા તરફથી અમરેલીના ગોહિલવાડ ટીંબાથી ઓળખાતા ટેકરાનું ખોદકામ કરતાં તેમાંથી કેટલીક બૌદ્ધપ્રતિમાઓ મળી છે. તારંગામાં અજિતનાથના મંદિરની ટુંકથી પાછળની બાજુએ નીચે ઊતરતાં એક ગુફામાં તારણ-ધારણ નામથી ઓળખાતી તારાદેવીની બે પ્રતિમાઓ છે. તેની પાસે બીજી નાની નાની બૌદ્ધસંપ્રદાયના અવલોકીતેશ્વર તેમજ બીજા જુદાજુદા દેવોની કેટલીક મૂર્તિઓ છે. ત્યાંથી થોડે દૂર જોગીડાની ગુફામાં પણ બુદ્ધની ચાર બેઠી પ્રતિમાઓ છે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, સાણા, તળાજા વ. સ્થળોએ આવેલી ગુફાઓ પૈકી કેટલીકમાંથી ચૈત્યો અને સ્તૂપો જોવામાં આવ્યા છે. પરંતુ કોઈ પણ સ્થળેથી બૌદ્ધસંપ્રદાયના કોઈ દેવોની પ્રતિમાઓ મળી નથી. વળા પાસે ઇશલ્યા ટેકરી ઉપરથી એક માનવકદની મોટી બુદ્ધપ્રતિમા મળી છે, જેને અત્યાર સુધી લોકો ધુંધણીમલ નામના સંત તરીકે ઓળખતા હતા. ભરૂચમાં માતાજીના મંદિર પાસે, એક શિવમંદિરના ગર્ભગૃહની ભીંતમાં, ગણપતિના મંદિર પાસે નવા દેરાથી ઓળખાતા મંદિરમાં અને કામનાથ મહાદેવના પ્રાંગણમાં ઝાડ તળે, બૌદ્ધપ્રતિમાઓનાં માથાં પડ્યાં હોવાનું સ્વ. શ્રી. દુર્ગાશંકરભાઈએ જણાવ્યું છે. આ ઉપરાંત અવ-

મુક્તેશ્વરની ધર્મશાળા પાસે, પીંપળાના ઝાડ તળે, એક બોધિસત્ત્વની ખંડિત પ્રતિમા પડી હોવાનું પણ તેમણે નોંધ્યું છે. ગુજરાતના મહાન પુરાતત્ત્વવિદ્ સ્વ. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ ઈ. સ ૧૮૮૨માં સોપારાના સ્તૂપનું સંશોધન કરાવ્યું હતું. તેમાંથી તેમને એક મોટી પથ્થરની પેટી મળી આવી, જેમાં સોનાનાં પુષ્પો, તેમજ આઠ બૌદ્ધ ધાતુપ્રતિમાઓ મૂકેલી હતી. વધુમાં તેમાંથી ગૌતમી પુત્ર શાતકર્ણીનો એક સિક્કો મળ્યો હતો. આ સિક્કાના પુરાવા ઉપરથી સોપારાનો સ્તૂપ ઈ. સ.ના બીજા સૈકા પહેલાંનો હશે એવું અનુમાન છે. પરંતુ તેમાંથી મળેલી ધાતુપ્રતિમાઓ તેનાં વસ્ત્રો, આભૂષણો તેમજ પ્રભામંડળ ઉપરથી સાતમા આઠમા સૈકાની હોવાનું ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ સૂચવ્યું છે. આ સાત ધાતુપ્રતિમાઓ સાત મર્ત્ય-બુદ્ધો અને આઠમા મૈત્રેયની પ્રતિમા હોવાનું જણાવ્યું છે. આ પ્રતિમાઓ આજે મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાયટીની ઑફિસમાં સુરક્ષિત છે.

ખંભાત પાસે નગરામાં એક ટેકરા ઉપર ભૂરા પથ્થરની બનાવેલી બુદ્ધ ભગવાનની એક મોટી મૂર્તિ છે. તેનો કેટલોક ભાગ ખુલ્લા ચોગાનમાં પડી રહી હોવાથી ઘસાઈ ગયો છે, જેને લોકો આજે બુદ્ધનાથ તરીકે ઓળખે છે. કેટલાક તેને જૈનપ્રતિમા હોવાનું કહે છે.

આ સિવાય વિજાપુર પાસે મહુડીમાંથી ત્રણ ધાતુપ્રતિમાઓ મળી છે, જે બૌદ્ધ હોવાનું પુરાતત્ત્વવિદ્ સ્વ. હીરાનંદ શાસ્ત્રીએ જણાવ્યું છે. જ્યારે શ્રી. સારાભાઈ નવાબ અને બીજા જૈનવિદ્વાનો તેને જૈનપ્રતિમાઓ તરીકે ઓળખાવી તેને માટે પુરતાં પ્રમાણો રજૂ કરે છે. આમ આ પ્રતિમાઓનો નિર્ણય સંદિગ્ધ છે.

સાબરકાંઠા જિલ્લાનું પ્રાચીન સ્થાન શામળાજી, ગુજરાતનાં ગુપ્તકાલીન મૂર્તિશિલ્પો માટે જાણીતું છે. ત્યાંથી અર્ધો માઈલ દૂર આવેલા દેવની મોરી નામના સ્થળે જ્યાં મેશ્વો અને પિંગા નદીનો સંગમ થાય છે ત્યાં ખોદકામ કરતાં એક પ્રાચીન બૌદ્ધ સ્તૂપ અને વિહાર મળી

આવ્યાં છે. આ બન્ને સ્થાપત્યો પકવેલી ઈંટો વડે બનાવ્યાં હતાં. સ્તૂપનો ઉપરનો ભાગ તૂટી ગયો હોવાથી તેની છત્રયષ્ટિ વગેરે નાશ પામ્યાં છે. જ્યારે ખોદકામમાં તેનો કેટલોક ભાગ ભગ્ન દશામાં મળી આવેલો છે. તેની ઉપરની જગતિમાં ચારે દિશાએ ધ્યાનમુદ્રા વ્યક્ત કરતી બુદ્ધ ભગવાનની બેઠી પ્રતિમાઓ મૂકી હશે એમ જણાય છે. આ પૈકી બે પ્રતિમાઓ અખંડ મળી આવી છે. તેની સાથે તે પ્રતિમાઓની પીઠિકા તરીકે બનાવેલા બંને બાજુના સ્તંભો, મહાચંદ્રકોવાળી કમાનો પણ પ્રાપ્ત થઈ છે. બુદ્ધની પ્રતિમાઓ સ્તૂપની ચારે દિશાએ દિવાલના મધ્ય ભાગે મૂકી હતી આ પ્રતિમાઓ પકવ માટીમાંથી બનાવેલી છે અને તેનું કલાવિધાન આરસપહાણ કરતાં પણ અદ્ભૂત અને અપ્રતિમ છે. આમાં ભગવાન બુદ્ધને કમલ-પુષ્પના આસન ઉપર બેસાડેલા છે.

આ સ્તૂપથી લગભગ ૫૦ ફૂટ દૂર નૈઋર્ત્ય કોણમાં એક વિહાર મળી આવ્યો છે. વળી અહીંથી ક્ષત્રપરુદ્રસેન અને મૈત્રક સર્વ ભટ્ટારકના નામવાળા સિક્કાઓ મળી આવ્યા છે. આ બધા ઉપરથી આ સ્તૂપ તથા વિહાર ઈ. સ.ની ત્રીજી સદીના પૂર્વાર્ધમાં રચાયો હશે એમ લાગે છે.[૧]

બૌદ્ધ પ્રતિમા-વિધાન

ભગવાન બુદ્ધે પ્રરૂપેલ બૌદ્ધ સંપ્રદાયમાં મૂર્તિપૂજાને જરા પણ સ્થાન નહિ હોવા છતાં, તેમના નિર્વાણ પછી તે ધર્મમાં મૂર્તિપૂજાનો પ્રવાહ હિન્દુ સનાતન, વૈદિક અને જૈન ધર્મોની માફક ખૂબ જોરશોરથી ફેલાયો. કનિષ્કના સમયમાં બૌદ્ધ સંઘની એક પરિષદ મળી અને તેમાંથી મહાયાનનો જન્મ થયો. ભગવાન બુદ્ધના નિર્વાણ પછી શૂન્ય, વિજ્ઞાન અને મહાસુખવાદના ભેદો પડ્યા, અને છેલ્લે મહાસુખવાદમાંથી

૧. વિશેષ માટે જુઓ:
શ્રી. એસ એન. ચૌધરીનો આ વિષેનો લેખ:
ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ જર્નલ, વો. ૯, અં. ૪

વજ્રયાન પ્રાદુર્ભાવ પામ્યો. આ વજ્રયાને બૌદ્ધ સંપ્રદાયમાં પ્રતિમા-વિધાન મૂર્તિપૂજાનો સર્વતોમુખિ વિકાસ સાધ્યો છે. જૈનોએ બ્રહ્મા, કાર્તિકેય કુબેર, ગૌરી અને અંબિકાને જેમ હિન્દુ ધર્મમાંથી અપનાવ્યા છે, તે પ્રમાણે બૌદ્ધોના તાંત્રિક સંપ્રદાયે મહેશ્વર, વજ્રશૃંખલા, તારા, ભૃકુટી, શ્યામા અને અપરાજિતા વ. દેવદેવીઓને સ્વીકાર્યા છે.

ભગવાન બુદ્ધના નિર્વાણ પછી, બુદ્ધે પ્રવર્તાવેલા ધર્મમાં જુદા જુદા ભેદો પડ્યા. અને પાછળથી તંત્રમાર્ગ દાખલ થઈ મૂર્તિપૂજાનાં તત્ત્વો સ્વિકારાયાં. પાછળના વિદ્વાનો અને આચાર્યોએ વૈદિક ધર્મની મૂર્તિપૂજાને અપનાવી અને તેની ઉપાસના માટેનાં વિધિવિધાનો દાખલ કર્યાં. આવા ઉપાસના ગ્રંથોમાં સાધનમાલા, સાધન સમુચ્ચય, ધર્મ-કોષ સંગ્રહ, નિષ્પન્ન યોગાચાર, હેરુક, વજ્રતંત્ર, ચંડમહારોશન તંત્ર, વજ્રવારાહી તંત્ર અને યોગિની જાલતંત્ર વ. મુખ્ય છે. તેમાંથી સેંકડો બુદ્ધ દેવદેવીઓનાં મૂર્તિ-સ્વરૂપો અને ઉપાસના-વિધાનોની માહિતી મળી આવે છે.

ધ્યાની બુદ્ધ

જગતનું સર્જન આદિ બુદ્ધ, અને આદિપ્રજ્ઞા (પ્રજ્ઞાપારમિતા)-માંથી થયું મનાય છે. એ આદ્ય દંપતિમાંથી પાંચ ધ્યાની બુદ્ધો ઉદ્ભવ્યા.

એ પહેલેથી બુદ્ધ જ છે અને સૃષ્ટિ-સર્જનની પ્રવૃત્તિથી નિર્લિપ્ત રહી હમેશાં ધ્યાનસ્થ રહે છે. એમનામાંથી ઉદ્ભવેલાં દેવદેવીઓનાં મુકુટ ઉપર એમની આકૃતિઓ નજરે પડે છે. ધ્યાની બુદ્ધ પૂર્ણ વિકસિત કમલ ઉપર ધ્યાનાસન (વજ્રાસન)માં બેઠેલા હોય છે. આમ પાંચે ૫ ધ્યાની બુદ્ધો સરખા લાગે છે, પરંતુ એમની મુદ્રાઓ, એમનાં વાહનો અને વર્ણમાં ફેર રહેલો હોય છે. સામાન્યતઃ આમાંના ચાર બુદ્ધોને સ્તૂપની ચારે બાજુઓમાં ગોઠવવામાં આવે છે; બાકી ધ્યાની બુદ્ધોનાં નામ, વર્ણ, મુદ્રા ઇત્યાદિ નીચે પ્રમાણે છે.

	નામ	વર્ણ	મુદ્રા	વાહન	દિશા	ચિહ્ન
૧	વૈરોચન	શુક્લ	ધર્મચક્ર	નાગ	મધ્ય	ચક્ર
૨	અક્ષોભ્ય	નીલ	ભૂસ્પર્શ	ગજ	પૂર્વ	વજ્ર
૩	રત્નસંભવ	પીત	વરદ	સિંહ	દક્ષિણ	રત્ન
૪	અમિતાભ	રક્ત	સમાધિ	મયૂર	પશ્ચિમ	પદ્મ
૫	અમોઘસિદ્ધિ	શ્યામ	અભય	ગરૂડ	ઉત્તર	વિશ્વવજ્ર

આ પાંચ ધ્યાની બુદ્ધ પાંચ સ્કંધના અધિદેવતા છે. આગળ જતાં એમાં છઠ્ઠા ધ્યાની બુદ્ધ ઉમેરાયા. એમનું નામ વજ્રસત્ત્વ છે. વજ્રનો અર્થ અહીં શૂન્ય થાય છે. એ પાંચે ધ્યાની બુદ્ધોના પુરોહિત છે અને પ્રવૃત્તિશીલ છે. બોધિસત્ત્વની જેમ એ મુકુટ અને વસ્ત્રાભૂષણ ધારણ કરે છે. એ જમણા હાથમાં વજ્ર અને ડાબા હાથમાં ઘંટા ધારણ કરે છે.

આ ધ્યાની બુદ્ધોને એકેક શક્તિ છે, જેને બુદ્ધશક્તિ કહે છે. એ સામાન્યતઃ લલિતાસનમાં મૂર્ત થાય છે. અભય મુદ્રામાં રહેલા. વામ-હસ્તમાં તેમજ જમણા પગ પર ટેકવેલા પ્રસારિત દક્ષિણ હસ્તમાં એ કમળ ધારણ કરે છે. આમ સર્વ બુદ્ધ-શક્તિઓ સરખું સ્વરૂપ ધરાવે છે, પરંતુ પોતપોતાના બુદ્ધના ચિહ્નથી દરેક અલગ તરી આવે છે.

ધ્યાની બુદ્ધ સર્વદા ધ્યાન-પરાયણ રહે છે, જ્યારે સર્જનનું કાર્ય ધ્યાની બુદ્ધ અને બુદ્ધશક્તિથી ઉદ્‌ભવેલા બોધિસત્ત્વ કરે છે. બોધિસત્ત્વો વારા-ફરતી એકએક યુગના અધિષ્ઠાતા બને છે. એ પોતપોતાના યુગના માનુષી બુદ્ધ દ્વારા જગતની સંભાળ લે છે. વર્તમાન યુગના અધિષ્ઠાતા પદ્મપાણિ યાને અવલોકિતેશ્વર છે. મૂર્તિઓમાં બોધિસત્ત્વ કાં તો ઊભેલી અવસ્થામાં કે કાં તો લલિતાસન જેવી બેઠેલી અવસ્થામાં રજૂ થાય છે. એ સુંદર વસ્ત્રાભૂષણોથી વિભૂષિત હોય છે. દરેકના મુકુટના મધ્યમાં પોતપોતાના ધ્યાની બુદ્ધની આકૃતિ નજરે પડે છે. બંને હાથમાં એ છોડની દાંડી ધારણ કરે છે, જેની ટોચ ઉપર તે તે ધ્યાની બુદ્ધનું ચિહ્ન મૂકેલું હોય છે.

ધ્યાની બુદ્ધ, બુદ્ધ-શક્તિ અને બોધિસત્ત્વનો સંબંધ નીચે પ્રમાણે છે.

	ધ્યાની બુદ્ધ	બુદ્ધશક્તિ	બોધિસત્ત્વ
૧	વૈરોચન	વજ્રધાત્વીશ્વરી	સામાન્તભદ્ર
૨	અક્ષોભ્ય	લોચના	વજ્રપાણિ
૩	રત્નસંભવ	મામકી	રત્નપાણિ
૪	અમિતાભ	પાંડરા	પદ્મપાણિ
૫	અમોઘ સિદ્ધિ	આર્યતારા	વિશ્વપાણિ
૬	વજ્રસત્ત્વ	વજ્રસત્ત્વાત્મિકા	ઘંટાપાણિ

સ્વ. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ કરાવેલા સોપારાના ખોદકામ-માંથી સાતમા આઠમા સૈકાની ધ્યાની બુદ્ધની સાત પ્રતિમાઓ મળી આવી છે, જે મુંબાઈના રૉયલ એશિયાટિક ભવનમાં સુરક્ષિત રાખેલી છે. આ સાતે મૂર્તિઓ અખંડ તેમજ યોગ્ય લક્ષણોવાળી હોઈ તેનાં રૂપવિધાનો સંપૂર્ણતઃ શાસ્ત્રીય રીતે બનાવેલાં છે. અદ્વયવજ્ર સંગ્રહકારે દર્શાવેલા ધ્યાની બુદ્ધોનાં વિધાનો પ્રમાણે ત્રણ મૂર્તિઓમાં બુદ્ધનો એક હાથ ધ્યાન મુદ્રાવાળો અને બીજો હાથ ભૂમિસ્પર્શ મુદ્રા વ્યક્ત કરતો બતાવ્યો છે. જ્યારે બેમાં ફક્ત બે હાથ વડે ધ્યાનમુદ્રા ધારણ કરેલી જણાવી છે. આ સિવાય એકમાં ધ્યાનમુદ્રા સાથે અભયમુદ્રા અને બીજામાં બન્ને હાથે જ્ઞાન તેમજ વરદમુદ્રા સૂચવતા હોવાનું સમજાય છે. આ દરેક પ્રતિમામાં બુદ્ધના માથે ગુચ્છાદાર વાળ, છાતી ઉપર યજ્ઞોપવિત પદ્માસનવાળી બેઠેલા તેમજ દરેકની પીઠિકા ઉપર બોધિ-વૃક્ષની ડાળનું ચિહ્ન બતાવેલું છે. એકમાં તો બુદ્ધમૂર્તિની પાછળ પ્રભામંડળ પણ બનાવવામાં આવેલું છે. આમ સાતે ધ્યાની બુદ્ધની આ પ્રતિમાઓ, રૂપવિધાનની દૃષ્ટિએ અદ્વિતીય છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નહિ ગણાય. તારંગા પર્વતમાં જોગીડાની ગુફાથી ઓળખાતી, પર્વતમાંથી કોરેલી એક ગુફામાં પથ્થરના એક ચતુરસ્ત્ર પાદ-પીઠ ઉપર બુદ્ધની ચાર નાની નાની મૂર્તિઓ બેસારેલી છે. આ પ્રતિમા-

ઓ મોટેભાગે ખંડિત હોવા છતાં, દરેક બુદ્ધ ધ્યાનસ્થ, પદ્માસન વાળી બેઠેલા, માથા પાછળ પ્રભામંડળ અને તેની પાછળ ઝાડની ડાળીઓ ફળોથી લચેલી બનાવી છે. આ પ્રતિમાઓ નાની હોવા છતાં શિલ્પની દૃષ્ટિએ મનોહર છે.

ધ્યાની બુદ્ધો પૈકી અમિતાભની એક પાષણ-પ્રતિમા તારંગા પર્વતમાં આવેલા તારણ-તારાની પ્રતિમાના માથા ઉપર બેસાડેલી જોવામાં આવી છે. તેમાં બુદ્ધ પદ્માસન વાળી બેઠેલા, આંખો મીંચેલી ધ્યાનસ્થ અને બે હાથે ધ્યાનમુદ્રા વ્યક્ત કરતા જણાવ્યા છે. આ પ્રતિમા સફેદ આરસમાંથી બનાવી હોવાના કારણે મૂર્તિનું કલાશિલ્પ ઉઠાવદાર દેખાય છે. આ સિવાય બુદ્ધની કોઈ અખંડ કે ખંડિત પ્રાચીન મૂર્તિઓ, ગુજરાતમાંથી મળતી હોવાનું જાણવામાં નથી. ભગવાન બુદ્ધના અનેક ભેદો પ્રતિમાવિધાનની દૃષ્ટિએ બૌદ્ધ ધર્મશાસ્ત્રકારોએ જણાવ્યા છે. પરંતુ ગુજરાતમાંથી બુદ્ધની મૂર્તિઓ જ ફક્ત નામશેષ મળે છે, એટલે તે સંબંધી વધુ વિવેચન આપી ગ્રંથ-વિસ્તાર કરવાનું અત્રે આવશ્યક નથી.

બોધિસત્ત્વ

મહાયાન સંપ્રદાયમાં બોધિસત્ત્વ અમુક વિશિષ્ટ વ્યક્તિને જ કહેવામાં આવે છે. બોધિસત્ત્વની એક પ્રતિમા લગભગ સાડા ત્રણ ફૂટ ઊંચી સૌરાષ્ટ્રમાં અમરેલી પાસેના ગોહિલવાડ ટીંબામાંથી મળી આવી છે. તેનું માથું તથા પગનો ભાગ ખંડિત થયેલો હોવા છતાં, તે ધોતિયું પહેરેલી, ત્રિભંગવાળી પ્રતિમા હોવાનું સમજાય છે. આ પ્રતિમા કુશાન કાલીન હોવાનું વિદ્વાનો અનુમાને છે. બોધિસત્ત્વની એક ખંડિત પ્રતિમા ભરૂચના કામનાથ મહાદેવ પાસે પીંપળા નીચે પડેલી છે. તેનો મોટો ભાગ ખંડિત છે.

મૈત્રેય

તે મર્ત્ય બુદ્ધનું આંશિક સ્વરૂપ છે. તેણે તુષિત સ્વર્ગમાં બેસી

સાત્ત્વિક જીવન ગાળ્યું હતું. તેની ઊભી તેમજ બેઠી વિવિધ અલંકારો ધારણ કરેલી મૂર્તિઓ બનાવવાનું તેના વિધાનોક્ત ગ્રંથકારોએ સૂચવ્યું છે. મૈત્રેયને ચાર હાથ, તે પૈકી એક હાથમાં કમલદંડ, બીજામાં ધર્મચક્ર, જ્યારે બાકીના બેમાં ધ્યાનમુદ્રા તથા માલા અગર નાગકેસરની ડાળ કે ફૂલ, મોઢાં ચાર, તેમજ તેનો વર્ણ પીળો હોવાનું સાધનમાલાના મૈત્રેયસાધનમાં જણાવ્યું છે.

મૈત્રેયની એક પ્રતિમા તારંગા પર્વત ઉપર તારણમાતાના મંદિર પાસેની ધારણમાતાથી ઓળખાતી તારાદેવીની જમણી બાજુ પાસે કોતરેલી બતાવી છે. તેમાં મૈત્રેય અર્ધપદ્માસન વાળી કમળ ઉપર બેઠેલા, હાથ બે, તે પૈકી, ડાબા હાથમાં નાગકેસરનું ફૂલ, જ્યારે જમણામાં ચામર ધારણ કરેલું જણાય છે. આ સિવાય મૈત્રેયની એક ધાતુપ્રતિમા સોપારાના ખોદકામમાંથી સ્વ. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીને મળી આવી હતી, જે મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાયટીના સંગ્રહમાં છે. તેમાં મૈત્રેય લલિતાસનવાળી બેઠેલા માથે કરંડ મુકુટ, શરીર ઉપર અલંકારો બે હાથ, પૈકી એકમાં જ્ઞાન મુદ્રા અને બીજામાં નાગકેસરની ડાળ, તેમજ માથા પાછળ સુંદર પ્રભામંડળ છે. આ પ્રતિમામાં કલાકારે અદ્વિતીયરીતે શાંત રસનું ભાવનિદર્શન ઉતારવામાં અપૂર્વ કૌશલ્ય દર્શાવ્યું છે.

અવલોકિતેશ્વર

બોધિસત્ત્વના ધ્યાની બુદ્ધની માફક મહાયાન સંપ્રદાયમાં બોધિસત્ત્વ અવલોકિતેશ્વરથી જાણીતા છે. જેમ અમિતાભ ને પાંડરાશક્તિને વર્તમાન કલ્પના બુદ્ધ અને બુદ્ધશક્તિ તરીકે માનવામાં આવે છે, તે પ્રમાણે અવલોકિતેશ્વર પણ એક કલ્પના બોધિસત્ત્વ તરીકે જ મનાય છે. સાંધનમાલામાં તેના એકત્રીસ પ્રકારો જુદી જુદી ઉપાસનાઓ માટે રજૂ કર્યા છે. આ પૈકી પંદર તો મુખ્ય ગણાય છે. તેમનું સામાન્ય સ્વરૂપ, વર્ણ શ્વેત, માથે જટામુકુટ, માથા ઉપર અમિતાભ બેઠેલા, શરીર ઉપર વિવિધ અલંકારો પહેરેલા,

અર્ધપર્યંકાસન પ્રમાણે પદ્મચંદ્રાસનસ્થ, હાથ બે, તે પૈકી જમણામાં વરદમુદ્રા અને ડાબામાં કમંડલ ધારણ કરેલું હોય છે.

અવલોકિતેશ્વરની સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાં કોઈ સ્થળેથી મળી આવી હોવાનું જણાયું નથી; પણ તારંગા પર્વતમાં ધારણ માતાથી ઓળખાતી તારાદેવીની પીઠિકામાં અવલોકિતેશ્વરની પ્રતિમા કોતરેલી છે. તેમાં અવલોકિતેશ્વર અર્ધપર્યંકાસન વાળી બેઠેલા, ડાબા હાથમાં કમળદંડ, જમણામાં વરદમુદ્રા, માથે મુકુટ અને રત્નાલંકારોથી અલંકૃત બતાવવામાં આવેલા છે. સાધનમાલામાં જણાવેલા વિધાન પ્રમાણે તેના માથા ઉપર અમિતાભની પ્રતિમા મૂકી હોવાનું જણાતું નથી, કારણ અહીં તારાના પરિવારદેવ તરીકે તેમને વ્યક્ત કર્યા હોવાથી તેમના માથા ઉપર અમિતાભ નહિ મૂકયા હોવાનું અનુમાન છે. વળી તારાના માથા ઉપર અમિતાભ–અક્ષોભ્ય ગમે તે ધ્યાની બુદ્ધ તો બેસાડેલા છે જ. એટલે તેવી બીજી મૂર્તિ મૂકવાની જરૂરત આ પ્રતિમાના સ્થપતિને જણાઈ નહિ હોય એમ સમજાય છે. ફક્ત અવલોકિતેશ્વરની સ્વતંત્ર પ્રતિમામાં માથા ઉપર ખાસ કરીને અમિતાભને મૂકવામાં આવતા હશે એમ ચોક્કસ લાગે છે. આવી જ બીજી મૂર્તિ તારણ માતાજીના મંદિરમાં પીઠિકાની અંદર કોતરેલી જણાય છે.

છ ધ્યાની બુદ્ધોમાંના દરેક બુદ્ધમાંથી અનેક દેવદેવીઓનો ઉદ્‌ભવ થયો ગણાય છે. વળી બીજા કેટલાંક દેવદેવીઓ એ પાંચેયનાં સંયુક્ત સર્જન ગણાય છે. આ બધાં દેવદેવીઓનાં નામો અને સ્વરૂપોની સંખ્યા ઘણી મોટી થાય છે. પરંતુ એની મૂર્તિઓ ગુજરાતમાં ભાગ્યે જ મળતી હોઈ અહીં એવી વિગતો આપવાની જરૂર રહેલી નથી. એમાં સહુથી વધુ દેવદેવીઓ અક્ષોભ્ય–અમિતાભમાંથી ઉદ્‌ભવ પામેલાં છે. જેમાં હેરુક અને જંભલ તથા પ્રજ્ઞાપારમિતા ખાસ નોંધપાત્ર છે. વૈરોચન અને અમોઘ સિદ્ધિમાંથી માત્ર દેવીઓ જ ઉદ્‌ભવી છે.

તારા

બૌદ્ધ દેવીઓમાં તારા મુખ્ય છે. એનાં અનેક સ્વરૂપ છે. સાદા સ્વરૂપમાં એ ડાબા હાથમાં ઉત્પલ ધારણ કરે છે, જ્યારે એનો જમણો હાથ વરદમુદ્રામાં હોય છે. તારાઓ જુદા જુદા ધ્યાની બુદ્ધોમાંથી ઉદ્‌ભવી હોય એવું મનાય છે.

રુદ્રયામલ અને બ્રહ્મયામલ બન્ને હિન્દુ ધર્મમાં શાક્ત સંપ્રદાયની અંદર પ્રમાણભૂત પ્રાચીન ગ્રંથો મનાય છે. આ બન્ને ગ્રંથકારો તારાની ઉપાસના ચીનમાંથી, બૌદ્ધ સંપ્રદાય દ્વારા હિન્દુ શાક્ત સંપ્રદાયના તંત્રમાર્ગમાં દાખલ થઈ હોવાનું સ્પષ્ટ જણાવે છે. જ્યારે બૌદ્ધ શાસ્ત્રકારો આર્ય નાગાર્જુન દ્વારા તેની ઉપાસના ચીનમાંથી ભારતમાં આવી હોવાનું સૂચવે છે. આથી તારાની ઉપાસના ભારતેતર પ્રદેશમાંથી આયાત થઈ હતી એમ ચોક્કસ જણાય છે. બૌદ્ધ તંત્રમાર્ગમાં તારા, ઉગ્ર તારા, તીવ્રતારા, મહા તારા, એક જટા, મહાચીન તારા, વિદ્યુજ્જ્વાલા, કરાલી વ. અનેક ભેદો જણાવી તેનાં ઉપાસનાતંત્રો રચાયાં છે.[2] હિન્દુ ધર્મના શાક્ત સંપ્રદાયમાં પણ તેને મહાચીન તારા તરીકે ઓળખાવતાં[3], તેના ત્રણથી તેર સુધી જુદા જુદા ભેદો હોવાનું શક્તિ સંગમતંત્ર[4] કહે છે. આમ બૌદ્ધ અને હિન્દુ ધર્મની તારા એક જ હોઈ તેનાં ઉપાસના વિધાનો એકબીજા સાથે લગભગ મળતાં આવે છે.

તંત્રસાર, તેમજ રાશ્વન વજ્રે, રચેલા તારાના ઉપાસના તંત્રમાં, તેનું સામાન્ય વર્ણન રજૂ કરતાં જણાવ્યું છે કે તારાને ચાર હાથ, તે પૈકી ઉપરના બેમાં અનુક્રમે કર્તરી (કરવત) અને કપાસ, જ્યારે નીચેના બેમાં તલવાર તથા ભૂરું કમળ હોય છે અને તે પ્રત્યાલીઢ આસન વાળી બેઠેલાં, ગળામાં મુંડમાલા, તેનો દેખાવ ભયંકર, જીભ

---

૨. જુઓ સાધનમાલા ભાગ ૧, સાધન નં. ૧૦૦, ૧૦૧, ૧૨૧, ૧૨૪, ૧૨૫થી૧૨૮

૩. શક્તિ સંગમતંત્ર, તારાખંડ પટલ-૨૧

૪. નં. ૩ પ્રમાણે

બહાર આવેલી, દાંત મોટા, પંચમુદ્રાઓથી અલંકૃત અને માથે અક્ષોભ્યને મુકુટ ઉપર બેસાડેલાં જણાય છે.[૫] આ વર્ણનમાં पंचमुद्राविभूषिताम् એવા મોઘમ ઉલ્લેખ આપવામાં આવેલો છે, પરંતુ તે કઈ કઈ અને કેવી બનાવવી તેની સ્પષ્ટતા કરી નથી. આ પાંચે મુદ્રાનો ખુલાસો સાધનમાલામાં આપેલા દુર્જયચંદ્રોધૃત સપ્તાક્ષર ઉપાસના વિધાન સાધનમાંથી મળે છે, તેમાં ગળાંની અંદર પહેરવામાં આવતો સુવર્ણનો પટ્ટો, બે હાથમાં કંકણો, કમરે પહેરેવામાં આવતી રત્નની મેખલા-કંદોરો, કપાળમાં ભસ્મ અને (સુવર્ણનું) યજ્ઞોપવીત એમ પાંચ મુદ્રા અર્થાત્ પાંચ વિશિષ્ટ અલંકારો સૂચવેલા છે.[૬] આ મુદ્રાઓના પારિભાષિક શબ્દ પારમિતા હોવાનું પણ સાથે સાથે નોંધ્યું છે.

મુદ્રાઓ ઉપરાંત તેના માથે અક્ષોભ્યની પ્રતિમા મૂકવાનું તેનું રૂપવિધાન કહે છે. દરેક દરેક દેવદેવીઓના માથા ઉપર, પાંચ ધ્યાની બુદ્ધો પૈકી ગમે તે એકને મૂકવાનું ભારપૂર્વક પ્રત્યેક બૌદ્ધ મૂર્તિના વિધાનમાં જણાવેલું હોય છે. તે પ્રમાણે તારાના માથા ઉપર પણ, ધ્યાની બુદ્ધ પૈકીના અક્ષોભ્ય બુદ્ધને મૂકવાનો નિર્દેશ આપેલો છે. તેનું યોગ્ય કારણ બીજા કોઈ સાધનોમાં નોંધાયેલું મળ્યું નથી, પણ ટોડલતંત્રમાં આ સંબંધી ઉલ્લેખ આપતાં જણાવેલું છે કે, જ્યારે સમુદ્રમાંથી કાલકૂટ વિષ નીકળ્યું ત્યારે તે સમયે બધા દેવદેવીઓને મહાક્ષોભ થયો. પરંતુ ભગવાન મહેશે વિનાક્ષોભે તે હળાહળ વિષનો સ્વીકાર કરી પાન કર્યું, આથી તેમનું અક્ષોભ્ય નામ પડ્યું, જેઓ હમેશાં તારિણી-તારા સાથે સદા વિહાર કરે છે. આ હકીકત હિન્દુ ધર્મના શાક્ત સંપ્રદાયમાં તંત્રકારોએ નોંધી છે, પણ ધ્યાની બુદ્ધ પૈકીના અક્ષોભ્યને સ્થાપન કરવાનો ઉકેલ આથી આવી શકતો નથી. ફક્ત આથી એટલું જ સમજી શકાય છે કે હિન્દુ ધર્મની મહાવિદ્યાઓ પૈકીની

૫. તંત્રસાર (બૅંગાલ આવૃત્તિ) પાં. ૪૧૫

૬. સાધનમાલા, પા. ૨૧૦; તથા જુઓ ટોડલતંત્ર

તારાના માથા ઉપર મૂકવામાં આવતા અક્ષોભ્ય, મહેશ્વરનું જ સ્વરૂપ છે. આ જ કલ્પનાને અનુસરી શક્તિ સંગમતંત્રના તારાખંડમાં તારા અને શિવનો સંવાદ નિરૂપ્યો હોવા છતાં, દરેક પટલના અંતે "અક્ષોભ્ય અને તારા વચ્ચે થયેલો સંવાદ" એવું સૂચન કરેલું છે.[૭]

ગુજરાતમાંથી તારાની એક બે મૂર્તિઓ મળી છે, તેમાં તારંગા પર્વત ઉપર આવેલી તારણ-ધારણથી ઓળખાતી તારાની મૂર્તિઓ મુખ્ય છે. તારંગા પર્વત ઉપર અજિતનાથ ભગવાનના મંદિરથી પાછળની બાજુ નીચે ઊતરતાં, એક ગુફામાં તારાની તેમજ બીજી નાની નાની નવ મૂર્તિઓ બેસાડેલી છે. તેની મધ્યમાં તારાની ભવ્ય પ્રતિમા જે બેસારેલી છે, તેને ત્યાંના આદિવાસીઓ તારણ માતા તરીકે ઓળખાવે છે. આ ગુફામાં એટલું બધું અંધારું છે કે તેમાંની બીજી પ્રતિમાઓ સ્પષ્ટ રીતે ઓળખવી અશક્ય છે.

આ ગુફાથી થોડેક દૂર એક નાની દહેરીમાં તારાની ચાર ફૂટ ઊંચી સુંદરમૂર્તિ બેસાડેલી છે, તેને ધારિણી માતા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રતિમાની આજુબાજુ ઉપરનીચે બધી મળી કુલ નાની નાની તેર ચૌદ મૂર્તિઓ કોતરેલી બતાવી છે. ધારણ માતાથી ઓળખાતી પ્રતિમા બાદ્ધ મૂર્તિવિજ્ઞાનમાં જણાવ્યા પ્રમાણે વરદ તારાની હોવાનું જણાય છે.[૮] આ પ્રતિમા ધોળા આરસમાંથી બનાવેલી હોઈ, તેમાં દેવી લલિતાસનવાળી કમળ ઉપર બેઠેલાં, તેમનો ડાબો પગ વાળેલો જ્યારે જમણો પગ લટકતો, નીચેના કમળ ઉપર મૂકેલો, હાથ બે, તે પૈકી જમણો હાથ તૂટેલો હોવા છતાં તેના અવશેષો ઉપરથી તેમાં વરદમુદ્રા, જ્યારે ડાબો હાથ કોણી આગળથી ખંડિત થયેલો જણાય છે, પરંતુ તેમાંનું ઉપકરણ સનાલકમળ બચેલું હોવાથી ડાબા હાથમાં તે ધારણ કર્યું હશે એમ સમજાય છે. માથા

૭. શક્તિ સંગમતંત્ર, તારાખંડ, પટલ. ૨૧

૮. Indian Buddhist Iconography, p. 14

ઉપર મુકુટથી ઊંચે અક્ષોભ્યની પ્રતિમા અને તેની બન્ને બાજુ પાંખો-વાળા તેમજ બે હાથે પુષ્પમાળા પકડી બેઠેલા વિદ્યાધરો, માથાની પાછળ પ્રભામંડળ, શરીર ઉપર અલંકારો ધારણ કરેલી તારાની આ એક અનુપમ પ્રતિમા હોવાનું જણાય છે.

આ બે સિવાય વીરમગામના એક દેવી મંદિરમાંથી તારાની પ્રતિમા મળી છે. તેમાં દેવી લલિતાસન વાળી બેઠેલાં, હાથ ચાર, માથા પાછળ પ્રભામંડળ, મુકુટ ઉપર અક્ષોભ્ય અને શરીર ઉપર વિવિધ અલંકારો ધારણ કરેલાં જણાવ્યાં છે. આ ઉપરાંત વડોદરા અને મુંબાઈના મ્યૂઝિયમોમાં કેટલીક બૌદ્ધ મૂર્તિઓ ગુજરાત તેમજ બહારથી લાવી મૂકેલી છે, તેમાં ગુજરાતમાંથી પ્રાપ્ત મૂર્તિઓની સંખ્યા અલ્પ-સ્વલ્પ હોવાનું જણાય છે.

એકજટા

તેને વિઘ્નવિનાશક દેવી તરીકે ઘણી વાર પૂજવામાં આવે છે. તેનો વર્ણ ભૂરો, દેખાવ ભયંકર, પ્રત્યાલીઢ આસન વાળી બેઠેલાં જણાવવામાં આવેલાં છે. વજ્રયાન સંપ્રદાયમાં તે શક્તિશાળી દેવી ગણાય છે. સાધનમાલામાં તેનાં ચાર ઉપાસના વિધાનો આપ્યાં હોઈ, તેના ઉપરથી તેને બે, ચાર અગર તો અઠ્ઠાવીસ હાથ હોવાનું જણાય છે. તદ્ઉપરાંત કેટલીક વખત તેને તારાની પ્રતિનિધિ દેવી તરીકે પણ ઓળખવામાં આવેલાં છે. એકજટાનું સામાન્ય સ્વરૂપ, કૃષ્ણ વર્ણ, હાથ ચાર, ત્રણ આંખો, તેનો રંગ આરક્ત, વ્યાઘ્રચર્મ પહેરેલું, ગળામાં મુંડમાલા, નીલ સર્પોનાં વિચિત્ર આભૂષણોવાળાં, સોળ વર્ષની નવયુવતી જેવાં, હાર કેયૂર વ. સકલ આભૂષણોથી અલંકૃત ચાર હાથ પૈકી જમણા બેમાં તલવાર તથા કરવત, જ્યારે ડાબા બેમાં કમળ તથા કપાળ ધારણ કરેલાં બતાવ્યાં છે.

એકજટાની મૂર્તિ તારંગા પર્વતમાં ધારણ માતાથી ઓળખાતી તારાની પીઠિકામાં કોતરેલી છે. તેમાં તેને ચાર હાથ જણાવ્યા હોઈ,

તે પૈકી ડાબા બે ખંડિત છે, જ્યારે જમણા બેમાં તલવાર તથા માલા છે. વધુમાં તેના વાહન તરીકે તેની આગળ વાઘ રજૂ કર્યો છે.

અશોકાન્તા મારિચી

આ દેવીનું વાહન દેડકો છે. સૂર્યની માફક તેનો રથ સાત દેડકા જોડેલો હોય છે. સૂર્યનો સારથિ અરુણ પગવિહોણો છે જ્યારે આ દેવીનો સારથિ રાહુ ધડ વિનાનો છે. સાધનમાલામાં તેનું વિધાન જણાવતાં અશોકાન્તા મારિચીનો વર્ણ પીળો, હાથ બે, માથા ઉપર વિરોચન નામના ધ્યાની બુદ્ધ, રત્નમુકુટ પહેરેલો, દેદીપ્યમાન, નવયૌવના, ડાબા હાથમાં અશોક વૃક્ષની શાખા, જમણામાં વરદમુદ્રા, હાર કેયૂર વ. આભૂષણોથી યુક્ત, શ્વેત વસ્ત્રધારી હોવાનું સૂચવ્યું છે.[૯]

આ દેવીની એક પ્રતિમા તારંગા પર્વત ઉપરની ધારણ માતાની પીઠિકામાંથી મળી છે. તેમાં તેને બે હાથ તે પૈકી એકમાં અશોક-વૃક્ષની ડાળી, બીજામાં વરદમુદ્રા અને કમલ ઉપર બેઠેલાં જણાવ્યાં છે.

મહામાયૂરી

ધ્યાની બુદ્ધના પરિવારમાં તેની નોંધ છે. તેનું સામાન્ય વર્ણન એક મુખ, બે હાથ, તે પૈકી જમણામાં મોરપીછ અને ડાબામાં વરદ-મુદ્રા જણાવી છે, જ્યારે તેના માથા ઉપર અમોઘસિદ્ધિ બેઠેલા હોય છે, ત્યારે તેને ત્રણ મુખ, છ હાથ, વર્ણ પીળો, અર્ધપર્યંકાસન વાળી બેઠેલાં સૂચવ્યાં છે. આ ઉપરાંત બીજાં એક સાધનમાં તેનો વર્ણ લીલો, ત્રણ મુખ, છ હાથ, તે પૈકી જમણામાં મયૂરપીંછ, બાણ, વરદમુદ્રા, જ્યારે ડાબામાં રત્નછટા, બાણ અને કલશ, પ્રત્યેક મુખને ત્રણ નેત્રો, વિચિત્ર આભરણોવાળાં, નવયૌવના, અર્ધપર્યંકાસન વાળી બેઠેલાં, માથે અમોઘસિદ્ધિને ધારણ કરેલાં જણાવ્યાં છે. આગળ જણાવ્યા પ્રમાણે મહામાયૂરીની એક પ્રતિમા એકમુખ અને બે હાથવાળી તારંગા

૯. સાધનમાલા, સા. નં. ૧૪૧, પા. ૨૮૯

પર્વત ઉપર ધારણમાતાની પીઠિકાંમાંથી મળી છે. આ સિવાય આવી પ્રતિમા બીજા કોઈ સ્થળેથી મળી આવી નથી.

જાંગુલી

તેનાં બે મોઢાં એકબીજાને જોડેલાં, હાથ ચાર અગર ત્રણ મુખ અને છ હાથ હોય છે. ખાસ કરીને સર્પદંશથી મુક્ત થવા માટે આ દેવીની ઉપાસના જણાવી છે. સાધનમાલામાં તેના ચાર પ્રકારો નોંધ્યા હોઈ, તેમાં જુદાં જુદાં સ્વરૂપો જણાવતાં એક યા તો ત્રણ મુખ અને ચાર કે છ હાથ હોવાનું સૂચવ્યું છે. સામાન્યતઃ તેનો વર્ણ પીળો, ત્રણ મુખ, છ હાથ તે પૈકી જમણામાં ખડ્ગ, વજ્ર અને બાણ, જ્યારે ડાબામાં તર્જની મુદ્રા, પાશ, વિટપુષ્પ અને કાર્મુક (બાણ), માથા ઉપર શ્વેતફણામંડળ, દિવ્ય વસ્ત્રો અને આભરણ ધારણ કરેલાં, કુમારી-સ્વરૂપ, માથા ઉપર અક્ષોભ્યને ધારણ કરેલાં બતાવ્યાં છે.

જાંગુલીની એક પણ સ્વતંત્ર પ્રતિમા ગુજરાતમાંથી મળતી નથી, પણ તારંગા પર્વતમાં ધારિણીમાતાની પીઠિકામાં આવી એક પ્રતિમા છે. તેમાં દેવી જાંગુલી અર્ધપર્યંકાસન વાળી બેઠેલાં, બે હાથ, માથે જટામુકુટ તેમજ કુમારી સ્વરૂપ બતાવ્યાં છે.

માનુષી બુદ્ધ

માનુષી બુદ્ધ ચોવીસ થયા. તેમાં છેલ્લા સાત સુપ્રસિદ્ધ છે. (૧) વિપશ્ય, (૨) શિખી (૩) વિશ્વભૂ (૪) કકુચ્છંદ (૫) કનકમુનિ (૬) કશ્યપ (૭) શાક્યસિંહ (ગૌતમ બુદ્ધ) આમાંના છેલ્લા ચાર માનુષી બુદ્ધ અનુક્રમે પહેલા ચાર ધ્યાની બુદ્ધ સાથે સંકલિત છે. ગૌતમ બુદ્ધ અમિતાભ બુદ્ધ અને અવલોકિતેશ્વર બોધિસત્ત્વ સાથે સંકલિત છે. અમોઘસિદ્ધિ સાથે સંકલિત માનુષી બુદ્ધનું નામ મૈત્રેય છે, જે હવે પછી આવી માનુષી બુદ્ધ છે. સર્વ માનુષી બુદ્ધોનું સ્વરૂપ સરખું હોય છે. એ સર્વ યોગાસનમાં બેઠેલા હોય છે અને એમનો દક્ષિણ હસ્ત ભૂમિસ્પર્શ મુદ્રામાં હોય છે, અથવા એ પોતપોતાના વિશિષ્ટ બોધિવૃક્ષ

નીચે ઊભા હોય છે ને એમના હસ્ત ભિન્નભિન્ન મુદ્રામાં હોય છે. દરેક માનુષી બુદ્ધને પોતપોતાની બુદ્ધશક્તિ અને પોતપોતાના બોધિસત્ત્વ પણ હોય છે. દા. ત. ગૌતમ બુદ્ધને યશોધરા અને આનંદ છે. ભગવાન ગૌતમ બુદ્ધની મૂર્તિની બે બાજુએ ઘણી વાર બોધિસત્ત્વ પદ્મપાણી—અવલોકિતેશ્વરની અને મૈત્રેયની મૂર્તિ મુકવામાં આવે છે. મૈત્રેય હાલ બોધિસત્ત્વ અવસ્થામાં છે અને તુષિત સ્વર્ગમાંથી અવતરી છેલ્લા ભવમાં બુદ્ધ થશે એવું મનાય છે. એક બીજા બોધિસત્ત્વ મંજુશ્રી નામે છે, જે મહાયાનમાં બહુ મહિમા ધરાવે છે. મૂળમાં એ ચીનથી નેપાળ આવેલા એક માનુષી વિભૂતિ હોવાનું માલુમ પડે છે. ખડ્ગ અને પુસ્તક એમનાં વિશિષ્ટ ચિહ્ન છે. એમનાં ચૌદ સ્વરૂપ છે, જે દરેકનું અલગ અલગ નામ છે. ભદ્રકલ્પ નામે વર્તમાન યુગના અધ્યક્ષ તરીકે અવલોકિતેશ્વર ઉર્ફે લોકેશ્વરનો પણ ઘણો મહિમા રહેલો છે. એમનાં પણ અનેક સ્વરૂપ છે, જે દરેક અલગ અલગ નામે ઓળખાય છે.

ભગવાન ગૌતમ બુદ્ધની પ્રતિમાઓ મોટે ભાગે બેઠી – ખાસ કરીને જોવામાં આવે છે. તેમાં બુદ્ધ પદ્માસન વાળી બેઠેલા, માથે છૂટા વાળ ગુંચળાવાળા, બે હાથ, તેમાં વરદ, ધ્યાન, અભય કે ભૂમિસ્પર્શ મુદ્રા, આ ચાર પૈકી ગમે તે મુદ્રા ધારણ કરતા, શાંત ચિત્ત, કેટલીક વખત ગળામાં યજ્ઞોપવીત પહેરેલા બનાવવામાં આવે છે. ટૂંકમાં બુદ્ધનું પ્રતિમાવિધાન સાવ સાદું જણાવ્યું હોઈ, તેમાં પદ્માસન વાળી કમળ ઉપર બેઠેલા, અર્ધમિલિત લોચનવાળા, ધ્યાનપરાયણ હોવાનું ખાસ કરીને જણાવ્યું છે.

ગુજરાતમાંથી બુદ્ધની થોડીક જ પ્રતિમાઓ મળી છે, તેમાંથી અખંડ સ્વરૂપ ધરાવતી તો ફક્ત બે ચાર જ મળતી હોવાનું જાણવા મળે છે. ધુંધલીમલથી ઓળખાતી એક સુંદર બુદ્ધની મૂર્તિ વળા પાસે ઈશલ્યા ટેકરીની ખોદીમાંથી મળી છે, જે રાજકોટના વૉટ્સન મ્યૂઝિ

યમમાં મૂકેલી છે. આ સિવાય પુરાતન ખંભાતના પ્રાચીન અવશેષરૂપ, ખંભાતથી ઉત્તરમાં ત્રણ માઈલ દૂર નગરા નામનું ગામ આવેલું છે. તે પ્રાચીન ખંભાત નગરના સ્થાને ઊંચા ટેકરા ઉપર વસેલું છે. ત્યાંથી કેટલાયે પ્રાચીન અવશેષો મળ્યા છે, તે પૈકી બુદ્ધની પણ એક પ્રાચીન મોટી પ્રતિમા ગામ વચ્ચે ટેકરા ઉપર આવેલી છે. આ મૂર્તિ ભૂરા રંગના પાષાણમાંથી બનાવેલી હોઈ, તેનું બારકર્મ ઠીકઠીક રીતે બનાવવામાં આવ્યું હોવાનું કહી શકાય. જોકે આજે તો તે મૂર્તિ ખુલ્લામાં પડી રહી હોવાના કારણે, તેના મોઢાનો તેમજ શરીરનો કેટલોક ભાગ ઘસાઈ ગયો છે, છતાં જ્યારે તે સારી સ્થિતિમાં હશે, ત્યારે તે એક નમૂનેદાર મૂર્તિશિલ્પ હોવું જોઈએ એમ તેના કલાવિધાન ઉપરથી સમજાય છે. તેમાં બુદ્ધ પદ્માસન વાળી કમળ ઉપર ધ્યાનસ્થ બેઠેલા, આંખો અર્ધનિમિલિત, પાછળ પ્રભામંડળ, માથાના વાળ ગુંચળાવાળા, પગ ઉપર બન્ને હાથે ધ્યાનમુદ્રા વ્યક્ત કરતા બતાવ્યા છે. આ ઉપરાંત તેની બન્ને બાજુ પુરુષાકૃતિ જેવાં અસ્પષ્ટ શિલ્પો જણાય છે, તે બન્ને બોધિસત્ત્વ તેમજ મૈત્રેયની કલાકૃતિઓ હશે એવું અનુમાન છે. પાણી અને હવાને લઈ મૂર્તિનો ઘણો ખરો ભાગ ઘસાઈ ગયો છે, એટલે તેનું વ્યવસ્થિત વર્ણન અત્રે આપી શકાય તેમ નથી, તો પણ એટલું કહી શકાય તેમ છે કે બુદ્ધની આ એક અનન્ય પ્રતિમા ગુજરાતમાં અજોડ તેમજ વિરલ છે. હમણાં એક વિદ્વાને તે જૈન પ્રતિમા હોવાનો તર્ક કર્યો છે પણ મને તે યોગ્ય લાગતો નથી.

શામળાજી પાસે દેવની મોરી નામના સ્થળેથી મળેલા સ્તૂપની બે બુદ્ધ પ્રતિમાઓ અખંડ મળી છે. તે માટીની પકવેલી હોવા છતાં તેનું કલાવિધાન આરસ કરતાં પણ અપૂર્વ ભાત પાડે છે. તેમાં બુદ્ધ પદ્માસન વાળી બેઠેલા, ધ્યાનસ્થ, આંખો અર્ધનમિલી, બે હાથ પગ ઉપર મૂકી ધ્યાનમુદ્રા વ્યક્ત કરતા, સમભંગ–ટટાર અને વાળ ગુંચળાવાળા બતાવ્યા છે. એકમાં વસ્ત્ર ઓઢેલું, જ્યારે બીજામાં એક હાથ ખુલ્લો

અને ખભા ઉપર થઈ વીંટેલું બતાવ્યું છે. આ સિવાય બે બુદ્ધ પ્રતિમાનાં મુખ મળ્યાં છે, તેનું વર્ણન પણ ઉપર પ્રમાણે છે. ગુજરાતમાંથી મળતી બુદ્ધ પ્રતિમાઓમાં આ બન્ને પ્રતિકો સર્વ શ્રેષ્ઠ અને વિરલ મૂર્તિશિલ્પો છે.

અમરેલી પાસે ગોહિલવાડના ટીંબાથી ઓળખાતા ટેકરાના ખોદકામમાંથી એક ફૂટ ઊંચાઈવાળું માથું મળી આવ્યું છે. તે જમીનમાં લાંબા કાળ સુધી દટાયેલું હોવાથી, તેમજ હવા તથા જમીનના ક્ષારોને લીધે તેના બારકર્મને ખૂબ ઘસારો લાગતાં, વિરૂપતા આવી છે. છતાં તે જ્યારે અખંડ અને સારી સ્થિતિમાં હશે ત્યારે તેના મુખ ઉપર અપૂર્વ ઓજસ અને ઝમકદાર તેજ ચમકતું હોવું જોઈએ એમ તેના બાહ્ય દેખાવ ઉપરથી જણાય છે. તેની મુખમુદ્રા ઉપરથી બીજી કોઈ ખાસ વિશિષ્ટતાઓ તરી આવતી નથી, પણ માથા ઉપર સુંદર ગુચ્છાકાર વાળ અને ધ્યાનસ્થ આંખો—આ બે વસ્તુઓ મુખ્યતઃ ધ્યાન ખેંચે તેવી છે.

આ સિવાય ભરૂચમાં માતાના મંદિર પાસે આવેલા શિવમંદિરના ગર્ભગૃહની ભીંતમાં, ગણપતિના મંદિરની નજીક નવા દહેરાથી ઓળખાતા મંદિરમાં, કામનાથ મહાદેવના પ્રાંગણમાં, આવાં કેટલાંક માથાંઓ બુદ્ધ પ્રતિમાઓનાં પડ્યાં છે. તેમાંથી પણ આગળ જણાવ્યા પ્રમાણે ધ્યાનસ્થ ચક્ષુઓ, તેમજ કેશવિન્યાસ સિવાય બીજી કોઈ પણ વિશિષ્ટતાઓ જોવામાં આવતી નથી. આવું જ બુદ્ધ મૂર્તિનું માથું, વડનગરના અજપાળ મહાદેવ પાસેની દહેરીમાં પડેલું, આજથી દસપંદર વર્ષ પહેલાં તે જોવામાં આવ્યું હતું. તે બુદ્ધનું હશે એવું અનુમાન છે. આમ ગુજરાતભરમાંથી બુદ્ધની અખંડ પાષાણ પ્રતિમાઓ ક્વચિત્ જ જોવા મળે છે. આ ઉપરાંત વડોદરા અને મુંબાઈના મ્યુઝિયમોમાં બુદ્ધની સંખ્યાબંધ ધાતુપ્રતિમાઓ મૂકેલી છે, પરંતુ તે બધીમાં ગુજરાતની તો ગણી ગાંઠી જ છે.

હિન્દુ દેવો

આ ઉપરાંત બૌદ્ધ દેવોમાં કેટલાક સ્વતંત્ર દેવો પણ છે. આમાંના કેટલાક હિન્દુ દેવગણમાંથી લીધેલા છે, જેમ કે ગણપતિ, વિઘ્નાન્તક અને સરસ્વતી. કેટલાક બૌદ્ધ દેવોનાં સ્વરૂપ હિન્દુ દેવો પર સરસાઈ દર્શાવતાં નજરે પડે છે, જેમ કે બોધિસત્ત્વ અવલોકિતેશ્વરનું હરિહરિ હરિવાહનોદ્ભવ સ્વરૂપ, જેમાં હરિ (સિંહ) પર હરિ (ગરુડ) પર હરિ અને (વિષ્ણુ) એ ત્રણે ય હરિનાં વાહન પર લોકેશ્વર રહેલા હોય છે. પર્ણશબરી નામે દેવી પગ નીચે વિઘ્નરૂપ ગણેશને કચરે છે. ત્રૈલોક્ય વિજય નામે દેવ પોતાના ચરણ નીચે શિવ અને ગૌરીને કચરે છે. કેટલાક બૌદ્ધ દેવ બ્રહ્માના શિરને પોતાના હાથમાં એની જટા પકડી લટકાવે છે. આમાં પરધર્મના પ્રતિષ્ઠિત દેવોનો આવો પરાભવ દર્શાવીને સ્વધર્મના દેવોનો મહિમા સ્થાપવાનો પ્રયત્ન રહેલો છે.

સાત રત્નો

બૌદ્ધ ધર્મમાં સાત વસ્તુઓને પવિત્ર પ્રતીક તરીકે ગણાવી, તેને રત્ન-સંજ્ઞા આપતાં કેટલીક બૌદ્ધ પ્રતિમાઓના પરિકરોમાં કોતરવામાં આવે છે. બૌદ્ધ સંપ્રદાયમાં ત્રણ, સાત કે સોળની સંખ્યા રત્નો માટે જણાવી છે, જ્યારે જૈન ધર્મમાં તે ચૌદ છે. મહાવીરની માતાને ગર્ભાવસ્થામાં આવેલાં ચૌદ સ્વપ્નોને મંગલ પ્રતીક તરીકે સૂચવ્યાં છે. આવાં પ્રતીકો જૈન મૂર્તિઓની પીઠિકા, પરિકરો તેમજ મંદિરોમાં ખાસ કરીને મૂકવામાં આવે છે. હિન્દુ ધર્મમાં રત્નોની સંખ્યા નવ, પાંચ કે ચૌદની ગણાય છે. સમુદ્રમંથનમાંથી નીકળેલી ચૌદ દૈવી વસ્તુઓને રત્નની સંજ્ઞા આપવામાં આવી છે. તે જ પ્રમાણે બૌદ્ધ સંપ્રદાયમાં પવિત્ર મનાતી પાંચ કે સાત વસ્તુઓને રત્નસંજ્ઞા આપી બૌદ્ધ મૂર્તિવિધાનમાં તેને ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. આમાં હાથી, ઘોડો, અપ્સરા, દ્રવ્યની થેલી, તલવાર

પકડેલો વીર પુરુષ, ચક્ર, પલાંઠી વાળી બેઠેલી સ્ત્રીના હાથમાં દ્રવ્યની થેલી એ સાત છે. આ રત્નો મૂર્તિઓના પરિકરો, પીઠિકાઓમાં, ચૈત્યો અને સ્તૂપોમાં, કોતરવામાં આવે છે.

તારંગા પર્વત ઉપર ધારણ માતાના મંદિરમાં તારા દેવીની પ્રતિમાના પગ નીચે લાંબી પટ્ટીમાં આ સાતે કોતરેલાં છે, જે કલા-વિધાનની દૃષ્ટિએ અપૂર્વ છે.

અનુપૂર્તિ

[ગુજરાતનું પ્રતિમાવિધાન ગ્રંથ તૈયાર થયા બાદ ગુજરાતમાંથી અનેક પ્રાચીન પ્રતિમા શિલ્પો મળી આવ્યાં છે. આવાં મૂર્તિ શિલ્પોનો શાસ્ત્રીય પરિચય. શ્રી. ડૉ. ઉમાકાંત શાહ. શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી શ્રી. ડૉ. રમણલાલ ના. મહેતા, શ્રી. મધુસૂદન ઢાંકી, વગેરે પુરાતત્ત્વ અને કલાના આરૂઢ વિદ્વાનોએ તેમને બહાર પાડેલા ગ્રંથો તેમજ લેખો દ્વારા કરાવ્યો છે. આ અનુપૂર્તિમાં જણાવેલી પ્રતિમાઓની વિગતો શ્રી. ડૉ. ઉમાકાંત શાહના "શામળાજી અને રોડાનાં મંદિરો", 'કુમાર'માં લખેલી 'ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ'ની લેખમાળા, શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના 'મૈત્રક કાલીન ગુજરાત' ભા. ૧–૨ તથા શ્રી. મધુસૂદન ઢાંકીના 'ક્રૉનૉલૉજી ઑફ ધી સોલંકી ટેમ્પલ્સ ઑફ ધી ગુજરાત' અને બીજા લેખોના આધારે આપવામાં આવી છે જેની અહીં નોંધ લેવામાં આવે છે. લેખક]

પ્રકરણ ૬ : ગણપતિ

શામળાજીમાંથી ગણપતિની ઊભી પ્રતિમા મળી છે જે બાલ ગણપતિના સ્વરૂપની છે. જ્યારે ટીંટોઇમાંથી પાર્વતી સાથેની ઊભી મૂર્તિ નૃત્ત ગણપતિની માનવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસના રૂદ્રેશ્વર (કેદારેશ્વર)થી ઓળખાતા પ્રાચીન મંદિરમાં, તેમ જ મૂળમાધવપુરના એક મંદિરના સ્તંભ ઉપરથી ગણપતિની પ્રતિમાઓ મળી છે જે સોલંકી ભીમદેવના સમયની એટલે અગિયારમી સદીની હોવાનું સૂચવ્યું છે. કારવણમાંથી મળેલી ષડ્ભુજ ગણપતિની નૃત્ય પ્રતિમાને એક અવનવું મૂર્તિશિલ્પ ગણાવી શકાય. આ મૂર્તિ નવમા દસમા શતકની છે. ખંભાતમાંથી ગણેશની એક અદ્ભુત પ્રતિમા બ્રાહ્મણવાડાથી ઓળખાતા

મંદિરમાં છે જે માનવ કદ જેટલી ઊંચી હોઈ, તેના ચારે હાથમાં સર્પ છે. રૂપવિધાનની દૃષ્ટિએ આ મૂર્તિશિલ્પ અનન્ય કહી શકાય. વડોદરા મ્યુઝિયમમાં મૂકેલી શામળાજીથી પ્રાપ્ત દ્વિભુજ ગણપતિની પ્રતિમા પણ નમૂનેદાર છે.

પ્રકરણ ૭ : બ્રહ્મા

પાકિસ્તાનના મીરપુર ખાસમાંથી મળેલી બ્રહ્માની એક ઊભી મૂર્તિ કરાંચીના મ્યૂઝિયમમાં છે. જે પશ્ચિમ ભારતીય કલા શૈલીની હોવાનું શ્રી. ડૉ. ઉમાકાંત શાહે સૂચવ્યું છે. આ પ્રતિમા ગુપ્તકાલીન હોઈ, તેની વેશભૂષામાં ધોતિયું ગુજરાતીઓ પહેરે છે તેવું પાટલીવાળુ વ્યક્ત કરેલું છે. દેલમાલમાં લિંબોજી માતાના મંદિર સામેની નાની નાની બે દેરકુલિકાઓની બહારની ભીંતમાં બ્રહ્માની બેત્રણ પ્રતિમાઓ મૂકેલી છે. આ મંદિર સિદ્ધરાજના રાજ્યકાળે બંધાયું હતું એમ તેના સ્થાપત્ય ઉપરથી સૂચવ્યું છે ઝીંઝુવાડામાંથી મળેલી દસમા સૈકાની એક સુંદર પ્રતિમા આ ગાળાના એક પુરાતન અવશેષરૂપ ખંડિત મંદિરમાંથી મળે છે. તે મંદિરમાં પાર્શ્વદેવ તરીકે બેસાડી હતી એમ જણાય છે.

પ્રકરણ ૮ : વિષ્ણુ

પૃષ્ઠ ૧૯૧ : પાટણમાં મહાલક્ષ્મીજીના મંદિર સામે નૃવરાહનું નાનું મંદિર છે, તેમાં નૃવરાહની પ્રતિમા બેસાડેલી છે. વરાહ સ્વરૂપની એક પ્રાચીન પ્રતિમા ખંભાતમાં દરિયાકિનારે આવેલી છે.

પૃષ્ઠ ૧૯૪ : આદિવરાહની એક પ્રતિમા ચંદ્રાવતીથી આઠ માઈલ દૂર સાંતપુર ગામના શિવમંદિરમાં છે. આ પ્રતિમા ભવ્ય અને અદ્વિતીય કલાવિધાન વ્યક્ત કરતી અનુપમ પ્રતિમા છે. તે ચંદ્રાવતીથી લાવી મૂકી હોવાનું ત્યાંના લોકો જણાવે છે. પ્રભાસના પ્રાચીન કિલ્લામાંથી પણ વરાહની એક પ્રતિમા મળી છે.

પૃષ્ઠ ૧૯૭: નૃસિંહની એક શ્યામ પાષાણની પ્રતિમા પ્રભાસના પંચમુખ મહાદેવમાં છે આ સિવાય લક્ષ્મી સહિત નૃસિંહાવતારની બે સુંદર પ્રતિમાઓ શંખેશ્વર વાવના ગોખલામાં, અને પ્રભાસપાટણના મ્યુઝિયમમાં મૂકેલી છે જે તેરમા શતકથી અર્વાચીન નથી.

પૃષ્ઠ ૨૦૬: વલભિપુરમાંથી અશ્વરૂપ ધારણ કરેલા કેશી દૈત્યને મારતા શ્રી કૃષ્ણની ખંડિત મૂર્તિ મળી છે જે મૈત્રકકાલીન મૂર્તિશિલ્પ ગણાય છે. સૌરાષ્ટ્રના મૂળ માધવપુરના એક પ્રાચીન મંદિરના સ્તંભો ઉપર મોઢેરાની માફક કૃષ્ણ ચરિત્રના કેટલાક પ્રસંગો કોતરેલા મળ્યા છે. કેશીનીષૂદનની એક પ્રતિમા પ્રભાસના દૈત્યસૂદન મંદિરમાં છે.

પૃષ્ઠ ૨૧૦: ગોવર્ધન ધરણની એક પ્રાચીન પ્રતિમા ખંભાતના વડાવાસુદેવની પોળમાં શ્રી. લક્ષ્મીશંકરના ઘરમાં છે.

પૃષ્ઠ ૨૨૧: કાલીયમર્દનનાં બે વધુ શિલ્પો સૌરાષ્ટ્રમાં મૂળ માધવપુરના મંદિરમાં તેમજ તારંગા પર્વત ઉપર કુમારપાળે બંધાવેલ અજીતનાથના મંદિરની એક છતમાંથી મળે છે. કુમારપાળે બંધાવેલા પ્રાચીન સોમનાથના મંદિરમાં પણ આવું એક શિલ્પ હતું.

પૃષ્ઠ ૨૨૧: વરદરાજ એટલે મોક્ષ કરનાર અર્થાત્ ગજેન્દ્રને મગરના મુખમાંથી મુક્ત કરનાર ભગવાન વિષ્ણુ. દેલમાલમાં લિંબોજી માતાના મંદિર પાછળની નાની દેવકુલિકા અને પાવાગઢ ઉપર લકુલીશ મંદિરની ઝંઘાઓમાંથી ગજેન્દ્રમોક્ષનાં શિલ્પો મળ્યાં છે જે સુંદર પ્રતિકો જ કહી શકાય.

પૃષ્ઠ ૨૨૨: વડનગરમાં ગોપાળજીનું મંદિર કનેરીના ચાચર પાસે આવેલું છે. તેમાંની પ્રતિમા બાલાજી વ્યંકટેશની હોવાનું તેના કલાવિધાન ઉપરથી જણાય છે. તેમાં ઉપરના બે હાથોમાં શંખ-ચક્ર જણાતી હાથ ઉપર ભુજંગવલયો વ્યક્ત કરેલાં છે. પગ પાસે બે બાજુ ભૂદેવી તથા શ્રી દેવીની નાની મૂર્તિઓ પ્રતિહારો સાથે

મૂકી છે. આ એક વ્યંકટેશ વિષ્ણુનું અપ્રતિમ પ્રાચીન સ્વરૂપ નમુનેદાર છે.

પૃષ્ઠ ૨૨૪: વિષ્ણુની છ હાથ ધરાવતી એક સુંદર પ્રતિમા આબુના વસિષ્ઠાશ્રમમાંથી મળી છે, જે ગુપ્તેતરકાલની હોવાનું શ્રી. ડૉ. ઉમાકાંત શાહે જણાવ્યું છે. તેમાં વિષ્ણુ એક મોટા વિકસિત પદ્મ ઉપર આસન જમાવી બેઠેલા, પગ પાસે બે નાગ પુરુષો અને ત્રણ નાગ પત્નીઓ તેમાં વ્યક્ત કરેલાં છે.

પૃષ્ઠ ૨૩૫: આબુ ઉપર જગન્નાથ મંદિરમાંથી મળેલી શેષશાયી વિષ્ણુની અદ્વિતીય પ્રતિમા, ગુપ્તકાલની હોવાનું તેના કલા વિધાન ઉપરથી સૂચવ્યું છે. ગુપ્તકાલીન મૂર્તિ શિલ્પનો આ એક સુંદર નમુનો ગણાવી શકાય.

પૃષ્ઠ ૨૪૧: શામળાજીમાંથી મહા વિષ્ણુનું એક અદ્વિતીય મૂર્તિશિલ્પ મળ્યું છે જે ગુપ્તકાલીન પ્રતિમાઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમાં વિષ્ણુ શેષ ઉપર બેઠેલા, ચાર મુખ પૈકી ત્રણ મુખો જણાય છે. જ્યારે ચોથું મુખ પાછળ હશે એમ કલ્પી લેવાનું છે. આઠ હાથ અને માથે ગુપ્તકાળની મૂર્તિઓમાં હોય છે તેવો અનુપમ કલાકૃતિવાળો મુકુટ જણાવતાં પ્રતિમાની પાછળ નાની નાની ત્રેવીસ પ્રતિમાઓ વ્યક્ત કરી છે. આજે આ પ્રતિમા એક મંદિરની સેવ્યમૂર્તિ તરીકે પૂજાય છે, અને ત્યાંના સ્થાનિક લોકો 'કળશી સોરાંની મા' ને 'સોળસોરાંની મા' તરીકે ઓળખે છે. આવી પ્રતિમાઓ બનાવવા માટે કોઈ ગ્રંથમાંથી કોઈ માહીતી મળતી નથી પણ શ્રી. ડૉ. ઉમાકાંત શાહે સૂચવ્યા પ્રમાણે બાદામીમાંથી મળેલી બેઠી અનંતારૂઢ પ્રતિમા પ્રમાણે આ પણ શેષશાયીનું સ્વરૂપ હોવાનું તેમણે માન્યું છે. ખરી રીતે તો તે વિષ્ણુના વિરાટ સ્વરૂપનું પ્રતિક લાગે છે અને તેને મહાવિષ્ણુનું નામ આપ્યું છે તે યોગ્ય જ છે. કારણ મુખ્ય મૂર્તિની પાછળની નાની પ્રતિમાઓમાં રામ, વરાહ, સુર્ય, ચંદ્ર વ. વિવિધ સ્વરૂપો કોતરેલાં છે જે ઉપરોક્ત

માન્યતાને પુષ્ટિ આપે છે. આવી જ બીજી ખંડિત પ્રતિમા અહીંથી મળી હતી જે હાલ વડોદરા મ્યુઝિયમમાં છે. કડક્ષાતથી પણ આવી એક મૂર્તિ મળી છે જે ગુજરાતમાં આવા શિલ્પોનો પ્રચાર થયો હોવાની પ્રતીતિ આપે છે.

પ્રકરણ ૯ : શિવ

પૃષ્ઠ ૨૫૧: અષ્ટોત્તર સહસ્રલિંગ, અને ધારાલિંગનાં અભિનવ શિવલિંગો ચાણસ્મા તાલુકાના ગંભૂગામથી ઉત્તરે રૂપેણ નદીના કિનારે આવેલા એક મંદિરમાંથી મળ્યાં છે. જેમાંના ધારાલિંગને ઊભી તથા આડી લાઈનો કોતરી તેમાં શિવલિંગોના જુદા જુદા વિભાગો રજુ કર્યાં છે.

પૃષ્ઠ ૨૫૨: વડોદરા મ્યુઝિયમમાં મૂકેલું ભેડલાથી પ્રાપ્ત એક સુંદર મુખલિંગ ગુજરાતના પ્રાચીન મુખલિંગોમાં ગણાવી શકાય તેમ છે. આ શિવલિંગ ઈ.સ. ૩૦૦ થી ૪૦૦ના સમયનું અનુમાન્યું છે. શિવલિંગોના ભવ્ય સ્વરૂપો વલભીમાંથી મળ્યાં છે જે ત્યાં સિદ્ધેશ્વર, બુદ્ધેશ્વર, પ્રગટનાથ, અને ભીડભંજનના શિવાલયોમાં છે. આમાં એ સિદ્ધેશ્વરનું શિવલિંગ બૃહત સ્વરૂપનું હોઈ તેનો રુદ્રભાગ ૬' ૩'' ઊંચો ને ૮' ૭'' ઘેરાવાવાળો છે. કારવણના પ્રાચીન શિલ્પોમાંથી પ્રાપ્ત એક શિવલિંગ ૫' ૮'' જેટલું ઉંચું છે. ગાંભુ પાસે રૂપેણ નદીના કિનારેથી મળેલા અષ્ટોત્તર સહસ્રલિંગની ઊંચાઈ પણ લગભગ ૫ ફૂટ જેટલી છે. ખંભાતમાં કાશીવિશ્વનાથ મહાદેવથી ઓળખાતું મુખલિંગ ચોકશીની પોળમાં છે. આવું જ બીજું મુખલિંગ શકરપુરના શિવાલયમાંથી મળ્યું છે. શામળાજીમાં સામેની ધર્મશાળા પાછળ ખેતરમાં એક પ્રાચીન શિવાલય છે, તેમાં પણ એકમુખ શિવલિંગ બેસાડેલું છે, જે નવમા દસમા સૈકાથી અર્વાચીન તો નથી જ. તેનું કલાવિધાન શામળાજીમાંથી મળતા પ્રાચીન શિલ્પ સ્થાપત્યને અનુરૂપ છે. એક પ્રાચીન મુખલિંગ ભરૂચમાંથી પણ મળ્યું છે.

પૃષ્ઠ ૨૬૦: વલભિપુરના સિદ્ધેશ્વર મહાદેવનો નંદી ભવ્ય અને નમુનેદાર છે. તેની લંબાઈ આઠ ફૂટ જેટલી હોઈ, પીઠ ઉપર આસનના પટ્ટાઓની સુંદર ભાતો રજુ કરી છે. શામળાજીથી પ્રાપ્ત મરકત શિલાનો એક નંદી હાલ વડોદરા મ્યુઝિયમમાં છે, જે પાંચમા કે છઠ્ઠા સૈકાનો હોવાનું જણાવેલું છે. તેનું ભારકર્ય ગુપ્તકાલીન શિલ્પો જેવું હોવાથી, ગુપ્તકાલીન શિલ્પનો આ પણ એક સુંદર નમૂનો ગણનાપાત્ર છે.

પૃષ્ઠ ૨૬૯: ઇડર પ્રદેશમાંથી પ્રાપ્ત શિવપાર્વતીની ઊભી પ્રતિમામાં ગુપ્તકાલીન અસરો જણાય છે એટલે તે ગુપ્તકાલની હોવાનું સૂચવેલ છે. કારવણમાંથી મળેલ હરગૌરિ કે શિવપાર્વતીની અદ્દભૂત પ્રતિમા ગુપ્તકાલીન કલાશિલ્પનો એક વીરલ નમૂનો છે. આ બધાં કરતાં પણ મનોહર અને નયનરમ્ય શિવપાર્વતીની દિવ્ય મૂર્તિ કપુરાઈમાંથી મળી છે. તેમાં શિવપાર્વતી ત્રિભંગમાં ઊભાં રહેલાં અને પાર્વતી શિવને આલિંગન આપતાં હોય તેવો ભાવ વ્યક્ત થાય છે. આ મૂર્તિનું કલાવિધાન ગુપ્તકાલીન બીજી પ્રતિમાઓ કરતાં અદ્વિતીય રીતે કંડાર્યું છે. આમાં શિવનો જમણો હાથ કટચવલંબિત છે, જ્યારે ડાબો હાથ બાજુમાં ગાઢ આલિંગીને ઊભેલાં પાર્વતીની પીઠ પાછળ થઈ એમના સ્તનાગ્રને સ્પર્શ કરે છે. પાર્વતીનો ડાબો હાથ ખંડિત છે, પરંતુ જમણો હાથ શિવના કંઠ પાછળ થઈને એમના ખભા ઉપર મૂકેલો વ્યક્ત કરેલો છે શિવના પગ પાસે શાંત મુખમુદ્રાવાળો નંદિ બતાવેલો છે. કલાવિધાનની દૃષ્ટિએ આ એક અનન્ય પ્રતિમા કહી શકાય.

પૃષ્ઠ ૨૭૫: ત્રિપુરાંતક શિવની એક પ્રતિમા સૌરાષ્ટ્રના ઘુમલી ભૂતાંબલિકા પાસેની એક ટેકરી ઉપર ચૈલેશ્વરના ખંડિત મંદિરમાંથી મળી છે, તેના ભદ્રમાં આવેલ ગવાક્ષમાં આ પ્રતિમાને સ્થાપન કરેલી છે. આ મંદિર તેરમા સૈકાનું હોવાથી તેમાંની પ્રતિમાઓ પણ તેટલી પ્રાચીન માની શકાય.

પૃષ્ઠ ૨૭૯: સૌરાષ્ટ્રના ઘુમલી પાસેની ટેકરી ઉપર ચેલેશ્વરના મંદિરમાં બહારની બાજુ ભદ્ર ગવાક્ષમાં મહાકાલની એક પ્રતિમા પાર્શ્વ દેવના તરીકે બેસાડેલી છે. આ મંદિર તેરમા સૈકામાં બંધાયું હોવાનું તેના કલાસ્થાપત્ય ઉપરથી જણાય છે. આ પ્રતિમા પણ તે સમયની માનવામાં વાંધો આવતો નથી.

પૃષ્ઠ ૨૮૬: ખેડબ્રહ્માના પંખાનાથ મહાદેવમાં બહારની બાજુ ભદ્ર ગવાક્ષોમાંથી નટરાજની બેએક પ્રતિમા મળી આવી છે, જેમાં શિવને નૃત્ય કરતા વિવિધ ભાવભંગીમાંયુક્ત જણાવેલા છે. રોડામાં નં ૪. મંદિરમાંથી પણ નટરાજની એક સુંદર મૂર્તિ મળી છે જે ગુપ્ત કાળની હોવાનું સૂચવેલું છે. પાવાગઢ ઉપર આવેલ લકુલીશના પ્રાચીન મંદિરની જંઘામાં ૧૬ હાથવાળા નટરાજનું એક અભિનવ મૂર્તિશિલ્પ કંડારેલું મળ્યું છે. ખેડબ્રહ્મા અને પાવાગઢની પ્રતિમાઓ તેરમા સૈકા જેટલી પ્રાચીન ગણાવી શકાય.

પૃષ્ઠ ૨૯૪: મહી નદીના કિનારે આવેલા ગળતેશ્વરના પ્રાચીન મંદિરની જંઘામાં શિવનાં વિવિધ સ્વરૂપો મૂક્યાં છે. તેમાંથી એકાદશ રૂદ્રોના કેટલાંક સ્વરૂપો જોવામાં આવે છે. આ પ્રતિમાઓ બારમી સદીની હોવાનું જણાય છે. પાવાગઢ ઉપરના લકુલીશથી ઓળખાતા પ્રાચીન મંદિરની જંઘામાં શિવનાં વીરેશ્વર, યોગાસન શિવ વગેર કેટલાંક સ્વરૂપો કંડારેલાં મળ્યાં છે. અગિયારમી સદીના પ્રભાસમાં આવેલા રૂદ્રેશ્વરના મંદિરમાં ત્રણ મુખ અને અનેક હાથવાળી શિવ પ્રતિમા મૂકેલી છે.

પૃષ્ઠ ૩૦૩: સૌરાષ્ટ્રમાં મિયાણીના ભદ્રગવાક્ષમાં લકુલીશની એક પ્રાચીન પ્રતિમા સ્થાપન કરેલી મળી છે. પાવાગઢ ઉપરના પ્રાચીન મંદિરના દ્વાર ઉપર લકુલીશની મૂર્તિ બેસારેલી છે. આ મૂર્તિઓ બારમી તેરમી સદીની છે. સિદ્ધનાથથી જાણીતા ખંભાતના એક શિવાલયમાં શિવલિંગ પાસે લકુલીશની પ્રતિમા બેસારેલી છે. લકુલીશ પ્રતિમા સાથેનું શિવલિંગ બાણજ ગામમાંથી મળ્યું છે.

પ્રકરણ ૧૦ : સંયુક્ત પ્રતિમાઓ

પૃષ્ઠ ૩૧૪: બ્રહ્મેશાનજનાર્દનાર્કની સુંદર પ્રતિમા પાવાગઢ ઉપર લકુલીશના મંદિરથી ઓળખાતા પ્રાચીન મંદિરની જંઘામાં કંડારેલી છે. તેને ૮ હાથ જણાવ્યા હોય તે પૈકી બે ખંડિત છે. જ્યારે બાકીનામાં અનુક્રમે ત્રિશૂળ, સ્રુક્, પદ્મ, પદ્મ, સ્રુવ, અને નાગપાશ બતાવ્યા હોઇ મધ્યમાંની સૂર્ય પ્રતિમાને બૂટ પહેરેલાં જણાવ્યા છે. તેના પગ પાસે હંસ, અને ઘોડો જણાવતાં પગની પાછળ નંદિને મૂકેલો છે. ગુજરાતમાંથી મળતાં આવાં મૂર્તિ પ્રતિકોમાં આ પ્રતિમા કલાવિધાનની દ્રષ્ટિએ મનોહર છે. હરિહર અને અર્ધનારીશ્વરનાં મનોહર કલાશિલ્પો રોડાના એક મંદિરની દ્વારશાખામાંથી મળ્યા છે, જે ગુપ્તકાલીન ઉત્કૃષ્ટ નમૂનાઓ તરીકે ગણાવી શકાય. કચ્છના કોટાયમાં એક પ્રાચીન શિવમંદિર ટેકરી ઉપર આવેલું છે. તેની પાછળના એક ગવાક્ષમાં હરિહરની મૂર્તિ કંડારેલી છે.

પ્રકરણ ૧૧ : દેવી

પૃષ્ઠ ૩૨૯: મહિષાસુરમર્દિનીની એક પ્રાણવાન પ્રતિમા વલભિપુરમાંથી મળી છે, જે મૈત્રકકાલીન હોવાનું જણાવેલ છે. આ મૂર્તિના માથાનો ભાગ ખંડિત હોવા છતાં, તેનું કલાવિધાન ગુપ્તકાલીન શિલ્પકલાને સંપૂર્ણ અનુરૂપ છે. કારવણમાંથી આવી એક પ્રતિમા વડોદરા યુનિવર્સિટીના ડૉ. રમણલાલ મહેતાને મળી હતી જે ગુપ્તકાલીન શિલ્પનો સુંદર નમુનો ગણાવી શકાય. કરજણમાંથી પણ તેમને એક મોટી મહિષાસુરમર્દિનીની મૂર્તિ મળી છે જે સાતમા આઠમા સૈકાની સૂચવે છે. કાવી પાસેથી શ્રી. ડૉ. મંજુલાલ મજમુદારને મળેલા એક આવી પ્રતિમા દસમા અગિયારમા સૈકાની હોવાનું તેમને જણાવ્યું છે. આ સિવાય વડનગરમાં અમથેર માતાથી ઓળખાતા મંદિરની જંઘામાં, દેલમાલ, ગેરાદ, અને ઇડર પ્રદેશમાં કાંચનગઢ ગામના ખંડેશ્વરીથી જાણીતા મંદિરની વેદિકા તથા જંઘાઓમાંથી મહિષમર્દિનીના પ્રાચીન મૂર્તિ શિલ્પો મળ્યાં છે જે અગિયારથી બારમી સદીના હોવાનું જણાવ્યું છે.

પૃષ્ઠ ૩૪૩: સરસ્વતીની વડવાનલ ધારિણી અર્થાત્ કુંભમાં વડવાનલને લઈ પશ્ચિમ સાગર પ્રભાસમાં પધારવા જતી પુરાણકથાના પ્રસંગ અનુરૂપ પ્રતિમા પ્રભાસ પાટણમાં અહલ્યાબાઈ સ્થાપિત સોમનાથ મંદિરની અંદર ઈશાનખુણાના ગોખલામાં બેસાડેલી છે તેમાં દેવીને ચાર હાથ તેમાં વરદમુદ્રા, બે હાથે કુંભ. અસ્પષ્ટ વસ્તુ અને અભયમુદ્રા વગેરે ધારણ કરેલાં હોઈ તેની નીચે વાહન હંસ બતાવેલો છે. આ પ્રતિમા નીચે સંવત ૧૪૫૪નો લેખ છે, જેના આધારે તે મૂર્તિ પંદરમા સૈકાની જણાય છે.

પૃષ્ઠ ૩૪૭: કઝીન્સે સૂચવેલી થાનના પ્રાચીન મંદિરની ગંગાજી તરીકેની પ્રતિમા પંચાગ્નિની સાધના કરતી પાર્વતીની મૂર્તિ હોવાનું શ્રી. મધુસુદન ઢાકીએ સૂચવ્યું છે આ સિવાય કોટાય અને રોડાના પ્રાચીન મંદિરોમાંથી આવી પ્રતિમાઓ મળી છે.

પ્રકરણ ૧૨ : માતૃકાઓ

પૃષ્ઠ ૩૫૫: બ્રાહ્મીની એક સુંદર પ્રતિમા શામળાજીમાંથી મળી છે. આરાસુરમાં આવેલા કોટેશ્વરમાં પણ આવી પ્રતિમા છે. તેના કરતાં પણ અભિનવ કલાશિલ્પવાળી મૂર્તિ આબુના વસિષ્ઠાશ્રમમાં છે જે સાતમા સૈકાની હોવાનું શ્રી. ડૉ. ઉ. પ્રે. શાહે સૂચવ્યું છે.

પૃષ્ઠ ૩૫૭: શામળાજીમાંથી મળેલી માતૃકાઓની પ્રતિમાઓમાં માહેશ્વરીની પણ એક મૂર્તિ મળી છે જેમાં દેવી નંદિને અઢેલી ઊભાં છે માહેશ્વરીનું એક ખંડિત શિલ્પ કારવણના સિંધવાઈ માતાના મંદિરમાં છે.

પૃષ્ઠ ૩૫૮: શામળાજી, આબુ ઉપર કન્યાકુમારી પાસે જગન્નાથના મંદિરમાં, તેમ જ કારવણના એકાદશ લિંગેશ્વર પાસે શિવ મંદિરમાંથી કૌમારીની પ્રાચીન પ્રતિમાઓ મળી છે. આ બધી પ્રતિમાઓ ૬ઠ્ઠા સૈકાથી ૧૨મા સૈકા સુધીની છે. કારવણની પ્રતિમા નૃત્ય કરતી

હોઈ તેની ભાવભંગીમાંઓની અનુપમ કલા વ્યક્ત કરે છે. ત્રિભંગયુક્ત આ પ્રતિમા જીવંત મૂર્તિશિલ્પ તરીકે ગણાવી શકાય છે.

પૃષ્ઠ ૩૬૦: શામળાજીમાંથી વારાહિની જે પ્રાચીન મૂર્તિ મળી છે તેનો ઉપરનો ભાગ ખંડિત છે, પરંતુ વાહન તરીકે વરાહ પગ આગળ બતાવ્યો હોઈ તે વારાહીની પ્રતિમા છે એમાં શક નથી. આબુ ઉપર રસિયા વાલમના સ્થાનમાંથી ગુપ્તોત્તર કાળની એક પ્રતિમા મળી છે. અંબાજી પાસે કોટેશ્વરમાંથી પણ આવી એક પ્રતિમા મળી છે.

પૃષ્ઠ ૩૬૨: ઐન્દ્રીની સુંદર મૂર્તિ શામળાજીમાંથી મળી છે જેમાં પગ પાછળ હાથીને વ્યક્ત કરેલો છે. રાજકોટ મ્યુઝિયમમાં મૂકેલી ઐન્દ્રીની મૂર્તિ એક નમુનેદાર ગણાવી શકાય. આ સિવાય આરાસુરના કોટેશ્વર મંદિર પાસે તેમ જ આબુના રસિયા વાલમથી જાણીતા સ્થાનમાં જગન્નાથના મંદિરમાંથી પણ મળી છે.

પૃષ્ઠ ૩૬૩: સિંહને અઢેલી ઊભેલી ચામુંડાની એક મૂર્તિ શામળાજીમાંથી મળી છે, જેમાં ચામુંડાના એક હાથમાં ત્રિશૂલ અને બીજામાં ચંડ રાક્ષસનું કપાયેલું શિર જોવામાં આવે છે આ સિવાય દેલમાલના લિંબોજી માતાના મંદિરમાં તેમ જ કોડા ગામમાં બહુસ્રણા દેવીના પ્રાચીન મંદિરની જંઘાઓમાંથી આવી પ્રતિમા, તેમજ અંબાજી પાસે કોટેશ્વરનાં મૂર્તિશિલ્પો મળ્યાં છે. આબુ ઉપર રસિયાવાલમના સ્થાનમાંથી પણ આવી પ્રાચીન પ્રતિમાઓ મળી છે.

પૃષ્ઠ ૩૬૫: નારસિંહી દેવગિરિના યાદવોની ઈષ્ટ દેવી ગણાતી. તે લોકો તેને પૂર્ણ ભક્તિભાવથી સેવતા હોવાનું તેમના તામ્રપત્રો ઉપરથી જણાય છે.

પૃષ્ઠ ૩૬૬: બાદામીના ચૌલુક્યો ઈષ્ટ દેવી તરીકે સપ્તમાતૃકાઓને પૂજતા હતા એવું તેમના શિલાલેખો સૂચવે છે. ઈલોરાની

ગુફાઓમાં કંડારેલ સપ્તમાતૃકાઓનાં અદ્વિતીય મૂર્તિશિલ્પો તેઓએ જ કોતરાવ્યાં હશે એવું અનુમાન છે.

પૃષ્ઠ ૩૭૨: ગંગા-યમુનાની પ્રાચીન પ્રતિમાઓ રોડાના નં. ૧ તથા નં. ૪ની દ્વારશાખાઓમાંથી મળી છે, જે ગુજરાતમાં મળતી આવી પ્રતિમાઓમાં સૌથી પ્રાચીન ગણાવી શકાય. આ સિવાય કચ્છના કોટાયમાં આવેલા મંદિરમાંથી તેમ જ સૌરાષ્ટ્રના માધવપુરમાં એક પ્રાચીન દ્વારશાખામાંથી આવાં પ્રતીકો મળ્યાં છે.

પૃષ્ઠ ૩૭૬: કચ્છમાં અધાર માતાનું સ્થાન ગઢરગામમાં છે, જે ત્યાંના સોની લોકોની કુલાંબા મનાય છે. નવાનગર પાસે નાગ-માતા, કોટ પાસે અરણેજમાં બૂટમાતા, અને શ્રીમાળીઓની મહાલક્ષ્મી કુલાંબા–કુલદેવીઓ છે.

પ્રકરણ ૧૩: પ્રકીર્ણપ્રતિમાઓ

પૃષ્ઠ ૩૭૭: શામળાજીમાંથી મળેલી કાર્તિકેયની એક પ્રાચીન પ્રતિમા મળી છે જે મૈત્રક યુગની હોવાનું તેના કલાવિધાન ઉપરથી જણાય છે. તેમાં સ્કંદ ઊભા, હાથમાં શક્તિ પકડેલી એક વીર પુરુષ જેવા બતાવ્યા છે. આવી જ બીજી પ્રતિમાઓ વડોદરા, તેની નજદીક કપૂરાઈ, અને કારવણના નકુલેશ્વર મહાદેવમાંથી મળી છે, જેનો સર્જન-કાળ સાતમા સૈકાનું હોવાનું શ્રી. ડૉ. ઉ. પ્રે. શાહે સૂચવ્યું છે. કાઠિયાવાડના ગોપ મંદિરમાં લક્ષ્મણજીથી ઓળખાતી પ્રતિમા, તેમ જ રાજકોટ મ્યૂઝિયમમાંની શક્તિ ધારણ કરેલી મૂર્તિઓ મળી છે જે સ્કંદની હોવાનું અનુમાન છે, છતાં તેનો ચોક્કસ નિર્ણય કરવા વધુ પ્રમાણોની જરૂરત રહે છે.

પ્રકીર્ણ પ્રતિમાઓમાં બીજી પણ એવી કેટલીક પ્રાચીન મૂર્તિઓ મળી છે જેમાં પ્રમથો, અપ્સરાનાયિકાઓ, નાગદમણના પ્રસંગો, અને મિથુનોનાં વિવિધ ભોગાસનો કેટલાંયે મંદિરોની જંઘાઓ, વેદી-

બંધો, છતો અને સ્તંભોમાંથી મળ્યાં છે. પ્રભાસપાટણના રુદ્રેશ્વર મંદિરની જંઘામાં પ્રમથોની શિલ્પાકૃતિઓ કોતરેલી મળી છે. આ સિવાય મૂલમાધવપુરના સ્તંભો ઉપર તેમજ, કુંભારિયાના મંદિરના મંડપમાં વિતાનમાંથી કિન્નરયુગલોનાં વિવિધ સ્વરૂપો મળ્યાં છે.

ગોરાદ, સુણક અને કુંભારિયામાં કુંભેશ્વર મહાદેવના પ્રાચીન મંદિરોના વિતાનો તેમજ જંઘાઓમાંથી, મુખ્ય ૩૨ દેવાંગનાઓ–નાયિકાઓ પૈકી કેટલાકનાં અભિનવ શિલ્પો પ્રાપ્ત થયાં છે.

ભોગાસનોના વિવિધ આસનબંધો ગુજરાતના પ્રાચીન મંદિરો-માંથી સારી એવી સંખ્યામાં મળ્યા છે. આ પૈકી મોઢેરા, વડનગર, દેલમાલ, વાલમ, ખંઢેરણ, ધીણોજ, કાંબળી, શામળાજીમાં હરિશ્ચંદ્ર-ની ચોરીથી ઓળખાતું પ્રાચીન મંદિર અને બીજાં અનેક પ્રાચીન મંદિરો-માં જંઘાઓ વેદિકા, સ્તંભો અને બીજાં અનેક સ્થાનોમાં તેવાં મૂકેલાં હોય છે.

પ્રકરણ ૧૪: ગ્રહો

પૃ. ૩૭૯: પ્રભાસમાં ત્રિવેણી પાસે એક પ્રાચીન સૂર્યમંદિર આજે પણ વિદ્યમાન છે. સાબરકાંઠામાં ભવનાથ પાસે એક પ્રાચીન સૂર્યમંદિર અખંડ પરિસ્થિતિમાં આજે ઊભું છે. તેમાંની સૂર્યમૂર્તિનો ભંગ થવાથી તેનાં મુરલીધરની પ્રતિમા પાછળથી પધરાવી હોવાના કારણે તે મુરલીધરના મંદિર તરીકે ઓળખાય છે. તેમાં સારંગદેવ વાઘેલાના રાજ્ય સમયની એક પ્રશસ્તિ મૂકેલી છે, જે ચૌદમા સૈકામાં તે મંદિર બંધાવ્યું હોવાનું સૂચવે છે. પ્રભાસથી બે માઈલ દૂર હિરણ્યાને કાંઠે નગરના પ્રાચીન ટેકરા ઉપર એક વિશાળ સૂર્યમંદિર ખંડિત અવસ્થામાં ઊભું છે.

પૃ. ૩૯૬: સૂર્યની એક પ્રાચીન પ્રતિમા હાલ જૂનાગઢ મ્યુ-ઝિયમમાં છે. શિલ્પકલાની દૃષ્ટિએ તેનું લાલિત્ય અપૂર્વ હોઈ, આભૂષણો, અલંકારો અને વેશ–પરિધાનની છટા તેના શિલ્પીએ અદ્ભુત રીતે

વ્યક્ત કરી છે. આનો સમય નક્કી કરવાનાં પૂરતાં સાધનો નથી. છતાં અલંકારો અને તક્ષણ કલાની દૃષ્ટિએ તે ગુપ્તોત્તરકાલીન એટલે આઠમા શતકની હોવાનું શ્રી. મધુસુદન ઢાકી અને શ્રી. હરિશંકર શાસ્ત્રી સૂચવે છે. આવી જ બીજી સૂર્ય પ્રતિમા ત્રિવેણી પરથી પ્રભાસના મ્યૂઝિયમમાં લાવી રાખી છે જે કલાશિલ્પની દૃષ્ટિએ દશમા શતકની હોવાનો તર્ક છે. આ સિવાય પ્રભાસમાં દશાશ્વમેધેશ્વર, ગૌરીકુંડ પાસે ગૌરીના મંદિરમાં, વેરાવળના હાટકેશ્વરમાં, તેમજ ખોડિયાર માતાના મંદિરમાં પ્રાચીન સૂર્યમૂર્તિઓ મૂકેલી છે, જે અગિયારમા-બારમા સૈકાની હોવાનું તેના કલાશિલ્પ ઉપરથી માલૂમ પડે છે. આ બધી પ્રતિમાઓમાં સૂર્યદ્વિભુજ, સનાલ પદ્મ, માથે કિરિટમુકુટ અને પગ પાસે દંડ, પિંગલ, રાજ્ઞી, નિક્ષુભા વગેરે પરિવારદેવો સાથેની બતાવવામાં આવેલી છે.

પૃ. ૪૦૦: સૂર્યપત્ની સૂર્યાણી રન્નાદેવીની કેટલીક પ્રાચીન પ્રતિમાઓ પ્રભાસપાટણમાંથી મળી છે. આ પૈકી ખોડિયાર માતાના મંદિરમાં, ભદ્રકાલીના મંદિરમાં અને અઘોરેશ્વરમાં સૂર્યની સાથે મૂકેલી રન્નાદેવીની પ્રતિમાઓ કલાની દૃષ્ટિએ સુંદર અને અપ્રતિમ છે. આ બધી મૂર્તિઓ બારમા તેરમા શતકની મનાય છે.

પ્રકરણ ૧૫ : દિક્પાલો

પૃ. ૪૧૨: દિક્પાલોનાં પ્રાચીન સ્વરૂપો કચ્છના કેરા ગામમાં આવેલા પ્રાચીન શિવમંદિરની જંઘામાં, કોટાઈના શિવમંદિરની જંઘામાં, થાનમાં મુનિ બાવાથી ઓળખાતા મંદિરની બહારની બાજુ અને દેલમાલમાં લિંબોજી માતાના મંદિરની જંઘામાંથી મળ્યાં છે. આ પૈકી કચ્છના કેરા, કોટાય વગેરેનાં મંદિરો નવમા કે દશમા શતકનાં હોઈ, તે કાળે દિક્પાલોનાં સ્વરૂપો કેવાં બનતાં તેની પ્રત્યક્ષ માહિતી રજૂ કરે છે.

પ્રકરણ ૧૭: યક્ષો અને યક્ષિણીઓ

પૃ. ૪૭૦: વડનગરમાં આદિનાથનું પ્રાચીન મંદિર છે જે દશમા

શતકમાં બંધાયું હશે એમ તેના સ્થાપત્ય ઉપરથી જાણવા મળે છે. આ મંદિરનો તેરમા સૈકામાં ફરીથી જીર્ણોદ્ધાર થયો, તે વખતે કેટલોક પ્રાચીન ભાગ કાયમ રાખી બીજા ભાગો નવીન બનાવ્યા હોવાનું તેમાં થયેલા ફેરફારો સૂચવે છે. આ મંદિરની એક દેવકુલિકામાં આદિનાથ ભગવાનનો યક્ષગોમુખ, અને યક્ષિણી ચક્રેશ્વરી ની સુંદર પ્રતિમાઓ મૂકેલી છે જે દશમા કે અગિયારમાં શતકની હોવાનું અનુમાન છે. આ સિવાય મંદિરની બહારની બાજુ ભદ્રમાં યક્ષો અને યક્ષિણીઓની કેટલીક અભિનવ પ્રતિમાઓ મૂકેલી છે, તેમાં ચક્રેશ્વરીયક્ષિણીની મૂર્તિ કલાની દૃષ્ટિએ અપૂર્વ હોવાનું જણાય છે. આ મૂર્તિઓ તેરમા સૈકાથી અર્વાચીન તો નથી જ. આમ જૈન યક્ષો અને યક્ષિણીઓનાં સંખ્યાબંધ પ્રાચીન રૂપો આ મંદિરમાંથી પ્રાપ્ત થાય છે.

શબ્દસૂચિ

આ

ઈ

છ

જ

ઝ

ટ

ઠ

શ

સ

હ